A

COMPENDIUM

OF THE

ENGLISH AND GUJARATI DICTIONARY,

COMPILED BY

ARDASEER FRAMJEE MOOS,

AND

NÁNÁBHÁI RASTAMJI RÁNINÁ.

FOURTH EDITION

REVISED AND ENLARGED

BY

NÁNÁBHÁI RASTAMJI RÁNINÁ.

Sold by

JEHANGIR BEJUNJI KARANI,

BOOKSELLER & PUBLISHER

No. 18 Parsi Bazar Street, Fort,

BOMBAY.

Price 3½ Rupees.

BOMBAY:
PRINTED AT RÁNINÁ'S UNION PRESS.

1881.

TO

CURSETJI NOSSERWANJI CAMAJI, Esq., J.P.

FOR THE ZEAL DISPLAYED

IN THE

DIFFUSION

OF

NATIVE EDUCATION

AND IN THE

IMPROVEMENT

OF THE

SOCIAL CONDITION OF HIS COUNTRYMEN,

THIS WORK

IS DEDICATED

AS A TOKEN OF RESPECT AND ESTEEM

By his most Obedient Servants,

THE COMPILERS.

Bombay, 2nd June, 1862.

PREFACE TO THE FIRST EDITION.

It was the intention of the authors of this Compendium to give it publicity after finishing the enlarged compilation of the ENGLISH and GUJARATI DICTIONARY they are preparing of which four parts of 100 pages each, extending to the letter H, have already appeared. But their friends and the principal supporter of the work having expressed a desire for a Compendium like the one now submitted, to use it as a book for ordinary reference until such time as the enlarged work is completed, and the Director of Public Instruction, Mr. E. I. HOWARD, also being in want of a similar work for the use of schools, the undersigned offer this small volume to the kind consideration of the enlightened public.

Notwithstanding the limited field of the compendium, it contains almost all the useful and ordinary words with the correct significations, and in many instances the slight shade of difference of signification is also explained.

The undersigned asked assistance of their friend *Kavi* NARMADASHANKAR LALSHANKAR to co-operate with them to expedite the completion of the work as well as to secure its accuracy in Gujarati orthography, and it is hoped that the work will prove useful both to the general reader as well as to the pupil at school.

The following works have been consulted in the preparation of the compendium.

Dr. Webster's English Dictionary.

Major Candy's English and Marathi Dictionary.

Mr. Baba Padmanji's Compendium.

School Dictionary, English and Marathi, Published for the Educational Department.

Mr. Robertson's English and Gujarati Dictionary.

Messrs. Forbes's, Thompson's and Gilchrist's English and Hindustani Dictionaries.

Messrs. Mirza Mohomed Cauzim and Nowrozjee Furdoonjee's Gujarati and English Dictionary.

And the Dictionaries of Messrs. Molesworth, Richardson, Faulkner and Prof. Williams and Graham's Catalogue of Plants.

To save space, where the same word is a *noun*, an *adjective*, *adverb*, *verb*, &c. the meanings of the different parts of speech are given under one head, and a dash is used to avoid repetition of the word. The words, *Discipline*, *Fast*, *Guide*, *Illuminate*, *Misconstrue*, may be referred to as examples.

ARDASEER FRAMJEE MOOS,

NANABHAI RASTAMJI RANINA.

Bombay, 2nd June 1862.

EXPLANATIONS OF THE CONTRACTIONS USED IN THE WORK.

a.	stands for	adjective	વિશેષણ.
ad.	,,	adverb	ક્રિયાવિશેષણ.
conj.	,,	conjunction	ઉભયાન્વયી અવ્યય.
interj.	,,	interjection	કેવલપ્રયોગી અવ્યય.
prep.	,,	preposition	શબ્દપ્રયોગી અવ્યય.
pron.	,,	pronoun	સર્વનામ.
n.	,,	noun	નામ.
v. t.	,,	verb, transitive	સકર્મક ક્રિયાપદ.
v. i.	,,	verb, intransitive ..	અકર્મક ક્રિયાપદ
pl.	,,	plural	અનેક વચન.

PREFACE TO THE SECOND EDITION.

The first compendium of an English and Gujarati Dictionary was prepared and published by Messrs. Ardaseer Framjee Moos, Narmadashankar Lalshankar, and Nanabhai Rastamji Ranina in June 1862. In July of the same year, a second compendium was published by Mr. Javerilal Umiashankar and others.

Both works having met the approval of the Educational Department and of the public, almost all the printed copies (about 2000 of each), were taken up by them and the works were soon out of print.

After a while, a great demand for a second edition arose from the public as well as from the Educational Department. With a view to meet their wishes, the undersigned arranged among themselves to revise the first compendium and to enlarge it by the addition of many more useful words omitted in the first edition.

The compilers beg respectfully to state that they have endeavoured to make the second edition as copious and useful as they possibly could do. Notwithstanding the engagement in the daily routine of their business, they have devoted their best attention to the task, being fully sensible of the high responsibility attached to the nature of the work. They hope their humble labors, with no pecuniary gain accompanying them, will meet the approbation of the Educational Department and of the intelligent public, to whom, the compilers believe, it is a part of their duty always to serve,—a duty which they herewith discharge with pleasure.

ARDASEER FRAMJEE MOOS.

JAVERILAL UMIASHANKAR.

Bombay, May, 1871.

PREFACE TO THE THIRD EDITION.

This work which has rapidly passed through two editions has encouraged the undersigned to bring before the public a third; but in doing so no claim to merit can be laid as to its having undergone a thorough and complete revision, since having been called upon to take up the work of publishing this edition at a time when various other matters of equal importance were engaging his attention. The undersigned has, therefore, to remain contented with the few additional and important alterations which will be found in this edition and which were most essential.

NANABHAI RASTAMJI RANINA.

Bombay, August 1880.

PREFACE TO THE FOURTH EDITION.

That this revised and very much enlarged edition may have a proper claim upon the patronage of the public at large, the undersigned begs to state that he has spared neither time, trouble, nor money in bringing out the work. He has not only made considerable additions to the stock of words which had been omitted from the previous editions; but he has more fully explained them in their various meanings and bearings, and has tried to make this edition as complete as possible. The very fact that the bulk of the work has increased by more than a hundred pages will also show the addtional labor devoted to the preparation of this edition.

Besides referring to the various sources which had been drawn upon in preparing the previous editions, the undersigned has availed himself very largely of the very useful English and Gujarati Dictionary compiled by the Rev. Robert Montgomery and others, also of the elaborate works of Babus Mathura Prasada Misra and Durga Prasad of Benares to whom he tenders his most sincere thanks.

The undersigned trusts that this work will not only prove useful to those for whose special use it has been prepared, but to the general Public also.

NANABHAI RASTAMJI RANINA.

Bombay, October 1884.

A
COMPENDIUM
OF THE
ENGLISH AND GUJARATI DICTIONARY.

A

A, એક; એકાદ; એકુ. 2 દર; દરેક; હર; પ્રતિ; અકેક. 3 વાસ્તે; માટે.

Aback, *ad.* પીઠ પાછળ; પછવાડે. *To be taken aback*, પવનથી અકસ્માત પાછળ હડસેલાવું (સઢ). 2 એકાએક અચરત પાંમવું; ચોંકવું; દંગ-ડંગ થઈ જવું. [ણવાનું પાટીયું.

Abacus, *n.* દાણાથી હીસાબ ગ-

Abaft, *ad.* વાહણના પાછલા ભાગ તરફ; ડબુસા તરફ.

Abaisance, *n.* નમસ્કાર; જેગોપાળ.

Abandon, *v. t.* મૂકી દેવું; છોડવું; ત્યાગ કરવો; તજવું. 2 વેહેતું-ખડતું મૂકવું. 3 ગરક-લીન થવું; કોઈ વાતની લત-છંદ લાગવો. 4 હાથ ઉઠાવવો; મૂકી છુટકું-દેવું; છોડવું.

Abandoned, *pp.* છોડેલું. 2 *a.* છંદ લાગેલું; વ્યસની; દુષ્ટ. 3 ઉજડ. [દેવું તે.

Abandonment, *n.* ત્યાગ; છોડી

Abase, *v. t.* નીચું કરવું; નમાવવું; ઉતારી પાડવું; હલકું પાડવું; ખોડ ભાંજવી. 2 (one's self) ટેક મુકવો; નમનતાઈ પકડવી.

Abasement, *n.* આબરૂ ઘટવી તે; માન ભંગ-ખંડણ; પાણી ઉતાર. 2 પોતાને હલકું-કમીના સમજવું તે.

Abash, *v. t.* શરમાવવું; નીચું જોવડાવવું; ફિક્કું-ઝંખવાણું પાડવું; પાણી પાણી-પાણીથી પાતળું-શરમિંદું કરવું.

Abashment, *n.* મુખસંકોચ; ફજેતી; ફિક્કું પડવું તે.

Abate, *v. t.* ઓછું-કમી કરવું; નરમ પાડવું; ઉતારવું. 2 દૂર કરવું; કાઢી નાખવું; છેડો લાવવો. 3 ન્યાયથી ઉરાડી મેલવું. 4 *v. i.* ઘટવું; ઉતરવું. 5 રદ થવું. [કોતાઈ.

Abatement, *n.* ઘટ; ઘટાડો; છૂટ;

Abba, *n.* પિતા; બાપ. 2 મહંત.

Abbe, *n.* See Abbot, આ ફિરકાના જોગીઓ ઘણાખરા શિકેલા પઢેલા

પુરૂષો હોય છે, જેઓ મદરેસાઓમાં તથા કુટંબ કબીલામાં શિક્ષાગુરૂનું કામ ચલાવેછે.

Abbess, *n.* વડી આર્જા; મહંતણ; મઠાધિકારિણી; જોગણ.

Abbey, *n.* મઠ; આશ્રમ; તકિયો; ગાદી:–રોમન કયાથોલિક વેરાગિઓને એકાંત રેહેવાનું ઠેકાણું. 2 મઠવાસીઓની મંડળી.

Abbot, *n.* જોગી; દુર્વેસ; મઠાધિપતિ; મહંત; મઠાધિકારી; મઠાધ્યક્ષ.

Abbreviate, *v. t.* સંક્ષિપ્ત–ટુંકું કરવું. 2 સંક્ષેપરૂપ કરવું; છેદ ઉડાડવા.

Abbreviation, *n.* જાવત; સંક્ષેપ; કોતાઈ; ટુંકું; મુખતેસર.

Abdicate, *v. t.* તજવું; ત્યાગ કરવો; અખ્તિયાર–હોદ્દો–દાવો–વારસો છોડવો

Abdication, *n.* ત્યાગ; પરિત્યાગ; સત્તાપરથી હાથ ઉઠાવવો તે; સત્તાનિવૃત્તિ.

Abdomen, *n.* પેટ; ઉદર; પીડુ; પેહેડુ.

Abdominal, *a.* પેટ–પીંડુનું–સંબંધી.

Abduct, *v. t.* ચોરી અને જબરીથી લઈ લેવું; હરણ કરી જવું.

Abduction, *n.* the act, લઈ લેવું તે. *In law*, તરકટ, ચોરી, જબરી અથવા સમજાવી ફુસલાવી લઈ જવું–કાઢી જવું તે; મનુષ્ય હરણ.

Aberrant, *a.* ભમતું; ભૂલું પડેલું.

Aberration, *n.* the act, સીધો, ખરો માર્ગ છોડી આડ, ખોટે માર્ગે જવું તે; વિપથ ગમન. 2 ગ્રહનું વિચલન. 3 કિરણોનું પ્રસારણ. 4 ચિત્તવિભ્રંશ.

Abet, *v. t.* ખરાબ કામમાં મદદ–ઉત્તેજન–હિમત–સાંસણી આપવી.

Abeyance, *n.* તહકુબી; મહકુબી.

Abhor, *v. t.* ધિક્કાર–તિરસ્કાર કરવો.

Abhorrence, *n.* ધિક્કાર; તિરસ્કાર; તુચ્છકાર. 2 ત્રાસ; અતિ કંટાળો.

Abhorrent, *a.* છેક ઉલટું–વિરૂદ્ધ.

Abide, *v. i.* મુકામ–ઉતારો–વાસો કરવો. 2 રેહેવું; વસવું. 3 ટકવું; નિભવું. 4 (by) વળગી–પકડી રેહેવું. 5 *v. t.* ખમવું સહન કરવું; સોસવું; સેહવું. 6 વાટ જોવી; ખોટી રેહેવું.

Abiding, *a.* નિભ્યા કરે એવું; જાથુનું.

Ability, *n.* શક્તિ; તાકાદ; મગદુર; બળ; કુવ્વત; સામર્થ્ય; ગજું; ગુંજાસ. 2 બુદ્ધિ; અકલ; કુશળતા; પ્રવીણતા.

Abject, *a.* નીચ; હલકું; પાજી; અધમ; પામર.

Abjectness, *n.* નીચાઈ; હલકાપણું.

Abjudicated, *pp.* or *a.* ઈનસાફના ચુકાદાથી એકનું બીજાને અપાવેલું.

Abjuration, *n.* શપથપૂર્વક–નિશ્ચયપૂર્વક ત્યાગ; કસમપર–સોગન ખાઈને છોડી દેવું–તજવું તે.

Abjure, *v. t.* કસમપર-સોગન ખા-ધને છોડી દેવું-તજવું.

Ablative, *a.* (વ્યાકરણમાં) તૃતીયા પંચમી કે સપ્તમી વિભક્તિ.

Ablaze, *ad.* બળતું; સળગેલું;-(*with jewels*)ઘરેણાંથી દીપી-ખીળી નીક-ળેલું;-(*with lights*) દીવાની રોશની-થી ઝગ ઝગ-ઝળાં ઝળાં થઈ રહેલું.

Able, *a.* શક્તિવાન; સમર્થ. 2 બુ-દ્ધિવાન; હોશિયાર; કુશળ; કાબેલ. 3 ક્ષમ; લાયક; યોગ્ય. *To be able,* શકવું.

Able-bodied, *a.* શરીરે જબરૂં; બળ-વાન; જાડ; પ્રબલ શરીર.

Abluent, *a.* ધોનારૂં; સાફ-સ્વચ્છ કરનારૂં.

Ablution, *n.* નાવણ; નાહણ; સ્નાન; અંઘોળ. 2 ધોવું-સાફ કરવું તે; પા-ણીથી શુદ્ધ કરવું તે.

Ably, *ad.* શક્તિથી; સારી પેઠે; હોશિ-યારીથી.

Abnegation, *n.* નાપાડવી તે; નકાર. *self abnegation,* મનમારવું તે; ઈ-ન્દ્રિયદમન; આત્મસંયમ.

Abnormal, *ad.* બેકાયદાસર; આડું અવળું; બેડોળ; નિયમ વિરૂદ્ધ.

Aboard, *ad.* વાહાણ ઉપર-અંદર-માં.

Abode, *n.* રેહેઠાણ; ઘર; મકાન. 2 વાસ; રેહેવું તે; વાસો; વસ્તી.

Abolish, *v. t.* કાહાડી નાખવું; રદ કરવું. 2 નાશ કરવો; છેડો લાવવો; નાબુદ કરવું. [ઉચ્છેદ.

Abolition, *n.* નાશ; ભંગ; ખંડન;

Abolitionist, *n.* રદ-નાશ-ભંગ-ઉચ્છેદ કર્તા; બંધ પાડનાર.

Abominable, *a.* ઘણુંજધિક્કારવાજોગ 2 નજીસ; નાપસંદ; ત્રાસદાયક. [ર.

Abominableness, *n.* ધિક્કાર; તુચ્છકા-

Abominate, *v.t.* અતિશય ધિક્કારવું.

Abomination, *n.* ધિક્કાર; તુચ્છકાર. 2 ધિક્કારજોગ-કંટાળો ઉપજાવે એવી ચીજ; દ્વેષપાત્ર વસ્તુ. [લનું.

Aboriginal, *a.* પેહેલું; અસલી; અસ-

Aboriginal, *n.* અસલી રેહેવાસી.

Aborigines, *n. plu.* કોઇ દેશના પ્ર-થમ વસનારાં-રેહેવાસી; મૂલપ્રજા.

Abortion, *n.* અધુરે જવું તે; ગર્ભ પ્ર-ડવો-ગળવો તે; ગર્ભસ્રાવ. 2 અધુ-રે ગયલો ગર્ભ; અધુરા મહિનાનો પ-ડેલો ગર્ભ. (Of a beast) તરવાઈ જવું તે. (To procure abortion) ગર્ભ પાડવો; ગર્ભપાત કરવો; છોકરૂં પાડવું.

Abortive, *a.* અધુરે દાહાડે જન્મેલું; અધુરૂં; અસમયી; અકાલજ. 2 ફો-કટ; વ્યર્થ; મિથ્યા; નિષ્ફલ. 3 ગર્ભ પાડે એવું; ગર્ભસ્રાવી.

Abound, *v.i.* ઘણું-પુષ્કળ-બહુ હોવું; રેલછેલ-વિપુલ હોવું.

Abounding, *n.* વધારો; ફેલાવો.

About, *prep.* આસપાસ; ચોતરફ; ચારે ગમ. 2 આસરે; સુમારે. 3 પાસે; નજદીક; સમીપ. 4 તૈયારીમાં; કરવા જતું-માંડતું. 5 લગતું; વિષે; સંબંધી. 6 ઘેરાવામાં; ચોફેર. 7 *ad.* અહિં તહિં; જ્યાં ત્યાં; આમ તેમ. 8 ફેરાવો; ચક્ર. *To be about*, રોકાવું. *To bring about*, બર-બજાલાવવું; પાર પાડવું. *To come about*, બર આવવું; પાર પડવું.

Above, *perp.* or *ad.* ઉપર; માથે. 2 પછી, સંખ્યા અથવા કિંમતમાં વધતું-ચઢતું-ઉંચું. 3 દૂર; બાહાર. 4 આકાશ ઉપર; અંતરિક્ષ; અદ્ધર. 5 મગરૂર; અભિમાની. 6 મોટાં મનનું.

Above-all, *ad.* મુખ્યત્વે કરીને; વિશેષ કરીને.

Above-board, *ad.* ઉઘાડી-ખુલ્લી-રીતે; સાફ; કપટવિના; નિષ્કપટે.

Above cited, **Above mentioned**, **Above named**, **Above said**, *a* મજકુર; મઝકુર; સદરહુ; ઉપર-કહેલું-જણાવેલું.

Abrade, *v. t.* ચોળવું; ઘસવું.

Abrasion, *n.* ઘસી નાખવું તે; ઘર્ષણ; ઘસારો; મર્દન.

Abreast, *ad.* આંગસેઆંગ-અંગેઅંગ-પાસાંએપાસું-બાજુએબાજુ-પાસે પાસે હોય તેવું.

Abridge, *v. t.* સંક્ષેપમાં લખવું; ટુંકું-સંક્ષિપ્ત-મુખ્તેસર કરવું. 2ઓછું-કમી-ન્યૂન કરવું; ઘટાડવું. 3 છીનવી લેવું.

Abridgement, *n.* સંક્ષેપ; સારસંગ્રહ; તાત્પર્ય ગ્રંથ; મુખ્તેસાર; ઇન્તેખાબ. 2 ઓછું-કમી કરવું તે; ઘટાડો; સંક્ષેપણ.

Abroach, *ad.* ટિપાય-નીકળે-ચુઈ જાય તેમ ગોઠવેલું, જેમકે પીપ.

Abroad, *ad.* છુટું; મોકળું. 2 લાંબે સુધી; ચોતરફ-મેર. 3 બાહાર. 4 ખુલ્લી હવામાં. 5 પરદેશમાં; દેશાવર. *To get abroad*, ત્રીજે કાને જવું; છતું થવું; બાહર પડવું.

Abrogate, *v. t.* } **Abrogation**, *n* } સત્તાથી રદ-મોકુફ કરવું; કાહડી નાખવું.

Abrupt, *a.* એકાએક; અંચીતું; વગર ધારેલું; અચાનક. 2 તુટેલું; વિલગ. 3 *abrupt* rocks, ઉભા ખડક. 4 સંબંધ રહિત; અસંબંધ; તુટેલી, જેમકે ઈબારત.

Abruptly, *ad.* એકાએક; અકસ્માત; બેધડક. [ફોલ્લો; ઘુમડું.

Abscess, *n.* પરૂથી ભરેલું ગુમડું-ગોડ;

Abscind, *v. t.* કાપી નાખવું; છુટું પાડવું.

Abscission, *n.* સડેલો ભાગ કાપી નાખવો તે.

Abscond, *v. i.* નાહસી-સટી-સડકી જવું;પોબારા-અગીઆરા કરવા-ગણવા-ગણી જવું. 2 સંતાઈ-છુપાઈ-ભરાઈ રેહેવું-બેસવું.

Absence, *n.* ગેરહાજરી; નહોવું તે. 2 ગાફિલી; ગફલત; બેભાનપણું.

Absent, *a.* ગેરહાજર. 2 *absent* in mind, અસાવધ; ગાફેલ; બેભાન.

Absent, *v.t.* દુરજવું;ગેરહાજર રેહેવું.

Absentee, *n.* પોતાના દેશ, ચાકરી અથવા મિલકતથી છુટો-દુર રેહેતો હોય તે શખ્સ; ગેરહાજર રેહેનાર.

Absolve, *v.t.* મોકળું-માફ કરવું;નિર્દોષ ઠેરવવું; પાપથી મોકળું કરવું.

Absolute, *a.* છુટું; મોકળું; સ્વતંત્ર. 2 સંપૂર્ણ; પૂરેપૂરૂં. 3 નિભ્રાંત; નિસ્સંશય; ખચીત. 4 સરત વિનાનું; બોલી કરયા વગરનું; બેબંધેજ. 5 સ્વયંભૂ. 6 મુખત્યાર; ઇચ્છાધીન. 7 કેવળ; નિરાળું. 8 ચોખ્ખું; શુદ્ધ; નરદમ; ભેળવિનાનું; નરૂં.

Absolutely, *ad.* તદન; એકદમ. 2 હદ અથવા અટકાવ વગરે; બેધડક. 3 ખામુંખા; જરૂર; ખાખચુસ.

Absolution, *n.* નિરપરાધી ઠેરવવું તે; દોષમુક્તિ; છુટકારો. 2 માફ કરવું તે; પ્રાયશ્ચિત કરાવી મુક્ત કરવું તે; પાપ મુક્તિ-મોચન-ક્ષમા; પાપની માફી બખશવી તે.

Absonant, *ad.* વિરૂદ્ધ; ઉલટું.

Absorb, *v. t.* સોસવું; ચુસી લેવું; ગળી જવું; પિવું. 2 ગરકથવું; રોકાવું; ગુતાવું;તલ્લીન થઇજવું;નિમગ્ન થવું.

Absorbent, *a.* શોષક; શોષી-ચુસી લે એવું. 2 *n.* શોષક ઔષધ-દ્રવ્ય; પેટ માહેલી ખટાશ ચુસી લે એવું ઓસડ-પદાર્થ.

Absorption, *n.* પ્રાશન; શોષણ; સોસાઈ-ચુસાઈ જવું તે; સોસ. 2 મનનું જે તદન ગુતાવું તે; નિમગ્નતા; તલ્લીનપણું. *Absorption into the deity*, મોક્ષ; સાયુજ્ય મોક્ષ; ઇશ્વરનામાં સમાઇ જવું તે; કૈવલ્ય મુક્તિ.

Abstain, *v. i.* વગર-વિના-શિવાય રહેવું; પરેહેજ કરવી; કરી કરવી-પાલવી; દુર રેહેવું; વરજવું.

Abstemious, *a.* પરહેજગારીથી રેહેનારૂં. 2 અંદાજાથી ખાનારૂં-પીનારૂં.

Abstinence, *n.* તજવીજથી-અંદાજાથી રહેવું તે;પરહેજગારી; ખાવા પીવામાં અંદાજો-અટકાવ રાખવો તે.

Abstract, *v. t.* છુટું કરવું; જુદું પાડવું. 2 સાર કાહાડવો. 3 ચોરી-લુચ્ચાઈ કરીને કાહાડી લેવું. 4 અરક કાહાડવો. 5 *a.* વિશેષ પદાર્થથી પૃથક-જુદું-છુટું પડેલું; નિરાળું. 6 સમજવું મુશ્કેલ; ગૂઢ. 7 *n.* સાર; સારાંશ; સંક્ષેપ.

Abstraction, *n.* જુદું કરીને-પાડીને વિચારવું તે; વિવેચન; પૃથક્કરણ. 2 બેભાનપણું; શૂનકારપણું. 3 દુનિયા છોડેલી જીંદગી; વેરાગ;વૈરાગ્ય.

Abstruse, *a.* કઠણ; ઊંડું; અઘરૂં; સેહેલથી સમજ નહીં પડે તેવું; દુર્ગંય.

Absurd, *a.* બેવકૂફી ભરેલું; બેહુદું; અક્કલથી ઉલટું; ઊંધી બુદ્ધિનું.

Absurdity, *n.* બેવકુફી; અવિચાર; અવિવેક; બેહુદગી; અસંગતપણું.

Abundance, *n.* પુષ્કળતા; જીયાદતી; બિરિયારી; ભરપૂરપણું; રેલછેલ.

Abundant, *a.* ઘણું; પુષ્કળ; જીયાદે; બિરિયાર; અધિક; અતિશય; બહુ.

Abundantly, *ad.* પુષ્કળપણે; ઘણું.

Abuse, *v.t.* નઠારો-ગેર ઉપયોગ કરવો. આડી રીતે-ખોટાં કામમાં વાપરવું. 2 ગાળ દેવી; બદ બોલવું; નિંદવું; ભાંડવું. 3 ઠગવું; ફસાવવું. 4 બળાત્કાર સંભોગ કરવો; સ્ત્રી ઉપર જબરદસ્તી કરવી. 5 વિપરીત અર્થ કરવો; ઉલટા-ખોટા અર્થમાં વાપરવું. 6 *n.* નઠારો ઉપયોગ; કુવ્યવહાર; કુઉપયોગ. 7 ગાળ; જબાનદરાજી; બદજબાન. 8 ઠગાઈ. 9 ખરાબ રવૈયો-ચાલ-રીત; દુરાચાર; બદઅમલ. 10 ઉંધો-ઉલટો-ખોટો અર્થ; વિપરીતાર્થ.

Abusive, *a.* ગાલ ગલોચી ભરેલું. 2 ગાળ દેવાની ટેવવાળું; નિંદક. 3 નિંદાભરેલું; નિંદાત્મક. abusive fellow, ભાંડ; ગાળ ગલોચી કરનાર; ગાળ ચોપડનાર.

Abut, *v. i.* છેડે છેડા મળવા.

Abutment, *n* ટેકો; સીમાસંયોગ-સંધિ.

Abysmal, *a.* ઓહને લગતું; પાતાળગાર સંબંધી; અગાધ; અથાગ.

Abyss, *n.* અગાધ-અત્યંત ઊંડા પાણીનો આખાત; અગાધ-અતલ વિવર; ડોહ; અગાધ ખાડો. 2 નરક; જહાનમ; દોજખ. 3 અપરિમેય અવકાશ; જેનો થાગ-પાર નથી તે.

Acacia, *n.* બાવળની જાતનાં ઝાડ.

Academic,* } *a.* વિદ્યાલય-પાઠશાળાસંબંધી-વિષે; પાઠશાળામાં ચાલતું.
Academical, }

Academy, *n.* મદ્રેસા; પાઠશાળા; વિદ્યાલય. 2 પંડિતની સભા; વિદ્યા હુનરનો ફેલાવો કરનારી મંડળી; પંડિત સમૂહ; વિદ્વત્સભા.

Accede, *v. i.* રાજી-કબૂલ થવું; માન્ય કરવું; સંમત-અનુમત આપવું.

Accelerate, *v.t.* ગતિ વધારવી; વધતો-અધિક વેગ આપવો. 2 ત્વરા કરવી; જલદી થાય-વધે તેમ કરવું; ઉતાવળું કરવું.

Acceleration, *n.* વેગ વર્દ્ધન; ગતિની વૃદ્ધિ; ગતિ વૃદ્ધિ.

Accendible, *a.* સળગી ઉઠે એવું.

Accent, *n.* સ્વરભેદ; ઉચ્ચારણ. 2 સ્વર; વાંચવા અથવા બોલવામાં શબ્દોના પદોઉપર મુકાતો જોર-ભાર. 3 ભાર મુકવાની નિશાની; સ્વરચિન્હ. (ˊ) *Acute accent*, ઉદાત્ત. *Cincumflex accent*, સ્વરિત. *Grave accent*, અનુદાત્ત; પ્લુત.

Accent, *v. t.* ભાર મુકીને-જોર રાખીને-સ્વરસાથે વાંચવું-બોલવું.

Accented, *pp.* or *a.* સ્વરયુક્ત બોલેલું; સ્વરચિન્હ મુક્યાં હોય એવું; સ્વરિત.

Accentuate, *v. t.* સ્વર ઉપર ભાર મુકીને ઉચ્ચાર કરવો.

Accept, *v. t.* લેવું; ખુશીથી કબુલ-મંજુર-માન્ય રાખવું. 2 કોઇના ઉપર કૃપા કરવી; to *accept* a bill of exchange, હુંડી સ્વીકારવી-સીકારવી.

Acceptable, *a.* ખુશીથી લેવાલાએક-કબુલ કરવા જોગ. 2 પસંદ પડતું; ખીશી ઉપજાવે તેવું; પ્રિય; પસંદ.

Acceptance, *n.* અંગિકાર; સ્વીકાર; ગ્રહણ; લેવું. 2 સ્વીકાર; સ્વીકારેલી હુંડી.

Acceptation. *n.* પ્રીતિપૂર્વક સ્વીકાર; ખુશીસાથનો અંગીકાર. 2 શબ્દ અથવા કોઇ વાક્યને જે અર્થમાં લોક સમજે તે અર્થ, માએનો, મતલબ; રૂઢીનો અર્થ; રૂઢી.

Accepter, } *n* લેનાર; સ્વીકારનાર.
Acceptor, } 2 હુંડી સ્વીકારનાર.

Access, *n.* પોહોંચ; આવજા થઈ શકવી તે; પ્રવેશ; આગમન. 2 વાટ; રસ્તો; માર્ગ. 3 આવવા જવાની રજા-છુટ-પરવાનગી. 4 વૃદ્ધિ; ઉમેરો; વધારો.

Accessary, } *n.* અપરાધ કરવામાં
Accessory, } સામેલ રેહેનાર-સાથી-મળતિયો-મિલાપી-મદદગાર. *An accessory before the fact*, મહાપરાધ કરવામાં સામેલ. *An accessory after the fact*, મહાપરાધીને બચાવનાર-સંતાડનાર.

Accessible, *a.* પોહોચાય-જવાય તેવું; જા આવ કરવાને સેહલું પડે એવું; ગમ્ય. 2 મલતાવડું; મિલનસાર; ભલું.

Accession, *n.* શામેલ થવું-ભળવું તે. 2 વધારો; ઉમેરો; વૃદ્ધિ. 3 (to the throne) રાજ ગાદીપર બેસવું તે. 4 (of a fever, fit, &c.) તાવ અથવા બિજાં દરદોનો હુમલો.

Accidence, *n.* વ્યાકરણનાં મૂળ તત્વનું પુસ્તક-ગ્રંથ.

Accident, *n.* દૈવયોગ; બનાવ; હોનારત; ભાવી; ઇત્તોફાક. 2 (તર્કશાસ્ત્રમાં) જે ગુણ અવશ્યક-જરૂરનો નથી તે; અસ્વાભાવિક ગુણ.

Accidental, *a.* આવશ્યક નહીં એવું; અસ્વાભાવિક; આગંતુક. ૨ નહીં ધારેલું; ઇત્તેફાકી; દૈવયોગિક; અકલ્પિત; ગેબી; આકસ્મિક; અણચિંતવ્યું; સહજ.

Accidentally, *ad.* ઓચિંતું; દૈવયોગે કરીને; અકસ્માત; ભોગ ચોઘડિયે.

Accipient, *n.* લેનાર.

Acclamation, *n.* જયજયકાર; આફ્રીન; શાબાશીનો અવાજ; સ્તુતિ.

Acclimatize, *v. t.* પારકા દેશની આબોહવા માફક આવે-હવા પાણીમાં ઉધરે તેવું કરવું.

Acclivity *n.* ચઢણ; ચઢાવ; ટેકરો.

Accommodate, *v. t.* સગવડ કરવી; પુરૂં પાડવું. 2 પતાવવું; સમજુતી પર લાવવું. 3 અનુસરતું-લાયક-બંધ બેસતું કરવું. 4 ઉછીનું આપવું; ધીરવું.

Accommodating, *a.* બીજાનું મન-ખાતરદારી રાખે એવું; મરજી રખુ.

Accommodation, *n.* અનુકૂળતા; સગવડ; સુખસામગ્રી. 2 સમજુતી; સમાધાની. 3 ઉતારાના મકાનની સગવડ. 4 અર્થ ઉથાડવો-લાગુ પાડવો તે; તાણી તોષીને અર્થ કહાડવો તે.

Accompany, *v. t.* જોડે જવું; સાથે જવું-આવવું-રેહેવું. 2 સાથે જોડાયલું હોવું; લાગેલું હોવું.

Accompaniment, *n.* આભુષણ અથવા આકાર શુદ્ધિને અર્થે સાથે હોય છે તે વસ્તુ. 2 સ્વરનો મેળ; એક તાળ; સ્વરમેળમાં મળતું સૂર.

Accomplice, *n.* દુષ્કર્મમાં-નઠારાં કામમાં સાથી-મળતિઓ-સોબતી-સંગી-શરીક; કુકર્મ સહચારી.

Acccomplish, *v. t.* પૂરૂં-સમાપ્ત કરવું. 2 સાધવું; બરલાવવું; સંપાદન કરવું. 3 સકલગુણ સંપન્ન કરવું. 4 અદા કરવું; ફિટવવું; વાલવું.

Accomplished, *pp.* or *a.* પુર્ણ; પ્રવિણ; કાબિલ; ગુણવંત; સકલ ગુણસંપન્ન; ગુણી; નિપુણ.

Accomplishment, *n.* સમાપ્તિ; સિદ્ધિ. 2 નિપુણતા; કાબેલીયત; ખુબી; ગુણ.

Accord, *v. t.* મળતું કરવું; મલતું આવે તેમ કરવું. 2 પતાવવું; તોડ કાહાડવો. 3 આપવું; દેવું. 4 *v. i.* મળતું થવું-આવવું. 5 *n.* મનમેલાપ; સંમતિ; ઐકય; એકદિલી; એકચિત્ત. 6 મરજી; ખુશી. (of one's own accord) આપોઆપ; પોતાની મેળે. 7 સ્વરમેલ; સુરાવટ. 8 પતાવટ; તોડ; સમજુતી; નિકાલ; તોડ જોડ.

Accordance, *n.* મેલાપ; બનાવ. 2 મલતાપણું; અનુસરતાપણું.

Accordant, *a.* માફક; અનુકૂળ; મળતું.

According, *pp.* or *a.* મળતું; મિલાફી. 2 (to) પ્રમાણે; મુજબ; મોઆફક.

Accordingly, *ad.* પ્રમાણે; મુજબ; બરહુકમ.

Accordion, *n.* હાથે વગાડવાની વાજાની ચામડાની પેટી.

Accost, *v. t.* પેહેલું બોલાવવું.

Accouchment, *n.* જણવું તે.

Accoucheur, *n.* પ્રસવ કરાવનારો જનાવનારો વૈદ્ય; પ્રસવકારી વૈદ્ય.

Account, *n.* હિસાબ; જમાખરચ; હિસાબ કિતાબ. 2 અહેવાલ; હકીકત; કથા; બયાન; સમાચાર; વૃત્તાંત. 3 ગણતરી; ગણના. 4 કિમત; લેખું; ગણના; ભાવ. 5 કારણ; સબબ. 6 નફો. 7 હિસાબ; જવાબ. 8 ખાતું; નામું. 9 *v. t.* ગણવું; લેખવું; માનવું. 10 *v. i.* કારણ હોવું. 11 હિસાબ આપવો. 12 કારણ હોવું–થવું. 13 જવાબ દેવો; જવાબદાર થવું. *To turn to account*, નફો કાઢવો; લાભ લેવો. *Current account*, ચાલુ ખાતું. *Rough account*, કાચું ખાતું. *To balance an account*, બાકી ખેંચવી–કાઢવી. *To clear accounts*, ખાતાં માંડી વાળવાં. *To call to account*, જવાબ માગવો; હિસાબ લેવો. *To put to the account of*, ખાતે માંડવું–લખવું–નોંધવું. *On any account*, ગમે તે થાય તોપણ. *On account of*, ખાતર; થકી; લીધે; વાસ્તે. *To have an account with*, ખાતું હોવું.

Accountability, *n.* જવાબદારી.

Accountable, *a.* જવાબ આપનાર.

Accountant, *n.* મુતસદ્દી; મેહેતો; હિસાબી. 2 (of a village) તળાટી.

Account-book, *n.* ચોપડો; નામું; વહી.

Accouter, } *v. t.* હથિયાર બંધ–રિસે
Accoutre, } પોસ્ત કરવું; સજાવવું.

Accouterments, } *n.* સર સરંજામ;
Accoutrements, } લડાઈની સામગ્રી.

Accredit, *v. t.* વિશ્વાસ–ભરૂસો આપવો; ખરૂં છે એવું કબૂલ કરવું. 2 સત્કાર કરવો; એલચીને તેના દરજ્જાને છાજતાં માનસહિત આવકાર દેવો. 3 મુખત્યાર કરીને મોકળવો. *Accredited agent*, મુનીમ.

Accrue, *v. i.* નિપજવું; ઉપજવું.

Accumulate, *v. t.* ઢગલો કરવો. 2 એકઠું–ભેગું કરવું; સંગ્રહ–સંચય કરવો. 3 *v. i.* વધી પડવું–જવું.

Accumulation, *n.* સંગ્રહ; જમાવ; ઢગ.

Accumulative, *a.* વધારે એવું.

Accuracy, *n.* સાચાઈ; ખરાપણું. 2 ચોકસાઈ; મજબુતી.

Accurate, *a.* ઠીક; દરૂસ્ત; નક્કી; ખરૂં; બરાબર; શુદ્ધ. 2 ચોકસ; અચુક.

Accurately, *ad.* દુરૂસ્ત રીતે; બરાબર; બિનચુક; ચોકસાઈથી; અચુક.
Accursed, *pp.* or *a.* શાપિત; જેને શાપ દીધો હોય એવું. 2 શાપયોગ્ય; અતિદુષ્ટ; છેક ધિક્કારવાયોગ્ય; મલુન.
Accusable, *a.* બદનામ કરવા જોગ; ઠપકા લાયક; દોષ મુકવા લાયક.
Accusation, *n.* દોષારોપ; તોહોમત. *False accusation,* આળ; બુતાનું.
Accusative case, *n.* દ્વિતીયા વિભક્તિવાળું પદ; કર્મ; (વ્યાકરણમાં.)
Accuse, *v.t.* વાંક–અન્યાય–દોષ મુકવો; ફરીઆદી માંડવી. (*Accuse* falsely) ગળે પડવું; આળ ચહડાવવું; બોહોતાન–તોહોમત મુકવું.
Accuser, *n.* વાંક, દોષ, અન્યાય મુકનાર–લગાડનાર; વાદી; ફરિયાદી.
Accustom, *v. t.* ટેવ–આસરમ પાડવી; અભ્યાસ–માહાવરો પાડવો.
Accustomed, *pp.* or *a.* અભ્યાસ પડ્યો હોય એવું; ટેવ પડેલું. 2 રોજનું.
Ace, *n.* એક્કો. 2 પાવ; રેજું. 3 લેશ; રતી; દમડી; દોકડો; રજ.
Acerb, *a.* ખાટું; ખાટુંતુરૂં.
Acerbity, *n.* ખટાસ ને તુરાસ. 2 આકરાપણું; કરડાપણું; સખતપણું.
Acetate, *n.* *Acetic Acid* થી બનેલો [ખાર.
Acetic, } *a.* ખાટું;
Acetous, } આંબટ.
Acetic Acid, *n.* સરકામાં જે ખાટો તેજાબ છે તે.
Ache, *n.* દુઃખ; દુખાવું; પીડા; દરદ; વેદના. 2 *v.i.* ધટકો મારવો; દુખવું; પીડા–વેદના થવી. [સાધ્ય.
Achievable, *a.* બને–થઈ શકે તેવું
Achieve, *v. i.* કરવું; પુરૂં–પાર કરવું. છેડો લાવવો. 2 મેળવવું; સંપાદન કરવું.
Achievement, *n.* પરાક્રમ; મહાભારત કામ; સાહસ કર્મ; મહત્કૃત્ય.
Achromatic, *a.* રંગ વગરનું. દુરબીન તથા એવાં બીજાં યંત્રોના કાચને આ શબ્દ લગાડે છે.
Acid, *n.* ખટાસવાળો–આંબટ પદાર્થ. 2 તેજાબ. 3 *a.* આંબટ; ખાટું.
Acidity, *n.* ખટાસ; ખટાઈ.
Acidulate, *v. t.* ખટાસપર લાવવું.
Acidify, *v. t.* See Acidulate.
Acknowledge, *v.t.* કબુલ-માન્ય કરવું; સ્વીકારવું. 2 જાણવું; ઓળખવું. 3 ઉપકાર માનીને–આભારી થઈને કબુલ રાખવું–કરવું; શુકર ગુજારી કરવી.
Acknowledgement, *n.* કબુલ કરવું તે, જેમકે ચુક. 2 કબુલ રાખવું તે, જેમકે ખુદાને. 3 એકરાર કરવો તે, જેમકે, કોઈ ખરી વાતનો. 4 કૃતજ્ઞતા; વફાદારી; ઉપકાર માનવો તે; શુકર ગુજારી; શુકરાના. 5 પોંહોંચ.

Acme, n. શિખર. 2 કટાકટીનો વખત. 3 દરદનું અતિશય જોર-ભર.
Aconite, n. એક જાતની ઝેરી વનસપતી; વચ્છનાગ. કવીતામાં આ શબ્દનો અર્થ "ઝેર" એમ સાધારણ રીતે થાયછે. [બીજ; બલુત.
Acorn, n. એક ઝાડનું ફળ અથવા
Acoustic, a. શ્રવણ-સાંભળવા સંબંધી; આવાજને લગતું; કાનનું.
Acoustics, n. શ્રવણવિદ્યા; ધ્વનિશાસ્ત્ર.
Acquaint, v. t. જાણીતું-વાકેફ-અનુભવી કરવું. 2 ખબર કરવી; જણાવવું; કેહેવું. (one's self with) ઓળખાણ-માહિતગારી-વાકેફગારી કરી લેવી.
Acquaintance, n. વાકેફગારી; માહિતગારી. 2 ઓળખાણ; પીછાન; જાન પછાન. 3 ઓળખીતું માણસ. *Bowing acquaintance*, સાહેબ સલામનો વેહેવાર.
Acquiesce, v. i. સંતોષ માનવો; રાજી થવું. 2 ખાતરી થયાથી માન્ય કરવું.
Acquiescence, n. સંતોષ; અનુમતિ; સમ્મતિ; માન્યતા; ખુશીથી આપેલી રજા.
Acquiescent, a. રાજીથતું; માન્યરાખતું
Acquirable, a. મેળવવા-સંપાદન કરવા લાયક; પ્રાપ્તવ્ય; સાધ્ય; લભ્ય.
Acquire, v. t. કમાવું; મેળવવું; સંપાદન-હાંસલ-પ્રાપ્ત કરવું.
Acquirement, n. મેળવવું તે; જે મેળવેલું-પ્રાપ્ત કરેલું તે. *Acquirements*, સંપાદન કરેલા ગુણ.
Acqusition, n. મેળવેલું તે; સંપાદન. 2 લાભ; પ્રાપ્તિ; મેળવેલી વસ્તુ.
Acquit, v. t. અપરાધ-ઠપકા-શિખામણ અથવા કરજમાંથી મોકળું કરવું; છોડી મેલવું; બેગુનાહ-નિર્દોષ ઠેરવવું. 2 (one's self) કરજ બજાવવી; કામ બજાવવું. [ષમોચન.
Acquittal, n. છુટકો; છુટકારો; દો-
Acquittance, n. કરજમાંથી મોકળું થવું તે; ઋણમુક્તતા. *deed of acquittance*, ફારગતી.
Acre, n. ૪૮૪૦ ચોરસ વારનું માપ; એકર. આશરે ૧॥ વીંગાનો એક એકર થાયછે.
Acrid, } a. તિખું; ઝણઝણાટ
Acrimonious, } -ઝમઝમાટ કરતું; કડવું; કટુ; તલખ; તમતમતું. 2 તુંદ; કઠણ; કરડું.
Acrimony, n. તિખાસ; ચણચણાટ; ચચરાટ; કટુતા. 2 મીજાસનું આકરાપણું; તુંદી; કરડાપણું.
Acronycal, a. સૂર્યાસ્ત વખતે ઉગીને સૂર્યોદય થતાં અસ્ત પામનાર.(a star)
Across, prep. આડું; પાર; આરપાર; પેલપાર; ઓળંગીને; ઉપર થઈને.

Acrostic, *n.* આદ્યાક્ષરબંધ કવિતા; કોઈ કવિતા માહેલી પ્રત્યેક ઓળના પેહેલા અક્ષરો લઈએ, તો જે પુરૂષ અથવા વિષય ઉપર તે કવિતા રચી હોય તેનું નામ નિકળી આવે તેવી કવિતા; બાહ્યાંતર લાપિકા; પ્રથમાક્ષરબંધ કવિતા.

Act, *v. i.* ચાલવું; આચરવું; વર્તવું. 2 અસર થવી–ચાલવી; ગુણ લાગુ પડવો. 3 ચાલવું; કામ કરવું. 4 *v. t.* કરવું; બજાવવું. 5 કોઈનો સોંગ કાહાડવો–લાવવો; વેષ ભજવવો. 6 *n.* કામ; કર્મ; કૃત્ય. 7 નાટકનો અંક. 8 કાયદો; ધારો. *To act up to*, પાળવું.

Acting, *pp.* or *a.* કરતાં; કામચલાઉ; કોઈની બદલીએ કામ કરનાર.

Action, *n.* વ્યાપાર; ક્રિયા; કાર્ય. 2 કૃત્ય; કામ; કર્મ. 3 કરણી; ચાલ; વર્ત્તણુક. 4 ફરિયાદ; મુકદમો. 5 લડાઈ; યુદ્ધ; જંગ; સંગ્રામ. 6 ગતિ; હાલચાલ. 7 ચાળા; હાવભાવ; બતાવણી.

Actionable, *a.* ફરિયાદી થઈ–ચાલી શકે એવું; અદાલતી.

Active, *a.* કામ–કાર્ય કરવાને શક્તિવાન; ક્રિયાશક્ત; કાર્ય કારક. 2 ચાલાક; ચંચલ; ચપળ. 3 ઉદ્યોગી; મેહેનતુ; કામગરૂં. 4 કાર્યરૂપ; વ્યવહારાત્મક; વ્યવહારોપયોગી. 5 (વ્યાકરણમાં) સકર્મક. the active voice, કર્મભેદ.

Actively, *ad.* ચપળાઈથી; ચંચલાઈથી; ચાલાકીથી. 2 સકર્મકને અર્થે.

Activity, *n.* ચપળાઈ; ચંચલાઈ; ચાલાકી; ઝડપ. 2 ઉદ્યોગ.

Actor, *n.* કરનાર; કર્ત્તા. 2 નાટકકાર–કરનાર; નાટકી; નટ; વેષધારી.

Actress, *n.* નાટક કરનારી સ્ત્રી; નટી.

Actual, *a.* ખરૂં; ખરેખરૂં; વાસ્તવિક. 2 હાલનું; વર્ત્તમાન; વિદ્યમાન.

Actually, *ad.* વસ્તુતઃ; ખરેખર.

Actuary, *n.* મેહેતો; વિમાવાળાનો–વિમો ઉતારનારનો મુનીમ.

Actuate, *v. t.* સુજ પાડવું; ઉસકેરવું; ચલાવવું; પ્રવૃત્ત કરવું; પ્રવર્ત્તાવવું.

Acumen, *n.* તીક્ષ્ણ બુદ્ધિ; શીઘ્રમતિ.

Acute, *a.* અણિયાળું; અણી–નોકદાર. 2 તીક્ષ્ણ; તીવ્ર; જલદ; ઊંડા નજરનું. 3 An *acute* disease, સકત દુઃખદરદ. 4 *Acute* accent, ચઢતો–ઊંચો આવાજ; ઉદાત્ત; ઉદાત્તસ્વર. 5 *Acute* angle, સાંકડો ખુણો; લઘુકોન; કાટખુણાથી નાહાનો ખુણો.

Acutely, *ad.* તીક્ષ્ણ બુદ્ધિથી; ચતુરાઈથી; બારીક નજરે.

Acuteness, *n.* તીક્ષ્ણ બુદ્ધિ; ઊંડી–બારીક નજર; કુશાગ્રબુદ્ધિ. 2 તિક્ષ્ણતા; તેજી; તુંદી.

Adage, *n.* કેહેવત; કેહેણી; મસલ.

Adagio, *n.* હળુહળુ વગાડવાની તાલ.

2 હણહણ વગાડવાનો રાગ.
Adamant, *n.* ઘણોજ કઠણ પથ્થર; હીરો; વજ્ર. 2 લોહચુંબક.
Adamantean, Adamantine, *a.* વજ્રજેવું; ઘણુંજ કઠણ; સખ્ત; વજ્રનું. *adamantine frame*, વજ્રદેહ.
Adansonia, *n.* ચોર આમળાનું ઝાડ.
Adapt, *v. t.* બેસ્તું-માફક આવતું-લાયક-મળતું કરવું; લાગુ પાડવું; બંધ બેસાડવું.
Adaptation, *n.* લાયક-યોગ્ય કરવું તે. 2 યોગ્યતા; લાયકપણું; ઉપયુક્તતા.
A-days, *ad.* દાહડે. (Now *a-days*) હાલના વખતમાં.
Add, *v. t.* મેળવવું; ઉમેરવું; સરવાળો કરવો. 2 વધારો કરવો; જોડવું.
Addendum, *n.* વધારો; ઉમેરો; પરિશિષ્ટ.
Adder, *n.* જેહેરી સાપ-સર્પ; ભુજંગ.
Addict, *v. t.* વળગી-મંડ્યા રેહેવું; લપટાવું. (one's self to) છંદમાં પડવું; લત લાગવી; વ્યસન ચોંટ્ટોટવું.
Addictedness, *n.* છંદ; વ્યસન; લત.
Addition, *n.* મેળવવું-ઉમેરવું તે. 2 વધારો; ઉમેરો; વૃદ્ધિ. 3 મેળવણી; સરવાળો; બેરીજ.
Additional, *a.* અધિક; વધારે; જીયાદે.
Addle-headed, *a.* બુદ્ધિહીન; મુર્ખ; ખાલી મગજનું; વિચાર શુન્ય; ઠોઠ.
Address, *v. t.* કહી સંભળાવવું; બોલવું; ભાષણ કરવું. 2સરનામું કરવું. 3 અરજ કરવી. 4 લખીને મોકળવું. 5 આડતિયા ઉપર મોકલવું. 6 પરણવાનું માગું કરવું. 7 *n.* ભાષણ; મોહોડે બોલવું તે. 8 રેહેઠાણ; ઘર. 9 સરનામું; અલકાબ. 10 જેના ઉપર કાગળ લખ્યો હોય તેનું નામ ઠામ ને અટક. 11 માનપત્ર. 12 ચતુરાઈ; યુક્તિ; ચાતુર્ય. 13 માનથી બોલવાની રીત; સલીકો. 14 પરણવાની માગણી; માગું.
Adduce, *v. t.* સાંખે લાવવું; હાજર કરવું; ઉભું કરવું. 2 આપવું; કેહેવું; બતલાવવું.
Adept, *n.* વસ્તાદ; પક્કું-નિપુણ માણસ. 2*a.* પ્રવીણ; પોતાના કામમાં માહિર; નિપુણ; કામિલ.
Adequate, *a.* લાયક; પુરતું; જોઈતું જોઈએ તેટલું; બરાબર.
Adequately, *ad.* કામ જેટલું; પુરૂં પડતું; યથાયોગ્ય.
Adhere, *v. i.* ચોંટવું; વળગવું. 2 વળગી-લાગી-ચોંટી-બાઝી રેહેવું.
Adherence, *n.* વફાદારી; આસ્થા; વળગી-બાઝીરેહેવું તે; નિષ્ઠા; આસક્તિ.
Adherent, Adherer, *n.* આશ્રિત; અનુસંગી; અનુગામી; આધારી: 2 વળગી રેહેનાર.
Adhesion, *n.* ચિકણું થઇ વળગી રેહેવું તે.

Adhesive, *a.* ચિકણું; ચોંહોંટી-વળગી રહે એવું; ઞસઞસું.
Adieu, *n.* છેલ્લી સલામ; છેલ્લો આશીર્વાદ; સેવટની મુલાકાત.
Adipose, *a.* ચરબીદાર; પુષ્ટ.
Adjacency, *n.* નજદીકી. [દીકનું.
Adjacent, *a.* પાસેનું; પડોસનું; નજ-
Adjective, *n.* (વ્યાકરણમાં) ગુણવાચક શબ્દ; વિશેષણ; ગુણવિશેષણ.
Adjoin, *v. t.* જોડવું; સાંધવું. 2 *v. i.* પાસે થવું; લગતું-નજદીક હોવું.
Adjoining, *ppr.* પડોસનું; લગતું.
Adjourn, *v. t.* or *v. i.* મોકુફ કરવું; મુલતવી રાખવું; થોડાવાર પડતું મેલવું.
Adjournment, *n.* મોકુફી; તહકુબી.
Adjudge, **Adjudicate**, *v. t.* ચોકસી કરી ચુકાદો-ફડચો-ફેસલો કરવો; નિવેડો લાવવો. 2 શિક્ષા ઠરાવવી; ટેપ મારવી.
Adjudgment, **Adjudication**, *n.* ચુકાદો; નિવેડો; ફેસલો; ફડચો.
Adjunct, *n.* સાથે-જોડેજ રેહેનાર વસ્તુ, વિષય, કાર્ય વગેરે; અનુષંગિક ગુણ-વસ્તુ-ધર્મ. 2 ગુણ.
Adjunct, *a.* ઈલ્હાકો-સંબંધ રાખતું.
Adjure, *v. t.* **Adjuration**, *n.* સોગંદ-શપથ આપવા; દુહાઈ-દ્વાહી ફેરવવી. 2 સોગંદ; કસમ; આણ; શપત; દુહાઈ; દ્વાહી.

Adjurer, *n.* સોગંદ-કસમ આપનાર.
Adjust, *v. t.* બેસ્તું-અનુકૂળ કરવું. 2 ગોઠવવું; બરાબર મૂકવું. 3 નક્કી કરવું; પતાવવું; તોડ કાહાડવો; ચુકવવું.
Adjustment, *n.* વ્યવસ્થા; બંદોબસ્ત; ઠાકઠીક. 2 ફેસલો; ચુકાદો; નિવેડો.
Adjutant, *n.* લશ્કરનો કારભારી-બંદોબસ્ત રાખનાર; આજીટંટ. 2 બગલું; સારસ.
Adlibitum, *ad.* જેમ નજર-ઈચ્છામાં આવે તેમ.
Admeasure, *v. t.* See Measure.
Administer, *v. t.* વહિવટ-કારભાર ચલાવવો; અમલમાં લાવવું. 2 કરવું, જેમકે ન્યાય કરવો. 3 આપવું, જેમકે ઓસડ, કસમ વગરે. 4 *v. i.* મદદ-સહાય થવું. 5 વગર વસિયતે મરનાર શખ્સની મિલ્કતનો ધારા પ્રમાણે વહિવટ કરવો; વકીલાત કરવી.
Administration, *n.* આપવું તે. 2 કારભાર; વહિવટ. 3 કારકીર્દ; અમલ; રાજ. 4 રાજકારભાર મંડળી. 5 વકીલાત.
Administrator, *n.* કારભારી; વહિવટદાર. 2 (of a government) રાજ્ય કારભાર ચલાવનાર. 3 (to an estate &c.) વહિવાટ ચલાવનાર; વકીલ. 4 (in divine rites) આચાર્ય. 5 (*of the Law*) ન્યાયા-

ષીશ. 6 જેને મરનાર માણસની માલ મતાનો વહિવટ કરવાનો અધિકાર મળ્યો હોય તે.

Administratrix, *n.* વકીલણ; વહિવટ–કારભાર ચલાવનાર સ્ત્રી.

Admirable, *a.* અજબ–અચરત થવા લાયક; અજાએબી–તાજુબી ઉપજાવે એવી ખાસીયત ધરાવતું; વખાણવા લાયક; ઉત્તમ; ખાસ્સું; ઉત્કૃષ્ટ.

Admirably, *ad.* અચરતી ઉપજે તેમ; અજબ તરેહથી; ઘણી સારીરીતે.

Admiral, *n.* દરિયાઈ સેનાધિપતી; આરમારનો સરદાર; અમીર ઉલબહાર. 2 દરિયાઇ સેનાપતિ જે વાહણ ઉપર હોય તે વાહણ.

Admiralty, *n.* દરિયાઈ સેનાધિપતીનો હોદ્દો. Court of admiralty, દરિયાઈ મુકદમા ચુકવનારી કોરટ–સભા.

Admiration, *n.* અચરતી; તાજુબી; આશ્ચર્ય; સાનંદાશ્ચર્ય; વિસ્મય; વાહ.

Admire, *v. t.* અજબ–તાજુબ થવું; વિસ્મય પામવો. 2 વખાણ કરવી. 3 ઘણું ચાહાવું. [નવા જોગ.

Admissible, *a.* દાખલ કરવા–મા-

Admission, *n.* અંદર દાખલ થવા દેવું તે; પ્રવેશ; દરઆમદ. 2 દાખલ થવાની પરવાનગી–રજા. 3 સ્વીકાર.

Admit, *v. t.* આવવા–દાખલ થવા દેવું. 2 દાખલ થવાની પરવાનગી–હક્ક આપવો. 3 કબુલ રાખવું; માન્ય કરવું. to admit of, શકવું.

Admittance, *n.* પ્રવેશ. 2 દાખલ થવાની રજા–પરવાનગી–હક્ક.

Admix, *v. t.* મેળવું; મેળવણી કરવી.

Admixture, *n.* મેળ; મેગ; મેળવણી.

Admonish, *v. t.* નસિહત કરવી; શિખામણ દેવી; કાન ઉઘાડવા–ચિમટવા. 2 ચેતવવું; સુચવવું; પૂર્વબોધ કરવો.

Admonition, *n.* શિખામણ; નસિહત. 2 સલાહ; ચેતવણી.

Admonitory, *a.* શિખામણ–ચાણાક ભરેલું; કાન ઉઘાડનાર.

Ado, *n.* ગોંધળ; શ્રમ; માથાકુટ; માથાફોડ; ખટપટ; ગડબડ. *With much ado,* મારી કુટીને. *To make a great ado about trifles,* મારવો ઊંદર ને ખણવો ડુંગર.

Adolescence, *n.* ચઢતી દશા–વય; ચઢતું લોહી; જુવાની.

Adolescent, *a.* વયમાં ચઢતું–ઉધરતું.

Adopt, *v. t.* દત્તક–દત્તપુત્ર–છોકરો કરી લેવો. 2 કબુલ રાખવું; લેવું; અખત્યાર–ગ્રહણ કરવું; આદરવું. 3 નિવડી–પસંદ કરીને લેવું.

Adopted-son, *n.* પાલક; દત્તપુત્ર.

Adoption, *n.* કબુલ રાખવું તે; સ્વીકાર; ગ્રહણ. 2 દત્તક–છોકરો લેવો તે.

Adorable, *a.* પૂજ્ય; આરાધ્ય; ભજન પાત્ર. 2 ઘણું માન આપવા જોગ.
Adoration, *n.* પૂજા;સેવા;ભક્તિ; બંદગી; આરાધના; પૂજન; ભજન.
Adore, *v.t.* પૂજવું; ભજવું; બંદગી-ઈબાદત-આરાધનાકરવી;આરાધવું. 2 અતિશય ચાહાવું-માન આપવું.
Adorn, *v. t.* સણગારવું; આરાસ્તે-સુશોભિત કરવું;શોભા-રંગ આપવો.
Adorned, *a.* અલંકૃત; ભૂષિત; શોભાવેલું; સણગારેલું.
Adorning, Adornment, *n.* શોભા; ભૂષણ; સીણગાર; અલંકાર.
Adown, *prep.* or *ad.* નીચે; જમીન તરફ ભોંયપર; તલીએ.
Adrift, *ad.* or *a.*વેહેતું;ઘસડાતું;તરતું.
Adroit, *a.* કુશળ; ચતુર; કળાવંત.
Adroitness, *n.* કુશળતા ચતુરાઈ.
Adulation, *n.* ખુશામદ; બેહદ તારીફ; આર્જવ; કાલાવાલા;ચાપલુસી.
Adulatory, *a.* ખુશામત ભરેલું; અતિ પ્રશંસક; બેહદ તારીફ વાલું.
Adult, *a.* ઊમરે આવેલું; વયે પુગેલું; પુખ્ત; તરૂણ. 2 *n.* વયે પુગેલું-પુખ્ત થયલું આદમી,વનસ્પતિ, છોડવગેરે.
Adulterate, *v. t.* હલકી વસ્તુઓ ભેળીને-ભેલભાલ કરીને હીણું કરવું -બગાડવું; ભેગવાલું કરવું.
Adulteration, *n.* આલુદગી; હિણ પદાર્થનો ભેળ; ભેલવણી; અશુદ્ધિકરણ.
Adulterer, *n.* છિનાળવો; વ્યભિચાર-જારકર્મ કરનારો; કાછડી છૂટો.
Adultress, *n.* છિનાળ; અપતિવ્રતા.
Adultery, *n.* છિનાલું; જારકર્મ; વ્યભિચાર; જનાકારી.
Adulterine, *n.* છિનાલીનું છોકરૂં; જારજ.
Adust, *a.* બળી ગએલું; દગ્ધ.
Advance, *v. t.* પદવીએ-દરજ્જે ચઢાવવું-વધારવું. 2 અગાડી લાવવું-કરવું. 3 વૃદ્ધિ-વધારો કરવો; વધારે સારૂં કરવું. 4 આંગપર-અગાઉથી આપવું. 5 અંગુ-અંગ ઉધાર આપવું; ધીરવું. 6 ચઢાવવું; વધારવું. 7 *v. i.* આગળ ચાલવું-વધવું. 8 હોદ્દે ચઢવું-વધવું. 9 સુધારો-વધારો કરવો. 10 *n.* અગાડી ચાલવું તે. 11 ચઢતી; વધારો; સરફરાજી. 12 અગાઉથી-આંગપર આપવું-ધીરવું તે; પેશગી. *In advance,* મોખરે; અગાડી.
Advancement, *n.* અગાડી ચાલવું તે. 2 બઢતી;ચઢતી; વધારો; સરફરાજી. 3 વારસામાં જે કંઈ મળવાનું તે માબાપ જીવતાં છતાં મળ્યું હોય તે. 4 આંગપર-અગાઉથી આપેલા પૈસા.
Advantage, *n.* સારસાઈ; ફતેહ. 2 ફાયદો; નફો; લાભ. 3 તક; જોગવાઈ; સંધી; લાગ. 4 સગવડ; અનુકૂલતા. *To advantage,* શોભે-ખિલી નિકળે

-શોભીતું દેખાય એવી રીતે. 5 *v. t.* નફો-લાભ મળવો-થવો; કમાવું.
Advantageous, *a.* નફા ભરેલું; લાભ -ગુણકારી; કિફાયતવાર; ઉપયોગી.
Advent, *n.* આવવું તે; આગમન.
Adventitious, *a.* આવશ્યક નહીં એવું. 2 આવિ ઉતરેલું નહી એવું.
Adventure, *n.* દૈવયોગ; દૈવગતિ; જોખમનું કામ; જોખમ; સાહસકર્મ. 2 ચમત્કારિક-અદ્દભુત બનાવ-બિના. 3 *v t.* જોખમમાં પડવું; યાહોમ કરવું. 4 *v. i.* હિંમત ચલાવવી; હામ ભિડવી; કિસમત અજમાવવું.
Adventurous, *a.* સાહસિક; હિંમતવાન; જાનબાઝ. 2 જોખમ ભરેલું.
Adverb, *n.* ક્રિયાવિશેષણ અવ્યય.
Adversary, *n.* દુશ્મન; વેરી; શત્રુ. 2 *a.* સામું; ઉલટું; પ્રતિપક્ષી.
Adverse, *a.* ઉલટું; વિરૂદ્ધ; વિપરીત. 2 દુખકારક; અભદ્ર; અનિષ્ટ.
Adversity, *n.* કંબખ્તી; વિપત્તિ; પડતી.
Advert, *v.i.* મન-લક્ષ-ધ્યાન આપવું.
Advertance, Advertancy, *n.* ધ્યાન; ચિત્ત; અવધાન.
Advertise, *v. t.* જાહેર-પ્રસિદ્ધ કરવું; જણાવવું. 2 જાહેર ખબર આપવી.
Advertisement, *n.* જાહેર-ખબર-નામું.
Advice, *n.* સલાહ; મસલેહત; ઉપદેશ. ***Bad advice***, કુબોધ; કુમંત્ર; ***Good advice***, સુબોધ; હિતોપદેશ.

Advices, *n. plu.* ખબર; સમાચાર.
Advisable, *a.* ઘટતું; મુનાસિબ; ઉચિત.
Advise, *v. t.* સલાહ આપવી; શિખામણ દેવી. 2 જણાવવું; ખબર કરવી-આપવી. 3 *v. i.* પુખ્ત વિચાર કરવો. [જોઇને.
Advisedly, *ad.* વિચારીને; જાણી
Adviser, *n*, સલાહ-મસ્લેહત આપનાર. *Political adviser*, મંત્રી; પ્રધાન; અમાત્ય. *Spiritual adviser*, ગુરૂ.
Advocacy, *n.* કોઇનો બચાવ કરવાને તેની તરફદારીમાં બોલવું તે; હિમાએત; ઉપરાણું; પક્ષ; મધ્યસ્થિ.
Advocate, *n.* પક્ષધરીને બોલનાર; હિમાયતી. 2 વકીલ. 3 *v. t.* કોઇનો પક્ષધરીને બોલવું; હિમાએત કરવી.
Adz, Adze, *n.* વાંસલો; તાસણી.
Ægis, *n.* ઢાલ.
Aerated, *a.* કારબાનિક આસીડ નામની એક જાતની હવાથી ભરેલું; કારબાનિક આસીડ વાલું.
Aerial, *a.* વાયુ-હવા-વાત સંબંધી. 2 વાયુરૂપ-મય; વાતમય; હવાવાળું. 3 હવાથી ઉત્પન્ન થયલું; વાયુજ. 4 વાયુચર; આકાશગામી-વાશી. 5 ઊંચુ. 6 હવામાં થતું-બંધાતું.
Aeriform, *a.* વાયુ રૂપી; હવા જેવું.
Aerolite, *n.* હવામાંથી-ખરતા તારામાંથી પડેલો પથ્થર; ઉલકું.

Aerology, *n.* હવાનું વર્ણન;વાયુશાસ્ત્ર.
Aerometer, *n.* વાયુમાપક યંત્ર.
Aeronaut, *n.* વિમાનમાં બેસી હવામાં મુસાફરી કરનાર; વિમાનગામી.
Aesthetics, *n.* રસજ્ઞાન; રસશાસ્ત્ર.
Afar, *ad.* દુર; લાંબે; આઘે.
Affability,*n.*ભલમનશાઈ; અશરાફી.
Affable,*a.*મળતાવડુ;અશરાફ;સુજન.
Affableness,*n.*સાલસાઈ;મિલનસારી
Affair, *n.* કામ;કાર્ય.2ખટલો;કડાકૂટ. 3 કચાકચી; ચકમક; ફાટફુટ.
Affect,*v.t.* લાગુ પડવું; અસર થવી. 2 મનપર અસર કરવી–થવી;દિલમાં લાગે એમ કરવું. 3 ઢોંગ કરવો; ડાળ ઘાલવું. 4 ઇચ્છા રાખવી; તાકવું.
Affectation, *n.* ડાલ; ઢોંગ; ખાલી ભપકો. (of females) નખરાં; ઠમકો
Affection, *n.* ઉલફત;પ્રેમ; પ્રીતિ; મમતા; હેત. 2 ગુણ; ધર્મ. 3 વિકાર; વિકૃતિ. 4 ઝોંક; વલણ;વાસના.
Affectionate, *a.* વાહાલું;હેતાળું; પ્રેમી; માયાળુ.2માયા–મમતા ભરેલું–વાળું.
Affiance,*n.*વેસવાળ;સગાઈ.2વિશ્વાસ; ભરોસો. 3 *v. t.* વેસવાલ–વેવિસાલ–સગાઈ કરવી; અદરાવવું. 4 વિશ્વાસ આપવો.
Affidavit, *n.* કસમ લઇ લખી આપેલી જુબાની; ઇકરાર નામું; ઇકિરાર.
Affiliate, *v. t.* પાળક–દત્તક કરવો. 2 કોઇને મંડળીમાં દાખલ કરી તે મંડળીના ભેદ ભરમથી વાકેફ કરવો. 3 (*Law.*)ફરી લીધેલું છોકરું તેના બાપને હવાલે કરવું.
Affiliation, *n.* છોકરો કરી લેવો તે; દતપુત્ર કરણ. 2 અનૌરસ છોકરું તેના બાપને હવાલે કરવું તે.
Affinity, *n.* વિવાહ–લગ્ન સંબંધ. 2 સરખાપણું;મળતાપણું.3(*Chem.*) ખેંચાણ; આકર્ષણ; સ્નેહાકર્ષણ.
Affirm, *v. t.* ખાતરીથી–ખચીતપણે કેહવું. 2 બાહલ–કાયમ કરવું-રાખવું. 3 *v. i.* પ્રતિજ્ઞાપૂર્વક કેહેવું.
Affirmation, *n.* ખાતરીથી–નિશ્ચય પૂર્વક કેહેવું તે. 2 ખાતરીથી જે કહેલું તે; ઇકરાર; પ્રતિજ્ઞા. 3 કાયમ–બાહલ રાખવું–કરવું તે.
Affirmative, *a.* હા–છે એવું બતાવનારૂં. 2 ખાતરી–નક્કીનું. 3 *n.* હા-છે એવો જવાબ–ઉત્તર.
Affix, *v. t.* છેડે–પછવાડે જોડવું–લગાડવું. 2 વળગાવવું. 3 *n.*પ્રત્યય.
Afflatus, *n.* પવનનું વાવું તે; પવનનો ઝપાટો. 2 ઇશ્વર પ્રેરણા.
Afflict, *v. t.* રીબાવવું; દુખી કરવું; પીડવું; કષ્ટ આપવું; પીડા કરવી.
Afflicted, *a.* પીડિત; દુખી; ખિન્ન; પરેશાન; દર્દમંદ; દુખિયારૂં.
Affliction, *n.* ક્લેશ; પીડા; ખેદ;કષ્ટ. 2 દુખનું કારણ. [ખેદયુક્ત.
Afflictive, *a.* ક્લેશકારક; દુખદાયક;

Affluence, *n.* પુષ્કલપણું; સમૃદ્ધિ; રેલછેલ; ફરાખટ. 2 સંપત્તિ; દોલત; લક્ષ્મી.
Affluent, *a.* તવંગર;ધનવંત; શ્રીમંત.
Afflux, *n.* વેહેવું તે; પ્રવાહ.
Afford, *v. t.* ઉપજવું; આપવું; દેવું. 2 પરવડવું; બોજવું; પાલવવું.
Affranchise, *v. t.* છુટાપણું બખશવું.
Affray, *n.* બખેડા;તુફાન;દંગો;મારામારી.
Affreight, *v.t.* See Freight.
Affright, *v. t.* ડરાવવું; ભડકાવવું.
Affront, *v.t.* આબરૂ લેવી; મોહોડાપર અપમાન કરવું–અપશબ્દ વાપરવા. 2 *n.* અપમાન; અપ્રતિષ્ઠા.
Affuse, *v. t.* રેડવું; નામવું; ધારપાડવી–છોડવી; ઢાલવું; ઓતવું.
Affusion, *n.* રેડવું–ધારપાડવી તે.
Afield, *ad.* ખેતરમાં–ભણી; ખેતરે.
Afloat, *ad.* or *a.* તરતું. 2 ઉડતું; ફેલાતું. 3 બરબાદ–બારેવાટ થઇ જતું.
Afoot, *ad.* પગે;ચાલતાં. 2 ચાલુ;જારી. *To set afoot*, આરંભવું; માડવું.
Afore, *prep.* આગળ;સામું. 2 *ad.* પૂર્વે.
Aforehand, *ad.* આગળથી તૈયાર કરી રાખેલું.
Afortiori, વધારે મજબુત દાખલા [દલીલથી.
Afraid, *a.* બિહીલું; ભયભીત. *To be afraid*, લાગવું; શક હોવો.
Afresh, *ad.* નવેસર; ફરીથી; પાછું.
Afront, *ad.* સામણે; મ્હો સામે.
Aft, *ad.* વાહાણના પાછલા ભાગમાં ડબુસા તરફ. 2 *a.* ડબુસાનું.
After, *prep.* પછવાડે; પાછળ. 2 પ્રમાણે; મુજબ; પેઠે; જોઇને. 3 વિષે; વાસ્તે. 4 *ad.* પછી; પછવાડેથી. 5 *a.* પાછળનું; આવતું; હવે પછીનું. *To inquire after*, કોઇની ખબર અંતર પૂછવી. *Immediately after*, લગોલગ; લાગલુંજ.
After-all, *ad.* સેવટે;નિદાને;અંતે;છેલે.
After-birth, *n.* ઓર.
After-crop, *n.* પાછલો પાક; પાછલથી થયલો પાક.
After-game, *n.* પાછળની યુક્તિ–તદબીર.
After-noon, *n.* પાછળો–ત્રીજો પોહોર.
After-pains, *n. plu.* જરાયુવેદના; હમેલ છુટા પછે સ્ત્રીને થતું દુખ.
After-thought, *n.* પશ્ચિમ બુદ્ધિ.
Afterwards, *ad.* પછી; પછવાડેથી.
Again, *ad.* ફરીથી; વળી; બીજીવાર. *Again and again*, વારંવાર. *As much again*, એટલું બીજું; બમણું; દુપટ.
Against, *prep.* વિરૂદ્ધ; ઉલટુ; સામે. 2 સન્મુખ;સામે. 3 લક્ષમાં રાખીને; ધોરણ ધરીને;વિચાર કરીને; લીધે; સારૂ. *Against one's will*, મરજી ઉપરાંત. *To run up against*, અફલાવું; અથડાવું. *To knock or dash*

against, અફાલવું. *To lean against*, અઢીંગવું.
Agape, *ad.* મ્હોડું-ડાચું વકાસીને.
Agate, *n.* અકીક; ગોમેદ.
Age, *n.* ઉમ્મર; વય. 2 તરૂણાવસ્થા; ભર જુવાની. 3 જઈફી; ઘડપણ; બુઢાપો. 4 આયુષ્ય; આવરદા; જીંદગી. 5 પુખ્ત-લાયક-પાકી ઉમ્મર. 6 પેઢી. 7 સદી; સૈકો.
An age of the world, યુગ;જમાનો
To come of age,વય-ઉમરમાં આવવું.
Aged, *a.* ઘરડું; વૃદ્ધ; બુઢ્ઢું; જઈફ. 2 વયે પુગેલું. *The aged*, ઘરડાં માણસ;ઘરડાં ખોખાં; ડોસાં ડગરાં.
Agency, *n.* કરવું તે; કર્તુત્વ; સત્તા; શક્તિ. 2મારફત. 3આડત;કારભાર.
Agent, *n.* કર્તા 2શક્તિ. 3 આડતિયો; મુનીમ; કારભારી; વકીલ.
Agglutinate,*v.t.*ચોંટાડવું;વળગાવવું.
Aggrandize, *v.t.* અખત્યાર,શક્તિ, મ્હોટાઈ, સલતનત વધારવી; ચઢતું કરવું;ચઢતી પાયરી કરવી. 2 વધારવું; મ્હોટુ કરવું. [સરફરાજ.
Aggrandizement,*n.* ચઢતી;મ્હોટાઈ;
Aggravate, *v. t.* વધારે ભારે કરવું; વધારવું; વત્તું કરવું. 2 વધારે ખરાબ-કઠણ-દુષ્ટ કરવું. 3 ટકા ચઢાવીને-મરી મસાલો લગાડીને વર્ણણ કરવું. 4 ચીરા ચઢાવવી; ખિજવવું.
Aggregate, *n.* સમુદાય; જથો. 2 *a.* એકઠું-એકંદર-એક ઠેકાણે કીધેલું. 3 *v.t.*એકઠું-એકંદર-એકરાસ કરવું.
Aggress, *v.i.* પેહેલી ચઢાઈ-હોમલો કરવો; પેહેલ કરવી; છેડતી શોધવી. 2*n.*હોમલો;ચઢાઈ. [છેડતી; પેહેલ.
Aggression,*n.*પેહેલો હોમલો-ચઢાઈ;
Aggressive, *a.* હોમલો-ચઢાઈ કરે એવું; કજ્યો સોધતું.
Aggressor, *n.* પેહેલી છેડતી-હોમલો કરનાર; કજિયાનુ મુળ;કજિયો ઉઠાવનાર.
Aggrieve, *v. t.* પીડા કરવી;દુખ દેવું. 2 જુલમ ગુજારવો; સંતાપવું.
Aghast, *a.* or *ad.* બાવરૂ;ઘભરાયલું.
Agile, *a.* ચાલાક; ચપળ; ચંચળ.
Agillity, *n.* ચાલાકી;ચાપલ્ય;ઝડપ.
Agitate, *v.t.* હળાવવું;ડોહોળી નાખવું 2 ઘાભરૂં-વ્યાકુળ કરવું; ઘભરાવવું. 3 વાત છેડવી-તકરારપર લાવવી-ચારવવી.
Agitation, *n.* ઘણા જોર-ઝડપથી હળાવવું-ડોહોળી નાખવું તે. 2 મનનો ઘભરાટ; ખળભળાટ; ક્ષોભ. 3 તકરાર; વાદવિવાદ; ચારવણી.
Agnate, *n.* બાપની તરફનો સગો.
Ago, *ad.* or *a.* થયું; ગયું; વાતપર.
Agoing, *ad.* ચાલુ; જારી.
Agonize, *v. t.* દુખ દેવું;પીડા કરવી. 2 *v. i.* સેતમ ગુજરવો;રિબાવું;દુખથી ટળવળવું.

Agony, *n.* ટળવળાટ;ન ખમાય તેવી વેદના.
Agrarian, *a.* ખેતર–જમીનને લગતું.
Agree, *v. i.* એકમત–સમ્મત થવું. 2 હળી મળીને રેહેવું;બનવું. 3 કબુલ રાખવું. 4 કરાર–પકણુ કરવી. 5મળતું આવવું.6માફક આવવું;સદવું.
Agreeable, *a.* મળતું આવે એવું;માફક.2પસંદ પડતું. 3 પ્રમાણે; મુજબ.
Agreeably, *ad.* તે પ્રમાણે–મુજબ; અનુસરીને.2 ખુશાલીથી; મઝાથી.
Agreement, *n.* બનાવ; મેળ; અનુકૂલતા. 2 કોલકરાર; સાટું; સરત; બોલી. 3 અનુમત; સમ્મતી.
Agricultural, *a.* ખેતીવાડી સંબંધી.
Agriculture, *n.* ખેતીવાડી; ખેતી.
Agriculturist, *n.* ખેડુત; કણબી.
Aground, *ad.* ભોંયને–તળીએલાગીને
Ague, *n.* એકાંતરો–ટાહાડિયો તાવ. 2 ટાહાડ;ધ્રુજારો;ધ્રુજરી;લખલખું.
Ah, Aha, *interj.* છિ ! છટ ! હં ! 2 અરેરે; હાયહાય. 3 ઓ:; અરે. 4 સાબાશ; વાહવા; ધન્ય.
Ahead *ad.* સામે; આગળ; મોખરે.
Aid, *v. t.* મદદ–સહાય કરવી; કુમક આપવી. 2 *n.* મદદ;કુમક; સહાય.
Aide-de-camp, *n.* નકીબ;મુસાહીબ.
Ail, *n.* દુખ;દરદ;પીડા.2 *v. t.* & *v.i.* દુઃખ થવું; દુખવું; પીડવું; પીડા–ઈજા કરવી–થવી.
I ail, I am ailing, મહારા જીવને ગમતું નથી–સારૂંનથી;મને કરાર નથી.
Ailment, *n.* દુઃખ; દરદ; રોગ.
Aim, *v. t.* નિશાન ધારવી; નેમ તાકવો; તાકવું. 2 *v. i.* નેમતાકવો. 3 ધ્યાન લગાડવું;ધારવું.4*n.* નિશાન; નેમ; ચોટ. 5 ઇરાદો; ધારણા; હેતુ.
Air, *n.* હવા; વાયુ; વાત; પવન. (Atmospheric air,) વાતાવરણ. 2 રાગ. 3 ચેહેરો; સ્વરૂપ; ડોળ. 4 જાહેર પડવું–ફાટવું તે, જેમકે the story has taken air. 5 (*plu*) અફડ; પત્રાજી. 6 *v. t.* ખુલ્લા પવન, હવા આવે જાય તેમ કરવું; હવા આવવા–દાખલ થવા દેવી. 7 સુકવવા મુકવું–નાખવું. [દુક.
Airgun, *n.* હવા ભરીને ફોડવાની બં-
Airing, *n.* હવા ખાવા ફરવા નિકળવું તે; સેલ. 2 સુકવવા માટે હવામાં અથવા દેવતા આગળ મુકવું તે.
Airily, *ad.* મઝા ભરેલું.
Airpump, *n.* હવા ખાલી કરવાનું–કાહાડી નાખવાનું યંત્ર;વાતાકર્ષક યંત્ર; વાત શોષક યંત્ર.
Airtight, *a.* હવાથી પણ આવજાવ કરી શકાય નહીં એવું; વાતાગમ્ય.
Airy, *a.* વાયુમય–રૂપી; જેમાં હવા હોય એવું. 2 હવા– પવનવાળું. 3હલકું; નકામું. 4 રંગીલું; મોજી; ખુશ.

Aisle, *n.* દેવળ–મંડપની બાજુઓ–
Ait, *n.* ન્હાનો ટાપુ–બેટ. [પડખાં.
Ajar, *ad.* થોડુંક–અડધું ઉઘાડું.
Akimbo, *a.* વાંકું; કમાનદાર; કેડ-કંમરે હાત દીધાથી થતા આકાર જેવું.
Akin, *a.* સંબંધી; સગું; આપ્ત. 2 સરખું; સમધર્મક; સગુન.
Alabaster, *n.* ધોળા સંગેમરમર પથરની એક જાત.
Alack, *interj.* હાય; અફસોસ; તોબા.
Alacrity, *n.* હર્ષ; હોંસ; ઉત્સાહ; ઉલટ.
Alamode, *ad.* રીત–રેવાજ પ્રમાણે.
Alarm, *v. t.* ભયની ખબર આપવી. 2 હથિયાર સજવા–ભીડવાને કેહેવું. 3 ભયભીત કરવું; બિહીવડાવવું. 4 *n.* બિહીકની ચેતવણી; ભયની બુમ. 5 ધાસ્તી; બી; હેબત; ધાસકો. 6 હથિયારબંધ થવાનો હુકમ. 7 સુતેલાં માણસોને જગાડનારૂં અથવા તેમનુ ધ્યાન ખેંચનારૂં યંત્ર.
Alarm-bell, *n.* ભયની સુચના કરનારો ઘંટ; ભય જ્ઞાપક ઘંટ.
Alarmist, *n.* ભયની બુમ ઉરાડનાર.
Alarmpost, *n.* ભયની વખતે લશ્કરને એકઠાં થવાની જગ્યા.
Alas, *interj.* હાય હાય; અફસોસ.
Alb, *n.* રોમન ક્યાથોલિકના પાદરીને પેહેરવાનો ઉજરો જામો–ઝભો.
Albeit, *ad.* જોપણ; જોકે; અદ્યાપિ.
Albino, *n.* અતિશય ધોળી આમડી અને સફેદ બાલવાલું અને કોલી આંખનું આદમી.
Albion, *n.* ઇંગ્લંડ દેશનું અસલ નામ.
Albugo, *n.* આંખમાં પડેછ તે ફુલું.
Album, *n.* વિખ્યાત માણસોના દસ્તખત લખાવી રાખવા સારૂ અથવા દોસ્ત આસનાઓની યાદગીરીની નોધને સારૂ રાખેલી કોરા કાગળની ચોપડી. 2 જાહેર મકાનોનાં ચિત્ર અથવા સ્નેહી ને ઓળખાણ પાળખાણવાળાંઓની સખીઓ રાખવાની ચોપડી. [ચિકણો પદાર્થ.
Albumen, *n.* ઈંડાંની સફેતીના જેવો
Alchemist, *n.* કિમિયાગર.
Alchemy, *n.* કિમિયો–યું; રસાયન.
Alcohol, *n.* દારૂનો અર્ક; મદ્યસાર.
Alcove, *n.* દિવાનખાનામાંની એકાંત બેઠક. 2 કિતાબખાનામાંની એકાંત જગા. 3 વાડી–કુંજમાં એકાંત
Alderman, *n.* કોટવાલ. [માંડવો.
Ale, *n.* એકજાતનો "બીર" દારૂ.
Aleak, *ad.* ગળતું.
Alehouse, *n.* પીઠું; કલાલની દુકાન.
Alembic, *n.* ગાળવાનું વાસણ.
Alert, *a.* હોશિયાર; સાવધ; જાગૃત.
Algebra, *n.* બીજગણિત.
Algebraic, } *a.* બીજગણિતનું–
Algebraical, } સંબંધી–ને લગતું.
Algebraist, *n.* બીજગણિતમાં પ્રવીણ.
Aliaceous, *a.* લસણનોગુણ ધરાવતું.

Alias, *ad.* ઉર્ફે; લકબે; બીજે નામે.
Alibi, *n.* બીજે ઠેકાણે હોવું તે.
Alien, *n.* પરદેશી—પારકાદેશનું માણસ. 2 *a.* પારકું; પરાયું; બહાર ગામનું.
Alienable, *a.* બીજાને હવાલે કરવા—વેચાતું આપવા જોગ.
Alienate, *v. t.* બીજાને હવાલે કરવું—સોંપવું. 2 મન ઉતારવું; સ્નેહ તોડવો.
Alienation, *n.* બીજાને સોંપવું તે. 2 જુદાઇ; મન ઉતારો.
Alight, *v. i.* ઉતરવું (ગાડી ઘોડા વગેરે ઉપરથી) 2 ઉતરીને બેસવું—પડવું.
Alike, *a.* or *ad.* સમાન; એકસરખું; એકરાસ; તુલ્ય; બરાબર.
Aliment, *n.* ખોરાક; આહાર; અન્ન.
Alimentary, *a.* ખોરાક—અન્ન સંબંધી. 2 પુષ્ટિકારક; પૌષ્ટિક; પુષ્ટિ આપે એવું.
Alimony, *n.* ધાન લુગડાં; છાંડેલી બૈરીને આપેલી ખોરાકી પોશાકી.
Aliped, *n.* જે જાનવરનાં પગનાં આંગળાં ચામડીથી જોડાયલાં હોય જે તેને પાંખને ઠેકાણે કામ લાગે તેવું જાનવર. (વાગુલની જાત.)
Aliquot, *a.* નિઃશેષ ભાજક, જેમકે ૩ એ ૧૨ નો નિઃશેષ ભાજક છે.
Alive, *a.* જીવતું; સજીવ. 2 ચપળ; ચાલાક. 3 ચાલુ; ચાલતું; જારી.
Alkalescent, *a.* ખારનો ગુણ ધરાવતું.
Alkali, *n.* ખાર; ક્ષાર.
Alkaline, *a.* ખારના ગુણવાળું.
All, *a.* or *n.* સર્વ; સઘળું; કુલ; તમામ; બધું. 2 *ad.* તદન; મુળગું; છેક.
All-foolsday, *n.* એપ્રીલ મહીનાની પેહેલી તારીખનો દિવસ; બેવકુફોનો અથવા બેવકુફ બનાવવાનો દીવસ. (એ દાહાડે યુરપખંડના લોકો એક બીજાને બેવકુફ બનાવેછે તે ઉપરથી એ શબ્દ ઉત્પન્ન થયોછે.)
Allay, *v. t.* શાંત—ધીમું કરવું; ઠંડું પાડવું. 2 મટાડવું; નરમ પાડવું.
Allegation, *n.* ખાતરીથી—ખચીતપણે કહેવું તે. 2 તકરાર.
Allege, *v. t.* ખાતરીથી—ખચીતપણે કહેવું. 2 તકરાર દાખલ કહેવું.
Allegiance, *n.* પ્રજાધર્મ; વફાદારી; રાજનિષ્ઠા.
Allegorical, *n.* દૃષ્ટાંતરૂપી. [વનાર.
Allegorist, *n.* દૃષ્ટાંત આપીને સમજા-
Allegory, *n.* જે વાત કહેવાની હોય તેને માટે તેના સરખીજ કોઇ બીજી વાત કાહડીને અસલ વાત સમજાવવી તે; દાખલો; દૃષ્ટાંતરૂપ કથા.
Alleviate, *v. t.* હલકું—ઓછું કરવું; નરમ પાડવું; મિટાડવું; સમાવવું.
Alleviation, *n.* ઓછું કરવું—નરમ પાડવું તે; શાંતિ; શમન.
Alley, *n.* બાગ માહેલો રસ્તો. 2 ગલી.
Alliance, *n.* સગાઇ; વિવાહ સંબંધ. 2 મેલાપ; દોસ્તી; મિત્રાચારી; સંપ.
Alligation, *n.* મિશ્રગણિત.

Alligator, *n.* મગર; સોસવાટ.
Alliteration, *n.* તેના તેજ અક્ષરનું ફરી ફરી આવ્યા કરવું તે;અનુપ્રાસ.
Allocate, *v. t.* વેહચી આપવું.
Allodial, *a.* આજાદ;ચાકરીના બદલામાં કે ભાડે નહીં પણ બક્ષિસ દાખલ આપેલું.
Allot, *v.t.* ચિઠી નાખીને વેહેંચી આપવું. 2 ભાગ પાડીને વેહેંચી આપવું.
Allotment, *n.* વેહેંચી આપવું તે;વેહેંચણ. 2 વાંટો; ભાગ; હિસ્સો.
Allow, *v. t.* આપવું; દેવું.2 માન્ય કરવું; કબુલ રાખવું. 3 રજા–પરવાનગી આપવી. 4 છુટ મુકવી; મજરે આપવું; બાદ કરવું. 5 પસંદ કરવું–રાખવું. [યોગ્ય.
Allowable, *a.* આપવા જોગ; ઉચિત;
Allowance, *n.* લવાજમ; પગાર. 2 રજા; પરવાનગી. 3 છુટ; ઘટાડો; માફી. 4 અંગીકાર; કબુલાત.
Alloy, *n.* ભેળ; મિશ્ર; હીણધાતુ. 2 *v. t.* ધાતુને હીણ કરવી–ભેળ કરીને બગાડવી.
Allspice, *n.* કપુરચીની;ચીનીકબાલા.
Allude, *v. i.* ઈસારો કરવો; કશા વિશે અસેમસે બોલવું.
Allure, *v. t.* લોભાવવું; લલચાવવું.
Allurement, *n.* મોહ; લાલચ; લોભ.
Allusion, *n.* ઇશારો;સુચના; [નનું;
Alluvial, *a.* ચગાનું;નવી બનેલી જમી-
Alluvion, } *n.* ચગું; નદીના પ્રવાહથી
Alluvium, } ઘસડાઈ આવેલી રેતી, કાદવ ઇત્યાદિથી બનેલી નવી જમીન.
Ally, *v. t.* સગાઈ કરવી; વિવાહ સંબંધ કરવો. 2 સંપીલા થવું; દોસ્તી કરવી. 3 *n.* (*plu.*) તેહનામાથી થયલો મિત્ર;મદદગાર;સમા ઉપર સાહ્ય કરનાર;કુમકે આવનાર;એક સંપીઓ.
Almamater, *n.* પોતે જે મદ્રેસામાં કેળવણી લીધી હોય તે મદ્રેસા.
Almanac, *n.* પંચાંગ; ટીપણું.
Almighty, *a.* સર્વ શક્તિમાન. 2 *n.*
Almond, *n.* બદામ. [ઈશ્વર.
Almoner, *n.* દાનાધિકારી.
Almonry, *n.* સદાવરત.
Almost, *ad.* ઘણું કરીને; અકસર.
Alms, *n plu.* ભિખ;ભિક્ષા;ખેરાત.
Alms-house, ખેરાતી મકાન;ધર્મશાળા.
Aloe, *n.* કુંઆર; કુંવાર. [અગર.
Aloes, *n* (*plu.*) એળિયો.–(wood),
Aloft, *ad.* ઉપર; ઊંચે; હવામાં. 2 (*Naut.*) ડોલ ઉપર.
Alone, *a.* or *ad.* એકલું; એલાહેદું; છડું. 2 માત્ર; ફકત.
Along, *ad.* ઉભું; સીધુંનેસીધું. 2 સાથે.
Aloof, *ad.* દૂર; આઘે; વેગળે. 2 અલગ; અળગું; છુટું; મોકળું.
Alopecy, *n.* ઊંદરી;બાલ ખેરવી નાખે એવું દરદ. [લિદ આવાજે.
Aloud, *ad.* મ્હોટે સાદે; પોકારીને;બુ-

Alpaca, *n.* ઘેટાંની એક જાત. 2એક જાતનાંઘેટાંનાઉનનું બનાવેલું લુગડું.

Alphabet, *n.* મૂળાક્ષર; અક્ષરમાળા. 2 *v. t.* મૂળાક્ષરના અનુક્રમે ગોઠવવું.

Alphabetarean,*n.* મૂળાક્ષર શિખનાર.

Alphabetical, *a.* મૂળાક્ષરના અનુક્રમે–વર્ણક્રમે ગોઠવેલું.

Already, *ad.* પેહેલાંથી; કયારનું; ચુકયો, જેમકે I have told you already, હું તમને કહી ચુકયોછું.

Also, *ad.* બી; પણ; વળી.

Altar, *n.* કુરબાન ગાહ;ભોગ આપવાની ઊંચી જગા;યજ્ઞવેદી. 2 દેવળ; ભક્તિ કરવાની જગા.

Alter, *v. t.* ફેરવવું; બદલવું. 2 *v. i.* ફરવું; બદલાવું. [એવું.

Alterable, *a.* બદલાય–ફેરફાર થાય

Alteration, *n.* ફેરફાર; ફેર; બદલી.

Alterative, *a.* હળુ હળુ ફેરપાડે એવું.

Altercate, *v. t.* હોંસાતોંસી કરવી.

Altercation,*n.* રદબદલી; બાંજગડ. હોંસાતોંસી; તકરાર; બોલાચાલી.

Alternate, *a.* એક પછી એક; વારાફરતું. 2 *v. i.* વારાફરતી થવું.3 *v. t.* અવાર નવાર–વારા ફરતી કરવું.

Alternately, *ad.* અવાર નવાર.

Alternation,*n.* અદલા બદલી;ફેરફાર.

Alternative, *n.* બેમાંથી ગમે તે રાખવાની મરજી; વિકલ્પ; ઇલાજ.

Although, *conj.* જોકે; અગરજો;જોપણ; અથાપિ.

Altimeter,*n.* ઊંચાઇ માપવાનું હથિયાર

Altimetry,*n.* ઊંચાઇમાપવાની વિદ્યા.

Altitude, *n.* ઊંચાઇ; બુલંદી. 2ક્ષિતિજથી ગ્રહની જે ઊંચાઇ તે.

Altogether, *ad.* સઘળું મળીને; જુમલે. 2 મુતલગ; તમામ; બિલકુલ;

Alum, *n.* ફટકી; ફટકડી; [છિકજ.

Aluminous, *a.* ફટકીવાળું; ફટકડીનું.

Alumnus,*n.* વિદ્યાર્થી.(*plu.*)Alumni.

Alveary, *n.* મધપુડો અથવા મધપુડાના જેવી કોઇ વસ્તુ.

Alvine, *a.* પેટ–પેહેડુ–ઉદર સંબંધી.

Always,*ad.* હમેશાં;સદા;સર્વદા;નિત્ય; [નિરંતર.

Am, *v. i.* છું; છઊં.

Amability, *n.* See Amiability.

Amain, *ad.* એકદમ ઘણા જોરથી; ઘણા જોર અને ધસારા સમેત.

Amalgam, *n.* પારા સાથે કોઇ બીજી ધાતુનો મેળ. 2 મેળ; મિશ્રણ.

Amalgamate, *v. t.* પારા સાથે કોઇ બીજી ધાતુને મેળવવી. 2 મેળવી–મેળવી નાખવું. 3 *v. i.* મિશ્ર–એકઠું–ભેગું થવું; જોડાવું.

Amalgamation, *n.* પારા સાથે કોઇ બીજી ધાતુને મેળવવી તે. 2 મેળવણી; મિશ્રણ. [રો કરનાર.

Amanuensis, *n.* લેખક; નકલ–ઉતા

Amaranth, *n.* ગુલકેરા–મખમલ.

Amaranthine,*a.* કરમાઇન જાએએવું

Amass, *v. t.* એકઠુંકરવું;ઢગલોકરવો.

Amateur, *n.* ધંધાને ખાતર નહીં પણ ફક્ત શોખનેજસારૂ અભ્યાસ કરનાર.
Amatory, *a.* પ્યાર-ઇશ્ક-શૃંગારસંબંધી.
Amaurosis, *n.* તમ્મર; નબલાઇથી આંખનું ઝાંખું પડી જવું તે.
Amaze, *v. t.* આશ્ચર્ય પમાડવું; છક કરી નાખવું. [એવું.
Amazing, *a.* આશ્ચર્યકારક; દંગ કરે
Amazement, *n.* આશ્ચર્ય; અચરતી.
Amazon, *n.* લડાએક-શૂર-બાહાદુર સ્ત્રી. 2 એ નામની મ્હોટી નદી.
Ambassador, *n.* એલચી; રાજદુત.
Amber, *n.* કેરબો; તૃણમણિ.
Ambergris, *n.* અંબર.
Ambidexter, *n.* બંને હાથે સરખીરીતે કામ કરી શકે એવું માણસ. 2 કજિયામાં જે બંધે બાજુ રાખે તે; બે મોહડે બોલનાર; મક્કરબાજ.
Ambient, *a.* આસપાસનું; ઘેરાયલું.
Ambiguity, *n.* શક ભરેલો અર્થ;પેચ.
Ambiguous, *a.* મબંમ;શક ભરેલું;બે મતલબ ધરાવતું; બે અર્થ વાળું.
Ambit, *n.* ઘેરાવો; ઘેર.
Ambition, *n.* મ્હોટાઇ મેળવવાની ઇચ્છા;કીર્તિ-રાજ્ય લોભ;મહત્વેચ્છા.
Ambitious, *a.* માન મેળવવાની ઇચ્છા રાખનાર; કીર્તિ-રાજ્ય લોભી.
Amble, *n.* રવાલ-સાત્રક ચાલ. 2 *v. i.* રવાલ ચાલ ચાલવી.
Ambrosia, *n.* અમૃત; દેવાન્ન.
Ambrosial, *a.* અમૃત સરખું; અમૃતના સ્વાદનું; ખુશ્બોદાર; મધુર.
Ambulance, *n.* લડાઇમાં ઘાયલ થયલા તથા બીમાર પડેલા લડવૈયાઓને તુરત દવાદારૂ મળી શકે એવી મતલબે લશ્કરની સાથે કુચ કરતું રાખેલું દવાખાનું. 2 લડાઇમાં ઘાયળ થયલાઓને લઇજવાની ગાડી.
Ambuscade, } *n.* શત્રુ ઉપર એકાએક
Ambush, } હોમલો કરવા સારૂ લશ્કરને ભરાઇ બેસવાની-કાબુની જગા. 2 એકાએક હોમલો કરવા સારૂ ભરાઇ બેઠેલું લશ્કર; ગુપ્ત દળ.
Ambush, *v. t.* એકાએક હોમલો કરવા ભરાઇ-સંતાઇ બેસવું. 2 *v. i.* ઓથામાં ભરાઇ રહેવું.
Ameliorate, *v. t.* સુધારવું; સારૂં-બેહેતર કરવું; ચઢતી દશામાં લાવવું.
Amelioration, *n.* સુધારો;ચઢતી દશા.
Amen, *ad.* આમીન; અસ્તુ.
Amenable, *a.* જવાબ-જોખમદાર.
Amend, *v. t.* સુધારવું; દુરૂસ્ત કરવું. 2 *v. i.* સુધરવું; રસ્તાપર આવવું.
Amendable, *a.* સુધારવા જોગ.
Amendment, *n.* શુદ્ધ કરવું-સુધારવું તે; સારૂં-દુરૂસ્ત કરવાની મતલબથી કીધેલો ફેરફાર. 2 થયલી દરખાસ્તમાં સુધારો, વધારો અથવા ઘટાડો કરીને મુકેલી દરખાસ્ત; સુધારેલી-ફેરફાર-વધઘટ કરીને મુકેલી દરખાસ્ત.

Amends, *n. plu.* બદલો; અવેજ.
Amenity, *n.* મનોરંજકપણું; રમણીયતા
Amerce, *v. t.* દંડ કરવો; દંડવું.
Amethyst, *n.* યાકુત.
Amiability, *n.* મળતાવડાપણું; ભલાઇ; પ્રીતિ ઉપજાવે એવા ગુણ.
Amiable, *a.* મળતાવડું; પ્યાર–મમતા ઉપજાવે એવું; ભલું; પ્રીતિપાત્ર–જોગ.
Amiableness, *n.* મિલનસારી.
Amicable, *a.* મિત્રાચારીનું; પ્યાર–સલાહ ભરેલું. [ભાવ.
Amicableness, *n.* મિત્રાચારી; સ્નેહ
Amicably, *ad.* ધરમેળે; સમજુતીથી.
Amid, } *prep.* મધ્ય; વચમાં; અંદર;
Amidst, } દરમિયાન; માં; માંહે.
Amiss, *a.* આડું; ખોટું. 2 *ad.* નાલાયક–ગેરવાજબી રીતે. [ભાવ.
Amity, *n.* મિત્રાચારી; દોસ્તી; સ્નેહ
Ammoniac, *n.* નવસાગર.
Ammunition, *n.* દારૂગોળો; લડાઇનો સરંજામ; યુદ્ધ સાહિત્ય.
Amnesty, *n.* લડાઇની વખતે થયલા સઘળા ગુનાહોની સામાન્ય માફી અથવા એવી બખશીલી માફીનું જાહેરનામું
Among, } *prep.* વચ્ચે; મધ્યે; અંદર; માં. [કામી.
Amongst, }
Amorous, *a.* ઇશ્કબાજ; સ્ત્રી લંપટ;
Amount, *v. i.* એકંદર–જુમલે–સામટું થવું. 2 સાર–સારાંશ હોવો. 3 *n.* જુમલો. 4 સાર. 5 રકમ.
Amour, *n.* પરસ્ત્રી સંગ; ઇશ્કબાજી.
Amphibious, *a.* પાણી અને જમીન બંનેમાં રહી શકે એવું; જળસ્થળચારી.
Amphitheatre, *n.* ચઢ ઉતર ગોઠવેલી ગોળાકાર બેઠક વાળું મકાન; ગોળાકાર નાટકશાળા.
Amplification, *n.* વિસ્તાર; લંબાણ.
Ample, *a.* લાંબું પોહોળું; વિશાળ; વિસ્તીર્ણ. 2 પુષ્કળ; જોઇએ તેટલું બધું.
Amplify, *v. t.* or *v. i.* વધારવું; વિસ્તારવું; લંબાવવું. 2 વધારી–લંબાવી–વિસ્તારીને કહેવું–બોલવું.
Amplitude, *n.* વિશાળપણું; લંબાઇ; વિસ્તાર. 2 બિસિયારી; પુષ્કળતા. 3 ધારણ–મનશક્તિ. 4 (*Astron.*) પૂર્વથકી અથવા પશ્ચિમથકી આકાશ કક્ષા ઉપર માપેલો જે ખુણો તે.
Amply, *ad.* અતિશય; પુરતી રીતે. 2 ઉદારપણે; પોતાળ થઇને.
Amputate, *v. t.* અંગ કાપવું–છેદવું. 2 (ઝાડને) છાંટવું.
Amputation, *n.* શરીરનો કોઇપણ અવયવ કાપવો તે; અંગ છેદન.
Amulet, *n.* તાવિજ; મંત્રેલું માદળિયું; તાવનો દોરો.
Amuse, *v. t.* મનરંજન કરવું; રમાડવું; ગમતમાં નાખવું–રોકવું.
Amusement, *n.* ગમત; મઝા; ખેલ; તમાશો; રમત; મનરંજન.
Amusing, *a.* રમુજી; મનોરંજક.

Amusive, *a.* ગમત-આનંદ પમાડે એવું; ગમતી.
An, *art.* એક; કોઈ; એકાદ. [ચૂક.
Anachronism,*n.*વખતની ગણત્રીમાં
Anagram, *n.* કોઈ એક શબ્દના અક્ષરો ઉલટાવી નાખ્યાથી જે કોઈ બીજા અર્થવાળો શબ્દ સિદ્ધ થાય તે.
Analectic, *a.* નિવડીને સંગ્રહ કીધેલું.
Analeptic,*a.* પુષ્ટિકારક;કાંતી આપે એવું
Analogous, *a.* મળતું; સરખું.
Analogy, *n.* સરખાપણું; મુકાબલો; સાદૃશ્ય; ઉપમા; મળતાપણું.
Analysis, *n.* મૂળતત્વ જૂદાં પાડવાં તે; મૂળતત્વ વિવેચન-પૃથક્કરણ.
Analyst, *n.* મૂળતત્વ વિવેચન વેત્તા.
Analytical,*a* મૂળતત્વવિવેચનસંબંધી
Analyze, *v. t.* મૂળતત્વ જૂદાં પાડવાં; મૂળતત્વ વિવેચન-પૃથક્કરણ કરવું.
Anangular, *a.* ખૂણા વગરનું.
Anarchism, *n.* રાજ્યાવ્યવસ્થા.
Anarchist, *n.* બંડખોર-મચાવનાર.
Anarchy, *n.* અંધેર રાજ.2 અંધાધુંધી.
Anathema, *n.* શાપ દઈને મંડળીમાંથી કહાડી મુકવું-નાતબહાર કરવું તે; શાપ; બદદુવા.
Anathematize, *v. t.* શાપ દઈને મંડળીમાંથી કાહડી મૂકવું-નાતબહાર કરવું. [સંબંધી.
Anatomical, *a.*શારીર છેદન વિદ્યા
Anatomist, *n.* શારીર વૈદ્ય.
Anatomize, *v. t.* બદનને ચીરીને શરીરના ભાગો ખુલ્લા કરવા.
Anatomy, *n.* મુડદાં ચીરવાનો હુન્નર. 2 શરીરશાસ્ત્ર; શારીર. 3 વિવેચન.
Ancestor, *n.* બાપદાદા; વડાવા;પૂર્વજ.
Ancestral, *a.* બાપદાદાનું; વંશપરંપરાગત.
Ancestry,*n.* કુળ વંશ; પેઢી. [રાગત.
Anchor, *n.* લંગર; નાગર. 2 *v. t.* or *v. i.* લંગરવાર કરવું-થવું; નાગરવું;બંદર કરવું. 3 મજબુત બેસાડવું.
Anchorage, *n.* ખુટો. 2 ઓરવો; લંગરવાડો; લંગર કરવાની જગ્યા. 3 લંગર સાથનો સઘળો સામન.
Anchoret, *n.* વનવાસી; બાવો; યોગી.
Ancient, *a.* પ્રાચીન; પુરાનું; અસલી; અસલનું; જુનું; પુરાતન; કદીમ.
And, *conj.* અને; તથા; ને.
Andante, *n.* ગાયનમાં સરખી તાલ.
Androgynal, } *a.* નરમાદાનું લીંગ
Androgynous,} ધરાવતું; ઉભયલીંગ.
Anecdote, *n.* કથા;વાર્તા; વાત; કહાણી.
Anecdotist, *n.* કથા કહેનાર; કથક; વાર્તા કરનાર.
Anent, *prep.* વિષે; સંબંધી; લગતું.
Anew, *ad.* ફરીથી; પાછું; નવેસરથી.
Angel *n.* દેવદુત; ફરેસ્તો. 2 ભૂત; શેતાન.-(of death) યમદુત.
Angelic, } *a.* દેવદુત-ફરેસ્તા સંબંધી-જેવું-સરખું.
Angelical,}
Anger, *n.* ગુસ્સો; રીસ; કોપ; ક્રોધ.

Angle, *n.* ખુણો; ખુણું; કોણ. 2 માછલી પકડવાનો ગલ. 3 *v. i.* ગલે કરીને માછલી પકડવી.
Angler, *n.* ગલે કરીને માછલીપકડનાર.
Anglicism, *n.* બોલવાની ઈંગ્રેજી રીત–ઢપ–ચાલ.
Angling, *n.* ગલ નાખીને માછલી પકડવાની કળા.
Angrily, *ad.* ગુસ્સાથી; રીસચઢાવીને.
Angry, *a.* ખફા; ક્રોધાયમાન; ગુસ્સે થએલું; રીસે ભરાયલું. 2 સુજેલું.
Anguish, *n.* પીડા; સંતાપ; વેદના.
Angular, *a.* ખુણાદાર; સકોણ.
Angularity, *n.* સકોણતા; જેમાં ખુણું હોય તે.
Anhelation, *n. the act*, દમ મારવો; હાંફવું.
Anhydrous, *a.* પાણી વગરનું; સુકું.
Anights, *ad.* રાત્રે; રાતના.
Animadversion, *n.* ઠપકા ભરેલી મુજાહેમત; ટીકા; દોષારોપક ભાષણ.
Animadvert, *v. i.* મનદેવું; નજર રાખવી. 2 ગુણદોષ બતાવી ઠપકો દેવો.
Animal, *n.* પ્રાણી; જીવ; જંતુ; જાનવર. 2 *a.* પ્રાણી–જાનવર સંબંધી. 3 માંસનું, જેમકે માંસનો ખોરાક.
Animalcule, *n.* અલ્પજંતુ; અતીશય ઝીણું જનાવર; છેક ન્હાના જીવજંતુ.
Animate, *a.* સજીવ; જીવદાર; સચેતન. 2 *v. t.* જીવન શક્તિ આપવી; સજીવ–સપ્રાણ–સચેતન કરવું. 3 ઉસકેરવું; હિમ્મત આપવી; ઉત્તેજન આપવું. 4 સૂરમાં ઊંચું કરવું.
Animation, *n.* સજીવન કરવું તે. 2 પ્રાણ; જીવ; તેજ. 3 ઉત્તેજન.
Animative, *a.* સજીવ કરી શકે એવું.
Animosity, *n.* અદાવત; દુશ્મની; વિરભાવ.
Animus, *n.* આંટસ; આંટી.
Anise-seed, *n.* સુવા.
Ankle, *n.* પગની ઘુંટી.
Anklet, *n.* ઝાંઝર; લંગર; ટોડા; કલ્લાં.
Annals, *n. plu.* સાલવાર બખર; વાર્ષિક–પ્રતિવાર્ષિક ઇતિહાસ–વૃત્તાંત.
Anneal, *v. t.* (કાચને) છેક–ઘણું તપાવીને પછે તેને હલુ હલુ ઠંડું પડવા દેવું; (ધાતુને) તપાવીને ટીપાય એવું કરવું. 2 પાકો રંગ કરવા સારૂ કાચ વગેરે જણસ તપાવવી; પકવવું.
Annex, *v. t.* જોડવું; વધારવું; મેળવી નાખવું.
Annexation, *n.* મેળવી–જોડી નાખવું તે; સંયોગ.
Annihilable, *a.* નાશવંત; ફના થઈ શકે એવું.
Annihilate, *v. t.* નાશ કરવો; ફના કરવું.
Annihilation, *n.* નહીં સરખું–નાબુદ કરવું તે; નાબુદી; વિનાશ; ક્ષય; લય.
Anniversary, *n.* વરસનો દાહાડો; વાર્ષિક દિવસ. (of a birth) જન્મ–વર્ષગાંઠ; સાલગિરી. (of a death) વર્ષી. 2 *a.* વાર્ષિક; વરસ દાહાડાનું.
Anno-domini, or **A.D.** ઇસવીસન–ક્રાઇસ્ટની પછીનું (અગાઉનું નહીં.)
Anno-mondi, *n.* પૃથ્વિની ઉત્પત્તીનું વરસ.

Annotate, *v. t.* ટીકા-શરેહ કરવી.
Annotation, *n.* ટીકા; ભાષ્ય; શરેહ.
Annotator, *n.* ટીકાકાર; શરેહકરનાર.
Announce, *v. t.* } જાહેર કરવું; ખ
Announcement, *n.* } બર આપવી.
Annoy, *v. t.* ઇજા-દુખ-તસ્દી આ-પવી; સતાવવું; કંટાળો આપવો; ખિ-જવવું; હેરાન કરવું; સંતાપવું. *To be annoyed*, ખોટું-માઠું-દુખ લાગવું.
Annoyance, *n.* ઇજા; તસ્દી; તકલીફ; કંટાળો; ત્રાસ; ઉપદ્રવ; હેરાનગતી.
Annual, *a.* દર વરસનું; વાર્ષિક.
Annually, *ad.* સાલ બસાલ; દરવરસે; વરસે વરસ. [સાલિયું લેનાર.
Annuitant, *n.* વરસાણ-વર્ષાસનવાળો;
Annuity, *n.* વર્ષાસન; વરસાણ; સાલિયું.
Annul, *v. t.* રદ-બાતેલ કરવું.
Annular, } *a.* કંકણાકાર; વળાં અ-
Annulary, } થવા વીંટીના આકારનું.
Annumeration, *n.* ઉમેરો; મેલવણી.
Annunciation, *n. the act*, જાહેર ક-રવું-ખબર આપવી તે.
Anodyne, *n.* દુખ ઓછું કરનારૂં-નરમ પાડનારૂં ઓસડ. 2 *a.* દુખ નરમ પાડતું-કમી કરતું.
Anoint, *v. t.* ચોપડવું; ચિકણી ચીજ લગાડવી. 2 તેલ ચોપડીને પવિત્ર કરવું. 3 અભિષેક કરવો.
Anomalous, *a.* } ગેર રીતનું; બે-
Anomalously, *ad.* } કાયદે; ગેર રી-રસતે; વિલક્ષણ.
Anomaly, *n.* નિયમ વિરૂદ્ધતા; વિલ-ક્ષણ રીતિ.
Anon, *ad.* જલદી; ઝટપટ; ઉતાવળેથી. *Ever and anon*, વારેવારે-ઘડીએ.
Anonymous, *a.* નનામું; વગર નામનું.
Anonymously, *ad.* વગરનામે; નનામે.
Another, *a.* બીજું; અન્ય; જુદું.
Answer, *v. t. & v. i.* જવાબ-ઉત્તર દેવો-વાળવો. 2 કામમાં આવવું; મતલબ-ગરજ સારવી. 3 બદલો વાળવો; બદલામાં કરવું. 4 લાયક-માફક હોવું; અનુકૂળ પડવું. 5 સ-નમુખ-સામાસામી હોવું-આવવું. 6 પ્રાયશ્ચિત કરવું. 7 હિસાબ આ-પવો; જવાબ દેવો. 8 *n.* જવાબ; ઉ-ત્તર; પ્રત્યુત્તર. 9 હીસાબ.
Answerable, *a.* જવાબ અપાય એવું. 2 જવાબ-જોખમદાર. 3 મલતું આ-વતું; માફક આવે એવું.
Ant, *n.* કીડી. *White ant*, ઉધાઇ.
Antagonist, *n.* હરીફ; પ્રતિપક્ષી. 2 *a.* વિરૂદ્ધ; ઉલટું; સામે થતું.
Antfactic, *a.* દક્ષિણ ધ્રુવનું-સંબંધી.
Ante, અગાઉ; પેહેલાં.
Ant-eater, *n.* કીડીખાનાર જનાવર.
Antecedent, *n.* આગલી વાત-બા-બત. 2 સંબંધ ધરાવતો આગલ ગ-યલો શબ્દ. 3 *a.* આગલું; અગાઉનું.
Antecessor, *n.* આગલ જનાર; મુખ્ય.
Antechamber, *n.* દેવાનખાનાની બાહારનો ઓરડો.

Antecusor, *n.* આગલ દોડનાર; અગ્રગામી.
Antedate, *n.* આગલી તારીખ; પૂર્વમિતિ. 2*v.t.*ગએલી તારીખ ભરવી.
Antediluvian, *a.* પ્રલય-મ્હોટીરેલની અગાઉનું; નોહાના વખતનું.
Antelope, *n.* હરણ; મૃગ. [ગાઉનું.
Antemeridian,*a.*મધ્યાન-બપોર અ-
Antepenult, *n.* શબ્દના છેડાથી ગણતાં ત્રીજુ પદ. [કરનાર.
Antepileptic, *a.* ફેફરાંનો મરજ દુર
Anteport, *n.* આગલો દરવાજો; બાહેરનો દરવાજો.
Anterior, *a.* પૂર્વનું;અગાઉનું; પેહેલાનું.
Anthem, *n.* સ્તોત્ર;ભજન;દેવસ્તુતિ.
Antherdust, *n.* ફુલના નરમ ભાગમાંથી નીકલતો ભુકો.
Anthology, *n.* ફૂલોનો સંગ્રહ; હાર; માળા. 2 કાવ્યસંગ્રહ; કવિતાસંગ્રહ.
Anthrax, *n.* પાઠું.
Anthropology, *n.* માણસ જાતના શરીરનું બયાન; માણસની ખુદરતી તવારીખ. [માસ ખાનાર.
Anthropophagi, *n. plu.* મનુષ્યોનું
Anti, *prep.* સામણે;વિરૂદ્ધ; નાશક.
Antibilious, *a.* પિત્તનાશક.
Antic, *a.* વિલક્ષણ; બેઢંગું; બેડોલ. 2*n.* મશ્કેરો; ઠઠ્ઠેબાજ; મજાખખોર.
Antichrist, *n.*ઇશુ ખ્રિસ્તનો-ખ્રિસ્તી ધર્મનો શત્રૂ. [રૂદ્ધ.
Antichristian, *a.*ખ્રીસ્તી ધર્મની વિ-
Anticipate, *v. t.*} અગાઉથી-પેહેલાંથી લઇ લેવું-
Anticipation, *n.*} કરી નાખવું-બોલવું-સાધવું. 2 અગાઉથી વિચારવું-ધારવું-નજર પુગાડવી; અટકલ બાંધવી.
Anticipator, *n.* અગાઉથી લેનાર; અગાઉથી વિચારીને આશા રાખનાર. [ળનાર.
Antidotal, *a.* વિશનાશક; જેહેરવા-
Antidote, *n.* પાવજેહેર; જેહેરનો ઉતાર; જેહેરનું વારણ. [માવાલું.
Antimonial, *a.* સુરમાનું-જેવું; સુર-
Antimony,*n.*સુરમાની ધાતુ.2સુરમો.
Antipathetical, *a.* જે ઉપર જનમથી અભાવ હોય તેવું. [કંટાળો તે.2સુગ
Antipathy, *n.* જનમથી જે અભાવ-
Antiphon, *n.* અભંગ; ભજન.
Antiphrasis, *n.* વિપરીત લક્ષણા;અસલ અથવા ખરા અર્થથી ઉલટીજ મતલબ ધરાવનાર શબ્દનો ઉપયોગ.
Antipodes, *n. plu.* ભૂગોલ ઉપર જે ઠેકાણે આપણે છૈયે તેની સામા નીચેની બાજુપર રેહેનારા લોક.
Antiquarian, *a.* પ્રાચિનકાળને-આગલા-પુરાતન જમાનાને લગતું.
Antiquarian,} *n.* પ્રાચીનકાળની વ-
Antiquary, } સ્તુઓનો શોધ કરનાર અથવા તેમની માહિતગારી ધરાવનાર. [યોગી-રદ કરવું.
Antiquate, *v. t.* નકામું-જુનું-નિરૂપ-

Antique, *a.* પુરાનું; પ્રાચીન કાળનું. 2 જૂની તરેહ-ઢપનું; અસલી.
Antiquity, *n.* પ્રાચીન કાળ; પુરાતન કાળ. 2 પુરાતન કાળના-આગલા જમાનાના લોકો. 3 પ્રાચીન કાળની વસ્તુ-કૃતિ-કૃત્ય.
Antithesis, *n.* અર્થાંતર; અર્થ-શબ્દ-વાક્ય વિરોધ.
Antler, *n.* સાબર-હરણનાં શિંગડાની શાખા.
Antonomasia, *n.* (Rhet.) કોઇ ધણીના નામને ઠેકાણે બીજા શબ્દો વાપરેછે તે લક્ષણ, જેમકે "Arestotle"ને "the Stagyrite" કરીકેહેછે. તેમજ "Queen"ને "Her Majesty."
Anus, *n.* સકરો; ગાંડ; મળદ્વાર; ગુદ.
Anvil, *n.* એરણ. *To be on the avail*, બનતું જવું; તૈયારીપર આવવામાંડવું.
Anxiety, **Anxiousness**, *n.* ચિંતા; ફિકર; કાળજી; ચટપટી.
Anxious, *a.* ચિંતાતુર; ફિકરમંદ. 2 ઈંતેઝાર; આતુર; ઉત્કંઠિત.
Any, *a.* એક. 2 કોઈ; કંઇ.
Anywise, *ad.* હરેક રીતે; ગમે તેમ હોય પણ.
Aorist, *n.* (વ્યાકરણમાં) અનિયમિત કાલ.
Apace, *ad.* પગ ઊચકીને; જલદી; ઉતાબડતોબ; ઝટપટ; ઝડપથી.
Apart, *ad.* જૂદું; દુર; અલાહિદું. 2 એક બાજુએ-તરફ. 3 જુદું જુદું.
Apartment, *n.* કોઠડી; ઓરડો; ઓલી.
Apathetic, *a.* લાગણી-સમજ-કદર વગરનું; બેપરવા; જડ.
Apathy, *n.* અરતિ; બેપરવાઈ; નહીં જે લાગણી-સમજ-કદર તે.
Ape, *n.* વાનર; વાંદરો. 2 *v. t.* વાંદરાની પેઠે ચાળા પાડવા-નકલ કરવી.
Apellous, *a.* ચામડી વગરનું; ત્વચારહિત.
Apepsy, *n.* બદહજમી; અજીર્ણ.
Aper, *n.* વાંદરાની પેઠે નકલ કરનાર.
Aperient, *a.* રેચક; રેચાલ; હલકું પેટ લાવનાર. 2 *n.* રેચ; જુલાબ.
Aperture, *n.* મોક; સુરાખ; નાકું; છિદ્ર.
Apex, *n.* કળસ; શિખર; અણી; ટોંક.
Aphelion, *n.* (Astron.) ગ્રહની કક્ષાનો (રસ્તાનો) બિંદુ જે સુર્યથી ઘણોજ દુરછે. Opposed to perihelion.
Aphilanthropy, *n.* માણસ જાત તરફ અભાવ, પ્યાર નહીં હોય્એ તે.
Aphony, *n.* મુગાપણું.
Aphorism, *n.* સુત્ર; વચન; કહેવત.
Apiary, *n.* મધમાખોને રાખવાની જગા; મધુમક્ષિકાલય.
Apical, *a.* સીખર અથવા ટોચને લગતું; કળસ સંબંધી.
Apiece, *ad.* એક એકને; પ્રત્યેકને.
Apish, *a.* ચિબાવલું; વાંદરના જેવું; વલવલતું; ટચાક; ઈત્તર.
Apocope, *n.* અંત્યાક્ષર લોપ; છેલ્લા અક્ષરનો લોપ.

Apocryphal, *a.* જેના આધાર વિશે નિશ્ચય નહી તેવું;ખોટું; બનાવતનું.
Apogee, *n.* ચંદ્ર અને પૃથ્વીની વચમાં જે સઉથી મોહોટું અંતર થાયછે તે.
Apologetic, Apologetical, } *a.* દોષ નિવારક;માફી-ક્ષમા સંબંધી. માફી માંગવાનું.
Apologist, *n.* માફ માંગનાર.
Apologize, *v. i.* ક્ષમા-માફ માંગવી; ચુક કબુલ કરવી; આજીજી કરવી.
Apologue, *n* શિખામણની વાત; કાહાણી; નીતિવાર્તા. [વાલા.
Apology, *n.* માફ; આજીજી; કાલા
Apophthegm, *n.* વાક્ય; વચન.
Apoplectic, Apoplectical, } *a.* માથે લોહી ચઢી જાય તે રોગ સંબંધી.
Apoplexy, *n.* માથે-મગજે લોહી ચઢી જવાનો રોગ.
Apostasy, *n.* પોતાના ધર્મ-મત-પક્ષનો ત્યાગ; સ્વધર્મ-પક્ષત્યાગ.
Apostate, *n.* પોતાનો ધર્મ-પક્ષ-મત છોડનાર; સ્વધર્મ-પક્ષત્યાગી.
Apostatize, *v.i.* સ્વધર્મ ત્યાગ કરવો.
Apostil, *n.* તાજે કલમ; પુસ્તકનાં હાસીયા ઉપર કીધેલી યાદદાસ્ત.
Apostle, *n.* ખ્રિસ્તીધર્મનોબોધકરવાને મોકલેલા ઈસુખ્રિસ્તનોશાગિર્દ-ચેલો.
Apostrophe, *n.* ઈલ્તફાત;•ભાષણકર્તા અથવા ગ્રંથકાર પોતાના બોલવા અથવા લખવાની બાબદથી એકાએક ફરી જઈ દિલ્યા પુરૂશમાં કોઈ માણસ અથવા ચીજ હાજર અથવા ગેરહાજર હોય તેને કેહેવામંડી જાએછે તે. એક જાતનો ભાષાનો અલંકાર. 2 (Gram.) શષ્ટિ વિભક્તિ (સંબંધ)દેખાડવાને અંગ્રેજી ભાશામાં શબ્દોને છેડે (') આવું એક ચીન્હ મૂકવામાં આવેછે તે.
Apothecary, *n.* ઓસડ તૈયાર કરનાર -કરીને વેચનાર. [કેહેવત.
Apothegm, *n.* બોધવચન; વાક્ય;
Apotheosis, *n.* સારાં ને વખણાયલાં માણસોને મરણ પછી દેવની પદવી આપવી તે.
Apozem, *n.* કાઢો; કાવો; ઉકાળો.
Appall, *v. t.* બિવડાવવું;ભય બેસાડવો;ધાક દેખાડવો;ડરાવવું. [એ તેવું.
Appalling, *a.* કાલજું-છાતી ફાડીના-
Apparatus, *n.* ઓજાર; સરંજામ; સાજ; સાહિત્ય; હથિયાર; સંચો.
Apparel, *n.* પોશાક; લુગડાં; વસ્ત્ર; કપડાં; લિબાસ. 2 *v. t.* વસ્ત્ર-પોશાક -લુગડાં પેહેરાવવાં; શણગારવું.
Apparent, *a.* ઉઘાડું; સાફ; સ્પષ્ટ; જાહેર; ખુલ્લું. 2 દેખાઈતું; માત્ર દેખાવમાં ખરૂં; ઉપરથી સાચું. 3 બેશક; વાંધા વગરનું; મુકરર.
Apparently, *ad.* ઉઘાડી રીતે. 2બાહારથી જોવામાં; બાહારના દેખાવે.
Apparition, *n.* ભૂત; છાયા; દેખાવ.

2 તારા અથવા બીજા ગ્રહનું ગ્રહણ થઈ રહ્યા પછી પાછું જે દેખાવું તે.

Appeal, *n.* નીચલી અદાલતના ફૈસલાથી નારાજી થઇને ઉપલી આદાલતને કરેલી અરજી; અપીલ. 2 *v. t.* અપીલ કરવી. 3 પંચ કરવા; નિવાડાસારૂ તિરાહિત પાસે જવું.

Appear, *v. i.* દેખાવું; નજરે પડવું. 2 દીસવું; ભાસવું; જણાવું; લાગવું. 3 હાજર–રજુ થવું.

Appearance, *n.* દેખાવું–નજરે પડવું તે; દર્શન; હાજરી. 2 દેખાવ; કુદરતી ચમત્કાર. 3 આભાસ; દેખાઇતું સરખાપણું. 4 બાહારનો–ખોટો દેખાવ; ડાળ.

Appeasable, *a.* શાંત કરી શકાએ એવું; નરમ પડે એવું.

Appease, *v. t.* મિટાડવું; શાંત કરવું; નરમ–થંડું પાડવું.

Appellant, *n.* અપીલ કરનાર.

Appellate, *a.* અપીલનું–સંબંધી.

Appellation, *n.* નામ; સંકેતનો શબ્દ.

Appellative, *n.* સાધારણ–સામાન્ય નામ. 2 *a.* સામાન્ય.

Append, *v. t.* લગાડવું; લટકાવવું. 2 પુરવણી કરવી; વધારવું.

Appendage, *n.* જે હંમેશા બીજાસાથે જોડાયલું રેહેછે તે; લટકણ.

Appendant, *a.* સંબંધી; લાગતું વલગતું; જોડેલું; લટકતું.

Appendix, *n.* ગ્રંથની પુરવણી; વધારો.

Appertain, *v. i.* ઇલાખો–સંબંધ–તાલુક રાખવો.

Appetence, } *n.* Lust, કામ; હવસ; Appetency, } શેહેવત. 2 Natural propensity, સ્વભાવ સિદ્ધિ; ખુદરતી ઇચ્છા. 3 ભુખ.

Appetite, *n.* ઇચ્છા; વાસના; મંછા. 2 ભુખ અથવા તરસ; ક્ષુધા તૃષા.

Applaud, *v. t.* સ્તુતિ–આફ્રીન–વખાણ કરવી; શાબાશી આપવી.

Applause, *n.* વખાણ; શાબાશી; આફ્રીન; સ્તુતિ; પ્રશંસા. [કીર્તી.

Apple, *n.* સેબફળ. 2 આંખની પુતલી;

Appliance, *n.* સાજ; સાહિત્ય.

Applicable, *a.* લાગુ પડે–બંદ બેસે તેવું; લાયક; દુરૂસ્ત.

Applicant, *n.* અરજદાર; વિનંતી કરનાર; જાચક.

Application, *n.* ચોપડવું–લગાડવું તે. 2 અરજી; વિનંતી. 3 કામમાં લાવવું–વાપરવું તે. 4 મન લગાડવું–ધાળવું–મંડ્યા રેહવું તે. 5 લાગુ પડવું તે.

Apply, *v. t.* લગાડવું; ચોપડવું. 2 વાપરવું; કામે લગાડવું. 3 લાગું પાડવું. 4 મન લગાડવું–ધાળવું. 5 *v. i.* લાગુ થવું–પડવું. 6 અરજ કરવી.

Appoint, *v. t.* ઠેરવવું; નેમવું; નક્કી–મુકરર કરવું; સ્થાપવું.

Appointee, *n.* હોદ્દા અથવા ચાકરીપર ઠરેલું માણસ.
Appointment, *n.* નેમણુંક; સ્થાપના; ઠરાવવું-મુકરર કરવું તે. 2 નોકરી; ચાકરી; હોદ્દો. 3 સાજ; સરંજામ.
Apportion, *v. t.* ભાગે પડતું-હિસ્સા પ્રમાણે વેંહેંચી આપવું.
Apposite, *a.* વાજબી; લાગુ પડતું.
Appositeness, *n.* યોગ્યતા; લાયકપણું.
Apposition, *n.* વધારવું-ઉમેરવું તે. 2 (વ્યાકરણમાં) જે બે નામો માહેલું બીજું પેહેલાને વર્ણવેછે તે બે નામોની વચે કોઇ સંયોજક શબ્દ આવ્યા વગર એકજ વિભક્તિમાં ગણાય તેમ તે મૂકવાં તે, જેમકે I admire *Cicero*, the *orator*.
Appraise, *v. t.* See Apprize.
Appreciable, *a.* આંકી-કિંમત કરી શકાય એવું. 2 જણાય-લાગે એવું-એટલું. [જાણવો.
Appreciate, *v. t.* કદર-પૂજ-ગુણ
Appreciation, *n* કદર; પૂજ.
Apprehend, *v. t.* પકડવું; ધરવું. 2 સમજવું; જાણવું. 3 ધારવું; વમાસવું. 4 અંદેશો લાગવો-રેહેવો; સંદેહ-ખતરો હોવો; દેહેશત લાગવી.
Apprehension, *n.* પકડવું-ધરવું તે. 2 સમજ; સમજણ; જ્ઞાન; બુદ્ધિ. 3 શંકા; અંદેશો; ખત્રો; બિહીક; ધાસ્તી; ભય. 4 વિચાર; ધારણા.
Apprehensive, *a.* બીહે એવું; ભયભીત; બીહીકણ. 2 ધાસ્તી-વેહેમ ભરેલું; સંકાયુક્ત.
Apprentice, *n.* કોઇએક શખ્સ એવા કરારથી બંધાએ કે કોઇ ચોકસ મુદત સુધી કોઇને ત્યાં ચાકરી કરવી અને તેના બદલામાં તેની જોડેથી, તેના ધંધા અથવા વેપાર સંબંધી કેલવણી લેવી તે શખ્સ; શાગિર્દ.
Apprenticeship, *n.* ચેલાપણું; સીખાઉપણું; શાગિર્દી.
Apprise, *v. t.* જણાવવું; સૂચનાકરવી.
Apprize, *v.t.* કિંમત ઠેરવવી; આંકવું; મૂલ કરવું.
Approach, *v. i.* પાસે-નજદીક જવું-આવવું. 2 *n.* આગમન.
Approbation, *n.* પસંદ કરવું-કબૂલ રાખવું તે. 2 પસંદગી.
Approbative, Approbatory, } *a.* પસંદ પડતું; અનુમોદક.
Appropriate, *v. t.* જુદું કાહાડવું. 2 પોતાનું કરી મુકવું. 3 *a.* વાજબી; યોગ્ય; ઘટતું; લાયક; લાગુ પડતું.
Approvable, *a.* તારીફ લાયક; વખાણવા-પસંદ કરવા જોગ.
Approval, *n.* પસંદગી; મંજુરિયાત.
Approve, *v. t.* પસંદ-માન્ય કરવું. 2 મંજુર-કબુલ કરવું-રાખવું. 3 વખાણવું; તારીફ-સ્તુતિ કરવી.
Approximate, *v. i.* નજદીક-પાસે

આવવું–જવું 2 *v. t*, પાસે લાવવું. 3 *a.* ઘણું ખરૂં મળતું–બરાબર.

Appulse, *n. the act*, એક એક સાથ અથડવું તે. 2 (Astron.) કોઈપણ ગ્રહનું સુર્ય અથવા તારા સાંમણે આવી લાગવું.

Appurtenance, *n.* જે હંમેશ બીજાને વળગીને–લગતું રેહેછે તે, જેમકે મોહોટી વાડીને લગતાં કંઈ કામ સારૂ બાંધેલાં જે ન્હાનાં ઘરો તે.

Apricot, *n.* જરદઆલુ; આલુ.

April, *n.* અંગ્રેજી વર્ષનો ચોથો મહિનો; એપ્રેલ માસ. હીંદુના ચૈત્ર વૈશાખ સાથે આ મળતો આવેછે.

Apron, *n.* શરીર ઉપરનાં લુગડાં ખરાબ ન થાએ માટે કારીગરો કામ કરતી વેળાએ પોતાનાં આંગ ઉપર જે લુગડું બાંધેછે તે લુગડું. 2 બગીનું પગ ઉપર લેવાનું ચામડું.

Apropose, *ad.* વખતસર; યોગ્ય વખતે.

Apt, *a.* લાયક; યોગ્ય; ઉપયોગી. 2 ખાસીયત–ગુણવાળું–ધરાવતું. 3 હોશિયાર; ચંચલ; તીક્ષ્ણ; ચપળ.

Aptitude, *n.* સ્વભાવ; ઝોક; વલણ. 2 યોગ્યતા. 3 હોશિયારી; ચંચલાઈ.

Aptly, *ad.* યથાયોગ્ય; ઠીક; સારી રીતે.

Apyrous, *a.* ગરમીની અસારથી જેનો આકાર–ગુણ બદલાય નહીં તેવું; બળે નહી તેવું.

Aqua, *n.* પાણી; જલ; આબ; ઉદક.

Aquafortis, *n.* સુરાખારનો તેજાબ; આગપાણી.

Aquaregia, *n.* Nitromuriatic Acid, નીમખ અને સુરાખારના તેજાબનો મિશ્ર.

Aquarius, *n.* કુંભ; અગિયારમી રાશી.

Aquatic, *a.* જલજ; પાણીને લગતું; પાણીમાં વસ્તું; પાણીમાં ઉગતું. 2 *n.* પાણીમાં ઉગતી–જલજ વનસ્પતિ.

Aqueduct, *n.* પાણીનો નલ; નેહેર.

Aqueous, *a.* આબી; પાણીનું; જલમય.

Aquiline, *a.* ગરૂડનું–ને લગતું. 2 ગરૂડની ચાંચના જેવું; વાંકું.

Aquiline Nose, *n.* ગરૂડ નાક; ગરૂડની–પોપટની ચાંચના જેવું નાખ. [તી.

Arable, *a.* ખેતી કરવા લાયક; જીરાએ

Araneous, *a.* કરાસ્યાના પડ જેવું નાજુક–પાતલું. [પંચ; તરાઇત.

Arbiter, *n.* લવાદ; અમીન; મધ્યસ્થ;

Arbitrament, *n.* ઠરાવ; નિવેડો.

Arbitrarily, *ad.* ઇચ્છા પ્રમાણે; મનમાં આવે તેમ; મનમાને તેમ.

Arbitrary, *a.* મુખત્યાર; સ્વતંત્ર. 2 મરજીમાં–મનમાં આવે તેવું.

Arbitrate, *v. t.* લવાદી કરવી; લવાદ તરીકે ફેસલો–ચુકાદો કરવો; નિવેડો લાવવો.

Arbitration, *n.* લવાદી; અમીની.

Arbitrator, *n.* See Arbiter.

Arbor, *n.* માંડવો; કુંજ; મંડપ.

Arboreous, *a.* વૃક્ષને લગતું; ઝાડનું.
Arborescent, *a.* ઝાડની પેઠે ઉગતું; ઝાડનાં જેવું. [છોડવો.
Arboret, *n.* ઝાડવું; નાહાનું ઝાહડ;
Arc *n.* વર્તુળ-ગોળ ઘેરાવનો ભાગ.
Arcade, *n.* જેની ઉપર મેહેરાબ બાંધ્યો હોય તેવો રસ્તો; મંડપ.
Arch, *n.* મેહેરાબ; કમાન; ગુંબજ. 2 *v. t.* કમાનદાર-મેહેરાબદાર કરવું. 3 *a.* મુખ્ય; શ્રેષ્ઠ; મ્હોટું. 4 ખંધું; પકું.
Arched, *a.* કમાન-મેહેરાબદાર.
Archer, *n.* તીરંદાજ; તીર મારનાર.
Archery, *n.* તીરંદાજી; ધનુર્વિદ્યા.
Archipelago, *n.* દરિયાના જે ભાગમાં ઘણા ટાપુઓ હોયછે તે ભાગ.
Architect, *n.* ઇમારતો બાંધવાની કલા જાણનાર; મિસ્તરી; વાઢિયો; સિલ્પશાસ્ત્રી. 2 યોજના કરનાર.
Architecture, *n.* ઇમારતો બાંધવાનો હુનર-કલા. 2 બાંધણી; કારીગિરી.
Archives, *n. plu.* દફતરખાનું. 2 દફતરો.
Archon, *n.* પ્રાચીન "આથેન્સ" શેહેરના નવ માહેલો મુખ્ય કોટવાલ.
Archwise, *ad.* કમાન સરખું-પ્રમાણે.
Arctic, *a.* ઉત્તરધ્રુવસંબંધી-તરફનું.
Arctic-circle, *n.* ઉત્તરધ્રુવવૃત્ત.
Ardency, *n.* દિલસોજી; ઉત્સાહ; હોસ.
Ardent, *a.* દિલસોજ; ઉત્કંઠિત; આતુર. 2 જલદ; તલખ; ધગધગતું.
Ardor, *n.* આતુરતા. See Ardency.
Arduous, *a.* ઊંચું. 2 કઠણ; મુશ્કેલ; શકત; અઘરૂં; જબરર.
Arduousness. *n.* શક્તિ; મુશ્કેલી.
Are, છે; છો; છીયે.
Area, *n.* ક્ષેત્રફલ; જગાની લંબાઇ પોહોલાઇ. 2 આંગણું; વાડો.
Areca, *n.* સોપારી.
Arena, *n.* અખાડો; રંગભૂમિ.
Arenaceous, *a.* રેતાલ; રેતીનું.
Arenation, *n.* રેતી ગરમ કરી તેની મારફતે ગરમી આપવી તે-આપવાની યુક્તિ; (રેતીની પોતરડી.)
Areopagus, *n.* પ્રાચીન આથેન્સ શેહેરની સઉથી મ્હોટી ઇનસાફની અદાલત.
Argand Lamp, *n.* આર્ગંડલાંપ; એક તરેહનો દીવો જેને આપને "મુનલાંપ" કરીને બોલીએછ તે.
Argent, } *a.* રૂપાનું; રૂપા જેવું ચ-
Argentine, } ળકતું; રૂપેરી.
Argil, *n.* ચીકણી માટી-મટોડી.
Argue, *v. i.* તકરાર કરવી-લેવી; વાદ કરવો; વાદવિવાદ કરવો. 2 રકઝક-માથાઝીક-માથાકુટ-માથાફોડ કરવી. 3 *v. t.* સિદ્ધ-સાબિત કરવું; દેખાડી આપવું. 4 પ્રમાણ-કારણ બતાવી સમજાવવું-માને એમ કરવું-મનમાં ઉતારવું.
Argument, *n.* કારણ; હેતુ; દલીલ; સ-

બજ. 2 વિષય; બાબદ. 3 તકરાર; વાદવિવાદ; ચર્ચા. 4 બાબદનો સાર-મથાળાં; ઉપોદઘાત.
Argumental, *a.* વાદવિવાદ સંબંધી.
Argumentation, *n.* વાદવિવાદ; તકરાર
Argumentative, *a.* તકરારનું; વાદ-વિવાદનું. 2 કારણ બતલાવતું; વાદ કરનાર. [રહિત; કોરડું.
Arid, *a.* સુકું; સુકાઈ ગયલું; જલ-
Aridity, *n.* કોરડાપણું; સુકાપણું.
Aries, *n.* પેહેલી રાશી; મેષ; મેખ.
Aright, *ad.* દુરૂસ્ત; બરોબર; યથા-યોગ્ય; ઠિકઠાક રીતે. [વાણી.
Ariolation, *n.* આગમચેતી; ભવીષ્ય-
Arise, *v. i.* ઉપર-ઊંચે ચહડવું-જવું. 2 પથારીમાંથી ઉઠવું. 3 ઉગવું; ઉદય થવો. 4 ઉત્પન્ન થવું; નિકળવું. 5 સજીવન થવું. 6 જણાવું; દેખાવું; નજરે પડવું. 7 ઉછલવું. 8 ચહડવું (ગુસ્સે.) 9 દુરદરાથી મોકળું થવું. 10 બંડ-હુલ્લડ કરવું.
Aristocracy, *n.* અમિરોનું રાજ્ય; અમિરી હકુમત. 2 મોહોટા લોક; અમીર ઉમરાવ.
Aristocratical, *a.* અમિરી હકુમતને લગતું; ઉમરાવોને ઘટતું-છાજતું.
Arithmancy, *n.* ફાલ; નજુમી.
Arithmetic, *n.* અંકગણિત; ગણતવિદ્યા; હિસાબ. [યમો પ્રમાણે.
Arithmetical, *a.* અંકગણિતના નિ-
Arithmetician, *n.* અંકગણિતમાં જે ઘણું ખબરદાર તે; ગણિતજ્ઞ.
Ark, *n.* પેટી; ભંડાર; કોરા. 2 જળપ્રલયની વખતે જે મોહોટાં વાહણમાં નોહા અને તેનાં કુટુંબનું રક્ષણ થયું હતું તે વાહાણ.
Arm, *n.* ભુજ; હાથ. 2 બાહુ; દંડ. 3 ફાંટો; ડાળી; ડાલુ; શાખા. 4 ખાડી; ફાંટો. 5 શક્તિ; કૌવત; બળ. 6 *v. t.* હથિયારબંદ-મજબુત કરવું. 7 *v. i.* કંમરબંદ-હથિયારબંદ થવું; સજવું.
Armada, *n.* લડાઈના વાહાણનો કાફલો; આરમાર. [કાફલો.
Armament, *n.* દરિયાઈ ફોજ; વાહણનો
Armature, *n.* લોહચુંબકના બંધે છેડાને કોઈ લોહડાનો કટકો જોડી રાખવો તે. 2 બકતર.
Arm-chair, *n.* હાથાની ખુરસી.
Arm-hole, *n.* કાખ; બગલ; કક્ષ.
Armillary, *a.* કંકણાકાર; ગોળ.
Armistice, *n.* બંધે બાજુવાલાઓનાં એક મતથી કંઈ ચોકસ મુદત સુધી બંધ રાખેલી જે લડાઈ તે; લડાઈની તહકુબી; તહ.
Armlet, *n.* ન્હાનું હથિયાર. 2 બાજુબંધ; પોંહોચી; હાથનું ઘરેણું.
Armor, *n.* ચિલખત; કવચ; બકતર.
Armorer, *n.* હથિયાર અથવા બકતર બનાવનારું શસ્ત્રકાર.
Armorial, *a.* બકતર-કવચ સંબંધી. 2 ખાનદાનની નિશાણીવાળું.

Armory, *n.* શિલેખાનું; શસ્ત્રાગાર; લડાઈનાં હથિયાર રાખવાની જગા.

Armpit, *n.* See Armhole.

Tumor in the armpit, કાખબિલાડી.

Arms, *n. plu.* હથિયાર; શસ્ત્ર; ઢાલ-તલવાર. 2 યુદ્ધ પરાક્રમ.

Arm's reach, *n.* હાતને છેટે; એક હાતને તફાવતે.

Army, *n.* લશ્કર; ફોજ; સૈન્ય; સેના; દળ. 2 ટોળું; સમુદાય; જથ્થો.

Aroma, *n.* સુગંધ; ખુશબોઈ; પમરાટ.

Aromatic, *a.* સુગંધવાળું; ખુશ્બોદાર. 2 મસાલેદાર; લેહેઝતદાર. 3 *n.* ખુશ્બોદાર-પમરતી ચીજ; સુગંધી.

Aromatize, *v. t.* મસાલાદાર કરવું; ખુશબોદાર કરવું.

Around, *ad. & prep.* ચોતરફ; બધી બાજુએ. 2 જ્યાંહાં ત્યાંહાં. 3 આસપાસ; ફરતું.

Arouse, *v.t.* જગાડવું; બેદાર-જાગતું કરવું. 2 ઉશ્કેરવું; ઉઠાવણી કરવી.

Arrack, *n.* તાડીમાંથી ગાળેલો દારૂ.

Arraign, *v. t.* તોહમત મૂકીને જવાબ આપવા સારૂ ન્યાયાધિશ આગળ ઉભું કરવું.

Arrange, *v. t.* ગોઠવવું; માંડવું; રચવું; યોજવું. 2 બંદોબસ્ત કરવો.

Arrangement, *n.* ગોઠવણ; રચના. 2 વ્યવસ્થા; બંદોબસ્ત; તદ્બીર. 3 તોડ.

Arrant, *a.* અઠ્ઠલ; પક્કું; નામીચું.

Array, *n.* પોશાક; લિબાસ; ઠાઠમાઠ. 2 સેના રચના; ફોજની ગોઠવણ. 3 *v.t.* રચવું; ગોઠવવું; હારેદાર મુકવું. 4 સીનગારવું; લિબાસ પેહેરાવવો; સુશોભિત કરવું. [શિલક.

Arrears, *n.* ચઢેલા પઈસા. 2 બાકી

Arrest, *v. t.* સરકાર હુકમથી-કાયદાની સરતે પકડવું-ધરવું; અટકાવવું. 2 અટકાવવું; બંધ પાડવું. 3 લગાડવું; ખેંચવું; જેમકે To *arrest* the eyes or attention. 4 *n.* પકડવું-ધરવું તે; કેદ.

Arrival, *n.* } આવવું; પોંહોંચવું; દાખલ
Arrive, *v.i.* } થવું; જઈ પોંહોંચવું. 2 પ્રાપ્ત થવું; મળવું; બનવું; થવું.

Arrogance, *n.* મગરૂરી; અભિમાન; ગર્વ; પતરાજી; ગુમાન; અહંકાર.

Arrogant, *a.* મગરૂર; ગર્વિષ્ટ.

Arrogate, *v. t.* } અભિમાન દેખાડવું;
Arrogation, *n.* } ખાલીબાપડો કરવો; જુઠું ડાલ ઘાલવું. [કરે એવું.

Arrogative, *a.* ગેરવાજબી રીતે દાવો

Arrow, *n.* તીર; બાણ.

Arrowbarb, } *n.* તીરનું માથું અથવા
Arrowhead, } આંકડી; પેકાન.

Arrowheaded, તીરના પેકાન રોકી; ખીલા રોકી.

Arrowroot, *n.* આરારોટ.

Arsenal, *n.* તોપ-દારૂખાનું; લડાઈનો સર સરંજામ રાખવાની જગા.

Arsenic, *n.* સોમળ.
Arson, *n. the act*, કપટ અથવા દ્વેષભાવથી જાણી જોઇને કોઇના ઘરને આગ લગાડવી તે; ગૃહદાહ.
Art, *n.* મનુષ્ય કળા. 2 યુક્તિ; હથોટી; હિકમત. 3 એલમ; વિદ્યા; શાસ્ત્ર. 4 કસબ; ધંધો; હુનર; કરામત. 5 કાવો દાવો; કાવત્રું; દગો; પેચ.
Arterial, *a.* ધમનીને લગતું.
Artery, *n.* ધમની; ચોરી નસ.
Artesian-well, *n.* પાતાલ કુવો.
Artful, *a.* કાવાદાવા ભરેલું; કારસ્થાની; ફરેબી; ખંડું. 2 હિકમતી; કળાવાળું; કળા-હુનરથી કાધેલું.
Artfully, *ad.* કાવાદાવાથી; ફરેબથી. 2 યુક્તિથી; હિકમતથી. [વત્રું.
Artfulness, *n.* ફરેબ; દગો કુટકો; કા-
Article, *n.* જિનસ; પદાર્થ; ચિજ; વસ્તુ. 2 નંગ; દાગીનો. 3 કલમ; રકમ; બાબદ. 4 કલમ; સરત; કબૂલાત; બોલી. 5 ઇંગ્રેજી ભાષામાં શબ્દનો બધે પસરતો અર્થ ન લેવાય પણ ચોકસ કહેલોજ અર્થ લેવાય એટલાસારૂ શબ્દની પેહેલાં a અથવા an અને the એ શબ્દ વિશેષણ સરખા જે મુકવામાં આવેછે તે. 6 *v. t.* ચોકસ બોલી અથવા કરારે કોઇને શિખાઉ દાખલ રાખવું. 7 *v. i.* બોલી કરવી; કરાર કરવો.
Articulate, *a.* સ્પષ્ટ; સાફ; ખુલ્લું. 2 *v. t.* સાફ-સ્પષ્ટ-સમજાય તેવો ઉચ્ચાર કરવો; સ્પષ્ટ બોલવું.
Articulation, *n.* સાફ ઉચ્ચાર; સ્પષ્ટોચ્ચાર. 2 સાંધો; સંધિ. 3 ગાંઠ; પેરિયું.
Artifice, *n.* ફરેબ; કાવત્રું; દગો કુટકો; દાવપેચ. 2 યુક્તિ; કલા; હિકમત.
Artificer, *n.* કારિગર; શિલ્પિ; કિસબી.
Artificial, *a.* કલાથી-હાથનું બનાવેલું; યુક્તિયે કરેલું (કુદરતી નહીં). 2 ખોટું; બનાવતનું; અમસ્થું દેખાડવાનું.
Artificially, *a.* કળા-હુનર-યુક્તિથી.
Artillery, *n.* લડાઇનાં મારક હથિયાર-શસ્ત્ર. 2 મોટી તોપો તથા તોપ મારવાનો સામન સરંજામ. 3 તોપખાનાંનાં માણસો; તોપચી; ગોલંદાજ વગેરે. [સબી.
Artisan, *n.* કારિગર; દસ્તકાર; કિ-
Artist, *n.* કારિગર; કિસબી; શિલ્પકામમાં હોશિયાર. 2 ચિતારો.
Artless, *a.* નિષ્કપટી; સાચું; અકૃત્રિમ; ભોલું. 2 બેહુનર; નાકાબેલ.
Artspun, *a.* હુનરનું બનાવેલું; કલાથી બનાવેલું.
As, *conj.* જેવું, જેમ, પ્રમાણે, જેમકે Do *as* you are commanded, **જેમ તને કહ્યુંછે તેમ અથવા કહ્યા પ્રમાણે** કર. 2 જ્યારે, જે વખતે, જેમકે He trembled *as* he spoke, **તેજ્યારે** બોલતો હતો તારે અથવા તે બોલતી વખતે ધ્રુજતો હતો. 3 માટે, વાસ્તે,

કેમકે, તેથી, જેમકે He was punished *as* he did sin, તેણે પાપ કીધું માટે તેને સજા થઇ. 4 સરખું; બરાબર, જેમકે I regard him *as* a son, હું તેને દીકરા બરાબર ગણુંછું. As if, જાણે; જાણે કે, As to વિષે.

Asafœtida, *n.* હિંગ.

Ascend, *v. t.* ચઢવું. 2 *v. i.* ઉગવું; ઉદય થવો. 3 સૂર ચઢવું.

Ascendency, *n.* સત્તા; પ્રાધાન્ય.

Ascension, *n.* ચઢાણ. 2 સૂર્ય અથવા તારાનું ચઢવું-ઉગવું; ઉદય.

Ascent, *n.* ચઢવું તે. 2 ચઢવાનો ઉપાય-રસ્તો. 3 ટેકરી. 4 ચઢાવ; ચઢણ.

Ascertain, *v. t.* ચોકસ કરવું; નિશ્ચય કરવો; ખાતરી કરવી.

Ascertainable, *a.* નક્કી થઇ શકે એવું.

Ascetic, *n.* જોગી; તપસ્વી; સન્યાશી; વૈરાગી. 2 *a.* વિરક્ત; સંસારથી દુર થયલું; તપોનિષ્ટ. [જોડલું.

Ascititious, *a.* પાછળથી વધારેલું-

Ascribable, *a.* લગાડવા-ઠરાવવા જોગ; આરોપણીય; લાગુ પાડી શકાય એવું.

Ascribe, *v. t.* લગાડવું; એકમાં કોઇ બીજાનો ગુણ આણી મુકવો; બીજાને કારણ કરવું; આરોપવું.

Ascription, *n.* લગાડવું તે; આરોપણ.

Ash, *n.* "આષ" નું ઝાડ. 2 "આષ" નું લાકડું.

Ashamed, *a.* લજ્જિત; શરમિંદું.

Ash-colour, *n.* રાખના જેવો રંગ; ખાખી રંગ.

Ashes, *n. plu.* રાખ; ભસ્મ; ખાખ. 2 ચિતાભસ્મ; મડદાંની બળેલી રાખ-છાર. [વાની જગા.

Ash-hole, *n.* ભઠ્ઠીમાં રાખ પડ-

Ashlar, } *n.* ચોખુણ ઘડેલા પથરની
Ashler, } લાદી-પાનથરા. વગર ઘડેલા પથરને પણ આ શબ્દ લગાડયામાં આવેછે.

Ashore, *ad.* કિનારે; કિનારા તરફ, જમીન ઉપર, કાંઠે, તીરે.

Ash-wednesday, *n.* "લેન્ટ" તેહવારનો પેહેલો દિવસ, જે દીને "રોમન કયાથોલિક" ટોળામાં જે કોઇ ધણી દેવળમાં પશ્ચાત્તાપ કરવાને જાએ તેના માથા ઉપર રાખ છાંટયામાં આવેછે તે.

Asiatic, *n.* એશીઆ ખંડનો વતની.

Aside, *ad.* એક કોરે-તરફ-મેરે. *To set aside* રદ કરવું.

Asinine, *a.* ગધેડાના જેવું.

Ask, *v. t.* પુછવું; પ્રશ્ન કરવો; સવાલ કરવો. 2 માગી લેવું; વિનંતી કરવી. 3 માગવું; મૂલ કેહેવું.

Askance, } *ad.* વાંકુ; આડું; તિરકશ.
Askant, } આંખના એક ખુણાતરફ

Aslant, *ad.* તિરકસ; આડું; વાંકું.

Asleep, *a & ad.* સુતેલું; ઊંઘમાં પડેલું; ઊંઘી ગયલું; નિદ્રાવશ. 2 સુએલું.

Aslope, *ad.* ઉતરતું; ઢળતું; કતરાતું.
Asp, *n.* એક જાતનો ઝેરી સાપ-સર્પ.
Aspect, *n.* રૂપ; આકાર; ડોળ. 2 સુરત; ચેહેરો. 3 દેખાવ; રૂખ.
Asper, *n.* પુરતા દમથી ઉચ્ચાર કરવાને શબ્દ ઉપર મુકેલું ચિન્હ.
Asperity, *n.* ખડબચડાપણું. 2 ખોખરાપણું. 3આકરાપણું. 4તીક્ષ્ણતા.
Asperse, *v. t.* તોહોમત મુકવું; અપજસ આપવો; આળ ચઢાવવું.
Aspersion, *n.* ચુગલી;બોહોતાન;તોહોમત; આળ; દોષ; કલંક; એબ.
Asphalt, *n.* એક જાતના ડામર અથવા તારના જેવી ખણિજ વસ્તુ જે "ડુડસી" નામના દરીઆની સપાટી ઉપરથી મળી આવેછે.
Aspirant, *a. & n.* ઉમેદવાર.
Aspirate, *v. t.* જોરથી ઉચ્ચાર-મહા પ્રાણ ઉચ્ચાર કરવો. 2 *n.* એ પ્રમાણે ઉચ્ચાર કરવાને સારૂ મુકેલી નિશાની
Aspiration, *n.* જોરથી-મહાપ્રાણ ઉચ્ચાર. 2 ઇચ્છા; આશા.
Aspire, *v. i.* મોહોટી આશા-ઇચ્છા-ઉમેદ રાખવી; આર્જુમંદ થવું.
Aspiring, *a.* દરજ્જો વધારવાને આતુર થયલું; ઉમેદ રાખનાર; લોભી.
Ass, *n.* ગધેડો; ખર; ગર્દભ; લંબકર્ણ. 2 બેવકુફ; મૂર્ખ; ગદ્ધો; ગધેડો.
Assail, *v.t.* હુમલો કરવો; તુટી પડવું.
Assailable, *a.* હુમલોકરી શકાએએવું.
Assailant, *n.* હુમલો-ચઢાઇ કરનાર.
Assassin, *n.* ખુની; કાતિલ; દગલબાજીથી મારી નાખનાર; મારો.
Assassinate, *v.t.* દગલબાજીથી મારી નાંખવું; ગુપ્ત ઘાત કરવો.
Assassination, *n.* the act, કતલ. છુપું ખુન; ગુપ્તઘાત.
Assault, *n.* હોમલો; ચઢાઇ; મારામારી. 2 *v. t.* હલ્લો કરવો; તુટી પડવું.
Assay, *n.* પરીક્ષા; પારખ. 2 ધાતુનો કસ. 3જે વસ્તુનો કસ કાહાડવો હોએ તે વસ્તુ. 4યત્ન; પ્રયત્ન. 5 *v. t.* ઉપમિશ્ર ધાતુમાં કેટલી ચોખ્ખી ધાતુ છે તે સાબિત કરવું; કસોટીપર કસવું; ધાતુની પરીક્ષા કરવી.
Assemblage, *n.* ટોળું; જમાવ; સંગ્રહ; ઢગલો; ઢગ. 2 એકવટપણું.
Assemble, *v.t. & v. i.* એકઠું-ભેગું-જમા-એકત્ર કરવું-થવું.
Assembly, *n.* મંડળી; સભા; કચેરી.
Assembly-room, *n.* સભામંદિર; સભાસ્થાન-ગ્રહ.
Assent, *v. i.* માન્ય કરવું; કબુલ રાખવું; અનુમત-સમ્મત થવું. 2 *n.* હા કેહેવી તે; કરાર; સંમતિ.
Assentive, *a.* કબુલ રાખે એવું; માન્ય કરે એવું.
Assert, *v. t.* } ખાતરીથી-પ્રતિજ્ઞા-
Assertion, *n.* } થી બોલવું. 2વળગી રેહેવું; સ્થાપવું; સિદ્ધ કરવું.

Assertor, *n*. સ્થાપન કરનાર. 2 સં ભાળનાર; ટેકો આપનાર.
Assess, *v. t.* કર–છાપો બેસાડવો. 2 જમાબંદી કરવી–ઠરાવવી.
Assessment, *n*. કર; છાપો; વેરો. 2 જમાબંદી.
Assessor, *n*. કર–છાપો બેસાડનાર. 2સાથે રહી મસલહત કરનાર;આસે- [સર.
Assets, *n. plu.* પુંજી; અવેજ.
Asseverate, *v. t.* ખરેખરૂં–સત્ય બોલવું; સાચુંજ કેહેવું.
Asseveration,*n*. સત્ય વચન;પ્રતિજ્ઞા.
Assiduity, *n*. ઉદ્યોગ; ખંત; મેહનત.
Assiduous, *a*. ઉદ્યોગી;મેહેનતુ; ખંતી.
Assign, *v. t.* ભાગ પાડીને આપવું. 2 કોઈને નામે જુદું કાહાડી રાખવું. 3 બતલાવવું;કહી દેખાડવું. 4સોંપવું.
Assignation,*n*. અમુક વખતે અમુક ઠેકાણે મુલાકાત કરીશું એવો સંકેત–ઠરાવ–મનસુબો. (સ્ત્રી પુરૂષનો.)
Assignee, *n*. જે ધણીને મિલકત સોંપી હોય તે ધણી. 2 વકીલ.
Assignable, *a*. આપી શકાય–મુકરર કરી શકાય એવું. 2બતલાવવા જોગ.
Assimilate, *v. i.* સરખું–એકસાન થવું. 2 પચવું;જરવું.3 *v.t.* સરખું–એક બીજાના જેવું કરવું. 4.પચાવવું.
Assist, *v. t.* મદદ–સહાય કરવી;હાથ આપવો. [પુષ્ટી; યારી.
Assistance, *n*. મદદ; સહાય; કુમક;
Assistant, *a. & n.* મદદ કરે એવું; સાહાયકારી; મદદનીસ; મદદગાર.
Assize,*n*.ન્યાયસભા–અદાલત;કચેરી 2 નિરખ; ભાવ; દર. 3 *v. t.* નિરખ–ભાવ–દર ઠરાવવો.
Associate, *n*. સાથી; સોબતી. 2 ભાગીદાર; શરીક; મળતિયો. 3 *a*. જોડાયલું; સામેલ; સંયુક્ત. 4. *v. i.* જોડાવું; સોબત–સંગત કરવી; સામેલ થવું. 5 *v. t.* સામેલ કરવું; સભામાં દાખલ કરવું; ભેળવું.
Associable, *a*. મલતાવડો; મેળાપી; ભલમનસાઈવાળો.
Association,*n*.મેળાપ;સંબંધ; સંયોગ. 2 મંડળી; સભા. 3 સંગત.
Assonance, *n*. અવાજનો મેળાપ; અધુરો કાફીયો.
Assonant, *a*. અવાજમાં મળતું.
Assort, *v. t.* સઘળી જાતની ચીજો પૂરી પાડવી. 2 જાત જાત પ્રમાણે છુટું પાડવું–વર્ગ કરવા–બાંધવા. 3 *v. i* મળતું–માફક આવવું.
Assortment, *n*. જાત જાત પ્રમાણે છુટા પાડેલા ભાગ, વર્ગ અથવા કરેલા વાંટા; પ્રત. 2 જથો.
Assuage, *v. t.* ઓછું કરવું; નરમ પાડવું (દર્દ). 2 શાંત–ઠંડું પાડવું. (જોસ્સો–દિલગીરી–ગુસ્સો).
Assuasive, *a*. દિલાસો આપે–નરમ પાડે–સમાધાન કરે એવું.

Assume, *v. t.* કોઈના આપ્યા વગર લેવું; પોતેજ લઈ લેવું; ગેરવાજબી પણે લેવું. 2 ઈતરાવું; મગરૂબી-પતરાજી કરવી. 3 પ્રમાણ અથવા સાબેતી વગર કબૂલ રાખવું. 4 જુઠું ડોળ ઘાલવું.

Assumer, *n.* મગરૂર-ગર્વિષ્ટ માણસ.

Assuming, *a.* મગરૂર; અભિમાની.

Assumption, *n.* લેવું. 2 પ્રમાણ-સાબેતી વગર કબૂલ રાખવું. 3 સાબેતી વિના માનેલી જે વાત તે; કલ્પના.

Assurance, *n.* ખાતરી; ભરૂસો; ખાતરજમા. 2 ઉદ્ધતાઈ. 3 વીમો.

Assure, *v. t.* ખાતરજમા કરવી; ભરૂસો આપવો; નિશ્ચિત કરવું. 2 વિમો ઉતારવો. [મુખા.

Assuredly, *ad.* ખચિત; બેશક; ખા-

Asterisk, *n.* ફુલી; ચોફુલુ; ચોકડી (*)

Astern, *ad.* વાહાણના પાછલા ભાગ તરફ; વાહાણની પાછલી બારદ્ધએ.

Asteroid, *n.* (Astron.) એક નાહનો ગ્રહ. માર્સ અને જ્યુપીટરની કક્ષા વચ્ચે જે ચાર નવા ગ્રહો શોધી કાહડ્યાછે તે.

Asthma, *n.* દમનો રોગ; દમ; હાંફણ.

Astir, *a.* હાલતું; હીલતું.

Astonish, *v. t.* અચરત-આશ્ચર્ય-તાજુબ-વિસ્મિત-ચકિત કરવું.

Astonishing, *a.* આશ્ચર્યકારક; અચરતી-તાજુબી ભરેલું; ચમત્કારિક.

Astonishment, *n.* આશ્ચર્ય; અચંબો વિસ્મય; તાજુબી; અચરતી.

Astound, *v. t.* See Astonish.

Astraddle, *ad.* પોહોળા પગ કરીને; બેઉ તરફ એકેકો પગ રાખીને.

Astral, *a.* તારા સંબંધી; તારાના જેવું.

Astray, *ad.* વાટ ચુકીને; આડે માર્ગે.

Astriction, *n.* the act, મજબુત બાંધવું તે. 2 શરીરના ભાગોનું ખેંચાવું.

Astride, *ad.* પોહોળા પગ કરીને; બંને તરફ એકકો પગ મુકીને.

Astringe, *v. t.* ખેંચાયાથી દબાવું; કોઈ ચીજને જોરથી દાબી તેનાં કદમાં ઘટાડો કરવો. [એવું.

Astringent, *a.* તુરૂં. 2 તાણી પકડે

Astrolabe, *n.* સૂર્ય તારા વગેરેની ઉચાઈ માપવાનું યંત્ર.

Astrologer, *n.* પ્રશ્ન-મુહૂર્ત કેહેનાર; જોશી; નજુમી; દૈવજ્ઞ.

Astrological, *a.* નજુમને લગતું.

Astrology, *n.* જોશ; પ્રશ્ન-મુહૂર્ત; નજુમ. [તારા; જ્યોતિષી; જોશી.

Astronomer, *n.* ખગોલવિદ્યા જાણ-

Astronomical, *a.* જ્યોતિષ શાસ્ત્ર-ખગોલવિદ્યા સંબંધી. [લવિદ્યા.

Astronomy, *n.* જ્યોતિષશાસ્ત્ર; ખગો-

Astroscope, *n.* (Astron.) એક જાતનું યંત્ર જેની ઉપર તારા અને નક્ષત્ર પાડેલાં હોયછે. [ખરાં કરીને.

Astrut, *ad.* અકડીને; ઠમકો કરીને; ન-

Astute, *a.* અક્કલમંદ; ચતુર; ઊંડી નજરવાળું; વિચક્ષણ. 2 ખંધું; પક્કું; શાહણું.

Asunder, *ad.* અલગ; અલાયદું.

Asylum, *n.* આશ્રય; ઓથ; વાર. 2 ધર્મશાળા.

·Asyndeton, *n.* (Rhet.) બોલવા અથવા લખવામાં શબ્દયોગી અવ્યય નહીં વાપરવા એવો એક અલંકાર, જેમકે, I came, I saw, I conquered.

At, *prep.* તરફ; પાસે; નજદીક; માં.

Ate, *v.* ખાધું. (Eat નો ભૂતકાલ).

Atheism, *n.* નાસ્તિકમત; અનીશ્વરવાદ; ખુદાનો ઇનકાર.

Atheist, *n.* નાસ્તિક; કુફર.

Atheneum, *n.* આથન્સ શેહેરમાં મીનર્વા નામના દેવને અર્પણ કીધેલી એક જાહેર ઇમારત, જેમાં ફીલસુફો, કવિયો, અને ભાષણકર્તા જતા હતા. 2 અર્વાચીન કાળમાં એ શબ્દ જાહેર વિદ્યાલય અથવા તાલીમખાનું અથવા જાહેર પુસ્તકાલયને લગાડ્યામાં આવેછે.

Athirst, *a.* તરસ્યું; પ્યાસું. 2 આતુર.

Athlete, *n.* See Athletic.

Athletic, *a.* કુસરત—તાલીમ સંબંધી. 2 જોરાવર; જોધો; તાલીમબાજ.

Athwart, *prep.* આડું; વાંકું; આરપાર. 2 *ad.* અણઘટતી—આડી રીતે.

Atlantic, *n.* પૂર્વ અને પશ્ચિમ નિમગોલ વચ્ચે જે "આટલાંટિક" મહાસાગર છે તે.

Atlas, *n.* ભૂગોલ અને તે ઉપરના દેશોના નકશાનું બાંધેલું પુસ્તક. 2 આફ્રિકાની ઉત્તર દિશાએ આવેલો એ નામનો પર્વત.

Atmosphere, *n.* પૃથ્વીની આશપાશ વિટલાયલો હવાનો જથ્થો; વાતાવરણ.

Atmospheric, } *a.* વાયુચક્રનું; વા-
Atmospherical, } તાવરણ સંબંધી.

Atom, *n.* પરમાણું; કણ; રજ; સુક્ષ્મ

Atomic, *a.* કણને લગતું. Atomic theory, સૂક્ષ્મ રજકણવિષે વિચાર.

Atone, *v. i.* પ્રાયશ્ચિત્ત કરવું; ગુન્હાની તોજસ કરવી. 2 નુકસાનભરી આપવું.

Atonement, *n.* પ્રાયશ્ચિત્ત; ગુન્હાની તોજસ. 2 સમજુતી; મેળાપ.

Atop, *ad.* ઉપર; મથાલે; ઊંચે.

Atramental, } *a.* કાળું; સાહી—કાજ-
Atramentous, } લના રંગ જેવું.

Atrocious, *a.* અતિદુષ્ટ; મહાપાપી; ઉગ્ર.

Atrociousness, } *n.* મહાપાપ; અતિ
Atrocity, } દુષ્ટ—ઘોર કર્મ.

Attach, *v. t.* પ્રીતિ—વગ લગાડીને કબજામાં લેવું; વશ કરવું. 2 જોડવું; વળગાડવું; સંબંધ કરવો. 3 જપ્ત કરવું; "ટાંચ" લાવવી—મારવી.

Attachment, *n.* સ્નેહ; પ્રીતિ; પ્યાર; મ્હોબ્બત. 2 જપ્તિ; ટાંચ.

Attack, *n.* ચઢાઈ; હલ્લો; હુમલો.

–(of a band of robbers), ધાડ. 2 v. t. ચઢાઈ કરવી; તુટી પડવું.
Attain, v. i. હાંસલ–પ્રાપ્ત–સંપાદન થવું. 2 v. t. કોઈ વસ્તુ મેળવવાને તજવીજ કરવી. 3 બરોબરી કરવી.
Attainable, a. મેળવવા–પ્રાપ્ત–કરવા જોગ; પ્રાપ્ય; સાધ્ય.
Attainder, n. ડાઘ, બટ્ટો; ખુનનો ડાઘ.
Attainment, n. સંપાદન; પ્રાપ્ત કરવું તે. 2 સંપાદિત ગુણ–જ્ઞાન; કાબેલિયત.
Attaint, v. t. એબ લગાડવી; બેઆબરૂ કરવું. 2 n. દોષ; કલંક; ડાઘ.
Attar, (of Roses) n. અત્તર(ગુલાબનું)
Attempt, n. યત્ન; તજવીજ; કોશેસ. 2 હલ્લો. 3 v. t. કોશેસ–તજવીજ કરવી. 4 હોમલો કરવો.
Attend, v. t. હાજર–પાસે રેહેવું; સાથે જવું અથવા આવવું. 2 વાટ જોવી; ઓટી થવું. 3 v. i. લક્ષ–ચિત્ત–મન લગાડવું. 4 સેવા કરવી; બરદાસ્ત–ખિદમત કરવી.
Attendance, n. લક્ષ; ધ્યાન. 2 હાજરી. 3 ચાકરી; સેવા. 4 સ્વારી; ખટલો.
Attendant, n. & a. સાથે જનાર. 2 હાજર રેહેનાર. 3 આધાર રાખનાર.
Attention, n. ધ્યાન; ચિત્ત. 2 તવાજો; આગતા સ્વગતા; સરભરા.
Attentive, a. ધ્યાન રાખતું; સાવધ; તત્પર. 2 સત્કાર યુક્ત.
Attentively, ad. ચિત્ત રાખીને; ધ્યાન લગાડીને; લક્ષપૂર્વક.
Attenuant, a. પાતળું; પેચક.
Attenuation, n. the act, પાતળું કરવું; બારીક કરવું.
Attest, v. t. સાક્ષી–સાહેદી આપવી. 2 સાક્ષી રાખવો. 3 સાખ કરવી.
Attestation, n. સાક્ષી; શાખ.
Attic, n. ઘરનું કાતરિયું.
Attire, n. સુંદર પોશાક; ઉમદા લિબાસ. 2 v. t. સુંદર પોશાક–ઉમદા લિબાસ પેહેરાવવો; શણગારવું.
Attitude, n. અંગની હાલત; અદા; શરીર–અંગસ્થિતિ; આસન; લટકો.
Attorney, n. વકીલ; પ્રતિનિધિ.
Attract, v. t. ખેંચવું; આકર્ષણ કરવું. 2 મન લગાડવું. 3 મોહ પમાડવો; લલચાવવું; મનહરવું. [ચ; મોહ.
Attraction, n. આકર્ષણશક્તિ. 2 લાલચ; મોહ.
Attractibility, n. પદાર્થોનો આકર્ષણ શક્તિને તાબે થવાનો ગુણ.
Attractive, a. ખેંચવાની શક્તિ ધરાવતું; આકર્ષક. 2 મોહક; મનોહર.
Attributable, a. આરોપણીય; લગાડવા જોગ; લગડાય એવું.
Attribute, n. ગુણ; ધર્મ; ખાસિયત; સ્વભાવ. 2 v. t. લગાડવું; ઠરાવવું.
Attrition, n. ઘસારો. સજા અથવા ફજેતી થશે એવી ફકત ધાસ્તીથી ઉત્પન્ન થયલી પાપની દિલગિરિ.
Attune, v. t. સૂર મેળવવો–બાંધવો; રાગ ઉતારવો. 2 સુસ્વર કરવું.

Auburn, *a.* રતાશપર; પિંગટ; રાતું ભુરૂં.
Auction, *n.* લિલામ; હરાજ; હરાજી.
Auctioneer, *n.* લિલામ કરનાર.
Audacious, *a.* મોહોટી હામ ભીડનારૂં; હિંમતવાળું; ધીટ. 2 બેઅદબ; બેશરમ; ઉદ્ધત.
Audacity, *n.* બેઅદબી; ઉદ્ધતાઈ. 2 મોહોટી હિંમત-હામ; ધારિષ્ટ.
Audible, *a.* સ્પષ્ટ; સંભળાય તેવું.
Audibly, *ad.* સંભળાએ એવી રીતે.
Audience, *n.* સાંભળવું તે; શ્રવણ. 2 સાંભળનાર મંડળી; શ્રોતાજન. 3 મુલાકાત; ભેટ.
Audit, *n.* હિસાબની તપાસ. 2 તપાસેલો છેલ્લો હિસાબ. 3 *v. t.* હિસાબ તપાસી નક્કી કરવો.
Auditor, *n.* સાંભળનાર; શ્રોતા. 2 હિસાબ તપાસનાર.
Auger, *n.* ટોપણ; સારડી.
•Aught, *n.* કંઈપણ; જરાપણ વસ્તુ.
Augment, *n.* વધારો; ઉમેરો; જ્યાદતી. 2 *v. i.* વધવું; જ્યાદે-અધિક થવું. 3 *v. t.* વધારવું; ઉમેરવું.
Augmentable, *a.* વધી શકે એવું.
Augmentation, *n.* વધારો; ઉમેરો.
Augur, *n.* પ્રશ્ન-શુકન જોનાર અથવા કેહેનાર. 2 *v. t.* શુકન જોઈ આપવા; ભવિષ્ય કેહેવું. 3 *v. i.* અનુમાન કરવું; અટકળ બાંધવી.
August, *n.* અંગ્રેજી સાલનો આઠમો મહિનો; શ્રાવણ-ભાદરવો. 2 *a.* પ્રતાપી; મોહોટું; ભપકા ભરેલું.
Augustness, *n.* પ્રૌઢતા; મોહોટાઈ.
Aunt, *n.* ફોઈ, કાકી, માશી, અથવા મામી.
Auric, *a.* સોનાને લગતું.
Auricular, *a.* કાનનું; કર્ણ સંબંધી. 2 ગુપ્ત; કાનમાં કહેલું. 3 કાને પડેલું; સાંભળેલું. 4 દંતકથા સંબંધી.
Auriferous, *a.* સુવર્ણ અથવા સોનુ ઉત્પન્ન કરે એવું.
Aurora, *n.* અરૂણ; વાહાણું; પરોઢિયું; બામદાદ. 2 એક જાતનું ફુલ.
Auriscalp, *n.* કાન ખોતરની.
Aurora Borealis, *n.* ઉત્તર ધ્રુવ આગળથી નીકલતી એક જાતની રોશનીનાં કિરણો.
Auscultation, *n.* ("સ્તેથસ્કોપ") એક જાતની ભુંગલીની મારફતથી દીલ ગુર્દાના ધપકવાનો અવાજ સાંભળીને દરદ પીછાનવાં તે.
Auspice, *n.* શકુન; શુકન. 2 *auspices, plu.* નેક નજર; કૃપાદ્રષ્ટિ.
Auspicious, *a.* શુભ; મુબારક; કલ્યાણકારી; ઈષ્ટ; આબાદ; મંગળ.
Austere, *a.* કઠણ; સખત; કઠોર; કરડું. 2 અતિશય-ઘણુંજ ખાટું; ખાટું તુરૂં.
Austerity, *n.* આકરાપણું; કરડાપણું. 2 તપ; તપસ્યા; વૈરાગ્ય.
Austral, *a.* દક્ષિણ વાયુ સંબંધી; દક્ષિણ તરફનું.
Authentic, Authentical, *a.* ખરૂં; સત્ય; સપ્રમાણ; તહકીક.

Authenticate, *v. t.* ખરૂં–સત્ય–તહ-કીક–સાબેત કરવું–કરી આપવું.
Authenticity, *n.* ખરાપણું; અસલ-પણું; સપ્રમાણતા; સત્યતા.
Author, *n.* ઉત્પન્ન–પેદા કરનાર; મૂ-ળકર્ત્તા. 2 ગ્રંથકાર–કર્ત્તા.
Authoritative, *a.* સત્તા–આધારવાળું; સપ્રમાણ; પ્રમાણવાળું.
Authority, *n.* અખત્યાર; સત્તા; અ-ધિકાર. 2 આધાર; પ્રમાણ; સાબેતી. 3 પત; સાખ; માન; દરજ્જો; વકર. 4 બનેલો દાખલો; શાહદત. 5 (*plu.*) સરકાર; હકુમત ચલાવનારા.
Authorize, *v. t.* અખત્યાર–સત્તા–મુખત્યારી આપવી. 2 સત્તા–રૂઢી–વિધિથી મુકરર કરવું. 3 વજન–પુષ્ટિ–ટેકો આપવો. 4 કાયદાસર કરવું–કરાવવું.
Autobiography, *a.* પોતાને હાથે પો-તાના જન્મારાનો લખેલો અહેવાલ; સ્વચરિત્ર વર્ણન–નિરૂપણ. [ત્યારી.
Autocracy, *n.* મુખત્યારી; આપઅખ-
Autocrat, *n.* સ્વતંત્ર–મુખત્યાર રાજા.
Autograph, } *n.* હાથ દસ્કત; પો-
Autography, } તાના અક્ષર.
Automaton, *n.* પોતાની મેળે માણ-સ અથવા જનાવરની પેઠે હાલચાલ કરે તેવું યંત્ર; સ્વયંવહ–આત્મચા-લક યંત્ર. [સાદની રૂત.
Autumn, *n.* શરદઋતુ; ચોમાસુ; વર-
Autumnal, *a.* શરદઋતુનું–સંબંધી.
Auxiliar, } *a.* મદદગાર; સાહાય-
Auxiliary, } કારી; કુમક આપતું.
Auxiliaries, *n. plu.* લડાઈની વેળાએ કામે લગાડેલું પારકાં દેશનું લશ્કર; કુમકી–કુમકે આવેલું લશકર.
Avail, *n.* ફાયદો; લાભ; પ્રાપ્તિ; હાંસલ. 2 *v. t.* ફાયદો–લાભ કરવો–લેવો. 3 *v. i.* ઉપયોગી થવું; કામ લાગવું.
Available, *a.* કામનું; ઉપયોગી; કામમાં આવે એવું. 2 મજબુત.
Avalanche, *n.* પાહાડ ઉપરથી ગરગ-ડીને પડતાં બર્ફનાં મોહોટાં ચોસલાં.
Avantcourier, *n.* પોતાના આવી પુગ-વાની અગાઉથી ખબર આપવાને મોકલેલો જાસુદ; અગ્રદૂત. [લચ.
Avarice, *n.* ધનલોભ; પૈસાની લા-
Avaricious, *a.* લોભી; ધનલોભી.
Avast, *interj.* (Nault.) બસ! સબુર! થોભ! [કાઢ કર; હત.
Avant, *interj.* દૂરથા; કઢા; ચાલ જા;
Avenge, *v. t.* મનમાં વેર રાખ્યા વગર નુકસાનનો બદલો લેવો.
Avenue, *n.* પ્રવેશ માર્ગ; દરવાજો; દ્વાર. 2 બે પાસ હારેદાર ઉગેલાં ઝાડોની વચમાંનો રસ્તો. [કેહેવું.
Aver, *v. t.* ખાતરીથી–પ્રતિજ્ઞાથી
Average, *n.* સાધારણ દર; સરાસરી; મધ્ય પ્રમાણ. 2 *v. t.* સરાસરી કાઢ-વી; મધ્યપ્રમાણ કાઢવું. 3 *a.* મધ્ય-મ; સરાસરી.

Averse, *a.* પ્રતિકૂલ; સામે; વિરૂધ; ઉલટું. 2 અપ્રસન્ન; નારાજી; કંટાળેલું.
Aversion, *n.* પ્રતિકૂળપણું; સાંમે થવું તે. 2 નાખુશી; કંટાળો; અભાવ.
Avert, *v. t.* ફેરવવું. 2 અટકાવવું; . નિવારણ-દૂર કરવું; ટાળવું.
Aviary, *n.* પક્ષિઓને રાખવા સારૂ બાંધેલી જગા; પક્ષિશાળા; ખડો.
Avidity, *n.* ઘણી ભૂખ; હાવરાપણું; ખાવરાપણું. 2 ઇન્તેજારી; આતુરતા.
Avocation, *n.* ધંધો; કામ; પેશો.
Avoid, *v.t.* છોડી-મુકી દેવું; દૂર કરવું. 2 છટકાવવું; ચુકવવું; ઉડાવવું.
Avoidable, *a.* તજવા જોગ; દૂર રેહેવા જોગ. [જેટલું વજન.
Avoirdupois, *n.* એક જાતનું ૪૦ તોલા
Avouch, *v. t.* ખાતરીથી-પ્રતિજ્ઞા-નિશ્ચય પૂર્વક કેહેવું. [કરવું.
Avow, *v. t.* સાફ-ઉઘાડી રીતે કબુલ
Avowal, *n.* ખુલ્લી કબુલાત; ઇકરાર.
Avowedly, *ad.* ખુલ્લી-જાહેર રીતે.
Avulsed, *a.* ટુંપાએલું; પીંખાએલું.
Avulsion, *n.* ટુંપવું; તોડવું; પીંખવું.
Await, *v. t.* થોભવું; વાટ-રાહ જોવી. 2 તૈયાર-હાજર રેહેવું-હોવું.
Awake, *a.* જાગતું; સાવધ; હોંશિયાર. 2 *v. t.* ઉઠાડવું; જગાડવવું. 3 હોંશિયાર-સાવધ-જાગૃત કરવું. 4 *v. i.* જાગવું; ઉઠવું; જાગૃત થવું.

Awakening, *n.* દીનનું જાગવું; ધર્મસજીવન. 2 *a.* જાગૃત કરતું.
Award, *v. t.* નિવેડા કરી આપવા. 2 *n.* લવાદોએ કરેલા નિવેડા; ફેસલો; ચુકાદો. 3 નીવેડાનામું; ફેસલનામું.
Awaro, *a.* સાવધ; સાવચિત; હોંશિયાર. 2 જાણીતું; ચેતેલું; માહિતગાર.
Away, *ad.* ગેરહાજર; ગયબ; દૂર. 2 જવું, જેમકે *To go away:* નિકળી જવું. 3 *Interj.* ચાલ; નિકળ.
Awe, *n.* દબદબાથી ઉત્પન્ન થતો ભય; દાબ; ધાસ્તી; ધાક; હાક. 2 *v.t.* ધાક દેખાડવો; દાબ-કરબ રાખવો.
Awful, *a.* દબદબા-દાબ ભરેલું. 2 ભયંકર; બિહામણું; પ્રૌઢ.
Awe-struck, *a.* બીધેલું; ભયભીત.
Awhile, *ad.* થોડાક-જરાવાર સુધી.
Awkward, *a.* બેડોલ; બેઢપ; બદશિકલ. 2 અનાડી; અણ-નાકીસબી; અડાણી. 3 અણગમતું; નાપસંદ.
Awl, *n.* આરી; ટોચણું (મોચીનું).
Awless, *a.* નિર્ભય.
Awn, *n.* અનાજ-ઘાસનું કુસલું; સુંખલું.
Awning, *a.* ચંદરવો; છત; છતરી.
Awry, *ad.* & *a.* વાંકું; તિરકસ; કજ.
Ax, Axo, *n.* કુહાડો; કુહાડી.
Axiom, *n.* પોતાની મેળે માલમ પડે એવી સચ્ચાઇ; પ્રત્યક્ષ પ્રમાણ. 2 સૂત્ર; વચન.

Axiomatical, *a.* પ્રત્યક્ષ પ્રમાણસંબંધી.
Axiomatically, *ad.* પ્રત્યક્ષ સિદ્ધ; વાક્યના ઉપયોગથી.
Axis, Axle, *n.* ધરી; આંસ; આંક.
Ay, Aye, *ad.* હા; સારૂં; વારૂ; ઠીક.
Aye, *ad.* હમેશાં; સદા; નિત્ય; સર્વદા.
Azimuth, *n.* સમાંશ; સમકોણ.
Azote, *n.* (*Chem.*) "નાઈટ્રોજન" નામે એક જાતની હવા.
Azure, *a.* આસમાની; નીલું; વાદળી. 2 *n.* આસમાની–વાદળી રંગ; નીલવર્ણ.

B.

B, ઈંગ્રેજી મૂળાક્ષરનો બિજો અક્ષર.
Baa, *n.* બકરાં–ઘેટાંનો શબ્દ; બેં; બેંબેં. 2 *v. i.* બેંબેં કરવું.
Babble, *v. i.* બચ્ચાંની પેઠે–તોતડું–બોબડું બોલવું. 2 બબડવું; બકબક કરવી; લવવું. 3 કોઈની છાની વાત ઉઘાડી પાડવી; ફોડવું. 4 *n.* બકવા; બકબક; લવારો; લવરી.
Babbler *n.* ભડભડિયું–વાતગરૂં–વાતુડું–લવારીખોર માણસ. 2 છાની વાત ફોડનાર; લુતરૂં.
Babe, *n.* બચ્ચું; બાળક; બાળ.
Babel, *n.* ગેરબંદોબસ્ત; ગડબડ; ગોતાળી
Babery, *n.* બચ્ચાને રમાડવાને રમકડાં.
Baboon, *n* ટુંકી પુછડીનો વાંદરો.
Baby, *n.* બચ્ચું; બાળક. 2 ઢીંગલી.
Baccated, *a.* મોતીથી જડેલું; મોતીથી ભરેલું. 2 ફુલવાળું. [થપાન કરનાર.
Bacchanal, *n.* છાકટું; દારૂડિયું; મ-
Bachelor, *n.* કુંવારો; વાંઢો. 2 વિદ્યાલયમાં શીખીને જે વિદ્વાન થાયછે તેને(B. A.)આ એક ખેતાબ મળેછે.
Back, *n.* પીઠ; પૂઠ; વાંસો; બરડો. 2 પાછલો ભાગ; પછવાડું. 3 જાડી બાજુ–ધાર. 4 *ad.* પાછું. 5 પૂઠે; પછવાડે. 6 ફરીને; ફરીથી. 7 *v. t.* પીઠપર ચઢવું; 8 હટાડવું; હઠાવવું. 9 ટેકો આપવો; ઉચકી લેવું. 10 *v. i.* હઠવું. *back of the hand*, કર પૃષ્ઠ. *to turn one's back*, પૂઠ મરડવી–ફેરવવી. *to turn one's back on*, ધિક્કારવું; તરછોડવું. 2 છોડી દેવું; તજવું. *to lie on one's back*, ચતું સુવું. *behind the back*, પૂઠપાછળ. *to go back*, હઠવું. *to back out of*, ખસી જવું.
Backband, *n.* "હરનીસ"ના થાંભલાનો પટો; ગાડીના "પુલ" બેસવાનો બાબલો.
Backbite, *v. t.* પીઠપાછળ નિંદા–ગિબત કરવી; ચાડી–ચુગલી ખાવી.
Backbiter, *n.* નિંદા કરનાર; ચુગલખોર; ચાડિયો; ગિલ્લો કરનાર.

Backbone, *n.* બરડાનું હાડકું; બરડાનો કાંટો; કરોડ.2 ધૈર્ય.
Backdoor, Backstair, *a.* ગુપ્ત; છાનું.
Backgammon, *n.* દામ; એક જાતની રમત.
Background, *n.* પાછલો ભાગ-જગ્યા.
Backhanded, *a.* પાછલા હાથની.
Backpiece, *n.* બખતરનોપાછલોભાગ.
Backside, *n.* પાછલો-પૃષ્ઠ ભાગ. 2 વાડો; ઘરનું પછવાડું.
Backslide, *v. t.* સદાચારનો માર્ગ છોડવો; ધર્માચાર-ભક્તિ ભાવથી ભ્રષ્ટ થવું.
Backslider, *n.* અનીતિયે ચાલનાર; સન્માર્ગત્યાગી; પતિત ભ્રષ્ટ.
Backstairs, *n.* પાછલો દાદર; જીનો. 2 (Influence) ખટપટ; વગસગ.
Backward, *a.* નારાજી; કંટાળો આવે એવું. 2 પાછળ પડેલું; સુસ્ત; મંદ. 3 મોડું આવતું-આવેલું. 4 *ad.* પાછલી તરફ. 5 પછવાડે; પાછળથી. 6 ચત્તું.
Backwardness, *n.* નાખુશી.2 સુસ્તી.
Bacon, *n.* ડુક્કરનું આથેલું માંસ.
To save one's bacon, સંભાળવું; અંગ છૂટકો કરી લેવો; ઉગરી જવું.
Bad, *a.* ખરાબ; નઠારું; ખોટું. 2 દુષ્ટ; બદ; પાપી; અનીતિનું. 3 વાયડું; નુકસાન કારક. 4 કાચું; આવડત વિનાનું.

Badge, *n.* ચિન્હ; અલામત; નિશાન; પટો; ચપરાસ.
Badger, *n.* હેજકરી; વૈતરો. 2 બેડોળ અને ટૂંકા જાડા પગ અને લાંબા નોહોરવાળું એક જાતનું જાનવર. 3 *v.t.* પછવાડે-પુંઠે લાગવું. 4 સંતાપવું; સતાવવું; હેરાન કરવું; જીવખાવો.
Badgerlegged, *a.* લાંબા ટૂંકા પગનું.
Badly, *ad.* ખરાબ રીતે; બેડોળ.
To want badly, ઘણી જરૂર હોવી.
Badness, *n.* બિગાડ; ખરાબી. 2બંદી; બુરાઈ; દુષ્ટપણું.
Badinage, *n.* મશ્કરી; ઠઠ્ઠો.
Baffle, *v. t.* તાલમેલથી કોઇને હરાવવું; વ્યર્થ-નિષ્ફલ-બર્બાદ કરવું.
Baffled, *a.* લાઈલાજ; હેરાન; પરેશાન.
Bag, *n.* થેલી; કોથળી. 2 એક થેલામાં માય તેટલું; થેલો. 3 શિકારીના હાથમાં જેટલો શિકાર આવે તે. 4 *v.t.* કોથળા-કોથળીમાં ભરવું. 5 *v. i.* ભરેલી કોથળીની મીસાલે ફુલવું.
Bagatelle, *n.* જુજ-નજીવી વાત. 2 નવ કાણાવાળા પાટીઆપર રમવાની એક રમત.
Baggage, *n.* લશ્કરની સાથનો સામન. 2સામન; સરંજામ; અસબાબ; ખટલો. 3 કપાતર-નીચ સ્ત્રી.
Bagnio, *n.* હમામ ખાનું; નાહાવાની જગા.2 વેશ્યાલય; કસબણનું ઘર.

Bag-pipe, *n.* ચામડાની કોથળીવાળું નળીથી વાગતું એક વાજું; શરણાઈ.

Bail, *n.* જામીન. 2 જામીનગીરી. 3 *v. t.* જામીન લઇને છોડવું. *To bail a boat*, હોડીમાંથી પાણી કહાડી નાખવું.

Bailable, *a.* જામીન લેવા લાયક. 2 જામીન લઇને છોડી મુકવા જોગ.

Bailiff, *n.* "સમનો" પોહોચાડવા, ગુન્હેગારોને પકડવા તથા દંડ વગેરે એકઠું કરવાના કામ સારૂ નાજરના હાથ હેઠળ એક આસામી હોયછે તે; મોહોસલ; બેલિફ.

Bait, *n.* ગલ અથવા જાળમાં મુકેલી કંઈ પણ ખાવાની વસ્તુ. 2 લોભ; લાલચ. 3 મુસાફરી કરતાં રસ્તામાં ભથ્થું ખાવું તે. 4 *v. t.* ગલ ઉપર-જાળમાં કંઇ ખાવાની વસ્તુ મુકવી. 5 રડીડવવું; ખીજવવું. 6 રસ્તામાં ઘોડા વગેરેને દાણો પાણી આપવાં. 7 *v. i.* મુસાફરી કરતાં ભથ્થું ખાવા તથા પાણી પીવા સારૂ વાટમાં ઉતારો—મુકામ કરવો.

Baize, *n.* પટ્ટુ; ઉનનું જાડું કપડું.

Bake, *v. t.* ભુજવું; શેકવું; પકવવું. 2 ભુજવાનું-પદરનું કામ કરવું. 3 સુકવવું; પકવવું; સુકવી કઠણ કરવું. 4 *v. i.* ભુંજાવું; સુકાઇને કઠણ થવું.

Baker, *n.* પાંઉ, બિસ્કોટ વગેરે બનાવનાર; પદર.

Bakery, *n.* પદરનો ધંધો. 2 પદરખાનું.

Balance, *n.* તરાજવું; કાંટો; તોલ. 2 સમતોલ; સરખું વજન. 3 શિલક; બાકી સાકી. 4 સાતમી રાશી; તુલા. 5 *v. t.* ખડો કરવો; સમતોલ કરવું. 6 મનમાં તોલવું-તોલ કરવું. 7 બાકી ચુકવી આપવી; માંડી વાલવું. 8 *v. i.* સમતોલ હોવું. 9 આનાકાની કરવી; મન ઢચુપચુ રાખવું.

Balcony, *n.* અગાસી; ગોખ; જરૂખો.

Bald, *a.* બોડકું; કેશહીન; ટાલ પડેલું.

Bale, *n.* ગાંસડી; બિંદડી; બચકો. 2 *v. t.* ગાંસડી બાંધવી.

Balearic, *a.* મીજોર્કા, માઇનોર્કા અને આઇવીકા એ ટાપુઓને લગતું.

Baleful, *a.* દુષ્ટ; નુકસાન-દુઃખકારક; બુરૂં. 2 દિલગીરી ભરેલું; શોકકારક.

Balefully, *ad.* નુકસાન ભરેલી રીતે; ખરાબરીતે. 2 દિલગીરી ભરેલીરીતે.

Balk, *n.* મોહોટો મોભ અથવા બારવટિયો. 2 ખેતરોમાં ચાલવા માટે જે ખેડયા વગરની પગવાટ રાખેછે તે; સેરડો. 3 નાઉમેદી; આશાભંગ. 4 *v. t.* આશાભંગ-નિરાશા-નાઉમેદ કરવું. 5 ઢગલો કરવો. 6 છેડચાવના-અનામત રાખવું. 7 ચાલવા જેટલી પગવાટ-સેરડો રાખીને ખેડવું.

Ball, *n.* ગોળો. 2 ચેંડુ; દડો. 3 પિંડું; દડી. 4 ગોળી; ગુટિકા (ઓસડની).

5 ગોળી; ગોળો (બંદુક તોપનો). 6 ડોળો (આંખનો). 7 નાચ; નૃત્ય; બોલ.
Ballad, *n.* લાવણી; ઠુમરી; ગર્બો; પદ.
Balladfarce, *n.* ગાયન સહિત નાટક.
Balladist, *n.* લાવણીબાજ; રાહીગ;
Ballast, *n.* નીરમ; નેહાવ; ભાર. [ભાઠ.
Balladmonger, *n.* લાવણીવાળો; લાવણી ગાવાનો તથા તે લખીને વેચવાનો ધંધો કરનાર.
Ball-cock, *n.* ટાંકીમાં પાણી ભરાઈ રહ્યા પછી તેમાં વધારે પાણી નહીં આવે, માટે પાણીની નળીને એક દડાની મારફતે બંધ થઇ જવા માટે કીધેલી યુક્તિ.
Ballet, *n.* એક જાતનું નાટક, જેમાં નાચીને નકલ કરવામાં આવેછે.
Balloon, *n.* વિમાન; હવાનું ફાનસ.
Ballot, *n.* સભામાં છુપાં મત આપવાને સારૂ એક નાહાનો દડો અથવા ચિહ્ન. 2 સભામાં કોઇને પસંદ કરવાનું મત. 3 *v. i.* છુપી રીતે મત આપવું.
Balm, *n.* સુગંધી લેપ; ઉટણું. 2 દુઃખ નરમ પાડે એવું કોઇ પણ ઓસડ; ઉપશામક ઔષધ. 3 ખુશ્બોદાર વનસ્પતિ અથવા તેનો રસ. 4 *v. t.* ચોપડવું; લગાડવું. 5 નરમ પાડવું; હલકું કરવું.
Balmy, *a.* નરમ પાડે એવું; સુખદાયક. 2 ખુશ્બોદાર.
Balmy sleep, મિઠી ઉંઘ.
Balotade, *n.* બે આડા થાંભલાની વચ્ચેથી ઘોડાનું કુદવું; ઘોડાની છલંગ.
Balsam, *n.* એક જાતની ગુંદર જેવી ખુશ્બોદાર જીનસ; બાલસમ.
Baluster, *n.* કટેરામાંનો સળિયો.
Balustrade, *n.* કટેરો.
Bamboo, *n* વાંસ; બાંબુ. 2 *v. t.* બાંબુ અથવા ચામડાની વાધરીથી મારવું.
Bamboozle, *v. t.* ઠગાઇ કરવી; લુચાઇ કરવી; ઘાલમેલ કરવી; છેતરવું.
Ban, *n.* જાહેરનામું–ખબર; ઢંઢેરો. 2 ઇંગરેજોનાં દેવળોમાં લગનના ઠરાવની જે જાહેરખબર આપીવામાં આવેછે તે. 3 શાપ; બદદુવા. 4 મનાઈ; અટકાવ; આણ; દુવાઈ. 5 મંડળી બહાર મૂકવું તે; બહિષ્કાર. 6 *v. t.* શાપ–શાપ દેવો.
Banana, *n.* સોનેરી કેળું.
Band, *n.* પટો; બંધ; પાટો. 2 લગવાડ; વળગાડ; સંબંધ. 3 મંડળી; ટોળું. 4 લશ્કરની ટુકડી. 5 વાજું. 6 *v. i.* જોડાઈ–મળી જવું; સંપ કરવો. 7 *v. t.* પટા અથવા બંધથી બાંધવું; જોડવું.
Bandage, *n.* પાટો; પટ્ટી; બંધન; બંધ.
Bandicoot, *n.* ઘુસ; ઊંદર.
Bandit, *n.* બાહારવટિયો; લુટારૂ; ચોર.
Banditti, *n. plu.* પીંડારા; લુટારા.
Bandrol, *n.* નાહાનો વાવટો; ઝુંડો.
Bandy, *n.* ગેડી; દડા રમવાની છેડા

આગળથી વાંકી દાંડી. 2 દડાની રમત. 3 *v. t.* એનીગમ્મુ તેણીગમ ફેંકવું-મારવું. 4 અદલબદલ કરવું. To bandy words, ટપાટપી કરવી.
Bandy-leg, *n.* ફલ્લો-ફેંચો-પેંગો પગ.
Bane, *n.* વિષ; વિખ; ઝેર. 2 નાશનું મૂળ-ઘેર. 3 ખરાબી; નાશ; વિનાશ.
Baneful, *a.* ઝેરી; ઘાતક; નાશકારક.
Bang, *n.* સોટા-ડાંગનો ફટકો; પ્રહાર. 2 *v. t.* સોટા મારવો.
Bang, Bangue, } *n.* ભાંગ. [વાળો.
Bangle, *n.* ચુડી; બાંગડી; ચીતલ;
Banian, *n.* વાણિયો. 2 બનિયાન; બંડી. 3 વડ. Banyan-tree, વડનું ઝાડ.
Banish, *v.t.* દેશનિકાલ-તડીપારકરવું. 2 હાંકી મેલવું; કાઢી મુકવું; દૂર કરવું.
Banishment, *n.* દેશવટો-નિકાલ. 2 સ્વદેશ ત્યાગ. 3 કાઢી નાખવું તે.
Bank, *n.* પેઢી; બેંક. 2 બેંકના ભાગીદારો. 3 કાંઠો; કિનારો; તીર. 4 બાંધ; પુસ્તો. 5 ભાડું. 6 હલેસાં મારનારની હાર. 7 *v. t.* પુસ્તો-બાંધ-ગડગો બાંધવો.
Bank-bill, *n.* હુંડી. [હુકાર.
Banker, *n.* પેઢીવાળો; નાણાવટી; સા-
Banking, *n.* સરાફનો ધંધો; સરાફી; સાહુકારી. 2 *a.* બેંકને લગતું.
Bankrupt, *n. & a.* દેવાળિયો; નાદાર.
Bankruptcy, *n.* દેવાળું; નાદારી.

Banner, *n.* નિશાન; ઝુંડો; વાવટો; ધ્વજ; ધજા; પતાક; પતાકા.
Banns, *n. plu.* પરણવાની-લગનના ઠરાવની જાહેર ખબર.
Banquet, *n.* મેજબાની; જીઆફત; ઉજાણી. 2 *v. t.* જીઆફત આપવી. 3 *v. i.* સારૂં સારૂં ખાઈ પીને મઝા કરવી.
Banter, *n.* મશ્કેરી; મજાખ; ઠઠ્ઠો; ચેષ્ટા. 2 *v. t.* મજાખ-મશ્કરી કરવી.
Bantling, *n.* નાહાનું છોકરૂં; બચ્ચું.
Banyan, *n.* વડનું ઝાડ. [આમરો.
Baobab, *n.* ચોર આમરાનું ઝાડ; ચોર
Baptism, *n.* ખ્રિસ્તી ધર્મમાં દાખલ કરતી વખતે પાણી છાંટીને જે ક્રીયા-સંસ્કાર કરેછે તે; જલસંસ્કાર; બાપ્તિસમ.
Baptize, *v. t.* બાપ્તિસમ આપવું.
Baptismal, *a.* બાપ્તિસમનું-સંબંધી.
Baptist, *n.* બાપ્તિસમ આપનાર.
Bar, *n.* લોહોડા અથવા લાકડાનો સળિયો; ગજ; આડી; ભુંગળ; ભોગળ. 2 આડ; અટકાવ; પ્રતિબંધ. 3 લગડી; લાટ. 4 અદાલતમાં વકીલ, બારિસ્ટરોને બેસવાની જગા ઘેરી લેનાર કટેરા. 5 અદાલત; કોર્ટ. 6 દાંડો; ભાડું. 7 અપ્રાધિઓનું-ને ઉભુ રાખવાનું પાંજરૂં. 8 બારિસ્ટરોનો આખો વર્ગ; સનદી બારિસ્ટરો; વકીલ-બારિસ્ટર મંડલ. 9 પીઠાંમાં જે જગાપર કલાલ દારૂ વેચવા બેસે-

છે તે જગા. 10 *v. t.* આડી દેવી. 11 અટકાવવું.
Barb, *n.* દાઢી. 2 આંકડો; કાંટો; આંકડી. 3 *v. t.* આંકડીવાળું-દાર કરવું.
Barbarian, *n.* જંગલી-અણસુધરેલું-અડાણી માણસ. 2 પરદેશી; મ્લેચ્છ. 3 નિર્દય માણસ. 4 *a.* ઘાતકી; નિર્દય.
Barbaric, *a.* પારકું; બાહારનું; પરદેશનું.
Barbarism, *n.* જંગલીપણું; અસાનપણું. 2 ગેર સલુકાઈ; કઢંગી ચાલચલણ. 3 અશુદ્ધ ભાષણ; ભાષાનું અશુદ્ધપણું.
Barbarity, *a.* જંગલીપણું. 2 નિર્દયતા; ક્રૂરતા; ઘાતકીપણું.
Barbarous, *a.* જંગલી; રાની; ગામડિયારાઈ. 2 ઘાતકી; નિર્દય.
Barbed, *a.* આંકડાદાર; અણીદાર.
Barber, *n.* હજામ; વાળંદ. 2 *v. t.* હજામત કરવી-કરાવવી; બોડવું.
Bard, *n.* ભાટ; બારોટ. 2 કવિ.
Bardling, *n.* નાહાનો કવિ; ઉતરતો કવિ.
Bare, *a.* નાગું; વસ્ત્ર-પાત્રાં વગરનું. 2 બોડું; ઉઘાડે માથેનું. 3 સાદું. 4 ઉઘાડું; ખુલ્લું; જાહેર. 5 એકલું; છડું. 6 જીર્ણ; ખખળી ગયલું. 7 ખાલી; વિનાનું. 8 *v. t.* નાગું-ખુલ્લું કરવું.
Bareboned, *a.* દુબળું; સુકલકડી.
Barefaced, *a.* ખુલ્લાં-ઉઘાડાં મોહોડાંનું. 2 નિર્લજ; બેશરમ.
Barefooted, *a.* ઉઘાડે-અડવે પગે.
Bareheaded, *a.* ઉઘાડે માથે; બોડું.
Barely, *ad.* ફકત; માત્ર; કેવળ.
Bargain, *n.* સાટું; વેચાણનો કરાર; વેચાણ-ખરીદી સંબંધી કરાર; પકણ. 2 કોઈપણ વાતનો કરાર; બોલી. 3 ફાયદા પડતું-મનમાનતું સાટું. 4 ખરીદેલો માલ; સોદો. 5 *v. i.* બોલી-સાટું કરવું; પઠવું; પકણ કરવી. 6 *v. t.* વેચવું.
Barge, *n.* સેહેલ કરવાનો મછવો; ક્રિડાનૌકા. 2 પડાવ.
Bark, *n.* ઝાડની છાલ. 2 કુતરાનું ભસવું. 3 *v. t.* ઝાડની છાલ ઉખેડવી; છોલવું. 4 *v. i.* ભસવું; ભોંસવું; ભુકવું. 5 શોર બકોર કરવો.
Barky, *a.* છાલદાર; છાલનું; છાલવાળું.
Barley, *n.* જવ.
Barley-corn, *n.* જવનો દાણો. 2 એક તસુનો તીજો ભાગ; જવ.
Barley-sugar, *n.* જવના પાણીમાં લીંબુ, આરંજ વીગરે નાખી તેમાં પકાવેલી કકરી સાકર અથવા તેની બનાવેલી લાકડી. [મીર.
Barm, *n.* દારૂ ઉપર આવતું ફીણ; ખ-
Barn, *n.* ઘાસ, દાણા વગેરેની વખાર-કોઠાર; ખળી.
Barometer, *n.* હવાનું વજન અથવા દબાણ માપવાનું યંત્ર; વાયુ ભાર માપક યંત્ર. [મીર.
Baron, *n.* અમીરની પદવી. 2 અ-

Baronet, *n.* અમીરની પદવીથી એક દરજ્જે ઉતરતી પદવી; બારોનેટ.
Baronetcy, *n.* બારોનેટની પદવી.
Barouche, *n.* ચાર પૈડાંની નાહાની ગાડી; ચારડ.
Barrack, *n.* લશ્કરી સિપાઈને રેહેવાસારૂ બાંધેલી ઈમારત; બરાખ.
Barque, *n.* એક જાતનું વાહાણ.
Barrell, *n.* પીપ. 2 એક પીપમાં માએ તેટલો જથો. 3 નળી. 4 *barrel of a watch*, ઘડિયાળની કમાનની દાબડી. 5 *v. t.* પીપમાં ભરવું.
Barren, *a.* વાંઝિયું, જેમકે વાંઝણી બાયડી અથવા વાંઝયું ઝાડ. *barren land*, ઉખર; પાક સારો ન થતો હોય એવી જમીન. 2 અફળ; નિષ્ફળ. 3 મંદ; મંદ બુદ્ધિનું. 4 નકામું; વિરસ.
Barrenness, *n.* વાંઝિયાપણું; વાંઝટપણું. 2 અફળતા.
Barricade, *n.* દુશ્મનનો રસ્તો બંધ કરવા, ઝાડ, મટોડી, પથર, લાકડાં, વિગેરેની કરેલી આડ–કોટ; નાકાબંધી. 2 *v. t.* નાકાબંધી–કોટ કરવો.
Barrier, *n.* કોટ. 2 અટકાવ. 3 સીમા; હદ.
Barrister, *n.* ધારાનો હિમાએતી; બારીસ્ટર.
Barrow, *n.* હાથગાડી; માણસ ઘસડે એવી નાહાની ને હલકી ગાડી. 2 ખસી કરેલો ડુક્કર. 3 મટોડીનો ઢગલો–ટેકરો.
Barter, *n.* માલને બદલે માલની અદલાબદલીનો વેપાર; અદલોબદલો. 2 *v. t. & v. i.* માલને બદલે માલ–જણસને બદલે જણસ અદલાબદલી કરીને વેપાર ચલાવવો.
Bartram, *n.* અક્કલગરો.
Basalt, *n.* એક જાતનો કાળો પથ્થર.
Base *n.* નીચલો–તળિયેનો ભાગ. 2 આધાર; પાયો; તળિયું; 3 મુળનો ગંભીર અવાજ; ખરજ. 4 *a.* નીચું; હલકું. 5 નીચા કુળનું. 6 નીચ; પાજી; અધમ. 7 હરામજાદું. 8 હલકું; રાસી. 9 ઉંડું; ગંભીર; ખરજનું. 10 કૃપણ; બખીલ. 11 અસંસ્કૃત; પ્રાકૃત.
Base-born, *a.* છિનાલ–રાંડના પેટનું; કમજાત. 2 હરામખોર; નીચ.
Baseless, *a.* નિરાધાર; વગર પાયાનું.
Baseminded, *a.* નીચ; હલકાં મનનું.
Baseness, *n.* નીચાઈ; પાજીપણું.
Bashful, *a* શરમાળ; લજ્જાળુ. 2 નમ્ર.
Basic, *a.* કોઈપણ ખારને લગતું.
Basil, *n.* તુળસી.
Basilisk, *n.* એક કલ્પિત ઝેરી નાગ. 2 મોહોટી તોપ.
Basin, *n.* છાછરૂં–છાલકું વાસણ; તસ્ત. 2 કુંડ; હોજ. (for ships) ગોડી.
Basis, *n.* પાયો; મુળ; આધાર.
Bask, *v. t.* તડકા અથવા ગરમીમાં મુકીને સુકવવું અથવા ગરમ કરવું;

તડકો ખવરાવવો. 2 *v. i.* તડકામાં અથવા ગરમીમાં બેસવું. 3 સુખી હોવું; સુખ ભોગવવું.

Basket, *n.* ટોપલી; પાંઠી.

Baskethilt, *n.* ઓખલો; હાથના રક્ષણને માટે તરવારની મુઠ આગલ ટોપલી જેવું જે હોયછે તે.

Bass, *n.* ખરજસુર.

Bastard, *n.* રાંડના–છિનાળના–રાખેલીના પેટનું છોકરૂં. 2 *a.* રાખેલીના પેટનું; જારજ. 3 કૃત્રિમ; ખોટું.

Bastardy, *n.* જારજાવસ્થા; રાખેલીનાં પેટે જન્મ.

Baste, *v. t.* લાકડીથી મારવું. 2 ભુંજતી વખતે ઘી અથવા માખણ ચોપડવું; પુંજારો દેવો; ચોખો દેવો. 3 લાંબો ટાંકો મારવો. લાંબી ફુંક [ભરવી.

Bastile, *n.* કિલ્લો; ગઢ.

Bastinade, Bastinado, *n.* કુંદાપાખ; સોટાનો માર; પગના તલીયાં ઉપર સખત ઝપાટા લગાવી અપરાધીઓને શિક્ષા કરવાની એક રીત.

Bastion, *n.* બુરૂજ; બૂરજ.

Bat, *n.* વાગોળ; વાગણું; ચામાચીડીયું; કાનચીમોડયું; ચામાચેણ. 2 દાંડો; સોટો; લાકડી; દંડુકો. 3 *v. i.* પટીએ કરીને દડા રમવા.

Batable, *a.* તકરાર કરવા જોગ; વાદવિવાદ કરવા જોગ. [લેંડ"નેલગતું.

Batavian, *a.* "બેટેવ્યા" અથવા "હા-

Batch, *n.* રોટલી–પાંઉનો ઘાણ. 2 ઘાણ; એક તરેહની ઘણીક ચીજાનો જથો–સમૂહ.

Bate, *v. t.* See Abate.

Bath, *n.* સ્નાન કુંડ; નહાણી; હમામખાનું. 2 સ્નાન; અંઘોલ. 3 ન્હાવાનું વાસણ. *Order of the Bath,* ઈંગ્રેજી ઉમરાવની એક ઊંચી પદવી.

Bathe, *v. t.* નવડાવવું; અંઘોળ કરાવવી. 2 પાણીમાં ભિજવવું–ધોવું; પલાલવું. 3 *v.i.* નાહાવું; સ્નાન કરવું.

Bathing, *n.* સ્નાન; અંઘોળ; નાહાવું.

Batlet, *n.* કુંદી કરવાની મોગરી.

Baton, Batoon, *n.* લાકડી; દંડુકો. 2 રાજ દંડ; લશ્કરી મુખ્ય અમલદારની પદવીની નીશાન.

Battalia, *n.* સૈન્ય રચના; રણરચના; રણની–લશ્કરી ગોઠવણ.

Battalion, *n.* પલટણ; લશ્કરની ટુકડી.

Batten, *v. t.* ખવડાવી પીવડાવી પુષ્ટ–ફરબે કરવું. 2 ફલદ્રુપ–રસાલ કરવું. 3 *v. i.* માતવું; પુષ્ટ–ફરબે થવું. 4 *n.* પટી; ચીપ.

Battening, *n.* (*Arch.*) દેવાલમાં જડેલાં લાકડાનાં ડગરાં.

Batter, *v. t.* ઠોકવું; ઠોકઠોક કરવી. 2 કિલ્લાની દેવાલમાં ગાબડું પાડવાસારૂ જોરથી તોપોનો મારો ચલાવવો.

Battering-ram, *n.* લશ્કરી એક હથીઆર, જે કિલ્લાની દીવાલ ભાંજવાના કામમાં આવેછે તે.

Battery, *n.* ઠોકી ઠોકીને તોડી પાડવું તે. 2 મોરચો. 3 મોરચાપર ગોઠવેલી તોપો. 4 કોઇને મારવું–ઠોકવું તે. 5 વીજળી ઉપ્તન્ન કરવાનું એક યંત્ર; વીજળીનો સાંચો.

Battle, *n.* લડાઈ; યુદ્ધ; જંગ. 2 *v. i.* લડવું; યુદ્ધ કરવું.

A drawn battle, જે લડાઈમાં કોઇ પણ પક્ષવાળાનો જય થાય નહીં તેવી લડાઈ; જેમાં હારજીત જણાય નહીં એવી લડાઈ.

A pitch battle, જે લડાઈમાં અગાઉથી લશ્કર ગોઠવી રાખ્યું હોય તે લડાઈ.

Battlement, *n.* ગડારાંવાળી દેવાલ; જંગી; બાકોરાંવાળી કોટની સફીલ.

Battle-axe, *n.* પરશુ; ફરસી.

Bawble, *n.* તકલીદ તથા હલકી કીમતની પણ દેખાવડી વસ્તુ.

Bawd, *n.* કુટણી; દદા.

Bawl, *v. i.* આરડવું; પોકાર કરવો; ઘાંટો પાડવો; ચીસ પાડવી. 2 *v. t.* બૂમ પાડીને ખબર આપવી–જાહેર કરવું.

Bawling, *n.* બૂમ; શોર; પોકાર.

Bay, *n.* ઉપસાગર; ખાડી. 2 "લારલ"નું ઝાડ. 3 *a.* કુમેત; બદામી. 4 *v. i. & v. t.* ભસવું; ભોંસવું.

To keep at bay, દૂર રાખવું; આવવા નહીં દેવું.

Baying, *n.* કુત્રાનો પોકાર–ભસવું.

Bayonet, *n.* સંગીન; બંદૂકની નળી ઉપર જે બરછી હોયછે તે. 2 *v. t.* સંગીન ભોકવું.

Bazar, *n.* બજાર; ચૌટું.

Bdellium, *n.* ગુગળ.

Be, *v. i.* હોવું. 2 થવું. 3 રહેવું.

Beach, *n.* કિનારો; સમુદ્ર કાંઠો–તીર.

Beacon, *n.* વાહાણવટિયોને સારૂ નિશાન તરીકે ઊંચે મુકેલા દીવા; દીવાદાંડી.

Bead, *n.* દાણો; મણકો; મણી. 2 ગોળચી; કોતર અથવા બાંધ કામમાં દડા જેવી ગોળાકારે કોરેલી નકસી. 3 દારૂ પરનો પરપોટો.

Beadle, *n.* ચોબદાર; છડીદાર; અપરાસી; પટાવાળો.

Bead-tree, *n.* લીમડો.

Beak, *n.* પક્ષીની ચાંચ. 2 અણી; ટોંચ.

Beam, *n.* લાંબું લાકડું; ભારવટિયો. 2 ત્રાજવાની દાંડી. 3 કિરણ. 4 પોરિયો. 5 *v.t.* પાડવું; આપવું. 6 *v.i.* પ્રકાશવું.

Bean, *n.* શીંગ.

Bear, *n.* રીંછ. 2 (*Ursa major,*) સપ્તઋષી. 3 *v. t.* ઊંચકી રાખવું. 4 ઊંચકી લઈ જવું. 5 ધારણ કરવું; રાખવું. 6 તરતું રાખવું. 7 સોસવું; સાંખવું; ખમવું; બરદાશત કરવું. 8 રાખવું (પ્યાર વગેરે) 9 ઉત્પન્ન–પેદા થવું; જન્મ આપવો. 10 ચલાવવું. 11 *v. i.* ધીરજ રાખવી–પકડવી. 12 ફળ લાગવાં–આવવાં. 13 સફળ થવું; પાર પડવું–ઉતરવું. 14 સંબંધ હોવો. 15 દબાવવું; જાણ કરવું.

To bear testimony, સાક્ષી પૂરવી;ગવાહી આપવી. *To bear through*, નિભાવવું; ટકાવવું. *To bear date*, તારીખ હોવી.

To bear up, } હિંમત રાખવી; ધીરજ રાખવી-પકડવી.
To bear with, }

Bearable, *a.* ખમાય એવું; સહનીય.

Beard, *n.* દાઢી. 2અનાજ અને બીજા છોડ ઉપર જે સુખળાં-કુંસળાં થાયછે તે. 3 તીરના પેકાન ઉપરની આંકડી.

Bearer, *n.* ખમનાર;સોસનાર. 2લઈ જનાર; લાવનાર. 3 ખાંધિયો.

Bearing, *n.* ઢપ;અદા;ચાલ;વર્તણુક. 2 સંબંધ. 3 અમીર ઉમરાઓએ પોતાના પોશાક ઉપર રાખેલીનિશાની. 4 *a.*ટપાલનો ખર્ચ આપ્યા વગરનું.

Bearing-Cloth, *n.* બાળકને બાપ્તીસમ આપવા દેવલમાં લઈ જતી વેળાએ તેનાં શરીર ઉપર ઢાંકેછે તે કપડું.

Beast, *n.* પશુ; હેવાન; ઢોર; જનાવર.

Beastliness, *n.* હેવાનિયત; નજાસત.

Beastly, *a.* પશુ સરખું; જનાવર જેવું. 2 પશુના આકારનું. 3 મેલું; ગંદું; હેવાન ખસલત.

Beat, *n.* ઠોક; ટોલો; ફટકો; જરબ. 2 ધડકણ; ધડક ધડક થવું તે. 3 તાલ. 4 ફેરો; ચક્કર. 5 *v.t.* મારવું; ઠોકવું. 6 વગાડવું. 7 છુંદવું; વાટવું. 8 ટીપવું. 9 ઝુડવું 10 હરાવવું. 11 *v. i.* ઠણકવું; ધડકવું; ધબધબ થવું. 12 અફળાવું; અથડવું.

Beatific, } *a.* આનંદમય; પરમ-
Beatificial, } સુખનું;સ્વર્ગસુખદાયક.

Beatify, *v. t.* સ્વર્ગ સુખ આપવું.

Beatitude, *n.* ઉત્તમ જાતનું-સ્વર્ગ-પરમ સુખ;મુક્તિ; મોક્ષ; કૃતાર્થતા.

Beau, *n.* બાંકું; અકડબાજ; અકડડું; છેલ; ફાંકડો; ઈશ્કી.

Beau-ideal, *n.* (ખોડખાંપણ વગરની)સંપુર્ણ ખુબશુરતી.

Beauteous, *a.* બેહદ ખુબસુરત;અતિ સુંદર; ઘણું રુટડું; રૂપાળું; શોભીતું.

Beautiful, *a.* ખુબસુરત; સુંદર; રળિઆમણું; રૂપવંત; શોભિતું.

Beautify, *v. t.* ખુબસુરત-શોભાયમાન-સુશોભિત કરવું; સણગારવું.

Beauty, *n.* સુંદરપણું; ખુબસુરતી; સૌંદર્ય; ખુશરૂઈ; શોભા. 2 ખુબી; ગુણ. 3રૂપાળી સ્ત્રી; સુંદરી; રૂપવતી.

Beaver, *n.* પાણીમાં અને જમીનપર બંને ઠેકાણે રેહેનારૂં એક જનાવર. 2 એ જનાવરના રૂઆંની બનાવેલી ટોપી.

Becalm, *v. t.* સ્થિર અથવા થંબ રાખવું; શાંત કરવું; ચેન પાડવું.

Because, *conj.* કાંકે; કેમકે; વાસ્તે.

Beckon, *v. t.* ઈશારો કરી બોલાવવું.

Becloud, *v. t.* ઝાંખું પાડવું.

Become, *v. i.* થવું; બનવું. 2 *v. t.* શોભવું; છાજવું; દીપવું; ખુલવું.

Becoming, *a.* લાયક; દુરસ્ત; ઘટતું; ઉચિત; લાજિમ; સઆચાર.
Bed, *n.* બિછાનું; પથારી. 2 ઘર. 3 લગ્ન; વિવાહસંબંધ. 4 પડ; થર. 5 તકતો; ક્યારી; વાફો. 6 તળિયું. 7 *v. t.* રોપવું. 8 દાટવું; પૂરવું. *To be brought to bed*, જણવું. *To put to bed*, જણાવવું.
Bedabble, *v. t.* પલાળવું; ભિજવવું.
Bedaub, *v. t.* ખરડવું; લપેડવું.
Bedazzle, *v. t.* દીપાવવું.
Bedchamber, **Bedroom**, *n.* ખવાબગાહ; સુવાનો ઓરડો; શય્યાગૃહ.
Bedding, *n.* બિછાનું; તલાઇ; પથારી.
Bedeck, *v.t.* શણગારવું; સુશોભિત કરવું.
Bedew, *v. t.* ઠાર—ઓસ—દવ—ઝાકળથી ભીનું કરવું—ભિજવવું.
Bedlam, *n.* "મેડહાઉસ"; ગાંડાં માણસને સારૂ બંધીખાનું. 2 ગાંડું માણસ. 3 *a.* ગાંડા લોકોને રાખવાના ઘરને લગતું—લાયકનું.
Bedlamite, *n.* ગાંડો; દીવાનો.
Bedrid, **Bedridden**, *a.* ઘડપણ અથવા મંદવાડથી ખાટલે ને ખાટલે પડી રહેતું; પથારી વશ.
Bedrop, *v. t.* છાંટા પાડવા; છાંટવું.
Bedstead, *n.* પલંગ; ખાટલો.
Bedtick, *n.* ઓલ; ઓલિસું.
Bee, *n.* મધમાખી; મધુમક્ષિકા.
Beef, *n.* ગાય; બળદ; ગોધો. 2 ગોમાંસ; ગાયનું અથવા બળદનું માંસ—ગોશ્ત; ગાવ ગોશ્ત.
Beefsteak, *n.* ગલેલ ઉપર ભુંજેલો અથવા ભુંજવાનો ગાયના માંસનો કટકો.
Beelzebub, *n.* શેહેતાન.
Bee-hive, *n.* મધપુડો.
Beer, *n.* બીર; જવમાંથી બનાવેલો દારૂ.
Bees-wax, *n.* મધપુડામાંથી બનાવેલું મીન.
Beet, *n.* બીટ; લાલ અથવા સફેત રંગનો મિઠો લાગતો એક કંદ.
Beetle, *n.* ભમરો; વાંદો. 2 મોગરી; હથોડો. 3 *v. i.* બાહાર નિકળવું, જેમકે A cliff that *beetles* over its base, જે ટેકરી બાહાર નિકળેલી છે તે.
Beeves, *n. plu.* ગાય, બળદ, ગોધા.
Befall, *v.t.* & *v. i.* બનવું; થવું; આવી પડવું; ગુજરવું; વીતવું.
Befit, *v. t.* છાજવું; ઘટવું; શોભવું; ઠીક દીસવું; લાયક—યોગ્ય હોવું.
Befool, *v. t.* છેતરવું; ભૂલથાપ દેવી.
Before, *prep.* & *ad.* સામે; સન્મુખ. 2 સમક્ષ; દેખતાં; રૂબરૂ. 3 અગાઉ; અસલ; પૂર્વે.
Beforehand, *ad.* અગાઉથી; પેહેલાંથી.
Beforementioned, *a.* મજકુર; ઉપર જણાવેલું; સદરહુ.
Befoul, *v. t.* મેલું—ગંદું કરવું; ખરડવું.
Befriend, *v. t.* કૃપા—મેહેરબાની—દસ્તગીરી કરવી; સહાય થવું; દોસ્તી રાખવી.

Befriendment, *n. the act*, માયા; કૃપા.
Befringe, *v.t.* ઝાલરેથી શણગાર કરવો.
Beg, *v. t.* વિનંતી—પ્રાર્થના—આજીજી કરવી. 2 ધર્માર્થ—ભીખ દાખલ માગવું. 3 તકરારને ખાતર ખઇંકે એમ ધારવું—માની લેવું. 4 *v. i.* ભીખ—ભિક્ષા માગવી; ભીખવું.
Beget, *v. t.* જનમાવવું; જન્મ આપવો; પેદા કરવું (છોકરાંને). 2 ઉત્પન્ન કરવું; ઉપજાવવું.
Begetter, *n.* જન્મ આપનાર; બાપ.
Beggar, *n.* ભીખારી; જાચક; ભિક્ષુક. 2 *v. t.* ભીખારી—ભીખમાગતું કરી નાખવું.
Beggarly, *a.* ગરીબ; કંગાલ. 2 *ad.* કંગાલિયતથી. [કંગાલિયત.
Beggary, *n.* દરિદ્રતા; ભિક્ષુકવૃત્તિ;
Begging, *n. the act*, ભીખ માગવી તે; ભીખ; ભિક્ષા.
Beghard, *n.* હઠીલો ભીખારી; તૈલંગ ભટ; આગ્રહી ભિક્ષુક.
Begin, *v. t.* માંડવું; પ્રારંભ કરવો; શિરૂ—મુહુરત—મંડાણ કરવું. 2 *v. i.* ચાલુ—શિરૂ—મંડાણ થવું; આરંભ થવો.
Beginner, *n.* શીરૂ કરનાર; પ્રારંભ કરનાર. 2 શીખાઉ; નવો નિશાળીયો.
Beginning, *n.* શિરૂઆત; પ્રારંભ; આરંભ; મંડાણ. 2 મૂળ; આદિકારણ; પહેલ. 3 મૂળતત્વપીઠિકા.
Begird, *v. t.* કમર બાંધવી; પટકો બાંધવો. 2 ઘેરવું; વીંટી—ઘેરી લેવું.
Begone, *interj.* નિકળ; કાળું કર; મોહોકું બાળ; જતો રેહે.
Beguile, *v. t.* ભમાવવું; ભુલથાપ દેવી; ઠગવું; છેતરવું. 2 ખુશીમાં કાઢવું—ગુજારવું—ગાળવું.
Begun, *p. p.* શીરૂ કીધું. (Begin નો ભૂતકાલ.) [તરફદારી.
Behalf, *n.* હિત; અર્થ; ખાતર; પક્ષ;
Behave, *v. t. & v. i.* વર્તવું; ચાલવું; આચરવું. [આચરણ.
Behavior, *n.* વર્તણુક; ચાલચલણ;
Behead, *v.t.* ગર્દન મારવી; શિરચ્છેદ કરવો; ડોકું કાપી નાખવું.
Beheld, *p. p.* જોયું. (Behold નો ભૂતકાલ.)
Behest, *n.* હુકમ; આજ્ઞા.
Behind, *prep. & ad.* પછવાડે; પાછળ; પૂઠે. *Close behind*, લગોલગ; છેક પાસપાસે. [ગએલું.
Behindhand, *a. & ad.* પાછળ રહી
Behold, *v. t. & v. i.* જોવું; તપાસીને જોવું; નિહાળવું; નિરખવું. 2 *interj.* જો! રે જુઓ! [હેરાનમંદ.
Beholden, *a.* આભારી; ઉપકારી; એ-
Behoof, *n.* નફો; ફાએદો; અર્થ; ગરજ.
Behove, *v. t.* ઘટવું; લાજમ હોવું.
Being, *n.* હોવાપણું; વજુદ; હસ્તી; સ્થિતિ; અસ્તિત્વ. 2 માણસ; આદમી. 3 જાનવર; પ્રાણી; જંતુ. 4 *ppr.* હોતાં; છતાં.

Supreme Being, પરમેશ્વર.

Belabor, *v. t.* ખુબ મેહેનત-મશાગત કરવી. 2 સારીપેઠે મારવું-ઠોકવું.

Belated, *a.* અસુરું; અવારું; મોડું.

Belch, *n.* ઓડકાર; અડકાર. 2 *v. t.* ઓડકાર-અટકાર ખાવો. 3 ધસારાબંધ નિકળવું. 4 *v. i.* ઓડકાર-અટકાર આવવો.

Beldam, *n.* ડોસી; ઘરડી સ્ત્રી. 2 કુબજા; બદસુરત બૈરી.

Beleaguer, *v.t.* ઘેરી લેવું; આસપાસ વિટળાઇ વળવું.

Belgian, } *a.* બેલજીઅમ દેશને
Belgic, } લગતું.

Belial, *n.* બદ-બુરું આદમી.

Belie, *v. t.* ખોટું પાડવું. 2 જુઠું કહેવું; બદગોઇ-નિંદા કરવી. 3 ખોટી રીતે બતાવવું. 4કરાની નકલ કરવી.

Belief, *n.* વિશ્વાસ; ઇતબાર; યકીન. 2 શ્રદ્ધા; ભાવ; આકીન. 3 શ્રદ્ધા વિષય. 4 મત. 5 ધર્મ; ધર્મમાર્ગ.

Believable, *a.* માનવા જોગ.

Believe, *v. t.* માનવું; ઇતબાર-વિશ્વાસ રાખવો; આકીન રાખવું. 2 *v. i.* ઇતબાર-વિશ્વાસ હોવો. 3 લાગવું; ધારવું.

Bell, *n.* ઘંટ; ઘાંટ. 2 ઘંટના આકારની કોઇપણ વસ્તુ, જેમકે ફુલ.

Belladonna, *n.* Deadly Nightshade, એક જાતની જેહેરી વનસપતિ.

Belle, *n.* રૂપાળી-ફાંકડી-છેલ છબીલી-ખુબસુરત સ્ત્રી; રંભા; ચટક ચાંદની; રંગીલી.

Belles-letters, *n. plu.* વિદ્યાના સુંદર અથવા અલંકારિક પ્રકરણો, જેવાં કે અલંકાર શાસ્ત્ર, કવિતા, ગુણદોષ વ્યાખ્યા, શબ્દ શાસ્ત્ર.

Belligerent, *n.* લડાઇ ચલાવનાર-મચાવનાર; લડાઇમાં રોકાએલી કોઇપણ ટોળી, લશ્કર, પ્રજા, રાજા.

Bell-metal, *n.* કાંસું.

Bellow, *v. i.* બરાડવું; ગોધાની પેઠે પોકારવું; તડુકવું; ઓખાંગવું. 2 ઘુઘુ કરવું; સુસવાટા થવા.

Bellows, *n.* આગ ફુકવાની ધમણ.

Belly, *n.* પેટ; ઉદર; શિકમ; ડોઝું; ડોઝરૂં.

Bellyband, *n.* ઘોડાના ઝીનનો તંગ.

Bellyworm, *n.* કરમ.

Belong, *v. i.* સંબંધ રાખવો; નિસબત ધરાવવી; હોવું. 2 કામ હોવું. 3 તાબામાં હોવું. 4 રહેવાસી હોવું.

Beloved, *a.* પ્યારું; વાહાલું; જીવલગ.

Below, *prep.* નીચે; તળે; હેઠળ. 2 ઉતરતું; હલકું. 3 અયોગ્ય; નાલાયક. 4 *ad.* નીચે. 5 જહાનમમાં. 6 નીચલી કોરટમાં. 7 આ ચોપડીમાં.

Belt, *n.* બંધ; પટો. 2 પાટો.

Bemoan, *v. t.* શોક-વિલાપ કરવો.

Bench, *n.* પાટલી; બાજટ; ચારપાઈ; બાંક. 2 ન્યાયાસન; ન્યાયધિશને બેસવાની

જગા. 3 ન્યાયાધિશ; ધનસાહુકાર-
કરનાર. 4 અદાલત; કોરટ.
Bend, *v. t.* વાંકું કરવું-વાળવું; મરડવું.
2 ફેરવવું; બદલવું. 3 લગાડવું; કોશે-
શ કરવી. 4 તાબે-આધીન કરવું. 5
v. i. બદલાવું; ફંટાવું. 6 વાંકું થવું
-વળવું; નમવું; ઓક આવો. 7 *n.*
વાંક; ઓક; રાંટ. [શકે એવું.
Bendable, *a.* મરડવાજોગ; વળી-
Bene, *a.* સારૂં; મઝાનું; ઠીક. [નીચે.
Beneath, *prep. & ad.* તળે; હેઠળ;
Benedick, Benedict, } *n.* પરણેલો પુરૂષ.
Benediction, *n.* આશીર્વાદ; દુવા;
આસીસ.
Benedictive, Benedictory, } *a.* આશીર્વાદ આપે એવું
આશીર્વાદ યુક્ત.
Benefaction, *n.* ઉપકાર; કલ્યાણ. 2
ધર્માદાય; દાન; સખાવત; આભાર.
Benefactor, *n.* ઉપકાર કર્તા; દાન
કરનાર. [વાજમ; ધર્માદાય.
Benefic, *n.* દેવળમાંથી મળતું લ-
Beneficence, *n.* પરોપકાર; પાડ; દાન-
સખાવત કરવાનો જે ગુણ તે.
Beneficent, *a.* પરોપકારી; મેહેરબાન;
સખી; ઉપકારશીલ. [ઉપયોગી.
Beneficial, *a.* નફા ભરેલું; લાભકારી;
Benefit, *n.* ઉપકાર; એહસાન; મેહેર-
બાની. 2 લાભ; ફાયદો; હિત. 3 *v. t.*
કલ્યાણ-હિત કરવું. 4 *v. i.* ગુણ થવો.

Benevolence, *n.* પરોપકાર બુદ્ધિ; સારૂં
કરવાની ઇચ્છા; ખેરખાહી.
Benevolent, *a.* પરોપકારી; જન હિ-
તેચ્છુ; ખેરખાહ; નેકખાહ.
Bengalee, *a.* બંગાળ પ્રાંતનું; બંગાળી.
Benign, *a.* મેહેરબાન; માયાવંત; કૃ-
પાળુ. 2 શુભ; ઇષ્ટ. 3 ઉદાર; સખી.
4 ગુણકારી; જેથી સારી અસર થાય
Benignant, *a.* માયાળુ; મેહેરબાન. [તેવું.
Benignity, Benignness, } *n* પરોપકારીપણું; કૃપા-
દૃષ્ટિ. 2 સખાવત;
ઉદારતા. 3 ગુણકારીપણું.
Benjamin, *n.* લોબાનના ઝાડનું નામ.
Bent, *n.* ડાભ; દર્ભ. 2 વાંક; ઓક;
રાંટ. 3 મનનું વલણ. 4 *a.* વાંકું;
ઓક-રાંટ આવેલું. 5 વળણ લીધેલું.
Benumb, *v.t.* જડ-સુસ્ત કરવું; સુન-
બેહેર મારવું; જુઠું પડવું.
Benzoin, *n.* લોબાન.
Bequeath, *v. t.* વસિયત નામામાં
આપી જવું-વારસ ઠેરવવું; વારસો
આપવો.
Bequest, *n.* વસિયત નામાની સરતે
મળેલી જે વસ્તુ તે; વારસો. [મૂકવું.
Bereave, *v. t.* છિનવી-લઇ લેવું-
Bereavement, *n.* છીનવી લેવું તે.
2 મરણથી થયલો મિત્ર, સગાં,
ભાંડુનો વિયોગ.
Bergamot, *n.* "બર્ગેમાટ" નામે એક
જાતની નારંગી. 2 ખુશબોદાર તેલ.

Berry, *n.* બોર અથવા કરમદાં જેવાં ઠળિયાવાળાં કોઈપણ નાહાનાં ગોળ ફળ.

Berth, *n.* વાહાણને લંગર કરવાનું મુકામ; બારૂં. 2 વહાણપર માણસોને સુવા બેસવાનો ઓરડો. 3 નોકરી; ચાકરી.

Beryl, *n.* ફિરોજો; નીલમ.

Beseech, *v. t.* અરજ-વિનંતી-આજીજી-મિન્નત કરવી. 2 માગી લેવું.

Beseechingly, *ad.* કાલાવાલા કરીને; વિનંતી પૂર્વક; આજીજીથી.

Beseem, *v. t.* શોભવું; છાજવું; લાએક-યોગ્ય હોવું.

Beset, *v. t.* ઘેરો ઘાલવો; ઘેરી-વીંટી લેવું. 2 ગુંચવી નાખવું; અકલાવવું.

Beside, *prep.* કને; પાસે; સોડે. 2 શિવાએ; વિના; વગર; ઉપરાંત. 3 અલગ; લગતું નહીં. [દિગર.

Besides, *prep. & ad.* વળી; વધારે;

Besiege, *v. t.* ઘેરીલેવું; ઘેરો ઘાલવો.

Besmear, *v. t.* See Bedaub.

Besom, *n.* ઝાડુ; બુતારો; સાવરણી. 2 *v. t.* ઝાડવું; બુહારવું; ઝાડુ કાઢવી.

Besot, *v.t.* દારૂથી મસ્ત કરવું. 2 જડ-મંદ-સુસ્ત કરવું. [છાકટું.

Besotted, *p. a.* છકેલ; ગાંડું; ઘેલું;

Bespangle, *v. t.* ટિલી-ટપકી લગાડીને શણગારવું; ચકચકે તેમ કરવું.

Bespatter, *v. t.* છાંટીભરવું; લપેડવું; ખરડવું. 2 નિંદવું; બદગોઈ કરવી.

Bespeak, *v. t.* અગાઉથી કહી રાખવું-મૂકવું. 2 અગાઉથી સૂચવવું. પૂર્વ સુચના કરવી. 2 દેખાઈ-જણાઈ આવવું. [પાડવાં.

Bespeckle, *v. t.* ડાઘ પાડવા; ટપકાં

Besprinkle, *v.t.* છાંટવું; વેરવું; સિંપવું.

Besputter, *v. t.* થુક ઉરાડીને બોલવું.

Best, *a.* ઉમદા; ઉત્તમ; સર્વોત્કૃષ્ટ. 2 *n.* બની શકે-થાય તેટલું. 3 *ad.* અતિશય; ઘણુંજ. 4 સેહેલથી.

Bestial, *a.* પશુ સંબંધી; પશુના જેવું.

Bestir, *v. t.* સાવધ-હોશિયાર કરવું.

Bestuck, *v.t.* વળગાવવું; ચીકટાવવું.

Bestow, *v. t.* આપવું; દેવું. બખશવું.

Bestrew, *v. t.* વેરવું; છુટું છુટું પડે તેમ નાખવું.

2 લગ્ન કરી આપવાં; પરણાવવું. 3 કામે લગાડવું; વાપરવું. 4 વોહોરવું; સંગ્રહ કરવો; સાંચવું.

Bestud, *v. t.* જડાવવું; ટીલી જડાવવી; જડાવ જડાવવું.

Bestride, *v. t.* પગ પોહળા કરીને કશાં ઉપર બેસવું અથવા ઉભા રહેવું. 2 મ્હોટી ફલંગ ભરી ઓલંગી જવું.

Bet, *n.* શરત; હોડ. 2 *v. t.* સરત કરવી-મારવી-બકવી. [ડવો-લેવો.

Betake, *v. t.* (one's self) આશ્રય પક-

Betel, *n.* (leaf) પાન; (nut) સોપારી.

Bethink, *v. t.* (ones' self) યાદ કરવું; સંભારવું. 2 *v.i.* યાદ રેહેવું-આવવું.

Bethlehem, *n.* ગાંડા માણસોને માટે કરેલું દવાખાનું. ઘેલાં ગાંડાં માણસોની ઈસપીટાલ; મેડ હાઉસ.
Betide, *v. i.* બનવું; વીતવું; ગુજરવું.
Betimes, *ad.* સવેળા; વખત-ટાંકણાસર; બરવખત. 2 જલદી; વેહેલાં.
Betoken, *v.t.* જણાવવું; સૂઝ પાડવું.
Betook, *p.p.* આશ્રય લીધો. Betake નો ભૂતકાલ. [2 ઉછાળવું; ફેંકવું.
Betoss, *v.t.* હેરાન કરવું; બેજાર કરવું.
Betray, *v. t.* દગો-વિશ્વાસઘાત કરીને બીજાને હવાલે કરવું. 2 દગો દેવો; ગલું કાપવું; ગલે લગાડી ગરદન મારવું. 3 દગાથી છાની વાત કહી દેવી-ઉઘાડી પાડવી-ફોડવી. 4 ઉઘાડું કરવું-પાડવું; બતાવવું. 5 દેખાઇ-જણાઇ આવવું; પકડાઈ જવું.
Betrayal, *n.* વિશ્વાસઘાત; કપટ; દગો.
Betroth, *v. t.* સંબંધ-વેસવાળ-વેવીસાલ કરવો; અદરાવવું; સગાઈ કરવી.
Betrothment, *n.* કારજ; વિવાહનો ઠરાવ; લગન સંબંધી કરાર.
Better, *a & ad.* અધિક,(બીજા કરતાં-થકી) સારૂં; સરસ; બેહેતર. 2 *v. t.* વધારે સારૂં-બેહેતર કરવું; સુધારવું. 3 *n. plu.* વડીલ; જ્યેષ્ટ.
To be better off, સુખી હોવું.
Betting, *n.* સરત મારવી-બંકવી તે.
Between, } *prep.* મધ્યે; દરમિયાન;
Betwixt, } વચ્ચે; અંદર; માંહોમાંહે.

Beverage, *n.* પીવાની કોઈપણ વસ્તુ.
Bevy, *n.* પક્ષીનું ટોળું-ઝૂંડ. 2 ટોળું; જમાવ
Bewail, *v.t.* શોક-ખેદ-વિલાપ કરવો.
Beware, *v.i.* સાવધ-હોશિયાર રેહેવું.
Bewilder, *v.t.* ભુલું પાડવું; ભમાવવું; બાવરૂં કરવું; અકળાવવું; ગભરાવવું.
Bewilderment, *n.* ગભરાવું તે; ગભરાટ; ચકભૂલ; ગુચવણ.
Bewilderness, *n.* ગુચવણ; ગભરાટ.
Bewitch, *v. t.* ચેટક લગાડવું. 2 મોહિત-વશ કરવું. 3 જાદુ-ધંતરમંતરથી છેતરવું; ભુરકી નાંખવું.
Bewitchment, *n.* વશીકરણ; કામણ; મોહિની; નજરબંધી.
Bey, *n.* "તુર્ક" અથવા "તાતાર" લોકોમાં એક દરજાનો ખેતાબ. 2 હાકમ.
Beyond, *prep.* આગળ. 2 પેલીતરફ-પાર
Bezel, *n.* વીંટીનું ખાનું-ઘર-પંચી.
Bezoar, *n.* ઝેર મ્હોરો; પાજહર.
Biangulated, *a.* બેખુણાનું; દ્વીકોણ.
Biarticulate, *a.* બે સાંધાનું.
Bias, *n.* મનનું વલણ-ઝોંક. 2 *v. t.* એકતરફી વાત ઉપરજ વળગી રેહેવું.
Bib, *n.* છાતીપર બાંધવાનો કટકો; ખાતી પીતી વખતે બચ્ચાંનાં કપડાં બગડે નહીં તે માટે તેની છાતીપર જે લુગડું બાંધવામાં આવેછે તે.
Bible, *n.* ખ્રિસ્તિધર્મ પુસ્તક; બાઈબલ.
Biblical, *a.* ખ્રિસ્તી શાસ્ત્ર સંબંધી.
Bibliography, *n.* પુસ્તકવર્ણન; ગ્રંથો

–પુસ્તકો ક્યારે થયલાં તેની હકીકત –ઇતિહાસ.
Biblomaniac, *n.* ચોપડીનો સોખી અથવા પેલો. [લે એવું.
Bibuloas, *a.* શોષક; ચુસી–શોષી
Bicker, *v. i.* ખટપટ–કટકટ–કજિયો થવો. [હોય એવું.
Bicolor, *a.* બે રંગનું; જેમાં બે રંગ
Bid, *v.t.* હુકમ–આજ્ઞા કરવી; ફરમાવવું. 2 મુલ કેહેવું; કિમ્મત કેહેવી (લીલામમાં). 3 બોલાવવું; તેડું કરવું. 4 *n.* લીલામમાં ભાવ આપવો અથવા "બીડ" કરવી તે; માગણી.
Bide, *v. i.* રેહેવું; વસવું.
Biennial, *a.* બે વરસ સુધી ચાલનાર–રેહેનાર. 2 બે વરસમાં એકવાર થનાર.
Bier, *n.* મુડદાંની ગાડી; કરકટી; ઠાઠડી; ગેહાન.
Biestings, *n. plu.* ગાયનું ખરેટું.
Big, *a.* મોહોટું; મહાન; જાડું. 2 (a woman) ગરોદર; ગર્ભવંતી. (a beast) ગાભણી. 3 ભરપૂર; ભરેલું. 4 મગરુર; દિમાખદાર. 5 બહાદુર.
Bigamist, *n.* બે બૈરીનો માટી અથવા બે માટીની બૈરી.
Bigamy, *n.* જીવતાં જીવત એક ધણીપર બીજો ધણી, અથવા એક બાએડી ઉપર બીજી બાએડી કરવાનો અપરાધ. [માણસ.
Bigot, *n.* સ્વમતાભિમાની; હઠીલું
Bigoted, *a.* મતવાદી; વગર વિચારે હઠીલાઇથી આકીન બેસાડી રાખનાર.
Bigotry, *n.* સ્વમતાભિમાન; હઠવાદ.
Bilateral, *a.* બે બાજુનું. [મજી.
Bile, *n.* પિત્ત. 2 ગંદો મિજાજ; ખફા
Bilge, *n.* પીપનું પેટું. 2 વહાણનું પેટું. 3 *v. i.* વહાણને ગાબડું પડવું.
Biliary, *a.* પિત્ત સંબંધી; પિત્તવાહક.
Bilious, *a.* પિત્તનું; પિત્તવાળું–સંબંધી.
Bill, *n.* ચાંચ. 2 કોઇતું; દાતરડું. 3 આંકડા; બીલ. 4 ફર્યાદીની લખી જબાની; વાદીની અરજી. 5 દેણદારે લખી આપેલી ચીઠી. 6 કાયદાનો મસુદો–ખરડો. 7 યાદી; ટીપ. 8 પ્રસિદ્ધ જગ્યાએ ચોંટાડેલી જાહેર ખબર. *Bill of exchange*, હુંડી. 9 *Bill of lading*, વાહાણ ઉપર ચહડાવેલા માલની ટીપ; સતમી; ભરતિયું. 10 *Bill of sale*, સાટાખત; વેચવાનો કબાલો. 11 *Bill of parceles*, વેચનારે, ખરીદ કરનારને લખી આપેલો આંકડો, જેમાં ખરીદેલી દરએક જણસોનો ભાવ માંડેલો હોયછે.
Billet, *n.* ચિઠ્ઠિ; રૂક્કો. [કાગળ.
Billetdoux, *n.* પ્રીતિ પત્ર; ઇષ્કનો
Billiards, *n. plu.* દડા અને લાકડીની
Billion, *n.* મહાપદ્મ. [એક રમત.
Billow, *n.* ભારે મોજો; ઉચી છોળ.
Bimana, *n.* દુધ આપનાર જનાવરોના

વર્ગમાનું સઉથી સરસ પ્રાણી;માણુસ પોતે=બે હાથવાલું પ્રાણી.
Bimanous, *a.* બે હાથનું; બે હાથવાળું.
Bimensal, *a.* બે માસનું; દર બે માસમાં એકવાર થતું-બનતું-આવતું.
Bin, *n.* કોઠાર; કોઠી; પીપ.
Bind, *v. t.* બાંધવું. 2 લપેટવું; વિટાળવું. 3 પેટ કબજ કરવું. 4 બાંધી લેવું (સોગન, માનતા, કરાર વગેરેથી). 5 કોર-મગજી મૂકવી. (*To bind over*) અદાલતમાં હાજર થવા અથવા સલાહ સંપજથી વર્તવાનો મુચરકો લખાવી લેવો. 6 *v. i.* કઠણ થવું.
Binding, *n.* બંધન. 2 પાટો. 3 બાંધણી;ચોપડીનું પુઠું. 4 કોર; મગજી. 5 *a.* બંધનમાં લાવે એવું. 6 અગત્યનું; આવશ્યક.
Binocular, *a.* બંને આંખે જોવાનું.
Binomial, *a.* બે પદ-રમકવાળું;દ્વિપદ.
Binoxide, } *n.* કોઇ તત્વ અને "ઓક્સીજન"ની મેલવણી
Binoxyd, }
જેમાં "ઓક્સીજન"નો પ્રમાણ બેવડો હોયછે.
Biographer, *n.* ચરિત્ર વર્ણન કર્તા-લખનાર; જીંદગાનીનો અહેવાલ લખનાર.
Biography, *n.* જીંદગાનીનો અહેવાલ; જન્મચરિત્ર; ચરિત્ર નિરૂપણ.
Biped, *n.* બેપગું જનાવર; દ્વિપદ પ્રાણી.
Bipetalous, *a.* બે પાંદરીનું-વાળું.
Biquadrate, } *n.* (*Alg.*) વર્ગને વર્ગે
Biquadratic, } ગુણ્યાથી જે ચતુર્ઘાત આવે તે.
Birch, *n.* એક જાતનું ઝાડ. 2 છોકરાંને ચમકાવાનીસોટી.
Bird, *n.* પક્ષી; પંખી; પંખેરૂં.
Bird-eyed, *a.* પક્ષીના જેવી આંખવાળું.
Birdlime, *n.* ચીક; પક્ષી પકડવાસારૂ ડાળીઓ ઉપર જે ચીકણો પદાર્થ લગાડવામાં આવેછે તે.
Bird's eye, *a.* ઉપર ટપકેનું; ચોટિલું.
Birth, *n.* જન્મ; જનન. 2 કુળ; ખાનદાન; વંશ. 3 આરંભ; મૂલ. 4 જન્મ સ્થિતિ. [સાલગરી
Birthday, *n.* જન્મદિવસ. 2 વર્ષગાંઠ
Birthplace, *n.* જન્મભૂમિ-દેશ;વતન.
Birthright, *n.* જન્મ પામ્યથી જે હક્ક મળેછે તે.
Bis, બેવડું.
Biscuit, *n.* બિસ્કોટ.
Bisect, *v. t.* બે સરખા ભાગ કરવા.
Bishop, *n.* વડો પાદરી; ધર્માધ્યક્ષ.
Bishopric, *n.* વડા પાદરીનું પંથક.
Bismuth, *n.* "બીસ્મથ" નામની એક જાતની ધાતુ.
Bison, *n.* રાની બળદ.
Bissextile, *n.* જે વર્ષમાં ફેબ્રુવારી મહિનામાં અધિક દિવસ ગણવામાં આવેછે તે વર્ષ; દર ચોથું વરસ, જેના ફેબ્રુવારી માસમાં એક દિવસ વધારવામાં આવેછે તે.

Bisnlcate, *a.* ચીરાયલી ખડીવાળું; ફાટેલી ખડીનું.

Bisulphuret, *n.* કોઈ મિશ્ર પદાર્થ જેમાં ગંધકના બે ભાગ આવ્યા હોય.

Bit, *n.* ગ્રાસ; બુકઃ કોળિયો. 2 તુકડો; કકડો; કટકો. 3 લગામની બીટ–ચોકડું–કડી. 4 કાણું પાડવાનું એક નાનું હથિયાર. 5 *v. t.* લગામ પેહેરાવવી–ઘાલવી.

Bitch, *n.* કુતરી; કોહોલી; વરૂની માદા.

Bite, *n.* દંશ; દાંત; બચકું; બચકડું. 2 બુક; કોળિયો. 3 ઠગાઈ–ફરેબ કરનાર; ઠગ. 4 *v. t.* કડવું; કરડી ખાવું; દાંત પાડવા; બચકું–ચટકો ભરવો. 5 મેણું મારવું. 6 વાગવું; લાગવું, જેમકે ઠંડી. 7 ઠગવું.

Bitter, *a.* કડવું; કવડું; કટુ. 2 કઠણ; જાલીમ; તીવ્ર. 3 કડકડતી (ઠંડી) 4 કટ્ટી (દુશ્મની). [ણુંજ.

Bitterly, *ad.* બહુજ; સખ્ત રીતે; ઘ-

Bittern, *n.* બગલાની જાતનું એક પક્ષી.

Bitterness, *n.* કડવાટ; કટુતા; કડવાસ. 2 અદાવત; કીનો; દ્વેષ; હાડવેર.

Bitumen, *n.* નખતેલ; સિલાજિત.

Blabber, *n.* લુતરો; છુપીવાત કહી દેનાર

Black, *a.* કાળું; શિહા. 2 અંધરાયલું. 3 બુરૂં; પાપી; અતિદુષ્ટ. 4 ઉદાશી–દુઃખ ભરેલું. 5 ગુસ્સે; ક્રોધાયમાન. 6 *n.* કાળો રંગ. 7 હબસી. 8 શોકનો પોશાક. 9 *v. t.* કાળું–મેલું કરવું.

Black art, *n.* જાદુ; મેલી વિદ્યા.

Blackamoor, *n.* હબશી; સિધી.

Blackball, *n.* કાળો દડો (ઘણું કરી એ દડો છુપાં મત લેતી વેળાએ, જો ના કેહેવાનું મત હોય તો તે દડો નાખ્યામાં આવેછે.)

Black-board, *n.* કાળું પાટીયું, જે નિશાળોમાં હિસાબ ઈત્યાદી બાબદો સમજાવાનાં કામમાં આવેછે તે.

Black-cattle, *n.* ઢોર; બળદ, ગાય ઈત્યાદિ.

Blacken, *v. t.* કાળું કરવું; કાળો રંગ આપવો. 2 કલંક લગાડવું; બદનામ કરવું. 3 *v. i.* કાળું થવું–પડી જવું.

Black-guard, *n.* લુચ્ચું–સોદું–હરામી માણસ. 2 *a.* લુચ્ચું; ખરાબ.

Blacking, *n.* બ્લાકીંગ; બુટ કાળાં કરવાની એક કાળી વસ્તુ.

Blackish, *a.* કાળાશ પડતું–પર આવેલું.

Black-lead, *n.* ખનીજ પદાર્થ, જેની સીસાપેન બનેછે તે.

Blackleg, *n.* અઠંગ જુગારી–ઠગ.

Blackmail, *n.* ચોર અને લુટારાઓથી બચી જવા માટે તેમના હાથ દાબવામાં આવતા તે.

Blacksmith, *n.* લુવાર; લોહાર.

Black-wood, *n.* સિસમનું લાકડું.

Bladder, *n.* ફુક્કો; કોથલી; જેમાં પિશાબ વીગરે ભરાયછે તે.

Blade, *n.* તણખું; તણખલું; સલી. 2 પાનું. (છરીનું–તરવારનું.)

Bladebone, *n.* ખભાનું હાડકું.
Blain, *n.* છાગરો; ફોડિયો; ફરફોલો.
Blamable, *a.* ઠપકાલાયક; દોષ પાત્ર.
Blame, *n.* દોષ; બદનામી; ઠપકો; વાંક. 2 *v. t.* દોષ મૂકવો; ઠપકો દેવો.
Blameless, *a.* નિર્દોષ; બેગુનાહ; બેતકસીર; નિરપરાધી.
Blamelessly, *ad.* નાહક; બે સબબ.
Blanch, *v. t.* ધોળું–સફેત–ઉજળું કરવું. 2 છાલ કાહાડવી; છસતાં છોલવાં.
Bland, *a.* કોમળ; શાંત; નમ્ર; મૃદુ.
Blandiloquence, *n.* નરમ, મીઠું, સરાવનાર અથવા ચાપલુસીઓર ભાષાણ; મૃદુ ભાષણ; મીઠી મીઠી વાત.
Blandishment, *n.* અદા; નખરાં; ચાળા. 2 મીઠી મીઠી વાત; ફુસલાહત.
Blank, *n.* કોરો કાગળ. 2 ખાલી–કોરી જગા. 3 સોરતીમાંની ખાલી–કોરી ચિઠી. 4 Point-blank shot, બંદુખને સમતોલ સીધી રાખીને મારેલી ગોળી. 5 *a.* કોરૂં; ખાલી. 6 ધાસ્તીથી સફેદ–ફિક્કું પડેલું; ગભરાયલું; નીરાશ થયલું. 7 નહીં મળતા કાફીયાવાળું (બેત); અનુપ્રારા વગરની (કવિતા.)
Blanket, *n.* કામળી; બનુસ; ધાબળી. 2 *v. t.* ધાબળીમાં નાંખી ઉછાલવું. 3 ધાબળીથી ઢાંકવું.
Blank-verse, *n.* નહીં મલતા કાફીયાવાળું બેત; અનુપ્રાસ રહિત–યમક વગરની કવિતા.
Blarney, *n.* દફાંસ; ગપ; તાલમેલ.
Blaspheme, *v.t.* ઇશ્વરની નિંદા કરવી. 2 કોઈની નિંદા–બદગોઇ કરવી.
Blasphemy, *n.* દેવ–ઇશ્વર નિંદા.
Blast, *n.* પવનનો ઝપાટો. 2 ફુંક; ફુંફાડો. 3 ફુંકીને વગાડેલાં યંત્રનો અવાજ. 4 રોગ; સળો. 5 ધડાકો. 6 *v. t.* ખરી–કરમાઈ જાય તેમ કરવું. 7 તોડી પાડવું. 8 ફોડવું; ઉરાડવું. 9 ગભરાવવું.
Blastfurnace, *n.* ધુકતી લગાડીને ધમણ વગેરેથી પવન જોસથી ફુંકતો કીધેલો હોય એવી ભઠી.
Blasting, *n.* શુરંગથી ઉરાડવું–ફોડવું તે.
Blaze, *n.* ભડકું; ભભુકો; બળતું. 2 ધોંગાટ; ગડબડ. 3 ઘોડાના કપાળ ઉપરનો સફેદ ચાંલ્લો–ટીલો. 4 પસારો; ફેલાવો. 5 રોશની; ઉજાસ. 6 *v.i.* ધગધગવું; બળવું. 7 પ્રકારાવું. 8 *v.t.* જાહેર પાડવું; ગજાવી મુકવું.
Blazing, *p. a.* ભભુકા નિકળે એવું; ધગધગતું; ઝગઝગતું; ચલકતું.
Bleach, *v. t.* નિખારવું; સફેત કરવું. 2 *v. i.* ઉજલું–સફેત થવું.
Bleak, *a.* હવા–પવનમાં ઉઘાડું પડેલું. 2 સર્દ; સર્દીનું; ઠંડું; શીતળ.
Blear-eyed, *a.* સુઝેલી–પાણી ઝરતી –ગળ્યા કરતી આંખવાળું.
Bleat, *v.i.* બકરાં–મેંઢાની પેઠે બરાડવું.
Bleating, *a.* બેંબેં કરતું.
Bleed, *v. i.* લોહી નિકળવું–વેહેવું.

2 કમોહોતે મરવું. 3 *v. t.* લોહી કાહાડવું; ફસ ખોલવી; સંગરાહ મુકવી.
Blemish, *n.* ખોડ; ખાંપણ; એબ. 2 દોષ; કલંક; ડાઘ. 3 *v. t.* દોષ-ડાઘ લગાડવો; ગેરઆબરૂ કરવી.
Blend, *v. t.* ભેળી-મેળવી નાખવું; આમેઝ કરવું. 2 *v. i.* મળી-સમાઈ જવું; મેળસેળ-મિશ્ર થવું.
Bless, *v. t.* આશીર્વાદ દેવો; દુવા માગવી. 2 કલ્યાણ-સારૂં-ભલું કરવું. 3 સ્તુતિ કરવી; વખાણ કરવાં; ગુણ ગાવા. 4 સુખી ગણવું-માનવું.
Blessed, *a.* ખોદાની બક્ષીસથી સુખી-આસુદું.
Blessedness, *n.* સુખ; કલ્યાણ.
Blessing, *n.* કલ્યાણ; સુખ. 2 આશીર્વાદ; દુવા. 3 ઇશ્વરી કૃપા; ખોદાની મેહેરબાની. 4 બખશીશ; વરદાન.
Blight, *n.* ઝાડ મરી જાય અથવા તેનાં પાતરાં વગેરે ખરી પડે એવો તેને થતો એક મરજ; સલો. 2 *v. t.* કરમાવી-ચિમડાવી નાખવું. 3 ભંગ-નિષ્ફળ કરવું.
Blind, *n.* પડદો; અંતરપટ. 2 નજરબંધી; નજર ચુકવવા અથવા ઠગવાને આડી મુકેલી કોઈ પણ ચીજ. 3 (for a horse) અંધારી. 4 *a.* આંધળું. 5 અજ્ઞાની; હૈયા ફુટું. 6 અવિવેકી. 7 ગુપ્ત; અદૃશ્ય. 8 *v. t.* આંધળું કરવું. 9 ઝાંખું-કાણું કરવું. 10 બુદ્ધિ ગુમ કરવી; હૈઆ ફુટું કરવું.
Blind from birth, જન્માંધ.
Blind by night, રતાંધળું.
Blindfold, *a.* આંખે પાટો બાંધેલું. 2 હઈયા ફુટું. 3 *v. t.* આંખે પાટો-અંધારી બાંધવી. 4 દેખે નહીં તેમ કરવું.
Blindly, *ad.* આંધળાંની પેઠે; આંખ વિચીને-મીચીને. 2 વગર વિચારે; આગળ પાછળ જોયાવના. 3 વિવેક વગર.
Blind-man's buff, *n.* નાસો ગોસો; ડાઇનો ઘોડો. [નપણું.
Blindness, *n.* અંધાપો. 2 અજ્ઞા-
Blink, *v. t.* ઉડાવવું; આંખ મિચામણ-અખાડા કરવા. 2 ચુંચી-ચુંખલી આંખ કરી જોવું. 3 *n.* કટાક્ષ.
Bliss, *n.* સુખ; અત્યાનંદ. 2 સ્વર્ગસુખ.
Blissful, *a.* પરમ સુખી; આનંદી.
Blister, *n.* ફોલ્લો; છાગરો; ઝેરેલો. 2 ફોલ્લા ઉઠવાને મારેલી પટ્ટી-આગરી; બ્લીસ્ટર. 3 *v. i.* બ્લીસ્ટર ઉઠવું. 4 *v. t.* બ્લીસ્ટર મારવું. [સુખું.
Blithe, *a.* આનંદી; સદા સુખી; હસ-
Blithley, *ad,* આનંદ ભરેલી રીતે.
Bloat, *v. t.* ઉપસાવવું; ફુગાવવું. 2 ફુલવવું. 3 *v. i.* ફુગવું; ફુલવું; ઉપસવું.
Bloated, *a.* ફુલેલું; ઉપસેલું.
Bloatedness *n.* સોજો; ફોપસો.
Block, *n.* ઢિમરું; ઢિમસું; ચોસલું.

2 કમ્પો; કમ્પી. 3 મુર્ખ; ધોંડો. 4 હાર; ઓળ. 5 નડતર; આડ; અટકાવ. 6 લાકડાંનું માથું; પાગડી બાંધવા- ટોપી બનાવવાનું લાકડાંનું માંથું. 7 *v. i.* રોકવું; બંધ કરવું; અટકાવવું.
Blockade, *n.* નાકાબંદી; ઘેરો. 2 *v. t.* રસ્તો-નાકાં બંધ કરવાં; ઘેરી લેવું.
Blockhead, *n.* મુર્ખ; અનાડી; ધોંડો.
Blockhouse, *n.* બંદરને બચાવાને બાંધેલો લાકડાનો કિલ્લો. [માણસ.
Blonde, *n.* ગોરૂં ને કોલી આંખનું
Blood, *n.* લોહી; રુધિર. 2 સગપણ; સંબંધ; લોહી. 3 રાજવંશ. 4 ઊંચું કુલ; ખાનદાન. 5 ખુન. *The blood of grapes*, દ્રાક્ષરસ. *In cold blood*, ઠંડે પેટે; જાણી બુઝીને. *Shedding of blood*, રક્તપાત.
Bloodhorse, *n.* ઊંચી જાતનો ઘોડો.
Bloodhound, *n.* એક જાતનો કુત્રો. શિકારમાં જખમાઈ નહાઠેલા જનાવરના લોહીના વાસ પરથી એ કુત્રો તેની ભાલ કહાડેછે.
Bloodless, *a.* લોહી વગરનું. 2 લોહી પાડયા-ખુના મરકી કરયા વગરનું.
Bloodshed, *n.* ખુનરેજી; કતલ.
Bloodshot, Bloodshotten, } *a.* લોહીથી ભરેલું; રક્તપૂર્ણ; લાલચોલ. (જેવી કે આંખ.)
Bloodsucker, *n.* લોહી ચુસી લેનાર પ્રાણી; જલો. 2 ખુની-નાતરસ- ઘાતકી આદમી.
Bloodthirsty, *a.* લોહીનું તરસ્યું; ખૂનખાવાર. [કતચાહિની.
Bloodvessel, *n.* નેસ; નસ; શિરા; ર॰
Bloodwood, *n.* પતંગનું લાકડું.
Bloody, *a.* લોહીના ડાઘ પડેલું; લોહી લાગેલું; લોહી લોહીયાણ. 2 કુર; નિર્દય; ઘાતકી; ખુની. 3 ખુનરેજીની- વાળી (લડાઇ.)
Bloom, *n.* વકાસ; ખિલવું તે. 2મોહર; કલી. 3 જોબન; નુરાની; બહાર. 4 *v. i.* ખિલવું; ફુલવું; મોર આવવો. 5 જોબન-ભર જોબનમાં આવવું.
Blooming, *a.* ખિલતું. 2 કાજગરૂં.
Blossom, *n.* મોર; કળી; ફુલ. 2 *v. i.* ફુલ આવવાં-ઉગવાં-લાગવાં॰ 3 આબાદાન થવું; ખિલવું.
Blot, *n.* ડાઘ; ડપકો. 2 કલંક; બટો. 3 *v. t.* નુછી-છેકી-ચેરી નાખવું. 4 ડાઘ પાડવો. 5 કલંક-બટ્ટો લગાડવો.
Blotch, *n.* ચાઠું; ફુલ્લો; ગોડ. [કાગજ.
Blotting Paper, *n.* સાહી ચુસવાનું
Blow, *n.* ફટકો; ટોલ્લો. 2 મુકી; ડોસો. 3 અનર્થ; આફત; ધોકો. 4 લડાઈ; હુમલો. 5 *v. t.* ફુલ આવવાં; ખિલવું. 6 ફુંકવું; વિંજવું. 7 ઘસડી લઈ જવું. 8 વગાડવું. 9 ફેલાઈ- પસરી જવું; આશકારા થવું. 10 ઇંડું મુકવું. 11 પરપોટા કરવા. 12 *v. i.* ફુંકવું; ફુંકાવું; વાવું. 13 હાંફવું. 14 વાગવું. 15 ખિલવું; ફુલ આવવાં.

At a blow, એક ફટકે–તડાકે. *To come to blows*, હાથો હાથ થવું; મારામારી પર આવવું. *To blow over*, પસાર થઈ જવું; ટલી–વળી જવું. *To blow hot and cold*, બંને બોરહુ તરફ ઢલતું રહેવું; દુધમાં ને ડહીમાં હોવું.
To blow off, જવા–નિકલી જવા દેવું. *To blow out*, વડું–ગુલ કરવું; હોલવવું. *To blow up*, *v. i.* ઉડવું; સુરંગ–બારૂતથી ઉડવું. 2 *v. t.* પવનથી ભરવું; ઉપસાવવું. 3 ચઢાવવું; ફુલણજી કરવું. 4 સળગાવવું; લગાડી મારવું. 5 ભાંગી તોડી કકડા કરી ચોમેર ઉરાડી નાખવું; ઉરાડી મૂકવું. 6 રદ થાય–પાણીમાં જાય તેમ કરવું. 7 ખખડાવી–ઝાડી નાખવું; ઝાડિયો ઉતારવો.
Blow-pipe, *n.* ફુંકણી; ભુંગળી.
Blubber, *n.* મગરમછ તથા સંમુદ્ર માહેલાં બીજાં મ્હોટાં જાનવરોની ચરબી; 2 દરીઆઈ જુ. 3 *v. i.* ચેહેરો બદલાઈ જાય, ગાલ સુજી આવે અને મ્હોડાંમાંથી લિપ ગળે એવી રીતે રડવું.
Bludgeon, *n.* ડાંગ; કુતકું; કુંદું; ગદા.
Blue, *n.* આસમાની–નીલો રંગ. 2 (*plu.*) ખિન્નતા; ઉદાસી. 3 આસ્માની રંગનું; નીલું; બલુ. 4 ખિન્ન; ઉદાસ. 5 અતિશય; ઘણુંજ બારીકી ભરવું. 6 *v. t.* આસ્માની–બલુ રંગનું કરવું.
Bluebook, *n.* પાર્લામેંટની તરફથી પ્રગટ થતી ચોપડી–એ ચોપડીનું પુઠું ઘણું કરીને બલુ રંગનાં કાગલનું હોયછે તે ઉપરથી એ નામે તે ઓલખાયછે. [લફ્રામ.
Blueness, *n.* આસમાની રંગ; નિ-
Blue light, *n.* બપોરીયો; બપોરીયાની રોશની.
Blue-stocking, *n.* વિદ્વાન સ્ત્રી. 2 વિદ્યાનું ડાળ ઘાલનાર સ્ત્રી.
Blue-vitriol, *n.* મોરથુથુ.
Bluff, *a.* ભડભડિયું; સાદું.
Bluish, *a.* નીલાસ પડતું.
Blunder, *n.* ચૂક; ભૂલ; ગોથું. 2 *v. i.* ચૂકવું; ભૂલવું; ગોથું ખાવું.
Blunderbuss, *n.* એક જાતની બંદુક.
Blunt, *a.* બુઠું; ધાર બેઠેલું. 2 બોથડ; ઠોઠ. 3 બેઅદબ; બેસલુખ. 4 *v. t.* બુઠું કરવું. 5 અસર ઓછી કરવી.
Blur, *v. t.* ડાઘ અથવા ધાબું પાડી ઝાખું કરવું; કાળું કરવું. 2 ડાઘબટ્ટો લગાડવો. 3 *n.* ડાઘ; ડપકો.
Blurt, *v. t.* ઝડપથી બોલવું–બોલી ઉઠવું; વગર વિચારે જે તે ભરડી દેવું.
Blush, *n.* રાતો રંગ; રતાસ; લાલી. 2 શરમ–લાજ લાગ્યાથી ગાલ ઉપર દેખાઇ આવતી જે લાલી–લાલાસ તે. 3 *v. i.* લાજ–ખિજાલત લા-

ગવી; મોહોડાનું નુર ઉતરવું; આંખું-ફીકું પડવું; શરમાઈ-લજવાઇ જવું. 3 ખીલવું; ખીલી રેહેવું. [વારજ.
At the first blush, જોતાંજ; જોતાં-
Bluster, *v. i.* લાફ મારવી; પતરાજ કરવી. 2 ઘોંગાટ થવો. 3 *n.* સુસાટો; ઘોંગાટ. 4 ડીંગ; પતરાજીની વાત; ફુલાસ.
Boa constrictor, *n.* અજગર.
Boar, *n.* જંગલી ડુક્કર; સુઅર; ભુંડ.
Board, *n.* પાટિયું; ફળું; તખતો. 2 સુફરો; ટેબલ; મેજ. 3 ખાણુંપિણું; ખાનપાન. 4 પંચ; મંડળી; સભા. 5 રમવાનું ચોપટ-ડામનું પાટિયું. 6 (*plu.*) નાટકનો તકતો. 7 *v. t.* પાટયાં જડવાં. 8 વાહણપર ચઢી-ધસી જવું. 9 પૈસા આપીને કોઇને ત્યાં ખવડાવવા મૂકવું. 10 *v. i.* પઇસા આપીને કોઇને તાંહાં ખાવું, પિવું તથા રેહેવું.
Boarding-school, *n.* જ્યાંહાં છોકરાંઓ રેહે, ખાય, પીયે અને શિખે તેવી નિશાળ.
Boardwages, *n.* (*plu.*) ચાકરોને આપેલો ખાધા ખરચ.
Boarish, *a.* ઘાતકી; ક્રૂર; બેરેહેમ.
Boast, *n.* બડાઈ; ફિસિયારી; શેખી. 2 *v. t.* & *v. i.* ફિસિયારી-શેખી કરવી; ઇતરાવું. [ગર્વિષ્ટ.
Boastful, *a.* બડાઇખોર; અહંકારી;

Boat, *n.* હોડી; મછવો; પડાઉ.
Boatswain, *n.* સરંગ; ટંડેલ.
Bob, *n.* (of the head) ઓલો; ઑકો. 2 કંઇપણ ન્હાની ગોલ લટકતી ચીજ; લોલક. 3 *v. i.* એક ગમથી બીજી ગમ ડોલવું; ઓલા ખાવા; લબડવું.
Bobbin, *n.* ચાટરડું; માસુર; દોરો વીટાલવાનું ચાટરડું; ફિરકી.
Bobtail, *n.* ટુંકી-કાપેલી પુછડી. 2 નીચ-હલકાં માંણસોનો જમાવ.
Bode, *v. t.* અગમચેતી કરવી; ભવિશ કેહેવું. 2 *v. i.* અગમચેતી થવી.
Bodice, *n.* છાતી તથા કંમર તડી રાખવાને યુરોપીઅન સ્ત્રીઓ પેહેરેછે તે વાસકુટ જેમાં "વ્હેલબોન" ની કાંમડીઓ મુકેલી હોયછે; કબજો.
Bodily, *a.* શરીર-દેહસંબંધી. 2 *ad.* શરીર સાથે-માં. 3 સઘળું; તમામ.
Boding, *a.* અગમચેતી કરતું-કરે એવું. 2 *n.* અગમચેતી; શુભાશુભ સૂચના.
Bodkin, *n.* સુઇયો; સોયો.
Body, *n.* શરીર; દેહ; અંગ; કાયા; બદન. 2 મૂળ પદાર્થ-ચીજ-વસ્તુ; સત્વ. 3 માણસ; ગ્રહસ્થ. 4 મંડળી; ટોલી; સભા. 5 કસ; જીવ; દમ. 6 લશ્કર; સેના. 7 પેટું; મુખ્ય ભાગ; દળ. 8 નક્કર આકૃતિ.
Body-guard, *n.* હુજરાત; કોઈ મા-

ણુસની નેગેબાની કરનાર અથવા બચાવ કરનાર શાખસ અથવા શાખસોની ટોલી; હજુરના રખવાલ.
Bog, *n.* કીચલની-ખમોચીઆની જગા; ઘાસવાળું કલાણ.
Bogey, Bogy, } *n.* બહાઉ; મઘરડો;
Bogle, Boggle, } ઘેઘર; બાહુક; હાઉ.
Boggle, *v. i.* મન ઘચુપચુ રાખવું; આનાકાની કરવી; ખંચાવું.
Boil, *n.* ગુંમડું; ફોલ્લો. 2 *v. i.* ઉકાળવું; ખદખદાવવું; કકડાવવું. 3 સીજવવું; રાંધવું; બાફવું 4 *v. i.* ખળખળવું; ખદખદવું. 5 ઉકળવું; તપીજવું.
Boiler, *n.* ઉકાળવાનું વાસણ; ડેગ; ચરૂ; કડા. 2 પાણીનો બાફ કરવાનું યંત્ર; બાફનો સાંચો; બાઇલર.
Boisterous, *a.* શોહોર ભરેલું; તુફાની; તુંદ; ધાંધળિયું. 2 સખત; જબરદસ્ત; કઠણ; સુસવાટાબંધ.
Bold, *a.* છાતીવાળું; હિમ્મતવાન; જાનદાર; ધીટ; સાહસિક. 2 ધૈર્ય-હિમ્મતનું. 3 ઉદ્ધત; બેઅદબ; અવિચારી. 4 ઉભું; ઉંચું. *To make bold*, હિમ્મત પકડવી; છુટ લેવી.
Boldly, *ad.* હિમ્મતથી; બેધડક.
Boldness, *n.* છાતી; હિમત; શૌર્ય; દિવાવરી. 2 તોછડાઈ; ગુસતાખી. 3 ચઢાવ.
Bolster, *n.* તકિયો; ઓસીકું; અસીસું.
Bolt, *n.* ખીલી; આગળો; અડગરો. 2 તીર; ભાલો. 3 *v. t.* આગળો-ખીલી દેવી. 4 ડપુસો મારી ગળી જવું. 5 *v. i.* ઝડપથી નિકળી આવવું;
Bomb, *n.* છરાનો ગોળો. [છટકીજવું.
Bombard, *v. t.* છરાના ગોળાનો મારો ચલાવવો. [મારો.
Bombardment, *n.* છરાના ગોળાનો
Bombardier, *n.* ગોલંદાજ.
Bombast, *n.* વગર અર્થનું પણ મોહોટા મોહોટા શબ્દોથી ભરેલું ભાષણ.
Bombastic, *a.* મોહોટા મોહોટા શબ્દનું.
Bon, *a.* & *n.* સારૂં, સારી વાત.
BonBon, *n.* (*f*) મીઠાઈ; સાકરની બનાવેલી તરેહવાર ટાંકલી.
Bonafide, *L.* દગા ફટકા વગરનું; ખરેખરૂં; ખરાં દીલનું-વાળું.
Bond, *n.* બાંધણુ; બંધ. 2 ગાંઠ; સંબંધ. 3 ખત; દસ્તાવેજ. 4 કેદ; બંદી. 5 બંદ; બધન. *Mortgage Bond*, ઘરેણાઉ ખત; ગીરોનો કબાલો; ગીરોખત.
Bondage, *n.* બંદી; કેદ. 2 ગુલામગીરી.
Bondmaid, *n.* દાસી; લોંડી.
Bondman, *n.* દાસ; ગુલામ.
Bondsman, *n.* જામીન; હમીદાર.
Bondswoman, } *n.* ગોલામડી; લોંડી.
Bondwoman, }
Bone, *n.* હાડ; હાડકું; હાડકી; અસ્થિ. *To make no bones*, ખતરો અથવા અંદેશો કરવો નહીં; અચકાવું-ખંચાવું નહીં.

Bone-black, *n.* હાડકાંનો કોલસો.
Bonfire, *n.* ફતેહ વગેરેની ખુશાલીમાં સળગાવેલો જે મોહોટો અગ્નિ-આતશ તે; જયસુચક અગ્નિ.
Bone-setter, *n.* ભાંગી ગયલાં તથા મારચાયલાં હાડકાંને બેસાડનાર-દુરૂસ્ત કરનાર; હાડ વૈદ્ય.
Bonnet, *n.* ઈંગરેજી આરતો પેહેરેછે તે ટોપી; મડમની ટોપી.
Bonny, *a.* ખુબસુરત. 2 ખુશ; રમુજી.
Bonus, *n.* ભાગીદારોને તેઓના ભાગ ઉપર વ્યાજ ઉપરાંત અપાતી વેહેચણી.
Bony, *a.* હાડકાંવાળું; હાડકાંનું-સંબંધી 2 મોહોટાં કઠણ હાડનું; મજબુત.
Booby, *n.* ઘોંડો; મૂર્ખ; ઉલ્લુ; ઠ.
Book, *n.* ચોપડી; પુસ્તક; કિતાબ; બુક. 2 વહી. 3 ભાગ; ખંડ; સ્કંધ. 4 *v. t.* ચોપડી-ચોપડામાં લખવું; નોંધવું; ચઢાવવું.
To be in one's book or good graces, વાહલું-માનિતું હોવું.
Without book, મ્હોડે. 2 સત્તા-આધાર વગર.
Bookbinder, *n.* જિલદગર; ચોપડી બાંધનાર.
Bookish, *a.* જેને વાંચવા ઘણું ગમતું હોય એવું; અભ્યાસી.
Book-keeper, *n.* નામું લખનાર મેહેતો.
Book-keeping, *n.* જમા ખર્ચ, અને વેપારિઓની લેવડ દેવડનો હિસાબ રાખવાની રીત; નામું; નામુંઠામું.
Book-knowledge, *n.* પુસ્તકો વાંચી મેળવેલું જ્ઞાન; ગ્રંથજ્ઞાન.
Book learned, *a.* કિતાબદોસ્ત; વિદ્યામાં પ્રવીણ ને શાસ્ત્રમાં નિપુણ પણ દુનિયાદારીના રાહાધાટથી અણવાકેફ; ભણયા પણ ગણયા નહીં તેવું.
Bookworm, *n.* ચોપડીને સડો લગાડનાર ઉધાઈ; કસારૂં. 2 અતીશય વાંચવાનો શોખી; ગ્રંથાસક્ત.
Boom, *n.* થોડાં પાણી હોય ત્યાં નિશાની દાખલ, અથવા શત્રુનાં વાહાણને અટકાવવાને ખાડીમાં જે કાઠીઓ દાટી હોયછે તે. 2 તોપ-સમુદ્રનો ઊંડો અવાજ; ગર્જના; ધુધવાટો. 3 *v. i* ઊંડો અવાજ થવો.
Booming, *p.a.* ધુધવાટા-ધુધુ કરતું.
Boon, *n.* બક્ષેસ; દાન. 2 *a.* આનંદી.
Boor, *n.* ગાંમડિયો; ગાવડી; દેહેકાની.
Boorish, *a.* ગંવાર; બેવકુફ; અજ્ઞાની; જંગલી; રોચુ; અણસમજુ.
Boot, *n.* જોડો; પગરખું; બુટ. 2 લૂટ. 3 નફો; લાભ. *To boot,* તે ઉપરાંત. 4 *v. t.* બૂટ પેહેરાવવાં. 5 લાભ થવો-કરવો.
Booth, *n.* પાટીયાં વગેરે તકલીદી ચીજોથી, થોડા વખતને સારૂ, બાંધેલો માંડવો, બેઠક, માંડવ, મંડપ.
Bootless, *a.* મીથ્યા; ફોકટ; નીષ્ફળ; બીનફાએદે.
Booty, *n.* લૂટ.

Bo-peep, *n.* બાળકોની એક રમત જેમાં તેઓ એક બીજાને ચીમાઈને બીવડાવેછે તે; કુકડૂકૂં; ઝાકુક; ઝાંકાઝૂકી.

Borax, *n.* ટંકણખાર; ખડીઓખાર.

Border, *n.* કિનારો; કાંઠો. 2 સરહદ; હદ; સીમા. 3 પાળ; વરો. 4 મગજી; સંજાફ; કોર; ઝીનારી; પાલવ. 5 કોરણ; છેડો. 6 *v. i.* નજદીકમાં–પડોસમાં આવવું–આવી જવું. 7 *v. t.* મગજી–કોર–ઝાલર મૂકવી.

Bore, *n.* કાણું; છિદ્ર; બોક. 2 બંદુક–તોપ ઇત્યાદીની નળી. 3 ફરી ફરીને એકની એક વાતનાં પીંજણથી કંટાળો ઉપજાવનાર; એન. 4 નદીમાં આવતી રેલ–પુર; જોરા ભરેલી એવડી ભરતી. 5 *v. t.* વેહે–સુરાખ–નાકું–બાકોરૂં પાડવું; વિંધવું; સારવું. 6 થકવવું; માથું પકવી–ચેરવી નાખવું. 7 ફોલી–કોરી ખાવું. 8 પાર નિકળી જવું. 9 *v. i.* કાણું–વે પડવો.

Boreal, *a.* ઉત્તર વાયુને લગતું; ઉત્તર દરાનું.

Boreas, *n.* ભુખાર; ઉત્તર તરફથી ફુકતો શીતળ વાયુ.

Borer, *n.* વિંધારો; નાંકું પાડનાર; વિંધનાર. 2 સારડી; ટાંપણું.

Borings, *n.* વેહેર; લાકડું અથવા કોઈ બીજી ચીજ વીંધતા જે ભુકો બાહાર પડેછે તે.

Born, *p.p.* જનમ પામેલું; પેદા થયલું.

Borne, *p. p.* Bear નો ભૂતકાળ.

Borough, *n.* જે ગામમાંથી પાર્લમેંટમાં સભાસદો મોકલવામાં આવેછે તે ગામ.

Borrel, *a.* ગંવાર; ગામડયો; જંગલી; અનાડી.

Borrow, *v. t.* ઉછીનું–ઉધાર લેવું. 2 ઉતારી લેવું. 3 કોઈની નકલ કરવી; ધારણ કરવું.

Bos, *n.* બળદ, ભેંસ જેવાં ચોપગાં જાનવરોને આ શબ્દ લાગેછે.

Boscage, *n.* જંગલ; ઝાડી.

Bosky, *a.* જંગલી; ઝાડીઓથી ભરેલું.

Bosom, *n.* છાતી; ઉર. 2 પેહેરવાનાં લુગડાંનું પડ અથવા ભાગ જે છાતી ઉપર ઢંકાયછે તે. 3 ગર્ભ; પેટું, જેમકે જમીન અથવા દરીઆનું. 4 કોટી; ગળે લાગવું; બગલ ગીરી; ગોદ. 5 હૃદય; કાળજું. 6 પેટ; મન. *A bosom friend*, જીવલગ–જીવજાન દોસ્ત–મિત્ર.

Bbss, *n.* બહાર પડતો–આગળ નિકળી આવેલો ભાગ; ખુંટો; ગુંડો; ગુલમેખ; નકશી; ફૂલ.

Bossy, *a.* ફુમતાંવાળું; ખુંટાદાર.

Botanic, **Botanical**, *a.* ઝાડપાનને લગતું; ઉદ્‌ભિજ્જ વિદ્યાનું; વનસ્પતિ વિદ્યા સંબંધી.

Botanist, *n.* ઝાડપાનની વિદ્યામાં પ્રવીણ; વનસ્પતિ વિદ્યા વેત્તા.

Botanize, *v.i.* ઝાડપાન સંબંધી જ્ઞાન

મેળવવાને—વનસ્પતિ વિદ્યાના અભ્યાસ ખાતર વનસ્પતિની શોધ ખોળ કરી તે એકઠી કરવી.

Botany, *n.* ઉદ્‌ભિજ્જ વિદ્યા; વનસ્પતિ વિદ્યા.

Botch, *n.* વસુડી; ગોડ; ફોલ્લો. 2 ફાટેલાં કપડાં ઉપર મારેલું બેડોળ થિંગડું. 3 બેડોળ—કઢંગી રીતે કરેલું કામ. 4 *v. t.* બેડોળ રીતની થિંગડ થાંગડ કરવી. 5 આખડ ધોખડ—જેવું તેવું કામ કરવું.

Botcher, *n.* અણઘીસલી દરજી અથવા ચમાર.

Both, *a.* બેહુ; બંધે; ઉભય; બન્ને.

Bother, *v. t.* કંટાળો આપવો; ત્રાસ દેવો; માથું ખાઈ જવું; કાયર કરવું.

Bottle, *n.* શીશો; બાટલી; કુપ્પી. 2 બાટલી શીશીમાં માય તેટલો પદાર્થ. 3 *v. t.* બાટલીમાં ભરીને બુચ મારવો.

A Bottle of hay, ઘાસની પુળી.

Bottle companion, } *n.* શરાબબાજી
Bottle friend, } કરવામાં શામેલ રહેનાર દોસ્ત; સાથે દારૂ પીનાર દોસ્ત.

Bottle glass, *n.* બાટલીનો કાચ.

Bottom, *n.* તળિયું. 2 પાયો; કોઈ પણ વસ્તુનો હેઠલો ભાગ; મૂળ; બેઠક; પડઘી. 3 આધાર; મુળ; મુખ્ય કારણ; પાયો. 4 હદ; થાગ; છેડો. 5 વહાણ; બારકસ. 6 કચરો; રગડો. 7 પાણી; દમ. 8 દોરાની દડી—દડો. 9 *v. t.* કોઈ પાયા ઉપર બાંધવું—રચવું—આધાર રાખવો. 10 તળિયું જડવું; બેઠક કરવી; પડઘી બેસાડવી. 11 દોરો વિંટાળવો; દડી કરવી. 12 *v. i.* આધાર હોવો—રાખવો.

Bottomless, *a.* અથાગ; અગાધ.

Bottomry, *n* વાહાણનાં ખોખાં ઉપર નાંણાં કહાડવાં તે; વાહણનું ખોખું ધરણે મુકવું તે.

Boudoir, *n.* ખાનગી ઓરડો.

Bough, *n.* ઝાડની ડાળ; ડાંખળી.

Bought, *p. p.* ખરીદ કીધું. See Buy. 2 *n.* વળ; આમળો; પેચ. 3 ગોફણનું ચાડું.

Boulder, *n.* પાણીની અંદર ગબડી ઘસાઈ જઈ ગોળાકાર થયલો પથર.

Bounce, *v. i.* કુદી—ઉછલી પડવું; છલાંગ મારવી. 2 ધબકવું; ઠપકાવું. 3 પતરાજી કરવી. 4 હિમ્મત પકડવી. 5 *n.* ધક્કો; આંચકો. 6 હડહડતું જુઠાણું. 7 છલંગ; કુદકારો.

Bouncer, *n.* હડહડતું જુઠ્ઠું બોલનાર.

Bound, *n.* હદ; સીમા; મર્યાદા. 2 કુદકારો; ઠેકડો. 3 *a.* બાંધેલુ. 4 જવાની તૈયારીમાં હોય તેવું; માંડેલું (વાહાણ) 5 *v. t.* હદ બાંધવી—કરવી. 6 *v. i.* કુદવું; ઉછળવું; ઠેકડા મારવો.

Boundary, *n.* હદ; સીમા; મર્યાદા.

Bounden, *a.* અવશ્યક; જરૂર; અગત્યનું

Boundless, *a.* અપાર; અનંત; બેહદ.

Bounteous, *a.* ઉદાર; કરીમ; દાતા.
Bountiful, *a.* ઉદાર; સખી; પોતાળ.
Bounty, *n.* ઔદાર્ય; સખાવત; બક્ષીસ; ધનાયત; નવાજિશ; મેહરબાની.
Bouquet, *n.* ફુલનો ઝુમખો; ફુલનો તોરો. 2 ઊંચા કીમતી તરેહવાર વાઈન દારૂની બાટલી ઉઘાડતાં તેમાંથી જે સારો પમરાટ આવેછે તે. 3 સુવાસ; સુગંધ; પમરાટ; પરિમલ.
Bourn, *n.* હદ; સીમા. 2 નાલું; વહેલો.
Bout, *n.* ખેપ; ફેરો. 2 કલહ; તંટો.
Bovine, *a.* બળદ-ગાયને લગતું; ગવ્ય.
Bow, *v. t.* વાલવું; વાંકું કરવું. 2 નમાવવું. 3 વશ-તાબે કરવું. 4 *v. i.* વાંકું વલવું; નમવું; સર નમાવવું; નમસ્કાર-સેજદો કરવો. 5 *n.* નમસ્કાર; નમન. 6 સારંગીનો ગજ. 7 પીંજારાની તાંત. 8 કમાન કામઠું. Rain-bow, વરસાદની કમાન; મેઘધનુષ્ય. (of a ship) વાહાણનો આગળો ગોળ ભાગ; નાળ.
Bowels, *n. plu.* આંતરડાં. 2 ભિતર; પેટું; ગર્ભ. 3 દયા; મેહરબાની; રહમ. 4 *v. t.* આંતરડાં બાહેર કાહાડવાં.
Bower, *n.* કુંજ; મંડપ; માંડવો. 2 ઓરડો. 3 ઝુપડી; પર્ણકુટી.
Bowieknife, *n.* ખંજર.
Bowl, *n.* વાટકો; વાટી; જામ; પ્યાલો; કટોરો; ચલાણું. 2 કોઈ પણ વસ્તુનો ગોળ છાલકો ઉંડો ભાગ. 3 દડો. 4 *v. t.* દડો ગબડાવવો; હરેક ગોળ ચીજને જમીન ઉપર ગબડાવવી અથવા ઢલાવવી. 5 *v. i.* દડાની મુઆફક સફાઈથી ગબડી જવું. 6 દડ-દડાવતે રમવું. To bowl out, in cricket, દડો ગબડાવી સામા રમનારની જમીનમાં ખોસેલી લાકડી તોડી પાડવી.
Bowlder, *n.* પાણીથી ઘસાઈ ગોળ લીસો થયલો મોટો પથર.
Bow-legged, *a.* પેંગુ.
Bowler, *n.* દડા રમનાર-ફેંકનાર.
Bowling-green, *n.* દડા રમવાને માટે કરી રાખેલી સપાટ જમીન-મેદાન.
Bowman, *n.* તિરંદાજ; તીરકામઠાંવાળો.
Bowshot, *n.* તિરવો; તીર જેટલે દૂર ફેંકાતું હોય તેટલું જગાનું જે છેટું તે.
Bowstring, *n.* કમાનની દોરી; ચિલ્લો.
Box, *n.* દાબડો; પેટારો; દાબડી; પેટી; સંદુક. 2 એક પેટીમાં માય તેટલો જથો. 3 નાટકશાળામાં ચઢતા વર્ગની એક ચોક્કસ બેઠક. 4 ગાડી ઉપર ગાડીવાન જે જગ્યાપર બેસેછે તે જગ્યા. 5 મુક્કી; ઢોલ; લપડાક; ઠોંસો. 6 *v. i.* મુક્કીથી મરાવું; ઠોંસાબાજી-ઠોંસાઠોંસી કરવી. 7 *v. t.* પેટી-દાબડીમાં બંધ કરવું. 8 ઠોંસો-તમાચો-ટપલો મારવો; લપડાક-મુક્કી-ઢોલ મારવી.

Boxer, *n.* મુક્કી-ઠોંસાબાજી રમનાર.

Boxing, *n.* મુક્કા મુક્કી-ઠોંસાઠોંસી લગાવીને લડાઈ કરવી તે; મુષ્ટિ યુદ્ધ.

Boy, *n.* છોકરો; છૈયો; પોયરો. [ળપણ.

Boyhood, *n.* બચપણ; બચગી; બા-

Boyish, *a.* છોકરાનું; છોકરવાદિયું; નજીવું; ચિબાવલું; નાદાની ભરેલું.

Brace, *n.* બંધન; તંગ; પટો. 2 જોડી; જોડ. 3 કુંડળી; } આવી જાતની એક વાંકદાર લીટી-વક્રાચો-કૌંસ. 4 તીર; ટેકો. 5 નાડી; નાડ; જાડો પટો. 6 (*plu.*) પાટલુન તંગ ને ઉભાં રાખવાને ખભાં ઉપરથી જે પટા સાથે બોરિયાંથી બાંધી લેવામાં આવેછે તે પટા. 7 પડઘમની દોરીઓ તંગ કરવાને વચ્ચે જે ગાદી હોયછે તે. 8 સડના લાંકડાંને ફેરવવાનાં દોરડાં. 9 છાતીનો ટેકાવ આપી નાકું પાડવાનું એક વાંકું હથીયાર. 10 *v. t.* ખેંચી મજબૂત-તંગ બાંધવું; સી-કરવું. 11 તીર આપવા. 12 કૌવત-શક્તિ આપવી.

Bracelet, *n.* પોંહોચી; ચુડો; બાંગડી; કરભુષણ. 2 હાથનો બચાવ કરનારૂં [હથીઆર.

Brach, *n.* શેકારી કુત્રી.

Brachial, *a.* ભુજ-બાહુ-બાજુને લગતું. as Brachial artery. [એવું.

Bracing, *a.* કૌવત આપનારૂં-આપે

Bracket, *n.* કૌશ; [ ] 2 *v. t.* કૌસ કરવો.

Brackish, *a.* લબુરીક-જરા ખારૂં.

Brad, *n.* માંથાંને બદલે વાળી લી-ધેલા ધાટની ચુંક-ખીલો; બરાડ.

Brag, *v. i.* પતરાજી-બડાઈ કરવી. 2 *n.* પતરાજ; ફુલાસ; ગર્વ.

Braggadocio, *n.* ખુદફરોશ; શેખી-ખોર માણસ.

Braggart, *n.* & *a.* અંહકારી; ગર્વિષ્ટ.

Braid, *n.* વેણી; ગુંથણ; ગુંથેલી-વણે-લી દોરી. 2 *v. t.* ગુંથવું; વણવું; વે-ણી બનાવવી.

Brain, *n.* ભેજું; મગજ. 2 બુદ્ધિ; જ્ઞાન.

Brainless, *a.* મૂર્ખ; બેવકુફ; અબુદ્ધ.

Brainpan, *n.* ખોપરી.

Brait, *n.* વગર ધસેલો હીરો.

Brake, *n.* ખીચ ઝાડી; કાંટેરાઇ. 2 ગાડીને ધીમી ચલાવવાને અથવા ઉભી રાખવાને તેનાં પઈડાં આગલ જે અટકણ લગાડવામાં આવેછે તે.

Brakeman, *n.* આગગાડીનાં પઈડાંની ગતી ઓછી કરનાર-તોડનાર મા-ણસ; પઈડાં તાઈટ કરનારો માણસ.

Brakevan, *n.* આગગાડીનાં પઇડાંની ગતી ઓછી કરવાને મુકેલી છેલી [ગાડી.

Bramble, *n.* કાંટાનું ઝાડ.

Bran, *n.* થુલું; કુસકું; ભુસું.

Branch, *n.* ડાળી; ડાંખળી; શાખા. 2 પાંખું; પાંખડું; ફાંટો. 3 ભાગ; અંગ. 4 ઝુંમર. 5 *v. i.* ડાળાં ફુટવાં. 6 ફાંટા નિકળવો. 7 વિસ્તારીને બો-લવું. 8 *v. t.* ભાગ કરવા.

Brand, *n.* બળતાં-બળેલાં લાકડાંનો કકડો; ખુંટડો. 2 વનસ્પતિને લાગતો સળો. 3 ડાહામ. 4 કલંક; ડાઘ; બટ્ટો. 5 *v. t.* ડામવું; ડાહામ દેવો. 6 કલંક-બટ્ટો લગાડવો.
Branded, *a.* કળંકી; એબીએલ; ડાઘેલ. [હામ દેવાનું લોઢું
Brand-iron, *n.* ડાગણી; ડામણ; ડા-
Brandish, *v.t.* પટા ખેલવા-ફેરવવા.
Brand new, *a.* નવું કોરું; કોરું કકડતું.
Brandy, *n.* બ્રાન્ડી દારૂ.
Brangle, *n.* ખટપટ; કચાકચ; ઝગડો. *v.i.* ખટપટ કરવી; ફીતનો ઉઠાવવો.
Brash, *a.* જલદીથી પાણી પીતું; જોસથી ધસારો ખાતું; જોસમાં તેજી ધરતું. 2 નાજુક; કાવલું; કકરૂ.
Brasier, *n.* કંસારો; કાંસાનું કામ કરનાર કારીગર; કાંસાર. [ડાઈ.
Brass, *n.* પિત્તલ. 2 ઉદ્ધતાઈ; તોછ-
Brass-band, *n.* સારંગી, તથા બીજા વાજીંત્રો વજાડનારાઓની ટોલકી.
Brass-foil, *n.* પીતલનું પાતલું પત્રું અથવા વરક.
Brasset, *n.* બખતર; ગરદન અને માંથાંનો બંચાવ કરવાને એક જાતની લોઢાની ટોપી.
Brasspaved, *a.* પીત્તલના જેવું કઠણ.
Brass visaged, *a.* બે અદબ; નીર્લજ.
Brassy, *a.* પીતલના જેવા રંગનું અથવા પીતલનો ગુણ ધરાવતું. 2 બેશરમ; બેહ્યા; ઉદ્ધત.

Brat, *n* દુકતું; પોરીયું. 2 કચ્ચાં બચ્ચાં.
Bravado, *n.* બડાઈ; ફિસિયારી. *
Brave, *a.* શુર; છાતીવાળું; હિંમતવાન; બાહાદૂર. 2 ઉમદા; ખાસું. 3 *v. t.* હિંમત કરવી; લઢાઈ માંગવી; નિભી રહેવું; ટકર લેવી. 4 *n.* બાહદુર માણસ; શુરવીર.
Bravely, *ad.* હિંમતથી; બાહાદુરીથી.
Bravery, *n.* હિંમત; દલેરી; શૌર્ય; છાતી.
Bravo, *Interj.* શાબાસ; ભલે. 2 ખુની; મારો.
Brawl, *n.* કજિયો; કટકટ; શોર; ધીંગાણું. 2 *v. i.* કટકટ-ગાળાગાળી-તડાતડી કરવી. 3 પુકાર-શોર કરવો; ગડબડ કરવી. 4 *v. t.* હાંકી કાહાડવું; મારી કાહાડવું.
Brawler, *n.* કટકટયો; ગડબડયો.
Brawn, *n.* શરીરનો માંસથી ભરેલો ભાગ. 2 ભુંડનું માંસ.
Brawny, *a.* માંસદાર; અંગે ભરાઉ.
Bray, *n.* ગધેડાંનો પોકાર; ખર આવાજ. 2 *v. t.* છુંદવું; કુટવું; વાટવું. 3 *v. i.* ગધેડાંની પેઠે અરડાવું; ભુંકવું.
Braying, *p.p. & n.* ગધેડાંનો પોકાર. 2 કઠોર-બોખરો આવાજ.
Brazen, *a.* પિત્તલનું. 2 નિર્લાજરૂં.
Brazen-faced, *a.* બેશરમ; બેહેયા; [શોખ.
Brazier, *n.* See Brasier.
Breach, *n.* ખાતર; ભગારૂં બગાડું; બાકોરું. 2 ભંજન; ખંડન; ભાંગવું-

તોડવું તે;ઉલ્લંઘન.3 તુટ; ફુટ;બિગાડ; 4 See bereavement. A breach of the peace સુલેહનો બીગાડો-ભંગ. A breach of trust વીસવાસઘાત; બે-વફાઈ. *v. t.* ખાતર પાડવું; ભાંગી બગાડું પાડવું.

Bread, *n.* રોટલી;રોટલો; પાણી; નાન. 2 ખોરાક; અન્ન; ભોજન.

Breadth, *n.* પોહોળાઈ; રૂંદી. 2 (of cloth) પન્હો. 3 (of a wall)ઓસાર.

Break, *n.* તોડવું-ફોડવું-ભાંગવું તે; બાકોરું. 2 વિરામ; અટકાવ. 3 (of day) પરોઢિયું; મળસકું; બામદાદ; વાણું; પ્રભાત. 4 ખાંચો; ગાળો. 5-(in the weather,)ઉઘાડ.6*v.t.* ભાંગવું; તોડવું; ફોડવું;કકડા કરવા;તોડી-ફોડી નાખવું. 7 ભાંગી-ઉખેડીને ખુલ્લું કરવું; બાકોરાં પાડવાં. 8 કહી દેવું; ઉઘાડું પાડવું. 9 તોડવું; ઉલ્લંઘન કરવું; નહી પાળવું. 10 ખલલ કરવી; ભંગાણ પાડવું. 11 નબળું કરવું. 12અસર ઓછી કરવી; જોરાવેગ નરમ પાડવો;જોર નરમ પાડવું-તોડી નાખવું; ભાંગી નાખવું-પડવું. 13 શિખવવું; જેર કરવું; પળોટવું. 14 દેવાળું કહડાવવું. 15 કાહાડી મૂકવું; બરતરફ કરવું. 16 ચીરવું; ફોડવું. 17 છોડવી; મૂકવી; તોડવી. 18 મુકાવવું; તનાવવું. 19 ભાંગી પાડવું;નાઉમેદ-નિષ્ફલ કરવું.

Break up, બરખાસ્ત કરવું; વિસર્જન કરવું, જેમકે મીજલસ. 2 તોડવું;બંધ કરવું. *To break through,* ધસીને-ધસારાબંધ-સમેત બહાર નિકળવું-આવવું-જવું. *To break the heart,* છાતી ફાટીજવી;દીલ તુટી જવું; અફસોસમાં પડવું. *To break open,* જોરથી ઉઘાડવું. *To break the back,* હાડકાં ભાંગવાં. 2 કોઈને પૈસે ટકે ખુવાર કરવું. *To break bulk,* ઉતારવા અથવા ખાલી કરવા માંડવું. *To break cover,* છુપાએલી જગોમાંથી બાહેર નિકળિ આવવું. *To break ground,* ખેડવું; હોળ ખેડવું. 2 (Figuratively) કોઈબી કામ કરવાનો આરંભ કરવો.

To break off, એકાએક અટકાવવું અથવા બંધ પાડવું. 2 છુટું પાડવું; ભાગ કરવા.3 તોડવું. *To break in,* ટેવ-આસરમ પાડવી. *To break wind,* વા સારવો; પાદવું. 20 *v. i.* ભાગી જવું; ફાટવું; ચિરાવું. 21 એકદમ થવું-આવવું. 22 ફુટવું. 23 ફાટવું; થવું. 24 અથડવું; અફળાવું. 25 દીવાળું નિકળવું. 26 ફુટીને બાહાર નિકળવું. *To break away,* છુટીને નાહસવું;જતું રહેવું. *To break forth,* નિકળવું;બહાર આવવું-પડવું. *To break loose,* છુટી જવું; કેદ-બંદીમાંથી નહાસી જવું. *To break*

off, તુટવું; જૂદું પડવું. *To break out*, લાગવી, જેમકે આગ. 2 ઉઠવું; થવું, જેમકે હુલ્લડ. 3 આવવો; ભરાવો, જેમકે તાવ. 4 ચાંદાં–ફોલ્લા થવા–ઉભરાવા. 5 વહી–વકરી–વંઠી જવું. *To break up*, બરખાસ્ત થવું. 2 નબળું થઈ જવું; ગળાઈ જવું.

Breakage, *n.* ભાંગવું–તુટવું તે; ભંગાણ. 2 ભાગ તુટને માટે જે છુટ મુકવામાં આવેછે તે.

Breaker, *n.* ભાંગનાર; તોડનાર. 2 ખરાબો. 3 મોજો; છોળ.

Breakfast, *n.* નાસ્તો; હાજરી; શિરાણ; શિરામણ. 2 *v. t.* & *v. i.* નાસ્તો કરવો. [ઠેકાણે લાવવું તે.

Breaking-in, *n.* તાબે–જોર કરીને

Break-neck, *n.* એવી રીતે પડવું જેથી ગરદન ભાગી જાએ.

Break-water, *n.* નદીમાં અથવા બારામાં મોજાનું જોર ભાંજી નાખવા બાંધેલી દેવાલ અથવા પથરનો ગડકો; બાંધ; પુસ્તો.

Breast, *n.* ઉર; છાતી. 2 સ્તન; થાન; ધાઈ. 3 આંચળ (જનાવરના). 4 હૃદય; અંતઃકરણ; દિલ; હૈયું. 5 *v. t.* સામાંસામી થવું; રૂબરૂ થવું. [સ્થિ.

Breast bone, *n.* છાતીનું હાડકું; ઉરો-

Breasted, *a.* પોહોલી છાતી વાલું; સીનાહફરાખ. 2 સારા આવાજવાલું,

Breast high, *a.* છાતીસમાન–પૂર ઉંચું.

Breast-plate, *n.* પેહેરો; હમેલ.

Breast-work, *n.* In fortification, દુશમનથી બચાવ કરવા સારૂ છાતીસુધી ઉંચી બાંધેલી દેવાલ; અડતણો.

Breath, *n.* દમ; શ્વાસ. 2 લેહેર; ઝુલુક; લેહકી. 3 જીવ; પ્રાણ. 4 વીસામો; દમ. 5 શબ્દ; બોલ.

At every breath, પળેપળે.

In a breath, ઓચ; ક્ષણમાં.

To be out of breath, હાંફી જવું.

Breathe, *v. i.* શ્વાસ–દમ નાખવો. 2 દમ ખાવો–લેવો; આસાએસ લેવી. 3 પવનની લેહર આવવી. 4 *v. t.* શ્વાસ લેવો અને કાઢવો.

To breathe into, ફુંક મારીને અંદર લેવું–ઘાલવું.

To breathe out, મોહમાંથી કાઢવા કરવું. 2 નિકલવું; પિમળવું. 3 ધીમે–હલુસે બોલવું. [ભરેલું.

Breathful, *a.* લપટ ભરેલું; સુગંધી

Breathing, *n.* દમ; શ્વાસ. 2 લેહેર; લેહકી. 3 છુપી બંદગી.

Breathless, *a.* થાકેલું. 2 દમ રૂંધા-

Bred, *p.p.* of breed. [યલું; મુએલું.

Breech, *n.* કુલાં; ઢગરાં; ગાંડ. 2 તોપ–બંદુખનો જાડો ભાગ–કુંદું. 3 પાછલો ભાગ.

Breeches, *n. plu.* જોધિયો; સુરવાલ.

To wear the breeches વર–ધણીને તાબે–હાથમાં રાખમો.

Breed, *n.* જાત; ઓલાદ. 2 *v. t.* ઉત્પન્ન–પેદા કરવું. 3 પાલણ–પોષણ કરવું; ઉછેરવું. 4 કેળવવું; તરબીયત આપવી. 5 યોજવું; નવું બનાવવું–ઉભું કરવું. 6 *v. i.* ઉત્પન્ન થવું; પાકવું. 7 દહાડા રહેવા; ગર્ભ રહેવો. 8 ઓલાદ વધારવી.

Breeding, *n.* ઉત્પન્ન–પેદા કરવું તે. 2 કેળવણી; તરબીયત. 3 માણસાઈ; ભલમણસાઈ. [લેહેર.

Breeze, *n.* પવનની લેહેરી; મંદવાયું;

Breezy, *a.* હવાઈ; હવાદાર; હવાનું.

Brethren, *n. plu.* ભાઈબંધ; બંધુ.

Breve, *n.* ગાયનમાં વખત રાખવાની નીશાની.

Brevet, *n.* સનદ, જેથી લશ્કરી સરદાર પોતાના ચાલુ હોદ્દા કરતાં એક દરજ્જેના વધારે ઓધાનો હક ધરાવી શકેછે, જોકે વધારે દરજ્જેના હોદ્દાનો પગાર તેને મળતો નથી. જેમકે A Brevet major એટલે કપતાનનો પગાર ખાનાર પણ મેજરની પદવી ભોગવતો અમલદાર.

Breviary, *n.* સંક્ષેપ; ઇન્તેખાબ.

Brevier, *n.* એક જાતનું ઝીણું છાપવાનું ટીબું–છાપ.

Brevity, *n.* ઇખ્તેસાર; ઇનતેખાબ સંક્ષેપ; ટૂંકાઈ; ટૂંકાપણું.

Brew, *v. t.* બિર દારૂ બનાવવો–ની ભઠ્ઠી ચઢાવવી. 2 મનસુબો કરવો; તરકટ ઉભું કરવું; ઘાટ ઘડવો.

Brewage, *n.* જવનો દારૂ.

Brewery, *n.* જવનો દારૂ બનાવવાનું કારખાનું; ફૂર; ફૂડ.

Brewing, *n. the act*, ઘાણ; એકીવારે તૈયાર થયલો દારૂ. 2 મનસુબો કરવો, as a scheme is brewing.

Bribe, *n.* લાંચ; રૂસવત. 2*v. t.* લાંચ આપવી; મોહોડું દાબવું. 3 લાંચ આપીને પોતાની તરફ કરી લેવું.

Bribery, *n.* લાંચ આપવા લેવાનો ધંધો; લાંચ; રૂસવત.

Brick, *n.* ઈંટ. 2*v.t.* ઈંટથી બાંધવું.

Brickbat, *n.* ઈંટનો કકડો; રોડું; ઈંટકો.

Brick-kiln, *n.* ઈંટ પકવવાની ભઠ્ઠી;

Bricklayer, *n.* કડીયો. [ઈંટવાડો.

Bridal, *n.* લગ્નકાર્ય; શાદીની ખુશાલી. 2 *a.* વેવાહનું; પરણતી કન્યાનું.

Bride, *n.* વહુ; તરત પરણેલી સ્ત્રી. 2 અદરાએલી છોકરી.

Bridegroom, *n.* વર રાજા; વર.

Bride-maid, *n.* પરણતી વખતે કન્યાની તરફથી તેણીનાં કામ કાજ માટે હાજર રેહેનાર સ્ત્રી.

Bridge, *n.* પૂલ; સેતુ. (of the nose) નાકનો દાંડો. 2 ઘોડી (વાજીંત્રની) 3 Flying bridge, તરાપાનો પુળ; પાણી ઉપર હોડીઓ, મછવા, પીપ,

ઇત્યાદી એકમેક સાથે બાંધીને લશ્કર પસાર કરવાને બાંધેલો રસ્તો. 4 v. t. પૂળ બાંધવો; પૂળબંદી કરવી.
Bridle, n. લગામ. 2 અંકુશ; દાબ. 3 v. t. લગામમાં-કબજામાં રાખવું; દાબવું. 4 ઘોડાને લગામ પેહેરાવવી.
Brief, n. સંક્ષેપ; મુખ્તેસર. 2 મુકદ્દમાનો લખી કાહાડેલો સાર. 3 a. સંક્ષેપ; ટુકું.
Briefly, ad. See Concisely.
Brier, n. કાંટાનું ઝાડ-છોડ. 2 રાની ગુલાબ.
Brig, n. બે ડોલી વાહાણ.
Brigade, n. લશ્કરની મોહોટી ટુકડી.
Brigadier, n. લશ્કરી એક મ્હોટી ટુકડીનો અમલદાર.
Brigand, n. બંડખોર; લુટારૂ; ચોર.
Brigandage, n. લુટ; ચોરી.
Bright, a. ચળકતું; તેજસ્વી. 2 ચંચળ; ચબરાક. 3 સ્પષ્ટ; ખુલ્લું. 4 નિતરૂં; સાફ. 5 વખાણવા જેગ; કીરતી ભરેલું. 6 આબદાર; ખુબસુરત.
Brighten, v. t. & v. i. તેજસ્વી-ચકચકીત કરવું-થવું. 2 પ્રખ્યાત-નામાંકિત કરવું-થવું. 3 આનંદી-ઉલ્લાસી કરવું. 4 ચંચળ-હોશિયાર કરવું.
Brightness, n. તેજ; ચળકાટ; ઝલે; આપ. 2 તીક્ષ્ણતા; હોશિયારી.
Brilliancy, n. ચકચકાટ; રૂશનાઈ; ઝળકાટ; ભભક; ઝલે; તેજ.
Brilliant, n. પાણીદાર હીરો. 2 a. ઝળકતું; ભભકાદાર; તેજ-ભભકમારતું.
Brills, n. ઘોડાની આંખનાં પાપણ ઉપરના બાલ.
Brim, n. કોર; કાંઠો. 2 કિનારો; તીર. 3 v. t. છેક મ્હોડાં સુધી-છલાછલ ભરવું.
Brimful, a. છલાછલ ભરેલું.
Brimmer, n. કાંઠાસુધી-છલાછલ ભરેલો વાટકો.
Brimstone, n. ગંધક.
Brinded, a. છાંટવાળું; પટાવાળું.
Brindled, a. છાંટ-પટા-પટીવાળું; બુટ્ટીદાર; કાબર ચીતરૂં.
Brine, n. ખાર મેલાયલું-ખારૂં પાણી. 2 દરિયો; સાગર. 3 આંસુ.
Bring, v. t. લાવવું; લઇ આવવું. 2 મળવું; પ્રાપ્ત થવું. 3 સમજાવવું; અસર કરવી.
To bring forth જણવું; પેદા કરવું. 2 ઉઘાડું-ખુલ્લું કરવું.
To bring up, પાળવું; ઉછેરવું; ઉધારવું
To bring about, બનાવવું; સાધવું.
To bring out, ખુલ્લું કરવું. *To bring over*, મનાવવું; સમજાવવું.
To bring under, હાત નીચે રાખવું.
Brinish, a. ખારૂં; ખારાટ પડતું.
Brink, n. કાંઠો; કિનારો.
Briny, a. સમુદ્રને લગતું; સમુદ્રનાં પાણીજેવો ખારો ગુણ ધરાવતું; ખારૂં.
Brisk, a. આનંદી; મોજી; રંગીલું. 2 ચાલાક; ચપળ; હુશયાર. 3 તેજીવાળો (વેપાર.) 4 જલદ. 5 તેજ; ધકધકતું (આતશ.)

Brisket, *n.* જનાવરની છાતી.
Briskly, *ad.* ચાલાકીથી;ચંચળાઈથી.
Bristle, *n.* જાડા બાલ. 2 ઝાડનો કાંટો. 3 *v. t.* & *v. i.* બાલ ઉભા થવા. (ગુસ્સાથી.)
British, *a.* બ્રીટન દેશ સંબંધી;ઈંગ્રેજી.
British, } *n.* ઈંગ્રેજ; બ્રીટન દેશનો
Briton, } રેહેવાસી.
Brittle, *a.* નાજુક; કાચલું; તકલીદી; [કક્કરૂં.
Broach, *v.t.* સીક મોકવી. 2 ભોકપાડવો; મોહોડું કરવું. 3 પ્રગટ–પ્રસિદ્ધ કરવું.
Broad, *a.* પોહોળું. 2 વિસ્તીર્ણ; વિશાળ. 3 ખુલ્લું; સાફ; સમજણ પડે એવું. 4 બેમુરવતી; નિર્લજ. 5 ઘણી મતલબ ધરાવનારૂં; ઘણાને લાગુ પડે એવું.
Broadcloth, *n.* બનાત; સકલાત.
Broad-side, *n.* વાહાણની એક આખી બાજુ ઉપરથી છોડેલો તોપનો મારો. 2 પાણીની સપાટી ઉપરનો વાહાણનો ભાગ. 3 કાગલનો એક મ્હોટો એકજ બાજુએ છાપેલો તાવ.
Broaden, *v.t.* પોહળું અથવા રંદ કરવું.
Broadness, *n.* પોહોળાઈ. 2 બેમુલાજો; બેશરમી. [કસબી કપડું.
Brocade, *n.* કિનખાબ;જરબફ્ત;જર;
Brocaded, *a.* જરતારી; કીનખાબનું; જરનું; કસબી. [ભરવું.
Broider, *v.t.* ચીકન ભરવાં; ભરત
Broiderer, *n.* ચીકણદોજ.
Broil, *n.* કટકટ; કચકચ; કજીયો. 2 *v. t.* & *v. i.* ભુજવું; ભુજાવું.
Broken, *p. p* or *a.* ફુટેલું; ભાગેલું; તુટેલું. 2 વેપારમાં પડી ભાગેલું.
Broken-hearted, *a.* દલગીરીથી કચવાએલાં દીલનું; તુટેલાં મનનું.
Broken-meat, *n.* કાપીને કકડા કીધેલુ માંસ; બોટી.
Broker, *n.* દલાલ; આડતિયો;મારફતિયો. 2 ભડવો.
Exchange broker, હુંડી દલાલ.
Stock broker, "સ્ટૉકના" શેરો વેચવા સાટવાનો ધંધો કરનાર દલાલ.
Insurance broker વીમા–દલાલ.
Pawn-broker, ઓટે માલ મીલકત ગીરો રાખી તે ઉપર નાણાં ધીરધાર કરનાર દલાલ.
Brokerage, *n.* દલાલી;દસ્તુરી;હકસાઈ
Bronchial, *a.* કંઠગત;ગળાને લગતું.
Bronchocele, *n.* કંઠમાળા.
Bronze, *n.* તાંબુ, કલઈ, જસત અને બીજી કોઈ પણ ધાતુની મેળવણીથી જે ધાતુ થાયછે તે; પંચરસ ધાતુ; કાંસુ. 2 પંચરસ ધાતુ–કાંસાનું ઓતેલું પુતલું. 3 ભૂરો રંગ. 4 ઉદ્ધતાઈ; બેશરમપણું.
Brooch, *n.* જેની પાછળ આંકડી તરીકે ટાંચણી હોય એવું મોટાં સુંદર બોરિયાંવાળું આભૂષણ.
Brood, *n.* એકજ વખતે પેદા થયલાં પક્ષીનાં પિલ્લાં; સેવણ; વેત; વેતર.

2 *v. i.* સેવન બેસવું–કરવું; સેવવું. 3(over) ચિંતન કર્યા કરવું; અફસોસ–અંદેસો કર્યા કરવો.
Brook, *n.* નાળું. 2 *v. t.* ખમવું; સાંખવું.
Broom, *n.* ઝાડુ; સાવરણી; બુતારો.
Broomstaff, Broomstick, *n.* ઝાડુનો દાંડો અથવા હાથો.
Broth, *n.* સેરવો; રસ.
Brothel, *n.* રાંડ–વેશ્યા–કસબણનું ઘર.
Brother, *n.* ભાઈ; બિરાદર. 2 ભાઇબંધ.
Foster Brother, દુધભાઇ. Half Brother, હોરમાન–સાવકો ભાઈ.
Brothergerman, પીતરાઇ અથવા મસીઆઈ ભાઈ; મામાનો, કાકાનો અથવા ફુઈનો છોકરો.
Brotherhood, *n.* ભાઈબંદી; બંધુત્વ; બિરાદરી. 2 પંગત; પંક્તિ; મંડળ. 3 એકજ ધંધાધાપાવાળા માણસ.
Brother-in-law, *n.* સાળો. 2 બંવેવી; બનેવી. 3 જેઠ. 4 દિયેર.
Brother-like, *a.* ભાઇને ઘટે એવું.
Brotherly, *a.* ભાઈ-બંધુ સરખું; માયાળુ. 2 ભાઈ મિસાલે-પ્રમાણે; બંધુભાવે.
Brow, *n.* ભવું; ભમ્મર; ભ્રુકુટી. 2 કપાળ. 3 ટેકરીની ઉંચી કોર; ધાર. 4 *v. t.* હદકરી લેવી; સરહદ બાંધવી.
Browbeat, *v. t.* ભવાં અથવા ડોળા ચઢાવીને બોલવું; દબડાવવું.
Browless, *a.* બેશરમ; નીલંજ.
Brown, *a.* ભૂરૂં; બદામી; તપકિરી; ઘઊં વર્ણું. 2 *v. t.* ભૂરૂં કરવું.
Brownish, *a.* ભુરાસપર–પડતું.
Browse, *n.* કુમળો છોડ. 2 *v. t. & v. i.* છોડનો કુમળો ભાગ ખાવો.
Bruin, *n.* રીંછ.
Bruise, *v. t.* છુંદવું; વાટવું; ખાંડવું; ભરડવું. 2 *n.* ચામઠું; ચાંદું; ઘસરકો.
Bruit, *n.* અફવા; ચર્ચા. 2 *v. t.* અફવા ફેલાવવી; બુમાટો ઉરાડવો.
Brumal, *a.* હેમ; રિયાળાને લગતું.
Brunette, *n.* ઘઉંવા-સામળાવર્ણનીસ્ત્રી
Brunt, *n.* ઝપાટો; તડાકો. 2 ધક્કો; હડસેલો; આંચકો.
Brush, *n.* કુચડો; કુચી; પીછી; વાળાકુંચી; બ્રશ. 2 ઝડપા ઝડપી; ઝટાપટી; ઝપાઝપી. 3 ગુચ્છાવાળી પુછડી. 4 ઝાડવાં; ઝાડી. 5 *v. t.* બ્રશ મારવું; બ્રશનો હાત મારવો; બ્રશે કરી સાફ કરવું અથવા રંગ લગાડવો. 6 અડકવું; અછડતું લાગવું. 7 *v. i.* હલુથી–માલમ નહીં પડે એવી રીતે ઝડપમાં ખસી–સટકી જવું.
Brushwood, *n.* ઝાડી; ઝાડવાં. 2 ઝાડની કાપી નાખેલી ડાંખલીયો.
Brushy, *a.* બ્રશના જેવું. 2 ખરછટ–ખરબચડા વાળવાળું. [નિર્દય.
Brutal, *a.* પશુનું–સંબંધી. 2 ઘાતકી;
Brutality, *n.* હેવાનીયત; પશુપણું. 2 ક્રૂરતા; ઘાતકીપણું.

Brutalize, *v. t. & v. i.* ઘાતકી-ક્રૂર-નિર્દય કરવું-થવું-થઇ જવું.
Brutally, *ad.* ઘાતકી રીતે; નિર્દયપણે.
Brute, *n.* પશુ; જનાવર; હેવાન. 2 ચંડાળ-ઘાતકી-નિર્દય આદમી. 3 *a.* અજ્ઞાન; બેવકુફ. 4 પશુ સરખું; જનાવરના જેવું.
Brutish, *a.* પશુ સરખું; હેવાન જેવું.
Bubble, *n.* પરપોટો. 2 ઠગાઇ; સોદાઇ; ખોટો-ભૂલથાપ ખવડાવે એવો વેપલો; ફસાવી મારે એવી યુક્તિ. 3 *v. t.* ફસાવવું. 4 *v. i.* પરપોટા આવવા-થવા. 5 ખળખળ વેહેવું.
Bubby, *n.* સ્તન; થાન.
Bubo, *n.* બદ; બદ; જાંગના કાતરા આગળ જે ગાંઠ થાયછે તે.
Buccaneer, *n.* ચાંચિયો; દરિયાઇ લુટારો.
Buccal, *a.* ગાલને લગતું.
Buck, *n.* હરણો. 2 બોકડો. 3 મેંઢો. 4 સસલો. 5 ફાંકડો; અકડબાજ. 6 *v. t.* નીખારવા માટે સાબુના પાણીમાં કપડાં બોળવાં.
Bucket, *n.* બાલદી; ડોલ; પોહોરો.
Buckle, *n.* અટકણ; આંકડી; ચપરાસ; બકલ. 2 *v. t.* બકલથી બાંધવું; બકલ પોવું; આંકડી-કડી ભેરવવી. 3 તૈયારી કરવી. 4 *v. i.* નમવું; વળવું. To buckle to, ઉલટથી કોઇ કામ પછવાડે લાગવું-મંડવું. To buckle with, હાત મેલવવો.
Buckler, *n.* એક જાતની ઢાલ.
Buckram, *n.* મોમ કાપડ; બકરમ.
Buck-stall, *n.* હરણને પકડવાની જાલ
Bud, *n.* અંકુર; પીલો. 2 કળી. 3 *v. i.* કળી આવવી; પીલો ફૂટવો; ખિલવું. 4 *v. t.* ઝાડને ડારો લગાડવો.
To nip in the bud, ઉગતાં ડામવું.
Buddhism, *n.* બુદ્ધ લોકનો ધર્મ.
Budge, *v. t.* હઠવું; સરકવું; ખસવું.
Budgero, *n.* સેહેલ કરવાની બંગાલી હોડી; બજરો.
Budget, *n.* કોથળી; થેલી. 2 જથ્થો; સંગ્રહ; પુંજી. 3 બ્રિટિશ રાજના આયપત ખરચના અડસટાનો હિસાબ તથા તેને લગતા દસ્તાવેજ.
Buff, *n.* ભેંસ તથા બીજાં જાનવરોનું સાફ કીધેલું ચામડું. 2 ફુલો-આછો પીલો રંગ. 3 *v. t.* મારવું.
Buffalo, *n.* પાડો; (female) ભેંસ.
Buffer, *n.* આગ ગાડીની પાછલી અથવા આગલી બાજુએ બે લાકડાનાં અથવા લોઢાંનાં ઢીમરાં-ઢેકા ધક્કો અટકાવવાને કમાનમાં જડવામાં આવેછે તે.
Buffet, *n.* મુક્કો; લપડાક; ઠોસો; ધપ્પો. 2 *v. t.* મુક્કી-લપડાક મારવી. 3ગોતાં ખાવાં; as, to buffet the billows.
Buffle-headed, *a.* ભેંસનાં જેવાં મ્હોટાં માંથાંવાળું; મુર્ખ; બેવકુફ.
Buffoon, *n.* મશ્કરો; ઠોળીયો; રંગલો.

Buffoonery, *n.* મસ્કેરી; ઠઠ્ઠાબાજી.
Bug, *n.* માકડ; માકણ.
Bugbear, *n.* બાહુક;હાઉ;ઘોઘર. 2 *v.t.* બાહુકની ધાક દેખાડી બીવડાવવું.
Buggy, *n.* એક ઘોડાની હલકી ગાડી; બગી. 2 *a.* માકડથી ઉભાઈ જતું.
Bugle, Bugle-horn, } *n.* રણસીંગું.
Build, *v. t.* બાંધવું; ઉભું કરવું; ચણવું. 2 કશાના આધાર ઉપર ઊંચકવું–કરવું–બનાવવું–રાખવું.
Builder, *n.* વાહાડીઓ; ઘર વગેરે બાંધનાર; ગજ્જર. 2 પેદા કરનાર.
Building, *n.* ઈમારત; અમલો; હવેલી. 2 બાંધવું તે; બાંધણી.
Bulb, *n.* ડીડવું; કંદ; કાંદો.
Bulbous, *a.* ડીડવાં વાળું; કંદવાળું.
Bulge, *v. i.* ઉપસવું; બાહાર પડવું.
Bulk, *n.* કદ. 2 મુખ્ય ભાગ. To break bulk, વાહાણ ખાલી કરવા માંડવું. In bulk, જથ્થાબંધ. Laden in bulk, પેટી અથવા ગાંસડીમાં બાંધ્યા વગરનો રઝળતો સામન. A sale by bulk, વગર તોલવે માપવે અનામત પડેલા સામનનું વેચાણ.
Bulkiness, *n.* સ્થૂલતા; આકાર.
Bulky, *a.* કદાવર; સ્થૂલ; મોહોટું.
Bull, *n.* ગોધો; આખલો. 2 વરખ; વૃષભ રાશી. 3 ચૂક; વિરૂદ્ધતા; ગોથું. 4 રોમન કાથેલીકના પોપનો ફરમાન.

Bull-baiting, *n.* ગોધાઉપર કુત્રાં ભોસાવી તેને બિજવવો તે.
Bull-dog, એક જાતનો જોરાવર કુત્રો.
Bullet, *n.* બંદુકની ગોળી.
Bulletin, *n.* સત્તા ભરેલો અહેવાલ. 2 કોઈપણ તરફની તાજીનવીખબર.
Bullion, *n.* સોના રૂપાંના લાઠા; લગડી. 2 ચાંદી. [લો ગોધો.
Bullock, *n* બળદ; બેલ; ખસી કરે-
Bully, *n.* ધાંધલિયો; ધરપચ કરતું માણસ; લફંગો. 2 *v. t.* ધરપચ–ધાંધલ કરી ધમકાવવું; લફંગાઈ કરવી. [જાત.
Bulrush, *n.* બરૂ અથવા નેતરની એક
Bulwark, *n.* બુરૂજ; કોટ; કિલ્લો. 2 બચાવ કરવાનો ઉપાય; રક્ષણ સાધન.
Bum, *n.* કુલું; શરીરનો બેસવાનો ભાગ 2 *v. i.* ઘોઘાટ કરવો; ધાંધલ કરવી.
Bumboat, *n.* બામબોટ; વાહાણ ઉપર ખોરાકી વગેરે લઇ જવાને નાહાની બોટ.
Bump, *n.* મુક્કી; ડોસો. 2 ઢીમણું; ગુમડું; ગાંઠ. 3 *v. i.* બગલાની પેઠે અવાજ કરવો. 4 *v. t.* અથડાવવું; સાથે અફળાવું; ટક્કર મારવી. [લું.
Bumper, *n.* કટોકટ–ટકોટક ભરેલું પ્યા-
Bumper house, *n.* ખિચોખિચ ભરાયેલા તમાસગીરોનો નાટક શાળામાં થયલો મેલાવડો.
Bumpkin, *n.* ગાંમડયો; ગંવાર; રોંચો.

Bun, *n.* નાનખતાઈ; ભાખરો; એક-તરાંહની બનાવેલી પુરી.

Bunch, *n.* ગાંઠ; ખુંધ; ઢેકો; ઢીમું. 2 ઝુમખો. 3 ઝુડી; પણી; ભારી; પુલી. 4 *v. i.* સુજી આવવું; ઢેપ થવી; ખુંધ-ઢેકો નિકળવો. 5 *v. t.* ઝુડી બાંધવી. [કળી આવેલું.

Bunch-backed, *a.* ખુંધું; ખુંધ નિ-

Bundle, *n.* બચકો; ગાંસડી; પડીકું; પોટલી. 2 *v.* t. ગાંસડી-પોટલી બાંધવી. To bundle off, કોઇને ઉતાવળમાં મોકળી દેવું. [બંગ.

Bung, *n.* દટ્ટો; પીપને મારેલો બુચ;

Bungalow, *n.* બંગલો; મકાન. [રવું.

Bungle, *v t.* અડબંગની પેઠે કામ ક-

Bungler, *n.* અણકિસબી; અનાડી.

Bun, Bunn, *n.* મીઠી પુરી.

Bunt, *v. i.* ઉપસાઈ આવવું.

Buoy, *n.* બોઈડીયું; થોડાં પાણી, ખડક વગેરેની સૂચના કરવાસારૂ પાણીની સપાટી ઉપર તરતી રાખેલી નિશાન. 2 *v. t.* તરતું રાખવું.

Buoyancy, *n.* તરણશીલતા; તરતાપણું; હલકાપણું. 2 ઉત્સાહ; ઉલ્લાસ.

Buoyant, *a.* તરતુ; બુડે નહીં એવું.

Bur, *n.* કાંટાદાર-વાળું કોટલું.

Burden, *n.* બોજો; ભાર. 2 વેઠ. 3 ધ્રુપદ; ટેક; અસ્તાઈ. 4 *v. t.* લાધવું; ભરડું. 5 હાલ કરવા; સેતમ ગુજારવો.

Burdensome, *a.* જડ; ભારી. 2 મહેનત પડે તેવું; જુલમી; દુઃખદાયક.

Bureau, *n.* કપડાં, કાગળ વગેરે સામાન મુકવાની ખાનાદાર પેટી; બારો. 2 રાજકારોબારને લગતું ખાતું અથવા તે ખાતાંનું કામ ચલાવનાર પ્રધાનોની મંડલી.

Burg, *n.* See Borough.

Burganet, }
Burgonet, } *n.* લડાઈની ટોપ.

Burgess, *n.* શેહેરી; કોઈપણ પરગણાની તરફથી પારલેમેંટની સભામાં ગયલો વકીલ અથવા પ્રતિનિધી.

Burglar, *n.* રાતની વખતે ખાતર પાડનાર.

Burglary, *n.* રાતની વખતે ઘર ભાંજવાનો-ખાતર પાડવાનો અપરાધ.

Burgandy, *n.* ફ્રાન્સ માહેલું બરગંડી શેહેર. 2 એ શેહેરમાંનો દારૂ, As Bergundy wine.

Burial, *n.* જમીનમાં દાટવું-ગાડવું તે. 2 મુડદાને દાટવું તે; દફન.

Burial ground, *n.* દફનગાહ; મુએલાં માણસોને-મુડદાને દાટવાની જગ્યા.

Burial procession, *n.* મઈઅતસ્વારી; પાયદસ્ત.

Burial service, *n.* ગેહે સારવાની ક્રીયા; ગેહસારણું; મરણ પામેલાં માણસને દફનાવતી વખતે જે ક્રીયા કીધામાં આવેછે તે.

Burlesque, *n.* હસાવે એવો દેખાવ; હસાવું આવે એવી નકલ. 2 *v. t* હસાવું આવે એવી નકલ કરવી.

Burl, *v. t.* કપડાં સાફ કરવાં; કપડાં ઉપરનાં રૂવાટાં તથા દોરા ટુંપી કાહાડવા. [દાવર; જબરૂં.

Burly, *a.* મ્હોટાં કદવાળું; સખત; ક-

Burn, *n.* ચપકો; છાગરો; ડામ. 2 *v. t.* બાળી નાખવું; બાળવું; બાળીને ભસ્મ-ખાખ કરવી. 3 સેકવું; ભુંજવું; પકવવું. 4 દઝાડવું. 5 સુકવી-બાળી નાખવું. 6*v. i.* બળવું; દાઝવું. To burn up, To burn out તમામ બાળી નાખવું-બાળીને ભસ્મ કરવું.

Burner, *n.* બાળનાર; સળગાવનાર. 2 દીવાને સારી પેઠે બળતો રાખવાને ઉપર રાખેલું કોઈપણ લટકણ.

Burning, *a.* ઘણું-અતિશય ગરમ; ધગધગતું 2 જબરૂં; અતિશય.

Burnish, *v. t.* સિકલ કરવી; ઓપવું. 2 *n.* ચળકાટ; તેજ.

Burnisher, *n.* સિકલીગર. 2 ઓપણી.

Burrow, *n.* દર; બીળ; રાફડો. 2*v. i.* દર-બીળ ખોદવું-કરીને રેહેવું.

Burst, *v. t.* એકાએક જોરથી ફોડવું-ભાંજવું-ફાડવું. 2 *v. i.* પોતાની મેળે એકાએક ફુટવું-ફાટવું; તડ પડવી. 3 એકદમ-જોરથી આવી પડવું.

Burthen, *n.* See Burden.

Bury, *v. t.* ગાડવું; દાટવું. 2 દફનાવવું. 3 સંતાડવું; ઢાંકવું; છુપાવવું.

Bush, *n.* ઝાડી; રાન. 2ઝાડવું; ઝાડવાં.

Bushy, *a.* ઝાડી-ઝાડવાંવાળું. 2જાડું; ગુંછરાંવાળું.

Bushel, *n.* આટો, અનાજ વગેરે ભરવાનું એક માપ. 2 આમન; ગાડીનાં પૈડાંની ઓલી. 3 મ્હોટો જથો.

Business, *n.* કાંમ. 2 ઉદ્યોગ; ઊદ્યમ. 3 ધંધો; રોજગાર. 4 કારણ. 5ફરજ.

Buskin, *n.* ઊંચી ખડીના અરધાંબુટ.

Buss, *n.* માન આપવા સારૂ લીધેલી ચુમી. 2 ૫૦ થી તે ૭૦ સુધી "ટન" નું બે ડોળી વાહાણ.

Bust, *n.* મુખવટો; માથાથી તે છાતી અથવા કંમર સુધીનું માણસનું પુતળું

Bustle, *n.* ધામધુમ; ગડબડ; શોર; ધાંધળ; ધાલમેલ. 2*v. i.* ધામધુમ-ધાંધળ-ગડબડ કરવી.

Bustler, *n.* ગડબડયો; ધાંધલ્યો.

Busy, *a.* કામે લાગેલું; કામગરૂં. 2 ગડબડીઉં; ધાલમેલિયું; કંટાળો આપે એવું. 3 *v. t.* કામે લગાડવું; કામમાં રોકવું.

Busy bodied, *a.* ખટપટયો; કોઈના કાંમમાં માંથુ મારનાર-વચ્ચે પડનાર

But, *prep. & conj.* સિવાય; વગર; વિના. 2 પણ; પરંતુ; મગર. 3 માત્ર; ફકત; કેવળ.

But-end, *n.* કોઈ ચીજનો બુડો-જાડો છેડો; (of a musket,) બંદુકનું કુંદું.

Butcher, *n.* કસાઈ; ખાટકી. 2 ખુની-નિર્દય માણસ. 3 *v. t.* જાનવર કાપવાં; જબે કરવું. 4 ખુન કરવું.

Butchery, *n.* કસાઈખાનું. 2 કસાઈનો ધંધો. 3 ખુનરેજી; કાપાકાપી.

Butler, *n.* બુટલેર.

Butt, *n.* નિશાણ; નેમ. 2 ટક્કર.(જનાવરોની) 3 જેની મજાખ—મશ્કરી કરવી હોય તે માણસ; રમકડું. 4 ૧૨૬ "ગ્યાલન" વાઇનદારૂ માએ એવાં કદનું પીપ. A butt of beer, ૧૦૮ ગ્યાલન બીર માએ અથવા ૧૫૦૦થી તે ૨૨૦૦ હંદરવેટ કરંટ દરાખ માએ એવું પીપ. 5 બારણાને માટે એક જાતના મીજાગરાં. 6 *v. i.* ટક્કર મારવી—લડવી.

Butter, *n.* માંખણ; મસ્કો. 2 *v. t.* માંખણ ચોપડવું; મસ્કો લગાડવો.

Butter cup, *n.* એક જાતનું પીળું ફુલ.

Butter-fly, *n.* પતંગિયું; પોપટી.

Butteris, *n.* ઘોડાની ખડી કાપવા તથા છોલવાનું એક લોઢાંનુ હથીઆર.

Buttermilk, *n.* છાસ; તાક.

Buttery, *a.* માખણનો ગુણ—ચિકાસ ધરાવતું. 2 *n.* માખણ, દુધ વગેરે ખાધાના પદાર્થો રાખવાની કોટડી; કેટલીક મદરેસામાં વીદયાર્થીઓને વેચાતો આપવા માટે કોઠડીમાં ખોરાક ભરી રાખેછે તે કોઠડી.

Buttock, *n.* કુલું; ઢગરૂં.

Button, *n.* બોરીયું; બુટાણી. 2 *v. t.* બોરીયું ભેરવવું—પોવું. [કાણું.

Button hole, *n.* બરવડું;બોરીયું પોવાનું

Buttress, *n.* પુસ્તો; ટેકો. [મિજાજી.

Buxom, *a.* રંગીલું; આનંદી; ખુશ-

Buxomness, *n.* રંગીલાપણું.

Buy, *v. t.* ખરીદ કરવું; વેચાતું લેવું.

Buyer, *n.* ખરીદદાર.

Buying, *n.* ખરીદી; લેવાલી.

Buzz, *v. i.* ભણભણવું; ગુણગુણ કરવું. 2 કાનમાં હરૂસે કેહેવું; ધુસધુસ કરવી. 3 *n.* ભણભણ; ગણગણાટ. 4 *v. t.* કાનમાં હરૂસે બોલવું; કુચખુચ કરવું.

Buzzard, *a.* ઢોંડો; મૂર્ખ; બેવકુફ.

Buzzer, *n.* કાનમાં કહેનારો—બોલનારો; છુપીવાતો હરૂસે કેહનારો.

By, *prep.* પાસેથી; કણેથી. 2 નજદીક. 3 પ્રમાણે; મુજબ. *Day by day,* દિનપર દિન. *By and by.* થોડોકવાર રહીને; પછી. *Good by,* સાહેબ મેહેરબાન; છેલી સલામ. *By degrees* હળવે હળવે; ધીમે ધીમે. *By no means,* મુદલ—બિલકુલ નહીં.

By-blow, *n.* અછડતો ફટકો.

By-corner, *n.* આડ ખુણો; ચોર ખુણો.

By-end, *n.* છુપી મતલબ.

By-gone, *a.* ગુજરેલું; ગયલું; ગુજશ્ત.

By-lane, *n.* ગલી; સેરી.

By-law, *n.* શેહેરના અથવા સાધારણ મંડળીના કાયદા.

By-path, } *n.* આડવાટ; આડમાર્ગ;
By-road, } ચોરવાટ; ગલીકુંચી.

By-stander, *n.* પાસે ઉભેલું; તમાસગીર

By-word, *n.* કહેવત; કેહેણ.

Byzantian, } *a.* બાઇઝે નટીયમ શે-
Byzantine, } હેરને લગતું.

C.

C. ઈંગ્રેજી મૂળાક્ષરનો ત્રીજો અક્ષર.

Cab, *n.* બે અથવા ચાર પૈડાંની એક ઘોડાની ગાડી.

Cabal, *n.* છાની મસલત કરનારી ટોળી. 2 કારસ્થાન; ફંદ; ફિતુર. 3 *v. i.* ફંદ ફિતુર કરવું; છુપી મસલત કરવી

Cabbage, *n.* કોબી. [ડી; ઝુંપડું.

Cabin, *n.* વાહાણની કેબીન. 2 ઝુંપ-

Cabinet, *n.* ખાનગી વાતચિત-મસલત કરવાનો અલાહેદો ઓરડો. 2 રાજ દરબારી ખાસ સભા; મંત્રિમંડળ. 3 નાહાની કોઠડી. 4 ખાનાની-ખાનાદાર પેટી-સંદુક. 5 વકોરો.

Cabinet maker, *n.* સુથાર; પેટીઓ, કબાટ, કોચ વગેરે બનાવનાર.

Cable, *n.* લંગરનુ-લંગરદોર; હમાર.

Cackle, *v. i.* હંસની અથવા મરઘીની પેઠે અવાજ કાહાડવો. 2 ખરખર હસવું; હિહિ-હાહા કરવું. 3 બકવા-બકબક-લવલવ કરવી. [ઉચ્ચાર.

Cacophony, *n.* કઠોર અવાજ; કકરા

Cadaverous, *a.* પ્રેત-મડદાં સંબંધી. 2 મડદાંના જેવા ફિકા રંગનું; નિસ્તેજ.

Cadence, *n.* ઉતરતો સ્વર; પડતો

Cadent, *a* પડતું. [અવાજ.

Cadet, *n.* નાહાનો ભાઇ. 2 સહુથી ન્હાનો દીકરો. 3 લશ્કરી ખાતામાં હોદો મેળવવાની જે પુરૂા ઉમેદવારી કરેછે તે. 4 લશ્કરી નિશાળમાં શિખનારો ઉમેદ્વાર.

Cadi, *n.* કાજી; ટર્ક લોકનો કોટવાલ.

Cadjan, *n.* ઝાવલી; ઝાપ.

Caffer, *n.* કાફરી.

Cag, *n.* ન્હાનું પીપ.

Cæsura, *n.* કવિતા વાંચવામાં દમ ખાવાનાં જે ઠેકાણાં તે; વિરામસ્થાન.

Cage, *n.* પાંજરૂં; પિંજરૂં. 2 કેદખાનું.

Cajole, *v. t.* ફુસલાવવું; પટાવવું.

Caitiff, *n.* હરામખોર; લુચ્ચો; બદકાર.

Cake, *n.* પુરી; કેક.

Calamitous, *a.* દુખ; વિપત્તિ-આફતનુ. 2 દુખી; કમબખ્ત; હાલબેહાલ.

Calamity, *n.* વિપત્તિ; સંકટ; ગજબ; આફત; આપદા; આપત્તિ.

Calcareous, *a.* ચૂનાનો ગુણ ધરાવતું.

Calcine, *v. t.* ખાખ કરવી; મારવુ.

Calculate, *v. t.* ગણવું; હિસાબ કરવો. 2 ગણિત-ગણત્રીથી નક્કી કરવું-સુમાર કાહાડવો.

Calculation, *n.* હિસાબ; ગણતરી. 2 અડસટ્ટો; સુમાર; અભ્માસ.

Calculus, *n.* પિશાબમાં થતી પથરી.

Caldron, *n.* દેગ; દેગડો; ચરૂ.

Calendar, *n.* પંચાંગ; ટીપણું. 2 અદાલતમાં જે ફોજદારી મુકદમાં ચલાવવાના હોય તેમની ટીપ.

Calender, *v. t.* કપડાંની કુંદી કરવી.
Calid, *a.* ગરમ; ધગધગતું; જલદ.
Calf, *n.* વાછરડું. 2 પાડું. 3 પગનુ ટેટું.
Calibre, *n.* તોપ–બંદુકના મોહોડાંનો ગાળો. 2 મનની શક્તિ; ઝેન.
Calico, *n.* છીટ.
Calif, *n.* ખલીફ; મહમદની પાછલ જેઓ તેની પદવી ઉપર આવતા ગયા તેઓને એ નામે મુસલમીનો બોલેછે
Calk, *v. t.* વાહાણને કફલાત કરવી; ફાટ અથવા સાંધા પુરવા.
Call, *n.* તેડું; ઈઝન. 2 માગણી. 3 પુકારો; હાક. 4 ફેરો; ચક્કર; લટાર. 5 *v. t.* કેહેવું; નામ દેવું. 6 તેડું–બોલાવણું કરવું. 7 હાક મારવી. 8 (for) પુછવું; માંગવું. 9 (in) જમાં–એકઠું કરવું; ઉઘરાવવું. 10 (names) ખરાબ નામે બોલાવવું; ગાળ દેવી. 11 *v. i.* (out) જોરથી બુમ પાડવી. •12 (on) મળવા જવું. [ગાર.
Calling, *n.* ધંધો; કામ; ઉદ્યમ; રોજ-
Callosity, *n.* આંટણ; ચાંમડીનુ સુનમારી જવું–ગંઠાઈ જવું તે.
Callous, *a.* સુનું; મુડદાલ; નિર્જીવ; બેહેર મારેલું; ગંઠાઈ ગયલું. 2 બેફિકર; બેપરવા; સંગદિલ; કઠોર.
Callow, *a.* વગર પર–પિછાંનું; બોડું.
Calm, *n.* પવન ન હોય તેવી હાલત; નિર્વાત. 2 ચિત્તની સ્વસ્થતા; શાંતિ. 3 *a.* શાંત; ઠંડુ; સ્થિર. 4 *v. t.* શાંત કરવું, નરમ–ધીમુ પાડવું; શમવવું.
Calmly, *ad.* શાંતપણે; ધીમે રહીને.
Calmness, *n.* નિર્વાત. 2 શાંતપણું; સ્થિરતા. [તૈયાર કરેલો પારો.
Calomel, *n.* ઓસડમાં મેળવવા સારૂં
Caloric, *n.* ઉષ્ણતા; ગરમી; તેજ.
Calorific, *a.* તાપ-ગરમીઉત્પન્નકરેએવું
Calumniate, *v. t.* આળ–તોહોમત મુકવું; નિંદા કરવી; બદનામ કરવું.
Calumny, *n.* તોહોમત; આળ; બદગોઈ; નિંદા; ગીબત.
Calve, *v. i.* વ્યાવું; વિયાવું (ગાયવગેરેનું)
Calx, *n.* ચૂનો. 2 ધાતુ ભસ્મ.
Calyx, *n.* ફુલની પ્યાલી; ફુલની નીચેની લીલા રંગની ફરતી પત્રીઓ.
Cambric, *n.* એક જાતનુ ઘણુજ ઝીણું સણ અથવા સુરતનુ કપડું.
Camel, *n.* (male) ઊંટ. (female) [સાંઢણી.
Camlet, *n.* કેમલીટ.
Camera obscura, *n.* સૂર્યનાં કિરણની મદતથી ચિત્ર પાડવાનુ એક યંત્ર.
Camp, *n.* લશ્કર ગાહ; મેદાન; છાવણી; ડેરો. 2 લશ્કર.
Campaign, *n.* મેદાન; ચોગાન. 2 સ્વારી; લશ્કરની કુચ અથવા [દોડનો વખત.
Camphor, *n.* કપૂર.
Camphorate, *v. t.* કપુરનો ખવાસ આપવો; કપુર ભેળવો.
Can, *n.* પ્યાલું; કાંસિયો; કટોરો. 2 *v. i.* શકવું; સમર્થ થવું–હોવું.
Canakin, *n.* કુલ્લું; ન્હાનુ પ્યાલું.

Canal, *n.* નેહેર; પાટ. 2 નળી.
Canary, *n.* કનેરી બેટમાં બનાવેલો દારૂ. 2 અસલના વખતનો નાચ.
Cancel, *v.t.* છેકવું. 2 રદ-બાતેલ કરવું.
Cancer, *n.* કરચલો. 2 કર્કરાશી. 3 ખરપસું; નાસુર.
Cancerous. *a.* નાસુરથી સડા લાગેલું.
Candid, *a.* નિષ્કપટ; સાફદિલ; અદલ.
Candidate, *n.* ઉમેદવાર.
Candle, *n.* મોમબત્તી; મીણબત્તી. 2 દીવો; બત્તી. [દાની.
Candlestick, *n.* દીવી; શમઈ; શમે-
Candor, *n.* સાફદિલી; અદલપણું.
Candy, *v. t.* ખાંડ ભેળીને ઉકાળવું; ચાસ-ચાસણી પાવી.
Cane, *n.* નેતર; છડી; લાકડી; સોટી. 2 *v. t.* નેતરથી મારવું; ઝપેટવું. 3 નેતર ભરવી. [ઘાણી.
Cane-mill, *n.* કોહોલુ; સેરડી પીળવાની
Canine, *a.* કુત્રાંનું; કુતરાના જેવો ગુણ ધરાવતું;-(madness) હડખું.
Canister, *n.* છાબડી. 2 ડબ્બો; દાબડો.
Canker, *n.* ઝાડોને લાગતો એક જાતનો સળો. 2 મોહોડાંમાં પડેલી ચાંદી અથવા ચાંદીઓ. 3 રેસમનો કીડો 4 *v. t.* સલી-ખવાઈ જાય તેવું કરવું. 5 *v.i.* સલી-ખવાઈ જવું. [લગતું.
Cannabine, *a.* કાથા અથવા સણને
Cannibal, *n.* આદમખોર-માણસ જાતનું માંસ ખાનાર-મનુષ્ય હારી
Cannon, *n.* તોપ; જંબુરો. [માણસ.
Cannonade, *n.* તોપનો મારો. 2 *v.t.&v. i.* તોપનો મારો ચલાવવો.
Cannoneer, Cannonier, } *n.* ગોલંદાજ.
Cannot, *v. i.* ન શકવું; શકયું નહીં.
Canoe, *n.* હોડી; હોડકું; કોટિયું.
Canon, *n.* કાનુન; કાયદો; રીત; રસમ.
Canonic, Canonical, } *a.* કાયદાસર; કાનુની.
Canonicals, *n. plu.* પાદરીનો ક્રીયા કરતી વખતનો પોશાગ.
Cannonist, *n.* ધર્મસાસ્ત્રી.
Canopy, *n.* ચંદરવો; ચંદની; છતરી.
Cant, *n.* ચોકસ વર્ગના લોકોમાં બોલાતી ચોકસ ભાષા; પરિભાષા. 2 હલકી બોલી. 3 સંકેતની ભાષા.
Canteen, *n.* દારૂ ભરી રાખવાને સોલજરો જે પત્રાંનું અથવા લાકડાનું વાસણ પોતાની પાસે રાખે છે તે. 2 છાવણીમાં પરચુરણ સરસામન દારૂ વગેરે વેચવાની દુકાન.
Canter, *n.* ધીમી-ચોકચાલ. [ગપ.
Canterbury-tales, *n.* કાહાણી; ડફાંસ;
Cantharides, *n. plu.* આગ્યો; આગી માંખ જે બ્લિસ્ટર બનાવાનાં કામમાં આવેછે તે. [ગીત.
Canto, *n.* સર્ગ; કવીતાનો એક ભાગ;
Canton, *n.* જીલ્લો; પરગણું; મહાલ.
Cantonment, *n.* ફોજની છાવણી.
Canvas, *n.* કંતાન. 2 ઉનનું ભરત

ભરવાનું કપડું; કાનવાસ. 3 વાહાણના સઢ.
Canvass, *v.t.* તકરાર કરવી. 2બારીકીથી તપાસ કરવી; ચોકસ રીતે તપાસવું. 3 *v. i.* કાલાવાલાથી પોતાની તરફ મત મેળવવાં.
Cap, *n.* ટોપી; કોલાહ. 2 ટોચ; શીખર; કળસ. 3 માનદાખલ ટોપી ઉતારવી-કાહાડવી તે. 4 *v. t.* માથું ઢાંકવું; મથાલું બેસાડવું. 5 પરિપૂર્ણ કરવું. 6 *v. i.* માનદાખલ ટોપી ઉતારવી.
Capability, *n.* શક્તિ; યોગ્યતા; કાબેલીઅત. [ગ્ય. 3 કાબેલ.
Capable, *a.* શક્તિવાળું. 2 લાયક; યો-
Capacious, *a.* પ્રશસ્ત; વિશાળ; કુશાદે.
Capaciousness, *n.* પ્રશસ્તપણું; કુશાદગી; બોહોળાઈ. 2 સમજવાની મોહોટી શક્તિ. [કરવું
Capacitate, *v. t.* લાયક કરવું; યોગ્ય
Capacity, *n.* સમાપો; જગા, 2 સમજ શક્તિ; પોહોંચ; ગુંજાસ. 3 હાલત; તરીકે; દાખલ. 4 અધિકાર; સત્તા.
Cap-a-pie, *ad.* માથાથી તે પગ સુંધી; નખશિખ.
Caparison, *n.* ઘોડાનાં સાજ ઉપર નાખવાનું સુશોભિત કપડું; ઝૂલ.
Cape, *n.* ભૂશલાકા; જમીનની નાકટોક. [કુદકો મારવો.
Caper, *v. i.* કુદવું; ઉછળવું; છલંગ-
Capias, *n.* ધરવા.-પકડવાનું હુકમનામું; ફરસીખ; કેસો.

Capillary, *a.* બાલ જેવું બારીક; કેશતુલ્ય;-(attraction) કેશાકર્પણ. 2 *n.* ઝીણી રગો.
Capital, *n.* રાજધાની; મુખ્ય શેહેર. 2 મુદલ; થાપણ; મુડી; ભંડોળ. 3 થાંભલાનો સઉથી ઉપલો ભાગ. 4 *a.* મોહોટું; મુખ્ય. 5 માથું-જીવ જાય એવું; ફાંસી દેવા લાયક.
Capitalist, *n.* પુંજી-થાપણ-મુડીવાળો.
Capitally, *ad.* સારી રીતે; અચ્છી રીતે.
Capitation, *n.* શિરગણતી; માણસોની ગણત્રી. 2 (tax) માણસ વેરો-પટ્ટી; કરમવેરો; માથવેરો.
Capitulate, *v.i.* કોલ કરી શરણે-તા-
Capon, *n.* ખસી મરઘો. [બે જવું.
Caprice, *n.* ફાંટો; તોર; ઝુમ; લેહેર.
Capricious, *a.* તોરી; લહેરી; ઉડતચિ-
Capricorn, *a.* મકર રાશી. [ત્તનું.
Capsicum, *n.* લવંગું મરચું.
Capsize, *v.t.* ઉંધુંવાળવું; ઉથલાવી દેવું.
Capstan, *n.* દવર; લંગર વીગેરે ઉચકવાનું યંત્ર; ભાર ઉપાડવાનું યંત્ર.
Capsula, / Capsule, *n.* બીજની ફળી; બીજ કોશ. 2 મટોડીનું નાનુ વાસણ જે રસાયણ શાસ્ત્રનાં કામમાં આવેછે તે. 3મોહરિયું; બાટલીને બુચ માર્યા પછે તે ઉપર ધાતુની બોલી જેવું જે બેસાડવામાં આવેછે તે.
Captain, *n.* ફોજમાં કપતાનની પદવી ધરાવનાર સરદાર, 2 વાહાણનો કપતાન; નાખુદા.

Captious, *a.* ખોડ ખાપણ-ભૂલ ચૂક શોધ્યા કરતું; ખાંખતવાળું.
Captivate, *v. t.* મોહિત કરી નાખવું; મોહો પમાડી વશ કરવું;મન હરીલેવું.
Captivating, *a.* મનોહર; મોહક.
Captive, *n.* & *a.* કેદી; બંધીવાન; લડાઇમાં પકડાયલું.
Captivity, *n.* બંદી; કેદ; ગીરફતારી.
Captor, *n.* લડાઇમાં કેદી પકડનાર.
Capture, *v. t.* સતાથી પકડવું;કબજ-
Car, *n.* રથ; ગાડી. [જપત કરવું.
Carbine, *n.* કારબાઇન નામની બંદુક, જેની નલી હદી ફુટ લાંબી હોયછે.
Caramel, *n.* બાલેલી ખાંડ જે દારૂને રંગ આપવાનાં કામમાં આપેછે.
Carat, *n.* ચાર ગ્રેન અથવા ધંઉ ભારનું વજન. 2 ચોવિસમો ભાગ; ચોવિસાંશ.(સોનાનો કસ જણાવવામાં એ શબ્દ વપરાયછે.)
Caravan, *n.* કાફલો; વણજાર; પોઠ.
Caravansary, } *n.* ધર્મશાળા; સરાહ;
Caravansera, } મુસાફરખાનું.
Caraway, *n.* સુઆ; સુવા. [સ્ત્રમાં).
Carbon, *n.* એક તત્વ; (રસાયન શા-
Carbuncle, *n.* ગરમીની ફુલ્લી; ફોલ્લો. 2(on the back)પાઠું.3 માણક;લાલ.
Carcanet, *n.* જડાવ હાર.
Carcass, *n.* લોથ; લાસ; મુરદું; શબ.
Card, *n.* રમવાનાં પાનાં; ગંજીફો. 2 નામની ચિઠ્ઠી-કાર્ડ.3પંજેટી;કાંસકો-કી. 4*v.t.* પંજેટવું; તુણવું; પિંજવું.
Cardamom, } *n.* એલચીનું ઝાડ.
Cardamum, } 2 એલચી.
Carder, *n.* પિંજારો; પિંજનારો.
Cardinal, *a.* મુખ્ય; શ્રેષ્ઠ; સર્વોપરી. 2 *n.* વડો પાદરી.
Cardinal-points, *n.* પૂર્વ,પશ્ચિમ,દક્ષિણ અને ઉત્તર એ ચાર મુખ્ય દિશાં.
Care, *n.* ફિકર; અંદેશો; કાળજી; પરવા. 2 જંજાળ. 3 સંભાળ; જતન; માવજત; નિઘા; દેખરેખ. 4 તાબો; હવાલો. 5 *v. i.* ચિંતા ધરવી; ફિકર કરવી. 6 દરકાર-પરવા રાખવી.
Career, *n.* દોડ;દોડવાનો ઝપાટો;વેગ. 2વર્તવાની રીત;વર્તણુક;ચાલચલણ. 3 શરત દોડવાની જગ્યા; ઘોડ દોડ.
Careful, *a.* ફિકરમંદ; ચિંતાતુર. 2 સાવધ; ખબરદાર; હોશિયાર.
Carefulness, *n.* કાળજી. 2ખબરદારી.
Careless, *a.* ગાફેલ;બેફામ;વિસરાળુ. 2 નફકરૂં. 3 નચિંત;બેપરવા-દરકાર.
Carelessness, *n.* બેપરવાઇ;બેફિકરી. .2 ગાફેલપણું. 3 નફકરાપણું.
Caress, *v.t.* લાડ લડાવવો;પ્રિત-પ્યાર કરવો(an animal)પંપાળવું;પસવારવું
Caret, *n.* ‸ એવી નિશાની; કાકપડ.
Cargo, *n.* વાહાણમાં ભરેલો માલ.
Caricature, *n.* સોંગ; નકલ.
Caries, *n.* હાડકામાં પડેલું નાસુર; હાડકામાં લાગેલો સળો-સડો.
Cariole, *n.* નાની હુચાડી ગાડી.

Carious, *a.* સડેલું; સડો લાગેલું.
Carminative, *n.* વાયુ કાપનારૂં ઔ-
શધ; પવન તોડનારી દવા.
Carmine, *n.* સુરખ રંગ;કીરમજી રંગ.
Carnage, *n.* ખુનરેજી;કતલ;કાપાકાપી
Carnal, *a.* શારીરિક; દેહિક. 2 કામી;
વિષઈ; શેહેવતી; નફસી.
Carnal knowledge, સંભોગ.
Carnation, *n.* માંસનો રંગ. 2 શરી-
રના ખુલ્લા રાખેલા ભાગ,જે માંસના
રંગ જેવા દેખાયછે તે (ચિત્રમાં).
Carnelian, *n.* અકીક. [ખાનાર.
Carnivorous, *a.* માંસભક્ષક; માંસ
Carol, *n.* આનંદ ગીત-સ્તોત્ર.2કીર્તન
Carouse, *v. i.* શરાબબાજી કરવી.
Carp. *v. t.* આડું કુટવું; ખોડ ખા-
પણ કહાડવી-શોધવી.
Carpenter, *n.* સુતાર; મિસ્તરી.
Carpentry, *n.* સુતારકી; સુતારકામ.
Carpet, *n.* ગાલિચો;સેતરંજી;જાજમ.
2 *v. t.* સેતરંજી-ગાલિચો પાંથરવો.
Carriage, *n.* એક ઠેકાણેથી બીજે ઠે-
કાણે લઈ જવું તે. 2 ગાડી. 3 ઠેલ;
ભાડું. 4 ચાલચલણ; રીતભાત; ઢંગ.
Carrier, *n.* હેલકરી; વહીતરો; બોજો
ઉઠાવનાર (માણસ, પોઠી વગેરે).
Carrion, *n.* બિગડી ગએલું-મુડદાલ
Carrot, *n.* ગાજર. [માંસ.
Carry, *v. t.* લઈ જવું. 2 હાંસલ કરવું.
ફાવવું; સાધવું. 3 રાખવું; દેખાડવું.
(અર્થ, માયનો). 4 વદીલેવી-ગણવી.

Cart, *n.* ગાડું; ખટારો;રેંકડો. [રથકાર
Cart-wright, *n.* ગાડાં બનાવનાર;
Cartel, *n.* લડાઈમાં પકડાએલા બંધ-
વાઓને અરસપરસ બદલી લેવા
બાબે એક બીજા સાથે થએલા
કોલકરારો.
Carter, *n.* ગાડીવાન; ગાડી હાંકનાર.
Cartilage, *n.* કુમળુંહાડકું;કોમળાસ્થિ.
Cartoon, *n.* કાગજ ઉપર પાડેલો-કા-
ઢેલો ચિતાર અથવા નમુનો.
Cartouch, *n.* તોસદાન; બંદુકનોટોટો;
કારતુસ. [કાગળ.
Cartridge-paper, *n.* કાતરીજનું
Cartridge, *n.* દારૂ ભરી રાખેલો ટોટો.
Carve, *v. t.* કોરવું; કોતરવું; ખોદવું
(લાકડામાં). 2 કાપવું; કાપી ન્હાના
કકડા કરવા(જમવાની તેબલ ઉપર).
Carver, *n.* ખોદનાર; કોતરનાર; ન-
કસીગર. 2 જમતી વખત માંસ-
ગોસ કાપવાની મોટી છરી.
Cascade, *n.* ઝરણો; ધોત; ધોધ.
Case, *n.* ઘર; ઢાંકણ; ખોલ. 2 અ-
હેવાલ; હાલત. 3 મુકદમો; કજિયો.
4 વિભક્તિ. 5 *v. t.* ઢાંકણ કરવું.
Casement, *n.* ઝરોખો-કો; બારી.
Cash, *n.* રોકડ; નગદી. 2 *v. t.* વટાવવું.
Cash-account, } *n.* રોકડમેળ; રોજ
Cash-book, } મેળ.
Cashew, *n.* કાજુ.
Cashewnut, *n.* ભીલામુ.

Cashier, *n.* સરાફ;ફિલીદાર; પોતદાર. 2 *v. t.* રાનદી અધિકાર ઉપરથી બરતરફ કરવું.
Cask, *n.* પીપ. [મુકવાસારૂ.)
Casket, *n.* દાબડો; કરંડીયો(જવાહેર
Cassia, *n.* Fistula, ગરમારો.
Lignia, એક જાતની તજ.
Cast, *v. t.* ઓકાવવું; છોડી-ફેંકી-નાખી દેવું. 2 સાંચા-ઓઢામાં ઓતવું; ઢાલવું. 3 *n.* વળણ; ઓટ. 4 ડાળ; રૂપ; છટા. 5 નજર; ઈશારત. 6 સાંચો; ઓઢું; નમુનો; ઘાટ.
To cast down, ઉદાસ થવું.
Cast away, ઘસડાઇ-ભાંગી ગયલું (વાહાણ.)
Cast-away, *n.* રદ થએલી-નાખી દીધેલી વસ્તુ. 2 જે સખસ ઉપરથી ખુદાની રહેમ ઉતરેલી તે શખ્સ.
Caste, *n.* જાત;ન્નાત;વર્ણ;કોમ; ફિરકો.
Caster, *n.* ઓતનાર; ભરતીઓ.
Casting-vote, *n.* સરખે મતે હા અને ના પડથી સરનશીને પોતાની મરજી પડ તે તરફ આપેલું મત.
Cast-iron, *n.* ઓતેલું લોહોડું; બીડ; ભરતર. [સજા કરવી.
Castigate, *v. t.* ફટકા-ચાબુક મારી
Castigation, *n.* શિક્ષા; સજા.
Castle, *n.* કોટ; કિલ્લો; ગઢ.
Castor-oil, *n.* એરંડયું; દીવેલ.
Castrate, *v.t.* ખસી કરવું. 2ચોપડીનો કોઇ સફો-ભાગ કાહાડી નાખવો.

Casual, *a.* કંઈ વિશેષ કારણસર;પ્રસંગ પૂર્વક. 2 ઈત્તેફાકી. [ત્તેફાકી.
Casually, *ad.* અચિંતું: દૈવયોગે; ઈ-
Casualty, *n.* હુનારતથી-દૈવયોગે થયલા બનાવ. 2 શરીરને પોંહોચેલી અણધારી ઈજા-નુકસાન;કજા.3મોત.
Cat, *n.* બીલાડો; બીલાડી; બિલ્લી.
Cat-eyed, *a.* માંજરા ડોળાનું; માંજરૂં.
Catacombs, *n.* મુરદાં દાટવાના ખો, અથવા ભોંયરામાં કીધેલી જગા; કબર; ગોર.
Catalepsy, *n.* એક એવું દરદ જેથી માણસ એકાએક તદન બેહોસ થઈ જાએ, તેનો સ્વાસ બંધ થાય અને આંખ ઉઘાડી રહે; તટસ્થવાયુ.
Catalogue, *n.* ફેરિસ્ત; ટિપ; અનુક્રમ પ્રમાણે યાદી. [તીયો; ફુલું.
Cataract, *n.* પાણીનો ધોધ-ધોત.2મો-
Catarrh, *n.* સલેખમા; સરકમ.
Catastrophe, *n.* આફત; વિપત.
Catch, *n.* આંકડો; અટકણ; પકડ. 2 *v. t.* ધરવું; પકડવું;. 3 ઝીલી લેવું. 4 દાવ-પેચ-ફાંસામાં આણવું. 5 *v. i.* ગુંચવાઇ જવું. 6 લાગવું; ઉડવું. (રોગ).
Catechise, *v.t.* સવાલ જવાબની રીતે શિખવવું (ધર્મસંબધી ન્નાન આપવાને એ શબ્દ વાપરયામાં આવેછે).
Catechism, *n.* પ્રશ્નોત્તરાવળિ; સવાલ જવાબમાં બનાવેલી ન્હાની ચોપડી.

Catechist, *n.* સવાલ પૂછીને શિખ-વનાર; પ્રશ્નોત્તર પૂર્વક શિક્ષક.
Catechu, *n.* એરસાલ. 2 કાથો.
Categorical, *a.* સરૂ; સ્પષ્ટ; નીશ્ચયનું.
Categorical answer, ટુંકો જવાબ.
Category, *n.* ભાગ; વર્ગ; દરજ્જો.
Catenation, *n.* સીલસીલા; કડી-બંધ; ઇલાકો.
Catenary, *n.* બે છેડેથી બાંધેલી સાં-કળ-દોરડાનો ઝોક-ઝોલાન.
Caterer, *n* ખાણાની સામગ્રી કરનાર; મોદી; ખાનસાલાર.
Caterpillar, *n.* કીડો; કામળિયો; જંતુ.
Caterwaul, *v. i.* સામસામુ ઘુરકવું.
Catgut, *n.* તાંત; પશુઓનાં આંતર-ડાંનો બનાવેલો વાજીંત્રનો તાર.
Cathartic, *a.* રેચક; જુલાબ આવે એવું. 2 *n.* જુલાબ; રેચ.
Cathedral, *n.* યુરોપીયન લોકનું દેવળ.
Catheter, *n.* પિશાબની ઈંદ્રીમાં મુ-કવાની સળી; પિશાબ સલી.
Catholic, *n.* કેથોલિક ધર્મનું માણ-સ. 2 *a.* સર્વ લોકનું; સઘળાને લાગે તેવું. 3 ઉદાર; મોટા મનનું.
Catkins, *n.* સુગંધી ફળ.
Cat-o-nine tails, *n.* નવ ચીમકી-ઓથી બનેલો ચાબક; નવસાટો કોરડો.
Cattle, *n.* ઢોર.
Cattle-show, *n.* ગાય ઢોર વગેરે જાન-વરોને ખવડાવી ચરબદાર કરી બજા-રમાં બતલાવામાં આવે છે તે દેખાવ.
Caudle, *n.* કાવેહ આજારી માણસને સારૂ વાઈન તથા બીજાં કેટલાંક વસાણાં મેલી કીધેલો ગરમ કાવો.
Caul, *n.* આંતરડાં ઉપરની પાતલી ચામડી. 2 ઓાર. 3 માથા ઉપર પે-હરવાની જાળી-નેટ. [લાવર.
Cauli-flower, *n.* ફુલકોબી; કાલીફ-
Causal, *a.* કારણ દર્શક-બતલાવનાર -સાધક. 2 *n.* પ્રયોજ્ય (ધાતુ).
Causality, *n.* કારણત્વ; સાધકત્વ; કોઈબી બનાવ બનવાનું કારણ.
Cause, *n.* કરનાર; કર્તા. 2 કારણ; હેતુ; સબબ. 3 મુકદમો; દાવો. 4 ખાતર; મુરવત. 5 પક્ષ. 6 *v. t.* કાર-ણ થઇ પડવું; ઉત્પન્ન કરવું. [મથું.
Causeless, *a.* બેસબબ; નાહક; અ-
Causeway, *n.* પાણી-કિચળ એવી જ-ગાઉપરથી જવાને બાંધેલો પુલ-રસ્તો
Caustic, *n.* માંસ બાળી નાખે એવું ઓસડ. 2 *a.* માંસ બાળનારૂં.
Cauter, *n.* ડાહામ.
Cauterize, *v. t.* ડાહામ દેવો. 2 માંસને ઓસડથી બાળવું.
Cautery, *n.* (actual) ગરમ લોહોડાં-થી મુકેલો ડાહામ. (potential) ઓ-સડ લગાડી મુકેલો ડાહામ.
Caution, *n.* સાવધાની; તાકીદ; હો-શીઆરી. 2 આગળ પાછળનો વિ-ચાર કરી તૈયાર રાખેલો ઉપાય-તજ-વીજ-બંદોબસ્ત; ચેતવણી. 3 *v. t.*

તાકીદ રાખવી; સાવધ–હોશીઆર કરવું–રાખવું; ચેતાવવું.
Cautious, *a.* સાવધ; હોશીઆર.
Cavalcade, *n.* મોહોટી સ્વારી.
Cavalier, *n.* શિલેદાર; ઘોડેસ્વાર.
Cavalry, *n.* તુરકસ્વાર; ઘોડસ્વારલશકર
Cave, Cavern, *n.* ગુફા; ગુહા; વિવર; કોતર; કોહ.
Cavil, *v.i.* ફોકટ વાંધો લેવો; અમથી હરકત કરવી.
Cavity, *n.* ખાંચ; પોલાણ; ખાડો.
Caw, *v. t.* કાગડાની પેઠે કાકા કરવી.
Cease, *v. i.* બંધ પડવું; અટકવું; મોકુફ થવું. 2 પુરૂં થવું; છેડો આવવો.
Ceaseless, *a.* અખંડ; નિરંતર; હંમેશાનું.
Cedar, *n.* દેવદાર.
Cede, *v. t.* સ્વાધીન કરવું; આપી દેવું; મુકી છુટવું.
Cedule, *n.* લેખ; લખત.
Ceiling, *n.* છાજ; સીલિંગ; તકતપોશી. 2 ચાંદવો; ચંદરવો.
Celebrate, *v t.* વખાણવું; સ્તુતિ કરવી. 2 સમારંભ કરવો; ઓચ્છવ કરવો.
Celebrated, *a.* પ્રખ્યાત; પંકાયલું; નામાંકિત; નામિચું.
Celebration, *n.* સ્તુતિ. 2 ઓચ્છવ.
Celebrity, *n.* નામદારી; કીર્તિ; નામ.
Celerity, *n.* જલદી; તાકીદ; ઝડપ.
Celestial, *a.* સ્વર્ગનું; બેહેસ્તી. 2 આકાશનું; આસમાની (celestial globe) ખગોલ.
Celibacy, *n.* કુવારાપણું.
Cell, *n.* ન્હાની કોટડી (બંદીખાનાની). 2 ન્હાની ગુફા. 3 છિદ્ર; નાકું.
Cellar, *n.* ભોંયરૂં.
Cellarage, *n* ભોંયરાં. 2 ભોંયરા ભાડું.
Cellular, *a.* ઘણાજ બારીક સુરાખદાર; ઝીણા છીદ્ર વાળું.
Celt, *n.* અસલી વખતમાં યુરોપની દક્ષીણે રહેનારા લોકો.
Cement, *n.* વળગવા–જોડવાસારૂ બનાવેલી ચિકટ ચીજ.(નિરૂ, ખરચી ચુનો, સરસ વગેરે). 2 સ્નેહ; દોસ્તિ. 3 *v. t.* વળગાવવું. 4દોસ્તિથી જોડવું.
Cementation, *n.* (In Chemistry) *the act*, કોઈ જડ પદાર્થની આસપાસ બીજા પદાર્થનો ભુકો નાખી તેને લાલ ગરમ કરી સાંધી લેવાનીરીત.
Cemetery, *n.* મસાણ; મુડદાંને દાટવાની જગા; કબરસ્તાન.
Cense, *n.* કર; છાપો; જગાત. 2 હાલત; સ્થીતી. 3 પદવી; હોદો.
Censer, *n.* ધુપદાન; આફુરગાનિયું.
Censor, *n.* લોકની અનીતિની ચાલ જોઈને તેમને શિક્ષા કરવાને તથા લોકો ઉપર કર ઠરાવવાને અસલ રોમન લોક જે એક અધિકારી મુકરર કરતા હતા તે અધિકારી.
Censorious, *a.* ખોડ ખાંપણ–ઓતરણાં–એબ શોધનાર; સકત ટીકા કરનાર.
Censor-ship, *n.* censor નો હોદ્દો, અથવા જેટલી મુદત સુધી તે કામ ચલાવે તે મુદત.

Censual, *a.* લોક ગણત્રીનું–ને લગતું.
Censurable, *a.* ઠપકા લાયક; દોષ પાત્ર.
Censure, *n.* ઠપકો; દોષ; દૂષણ; બદનામી. 2 *v. t.* ઠપકો દેવો; વાંક કાહાડવો.
Census, *n.* લોક ગણત્રી; વસ્તિ પત્રક.
Cent, *n.* સેંકડો; શેકો; સો; શત, જેમકે per cent: દર સેંકડે.
Centage, *n.* સોનો–સેંકડાનો ભાવ.
Centaur, *n.* (Myth.) ધનુ રાશી; અરધો માણસનાં તથા અરધો ઘોડાનાં રૂપવાળો પુરૂષ; નરાશ્વ. [માણસ.
Centenarian, *n.* સોવરસની ઉમરનું
Centenary, *n.* સેંકડો; સોનો આંકડો.
Centiped, *n.* કાનખજુરો; કાનકચુરો; સો પગનો જંતુ. [મુકેલું.
Central, *a.* મધ્યેનું; વચલું. 2 મધ્યે
Centre, *n.* મધ્ય. 2 ગોળનું મધ્ય બિંદુ; કેન્દ્ર. 3 *v. t.* વચોવચ એકઠું કરવું; એક બિંદુપર જમાવ કરવો.
Centrebit, *n.* વેહે પાડવાનું એક કમાનદાર હથીઆર જે ઉપર છાતીના જોરથી દબાણ કરી તથા હાથે ગોળ ફેરવી વેહે પાડવામાં આવેછે.
Centigrade, *a.* સો અંશમાં વેહેચાયલું; સો ડીગ્રીનું–વાળું.
Centrifugal-force, *n.* મધ્યબિંદુને છોડી દૂર જવાની ગતિ; કેંદ્રોત્સાર ગતિ.
Centripetal-force, *n.* મધ્યબિંદુ તરફ જવાની ગતિ; કેંદ્રાભિસરણ ગતિ.
Centry, *n.* પાસબાન; પોહોરાગીર.
Centuple, *a.* સોપટ; સો ઘણું વધારે.
Centurion, *n.* સો સો માણસો ઉપર ઉપરીપણું ચલાવનાર રોમન લોકનો એક લશ્કરી અમલદાર. [વર્ષ.
Century, *n.* સેંકડો; શેકો. 2 સદી; સો
Ceraceous, *a.* મીણના જેવું.
Cerberus, *n.* (Myth.) દોજખના દરવાજાનો ચોકી બાન કુત્રાના આકારનો એક રાક્ષસ.
Cerebrum, *n.* ભેજાંનો આગલો મોહોટો
Cere cloth, *n.* મીણકપડ. [ભાગ.
Ceremonial, *a.* કર્મ–સંસ્કાર સંબંધી.
Ceremonious, *a.* આચાર–કર્મ–રીત –રસમ પ્રમાણે ચાલનારૂં; વિવેકી.
Ceremony, *n.* ક્રિયા; સંસ્કાર; રીતિ. 2 આદરસત્કાર; આદરમાન.
Certain, *a.* મુકરર; સાચ્ચે; ચોકસ; બેશક; ખચિત; ખસુસ. 2 બાજે; કોઇ એક; ફલાણું; અમુક. [ખરેખર.
Certainly, *ad.* નિશ્ચયપૂર્વક; ખચિત;
Certainty, *n.* નિશ્ચય; ખાતરજમા.
Certificate, *n.* ખાતરીને સારૂ આપેલો જે કાગળ–દસ્તાવેજ તે; પ્રમાણઆબરૂ પત્ર; દાખલો; સર્ટીફીકેટ.
Certify, *v. t.* ખાતરીનો લેખ આપવો.
Cerulean, *a.* આસમાની. [લગતું.
Cervical, *a* ગરદનને લગતું; ડોકને
Cessation, *n.* અટકાવ; વિરામ. 2 મહકુબી; તહકુબી.
Cession, *n.* ત્યાગ; આપી–છોડી દેવું તે.

Cesspool, *n.* ખાળકુવો.
Chafe, *v. t.* ઘસી-ચોળીને ગરમ-ઉનું કરવું. 2 ખિજવવું; ચિહિડવવું. 3 *v. i.* તડફડવું; જોરામાં આવવું; તપવું; તપી જવું.
Chaff, *n.* છાલાં; ફોતરૂં. 2 કચરો. 3 ટોળ; મજાક.
Chaffer, *v. i.* ભાવ ઠરાવવામાં માથાફોડ-રીકઝીક કરવી.
Chafing-dish, *n.* શાઘડી; અંગેઠી.
Chagrin, *n.* રીસ; ચિહિડ; ખફગી. 2 *v. t.* ખફા કરવું; ગુસ્સો ચઢાવવો.
Chain, *n.* સાંકળ; સાંકળી. 2 દાસપણું; ગુલામી. 3હાર; ઓળ. 4 બેડી; બંધન. 5 *v. t.* સાંકળથી બાંધવું; જોડવું. 6 સાંકળ ઘાલવી; બેડી ઠોકવી.
Chain-shot, *n.* જંજિરી-જોડ ગોળો.
Chair, *n.* ખુરસી. 2મુખ્યજગા-સ્થાન.
Chairman, *n.* સભાપતિ; સરનશીન; [પ્રમુખ.
Chaise, *n.* બગી.
Chaldron, *n.* કોલસા તોલવાનું એક વ- [જન.
Chalice, *n.* પ્યાલું; અરઘિયું.
Chalk, *n.* ચાક; ખડી.
Challenge, *n.* લડાઈ માગવી તે. 2. *v. t.* લડવાને બોલાવવું. 3 જવાબ માંગવો. 4 દાવો કરવો. 5 (*Law*) જુરીમાં બેઠેલા કોઈ શખસને બંધવાએ અથવા તેની તરફેણના વકીલે ઉઠાડી મુકાવવો અથવા તેને ઉઠાડી મેલવાને દરખાસ્ત કરવી તે.
Chalybean, *a.* તીખાં લોઢાંને લગતું-નો ગુણ ધરાવતું.
Chalybeate, *a.* લોઢાના ખારવાળું; લોઢાના જેવા સ્વાદનું.
Chamber, *n.* ઓરડો; કોઠડી; ઓલી. 2 તોપની કોઠી; તોપનું પેટ.
Chamber of Commerce, *n.* શેહેરના વેપારીઓની સભા-મંડળી.
Chamberlain, *n.* પાદશાહના મેહેલનો વહિવટ ચલાવનારો કારભારી.
Chambermaid, *n.* દાસી; હજુરીઆણ.
Chameleon, *n.* સરડો; કાંકીડો.
Chamois, *n.* બકરાની જાતનું એક જાનવર, જેનું ચામડું ઘણુંજ સાફ, નરમ, અને સુમારૂં બની શકેછે.
Champ, *v. t.* ચાવવું; ચપોળ્યા કરવું.
Champagne, *n.* "ચંપીન" દારૂ.
Champaign, *n.* ચોગાન; ખુલ્લું મેદાન.
Champion, *n.* હિમાયતી; ઉપરાણું લેનારો. 2વીર; શૂર; જોદ્ધા; લડવૈયો.
Chance, *n.* દૈવ; નસીબ; કિસમત. 2સંભવ; બનાવ; ઈતેફાક; દૈવ જોગ. 3 *v. i.* બનવું; વિતવું; થવું; પડવું.
Chancel, *n.* દેહેરાંમાંનું હોમકુંડ અને કટેરા એ બેની વચમાંની જે જગા તે.
Chancellor, *n.* મુખ્ય-વડો ન્યાયાધીશ. 2 સદરદિવાન; પાદશાહી દફતર-મોહોર રાખનાર અમલદાર.
Chancery, *n.* પાર્લામેંટથી ઉતરતી ઈનસાફની દરબાર; સદર અદાલત.

Chandelier, *n.* ઝુમર.

Chandler, *n.* મિણબત્તિ બનાવનાર-વેચનાર. 2 ધંધો કરનાર; વેચનાર.

Change, *n.* અદલાબદલી; ફેરફાર; ફરક. 2 પાવલી એઆની; ચવચવ; પુરદો. 3 *v.t.* ફેરફાર કરવો;બદલવું. 4 વટાવવું; પુરદો કરવો. 5 *v.i.*બદલાવું; ઉલટું થવું; ફેર પડવો; ફરવું.

Changeable, *a.* ફેરફાર કરવા જોગ. 2 ચંચળ; ઠેકાણા વગરનું; ઝટ ફરિ જાય તેવાં મનનું.

Changer, *n.* સરાફ.

Channel, *n.* નીક;કાંસ.2 પાટ; નેહર; નાળું. 3 નદીનો ઊંડો ભાગ; પાત્ર; ખાડી. 4 વાટ; રસ્તો; દ્વાર.

Chant, *v. t.* ગાવું; ગાયન કરવું.

Chanter, *n.* ગાનારો; ગવઇઓ.

Chantry, ધર્મ કીર્તન કરવાનું ખ્રીસ્તી લોકોનું વર્ષાશન કરી આપેલું મંદીર જાંહાં તે મંદીરના ધણીનાં તારણ માટે એકાદ બે ઉપાધ્યા દરરોજ ભજન કીર્તન કરયા કરેછે.

Chaos, *n.* દુનિયાં ઉત્પન્ન થયાની આગમચ સઘળા પદાર્થોની જે હાલત હતી તે. 2 ગુંચવણ; ગોળો પિંડાળો.

Chaotic, *a.* ગોટાળ ભરેલું; ગુચવારા [ભરેલું.

Chap, *n.* છોકરો; બચ્ચો.

Chapel, *n.* દેવળ; દેહેરૂં; ભક્તિ ગૃહ.

Chanticleer, *n.* મરઘો; કુકડો.

Chaplain, *n.* યુરોપીઅન દેવળનો અધિકારી; પાદરી.

Chaplet, *n.* માથાને સારૂ ફુલની જે વાડી તે;વેણી.2જપમાળા;તસબીર.

Chapter, *n.* બાબ; પ્રકરણ; અધ્યાય.

Char, *v. t.* બાલીને કોયલો કરવો. 2 *n.* છુટક-ઉધડું કામ.

Character, *n* ચિન્હ; નિશાન; ખુણ. 2 વર્ણ; અક્ષર; હરફ; દસ્કત. 3 લિપિ. 4 સ્વરૂપ; લક્ષણ. 5 પાત્ર; વેશ ભજનાર. 6 આબરૂ; પત. 7 આચરણ; ચાલચલણ.

Characteristic, *n.* બાહર પડતો ગુણ; વિશેષ લક્ષણ-ગુણ; ખુબી.

Characterize, *v. t.* લક્ષણ-ગુણ-ખુબી કહી સંભળાવીને વર્ણન કરવું.

Charade, *a.* શબ્દ સમશ્યા. See Enigma.

Charcoal, *n.* કોએલો; કોલસો.

Charge, *n.* હવાલો; જુમ્મો. 2 સોંપેલું કામ; વહિવટ. 3 ખરચ; ખરાજાત. 4 તોહોમત; બટ્ટો. 5 હલ્લો. 6 તાકીદ; હુકમ. 7 બંદુક-તોપનો બાર. 8 *v. t.* બંદુકમાં બાર ભરવો. 9 તોહોમત મુકવું. 10 ખરાવી બજાવીને કેહેવું. 11 કિમત-મૂલ માંગવું. 12 નામે લખવું-માડવું.13સોંપવું;હવાલે કરવું.14હલ્લો-ચઢાઇ કરવી.15કરનાખવો

Chargeable, *a.* જકાત લઇ શકાએ એવું; જકાતને લાયક. [ઘોડો.

Charger, *n.* થાળી; થાળો.2 લડાઇનો

Chariot, *n.* રથ; ચારંઠ.
Charioteer, *n.* ગાડી હાંકનાર; સારથી.
Charitable, *a.* બીજાનું કલ્યાણ જોનાર; દોષ ઉપર રેહેમથી જોનાર. 2 ધાર્મિક; ધર્મ ખાતાંને લગતું; ધર્મનું.
Charity, *n.* દયા; કૃપા. 2 ધર્મદાન; ધર્મ. 3 પરોપકાર બુદ્ધિ.
Charivari, *n.* કંટાળો અથવા અપમાન આપવા ઢોલ, તાસા, રણસીંગડાનો બેસુર અવાજ, અને ધોંગાટ. (આગલા વખતમાં જે અધોડ વીધવાઓ પુનરવીવાહ કરતી તેમને અપમાન પોંહોંચાડવા એવા ધોંગાટ કરતા હતા.)
Charlatan, *n.* પોતાને મ્હોડે પોતાની બડાઈ કરનાર; ઊટ હકીમ; ઊંટ વૈદ્ય.
Charm, *n.* મંત્ર; તંત્ર; જાદુ; ટોણો. 2 દોરો; ચીઠી; માદળિયું. 3 મોહિણી. 4 *v. t.* જાદૂનાં જોરે વરાતામે કરવું. 5 શાંત પાડવું. 6 મોહ પમાડવું; ભોળવી નાખવું.
Charmer, *n.* મંત્રી; ચેટકી. 2 વશ કરનાર; મોહક; મનોરંજક.
Charming, *a.* લોભાવનાર; મોહક; મનોહર; ચિત્ત ચોરે એવું.
Chart, *n.* સમુદ્રનો-દરી આઈ નકશો. 2 નકશો; પટ.
Charter, *n.* ખત પત્ર; લેખ. 2 સનદ. 3 ખાસ હક; માફી. 4 ખાસ કરારથી વાહણ માડવું કે ભાડે આપવું તે.
Chary, *a.* કસરિયું; સાવચેત.
Chase, *n.* શિકાર; પારધ. 2 *v. t.* શિકાર કરવો; પાછળ લાગવું. 3 નસાડવું.
Chasm, *n.* ચીરો; બગાડું; ફાટ; ખો.
Chaste, *a.* પવિત્ર; પાકદામાન; પતિવ્રતા. 2 શુદ્ધ; નિર્દોષ (ભાષા.)
Chastise, *v. t.* શિક્ષા-શાસન-દંડ [કરવો.
Chastisement, *n.* શિક્ષા; નશીયત.
Chastity, *n.* સાધુપણું; પાકદામાની; પતિવ્રતાપણું. 2 શુદ્ધી; નિર્દોષપણું.
Chat, *n.* વાતચિત; ગોફતેગુ; તડાકા; ફરાકા; ગપાટા. 2 *v. t.* તડાકા મારવા; વાતચિત કરવી.
Chateau, *n.* કીલ્લો.
Chattel, *n.* જંગમ માલમત્તા-મિલકત.
Chattels, *n.* જીવનગાળો; અસ્કેઆમત; માલમતા.
Chatter, *v. t.* કલબલ કરવું (પક્ષી). 2 કિચકિચ કરવી; ચિચાડી પાડવી (વાંદરો). 3 કકડાવવું (દાંત.) 4 ટકટક કરવી; છાંટ-ગપાં મારવી.
Chatter-box, *n.* અતીશય બકબકારો કરનાર; ટાહેલું; બકવાખોર.
Chatty, *a.* બોલકણું; વાતગરૂં.
Cheap, *a.* સોંઘું; સસ્તું; કિફાયત પડતું.
Cheapen, *v. t.* ભાવ પૂછવો-ઠરાવવો. 2 કિંમત ઉતારી પાડવી; સસતું-સોંઘું કરવું.
Cheapness, *n.* સોંઘાઈ; શસ્તાઈ; કિફાયત.
Cheat, *n.* ઠગાઈ; ફરેબ; છળ. 2 ઠગ; ફસાવનાર. 3 *v. t.* ઠગવું; છેતરવું.

Check, *n.* અટકાવ; રોકાણ; નડતર. 2 નિશાની. 3 શેહ;કિશત. 4 સાહુકાર ઉપર નાણા સંબંધી ચિઠ્ઠી; ચેક. 5 *v.t.* દાબમાં રાખવું. 6 ધમકાવવું. 7 મુકાબલો-રજુવાત કરવી;તપાસવું.
Checker, *v. t.* ચિત્ર વિચત્ર કરવું.
Checkered, *a.* રંગીન બેરંગીન; ચિત્ર વિચિત્ર; પટાપટીનું-વાળું.
Checkmate, *n.* માત; બાજ.
Cheek, *n.* ગાલ; રૂખસાર.
Cheer, *n.* ખુશાલીનો પોકાર; જય શબ્દ. 2 ઉલ્હાસ; આનંદ. 3 મોજ મઝા. 4 *v. t.* ખુશ-રાજી કરવું. 5 હિમત આપવી; ઉત્તેજન આપવું. 6 વાહાવા કરવી; સલામતી લેવી.
Cheerful, *a.* ખુશ; હશમુખું; આનંદી
Cheerfulness, *n.* આનંદ; ઉલ્હાસ. 2 આનંદી સ્વભાવ; ઉલ્હાસવૃત્તિ.
Cheery, *a.* ખુશ મિજાજી. See Cheerful.
Cheese, *n.* પનીર.
Cheese-cake, *n.* માખણ,સાકર અને મલાઈનુંબનાવેલુંનરમકેક;ચીજકેક.
Chemical, *a.* રસાયનશાસ્ત્ર સંબંધી.
Chemicals, *n.* રસાયન પ્રયોગમાં ઉપયોગ વસ્તુઓ.
Chemist, *n.* રસાયનસાસ્ત્રી.
Chemistry, *n.* રસાયનશાસ્ત્ર.
Chequer, *v. t.* See Checker.
Cherish, *v. t.* હેત-પ્રીત દેખાડવું. 2 સંભાળથી ઉછેરવું; પરવરશી કરવી. 3 મનમાં રાખવું; મજબૂતીથી પકડી-ધરી રાખવું.
Cherisher, *n.* પાળનાર; પાળક.
Cheroot, *n* તંબાકુની બીડી; ચરૂટ.
Cherry, *n.* આલુ; ચેરીફલ. 2 *a.* લાલ સુરખીવાળું; લાલ ચટક.
Cherub, *n.* ફરેસ્તો. 2 ખુબસુરત છોકરું.
Chess, *n.* સેતરંજ; બુદ્ધબળ.
Chessboard, *n.* સેતરંજનું પાટલું.
Chess-man, *n.* મોહોરૂં.
Chest, *n.* પેટી; સંદૂક. 2 છાતી; સીનો.
Chest nut, *n.* એક જાતનું ફલ. 2 *a.* ચેસ્ટનટ ફળના રંગ જેવું ભુરૂં; ભગવા રંગનું.
Chevalier, *n.* બાહાદુર-શૂરો શિપાઈ; ઘોડેસ્વાર.
Chew, *v. t.* ચાવવું. 2 વગોળવું. 3 મનમાં ઘોળ્યા કરવું.
Chicane *n.* કાવતરૂં; છક્કોપંજો; દાવપેચ.
Chicanery, *n.* દાવપેચ; છળ.
Chicken, *n* પિલું મરઘીનું બચ્ચું. 2 છોકરૂં; બાલક; ચીકીન; ચીકુસ.
Chicken-hearted, *a.* હીચકારૂં;બીકણ.
Chicken-pox, *n* અછબડા.
Chide, *v. t.* ધમકાવવું; ઠપકો દેવો.
Chief, *a.* મૂખ્ય; પેહેલું. 2 શ્રેષ્ટ; ઉત્તમ. 3 *n.* સરદાર.
Chiefly, *ad.* ઘણું કરીને; મૂખ્યત્વે કરીને.
Chieftain, *n.* સરદાર.
Chilblain, *n.* થંડીથી પડેલાચિરા-કાતરા-ફાટ.
Child, *n.* છોકરૂં; બચ્ચું; બાળક.

Child bed, *n.* સુવાવડ.
Child birth, *n.* પ્રસવ; જણવું તે.
Child hood, *n.* બચ્ચગી; બાળપણ.
Childish, *a.* છોકરવાદિયું;બાળક બુદ્ધિનું; નાદાન. [વાદી; નાદાની.
Childishness, *n.* બાલબુદ્ધિ; છોકરા-
Childless, *a.* અપુત્ર; વાંઝિયેણ-યો.
Children, *n. plu.* of Child.
Chill, *a.* સરદ; શીતલ; થંડું. 2 ટાહાડ-
Chilli, *n.* મરચું. [થી હીકળાઈગયલું.
Chilliness, *n.* થંડી; સરદી. 2 હીમ.
Chime, *n.* ગાયનમાં તાલનો મેલ-સુમાર. 2 *v. t.* તાલ મેળવવો-રાખવો.
Chimera, *n.* ખોટી કલપના-વિચાર; મનના ખોટા તરંગ.
Chimerical, *a.* ખાલી; કલ્પિત; વૃથા.
Chimney, *n.* ધુમાડિયું. 2 ચિમની.
Chimney piece, *n.* તાપણ કરવાને જે સગડી હોયછે તેની આસપાસ શેનકદાર પથ્થર અથવા લાકડાની જે મેજ મુકેલી હોયછે તે.
Chimpanzee, *n.* વાંદરાની એક જાત.
Chin, *n.* હડપચી; ચુથરી; હનુવટી.
China, *n.* ચીનીકામ; ચીન દેશમાં બનાવેલો મટોડીનો સામન. 2 ચીન.
Chin cough, *n.* ડોસો; સસણી. See *Hooping*-cough.
Chine, *n.* જાનવરની કરોડ-સાટ.
Chink, *n.* ચીરો; સાંધ; ફાટ. 2 ખણખણાટ. 3 *v. t.* છણછણાવવું; ખણખણવું. 4 *v. i.* છણછણ વાગવું.
Chintz, *n.* છીંટ; છીટ.
Chip, *n.* છોડું; ચીપ. 2 કરચ. 3 રજો. 4 *v. t.* કાપવું; છોડાં પાડવાં.
Chiromancy, *n.* હાથની રેખા જોવાની વિદ્યા; સામુદ્રિક; હસ્તલક્ષણ વિદ્યા.
Chirp, *v. i.* ચીંચીં-ચૂંચૂં કરવું (પક્ષી). 2 કિર્-કિણણ કરવું (કીડા).
Chisel, *n.* વિધણું; ફરસી. 2 ટાંકણું. 3 *v. t.* વિધણેવતી કાપવું (લાકડું). 4 ફોડવું-ટાંકવું (પથ્થર). [બાલક.
Chit *n.* ફણગો; પીલો; અંકુર. 2 બચ્ચું.
Chit chat, *n.* વાતચિત; તડાકા.
Chivalry, *n.* ઘોડેસ્વારોનો સમૂહ. 2 "નાઈટ"નો ખેતાબ. 3 સાહસિક કામ. 4 મચકુર દરજ્જેના ઘોડેસ્વારોના ગુણ જેવા કે બાહદુરી, શૌર્ય, ઉદારતા ઇત્યાદિ.
Chlorine, *n.* કલોરીન નામની એક હવા જે નીમકમાં હોયછે.
Chloroform, *n.* માણસના શરીરનો કોઈ ભાગ કાપ્યાની અગાઉ તેને બેસુધ કરવા જે દવા સુંઘાડેછે તે
Chocolate, *n.* "ચાકલેટ". [દવા.
Choice, *n.* ચૂંટી કાહાડવાની મુખત્યારી; પસંદી; પ્રસન્નતા; મરજી. 2 પસંદ કરેલું જે કંઈ તે. 3 *a.* ચુંટી-નિવડી કાહાડેલું; સરસ; ઉત્તમ.
Choir, *n.* દેવળમાં ગાનાર મંડળ.
Choke, *v. t.* સ્વાસ રૂંધવો; ગુંગળાવવું.

2રોકવું. 3*v.i.* દમબંધ થવો;ગુંગળાવું.
Choke damp, *n.* ઉંડી ખો, ગાર, કોએલાની ખાણ અથવા કુવામાંની ગુંગરાવી નાખે એવી એક જાતની હવા; ઉભાર.
Choke full, *a.* ખચોખચ-ગળાં સુધી [ભરેલું.
Choler, *n.* પિત્ત. 2 પિત્તપ્રકૃતિ; તામસગુણ. 3 ગુસ્સો; ચીહિડ; ક્રોધ.
Cholera, *n.* મુળચી; મોડચી; અધોક; કોગળિયું; કોલારો.
Choleric, *a.* પિત્તવાળું. 2 ક્રોધી; તા- [મસી.
Choose, *v. t.* નિવડી કાહાડવું. 2 પસંદ કરવું. 3 *v. i.* પસંદપડવું; ગમવું.
Chop, *v. t.* કાપવું; નાના નાના કકડા કરવા. 2 કાપી નાખવું. 3 ઉઘાડ બાઈ જવું. 4*n.* માંસનો કકડો; ચાપ.
Chopping-block, *n.* માંસ છુંદવાનું ઢીમરૂ.
Chopping-knife, *n.* મ્હોટી છરી; છરો.
Chop-sticks, *n.* લાકડાં અથવા હાથી દાંતની બે ચીપો, જે ચીના લોકો ખાતી વેલાએ વાપરેછે.
Choral, *a.* ગાનાર મંડળ સંબંધી. 2 બધા મંડળે મળીને ગાયલું.
Chord, *n.* તાંત; તાર. 2 જ્યા (ભૂમિતીમાં). [ગાનાર
Chorister, *n.* ગાનાર મંડળમાંનો એક
Chorus, *n.* ગાનાર મંડળ; મુતરબેનો તાયફો. 2 ટેક; અસ્તાઈ.
Christ, *n.* ઈસુખ્રિસ્ત.
Christian, *n.* & *a.* ખ્રિસ્તિ.
Christianity, *n.* ખ્રિસ્તિ ધર્મ.
Christian-name, *n.* બાપ્તિસ્મ આપતી વેળાએ પાડેલું નામ.
Christmas, *n.* ઈસુખ્રિસ્તનો જન્મ દિવસ (તારિખ ૨૫ મી માહે દિસેમ્બર.) 2નાતાલ; ક્રીસ્ટમસનો તેહવાર
Chronic, *a.* લાંબા દાહાડાનું; જુનું.
Chronicle, *n.* કાળક્રમનું વૃત્તાંત; હકાયત; તવારિખ. [વિદ્યા.
Chronology, *n.* કાળગણન-માન
Chronometer, *n.* કાળમાપક-માનયંત્ર.
Chrysalis, *n.* કીડાઓનું કોટલું.
Chrysolite, *n.* એક પત્થર; જસણિયો.
Chrystal, *n.* કાચ; બિલોર. 2 *a.* બિલોરનું. 3 સ્વચ્છ; નિર્મળ.
Chubbed, Chubby, } *a.* ટુંકુ અને જાડું.
Chubfaced, *a.* ફુગેલા ગાલનું; ગાલ ફુગેલું.
Chuckle, *v. i.* ગાલમાં હસવું. 2 *v. t.* બોલાવવું; તેડવું (મરઘી પીલાને.)
Chuff, *n.* દેહેકાણી; મુર્ખ; હેમક.
Chum, *n.* સાથી; સોબતી; ગોઠીઓ.
Chunam, *n.* ચુનો.
Church, *n.* ખ્રિસ્તિ દેવળ; 2 ખ્રિસ્તિ ધર્મનો પંથ. 3 ખ્રિસ્તિ સમાજ. 4 પાદરી- ધર્મગુરૂ વર્ગ.
Church-yard, *n.* ખ્રિસ્તિ દેવલની અંદરની અથવા પડોસમાંની મુડદાં દાટવાની જગા; કબરસ્તાન.

Churl, *n.* ગંવાર; ગામડિયો; રૈંચો. 2 તોછડું—બેઅદબ માણસ. 3 કંજુ-
Churlish, *a.* બેઅદબ. [સ; બખીલ.
Churn, *n.* વલોવવાનું—ઘોળવાનું વાસણ. 2 *v.t.* વલોવવું; ઘોળવું; મંથન ક-
Churning, *n.* વલોણું; મથન. [રવું.
Chyle, *n.* અન્નરસ; આહાર રસ.
Chyme, *n.* હોજરીમાં પચેલો ખોરાક.
Cicatrix, *n.* ચાઠું; ચાંઠુ.
Cicerone, *n.* ભોમ્યો; અજાણ્યા માણસને કોઈ શેહેર અથવા જગા તથા તેઉપરની નવાઈની ચીજો દેખાડનાર.
Cider, *n.* આપલ નામના ફળનો રસ —દારૂ. [ચીરૂટ.
Cigar, *n.* તંબાકુ પીવાની બીડી;
Cilicious, *a.* બાલનું; બાલવાળું.
Cimeter, *n.* કટાર; ન્હાની સમસીર—તળવાર.
Chinchona, *n.* જે ઝાડની છાલમુંથી Quinine બનાવેછે તે.
Cinder, *n.* ન્હાની ચંગારી. 2 રાખ; ખાખ; ભેભટ.
Cinnabar, *n.* હિંગરો; હિંગળો.
Cinnamon, *n.* દાલચિની; તજ.
Cinqueports, *n. pl.* ઈંગલાંડનાં ઉતર કીનારા પરનાં પાંચ બંદરો.
Cipher, *n.* પૂજ; શૂન્ય; મિંડું. 2 ગુપ્ત—સંકેતની લિપી. 3 કોડીના વજનનું—બદામની કિંમતનું આદમી. 4 એક એકમાં ભેળીને—ગુંચવી નાખીને કાઢેલા અક્ષર, જેવાકે કેટલાકો પોતાની સહી કરતી વખતે કાઢેછે તેવા. 5 *v. i.* હિસાબ કરવો.
Circle, *n.* વર્તુળ; ઘેરાવો; કુંડાળું; ચક્રડું. 2 મંડળ; સમૂહ. 3 *v. t.* ઘેરી લેવું; ઘેરો ઘાલવો; વીંટી લેવું.
4 *v.i.* ગોલ ફરવું; ફેરી ફરવી.
Circlet, *n.* નાનો ઘેરો; નાનું વર્તુલ.
Circuit, *n.* ફેરો; ફેરી. 2 ફેરાવો; ઘેરાવો.
Circular, *n.* બધે ફરી વળતો—જાહેરહુકુમ; સરકયુલર 2 *a.* ગોળ; ફરતું; ચક્રાકાર.
Circulate, *v. i.* ગોળ ફરવું; ઘુમવું. 2 એક જગા ઉપરથી બીજી જગા ઉપર અથવા એક હાતથી બીજે હાત જવું. 3 *v. t.* ફેલાવવું; ફેરવવું.
Circulation, *n.* ફરવું તે; ફેલાવો; પ્રસાર. 2 ચળણ (નાણાં વગેરેનું.)
Circumambient, *a.* વેષ્ટક; આવરક; ઘેરી લેતું—વળતું; ચોતરફ—ચોગરદમ ફરી વળતું. [આસપાસ ફરી વળવું.
Circumambulate, *v.i.* પ્રદક્ષીણા કરવી;
Circumcision, *n.* સુનત. [ઘેર.
Circumference, *n.* પરિઘ; ઘેરો; ફરતો
Circumflex, *n.* કોઈ શબ્દનો પડતો તથા ચઢતો સાથે મળેલો આવાજ.
Circumfluence, *n.* ચોમેર ફેલાઇજવું તે.
Circumfluent, } *a.* ચોમેર પથરાઈ
Circumfluous, } જતું; ચારે બાજુએ વેહેતું (જેમકે પાણી.)

Circumfuse, *v.t.* આસપાસ ફેલાવવું.
Circumjacent, *a.* આસપાસનું-પડેલું.
Circumlocution, *n.* ટુંકમાં પતાવવાને બદલે લાંબુ બયાન કરી બોલવું-લખવું તે.
Circumnavigate, *v.t.* જળ માર્ગે-વાહણમાં બેસીને પ્રદક્ષિણા કરવી.
Circumscribe, *v. t.* હદ બાંધવી; ઘેરી રેહેવું.
Circumspect, *a.* સાવધ; હોશિયાર.
Circumspection, *n.* ચોતરફ નજર રાખવી તે; સાવચેતી; હોશિયારી.
Circumstance, *n.* વાત; હકીકત; બીના.
Circumstances, *n.* હાલ; હાલત; હેવાલ; દશા. 2 બીના; બાબદ. *under such circumstances* એમ હોય તો.
Circumstantial, *a.* તપસિલવાર; સવિસ્તર. circumstantial evidence, ઇતફાકી હકીકતો ઉપરથી કોઈ ચોકસ બાબદ વિશે ગુમાન ઉપજાવે એવી શાહેદી અથવા ગવાહી.
Circumvallation, *n.* ઘેરો નાખનાર લશકરની ચારે તરફ કીધેલી કોટબંદી; તટબંદી. [રમવો.
Circumvent, *v. t.* દગો દેવો; ફરેબ
Circumvention, *n.* ઠગાઈ; ફરેબ; દગો.
Circumvolution, *n.* ફેરો; પ્રદક્ષિણા.
Circus, *n.* કુસ્તી; ઘોડા ઉપરની કસરત વગેરે ખેલ કરવાની જગા; અખાડો; રંગભૂમિ.
Cis-alpine, *n.* આલપસ પર્વતની દક્ષીણ દીશા તરફનું.
Cistern, *n.* ટાંકી; હોજ; કુંડ.
Citadel, *n.* શેહેરની અંદરનો અથવા બહારનો કિલ્લો-કોટ-ગઢ.
Citation, *n.* "સમન;" હાકમ દરબારમાં કોઈ બાબદ જવાબ આપવા હાજર થવાનું તેડું-હોકમ.
Cite, *v. i.* સરકારી હુકુમથી તેડવું. 2 બીજાના ગ્રંથમાંથી-બોલેલાંમાંથી લેવું અથવા કહી બતલાવવું.
Citizen, *n.* શેહેરી; શેહેરનો રેહેનાર.
Citizenship, *n.* નગરકરીપણું; સેહેરના સઘળા હકો ભોગવવાની છુટ મળવાનો દરજ્જો.
Citron, *n.* લીંબુની જાતનું એક ફળ; માલુંગું; તુરંજ; બીજોરૂં.
City, *n.* શેહેર; નગર; નગરી; પુરી.
Civet, *n.* એક જાતની બીલાડીમાંથી નિકળતી પીળાભુરા રંગની કસતુરી.
Civic, *a.* શેહેરનું-સંબંધી.
Civil, *a.* શેહેર-લોકવ્યવહાર સંબંધી; શેહેરી દાખલનું. 2 મુલકી; ગામખાતાનું. 3 સુધરેલું. 4 વિવેકી; સભ્ય; આદર સતકાર કરનારૂં.
Civil-case, *n.* દીવાની મુકદમો. [રટ.
Civil-court, *n.* મુલકી કામ જોનારી કોCivil-law, *n.* દેશનો-શેહેરનો-સંસ્થાનનો કાયદો(લેનદેનવારસાનેલગતું).
Civil-war, *n.* એકજ મુલકના લોકમાં માંહે માંહે જે કજિયો-લડાઈ તે.

Civilan, *n.* મુલકી-ગામખાતનું કામ જોનાર; "સીવીલીઅન."
Civility, *n.* અરારાફી;ભલમનસાઇ; અસોલાઇ; સભ્યતા; સુજનતા.
Civilize, *v. t.* સુધારવું; સુધારો કરવો; રીતભાત શિકવવી;રીતભાતે સુધારવું
Civilization, *n.* સુધારો.
Civilly, *ad.* દિવાનીમાં-કાયદાપ્રમાણે. 2 સભ્યતાથી;સુધરેલીરીતે;વિવેકથી.
Clack, *n.* ટકટક; ટાહેલું; બકબક.
Clad, *p. p.* પેહેરવું; (See Clothe).
Claim, *n.* દાવો; હક; ડાપું; વારસો. 2 *v.t.* દાવો કરવો. 3 *v.i.* હક ધરાવવો.
Claimant, *n.* દાવેદાર; હકદાર.
Clamber, *v. t.* ટેકી ટેકીને ચઢવું.
Clamminess, *n.* ચિકટાઇ; ચિકાસ.
Clammy, *a.* ચોટી રહે તેવું; ચિકણું.
Clamor, *n.* પોકાર;ઘોંગાટ; કલકલાટ. 2 *v. t.* ઘોંગાટ કરવો. [ઘોંગાટયો.
Clamorous, *a.* ગલબલ્યું; ફેસાદી;શોર;
Clamp, *n.* પટ્ટી; ચાપડો. 2 *v. t.* પટ્ટી-લાકડાથી સજ્જડ કરવું.
Clan, *n.* કુલ; વંશ; ગોત્ર. 2 ટોળી; એકસંપી મંડળી.
Clandestine, *a.* છુપું; ગુપ્ત; ચોરીનું.
Clang, Clank, *n.* ખણખણાટ; ઝણઝણાટ. 2 *v. i.* ખણખણવું.
Clap, *n.* કડાકો; ધડાકો. 2 શાબાશીની તાળી. 3 ઝપાટો. 4 *v.t.* અફાળવું. અથડાવવું. 5 એકદમ ફેંકવું. 6 શાબાશીની તાળિયો પાડવી.

Claret, *n.* એક જાતનો દારૂ; કલારેટ.
Clarification, *n.* રસાયન સંજોગથી પ્રવાહી પદાર્થોને ગાળી તેમને શુદ્ધ-સાફ-નિર્મળ કરવા તે.
Clarify, *v. t.* મેલ કહાડવો; સ્વચ્છ-નિર્મળ-ચોખ્ખું કરવું.
Clarified, *a* સાફ કીધેલું-(butter)ઘી.
Clarion, *n.* એક તરેહની તતુડી-તુરઇ.
Clash, *v. i.* એકમેક સાથે અથડાવું. 2 સાંમે થવું; અથડવું; વિરૂદ્ધ આવવું. 3 *n.* સામસામું અથડાવું-પછડાવું તે. 4 વિરૂદ્ધતા.
Clasp, *v. t.* ભેટવું; કોટી કરવી. 2 ચાપડા-ચપરાસથી જોડવું અથવા બંધ કરવું. 3 *n.* ચાપડો; ચપરાસ. 4 આલિંગન; બગલગીરી; બાથ.
Class, *n.* જાત; વર્ણ. 2 વર્ગ. 3 પ્રકાર; પ્રત. 4 *v.t.* જાત-વર્ગ-પ્રકાર પાડવો.
Classic, Classical, *a.* ઉત્તમ; સરસ. 2 આગલા રૂમી તથા યુનાની ગ્રંથકારોને લગતું. 3 શુદ્ધ; ચોખ્ખું; સુધરેલું.
Classification, *n.* Classify, *v. t.* જાત જુદી પાડવી; વર્ગ બાંધવો-પાડવો.
Clatter, *n.* ખણખણાટ. 2 બડબડાટ; 3 *v. i.* ખણખણવું. 4 બડબડવું.
Clause, *n.* વાક્યનો ભાગ; ફકરો; ઉપવાક્ય. 2. કલમ; પ્રકરણ; બાબ.
Claw, *n.* પંજો;નખ;નહોર;નખરિયાં. 2 *v. t.* પંજો મારવો; નખરિયાં દેવાં.

Clay, *n.* માટી. 2 *v. t.* માટીનું આ-તર કરવું. 3 માટીવડે ધોવું–ધોઇને સાફ–સફેત કરવું.
Clayey, *a.* માટીનું–વાળું–જેવું.
Claymore, *n.* બે હાથાવાળી મ્હોટી તલવાર જે સ્કાટલંડના પાહાડી લોક આગલા વખતમાં વાપરતા હતા.
Clean, *a.* સાફ;સ્વચ્છ;નિર્મળ. 2 બાધખુધ વગરનું; ચોખ્ખું. 3 ચતુરાઈ–સફાઈવાળું. 4 પૂરૂં;સંપૂર્ણ. 5 પવિત્ર; ચોખ્ખું. 6 *ad.* પુરેપુરી–પૂર્ણ રીતે. 7 ચતુરાઈથી;સફાઈથી. 8 *v.t.* સાફ–સ્વચ્છ–નિર્મળ કરવું.
Cleaning, *n.* ગાય ઘેટાંની ઓર.
Cleanliness, *n.* સુઘડતા; સફાઈ.
Cleanse, *v.t* સ્વચ્છ–સાફ કરવું;માંજવું.
Clear, *a.* સાફ; સ્વચ્છ. 2 ઉઘાડું; ખુલ્લું; સ્પષ્ટ. 3 *v. t.* સાફ–ચોખ્ખું કરવું. 4 અડચણ–કચરો કાહાડીને સાફ કરી મેલવું. 5 (off) ફેડવું; અદા કરવું (કરજ). 6 (up) મટાડવું; સફઇ કરવી (શક–સંકા).
Clearance, *n.* વાહાણને હંકારી જવાસારૂ મળેલી પરવાનગી–દાખલાની ચિઠ્ઠી.
Clearing, *n.* જંગલ કાપીને ખેતી કરવા લાયક કરેલી સાફ જમીન.
Clearly, *ad.* સાફ; ઉઘાડું; સ્પષ્ટ; ખુલ્લું.
Clearness, *n.* ચોખ્ખાપણું;સ્વચ્છતા. 2 ખુલાસો; સ્પષ્ટતા; સફાઈ. [હાણું.
Clearsighted, *a.* પુખ્ત નજરનું; શા-
Cleave, *v.i.* ચોંટી–બાઝી–વળગી રેહેવું. 2 *v. t.* ચિરવું; કાપવું; ફાડવું.
Cleaver, *n.* બાટકી–કસાઇનો છરો.
Cleft, *n.* ફાટ; ફાડ; ચિરો; તરડ. 2 *a.* ચિરાયલું; ફાટેલું ફાટ–ફાડ પડેલું.
Clemency, *n.* રહેમ;રહેમદીલી;દયા; કૃપા
Clement, *a.* રહેમવાળું; દયાળુ; કૃપાળુ.
Clench, *n.* બે અર્થનો શબ્દ. 2 *v. t.* મજબુત પકડી રાખવું; સજ્જડ બેસાડવું.
Clergy, Clergymen, } *n.* પાદરી લોક.
Clerical, *a.* પાદરી લોક સંબંધી. 2 નકલ કરનાર–મહેતાનું [કલાર્ક.
Clerk, *n.* કારકુન;મુત્તસદ્દી; લખનાર;
Clerkship, *n.* કારકુની; મેહેતાગીરી.
Clever, *a.* ચાલાક; ચતુર; કાબેલ. 2 હુશિયારી–ચતુરાઈવાળું. 3 લાયકીવાળું. 4 સારા ઘાટ–ડોળનું; ડોલદાર; રૂપાળું. 5 અશરાફ; મળતાવડું.
Clew, *n.* દોરાની–સુતરની દડી. 2 જેથી –જ્યાંહાંથી પત્તો–થાગ લાગે તે.
Click, *n.* ઝીણો અવાજ; ટિકટિક.
Client, *n* વકીલનું ઘરાક–કુળ; અસીલ
Cliff, *n.* ઉભો કરાડો; ટેકરી; ખડક.
Clifted, *n.* ભાગેલું; તુટેલું.
Climate, *n.* હવા પાણી; આબ હવા. 2 દેશ; મુલક.
Climax, *n.* એકની પાછળ બીજો ચઢતો અને બીજાની પાછળ ત્રીજો

ચઢતો એવું વર્ણન—વાકયોની રચના; સારાલંકાર; ઉત્તરોત્તર વૃદ્ધિ. 2 શિખર; ટોચ.

Climb, *v. t.* પકડી પકડીને—ધીમેધીમે ચહડવું; ઉપર જવું (ઝાડ વગેરે ઉપર).

Climbing-plant. ચઢતો વેલો.

Clime, *n.* See Climate.

Clinch, *v. t.* મજબૂત ચાંપીને સજ્જડ બેસાડવું—જડવું—પકડવું; to clinch a nail, એટલે ખીલાની અણીને વાંકી વાળીને તેને મજબૂત ઠોકી બેસાડવો. 2 મજબૂત—સાબુત કરવું; મજબૂતી આપવી. 3 *n.* જેમાંથી બેવડો અર્થ નીકળે એવો શબ્દ; શબ્દ શ્લેષ.

Cling, *v. i.* વળગી—બાઝી—વિટાઈ—ચોંટી રહેવું. 2 પ્યાર—મ્હોબતથી જોડાઈ રેહેવું.

Clinic, *n.* ખાટલે પડેલું આદમી.

Clinic, } *a.* ખાટલા સંબંધી; ખાટલે
Clinical, } પડેલું.

A clinical lecture, આજારી પડેલાં માણસના ખાટલા આગળ આપેલો સબક, અથવા સમજણ.

Clink, *v. i.* ખણખણવું.

Clip, *v. t.* કાતરવું; કાપી નાખવું. 2 છેડા—પાસાં કાપી ટુંકું કરવું.

Clipping, *n.* કાતરવું—કાપવું તે; કાતરણ. 2 કપાયાથી છૂટા પડેલા કકડા; કાતરણ; કાપલા કૂપલા.

Clique, *n.* ટોળી; ચોકડી.

Cloak, *n.* ઝબ્ભો; ડગલો. 2 પડદો; ઢાંકણ. 3 તાલ; બાહાનું; ઓઠું.

Clock, *n.* મોહોટું ઘડિયાળ.

Clock-maker, *n.* ઘડિયાળી.

Clock-work, *n.* ઘડીઆલનો સાંચો.

Clod, *n.* ઢેફું. 2 *v. i.* ઢેફું બંધાવું; ગંઠાવું.

Clog, *n.* અડચણ; નડતર. 2 ડંઘું; ઓડો; હેડ. 3 *v. t.* હેડમાં નાખવું. 4 હરકત—ડખલ કરવી. 5 બંધ કરી નાખવું. 6 નડવું; અડચણ કરવી.

Cloister, *n.* મઠ; તકિયો. 2 એકાંતજગા.

Cloke, *n.* See Cloak.

Close, *n.* આખેરી; સમાપ્તિ; છેડો; અંત. 2 *a.* ચપટ બેસાડેલું. 3 એકાંત; એકલું. 4 સ્થિર; કઠારો થાય તેવું. 5 છાનું—છુપાવી રાખે એવું. 6 સુમ; કંજુસ. 7 ઘટ્ટ; ઘાડું. 8 સોડનું; પાસેનું; અડોઅડ. 9 અસલ મુજબ; અસલને વળગી રહીને કીધેલું (તરજુમો). 10 ચોક્કસ; બારીક. 11 *v. t.* બંધ કરવું; ઢાંકવું. 12 પૂરું કરવું. 13 એકઠું કરવું. 14 *v. i.* બંધ થવું. 15 પૂરું થવું. 16 જોડાવું; પુરાવું; સંધાવું.

Closely, *ad.* ખીચોખીચ; ઘટ્ટ.

Closeness, *n.* ઘટ્ટપણું. 2 સંકડાસ.

Closet, *n.* એકાંત ઓરડો—જગા.

Closing, *a.* છેલ્લું. 2 *n.* છેડો; અંત.

Clot, *v. i.* બંધાવું; ગંઠાઈ જવું.

Cloth, *n.* કપડું; લુગડું; કાપડ; વસ્ત્ર.
Clothe, *v. t.* પોશાક પેહેરાવવો; લુગડાં આપવાં. 2 *v. i.* લુગડાં પેહેરવાં.
Clothes, *n. plu.* પોશાક; લુગડાં; કપડાં; વસ્ત્ર. 2 ચાદર; પાંથરવાનું કપડું.
Cloud, *n.* વાદળું; અભ્ર; આભ્ર. 2 *v. t.* વાદળાંથી ઢાંકી નાખવું. 3 *v. i.* વાદળ ચઢી આવવું; અંધરાવું. [ઊંચું.
Cloud-capt, *a.* ઊંચું; વાદળ જેટલું
Cloudiness, *n.* વાદળાં ચઢી આવેલું આસ્માનનું ડોળ. 2 ગમગીન દેખાવ.
Cloudy, *a.* વાદળાંથી ભરાયલું; અંધરાયલું.
Clout, *n.* થિગડું; પટ્ટી. 2 ચિઠડું; પોતું.
Clove, *n.* લવંગ. 2 કળી (લસણની).
Cloven, *a.* ફાટેલું; ચીરાયલું; ફાટવાળું.
Cloven-footed, Cloven-hoofed, *a.* પગ અથવા પગની ખરી બે ભાગમાં વેંહેંચાએલી હોય તેવું; દ્વિશફ; દ્વિખુમ; બેખડીવાળું; ફાટેલી ખડીનું.
Clown, *n.* ખેડુત. 2 ગામડિયો; દેહેકાની. 3 વિદુષક; રંગલો; મશ્કેરો.
Clownish, *a.* જંગલી; ગંવાર; બેઅદબ.
Cloy, *v. t.* અતિશય-અકરાંતીઊં ખવાડવું.
Club, *n.* સોટો; કુંતકું; કુંદું; ડાંગ. 2 મંડળી; ટોળી. 3 *v. t.* એકઠું-ભેગું કરવું. [ક્લબ હાઉસ.
Club-house, *n.* ખાવા પીવાનું મકાન;
Cluck, *v. i.* સેવણ બેઠેલી મરઘીની પેઠે અવાજ કાહાડવો.

Clue, *n.* See Clew.
Clump, *n.* લાકડાંનો જાડો કકડો; ઢીમચું; ઝુંડું. 2 ઝાડી; ગીચ ઝાડોનો જથ્થો.
Clumsy, *a.* અનાડી; અકુશળ; અપટ; ગંવાર; અણુકિસબી. 2 બેડોળ; બેઢબ; બેઢંગું.
Clung, *p. p.* See Cling.
Cluster, *n.* ગુછડું; ઝુમકો; લૂમ. 2 જમાવ. 3 ટોળું; ઝુંડ. 4 *v. i.* ઝુમખા થવા.
Clutch, *n.* & *v. t.* પંજામાં-મુઠ્ઠીમાં સજ્જડ પકડી રાખવું. 2 મુઠ્ઠીવળાવવી.
Clutches, *n. plu.* ચુંગાલ; પંજો.
Clutter, *n.* ગુચવણ ભરેલો મેલાવડો; અંધાધુંધી; બેતાલી; ગોંધળ; ઘોંગાટ; ધાંધલ.
Clyster, *n.* ઝાડો-પેટ લાવવાને સારૂ જે દવાની પિચકારી મારેછે તે દવા.
Co, એક ઉપસર્ગ છે જેનો અર્થ, સાથે, મળીને, એવો થાએછે. [રથ.
Coach, *n.* ચાર પૈડાની બંધિયાર ગાડી;
Coach-box, *n.* ગાડી હાંકનારને બેસવાની જગા.
Coach-hire, *n.* ગાડી ભાડું.
Coach-man, *n.* ગાડીવાન; કોચમેન.
Co-action, *n.* બલાત્કાર; જુલમ; જબરી
Co-active, *a.* જોર જુલમનું. 2 કોઇ સાથ સામેલ રહી કામ કરતું.
Co-adjument, *n.* પરસ્પર સાહાયતા; એક બીજાની મદદ. [કરતું.
Co-adjutant, *a.* અરસપરસ મદદ

Co-adjutor, *n.* મદદનીસ; સાહાયકારી.
Co-agulate, *v.t.* & *v.i.* } ઘટ કરવું; બાં-
Co-agulation, *n.* } ધવું; બંધાવું.
Co-agulative, *a.* બાંધી–જમાવી શકે એવું, જેમકે ચુસદો. [લાતી કોલસો.
Coal, *n.* દગડી–ખાણમાંનો કોયલો; વિ-
Coal-mine, *n.* કોયલાની ખાણ.
Coalery, *n.* કોયલાની ખાણ તથા કોયલો બાહાર લાવવા માટે તેમાં ઉતારેલાં યંત્રો. [મળી જવું.
Coalesce, *v. i.* સાથે જોડાવું; એક થવું;
Coalescence, *n.* } સાથે જોડાઇ જવું–
Coalition, *n.* } મળીજઇએકથવુંતે.
Coarse, *a.* જાડું; ભરાવ. 2 સાફ નહીં કીધેલું; કચરા ભરેલું; ખરબચડું. 3 અસભ્ય; તોછડું. 4 બેથડ; નાકિસખી; બેહુનર; કેળવણી વગરનું.
Coast, *n.* સમુદ્ર કાંઠો–કિનારો. 2 *v. t.* & *v. i.* કાંઠે કાંઠેથી–કિનારે કિનારે હંકારવું–જવું.
Coat, *n.* અંગરખો; ડગલો. 2 ઢાંકણ. 3 પડ; થર. *Coat of arms*, અલામત; નિશાન. *Coat of mail*, ઝિલિમ; બકતર.
Coated, *a.* અસતર કીધેલું; પડ કીધેલું.
Coax, *v. t.* પટાવવું પેટમાં ભરાવું.
Cobble, *v. t.* જેમ તેમ કપ્પી–થિગડાં મારવાં. 2 જેમ તેમ કરવું–ગોઠવવું.
Cobbler, *n.* જોડાને થિગડી મારનાર ચમાર–મોચી. 2 અણકસબી કારીગર.
Cobra, *n.* નાગ.
Cobweb, *n.* કરોલીઆનું પડ–જાળું.
Cochineal, *n.* કિરમજનો કીડો; કિરમજ. 2 *a.* કિરમજી.
Cochleary, } *a.* ગોગળગાયના કો-
Cochleate, } ટલાના જેવું વળ
Cochleated, } ખાધેલું.
Cock, *n.* મરઘો; કુકડો. 2 સરદાર; આગેવાન. 3 તોટી; નળી; પીપમાં મુકવાનો કાક. 4 ત્રાજવાંનો કાંટો. 5 બંદુકનો ઘોડો. 6 *v. t.* ઉભું–ઊંચું કરવું (નાક–કાન). 7 બંદુકનો ઘોડો ચઢાવવો–ખેંચવો.
Cockade, *n.* લશ્કરી અમલદારોની ટોપી ઉપર મુકેલું ફુલ; ગુચ્છો; ફીત.
Cock-a-too, *n.* કાકાટોઓ.
Cockatrice, *n.* મરઘીના ઇંડામાંથી નીકળતો એક કલ્પિત સાપ. [ઘેલું.
Cockbrained, *a.* અવિચારી; ઉલડ; ઉ-
Cock-crow, } *n.* મરઘા વાસવા-
Cock-crowing, } નો–બડી બામદાદનો વખત; સવારનું પોહોર; પરોઢિયું.
Cock-fight, *n.* મરઘડા–મરઘાની લડાઈ.
Cockle, *n.* એક જાતની શિપ–શંખ.
Cockney, *n.* લંડન શેહેરનો રહેવાસી (તોછડાઇથી–તિરસ્કારમાં.)
Cockroach, *n.* વાંદો; કસારી.
Cockscomb, *n.* માજર; મરઘાના માંથાપરનીકલગી. 2 અકડબાજ; એશ્કો.
Cocoa, *n.* માહાડ; નાળિએરી.

Cocoa-nut, *n.* ઓકૂળ; નાળિએર.
Cocoon, *n.* રેસમના કીડાએ બનાવેલી રેસમની દડી; કોશેટો.
Cod, *n.* રિાગ. 2 એક જાતની માછલી.
Code, *n.* કાયદાનો-ધારાનો સંગ્રહ; કાયદા-ધારાની ચોપડી.
Codicil, *n.* વસીયતનામાનો વધારો.
Coefficient, *n.* ગુણક આંકડો.
Coefficiency, *n.* સહકારિતા; એક બીજા સાથ મળી કામ કરવું તે.
Coequal, *a.* સમસમાન; સમતોલ.
Coerce, *v t.* બળાત્કારથી કરાવવું; જબરદસ્તીથી અટકાવવું.
Coercion, *n.* અટકાવ. 2 બળાત્કાર.
Coessential, *a.* સમભાવ; સમતત્વ; એકજ ખુબીનું; સરખોગુણધરાવતું.
Coeternal, *a.* બીજાની સાથે હમેરા રેહેનાર; હમકાઈમ. [રખી ઉમરનું.
Coeval, *a* એકજ વખતે જન્મેલું; સ-
Coexistent, *a.* સહજીવી; એક કાલિક.
Coextensive, *a.* સરખી લંબાઈ પોહોલાઈનું; સમસીમ; સરખી અવધવાળું.
Coffee, *n.* બુંદ; કાફી.
Coffee-pot, *n.* કાવાદાન.
Coffer, *n.* સંદૂક; પેટી. 2 ખજાનો.
Coffin, *n.* મુરદાંની પેટી; કફન.
Cog, *n.* દાંતો. *v.t.* ઠગવું; ફોસલાવવું.
Cogency, *n.* કુઅત; જોર.
Cogent, *a.* જોરાવર; મુસ્તકીમ; અસરકારક.
Cogitation, *n.* વિચાર; અંદેશો; મનન.
Cognate, *a.* એક લોહીની સગાઈ ધરાવતું; સગોત્ર; સહજાત.
Cognation, *n.* સગાઈ; એકજ બાપથી અવતરેલાં પુરૂષ અથવા સ્ત્રી એઓ વચેની સગાઈ. [જ્ઞાન.
Cognition, *n.* ખુદ અનુભવથી મળેલું
Cognizable, *a.* દરબારમાં ચોકસી થવાજોગ; કોરટ દરબાર સાંભળી શકે એવું. 2 જાણી-સમજી શકાએ તેવું.
Cognizance, *n* તજવીજ; ચોકસી. 2 સમજણ; જ્ઞાન. 3 ઇન્સાફની રાહે ધ્યાનમાં લેવું-ચોકશી કરવી તે.
Cognomen, *n.* અટક; અવટંક; કુલનામ; આડનામ; ઓખર.
Cohabit, *v.i* સહવાસકરવો; સાથે રેહેવું. 2 વર બાએડીની પેઠે એકઠાં રેહેવું; સથે સૂવું; હમબિસ્તર થવું.
Cohabitation, *n.* સાથે રેહેવું તે; સહ-એકત્રવાસ. 2 સાથે સૂવું તે; હમબિસ્તર થવું તે.
Coheir, *n.* હમમીરાસી; વારસામાં સાથે ભાગ લેનાર; સાથેનો વારસ.
Cohere, *v. i.* એક મેક સાથે વળગી રેહેવું. 2 સંબંધ પરમાણે લાગુ પડવું.
Coherence, *n.* સંબંધ; તાલુક રેહેવું તે. 2 વાતચિત અથવા કોઇ બાબદ વિશે બોલવામાં વિચારોનું એક બીજાની પછવાડે બરોબર મલતું આવવું તે.
Coherent, *a.* સાથે વળગેલું. 2 સંબંધ ધરાવતું; સંલગ્ન. 3 લાગુ પડતું.

Cohesion, *n.* સંયોગ; સ્નેહાકર્ષણ.

Cohesive, *a.* જોડાઈ-વળગી રેહે એવું.

Cohort, *n.* પાંચસો અથવા છસો માણસની અસલ રોમન લોકનાં લશ્કરની ટોલી-રસાલો.

Coil, *n.* દડી; પીંડું; કલ્લી; વીંટો. 2 *v. t.* વિંટવું; વીંટો વાળવો; કલ્લી કરવી.

Coin, *n.* સિક્કો; નાણું; મુદ્રા; પૈસા. 2 *v. t.* સિક્કો પાડવો. 3 બનાવટ કરવી; જોડી કાહાડવું.

Coinage, *n.* સિક્કો પાડવો તે અથવા પાડવાની કળા-યુક્તિ. 2 સિક્કો. 3 સિક્કો પડામણ. 4 બનાવટ; નવું રચવું તે.

Coincide, *v. i.* મળિજવું; એક પર એક બરાબર બેસતું આવી રેહેવું. 2 એકમત થવું-હોવું; મલતું આવવું.

Coincidence, *n.* મેળ. See Coincide.

Coir, *n.* દોરડું બનાવવાનો કાથો. 2 કાથાનું દોરડું.

Coition, *n.* સોહોબત; મૈથુન; સ્ત્રી પુ- [રૂષનો સંભોગ.

Coke, *n.* જમીનમાંથી ખોડી કાહાડેલા કોલસાને બાલીને તેમાંથી ગંધક અને બીજા તેવા પદાર્થો ઉરાડી મેલી બનાવેલો કોયલો.

Cold, *n.* ઠંડી; ટાહાડ. 2 સલેખમ. 3 *a.* ઠંડું; ટાહાડું. 4 બોદલ; વગર મનનું.

Cold-blooded, *a.* ઠંડા લોહીનું. 2 ઠંડે કલેજેનું; કઠોર; કઠણ છાતીનું; નિર્દય.

Coldly, *ad.* બેમનથી; બેદિલથી.

Coldness, *n.* ટહાડક. 2 બેદિલી-દરકારી.

Colic, *n.* ચુંકો; અમળાટ; ઉદરશૂળ.

Collapse, *v. i.* ઉપસાએલી ચીજોનું બેસી જવું; દબાઈ જવું. 2 *n.* શરીરનું કઉઅત અતિશએ નબળું થઈ જવું તે; ઘણી નબળાઈ.

Collar, *n.* ગલેબંદ; પટો.

Collar-bone, *n.* ગલાં-ખભાં આગળનું હાડકું; હાંસડી.

Collate, *v. t.* મુકાબેલો કરવો; સરખા- [વી જોવું.

Collateral, *a.* સમાંતર. 2 સરખું; તુલ્ય. 3 આજુબાજુનું.

Collation, *n.* મુકાબલો; રજુ મુકાબલો. 2 ફલાહાર; ઉપાહાર; હાજરી.

Colleague, *n.* કોઈપણ કામકાજમાં ભાગિયો-સોબતી-સાથી.

Collect, *v t.* એકઠું-જમા-ભેગું કરવું. 2 વસુલ કરવું; ઉઘરાવવું. 3 અનુમાન-તર્ક કરવો. 4 *v. i* એકઠું થવું. *To collect one's self,* અકરાટ-ઘભરાટમાંથી નોકળું થવું; સાવધાન થવું; મન ઠેકાણે આવવું.

Collected, *a.* સાવધાન; સ્વસ્થ.

Collection, *n.* જમાવ; સંગ્રહ; જથ્થો; ટોલું. 2 ઉઘરાણું; ટીપ. 3 એકઠું કરી-સાંચી-રાખી મુકવું.

Collector, *n.* એકઠું-જમા કરનાર; સંગ્રહ કર્તા. 2 ઉઘરાણી કરનાર. 3 કમાવીસદાર; વસૂલદાર; તેહસીલદાર; મામલતદાર; કલેક્ટર.

Collectorate, *n.* કલેક્ટરનો તાલુકો-અમલ. 2 મામલતદારનો હોદો.

College, *n.* વિદ્વાન લોકોની મંડળી; પંડિત સમાજ. 2 પાઠશાળા; મદરેસા.
Collegian, *n.* વિદ્યાર્થી; શિષ્ય.
Collegiate, *a.* મદ્રેસા-પંડિત સમાજને લગતું.
Collier, *n.* કોયલા ખોદનાર. 2 કોયલા વેચનાર; કોલસાનો વેપારી. 3 કોલસા લઈ જવાનું વહાણ.
Colliery, *n.* કોયલાની ખાણ. 2 કોયલાનો વેપાર.
Collision, *n.* અથડા અથડી; ટક્કર. 2 હોંસાતોંસી; સામસામા આવી જવું તે.
Collocate, *v. t.* મુકવું; નેમવું; સ્થાપના કરવી. [સંવાદ.
Collocution, *n.* બોલચાલ; સંભાષણ;
Collop, *n.* સાખનો કટકો; માંસનો ટુકડો. 2 (મશ્કરીમાં) બચ્ચું; બાળક; છોકરૂં. [સાધારણ વપરાતું.
Colloquial, *a.* રોજ બોલચાલમાં
Collude, *v. i.* દગો, મનસુબો, કપટ અથવા છલ કરવામાં સામેલ થવું; કોઈને ફસાવાની પેરવી કરવામાં સામેલ થવું.
Collusion, *n.* દગો રમવા અથવા કોઈને ફસાવવામાં સંપ-એક્કો.
Collyrium, *n.* અંજન; આંખ ધોવાનું ઓસડ.
Colocynth *n.* ઈંદ્રાવણ; કડવું દોધી.
Cologne-water, *n.* કોલનવાટર.
Colon, *n.* (:) એવી તરેહની નિશાન-ટાંપ
Colonel, *n.* પેદલ અથવા ઘોડેસ્વાર પલટનનો મુખ્ય સરદાર; કર્નલ.
Colonial, *a.* નવાં વસાવેલાં દેશને લગતું.
Colonist, *n.* નવાં વસાવેલાં દેશનો રેહેનાર. [કરવું.
Colonize, *v. t.* વસાવવું; નવું સંસ્થાન
Colonnade, *n.* સ્તંભાવળી; સરખે છેટે બાંધેલી થામલાની હાર.
Colony, *n.* સ્વદેશ છોડી બીજી દુરની જગાએ જઈ વસનારા લોકો. 2 નવું વસાવેલું દેશ-સંસ્થાન; નવી વસ્તી.
Color, *n.* રંગ; વર્ણ. 2 રતાશ; લાલી; સુરખી. 3 બહાનું. 4 જાત. 5 *v. t.* રંગવું; રંગ દેવો; રંગદાર કરવું. 6 ટકા ચહડાવીને બોલવું; જેરૂં મરી ભભરાવીને કેહેવું.
Colorable, *a.* છુપાવેલું; દેખાતું માઆકુળ; દેખાતું વાજબી અથવા ખરોબર.
Colored, *a.* રંગેલું; રંગીન. [ખર.
Colors, *n.* નિશાન; ઝુંડો; વાવટો. [દાવર.
Colossal, *a.* રાક્ષસી; ઘણુંજ મોહોટું; ક-
Collosseum, *n.* વીરાપેશ્યન પાદશાહે રોમ શેહેરમાં બંધાવેલા દુન્યા માહેલી સઉથી મ્હોટી નાટકશાળાને આપેલું નામ. [સી પુતળું.
Colossus, *n.* અતી મ્હોટા કદનું-રાક્ષ-
Colt, *n.* વછેરો. 2 કમઅક્કલ માણસ.
Column, *n.* થામલો; સ્તંભ; ખાંબ. 2 ફોજની ગોળ રચના; સફ. 3 કોઠો; ખાનું. [એવો થાએછે.
Com, એક ઉપસર્ગ જેનો અર્થ, સાથે

Coma, *n.* ઘેન; મીત; સુસ્તિની ઊંઘ.
Comb, *n.* કાંસકી; નિખ્યો; ફણી.
2 મરઘાની માજર—કલગી. 3 પુડો; મધપુડો. 4 *v.t.* હોળવું; બાલ સમારવા. 5 હાથે પીંજવું—તુણવું; ઉકેલવું.
Combat, *n.* લડાઈ; કુસ્તી; મારામારી.
2 *v. t.* લડાઈ કરવી. [કરનાર.
Combatant, *n.* લડાઈ—કુશ્તી—તકરાર
Combinatiom, *n.* મેલાપ; સંપ. 2 રસાયનસંયોગ. 3 એકીકરણ (ગણિતમાં).
Combine, *v. t.* મેળવવું; એકઠું કરવું; સંયોગ કરવો. 2 *v.i.* મળવું; સાંમેલ થવું; ભળવું. 3 એકદિલ—સંપ થવું.
Combustible, *a.* બળી જાય—સળગી ઉઠે એવું; દાહ્ય. 2 *n.* સળગી ઉઠે એવો પદાર્થ.
Combustion, *n.* બળવું; બળતું; પ્રકાશ.
2 ગભરાટ; દોડાદોડ.
Come, *v. i.* આવવું. 2 થવું; બનવું; નિપજવું. 3 પોહોંચી વળવું; પુગવું; મળવું. *To come home*, પોતાના ઉપર લાગુ પાડવું; પોતે સમજી જવું.
To come by, મેળવવું; પામવું.
To come off, બચી—ઉગરી જવું.
To come out with, પ્રગટ-જાહેરકરવું.
Comedy, *n.* હાસ્ય રસ પ્રધાન નાટક; હસાવે તેવો—સુખ પરિણામક નાટક—ખેલ.
Comeliness, *n.* સુંદર આકૃતિ; ખુબસુરતી; ખુબી. [લાયક; ઘટતું.
Comely, *a.* રૂપાળું; ખુબસુરત. 2 યોગ્ય;

Comet, *n.* ધુમકેતુ; પુંછડીયો તારો.
Comfit, *n.* સુકો મુરબ્બો.
Comfort, *n.* સુખ; ચેન; આરામ; એશ.
2 ધીરજ; સબુરી. 3 *v.t.* ધીરજ આપવી; દિલાસો દેવો; સમાધાન કરવું.
Comfortable, *a.* સ્વસ્થ; આસુદું; સુખી. 2 સુખ—ચેન—આરામ આપે એવું; આશાએશ ભરેલું. [ખુશાળ.
Comfortably, *ad.* સુખસમાધાનીથી;
Comforter, *n.* આરામ—ચેન—દીલાસો આપનાર; ખાતર નવાજ. 2 પવિત્રાત્મા. 3 ઉનનો ગુંથેલો લાંબો સાંકડો ગલેબંધ.
Comical, *a.* હાસ્યજનક—કારક; હસવા સરખું; હસવું આણે તેવું.
Coming, *n.* આવવું તે; આગમન.
Coming-in, *n.* આવવું—દાખલ થવું તે; આગમન. 2 આવગ; વસુલાત.
Comma, *n.* સ્વલ્પ વિરામ; (,) એવી જાતની નિશાની; અલ્પ વિરામ ચિન્હ.
Command, *n.* હુકમ; આજ્ઞા; ફરમાન; આદેશ. 2 હકુમત; સત્તા; અમલ.
3 તેહનાત; તાબો; હવાલો. 4 સરદારી.
5 *v. t.* હુકમ કરવો. 6 હકુમત ચલાવવી. 7 તેહેનાતમાં રાખવું. 8 ભારવરૂથી મેળવવું—પામવું.
Commandant, } *n.* હકુમત ચલાવ-
Commander, } નાર; હાકમ; સરદાર; સેનાપતિ.
Commander-in-chief, *n.* સેનાપતિ; બક્ષી; સર્ સાલાર.

Commandment, *n.* આજ્ઞા; વિધિ; હુકમ.

Commemorable, *a.* યાદગારી રાખવાજોગ; ઓચ્છવ કરવાજોગ.

Commemorate, *v.t.* યાદગારી–સંભારણું રાખવા ખુશાલી–ઓચ્છવ કરવો.

Commemoration, *n.* નૈયત; યાદગારી; મોટો ઓચ્છવ કરીને યાદગારી–સંભારણું રાખવું–રખાવવું તે.

Commemorative, *a.* સ્મારક; જેથી યાદગારી રહે–સંભારણું થાય એવું.

Commence, *v. t.* આરંભ–સુરૂઆત કરવી; આરંભવું; માંડવું. 2 *v.i.* સુરૂઆત થવી. [રંભ.

Commencement, *n.* સુરૂઆત; આ-

Commend, *v. t.* સ્તુતિ–તારીફ કરવી. 2 સોંપવું. 3 ભલામણ–શિફારસ કરવી.

Commendable, *a.* વખાણવા જોગ.

Commendation, *n.* સ્તુતિ; તારીફ; વખાણ. 2 શિફારસ; ભલામણ.

Commensurable, *a.* સરખાં પરિમાણનું; એક ગણતરીનું; જેમકે ફૂટ અને વાર એ બંનેની ગણતરી ઈંચ અથવા તમુથી થાયછે.

Commensurate, *a.* હમ અંદાજ; એક સરખા અથવા સાધારણ માપવાલું.

Comment, *v. i.* & *v.t.* બયાણ કરવું; અર્થનો ખુલાસો કરવો. 2 શરેહ–મુજાહેમત–ટીકા કરી બતલાવવી. 3 *n.* વ્યાખ્યા; ખુલાસો; ટીકા; ભાષ્ય.

Commentator, *n.* સરેહ કરનાર; ટીકા–ભાષ્યકાર.

Commentary, *n.* ખોલાસો; ટીકા; ભાષ્ય; શરેહ. 2 અમુક બિનાનું વર્ણન.

Commentitious, *a.* કલ્પનાથી ઉઠાવેલું; ઢોંગ–હીલા ભરેલું.

Commerce, *n.* બહોલો વેપાર; વ્યવહાર; સોદાગરી. 2 સ્ત્રી પુરૂષ સંભોગ.

Commercial, *a.* વ્યવહાર સંબંધી; વેપારનું. 2 વેપારમાંથી ઉપજતું–મળતું.

Commiserate, *v. t.* દયા–રેહેમ આણવી; દિલમાં દુખ લાગવું; જીવ બલવો; દાઝ લાગવી. [રૂણા; દાઝ.

Commiseration, *n.* દયા; રેહેમ; ક-

Commissariat, *n.* મોદીખાનું (લશ્કરી). [કોઠારી. (લશ્કરી).

Commissary, *n.* મોદી; કોઠીવાળો;

Commission, *n.* કરવું તે. 2 હવાલે કરવું તે; સોંપણ. 3 અખત્યાર; મુખત્યારી. 4 સનદ; મુખત્યારનામું. 5 દસ્તુરી; દલાલી; હકસાઈ. 6 ફરમાસ; આડત; 7 જે શખ્સ અથવા શખ્સોને અમુક કામ માટે અખત્યાર આપ્યો હોય તે શખ્સ અથવા શખ્સો; કમીશન. 8 *v.t.* કામ સોંપવું. 9 સત્તા–સનદ આપીને મોકલવું. 10 અખત્યાર આપવો.

Commissioner, *n.* અખત્યાર આપેલું માણસ; કમીશનર; અમીન; મુનીમ.

Commit, *v.t.* સોંપવું; હવાલે–સ્વાધીન

કરવું.2 નાખવું;મોકલવું-(તુરૂંગમાં) 3 કરવું. 4 ફરે નહીં એવી રીતે બંધાણ-કબૂલાતમાં લાવવું;બાંધવું.

To commit a bill, ધારા બાંધનારી સભામાં કાયદો પસાર કર્યા અગાઉ તે ઉપર વિચાર કરી અભિપરાય આપવાસારૂ તેનો ખરડો કમીટીને સોંપવો.

To commit to memory, ગોખવું;મોઢે-ડે-પાઠે કરવું. *To commit to writing*, લખી કાહાડવું-બતલાવવું.

Committal, *n.* એકરાર; બંધન; કબૂલત; વચન. [મંડળી; કમિટી.

Committee, *n.* પંચાએત; મિજલસ;

Commodious, *a.* લાયક; બેસતું; વગતજવીજ વાળું; સગવડનું. [રાઈ.

Commodiousness, *n.* સગવડ; સુતર-

Commodity,*n.*વેપારની જિનસ;સોદો.

Commodore, *n.* દરિયાઈ કાફલાનો સરદાર. Admiral થી ઉતરતો.

Common, *n.* પાદર; મેદાન; ખુલ્લી જમીન; ખેતર. 2 *a.* સાધારણ; સામાન્ય; બધાનું. 3 હલકું; મધ્યમ. 4 વેશ્યા; પાતર.

Common law, દેશ રિવાજ; લાંબી મુદતથી ચાલતો આવેલો જે રિવાજ-રૂઢિ તે.

Common sense, પાકી સમજ; પુખ્ત વિચારે બાંધેલો તર્ક.

In common, બધા સાથે સરખી રીતે.

Commonly, *ad.* ઘણુંકરીને;અકસર.

Commonalty, *n.* (ગ્રેટ બ્રીટનના)સાધારણ લોક; આમ લોક; મધ્યમ સ્થિતિના-વચલા વર્ગના લોક.

Common-place, *a.* See Common,*a.*

Common-place-book, *n.* સ્મરણ પોથી;યાદદાસ્ત ટાંકી રાખવાની ચોપડી.

Commons,*n* જેને ખિતાબ નથી તેવા સાધારણ લોક. 2 એવા લોકમાં જે મોટેરા, તેઓની રાજદરબારી કામ સારૂ સભા-(પાર્લમેન્ટનો એકભાગ.) 3 ઘણાઓ સાથે બેસી ખાય તેમને માટે પૂરો પાડેલો ખોરાક.

Common-wealth,*n.*પ્રજાસત્તાક રાજ. 2 સઘળાનું ધણીપણું. 3 લોક.

Commotion, *n.* ગડબડ. 2 હુલ્લડ;બંડ; ફિતુર. 3 મનનો ગભરાટ;સંતાપ.

Commune, *v. i.* હલી મલીને વાતચિત કરવી; એક બીજાનાં દિલનો ખુલાસો કરવો.

Communicate, *v. t.* આપવું; દેવું. 2 જણાવવું;કેહેવું;જાહેર કરવું. 3*v.i.* સુખદુખમાં સરીક થવું. 4 સંબંધ-વ્યવહાર રાખવો; જવા આવવાનો રસ્તો અથવા માર્ગ હોવો.

Communication, *n.* દેવું-આપવું તે. 2 કાગળ પત્રનો વેહેવાર. 3 જવાઆવવાનો રસ્તો-માર્ગ. 4 સંદેશો; ખબર; ખબર અંતર-પલ. [તેવું.

Communicative, *a.* બોલકું; કહીદે

Communion, *n.* બે અથવા વધારે જણા વચ્ચે કામકાજનો વ્યવહાર અથવા મોહબત. 2 ઇશ્વર સાથે મન લગાડી તેનું સ્મરણ કરવું તે.
Community, *n.* સાધારણ સત્તાવાળા જે લોક તે; નાત. 2 સામાન્ય ભોગવટો-ઉપભોગ. 3 તમામ રૈયત; આલમ; લોક સમસ્ત.
Commute, *v. t.* અદલબદલ કરવું. 2 શિક્ષામાં ઘટાડો કરવો (મ્હોટીને બદલે હલકી કરવી.)
Compact, *n.* બોલી; સરત; કોલકરાર. 2 *a.* ઘટ્ટ; સંગીન. 3 સંક્ષિપ્ત; સારવાળું; મુક્તેસર.
Companion, *n.* સાથી; સોબતી.
Companion-ship, *n.* સંગ; સંગત; સાથીપણું; સોબત; સમાગમ.
Company, *n* મંડળી; ટોળી. 2 સંગત; સોબત; સંગ. 3 પેઢેડી; ભાગીદારી; કંપની. 4 મિજબાનીની મજલસ. [કરવા જોગ.
Comparable, *a.* બરોબરિયું; મુકાબલો
Comparative, *a.* મુકાબલો કરીને ગણેલું-તપાસેલું. 2 વધારે અથવા ઓછું દેખાડનાર (વ્યાકરણમાં).
Comparatively, *ad.* બનીસ્બત; સરખાવતાં; મુકાબલે.
Compare, *v. t.* મુકાબલો કરવો; તુલના કરવી; સરખાવી જોવું. 2 ઉપમા-મિસલ આપવી.
Comparison, *n.* મુકાબલો; તુલના; સરખામણી. 2 ઉપમા; મિસલ.
Compart, *v t.* ભાગ પાડવા; જુદું કરવું.
Compartment, *n.* એક ઓરડામાં કાંઇ આડ કરી બનાવેલો જુદો ઓરડો અથવા ભાગ; ખંડ; વિભાગ.
Compass, *n.* પોંહોંચ; સીમા; હદ. 2 ફેરો; ચક્કર. 3 હોકાયંત્ર; હોક્કો. 4 *v. t.* ઘેરી લેવું. 5 ફેરો મારવો; ચક્કર મારવું. 6 મેળવવું; હાંસલ કરવું. 7 ઘેરી-આંતરી લેવું. 8 યોજવું; યુક્તિ કરવી.
Compasses, *n.* ગોળ પાડવાનું હથિયાર; કરકાટક; કંપાસ. [માયા.
Compassion, *n.* દાઝ; દયા; કરૂણા;
Compassionate, *a.* દયાળુ; માયાળુ. 2 *v. t.* દયા-રહેમ કરવી; કરૂણા લાવવી.
Compatibility, *n.* સંભાવના; મેળાપ; મવાફકત.
Compatible, *a.* મુવાફક; મળતું-બેસતું આવતું; મુનાસિબ.
Compatriot, *n.* સ્વદેશી; એક દેશીય.
Compeer, *n.* બરોબરીઓ; સાથી.
Compel, *v. t.* ફરજ-જરૂર પાડવી; જબરદસ્તીથી-જબરાઇથી કરાવવું.
Compendious, *a.* મુક્તેસર; સંક્ષિપ્ત; થોડામાં આણી મુકેલું; ટુંકું; ટુંક.
Compendium, *n.* સાર સંગ્રહ; સંક્ષેપ; સાર; ઇન્તેખાબ; મજમુન; સાર ગ્રંથ.
Compensate, *v. t.* બદલો-પાડ વાળવો.

2 ભરી આપવું; ખોટ પુરી આપવી.
Compensation, *n.* બદલો; અવેજ.
Compete, *v. i.* હરીફાઇ-બરાબરી કરવી
Competence, } *n.* કાબેલીઅત; સામર્થ; લાયકી. 2 ગુજરાન થઈ શકે એટલી માયાપુંજી.
Competency, }
Competent, *a.* કાબેલ; લાયક; ખબરદાર. 2 પુરતું; જોઈએ તેટલું.
Competition, *n.* સ્પર્ધા; ચઢાચઢી; બરાબરી; હરીફાઈ; સરસાઈ.
Competitor, *n.* બરાબરી-સરસાઈ-હરીફાઈ કરનાર; ઉમેદવાર.
Compilation, *n.* સંગ્રહ; મજમુઆ-... ગ્રંથ.
...pile, *v. t.* સંગ્રહ કરવો; રચવું; એકઠું કરવું; સંગ્રહ ગ્રંથ બનાવવો.
Compiler, *n.* સંગ્રહ ગ્રંથકાર; ગ્રંથો ઉપરથી નવો ગ્રંથ રચનાર.
Complacency, *n.* સભ્યતા; ભળમણસાઈ. 2 દિલનું સમાધાન; સંતોષ.
Complacent, *a.* બોલવે ચાલવે ભલું; સભ્ય. 2 સંતોષી; પ્રસંન; ખુશ.
Complain, *v. i.* રડવું; વિલાપ કરવો. 2 ફરિયાદ કરવી-માંડવી; રાવખાવી.
Complainant, *n.* ફરિયાદ કરનાર; ફરિઆદી; વાદી.
Complaint, *n.* વિલાપ; રૂદન. 2 રોગ; આજાર; દરદ. 3 ફરિઆદ; દાવો.
Complaisance, *n.* ગૃહસ્થાઈ; સભ્યતા; મુરવત; ભળમણસાઈ.
Complaisant, *a.* બોલવે ચાલવે મિઠું; મળતાવડું; સભ્ય; આદરશિળ.
Complement, *n.* ભરતિયું; પુરવણી; ઉમેરો. [પુર્તક; ખુટ પુરે એવું.
Complemental, *a.* ભરતીનું; ભરનું;
Complete, *a.* પૂર્ણ; પુરૂં; તમામ; સંપૂર્ણ. 2 *v. t.* પૂર્ણ-તમામ કરવું.
Completion, *n.* પૂર્ણતા; તમામિયત. 2 સિદ્ધતા; સફળતા.
Complex, *a.* ગુંચવણ-ગુચવારા ભરેલું; કસુતર; અઘરૂં. 2 સંયુકત.
Complexion, *n.* શરીરનો વર્ણ-રંગ; કાંતિ; રૂપ. 2 બાંધો; ઘાટ. 3 રૂખ; ડોળ; સ્વરૂપ. [કવી તે.
Compliance, *n.* કબુલ કરવું-હા પા-
Compliant, *a.* નમતું; સભ્ય; સત્કારી.
Complicated, *p. a.* ગુંચવેલું; ગુંચવી નાખેલું.
Complication, *n.* ગુંચવણ; ઘોટાળો.
Compliment, *n.* સ્તુતિ; વખાણ; આદરમાનનું બોલવું તે. 2 *v. t.* સ્તુતિ કરવી; વખાણવું. 3 મુબારકબાદી આપવી. [જેગોપાળ.
Compliments, *n.* સલાંમ; નમસ્કાર;
Complimental, *a.* સ્તુતીવાચક; આદરદર્શક. [સાનું.
Complimentary, *a.* સત્કારવાળું; પ્રશં-
Comply, *v. i.* માન્ય-કબૂલ રાખવું; હા પાડવી. [અંશ; અંગભૂત.
Component, *n.* જુદો જુદો દરેક ભાગ;

Compose, *v. t.* સાથે મુકવું; ગોઠવવું. 2 રચવું; બનાવવું; કરવું; જોડવું. 3 શાંત કરવું; ઠંડું-નરમ પાડવું. 4 (છાપવામાં) બીબાં ગોઠવવાં; ટાઈપ ભરવા; કંપોસ કરવું. [રતા.

Composedness, *n.* ગંભીરપણું; સ્થી-

Composing-stick, *n.* બીબાં ગોઠવવાનું લાંબુ, પતલું હથીઆર; સ્ટિક.

Composer, *n.* ગ્રંથ કર્તા; અસલ જોડીને બનાવનાર. [બનાવેલું; મિશ્રિત.

Composite, *a.* જુદા જુદા ભાગોનું

Composition, *n.* બનાવવું તે; મેલવણી. 2 ગ્રંથ; રચના; કવન; નિબંધ રચના. 3 જોડણી; સમાસ; સંયોગ. 4 મિશ્ર; મેળ. 5 તોડ; નિકાળ; ફડચો; પૈતાવત.

Compositor, *n.* બિબાં-દીબાં-ટાઇપ ગોઠવનાર; કંપાઝીટર.

Composure, *n.* ઘાટ; આકાર. 2 બાંધો; ઘડણ. 3 શાંતિ; સ્વસ્થતા; આસુદગી.

Compound, *n.* મિશ્ર પદાર્થ; મેળ; મેળવણી. 2 (વ્યાકરણમાં) સમાસ. 3 ચોક; આંગણું; વાડો. 4 *a.* મિશ્ર; મિશ્રિત. 5 સમાસિક; જોડાયલું; સમાસવાળું. 6 *v. t.* મેળવવું; એકઠું કરવું. *To compound a felony*, કંઈ લઈને અપરાધની ફરિયાદી માંડી વાળવી.

Compounder, *n.* જુદાં જુદાં વાણાંનો મેળ-મિશ્ર કરનાર, જેવાકે દવા-ઓસડ તૈયાર કરી આપનાર; દવાસાજ.

Comprehend, *v. t.* સમાવેશ કરવો; મવાડવું. 2 સમજવું; સમજ પડવી.

Comprehensible, *a.* સમજી શકાય તેવું; સમજાયા જોગ. [શક્તિ; બુદ્ધિ.

Comprehension, *n.* સમજ; સમજ

Comprehensive, *a.* થોડામાં ઘણી મતલબ ધરાવનારૂં; વ્યાપક; ઘણાને મવાડી શકે તેવું. [બાંધવાની).

Compress, *n.* ગાદી; પટી (ઘા ઉપર

Compress, *v. t.* } દાબવું; ચાંપીને-
Compression, *n.* } ઠાંસીને થોડામાં લાવવું; સંકોચિત કરવું.

Comprise, *v. t.* સમાસ-સમાવેશ થવો.

Compromise, *v. t.* માંડી વાળવું; પતાવવું; ખુશીથી સમાધાન કરવું. 2 જોખમમાં નાખવું. 3 *n.* તોડ; તોડ જોડ; પોત પોતામાં થયલી સમજુતી.

Compulsion, *n.* બળાત્કાર; જુલુમ; જબરદસ્તી; જોરાવરી; જબરાઈ.

Compulsive, } *a.* જોરજુલુમ-બળા-
Compulsory, } ત્કાર-બળજોરીનું.

Compunction, *n.* પસ્તાવો; પશેમાની; મનસંતાપ; ખારખારો; ખેદ; દગદગો.

Compunctive, *a.* પશેમાની ભરેલું.

Compute, *v. t.* ગણવું; માપવું. 2 સુમાર-આસરો કાહાડવો.

Comrade, *n.* ગોઠીઓ; સોબતી; સાથી.

Con, સમ્; સહ; સાથે. 2 *a.* ઉલટું; વિરૂદ્ધ. 3 *v. t.* ગોખવું; મોહોડે કરવું.

Concatenation, *n.* સાંકળી.

Concave, *a.* અંદરથી કમાનદાર-ગોળ પોકળી હોય તેવું; અંતર્ગોળ.

Concavity, *n.* કમાનદાર—ગોળપોકળી.
Conceal, *v. t.* છુપાવવું; સંતાડવું.
Concealment, *n.* છુપાવણી; ગુપ્તતા. 2 ભરાઇ—સંતાઇ બેસવાની જગા.
Concede, *v. t.* કબુલરાખવું; માન્યકરવું.
Conceit, *n.* કલ્પના; ભાવના; ખ્યાલ; લેહેર. 2 અભિમાન; ગુમાન; હુંપણું.
Conceited, *a.* અહંકારી; તકોબરી ભરેલું; હુંપદવાળું. [શકાય તેવું.
Conceivable, *a.* મનમાંઉતરે—સમજી
Conceive, *v. t.* & *v. i.* ગર્ભ ધરાવો; દહાડા—હમેલ રહેવા. 2 કલ્પવું; સમજવું; ખ્યાલમાં—ધ્યાનમાં આવવું.
Concentrate, *v. t.* એકઠું કરવું; એક ઠેકાણે—સમકેંદ્ર—એકસ્થ લાવવું—કરવું (લશ્કર, ચિત, કીરણ વગેરેને).
Concentre, *v. t.* એકજ ઠેકાણે—સમકેંદ્ર—બીંદુમાં આવવું—લાવવું.
Concentric, *a.* એકજ સાધારણ બીંદુવાલું; સમકેન્દ્ર.
Conception, *n.* હમેલ; દાહાડા; ગર્ભધારણ. 2 કલ્પના. 3 સમજ; બુદ્ધિ.
Concern, *n.* લગતું વળગતું કામ; બટલું; સ્વાર્થની વાત. 2 કાળજી; ચિંતા. 3 મામલો; પેઢી અને તેનું કામકાજ. 4 વજનદારી; અગત્યપણું. 5 *v. t.* સંબંધ—લાગતું વળગતું હોવું. 6 કાળજી રાખવી; ફિકર કરવી. 7 હાથ ઘાલવો; વચે પડવું.
Concerned, *a.* કાળજીનું; ચિંતાતુર. 2 ભાગીદાર; સામેલ. [બાબતસર.
Concerning, *ppr.* વિશે; વિષયે; સંબંધે;
Concernment, *n.* See Concern.
Concert, *n.* એક મત—વિચાર—રાગ. 2 સુરમેલ. 3 જાહેર ગાન તાનનો તમાસો. 4 *v. t.* એક વિચારે રચવું—યુક્તિ કાહડવી—મનસુબો કરવો.
Concession, *n.* કબુલ કરવું—નમતું મુકવું તે.
Conch, *n.* શંખ; કોડો. [મુકવું તે.
Conchology, *n.* સંખશાસ્ત્ર; શંખવિદ્યા.
Conciliate, *v. t.* અનુકુળ—પોતાની તરફ કરી લેવું; મેળવી લેવું. [જુતી.
Conciliation, *n.* મેલવી લેવું તે; સમ-
Conciliator, *n.* મન મીલાઉ.
Conciliating, | *a.* મેળવીલે એવું. 2 સમાધાન કરાવે તેવું.
Conciliatory, |
Concise, *a.* સંક્ષિપ્ત; મુખ્તેસર; ટુંકું.
Conciseness, *n.* સંક્ષેપ; ઇખ્તેસાર.
Conclave, *n.* ખાનગી—ગુપ્ત સભા.
Conclude, *v. t.* પુરૂં—સમાપ્ત કરવું. 2 નિશ્ચય કરવો; નક્કી કરવું. 3 તર્કથી સાર કાહાડવો. 4 *v. i.* પુરૂં થવું. 5 અનુમાન—તર્ક કરવો; સમજવું.
Conclusion, *n.* છેડો; આખેરી; સમાપ્તિ; અંત. 2 સેવટ; છેવટ ઠરાવ; નિવેડો; સિદ્ધાંત. 3 અનુમાન; તર્ક.
Conclusive, *a.* નિશ્ચયનું; સેવટનો વિચાર કરી નક્કી ઠરાવે એવું.
Concomitant, *n.* & *a.* જોડ—સાથે રેહેનારૂં—હોનારૂં—આવતું; અનુષંગી.

Concoct, *v. t.* પચવવું. 2 યોજવું; ઉઠાવવું; તોડ કાહડવો–ઉતારવો.

Concoction, *n.* કોઈબી બનાવટ પુરી બરોબર બનવી–ઉતરવી તે; કરામત.

Concord, *n.* મિલાપ; એકી; ઐક્ય; સંપ. 2 સુરની જમાવટ–મેલ. 3 (*Gram.*) અન્વય; શબ્દોનો પરસ્પર સંબંધ.

Concordance, *n.* મેલ. See Accordance

Concordancy, *n.* See Agreement.

Concordant, *a.* મીલાફી; મુવાફક.

Concourse, *n.* ટોળું; જમાવ; મેળાવડો; મેળો; સમુદાય. 2 સંગમ; સંયોગ.

Concrete, *a.* એકત્ર થયલું; ઘટ્ટ; ઘાડું; નક્કર. 2 *v. t.* જમાવવું; બાંધવું. 3 *v. i.* બાઝવું; ઘટ્ટ–ઘાડું થવું. [પત્નિ.

Concubine, *n.* રાખેલી સ્ત્રી–રાંડ; ઉપ-

Concupiscence, *n.* સ્ત્રીસંગ કરવાની બેહદઇચ્છા; ઇશ્કભુખ; શેહેવત; મસ્તી.

Concur, *v. i.* કબુલથવું; સંમતિ આપવી. 2 મળવું; મળતું આવવું; અનુસરવું.

Concurrence, *n.* અનુમત; સમ્મતિ. 2 જમાવટ; મેળાપ; મેળ; એક ગાંઠ.

Concurrent, *a.* શામેલ રહી કામ કરનાર; સહકારી. 2 જોડે રહેલું; સાથેનું.

Concussion, *n.* ધક્કો; હડસેલો.

Condemn, *v. t.* અપરાધી ઠેરવીને શિક્ષા કરવી. 2 ઠપકો આપવો; નાપસંદ કરવું.

Condemnation, *n.* શિક્ષા–દંડ ઠેરવવો તે. 2 સજા ઠેરાવવાનો સબબ.

Condensation, *n.* ઘટ્ટ કરવું–થવું તે.

Condense, *a.* ઘટ્ટ; છેક પાસેપાસે આવી ગયલું. 2 *v. t.* ઘટ્ટ કરવું. 3 એક ઠેકાણે જમાવવું; દાબીને થોડામાં આણવું. 4 *v. i.* ઘટ્ટ થવું. 5 થોડામાં આવવું.

Condescend, *v. i.* મોટાઈ–અભિમાન મુકીને વરતવું. 2 મેહેરબાની કરવી.

Condescension, *n.* વિનય; નમ્રતા; માન–મ્હોટાઈ મુકવી તે; મેહેરબાની.

Condign, *a.* લાયક; યોગ્ય; મુનાસબ.

Condiment, *n.* મરીમસાલો; સાસ.

Condition, *n.* હાલત; દશા; સ્થિતિ. 2 ગુણ; ખસલત; લક્ષણ. 3 પદવી; દરજ્જો. 4 સંકેત; બોલી; કરાર; સરત.

Conditional, *a.* સરત–કબુલાતવાળું. 2 (વ્યાકરણમાં) સંકેત; સંકેતાર્થરૂપ.

Condole, *v. i.* } બીજાનું દુખ જોઈને દુઃખી થવું.
Condolence, *n.* }

a visit of condolence, કાણે; મજ્દેસાન. [પયોગી થવું.

Conduce, *v. i.* વધારવું; સહકારી–ઉ-

Conducent, } *a.* ઉપયોગનું; સહકારી;
Conducible, } મોઆફક આવતું.

Conducive, *a.* ઉપયોગી; સહકારી; કુઅત આપે એવું; જેથી વધે તેવું.

Conduct, *n.* ચાલચલણ; વર્તણુક. 2 વહિવટ; કારભાર. 3 *v. t.* વાટ દેખાડીને લઈ જવું; દોરવું. 4 વહિવટ કરવો; ચલાવવું.–(one's self) વરતવું; ચાલવું; આચરવું.

Conductor, *n.* રસ્તો દેખાડનાર; રાહનુમા. 2 (*Physics*) ઉષ્ણતા વાહક. 3 આગેવાન; ઉપરી.

Conduit, *n.* નહેર; નળ. 2 રગ; નસ.

Cone, *n.* પડો; શંકુ.

Confection, *n.* મિઠાઈ; સુખડિયાનો સામાન; ખાંડ પાયલો મેવો.

Confectioner, *n.* હલવાઈ; મિઠાઈવાળો; સુખડિયો; કંદોઈ.

Confectionery, *n.* મિઠાઈ બનાવવાની-વેચવાની જગ્યા. 2 મિઠાઈ.

Confederacy, *n.* એકસંપ; સંપ; એકી. 2 કોઈ અઘટિત કામ સારૂ સંપ બાંધવો તે. 3 એકસંપી રાજ્યો-પુરૂષો-મંડળીઓ.

Confederate, *n.* & *a.* મિલાપી; એકસંપી. 2 *v. t.* સંપ બાંધવો; એકો કરવો.

Confederation, *n.* See Confederacy.

Confer, *v. t.* ઇનાએત કરવી; દાન આપવું; બક્ષવું. 2 *v. i.* મસલત લેવા મળવું.

Conference, *n.* સલાહ-મસલહત કરવી તે. 2 મસલત-મનસુબો-વિચાર કરવા માટે મુલાકાત-બેઠક.

Confess, *v. t.* માનવું; કબુલ કરવું-રાખવું. 2 ખુલું-સાબિત-સિદ્ધ કરવું.

Confessedly, *ad.* ખચિત; મુકરર; બેશક. 2 જાણી જોઈને; સમજીને.

Confession, *n.* સ્વીકાર; કબુલાત.

Confessor, *n.* કબુલ કરનાર. 2 દોષ-પાપ શ્રવણ ગુરુ.

Confidant, } *n.* જેની ઉપર ભરૂંસો
Confidante, } રાખી પોતાની છાની વાત કહી શકાય એવો મિત્ર; ખાસ મિત્ર.

Confide, *v.i.* આકીન રાખવું. 2 ભરોસો-વિશ્વાસ રાખવો. 3 *v.t.* સોંપવું.

Confidence, *n.* વિશ્વાસ; ભરૂંસો; ઇતબાર. 2 ખાતરજમા; પતીજ. 3 ઉમેદ; દમ; હામ; છાતી.

Confident, *a.* & *n.* ભરોસે રેહેનાર. 2 ચોકસ. 3 છાતી-હામવાળું.

Confidential, *a.* વિશ્વાસુ; ભરૂસાદાર; ઇતબારી; ખાતરીનું. 2 છાનું રાખવા જેવું.

Confine, *v. t.* હદ બાંધી આપવી; હદમાં રાખવું. 2 ગોંધવું; બંધ કરવું. 3 *v.i.* હદપર હોવું. 4 *n.* હદ; સીમાડો.

Confined, *a.* હદ બાંધેલું. 2 કેદમાં ઘાલેલું. 3 અડચણવાળું; સાંકડું.

Confinement, *n.* રોકાઇ રેહેવું તે; અટકાવ. 2 કેદ; બંદી. 3 સુવાવડ.

Confines, *n. plu.* લત્તો; હદ ઉપર આવેલો દેશ; સરહદ: સીમાડો.

Confirm, *v. t.* સાબીત-મજબુત-તેહકીક કરવું; પુષ્ટી આપવી. 2 બાહાલ-કાઇમ-મુકરર-મંજુર કરવું.

Confirmation, *n.* સાબીતી. 2 મંજુરી.

Confiscate, *v.t.* } સરકારે જપ્તિ કરવી-
Confiscation, *n.* } છિનવી લેવું.

Conflagration, *n.* મોહોટી આગ.

Conflict, *n.* અથડાઅથડી; ધકાધકી. 2 યુદ્ધ; લડાઈ. 3 *v.i.* અથડા અથડી થવી; અથડાવું. 4 લડવું. 5 વિરૂદ્ધ હોવું.

Conflicting, *a.* વિરૂદ્ધ; ઉલટું.

Confluence, *n.* સંગમ; મિલાપ; બે પાણીનું એકઠું થવું–વેહેવું તે. 2 જમાવ; ભીડ; ઠઠ; મેળો.

Conflux, *n.* See Confluence.

Conform, *v. t.* સરખું–મળતું આવે એવું કરવું. 2 *v.i.* વખત પ્રમાણે કરવું–ચાલવું. 3 માનવું; પાળવું.

Conformable, *a.* સરખું; એકસાન. 2 લાયક. 3 હુકમ મુજબ; આધીન.

Conformably, *ad.* માફક–અનુકૂળ આવતું હોય તેમ; મુજબ; બરહુકમ.

Conformity, *n.* સરખા–મળતાપણું; એકસાની. 2 માફકપણું; અનુકૂળતા.

Confound, *v. t.* ગુંચવી નાખવું; ભેળભાલ ભેળસેળ કરવું. 2 ગભરાવવું. 3 ભુલથી એકને બદલે બીજું સમજવું. 4 નાઉમેદ કરવું. 5 ધુળધાણી કરવી. [ધુઓની મંડળી; મંડળ.

Confraternity, *n.* બંધુવર્ગ; ભાઈ બં-

Confront, *v. t.* મોહોડ મોહોડું–સામસામું–રૂબરૂ કરવું–ઉભા રાખવું.

Confuse, *v. t.* ઝંખવાણું પાડવું. See Confound. [ગયલું.

Confused, *a.* ગુંચવણવાળું. 2 ગભરાઈ

Confusion, *n.* ગોંધળ; ધાલમેલ; ગભરાટ; અવ્યવસ્થા.

Confute, *v.t.* ખંડન કરવું; ખોટું પાડી આપવું; લાજવાબ–નિરુત્તર કરવું.

Congeal, *v. t.* બાંધવું; જમાવવું; ઠીઝવવું; ઘટ્ટ કરવું. 2 *v. i.* બંધાવું; ઠરી–જમી જવું; ઠીઝવું.

Congenial, *a.* મોઆફક આવતું; સરખા સ્વભાવનું; સમાનશીલ. 2 સમધર્મક; સજાતીય.

Conglomerate, *a.* દડીબંધ; જમાવ થઈ ગોળ થએલું.

Congratulate, *v. t.* મુબારકબાદી આપવી; બીજાની ખુશાલી જોઈ પોતે ખુશ થવું. [ધામણી.

Congratulation, *n.* મુબારકબાદી; વ-

Congregate, *v.t.&v.i.* ભેગું કરવું–થવું.

Congregation, *n.* જમાવ. 2 મંડળી; જમાત; અનજુમન. [ભા; કચેરી.

Congress, *n.* એલચી–પ્રધાનની સ-

Congruity, *n.* મેળ; મિલાપ.

Congruous, *a.* બાએક; માફક; બેતસર.

Conic, | *a.* પડા સરખું; પડારોકું; શંકુઆકૃતિ; શંકુનાઆકારનું.
Conical, |

Conic-sections, *n. plu.* શંકુ છેદ. 2 શંકુછેદ ભૂમિતિ.

Conjectural, *a.* અટકળવાળું; કલ્પિત.

Conjecture, *n.* અનુમાન; અટકળ; ઉઠાંગ; કલ્પના; 2 *v.t.* અટકળ કરવી.

Conjoin, *v. t.* સાંધવું; જોડવું.

Conjointly, *ad.* સાથેમળીને; ભેગાં રહીને; સાથે લાગાં.

Conjugal, *a.* વિવાહ—લગ્ન સંબંધી.
Conjugate, *v. t.* ક્રિયાપદનાં રૂપ આપવાં.
Conjugation, *n.* ધાતુને રૂપ આપવાં તે. 2 ધાતુનો ગણ—વર્ગ.
Conjunction, *n.* સંયોગ; સંબંધ. 2 જોગ; સંજોગ. 3 (*Gram.*) ઉભયાન્વયી અવ્યય.
Conjunctive, *a.* સંબંધ કરનાર.
Conjuncture, *n.* પ્રસંગ; સંધિ; જોગવાઈ.
Conjure, *v. t.* સોગન લઈ—સમખાઈ બોલવું. 2 *v. i.* ઇલિમ ચલાવવો; જાદુ કરવું. [બાજ.
Conjurer, *n.* જાદુગાર; ગારૂડી; ઇલિમ-
Connascence, *n.* એક જનમ; સહજનમ; સહજ સીદ્ધી. [થવું.
Connate, *a.* સાથે જન્મેલું—ઉત્પન્ન થ-
Connect, *v. t.* જોડવું; ગાંઠવું; સાંધવું; સંબંધ—સંયોગ કરવો.
Connected, *a.* જોડાયલું; સંધાએલું. 2 સંબંધવાળું. 3 સગું; સંબંધી.
Connection, } *n.* સંબંધ; સંયોગ; નિ-
Connexion, } સબત. 2 સગાઈ; સગપણ. 3 સગાં.
Connivance, *n.* આખાડા; આંખ મિચામણી; ઉડાવવું તે.
Connive, *v. i.* જોયું ન જોયું—સાંભળ્યું ન સાંભળ્યું કરવું; આખાડા કરવા.
Connoisseur, *n.* પારખુ; વાકેફગાર; દાનેશમંદ—ગુણજ્ઞ—રસજ્ઞ આદમી.
Connubial, *a.* વૈવાહિક; લગ્ન સંબંધી.
Conquer, *v. t.* હરાવવું; જીતવું; ફતેહ-સાર કરવું. 2 જય પામીને મેળવવું.
Conqueror, *n.* જીતનાર; વિજયી.
Conquest, *n.* જય; જીત; ફતેહ; વિજય. 2 જીતીને લીધેલું તે; જીતેલી વસ્તુ.
Consanguineous, *a.* એક લોહીનું.
Consanguinity, *n.* એક લોહી સંબંધ; એક લોહીની સગાઈ; સગપણ.
Conscience, *n.* સારૂં નરસું સમજવાની શક્તિ; વિવેક બુદ્ધિ; સુબુદ્ધિ; અંતઃકરણ; હૈયું; ધાનત; અંતર્જામી.
Conscientious, *a.* ઇમાન—દાનતદાર; પ્રમાણિક; નેક; સાચી નિષ્ઠાવાળું.
Conscientiousness, *n.* ઇમાનદારી; ધાનતદારી; સાચી નિષ્ઠા.
Conscious, *a.* સાવધ; સચેત; હુશિયાર. 2 મનમાં જાણનાર—સમજનાર.
Consciously, *ad.* જાણી બુજીને.
Consciousness, *n.* શુદ્ધિ; ભાન; સાવધાની. 2 જ્ઞાન; જાણ; માહિતગારી.
Conscription, *n.* નોંધવું—નોંધ—ભરતી કરવી તે. 2 લઢાઈ કે વાહનમાં નોકરી કરવા લાયક ચોકસ ઉમરના માણસોની જબરીથી કરેલી નોંધ.
Consecrate, *v. t.* } ધરમ ખાતામાં
Consecration, *n.* } આપીદેવું—અર્પણ કરવું. 2 ઈજાવવું; સંસ્કાર—અભિષેક કરવો. 3 માન લાએક—પૂજ્ય કરવું; બુજરગાઈ આપવી.
Consecution, *n.* (In logic) સીદ્ધાંત માળા. 2 પરંપરા; અનુક્રમ.

Consecutive, *a.* એક પાછળ એક આવતું; અનુક્રમનું; લાગત.
Consent, *n.* હા; અનુમત. 2 મેળ;એકરાગ–તાલ. 3 *v. i.* હા પાડવી.
Consentaneity, *n.* પરસપર મેલાપ.
Consentient, *a.* રજામંદ;મતમાંમળતું.
Consequence, *n.* ફળ; હાંસલ; પરિણામ. 2 અનુમાન; તર્ક. 3 કાર્યકારણ સંબંધ. 4 અગત; ઉપયોગ; ગરજ; વજન. *In consequence of,* આ ઉપરથી;એને લીધે. *Of consequence,* વજનદાર;અગત્યનું-ધરાવતું.
Consequent, *a.* પરિણામ દાખલ નિપજતું;કારણતરફથી–કાર્યરૂપે થયલું.
Consequential, *a.* દીમાખદાર; ડાળવાળું;મીજાજી. 2 See Consequent.
Consequently, *ad.* તેથી કરીને.
Conservancy, *n.* See Conserve. *Court of Conservancy* લંડનમાં, તેમસ નદી ઉપર માંછલા મારવાને જે જગ્યા બાંધીછે તેની સંભાળ રાખનાર સભા. *Board of Conservancy* શેહરની તંદરેસ્તીની સંભાલ રાખનાર સભા.
Conservant, *a.* બચાવ કરે એવું.
Conservatory, *n.* સડો નહીં લાગે એવી જગા; રક્ષણગૃહ.
Conservative, *n.* ચાલુ રીત ભાત–કાનુન–રૈયા–રેવાજ–રૂઢી જેમછે તેમજ રહે એવી ખાએશ રાખનાર.
Conserve, *n.* મુરબ્બો. 2 *v. t.* જાલવી રાખવું;સડો નહીં લાગવા દેવો. 3ખાંડપાકને રાખી મુકવું; મુરબ્બો કરવો.
Consider, *v. t.* મનન કરવું;વિચાર–અંદેશોકરવો.2લેખવવું;ગણવું;માનવું
Considerable, *a.* વિચારવા લાયક. 2 આબરૂ–લાયકી વાળું. 3 ઘણું;સારૂં; ઠીક; વ્યવહારિક; મધ્યમ.
Considerably, *ad.* બહુ જ્યાદત;ઘણું.
Considerate, *a.* વિચારવંત; ગંભીર.
Considerately, *ad.* વિચારથી;વિચારપુર્વક; જોઇ તપાસીને.
Consideration, *n.* પુખ્તવિચાર;મનન. 2 ખાતર; અગત; વજનદારી. 3 બદલામા આપેલો અવેજ–નાણું.
Consign, *v. t.* આડત મોકલવી.2સોંપવું; સપુરદ–હવાલે–હસ્તગત કરવું.
Consigner, } *n.* આડત ચઢાવનાર–
Consignor, } મોકલનાર.
Consignee, *n.* આડતીઓ.
Consignment, *n.* આડત. 2 વેચવા સાટવા મોકલેલો માલ. 3હવાલખત.
Consist, *v. i.* નભવું. 2 હોવું; થવું. 3 માફક–મળતું આવવું.
To consist of, બનેલું હોવું; બનવું.
Consistency, *n.* મીલાપ; માફક પણું; મેળ; તાળ; મુનાસિબત. 2 ઘટ્ટપણું.
Consistent, *a.* મિલાફી;મળતું;બેસતું; માફક. 2 ઘટ્ટ; નક્કર; કઠણ બાંધાનું.
Consistory, *n.* પાદરીઓની ધરમ સંબંધી મુકદમાં ચુકવવાની સભા.

Consolable, *a.* દિલાસાને લાયક; ગનીમત કરવાજોગ. [માધાન.

Consolation, *n.* દિલાસો; મનનું સ-

Consolatory, *a.* ગમવિસરાવનાર; દિલાસો દેનાર; દિલાસો આપે તેવું.

Console, *v. t.* મનનું સમાધાન કરવું; દિલાસો દેવો;મન વાળવું–મોટું કરવું.

Consolidant, *n.* See Consolidate. 2 જખમ રૂજ લાવે એવું ઔષધ.

Consolidate, *v. t.* ઘટ્ટ–કઠણ કરવું. 2 જોડી–એકઠુંકરી–મેળવી નાખવું. 3 *v. i.* કઠણ–ઘટ્ટ–નક્કર થવું.

Consoling, *a.* દિલાસો દે એવું.

Consols,*n.plu.* ઈંગલંડની સરકારની ત્રણ ટકાનાં વ્યાજનીલોન–નોટ.

Consonance, *n.* સ્વરમેલ; એકરાગ; હમઆવાજી. 2 મેલાપ; સાઈસતગી; મેળ.

Consonant, *n.* વ્યંજન. 2 *a.* માફક.

Consort, *n.* ભાગ્યો; ભાગ્યણ (મુખ્ય કરીને) ધણી ધણિઆણી.2 *v.i* સમાગમ–સહવાસ કરવો;સાથે મળવું.

Consortable, *a.* લાએક; યોગ્ય.

Conspicuous, *a.* ઉઘાડું; સ્પષ્ટ; ખુલું; જાહેર. 2 પ્રખ્યાત; નામીચું.

Conspicuousness, *n.* જાહેરી; ખુલાસ. 2 મ્હોટાપણું; નામદારી; નામના.

Conspiracy, *n.* સંપ; સાજસ; એકો; બદ કામ કરવા સારૂ એકઠા મળી વિચારકરવોતે; સંગનમત; મનસુબો.

Conspirator,*n.* તરકટ કરવાના મનસુબામાં સામેલ થનાર–મળતિયું.

Conspire, *v.i.* કંઈ ખરાબ કામ સારૂ એકઠા મળીને મનસુબો–મસલહત કરવી. 2 એક મત–એક સંપ–એક વિચારના થઈ કંઈ કરવું.

Constable, *n.* પોલિસ ખાતાંનો એક અમલદાર; કનસ્ટેબલ.

Constablery, *n.* કોનસ્ટેબલની ટોલકી અથવા તેમની સત્તાની હદ.

Constancy, *n.* મજબૂતી; કાયમપણું; સ્થિરતા. 2 મનનું દ્રઢપણું; આગ્રહ.

Constant,*a.* નિત્યનું; નિરંતરનું. 2 અચળ; સ્થિરમનનું. 3 સ્થિર; સ્થાયી.

Constantly,*ad.* જાયુક;હંમેશાં.2 સ્થિરપણે; ન ફરી જાય તેમ; આગ્રહથી.

Constellation,*n.* નક્ષત્ર. 2 ઉત્કૃષ્ટ–તેજસ્વી વસ્તુઓ–માણસોનો જમાવ.

Consternation, *n.* વિસ્મય–આશ્ચર્ય–ભયનો એકાએકનો જોસ્સો;ઘભરાટ; બેહબાકળાપણું; બાવરાપણું.

Constipation,*n.* કબજીઅત;બંધકોશ

Constituent, *n.* જે અવયવ–ભાગથી કોઈ આખી વસ્તુ થાયછે તે; આવશ્યક અંશ. 2 ઠેરવનાર; ગોઠવનાર; નેમણુક કરનાર. 3 *a.* કારણ–મૂળ–અવયવ હોય તેવું. 4 નેમવાની સત્તા ધરાવતું.

Constitute, *v.t.* નેમવું; સ્થાપવું; મુકરર કરવું. 2 કરવું; બનાવવું.

Constitution, *n.* બંધારણ; બાંધો; પ્રકૃતિ; તબિયત. 2 રાજ-મંડળીનાબંધારણનું ધોરણ. 3 કાનુન.

Constitutional, *a.* પ્રકૃતીનું; સ્વાભાવિક. 2 રાજ્ય વ્યવસ્થાવાળું.

Constrain, *v. t.* બળાત્કાર-જુલમ ચલાવવો; જબરદસ્તી કરવી. 2 અટકાવવું; કેદ-બંદ કરવું; દાબવું.

Constraint, *n.* જુલમ; જબરદસ્તિ; બળાત્કાર; જબરી. 2 અટકાવ; અંકોસ; બંધન; કેદ. [સાંપ.

Constrictor, *n.* અજગર જાતનો

Constringent, *a.* બંદેજ; સંકોચાવે તેવું.

Construct, *v. t.* બાંધવું; ઉભું કરવું. 2 યોજવું; રચવું.

Construction, *n.* બાંધણી; રચના. 2 વાક્ય રચના. 3 અર્થ; માયનો.

Constructure, *n.* ઇમારત; બાંધણી.

Construe, *v. t.* મતલબ સમજાવવી; અર્થ કાહડવો; ભાષાંતર કરવું; અર્થ-માયનો-કરવો.

Consul, *n.* રોમન લોકમાં રાજ્ય કારભાર જોનારો મુખ્ય ઉપરી. 2 વેપાર સંબંધી હક જાળવવાને પરદેશમાં નિમેલો કારભારી-એલચી-વકીલ.

Consular, *a.* Consul ને લગતું.

Consulate, *n.* Consul નોહોદ્દો-પદવી. 2 Consul નું રહેઠાણ અથવા હકુમત.

Consulship, *n.* Consul નો હોદ્દો-કારકીર્દી.

Consult, *v. t.* સલાહ-મસલત લેવી; વિચારપુછવો. 2 તજવીજ કરવી; જોવું. 3 નજર રાખીને કરવું. 4 *v. i.* મનસુબો કરવો.

Consultation, *n.* મસલત; મનસુબો. 2 મસલત-મનસુબો કરવાને થએલી બેઠક-મંડળી.

Consume, *v. t.* બાળી નાખવું; ખાઈ-વાપરી-ખપાવી દેવું. 2 ઉડાવી દેવું; બરબાદ-પાયમાલ કરવું.

Consummate, *a.* પુરૂં; સંપૂર્ણ. 2 *v. t.* પુરૂં-સંપૂર્ણ-પરિપૂર્ણ કરવું.

Consummation, *n.* સંપૂર્ણતા; છેડો.

Consumption, *n.* ખવાઈ-ઘસાઈ-વપરાઈ જવું તે. 2 ખરચ; નુકસાન; ખરાબી; નાશ. 3 ક્ષયરોગ; ખઈ.

Consumptive, *a.* હલાક કરે એવું; ઈજા-દુખ કરે એવું. 2 દમીએલ; ખઇનામરજ વાળું. [બંધ.

Contact, *n.* સ્પર્શ; પાસેનો-લગત સં-

Contagion, *n.* સ્પર્શ; અડકવું-લાગવું તે. 2 સ્પર્શ-અડકયાથી રોગ ઉડવો તે. 3 ઝેરી-નાશકારક પવન; મરકી. 4 ચેપ; ચેપી હવા. (રોગ-બદી).

Contagious, *a.* ઉડતું; ચેપી. 2 ઝેરી. 3 એકથી બીજું બગડે તેવું.

Contain, *v. t.* હોવું. 2 સમાવવું; મવાડવું. 3 *v. i.* જીવવશ રાખવો. 4 પવિત્ર-પાક-બગડયા વગરના રહેવું.

Containable, *a.* માવા-સમાવા જોગું.

Containing, *p. p. a.* ધરનાર; રાખતું.
Contaminate, *v. t.* મેલું-ગલીચ કરવું. 2 નાપાક-અપવિત્ર-ભ્રષ્ટ કરવું; અભડાવવું. 3 બટ્ટો-ડાઘ લગાડવો.
Contamination, *n.* બટ્ટો; ડાઘ; એબ. 2 વટાળ; આભડછેટ.
Contemn, *v. t.* તિરસ્કાર-ધિક્કાર કરવો; તુચ્છ-હલકું માનવું-ગણવું.
Contemplate, *v. t.* ધ્યાન લગાડીને જોવું-વિચારવું; ચારે પાસનો વિચાર કરીને જોવું 2 ધારવું; ધ્યાનમાં હોવું. 3 *v. i.* ચિંતન-મનન કરવું. [ચાર.
Contemplation, *n.* મનન; ચિંતન; વિ-
Contemplative, *a.* મનન કરનાર; ધ્યાન લગાડી વિચાર કરનાર; ધ્યાનનિષ્ઠ.
Contemporary, *n.* એકજ-તેને તેજ વખતે હોય તે; સમકાલભવમાણસ. 2 *a.* સમ કાલક; સમાન કાલક; સમકાલભવ.
Contempt, *n.* તિરસ્કાર; અવગણના.
Contemptible, *a.* અપમાન કરવા-ધિક્કારવા-તુચ્છમાનવાજોગ; અધમ.
Contemptuous, *a.* તિરસ્કાર કરનાર; નિંદક; દિમાખી; મગરૂર; અનાદરવાળું.
Contend, *v. i.* લડવું; તકરાર ઉઠાવવી; કજિયો કરવો; હાસાતોશી કરવી.
Content, *n.* સમાધાન; સંતોષ; તૃપ્તિ. 2. *a.* સંતોષી; રાજી; તૃપ્ત; સંતુષ્ટ. 3 *v.t.* મનનું સમાધાન-રાજી કરવું.
Contented, *a.* સંતુષ્ટ; તૃપ્ત; રાજી.
Contentment, *n.* સમાધાન; સંતોષ.
Contention, } *n.* કજિયો; ટંટો; ઘસા-
Contest, } ગસી; તકરાર; ઝઘડો.
Contestable, *a.* તકરારી; વાદ વિવાદ કરવા-તકરાર લેવા-ઉઠાવવા જોગ.
Contents, *n.* માંહે સમાવેલી-ભરેલી-અંદરની જિનસ-વિષય-બાબ. 2 અનુક્રમણિકા; સાંકળિયું.
Contest, *v. t.* બાથ-તકરાર લેવી. 2 ટક્કર લેવી-ઝીલવી.
Context, *n.* સંદર્ભ; આગળ પાછળનો સંબંધ. (વાક્ય-અર્થનો).
Contexture, *n.* કુમાસ; પોત.
Contiguity, *n.* લગત; નજદીકી; પડોસમાં હોવું તે. [ડેનું; પાસેનું.
Contiguous, *a.* લગતું; સરસું; જો-
Continence, *n.* ઈંદ્રિયોને-મનના વિકારને-કામને વસ રાખવો તે.
Continent, *n.* મહાદ્વીપ; ખંડ. 2 *a.* મનોવિકારને કબજામાં રાખનાર. 3 કામજીત. [ગતું.
Continental, *a.* ખંડ-મ્હાદ્વીપને લ-
Contingency, *n.* See Accident.
Contingent, *a.* એકાએક-અણચિંતું આવી પડેલું; ભવિષ્યના આધારે રહેલું. 2 *n.* ભાગ; ફાળો; હિસ્સો.
Continual, *a.* નિરંતર; લાગટ; હમેશાનું; એકસરખું. 2 વારે ઘડીએ-વારંવાર થએલું.

Continually, *ad.* જાથુક; નિરંતર; હમેશા; હરઘડી; વારંવાર.

Continuance, *n.* જારી રહેવું; ટકવું-નભવું તે; ટકાવ; નભાવ.

Continuation, *n.* ચાલુ-જારી રહેવું તે. 2 વધારો; પુરવણી; સાંધણ.

Continue, *v. t.* વધારવું; ચાલુ રાખવું; સાંધણ કર્યાં કરવું; લંબાવવું. 2 *v. i.* ટકવું; જારી-કાયમ રેહેવું.

Continuity, *n.* એક સરખું ચાલુ રેહેવું તે; અખંડપણું; સલંગપણું.

Contort, *v. t.* વળદેવો; પીળવું; મરડવું; અમરેતી દેવું; આમલવું. [વળ.

Contortion, *n.* મરડવું-આમલવું તે;

Contour, *n.* રૂપરેખા; ફરતી હદ દેખાડનારી રેખા.

Contra, See Against.

Contraband, *n.* સરકારે મના કરેલો ધંધો-વેપાર. 2 *a.* બંધી-મનાઈવાલું.

Contract, *n.* સાટું; કબાલો; કરાર; બોલી. 2 કરારપત્ર; કરારનામું; 3 *v. t.* સંકોચવું; ટુંકુ કરવું. 4 કરચલી વાલવી; ચઢાવવું (ભવાં) 5 કરવું (કરજ). 6 પાડવું (ટેવ) 7 અદરાવવું; સગાઈ કરવી. 8 *v. i.* સંકોચાવું; કરચલીવાળું થવું. 9 ઇજારો-મક્તો લેવો.

Contraction, *n.* ખેંચી લેવું; સંકોચ; આકુંચન. 2 સંક્ષેપ.

Deify, *v. t.* ઇશ્વર કરવો-માનવો.

Deign, *v. i.* & *v. t.* મેહરબાન થવું; પ્રસન્ન થવું; અનુગ્રહ-કૃપા કરવી.

Deism, *n.* એક ખુદાજ માત્ર છે, ધરમ કોઇ છેજ નહીં એવું મત અથવા માનવું,-આકીન;કેવલેશ્વરવાદ

Deist, *n.* કેવલેશ્વરવાદી; વગર ધરમ માનવે ફક્ત એક ખોદાનેજ માનનાર

Deity, *n.* પરમેશ્વરપણું. 2 પરમેશ્વર.

Deject, *v. t.* દિલગીર-ખિન્ન કરવું.

Dejected, *a.* ખિન્ન; ઉદાસ; ગમગીન.

Dejection, *n.* ખિન્નતા; ઉદાસી; રંજ.

Delay, *v. i.* & *v. t.* વિલંબ કરવો; વાર લગાડવી. 2 ઢીલ કરવું;ખાળવું. 3 *n.* વિલંબ; ઢીલ. 4 અટકાવ; ખોળંબો; ખાળો; રોકાણ.

Delectable, *a.* મજાહાદાર; દિલપસંદ.

Delegate, *v. t.* વકીલ કરીને મોકલવું; નેમવું. 2 સ્વાધીન-હવાલે કરવું; સોંપવું. 3 *n.* વકીલ; મુનીમ.

Deleterious, *a.* ઝેહેરી; પ્રાણ લે એવું.

Deliberate, *v. i.* & *v. t.* વિચારવું; અંદેશો કરવો; તોલ-વજન કરવું. 2 *a.* વિચાર પુર્વક-વિચાર કરીને કીધેલું. 3 વિચારવંત; ધીરૂં.

Deliberately, *ad.* જાણી બુજીને.

Deliberation, *n* વિચાર; ધોર; મનસુબો.

Deliberative, *a.* વિચાર કરવા જોગ. 2 વિચારકરવાનોઅધિકારધરાવતું.

Delicacy, *n.* નાજુકી; કોમળતા. 2 લહજત; રસ; સ્વાદ. 3 ખુબસુરતી; નાજુકી. 4 બારીકી; ચોકસાઇ (નકશા -ચિત્રની). 5 તાજીમ; મુરવત. 6 બારીકી; પતલાઇ (દોરાની.)

Delicate, *a.* નાજુક; કાચલું. 2 સોહામણું. 3 સુથરૂં. 4 મધુર. 5 ઝીણું. 6 નરમ; સુવાળું. 7 વિવેક વાળું.

Delicious, *a.* મજેહદાર; મિષ્ટરુચિક.

Deliciousness, *n.* સ્વાદ; મજેહદારી.

Delight, *n.* ખુસી; આનંદ; સંતોષ; મઝે; હર્ષ 2 *v.t.* ખુશી કરવું. 3 *v i.* (in) રાજી થવું; હર્ષ-આનંદ પામવો.

Delighted *a.* ખુશ; મધન.

Delightful, *a.* રમણીક; હર્ષ-આનંદ પમાડનાર.

Delightsome, *a.* ખુશાનુમાં; દિલપસંદ; રમણીય.

Delineate, *v. t.* નકશો બનાવવો; ડોળિયું કરવું. 2 બયાન-વર્ણન કરવું. 3 ચિત્ર પાડવું.

Delineation, *n.* બયાન; નિરૂપણ; વર્ણન. 2 આકાર; નકશો. [નાહ.
Delinquency, *n.* અપરાધ; તકસીર; ગુ-
Delinquent, *a.* or *n.* ગુનાહગાર; તકસીરવાર; અપરાધી; કસુર કરનાર.
Deliquesce, *v. i.* પસરવું; ઓગળવું.
Deliquescent, *a.* પસરે એવું.
Delirious, *a.* બકવા-લવારા પર ચડેલું; પવનની અસારવાળું.
Delirium, *n.* સનેપાત; બેહોશી.
Deliver, *v. t.* હવાલે-સપુરદ કરવું; સોંપવું. 2 છોડવવું; બંધમાંથી ખલાસ કરવું. 3 છુટકારો કરવો. 4 બચાવવું; તારવું. 5 જણાવવું; પ્રસવ કરાવવો. 6 કહેવું; જણાવવું.
Deliverance, *n.* આજાદી; છુટકારો. 2 બચાવ; તારણ; ઉદ્ધાર.
Delivery, *n.* છુટકો. 2 ભાષણ કરવાની સેહેલાઇ-પદ્ધત. 3 હવાલે કરવું તે. 4 જણવું-જન્મ આપવો તે; પ્રસવ. [છુટકારો કરનાર.
Deliverer, *n.* બચાવનાર; તારનાર;
Dell, *n.* ગાર; કોહ; બો; ખીણ.
Delta, *n.* ગ્રીક ભાષાનો ડ અક્ષર-જેની A આવી ત્રણ ખુણાની નીશાની હોયછે. 2 નદીનાં મુખ આગળ તુરતની નવી થએલી જમીન.
Delude, *v. i.* ભોળવવું; ગુમરાહકરવું.
Deluge, *n.* જલ પ્રલય; મ્હોટી રેલ; નુહુના વખતમાં થયલું તુફાન.
2 *v. t.* ગરક કરવું; ડુબાવવું. 3 ફરી વળવું; ઉતરી પડવું, (લુટારૂ).
Delusion, *n.* મનની ઠગાઇ; ખ્યાલ; ફરેબ. 2 માયા; મોહ. [2 મોહક.
Delusive, *a.* ફરેબગાર; ફસાવનારૂં.
Delve, *v. t.* ખોદવું; ખણવું. 2 થાગ-ઠેકાણે લગાડવું; દરીયાફતકરવું; અક્કલથી કોઇ બાબદનું મુળ શોધવું.
Demagogue, *n.* ફિતુરી લોકોનો આગેવાન; લોકને પોતાની તરફ રાખવાને જે મ્હોટ મ્હોટાં ભાષણો કરતો હોય તે.
Demand, *v. t.* હક્ક-સત્તાથી માગવું -પુછવું; માંગણી કરવી. 2 *n.* હક્કવાજબી માગણી-દાવો. 3 લેણું; લેહેણું. 4 માંગેલું મુલ. 5 તલબ; ખપ.
Demarcation, *n.* હદ; મર્યાદા.
Demean, *v. t.* તાજીમ તવાજુથી ચાલવું; આચરવું; વરતવું.
Demeanor, *n.* વર્તણુક; ચાલ; ઢંગ.
Demerit, *n.* દોષ; અપજસ; ખતા; પાપ.
Demi, લાટીન ઉપસર્ગ જેનો અર્થ અરધું-નિમ એવો થાયછે.
Demi-god, *n.* ઉપદેવ; અર્ધદેવ. (ખુદાના ગુણ ધરાવતું માણસ; અરધો ઇશ્વર.) [રાવતું
Demi-official, *a.* અરધી સત્તા ધ-
Demise, *n.* મરણ; મૃત્યુ. 2 *v. t.* કોલનામા-પટા-ઇજારાથી કોઇ મિલકતનો કોઇને અખતિયાર આપવો.

Democracy, *n.* લોકસત્તાનું રાજ્ય; પ્રજાસત્તાક રાજ્ય.

Democrat, *n.* લોક સત્તાનાં રાજ્યનો પક્ષપાતી; લોકસત્તા રાજ્યનો અખ્તિયાર વધેલો જોવાને ચાહનાર.

Democratical, *a.* લોકપ્રીય; લોક વાહાલું; લોકસત્તા રાજ્ય સંબંધી.

Demolish, *v. t.* જમીનદોસ્ત કરવું; ભાંગીતોડીને જમીન બરોબર કરવું.

Demolition, *n.* ભાંગીને જમીન બરોબર સપાટ કરવુંતે;પાયામાલી;નાશ.

Demon, *n.* ભુત; દૈત્ય; અસુર.

Demoniac, } *a.*ભુતભરાયલું—આવેલું.
Demonical, } રાખ્શેતાનીઅતવાળું.

Demonstrate, *v. t.* કંઈજ શક અથવા ગુમાન નહીં રહે એવી રીતે સાબિત કરી આપવું. [દ્ધાંતિત.

Demonstrated, *pp.* સિદ્ધ કીધેલું; સિ-

Demonstration, *n.* દલીલ; સાબેતી; સિદ્ધાંત. 2 લડાઈની તૈયારી; ચઢાઈ.

Demonstrative, *n.* સિદ્ધ—સાબેત કરતું. 2 ખુલ્લી રીતે દેખડાવતું.

Demoralization, *n.* નીતિગુણખંડણ; નીતિગુણતત્વોની ખરાબી.

Demoralize, *v. t.* બગાડવું; નીતિગુણ તોડવા—ભાંજવા.

Demur, *v. i.* અટકવું; અચકાવું; આનાકાની કરવી. 2 *n.* મુકરદમો આગળ ચલાવતાં કરેલો અટકાવ.

Demure, *a.* શરમસાર; ગંભીર; નીચી નજરનું; બકરીમાની; ગૌમુખું.

Demurrage, *n.* કોઈ વાહણને ઉપડવા સારૂ નેમેલા વખ્ત ઉપરાંત ખોટી કરવાથી ખોટી કરનાર ધણીને ભરવો પડતો દંડ; ખુંટો.

Demurrer, *n.* અટકાવ કરનારૂ; ઈનસાફમાં આગળ વધતાં અટકાવાનો કોઈ સબબ; ડીમરરર.

Demy, *n.* છાપવાનું ડીમી કાગજ.

Den, *n.* કોતર; ગુફા. 2 ઘર; રહેઠાણ.

Deniable, *a.* ઈનકાર કરી શકાય—નામુકર જઈ શકાએ એવું.

Denial, *n.* નામુકર જવું તે; ઈનકાર; નકાર. *Self denial,* મન મારવું તે.

Denizen, *n.* પરદેશી; વસ્તિ કરનારૂં.

Denominate, *v.t.* નામ રાખવું—પાડવું.

Denomination, *n.* નામ પાડવું તે; નામ કરણ. 2 વર્ગ; ભાગ; પંથ. 3 નામ; લકબ; સંજ્ઞા.

Denominator, *n.* છેદ(અપુર્ણાંકમાં).

Denote, *v. t.* નિશાનથી દેખડાવવું; ઈસારાથી સુચના કરવી.

Denounce, } *v.t.* ધમકીદઈનેકેહેવું.
Denunciate, } 2 બદનામી—તોહોમત મુકવું.

Denouncement, *n.* અભિશાપ;ધમકી.

Dense, *a.* ઘટ્ટ; જાડું; ઘાડું. 2 નક્કર; સંગીન. 3ગિરચ;ભરાએલું(જંગલ.)

Density, *n.* જાડાઈ; ઘટ્ટપણું; ભારીપણું. 2 સંગીની; દલ; ઘનત્વ.

Dent, *n.* કાપેલો દાંતો.
Dental, *a.* દાંતનું-સંબંધી; દંતી; દંત્ય.
Dentifrice, *n.* મંજણ; દંત ચુર્ણ.
Dentist, *n.* દંતવૈદ્ય; દાંતનો ડાકટર.
Dentition, *n.* દાંત ફુટવાનો વખત. 2 દાંત ફુટવા-ના પારા ચિરવા તે.
Denude, *v.t* ઉઘાડું-નાગું-ખુલ્લું કરવું.
Denunciation, *n.* ધુવાહી સાથની ધમકી; તોહમત; આરોપ.
Deny, *v. t.* નામુકર જવું. 2 નાપાડવું-કહેવું; નાકબુલ-નામંજુર રાખવું
Deodorise, *v. t.* વાસ-ગંધ બેસાડી -ઉડાવી દેવી.
Depart, *v. i.* જવું; સિધારવું; વિદાએ-રવાના થવું. 2 જતું રહેવું; નાશ પામવું. 3 મરવું; મરણ પામવું.
Department, *n.* ભાગ; મહાલ. 2 ખાતું. 3 વિષય; પ્રકરણ. [તરફનું.
Departmental, *a.* ખાતાને લગતું-
Departure, *n.* નિકળવું; રવાનગી; કુચ. 2 મરણ; મોત.
Depend, *v. i.* લટકવું; ઝુલવું. 2 આશ્રો-આધાર રાખવો. 3 ભરૂશે રેહેવું; વિશ્વાસ રાખવો.
Dependence, *n.* ઝુલન; લટકણ. 2 આધાર; આશ્રો; આધીનતા. 3 ભરૂશો; વિશ્વાસ. 4 તાબેદારી. [ત-ઇલાકો.
Dependency, *n.* તાબાતળેનો મુલુક-પ્રાં-
Dependent, *a.*
Dependent, *n.* } ઝુલતું; લટકતું. 2 આશ્રિત; તાબેદાર. 3 ભરૂસો રાખી રેહેનાર.
Depending, *a.* લટકતું; ઝુલતું. 2 આધાર-વિશ્વાસ-આશરો રાખતું. 3 વગર નિશ્ચયનું; નક્કી ન કરેલું. 4 વગર ચુકાદો થવે પડી-મુલતવી રહેલું.
Depict, *v. t.* પાડવું; ચિતારવું; તસ્વીર ખેંચવી. 2 બયાન કરવું; વર્ણન કરવું.
Depilation, *n.* બાલ ટુંપણ. [જોગ.
Deplorable, *a.* રડવા-અફસોસ કરવા
Deplore, *v.t.* ખેદ-શોક કરવો; રડવું.
Deponent, *n.* સોગન લઇને સાક્ષી -જબાની આપનાર. [કરવું.
Depopulate, *v.t.* ઉજડ-વેરાન-જંગલ
Depopulated, *a.* ઉજડ; વેરાન.
Depopulation, *n.* વસ્તિની વેરાની.
Deport, *v.t.* વર્તવું; ચાલવું; આચરવું. 2 દેશ નિકાલ-પાર કરવું.
Deportment, *n.* ચાલ ચલણ; વર્તણુક; આચરણ.
Depose, *v. t.* & *v. i.* રાજપદભ્રષ્ટ કરવું; ગાદી ઉપરથી ઉઠાડી મેલવું. 2 અધિકારભ્રષ્ટકરવું. 3 સાક્ષી-ગોવાહી આપવી;-(in writing) જબાની લખી આપવી.
Deposit, *v. t.* અનામત રાખવું-મુકવું. 2 ભરી રાખવું. 3 મુકવું. (જેમ પક્ષી ઈંડાં મુકેછે) 4 *n.* કરો; રગડો. 5 અનામત મુકેલું જે કંઇ તે-નાણા વગેરે.
Depositary, *n.* જેના સ્વાધીનમાં કોઇ માલ રાખવાને આપ્યો હોય તે સખ્સ; રખેવાલ; જિમ્મેદાર.

Deposition, *n.* લખી આપેલી સાક્ષી-જુબાની-એકરાર. 2 રાજપદભંગ. 3 સ્થાન-અધિકાર ભંગ.

Depository, } *n.* કોઠી; વખાર; અમાનતગાહ; ભંડાર.
Depot, }

Depravity, *n.* બિગાડ; બદી; અપવિત્રપણું. [કરવું; બિગાડવું.

Deprave, *v. t.* બદ-દુષ્ટ-ભ્રષ્ટ-ખરાબ

Depraved, *a.* દુષ્ટ; બદજાત; પાપી.

Deprecate, *v.t.* કંઈપણ માઠું થવાની વકી હોય તેવિશે દિલગીરી બતલાવવી, અથવા તે નહી બને, એવી ઇચ્છા કરવી અથવા માંગવું-ચાહવું.

Depreciate, *v. t.* દર-ભાવ-મુલ ઓછું કરવું-ઉતારવું. 2 હલકું લગાડવું-પાડવું; વખોડવું. 3 *v.i.* ભાવ-કિમ્મત-મુલમાં પડવું; કિંમત ઘટવી. (જેમ કે હુંડી અથવા મિલકત.)

Depredation, *n.* લુટ. 2 નુકસાની; ખરાબી; ધુળધાણી.

Depredator, *n.* લુટારૂ; પિંડારો.

Depress, *v. t.* દાબવું; એઠલ-નીચું કરવું; નમાવવું. 2 ખિન્ન-ઉદાસ-દિલગીર કરવું. 3 નરમ-નમ્ર કરવું; ઉતારવું; ભાંગવું. 4 સુસ્ત-નબલું કરવું-પાડવું.

Depressed, *pp.* or *a.* સરગરદાન; ઓઆર; ઉદાસ; સુસ્ત; દબાએલું; નમ્ર.

Depression, *n.* નીચું પાડવું; દાબવું. 2 ગોબો; ખાડો. 3 ઉદાસપણું; ઉદાસી. 4 નબલાઈ; નાકુવતી. [નુકસાન.

Deprivation, *n.* લેઈ લેવું તે. 2 હાનિ;

Deprive, *v.t.* છિનવી લેવું; લઈ મુકવું.

Depth, *n.* ઊંડાણ; ઊંડાઈ. 2 ગંભીરતા. 3 અધવચ; મધ્ય; ભર. 4 બારીકી; ગુઢતા; નહીં કયાસ કરી શકાય એવો ગુણ. 5 પોહોળાઈ; ઓસાર.

Deputation, *n.* વકીલદાખલ મોકલેલું અથવા ગયલાં માણસો; મુખ્તાર.

Depute, *v. t.* વકીલ ઠરાવીને કોઈને મોકલવું. [પ્રતિનિધિ.

Deputy, *n.* નાયબ. 2 મુનીમ; ગુમાસ્તો;

Derange, *v. t.* ગોંધલ કરી નાખવું. 2 બુદ્ધિભ્રંશ-મગજનો બિગાડો કરવો.

Derangement, *n.* ધાલમેલ. 2 બુદ્ધિભ્રંશ

Dereliction, *n.* છોડી દેવું તે; ત્યાગ.

Deride, *v. t.* હસી કાહાડવું-નાખવું; મશ્કરી-હસીકરવી. [ઠઠ્ઠા-મશ્કરી.

Derision, *n.* ઉપહાસ; ધિક્કાર ભરેલી

Derivation, *n.* મૂળવ્યુત્પત્તિ (of a word) શબ્દોત્પત્તિ.

Derivative, *a.* નિકળેલું; બિજાની ઉપરથી ઉતરેલું. 2 *n.* દંત; સાધિતશબ્દ.

Derive, *v.t.* હાંસલ કરવું; મલવું; ઉપજાવવું. 2 વ્યુત્પત્તિ કરવી; મુળ કાહાડવું.

Derived, *pp* નિકળેલું; ઉતરેલું; વ્યુત્પન્ન.

Derogate, *v.i.* હલકું પાડવું-લગાડવું; માનહાનિ કરવી. [લગાડે એવું.

Derogatory, *a.* હલકું પાડે-નરસું

Dervis, } *n.* દરવેશ; ફકીર. (આ શબ્દ ફારસી છે.)
Dervise, }

Descant, *v. i.* રાગની ઢપમાં બોલવું; ગાવું. 2 ટીકા કરવી. See Comment.
Descend, *v. i.* ઉતરવું; નીચે જવું-આવવું-પડવું. 2 તુટી પડવું. 3 અવતરવું; ઉતરવું, (વંશ-ઓલાદ)
Descendant, *n.* વંશી; વંશજ; નસલ.
Descended, *pp.* ઉતરેલું; ઉતરતું આવેલું.
Descending, *pp.* or *a.* ઉતરતુ; ઢળતું.
Descent, *n.* ઉતરવું તે. 2 ઢળાવ; ઉતરણ. 3 પેહેડી; ઓલાદ. 4 હલ્લો; હુમલો.
Describe, *v. t.* વર્ણન-નિરૂપણ કરવું. 2 આંકવું; રેખવું; દોરવું; પાડવું.
Description, *n.* વર્ણન; બયાન. 2 ગુણ; જાત; તરાહ; પ્રકાર.
Descriptive, *a.* વર્ણનરૂપ; બયાનસાથનું.
Descry, *v. t.* શોધી કાહાડવું. 2 દુરથી-લાંબેથી જોવું.
Desecrate, *v. t.* વટલાવવું; ભ્રષ્ટ કરવું.
Desert, *a.* ઉજડ; વેરાન; સુનું. 2 નહીં ખેડાયલું. 3 *n.* જંગલ; વન; વગડો. 4 રાણ. 5 ગુણ; લાયકી. 6 *v. t.* છોડીદેવું; ત્યાગ કરવો. 7 *v. i.* રજાવના ચાકરી છોડી જતું રેહેવું.
Desertion, *n.* ચાકરી છોડીજતુંરહેવું તે; ત્યાગ; પરીત્યાગ; બેવફાઈ.
Deserter, *n.* રજાવના ચાકરી છોડી નાહાસી જનાર (લશ્કરમાંથી.)
Deserve, *v. t.* & *v. i.* યોગ્ય-લાયક-પાત્ર હોવું-થવું; ઘટવું; ઘટારત થવું.
Deservedly, *ad.* યથાયોગ્ય; યથાન્યાય; યથાયુક્ત; ઘટતીરીતે; ઘટારત પ્રમાણે.
Deserving, *a.* લાયક; ઘટારત; યોગ્ય.
Desiccate, *v. t.* or *v. i.* સુકવી નાંખવું; સુકાઈ જવું.
Desideratum, *n.* } **Desiderata**, *n. plu.* } જેની ગરજ પડે પણ જે મળી નહીં શકતું હોયતે; ખુટ; ખામી.
Design, *v. t.* યોજના-બેત-તજવીજ કરવી. 2 ઈરાદો-મનસુબો કરવો. 3 નકશો કાહાડવો; આલેખવું. 4 *n.* નકશો. 5 તદબીર; યુક્તિ. 6 ઇરાદો; બેત; મનસુબો; ઉદ્દેશ.
Designate, *v. t.* દેખડાવવું; ઓળખાવવું; નિર્દેશ કરવો. 2 નેમવું; નામ પાડવું; નેમણુક કરવી.
Designated, *pp.* દેખડાવેલું; બતલાવેલું. 2 ઓળખાવેલું. 3 નીમેલું.
Designation, *n.* નિશાન; અલામત; નિર્દેશ. 2 લક્ષણ. 3 યોજના; નેમણુક.
Designedly, *ad.* જાણીબુજીને-જોઈને
Designer, *n.* યોજના-રચના કરનારૂં. 2 કાવત્રાંખોર; તરકટ બાજ.
Designing, *a.* તરકટીઓ; કાવાબાજ.
Desirable, *a.* ઈચ્છવાજેગુ; અપેક્ષ્ય; દિલપસંદ; ઇષ્ટ; ચાહાવા લાયક.
Desire, *n.* આરજુ; આસ્થા; ઇચ્છા; ખાએશ. 2 અર્જ; દરખાસ્ત; ફરમાઈશ. 3 *v. t.* ઇચ્છવું; ખાએશ કરવી. 4 ફરમાવવું. 5 અરજ કરવી.
Desirous, *a.* ઇચ્છાતુર; ઉત્કંઠિત.

Desist, *v. i.* હાથ ઉઠાવવો; થોભવું.
Desistance, *n.* અટકાવ; થોભવું–હાથ ઉઠાવવા–ખસી બેસવું–હટી જવું તે.
Desk, *n.* મેજ; લખવાની ઢળતી ટેબલ. 2 પાદરીની બેઠક અથવા ઉભું રહેવાની જગો. 3 પાદરીનો પેશો.
Desolate, *a.* ઉજડ; વેરાન. 2 તારાજ; પાયમાલ. 3 એખલુંપડેલું. 4 *v.t.* વેરાન–પાયામાલ–ઉજડ કરવું.
Desolation, *n.* વેરાની; પાયામાલી; તારાજી. 2 વેરાન–ઉજડ જગ્યા.
Despair, *n.* નિરાશા; આશાભંગ; નાઉમેદી. 2 *v. i.* નિરાશ–નાઉમેદ થવું; આશા મુકવી–છોડવી.
Despatch, *v. t.* See Dispatch.
Desperado, *n.* જહનુની; મગજનો ફેરાવન; સાહાશી; મરણીઓ.
Desperate, *a.* નિરાશ. 2 જીવપર આવેલું. 3 નિરૂપાય; બેઈલાજ. [પાહોમ.
Desperately, *ad.* જીવપર આધીને;
Desperation, *n.* આશા છોડવી તે. 2 નિરાશાપણું.
Despicable, *a.* તુચ્છ; હલકું; ધિક્કાર કરવા જોગુ; અધમ. [રીતે.
Despicably, *ad.* નીચીરીતે; અધમ-
Despise, *v. t.* અનાદર–ધિક્કાર કરવો; હલકું–તુચ્છ માનવું. [છતાં.
Despite, *n.* અદાવત; કીનો. 2 *prep.*
Despiteful, *a.* કીનાખોર; કપટી; દાંત રાખનારૂં.
Despoil, *v.t.* લુટીલેવું. [મ્મતછોડવી.
Despond, *v.i.* નાઉમેદ–નિરાશથવું; હિ-
Despondency, *n.* નિરાશા; ઉદાસી; નાઉમેદી. [દિલતુટેલું; નિરાશ; ઉદાસ.
Despondent, *a.* ગમગીન; નાઉમેદ;
Despot, *n.* સ્વતંત્ર–મુખત્યાર રાજા. 2 જાલીમ–જુલમગાર રાજા.
Despotic, *a.* સ્વતંત્ર; મુખત્યાર કુલ. 2 જુલમગાર; જુલમી; નિરંકુશ.
Despotism, *n.* અનિર્બંધસત્તા; હદ વગરની મુખત્યારી. 2 જુલમી રાજ્ય.
Dessert, *n.* મુખવાસ; મોહોડું સમારવાને મેવા–મીઠાઈ; જમી રેહા પછી જે છેલાં ખાવાનું આવેછે તે.
Destination, *n.* પુર્વયોજના. 2 ઠેરવેલી જગા.
Destine, *v. t.* પુર્વયોજના કરવી; આગળથી ધારી મુકવું–નક્કી કરી રાખવું. 2 નહીં ફેરવી શકાય એવી રીતે કોઈ બાબદનો કુદરતથી ઠરાવ થવો.
Destined, *pp.* or *a.* નહી ફેરવાઈ શકાએ એવી રીતે મુકરર થયલું; પુર્વનીયુક્ત; નસીબે ચોહોટેલું; સરજેલું.
Destiny, *n.* નસીબ; તકદીર; સરજત.
Destitute, *a.* નિરાશ્રય; નિરાધાર; લાચાર. 2 રહિત; વગર; વિનાનું.
Destroy, *v. t.* નાશ–સંહાર કરવો; ભાંજી ફોડી પાયામાલ–ફનાહ કરવું.
Destruction, *n.* હાનિ; નાશ; પાયામાલી; ખરાબી; સંહાર; સત્યાનાશ.

Destructive, *a.* નાશક; ઘાતક; અ-વગુણકારી; ભંજક; નાશકારક.
Desultory, *a.* બેતાલ; જેમ તેમ; ધો-રણ-ધરપુછડાં વગરનું.
Detach, *v. t.* જુદું કરવું; છુટું પાડવું. 2 છુટું પાડીને મોકળવું. [રસાલો.
Detachment, *n.* ફોજની તુકડી-ટોલા-
Detail, *v. t.* તપશીલવાર કેહેવું-જ-ણાવવું. 2 *n.* તપશીલ; વિગત.
Detain, *v. t.* અટકાવી રાખવું. 2 રોકવું; ઓઠી કરવું. 3 કબજા-હવાલામાં રાખવું. [લગાડવો.
Detect, *v. t.* શોધી કહાડવું; પતો
Detection, *n.* પત્તો; ભાળ; શોધ.
Detention, *n.* અટકાવ; ઓળંબો; રો-કાણ; ખાળો. 2 નજરકેદ; કેદ.
Deter, *v. t.* ભયથી નાહિમ્મત કરવું; બીક દેખાડીને પાછું હટાવવું; ખાળવું.
Deteriorate, *v. t.* બગાડવું; ઉતરતું-હલકું કરવું. 2 *v. i.* બગડવું; ઉતરવું.
Deterioration, *n.* બગડવું-બગડેલા હોવું તે; ઉતરતોપાયો-ગુણ; અપકર્ષ.
Determinate, *a.* ખચીત; નક્કી; તહ-કીક; નિર્ણાયક.
Determination, *n.* ઠરાવ; નિશ્ચય; નિર્ણય; નિગ્રહ. 2 નિવેડો; ફૈસલો. 3 વળણ. 4 આગ્રહ. 5 જોરાથી થએલો જમાવ(મગજમાંલોહીનો).
Determine, *v. t.* & *v. i.* ઠરાવ-નિર્ણય-નિશ્ચય કરવો. 2 નિવેડો-ફૈસલોકરવો. 3 મર્યાદા કરવી; હદ બાંધવી.
Determined, *pp.* મુસ્તકીમ; મ-ખમ; મજબુત; નિશ્ચિત.
Deterred, *pp.* ભયથી બીહીને ના-હીમત થયલું-અટકેલું.
Detest, *v. t.* See Abhor, Hate.
Detestable, *a.* ગલીચ; કંટાળો-ત્રાસ ઉપજવા લાયક; ધિક્કારવા જોગ.
Detestation, *n.* કરાહીઅત; ધિક્કાર.
Dethrone, *v. t.* રાજપદ ભ્રષ્ટ કરવું. તખ્ત-ગાદી ઉપરથી ઉઠાડી મેલવું.
Detonate *v. t.* કડાકોથવો; ભડાકોથઈફુ-ટવું; એકદમ અવાજકરીસળગીઉઠવું.
Detort, *v. t.* વળ દેવો; ફેરવી નાખવું; અસલ અર્થથી ઉલટાવવું.
Detour, *n.* ચકર; ફેરો; કાવો.
Detract, *v. t.* વખોડવું; હલકું લગા-ડવું-પાડવું; માનહાનિ કરવી; ઓછું કરવું; ઘટાડવું.
Detraction, *n.* નિંદા; બદનામી; માન-હાનિ; પાણઉતારો; માનાપકર્ષ.
Detriment, *n.* તોટો; નુકસાન; હાનિ; જિયાન; ખલલ; ધોકો.
Detrimental, *a.* હાનિ-નુકસાન પો-હોંચાડે-કરે એવું; અપકારી.
Deuce, *n.* દુરી; બે રેઆં. 2 શએતાન.
Devastate, *v. t.* ધુળધાણી કરવી; તારાજ-પાયમાલ-વેરાન કરવું.
Devastation, *n.* પાયમાલી; ધુલ-ધાણી; ખરાબી. [ઉકેલવું.
Develop, *v. t.* ખુલવું; ખુલ્લું કરવું;

Development, *n.* સ્પષ્ટતા; પ્રકાશ.
Deviate, *v. i.* } આડું ફાટવું; આડે-
Deviation, *n.* } માર્ગે જવું. 2ભમવું.
Device, *n.* યુક્તિ; ઉપાય; તદબીર; હિ-
કમત. 2 અલામત; નિશાન; નકશી.
Devil, *n.* શેતાન; ઈબ્લીસ; આહરે-
મન. 2 ભૂત; જીન; ખવીસ.
3ચંડાલ—પાપી માણસ.
Printer's devil, છાપાખાનામાંનો
ચીઠી પત્રી લઈ જનાર લાવનાર
પોર્યો—છોકરો.
To play the devil with, કોઈને ઘણું-
જ સતાવવું; કોઈની ખરાબી કરવી.
Devilish, *a.* શેતાનીઅત ભરેલું; શ-
એતાની; અતિદુષ્ટ; માહાપાપનું.
Devious, *a.* આડું અવળું. 2 આડે-
માર્ગે જતું; ગેરરસ્તે ચાલતું; ગુમરાહ.
Devisable, *a.* કલ્પના—યોજના કરી
શકાય એવું. 2 વારસામાં આપી
શકાએ એવું.
Devise, *v.t.* See Contrive, Invent.
2વારસામાં સ્થાવર મિલકત આપવી.
Devoid, *a.* ખાલી; રહિત; વિનાનું; શુન્ય.
Devoirs, *n.* સલામ; સેજદો; નમસ્કાર.
Devolve, *v. t.* એકના હાથમાંથી કાંઈ
કામ લેઈ બિજાના હાથમાં આપવું—
માથે નાખવું; સોપવું. 2 *v. i.* મળવું;
માથે આવી પડવું; ઉતરવું; આવવું.
Devote, *v. t.* કુરબાન—નિયાંજ—ફિદા
કરવું; અર્પણ કરવું; સમર્પવું. 2 મ-
શગુલ—મચ્યા રહેવું.
Devoted, *pp.* કોઈ પવિત્ર કારણ સારુ અ-
ર્પણ કરી દીધેલું. 2*a.* ફીદા; તત્પર; પરાયણ.
Devotee, *n.* જોગી. 2 ભગત; ભક્ત.
Devotion, *n.* અર્પણ. 2 એકનિષ્ટા.
3 ભક્તિભાવ. 4 ઈબાદત; ભજન.
Devour, *v.t.* ખાઈ જવું; ગટ કરી જવું.
Devout, *a* ભક્ત; પરેજગાર; દિનદાર.
2 ધાર્મિકપણાનું. 3 અંતઃકરણનું.
Devoutly, *ad.* ભક્તિભાવથી. 2ખરાં-
દિલથી; દિનદારીથી; દિલોજાનથી.
Devoutness, *n.* ઈશ્વરનિષ્ઠા; પરમા-
ર્થબુદ્ધિ.
Dew, *n.* દવ; ઓસ; ઠાર; ઝાકળ.
Dew-drop, *n.* દવનું ટીપું.
Dew-lap, *n.* ગબગબ; ગાય—ગોધાના
ટોટા આગળ જે લબડતું માંસ
હોયછે તે.
Dew-point, *n.* (થરમાંમીટર) એટલે
શીતોષ્ણ માપકયંત્રમાં માંડેલું બીંદુ,
જે ઠેકાણે જ્યારે પારો ઉતરેછે ત્યારે
દવનું બંધાવું થાયછે તે બીંદુ; દવ
બંધાયછે તે બીંદુ, નિશાન.
Dewy, *a.* દવનું. 2 દવથી ભિંજાએલું
—હવાએલું. [ઝડફ; ચાલાકી.
Dexterity, *n.* હાતોટી; હસ્તકૌશલ્ય;
Dexterous, *a.* ચાલાક; ચતુર; હોશીઆર
Dey, *n.* "તુરકી" લોકનો હાકમ.
Diabetes, *n.* "દિયાબીતીસ" નામનો
એક રોગ જેથી પિસાબ અતિઘણી
છુટેછે અને તેમાં મિઠાસ અથવા

સાકરનો ગુણ ઉત્પન્ન થએલો હોય-
છે; મુત્રાતિસાર; મિઠો પરમો.
Diabolic, } *a.* શએતાની; માહા-
Diabolical, } પાતકી; અતિદુષ્ટ.
Diacritical, } *a.* ભેદસુચક–દર્શક; જો-
Diacritic, } જાનું અથવા છુટું
*D*iadem, *n.* મુગટ; તાજ. [પાડનું.
Diagnosis, *n.* રોગલક્ષણ પિછાન-
વાની શક્તિ; રોગની પરિક્ષા.
Diagonal, *n.* કર્ણરેખા–લીટી; કર્ણ.
Diagram, *n.* આકૃતિ; નકસો; આકાર.
Dial, *n.* શંકુયંત્ર; સુર્યના છાયાથી વ-
ખત જોવાનું યંત્ર; ચંદો. [કુતત.
Dial-plate, *n.* ઘડીયાલની તકિત; શં-
Dialect, *n.* જબાન; બોલી; ભાષા; ભેદ.
Dialectics, *n.* ન્યાયશાસ્ત્ર; તર્કવિધ્યા.
Dialogue, *n.* સંવાદ; પ્રશ્નોતર; સવાલ જ-
Diameter, *n.* વ્યાસ; વ્યાસરેખા. [વાબ.
Diametrical, *a.* વ્યાસરૂપ. 2 બરોબર;
ખરેખરૂં; આબાદ; પાધરૂં.
Diamond, *n.* હિરો; વજ; અલમાસ.
2 રમવાનાં પાનામાંનો એક રંગ;
ડાએમંડ.
*D*iaphoretic, *a.* પસીનો પેદા કરેએવું.
2 *n.* પસીનો ઉત્પન્ન કરે એવી દવા.
Diaphragm, *n.* (*Anat*) પેટમાંનો પ-
રદો. 2 દુરબીન અને તેવી જાતનાં
યંત્રોમાં મુકેલો પરદો. [ગ્રહણી.
Diarrhœa, *n.* અતિસાર હગામણ; સ-
Diary, *n.* રોજનામું; રોજની યાદી લ-
ખવાની ચોપડી.

20

Diatribe, *n.* ટાહેલું. 2 કુથલી.
Dice, *n. plu.* પાસા. 2 પાસાથી ર-
માતી એક તરાહાની રમત.
Dicotyledon, *n.* બેફાડીબીજવાળું ઝાડ.
Dicotyledonous, *a.* બેફાડી બીજવાલું.
Dictate, *v. t.* હુકુમ કરવો; ફરમાવવું.
2 કહી–બોલીને લખાવવું. 3 *n.* હુ-
કુમ; ફરમાન. [ખાવવું તે.
Dictation, *n.* હુકુમ કરવો તે. 2 લ-
Dictator, *n.* મુખત્યારઅધિકારી; એ-
કાધીપતી; અપ્રતિબંધાધિકારી.
*D*ictatorial, *a.* કુલ; સત્તાચલાવનારૂં;
પોતાનો બોલ ઉપર કરનારૂં; દિમાગ
ભરેલું.
Diction, *n.* ભાષાની ઢપ–લઢણ–રૂઢી.
Dictionary, *n.* કોશ; ફરહંગ; ડીક્ષનરી.
Dictum, *n.* સત્તા ભરેલું બોલેલું અ-
Did, *pret.* of Do. [થવા કહેલું.
Didactic, *a.* ઉપદેશરૂપ; બોધાત્મક.
Die, *v. i.* મરવું; ગુજરવું. 2 શમવું.
3 નાશ પામવું. 4 ધીમુથવું; ઉતરી
–પડી જવું (અવાજ). 5 *n.* પાસો.
6 છાપો; ઠસ્સો; મુદ્રા.
Diet, *n.* ખાનું; ખોરાક. 2 પથ; પરેજી;
કરી. 3 રાજસભા. [રો–નીમ.
Dietary, *n.* ખાનપાનને લગતો ધા-
Dieu et mon droit, આ એલકાબ ઈં-
ગ્રેજી પાદશાહી તાજ ઉપર બિરાજેછે
જેનો અર્થ એવો થાયછે કે "ખુદા-
અને મારો હક."

Differ, *v. i.* ભેદ–ફેર–તફાવત પડવો.
Difference, *n.* ભેદ; ફરક; તફાવત. 2 વાંધો; ભાંજગડ. 3બાકી;વધેલું તે.
*D*ifferent, *a.* જુદું; વેગળું; ઓર; અવર; નિરાળું. [દી રીતે.
Differently, *ad.* ઓર તરાહથી; જુ-
Difficult, *a.* કઠણ; સખ્ત;કઢંગું;બિકટ. 2સમજે–માનેનહીંએવું;કરડું;આકરું.
Difficulty, *n.* કઠણાઈ. 2 સંકટ;મુશ્કેલી; સખ્તિ. 3 વાંધો; હરકત.
Diffidence, *n.* અવિશ્વાસ; શંકા; વસવસો; વહેમ. 2 ખુદ પોતાની શક્તિ–યોગ્યતાવિશે અવિશ્વાસ; નાહિંમતપણું. 3 લજ્જા; સંકોચ; શરમાળપણું.
*D*iffident, *a.* જેને ભરોસો ન હોય એવું; શંકાશીલ; બેઈતબારી; વહેમી. 2 અધીર;જેને પોતાની શક્તિ વિશે ભરૂશો નથી એવું; નાહિંમત. 3 થોડ બોલું; લજ્જાશીલ; શરમાલ.
Diffuse, *v. t.* પ્રસાર–ફેલાવો કરવો; ફેલાવવું. 2 *a.* લાંબું; વિસ્તારેલું; ફેલાએલું. [કરનાર.
Diffuser, *n.* પ્રસારક; ફેલાવો–પ્રસાર
Diffusion, *n.* ફેલાવો; પ્રસાર;પસારો.
Diffusive, *a.* વ્યાપક; પથરાઈ–પસરી જાય એવો ગુણ ધરાવતું; પ્રસરણશીલ (હવા–પ્રકાશ–ધુમાડો વગેરે).
Dig, *v. t. & v. i.* ખણવું; ખોદવું.
Digest, *n.* કલમબંદી; રચી–ગોઠવીને કીધેલો સંગ્રહ. 2 કાયદા સંગ્રહ. 3 *v. t.* ગોઠવવું; અવસ્થા–તરતીબ કરવી. 4 પચાવવું; જેરવવું; હજમ કરવું. 5 ધીમી આંચ ઉપર ગરમ અથવા નરમ કરવું. (રસાયન શાસ્ત્રમાં). 6 મનમાં ઉતારવું; ઘોળવું.
Digestion, *n.* હજમીઅત; જરપત; પાચન.
*D*igestive, *a.* પચાવે એવું; પાચનશક્તી ધરાવતું; હજમ કરવાનો ગુણ ધરાવતું. *digestive powers*, જઠરાગ્નિ.
Digger, *n.* ખોદનાર; બેલદાર. [ગો.
Digging, *n.* ખોદણી. 2ખોદવાની જ-
Digit, *n.* પોણાં તસુનું માપ; આંગળ. 2સૂર્ય અથવા ચંદ્રના વ્યાસનો બારમો ભાગ. (of the moon's diameter) કલા; ચંદ્રકલા. (of the sun's diameter) અક્રાંશ. 3 (*Arith.*) એકથી તે નવ સુધીનો કોઇપણ અંક–આંકડો–આંક.
Dignified, *a.* મરતબાવાળું; શાનદાર.
*D*ignify, *v. t.* મોટપણ–શોભા–મરતબો આપવો. [ધર્મગુરૂ; પાદરી.
Dignitary, *n.* મ્હોટી પદવી ધરાવનાર
Dignity, *n.* મ્હોટાઈ; મ્હોટમ; મોટપણ. 2 મરતબો; દરજ્જો; દબદબો; દમામ.
Digress, *v. i.* } આડા જવું–ફાટવું–
Digression, *n.* } ઉતરી પડવું.
Dike, *n.* બાંધ; પુસ્તો. 2 ખંદક; નિકોરી.
Dilapidate, *v. i.* ભાંગી તુટી પડવું; ઉજડ–તારાજ થવું.

Dilapidated, *pp.* ભાંગી તુટી પડેલું; પડતી હાલતનું. [પાયમાલી.
Dilapidation, *n.* ખરાબી; પડતીદશા;
Dilate, *v. t. & v. i.* ફેલાવવું; ફુલાવવું; ઉપસાવવું; વકાસવું; ફેલી-ફેલાઈ જવું; પોહોલું લાંબું કરવું. 3 વિસ્તારીને બોલવું.
Dilatoriness, *n.* ઢિલ; સુસ્તી; મોડું.
Dilatory, *a.* સુસ્ત; ધીમું; મંદ; ચિથું; થંડું.
Dilemma, *n.* દુગ્ધા; એવી મુશ્કેલી કે જેમાં સઘળી તરફથી અડચણ થઈ પડે. [ભાળ; ચોકસાઈ.
Diligence, *n.* ઉદ્યોગીપણું; મેહેનત. 2સં-
Diligent, *a.* ઉદ્યોગી; મેહેનતુ.
Dill-seed, *n.* સુવા. [કાહાડવેદ્ઘરસળવું.
Dillydally, *v t.* આળશમાં વખત
Dilute, *v. t.* પાતલું-પાણી જેવું કરવું. 2 નરમ-કમજોર કરવું; પાણીમિળીને તેજ-ભભક-ઝલે ઓછી કરવી.
Dilute, } *a.* પાતળું. 2 નરમ; પેચક;
Diluted, } ફિકું.
Dilution, *n.* પાતળું કરવું તે; પેચક.
Diluvium, *n.* નદીના અથવા રેલના જોસથી ઘસડાઈ એકઠા થતા કાંકરા; રેતી મતોડી વીગરેનો જમાવ.
Dim, *a.* ઝાંખું. 2 અંધક; અંધારૂં.
Dimension *n.* લાંબીરૂંદી; ક્ષેત્રફલ.
Diminish, *v. t. & v. i.* ઓછું-કમકોતા કરવું-થવું; ઘટાડવું.
Diminution, *n.* કોતાઈ; ઘટ; ઘટાડો.
Diminutive, *a.* ન્હાનું; ઝીણું; ટું કડું; લઘુ.
Dimity, *n.* દોરીઆનું કપડું; દિમેટી.
Dimly, *ad.* ઝાંખું; ઝાંખું ઝાંખું.
Dimness, *n.* બારીકી; ઝાંખાપણું; કમ તેજ. 2 અસ્પષ્ટતા; ધીમાપણું.
Dimple, *n.* ખંજન; હસતાં હસતાં દાહાડીમાં અથવા ગાલમાં જે ખાડો પડે તે. [કાન ફાડી નાખવા.
Din, *n.* ઘોંગાટ; શોહોર. 2*v.t.* ઘોંગાટથી
Dine, *v. i.* જમવું; ભોજન કરવું-લેવું.
Ding-dong, *n.* ઘાંટનાં અવાજને એ શબ્દ લગાડયામાં આવેછે.
Dinginess, *n.* કાળો ભુરો-ઘેરો રંગ.
Dingy, *a.* કાળા રંગનું; કાળુંભુરૂં; ઝાંખુ.
Dinner, *n.* જમવાનું; ખાનું; ભોજન.
Dinner-party, જમણ; ન્યાત.
Dint, *n.* ફટકો; જરખ; ઠોકો. 2બળ; કુવત. 3 ચપકો; ખાંચ; ગોબો; ચોબો; ખાડો.
Diocese, *n.* (બશપ-મ્હોટા પાદરીની હકુમતની સરહદ; પંથક.
Dip, *v. t.* બચકોરવું; ડબોવવું; ડુબાવવું; બોળવું. 2 વાસણે વાસણે કાઢી નાખવું-ખાલી કરવું. 3 *v. i.* ડુપકી મારવી; બચકોરૂં ખાવું.
Dip, } *n.* ઝોક; ઉતરણ. 2 ડુબકી;
Dipping, } બુડકી; ગોતું.
Dipthong, *n.* સંધિસ્વર; દ્વિસ્વર.
Diploma, *n.* મદરેશાનીસનદ; સનદપત્ર
Diplomacy, *n.* પારકાં રાજ્યોના મોકલેલા એલચી અથવા વકીલના

સ્વાધ્યઆ–કાનુન–હક; દૂતત્વ. 2કામ કહાડી લેવામાં ખબરદારી–કુશળતા.

Diplomatic, *a.* સનદ મલેલું; સનદી. 2 યુકતીવાળું; કારસાજી ભરેલું; અડકયું. (રાજ્ય દરબાર સંબંધી.)

Diplomatist, *n.* કોલકરાર અથવા સંદેસો કરવાની જડક–યુકતી ધરાવનાર એલચી; કુશળદૂત.

Dire, Direful, *a.* ભયંકર; હેબતનાક; ભયાનક.

Direct, *a.* સીધું; પાધરૂં; પરભારૂં; સુલટું; બાહારોબાર. 2 બાપ અને દીકરાની ઓલાદતરફથી. 3 *v.t.* તાકવું. 4 માર્ગ દેખડાવવો. 5 હુકમ–આજ્ઞા કરવી; ફરમાવવું. 6 કારભાર કરવો–ચલાવવો. 7 સરનામું કરવું.

Direction, *n.* વહિવાટ ચલાવવો તે. 2 નેમ; મતલબ. 3 દિશા. 4 પત્તો; સરનામું. 5 આજ્ઞા; હુકમ. 6 રસ્તો દેખાડવો–રસ્તે પાડવું તે.

Directly, *ad.* પાધરૂં; પેટ; બાહારોબાર. 2 તુરત; અબઘડી; તુર્તાતુર્ત.

Director, *n.* મુખ્તિયારકર; હુકમ કરનારૂં; કારભાર ચલાવનાર; ડરેકટર.

Directory, *n.* સેહેરના રેહેવાશિઓનાં નામ નિશાન તથા રેહેઠાણની મુળાક્ષરોના અનુક્રમ પ્રમાણે રચેલી યાદિનું પૂસ્તક. 2 ડરેકટરોની સભા.

Dirge, *n.* શોકગીત; પરજીઆ; મરશીયા.

Dirk, *n.* ખંજર; કટારી.

Dirt, *n.* મેલ; કચરો; ગિરદ.

Dirtiness, *n.* આલુદગી; ગંદગી; મલિનતા; ગલીચી; પલીદી; નજીસી.

Dirty, *a.* ગંદું; મેલું; કચરાલું. 2 *v.t.* મેલું કરવું; ખરડી લચડી નાખવું.

Disability, *n.* અશક્તપણું. 2નાલાયકી

Disable, *v. t.* અશક્ત–નિર્બળ–નિર્ગત કરવું. 2નાલાયક–અયોગ્ય કરવું.

Disabuse, *v. t.* શકકાહાડી નાખવો–દુર કરવો; ભૂલ ભાંજવી.

Disadvantage, *n.* નુકસાન; હાનિ; ખોટ. 2 ગેરફાયદો; પ્રતિકૂળતા.

Disadvantageous, *a.* તોટો–નુકસાન–હાનિ કરે એવું; પ્રતિકૂળ.

Disaffected, *a.* બેદિલ; નારાજ; અનમનું.

Disaffection, *n.* અપ્રીતિ; બેદિલી.

Disagree, *v. i.* ન મળવું; અંતર–ભેદ–ફેર–તફાવત પડવો; જુદાં પડવું. 2 નહીં સદવું; માફક ન આવવું.

Disagreeble, *a.* અણગમતું; નાપસંદ.

Disagreement, *n.* બેબનાવ; ઊંચું મન; ખટપટ. 2 મતભેદ; તફાવત; ફેર; ભેદ. 3 જુદાપણું; ભિન્નતા.

Disallow, *v.t.* & *v. i.* નામંજુર કરવું.

Disappear, *v.i.* ગેબથવું; નાબુદ થવું.

Disappearance, *n.* નાબુદી; લોપ; અદર્શન; અંતર્ધાન.

Disappeared, *pp.* નાબુદ–ગેપ–ગુમ થએલું.

Disappoint, *v.t.* નામુરાદ-નિરાશાકરવું

Disappointment, *n.* નામુરાદી–ઉમેદી.

Disapprobation, *n.* નાપસંદી–તા.
Disapprove, *v. t.* નાપસંદ કરવું. 2 નામંજુર રાખવું. [ડાવવાં.
Disarm, *v. t.* હથિયાર મુકાવવાં–છો-
Disarrange, *v. t.* વીખરી નાખવું; ઉથલ પાથલ–જથર પથર કરવું.
Disarray, *n.* See Disorder.
Disaster, *n.* વિપત્તિ; મુસીબત; અનર્થ; દુઃખ; આફત; આપદા; સંકટ.
Disastrous, *a.* મુસીબત–હાદેશા–આફત–બદબખતિ ભરેલું.
Disavow, *v.t.} Disavowal, *n.* } ઈનકાર કરવો; નામુકેર જવું.
Disband, *v.t.* લશ્કરના શિપાઈઓને ચાકરીપરથી બરતરફ કરી લશ્કર તોડી નાખવું. [નદ છીણવી લેવી.
Disbar, *v. t.* વકીલ–બારિસ્ટરની સ-
Disbelief, *n.* અવીશ્વાસ; અમાન્યતા; બેઈતબારી; બેઈમાની. [કરવો.
Disbelieve, *v.t.* નહીં માનવું; ઇનકાર
Disbeliever, *n.* નાસ્તીક; બેઈમાન; કુફર; ખોટું માનનાર. [કરવું.
Disburden, *v.t.* બોજો ઉતારવો; હલકું
Disburse, *v. i.* ખર્ચ કરવો; ખરચવું.
Disbursement, *n.* ખરચ; ખર્ચ.
Discard, *v.t.* હાતમાં જે નકામાં પાના હોય તે નાખી દેવાં. 2 નહીં ગણકારવું; કાહાડી મૂકવું. [ળવું; શોધવું.
Discern, *v t.* અકલથી પિછાનવું; ખો-
Discerner, *n.* વાકેફગાર; નજરબાજ.
Discernible, *a.* ખુલ્લી રીતે દેખાઈ આવે એવું; પકડી કહડાય એવું.
Discerning, *a.* જ્ઞાની; હોશિયાર.
Discernment, *n.* ભેદ સમજી જવાની શક્તિ; બારીક સમજ; તીવ્રબુદ્ધિ.
Discharge, *v. t.* ખાલી કરવું. 2 ફોડવું; બાર છોડવો. (બંદુખ–તોપ). 3 ફીટાડવું; અદા કરવું. 4 છૂટું–મુક્ત–ખલાસ કરવું. 5 કરવું; બજાવવું. 6 છોડી મૂકવું; નિર્દોશ ઠરાવી છોડી દેવું. 7 બરતરફ કરવું; કાહાડી મુકવું. 8 *n.* બંદુખ–તોપનું ફુટવું. 9 પાણી, લોહી, પરૂ, ઈત્યાદિનું વેહેવું. 10 બરતરફી; રજા. 11 છુટકો.
Disciple, *n.* શિષ્ય; ચેલો; વિદ્યાર્થી; શાગિર્દ; મુરીદ.
Discipline, *n.* તાલીમ; તરબિઅત; કેળવણી. 2 બંદોબસ્તી; વ્યવસ્થા. 3 શિક્ષા; શાસન. 4 કવાયદ (લશ્કરની). 5 *v. t.* તરબીઅત આપવી. 6 કવાયદ કરાવવી–આપવી. 7 શિક્ષા–સજા કરવી.
Disciplinarian, *n.* તરબીઅત આપનાર; શીખવનાર; સુધારનાર.
Disclaim, *v. t.* નકારવું; માથા ઉપરથી કાહાડી નાખવું; ઈનકાર કરવો.
Disclose, *v. t.* ખુલ્લું–પ્રગટ કરવું. 2 કહી–ફોડી દેવું. 3 દેખાડી આપવું.
Disclosure, *n.* કહી–ફોડી દીધેલી વાત.
Discolor, *v. t.* કુદરતી રંગ ફેરવી નાખવો; મેલું કરી નાખવું.

Discoloration, *n.* વર્ણીકાર; રંગબદલી.
Discomfit, *v.t.* હરાવવું; શિકસ્ત આપવી. 2 ઉદાસ થઈ જવું.
Discomfit, Discomfiture, *n.* હાર; પરાજય; શિકસ્ત. 2 નાઉમેદી.
Discomfort, *n.* અસુખ; બેચેની; સુખાભાવ.
Discommend, *v.t.* ઠપકો આપવો; દોષ મુકવો.
Discompose, *v. t.* ગોંધલ-ધાલમેલ કરવી. 2 અસ્વસ્થ-રંજીદા કરવું; ધભરાવવું.
Discomposure, *n.* ગોંધલ; ધાલમેલ; અવ્યવસ્થા. 2 અકળામણ.
*D*isconcert, *v.t.* ઊંધું મારવું; નિશ્ફળ કરવું. 2 ધભરાવવું; ગુચવાડામાં નાખવું.
Disconnect, *v. t.* છુટું-જુદું પાડવું.
Disconsolate, *a.* દુઃખી; ઉદાસ; ખિન્ન; ગમગીન; દુઃખમાં ડુબેલું.
Discontent, Discontentment, *n.* અસંતોષ; બેસબરી; બેદિલી.
Discontented, *a.* અસંતોષી; નારાજ; બેસબર.
Discontinuance, *n.* બંદી; તહકુબી; મહકુબી.
Discontinue, *v. t.* ચાલુ કામ બંધ કરવું-મોકુફ કરવું-અટકાવવું.
Discord, Discordance, *n.* અપસ્વર; કઠોરતા; બેસુરપણું. 2 બેબનાવ; વિરોધ; વાંકુ; વૈમનસ્ય.
*D*iscordant *a.* નામવાફક; ઉલટું; વિરુદ્ધ. 2 બેતાલ; બેસુર; કઠોર.

Discount, *n.* વટાવ; મુદત કાપી આપેલું નાણું. 2 *v. t.* મુદત કાપી આપવી અથવા લેવી. 3 *v. i.* હુંડી સિકારવી; હુંદીનાં નાણાં પગાર કરવાં-ચુકવવાં. [મુદત કાપી શકાએ એવું.
Discountable, *a.* વટાવી શકાય એવું;
Discountenance, *v.t.* કોઠું નહીં આપવું; અખાડા કરવા; દાબવું.
*D*iscourage, *v. t.* નાહિમ્મત કરવું. 2 ભાંજતી કરવી; મન ફેરવવું.
Discouraged, *pp.* નાહીમ્મત થએલું; હારી ખાધેલું.
Discourse, *n.* સંભાષણ; સંવાદ; ભાષણ. 2 ગ્રંથ. 3 *v. i.* સંભાષણ કરવું.
Discourteous, *a.* બેસલુખ; અસભ્ય.
Discourtesy, *n.* બેઅદબી; અસભ્યતા.
Discover, *v. t.* પરદો ખસેડી-કાહાડી નાખવો; બતાવી આપવું. 2 પેહેલ વેહેલું જોવું-દુરથી નજર પડવી. 3 શોધી કાહાડવું; થાગ-પત્તો લગાડવો. [એ એવું; દેખાતું.
Discoverable, *a.* શોધી કાહાડી શકા-
Discovery, *n.* પત્તો; શોધ; થાગ. 2 શોધી કાહાડેલી જીનસ-વસ્તુ.
*D*iscredit, *n.* અપ્રતિષ્ઠા; બદનામી; એબ. 2 *v. t.* ખોટું-અસત્ય માનવું.
Discreet, *a.* સમજદાર; ડાહ્યુ; વિવેકી; ચતુર; સુજ્ઞ; વિચારવંત; દાના.
Discreetly, *ad.* તદબીરથી.
Discrepency, *n.* અંતર; ફેર; ફરક.

Discretion, *n.* ડાહ્યપણ; દાનાઈ; વિચાર; હોશિયારી; સમજદારી; વિવેક. 2 મુખત્યારી; સ્વતંત્રતા; અખત્યાર.
Discretionary, *a.* વિચારાધીન; બુદ્ધિ પ્રમાણે; નજરમાં આવે તેમ વાપરવાનું. [–તફાવત પિછાનવો; પારખવું.
Discriminate, *v. t. & v. i.* ફરક–ભેદ
Discrimination, *n.* વિવેક–પરિક્ષા શક્તિ; પારખવાની તીવ્ર શક્તિ.
Discuss, *v. t.* તકરાર–ચર્ચા કરવી.
*D*iscussion, *n.* વાદ ચર્ચા; તકરાર.
Disdain, *v. t.* ધિક્કાર–તિરસ્કાર કરવો; તુચ્છ–હલકું–અયોગ્ય માનવું. 2 *n.* ધિક્કાર; અવજ્ઞા; તિરસ્કાર.
Disdainful, *a.* મગરૂર; બેમુરવત.
Disease, *n.* રોગ; દરદ; આજાર.
Diseased, *a.* રોગી; બિમાર; કોહેલ.
Disembark, *v. t. & v. i.* વાહાણપરથી જમીનપર ઉતારવું–ઉતરવું.
Disembodied, *a.* વીદેહ; દેહેવગરનું; ત્યક્ત કાયા–શરીર. 2 લશ્કરી કામમાંથી છુટું કરેલું.
*D*isembogue, *v. t. & v. i.* ખાલી થવું; વેહેવું (સમુદ્ર અથવા સરોવરમાં).
Disenable, *v. t.* બેમકદુર–બેકુદરત–અશક્ત કરવું. [વાળવું.
Dis-enchant, *v. t.* મંતર ઉતારવું–
Disengage, *v. t.* મોકળું–ફારેગ કરવું. 2 બંધાણ–ગુંચવારામાંથી છોડવવું.
Disengaged, *a.* પરવારેલું; ફારેગ; નવરું.
Disentangle, *v. t.* છોડવવું; ગુંચવણ કાહાડી નાખવી.
Disenthral, *v. t.* ગુલામગીરીમાંથી છોડવવું. [લેવો.
Disentitle, *v. t.* એલકાબ છીનાવી
Disesteem, *v. t.* અપમાન–અનાદર કરવો; હલકું ગણવું. 2 *n.* અનાદર.
*D*isfavor, *n.* અવકૃપા; નાપસંદી; ગેરમેહેરબાની; અંતરાજી; અભાવ.
Disfigure, *v. t.* બિગાડવું; બેડોલ–બદસુરત–વિરૂપ–વરવું કરવું.
Disfigured, *pp.* See Defaced.
Disgorge, *v. t.* ઓકવું; ઉલટી કરવી.
Disgrace, *n.* અપ્રતિષ્ઠા; માનહાનિ; રૂસવાઈ; ફજેતી. 2 *v. t.* બેહુરમત કરવું; આબરૂ–ઇજત–હુરમત લેવી.
Disgraceful, *a.* શરમીંદગી–બેહુરમતી અપમાન–નામોશીભરેલું; ઇજત લેઉ.
*D*isguise, *v. t.* વેશ–સોંગ લેવો; વેશ બદલવો. 2 છુપાવવું. 3 *n.* વેશ; સોંગ. 4 હિલો; છલ; ખોટો લબાસ.
Disgust, *n.* સુગ. 2 તિરસ્કાર; કંટાળો. 3 *v. t.* સુગ લગાડવી. 4 કંટાળો ઉપજાવવો–આપવો.
Disgusting, *pp.* } સુગભરેલું; ઓ
Disgusted, *a.* } કઆવેએવું; કંટાળા ભરેલું; સુગાએલું. 2 નાખુશ.
Dish, *n.* ખાણું મુકવાની રકાબી તબક; થાળ. 2 વાની; તરેહવાર જાતનું પકવાન–ભોજન–ખાણું.

Dishearten, *v. t.* નાહિમ્મત-બેદિલ કરવું; હિમત હરાવવી. [થઇ પિથઇ.

Dishevelled, *a.* વિખારાએલું; છૂ-

Dishonest, *a.* બેઈમાન; અપ્રમાણીક; બદદિઆનત. 2 હરામનું. [માની.

Dishonesty, *n.* બદદિઆનતી; બેઇ-

Dishonor, *v. t.* બેહુરમત કરવું. 2 બગાડવી (આરત); (*a bill*) હુંડી નહીં સિકારવી. 3 *n.* અપકીર્તિ; અપ્રતિષ્ટા. [પાછ.

Dishonorable, *a.* આબરૂ વગરનું;

Disinclination, *n.* નામરજી; કમન; અરૂચિ; અનુત્સાહ.

Disinclined, *a.* બેખાએશ; નામરજી ભરેલું; કમનનું; અણમનીઉં.

Disinfect, *v.t.* લાગેલો ચેપ કાહાડવો.

Disingenuous, *a.* કપટી; ખોટું; કુડું.

Disinherit, *v. t.* બેવારસ કરવું; મિ-રાસ-વારસાથી બાતેલ કરવું.

Disinter, *v.t.* દટાયલું ખોદી કાહાડવું.

Disinterested, *a.* નિષ્કામ; બેગરજ; બેતમા; અસ્વાર્થિક; નિર્લોભ.

Disjoin, *v.t.* સંબંધ તોડવો; જુદું કરવું.

Disjoint, *v.t.*-(a limb of the body) લચકાવવું; મોચાવવું.-(bones) ઉ-તારી નાખવું. 2 સાંધામાંથી જુદું-છુટું પાડવું. [છુટું પાડવું તે.

Disjunction, *n.* વિયોગ; જુદાઈ;

Disjunctive, *a.* છુટું-જુદું પાડનારૂં.

Disk, *n.* બિંબ. 2 ચક્ર. 3 ચકતું.

Dislike, *n.* અપ્રીતિ. 2 *v. t.* નાપ-સંદ-અનગમતું કરવું-થવું. [joint.

Dislocate, *v.t.* લચકાવવું. See Dis-

Dislocation, *n.* મોચ; લચક; ઉતરી-ખસી જવું તે.

Dislodge, *v. t.* રેહેઠાણ ઉપરથી કા-હાડવું-ઉઠાડવું-ખસેડવું.

Disloyal, *a.* પાદશાહ તરફ થયલું નિમકહરામ-બેવફા-બેઈમાન.

Disloyalty, *n.* રાજદ્વેષ; રાજદ્રોહ; રાજ તરફ નીમકહરામી; બેવફાઈ.

Dismal, *a.* અંધક; ઝાંખું. 2 ભય-નાક; બિહામણું. 3 દિલગીર; ઉદાસ.

Dismantle, *v. t.* કપડાં કાહાડી લેવાં. 2 વાહણ ઉપરના સઢ વાવટા ઇત્યાદિ ઉતારી પાડવા. 3 શેહરની આસ પાસનો કિલ્લો-દિવાલ તોડી પાડવી.

Dismast, *v. t.* વાહણના ડોલ-કુઆ ભાંગી નાંખવા.

Dismay, *v. t.* દેહેશત દેવી; હબકાવી નાખવું. 2 *n.* ભય; દેહેશત; હબક.

Dismember, *v.t.* અવયવ છુટાં પાડવાં.

Dismiss, *v. t.* રજા-છુટી આપવી. 2 બરતરફ કરવું. 3 વદા-બરખાસ્ત કરવું.

Dismissal, *n.* રૂખસતી; વિસર્જન; વિદાઈ; છુટી; રજા. 2 બરતરફી.

Dismount, *v. t.* & *v. i.* ઘોડા અ-થવા કોઈ જાનવર ઉપરથી નીચે ઉ-તારવું અથવા ઉતરવું. 2 તોપનું

ગાડું અથવા તેનાં પૈડાંભાંગી નાખી તોપને નિરૂપયોગી કરી નાખવી.

Disobedience, *n.* અવગણના; નાતાબેદારી; નાફરમાની. [નાફરમાન.

Disobedient, *a.* હુકમ તોડનાર;

Disobey, *v. t.* હુકમ–આગ્ના તોડવી.

*D*isoblige, *v.t.* અસંતુષ્ટ–રંજીદા–નાખુશ કરવું; દુભવવું. [ડનાર.

Disobliging, *a.* અનુપકારી; મરજી તો-

Disorder, *n.* અવ્યવસ્થા; ઘાલમેલ; ગડબડ. 2 વિકાર; વિકૃતિ; કસર. 3 બખેડો; તોફાન. 4 *v.t.* વિખરી–બિગાડી નાખવું; ગોંદલ કરવું. 5 વિકાર–વિકૃતિ–રોગઉત્પન્ન કરવો.

Disorderly, *a.* બેતરતીબ; અવ્યવસ્થિત; અસ્તાવ્યસ્ત. 2 બેબંદ; ગડબડીઊ; ફેસાદખોર.

Disorganise, *v. t.* અવ્યવસ્થામાં લાવીનાખવું; બંદોબસ્તતોડીનાખવો.

*D*isown, *v. t.* નાકબુલજવું; ઇનકાર કરવો.

Disparage, *v. t.* હલકું લગાડવું; હિણપસ્તી લગાડવી. [તિરસ્કાર; હલકાઈ.

Disparagement, *n.* બેઆબરૂ; અપ-

Disparity, *n.* તફાવત; ફેર; ફરક.

Dispassionate, *a.* શાંત; થંડું; નરમ.

Dispatch, *v. t.* જલદીથી રવાના કરવું. 2 મારીનાખવું. 3 *n.* ઉતાવળ; દોડ; શિતાબી. 4 પેગામ; સંદેશો.

Dispatching, *pp.* રવાનગી.

Dispel, *v.t.* નહસાડી મુકવું; દફે કરવું.

Dispensable, *a.* મુકી–છોડી અથવા જવા દઇ શકાએ એવું.

Dispensary, *n.* દવાખાનું.

Dispensation, *n.* વાંટણી; ભાગ; વાંટો. 2 ખુદાતાલા તરફથી ઉતરતું સુખદુઃખ.

*D*ispense, *v.t.* વહેંચી આપવું; વાંટણી કરવી. 2 (*with*) જવાદેવું; માફ કરવી. 3 ગરજ લાગ્યા વગર કામ ચલાવવું.

Dispenser, *n.* દવાખાનામાં દવા આપનાર. 2 બખશનાર.

Disperse, *v. t.* વિખરી નાખવું; પરાગંદ કરવું. 2 ફેલાવવું.

Dispersion, *n.* પરાગંદી; ફાંકાફાંક.

Dispirit, *v. t.* નાહિંમત કરવું.

Displace, *v. t.* કોઈ ચીજને આડે ઠેકાણે મુકવી; ગોઠવેલું બોરી નાખવું. 2 હોદ્દા ઉપરથી બરતરફ કરવું. 3 અવ્યવસ્થા કરવી.

*D*isplay, *v.t.* ખુલ્લું કરવું; દેખડાવવું. 2 ઠાઠમાઠ કરી દેખડાવવા મુકવું; ભપકો કરવો. 3*n.* દેખાવ; ઠાઠમાઠ.

Displease, *v. t.* નાખુશ–ખફા કરવું.

Displeasure, *n.* ગેરમરજી; નાખુશી; ઇતરાજી; ગુસ્સો; રૂઠ.

Disposal, *n.* આપવાની સત્તા–અખિત્યાર–હુકમ. 2 સત્તા; કર્ત્તવ.

Dispose, *v. t.* માંડવું; વ્યવસ્થા–રચના કરવી. 2 મન લગાડવું; પરવા કરવી; (*of*) વેચી–કાઢી નાખવું.

Disposer, *n.* બખ્શનાર; દાતા.
Disposition, *n.* ગોઠવણ; રચના.
2 કુદરતી વલણ-ઝોક, (ઝાડોની).
3 સ્વભાવ; મીજાજ; આદત. [કવું.
Dispossess, *v.t.* ખારીજ કરવું; લઈ મુ-
Disproportion, *n.* તફાવત; વિજોડપણું.
Disproportional, *a.* પ્રમાણસર નહીં
એવું. [સાબેત કરી આપવું; તોડવું.
Disprove, *v.t.* રદબાતીલ કરવું; ખોટું
Disputable, *a.* વાદયોગ; તકરારી.
Disputant, *n.* તકરાર-ભાંજગડ ક-
રનાર; વાદકર્તા. [ખોર.
Disputatious, *a.* ભાંજગડવું; વાંધા
Dispute, *v. t. & v. i.* તકરાર-ભાં-
જગડ કરવી; વાંધો લેવો. 2 *n.* તક-
રાર; હુજ્જત; ભાંજગડ. [કરવું.
Disqualify, *v. t.* અયોગ્ય-નાલાએક
Disquiet, *n.* બેચેની; ઉચ્ચાટ; ઉદ્વેગ.
2 *v. t.* બેચેની ઉત્પન્ન કરવી. [ની.
Disquietude, *n.* ઉચ્ચાટ; મનની બેચે-
Disquisition, *n.* કોઈ બાબદની પુરતી
ચોકસાઈ અથવા ખુલાસો કરવાને
કાયદાસર કરેલી તકરાર-શોધ.
Disregard, *n.* બેપરવાઈ; બેદરકારી;
અનાદર. 2 *v. t.* બેદરકારી-અના-
દર-અવગણના કરવી; નગણકરવું.
Disrelish, *n.* અભાવ; અરૂચિ. 2 બે-
મજાહ; બેસવાદ. 3 *v. t.* સવાદ નહીં
ગમવો; ન ભાવવું-ગમવું.
Disreputable, *a.* હલકું; લુચ્ચું; બે-
આબરુ; નીચ; રૂસવાઈ ભરેલું.
Disrepute, *n.* અપકીર્તિ; અપમાન
Disrespect, *n.* અપમાન; અમર્યાદા.
Disrespectful, *a.* બેઅદબ; અમર્યાદ.
Dissatisfaction, *n.* અસમાધાન; અ-
સંતોષ; નાખુશી; અપ્રસન્નતા.
Dissatisfied, *a.* અસંતુષ્ટ; નાખુશ.
Dissatisfy, *v. t.* See Displease.
Dissect, *v. t.* કાપવું; મુડદાં ચીરવાં.
Dissection, *n.* વાઢકાપ; અવયવછેદન.
Dissemble, *v. t. & v. i.* છુપાવવું.
બાહનું-ઢોંગ કરવો; પેચ રમવો.
Disseminate, *v. t.* વિખરવું; વેરવું.
જીહાં તીહાં ફેલાવવું; પ્રસારો કરવો.
Dissension, *n.* કલહ; બખેડા; ફુટફાટ.
Dissent, *n.* નાકબુલી; ઈનકાર.
2 *v. i.* અસમ્મત-જુદાં મતનું થવું.
Dissenter, *n.* નાકબુલ; જુદું મતધ-
રાવનાર; મતાંતધારી. 2 ઈંગલંડના
"ઈપીસકોપલ" પંથમાંથી વેગળું
થયલું. [સાલો; નિબંધ.
Dissertation, *n.* વાદયુક્ત પ્રબંધ; રી-
Disservice, *n.* નુકસાન; હાનિ.
Dissimilar, *a.* એક બિજાથી જુદું;
ભિન્ન; અસરખું; અસમાન.
Dissimilarity, } *n.* અંતર; નામુઆફિ-
Dissimilitude, } કત; તફાવત; ભેદ.
Dissimulation, *n.* ઢોંગ; દંગ; મનમાં
જુદું અને મોહોડે જુદું; છળભેદ.
Dissipate, *v. t.* વેરી નાખવું. 2 ઉ-
રાડી દેવું; બરબાદ કરવું.

Dissipated, *a.* ઉડાઉ; વ્યસની; બદફેલ.
Dissipation, *n.* બદફેલી; દુરાચરણ.
Dissolute, *a.* બદફેલ; દુર્વ્યસની; ઉડાઉ.
Dissolution, *n.* પીગળાવવું અથવા પાણી જેવું કરવું તે. 2 કોહોવું; પૃથક્કરણ. 3 મોહત. 4 બરખાસ્ત થવું; વિસર્જન; કોઈ મંડળી-સભા-પેહેડીનું બંધ થવું.
Dissolve, v. t. & v. i. પીગળવું; ઓગળવું; પિગળાવવું; ગળાવવું. 2 છુટું પાડવું; કાહડી-તોડી નાખવું (પેહેડી, સભા, પંચાલું.)
Dissolvent, *n.* પિગળાવી-રસ કરી શકે એવી ચીજ. 2 *a.* પિગળાવે એવું.
Dissonance, *n.* } અનબનાવ; બેબનાવ. 2 બેસુર.
Dissonant, *a.* }
Dissuade, *v.t.* વારવું; મસલહત આપી મન-દિલ ફેરવવું. [શબ્દ.
Dissyllable, *n.* બે સ્વરનો બોલ; દ્વિસ્વર
Distaff, *n.* ચરખાનો દાંડો, જેની ઉપર ઉન તથા સણ લપેટી રાખેલું હોય છે; રેહેંટીઆની ત્રાક. 2 (figuratively) સ્ત્રી; ઓરતજાત.
Distance, n. ટપ્પો; પલ્લો; અંતર; છેટું. 2 *v. t.* આગળ વધી જવું; પછવાડે નાખવું-પાડવું.
Distant, *a.* દુર; વેગળું; લાંબું; આઘું.
Distaste, *n.* અરૂચી; બેસ્વાદ.
Distemper, *n.* આજાર; બિમારી; વિકાર
Distend, *v. t.* ફુલાવવું; ફુગાવવું; ઉપસાવવું.
Distention, *n.* ફુગવણ; ફુલાવો; તસટસાટ; ઉપસાવો.
Distich, *n.* દુહો; દોહોરો; બેત.
Distill, *v t. & v.i.* ટપકવું; ટપકાવવું. 2 ગરમી લગાડી જંતરથી ગાળવું-ખેંચવું (દારૂ, તેજાબ.)
Distillation, *n.* ગાળવું. (દારૂ, તેજાબ)
Distiller, n. દારૂ ગાળનાર; ભઠ્ઠીવાલો.
Distillery, *n.* દારૂ ઈત્યાદિ ગાળવાની ભઠ્ઠી; કડ. [જાહેર; ખુલ્લું; સાફ.
Distinct, *a.* જુદું; વેગળું. 2 સ્પષ્ટ;
Distinction, *n.* ફરક; તફાવત; ભેદ. 2 વિશેષતા; મોટપણું; નામ; કીર્તિ.
Distinctly, *ad.* સ્પષ્ટ; સાફ; ખુલ્લીરીતે.
Distinctness, *n.* ખુલ્લાસપણું; સ્પષ્ટતા; સફાઈ. 2 વેગળાપણું.
Distinguish, *v. t.* પિછાનવું; પારખવું; ફરક જાણવો. 2 નામ મેળવવું; વખાણ પામવી.
Distinguished, a. ઓળખી-પારખી વેગળું પાડેલું. 2 નામાંકિત; નામવર.
Distot, *v.t.* મરડી મોડી નાખવું. [પેચ.
Distortion, *n.* મરડવું-મોડવું તે; વળ;
Distract, *v. t.* ખેંચીલેવું. 2 ધભરાવવું; અકલાવવું; ઘેલું લગાડવું.
Distracted, *a.* ધભરાયલું; બેકરાર; ચળેલું; દેવાનું.
Distraction, *n.* તોફાન; બખેડા. 2 ધભરાટ; અકળામણ. 3 ટળવળાટ. 4 દેવાનાપણું; ગાંડાઈ.

Distrain, *v.t.* કરજના બદલામાં કોઇને ધરવું-પકડવું-તેનો સામાન થઇ લેવો.

Distress, *n.* કરજના બદલામાં સાંમાન લઇ લેવો તે. 2 લઇ લીધેલો-જપતકીધેલો સામાન. 3 દુઃખ; દુઃખ; તકલીફ. *Distress warrant,* ઘરનો સર્વ માલ કપડાં વગેરે વેચી નાખવાનું હોકમનામું. 4 *v. t.* સતાવવું; દુઃખ દેવું; હેરાન કરવું.

Distressed, a. હેરાન; તંગ; દુઃખી; હાદેસાનું મારેલું.

Distressful, *a.* ખરાબહાલ; દુઃખ ઉપજાવે એવું; હેરાનગતી ભોગવતું.

Distribute, *v. t.* વેહેચવું; વાંટવું.

Distribution, *n.* વાંટણી કરવી-હિસ્સા પાડવા તે. [માહાલ.

District, *n.* પરગણું; પ્રાંત; તાલુકો;

Distrust, *v. t.* અવિશ્વાસ રાખવો; સંશય-શંકા ધરવી. 2 *n.* ગુમાન; શક; અવિશ્વાસ; અણભરોસો.

Distrustful, a. વહેમી; અવિશ્વાસી; બેએતેકાદ.

Disturb, *v.t.* છેડવું; હલાવવું. 2 ખલલ પોહોંચાડવી. 3 બેચેન-હેરાન કરવું.

Disturbance, *n.* હરકત; ખલલ. 2 તુફાન; ફિસાદ; દંગો; ફિતુર. 3 મનનો ઘભરાટ; મનસ્તાપ; બેકરારી

Disunion, *n.* તુટ; ફુટ; બગાડ; અણબનાવ. 2 જુદાઈ; જુદાપણું.

Disunite, *v. t.* છુટું પાડવું; સંબંધ તોડવો. 2 *v. i.* છુટું-જુદું પડવું.

Disuse, *n.* નહીં વાપરવું તે; બેરેવાજી; બિનવહિવટ; અનભ્યાસ. 2 *v. t.* આદત મુકી દેવી; અભ્યાસ છોડી દેવો.

Ditch, *n.* ખાઇ; ખંદક; ચર. 2 નીક.

Ditto, ઉપર જણાવેલું; તેનું તેજ; સદરહુ; એજ; એજન.

Diuretic, *n.* મુત્રદાળ-રેચ; પેસાબ વધારે છોડવવાનું ઓશદ. 2 *a.* પેસાબ છોડવે એવું. [જનું; રોજીંદું.

Diurnal, *a.* દિવસને લગતું. 2 દરરો-

Dive, *v. i.* ડુબકી-બુડકી મારવી. 2 ઊંડાણમાં પેસવું-ઉતરવું. 3 *n.* ડુબકી. [ડકી મારનાર.

Diver, *n.* પાનબુડયો; તારો; ડુબકી-બુ-

Diverge, *v. i.* મધ્ય બિંદુથી નિકળી આડાં ફાટતાં-કતરાતાં જવું.

Divergent, *a.* આંડું ફાટનારૂં; આંડ કતરાતું જનારૂં.

Diverse, a. વેગળું; જુદું. 2 અનેક; તરેહવાર; ભાંતભાંતનું.

Diversify, *v. t.* રચના-રંગમાં ફેરફાર કરવો; રૂપભેદ-વિચિત્ર કરવું.

Diversion, *n.* મનને ઘણું કામપડયાથી થોડાવાર આરામ્ઓરા આપવાને કોઇ રમત ઉપર ફેરવવું તે; રમત.

Diversity, *n.* ફર્ક; તફાવત; રંગબેરંગી. 2 અનેક પ્રકાર; નાનાપ્રકાર.

Divert, *v. t.* ફેરવવું; વળણ આપવી-

રસ્તો બદલાવવો. 2 રમાડવું; રિજા-વવું. 3ભુલાવામાં નાખવું(લશ્કરને).
Divest, *v. t.* નાગું કરવું; ઉતારી-કાહાડી લેવું. 2 હક-દાવો છિનવી લેવો.
Divide, *v. t.* & *v. i.* કાપવું; વેગળું-અલાહેદું કરવું. 2 વેહેચવું; ભાગ કરવા. 3 દોસ્તી તોડવી. 4 ભાગવું; ભાગાકાર કરવો; ભાંજવું.
Dividend, *n.* વેહેચણી; વાટો; હિસ્સો; ફાલો. 2 ભાજ્યાંક; ભાજ્ય.
Divination, *n.* રમલ; ફાલ; નજુમ.
Divine, *a.* ઈશ્વરી; ખુદાઈ; ગેબી. *divine knowledge,* એલમે ઈલાહી. *divine favour,* ભગવત્કૃપા; ખુદાની મેહેર. *divine power,* ભગવત્સત્તા; ખુદાની શક્તિ. *divine will,* ભગવત્ઇછા; ખુદાની મરજી. *divine presence,* હજુરત. 2 *n.* ધર્મગુરૂ; પાદરી. 3 *v. t.* અગમચેતી કરવી. 4 *v. i.* અનુમાન-તર્ક કરવો.
Diving-bell, *n.* ઉડાં પાણીમાં કામ કરવાને બનાવેલો ઘાંટરેકો એક સાંચો-યંત્ર.
Divinity, *n.* ખુદાઈ; ઇશ્વરપણું. 2ધર્મશાસ્ત્ર; એલમે ઇલાહી; બ્રહ્મજ્ઞાન.
Divisible, *a.* ભાગ પાડવા જોગ.
Division, *n.* ભાગ કરવો-જુદું કરવું તે. 2 પરદો; આંતરો. 3 વાંટો; હિસ્સો. 4 ટુકડી-ટોલી. (લશ્કરની) 5 બેબનાવ; ફુટ. 6 ભાગાકાર.
Divisor, *n.* (*Arith.*) ભાજક.
Divorce, *n.* તલાક; છુટા છેડા. *Bill of divorce,* તલાકનામું. 2*v.t.* તલાક આપવી; છુટા છેડા કરવા. [ડવું.
Divulge,v.t. ઉઘાડું-જાહેર કરવું; ફો-
Dizziness,*n.* ચક્કર; ફેર; ભોર; ઘુમરી.
Dizzy, *a.* ભોર-ફેર-તમ્મર આવેલું.
Do, *v. t.* કરવું; બજાવવું. 2 પકવવું. 3 છેતરવું. 4 કારભાર-વહિવાટ ચલાવવો. 5 પુરૂ-તમામ કરવું. 6 લાગુ પડવું; ચાલવું. જેમકે Will this *do?* 7 બેર આકીયત-ખબરઅંતર પુછવામાં વપરાએછે. જેમકે How do you *do.* 8 અર્જ-ફરમાએશ કરવાને અર્થે પણ એ શબ્દ વપરાએછે, જેમકે *Do come* 9 પ્રશ્ન પુછવામાં વપરાએછે, જેમકે *Do* you intend to go?
Docile, *a.* જલદી પલાઈ શકાય એવું. ગરીબ; સાલસ; અસીલ; હુકમ પ્રમાણે-કહ્યાસાર ચાલે-રેહે એવું.
Docility, *n.* સાલસપણું; ગરિબી.
Dock, *n.* ગોદી.2કાપેલી પુછડી. 3બંધવાને ઉભું રાખવાનું પીંજરૂં. 4 *v. t.* બાંડું કરવું. 2વાહાણને ગોદીમાં લેવું.
Docket, *n.* ટાંચણ; સુચિપત્ર. 2 સામન ઉપર મારેલી-વળગાવેલીચિઠ્ઠી. 3 *v. t.* લેખના આખા મચકુરની મકસદ લખી કાહાડવી. 4 માલ ઉપર ચિઠ્ઠી વળગાવવી.

Dockyard, *n.* ગોદી; ગોદીનો ચોક.
Doctor, *n.* પંડિત; દાના; મૌલવી; ઉલમા. 2 હકીમ; તબીબ; વૈદ્ય; ડાકટર.
Doctrine, *n.* વિદ્યા અથવા શાસ્ત્રનું તત્વ; મત. 2 ધર્મનું તત્વ. 3 શિક્ષા; ધર્મની કેલવણી. [વિજ.
Document, *n.* (*Law*) દાખલો; દસ્તા-
Documentory, *a.* દસ્તાવેજી.
Dodecagon, *n.* બાર ખુણાની આકૃતિ; દ્વાદશ કોણ.
Dodge, *n.* તાલમેલ; હાતતાલી; પેચ. 2 *v. t.* & *v. i.* હાત તાલી આપી છટકી જવું; અખાડા કરવા.
Doe, *n.* હરણી; સાબરી; મૃગલી.
Doer, *n.* કર્તા; કરનાર.
Doff, *v. t.* કાહાડવું; ઉતારવું. 2 દુર કરવું; વાયદા કરીયા કરવા.
Dog, *n.* કુતરો; કુત્રો. 2 *v. t.* પછવાડે લાગવું; કાલાવાલા કરી કંટાળો ઉપજાવવો. [કિમ્મતનું.
Dogcheap, *a.* પાણીના મુલનું; કોડીની
Dogged, *a.* ઘણુંજ હઠીલું; જક્કી.
Doggerel, *n.* અપરિમિત-અબધ્ધ ક-
Doglouse, *n.* ચિમોડી. [વિતા.
Dogma, *n.* કાયદો; ધર્મસંબંધી મત.
Dogmatical, *a* મતવાદી; સત્તાથી-તકોબરીથી પોતાનુંમતકબુલકરાવિએવું
Dogmatism, *n.* મતાભિમાન; મતવાદ.
Dogmatist, *n.* પોતાનાં મત તકોબરીથી કેહેનાર-બાહેર પાડનાર.
Dogmatize, *v. i.* તકોબરીથી પોતાનું મત જાહેર કરવું, અથવા કોઈને કબુલ રાખવા કહેવું. [સાવધ ઊંઘ.
Dogsleep, *n.* કુત્રાંની ઊંઘ; જાગૃત-
Dogstar, *n.* લુબધક નામે એક તારો -સીતારો.
Dog's ear, *n.* ચોપડીનાં પાનાનું વળેલું ખુણું. [ગએલું.
Dogweary, *a.* તદન થાકી સુસ્ત થઈ
Doing, *n.* / Doings. *n. plu.* } કરણી; કૃતિ; કરતુક.
Dole, *n.* ભાગ; વાંટો; ફાલો. 2 *v. t.* વાંટવું; વેહેંચવું.
Doleful, / Dolesome, } *a.* દિલગીર; રડતું. 2 ડરાવણું એવા દેખાવનું.
Doll, *n.* ઢીંગલી; પુતળી; બાહુલું.
Dollar, *n.* આસરે ૨॥ રૂપીઆની કિમ્મતનો રૂપાનો સ્પાનીશ સિક્કો; ડાલર.
Dolorific, *a.* દુ:ખ-દર્દ ઉપજાવતું;
Dolor, *n.* શોક; દુ:ખ. [શોકકારક.
Dolorous, *a.* See Doleful.
Dolphin, *n.* એક જાતનું મ્હોટું માછલું.
Dolt, *n.* મુર્ખ; ધોંડો; પથ્થર; ઠોઠ.
Domain, *n.* રાજ્ય. See Dominion.
Dome, *n.* ઘુંમજ; ઘુમટ.
Domestic, *a.* ઘરનું; ઘરકામનું; ખાનગી. 2 પલાએલું; પાલેલું. 3 દેશી; દેશમાં બનેલું; ગામઠી. 4 *n.* ઘરનું માણસ; ઘરનો ચાકર.
Domesticate, *v. t.* પાળવું; મિલનસાર કરવું; ઘરમાંરેહેવાની આદત પડાવવી.

Dominant, *a.* હકૂમત ચલાવતું; હાકમી ભોગવનાર. [સરદારી.
Domination, *n.* હકૂમત; અખ્તિયાર;
Domineer, *v. t.* કડક-કરડો અમલ ચલાવવો.
Dominical, *a.* આદીતવારને લગતું; *dominical letters*, ઇંગ્રેજી પંચાંગમાં રવીવારનો દિવસ દેખાડાવનાર અક્ષર.
Dominion, *n.* પાદશાહી ચલાવાનો અખ્તિયાર-હકૂમત. 2 રાજ્ય; દેશ.
Donation, *n.* બખશિશ; નજરાણું; ભેટ.
Donee, *n.* જેને બક્ષેસ મળી હોય તે
Donkey, *n.* ગધેડું; ખર. [રાખસ.
Donor, *n.* બખશિશ કરનાર; બક્ષિંદા.
Doom, *v. t.* શિક્ષાનો હુકમ ઠરાવવો-નક્કી કરવો. 2 *n.* આખેરીની સજા. 3 એકબાલ; સરજત. 4 પાયામાલી.
Doomsday, *n.* રોજેકીઆમત; અંત-આખેરીનો દિવસ. *Doomsday book*, ઇંગ્લંડ દેશના પેહેલા રાજા "વીલીયમ ધી કાનકરર"ના વખતમાં તેના હુકમથી લખાયલું એક મ્હોટું પુસ્તક, જેમાં આખા ઇંગલંડ દેશની જમીનની માપણી નોંધવામાં આવી હતી.
Door, *n.* દરવાજો; દ્વાર; બારણું.
Door-frame, *n.* ચોકઠું.
Door-keeper, *n.* દરબાન; દ્વારપાલ.
Door-way, *n.* દરવાજાનો ગાળો.

Dormant, *a.* સુતેલું; ઊંઘતું. 2 ગુપ્ત; દબાઇ રહેલું; ખુણે પડેલું.
Dormitory, *n.* સુવાની જગ્યા-ઓરડી (જોગીની). 2 દાટવાની જગા.
Dormouse, *n.* ચેંણ; ચામાચેંણ.
Dose, *n.* વૈદ્યે એક વેળામાં પિવા અથવા ખાવા આપેલું ઔષધ.
Dost, *v. t.* Do ક્રીયાપદનાદ્વિત્ય પુરૂષનું એક વચન. [મિંડું; બિંદુ.
Dot, *v. t.* મિંડું કાહાડવું. 2 *n.* ટિપકું;
Dotage, *n.* જઇફીથી થયલી મનની નાકુઅતી.
Dotard, *n.* જઇફ; મ્હોટી વએ પોંહોંચી બચ્ચાંના જેવું થઇ ગએલું-સાઠયું-ખસેલાં મગજનું માણસ.
Dote, *v. i.* જઇફીથી બુદ્ધિ ઘટવી-બેધ્યાન-બેવકુફ થવું. 2 અતિશય મોહ લાગવો; (કસાં પાછળ) ઘેલાં ઘેલાં થવું-ઘેલું લાગવું.
Double, *a.* બેવડું; દુપટ; બમણું. 2 જોડ; જોળ. 3 બે મોહોડાંનું; કપટી. 4 *v. t.* બેવડું-બમણું કરવું. 5 વાળવું; બેવડ કરવું.
Double barreled, *a.* બે નળીવાળું.
Double dealer, *n.* મોહોડાં રાખુ; મક્કારબાજ. [ચ્ચાઇ.
Double dealing, *n.* તરકટ; કપટ; લુ-
Double entry, *n.* બેવડી જમે ઉધાર રાખવાની રીત. [રાવ વગરનું.
Double minded, *a.* ડચુ પચુ; એક ઠ-

Doublet, *n.* ડગલા અથવા ડગલીની એકલનું પેહેરન; વાસકુટ; કુડતું.
Doubt, *n.* શક; ભ્રાંતિ; સંશય. 2 *v.t.* શક-વેહેમ પડવો-લાવવો; ભ્રાંતિ રાખવી.
Doubtful, *a.* શકીલું; વેહેમી; સંદેહી.
Doubtless, *ad.* બેશક; બેગુમાન.
Dough, *n.* મસળેલો-ખમીર ચહડાવેલો-ગુંદેલો આટો; કણેક.
Dove, *n.* ખબુતર. 2 પ્રીતિનો એક શબ્દ.
Dove-cot, *n.* ખબુતરખાનું.
Dove tail, *n.* દાંતા અથવા કળાસીથી જોડવાની એક રીત.
Dowager, *n.* મ્હોટા કુળ અથવા ઊંચ પદ્ધિની વિધવા.
Dower, *n.* સ્ત્રીધન; બાએડીને પોતાના ભતાર તરફથી અથવા છોકરીને પોતાના બાપ તરફથી મલેલી મિલકત; રીત; પેહેરામણી; પલ્લું.
Dowery, Dower, } *n.* See Dowry.
Down, *n.* નરમ પિછાં; રૂવાં; નરમ બાલ. 2 દરિયામાં થયેલો રેતીનો ઢગ. 3 પડત જમીન (ગાય ઢોર ચરે એવી). 4 *prep.* નીચે; તલે; હેઠલ.
Downcast, *a.* નીચે નમાવેલું; લાજવંત; ગમગીન. [પડી ભાગવું તે.
Downfall, *n.* બીસમારી; ખુઆરી;
Downright, *ad.* સીધું એકલ; સરળ; 2 પુરતું; હરડતું; ખરેખર. 3 *a.* સારીયાંમ; દેખઈતું; સાફ; ખુલ્લું; સર્ફ.
Downward, *ad.* નીચે; ઉપરથી એકળ. 2 ખાનદાનથી ઉતરતું.
Downy, *a.* રૂવાં ભરેલું; પોચું. 2 નચિંત; ચેનભરેલું. [તિનું ગાયન.
Doxology, *n.* ઇશ્વર ભજન; ઇશ્વરસ્તુ-
Doze, *v. t.* & *v. i.* જોકું. 2 *n.* જોકુંણ; ઊંગની લેહર. [2 *a.* બાર.
Dozen, *n.* બાર જીનસોનો જથ્થો; ડજન
Drachm, Drachma, } *n.* એક જાતનો યુનાની શિક્કો; દરામ; દિરહમ.
Draft, *n.* નાણું આપવાની ચિઠ્ઠિ; હુંડી. દરાફ. 2 ખરડો. 3 *v.t.* ખરડો કરવો.
Draft horse, *n.* હોડ-ભારી બોજો ખેંચનાર ઘોડો.
Drag, *v. t.* ખેંચવું; તાંણવું. 2 *v. i.* ઘસડાવું. 3 *n.* માછલી પકડવાનો ગલ અથવા જાલ.
Draggle, *v. t.* ઘસડીને ખરાબ કરી નાખવું; રગદોલવું. 2 *v.t.* રગદોલાવું.
Dragnet, *n.* પેરાની જાલ.
Dragon, *n.* એક જેહેરી સર્પ. [ખ.
Dragonfly, *n.* લીલીમાંખ; ગાંધીલમાં-
Dragon's blood, *n.* હિરાદખણ.
Dragoon, *n.* કરોલ; લશ્કરી ઘોડસ્વાર શિપાઇ.
Drain, *v. t.* કપડછાંડ કરવું. 2 પાણી કાહાડી નાખવું. 3 પાટ-પલાવો કાહાડવો. 4 *v.i.* પોતાની મેળે ગળી જવા દેવું; ટિપાઇ સુકાવા દેવું. 5 *n.* મોરી.
Drainage, *n.* પાણી નિકળી જવું-

ખાલી થવું. 2 પાણી કાહાડી નાખવાની કળા–રીત યુક્તિ; ગટર–નળ–પાટ બાંધવાની કળા.
Drake, *n.* બતકો; બતકનો નર.
Dram, *n.* એક આંસ (રા તોલા) નો આઠમો ભાગ, અથવા ૬૦ ગ્રેન (ઘઉંભાર) જેટલો વજન; દરામ. 2 દારૂનો ગોટ. 3 જલદ દારૂ.
Drama, *n.* નાટક.
Dramatic, *a.* નાટકસંબંધી; નાટકનું.
Dramatist, *n.* નાટકકવિ; નાટક લખનાર.
Draper, *n.* કાપડીઓ; કાપડ વેચનાર.
Drapery, *n.* કપડ બનાવાનું કામ. 2 કાપડી માલ; કાપડ. 3 પરદા; ઝાલર.
Draught, *n.* પિવું તે. 2 ગોટ. 3 નકાશો (ઘેર–સંચા વગેરેનો). 4 વાહાણ તરે એટલું પાણી. 5 લેહર; ઝપાટો (પવનનો).
Draughtsman, *n.* નકાશો–ઘર અથવા જગ્યાનો પ્લાન પાડનાર.
Draw, *v. t.* ખેંચવું; ઘસડવું; કાહાડવું; તાણવું. 2 પોંહોંચાડવું; લગાડવું (ધ્યાન). 3 આંકવું; દોરવું. 4 લલચાવવું. 5 ઉપાડવું;લેવું (પૈસા–પગાર). 6 લખવું; લખી કાહાડવું (ખરડા–હુંડી). *To draw a bill*, હુંડી મારવી–લખવી. 7 આવવું (સોરતી.) 8 તાણીને લાંબું કરવું (તાર). 9 *v. i.* સંકોચાવું; સંકડાઇ પાસે થવું.
Drawback, *n.* છુટ; જકાતનાં પાછાં મલેલાં નાણાં. 2 નુકસાની; ખુટ.
Drawbridge, *n.* ઊંચકમુકકરવાનોપૂલ
Drawwell, *n.* મોટનો કુઓ.
Drawee, *n.* હુંડી સિકારનાર.
Drawer, *n.* હુંડી લખનાર. 2 ચિતારી. 3 દારૂગાલનાર. 4 વખારો; વકોરો; ખાનું. *Drawers*, ઇજાર; પાજામો; લેંઘો. [નકશો.
Drawing, *n.* ખેંચાવું તે. 2 ચિત્ર;
Drawing room, *n.* દિવાનખાનું.
Drawn, *pp. or a.* ખેંચાએલું. 2 *a.* સરખું; કોઇ જીતેલું નહીં તેમ હારેલું પણ નહીં; રમવાના દાવમાં સરખી હાર જીતથયલી હોય એવું.
Dray, *n.* એક ઘોડાની નીચી ગાડી.
Dread, *n.* મ્હોટો ભય; ધાસ્તિ; ધાસકો. 2 *v. t.* દેહેશત–ધાસ્તી ખાવી.
Dreadful, *a.* બિહવડાવે એવું;ભયંકર.
Dream, *n.* ઓઆબ; સપનો; સ્વપ્ન. 2 ખ્યાલ; વહમ. 3 *v. i.* ઓઆબ–સપનો જોવો. 4 વહમ કરવો.
Dreary, *a.* એકાંત અને ઉજડ.
Dreariness, *n.* બિયાબાન.
Dregs, *n. plu.* ગદલો; થરો; રગડો. 2 *dregs of society*, મંડલીની પીડા –પાપ; દુર્ગુણી માણસો.
Drench, *v. t.* ભિનવવું; પાણીમાં બોળીને તર કરવું. 2 જુલાબ પાવો. 3 *n.* જાનવરનો જુલાબ–ઓષધ.

Dress, *v. t. & v. i.* ગોઠવવું; સમારવું; સોજ્જું કરવું. 2 પકાવવું; રાંધવું. 3 લુગડાં પેહેરવાં. 4 *n.* લુગડાં; વસ્ત્ર; પોશાક.
Dressing, *n.* આગરી; મલમ પટી. 2 હાર; કાંજી (કપડાંમાં).
Dribble, *v. i.* ટિપાં પડવાં; ટપકવું.
Dribblet, *n.* ન્હાની રકમ. *To pay in dribblets,* રૂપીઆ હરઘોકરીને ફેડવું.
Drift, *n.* પાણીના પ્રવાહ અથવા પવનના ઝપાટાથી જે કાંઈ ઘસડાઈ ગયું હોય તે. 2 મુરાદ; મકસદ. 3 *v.i.* પવનના જોરથી પાણી ઉપર ઘસડાવું.
Drill, *v. t.* નાકું પાડવું; વિંધવું. 2 In a *military sense,* કવાએદ આપવી. 3 *n.* ત્રોપણ. 4 કવાએદ. 5 વાવણ્યાથી રોપેલી અનાજની હાર.
Drilling, *n.* ઈજાર વીગરેને સારૂ એક જાતનું જાડું કપડું.
Drill-plough, *n.* વાવણયો; એક જાતનું હલ.
Drink, *v. t.* પિવું. 2 *n.* પિવાની કાંઈ પણ વસ્તુ.
Drip, *v. i.* ટપકવું.
Dripping pan, *n.* માંસને ભુંજતી વખતે ટિપાંતાં ચરબીનાં ટિપાં ઝોલીલેવાનો પેણો.
Drip-stone, *n.* બારણા અથવા બારીની અંદર પાણીની છાંટ નહીં આવે એટલા માટે તે ઉપર બાંધેલી કોરપનાર—સાયબાન.
Drive, *v. t.* ઢકેલવું; હસાવી બેસાડવું. 2 હાંકવું (ગાડી). 3 હાંકી કાહાડવું; વેહારવું. 4 *v. i.* પવન—પાણીના જોરથી આગળ ઘસડાવું. 5 *n.* ગાડીમાં બેસી કરેલી સેહેલ; ફરવા જવું તે.
Drivel, *v.i.* લબ ગલવાદેવી. 2*n.* થુક; લબ; લાળ.
Driver, *n.* હાંકનાર; દપટાવનાર. 2 ગાડીવાન.
Drizzle, *v.i.* ઝરમર—રૂમજુમવરસવું. 2 *n.* ઝરમર પડતો વરસાદ.
Droll, *a.* મશ્કરો; વિનોદી. 2*n.* ટોલટપા કરી હસાવનાર.
Drollery, *n.* મશ્કરી; ટકોર.
Dromedary, *n.* ઉંઠ; ઉંટ; સાંઢણી; સાણસી. [ખાઉ; હરામખાઉ.
Drone, *n.* મધમાખીનો નર. 2 ફોકટ
Droop, *v.i.* ગળવું; કરમાઈ-ઝુલાઈજવું 2 દિલગીરીથી માંથું નીચે નાખવું.
Drop, *n.* ટિપું; ટિપકું; છાંટો. 2 લોલક. 3 ફાંસી દેવા સારૂ ગુનેહગારને જે તકતા ઉપર ઉભો રાખેછે તે તકતો. 4 *v. t.* ટિપાં પાડવાં; ટપકાવવું. 5 હોમાવવું; નાખવું; ઉતારવું. 6 માંડી વાળવું; પતાવવું. 7 છોડી દેવું; મુકી દેવું. 8 *v. i.* ગળવું; ટપકવું; ટિપાવું. 9 પોતાની મેળે નીચે તુટી પડવું. 10 છેડો આવવો; બંધ પડવું.
Dropserene, *n.* આંખનું એક દરદ જેથી અંધાપો ઉત્પન્ન થાયછે.
Dropsical, *a.* ઉદરરોગી; જલંદરી.

Dropsy, *n.* જળંધર; ઉદર રોગ.

Dross,*n* ધાતુ અથવા કોઈબીજી ચીજને ગાળતી વખતે નિકળતો કચરો; ગાળ.

Drought, *n.* પાણીની ટિપની—ખુટ; સુકો દુકાળ. 2 શોષ; તરસ; સોખારી.

Drove, *n.* ગાયઢોરનું ટોલું; કાફલો.

Drover, *n.* ચરવઈઓ; ગાયઢોરને વેચવા લઈ જનાર.

Drown, *v. t.* ડુબાવી—ગોતું ખવાડી જાન લેવો. 2 રેલ આવવી. 3 ગરક થઈ જવું; ચકચુર થઈ પડવું, જેમકે મોજ મજાહમાં. 4 બેસી જવું; નહીં સંભળાવું (આવાજ). 5 *v. i.* ડુબી મરવું; બુડી મરવું. [આળસાઈ.

Drowsiness,*n.* ઊંઘરેટાપણું. 2 સુસ્તી;

Drowsy, *a.* ઝોંકતું; ઉંઘરેટું.

Drubbing, *n.* ફુંદામાર; સોટાબાજી.

Drudge, Drudger, } *n.* વહીતરો; ગોલામ.

Drudgery,*n.* વહીતરું; ઢોરમાર મેહનત;

Drug,*n.* કરીઆણું; દવાઈ. [મજુરી.

Druggist, *n.* ધાંધી.

Druid, *n.* ઈંગલંડ દેશનો આગલા વખતનો એક જાતનો ધર્માચારી.

Drum,*n.* પડઘમ; ઢોલક. 2 કાનનો પડદો. 3 *v. t. & v. i.* પડઘમ વગાડવું—વાગવું.

Drummer, *n.* પડઘમ વગાડનાર.

Drummond light, *n.* રસાએન સંજોગથી ઉત્પન્ન કરેલી અતિશંત પ્રકાશ ભરેલી રોશની.

Drunk, Drunken, } *a.* પિધેલું; છાકટ. *Dead drunk,* ચકચુર.

Drunkard, *n.* અમલી; મદ્યપી; દારૂબાજ. [રી; કેફ.

Drunkenness,*n.* નિશા; દારૂની ખુમારી; કેફ.

Drupe, *n.* બદામ, આલુ, ચેરી એવી જાત તથા આકારનું ફળ.

Dry, *a.* સુકું; કોરડું; ખુશ્ક. 2 રસ વગરનું. 3 આંસુંવગરનું. 4 તરસું; પ્યાસું. 5 અરસીલું; વગર જોરાનું, (ઈબારત—તકરાર). 6 *v. t. & v. i.* સુકવવું. 7 તરસથી સુકાઈ જવું. *To dry up,* સુકવી તદન કોરડું કરવું.

Dryness, *n.* કોરડાપણું; ખુશ્કિ.

Dry nurse, *n.* ધવડાવવા સિવાએ બચ્ચાંની બીજી સઘળી જતન કરવા રાખેલી દાઈ—આયા; સુક્કી આયા.

Dry rot, *n.* લાકડાંને લાગતો સડો.

Dry shod, *a.* સુકે પગે.

Dual, *a.* બેનો આંકડો બતલાવનાર. 2 દ્વિવચન (વ્યાકરણમાં).

Dubber, *n.* ઘી, તેલ, ઇત્યાદિ રાખવાનો દબડો; બુધલો.

Dubious, *a.* સંસયયુક્ત; શક ભરેલું. See Doubtful.

Duchess,*n.* ડયુક—અમીરની બાએડી.

Duck, *n.* બતક; બદક. *To play at ducks and drakes,* એટલે મિલકત—પૈસા ટકા—સર સામનની ધુલધાણી કરવી અથવા તે કમારગે વાપરવાં. 2 બુડકી; ડુબકી; ગોતું.

3 *v. t.* પાણીમાં ગોતાં-બચકોરાં ખવાડવાં.

Duckling, *n.* બતકનું પિલું-બચ્ચું.

Duct, *n.* બાલ બરોબર ઝીણી નળી જે વાટે ઝાડપાનમાં તથા જાનવરોનાં શરીરમાં રસ ચહડેછે તે નળી; વાહિની; શિરા; રગ; નસ.

Ductile, *a.* લાંબા તાર તાણી શકાએ એવું. 2 લવચીક; મુલાઇમ; વાળ્યુ વળે એવું; વળકણું; નરમ.

Ductility, *n.* મુલાઇમત; લવચીકપણું.

Due, *a.* યોગ્ય; લાયક; સજાવાર. 2 હક્ક વાજબી. 3*n.* દેણું; દેવું; લેણું. 4 મુદત ભરાઇ ચુકવી તે.

Duel, *n.* ખાનગી મતભેદ અથવા કજીયો હોવાથી તેનો નિવેડો લાવવા બે જણ વચે આગમચથી વિચારીને થતી લડાઈ, જેમાં એકબીજાના જીવની ખુઆરી કરવાનો ઠરાવ થયલો હોય છે; દ્વંદ્વયુદ્ધ.

Duelist, *n.* Duel ની લઢાઇ કરનાર.

Duet, *n.* બે જણ સાથે મળીને ગાઇ વગાડી શકે એવું ગાયન.

Dug, *n.* ગાય-ઢોર અથવા બીજાં હેવાનનો આંચળ.

Duke, *n.* અમીર; ડયુક.

Dulcet, *a.* મધુર; રસીલું; મિઠું.

Dulcify, *v. t.* શીરીન-મિઠું કરવું.

Dulcimer, *n.* કાનુન; સુતારો; પિતળના ૫૦ તારનું એક વાજીંત્ર જે લાકડાંઓથી વગાડવામાં આવેછે.

Dull, *a.* હેમક; ઠોઠ; બેઅકલી. 2 સુસ્ત; પાલીઓ. 3 ધીમું-હળુ ચાલતું (પાણીનો ઝરો). 4 બુઠરેલું; જાડ્યું. 5 દિલગીર; ઉદાસ. 6 ઝાંખું; નિસ્તેજ. 7 વાદળાં ભરેલું; વાદળ ચઢેલું. 8 વગર પવનનું; થમ. 9 મંદ; મંદીનું (વેપારનું બજાર). 10 *v. t.&v. i.* સુસ્ત-મંદ કરવું-થવું.

Dullard, *a.* બુબક. See Dunce.

Duly, *ad.* જેમ જોઇએ તેમ; યથાયોગ્ય; યથામાર્ગ. 2બરાબર વખતસર.

Dumb, *a.* મુગું; વાચાવગરનું; અવાચક.

Dumbbells, *n. plu.* જોડી; મગદળ.

Dumb show, *n.* See Pantomime.

Dumpy, *a.* ટુંકું અને જાડું; બતકું.

Dun, *n.* તગાદો કરનાર; ચાંપતી ઉઘરાણી કરવાને મોકલેલો મોસલ. 2 *v. t.* તગાદો કરવો; ચાંપીને ઉઘરાણી કરવી. 3 *a.* તપખીરીઆ-બદામી રંગનું.

Dunce, *n.* ઉલ્લુ; હેમક; બેવકુફ.

Dung, *n.* જાનવરનું છાણ-ગુ. 2 *v. t.* ખાતર નાખવું. 3*v.i.* હગવું.

Dungeon, *n.* કેદ કરવાનું અંધારૂં ભોંયરૂં; સીહાચાહ.

Dung hill, *n.* ઉકરડો.

Duo decimal, *n.* દ્વાદસાંસ ગુણાકાર.

Duo decimo, *a.* બાર સફાનું-વાળું. 2 *n.* બાર સફાના આકારનું પુસ્તક.

Dupe, *n.* ભોળાનાથ; ભોળવાએલું માણસ. 2*v.t.* ભોળવવું; ફસાવવું; ઠગવું.

Duplicate, *a.* બેવડું. 2 *n.* નકલ; ઉતારો; ડુપ્લીકેટ. 3 *v. t.* બેવડું કરવું. [પડ.

Duplicature, *n.* ચામડીનું બિજું

Duplicity, *n.* હિલ્લા—મક્કરબાજી; ફેલ.

Durability, *n.* ટકાઉપણું; ઉસ્તવારી.

Durable, *a.* ટકાઉ; કાયમ; ઉસ્તવાર.

Durance, *n.* મુદત; આવરદા. 2 કેદ.

Duration, *n.* વખત; વેળા. 2 ટકાઉપણું.

Duress, *n.* કેદ. 2 જુલમ; જબરી.

During, *prep.* સુધી; ન્નગણ; જ્યાંહાંતલક

Dusk, *n.* નિમારામ; અંધારૂં; ધુંધળું.

Dusky, *a.* નિસ્તેજ; કાળું; સિહા.

Dust, *n.* ધુળ; ગિર્દ; ધુલાડું. 2 કબર. ઘોર. 3 હલકી પદ્વિ. 4 *v. t.* ઝા-ડવું; પછોડવું. 5 ધુળ છાંટવી અ-થવા પાંથરવી.

Dusty, *a.* ધુળ બેઠેલું; ગિરદ ભરેલું. 2 ધુળનાં જેવું—રંગનું; ધુળ્યું.

Dutch, *n.* વલંદો; વલંદાની જબાન. 2 *a.* હાલંડ દેશનું.

Dutch gold, *n.* રમકડાં ઉપર લગાડ-વાનો પીતળ, ત્રાંબાં, કાસાંનો વરક.

Dutious, *a.* હુકમી; આજ્ઞાધારક.

Dutiable, *a.* જકાત લાગુ પડી શકે એવું. [ધિન.

Dutiful, *a.* વફાદાર; આજ્ઞાંકિત; આ-

Dutifully, *ad.* હુરમત વ ઈઝતથી.

Duty, *n.* ફરજ; ધર્મ. 2 જકાત. 3 ખિ-દમત. 4 કામ; ધંધો; ચાકરી. 5 પો-હોરા, ચોકી વગેરેનું શિપાઈનું કામ.

Dwarf, *n.* કોતાહકદ; ઠિંગણું.

Dwarfish, *a.* ઠિંગણું; ઠેંગું; વેંહેતીલું.

Dwell, *v. i.* રેહેવું; ટકવું; વસવું. 2 કોઈ બાબદ ઉપર લાંબાંવખતસુધી બોલવું—સંભાષણ કરવું. [ઘર.

Dwelling, *n.* રેહેવાની જગા; ઠેકાણું;

Dwindle, *v. i.* કમી—ઓછું થવું. 2 See Degenerate.

Dye, *v. t.* કપડાં ઉપર રંગ લગાડવો; રંગવું. 2 *n.* રંગ. [રંગરેજી.

Dyeing, *n.* રંગવાની કળા; રંગવાઈ;

Dyer, *n.* રંગારી; રંગરેજ.

Dying, *ppr.* મરણ પામતું. 2*a.* મ-રતી વખતે કહેલું; મરતી વખતનું.

Dynamics, *n.* ગતિમાન પદાર્થોનું વ-ર્ણન કરનારયંત્રશાસ્ત્રનો એક ભાગ. Opposed to *Statics*.

Dynasty, *n.* રાજવંશાવળી; પાદશાહનું ખાનદાન—વંશ.

Dysenteric, *a.* સંગ્રહણીના મરજવાળું.

Dysentery, *n.* સંગ્રહણી; અતેસાર; લોહીઆંમ; સીમટ; મરડો; મડો.

Dyspepsy, } *n.* બદહજમી; અજી-
Dyspepsia, } ર્ણ; બાદી; અપચો.

Dyspeptic, *n.* બદહજમીવાલું મા-ણસ; અજીર્ણ થયલું માણસ.

Dysuric, } *n.* મૂત્ર કૃચ્છ; પિશાબ ક-
Dysury, } રતી વેળા લાગતી ત-ણક, આગ અથવા અટકાવ.

E.

E. ઈંગ્રેજી મૂળાક્ષરોનો પાંચમો અક્ષર.
Each, *a.* એકેક; પ્રત્યેક; દરએક. *Each other,* એકમેક; એક બીજું; પરસ્પર.
Eager, *a.* આતુર; ઉત્કંઠિત; તલપી રહેલું; આરજુમંદ. 2 જલદ; તેજ.
Eagerly, *ad.* ઈંતેજારીથી. 2 સિતાબીથી. [હોંસ. 2 ઉતાવળી.
Eagerness, *n.* આરજુમંદી; ઉત્કંઠા;
Eagle, *n.* ઓકાબ; હોમાએ; ગરૂડપક્ષી; પક્ષિરાજ. 2 એક જાતનો સોનાનો સિક્કો. 3 એક ગ્રહ.
Eagle-eyed, *a.* તેજનજરનું; બારિક–ઝીણી–તીક્ષ્ણદૃષ્ટિવાળું.
Ear, *n.* કાન; કર્ણ. 2 લક્ષ; ધ્યાન. *To give or lend an ear to,* ચિત્ત–લક્ષ આપવું; સાંભળવું. *To poison one's ears,* કાન ફુંકવા–ભરવા; ભંભેરવું. *To set by the ears,* લડાવી મારવું. *To turn a deaf ear to,* કાનપર હાથ મૂકવા; આખાડા કરવા. 3 કણસું; ધાન્યશીર્ષક; ડુંડું. 4 *v. i.* કણસાં–કસણાં આવવાં.
Ear ache, *n.* કાનનું દરદ; કર્ણશૂલ.
Eardrop, *n.* કુંડળ; વાળી; ચોકડું.
Ear lock, *n.* ગુચ્છા; ઝુલૂપ; ઝુલફાં.
Ear pick, *n.* કાનકોતરણી; કાનકોરણી.
Ear ring, *n.* એરિંગ. See Ear *drop.*
Ear shot, *n.* કાને સંભળાઈ શકે એટલો તફાવત–છેટું–ટપ્પો.
Ear trumpet, *n.* સાંભળવાની ભુંગળી.
Ear wax, *n.* કાનનો મેલ.
Ear witness, *n.* શ્રવણ સાક્ષી; કાને સાંભળેલી સાક્ષી આપનાર.
Earl, *n.* બ્રિટિશ ઉમરાવનો ત્રીજી પદ્વીનો એક ખેતાબ; અરલ.
Earless, *a.* કાન વગરનું; બેહેરૂં; સાંભળવાને નારાજી.
Early, *a.* વખત અગાઉનું; વખત થયા અગાઉનું; વેહેલું થયલું. 2 પ્રથમ; પૂર્વ. 3 સવેળાનું; વખત–ટાંકણાસરનું; બરવખ્ત. 4 *ad.* વેહેલું; જલદી. *An early age,* or *early days,* નહાનપણ; બાળ્યાવસ્થા. *The early ages,* પુરાતન–પ્રાચીનકાળ; આગલો જમાનો. *Early dawn,* પ્રાતઃકાળ; મ્હોટું મળસ્કું. *Early life,* જવાની; યુવાવસ્થા.
Earn, *v. t.* મેળવવું; કમાવું; સંપાદન–હાસિલ કરવું; રળવું.
Earnest, *a.* ખરાં દિલવાળું; ખરા મનનું. 2 આતુર; ઉત્સુક; ઉત્કંઠિટ. 3 *n.* ખરાપણું; સત્યભાવ. 4 ઉત્કંઠા; હોંસ. 5 આગળ જતાં કંઈ બનનાર–થનાર હોય તેનું ચિન્હ; ઈસારો.

6 *earnest* or *earnest money*, બે-આનું; બાનું; આંગપર આપેલા પૈસા. *To be in earnest*, ખરા મનથી કરવું. 2 ખરૂંજ કહેવું; મજાક-મશ્કરીમાં નહીં કહેવું.
Earnestly, *ad.* ખરાપણાથી; દિલ્લોજાનથી; આસ્થા-ઉત્કંઠાથી. [આતુરતા.
Earnestness, *n.* ઉત્કંઠા; દિલસોજી;
Earnings, *n. pl.* કમાઇ; પેદાસ; આવક; રોજી; રળતર.
Earth, *n.* મટોડું; માટી; મિટ્ટી. 2 પૃથ્વી; ધરતી. 3 જમીન; ભોંય; ભૂમી. 4 દેશ; પ્રદેશ. 5 જગત; ભૂ લોક.
Earthen, *a.* માટીનું; મટોડી-કાદવનું.
Earthen ware, *n.* મટોડીનાં બાસણ.
Earthly, *a.* પૃથ્વી-જમીનને લગતું. 2 માણસ જાતની હાલની હાલતને લગતું; દુનિયાઈ; ઐહિક. 3 માટીનું.
Earth quake, *n.* ભૂકંપ; ધરતીકંપ.
Earthy, *a.* માટીનું; મટોડીના જેવું. 2 સંસારિક; ઐહિક; સંસાર વ્યવહારનું.
Ease, *n.* ચેન; ચંગી; આરામ; નીરાંત; આસુદગી. 2 આરામ્યેશ; વિસાંમો. 3 કળ; કરાર; રાહત. 4 સેહેલાઈ; અનાયાસ; આસાની. 5 *v. t.* આરામ આપવો; ચેન પાડવું; નીરાંત વાળવી. 6 નરમ-શાંત-ઠંડું પાડવું.
Easily, *ad.* સેહેલાઇથી; સેહેજમાં; અનાયાસે. 2 ખુશીથી; આનાકાની વગર. 3 ધીમે; હળવે; સ્વસ્થપણે.
East, *n.* ઉગમણી-પૂર્વદિશા. 2 પૂર્વદેશ; પૂર્વ તરફના દેશ. 3 *a.* પૂર્વનું; પૂર્વ તરફનું.
Easterly, Eastern, } *a.* ઉગમણ તરફથી આવતું. 2 ઉગમણ તરફનું-તરફ જોતું.
Eastward, *ad.* પૂર્વ તરફ; ઉગમણે.
Easy, *a.* સુખી; ખુશાલ; નચીંત; સ્વસ્થ; સુખરૂપ. 2 સેહેલું; સુલભ; હલકું; સરળ; આસાન. 3 સેહેલ; વગર ચઢણનું; સાફ સપાટ. 4 મનનું નરમ; ભોળું; રાંકડું; વળકણું. 5 તૈયાર; બોલ બોલતાંમાં રાજી. 6 અસલ; સારૂં (ચાલચલણ).
To be in easy circumstances, ખાવે પીવે-પાંચ પૈસે સુખી હોવું.
Eat, *v. t. & v. i.* ખાવું; જમવું; ભક્ષ કરવો. 2 ખાઈ નાખવું (કાટ-તેજાબ). 3 કોરી-ફોલી ખાવું (ઊંદર).
To eat one's words, બોલીને ફરી જવું; ફેરવી તોલવું.
Eatable, Eatables, } *a. & n.* ખાવા-જમવા જેગું; ભક્ષ્ય; ખાદ્ય. 2 ખાણું; ભોજન; ખાવાની વસ્તુ.
Eau de Cologne, *n.* કોલોનવાટર; કોલોન શેહેરનો સુગંદી અર્ક.
Eau de luce, *n.* અમોનીયાનું જલદ વાસ ધરાવતું પાણી; અબલુસનું પાણી.
Eaves, *n. plu.* છજું; છજ્યું; નેવ.
Eaves dropper, *n.* ચગોર; છજ્યાં

અથવા બારી આગલ સંતાઈ-ભરાઈ કોઈની ખાનગી વાતચિત સાંભળનાર.

Ebb, *n.* ઓટ; ભરતીનાં પાણીનું પાછું હટવું. 2 પડતી; પડતી દશા. 3 *v. i.* ઓટથવી-લાગવી. 4 પડતી દશા હોવી-થવી.

Ebony, *a.* આબનૂસના જેવું કાળું. 2 *n.* આબનૂસનું લાકડું.

Ebriety, *n.* મસ્તી; છાકટપણું.

Ebrious, *a.* દારૂબાજ; નિશાખોર.

Ebullition, *n.* ઉકળવું તે; ઉભરો; જોશ; કઢ; ઉભાણ.

Eccentric, } *a.* મધ્યબિંદુ છોડી
Eccentrical, } જતું; મધ્યત્યાગી.
2 (*Geom.*) અસમકેંદ્ર; વિષમકેંદ્ર. 3 તરેહવાર; વિચિત્ર; વિલક્ષણ.

Eccentricity, *n.* વિષમકેંદ્રતા. વિલક્ષણપણું; બેઢંગાપણું.

Ecclesiastic, ધર્મોપદેશક; પાદ્રી.

Ecclesiastic, } *a.* ધર્મપ્રકરણસંબંધી;
Ecclesiastical, } દિનધરમને લગતું.

Echo, *n.* પડસાદ; પ્રતિશબ્દ; પડઘો. 2 *v. t.* & *v. i.* ગાજી ઉઠવું; પડસાદ-પાછો અવાજ આવવો-આપવો; પડઘો પડવો.

Eclat, *n.* શોભા; બહાર; રંગ; ભભકો; રોનક. 2 શાબાશીનો પોકાર; વાહવા; પ્રશંસા વખાણ.

Eclectic, *a.* ચૂંટી-નિવડી કાઢનારૂં; વિવેચન કરનારૂં; વિવેચક.

Eclipse, *n.* ગ્રહણ. *Eclipse of the sun,* સૂર્ય ગ્રહણ. *Eclipse of the moon,* ચંદ્રગ્રહણ. *Duration of an eclipse,* સ્થિતિ; ગ્રહણ કાળ. 2 પ્રભા-કાંતિ ક્ષય. 3 *v. t.* ઓથો કરવો; ગ્રહણ લાગવું; તેજ-કાંતિનો ક્ષય કરવો. 3 દબાવવું; ઝાંખું-ફિક્કું પાડવું.

Ecliptic, *n.* આકાશમાં જે માર્ગેથી સૂર્ય ફરેછે એવું જે દેખાયછે તે માર્ગ-રસ્તો; ક્રાંતિવૃત્ત; ક્રાંતિમંડલ.

Economic, } *a.* ઘર-ઘરકુટુંબ સંબં-
Economical, } ધી; કુટુંબ કબીલાને લગતું. 2 કસરીલું; કીફાયતી; કરકસરનું; બેત પ્રમાણે.

Economize, *v. t.* & *v. i.* કરકસર કરવી; તપાસીને-ડાહાપણથી-હાથ રાખીને ખર્ચ કરવો -વાપરવું.

Economy, *n.* ઘરબારની અથવા હરેક કામની સંભાળ-વ્યવસ્થા-બંદોબસ્ત; ઘર ખરચની વ્યવસ્થા. 2 કરકસર. 3 પ્રાણી અથવા ઝાડ પાનનું પોષણ થવાના અને તેમની સંભાળ રાખવાના તથા તેમની ઉત્પત્તિ થવાના કુદરતી કાએદા-નયમો; નીતિ; વ્યવસ્થા; વિધાન. 4 કારભાર; વહિવટ. *Political economy,* વ્યવહાર શાસ્ત્ર; અર્થ શાસ્ત્ર.

Ecstacy, *n.* સમાધી; એકાગ્રચિત્ત;

ઊંડું ધ્યાન ધરવું તે; તન્મયાવસ્થા; તલ્લીન અવસ્થા. 2 ચિત્ત ઠેકાણે ન હોય એવી સ્થિતિ; ગાંડાપણું. 3 અત્યાનંદ; અતિશય-બેહદ ખુશાળી; પરમાનંદ.

Eddy, *n.* પાણીનો પાછો મારતો ઓઘ. 2 વમળ; ભમરો; ભમર. 3 વંટોળીઓ; વાવંટોળ.

Edge, *n.* કોર; પાળ; પાર; કિનારી; કાંઠો. 2 ધાર. 3 પાણી; તેજ. 4 તીવ્રતા; તીક્ષ્ણતા. 5 આરંભ. 6 *v. t.* ધાર કાઢવી; ધાર કરવી. 7 સંજાબ-મગજી-કિનારી મૂકવી. 8 ઉસ્કેરવું. 9 ધીરે ધીરે ખસેડવું-સરકાવવું. 10 *v. t.* બાજુએ રહેવું; ધીરે ધીરે ખસવું-સરકવું. *To set the teeth on edge,* દાંત અમલાઈ-અંબાઈ-ખટઈજવા.

Edged, *a.* ધારવાળું-દાર.

Edgeless, *a.* બુઠ્ઠું. [થી; મેરથી.

Edgewise, *ad.* ધાર તરફથી. 2 કોરે-

Edging, *n.* કિનારી; કોર; ઝાલર; મગજી; સંજાફ.

Edible, *a.* ખાવાજોગ-લાએક; ખાદ્ય.

Edict, *n.* રાજાજ્ઞા; રાજાનો હુકમ.

Edification, *n.* મનને સુધારવાની તથા નીતિજ્ઞાનમાં વધારો કરવાની કેળવણી-તાલીમ-તરબીયત; જ્ઞાન-સદગુણવૃદ્ધિ. [અમલો.

Edifice, *n.* ઈમારત; હવેલી; મેહેલ;

Edify, *v. t.* તાલીમ-શિક્ષા આપવી; નીતિજ્ઞાન આપવું; પરમાર્થબુદ્ધિ આપવી-વધારવી; નીતિમાર્ગની બુદ્ધિ આપવી.

Edit, *v. t.* ગ્રંથ વગેરે તપાસીને છાપવા-પ્રસિદ્ધ કરવા પર ચોકસાઈ રાખવી. 2 કોઈ પુસ્તક અથવા પત્ર પ્રગટ કરવાસારૂ વિષય લખવો, તપાસવો અથવા પસંદ કરવો.

Edition, *n.* ગ્રંથ છપાવી પ્રગટ કરવો તે. 2 પ્રત; આવૃત્તિ.

Editor, *n.* કોઈપણ ગ્રંથ છાપવા સારૂ તેને તપાસીને તૈયાર કરનાર. 2 વર્તમાન પત્રનો અધિપતિ-કર્ત્તા.

Editorial, *a.* અધિપતિને લગતું-વિશે. 2 અધિપતિએ લખેલું. 3 *n.* અધિપતિએ લખેલો મજકુર-વિષય-બાબદ.

Educate, *v. t* કેળવવું; શિખવવું; તરબિયત-કેળવણી આપવી. 2 પાળી પોશી ઉછેરવું; ઉછેરવું. [શિખેલું.

Educated, *a.* કેળવાયલું; ભણેલું;

Education, *n.* કેળવણી; તાલીમ; તરબિયત; શિક્ષા.

Educational, *a.* કેળવણી સંબંધી.

Educe, *v. t.* બાહર કહાડવું-આણવું.

Eel, *n.* બાંમ માછલી; મારમાછી.

Efface, *v. t.* છેકી-ભૂસી-લૂછી નાખવું; છેકો મારવો. 2 મનમાંથી કાઢી નાખવું; વિસારી નાખવું.

Effect, *n.* કાર્ય; ગુણ; અસર; સિદ્ધિ; ફળ; પરિણામ; તાસીર. 2 મતલબ; અર્થ. 3 વજન; કુઅત; મહત્વ. 4 *effects, plu.* માલમત્તા; અસબાબ; મિલકત. 5 *v. t.* બનવું; બનાવવું; સાધવું; ઉત્પન્ન કરવું; બની આવવું. *To take effect,* ગુણ લાગવો; અસર થવી. 2 અમલમાં આવવું. *To give effect to,* બજાવવું. *In effect,* ખરે ખર; ખરૂં જોતાં.

Effective, *a.* ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવતું. 2 ગુણ કારક-કારી; અસરકારક; કારગર. 3 ઉપયોગી; ઉપયોગનું; કાર્યશક્ત; કામનું.

Effects, *n. plu.* See Effect, *No.* 4.

Effectual, *a.* સફળ; સાર્થક; કારગત.

Effeminacy, *n.* નામર્દી; નામર્દાઈ; નામર્દપણું; બાયલાપણું; રાંડીયાપણું.

Effeminate, *a.* નામર્દ; બાયલો. 2 *v.t.* & *v. i.* નામર્દ કરવું-થવું.

Effervesce, *v.i.* જોરા આવવો; ઉભાણ થવું; ખદખદવું; ઉભરાવું. [ઉભરો.

Effervescence, *n.* જોરા; ઉભાણ;

Effervescent, *a.* ખદખદતું; ઉભરાતું.

Efficacious, *a.* ગુણકારી; અસરકારક; રામબાણ; કાર્યસાધક.

Efficaciousness, Efficacy, } *n.* સત્વ; તેજ; જીવ; ગુણ; ગુણકારિતા; કાર્યસિદ્ધિ; તાસીર. [કાર્યસાધક.

Efficient, *a.* & *n.* ફળદાયક-કારક;

Effigy, *n.* કોઈનું બાહુલું; પુતળું; મૂર્તિ. 2 સિક્કા ઉપરનું ડાકું-મુખવટો.

Efflorescence, *n.* (*Bot.*) ફુળ ખિલવાની મોહોસમ; પુષ્પોત્પત્તિકાળ. 2 (*Chem.*) પદાર્થો ઉપર બંધાતી-આવતી ફુગ અથવા બારીક ભુકો. 3 કોખા ઉપર ફૂટી નિકળતો ખાર.

Effluvium, *n.* વરાળ રૂપે ઉડવું તે; ખુમ્બાર; બાફ. 2 પમરાટ; વાસ. 3 ગંધ; બદબો.

Efflux, *n.* વહી નિકળવું તે; પ્રવાહ.

Effort, *n.* પ્રયત્ન; કસદ; કોશિશ. *To make an effort,* જોર મારવું.

Effrontery, *n.* શોખાઈ; બેહયાઈ; નફફટાઈ; નઠોરપણું.

Effulgence, *n.* બેહદ ચળકાટ; અતિશય ઝલક-નુર; ચમક; ધમક; આબ.

Effulgent, *a.* નુરી; ઝલેદાર; ચકચકતું; તેજસ્વી; પ્રકાશિત.

Effuse, *v. t.* રેડવું; વરસાવવું (ખુન).

Effusion, *n.* ઉતરવું, જેમકે ખુદા તરફથી બુદ્ધિ, બક્ષીશ. 2 રેડવું; વરસવું; નિકળવું તે.

Egg, *n.* ઈંડું; બેડું. [વેંગણ; બેંગણ.

Egg plant, *n.* વંતાક; વંત્યાક; વેંગણું;

Egotism, *n.* હુંપણું; પતરાજી; આપવડાઈ; ખુદ પરસતી; ખુદબીની.

Egotist, *n.* બડાઈ કરનાર; બડાઈખોર.

Egregious, *a.* ઘણું મ્હોટું; વિલક્ષણ; ભારી; રાક્ષ; અટલ; ભારે; જબરૂં.

Egress, *n.* બાહાર જવું-નિકળવું તે; નિર્ગમન.
Eight, *a.* આંઠ; અષ્ટ; ૮.
Eighteen, *a.* અઢાર; ૧૮.
Eighth, *a.* આઠમું.
Eight fold, *a.* આઠગણું; આઠપટ.
Eighty, *a.* એંસી; ૮૦.
Either, *a.* or *pron.* આ અથવા તે; બેમાથી એક; કોઈબી; ગમેતે. 2 *conj.* અથવા; કિંવા; કાંતો.
Ejaculate, *v. t.* ઉદગાર કાઢવો; બંદગીની રાહે થોડાક શબ્દો બોલવા.
Ejaculation, *n.* દુવા; ટુક બંદગી; દરૂદ; ઉદગારરૂપ પ્રાર્થના.
Eject, *v. t.* કહાડી-હાંકી-ખદેડી મુકવું. 2 દેશાપાર-હદપાર કરવું. 3 કામ ધંધા-નોકરી ઉપરથી ખસેડવું-કાઢી મૂકવું; બરતરફ કરવું. 4 મુકી દેવડાવવું; કબજો લઈલેવો; ખાલી કરાવવું; વતન-ઘરબારમાંથી કાઢવું.
Ejectment, *n.* બહાર કાઢી મેલવું તે; બહિષ્કાર. 2 (*Law*) ઇજેક્ટમેંટની ફરીયાદી; ભાડુતો વગેરેને ખાલી કરવાને અથવા તેમની પાસેથી કબજો મૂકાવવાને ઘર અથવા જમીનના ધણીએ માંડેલી ફરીયાદી.
Eke, *v. t.* વધારવું. 2 પૂરવું; જોઈતું ખુટતું પુરૂં પાડવું.
Elaborate, *v. t.* ઘણીજ મેહેનતથી બનાવવું-તૈયાર કરવું. 2 મેહેનત કરીને સુધારવું. 3 *a.* ઘણી મેહેનતે બનાવેલું-કીધેલું. [જવું; વિતવું.
Elapse, *v. i.* ગુજરવું; થઈ-વહી
Elastic, *a.* કમાની ખાસિયતનું; લવચીક; સ્થિતિ સ્થાપક.
Elasticity, *n.* કમાની ખાસિયત; લવચીકપણું; સ્થિતિસ્થાપકતા.
Elate, } *a.* હર્ષથી ચઢી-ફુલી ગએલું; મગરૂર; દિમાખદાર.
Elated, }
Elation, *n.* ફુલાસ; મગરૂરી. [કોણી.
Elbow, *n.* કોપરિયું; હાતનું ગુડણ;
Elder, *a.* વડું; મ્હોટું; જ્યેષ્ટ. 2 *n.* વડું વડેરૂં; વડીલ; ગુરુજન. 3 *pl.* બાપદાદા; પૂર્વજન; વાડવડીલ; બુજર્ગાન. 4 ધર્મસંબંધી ક્રિયાકારભાર ચલાવનારા પાદ્રિઓ. [સાલદાર.
Elderly, *a.* ઘરડી વયપર આવતું;
Eldest, *a.* સઉથી વડું; જ્યેષ્ટ.
Elect, *v. t.* નિવડવું; પસંદ કરવું. 2 (*Theol.*) કૃપા-મેહેરબાની ઉતારવાસારૂ-ઉદ્ધાર માટે પસંદ કરવું. 3 *a.* પસંદ કીધેલું; નિમેલું; ચુંટી કાઢેલું. 4 *n.* ખુદાની મેહેરબાની ઉતારવાસારૂ-ઉદ્ધારસારૂ પસંદ કરેલાં લોક-માણસ.
Election, *n.* પસંદગી; નેમણુક. 2 પસંદ કરવાની સત્તા-અધિકાર.
Electric, } *a.* વિજળીને લગતું; વિજળીનું; વિદ્યુત્સંબંધી.
Electrical, }
2 વિજળીથી થયલું. 3 વિજળીથી

ભરેલું; વિજળીવાલું 4 વિજળીના ચમત્કાર ઉત્પન કરનાર–બતાવનાર.

Electricity, *n.* વિજળી; વિદ્યુત; વીજ. 2 વિજળીથી થતા બનાવ અને તેના નિયમો સમજાવનાર વિદ્યા; વિદ્યુદ્વિદ્યા.

Electrify, *v. t.* વિજળીને બિજા પદાર્થોમાંથી પસાર કરવી; વિજળી ભરવી; વીજની અસર લગાડવી; વિજળીને ધકો–આંચકો લગાડવો. 2 એકાએક દંગ–ચકિત કરવું; ઉત્સુક કરવું

Electuary, *n.* શિરા અથવા મધમાં ખાવાની દવા–પડીકું.

Eleemosynary, *a.* ધર્મખાતે–ખેરાત કરવા–ધર્માર્થ આપેલું. 2 ધર્મદાય સંબંધી; ધર્મનું; ધર્મખાતે. 3 *n.* ભિક્ષાથી પેટ ભરનાર; ભિક્ષોપજીવી.

Elegance, Elegancy, *n.* સુશોભિતપણું; શોભા; રોનક. 2 (of furniture) સફાઈ. 3 (of speech) પદલાલિત્ય; પ્રૌઢપણું; ફસાહત.

Elegant, *a.* શોભિતું; સુશોભિત; ખુબસુરત; ખુશનુમા. 2 રસીલું; અલંકારિક; રસિક; પ્રૌઢ. 3 લલિત; લાવણ્તાવાળું.

Elegy, *n.* શોક–વિલાપ ગીત; પરજીઆ; મરશીઆ; રાજીઓ.

Element, *n.* તત્વ; મુળ; બીજ. 2 અંશ; ભાગ; અવયવ. 3 તત્વ; ઉનસર. 4 સ્વસ્થાન; સ્વધામ; મકાન; જગ્યા; ઠોર. 5 ખરડો. 6 (*pl.*) મુળતત્વો; મુળપીઠિકા; આરંભ. 6 પૃથ્વી. 7 પ્રભુ ભોજનમાં વપરાયછે તે રોટી અને 'વાઇન' દારૂ. *The five elements,* પંચમહાભૂત. (આકાશ, પૃથ્વી, પાણી, વાયુ અને અગ્નિ.)

Elementary, *a.* અમિશ્રિત; ભેળ કીધા વગરનું; શુદ્ધ. 2 મુળતત્વનું.

Elephant, *n.* હાથ્થી; ગજ; પીલ.

Elephantiasis, *n.* વારૂળ; પગ–હાથ સુજી આવવા–રસ ઉતરવો તે.

Elevate, *v. t.* નીચાણથી ઉંચી જગ્યાપર લઈ જવું. 2 ઊંચે દરજ્જે ચઢાવવું; સરફરાજ–બુલંદ કરવું. 3 ઉભરા–ઉત્તેજન આપવું. 4 શ્રેષ્ઠ–પ્રતિષ્ઠિત કરવું. 5 ચઢાવવું; ખેંચવું (અવાજ.)

Elevation, *n.* ઊંચાઈ; ઊંચાણ. 2 સરફરાજી; બુલંદી. [દશ.

Eleven, *a.* અગીઆર; ૧૧; એકાદશ.

Elf, *n. plu.* Elves, ભુત; જીન; પરિયાં.

Elicit, *v. t.* કાહાડવું; ઉપજાવવું; તકરાર ઉપરથી સાર કાહાડવો.

Eligible, *a.* પસંદ કરવા લાયક–યોગ્ય.

Eliminate, *v. t.* કાઢી નાખવું; ઉડી જાએ તેમ કરવું; ઉરાડી મૂકવું.

Elision, *n.* લોપ; અદર્શન (વ્યાકરણમાં)

Elite, *n.* પસંદ કરેલાં–ચુનંદાં માણસો.

Elixir, *n.* અર્ક; કસ. 2 કોઈબી ચીજને સોનું બનાવી દે એવો રસ;

અકસીર. 3 રસાયન. 4 ઉતેજન આપે એવો દારૂ; પૌષ્ટિક-તેજ વર્ધક ઔષધ.
Elk, n. સાંબર. [ભરવાનું માપ.
Ell, n, આસરે સવાવાર જેટલું કાપડ
Ellipse, n. અંડાકૃતિ; દીર્ઘ વર્તુળ.
Ellipsis, n. plu. Ellipses. (Gram.) અધુરૂં; જોડી દિધેલા અથવા જાવત શબ્દો; પદન્યુનતા; અધ્યાહાર.
Elliptic, } a. અધુરૂં; ન્યુનપદ.
Elliptical, }
Elm, n. એલમનામનું એક જાતનું ઝાડ.
Elocution, n. બોલવાની-ભાષણ કરવાની ઢબ-છટા; વકતૃત્વ; ફસાહત; શબ્દ-વાકચાતુર્ય. [લંબાવવું.
Elongate, v. i. તાણી લાંબું કરવું;
Elope, v. i. નિકળી જવું; પરણેલી સ્ત્રીએ પોતાનાં ધણીની અથવા કુંવારી સ્ત્રીએ પોતાનાં મા બાપની હરસે યાર સાથે જતું રહેવું.
Elopement, n. પલાયન; નિકળી જવું-યાર સાથે જતું રહેવું તે.
Eloquence, n. ખુશગોઇ; શીરીન ગુફતારી; હલાવત; વકતૃત્વ; વકતાપણું; સુભાષણ; વાક ચાતુર્ય.
Eloquent, a. સુભાષિત; વાકચતુર; શીરીન આદા-ઝબાન; ખુશ ગુફતાર.
Else, a. or pron. બિજું; અન્ય; ઓર. 2 ad. નહીંતો; અન્યથા. 3 શિવાય; એરીજ; બીજું.
Elsewhere, ad. બીજે ઠેકાણે; કોઈબી બીજી જગ્યાપર; અન્યત્ર.
Elucidate, v. t. ઉઘાડું-સ્પષ્ટ-રોશન-સમજ પડે એવું કરવું.
Elucidation, n. સ્પષ્ટીકરણ; ઉઘાડું-સ્પષ્ટ કરવું તે. 2 દ્દષ્ટાંત; દાખલો; તફસીલ; સમજણ; ખુલાસો.
Elude, v. t. નજર ચુકવવી-ચોરાવવી; વાત ઉડાવવી; ટાળો કરવો.
Elusive, } a. ઠગાઈ ભરેલું; નજર
Elusory, } ચુકવે-ચોરવે એવું.
Elysian, a. સ્વર્ગનું-સંબંધી; સ્વર્ગીય. 2 અત્યાનંદકારક.
Elysium, n. ઈદ્રભુવન; સ્વર્ગ; જીન્નત. 2 સારી જગ્યા--મકાન; સુખસ્થાન.
Emaciate, v. i. & v. t. નબાઈ-ગળાઈ-સુકાઈ-તવાઇ જવું; દુબલું તથા ફિક્કું થવું; હાડકાં નિકળવાં.
Emaciation, n. દુબલાઈ; ગળાઈ-તવાઈ જઈ હાડકાં નિકળવાં તે.
Emanate, v. i. ઉત્પન્ન થવું; નિકળવું; વેહેવું,(રોશની,પસિનો,નદી,વગેરે).
Emancipate, v. t. બંધનમાંથી ખલાસ કરવું; છોડવવું; બંધ ખલાસ કરવો; આઝાદ કરવું; મોકળું-સ્વાંત્ર કરવું. 2 મોક્ષ-મુક્તિ આપવી.
Emancipation, n. બંધ ખલાસ-મોચન; ટકો; આઝાદગી. 2 મોક્ષ; મુક્તિ.
Emasculate, v. t. ખાંસી-નપુસક

કરવું. 2 નામરદ-કમજોર કરવું; પુરૂષત્વ ભંગ કરવો.

Embalm, *v. t.* મુમાઈ કરવી; મુરદાંને સડો નહીં લાગે એટલા સારૂ તેને ચિરીને તેનાં પેટમાં મુમાઈ અથવા મુમીયાન તથા ખુશબોઈ ભરેલો મસાલો ભરવો. 2 પ્રીતીથી-મમતાથી યાદ રાખવું.

Embankment, *n.* પુસ્તાબંધી; બાંધ.

Embargo, *n.* બંદરમાં વાહાણ આવા અથવા જવાવિશે થએલી બંધી. 2 અટકાવ; પ્રતિબંધ; મના; બંધી.

Embark, *v. t.* & *v. i.* વાહાણ ઉપર ચહડાવવું-ચઢવું; રવાને કરવું-થવું. 2 કામ માથે લેવું-હાત નાખવો-ઘાલવો; શામેલ થવું.

Embarrass, *v. t.* ગભરાવવું; મુશ્કેલીમાં નાખવું; ગુંચવવું. 2 ભિડાઈ જવું; પૈસાની તંગીમાં આણવું.

Embarrassment, *n.* ગુંચવણ; ગભરાટ; જંજાલ. 2 તંગી; ભીડ.

Embassador, *n.* એલચી; વકીલ.

Embassy, *n.* રાજદરબારી પેગામ-સંદેસો; એલચીગિરી; વકીલાત. 2 એવો પેગામ લઈ જનાર શખ્સ અથવા શખ્સો; એલચી; વકીલ. 3 એલચીનું ઘર-મકાન.

Embattled, *a.* યુદ્ધ-લડાઈ સારૂ હારેદાર ગોઠવેલું. 2 મોરચાવાળું.

Embellish, *v. t.* સિનગારવું; આરાસ્ત-સુશોભિત કરવું.

Embellishment, *n.* જેબ; આરાસ્તગી; ભુષણ; અલંકાર.

Embers, *n.* રાખમાની નાની ચણગારી; અંગારો;ગરમ રાખ;ભભરટ.

Embezzle, *v. t.* કોઈ પારકા ધણીએ રાખવા આપેલો માલ અથવા પૈસા લુચ્ચાઈથી વાપરી નાખવા; ખાઈ-હજમ-ઉચાપત કરી જવું; ઓહીયાં કરીજવું; પચાવી પડવું.

Embezzlement, *n.* ઉચાપત.

Embitter, *v. t.* કડવું કરવું. 2 દુખી કરવું.3વધારે તીવ્ર-કરકું-કઠોર.કરવું.

Emblazon, *v. t.* ઝલેદાર કરવું; સણગારવું. 2 કુલીનતાનાં ચિન્હોનાં ચિત્રથી સણગારવું.

Emblem, *n.* નિશાન; ચિન્હ; લક્ષણ.

Emblematic, } *a.* નિશાનીનું; દર્શક;સૂચક;લક્ષણિક.
Emblematical, }

Embody, *v. t.* દેહ-શરીર આપવું; સદેહ-દેહધારી કરવું. 2 સંગ્રહ કરવો; એકઠું કરવું-મેળવવું.

Embodiment, *n.* સદેહ કરવું તે. 2 એકઠેકાણે લાવવું તે; સંગ્રહ; સમૂહ; જમાવ.

Embolden, *v.t.* હિમત-ધીરજ આપવી; દિલાસો દેવો. *To be emboldened,* છાતી ચાલવી;હિમ્મત આવવી.

Emboss, *v. t.* ઉપસી નિકળે એવી આકૃતિ-છાપ-ફુલી પાડવી.

Embrace, *v. t.* બગલગીરી-કોટી ક-

રવી; ગલે લાગવું; આલિંગન કરવું; ભેટવું; બાથમાં લેવું. 2 કબૂલ-માન્ય કરવું; અંગીકાર-સ્વીકાર કરવો. 3 માહે-અંદર આાવવું; સમાવેશ થવો. 4 ઘેરવું. 5 *n.* કોટી; આલિંગન; બગલગીરી. *To embrace an opportunity,* તક સાધી લેવી.

Embrasure, *n.* તોપની બારી; જંગી; કોટની સફીલમાં પાડેલું બગાડું-બાકું.

Embroider, *v.t.* વેલબુટ્ટી ભરવી-કાહાડવી; ચિકન ભરવાં. [ચોબ; કશીદો.

Embroidery, *n.* ભરત; ચિકન; કાર-

Embroil, *v. t.* ગુંચવારા-ગભરાટ ખટપટ-કટકટ-પંચાતીમાં નાખવું.

Embryo, *n.* તરતનો રહેલો ગર્ભ; હમેલ. 2 ઝાડપાનનાં બીજની અંદરનો જીવવાળો ભાગ; મૂળ બીજ. *In embryo,* ધારેલું પણ પાર ન પડેલું. [કાહાડવો તે.

Embryotomy, *n.* અધુરા ગર્ભને કાપી

Emandation, *n.* ચૂક સુધારવી તે; ભૂલનો સુધારો.

Emerald, *n.* પાનું; જમરૂદ; લિલમ.

Emerge, *v. i.* બાહેર નિકળી આવવું; ઉપર આવવું-નિકળવું.

Emergence, } *n.* ઉદય; બાહેર નિ-
Emergency, } કળી આવવું તે, જેમકે પાણીમાંથી અથવા કોઈ બીજી વસ્તુના ઓથામાંથી. 2 એકાએક નિકળી આવેલું કામ-પ્રસંગ -અવસર-બનાવ. 3 ગરજ; અગત્ય; જરૂરત. [નિકળતું. 2 જરૂરનું.

Emergent, *a.* બહાર-ઉપર આવતું-

Emery, *n.* કુરંજ; પત્થરનો ભૂકો.

Emetic, *a.* વમનકારક; ઉલટી લાવે એવું. 2 *n.* ઉલટી-ઓકલાવવાનું ઓષધ; વામિટ.

Emeute, *n.* હુલ્લડ; બખેડો; ફિતનો.

Emigrant, *a.* & *n.* પોતાનો દેશ છોડીને ગયલું; પરદેશાવાસી; દેશાંતર ગએલું માણસ.

Emigrate, *v. i.* પરદેશ રહેવા જવું; પ્રવાસ કરવો; દેશાંતર રહેવા જવું.

Emigration, *n.* પરદેશાવાસ; દેશાંતર; દેશત્યાગ; વિદેશાગમન.

Eminence, } *n.* ઊંચાણ; ચહડાંણ.
Eminency, } 2 બુજરગી; દરજ્જો; જાહોજલાલી; પ્રતિષ્ટા; મોટપણ.

Eminent, *a.* બુલંદ; ઊંચું. 2 પ્રસિદ્ધ; પ્રખ્યાત. 3 ઊંચા દરજ્જા-પદ્વિનું.

Eminently, *ad.* ઘણું શ્રેષ્ટરીતે; ઘણીજ સરસ રીતે.

Emissary, *n.* દૂત; હરકારો; એપીપો. 2 જાસુસ; ભેદીયો; ભેદુ; ચાર.

Emit, *v. t.* કાહડવું; દેવું; આપવું; છોડવું; બાહેર પાડવું-નિકળવું.

Emmet, *n.* કીડી; મંકોડો.

Emollient, *a.* નરમ-સુંવાળું-મુલાઈમ કરનારૂં; મૃદુકારી. 2 *n.* તેલ, ચિકાસ અથવા ગુંદરના જેવું ચિકણું ઓસડ.

Emolument, n. આવક; પેદાશ; પ્રાપ્તિ. 2 નફો; લાભ.
Emotion, n. મનોવિકાર; ચિત્તવૃત્તિ. 2 ઉદ્વેગ; મનસ્તાપ; મનની અકળામણ
Empale, v. t. અણીદાર ખુંટિઓ મારી બંધીયાર કરવું; પૂરવું; ગોંધવું. 2 સૂળીએ ચડાવવું; સૂળી દેવી.
Empannel, v. t. પંચ–જુરીનાં માણસોનાં નામો યાદીમાં લખવાં; પંચ–જુરીવાળાઓની યાદી તૈયાર કરવી.
Emperor, n. શાનશાહ; સુલતાન; છત્રપતી; રાજાધિરાજ; ચક્રવર્તી રાજા. *Emperor of Rome*, કેસર. *Emperor of China*, ખાકાન.
Emphasis, n. (*Rhet.*) અસર કરવા સારૂ શબ્દો અથવા વાક્ય ઉપર મેલાતો જોર–ભાર. 2 બોલવામાં માનસિક જુસ્સો.
Emphatic, Emphatical, a. જોર–ભારવાળું; જોર–ભાર મુકીને બોલેલું. 2 આંખ ઉપર અસર કરે એવું, જેમકે *emphatic* colors.
Empire, n. મુખત્યારી; શ્રેષ્ઠ અધિકાર; કુલ અખત્યાર; બાદશાહી; શાહેનશાહી હકૂમત. 2 શાહનશાહત; સલતનત; અધિરાજ્ય.
Empiric, a. અનુભવનું. 2 અનુભવ સિદ્ધ; અનુભવ ઉપરથી થયલું. 3 n. ઊંટવૈદું કરનાર; ઊંટવૈદ; નિમહકીમ; ફક્ત સાંભળી–જોઇનેજ ઔષધ આપવા શિકયો હોય, અને જે વૈદક શાસ્ત્ર ભણેલો નહીં હોય એવો વૈદ્ય.
Empiricism, n. ઊંટવૈદું.
Employ, v. t. કામમાં લગાડવું; વાપરવું; ઉપયોગમાં લાવવું. 2 ચાકરીએ લગાડવું–રાખવું. 3 n. See employment.
Employe, n. નોકર; ચાકર.
Employer, n. શેઠ; ચાકરીએ–કામે લગાડનાર.
Employment, n. કામમાં લેવું–વાપરવું તે. 2 ઉદ્યોગ; કામ; ધંધો; ચાકરી; રોજગાર.
Emporium, n. ઉતારપેંઠ; વેપાર વણજનું મુખ્ય બંદર; વેપારનું મથક.
Empoverish, v. t. See Impoverish.
Empower, v. t. મુખ્તિયાર કરવું; અખ્તિયાર–અધિકાર આપવો.
Empress, n. મહારાણી; મલિકા; કેસર. *Empress of India* કેસરેહિન્દ.
Empty, a. ખાલી. 2 પોકળ; બાતલ; નિરર્થક. 3 મિથ્યા; માયારૂપ. 4 ઉજડ; નરેડાટ; વેરાન. 5 જ્ઞાનહીન; મૂર્ખ. 6 કાલ્પનિક; કલ્પિત. 7 v. t. & v. i. ખાલી કરવું–થવું.
Empyreal, a. અગ્નિમય; તેજોમય. 2 દિવ્ય–સત્યલોક સંબંધી.
Empyrean, n. દિવ્યલોક; સાયલોક–ભુવન; ફલકુલ અફલાક.
Emphyreumatic, a. ઝાડ પાન અ-

થવા જાનવરને લગતી કોઈ બળેલી જીનસના વાસ અથવા સવાદવાળું.

Emulate, *v. t.* બરોબરી-સરોબરી-ચઢાચઢી કરવી.

Emulation, *n.* ઈર્ષા; હોંસાહોંસી; બરાબરી; સરોબરી; સ્પર્ધા; ચરસાચરસી.

Emulous, *a.* સરોબરી-બરાબરી કરતું; ચરસે ચઢેલું; સ્પર્ધાળુ; સ્પર્ધી.

Emulsion, *n.* (*Med.*) દુધના જેવી કંઈ દવા.

Enable, *v. t.* સમર્થ-શક્તિમાન કરવું.

Enact, *v. t.* કાયદો બાંધવો-કરવો; ઠરાવ કરવો. 2 કરવું; સાધવું.

Enactment, *n.* સ્થાપના; સ્થાપન. 2 પસાર થયલો-બંધાયલો કાયદો.

Enamel, *n.* મીનો; કાચ અથવા કોડીના જેવી સુમારી સપાટીવાલી ચીજ. 2 દાંત ઉપર જે સફેદ સુમારી અને ચલકતી પોપડી દેખાયછે તે. 3 *v. t.* મીનો લગાડવો-ચઢાવવો; મીનાકારી કરવી.

Enamor, *v. t.* આશક પડવું; મોહિત-ફિદા થઈ પડવું; લુબ્ધ થવું.

Enamored, *pp.* or *a.* મોહિત; આસક્ત; આશક થઈ પડેલુ.

Encamp, *v. i.* & *v. t.* ડેરા તંબુ મારવા; છાવણી કરવી.

Encampment, *n.* મુકામ; છાવણી; લશ્કરગાહ; પડાવ; ડેરો.

Enchain, *v. t.* સાંકળથી બાંધવું. 2 મજબુત પકડી-ધરી રાખવું (ધ્યાન). 3 જોડવું; મેળવવું; ગાંઠવું.

Enchant, *v. t.* જાદુ તોણો કરવો; મંતર મારવું. 2 મોહિની લગાડવી.

Enchanted, *a.* મંત્રેલું. 2 ભૂત ભરાયલું.

Enchanter, *n.* જાદુગર; ચેટકી; ઈલમી.

Enchanting, *ppr.* જાદુઈ ભરેલું. 2 *a.* મનમોહન; દિલખુશ-શાદરૂપા.

Enchantment, *n.* ધંતરમંતર. 2 મોહિની.

Enchantress, *n.* જાદુગરણી. 2 દિલનવાજ; બેહદ ખુબસુરત ઓરત.

Enchase, *v. t.* જડવું; બેસાડવું.

Enciente, *a.* હમેલ-બે જીવવાળી; ગર્ભવતી.

Encircle, *v. t.* ઘેરો ઘાલવો-નાખવો; ઘેરવું. 2 ભેટવું. 3 પ્રદક્ષિણા કરવી.

Enclose, *v. t.* વાડબાંધવી; ઘેરીલેવું; કુડ બાંધવી-ભરવી; ગડગો-ગડકો નાખવો. 2 બિડવું; અંદર મુકવું.

Enclosure, *n.* વાડ; ફરતી ભરી લીધેલી દેવાલ, કુડ, વઙી. 2 બિડેલું હોય તે (કાગજ-હુંડી વગેરે). [તિ.

Encomium, *n.* આફરીન; તારીફ; સ્તુતિ.

Encompass, *v. t.* ઘેરો ઘાલવો; ઘેરી લેવું

Encore, *ad.* ફરીથી; ફરીને એકવાર; બીજીવાર. 2 *v. t.* ખુશાલીથી બુમ પાડી જોવા અથવા શાંભળવાને ફરીથી પાછું બોલાવવું. (ખેલ-રાગ.)

Encounter, *n.* મેળાપ; ભેટાભેટ.

2 ભેટ; મુલાકાત. 3 સામસામા થવું તે; યુદ્ધાર્થ ભેટ. 4 લડાઇ; ચકમક; અથડાઅથડી. 5 *v. t.* એકાએક સરનમુખ—મ્હોડેમ્હોડું થઇ પડવું. 6 લડવું; ચકમક ઝરવી. 7 અડચણ મીટાડવાને કસદ કરવો; ટક્કર લડવી.

Encourage, *v. t.* ધીરજ—હિમ્મત—દિલાસો આપવો.

Encouragement, *n.* ધીરજ આપવી તે. 2 ઉત્તેજન; દિલાસો; હિમાયત.

Encouraging, *a.* સારી આશા આપતું.

Encroach, *v. i.* ગેરવાજબી રીતે પારકી જગાપર ધુસવું—પગ પેસારો કરવો; પારકાના હકમાંથી ધીમેધીમે કંઇ લઇલેવું.

Encroachment, *n.* પગપેસારો; કોઇના હક—મિલકત—ઉપર વગર સત્તાએ હળુહળુ ધુસવું તે.

Encumber, *v. t.* વજન—ભારથી અડચણ કરવી; ભારી કરવું. 2 માથે કરજના ટોપલા ચઢાવવા; ડુબાવી દેવું

Encumbrance, *n.* બોજો; અટકાવ; વિઘ્ન; લફરૂં; પીડા.

Encyclical, *a.* ઘણા માણસોપર અથવા ઘણી જગાએ મોકલેલું; સર્વ સાધારણ.

Encyclopædia, } *n.* સર્વ વિદ્યાના
Encyclopedia, } સંગ્રહનો કોશ; વિદ્યાચક્ર; વિદ્યાવળી—માળા.

End, *n.* છેડો; અણી; ટોંક. 2 શેવટ; અંત; સમાપ્તિ. 3 પરિણામ; ફળ; નતીજો. 4 નાશ; ખરાબી; લય. 5 મુરાદ; ધારણા; ઉદ્દેશ. 6 રહેલો તુકડો—કટકો; અવશેષ. 7 *v. t.* સમાપ્ત—તમામ—પુરૂં કરવું; શેવટ લાવવું. 8 નાશ કરવો; મારી નાખવું. 9 *v. i.* સમાપ્ત—પૂરૂં થવું.

Endanger, *v. t.* ભય—સંકટ—જોખમમાં નાખવું.

Endear, *v. t.* અજીજ—પ્યારૂં—પ્રિય—વાહાલું કરવું; દયા લગાડવી.

Endearment, *n.* પ્યાર; લાડ; મોહોબત; હેત; વાહાલ; ઉલફત.

Endeavor, *n.* કસદ; મેહનત; યત્ન; પ્રયત્ન; કોશિશ. 2 *v. t.* & *v. i.* કોશેશ—મેહેનત કરવી; ઉદ્યોગ—યત્ન—પ્રયત્ન કરવો.

Ending, *n.* સમાપ્તી; છેડો.

Endless, *a.* બેહદ; અનંત; અપાર. 2 કાએમ; જાથુક; હંમેશ—નિરંતરનું.

Endmost, *a.* દુરનું; છેક છેડેનું.

Endorse, *v.t.* કાગળ—હુંડી ઇત્યાદિની પાછળસહીકરવી—સહી કરીશિકારવું.

Endorsement, *n.* કાગળ—હુંડી ઇત્યાદિની પાછલ કરેલી સહી.

Endow, *v.t.* આપવું; દેવું; યુક્ત—ગુણસંપન્ન—સુલક્ષણ કરવું. 2 નાણાની નિમનૂક—વર્ષાશન કરી આપવું. 3 પલ્લું આપવું.

Endowment, *n.* નિમનૂક; વર્ષાશન;

આપેલી મિલકત. 2 બાપદાદાથી ઉતરેલી મન અથવા શરીરશકિતની બક્ષીશ; સુલક્ષણ; જહુર.

Endue, *v.t.* ભરતી કરવી. See Indue.

Endurable, *a.* ખમાએ-સોસાએ-સેહેવાએ એવું; સહનીય.

Endurance, *n.* ટકાઉપણું; નિભાવ. 2 સહન શકિત; સબર; બરદાસ્ત.

Endure, *v. t. & v. i.* રહેવું; ટકવું; નિભવું. 2 ખમવું; સોસવું; સાંખવું; સેહેવું; ખેંચવું; વેઠવું.

Endwise, *ad.* ઉભું; અણી ઉપર;સીધું.

Enema,*n.* પચુકડીમાં ભરી સફરાવાટે પેટમાં મોકલવાનું ઓષધ-ખોરાક.

Enemy, *n.* દુશમન; વૈરી; શત્રુ; રિપૂ. *The enemy*, (*Theol.*) સેતાન. 2 (*Mil.*) વિરૂદ્ધ પક્ષનું-દુશ્મનનું લશ્કર; દુશ્મન; શત્રુ.

Energetic, *a.* ઉત્સાહી; જોરમંદ; હિમ્મતવાન; શકિતવાન; જબરૂં. 2 અસર-ગુણકારી. [કઉઅત; કુદરત.

Energy, *n.* ઉત્સાહ; દમ; ધમક; જીવ;

Enervate, Enerve, } *v. t.* કમજોર-નાતવાન-દૂર્બળ-નબળું કરવું.

Enfeeble, *v. t.* See Enervate.

Enforce, *v. t.* જબરદસ્તીથી કાંઈ કામ કરાવવું. 2 અમલમાં લાવવું; ચલાવવું; ચાલુ કરવું.

Enfranchise, *v. t.* છુટાપાણાનો હક આપવો; છૂટું-મોકળું-આજાદ-ખલાસ કરવું. 2 કોઈ પરદેશીને જાણે પોતાનાજ દેશનો હોય તેમ કરવો-ગણવો-તેવા હક આપવા.

Enfranchisement, *n.* ગોલામીપણામાંથી અથવા બંદી ખાનામાંથી મળેલું મોકળાપણું-છુટી. 2 પરદેશિઓને ખુદ સ્વદેશી તરીકે ગણી મંડલીમાં સામેલ કરવું તે.

Engage, *v. i. & v. t.* કામે લાગવું-લગાડવું-રોકાવું-રોકવું. 2 ચાકરીમાં રાખવું. 3 લડવું; હુમલોહલ્લો કરવો. 4 શરત-કબાલાથી બંધાવું-બાંધવું.

Engaged, *pp.* or *a.* મશગુલ; રોકાએલું. 2 વચને બંધાએલું; વેશવાળ-સગપણ કરેલું; અદરાયલું; હાત આપેલું; કબુલેલું.

Engagement, *n.* બોલી; કરાર; શરત. 2 કામ; ઉદ્યોગ. 3 લઢાઈ; યુદ્ધ; મુકાબલો.

Engaging, *a.* દિલપસંદ; દિલરૂબા; મનોહર; મનોરંજક.

Engender, *v. t.* ઉત્પન્ન-પેદાકરવું; પડવું (જીવપડવા.) 2 બનાવવું; ઉત્પન્ન કરવું. 3 *v. i.* પેદા પડવું-થવું; આકાર પકડવો-ધરવો. 4 ઈશ્કબાજીની મસ્તીમાં એકમેકને વળગવું-ભેટવું. [3 ઉપાય; સાધન.

Engine, *n.* યંત્ર; સાંચો. 2 હથિયાર.

Engineer, *n.* (*Military Engineer.*)

ગણિત અને સિલ્પશાસ્ત્રમાં પ્રવિણ થયલો શખ્સ, જે દુશમનના હલ્લાથી બચાવ કરવાને કિલ્લા, મોરચાબંદી, વગેરે બાંધણીઓ કેમ કરવી એવિષય સારીપેઠે જાણતોહોય તે ઇજનર. 2 (*Civil Engineer*) જે શખ્સ જાહેર કામો જેવાં કે પાણીની નેહેરો—બંદ—ગટર—પુલ—રસ્તા એવી બાંધણીનાં કામો કરવાની માહિતકારી ધરાવતો હોય તથા તેના નકશા પાડવા અને તેના ખરચની ગણત્રી કરી જાણતો હોય તે. 3 સાંચો—યંત્ર ઉભું કરનાર—ચલાવનાર ઇજનેર.

Engineering, *n.* એન્જીનીયરનું કામ; યંત્રવિદ્યા; સાંચો ચલાવવાને હુનર.

Enginery, *n.* યંત્ર—શસ્ત્ર બનાવવાનું કામ. 2 યંત્રો; સાંચા.

English, *a.* ઇંગ્રેજી. 2 *n.* ઇંગલંડ દેશના લોક; ઇંગ્રેજ. 3 ઈંગ્રેજીભાષા—જુબાન.

Engraft, *v. t.* ઝાડની કલમ કરવી.

Engrave, *v. t.* કોરવું; ખોદવું. 2 ઠસાવવું.

Engraver, *n.* ખોદનાર; નકસીગર.

Engraving, *n.* નકસી પાડવાનો—કોરવાનો હુનર. 2 નકસી કામ. 3 કોરેલી તખ્તિ ઉપરથી કાગજ ઉપર લીધેલો છાપ; છાપેલું ચિત્ર; નકશો.

Engross, *v. t.* એકદમ—એક હાથ—સાટાંબંધ—જથ્થાબંધ લેવું. 2 ગરક કરવું (ધ્યાન). 3 મ્હોટા અક્ષરે સાફ નકલ કરવી.

Engrossing, *n.* મ્હોટા અક્ષરે સાફ લખવું તે. 2*a.* ગરક—લીન કરે એવું.

Enhance, *v. t.* વધારવું; ચઢાવવું; જ્યાદા કરવું. 2 વધારે ભારે—મ્હોટું કરવું. 3 *v. i.* વધી જવું; વધીને અધીક થવું.

Enhancement, *n.* જ્યાદતિ; વધારો.

Enigma *n.* ઉખાણું; કહોયડો;ઓખાણું. 2 ગૂઢ; ગૂઢકર્મ; ગહન કામ.

Enigmatical, *a.* નહીં સમજ પડે એવું; કહોયડા— ઉખાણાં જેવું.

Enjoin, *v. t.* તાકીદ કરી કેહેવું; હુકમ કરવો. 2 (*law*) કાયદાથી મના કરવું અથવા કંઈ ચાલતું કામ બંધ કરવા—પાડવાની તાકીદ આપવી.

Enjoy, *v. t.* મોજ કરવી—મારવી; સુખ પામવું—ભોગવવું. 2 ભોગવવું; ઉપભોગ—ભોગવટો કરવો. 3 સંભોગ—સંગ—ભોગ કરવો.

Enjoyment, *n.* સુખ; આનંદ; ભોગ; મોજ. [સળગાવવું.

Enkindle, *v. t.* સળગાવવું. 2 ઉ-[સકેરવું.]

Enlarge, *v.t.&v.i.* મ્હોટું—પોહોળું—વિશાળ કરવું—થવું. 2 લંબાણથી બોલવું;

Enlargment, *n.* ફરાખી; ફુશાદગી; વિસ્તાર. 2ઉદારતા. 3છુટકો; ખલાસી.

Enlighten, *v. t.* ઉજરડું કરવું; ઉજાસ પાડવો. 2 અક્કલનું તેજ વધારવું.

Enlightened, *pp.* or *a.* પ્રકાશિત–રોશન થયલું. 2 સુજ્ઞ; જ્ઞાની.
Enlightenment, *n.* સુજાણતા; ડાહાપણ; હોશિયારી; ચંચલાઈ.
Enlist, *v. t.* નોંધવું. 2 સરકારી ચાકરીમાં રાખવું; ભરતી કરવી. 3 પોતાના પક્ષમાં લેવું; પોતાની તરફેણનું કરવું. 4 *v. i.* નામ નોંધાવીને સરકારી ચાકરીમાં રહેવું.
Enlistment, *n.* કલંમબંદી;ચાકરીમાં બાંધી રાખવાનું લખત(લશ્કરમાં).
Enliven, *v.t.* જીવતું–સજીવન કરવું. 2 દમ–જોશ આણવો; તેજસ્વિ કરવું.3 ખુશ કરવું; આનંદ ઉપજાવવો.
Enmasse, જથ્થાબંદ;એકદમ. [વ.
Enmity, *n.* દુશમની;દ્વેષ;વેર;શત્રુભા-
Ennoble, *v. t.* અમીર કરવો; અમીરી દરજ્જે પોંહોંચાડવું–ચઢાવવું. ઉમરાવની પદવી આપવી. 2 મરતબે ચઢાવવું; મ્હોટું–શ્રેષ્ઠ કરવું.
Ennui, *n.* કંટાળો; ગ્લાની.
Enormity, *n.* અમર્યાદપણું. 2 અતિ દુષ્ટતા; અજીમગુનાહ; મહાપાપ.
Enormous, *a.* વિશાળ; બેનેહાયત; ઘણુંજ મ્હોટું; જબરૂં; અમર્યાદ. 2 અતિ દુષ્ટ; અઘોર.
Enough, *n.* જોઈએ એટલો–પુરતો જથ્થો; પૂરતાપણું. 2 *a.* પુરતું; જોઈએ એટલું. 3 *ad.* બસ; કાફી.
Enquire, *v. i. & v. t.* પુછપરછ–ચોકસી–તપાસ કરવી. See Inquire.
Enquiry, *n.* પુછપરછ; તપાસ; શોધ.
Enrage, *v. t.* રીસ ચહડાવવી; ગુસ્સે કરવું; ખિજવવું; ચિડવવું.
Enrapt, *pp.* or *a.* અતિઆનંદ પામેલું.
Enrapture, *v.t.* બાગબાગ–મગન કરવું; આનંદમય–આનંદભરિત કરવું.
Enravish, *v. t.* અત્યંત ખુશ–મગન કરવું.
Enrich, *v. t.* તાલેવંત–તવંગર–ધનવાન કરવું. 2 ખાતર પુરીને–નાખીને માતબર–રસાળ કરવું. 3 ફળદ્રુપ –ફળવંત કરવું. 4 રસીલું–ખુશનુમાં –મનોરંજક–સુશોભિત કરવું. 5 જ્ઞાન ભરવું; વિદ્યા સંપન્ન કરવું.
Enrobe, *v.t.* સુંદર પોશાક પેહેરાવવો.
Enroll, *v. t.* નામ નિશાનની દફતર અથવા ચોપડામાં નોંધ કરવી.
Enrollment, *n.* કલમબંદી; ઈસ્મનવીસી. 2 નોંધના ચોપડા.
Enroot, *v. t.* જડમુળમાં બેસાડવું; મજબુત–ઊંડું બેસાડવું; જડઘાલવી.
Enroute, *ad.* રસ્તેજતાં; વાટમાં.
Ensample, *n.* See Example.
Ensconce, *v. t.* બચાવ કરવો.
Enshield, *v.t.* બચાવવું;પનાહ આપવી.
Enshrine, *v.t.* પેટી અથવા કબરમાં બચાવને સારૂ મુકવું; જતનથી સાચવવું. 2 વાહાલું–પ્યારૂં ગણીને મોહબતથી સાચવી રાખવું.
Ensign, *n.* નિશાન; ઝુંડો; વાવટો.

2 ચિન્હ; નિશાની. 3 નિશાન બરદાર; વાવટો-ઝુંડો ઉંચકનાર સનદી અમલદાર; પતાકયો. 4 લશ્કરી એક પદ્વી-હોદ્દો. [દાર; વાવટો ઊંચકનાર.
Ensignbearer, *n.* પતાકયો; ઝુંડાબર-
Enslave, *v. t.* દાસ-ગુલામ કરવું.
Ensnare, *v. t.* ફસાવવું-ફાંસામાં નાખવું. 2 જાળ-ફાંસામાં પકડવું.
Ensue, *v. i.* પાછળ આવવું. 2 પરિણામ થવું; ફળ નિકળવું-પ્રાપ્ત થવું.
Ensuing, *ppr.* or *a.* પાછળ આવતું; નિપજતું. 2 આવતું; હવે પછીનું.
Entablature, *n.* સરૂં; થામલાનાં મથાળાં ઉપરનો કારનીસવાળો ભાગ તથા તે ઉપરની નકસી.
Entail, *v. t.* કુટુંબનાં ઉતરતાં વારસો ભોગવે એવી રીતે મુકરર કરી આપવું; વંશપરંપરા ચાલે એવું કરી આપવું. 2 એવી રીતે કોઈ માણસ અથવા જીનસ ઉપર જડ ઘાલવી, કે જે કાહાડી શકાય નહીં, જેમકે કોઇ દરદ અથવા આજારની. 3 જરૂર ઉત્પન્ન થવું-આવવું. 4 *n.* વંશ પરંપરાગત કરી આપેલી મિલકત-જમિન.
Entangle, *v. t.* વળખવરાવવો; પેચદેવો; ગુંચવવું; ગોવવું. 2 ગભરાવવું; ગુંચવણ-ગભરાટમાં નાખવું.
Entanglement, *n.* ગુંચવારો; ગભરાટ.
Enter, *v. t.* & *v. i.* દાખલ-પેવસ કરવું-થવું; પેસવું; પ્રવેશ કરવો. 2 દાખલ-સામીલ થવું; ભળવું. 3 નોંધવું; માંડવું; ચઢાવવું. 4 બેસવું; ઘાલવું.
Enterprise, *n.* જોખમ ભરેલું કામ; સાહાસકર્મ. 2 સાહસ કામ કરવાની-જોખમ ખેડવાની ઇચ્છા.
Enterprising, *a.* જોખમ ખેડનારૂં; સાહસક; હિમ્મતવાન; જાનબાજ.
Entertain, *v. t.* મેહમાનદારી-પરોણા ચાકરી-આગતા સ્વાગતા કરવી; કોઇ પરોણો ઘર આવ્યો હોય તેનાં જમણ તથા આસાએશશારૂ તજુમલ કરવી. 2 જીવ વેરાવા વાતચિત કરવી; મન રંજન કરવું. 3 મનમાં રાખવું-ધરવું. 4 ધ્યાનમાં લેવું. 5 રાખવું; લગાડવું, (ચાકરીમાં અથવા ધંધે).
Entertaining, *a.* ગમતી; મનોરંજક.
Entertainment, *n.* મેજબાની; મેહમાની; મેહમાનદારી; જીઆફત; ખાણું. 2 તમાસો; મઝા; ગમત. 3 આદરસત્કાર; પરોણા ચાકરી.
Enthrall, *v. t.* ગુલામ-દાસ કરવું.
Enthrone, *v. t.* તખ્તનશિન કરવું; રાજ્યાંસનપર-ગાદીપર બેસાડવું.
Enthusiasm, *n.* આવેશ; જોસ્સો; ઝનુન.
Enthusiast, *n.* } આવેશી; ઝનુની; અત્યાતુર.
Enthusiastic, *a.* } આવેશી; ઝનુની; અત્યાતુર.
Enthusiastical, *a.* } આવેશી; ઝનુની; અત્યાતુર.
Entice, *v. t.* લોભાવવું; મોહોલગા-

ડવો. 2 કુકર્મ કરવા સારૂ ફુસલાવવું; ભરાવવું. [લલચાવવું તે; દિલફરેબી. 2 મોહ; મોની.
Enticement, *n.* લલચાવવું તે; દિ-
Entire, *a.* } પુરૂં; તમામ. 2 અખં-
Entirely, *ad.* } ડ; આખું; સલંગ. 3 તદ્દન; બધું. 4 શુદ્ધ; નિર્મળ; નરદમ. 5 *ad.* છેક; બિલકુલ; ઝાડીઝુડીને.
Entitle, *v. t.* નામ રાખવું–આપવું–પાડવું. 2 અધિકાર–હક્ક આપવો.
Entity, *n.* હસ્તી; વજુદ; અસ્તિત્વ. *An entity,* વસ્તુ; અર્થ.
Entomb, *v.t.* ગાડવું; દફનાવવું; દાટવું.
Entomology, *n.* ન્હાનાં પ્રાણી તથા જીવજંતુઓનું વર્ણન કરનાર શાસ્ત્ર.
Entrail, } *n.* આંતરડાં; આંતરડી. 2
Entrails, } અંદરનો ભાગ; અંતર્ભાગ.
Entrance, *n.* દાખલ થવું તે; પ્રવેશ. 2 દાખલ થવાની રજા–પરવાનગી. 3 રસ્તો; દરવાજો; માર્ગ. 4 મંડાણ; આરંભ; પ્રવેશ.
Entranced, *pp.* or *a.* મુરછિત–બેશુદ્ધ થયલું. 2 દિલ બાગ બાગ થયલું.
Entrap, *v.t.* ફાંસામાં પકડવું; સપડાવવું.
Entreat, *v. t.* કાકળુદી–વિનંતિ કરવી; કરગરવું. [લાવાલા.
Entreaty, *n.* અરજ; વિનંતિ; કા-
Entry, *n.* રસ્તો; માર્ગ; દ્વાર. 2 નોંધ; બારનિશી; હિશાબ કિતાબમાં જમે અથવા ઉધાર પાસે લખવું–નોંધવું તે. 3 નોંધેલી–માંડલી રકમ–ફકરો. 4 પ્રવેશ; દાખલ થવું તે.

Entwine, *v. t.* લપેટવું; વિંટાળવું. 2 વળદેવો; ગુંથવું.
Enumerate, *v.t.* શુમાર–હિસાબ કાહાડવો; ગણવું. [હિસાબ.
Enumeration, *n.* શુમાર; ગણત્રી;
Enunciate, *v. t.* કેહેવું; કહી બતલાવવું; ઉચ્ચારવું. 2 પ્રસિદ્ધ–પ્રગટ કરવું. 3 વ્યાખ્યા કેહેવી.
Enunciation, *n.* બોલવું–કહી બતલાવવું તે. 2 પ્રસિદ્ધ કરવું–જાહેર બોલી દેખડાવવું તે. 3 ખુલ્લો ઉચ્ચાર. 4 હકીકત; એકરાર.
Enunciative, *a.* સાફ ઉચ્ચારને લગતું.
Envelop, } *v. t.* આવરણ–વેષ્ટન ક-
Envelope, } રવું; લપેટવું; ગલેફ કરવો; પડબીડામાં મુકવું; લિફાફામાં ઘાલવું. 2 *n.* આવરણ; વેષ્ટન; ગલેફ; ઢાંકણ. 2 લાબોટો. પરબિડું; લિફાફો. [જેહેરી કરવું.
Envenom, *v.t.* જેહેર પાવું; જેહેરદાર–
Enviable, *a.* અદેખાઈ ઉત્પન્ન કરે એવું; ઘણું ઈચ્છવા લાયક; ઈર્ષણીય.
Envious, *a.* મત્સરી; હસદખોર; અદેખું.
Environ, *v. t.* ઘેરવું; ચારેગમ હોવું–આવી રેહેવું. 2 લપેટવું; વિંટાળવું.
Environs, *n.* આસપાસની જગ્યા; હદ બાંધનારી જગા અથવા ભાગો.
Envoy, *n.* એલચી; કોઈ રાજદરબાર તરફથી મોકલેલો વકીલ; રાજદૂત.

Envy, *n.* અદેખાઈ; મત્સર; હસદ. 2 *v. t.* અદેખાઈ કરવી; કોઈનું સારું જોઈ નહીં શકવું. 3 કોઈનું કંઈ સારું જોઈને તેવું મેળવવાની ઘણી હોંસ–ઇચ્છા રાખવી.

Epaulet, *n.* લશ્કરી સરદારના પોશાકની ખાંદઉપરની નિશાન–સીણગાર.

Ephemeral, Ephemeric, Ephemerous, } *a.* એક જ દિવસ તું- લીક જીવતું; ટૂંક જીંદગીનું; ઉત્પન વિનાશી. 2 ક્ષણભંગુર; અલ્પાયુષી; અલ્પાયુ.

Epic, *a.* વીરચરિત્ર–વીરમાહાત્મ્ય સંબંધી. 2 *n.* વીરચરિત્ર; પેહેલવાનો અને લડાઈઓનું ખેતબાજીમાં કરેલું દાસ્તાન; પવાડો; વીરરસકાવ્ય.

Epicene, *a.* or *n.* (*Gram.*) ઉભયલિંગ; દ્વિલિંગ.

Epicure, *n.* ભોગી; શિકમ પરવર; ખાવાપીવાનો શોખી. 2 વિષયલુબ્ધ; વિષય લંપટ. [ખાવાપીવાનું શોખી.

Epicurean, *a.* એપિક્યુર પંથનું. 2

Epidemic, *n.* મરકી; મરકીનો રોગ. 2 *a.* આમ; સર્વનું; સાધારણ. 3 ઘણાંને લગતું–લાગુ પડતું. *Epidemic disease,* મહામારીનો રોગ; મરકી.

Epidermis, *n.* બદન ઉપરની બાહારની પાતલી ચામડી. 2 ઝાડની બાહારની છાલ. [ગને લગતું.

Epigastric, *a.* પિડુની ઉપરના ભા-

Epigram, *n.* લતીફો; રૂબાઈ; ગજલ; ટુંકટુંક દિલખુશ કરનારાં બેત–કવિતા; કવિતાનો ટપ્પો–ચુટકો.

Epigraph, *n.* ઇમારત ઉપર લખેલો અથવા કોતરેલો લેખ.

Epilepsy, *n.* ફેફરું; વાઈ; અપસ્માર.

Epileptic, *a.* ફેફરાંને લગતું; ફેફરાંવાળું; અપસ્માររોગી.

Epilogue, *n.* નાટકની શેવટનું ભાષણ અથવા કવન; નાટકને અંતેનો છંદ–શ્લોક. [બિશાપોનો અધિકાર.

Episcopacy, *n.* ખ્રિસ્તી મંડળીમાં

Episcopal, Episcopalian, } *a.* બિશાપોનું; જેમાં બિશાપોની સત્તા ચાલેછે એવું.

Episcopalian, *n.* ખ્રિસ્તી મંડલીમાં બિશાપોના અધિકારને કબૂલ રાખનાર.

Episcopate, *n.* ધર્માધ્યક્ષનુંપદ–પદવી. 2 ધર્માધ્યક્ષ સમૂહ; બિશાપોનું મંડળ.

Episode, *n.* ઉપકથા; ટઉકો; કોઈ વાતની વચમાં આવેલી બીજી વાત.

Epistle, *n.* પત્ર; પત્રિકા; કાગળ; રૂક્કો.

Epistolary, *a.* પત્રસંબંધી; કાગળપત્રનું

Epitaph, *n.* કબર ઉપર કોતરેલો લેખ.

Epithalamium, Epithalamy, } *n.* વિવાહ–લગ્ન ગીત; લગ્ન વખતે વરવહુની સ્તુતિ કરીને તેઓને સારૂ દુવા માગવાનું ગીત.

Epithet, *n.* વિશેષણ; ગુણદર્શક–વાચક શબ્દ; ગુણનામ.

Epitome, *n.* સારસંગ્ર-ગ્રંથ; સંક્ષેપ.

Epoch, *n.* સન-શક-સાલનો આરંભ; શકાદિ.

Epsom salt, *n.* જોલાબનું મિઠું.

Equal, *a.* એકસાન; બરાબર; જોડીનું. 2 સરખું; સમ. 3 કાફી; પુરતું; બસ; જોઈએ તેટલું. 4 લાયક; યોગ્ય. 5 વાજબી; યથા ન્યાય. 6 *n.* બરોબરીયું; સરખી પદવી, ઉમર, શકિત, અથવા અક્કલ ધરાવનારૂં માણસ. 7 *v. t.* સરખું-બરાબર-સમ કરવું. 8 સરોબરી-બરોબરી કરવી. 9 બરાબર-પુરતો બદલો વાળવો; ભરી આપવું. 10 કશો ભેદ-આંતરો નહીં રાખવો; બરાબર ગણવું-માનવું.

Equality, *n.* સરખાપણું; સમતા; બરાબરી. 2 સમભાવ. 3 સપાટી.

Equalise, } *v. t.* બરોબર-સરખું-
Equalize, } સમાન-સમતોલ કરવું; સમીકરણ કરવું. [ખી રીત.

Equally, *ad.* સરખેભાગે. 2 હકવાજ-

Equanimity, *n.* સમભાવ; સમાનપ્રકૃતિ

Equanimous, *a.* એકસરખાં-ધિરજ ભરેલાં મનવાલું; સમાન પ્રકૃતિક.

Equation, *n.* સમીકરણ.

Equator, *n.* (*Terrestrial*) વિષુવવૃત્ત; ભૂમધ્યરેષા; પૃથ્વિના મધ્ય ભાગની રેષા-લીટી. (*Celestial*) નાડિમંડલ; આકાશના મધ્ય ભાગની રેષા.

Equatorial, *a.* વિષુવવૃત્ત સંબંધી.

Equerry, } *n.* મ્હોટો તબેલો; ડેહલું.
Equery, } 2 અમીર ઉમરાઓ અને શાહજાદાઓના ઘોડાઓની રખેવાલી કરનાર અમલદાર; મીરઆખોર.

Equestrian, *a.* ઘોડાને લગતું; અશ્વસંબંધી; ઘોડાપર બેસવાના હુનરને લગતું. 2 જેને હંમેશાં ઘોડા ઉપર બેસવાની ટેવ હોય એવું; અશ્વારૂઢ. 3 અશ્વારૂઢ દર્શક; ઘોડ બેઠેલાનાં જેવું. 4 ઘોડ બેસીને કીધેલું. 5 *n.* ઘોડ બેઠેલું માણસ; ઘોડેસ્વાર.

Equiangular, *a.* સમકોણ; એક સરખાં ખુણાનું.

Equibalance, *n.* સમતોલ. [માંતર.

Equidistant, *a.* સરખા અંતરનું; સ-

Equilateral, *a.* સઘળી બાજુ સરખી હોય એવું; સમભુજ.

Equilibrium, *n.* સમતોલપણું. 2 તોલ. [તરફનું.

Equinoctial, *a.* વિષુવરેષા સંબંધી-

Equinox, *n.* નૌરોજનો વખ્ત; વિષુવ કાળ; જે વખતે વિષુવરેખા ઉપર સૂર્ય આવી પોંહોચેછે તે વખત-દિવસ અને રાત્ર બરોબર ૧૨ કલાકની સરખી લંબાઇનો થાએછે. *vernal equinox*, સુલતાની નૌરોજ; મેષ વિષુવ. *autumnal equinox*, નૌરોજમીજાની; તુલાવિષુવ.

Equip, *v. t.* સજાવવું; સરસરનજામ તૈયારકરવો. 2 હથિયાર પેહેરાવી તૈયાર કરવું; શિલેપોશ-હથિયારબંદ કરવું.

Equipage, *n.* સ્વારી; ઈતમામ; અ-સબાબ. 2 યુદ્ધસામગ્રી; લશ્કરનાં હથિયાર, દારૂ ગોળો વિગેરે સામાન.
Equipment, *n.* સરંજામ બાંધવો તે. 2 જોઈતો અસબાબ; સાજસરંજામ.
Equipoise, *n.* See Equilibrium.
Equitable, *a.* અદલ; વાજબી; સાચું; દુરૂસ્ત; નીતીનું; યથાન્યાય. 2 ઈનસાફી; ન્યાઈ; આદિલ; પ્રમાણિક.
Equitably, *ad.* ઈનસાફથી; અદાલતની રૂએ.
Equity, *n.* ન્યાય; ઇનસાફ; નીતિ. 2 વાજબી હક-દાવો. [અવેજ.
Equivalence, *n.* કિંમતની બરાબરી;
Equivalent, *a.* એકસરખાં મુલ-વજન-જોર-અર્થ-વિષયનું. 2 *n.* એકસરખું મુલ-વજન-જોર-અર્થ-વિષય; અવેજ; બદલો; સરખો માલ.
Equivocal, *a.* બે અર્થ અથવા બે મતલબ ધરાવતું; પેચ ભરેલું; દ્વીઅર્થી; બે મોહોડાંનું; ઉભયાર્થક.
Equivocate, *v. i.* બે મોહોડે-પેચ-ભરમમાં-કપટથી બોલવું; ઉલટ પાલટ કેહેવું; બેવડી મતલબ ઉઠે-બે અર્થ થાય એવી રીતે બોલવું.
Equivocation, *n.* ભરમ; દ્વીઅર્થી ભાષણ; શક ભરેલું બોલવું તે; બે મતલબ ધરાવનાર વાત; પેચ.
Equivocator, *n.* ઉલટપુલટ બોલનારૂં.
Era, *n.* સન; સંવત; શક.
Eradicate, *v. t.* જડએબથી-જડમૂળથી ઉખેડવું; મૂળસુધાં ઉખેડી નાખવું; નિર્મૂળ કરવું; નાશ કરવો.
Eradication, *n.* જડબેખ-જડમૂળથી ઉખેડી નાખવું તે; તળિયાઝાટક કરવું તે; નિઃપાત; ઉચ્છેદ.
Erase, *v. t.* છેકી-ઘસી નાખવું. 2 ભુંસવું; લુછી-ભુંસી નાખવું.
Eraser, *n.* છેકનારૂં. 2 છેકણી.
Erasure, *n.* છેકી નાખવું તે; છેકો.
Ere, *ad. & prep.* આગમચ; અગાઉ.
Erelong, *ad.* થોડા અરસામાં; જલદી; લાંબો વખત ગુજરયાની અગાઉ; થોડી વારમાં. [ગાઉ.
Erenow, *ad.* અબલગ; અત્યાર અ-
Erect, *a.* સીધું; ઉભું; તડું; ટટાર. 2 ઊંચું કીધેલું; ઊંચકેલું. 3 મજબૂત; દૃઢ. 4 *v.t.* ઉભું-સીધું કરવું. 5 બાંધવું; ઉઠાવવું. 6 સ્થાપવું. 7 ઊંચે દરજ્જે ચઢાવવું. 8 ઉત્તેજન આપવું; ઉલટમંદ કરવું.
Erection, *n.* ઉભું-સીધું કરવું તે. 2 બાંધણી; અમલો; ઈમારત. 3 સ્થાપના.
Ergo, *ad.* તેટલામાટે; તેથી; તેનેલીધે.
Ermin, } *n.* નોળિયાની જાતનું એક
Ermine, } જાનવર. 2 મચકુર જાનવરનાં રૂવાં.
Err, *v. i.* ચુક-ભૂલ-ગલતી કરવી; ચૂકવું. 2 આડમાર્ગે-બે રાહ જવું. સન્માર્ગ છોડવો. 3 ભટકવું.

Errand, *n.* સંદેસો; પેગામ; કેહેણ. 2 આગ્ના; હુકમ. 3 કામ; કાર્ય.
Errant, *a.* ભટકતું; રખડતું; રમતું ફરતું. 2 પક્કું; લફંગું; સોટું.
Errantry, *n.* ભ્રમણ; ભટકવું તે.
Errata, *n.* } લખેલાં અથવા
Érratum, *n.* *plu.* } છાંપેલામાં થએલી ભૂલ–ચૂક; અશુદ્ધ.
Erratic, *a.* રખડતું; રઝળતું. 2 ફરતું.
Erroneous, *a.* ગલત; ચુકભરેલું; ખોટું.
Erroneously, *ad.* ચુકીને; ભુલચુકથી.
Error, *n.* ભ્રમણ. 2 ચૂક; ભૂલ; અશુદ્ધ; ગફલતી. 3 દોષ; કસુર; ગુનાહ; અપરાધ.
Eructation, *n.* ઓડકાર; અટ્કાર,
Erudite, *a.* વિદ્વાન; પઢેલું; શિખેલું. [ન.
Erudition, *n.* વિદ્યા; ઈલમ; જહુર; ગ્ના-
Eruption, *n.* ફાટવું તે; ધડાકો. 2 ચામડીને લગતું દરદ; ફોલ્લા–ગુમડા વગેરે ઉભરી આવવા તે.
Erysipelas, *n.* તાવની સાથે સોજો આવેછે તે રોગ; દદ્રુ; ઇસપ.
Escalade, *v. t.* શિડી મૂકીને ચઢવું, જેમકે (કીલ્લા ઉપર). 2 *n.* શિડી–નિશરણી મૂકીને ચઢી જવું તે.
Escapade, *n.* ઘોડાની છલાંગ અથવા ઘોડાએ પછાડી ઝાડવી–લાત મારવી તે. 2 બોલીચાલીમાં અજાણતાં થયલી ભૂલ.
Escape, *v. t.* ટાળો કરવો; અખાડા કરવા. 2 નજર ચુકાવવી. 3 *v. i.* નહાસી–સટકી જવું. 4 બચી –છટકી જવું. 5 *n.* નાહાસ ભાગ; નાંહાસી જવું તે. 6 મોકળાસ; બચાવ; છુટકો. 7 બાહાનું; છટકીજવાની તાલમેલ; અખાડા.
Escheat, *n.* બેવારસ મિલકત. 2 *v. i.* કોઈ મિલકતના વારસો નહીં મળી આવ્યાથી અથવા બંડ ફિતુરને સબબે તે મિલકત સરકાર અસ્તક થવી. [ત્યાગ કરવો.
Eschew, *v. t.* દૂર રાખવું; ટાળવું;
Escort, *n.* કોઇને તપાસી સલામત લઈ જવા તેની સાથે આપેલાં ચોકી પહેરાનાં માણસો; વળાવો; વરતણીઓ. 2 રક્ષણ; સંભાળ. 3 *v. t.* પોંહોંચાડવા જવું; મુહાફઝત કરવી; મુકવા જવા માણસ–સિપાઈ આપવા.
Escritoire, *n.* કલમદાની; લખવાનો સામેન મુકવાની નાની પેટી–ટેબલ.
Esculent, *a.* ખાવા જોગું; ખાદ્ય. 2 *n.* ખાવાજોગ હરેક વસ્તુ–પદાર્થ.
Esophagus, *n.* ખોરાક પાણી જે નળી વાટે હોજરીમાં જાએછે તે નળી; અન્નમાર્ગ.
Esoteric, *a.* જેઓ ભણેલ ગણેલ હોય–જેમને તે વાતની તાલીમ મળેલી હોય તેમનેજ સમજાએ (બીજાં અણજાણાઓને ન સમજાય) એવું.
Especial, *a.* મુખ્ય; ચોકસ; ખાસ.

Especially, *ad.* ખસુસ; વિશેષે કરીને; મુખ્યત્વે કરીને.

Esplanade, *n.* કિલ્લાની આગળનું મેદાન.

Espousal, Espousing, *n.* લગ્નની માંગણી; વેસવાળ. 2 હાથ ધરવું–માથે લેવું તે; સંભાળ; દસ્તગીરી.

Espouse, *v. t.* અદરાવવું; વેસવાળ કરવો. 2 કોઈની તરફેણ–હિમાયત કરવી. 3 પરણવું; લગ્ન કરવાં; વરવું.

Espionage, *n.* જાસુસી; ભેદુ–રેપુનું કામ

Espy, *v. t.* નજર પડવી; દેખાવું. 2 એકાએક દેખાઈ આવવું. 3 નિરખી–નિહાળીને જોવું; બારીકીથી તપાસવું.

Esquimaux, *n.* ઉત્તર અમેરીકાની બાયચ્દરાતરફ વસનાર માણસોનો એક ટોળો–જાત.

Esquire, *n.* રાવબાહાદુર–રાવસાહેબ એવા ખેતાબને મળતો ખેતાબ; 'નાઈટ'ના ખેતાબથી ઉતરતો એલકાબ. 2 શેઠ સાહેબ.

Essay, *v. t.* કોશિશ કરવી; ઉદ્યોગ–યત્ન કરવો. 2 અજમાવવું. 3 કસી જોવું. 4 *n.* યત્ન; ઉદ્યોગ; કસદ; કોશિશ. 5 રેસાલો; નિબંધ. 6 તપાસ; અજમાએશ. 7 ધાતુની કસોટી.

Essayist, *n.* નિબંધ–રેસાલો લખનાર.

Essence, *n.* સાર; તત્વ; સત્વ. 2 વિશેષ ગુણ. 3 અર્ક; તેજાબ; કસ. 4 (Fragrant) અત્તર; ખુશબો; સુગંદ.

Essential, *a.* સ્વભાવિક; ખરું 2 જરૂરનું; અઘન; આવશ્યક. 3 જાતી; ચોખ્ખું; નરું; અસલ. 4 *n.* સ્વભાવ; જાતિ સ્વભાવ; ભાવ.

Essentially, *ad.* સ્વભાવથી; ખાસીયતે; સ્વભાવવત. 2 જરૂર; અવશ્યે કરીને.

Establish, *v. t.* સ્થિર–દૃઢ કરવું; સ્થાપવું. 2 નિમવું; ઠરાવવું. 3 માંડવું; હાર પાડવું. 4 જાથુક પડી રહેવું; હંમેશાનું નક્કી કરી મૂકવું.

Established, *pp.* or *a.* કાયમ–મુકરર થએલું; સ્થાપેલું; સ્થાપિત; સિદ્ધ.

Establishment, *n.* સ્થાપવું તે; સ્થાપના. 2 જે કંઈ સ્થાપેલું તે; ખાતું; કારખાનું. 3 સંસાર; ખટલો; ઘરખરચ. 4 નેમણૂક. 5 પગાર; મુસારો; આવક; લવાજમો.

Estate, *n.* સ્થિતિ; અવસ્થા. 2 પદવી; દરજો. 3 માલમત્તા; મિલકત. 4 જમીનદારી; વજીફો. *Hereditary estate,* વતન; મીરાસ. *Real estate,* સ્થાવર મિલકત. *Personal estate,* જંગમ મિલકત.

Esteem, *v. t.* કિમ્મત કરવી–પિછાનવી; ગણવું; લેખવું. 2 સારું મત રાખવું; માન આપવું; પ્રીતિ રાખવી. 3 *n.* માન; સન્માન. 4 પ્રીતિ; ચાહાના; ચાહા; પ્યાર.

Esteemed, *a.* સર્વમાન્ય; ઊંચે દર-

જેનું માન ધરાવવું; માન્ય; સ-
ન્માનિત.
Estimable, *a.* માન્ય; ભલુ; સારૂં; યોગ્ય.
Estimate, *v. t.* તોલવું; અટકલ કર-
વી; ગણવું; આંકવું; અડસટો-સુમાર
કાહાડવો. 2 *n.* અટકલ; અજમારો;
અડસટો; ગણત્રી; સુમાર; આંકણી.
Estimation, *n.* ગણત્રી; સુમાર; અં-
દાજ. 2 મત. 3 પ્રીતિ; માન.
Estrange, *v. t.* બેગાનું-પારકું કરવું;
દિલ-મન ઉઠાવવું-ફેરવવું; દૂર-અ-
લગ રહેવું. [ગાનગી.
Estrangement, *n.* મન ઉતારો; બે-
Estuary, *n.* ખાડી; નાલું.
Et cætera, *ad.* ઇત્યાદિ; વિગેરે.
Etch, *v. t.* કાચ અથવા ધાતુની
તક્તી ઉપર તેજાબથી કોતરવું.
Eternal, *a.* કાએમ; હંમેશાનું અનંત;
સર્વકાલ રહેનારૂં. 2 સનાતન; અના-
દ્યંત. 3 નિર્વિકારી; અવિકારી. 4 *The Eternal*, ઇશ્વર; પરવરદેગાર.
Eternally, *ad.* હંમેશા; નિરંતર; સર્વદા.
Eternity, *n.* અનંતપણું; અનાદ્યં-
તત્વ; હંમેશાગી; આકિબત. 2 મરણ
થતાંજ જે સ્થિતિનો આરંભ થાયછે
તે સ્થિતિ; અનંત કાળની સ્થિતિ.
Ether, *n.* એક એવી પાતળી હવા જે
હવા અને આકાશ વચેની જગામાં
પસરેલી ધારવામાં આવેછે; સૂક્ષ્મ
વાયુ. 2 દારૂનો અરક અને ગંધ-
કનો તેજાબ એ બંનેના રસાએન
સંજોગથી ઉત્પન્ન થતો એક હલકો,
ઉડી જાએ અને સળગી ઉઠે એવો
પાણી જેવો પદાર્થ; ઇથર.
Ethereal, *a.* આસમાની; આકાશી.
2 ઇથિરથી ભરેલું; ઇથરનું-વાળું.
Ethic, Ethical, } *a.* નીતિનું; નીતિસંબંધી.
Ethics, *n.* નીતિશાસ્ત્ર; નીતિવિદ્યા;
એહમે અખલાક.
Ethiop, Ethiopian, } *n.* ઇથીયોપીઆ દેશનો
રહેવાશી; હબસી.
Ethnography, Ethnology, } *n.* સર્વ માણસ જા-
તનાં અસલ કુટું-
બનું વર્ણન કરનારૂં શાસ્ત્ર અથવા તે
શાસ્ત્ર વિશે રચેલું પુસ્તક; મનુષ્ય
જાતિવિવેચન વિદ્યા.
Etiquette, *n.* આદરોપચારરીતિ; તાજી-
મતવાજો; સલુકાઇ; સભ્યાચારપદ્ધતિ.
Etymological, *a.* બોલીને બનાવ-
વાની તથા પદોને છુટાં પાડવાની
વિદ્યાસંબંધી; શબ્દવ્યુત્પત્તિ વિદ્યાનું.
Etymology, *n.* શબ્દો કેમ બનાવવા,
તે કેમ ઉત્પન્ન થયા, તથા પદો કેમ
છુટાં પાડવાં એ બાબદને લગતો
વ્યાકરણનો ભાગ; શબ્દવ્યુત્પત્તિ-શ-
બ્દસાધન વિદ્યા; શબ્દોની વ્યુત્પત્તિ;
મૂળશબ્દ; ધાતુ.
Etymon, *n.* મૂળશબ્દ; ધાતુ. [વાદ.
Eucharist, *n.* પ્રભુભોજન. 2 સ્તુતિ-

Eulogium, } *n.* સ્તુતિ; તારીફ; વ-
Eulogy, } ખાણ; પ્રસંસા.
Eulogise, *v. t.* સ્તુતિ-તારીફ કરવી.
Eunuch, *n.* નપુંસક; હિજડા; ખોજો. 2ઘરની વ્યવસ્થારાખનાર; કારભારી.
Euphonic, } *a.* સુસ્વર; કર્ણ મધુર;
Euphonous, } ખુશ આવાજનું.
Euphony, *n.* સુસ્વરોચ્ચાર; ખુશ-મધુર ઉચ્ચાર-આવાજ.
Eurasian, *n.* એશિઆ તથા યુરોપ ખંડના લોકના સમાગમ અથવા સંબંધથી ઉત્પન્ન થયલી ઓલાદ.
European, *a.* યુરોપ ખંડનું; યુરોપ ખંડસંબંધી; વિલાયતી. 2 *n.* યુરોપ ખંડનો સ્વદેસી; ટોપીવાળો; યુરોપીયન.
Euthanasy, *n.* સુખનું મોહોત; સુખ [મરણ.
Evacuate, *v. t.* ખાલી કરવું, જેમકે વાસણ. 2 બાહાર કાઢવું, જેમકે પેટમાંથી મળ બહાર-હગી કાઢવો. 3 છોડી નિકળી જવું; ત્યાગ કરવો, જેમકે શેહેર. 4 રદ કરવું, જેમકે કબાલો.
Evacuation, *n.* ત્યાગ; તજન; નિકળી જવું-છોડવું-ખાલી કરવું તે (છાવણી-લશ્કર). 2 ઝાડા, ઓકારી, પરસેવો અથવા શરીરના કોઈ બી બીજા માર્ગોથી નિકળેલી ચિજો.
Evade, *v. t.* & *v. i.* ઉડાવવું; ટાળો-આખાડા કરવા; છટકી જવું; ચુકવવું.
Evanescence, *n.* ફાની હાલત.
Evanescent, *a.* ફાની; પલભર ટકનારૂં; ક્ષણિક; ક્ષણભંગુર; ઉડીજાય-જતું રહે એવું.
Evangelic, } *a.* ખ્રિસ્તી મહજબ
Evangelical, } નાં ફરમાનો મુજબ; ગાસપલ (સુવાર્તા) કરીને બાઇબલ (ધર્મ પુસ્તક) નો જે ભાગછે તેમાં જણાવ્યા પ્રમાણે; ખ્રિસ્તી શાસ્ત્રાનુંસાર. [રો-ફેલાવો-વધારો.
Evangelism, *n.* ખ્રિસ્તી ધર્મનો પ્રસા-
Evangelist, *n.* ઇનજીલનવીસ; ઇસુખ્રિસ્તનું ચરિત્ર અથવા બાઇબલનો સુવાર્તા-શુભવર્તમાન નામનો ભાગ લખનાર. 2 ગાસપલમાં જણાવેલાપ્રિસ્તી ધર્મનો પ્રસારો કરવાને સનદ ધરાવતો વાજ કરનાર; સુવાર્તિક; સુવાર્તા-શુભવર્તમાન પ્રગટ કરનાર અથવા તેનો ઉપદેશ કરનાર.
Evangelize, *v. t.* ખ્રિસ્તી ધર્મનો પ્રસારો કરી સર્વ લોકને તેનો ઉપદેશ કરી ખ્રિસ્તી ધર્મમાં લાવવા અથવા સામેલ કરવા.
Evaporate, *v. i.* વરાળ અથવા બાફ થઈ ઉડી જવું. 2 વ્યર્થ-ફોકટ-બરબાદ-ઉડી જવું. 3 *v. t.* બાફ કરવો; વરાળ થવી. 4 બાફ-વરાળરૂપે ઉડાવવું.
Evaporation, *n.* બાફ-વરાળ કરવી તે. 2 બાફ કરી ઉરાડી દેવું તે; બાફ વરાળને આકારે ઉડી જવું તે.
Evasion, *n.* આખાડા; ટાળમટોળ; ટાળો ચુકવવું-ઉડાવવું તે; હિલો.

Evasive, *a.* ચુકવનારૂં; આંબાડા કરનાર; ઉડાવે એવું અથવા ઉડાવનાર.
Eve, *n.* આદમની બાએડી ઈવ અથવા હુવા.
Eve, } *n.* સાંજ; દિવાવખત; સંધ્યાકાળ. 2 પૂર્વ સંધ્યા;
Even, } કોઈ ચોકસ દિવસની આગલી સાંજ. 3 કોઈ મ્હોટા બનાવ બનવાની લગભગનો વખત.
Evening, *n.* સમીસાંજ. 2 ઉતરતી દશા; ઉતરતી વય.
Even, *a.* સપાટ; સરખું; ખાડા ખબોચિઆ વગરનું. 2 સ્થિર; શાંત. 3 બરાબર; સરખું. 4 સમ; બેકી. 5 *ad.* બી; પણ; એટલું છતાં પણ; તોબી. 6 *v. t.* સરખું-સપાટ-બરાબર કરવું.
Evening star, *n.* શુકરનો તારો-ગ્રહ.
Evenhanded,, *a.* નિષ્પક્ષપાત; અદલ; તરફદારી કરે નહીં એવું.
Evenness, *n.* સરખાપણું; સપાટી. 2 બિન તરફદારી; અદલપણું. 3 સ્થિરપણું. 4 શાંતિ; સમભાવ; સ્વસ્થા.
Event, *n.* સારો અથવા નરસો બનાવ-વાત. 2 ફલ; પરિણામ; છેવટ. *In the event,* એમ; એવું હોય તો. *At all events,* કાંઈબી-ગમે તેમ કરીને; ગમે તે થાય તોપણ.
Eventful, *a.* જેમાં ઘણા ફેરફાર અથવા ઉથલ પાથલ થાય તેવું.
Eventual, ઉત્પન્ન થતું; અનુસારી; કાર્ય કારણસંબંધી. 2 છેલ્લું; આખરીનું.
Eventually, *ad.* સેવટે; આખરે; પરિણામે; છેવટે.
Ever, *ad.* કદી; કભી. 2 સર્વકાળ; નિત; સદા; હંમેશા. *Ever and anon,* જ્યારે ત્યારે; હરઘડી; વારંવાર. *For ever,* સર્વકાળસુધી; હમેશા; અંતલગી.
Ever green, *a.* સદા લીલું; હંમેશા તાજું. 2 *n.* બધી રૂતુમાં લીલો રહેતો છોડવો.
Ever happy, *a.* હંમેશા ખુશી; પરમાનંદ. (*a woman*) સદા સોહાસન.
Ever lasting, *a.* અવિનાશી; કાયમ; શાશ્વત; સર્વ કાલિક. 2 *n.* અનાદિ-સનાતન-અનંત કાળ.
Ever living, *a.* નિત્યજીવી; અમર.
Ever more, *ad.* હમેશા; નિત્ય; નિરંતર.
Every, *a.* દરએક; હરએક; પ્રત્યેક; એક એક. *every grain,* દાણે દાણો. *every day,* રોજનું; દરરોજનું.
Everywhere, *ad.* જ્યાંહાં ત્યાંહાં; હરજગાએ; બધીગમ; સર્વત્ર; સઘળે.
Evict, *v. t.* કાયદાની રૂએ કબજો છોડાવવો-મૂકાવવો.
Evidence, *n.* પ્રમાણ; પુરાવો; સાબીતી; શાહાદત; ગવાહી. 2 સાક્ષી; સાહેદી પુરનાર; ગવાહ; શાહેદ. 3 *v. t.* સિદ્ધ-સાબિત કરવું; ખુલ્લું કરી દેખાડવું. *Written evidence,*

દસ્તાવેજી પુરાવો; લેખ પ્રમાણ. *Ocular evidence,* આંખે જોયલો પુરાવો; પ્રત્યક્ષ પ્રમાણ. *Corroborative evidence,* મજબુતી-ટેકો આપે એવી સાબીતી; પડ સાક્ષ. *Queen's evidence,* અપરાધ કરનારાઓ માહેલો જે કોઈ છુટીને સરકારની તરફથી સાક્ષી પુરવા નિકળે તે અપરાધી.

Evident, *a.* સ્પષ્ટ; ખુલ્લું; ઉઘાડું.

Evidently, *ad.* જાહીરાંત; સરીઆમ.

Evil, *a.* બદ; ખરાબ; નઠારૂં. 2 દુષ્ટ; પાપી; બુરૂં; જબુન. 3 દુઃખકારક; અનર્થનું. 4 *n.* બદી; બુરાઈ; પાપ; જબુની; દુષ્ટતા. 5 આફત; સંકટ; દુઃખ; અપકાર.

Evil doer, *n.* બદકાર.

Evil eyed, *a.* બદ નજરનું; નજર લગાડે એવું; પાપદૃષ્ટિ; નજર પાપી.

Evil minded, *a.* બદદ્યાનતનું; મનનું કપટી; બદખાતિન; હૈયામેલું.

Evil speaking, *n.* બદગોઈ; નિંદા.

Evince, *v. t.* દલીલ દેખડાવવી; સિદ્ધ-સાબિત કરવું; દેખાડી આપવું. [વાં.

Eviscerate, *v. t.* આંતરડાં બહાર કાઢ

Evoke, *v. t.* કઢાવવું; મ્હોડે બોલાવવું.

Evolve, *v. t.* ખુલ્લું-ઉઘાડું કરવું; ઉકેલવું. 2 બાહેર કાહાડવું. 3 *v. i.* ઉઘડવું; ખુલ્લું થવું.

Evolution, *n.* વિસ્તાર; પ્રગટીકરણ; ખુલ્લું-પ્રગટ કરવું અથવા થવું તે. 2 ક્રમ; શ્રેણી; શ્રેઢી. 3 (*Arith.*) મૂળકર્મ; ઘાતમૂળ કાઢવું તે. 4 (*Mil.*) કવાયત.

Ewe, *n.* મેંઢી; ઘેટી; ઢુંબી.

Ewer, *n.* હાથમ્હોડું ધોવાનું પાણીનું એક પ્રકારનું વાસણ; ચંબુ; કળશીઓ; કુજો; ઘડો.

Exacerbate, *v. t.* ગુસ્સે ચઢાવવું; ખિજવવું. 2 દુઃખનું જોર વધારવું.

Exacerbation, *n.* ખિજવવું-ચિડવવું તે. 2 (*Med.*) દુઃખનું જોર વધારે થવું તે.

Exact, *a.* બરોબર; દુરસ્ત; મલતું આવતું; બેતપ્રમાણે; ખરૂં; વાજબી. 2 ચોકસ; સંભાળ ભરેલું. 3 વખતસર આવતું-જતું-કરતું-આપતું. 4 *v. t.* સત્તા ભરેલી રીતે લેવું માગવું. 5 જુલમ-જબરીથી કહડાવવું (પૈસા).

Exaction, *n.* જબરાંનથી કરેલી માંગણી. 2 જબરદસ્તિથી લીધેલો દંડ-પૈસા.

Exactly, *ad.* હુબહુ; તેવુંજ.

Exactness, *n.* બરાબરી; તરતીબ.

Exaggerate, *v. t.* સહરાવી-લંબાવી મરી મસાલો ભભરાવીને બોલવું-કેહેવું; અતિશયોક્તિ કરવી. 2 ઘણો રંગ લગાડવો; રંગની ભભક વધારવી.

Exaggeration, *n.* સહરાહત; અતિશયોક્તિ.

Exalt, *v. t.* પદ્વીએ ચઢાવવું. 2 બુલંદ –ઉચ્ચું કરવું. 3 સ્તુતિ–વખાણ કરવી.
Exalted; *a*, સરફરાજ; મોઝા; સરબુલંદ.
Exaltation, *n.* મનવૃદ્ધિ; મ્હોટી પદ્વી; સરબુલંદી; સરફરાજી.
Examination, *n.* તપાસ; ચોકસી; તલાસ. 2 ઇમ્તિહાન; પરીક્ષા; પારખ.
Examine, *v. t.* તપાસવું; તલાશ–તહકીક કરવી. 2 પરીક્ષા લેવી; સવાલ પુછવા. 3 કસવું; પારખવું.
Examiner, *n.* તપાસનાર; પરીક્ષક; પારખનાર; પારખ.
Examinee, *n.* પરીક્ષા આપનાર; જેની પરીક્ષા લેવાની હોય તે.
Example, *n.* નમુનો; કિત્તો; માસલો. 2 દાખલો; દૃષ્ટાંત; ઉદાહરણ. 3 ચેતવણી; તાકીદ. *For example*, જેમકે. *To set an example*, પેહેલ કાઢવી; કરી દેખાડવું. *To make an example of*, ધાક–કરબ–ત્રાસ –તરાસ બેસાડવો.
Exasperate, *v. t.* ખફા–ગુસ્સે કરવું; ખિજવવું; સતાવવું. 2 દુઃખ વધારવું–અધિક કરવું.
Excavate, *v. t.* પોલું કરવું; ખોદવું; કોરવું; પોકલ કરવું.
Excavation, *n.* પોલું કરવું– ખોદવું–કોરવું તે. 2 કોતરી કાહાડેલી જગ્યા; ખાડો.
Exceed, *v. t.* અધિક–વધારે– ચઢતું હોવું. 2 પાછળ–પછાડી પાડવું–નાખવું; સરસ થવું. 3 *v. i.* હદની બાહેર જવું. 4 વધારે હોવું.
Exceeding, *a.* / **Exceedingly**, *ad.* } ઘણુંજ; અતિશય; પુષ્કળ; બહુ; નિહાયત.
Excel, *v. t.* & *v. i.* સરસ–ચઢતું થવું; ગાલીબ થવું; પાછળ પાડવું–નાખવું; અધિક શ્રેષ્ઠ થવું.
Excellence, / **Excellency**, } *n.* ઉત્તમતા; ઉત્કૃષ્ટપણું. 2 ઉત્તમ ગુણ; કમાલ; ખુબી; ભૂષણ. *Excellency*, જનાબેઅલી, હજરત, મહારાજ એવો એક ખેતાબ.
Excellent, *a.* બેહેતર; ખૂબ; ઉત્તમ; ઉત્કૃષ્ટ; સરસ; તોફો.
Except, *prep.* શિવાએ; વિના; વતરોગ. 2 *Conj.* જો નહીં તો. 3 *v. t.* બાતલ–અલાહેદું–જુદું–દૂર કરવું; ન ગણવું. 4 *v. i.* વાંધો નાખવો.
Exception, *n.* વર્જન; છોડવું–બાહેર કાહાડવું–નાખવું તે; બાદ–બાતલ કરવું તે. 2 કાયદા–રીતિ–ધારામાં નહીં લાગુપડે એવી બિના; અપવાદ; વિપક્ષ. 3 હરકત; વાંધો. [પક્ષ.
Exceptional, *a.* નિયમ બહારનું; વિ-
Exceptionable, *a.* વાંધો લેવા–દોષ લગાડવા જોગું; વાંધા ભરેલું; બાધ્ય.
Excess, *n.* અતિશયપણું; આધિક્ય; અધિકતા; અધિકાઈ. 2 અત્યા-

ચાર; બદફેલી; માઠી લત. 3 વધેલુ તે કંઈ તે; વધારો.

Excessive, *a.* હદથી જીયાદા; બેશુમાર.

Exchange, *v. t.* અદલાબદલી કરવી. *To exchange* blows, મુક્કામુક્કી કરવી–થવી. 2 *n.* અદલોબદલો; આવજો માવજો; અવેજ. 3 વટાવ. 4 (on bills) હુંડીયામણ. 5 બજાર; વેપારીઓને મળવા ભેટવાનું ઠેકાણું; નાણાવટ. Bill of *exchange*, હુંડી.

Exchequer, *n.* સરકારી જમાબંદીની કચેરી. 2 જામદારખાનું; સરકારી તીજોરી. 3 ખજાનો.

Excise, *n.* જકાત; મહસૂલ; દાણ.

Exciseman, *n.* જકાતદાર.

Excision, *n.* કાપી નાખવું તે; અવચ્છેદ; છેદન. 2 (ખ્રિસ્તી) મંડળીની બહારકાઢી મૂકવુ–મંડળી બહાર કરવું તે.

Excite, *v. t.* ઉસકેરવું; ઉત્તેજન આપવું; જગાડવું. 2 મચાવવું; ઉભુંકરવું. (બંડ–રમખાણ). 3 ચહડાવવું; ભરી આપવું; ખિજવવું. [આવેલું.

Excited, *a.* ખિજવાએલું; જોશમાં

Excitation, } *n.* જોશમાં આવેલી
Excitement, } શરીરની હાલત; ચિઢ; આવેશ; ઉસકેરણી. 2 ધાંધલ; ગડબડ. [બૂમ પાડવી; બરાડવું.

Exclaim, *v. i.* પોકારવું; શોહેર કરવો;

Exclamation, *n.* શોહોર; પોકાર; બૂમ; બુમાટો. 2 કેવળપ્રયોગી અવ્યય. 3 આશ્ચર્ય ચિન્હ (!).

Exclude, *v.t.* } બહાર કાઢવું. 2 અં-
Exclusion, *n.* } દર દાખલ થવા નહીં દેવું; દૂર કરવું; અટકાવવું.

Exclusive, *a.* અંદર આવવાનો અટકાવ કરનારૂં; પ્રતિબંધક. 2 ખાસ; બિજાને સામેલ કીધા વગર; એખલું. 3 બાદ; સિવાએ; ગણત્રીમાં નહીં લીધેલું.

Exclusively, *ad.* પોતેજ ભોગવે અને બીજાને નહીં ભોગવવાદે એવી રીતે.

Excogitate, *v. t.* વીચાર કરી કરીને શોધી કહાડવું.

Excommunicate, *v. t.* ખ્રિસ્તી સમાજમાંથી કાહાડી મૂકવું. 2 જાતન્યાત બાહેર મૂકવું.

Excommunication, *n.* ખ્રિસ્તી સમાજમાંથી કાઢી મૂકવુ તે; ધર્મ બહિષ્કાર. 2 ન્યાત બાહેર મૂકવું તે.

Excoriate, *v. t.* છાલ, ચામડી અથવા કોટલાં કાહાડવાં; છોલી કાહાડવું.

Excoriation, *n.* છાલ કાહડવી તે. 2 ચામડી ઉપર પડેલો ઘસારો–છોલાણ.

Excrement, } *n.* જાનવરના પેટમાં
Excretion, } જરપટ થયા પછી બાહાર કાહાડી નાખેલો પદાર્થ; ચરકીન; ગુ; અજમળ; વિષ્ટા; નરક.

Excrescence, *n.* In *Surgery*, મસો; વરસોળી; શરીર ઉપર થઇ આવેલી

નકામી ગાંઠ. ઝાડ ઉપર થઈ આવતી એવી નકામી ગાંઠને પણ એજ શબ્દ લાગેછે.

Excruciating, *a.* અતિવેદના ભરેલું; જીવ લીએ એવું. [રાવવું.

Exculpate, *v. t.* નિર્દોષ–બેગુનાહ ક-

Exculpation, *n.* દોષમુક્તિ–મોચન.

Exculpatory, *a.* દોષ મુક્ત કરે એવું.

Excursion, *n.* સેહેલ; મોજને ખાતર મારેલો સપાટો. 2 ભટકણ; રખડ. 3 મુસાફરી.

Excursive, *a.* ભમતું; ભટકતું.

Excusable, *a.* માફ કરવા જોગ–લાયક; ક્ષમાપાત્ર.

Excuse, *v. t.* નિર્દોષ–નિરપરાધી ઠેરવવું. 2 ક્ષમા કરવી; માફી આપવી. 3 છૂટ મૂકવી; માફ કરવું. 4 કોઈને સારૂ માફી ચાહવી. 5 *n.* માફી; ક્ષમા; વિનંતી. 6 નિમિત્ત; કારણ; સબબ.

Execrable, *a.* અતિદુષ્ટ; મરદુદ; લ્યાનતી; ફિટકારી.

Execrate, *v. t.* શાપદેવો; બદ દુવા દેવી; ફિટકાર–લ્યાનત નાખવી. [ફિટકાર.

Execration, *n.* આપ; શાપ. 2 ધિક્કાર;

Execute, *v. t.* બજાવવું; પૂરૂં–પૂર્ણ કરવું. 2 અમલમાં લાવવું. 3 મારી નાખવું; ફાંસી દેવું. 4 સહી સાખ કરી કોઈ દસ્તાવેજ, લખત અથવા કબાલો નક્કી કરી આપવો.

Execution, *n.* કરવું–બજાવવું તે. 2 મારીનાખવું–ફાંસીદેવું તે. 3 લેખ દસ્તાવેજ ઉપર સહી સાખ કરવી તે.

Executioner, *n.* કરનાર; બજાવનાર. 2 શિરચ્છેદ કરનાર; ગરદન મારનાર; ફાંસી દેનાર; જલ્લાદ.

Executive, *a. & n.* અમલ કરનાર–બજાલાવનાર હોદ્દેદાર; મુખ્ય રાજના કાયદા–ધારા પ્રમાણે કામ ચાલેછે કે નહીં તેની તપાસ રાખનાર શખસ અથવા શખસો.

Executor, *n.* મરનારે પોતાનું વસીઅત બજાલાવવાને ઠરાવેલો ધણી; વકીલ.

Executrix, *n.* વકાલણ; વસીયન.

Exegesis, *n.* ટીકા; વ્યાખ્યા. 2 વ્યાખ્યાનુંશાસ્ત્ર. 3 ખ્રિસ્તી શાસ્ત્રનું વિદ્યા સૂત્રાનુસાર અર્થપ્રકાશન.

Exemplar, *n.* નમુનો; કિત્તો; દાખલો.

Exemplary, *a.* દૃષ્ટાંતિક; નકલ કરવા લાએક; દાખલો લેવા જોગું. 2 ઉત્કૃષ્ટ; ઉત્તમ. 3 દહેશત–ધાક–ત્રાસ–ડરબ બેસાડવા જોગું.

Exemplify, *v. t.* ઉદાહરણ–દાખલા–દૃષ્ટાંત આપી સિદ્ધ કરવું. 2 નકલ કરવી.

Exempt, *v. t.* માફી આપવી; છોડવું; છુટકો કરવો; મોકળું રાખવું.

Exempt, Exempted, } *a.* ખારેજ; મોકળું; છુટું.

Exemption, *n.* માફી; છુટકો.

Exequies, *n. pl.* પ્રેતકર્મ; ઉત્તરક્રિયા;

મરનાર પાછળ કરવામાં આવતી ક્રિયા; ક્રિયાકર્મ.

Exercise, *n.* અભ્યાસ; માહાવરો. 2 કસરત; રમત; ખેલ; સેહેલ. 3 સબક; શિખવાને આપેલો પાઠ. 4 ઉઠ બેસ; ફરવું હરવું; હિલચાલ. 5 *v. t.* શિખવવું; કસરત કરાવવી. 6 ચલાવવો(હુકમ,વહિવાટ). 7 આસરમ–ટેવ–માહાવરો પાડવો. 8 વાપરવું; કામમાં–ઉપયોગમાં લાવવું.

Exert, *v. t.* વાપરવું; કામમાં–ઉપયોગમાં લેવું; મેહનત–કોશીશ કરવી; જેહેમત–ખેંચવી. 2 કરવું. (*One's self*) જોર મારવું; શ્રમ ખેંચવો.

Exertion, *n.* મેહનત; કોશીશ; પ્રયત્ન; જેહેમત.

Exhalation, *n.* વરાળ અથવા બાફનાં રૂપમાં ઉડવું તે. 2 વરાળ; બોખાર.

Exhale, *v. t.* અંદરથી નિકળવું, (ફુલમાંથી ખુશબો). 2 બાફ અથવા વરાળ રૂપે બાહેર કાહાડવું–નિકળવું.

Exhaust, *v.t.* ખાલી કરવું. 2 ખેંચી–સોસી–ચુસી લેવું; બાહેર કાહાડવું. 3 ખલાસ કરવું; ખપાવી નાખવું. 4 થકાવી–થાકવી નાખવું; હફાવવું.

Exhaustion, *n.* કાઢી નાખવું–ખાલી કરવું તે. 2 ખાલી થઈ જવું–ખુટવું તે; થાક; ખુટકો.

Exhibit, *v. t.* નજર આગળ ધરવું; દર્શાવવું; દેખાડાવવું; ખુલ્લું કરવું. 2 હોદા–અધિકારની રૂએ રજુ કરવું. 3 (*Med.*) ઉપાય–ઇલાજ તરીકે આપવું. (ઓસડ.) 4 *n.* રજુ કરેલો દસ્તાવેજ–કાગળ. 5 (*Law.*) દરબારમાં રજુ કરીને સાબિત કરેલો દસ્તાવેજ.

Exhibition, *n.* દેખાડાવવું તે; પ્રદર્શન. 2 જાહેર તમાસો–દેખાવ–ખેલ. 3 કળાકૌશલ્ય ઇત્યાદિ પદાર્થોનું પ્રદર્શન. 4 ઈંગ્રેજી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવાતરીકે ખાવા પિવાનો આપતો કરેલો લવાજમ; વિદ્યાર્થીને કરી આપેલી નિમણુક.

Exhibitioner, *n.* નિમણુક લઇને શિખનારવિદ્યાર્થી; નિમણુકનોવિદ્યાર્થી.

Exhilerate, *v. t.* ખુશ–મગન–બાગબાગ–શાદમાન–આનંદિત કરવું.

Exhileration, *n.* મગન કરવું તે; ખુશી; ઉલ્લાસ; આનંદ; ઉત્સાહ.

Exhort, *v. t.* & *v. i.* સારૂં કામ કરવાને ઉસકેરવું–ઉપદેશ–બોધ કરવો. 2 ચેતાવવું; ચેતવણી આપવી.

Exhortation, *n.* ઉપદેશ; નસીહત; પંદ.

Exhume, *v. t.* See Disinter.

Exigence, Exigency, *n.* ગરજ; તાણ; જરૂરત; અડચણ. 2 આપદા; સંકટ; અણી.

Exile, *n.* હદ–તરીપાર કરવું તે; દેશનિકાલ–વટો. 2 પોતાની ખુશીથી પોતનું વતન છોડી જવું; સ્વદેશ

ત્યાગ. 3 બેવતની માણસ; દેશનિકાલ–તરીપાર કરેલું માણસ. 4 *v. t.* દેશનિકાલ–તરીપાર કરવું.

Exist, *v. i.* હોવું; થવું; છે; રેહેવું. 2 જીવવું; હસ્તિ રાખવી. 3 ચાલુ રેહેવું; ટકવું; જારી રેહેવું.

Existence, Existency, *n.* હસ્તિ; જીંદગી; હયાતી; અસ્તિત્વ; વિદ્યામાનતા; ટકાવ.

Existent, *a.* Existing, *ppr.* મોજુદ; જીવતું; હોતું; વિદ્યામાન; હયાત.

Exit, *n.* નાટકના તખ્તા ઉપરથી ખેલ કરનારાનું પાછું જતું રેહેવું તે. 2 જીંદગી છોડી જવું–મરણ પામવું તે; મોત; મૃત્યુ. 3 જવાનો રસ્તો; વાટ; માર્ગ. 4 નિકળી જવું તે; કોઈબી જગા છોડી ત્યાંથી લીધેલી રખશુદ; રવાનગી; કુચ.

Exodus, *n.* નિકળી જવું; નિર્ગમ. 2 જૂના કરારનો બીજો સ્કંધ; નિર્ગમ.

Ex officio, અધિકાર મલેઆની ખુબીથી કોઈ હક્ક ધરાવતું; હોદ્દાનીરૂએ.

Exogen, *n.* જે ઝાડની શાખા બાહેરથી દળમાં વધતી જાએછે તે જાતનું ઝાડ.

Exogenous, *a.* બાહેરથી દળમાં વધતું; વધારો થતું.

Exonerate, *v. t.* ઠપકો–દોષ કાહાડી નાખવો–ઉડાવી દેવો. 2 નિર્દોષ ઠેરવવું. 3 પોતાને માથેનો બાર–જવાબદારી ઉતારવી.

Exorable, *a.* મિનત અને ઉજરખાઈથી સમજાવી શકાએ એવું; કાકલુદી કરવાથી જેને દયા આવે એવું.

Exorbitancy, *n.* અતિશયપણું; બેનિહાયતી. 2 નિયમ વિરૂદ્ધતા.

Exorbitant, *a.* બેહદ; અાતશયિત; બે અંદાજે; અમર્યાદ. ((of price) ભારી; જબરૂં. 3 નિયમ–સંપ્રદાય વિરૂદ્ધ; વિધિ ભંજક; રીતથી ઉલટું; વિલક્ષણ.

Exorcise, *v. t.* ઝાડાપિંછીથી ભૂત–જીન કાહાડવો.

Exorciser, Exorcist, *n.* ભૂત કાઢનાર; ઝાડો નાખીને–ઝાડાપીછી કરીને ભૂત કાઢવા–નસાડવાનો ઢોંગ કરનાર; ભુઓ.

Exordium, *n.* દિબાચો; ઉપોદ્ઘાત.

Exotic, *a.* પરદેશી; પરમુલકી; પારકી જગા–દેશાનું; વિદેશી; પરજૂ. 2 *n.* એક દેશથી લાવીને બીજે દેશ ઉગાડેલો રોપો; વિદેશીય ઝાડ–શબ્દ–ચાલ.

Expand, *v. t.* પ્રફુલ્લિત કરવું; ખિલાવવું; ફુલાવવું. 2 પ્રસારવું; વિસ્તારવું. 3 વધારવું; મોહોટું કરવું. 4 *v. i.* શિગુફ્ત થવું; ખિલવું; ઉઘડવું. 5 પ્રસરવું.

Expanse, *n.* સપાટી; ફેલાવો; વિસ્તાર.

Expansibility, *n.* ચોતરફ ફેલાવવાની શક્તિ.

Expansion, *n.* ફેલાવું–ફુલવું તે; વિસ્તાર; ફેલાવો. 2 ખીલવું–ફુલવું તે. 3 મેદાન; સપાટી.

Expansive, *a.* વિસ્તારનારું; પ્રસરણીય; પ્રસરે-પથરાય-ફેલાય એવું.

Exparte, એકતરફી; એક પક્ષી.

Expatiate, *v.i.* આણીગમ તેણીગમ ફરતા ફરવું; ભટક્યા કરવું. 2 લખવા-બોલવામાં લંબાવવું; તફસીલવાર-વિસ્તારીને કેહેવું-બયાન કરવું.

Expatriate, *v. t.* દેશ-હદપાર-દેશનિકાલ કરવું. (one's self) સ્વદેશ ત્યાગ કરવો; વતન છોડી જવું.

Expatriation, *n.* દેશવટો. 2 સ્વદેશ ત્યાગ.

Expect, *v. t.* & *v. i.* વકી રાખવી; વાટ જોવી; ડોળા ઉપર રાખવા. 2 ઉમેદ રાખવી; ધારવું; સુમાર કરવો; અટકલવું. [થવું; વકી રાખવું.

Expectant, *a.* વાટ-રાહ જોતું; ઓઠી

Expectation, *n.* અપેક્ષા; વકી; ઉમેદ; આશા; સંભવ; વાટજોવી તે.

Expectorate, *v. t.* બળખો-બલગમ-કફ કાઢવો-પાડવો.

Expectorant, *a.* કફ-બલગમ કાઢે-તોડે એવું. 2 *n.* બલગમ-કફ તોડનાર ઓસડ.

Expediency, *n.* ધારવેલી મતલબ પાર પડે એવો પ્રસંગ; પ્રસંગયોગ્યતા.

Expedient, *a.* કામ જોગું; ઉપયોગી; ઉચિત. 2 *n.* તદબીર; ઇલાજ; ઉપાય.

Expedite, *v. t.* ઉતાવળું-શિતાબ કરવું; ગતિત્વરિત કરવી; જલદીથી-શિતાબીથી મોકલવું.

Expedition, *n.* ઉતાવળ; શિતાબી; ત્વરા; ઝટપટ. 2 લશ્કરની દોડ-કૂચ-ચઢાઈ. 3 કેટલાંક માણસોએ કોઈ મ્હોટાં કામસર સાથે મળીને કરેલી સફર-મુસાફરી. 4 એવી મુસાફરી કરનાર માણસો.

Expeditious, *a.* જલદીનું; શિતાબીનું; ઝટપટ; તાબડતોબ.

Expel, *v. t.* કાઢી મેળવું-મુકવું; હાંકી-ખદેડી કાઢવું. 2 દેશનિકાલ કરવું.

Expend, *v.t.* & *v.i.* ખરચવું. 2 ખપાવવું; વાપરી દેવું; થઈ ચુકવું. 3 ઉડાવવું.

Expenditure, } *n.* ખર્ચ; વ્યય.
Expense, }

Expensive, *a.* ઘણી કિમ્મતનું; મોઘું; કિમતી. 2 ખર્ચાળ; હાતનું છૂટું; ધોતાલ.

Experience, *v. t.* અનુભવથી તપાસ કરવી; અજમાવી જોવું; અનુભવવું; ભોગવવું. 2 *n.* અનુભવ; તપાસ; અજમાએશ. 3 અનુભવિક જ્ઞાન. 4 હરેક બાબદ ફરી ફરીને તપાસી-અજમાવી જોવી તે; અભ્યાસ.

Experienced, *a.* અજમાવેલું; ઘડાએલું; વહિવાટેલું; કસાએલું; અનુભવી.

Experiment, *n.* પરખ; પરીક્ષા; પ્રયોગ; અખતરો; તપાસ; અજમાએશ. 2 *v. t.* પરીક્ષા-અજમાએશ કરવી.

Experimental, *a.* અનુભવનું; અનુભવિક. 2 તપાસ-અજમાએસ કરીને સ્થાપેલું; અનુભવસ્થાપિત-સિદ્ધ

Expert, *a.* ચતુર; ચાલાક; પક્કું.
Expertness, *n.* હથોટી; હસ્તકૌરાબ્યં કારસાજી; નિપુણતા.
Expiate, *v. t.* પ્રાયશ્ચિત-તોબેસ કરવી; તોબેરા-પસ્તાવો કરીને ધોઈ નાખવું-કાઢી નાખવું.
Expiable, *a.* તોબેસ-પ્રાયશ્ચિત્ત કરી છુટું-મોકળું થઈ શકવા જેગું.
Expiation, *n.* પ્રાયશ્ચિત. [પ્રાયશ્ચિતરૂપ
Expiatory, *a.* પાપનિવારણ કરે એવું;
Expiration, *n.* દમ બાહેર કાહાડવો તે; શ્વાસોસ્વાસ; ઉચ્છવાસ. 2 છેલ્લો દમ કાહાડવો-મરણ પામવું તે; મોહોત. 3 પુરૂં થવું-વીતવું તે; આખર.
Expire, *v. t.* દમ બાહેર કાહડવો. 2 *v. i.* છેલ્લો શ્વાસ કાહાડવો; મરણ પામવું. 3 પુરૂં થવું; અવધ-છેડો આવવો; થઈ ચુકવું. [સમજાવવું.
Explain, *v.t.* અર્થ કરવો; ટીકા કરવી;
Explanation, *n.* સમજાવવું-અર્થ કરવો તે; સ્પષ્ટિકરણ; ખુલાસો; સમજણ. 2 ટીકા; વ્યાખ્યા. 3 સમજુતી; મનસમજાવણી.
Explanatory, *a.* વિવરણ-ટીકારૂપ; બયાનવાર; સમજ આપનારૂં.
Expletive, *n.* છંદ મેળવવા અથવા વાક્યનેશોભા આપવાસારૂ દાખલ કરેલો બોલ; વાક્યાલંકાર; પાદપૂરક શબ્દ. 2 *a.* વધારાનું; પાદપૂરક; પાદપૂર્ણાર્થ.
Explicable, *a.* સમજાવી શકાએ એવું. 2 કારણ બતલાવી શકાએ એવું.
Explicate, *v. t.* અર્થ બેસાડવો; અર્થ અથવા મતલબ સમજાવવી.
Explication, *n.* See Explanation.
Explicit, *a.* } સાફ; જાહેર; સ્પષ્ટ;
Explicitly, *ad.* } ઉઘાડું; બતફસીલ.
Explode, *v. i.* આવાજ કરીને ફાટવું-ફુટવું; બાર ઉડવો. 2 *v. t.* ધડાકા સમેત ઉદાવી દેવું. 3 શોર-પોકાર કરી કોઈ બાબદ વીશે નાખુશી બતલાવી તે ઉરાડી નાખવી; હુસ્રો કરવી; વખોડી કાઢવું; ધુતકારી નાખવું.
Exploded, *a.* ઉડી ગયલું; વખોડી કાઢેલું; ધુતકારી નાખેલું.
Exploit, *n.* મહત્કૃત્ય; કરામત; ભારી-મોહોટું કામ; પરાક્રમ; શૂરકર્મ.
Exploration, *n.* શોધ; ખોળ; તપાસ.
Explore, *v. t.* જોસ્તેજુ-તલ્લાસ કરવી; ઢુંડવું. 2 બારીકીથી તપાસવું.
Explosion, *n.* આવાજ કરીને-ધડાકા સમેત ફુટવું તે; બાર; ધડાકો; કડાકો. [-ઉડે એવું.
Explosive, *a.* બાર કરે એવું; ફુટે-ફાટે
Exponent, *n.* (*Alg.*) ઘાત પ્રકારાક; બિજગણિતમાં સંખ્યાને માંથે જમણા હાથ ઉપર જે સંખ્યા માંડુછે તે સંખ્યા, જેમકે a^4 2 જ્ઞાપક; સૂચક; પ્રતિનિધિ.
Export, *v. t.* એક દેશથી બીજે દેશ તરી અથવા ખુશકીને માર્ગે વ્યાપા-

રને સારૂ માલ મોકલવો-ચઢાવવો. નિકાસી કરવી. 2 *n.* દેશાવરખાતે મોકલેલો માલ; નિકાશ માલ.

Exportation, *n.* બહારગામ-દેશાવરખાતે મોકલવું-ચઢાવવું તે;નિકાશ.

Expose, *v. t.* ઉઘાડું-ખુલ્લું કરવું. (બદન). 2 જાહેર-પ્રસિદ્ધ કરવું. 3 વેચવાની મતલબથી લોકને જોવા સારૂ ખુલું-ઉઘાડું મેલવું. *To expose to danger,* ભય-જોખમમાં નાખવું; ધોકો પુગે તેમ કરવું. *To expose one's self to the sun,* તડકામાં રહેવું. *To expose one's self to danger,* ભય-જોખમમાં જઈ પડવું. *To expose one's self to insult,* પોતાની ફજેતી થાય તેમ કરવું

Exposition, *n.* ઉઘાડું કરવું તે; પ્રસિદ્ધકરણ. 2 પ્રદર્શન. 3 બયાન; શરેહ;વ્યાખ્યા. 4 ભાષ્ય-ટીકારૂપ ગ્રંથ.

Expositor, *n.* ટીકા-બયાન કરેનાર; અર્થ સમજાવનાર (કિતાબ અને માણસ બંધેને લાગુ પડી શકેછે).

Expostulate, *v. i.* કોઈ એક શખ્સથી થએલી ભૂલ વિષે તેના કાન ઓમળવા, અથવા તેને બે વાના કહી તેને એવું કરવાથી હાત ખેંચવાને તાકીદ કરી સમજાવવું.

Expostulation, *n.* કાન ઓમળવા-શિખામણ દેવી તે; બોધ; બુદ્ધિવાદ.

Expostulatory, *a.* શિખામણ ભરેલું.

Exposure, *n.* ઉઘાડું પડી રહેવાની હાલત; ઉઘાડું મૂકવું તે. 2 ફજેતી; ફસવાઈ; એબ ઉઘડવી તે. 3 પવન, તડકો અંદર આવે એવી ખુલ્લી જગા-બાજુ;મુખ;મોહોડું. [બયાન કરવું.

Expound, *v. t.* અર્થ સમજાવવો;

Express, *v. t.* નિચવવું; પિલવું. 2 બોલવું; કેહેવું. 3 દેખડાવવું; બતલાવવું; દર્શાવવું. 4 સૂચવવું; જણાવવું. 5 ખાસ એપીઓ કરી મોકલવું. 6 *a.* ખુલ્લું; સ્પષ્ટ; સાફ. 7 ખાસ કામસર કીધેલું-યોજેલું-મોકલેલું. 8*n.*કાસદ;હલકારો;એપીયો.

Expressible, *a.* ઉચ્ચારી-બોલી-કહી શકાએ એવું. 2 નિચવી-પીલી શકાએ એવું.

Expression, *n.* ઉચ્ચારવું-બોલવું તે; ઉચ્ચારણ. 2 બોલાવવું-કઢાવવું તે. 3 કાહાડવું તે; પીલવું તે. 4 શબ્દ; વાક્ય; ભાષા; બોલી; લઢણ. 5 રૂપ; લક્ષણ; દેખાવ.

Expressive, *a.* વાચક; ઉદ્દેશક; અર્થક. 2 બતલાવતું; બોધક; દર્શક; સૂચક. [રીતે.

Expressly, *ad.* ખુલ્લી-ઉઘાડી-સાફ

Expulsion, *n.* કાહાડી મુકવું તે; નિવારપટો.

Expunge, *v. t.* નાશ કરવો; રદબાતલ કરવું. 2 છેકો મારવો; છેકી-ભૂસી નાખવું.

Exquisite, *a.* પસંદ; બેહેતર; નાદર; સુંદર; ઉત્તમ; ઉત્કૃષ્ટ. 2 ચોકસ; બાહોશ; બારીક સમજ ધરાવતું; નાજુક; સૂક્ષ્મ. 3 અતિશય; ઘણુંજ; તીવ્ર; તીક્ષ્ણ; જલદ લાગે એવું.

Exquisitely, *ad.* દુરૂસ્ત–નાદર રીતે. 2 બારીકીથી.

Extent, *a.* બાહાર નિકળી આવેલું. 2 ચાલુ; મોજુદ; પ્રસિદ્ધ; વિદ્યમાન.

Extemporaneous, } *a.* આગળથી Extemporary, } વિચાર કર્યા વગર જે વખતે કામ પડયું તેજ વખતે બોલેલું–ધ્યાનમાં આવેલું; સમએસુઝી આવેલું; સમયસુચક; શીઘ્ર.

Extempore, *ad.* આગળથી વિચાર કર્યા વગર; પ્રસંગ પડતાંસુઝે એવી રીતે.

Extemporise, *v.t.* અગાઉથી વિચાર કર્યા વગર કામ પડવે ઝટ બોલવું; તરતનું તરત–પ્રસંગ પડતાં બોલવું –ભાષણ કરવું. 2 *v. t.* તત્કાળ–તાબડતોબ–હાથમાંનું હાથમાં બનાવવું–તૈયાર–સિદ્ધ કરવું.

Extend, *v. t.* તાણવું; લાંબું કરવું. 2 ફેલાવવું; વિસ્તારવું. 3 લંબાવવું; વધારવું; દરાજ કરવું. 4 આગળ–સામું ધરવું–લાવવું–કરવું. 5 આપવું; બક્ષવું. 6 *v. i.* લંબાવું; પસરવું. 7 પોંહોંચવું; જવું.

Extension, *n.* લાંબું કરવું તે; લંબાઈ; ફેલાવો; વિસ્તાર; લાંબી. 2 (*Metaph.*) પરિમેયતા. 3 (*Com.*) દેણદારને પોતાનું દેવું અદા કરવાને માગનારે વધારી આપેલી મુદતની ચિઠ્ઠી.

Extensive, *a.* વિશાળ; મોહોટું; બોહળું.

Extent, *n.* સીમા; મર્યાદા; હદ. 2 લંબાઇ. 3 વિસ્તાર; લંબાઇ પોહોળાઈ.

Extenuate, *v. t.* } પાતળું–નબળુંકરવું, Extenuation, *n.* } જેમકે માંદગીથી માણસ થાયછે; શોરી નાખવું; તાવી નાખવું. 2 છાવરવું; કમતી–ઓછું–કરી–ન્યુન–હલકું કરવું, જેમકે ગુનાહ અથવા તકસીર.

Exterior, *a.* બાહારનું. 2 પારકું; પરદેશનું. 3 *n.* બાહારની સપાટી–દિલ –અંગ; બાહારનો ઘાટ.

Exterminate, *v. t.* ઉપટી–ઉખેડી કાહાડવું; જડ બેખથી–જડમૂળથી ઉખેડી નાખવું; સંહાર–નાશ કરવો.

Extermination, *n.* સમૂળનાશ; સંહાર; નિકંદન; ખિલા ઉપાડ; જડ બેખથી ઉખેડી નાખવું તે.

External, *a.* બાહરનું; ઉપરનું. 2 શારીર વિષયક–સંબંધી. 3 આવશ્યક નહીં એવું; આગંતુક. 4 વિદેશી; પારકા મુલકનું.

Externals, *n. pl.* જે બહારનુંછે તે; બહારનાભાગો–અંગો.

Externally, *ad.* બહારથી; ઉપરથી.

Extinct, *a.* બુજાવેલું; હોલવાએલું.

2 નષ્ટ; છેડા આવેલું; ગુમ-નાબુદ થએલું; નાશ પામેલું. 3 બંધ-રદ પડેલું-થયલું.

Extinction, *n.* હોલવવું-હોલવાઈ જવું તે; હોલવણ. 2 નાશ; પાયામાલી; વિનાશ; લય; લોપ.-(*of a family*) નિર્વંશ; નિર્સંતાન.

Extinguish, *v. t.* બુજાવી-હોલવી નાખવું; ગુલ-વડું કરવું. 2 નાશ-લય-લોપ-ઉચ્છેદ કરવો; છેડો લાવવો; અંત આણવો. 3 ઝાંખ પાડવી-લગાડવી.

Extinguisher, *n.* હોલવનાર. 2 નાશ કરનાર. 3 બતી બુજાવાનું ઓજાર.

Extirpate, *v. t.* મૂળસુધાં ઉખેડી નાખવું. 2 સમૂળો નાશ કરવો.

Extirpation, *n.* સંહાર; સમૂળો નાશ.

Extol, *v. t.* વખાણવું; પ્રસંસા-સ્તુતિ-તારીફ કરવી-ગાવી.

Extort, *v. t. & v. i.* બળજોરી કરવી; જુલમથી-પ્રાણે કહડાવવું-મનાવવું

Extortion, *n.* બળજોરથી લેવું તે; જબરદસ્તિ ; જોર જુલમ. 2 જબરદસ્તીથી કઢાવેલું-મનાવેલું તે.

Extortioner, } *n.* જાલીમ; સીતમ-
Extorter, } જુલમગાર; બળાત્કારે લેનાર- કઢાવનાર.

Extra, *a.* વધારે એરીજ; શિવાય. 2 *n.* વધારો; વધારવાનું પત્ર; એકસ્ત્રા.

Extract, *v. t.* ખેંચી-ચુસી કાઢવું. 2 ઉપર-બાહર ખેંચી કાહાડવું. 3 ગાલીને અર્ક-તેજાબ કહાડવો. 4 ચૂંટી કાહાડવું; ટાંકવું, (ફકરા). 5 *To extract the root*, (*Math.*) (વર્ગઘન) મૂળ કાહાડવું. 6 *n.* કસ; તેજાબ; કાવો; અર્ક. 7 ટાંકેલો-ઉતારી લીધેલો ફકરો; ઉતારો.

Extraction, *n.* કાહાડવું (દાંત). 2 ઓલાદ; ખાનદાન; કુળ; વંશ.

Extradition, *n.* અરસ પરસ રાજવાળાઓ વચે થયલા કોલકરારોની સરત મુજબ એક રાજમાંથી નાસીને બીજા રાજમાં ભરાઈ બેઠેલા બંધવાઓનો ન્યાય થવા માટે તેને તે રાજને સ્વાધીન કરવો તે.

Extraneous, *a.* બાહરનું; આવશ્ય નહીં એવું; બીજી જાતનું; જુદી પ્રકૃતિનું; વિજાતીય.

Extraordinary, *a.* અસાધારણ; વિલક્ષણ; લોકોત્તર; અલૌકિક. 2 ચમત્કારિક; અપૂર્વ; વિરલું. 3 વિશેષ; ખાસ મોકલેલું-બાહાર પાડેલું-કામે લગાડેલું.

Extravagance, } *n.* બેઅંદાજગી;
Extravagancy, } અતિશયપણું. 2 ઉડાઉપણું; બખ્લુટ ખરચ. *Extravagance of language*, અતિશયોક્તિ.

Extravagant, *a.* ભ્રમણશીલ; ભમતું. 2 અમર્યાદ; અનાચારી; આડ માર્ગે

ચાલતું–જતું. 3 હદબહાર જતું; અતિશય; મનથી. 4 ઉડાઉ; લખલુટ; પોતાળ.

Extreme, *a.* છેડાનું; અણીપર–છેડે આવેલું. 2 આખરનું; છેલું; અંતનું. 3 નઠારામાં નઠારૂં અથવા સારામાં સારૂં; ઘણુંજ જરૂરનું; પરમાવધીનું; અતિશય. *Extreme unction* (રોમન કયાથોલિક પંથમાં) ખાટલે પડેલાં માણસને મરતી વખતે તેલ ચોપડવું તે. 4 *n.* શેવટ; અગ્ર; ટોક. 5 બેહદપણું; અતિશયપણું. The extremes of an arithmetical or geometrical progression,—the first આદિધન; આદિઅંક.—the last અંત્યધન; અંત્યાંક. Extremes of proportion, આદિ અને અંત્ય.

Extremely, *ad.* અતિશય; પુષ્કળ; ઘણુંજ; પરમ; નિહાયત.

Extremity, *n.* છેડો; અગ્ર; અણી; અંજામ. 2 પરમાવધિ; પરમમર્યાદા. 3 અતિશય અડચણ–દુઃખ; તંગી; લાચારી. [થઈ શકે એવું.

Extricable, *a.* નિકળી–છુટી–મોકળું

Extricate, *v.t.* છોડવવું; મોકળું કરવું.

Extrication, *n.* છુટકો; ખલાસી; ઉદ્ધાર; આજાદગી.

Extrinsic, *a.* પારકું; બાહરનું; બાહ્ય.

Extrude *v. t.* બહાર ઢકેલવું–હડસેલવું. 2 હાંકી કાઢવું.

Exuberance, *n.* રેલછેલ; લખલુટ; અમનઅમન; પુષ્કળપણું. 2 ભરપૂર આવેલો બાહાર; ભરપૂર થયલો પાક.

Exuberant, *a.* પુશ્કળ; અતિશય.

Exudation, *n.* પરસેવ; સેજાર; સ્ત્રાવ. 2 ઝાડમાંથી નિકળતો–પજરતો રસ–દુધ.

Exude, *v.i.* ઝાડનાં અથવા જાનવરનાં શરીરનાં ઝીણાં છિદ્રોમાંથી રસ–દુધ–સેજાર–પરસેવ–પાણી ઝરફવું.

Exult, *v.i.* મગનથવું; આનંદ પામવો; આનંદથી નાચવું કુદવું.

Exultation, *n.* ઉમંગ; ખુશી ખુશાલી; ઉલ્લાસ; અત્યાનંદ; અતિશય હર્ષ.

Exuviæ, *n. pl.* જનાવરોએ પોતાનાં શરીર ઉપરથી ઉતારી નાખેલાં ચામડાં, કવચ વગેરે. *Exuviæ of a snake*, સાપની કાંચલી.

Eye, *n.* ડાળો; આંખ; નેમ; 2 નજર; દૃષ્ટિ. 3 નજર; વિચાર; મત. 4 આંખ; મ્હોડું. 5 નજર; ચોકાસી; તપાસ. 6 વેહે; છિદ્ર; કાણું. 7 ફાંસો; ખરવરૂં; બોરીયાં ભેરવવાનું નાકું. 8 *v.t.* નજર ફેરવીને–ધ્યાન દઈને જોવું.

Eyeball, *n.* આંખનો ડાળો.

Eyebrow, *n.* અબરૂ; ભવાં; ભમર.

Eyedrop, *n.* આંસુ; અશ્રુ.

Eyeglass, *n.* ચશમો.

Eyelash, *n.* આંખની પાંપણના બાળ. 2 પાંપણનો એક નીમાળો–બાલ.

Eyelet, *n.* વેહ; નાકું; સુરાખ.
Eyelid, *n.* પોપચું.
Eyepiece, *n.* દુરબીનનો આંખ આ-[ગળનો કાચ.
Eyesalve, *n.* આંખમાં આંજવાનું ઓસડ; આંખે ભરવા-ચોપડવાનો મલમ; નેત્રાંજન.
Eyeservant, *n.* કામ ચોર; ધણીની નજર હોય ત્યારેજ માત્ર કામ કરનાર; આંખચોર.
Eyeservice, *n.* ધણીની નજર હોય તેટલીજવાર કીધેલી ચાકરી.
Eyesight, *n.* નજર; નેગાહ; દૃષ્ટિ. 2 જોવાનીશક્તિ-ઈંદ્રિ; આંખનું નુર-તેજ.
Eyesore, *n.* નજરને કંટાળો અથવા કમકમાત ઉપજાવે એવી કોઈ ચીજ; દુખતી આંખનો પાટો; નેત્રકંટક.
Eyetooth, *n.* રાક્ષી; ઉપરના જડબામાંનો અણીદાર દાંત જેની પાસે ઘહાડના દાંતો આવેલા હોયછે.
Eyewitness, *n.* નજરે જોનાર સાક્ષી; નજર ધહવાઈ; પ્રત્યક્ષ દરશી.
Eyry, *n.* *Eyrie*, ફાડી ખાનારાં શિકારી પક્ષીઓનો માળો-ઈંડાં મુકવાની જગ્યા.

F.

F. ઈંગ્રેજી મૂળાક્ષરોનો છઠ્ઠો અક્ષર.
Fable, *n.* કથા; વાર્તા; કિસ્સો. 2 જન-લોક- દંત કથા; 3 ખોટાપણું; જુઠાપણું. 4 *v. t. & v. i.* કલ્પિત કથા-કહાણી લખવી-રચવી-જોડવી. 5 જૂઠું બોલવું-કહેવું.
Fabric, *n.* બાંધણી; બનાવટ; ઘડણ; રચના. 2 બાંધણી; ઈમારત; ઈમલો. 3 મંડળ. 4 વણેલું-તૈયાર થયલું કપડું-કાપડ-કપ્પડ.
Fabricate, *v. t.* બાંધવું; ઘડવું; જોડવું; બનાવવું, જેમકે કપડ. 2 જોડી કાહાડવું; ખોટું ઉભું કરવું; બનાવટ કરવી.
Fabrication, *n.* રચવું-ઘડવું-બનાવવું-બાંધવું તે. 2 જોડી કહાડવું-ઉભું કરવું તે. 3 બનાવટ; તરકત; ફુફરાણ.
Fabulist, *n.* કાહાણી કિસ્સા જોડનાર.
Fabulous, *a.* જોડી કાહાડેલું; કલ્પિત. 2 વારતા-કહાણીમાંનું-માં કહેલું.
Facade, *n.* ઈમારતનો આગલો ભાગ-મોખરો.
Face, *n.* સપાટી. 2 બાજુ. 3 મુખડું; સુરત. 4 ડાળ; ચેહરો. 5 સ્વરૂપ; રૂપ. 6 ઉદ્દતાઈ; ધિતાઈ; છાતી. 7 આગળનો ભાગ; અગવાડું. *Face to face,* મ્હોડે મોહોડું; સામાસામી; સમક્ષ. *To set the face against,* સામાં થવું. *To make*

faces, ચાળાપાડવા. 8 *v. t.* અટકાવવું. 9 સામું આવવું; સામે ઉભા રહેવું. 10 આગલો ભાગ ઢાંકવો; આગલા ભાગપર ઢાંકણ કરવું. 11 *v. i.* ઢોંગ કરવો; ખોટો દેખાવ કરવો. 12 .ફરવું; મ્હોડું ફેરવવું; મ્હોડું કરવું.

Facet, *n.* પેલુ; કાપીને પાડેલા ન્હાના પાસા, (હીરા ઉપર પાડે છે તેવા).

Facetious, *a.* ખુશાતખે; ટોળકરનાર; ઠઠ્ઠાખોર; વિનોદી. 2 હસાવે એવું; વિનોદરૂપ.

Facial, *a.* મ્હોડાંનું; મુખ સંબંધી.

Facile, *a.* સેહલું; સુગમ. 2 મિલનસાર; મળતાવડું; મિલાપી. 3 ભોળું; નરમ-પોચાં દિલનું.

Facilitate, *v. t.* સેહેલું-સુતરૂં-સરળ-સુગમ-આસાન કરવું.

Facility, *n.* સરળ-સુગમપણું; સેહેલાઈ; આસાની. 2 ચાલાકી; ચંચળાઈ; હથોટી. 3 મદદ; સહાય; સગવડ; જોગવાઈ. 4 નરમાસ; મૌસ્વભાવ. 5 સુગમ્યતા. 6 મળતાવડાપણું; મિલનસારી.

Facing, *n.* સણગાર અથવા બીજાં કારણો સર આગલા ભાગપર કરેલું ઢાંકણ. [બરહુકમ નકલ.

Facsimile, *n.* આબેહૂબ-અસ્સલ-

Fact, *n.* ખરી બનેલી બિના; અસલ હકીકત. 2 ખરી-સાચી વાત; ખરે ખરૂં હોય તે. 3 હકીકત; બયાન; દાસ્તાન. *In fact*, ખરેખર; બેશક.

Faction, *n.* તડાં; પક્ષ. 2 બખેડો; દંગો; ફિતુર. [ફિતુરને લગતું.

Factious, *a.* બખેડા-બંડખોર. 2 ફંદ-

Factiousness, *n.* ફિતને અંગેજી.

Factitious, *a.* કળાથી બનાવેલું; હુનરી; કૃત્રિમ; હસ્તકૃત; બનાવતનું.

Factor, *n.* (*Com.*) આડત્યો; ગુમાસ્તો; કારભારી. 2 (*Math.*) ગુણ્ય અથવા ગુણકસંખ્યા-પદ-અવયવ.

Factory, *n.* ગુમાસ્તા અથવા આડત્યાઓ જ્યાં રેહેતા હોય તે ઠેકાણું; વખાર; કોઠી; લાતી. 2 આડતિયાઓ; આડતિયાનું મંડળ. 3 કારખાનું.

Factotum, *n.* સઘળી-હરેક જાતનું કામ કરવાને રાખેલું માણસ; હરકામી.

Faculty, *n.* તાકાત; શક્તિ; સામર્થ્ય; કાબેલીઅત. 2 વકુફ; હોશ; બુધ; હથોટી; આવડત. 3 અધિકાર; અખત્યાર; વિશેષ હક્ક. 4 મદરેસામાં જુદી જુદી વિદ્યા શિખવનાર શિક્ષાગુરૂઓ-ગુરૂઓનું મંડલ; કોઈબી વિદ્વાનોની ટોળી-પંથ.

Fade, *v. i.* ફિક્કું થવું; રંગ ઉડી જવો-ઉતરવો-જતો રેહવો. 2 કુમળાઈ-ચીમળાઈ જવું; કરમાવું; ખરી પડવું. 3 દુર્બળ-નાતવાન થવું. 4 ઝાંખું થવું-મારવું-પડવું. 5 નાશ-ક્ષય થવો.

Fæces, *n. plu.* See Excrement.

Fag, *v. i.* થાકી જવું; વેઠ-વૈતરૂં કરવું. 2 *v. t.* વૈતરૂં-વેઠ કરાવવી; અડદાળો કાઢવો.

Fag end, *n.* કાપડનાં થાનનો છેડો—ચાળ. 2 કોઇ પણ વસ્તુનો કચરો; ચરો. 3 દોરડાંનો વણ્યા વગરનો છેડો.

Fagging, *n.* વૈતરૂં; વેઠ.

Fagot, *n.* લાકડાંની ભારી—ઝુડી—મોળી; બળતનને માટે ઝાડની સુકી ડાંખળીઓનો ભારો—ભારી.

Fail, *v. i.* ઘટી—ખૂટી—સુકાઇ જવું. 2 કમી—ઓછું થવું; ભાગવું; તુટવું; ગળવું. 3 અશક્ત—નબળું થતું જવું. 4 નાશ થવો; જતું રહેવું. 5 થઇ રહેવું—મુકવું; ખપી જવું. 6 કારગત નહીં લાગવું; વ્યર્થ—ફોકટ જવું. 7 ભૂલી જવું; ગફલત કરવી. 8 હારી ખાવી; નહીં વળવું; નાસીપાસ—નાઉમેદ થવું. 9 બેઠક મારવી; દેવાળું કાઢવું—ફૂંકવું; નાદાર થવું. 10 *v. t.* તજવું; ત્યાગ કરવો. 11 ભૂલવું; નહીં કરવું. *Without fail*, અચૂક; ખચીત.

Failing, *n.* ખતા; કસુર; ચૂક.

Failure, *n.* ખુટ; અછત; તોટો. 2 નહીં પાળવું તે. 3 બગડી જવું તે; નાશ; ક્ષય. 4 દેવાળું; નાદારી.

Fain, *a.* ખુશ; રાજી; આનંદી. 2 *ad.* ખુશીથી; રાજી થઇને.

Faint, *a.* નબળું; નાકુવત; બેશુદ્ધ થવા જેવું. 2 થાકી લોથ પોથ થઇ ગયલું. 3 ઝાંખું; ફિક્કું. 4 મંદ; ધીમું. 5 જુજ; જરાક; સેહજ સાજ. 6 બીકણ; પચકણ; પચકું. 7 ઉદાસ; ખિન્ન. 8 *v. i.* મૂર્છા આવવી; બેશુદ્ધ—બેહોશ થવું. 9 નબળું—અશક્ત થવું. 10 કાયર—નાહિમ્મત થવું. 11 જતું રહેવું; ગેબ—અંતર્ધાન થઇ જવું; અદૃશ્ય થવું.

Fainting, *n.* મૂર્છા; બેહોશી; ઘશ.

Fair, *a.* ગોરૂં; ઉજળું; નિષ્કલંક. 2 નિર્મળ; સાફ; સ્વચ્છ. 3 અવ્યંગ; ખાદ ખુદ—એબ વગરનું. 4 સુંદર; ખુબસુરત; દેખાવડું. 5 નિરભ્ર; વાદળાં વગરનું; ખુલ્લું. 6 અનુકૂળ; બામુરાદ; માફક આવતું. 7 પ્રમાણિક; રાસ્ત. 8 ખુલ્લું; અડચણ વગરનું; મોકળું. 9 સભ્યતાવાળું; નરમાસ ભરેલું. 10 સ્પષ્ટ; વંચાએ તેવું. 11 મધ્યમ; ઠીક; વચળા વાંધા—ગાળાનું; સાધારણ. *Fair play*, રાસ્તબાજી. 12 *ad.* ખુલ્લી—ઉઘાડી રીતે; સાફ દિલથી; નિખાલસ રીતે. 13 સભ્યતાથી બોલીને. 14 વાજબી રીતે; અદલાઇથી. 15 સારૂં ગમતું હોય એવી રીતે. *To bid fair*, સારી હાલત થવાની ઉમેદ થવી. *Fair and square*, પ્રમાણિકપણે; રાસ્તીથી. 16 *n.* સુંદરસ્ત્રી; સુંદરી; પરીરૂ; નાઝનીન. *The fair*, સ્ત્રી—ઓરત જાત. 17 મેળો; જાત્રા; બજાર; તમાશો.

Fairly, *ad.* સગવડથી; ફાવતી રીતે. 2 અદલાઇથી; વાજબીની રાહે—

રીતે. 3 સફાઈદાર રીતે; સાફ. 4 સદાબડી રીતે; છેક; બિલકુલ.

Fairness, *n.* ગોરાપણું. 2 પ્રમાણિકપણું. See Fair, *a.*

Fairspoken, *a.* મીઠું મીઠું બોલનાર; મ્હોડાનું મીઠું; સભ્ય.

Fairy, *n.* મોહેણી; ચેટક. 2 પરી; અપછરા; અપ્સરા. 3 *a.* પરીનું; પરીએ આપેલું.

Faith, *n.* વિશ્વાસ; ભરૂસો; ઇતબાર; આકીન. 2 શાસ્ત્રશ્રદ્ધા; ખ્રિસ્તી ધર્મ શાસ્ત્રનાં ખરાપણા ઉપર વિશ્વાસ. 3 મહજબ; ધર્મ; માર્ગ; મત; પંથ. 4 ઈમાન. 5 વચન; કોલ. 6 ઈમાનદારી; વફાદારી. *In good faith*, ખરાભાવથી.

Faithful, *a.* વિશ્વાસુ; ભાવિક; આસ્તિક. 2 ઇમાનદાર; સાચું. 3 ઈમાની; સ્વામિસેવાનિષ્ટ. 4 વચની; વચન પાળનાર. 5 ખરૂં; સત્ય; વાજબી. 6 વિશ્વાસ કરવા–રાખવા જોગ. A faithful wife, પતિવ્રતા; સાધ્વી.

Faithfulness, *n.* ઈમાનદારી; વફાદારી; ઈતબાર. 2 ખરાપણું; સચ્ચાઈ. *Faithfulness in a wife*, પાતિવ્રત્ય. *Faithfulness in a husband*, એકપત્નિવ્રત.

Faithless, *a.* અવિશ્વાસુ; બેઈમાન. 2 નિમકહરામ. 3 બેવચની; વચન તોડે એવું. 4 બેવફા; બેમુરવત; દગલબાજ.

Faithlessness, *n.* બેઈમાની. 2 નિમકહરામી.

Falchion, *n.* તેગા; વાંકી શમશેર.

Falcon, *n.* બાજ; સકરો.

Fall, *v. i.* પડવું; નીચે પડી જવું. 2 પડવું; મળવું, જેમકે નદી દરયાને મળેછે. 3 કપાઈ મરવું; મરણપામવું. 4 પાયા માલી થવી; નાશ પામવું. 5 જોર તુટવું; નરમ પડવું; શમવું. 6 જન્મવું; પેદા પડવું. 7 ઉતરવું; પડી ભાગવું; ગળી–બેસી જવું. 8 પતિત–ભ્રષ્ટ થવું. 9 ફસી પડવું; ગુંચવાડામાં આવી પડવું. 10 ખસિયાણું પડવા જેવો દેખાવ થવો; મ્હોડું ઉતરી જવું. 11 એકાએક પડતી દશામાં આવી જવું. 12 થવું; બનવું; વિતવું; આવી પડવું. 13 મંડવું; મંડી જવું; અડવું. 14 કોઈના હાથમાં–કોઈને ભાગે જવું. 15 અણધારેલું નિકળી–બોલાઈ જવું.

To fall away, ગળાઈ જવું; આંગ નાખવું; ઝરવું; દુબળું થવું. 2 સામે થવું; બંડ ઉઠાવવું; દગાખોર–બેઈમાન થવું. 3 પતિત–ધર્મ ભ્રષ્ટ થવું. 4 પાયમાલ–નાબુદ થવું. 5 ઉતરી–ઉડી જવું; ફિક્કું થવું–પડવું. *To fall back*, હારી ખાવી; હઠવું. 2 પાળવું નહીં; તોડવું (વચન). *To fall calm*, શાંત થવું; ધીમુ પડવું. *To fall down*, નમવું; પગે પડ-

વું–લાગવું (પૂજા–પરસ્તેશ કરતાં). 2 તળીએ બેસવું; જમીન સાથે લાગવું. 3 નમવું; વાંકું વળવું (પ્રાર્થના–આજીજી કરતાં). 4 નદીના મુખ અથવા બીજાં બારાં તરફ હંકારવું. *To fall foul*, હલ્લો–હુમલો કરવો. *To fall from*, પાછું હઠવું; કહેલાં–બોલેલાંને વળગી ન રહેવું. 2 બળવો કરવો; ફિતુર ઉઠાવવું. *To fall in*, મળતું આવવું; અનુસરવું. 2 કબૂલ રાખવું; માન્ય કરવું. 3 મળી–એકઠા થઈ જવું. *To fall in with*, મળવું; ગાંઠ પડવી. 2 દેખાવું; પાસે આવવું; જોવું. *To fall off*, છૂટું–વેગળું થવું; જૂદુ પડવું; વિરહ થવો; તૂટી જવું. 2 નકામું થઈ પડવું; નષ્ટ થવું; નિકળી જવું; જતું રહેવું (વપરાસમાં નહીં આવવાથી શબ્દો) 3 છોડવું; તજવું; ધર્મ–મત–પક્ષ છોડવો; ભ્રષ્ટ થવું. 4 નીચે–તૂટી પડવું. 5 રસ–મઝા ઓછી થવી–ઘટવી. *To fall on*, મંડવું; અડવું. 2 એકદમ તૂટી પડવું; હલ્લો–ધસારો–હુમલો કરવો. *To fall out*, મારામારી–કજિયો કરવો; અણબનાવ–બગાડ થવો. 2 બનવું; વિતવું. *To fall over*, ફિતૂર કરી એક પક્ષ છોડી બીજામાં ભળવું. *To fall short*, ખુટવું; ઘટ પડવી; ખામી–ખોડ હોવી. *To fall to*, મંડવું; દિલ લગાડી પાછળ લાગવું. *To fall under*, તળે હોવું; તાબામાં આવવું–હોવું. *To fall upon*, તૂટી પડવું; હલ્લો–હુમલો કરવો. 2 કોશિશ–તજવીજ કરવી. 3 સપાટા બંધ સામે થવું–ધસવું.

Fall, *n*. પડવું–ઉતરવું તે; પતન; પાત. 2 મોત; મરણ. 3 નાશ; પાયામાલી. 4 પડતી; પડતી દશા; માનભંગ. 5 બેસી–ઉતરી–પડી–ગલી જવું તે. 6 નીચું કરવું–ઉતારવું તે. 7 ઢોળાવ; ઢાલ; ઉતરણ. 8 ધોધ; ધોધવો. 9 નદીનું સમુદ્રમાં ખાલી થવું–પડવું–મળવું તે. 10 પદાર્થ પડે તે ઠેકાણેથી જ્યાં તે પડે તે ઠેકાણાનું અંતર. 11 પાનખર રૂતુ. 12 જે કંઈ પડે તે; પડતો પદાર્થ–વસ્તુ. 13 કાપી કાઢવું–પાડવું તે. 14 આપણા મૂળ પૂર્વજો (આદમ તથા ઇવનું) પાપમાં પડવું તે; આદમ તથા ઇવે મનાઈવાળું ફળ ખાધું તે.

Fallacious, *a*. ભ્રાંતિજનક; જેથી કોઈ ઠગાય એવું. 2 ખોટું; ખોટીમંતરી ભરેલું; પાયા–આધાર વગરનું.

Fallacy, *n*. આભાસ; ખોટો દેખાવ–પ્રમાણ; ખોતારૂં; ગલતી; મકર.

Fallen, *pp*. પડતી દશાનું; પતિત.

Fallible, *a*. ચુકવાજોગ; ભુલ કરે એવું.

Falling-sickness, *n*. ફેફરૂં; વાઈ.

Fallow, *a*. ફીકું રાતું; ઝાંખા પીળા–રાતા રંગનું. 2 પડત; પડતર; ખેડ્યા

અથવા વાવણી કર્યાં વગર પાડી રાખેલી. 3 *n.* ખેડ્યા અથવા વાવણી કર્યાં વગર પાડી રાખેલી જમીન; પડત–પડતર જમીન. 4 ખેડાણ; ખેડવું તે (વાવેતર વગર.)

False, *a.* ખોટું; જુઠું. 2 બનાવટી; કૃત્રિમ; ખોટું. 3 ઢોંગ–મકર ભરેલું; ઠગવા સારૂ કરેલું. 4 બેઇમાન; અપ્રમાણિક.

Falsehearted, *a.* મનનું કપટી–મેલું–ખોટું; દગાખોર; બેવફા.

Falsehood, Falsity, } *n.* જુઠાણું; ખોટાપણું; અસત્ય; ખોટાઈ.

Falsely, *ad.* બેવફાઈથી; બેઇમાનીથી; કપટાઇથી; ખોટી રીતે.

Falsify, *v. t.* ખોટું પાડવું–કરવું. 2 તોડવું (વચન). 3 *v. i.* જુઠું–ખોટું કેહેવું.

Falter, *v. i.* ખંચાવું; અચકાતાં–ભાગ્યું તુટું–અથડતું બોલવું. 2 ડગમગવું; ડગમગતું હોવું; લથડવું.

Fame, *n.* અફવા; ચર્ચા; હોહા. 2 કીર્તિ; નામ; પ્રસિદ્ધિ; તારીફ; નામવરી; ડંકો. 3 *v. t.* અફવા હોવી. 4 નામદાર કરવું.

Famed, *a.* નામવર; નામદાર; મશાહુર; પ્રખ્યાત; પ્રસિદ્ધ; નામાંકિત.

Familiar, *a.* ખાનગી; ઘરનું; ઘરગતુ. 2 ઘરોબો હોય એવું; ઘરવટવાળું. 3 મિલનસાર; મેસરાઉ. 4 વાકેફગાર; વપરાએલું; માહિત; પ્રવીણ. 5 હળી મળી ગએલું; ખુલ્લાં દિલનું. 6 સાધારણ; સારી પેઠે સમજાયલું. 7 સેહેલ; સલીસ; સમજણ પડે એવું. 8 *n.* જાનીદોસ્ત; જીવલગમિત્ર.

Familiarly, *ad.* હળી મળીને; મિત્રભાવથી.

Familiarity, *n.* આરાનાઈ; મિલનસારી; ઘરોબો; ઘરવટ; પરિચય. 2 વાકેફગારી; જાણપિછાણ; માહિતગારી.

Familiarize, *v. t.* મિલનસાર કરવું. 2 માહિતગાર–વાકેફગાર–જાણીતું. કરવું. 3 મહાવરો–અભ્યાસ પાડવો; અભ્યાસથી સેહેલું થવું.

Family, *n.* ઘરનાં માણસો; કબીલો. ખતલો; ઘરબાર; પરિવાર; કુટુંબ. 2 વંશ; કુળ; ઘરાણો. 3 વંશાવળી. 4 ખાનદાની; ઉંચું કુળ. 5 વર્ગ; જાત; જાતિ.

Famine, *n.* દુષ્કાળ; દુકાલ; કાળ.

Famish, *v. t.* ભુખેમારવું; વાખા પાડવા. 2 ભુખમરાથી અશક્ત–નબલું કરી નાખવું. 3 *v. i.* ભુખે મરવું; ફાકો પડવો.

Famous, *a.* નામધારી; નામદાર; નામાંકિત; પ્રખ્યાત; પ્રસિદ્ધ; મશાહુર.

Fan, *n.* પંખો; વીંનો; વીંજણો. 2 (for winnowing) સુપડું; અનાજ ઝાટકવાનો સાંચો. 3 *v. t.* વા નાખવો–ઘાલવો–ખાવો. 4 ઉફણવું; ઉપણવું; ઝટકવું.

Fanatic, Fanatical, } *a.* તાસુબી–ધર્મસંબંધી જનુન ધરાવનાર; જનુની.

Fanatic, *n.* ધરમની તાસુબી-જનુન ધરાવનાર શખ્સ; મજનૂન.

Fanaticism, *n.* ધરમની તાસુબી-જનુન.

Fanciful, *a.* લેહેરી; મનમોજી; છંદી; મનરાજા. 2 વહમી; કલ્પના ભરેલું; મનઃકલ્પિત; સ્વપ્નવત.

Fancy, *n.* કલ્પનાશક્તિ; કલ્પના સામર્થ્ય. 2 કલ્પના; ધારણા; આભાસ; વિચાર. 3 મરજી; ઇચ્છા; મન. 4 ફાંટો; લહર; તોર; 5 ખોટો વિચાર. 6 *v. i.* કલ્પના કરવી; મનમાં આવવું-લાગવું; ધારવું; માનવું. 7 *v. t.* વિચાર કરવો; કલ્પના કરવી. 8 જીવ દોડવો; ગમવું; પસંદ પડવું.

Fancymonger, *n.* મનમોજી.

Fancysick, *a.* ખલલદમાગી; ચળેલ.

Fane, *n* દેવાલય; દિન ધરમની ક્રિયા કરવાનાં કારણસર કીધેલું મકાન; દેરું.

Fang, *n.* સુહર અથવા બીજાં જાનવરોનો લાંબો અણીવાળો દાંત; સુબદાંત. 2 પંજો; નખ; ચુંગાલ.

Fanlight, *n.* મેહેરાબદાર બારી.

Fantastic, Fantastical, *a.* કલ્પિત; સ્વપ્નવત. 2 લેહેરી; ખ્યાલી.

Fantasy, *n.* See Fancy.

Fantom, *n.* વેહેમ; ખ્યાલ. See Phantom.

Far, *a.* દૂરનું; આઘે-લાંબેનું. 2 દૂર; ઇચ્છા વિરૂદ્ધ; મનમાં ન હોય-ન આવે એવું. 3 બેમાંથી જે વધારે દૂર તે. 4 *ad.* લાંબે; દૂર; આઘે; દૂરદરાજ. 5 લાંબા વખત પેર. 6 ઘણે દરજ્જે; ઘણો ભાગ. 7 ઘણું ખરું. *As far as,* જ્યાં સુધી. *By far,* ઘણું; બહુ; અતિ. *So far,* એટલા સુધી. *From far,* ઘણે દૂરથી; છેટેથી. *Far off,* ઘણે દૂર.

Far fetched, *a.* દૂરથી લાવેલું-આણેલું. 2 તાણી તોડીને કાહાડેલું-ઉકાડેલું.

Far sighted, *a.* દૂરંદેશ; દીર્ઘદર્શી.

Farce, *n.* In the drama, હસું ઉત્પન્ન કરે એવી નકલ-સોંગ; ફાર્સ.

Farcical, *a.* હસવા લાયક; ફાર્સનું.

Farcy, *n.* ઘોડાને થતી વરસાદી-તી.

Fare, *v. i.* કોઇબી હાલતમાં હોવું-થવું-જવું. 2 ગુજરવું; બનવું; વિતવું. 3 જમવું; ખાવું પિવું. 4 *n.* લાવલઇ-જવાનું ભાડું; નૂર; નોલ. 5 ખાણું-પિણું; ભોજન; જમણ.

Fare well, *ad.* જાઓ ભલે; કલ્યાણ હોજો; ભલું થજો; ક્ષેમ હોજો. 2 *n.* See Adieu. રજા; રૂખસત; વદયા. *To bid a farewell,* વદાએ કરવું; છેલ્લી સલામ કરવી.

Farina, *n.* પરાગ; ફુલમાંનો ઝીણો ભૂકો. 2 લોટ; આટો.

Farinaceous, *a.* લોટ-આટાનું બનાવેલું. 2 જેનો લોટ થતો હોય તેવું. 3 લોટના જેવું.

Farm, *n.* ઇજારે લીધેલી અથવા આપેલી જમીન; ખેતર; ગણોતે ખેડવા

આપેલી જમીન. 2 *v. t.* સાંથવું; ગણોતે-ઇજારે-પટે-મકતે આપવું. 2 એડણી-ખેતી કરવી; ખેડવું.
Farm yard, *n.* કોઢ.
Farmer, *n.* સાંથીડો; ગણોતિયો; જમીન ઇજારે લઈ ખેડનાર; ખેત; ખેડુત. 2 ઇજારે દાર; ઇજારે રાખનાર.
Farming, *n.* ખેતી; કૃષિ કર્મ.
Farrago, *n.* ખિચડો; સેળભેળ.
Farrier, *n.* નાળબંધ. 2 ઘોડાનો વૈદ. 3 *v. i.* નાલબંધી કરવી; નાલબંધનો ધંધો કરવો. 4 ઘોડાનું વૈદું-દવાકરવી.
Farther, *a.* વધારે લાંબું-દૂર. 2 *ad.* વધારે; વળી; બીજું.
Farthest, *a.* સઘળાંથી-ઘણુંજ દૂર.
Farthing, *n.* પાઆ પેની; બે પૈ-એક દુકાણીની કિમતનો સિક્કો. ફાર્દિંગ. 2 ફુટી કોડી; દમડી.
Fascinate, *v. t.* See Bewitch, Enchant, Captivate, Charm.
Fascination, *n.* વશીકરણ; મોહન; ચિત્તભ્રમ; ભુલવણ; નજરબંદી; કામણ
Fashion, *n.* ઘાટ; આકાર; ડોળ. 2 આલ; લોકપ્રચાર; રિવાજ; સિરસ્તો. 3 તરાહ; રીત. 4 *v. t.* આકાર-ડોળ આપવું; ઘડવું; બનાવવું. 5 રવેયા-રસમ મોઆફક બનાવવું; લાયક-યોગ્ય કરવું.
Fashionable, *a.* દસ્તુર મોઆફક; કાએદા-કાનુનસર; લોકચાલનું; રેવાજી; લૌકિક. 2 શિષ્ટ; સભ્ય; વિવેકી.
Fast, *a.* ઘટ; ખુંટી બેઠેલું; કઠણ; સજ્જડ; ચપટ. 2 ઓસ્તવાર; સાબેત; દ્દઢ; અચળ. 3 વફાદાર; વિશ્વાસુ. 4 ભારી; મ્હોટી; ઊંડી; ભર (ઊંઘ). 5 ઉતાવળી ચાલનું; જલદ; તેજી. 6 ઉડાઉ; વહી-વંઠી ગયલું; દુરાચરણી. *Fast and loose,* ચંચળ; ડગમગતું; ઘડીમાં આમ ને ઘડીમાં આમ ફળતું. Fast colour, પાકો રંગ. 7 *ad.* મજબુતીથી; જકડીને; ગરમ. 8 જલદીથી; રિતાબીથી; ઝડપથી. *Fast by or fast besides,* પાસે; નજીક; નિકટ; લગભગ. 9 *v. i.* ઉપાસ-ઉપવાસ કરવો; લાઘણ કાહાડવી; લાંઘવું. 10 *n.* ઉપાસ; ઉપવાસ; લાંઘણ. *To terminate a fast,* ઉપાસ છોડવો; રોજા ખોલવા; ખાવું.
Fast day, *n.* અપવાસનો દિવસ; એકાદશી, રોજો, અગીયારસ, વગેરે.
Fasten, *v. t.* મજબુત-સારી પેઠે-તાણીને-જકડીને બાંધવું. 2 દેવું; વાસવું; બંધ કરવું. 3 જડવું; બેસાડવું; જકડવું. 4 *v. i.* ચિકટી-વળગી-બાઝી રહેવું. [કંજુસ.
Fast handed, *a.* બખીલ; હાથનું કઠણ;
Fastidious, *a.* મિજાજ-નખરાં-ખંતખોર; ખંતવાળું; મિજાજી; કશાંથી રાજી-ખુશી થાયજ નહીં એવું.
Fastness, *n.* મજબુતી; પાયાદારી.

2 વફાદારી; એકનિષ્ઠ. 3 ગઢ; કિલ્લો; કોટ.

Fat, *a.* ફરબે; ચરબ ભરેલું;પુષ્ટ;જાડું; દોંગુ; માતેલું; લઠ્ઠ. 2 સ્થૂળ; જડ; જાડું. 3 મૂર્ખ; મંદમતિ; જડ; ઠોઠ. 4 માતબર; ધનત્તર; ફળવંત. 5 થોડી મેહેનતે ઘણી આમદાની–પેદાસ કરી આપે એવું; ઘણી આવકવાળું. 6 *n.* ચરબી; ચિકાસ; ચિકણાઈ. 7 ઉત્તમ ભાગ–પાક; ઉત્તમાંશ.

Fatal, *a.* કાતીલ; કારી; ઘાતક; જીવ લે એવું; નાશકારક. 2 આફત ભરેલું; ગજબનાક. [નસીબ.

Fatality,*n.* તકદીર;કજા;દૈવાધીનતા;

Fatally,*ad.* કજાઅન;દૈવયોગે;તકદીરથી; બનાવથી. 2 નાશકારક રીતે.

Fate, *n.* નસીબ;કીસમત; કજા;તકદીર;કજાઓકદર. 2 મોહોત;અજલ.

Father, *n.* બાપ; પિતા; જનક; પિદર. 2 કુળ–મૂળ પુરૂષ; પૂર્વજ. 3 વડા વડેરા; બાપદાદા. 4 પોરાણ કરનાર; મુરબ્બી; પાળક. 5 ગુરૂ; મુરિદ. 6 ઉત્પાદક;જનક;કર્ત્તા;પિતા. 7 પરમેશ્વર. 8 *v. t.* પોતે કીધુંછે–પોતાનુંછે એમ કહેવું; સ્વિકારવું. 9 કોઈએ કીધુંછે એમ તેના પર લાગુ પાડવું. *Adoptive father,* પાળક પિતા. *Natural father,* અનૌરસ બાપ. *Putative father,* માની લીધેલો બાપ. *Derived from father,* પિત્રાર્જીત.

Fatherhood, *n.* બાપપણું; પિતૃત્વ.

Father-in-law, *n.* સસરો. [લાયત.

Father land, *n.* બાપીકું વતન; વિ-

Fatherless, *a.* બાપ વગરનું; ન બાપું.

Fatherly, *a.* બાપ જેવું દયાળુ; બાપસમાન; પિતૃવત્–તુલ્ય. 2 બાપને લગતું; બાપનું. 3 *ad.* બાપ પ્રમાણે.

Fathom, *n.* વામ; છ ફુટ જેટલી લંબાઈ. 2 અક્કલની પોંહોંચ–દોડ; ઊંડો વિચાર. 3 *v. t.* બાંથમાં લેવું. 4 સમજવું; દરીયાફત કરવો. 5 કેટલું ઊંડું છે તે તપાસી જોવું; પાર કાઢવો; થાગ લગાડવો. 6 *v. i.* અક્કલ પોંહોંચવી; થાગ લાગવો.

Fathomless, *a.* અથંગ; અથાગ; અગાધ; નહીં માપી અથવા સમજી શકાય એવું; અતળ.

Fatigue, *n.* સુસ્તી; થાક; કંટાળો; ગ્લાનિ; શ્રમ. 2 *v. t.* થકવી નાખવું; કૂસ કાઢવી. 3 દમ લેવો; સતાવવું.

Fatling, *n.* હલાવાન; ખોરાકને સારૂ કાપવા માટે ખવરાવી પીવરાવીને માતેલું–તૈયાર કરેલું મેઢું–ગેટું–જનાવર.

Fatness, *n.* પુષ્ટિ; ફુલફુલિતપણું. 2 ચિકણાઈ; ચરબી; ચોપરાઈ. 3 ફળદ્રુપતા; માતબરી.

Fatten, *v. t.* દોંગું–માતેલું–ચરબદાર–પુષ્ટ કરવું. 2 ફળદ્રુપ–માતબર કરવું. 3 *v. i.* આંગ લેવું–ભરવું; ફરબે–

Fatty, *a.* ચિકણું;ચરબીદાર. [દોંગું થવું

Fatuity, *n.* મગજની નબળાઈ; મુર્ખપણું; નષ્ટ–દુષ્ટ બુદ્ધિ; મૂઢતા.
Fatuous, *a.* નબળા મગજનું; મૂઢ.
Fault, *n.* ઓછાપણું; કમતાઇ. 2 ભૂલ; ચૂક. 3 ખોડ; ખંગ; ખાપણ; એબ; ખામી. 4 વાંક; અપરાધ; દોષ; તકસીર; કસૂર. *To find fault*, See Complain. *To find fault with*, See Blame, Censure.
Faultless, *a.* નિરપરાધી; બેગુનાહ; બેતકસીર; નિર્દોષ. 2 બિનએબ; ખોડ વગરનું; પૂર્ણ; પૂરૂં; કામિલ.
Faulty, *a.* ઓછું; કોતા; અધુરૂં; ભૂલ ભરેલું; અપૂર્ણ. 2 એબદાર; એબીએલ; ખોડ–ખામીવાળું. 3 તકસીરવાર; સદોષ; અપરાધી.
Favor, *n.* કૃપા; મેહેર; મેહેરબાની; નવાજિશ; ઇનાયત. 2 મદદ; યારી; આશ્રો. 3 ઉપકાર; આભાર. 4 દયા; માયા. 5 ભેટ; નજર; સોગાત. 6 પક્ષપાત; તરફદારી. 7 પત્ર; કાગળ. 8 પ્રસાદ. 9 પરવાનગી. 10 *v.t.* કૃપા –મેહેરબાની કરવી; રેહેમની નજરે જોવું. 11 આશ્રો–આધાર આપવો. 12 સેહેલું–અનુકૂળ કરી આપવું.
Favorable, *a.* અનુકૂળ; મેહેરબાન; કૃપાળુ; સુપ્રસન્ન; ઉપકારી. 2 ઉપયોગી; ઉપયુક્ત; કામનું. 3 સેહેલું; સુતરૂં.
Favorably, *ad.* મેહેરબાનીથી; કૃપાથી.
Favored, *a.* આભારી; અનુગ્રહીત; વહાલું. *Well favored*, દેખાવડું; ખુબશુરત; સારા ઘાટ–કદનું; કદાવર. *Ill favored*, બદશિકલ; સુકાઈ –તવાઈ ગએલું.
Favorite, *n.* & *a.* માનીતું; વાહાલું; નાકનો બાલ. 2 લાડકું; પસંદ; પ્રિય.
Favoritism, *n.* તરફદારી; ખાતરદારી.
Fawn, *n.* હરણનું એક વરસનું બચ્ચું. 2 *v.i.* ગેલમાં ઉતરવું; ખારબતાવવો. 3 જી જી–હાજીહા કરવું.
Fawning, *a.* or *n.* ખુશામદ–ચાપલુસી ખોરૂં; મોહોડાં રાખું.
Fealty, *n.* વફાદારી; પોતાના રાજા તરફની નિમકહલાલી; પ્રજાધર્મ; રાજ ભક્તિ; રાજ નિષ્ઠા.
Fear, *n.* ભય; ધાસ્તી; ડર; બોર; બ્હીક; ધડકું. 2 ચિંતા; દગદગો; અંદેશો; વસવસો. 3 રોબ; દમામ; ભપકો; કરવ; હાક. 4 ઇશ્વરી ક્રોધનો ભય. 5 ઇશ્વર ભીતિ; તર્સ; ડર. (ખોદાતાલાનો) 6 માન; દરજ્જો; અદબ. *Fear of man*, લોકલજ્જા; જનલાજ.
7 *v. t.* બ્હીવું; ડર લાગવો. 8 *v. i.* ડરવું; બ્હીક લાગવી.
Fearful, *a.* બ્હીધેલું; ભયભીત; આશંકિત. 2 દેહેશતનાક; નામર્દ; બીહીકણું; બિહવડાવે એવું. 3 ભયભરેલું; ભયંકર. 4 રોબ–દબદબા ભરેલું; બ્હીવા જેવું.
Fearless, *a.* બેબાક; નિર્ભય; નિડર. 2 ધીટ; શૂર; હિંમતવાન; છાતીવાળું; દલેર.

Fearlessly, *ad.* બેધડક; બેબાકીથી; બેપરવાઈથી; બેલાશક.

Feasibility, *n.* સંભાવના; સાધ્યતા; બનવાજોગ ગુણ. [રવા—બનવા જોગું.

Feasible, *a.* સાધ્ય; સુગમ; સંભવિત; ક-

Feast, *n.* જીઆફત; મેહમાની; મેજબાની. 2 ઈદ; તેહેવાર; પરબ; સપરમો દાહાડો. 3 *v. t. & v. i.* શાદી—ખુશી—એશ—અશરત—આનંદ કરવો; મેજબાની આપવી; ઉજાણી કરવી. 4 હોંસ પુરી પાડવી. *To feast the eyes*, આંખને ટાહાડક પાડવી—વાળવી. [રંગરાગ; નાચરંગ.

Feasting, *ppr.* or *n.* ધુમધામ કરવી તે;

Feat, *n.* કામ; કૃત્ય; વીરચરિત્ર; પરાક્રમ. 2 કસરત; કસબ; બાજીગરી; હાતચાલાકી.

Feather, *n.* પીછાં; પીછ; પર. 2 જાત. 3 *v. t.* પીછ—પીછાં ઘાલવાં. 4 સણગારવું. *To feather one's nest*, પોતાનું ઘર ભરવું; પોતે પોતાનું માત્ર કરવું.

Feathered, *a.* પીછાંદાર; પીછથી ભરેલું.

Feathery, *a.* પીછાંથી ઢાંકેલું. 2 પીછાં જેવું; પીછાંને લગતું.

Feature, } *n.* ચેહેરાનો કોઈ પણ
Features, } ભાગ. 2 ચેહેરો; સુરત; આકાર; ડોલ; ઘટમ. 3 દેખાવ. 4 મુખ્ય ભાગ; લક્ષણ; રૂપ.

Febrifugal, *a.* તાવ ઓછો કરવાની—અટકાવવાની શક્તિ ધરાવતું; તપમાર.

Febrifuge *n.* તુપમાર; તાપનું ઓષધ; જ્વરનાશક ઓષધ. 2 *a.* તાવ નરમ પાડવાનો ગુણ ધરાવતું.

Febrile, *a.* તાવને લગતું—સંબંધી; તાવથી ઉત્પન્ન થએલું; જ્વરસૂચક.

February, *n.* ઈંગ્રેજી વર્ષનો બીજો માસ; માહા—ફાગણ.

Feces, *n. pl.* મળ; કચરો. 2 ગુ; વિષ્ટા.

Feculence, *n.* નજીસી; પલીદી; મલીનતા; ગંદાપણું. 2 રગડો; કચરો.

Feculent, *a.* રગડા—કચરા ભરેલું—વાળું; ડોહોળાએલું; ગંદું.

Fecundity, *n.* ફળદ્રુપપણું; ઘણાં બચ્ચાં જણવાની શક્તિ—ગુણ (પ્રાણીઓમાં). 2 ઘણાં સરખાં ફળ ઉત્પન્ન કરવાની અથવા લાંબી મુદતસુધી ફળ આપવાની શક્તિ; ફળદાયકપણું. 3 મનમાંથી નવા નવા વિચાર—હિકમત શોધી કાહાડવાની શક્તિ.

Federal, *a.* નિયમનું; કરારનું; લખત પત્રથી બંધાએલું; સાંકેતિક; કોલકરારથી મળેલું. 2 એકસંપી કરીને—સંપસંપીને સ્થાપેલું.

Federal, } *n.* અમેરિકામાં યુના-
Federalist, } ઈટેડ સ્ટેટસના રાજ્ય કારભારની તરફદારી વાળાઓને એ એલકાબથી બોલે છે.

Federation, *n.* સંપ કરવો તે; એકસંપી. 2 એકસંપી રાજ્ય.

Fee, *n.* માલમતા; માલમિલકત.

2 દસ્તુરી; લવાજમ; હકસાઈ; ફી. 3 *Land in fee simple,* પંરાપરંપરા ઉતરતી જમીન; યાવતચંદ્ર આપેલી જમીન; જાગીર; વતન.

Feeble, *a.* નબળું; નાકૌવત; અશક્ત; દુર્બળ. 2 જઈફીથી નાતવાન થયલું –ખખળી ગએલું. 3 નરમ; ધીમું; ઝીણું. 4 ઝાંખું; જાંફતું.

Feeble minded, *a.* થોડી–અલ્પબુદ્ધીનું

Feed, *v. t.* ખાવાનું–અન્ન આપવું. 2 પોષવું; પોષણ આપવું–મળવું. 3 પૂરૂં પાડવું; તૃપ્ત કરવું; પુરવું. 4 ચરાવવું; ચારો નાખવો. 5 નાખવું; પુરૂં પાડવું. (આગમાં લાકડાં) 6 *v. i.* ખાવું; ખોરાક ખાવો. 7 ખાઈને જીવવું; ગુજરાન કરવું. 8 *n.* ચારો; ઘાસ; ચાર; ચંદી. 9 ઢોરને ચરાવવાની જગો. 10 વરાળ યંત્રમાં પૂરૂં પાડવામાં આવતું પાણી.

Feeder, *n.* ખવાડનાર. 2 ઉશ્કેરનાર. 3 ખાનાર. 4 જેમાંથી આવેછે–મળેછે પુરૂં પડેછે–તે; પુરૂં પાડનાર.

Feel, *v. t.* લગાડવું; અડકવું; સ્પર્શ કરવો. 2 જાણવું; લાગવું; પિછાનવું; ભાસવું. 3 પકડવું; ધરવું; હાથમાં ધરીને જોવું; હાથ ફેરવી જોવો. *To feel after,* ટટોસવું; ખોળવું. *To feel the pulse,* નાડ જોવી. 2 મનહીર જોવું. *To feel for others,* દિલસોજી બતલાવવી; દર્દ ધરવું. 4 *v. i.* સ્પર્શ જ્ઞાન થવું; લાગવું. *To feel grieved,* દલગીર-ખિન્ન થવું. *To feel well,* ઠીક લાગવું. *To feel pleasant,* ભાવવું; ગમવું.

Feeler, *n.* ન્હાના જીવજંતુઓનાં મ્હોડાં આગળના નિમાળા–બાલ–મુછ (એ બાલોની મદદથી દૂર પડેલો ખોરાક એ પ્રાણીઓ શોધી કાહાડેછે). 2 કોઈનું દિલ–મન–હીર જોવાની મતલબે છેડેલી વાત.

Feeling, *n.* સ્પર્શેંદ્રિય; સ્પર્શ–લાગવાની ઈંદ્રિ. 2 સ્પર્શજ્ઞાન; શરીરની સાથે અડક્યાથી થતું જ્ઞાન; લાગણી. 3 બુદ્ધિ; વૃત્તિ; મનોધર્મ. 4 નરમ દિલી; કરૂણા; દયા. 5 *a.* કરૂણા ઉત્પન્ન કરે એવું; અસરકારક. 6 દયાળુ.

Feelingly, *ad.* અસરકારક રીતે.

Feet, *n. plu.* of Foot, પગો. See Foot. 2 ફુટ, જેમકે ૭ ફુટ, ૧૦ ફુટ ઈત્યાદી.

Feetless, *a.* પગ વગરનું.

Feign, *v. t.* હિલાંબાહાનાં કરવાં; ખોટું ડાળ ઘાલવું; ઢોંગ કરવો. 2 કલ્પવું; કલ્પના કરવી; યોજવું.

Feigned, *a.* ઢોંગ ભરેલું. 2 કલ્પિત.

Feint, *n.* બાહાનું; હિલો; ઢોંગ; મિષ.

Felicitate, *v. t.* સુખી–આનંદી કરવું. 2 મુબારકબાદી ચાહાવી–આપવી.

Felicitous, *a.* સુખી; ખુશકારક. 2 ચતુર. 3 યોગ્ય; ઉચિત; જોઈએ તેવું.

Felicity, *n.* સુખાનુભવ. 2 પરમ

સુખ; પરમાનંદ; શાદમાની; ખુશી ખુરમી; આરામ; સુખચેન (બેહેશ્ત-નું.) 3 યોગ્યતા; લાયકપણું.

Feline, *a* બિલાડી, વાઘ, સિંહ વગેરે જાતનાં જાનવરોને લગતું.

Fell, *a.* સંગ દિલ; જાલીમ; ખુની; ક્રુર; ઘાતકી; નિર્દય. 2 *n.* પશુ–હેવા-નનું ચામડું. 3 ડુંગર; ટેકરી. 4 See Auger. 5 *v. t.* પાડવું; કાપી–તોડી નાખવું; જમીન દોસ્ત કરવું. 6 ઓ-ટવું; સીવવું.

Felloe, *n.* પૈડાંનું પુઠિયું.

Fellow, *n.* સોબતી; સાથી; બંધુ; રફીક. 2 જોડિયો; બરોબરિયો. 3 જોડ; જો-ડીમાંનું એક. 4 કોઈ મદરેસા અથવા પાઠશાળાનો સભાસદ જેને તે મંડ-ળીની આવગમાંથી કંઈ લવાજમ મળતું હોય; ફેલો. 4 ધિકારથી કોઈને કેહેવાનો શબ્દ; લુચ્ચો; સોદો; અધમ; પાજી. 5 માણસ; જણ; મનુષ્ય. *Poor fellow,* બાપડો; બિચારો. *A fine fellow,* ગાજી મર્દ; સારું માણસ.

Fellow creature, *n.* ભાઈબંધ–બંધુ.

Fellow feeling, *n.* સમભાવ; હમ-સોજી. See Sympathy.

Fellowship, *n.* સોબત; સંગત; સહ-વાસ. 2 ભાગીદારી; પંતિયાળું. 3 (*Arith.*) ભાગીદારોને નફો તોટો વેહેચી આપવાની ગણત્રી કરવાની રીત. 4 *Fellow* ની જગા.

Felly, *n.* See Felloe.

Felo de se, (*Law*) પોતાને હાતે પો-તાના જાનની ખોઆરી કરનાર; આપઘાત કરનાર.

Felon, *n.* મહાપાતકી; મહાપરાધી. 2(*Med.*) નખછર; નવેલો.

Felonious, *a.* જબુન; દુષ્ટ; બદ; પાપ બુદ્ધિનું. 2 (*Law.*) બદ દાનતથી–જાણી બુજીને અપરાધ કરવાની મતલબે કીધેલું.

Felony, *n.* મહાપાપ; અજીમ ગુનાહ; મહાપરાધ; મહાપાતક; ફાંસીની સજા થાય એવો અપરાધ.

Felt, *n.* બુરણુસ; નમદો; ઉનને પ-લાળી તેમાં કોઈ જાતનો પાતળો આર નાખી દાબીને તેનું કરેલું લુગડું. 2 એવી રીતે બનેલાં ઉનના લુગડાંની ટોપી.

Female, *n.* સ્ત્રી–ઓરત જાત; બૈરી; નારી. (among animals or plants) માદા–(male and female) નરમાદા. 2 *a.* સ્ત્રી જાતીય; સ્ત્રી–નારીનું. 3 નાજુક; કોમળ.

Femecovert, Femmecovert, } *n.* (*Law*) પરણેલી સ્ત્રી; સોહાસન.

Femesole, Femmesole, } *n.*(*Law*) એખલી–નહીં પરણેલી સ્ત્રી. અનૂઢા.

Feminine, *a.* સ્ત્રી જાતનું; સ્ત્રી સંબંધી. 2 નરમ; કોમળ; નાજુક. 3 નામર્દ; બાએલું. 4 (*Gram.*) સ્ત્રીલિંગ; નારી જાતીનું.

Fen, *n.* પાણીથળ; દલદલ; ભીણી ઘાસવાળી જગ્યા; કળાણ.

Fence, *n.* હિમાયત; બચાવ. 2 કુંપણ; તટ્ટિ; વર્ડ; વડી. 3 *v. t.* કુંપણ-વડી-તટ્ટી-વાડ બાંધવી-નાખવી-ભરવી. 4 બચાવ-સંભાળ કરવો. 5 *v. i.* પટા રમવા; તલવારના હાત ફેરવવા.

Fencer, / **Fencing master**, } *n.* પટેબાજ; દાંડપટા રમનારો; ઉસ્તાદ; પટાબાજી શિકવનારો.

Fencing, *n.* પટાબાજી; પટા રમવા-ખેલવા તે. 2 કુંપણ, વડી અથવા વાડ બાંધવાને લગતી ચિજો.

Fennel-seed, *n.* વરિયાળી; બાદીયાન.

Fenny, *a.* જ્યાં ઘાસવાળું કળાણ હોય તેવું; કાદવ-પાણી વાળું-જેવું.

Fenugreek, *n.* મેથી.

Ferment, *n.* ખમીર; ઉભરો; જોરા. 2 જુસ્સો; ગભરાટ; હંગામો; ફિતનો. 3 *v. i.* ઉભાવું; ઉભરાવું; ખમીર ચઢવું; જોરા આવવો. 4 *v. t.* જોરા ચઢાવવો. [ખમીર ચઢવું તે.

Fermentation, *n.* ઉભાણ; જોરા;

Fern, *n.* સરોવરની જાતનાં ઝાડ.

Ferocious, *a* ક્રુર; ઘાતકી; નિર્દય; વિકાળ. 2 ફાડી ખાનાર. [પણું.

Ferocity, *n.* ખુનખવારી; ક્રુરતા; ક્રુર-

Ferreous, *a.* લોહોડાનું; લોહમય.

Ferret, *n.* નોળિયો. *To ferret out*, ખોળી-શોધી કહાડવું.

28

Ferruginous, *a.* લોહોડાની જીણી બારીક કરચવાલું; લોખંડી; લોહોડાનું. 2 લોહોડાના કાટના રંગ જેવું.

Ferrule, *n.* કડી; ખોળી.

Ferry, *v. t. & v. i.* નદી, ખાડી અથવા પાણી ઉપરથી હોડીમાં બેસાડી પાર ઉતારવું-ઉતરવું; નદી પાર ઉતરવું-ઉતારવું. 2 *n.* તર; આરો; ઓવારો; ઉતારૂઓને ઉતારવાને જે જગા ઉપરથી મછવા મુકવામાં આવે છે તે જગા.

Ferry boat, *n.* મછવો; તર; હોડી.

Ferry man, *n.* હોડી-મછવાવાળો.

Fertile, *a.* ફળવંત; આબાદ; ફળદ્રુપ. 2 હોશિયાર; કલ્પક; કરામતી; ચતુર.

Fertility, *n.* પિકાઉપણું; ફળવંતતા; માતબરી. 2 યોજક બુદ્ધિ; સારી કલ્પના શક્તિ.

Fertilize, *v. t.* કઉઅત-જોર આપવું; આબાદ-ફળદ્રુપ કરવું.

Ferule, *a.* થાપટી; નિશાળીઆના હાતની અથેલી ઉપર મારવાની લાકડાંની થાપટી; પાલમત્રી.

Fervency, / **Fervidness**, / **Fervor**, } *n.* સરગરમી; હોંસ; જુસ્સો; આવેશ; દિલસોજી; ઉત્સાહ; ઉત્કંઠા. 2 આસ્થા; ભાવ.

Fervent, / **Fervid**, } *a.* ગરમ; તપતું; ઉષ્ણ. 2 જલદ; જુસ્સામાં આવેલું. 3 દિલસોજ; હોંસીલું; ઉત્સુક.

31

Fervently, *ad.* દિલથી; મન લગાડીને; ઉત્કંઠાથી.

Festal, Festival, Festive, *a.* શુભ; માંગલિક; See Gay, Joyous, Mirthful. [ખમ.)

Fester, *v. i.* સડવું; કોહીજવું (જખ-

Festival, *n.* ઈદ; તેહવાર; પરવ.

Festivity, *n.* શીયાદી; ખુશાલી; આનંદ; જશન.

Festoon, *n.* તોરણ. 2 ફુલના હારના જેવી કરેલી નકસી; આમરા (થાંભલાપર.)

Fetch, *v. t.* જઈને લાવવું; લઈ આવવું. 2 ઉપજવું; આવવું; કિમ્મત ઉપજવી. 3 મારવું; નાખવું (હાથ્થે–નિસાસો.) 4 *n.* દાવપેચ; છળ; ફંદ.

Fete, *n.* તેહવાર; સપરમો દહાડો; ટાણું.

Fete champetre, *n* વનભોજન; મેદાનમાં કીધેલું ખાણું.

Fetich, *n.* ઝાડ, પથ્થર ઇત્યાદિઓનો પૂજવા સારૂ કરેલો કેબલો.

Fetichism, Feticism, *n.* આફ્રિકાના સિદ્ધિઓની મુર્તિપુજા.

Fetide, *a.* બદબો વાળું; ગંધાતું; વાસ મારતું.

Fetter, *n.* Fetters, *n. plu.* પગની બેડી–જંજીર–સાંકલ; ઓડું. 2 બંધન; અટકાવ; અડચણ; કાબુ; દાબ. 3 *v. t.* બેડી ઠોકવી–ઘાલવી. 4 અટકાવ કરવો; મનાઈ–અડચણ કરવી; અટકાવવું.

Fetus, *n.* ગર્ભ; હધુરૂં બચ્ચું; હમેલ.

Feud, *n.* કલહ; ઝઘડો; કજીયો; જીવપર આવી કીધેલી મારામારી; કટ્ટીલડાઇ. 2 વતન; મોકાસો; જાગીર. *Family feud,* કુટુંબકલહ; ઘરકંકેસ.

Feudal, *a.* (held in fee) મોકાસાનું; વતન–જાગીરને લગતું–સંબંધી.

Feudatory, *a. & n.* લડાઈની વખતે ચાકરી બજાવી મદદ કરવાની કબુલાતે થએલો જાગીરદાર; વતનદાર.

Feu de joie, ખુશાળીમાં મારેલી તોપ–બંદુક અથવા કરેલી આતશબાજી.

Fever, *n.* જ્વર; તપ; તાવ; બોખાર. 2 ગભરાટ; જોરા; ઉકલાટ. *Bilious fever,* પિતજ્વર; પિતનાં જોરથી આવેલો તાવ. *Inflammatory fever,* દાહ જ્વર; ગરમીના જોરથી આવેલો તાવ. *Intermittent fever,* ચોકસ વખતે આવતો તાવ; આંતરિયો તાવ. *Malignant fever,* કમલો; કમેલી. *Remittent or irregular fever,* વખત બે વખત આવતો તાવ. *Fever seated in the bones,* હાડ જ્વર; હાડમાં બેઠેલો તાવ; હાડધગી તાવ. *Fever with ague,* ટાહાડ વાગીને આવેલી તાવ; ટાહાડિયો. *Hot paroxysm of fever,* તાવનું લખલખું. *Typhus fever,* સનેપાતનો તાવ.

Feverish, *a.* થોડો લગાર તાવ આવ્યો હોય તેવું; તાવની કસરવાળું;

આંગ ગરમ થયલું. 2 ચંચળ; ઘડી ઘડીમાં ફરી જાએ તેવું. 3 ગરમ.

Few, *a.* ચંદ; થોડું; કેટલુંક; થોડું ઘણું.

Fewness, *n.* અલ્પતા; થોડાપણું.

Fiat, *n.* આજ્ઞા; હુકુમ; ફરમાસ.

Fib, *n.* ગપ; ગપસપ; ગપાટો; જૂઠું.

Fibre, *n.* દોરો; તંતુ; તાર. 2 રેશ; સાકો; વામ; જડિયાં.

Fibrine, *n.* જાનવરના દેહ અને બંધાએલાં લોહીમાનું એક તત્વ, જે બંધાએલાં લોહીમાં જારી અથવા છારીનાંજેવું દેખાએછે;વનસ્પતિમાં પણ એવો પદાર્થ હોએછે.

Fibrous, *a.* રેશા-સાકાદાર; તંતુમય.

Fickle,*a.* લાસરીયું; ડામાડોલ; ઠેકાણા-ધડા વગરનું; જરાજરામાં ફરીજતું.

Fickleness, *n.* ગેર ઉસ્તવારી; ડામાડોલી; નાપાએદારી; ચાંચલ્ય.

Fiction,*n.*બનાવટ;કલ્પિતકથા-વાત.

Fictitious, *a.* કલ્પિત; કૃત્રિમ; ખોટું; બનાવટ ભરેલું. [ઠગાઈ.

Fictitiousness,*n.* ખોટાપણું; ખોટાઈ;

Ficus, *n.* (*Bot*)-*Carica*, અંજીરી; અંજીરનું ઝાડ. *Ficus indica*, વડ. *Ficus religiosa*, પીપળો.

Fiddle, *n.* સારંગી;કિનરી. 2 *v.i.* સારંગી વજાડવી-વગાડવી. 3આંગળાંથી ચેડાં કહાડવાં; નકામું રમ્યા કરવું. 4 *v. t* સારંગીમાં સાથે ગાવું.

Fiddler, *n.* સારંગીવાળો; સારંગી વગાડનાર; સારંગીયો.

Fiddle stick, *n.* સારંગી વગાડવાની લાકડી; સારંગીનો ગજ.

Fiddle string,*n* તાર; સારંગીનોતાર.

Fidelity,*n.*પ્રમાણિકપણું;ઇમાનદારી; સાચાઈ. 2 વફાદારી; રાજનિષ્ઠા; સ્વામિ ભક્તિ; પ્રજાધર્મ. 3 પતિવ્રતાપણું; પાકદામાની.

Fidge, } *v.i.* ચળવળવું;ઉકળેસ કરવું;
Fidget,} ચવળવું. [ચરવીતું.

Fidgety, *a.* ચુલબુલીયું; ચળવળતું;

Fie, *interj.* છટ; છિટ; ધુ; ધિક; થુથુ; *Fie! Fie!* શિવશિવ! તોબાતોબા! અવાક્ષેપશ્રીમાન! હૈફ! અરેઅરે!

Fief, *n.* જમીનદારી; જાગીર; વતન.

Field, *n.* ખેતર; ખેત. 2 મેદાન; ખુલ્લી જગા; ચોગાન. 3 *Field of battle*, રણાંગણ; લઢાઈનું મેદાન. 4 લઢાઈ; જંગ; રણ. 5 મોકળાસ; વગ. 6 સંધિ; તક; પ્રસંગ.

Field book,*n.* જમીનની માપણી કરતી વેળા તેની લંબાઈ, અંતર, ખુણા, ઇત્યાદિ નિશાનો નોધવાની ચોપડી.

Field day, *n.* કવાયતનો દિવસ. 2 ખુશાલીનો-સપરમો દાહાડો.

Field marshal, *n.* મ્હોટી પદ્વિવાળો લશકરી સરદાર; મુખ્ય સેનાપતિ.

Field officer, *n.* Captainથી ચઢતી ને Generalથી ઉતરતી પદ્વિનો લશ્કરી અમલદાર,જેવોકે Major, Colonel, અથવા Lieutenant-Colonel.

Field piece, *n.* ન્હાની તોપ; લશ્કર સાથે ધસડી લઇ જવાય એવી તોપ.
Field sports, *n. plu.* શિકારબાજી; મૃગયા; શિકાર વગેરે વનનું ક્રીડા.
Field works, *n. plu.* In the *military art*, કિલ્લાનો બચાવ કરવાને તેની આસપાસ ઉઠાવેલું કામ અથવા કિલ્લા ઉપર હમલો કરવાને દુશમને તેની આસપાસ ઉઠાવેલું કામ.
Fiend, *n.* સેતાન; ભૂત; રાક્ષસ; દૈત. 2 કટ્ટો દુશમન; જીવનો વેરી.
Fiendish, *a.* સેતાની ખાસીઅતનું; અતિદુષ્ટ.
Fierce, *a.* ઘણું; પ્રચંડ; દારૂણ. 2 ક્રુર; ઉગ્ર; ઘાતકી; ફાડીખાનાર. 3 જાલમ; કરડું. 4 વિકરાળ; ભયંકર.
Fierceness, *n.* જંગલીપણું. 2 લોહીની તરસ–તલબ; બેરેહેમી; જુલમ. 3 તુફાનનું જોર–ભર.
Fiery, *a.* અગ્નિનું; અગ્નિ–દેવતામય. 2 ઘણું ગરમ; જલદ; અતરા. 3 આકરૂં; કરડું; જાજ્વલ. 4 સેહેજમાં ઉસ્કેરાઇ જાય–ગુસ્સે થાય તેવું. 5 ચળકતું; આતરાજેવું લાલ–ચકચકીત.
Fife, *n.* મ્હોડેવગાડવાની એકજાતની શિસોડી; મોરળી; વેણું; વાંસળી.
Fifer, *n.* વાંસળીવગાડનાર; વેણુવાદક
Fifteen, *a.* પંદર; ૧૫.
Fifteenth, *a.* પંદરમું. [સ. 2 *a.* પાંચમું.
Fifth, *n.* પાંચમો હિસો–ભાગ; પંચમાં-
Fiftieth, *a.* પચાસમું.
Fifty, *a.* પચાસ; ૫૦. [અંજીરી.
Fig, *n.* અંજીર. 2 અંજીરનું ઝાડ;
Fight, *v. t. & v. i.* લડવું; લડાઇ કરવી. 2 વઢવાડ–તંટો–ઝઘડો કરવો; ફેસાદમસ્તિ કરવી. 3 *n.* સંગ્રામ; લડાઇ
Fighting, *a.* લઢાઇના કામનું; લઢાયક; જંગી.
Figment, *n.* કલ્પના; બનાવટ; જોડી કહાડેલી–કલ્પિત વાત; કિસ્સો.
Figurative, *a.* લાક્ષણિક; મુરાદી; સાંકેતિક. 2 અલંકારયુક્ત; અલંકારવાળું
Figure, *n.* આકાર; આકૃતિ; સુરત. 2 ઘાટ; ડોળ. 3 પ્રતિષ્ઠા; માન. 4 પુતળું; બાહુલું. 5 નકશો; ચિત્ર; છબી. 6 અંક; આંકડો. 7 બુટ્ટિ; ભરત; વેલ. 8 (*Geom.*) આકાર; આકૃતિ. 9 (*Rhet.*) અલંકાર; રૂપક; 10 *v. t* આકાર આપવો; ઘાટ બનાવવો. 11 નકશી–વેલ બુટ્ટા કાઢવા–પાડવા. 12 કલ્પવું; ધારવું; ખ્યાલ–કયાસ કરવો. 13 આંકડા પાડવા–કાહાડવા. 14 *v. i.* દીપી નિકળવું; વખણાઇ જવું; નામ મેળવવું.
Figured, *pp.* or *a.* રૂપવાન. 2 બુટ્ટી–નકશીદાર; વેલ બુટ્ટાવાળું.
Filament, *n.* દોરો; તંતુ; સુત્ર; તાર; રેશો.
Filch, *v. t.* ચોરી કરવી; ચોરી જવું.
File, *n.* દોરી; તાર. 2 ફાઇલમાં બાંધેલાં અથવા ગોઠવેલાં સઘળાં કાગળીઆં, દસતાવેજ; ફાઇલ. 3 હાર;

સફ;કતાર (શીપાઈઓની). 4 કાનસ; રેતડી. 5 *v.t.* ફાઈલ બાંધવી; કાગળિયાં રચીને બાંધવાં અથવા તારમાં પોરવી મૂકવાં. 6 કાનસે કરી ઘસવું—ઘસીને સાફ કરવું. 7 કાયદાસર નોંધાવવું; દાખલ કરવું. 8 *v i.* સિપાઈઓએ હારબંધ ચાલી જવું.

Filial, *a.* દીકરાદીકરીને લગતું; દીકરાદીકરી—છોકરા છોકરીને યોગ્ય—લાયક—ઘટિત;ફરઝંદી. *Filial affection*, ફરજંદી મોહોબત; પિતૃભક્તિ. *Filial duty*, પુત્રધર્મ; પુત્રિકાધર્મ.

Filings, *n. plu.* ધાતુને ઘસતાં પડેલો ભૂકો—ચુરો.

Fill, *v. t.* ભરવું; ભરી આપવું. 2 તૃપ્ત કરવું;સંતોષવું. 3 પૂરવું; પૂરી—ભરી નાખવું (ચાકરી—જગા). 4 જગા—હેદ્દો ભોગવવો. 5 *v. i.* ભરાવું; ભરાઈ જવું. 6 *n.* જોઈએ તેટલું;ધરાય—સંતોષ થાય તેટલું;ભરતી.

Fillet, *n.* માથાના બાલ અથવા ચોટલો બાંધવાની પટ્ટી;સરબંદ;પેરાનીબંદ. 2 (વાછરડાની) જાંગનો માંસવાળો ભાગ;થાપો. 3 સોનેરી મોલીન.

Fillip, *v.t.* ટકોરો મારવો; આંગળાંની ચિમકારી મારવી. 2 *n.* ટકોરો; ચિમકી; ટચાકરી.

Filly, *n.* વછેરી; ન્હાની ઘોડી. 2 કભ્યાઓર—કોકટ છોકરી; ગોલી.

Film, *n.* છારી; જાળું; પડળ; પાતળી ત્વચા—ચામડી—પોપડી.

Filmy, *a.* બારીક દોરા અથવા પડનું બનાવેલું (કરાડીયાનું પર).

Filter, *n.* કોઈ ચીજ ગાળવાને સારૂ મૂકેલું કાગળ, કપડું અથવા કોઈબી બીજી ચીજ; ગળણી; ગરણી. 2 *v. t. & v. i.* નિતારવું; કપડ છાન કરવું; ગાળવું.

Filth, *n.* મેલ; ચરકીન;ગંધ;ગલીચી. 2 નાપાકી; અપવિત્રાઈ; ભ્રષ્ટતા.

Filthily, *ad.* નજીસાઈ—નાપાકીથી.

Filthiness, *n.* મળીણપણું; નાપાકી; નજીસાઈ; નજાસત.

Filthy, *a.* મેલું; નજીસ; ગંદુ. 2 નાપાક; ભ્રષ્ટ; અપવિત્ર.

Fin, *n.* માછલીની પાંખ—બાજુ.

Final, *a.* પાછલું; છેલ્લું; આખરનું. 2 છેડો—અંતલાવે એવું; નિર્ણય કરે એવું; નિર્ણાયક.

Finally, *ad.* છેલ્લું; આખરેરા; છેલવેહેલ. 2 તમામ; એકદમ; સદાબકું.

Finance, *n.* }
Finances, *n. plu.* } વસુલ; જમા; મેહેસુલ; આએપત.

Financial, *a.* મેહેસુલ સંબંધી.

Financier, *n.* મેહેસુલ વસુલ કરનાર. 2 મેહેસુલની બાબદમાં હોશિયાર માણસ.

Find, *v. t. & v.i.* નજરે પડવું; શોધ લાગવો. 2 હાથ લાગવું; પાવું; મળવું. 3 અનુભવથી માલુમ પડવું;જાણવું; સમજ પડવી. 4 ખબર થવી—પડવી;

મહેનત લઈને શોધી-ખોળી કહાડવું. 5 પૂરૂં પાડવું. 6 વિચાર કરી છેલ્લો ઠરાવ કહી જણાવવો; ચુકાદો-ફેસલો કરવો; ઠરાવવું.

To find out, શોધી-ખોળી કાહાડવું. 2 પારખવું, જેમકે ઉખિયાણું-કોહેડો.

Finding, *n.* શોધી કહાડવું તે; શોધ. 2 કોરટ અથવા જુરીનો અભિપ્રાય-ઠરાવ-ચુકાદો.

Fine, *a.* બારીક; ઝીણું; પાતળું. 2 ધારદાર; તીખું; તિક્ષ્ણ. 3 સાફ; ચોખ્ખું; શુદ્ધ. 4 ઝીણા કુમાસનું. 5 અચ્છું; જલેદાર. 6 ખુબસુરત; ખાસું; દેખામણું; સુંદર. 7 ગુણી; ગુણવાન. 8 ભણેલું; કામિલ; પ્રવીણ. 9 ઉદાર; સખીદિલગુરદાનું. *Fine arts*, કવિતા-ગાયન-ચિત્રવિદ્યા અને પથ્થરમાં નકસી કોતરવાની કળા-હુનર. 10 *n.* દંડ; ગુન્હેગારી. *In fine*, ટુંકામાં. 11 *v. t.* ગાળી શુદ્ધ-સાફ કરવું. 12 દંડ નાખવો-કરવો; દંડવું.

Finedraw, *v.t.* સીવણ-સાંધો દેખાય નહીં એવી બેમાલુમ રીતે સીવવું.

Fineness, *n.* See Fine, *a.* બારીકાઈ; બારીકી; પાતળા-ઝીણાપણું. 2 ઝીણો કુમાસ. 3 નાજુકાઈ; નરમી. 4 તેજ; પાણી; આબ. 5 ચોખ્ખાઈ; સફાઈ.

Finery, *n.* સુશોભિતપણું; ઝર્ક; ભભક. 2 દરબારી-ભભકાદાર પોશાક.

Finesse, *n.* પ્રપંચ; ખંદાઈ; દાવપેચ.

Finger, *n.* આંગળું, આંગળી (little) ટચલી આંગળી-(middle) મધ્યમા-(fore)તર્જની. 2 ચપળાઈ; દોડ; આંગળાંનું ઉડવું (વાજીંત્રઉપર). 3 આંગળ. 4 *v. t.* આંગળાથી પકડવું; અડકવું. 5 હાથ ફેરવવો-મારવો; ન્હાની-હલકી ચોરી કરવી. 6 આંગળાંથી વાજીંત્ર વગાડવું.

Finger glass, *n.* ઈંગ્રેજોની ટેબલ ઉપર આંગળાં ધોવાને પાણી ભરી રાખેલું કાચનું વાસણ-કાંસિયો.

Finger post, *n.* રાહદારીઓને રસ્તો બતલાવાને આંગળીની નિશાન પાડી ઉભો કીધેલો થાંભલો. [બાજ.

Finical, *a.* ફાંકડું; અડકતું; અકડ-

Finis, *n.* સમાપ્તિ; છેડો; અંત.

Finish, *v t.* તમામ-ખતમ-સમાપ્ત કરવું; છેડો લાવવો. 2 સાજવું; ઓપવું; કસી ખોડ ન રહે એવું કરવું. 3 *n.* સમાપ્તિ; છેડો. 4 છેલ્લો હાથ. 5 છોલાણું.

Finite, *a.* હદ બાંધેલું-વાળું; સમર્યાદ.

Finless, *a.* પાંખ વગરનું. [લી.)

Finny, *a.* પાંખ સાથનું-વાળું (માછ-

Fir, *n.* સનોબર-દેવદારને મળતી જાતનું-"ફર" જાતનું લાકડું. [ઝાડ.

Firtree, *n.* સનોબારનું-ફર લાકડાનું

Fire, *n.* આતશ; વસ્તેવા; દેવતા; અ-

મિ. 2 આગ; ઘેર-માલ મિલકતનું બળવું તે. 3 સાહેલિ; ભભુકો. 4 ગુસ્સાનું જોર-જુસ્સો, જેમકે He had *fire* in his temper. 5 ચળકાટ; તેજ; પ્રભા. 6 ઉત્સાહ;હોંસ. 7 (મ્હોબતની) આગ. 8 તોપ-બંદુકનો મારો; ગોળી-ગોળાનો મારો. 9 *v. t.* આગ લગાડવી; સળગાવવું. 10 ઉશ્કેરવું; જુસ્સામાં લાવવું. 11 ફોડવું; બાર કરવો. 12 *v. i.* આગ લાગવી; સળગી-બળી ઉઠવું.

Fire arms, *n. plu.* તોપ; બંદુક; બારૂત તથા તેવી બીજી મેળવણી ભરીને ફોડવાનાં હથિયારો; અગ્ન્યસ્ત્ર.

Fire brand, *n.* બળતું લાકડું. 2 કસરેવજનાં કામ કરનાર; આગ લાકડાં લગાડનાર; કજિયા દલાલ.

Fire brick, *n.* અતિશય ગરમી લાગ્યા છતાં પીગળે-ઓગળે નહીં એવી ઈંતરડી-ઈંટ.

Fire brigade, *n.* શેહરમાં આગ હોલવવાના ખાતાંના માણસો.

Fireclay, *n.* Fire brick બનાવવાને કામ આવતી-મટોડી.

Fire cock, *n.* આગ હોલવવાને પાણી ઉરાડવાનો નળ.

Fire company, *n.* આગ હોલવવાની તજુમલ કરનાર ટોલી મંડળી.

Fire cracker, *n.* ફટાકડો.

Fire damp, *n.* કોયલાની ખાણમાંની સળગી ઉઠતી હવા.

Fire eater, *n.* આતરા ખાવાનો ઢોંગ કરનાર; આતરા ખોર. [ખુંધો; ખંધો.

Fire engine, *n.* આગ હોલવવાનું યંત્ર;

Fire eyed, *a.* ખુની આંખવાળું.

Fire fly, *n.* આગિયો; રાત્રનાં ઝાડોમાં દેખાતી ચળકતી માંખ.

Fire hook, *n.* આગ લાગેલાં ઘરોને ખેંચી તોડી પાડવાની આંકડી.

Fire lock, *n.* ચકમકની ચાંપ સાથની બંદુક; કાકડાની બંદુક.

Fire man, *n.* શેહેર-કસબાઓમાં લાગતી આગ હોલવનાર માણસ. 2 વરાળયંત્રમાં લાકડાં કોલસા વગેરે નાખનાર ઉપરી.

Fire new, *a.* તુરતનુંજ ભઠ્ઠિમાંથી કાહાડેલું-નિકળેલું; ધકધકતું; ચળકતું; ઘણુ-નવું કોરૂં.

Fire office, *n.* આગનો વિમો ઉતારવાની આફીસ-પેહેડી.

Fire pan, *n.* અંગેઠી; આતરાદાન. -(*of a hukká*) ચિલમ. -(*of a gun*) રેંજકદાની; કાન.

Fire place, *n.* આતરા સળગેલો રાખવાની જગ્યા; ચુલો.

Fire plug, *n.* આગહોલવવાનેનળીમાંથી પાણી લેવાનોકાક-મોહોડું;ડટ્ચો.

Fire proof, *a.* નહીં બળી જાય એવું.

Fire side, *a.* કુટુંબને-છોકરાં છૈયાંને લગતું. 2 *n.* સળગાવેલા આતરા-સગડીની નજદીક બેસવાની જગ્યા.

3 પોતાનું ઘર. 4 ઘર સંસાર; બચ્ચાં છોકરાંઓ સાથે ગુજરેલી જીંદગી.

Firewood, n બળતણ; લાકડાં; ઇંધન; સરપણ.

Fire work, n. } આતશબાજી;
Fire works, n.plu. } ખુશાલીના વખતમાં ઉરાડવાનું દારૂકામ;દારૂખાનું.

Fire worship, n. અગ્નિપૂજા; આતશપરસ્તી. [ગબર.

Fireworshipper, n. આતશ પરસ્ત;

Firing, n. ગોળી-ગોળાનો મારો ચલાવવો; તોપ-બંદુકનો મારો. 2 ડાહામ મુકવો-દેવો-લગાડવો તે. 3 બળતણ; સરપણ.

Firing iron, n. ઘોડાને ડાહામ દેવાનું લોહોડાંનું એક ઓજાર.

Firm, a. કઠણ; ઘન; જાડું; ઘટ્ટ. 2 બેસાડેલું; મક્કમ; ઓસ્તવાર; જડેલું; મજબુત; સાબેત; કાયમ; સ્થિર; ડગે નહીં એવું. 3 n. પેહેડી; પંતિયાણું; ફરમ.

Firmament, n. આકાશ નક્ષત્ર; મેઘમંડળ; ફલક; આસમાન; ગગન.

Firmly, ad. હિંમતથી; મજબુતીથી; ધૈર્યથી. 2 ગરચ; ઘટ્ટ; મક્કમ.

Firmness, n. કઠણપણું; ઘટ્ટપણું; નક્કરપણું;સંગીની;મજબુતી;પાયદારી.

First, a. પ્રથમ; પેહેલું; આદ્ય. 2 અવ્વલ; ઉત્તમ; મુખ્ય; પરમ શ્રેષ્ઠ. 3 ad. પેહેલાંથી; આગળ; પ્રથમ.

From first to last, અવ્વલથી આખરસુધી; આદ્યંત.

First begotten, } a. પ્રથમોત્પન્ન; પ્ર-
First boon, } થમજાત; જ્યેષ્ઠ; સઉથી વડું. 2સર્વોત્તમ;શ્રેષ્ઠ;મેહદ;ખુબ

First born, a. સઉથી વડું; પેહેલું જન્મેલું; મોટું. 2 ઘણું સરસ; તોફા;ઉમદા.

First class, a. અવ્વલપ્રતીનું; અસ્સલ; પેહેલાવર્ગનું.

First day, n. રવિવાર; આતવાર; અઠવાડયાનો પેહેલો દિવસ.

First floor, n. ઘરનો પેહેલો માળ. 2 ભોંય તળીઉં.

First fruit, n. } પેહેલું-નવું ફ-
Firstfruits, n. plu. } ળ; પ્રથમ ફળ; પેહેલો ફાલ. 2 પેહેલો લાભ; પેહેલો ફાયદો-નફો. 3 કાંઈપણ કામનો પેહેલો સાર. [(પશુઓનેજ લાગુ પડેછે).

Firstling, n. પેહેલી વેત-વેતરનુંબચ્ચું.

First rate, a. ઉત્તમ પ્રતીનું; અવ્વલ રાશીનું; ઘણુંજ ઉમદા; તોફા; ઉત્કૃષ્ટ. 2 સઉથી મોટું;ઘણાંજ મોટાં કદનું.

Firth, n. ખાડી; નાળું.

Fisc, n સરકારી ખજાનો-તીજોરી.

Fiscal, a. વસુલ સંબંધી; સરકારી આમદાનીને લગતું.

Fish, n. માછલું-લી; માછી; મત્સ્ય. 2 v. i. માછલાં પકડવાનો યત્ન-ધંધો કરવો. 3 યુક્તિ લગાડીને-તોડજોડથી મેળવવાનો-શોધી-ખોળી

કાઢવાનો યત્ન કરવો. 4 *v. t.* પકડવું; પકડવું. 5 બાહાર કાઢવું; ઉપર ખેંચી કાઢવું.

Fisher man, *n.* માછી; મચ્છી માર; કોળી; ઢીમ્મર; માછલાં મારનારો.

Fishery, *n.* માછીનો–માછલી પકડવાનો ધંધો. 2 જાળ નાખીને અથવા ગલથી માછલી પકડવાની જગા; માહીગાહ.

Fish bone, *n.* માછલીનો કાંટો–હાડકું.

Fish fag, *n.* માછણ; કોળણ.

Fish glue, *n.* પકાવેલા પોટાને કોઈવાર એ શબ્દ લગાડવામા આવેછે.

Fish hook, *n.* માછલી પકડવાનો ગલ.

Fishing, *p. a.* માછળાં પકડવાનાં કામનું; મચ્છી મારને કામનું.

Fish market, *n.* મચ્છી બજાર.

Fish monger, *n.* માછલીવાળો; માછલી વેચવાનો ધંધો કરનાર; માછી; માહીફરોશ.

Fish wife, *n.* રસ્તે બુમ પાડીને માછલી વેચનાર સ્ત્રી; માછણ; કોળણ.

Fish woman, *n.* બજારમાં બેસીને માછલી વેચનાર; માછણ.

Fishy, *a.* માછલાંવાળું–નાજેવું; માછલીના ખવાસ અથવા સવાદવાળું. 2 ઘણાં માછલાં હોએ એવું; માછલાંથી ઉભાઈ જાતું. 3 વિસરૂં.

Fissure, *n.* ફાટ; તડ; તરળ; ચિરો;

Fist, *n.* મુઠ્ઠી; મુષ્ટિ; *Blow with the fist*, મુક્કિ; મુક્કો.

Fisticuffs, *n.* મુક્કા મુક્કી–બાજી.

Fistula, *n.* સિસોડી; ફુકથી વગાડવાનું વાજીત્ર. 2 ઊંડું અને આડું અવળું પડેલું નાસુર; ભગંદર. 3 આંખમાંથી પાણી ગલવાનો મરજ.

Fit, *n.* મરજનો હુમલો–ઝટકો–જોર–જોરા. 2 આંકડી; ફેફરૂં; બેશુદ્ધિ; શરીરનું મરડાવું મોડાવું. 3 વારો; વારી; નોબત; પાળી. 4 તોર; તુરંગ; લહર; ધુન. 5 બંધ બેસવું–બરોબર બેસતું આવવું તે. 6 *a.* ઉચિત; યોગ્ય; લાયક; જોગું; લાજીમ; ઠીક; બંધ બેસતું; રવા. 7 લાયક; કાર્યક્ષમ; યોગ્ય. 8 *v. t.* બેસતું કરવું; મેળવવું; જોડવું; બેસાડવું. 9 પુરૂં પાડવું; જોઈતી વસ્તુની તૈયારી કરવી–રાખવી. 10 બંધ બેસતું કરી આપવું. 11 લાયક–યોગ્ય કરવું. 12 *v. i.* ઘટવું; છાજવું; બિરાજવું; શોભવું. 13 બેસતું આવવું; બરોબર આવી રહેવું.

Fitful, *a.* અસ્થિર; ચંચળ. 2 લહેરી; મન મોજી.

Fitness, *n.* સજાવારી; લાયકી; કાબેલીયત; દરૂસ્તી; યોગ્યતા.

Fitting, *a.* ઉચિત; યોગ્ય; લાયક; ઘટારત. 2 *n. pl.* તૈયાર સામાન; સાજ; જરૂરની ચીજો–સાધનો.

Five, *a.* or *n.* પંચ; પંજ; પાંચ.

Fivefold, *a.* પાંચ ગણું; પાંચ પટ.

Fix, *v. t.* કાયમ કરવું; ઠરાવવું; સ્થા-

પવું. 2 જડવું; ચપટાવવું. 3 લગાડવું (ધ્યાન) 4 ચઢાવવું; બેસવું; ઘાલવું (To *fix* bayonets.) 5 *v. i.* બંધાવું; કઠણ થવું. 6 ઠરી–પડી રેહેવું.

Fixed, *a.* સ્થિર; થંભ; અચળ. 2 ઠરાવેલું; સ્થાપેલું; મુકરર કરેલું. 3 (*Chem.*) ઉડી ન જાય એવું.

Fixture, *n.* કોઈની જાતના સાંચા અથવા મિલકત સાથે જોડાએલી કેટલીક ચીજો જે વગર તે સાંચો અથવા મિલકત પુરી ગણાઈ શકે જ નહીં; જડિત સામન.

Flabby, } *a.* ફોફસા–ફોપસા જેવું;
Flaccid, } નરમ; પચ પચ્યું; ઢીલું.

Flag, *v. i.* ઢીલું–નબળું થઈ ઝુલાવું; લબડવું; ફડફડવું. 2 નાહિમ્મત થવું; હિમ્મત હારવી. 3 નબળું–સુસ્ત થઈ પડવું. 4 *n.* નિશાણ; ઝુંડો; વાવટો. 5 ફરસબંદી કરવાનો ચપટો પથર; ચટાન. 6 એવા પથરની કરેલી ફરસબંદી. 7 એક જાતનો પાણીમાં થતો રોપો.

Flagellation, *n.* ચાબુકનો માર.

Flageolet, *n.* એક જાતનું મ્હોડાંથી વગાડવાનું વાજીત્ર; અલઘોઝ; નહાવલી.

Flagitious, *a.* મરદુદ; મ્હાપાપી; દુષ્ટ; જબુન; ઘોર.

Flagon, *n.* જામ; સુરાહી; કુજો; કેરબો; કુપ્પો.

Flagrance, *n.* જબુન ગુનાહ; અતિ દુષ્ટતા; ઘોરપણું.

Flagrant, *a.* હડહડતું; અતિ દુષ્ટ; ઉઘાડું; જાહેર; મશાહુર.

Flag staff, *n.* વાવટા કાઠી; કાઠી.

Flag stone, *n.* See Flag, *No.* 5.

Flail, *n.* ભાતને ઝાટકી ઝુડીને કણસમાંથી છુટું પાડવાની લાકડી–હથિયાર.

Flake, *n.* (of snow) હિમકણ; હિમના ન્હાના કકડા. 2 ચિણગારી; આતશની ઉડતી ગાંગડી; તણખો.

Flake white, *n.* સઉથી ચોખ્ખો સપેદો–સપેતો.

Flambeau, *n.* બળતી મસાલ; સળગાવેલો જાડો મ્હોટો કાકડો.

Flame, *n.* ઝાળ; જ્વાળા; ભભુકો; ભડકો; આંચ. 2 ગુસ્સો; આવેશ; ખળભળાટ; જનુન. 3 જુસ્સો; હોંસ. 4 આશુક; માશુક; પ્રીતમ; આશના. 5 *v. i.* જ્વાળા ઉઠવી; સોહોળો ઉઠવો. 6 ઝલકવું; ચમકવું. 7 જનુન છુટવી; ગુસ્સે થઈ જવું.

Flaming, *ppr.* or *a.* ભડકાંવાળું; બળતું; દેદીપ્યમાન. 2 ચકચકિત લાલ. 3 જુસ્સા ભરેલું.

Flank, *n.* જાંગના થાપા અને પાંસળી વચેનો ભાગ; કુખ; પેહેલુ; કેડ. 2 લશકરની બાજુ; લશકરની એક ટુકડી–ભાગ. 3 ઇમારતનો એક સદાબડો ભાગ. 4 *v. t.* સંભાળવી;

કોઇની બાજુએ ઉભા રહેવું; બાજુનું રક્ષણ કરવું. [નલ; સૂફ.

Flannel, *n.* ઉનનું નરમ કપડું; ફલા-

Flap, *n.* ઝુલ; ફડફડ થાય-ઉડયા કરે એવી ઢીલી વસ્તુ.-(of trowsers) બસ્તક. (of garment) દામાન; ચાર; ઘેર; ઝુલ. 2 નરમ ઝપાટો-ઝટક-થાપટ. 3 *v.t.* દામાન અથવા કોઈ-બી ઢીળી-લબડતી ચીજથી ઝાટક મારવી; ઝાટકવું. 4 ફફડાવવું; ફટ-ફટાવવું (પાંખ).

Flare, *v. i.* ઢણઢણવું; ધુજવું; હિલવું (દીવાની જોત) 2 ચમકવું; ચળકવું; ભભકમારવી; આંખને દીપાવે એવી રોશનીથી પ્રકાશવું. 3 ઉઘડવું; ખુલવું. 4 ભભક ભરેલી રોશની-અજવાળું.

Flash, *n.* ચમકાટ; ચમકારો; ઝબ-કારો; ઝબ્કો. 2 *v. i.* એકાએક અજવાળું થઈ પછું અંધારૂં થઈજવું; ઝલકવું; ઝબુકવું. 3 વગર અવાજ કરવે મોટું બળતું સળગી ઉઠવું; ભ-ડકું થવું. 4 *v.t.* છપકારા મારી પાણી ઉડાડવું. 5 મનમાં એકાએક ઉતરી જવું; એકદમ સમજ પડી જવી.

Flasher, *n.* અમસથો ટુકો લગાવ-નાર; બાહેરથી ફકત ભપકો કરનાર.

Flashy, *a.* ભભકદાર; રોપી; શોભીતું. 2 વિરસ; દમ-રસ-જીવ-માલ વિ-નાનું; ફિકકું.

Flask, *n.* ન્હાની શીશી; સુરાહી. (of leather) કુપ્પિ; કુપ્પો.

Flat, *a.* સપાટ; સમાન; ચપટું. 2 ઘણા ઢાલ વગરનું જેમકે A *flat* roof, ધાબું; ધાબું;. 3 ઊંધું-ચતું પ-ડેલું-સુતેલું. 4 ભાંય બરાબર; જમીન દોસ્ત. 5 બેસવાદ; ફિક્કું; ઉતરી ગયલું. 6 નીરસ; રસ-દમ વગરનું. 7 સાફ; બિલકુલ; ઉઘાડું. 8 અણગમતું; નાપસંદ. 9 ભારી; જાડું; બોખરૂં; બેસી ગયલું (આવાજ). 10 મંદું; ઉ-તરતું; પડતું (બજારના ભાવ).'11 *n.* મેદાન. 12 ભાઠું.

Flatly, *a.* ખુલ્લી રીતે; સાફ; હાકી પોકારીને; ઘડીને.

Flatten, *v. t.* ચપટું-સપાટ કરવું. 2 સ્વાદ ઉતારી નાખવો; સવાદ વિ-નાનું-ફિક્કું-બેસવાદું કરવું. 3 ભાંગી તોડી પાડવું; જમીન દોસ્ત કરવું. 4 See Depress. 5 આવાજ ઉતારી પાડવો. 6 *v. i.* સપાટ-ચપટું થવું. 7 ઉતરી જવું; ફિક્કું થવું. 8 ઉતરવું; ધીમું પડવું (આવાજ.)

Flatter, *v. t.* મુખસ્તુતિ-ચાપલુસી-હાજીહા-ખુશામદ કરવી. 2 સામા ધણીને પસંદ પડતું-તેનું મન રાખી-ને બોલવું. 3 વખાણીને ચઢાવી-ભરાવી આપવું. 4 ભમાવવું; ખોટી ખોટી આશા આપવી. *To flatter one's self*, મનમાં ફુલાવું; મનમાં અદરાવું ને મનમાંજ પરણવું.

Flatterer, *n.* હાજી હા કરનારૂં; ચાપલુસી–ખુશામદ ખોર; ખુશામદિયું.
Flattery, *n.* ખુશામત; ચાપલુસી.
Flatulence, Flatulency, *n.* બદહજમીથી પેટમાં ઉત્પન્ન થતો પવન; આમ વાત–વાયુ; વાતરોગ; વાયડાપણું. [રજવાલું.
Flatulent, *a.* વાવડું; વાયડું; વાના મ-
Flaunt, *v. i.* છેલ છબીલું થવું; બન બની રેહેવું; ફક્કડ થઇને ફરવું.
Flavor, *n.* લેહેજત; મજા; સ્વાદ. 2 વાસ; બોઇ; બો; સોરમ; સુગંધ.
Flaw, *n.* તડ; તડલ; દોશ; ફાટ. 2 એબ; ડાઘ; ખતા; ખોડ.
Flax, *n.* શણ. [ખેંચી કાહાડવી.
Flay, *v. t.* ઉખેડવું; ચામડીની ખોલ
Flea, *n.* પિસૂ; ચાંચડ; ચાંચણ.
Flea bane, *n.* કાલી જિરી.
Flea bite, Flea biting, *n.* ચાંચડનો ડંખ, ચટકો અથવા એ ડંખથી પડેલી લાલ છાંટ. 2 કોઇપણ રીતે જરાકેક લાગેલો ઘસારો.
Flea wort, *n.* ઇસપોગળ; ઇસપોગોળ.
Flecked, *a.* ટપકાં–ટીપકાંવાળું; ચિત્ર વિચિત્ર.
Fledged, *a.* પરદાર; પીછાં–પાંખ ઉગેલું–ફુટેલું; ઉડી શકે એવું; પંખ યુક્ત.
Flee, *v. i.* નાહાસી જવું; નાહાસ ભાગ કરવી. 2 દૂર–અલગ–વેગળું રહેવું.
Fleece, *n.* એકજ વખતે કાતરેલું ઉન; પશમ. 2 *v. t.* બકરાં મેંઢાંનાં શરીર ઉપરથી ઉન કાતરી લેવું. 3 લુટી લેવું; પઇસો ટકો નિચવી લેવો.
Fleecy, *a.* પશમદાર; ઉનથી ભરાએલું –ઢંકાયલું. 2 ઉન જેવું નરમ.
Fleet, *n* આરમાર; લઢાઇનાં વાહાણોનો કાફલો. 2 *a.* જલદ; તેજ; ભારી દોડવાળું; વેગી. 3 *v. i. & v. t.* પલવારમાં વહી જવું; ઝડપથી જતું રહેવું. [ક; ફાની.
Fleeting, *ppr.* or *a.* પળવારનું; ક્ષણિ-
Flesh, *n.* માંસ. 2 ગોશ્ત; સાખ; આમિષ. 3 બદન; કાયા; શરીર. 4 માનવી; આદમ જાત. 5 પ્રાણીમાત્ર. 6 મનુષ્ય સ્વભાવ. 7 વિષયબુદ્ધિ; વિષયાસક્તિ; વિષયવાસના; નફસ; શેહેવત. 8 સગું; સંબંધી; એક ખાનદાનનું. 9 ફળનો માવો–ગર. *Flesh and blood,* સદેહ મનુષ્ય.
Flesh brush, *n.* બ્રિસો; ચામડી ઘસવાનું બ્રશ.
Fleshly, *a.* દેહનું; બદનને લગતું; જીસમી; જીસમાની. 2 વિષયી; રજોગુણી; વિષયાસક્ત. 3 જાનવરી; પ્રાણીસંબંધી. 4 મનુષ્ય જાતીનું; માનવી.
Fleshy, *a.* માંસાળ; પુષ્ટ; ગબગબીત; ગાતેલું. 2 માવાદાર (ફળ).
Flexibility, Flexibleness, *n.* લવચીકપણું; સેહેલાઇથી મરડાઇ–વાંકુ વળી શકે એવો ગુણ; પોચાપણું. (મનને પણ લાગેછે).

Flexible, *a.* પોચું; મરડાય એવું; નરમ; લવચીક. 2 મન વળે એવું; સેહેલાઈથી મન ફેરવી શકાએ-સમજાવાએ એવું. 3 કેળવી શકાય એવું; રાંક; કહ્યાસાર.

Flexure, *n.* વાળવું–મરડવું તે. 2 ઘણીજ હલકાઇથી સરનમાવવું–બદન વાંકું વાળવું તે. 3 શંટ; વક્રતા; વાંક.

Flicker, *v.i.* ધુજવું; હિલહિલ કરવું. (દુરની શેરાની).

Flight, *n.* નાસભાગ; દોડાદોડ; પલાયન. 2 (of birds) પરવાજ; ઉડાન; ઉડી જવું–ઉડવું તે. 3 પક્ષિઓનુ ઉડતું ટોળું; ઝુડ. 4 ટપ્પો; પલ્લો. 5 મગજને છેક ઊંચે ચઢાવવું–દોડાવવું. 6 લેહેર; ઝુંમ. *Flight of stairs,* દાદર–શિડીનાં ફાંગીયાં–પગતિયાં.

Flighty, *a.* જલદ; શેતાબ; ઝડપવાળું. 2 વહમી; લેહેરી; ચંચળ; વાયલ.

Flimsy, *a.* કમજોર; રેજધાન; રેઢિયાલ; નજીવું; ખોટું; નાપાયેદાર.

Flinch, *v. i.* પાછું હઠવું–ફરવું; કચવાવી; હારી ખાવું. [છું ફરનાર.

Flincher, *n.* હઠનાર; હારી ખાઈ પા-

Fling, *v. t.* ફેંકવું; ફેંકી દેવું. 2 પછાડવું; પટકવું. 3 અંદરથી નિકળવું; ફેંકાવું. 4 હરાવવું; હકાવવું. *To fling, as a horse,* પછાડી ઝાડવી; દોલાતી મારવી. 5 *v. i.* જુસ્સામાં આવીને પગ અફાળવા; શરીર પછાડવું; તરફડવું. 6 કઠણ શબ્દો બોલવા; મોહોડું ચહડાવવું. 7 *n.* ટોલ્લો; ઉછાલ. 8 તાણો; તાનાજની; ટેહેલ; મેહેણું.

Flint, *n.* ચકમક; ગાર. 2 ઘણીજ કઠણ વસ્તુ. [જેવો કાચ.

Flintglass, *n.* સોભ્જો–સાફ–બિલોર

Flinty, *a.* ચકમકવાળું. 2 ચકમક જેવુ સખ્ત–કઠણ. *Flinty hearted,* નિર્દય; ઘાતકી; નાતરસ; સંગ દિલ.

Flippancy, *n.* મોહોડાંની ચપળાઈ; બોલકાપણું; વાકચાપલ્ય; લાંબી જીભ.

Flippant, *a.* મોહોડાંનું ચપળ; બહુબોલું.

Flirt. *v. t.* ઉછાળવું; છાંટવું; મારવું (પાણીનો ફટકો). 2 જલદી જલદી હિલવવું (પંખો). 3 *v. i.* ટણકા કરવા; મેહેણાં મારવાં. 4 લટકો કરવો; નખરાં કરવાં; નેન–નેજારા મારવા. 5 *n.* એકાએક લગાડેલો આંચકો–ધક્કો. 6 નખરાં બાજ–ચાળા ખોર છોકરી; નાચણ ધુગરી. 7 *a.* ચુલબુલિયું; દોડધામ કરતું. [નખરાં.

Flirtation, *n.* નખરાંબાજી; નાજ

Flit, *v.i.* ભડ દઈને–ઝટ કરીને ઉડી જવું; શડસડાટ નિકળી જવું (પાણીમાંથી અથવા હવામાંથી). [જતું.

Flitting, *ppr.* or *a.* જલદીથી વહી

Float, *n.* તરતી ચીજ. 2 તરાપો; એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવા સાથે બાંધીને તરતાં મુકેલાં લાકડાં, પાટિયાં, ઈત્યાદિ. 3 થાપડી; થાપી.

4 *v i.* તરતું રહેવું; તરવું; પાણી ઉપર ખસડાવું. 5 *v. t.* તેરવવું; તેરવી લાવવું. 6 બુરાડી દેવું. 7 છોલાણું કરવું; થાપીવતે ઘુંટવું.

Floating, *ppr.* or *a.* તરતું. 2 ફરતું; એકના હાતમાંથી બીજાના હાતમાં જતું (નાણું).

Flocculence, *n.* જારાં–છારી–પોહોરીયાં–ચોસલાં બંધાએલી હાલત.

Flocculent, *a.* જારાં–છારી–ચોસલાં પોહોરીયાં બંધાએલું.

Flock, *n.* ગોઆઇ; ટોળું; ઝુંડ. 2 ઉનનું અથવા બાલનું ગુછળું. 3 કપડાંના કાતરેલા બારીક કકડા. 4 *v. i.* ટોળાંબંધ મળવું; જમાવ થવો.

Flog, *v. t.* લાકડી–ચાબુકથી મારવું; ફટકા લગાવવા–મારવા; ફટકાવવું.

Flogging, *n.* ચાબુકમાર; ફટકા; ઝપેટા.

Flood, *n.* રેલ; ભર; પૂર. 2 ભરતી; જુવાળ; વીળ. 3 પુષ્કળપણું; ઘણી છૂટ–આવગ; રેલ છેલ; છોળ. 4 પ્રવાહ; રેલો; પાણી, રેરાની અથવા કોઈ બીજી પ્રવાહી ચીજનો જરથો, જેમકે A *flood* of light, a *flood* of lava. 5 દસ્તાન; રૂતુ; અળગું; અડકાવ; ફૂલ; રજ. 6 *v. t.* રેલ આવવી. *The flood,* નોહાના વખતનો જળપ્રલાય.

Flood gate, *n.* પાણી અંદર લેવાને અથવા અટકાવવાને ઉઘાડવા ઢાંકવાનો દરવાજો; સાંડ.

Floor, *n.* (planks) તક્તપોશી; પાટિયાંની ભોંય–જમીન. 2 (paved stones) ફરસબંધી; લાદિની ભોંય–જમીન. 3 (earth) મટોડાંની ભોંય. 4 (chunam) છોબંધ–કોબાની જમીન–ભોંય; કોબો. 5 માળ; માર; મજલો. 6 *v. t.* ભાંય કરવી–બનાવવી; પાંટિયાં જડવાં, ફરસબંધી કરવી, અથવા કોબો કરવો. 7 જમીન દોસ્ત કરવું; નીચે પાડવું–નાખવું. 8 મોઢું બંધ કરાવવું; બોલતું બંધ કરવું.

Floor cloth, *n.* મિણ કપડ; જાજમ; જમીન ઉપર પાંથરવાનું રંગીન કપડું.

Flooring, *n.* પાટિયાંની જમીન–ભાંય. 2 ભાંય કરવા–બનાવાનો પાટિયાં વગેરે સામન.

Flora, *n.* પુષ્પ દેવતા. 2 ઝાડપાન અથવા ફૂલોનાં વર્ણનનું પુસ્તક; વનસ્પતિવર્ણન. 3 કોઈ દેશનાં ઝાડપાન તથા ફુલો.

Floral, *a.* ફુલનું; પુષ્પસંબંધી.

Florence, *n.* સોનાનો એક સિક્કો.

Floret, *n.* ન્હાનું ફૂલ; ફૂલના ઝુમખામાનું એક છુટું ફૂલ.

Florid, *a.* સુર્ખ; લાલચટક; ગુલરંગ; ગુલફામ; રાતું ચોળ; તેજ–ચળકાટ–ભભકમારતું. 2 અલંકારિક; અલંકારયુક્ત; રંગીન; જેમકે *florid* eloquence.

Florist, *n.* ફુલમાળી; ગુલમીન; ફુલવાડીવાળો. 2 પુષ્પવર્ણન કર્તા.

Floss, *n.* બીજના છલતામાના રેશમ જેવાં બારીક રૂઆં. 2 બારીક; સતું અથવા વળ દીધા વગરનું રેશમ.

Flotilla, *n.* ન્હાના ન્હાના વાહાણોની આરમાર; છબીનો; દરિયામાં ચોકાસીને વાસ્તે રાખેલા મછવા.

Flounce, *v.i.* તલપી જવું; કુદવું;હાથ પગ અફાળવા-પછાડવા-ઝીકવા. 2 *v.t.* સંજાફ-ઝાલર લગાડવી; કોર મૂકવી. 3 *n.* અછાડપછાડ; તડફડિયાં. 4 સંજાફ; ઝાલર; દામાન; કોર.

Flounder, *v. i.* તલપી જવું; કુદવું; હાતપગ અફાળવા-ઝીકવા-પછાડવા

Flour, *n.* આટો; લોટ. *Fine wheaten flour*, સોજી; મેદો. *Coarse wheaten flour*, રવો.

Flourish, *v.i.* ફાલવું; ખિલવું; તાજું થવું(ઝાડપાન.)2 (persons, affairs) દાહાડો ફરવો; ચઢતી થવી; લિલાં લેહર થવી. 3(of towns)આબાદાની-આબાદી થવી. 4 રંગીન એબારતથી અથવા અલંકારિક વાકયો વાપરી બોલવું-લખવું. 5 બડાઇ-શેખી કરવી;ફુલાસ મારવી. 6 મરોડદાર અક્ષરથી લખવું. 7 (*Mus.*) વાજીંત્ર જડફથી વગાડવું; ગજગજાવી નાખવું. 8 *v. t.* See Adorn. 9 ઘુમાવવું;ચમકાવવું;આમતેમ ફેરવવું(તલવાર.) 10 *n.* ભભકો; રોપ. 11 અલંકારિ ઢબ-ઈબારત. 12 શોભાને ખાતર પાડેલી આડી અવડી લિટિયો; મરોડ; અક્ષરનાં પાંખડાં. 13 તલવારનો ફરતો હાત; પટો. 14 (*Mus.*) ગત.

Flourishing, *a.* વધતું. 2 આબાદ; ચઢતીવાલું. 3 ભભકો મારતું.

Flout, *v. t.* ઝણકેરી-તરછોડી નાખવું; ખિજાલત પોંહોંચાડવી.

Flow, *v. i.* વેહેવું; જારી થવું; પ્રવાહ ચાલવો. 2નિકળવું;નિપજવું; મલવું. 3 ભરપૂર-પુષ્કલ હોવું; રેલ છેલ થવી. 4 સેહેજ-સડસડાટ-સેહેલી રીતે નિકલ્યા કરવું. 5 છેક મોહોડાં સુધી ભરાવું; અલાછલ થવું. 6 સરસરાટ બોલવું. 7 ઝુલવું; લટકવું. 8 ભરતી થવી; જુઆલ આવવી-ચઢવી. 9 ફરવું; ફરી વળવું (લોહી ફરેછે તેમ.) 10 લેહેરી-લેહેર આવવી (હવાની.) 11 *v. t.* રેલ આવવી. 12 *n.* જીઆદતી; પુષ્કલપણું; રેલ છેલ. 13 પૂર; ભરતી; જુઆલ. 14 રેલો; પ્રવાહ; ઓઘ. 15 સડસડાટ બોલવું તે.

Flower, *n.* ફુલ; પુષ્પ; ગુલ. Carred or painted, બુટ્ટા; ફુલ બુટ્ટા. 2 બાહાર; જોબન; જુવાની; તારુણ્ય. 3 જે સઉથી સરસ-ચુનંદું તે; માનશોભા જેવડે મળે તે; નાક; તોરો. 4 વાકયાલંકાર; અલંકાર. 5 દસ્તાન; અલગું; અટકાવ; ફૂલ; રજ. 6 *v. i.* બાહાર

આવવો; મોર-ફુલ આવવાં-ફુટવાં; વકાસવું. 7 જોબન ખિલવું; જુવાનીના તોરમાં-બાહાર પર આવવું. 8 *v. t.* ફુલો લગાડી સિનગાર કરવો; શેનકદાર કરવું; ફુલ બુટ્ટા પાડવા.

Flower bud, *n.* ફુલની કલી.

Floweret, *n.* See Floret.

Flower garden, *n.* ગુલિસતાન; ગુલશાન; ગુલજાર; ચમન; ફુલવાડી; ફુલબાગ. [ગુલદાન.

Flower pot, *n.* ફુલનું કુંડું; ફુલઝારી;

Flowery, *a.* ફુલથી ભરપૂર; પુષ્પમય. 2 ચિકન-બુટ્ટા ભરેલું. 3 સુંદર; અલંકારિક; રંગીન (એબારત.)

Flowing, *ppr,* or *a.* વેહેતું; ચાલતું. 2 નિકળતું. 3 ઝુલતું. 4 ભરેલું. 5 સરળ; સડસડાટ (ભાષણ). 6(a garment &c)ઘેરાવદાર; ઘેરદાર.

Fluctuate, *v. i.* મોજની મોઆફક હિલવું; આમતેમ હાલ્યાં કરવું; ડોલવું. 2 ડામાડોલ રેહેવું; વીચાર ફેર બદલ રાખવો; ઢંગધડો ન હોવો. 3 ચહઢ ઉતર થવી; વત્તુંઓછું થયા કરવું (ભાવ.)

Fluctuation, *n.* મોજાના જેવી હિલચાલ. 2 મનની ડામાડોલી. 3 ચઢ ઉતર; વધઘટ. (ભાવની.)

Flue, *n.* આગ સળગાવાની જગા આગલથી તે (ચિમની) ધુમાંડીઆં સુધીનો જમીનની અંદરથી બાંધેલો ધુમાડો-ધુંઆ જવાનો રસ્તો.

Fluency, *n.* સફાઇથી બોલવાની ઝડપ; જીભનું ચપળપણું; તેજ જબાની; વાક પટુતા.

Fluent, *a.* ચપળ; બોલકણું; તેજ જબાન; ચાલાકી અને સફાઇથી બોલનાર. 2 સરલ.

Fluently, *ad.* વગર અટકવે; સડસડાટ; ચરાચર; ભરાભર.

Fluid, *a.* હવા અથવા પાણી જેવું પાતલું; પ્રવાહી; વેહેતું. 2 *n.* પ્રવાહી પદાર્થ.

Fluidity, Fluidness, *n.* પાતળપણું; વેહી શકે એવો ગુણ; દ્રવતા.

Flummery, *n.* લાપસી; ફાલુદો.

Fluke, *n.* લંગરનો દાંતો.

Flurry, *n.* ધાંધળ; ધિંગાણું. 2 *v. t.* ધાંધળ-ગડબડ-ધિંગાણામાં નાખવું.

Flush, *v. i.* ધસારાબંધ વેહીને ફરી વળવું; એક દમ ચઢી જવું. 2 એક દમ દેખાઇ આવવું. 3 એકાએક લાલ થઇ આવવું-જવું; લાલી આવવી; ઝળકવું. 4 બાગબાગ-ખુશી થવું. 5 *v. t.* લાલ કરવું; લાલી લાવવી. 6 ખુશી-બાગ બાગ-આનંદી કરવું; ફુલાવવું; ચઢાવવું. 7 *a.* સુર્ખ; તેજમારતું; ચકચકીત. 8 *n.* સુર્ખિ; લાલી; ઝલક. 9 જોમ; જોસ્સો.

Fluster, *v. t.* & *v. i.* સુર્ખ-રંગીન કરવું; ગરમ-લાલ કરવું (દારૂપાઇને).

Flute, *n.* વાંસળી; બનસી; પાવો; મોરલી; સીસોટી. [2 થાંભલામાં ઉપર-

પી એકલસુધી કોતરેલી ગોળ ખાંચ. 3 આંખોના ગવનની ગોલ ક-રચલી.
Fluted, *a.* ખાંચ પાડેલું.
Flutter, *v. i.* પાંખ ફડફડાવવી. 2 નકામી–વગર કારણની દોડધામ કરવી. 3 ફડફડથવું. 4 *v. t.* ગભરાવવું; અકળાવવું. 5*n* ફડફડ ટ. 6 ગભરાટ.
Flux, *n.* વહેવું તે; ઓઘ; પ્રવાહ. 2 વહી–વીતી જવું તે; ઉપગ ઉપરથી પસાર થઇ જવું તે. 3 ધાતુનો રસ કરનાર–ધાતુને ઓગળાવનાર વસ્તુ–પદાર્થ, જેવોકે કોઈ ખાર. 4 પિગળવું–ગળાવું તે. 5 ઝાડા–પેટનું છુંટવું તે; લોહી પડવું તે. 6 ભરતીનું ચઢવું.
Fly, *v i* ઉડવું. 2 ઉડવું; તણાવું. 3 ધાવું; દોડી જવું. 4 નાસી જવું. 5 ઉડવું; ફેલાવું (અફવા.) 6 ઉડવું; ફડફડ થવું; હિલવું (પવનથી.) 7 *v. t* ઉરાડવું; ચગાવવું. 8 *n.* માંખ; મક્ષિકા; માખી. 9 બરોબર વખતસર જોરથી દાબણ કરવા તથા ફરવાસારૂ ચક્કર ઉપર મુકેલો વજન–ભાર; ફલાઈ. 10 હલકી અને જલદી દોડતી એક જાતની ગાડી જેની હાંકવાની જગા ધમણ ઉપરથી હોયછે. *To fly at*, આંગપર તુટી પડવું; ધસી આવવું. *To fly in the face of*, બેઅદબી કરવી. *To fly open*, જોરથી–ધસારા સમેત ઉઘાડવું.
Fly bane, *n.* એક વનસ્પતિ.

Flyblow, *n.* માંખનું ઇંડું.
Flyblown, *pp.* or *a* કિડાપડેલું; સડેલું.
Fly catcher, *n* માંખ ઉપર જીવનારાં એક જાતનાં પક્ષી; મગસખેર.
Flying, *ppr.* or *a.* ઉડતું. 2 હલકું; જલદીથી પિસાડ મુક કરવાને તથા ઊચક સાંચક કરવાને સેહેલું પડે એવું, જેમકે *a flying* camp. *Flying colors*, ફતેમંદી; ઝોત; જય.
Flyleaf, *n.* ચોપડીની શુરૂઆતમાં અથવા આખેરીમાં મુકેલું કોરૂં પનું.
Flywheel, *n.* ચાલુ સાંચાની ગતી સમતોલ રાખવાનું ચક્કર.
Foal, *n.* (male) વછેરો; (female) વછેરી; (of an ass) ખોલકું. 2 *v. i.* વિયાવું, જેમકે ઘોડી અથવા બીજાં જાનવરો વિયાયેછે તેમ.
Foam, *n.* ફીણ; કફ. 2 *v. i.* ફિણ થવું–આવવું. 3 ફીણ ચઢાવવું–કાઢવું. 4 ભારી ગુસ્સામાં આવવું; મોહોડે ફીણ ચઢાવવું. [ફીણ; ફીણયુકત.
Foamy, *a.* ફીણવાલું; કફદાર; ફીણ
Fob, *n.* ઘડિયાલ મુકવાનું ન્હાનું ગજવું. 2 *v. t.* See Cheat.
Focus, *n.* (*Geom.*) કેંદ્ર; મધ્ય; નાભી. 2 તડકાંમાં એક તરાંહનો કાચ પકડયાથી બાળી નાખે તે બિંદુ; પ્રકાશનાં કિરણ જ્યાં એકઠાં મળે તે બિંદુ; કેંદ્ર.
Fodder, *n.* ચાર; ચારો; પરાળ. 2*v.t.* ચારો ખવડાવવો; ચારો–ઘાસ નિરવું.

Foe, *n.* હરીફ; મુદઈ; બદખાહ; શત્રુ; અરિ; વેરી; દુશમન.
Fœtal, *n.* ગર્ભનું; હમેલને લગતું.
Fœticide, *n.* ગર્ભપાત કરવો–હમેલ તોડી પાડવો તે.
Fœtus, *n.* ગર્ભ; હમેલ. See Fetus.
Fog, *n.* ધુમસ; ધુમર. 2 બીજી વખત ઉગેલું ઘાસ.
Fog bank, *n.* ધુમસને લીધે દેખાતો ખોટો કિનારો અથવા જમીન; ધુમસ પડતું હોય તે વખતે દરિયામાં દુરથી જમીન જેવું કંઈ દેખાયછે તે.
Foggy, *a.* ધુંધલું; ધુમસ ભરેલું–વાલું. 2 જડ; ઠોઠ; મંદ.
Foh, *interj.* છિ; તોબા; ઇશ્શ.
Foible, *n.* એબ; કમુર; ખામી; ખોડ.
Foil, *v. t.* ભાંજી પાડવું; હઠાવવું; નિષ્ફલ કરવું. 2 *n.* હાર; શિકસ્તગી; પરાભવ. 3 નિધારી પટ્ટો; બુઠ્ઠિ અણીની તરવાર. 4 ડાંખ; ડાંક. 5 વરક; ઘણીજ બારીક ટિપેલી પત્રી; પતરૂં. [ખેલું.
Foiled, *pp.* હારેલું; નાસીપાસ્થએલા થ-
Foist, *v. t* હઠ્ઠસે ચોરીથી ઘુસાડી દેવું.
Fold, *n.* ઘડી; પડ; કરચલી. 2 પટ; ગણું, જેમકે પાંચ–છ પટ; પાંચ–છ ગણું. 3 મેંઢાં–બકરાંનેગોંધીરાખવાની જગા; વાડો; આંકો. 4 મેંઢાંનું ટોલું. 5 એક ધરમના લોક. 6 *v. t.* ઘડી વાળવી; ચિણ કરવી. 7 વાળવું; બિડવું; જેમકે કાગળ–અદબ–પત્રાંઠી. 8 ઢાંકવું; બંધ કરવું. જેમકે બકરાં મેંઢાંને. 9 *v. t.* વળવું.
Folded, *a* ઘડી બંધ. *Folded arms*, અદબ વાળેલું. *Folded hands*, દસ્ત બસ્ત; હાથ જોડેલું.
Folder, *n.* કાગળ વાળવાનું હથિઆર–ચિપ–પટી. 2 કાગળવ ળનાર; ફોલ્ડર.
Folding, *n.* ઘડી. 2 *a.* વળે એવું; વાલવાનું. [વાનાં બારણાં.
Folding doors, *n. plu* વળનાં–વાળ-
Foliage, *n* પાત્રાં; પાંદડાં; પાલો; પલ્લવ. 2 ચિતરેલાં–પાડેલાં પાંદડાં–ફુલ–વેલ.
Folio, *n.* દુબંદીપાન–કાગદ. 2 હિસાબના ચોપડીનું પનું અથવા જમણી તથા ડાબી બાજુનાં બંને પાનાં; રોજ મેલ, ખાતા વહી વિગેરેનું પાનું.
Folk, *n.* લોક; આદમી; આલમ.
Folk lore, *n.* લૌકિક–દંત કથા.
Follow, *v. t. & v. i.* પછવાડે–પુઠે જવું–લાગવું; દુંબાલો પકડવો; કેડો લેવો. 2 પાછળ બનવું–થવું; ગુજરવું. 3 એક મતલબ ઉપરથી બીજી મતલબનું ઉઠવું–નીકળવું; પરિણામ નીકળવું. 4 સિદ્ધ–સાબિત થવું. 5 નકલ કરવી; કોઇની વગણ ઉપર જવું. 6 ચલાવવું; કરવું (ધંધો–પેશો) 7 કદમ જોઇને–પગલાં–પકડી ઉપરથી ચાલવું.

Follower, *n.* પાછળ આવનાર. 2દામનગીર. 3પંથી; મળતીઓ; આશ્રિત. *Followers*, ચાકર; નકર; લશકરની સાથના માણસો; પરિવાર.
Following, *a.* બીજું; આવતું; પેદર પે; એકલ; આગલું.
Folly, *n.* હેમાકત; બેવકુફી; મુર્ખાઈ. 2 બેહુદું કામ; ભૂલ. 3 પાપ.
Foment, *v. t.* શેકવું; ઝારવું. 2 ઉસકેરવું; ભરી આપવું; મચાવવું. *To foment mischief*, ફસાદ ઉઠાવવો.
Fomentation, *n.* શેક; શેકણી; ઝારવું તે. 2 ઉસ્કેરણી; સાંસણી.
Fomenter, *n.* (of mischief) ફિતુરિયો; ફિતનેઅંગેજ.
Fond, *a.* બેવકુફી ભરેલું; નાદાન. 2 હેતાલ; મમતાલુ; લાડલડાવતું. 3 ગમતું; શોખાલું; પસંદ પડતું. *To be fond of*, શોખ હોવો; ઘણું ગમવું; આશા રાખવી.
Fondle, *v. t.* લાડ કરવો—લડાવવો; અછો અછો કરવું; પ્યારથી રમાડવું.
Fondling, *n.* લાડકો; લાડકી.
Fondly, *ad.* ઘણા પ્યારથી; લાડથી.
Fondness, *n.* પ્રીતિ; મમતા; ચાહ.
Font, *n.* ખ્રિસ્તીઓમાં "બાપટીસમ" આપતી વેળાએ પાણી ભરી રાખેલું પથરનું વાસણ; ચંબૂ. 2 એકજ જાતનાં છાપવાના ટીપનો પૂરતો જથો, જેમાં સઘળા જરૂરના અક્ષરો હોય છે.
Fontanel, *n.* પોત; પોંત. 2 ન્હાનાં કુમળાં બચ્ચાંના માંથા ઉપરનો ચાંદ્ર તાળવું. [શક.
Food, *n.* અન્ન; ભોજન; ખાણું; ખો-
Fool, *n.* ગાંડું—દિવાનું માણસ; પાગલ. 2 મુર્ખ—બેવકુફ—ઉજબક આદમી. 3 દુષ્ટ માણસ. 4 ટોળિયો; ટોળિયો. 5 *v. i.* રમતમાં વખત ગાળવો. 6 *v. t.* ઠગવું; છેતરવું.
Foolery, *n.* બેવકુફાઈ; હેમાકત.
Foolhardy, *a.* અકલ વગર હેમાવી દેનાર; વગર વિચારે જોખમ એડનાર.
Foolish, *a.* મુર્ખ; બેવકુફ; અડબેથ; મુઢ. 2 બેવકુફાઈ ભરેલું; ગાંડું; બેહુદું. 3 હસવા જોગું. [ર્ખાઈ.
Foolishness, *n.* બેવકુફી; હેમાકત; મુ-
Foolscap, *n.* આસરે ૧૭ ઈંચ લાંબા ને ૧૨ ઈંચ પોહોળા કાગળ; ફુલસ્કેપ.
Foot, *n. plu.* Feet. પગ; ચરણ. 2 પગ; પાયો. 3 નીચલો ભાગ; તળિયું. 4 પાયદળ; પેદળ. 5 બાર ઈંચ—તસુનું માપ; ફુટ. 6 કવિતાના પદેનું વજન; ચરણ; પદ; તુક. *To set on foot*, ચાલુ—બરપા કરવું. *To kiss the foot*, કદમ બોસી કરવી.
Foot ball, *n.* ઠોકર મારી રમવાનો દડો. 2 દડાને ઠોકર મારીને રમવાની રમત.
Foot boy, *n.* પોરીઓ; ખિદમતગાર.

Foot hold, *n.* સરકી–લપસી નહીં જાય અને મજબુતીથી પગ મુકાએ એવો આધાર–ટેકાવ;પાયાદારી.

Footing, *n.* પગ મેલવાની જમીન–ટેકાવ–આશ્રો–આધાર. 2 જડધાલવી તે. 3 પગલું; કદમ. 4 હાલત; અવસ્થા; દશા; સ્થિતિ.

Foot man, *n.* ચિઠ્ઠી પત્રી લાવ લઈ જનાર; ખવાસ; ખિદમતગાર; ચપરાસી. 2 પેદલ સિપાઈ; પ્યાદો.

Foot mark, } *n.* પગલાંની પડેલી નિ-
Foot print, } શાન; પગલું.

Foot pad, *n.* વાટ પાડો; રાહજન.

Foot path, *n.* પગવાટ–રસ્તો; પગથી.

Foot rope, *n.* વાહાણના ડોલો ઉપર એક તરફથી બીજી તરફ ચાલી જવાનાં દોરડાં. [સડો–નાસુર.

Foot rot, *n.* મેંઢાના પગમાં લાગેલો

Foot rule, *n.* બાર ઈંચ–તસુ લાંબું માપ; માપવાનો ફુટ. [પ્યાદો.

Foot soldier, *n.* પાયદળ સિપાઈ;

Foot stalk, *n.* પાત્રાંની દાંડી; ડાખરું.

Foot stall, *n.* સ્ત્રીને ઘોડા ઉપર બેસતી વખતે પગ મુકવાનો પાવડો–રિકાબ.

Foot step, *n.* પગલું; પગની પડેલી નિશાન. *Footsteps, plu.* દાખલો; નમુનો; પગલાં, જેમકે Follow the *footsteps* of good men.

Foot stool, *n.* પગ મેલવાનું–ટેકાવવાનું આસન; પાટલો; બાજઠ.

Fop, *n.* વરણાગિયું–બાંકું માણસ; છેલ; અકડ–નખરાબાજ.

Foppery, *n.* અકડબાજી; ફોકટ દમામી; છેલાઈ; ફાંકડાઇ; વરણાગી.

Foppish, *a.* ફક્કડ; ફાંકડું.

For, *prep. & con.* અવેજમાં; બદલે; ઠેકાણે. 2 જેવું; મોઆફક. He quivered with his feet, and lay *for* dead. 3 તરફ; ગમ. We sailed from Peru *for* China and Japan. 4 ખાતર; લીધે; સબબે; અર્થે; તેથી; માટે; વાસ્તે; સારૂ; મુજબ; ફીજે. 5 વતી; બદલે; માટે. 6 ચોકસ વખત સુધી; પર્યંત; લગી. *For as much*, જેથી કરીને; તે માટે. *For instance*, દાખલો; મીસલે; મીસલન; જેમકે, *For what*, કાંએ, શાને સારૂ; શામાટે. *For why*, કાંએકે; એટલા માટે–વાસતે–થકી; એ કારણસર. *For the most part*, અકસર કરીને.

Forage, *n.* ઘાસ દાણો; ગાયઢોરનો તથા ઘોડાને સારૂ લશકરમાં આણેલો ચારો. 2 *v. t. & v. i.* એ ગુલીગમ પેલીગમ ભટકીને ઘાસ–દાણો–ચારો મેળવવો–પૂરો પાડવો.

Foraman, *n. plu.* Foramina. બારીક સુરાખ; ઝિણું છિદ્ર; વેહ; નાકું.

Forbear, *v. i. & v.t.* બંધ રાખવું–રહેવું. 2 થોભવું; અચકવું; હાત ખાંચવો; અટકવું. 3 ના પાડવી. 4 સબુ-

થી પકડવી-ધરવી; દમ મારી જવું. 5 દર ગુજર કરવી; મૂકી છુટવું; માફ કરવી.

Forbearance, *n.* દૂર રહેવું-નહીં કરવું-બંધ રાખવું તે. 2 ખામોશી; બરદાસ્ત; સબુરી.

Forbearing, *a.* ગઈ-દરગુજર કરનાર; સાંખી રહે એવું; સહનશીલ.

Forbid, *v. t.* મના કરવું; વારવું; મનાઈ-બંધી કરવી. *God forbid,* ખુદા ન કરો; ખુદા ન કરે.

Forbid, Forbidden, *pp* or *a.* અટકાવેલું; મના કરેલું 2 (as used of food) હરામ, જેમકે ફલાણી ચીજ ખાવી હરામ છે. ગમે નહીં તેવું.

Forbidding, *a* કુરાળો આવે એવું;

Force, *n.* બળ; જોર; કુવત 2 વેગ. 3 તાકાત; મગદુર. 4 જી; દમ; માલ. 5 જબરદસ્તિ; બળાત્કાર; જુલુમ. 6 (*Law*) કાએદાની વિરૂધ થઈ ચલાવેલી જબરી. 7 સૈન્ય; ફોજ; લશકર. 8 *v t. & v. i.* ગુનેગો કરવો; જોર-જબરી કરી તાણવું, એચી કાહાડવું અથવા હડસેલવું. 9 જબરદસ્ત કરવી; જુલમ ગુજારવો; બળજોરી-બળાત્કાર કરવો. 10 હમલો કરીને લેવું. 11 બળાત્કારે સંભોગ કરવો. *That is in force,* ચાલતું-ચાલુ-અમલમાં આવેલું છે. *Moral force,* ખુલક બળ. [કાપેલું.

Forced, *a.* અસરણ; તાણી તૂસીને

Forceps, *n.* વૈદનો ચિપિયો-ચિમટો.

Forcible, *a.* ભારી; જબરૂં. 2 અસરકારક; મજબુત; કવી; જોરાવર.

Forcibly, *ad* જોર જુલમથી; જબરન.

Ford, *n* પાય ઉતાર; પગે ચાલી પાર જવાએ એવો નદીનો ભાગ; પાર. 2 પ્રવાહ; વહો. 3 *v. t.* પગે ચાલી નદી પસાર-પાર કરવી.

Fordable, *a.* પગે પાર થઈ શકાએ એવું; ચાલી જવાએ એવું.

Fore, *a.* or *ad.* આગલું; અવલ; પેહેલું. 2 આગળનું સામેનું.

Forebode, *v. t* ભવિષ્ય કહેવું; આગમચે કેહેવું-કરવી.

Fore boding, *n.* આગમ; આગાહી.

Forecast, *v. t. & v. i.* દુરંદેશી કરવી; તદબીર રાખવી; પૂર્વયોજના કરવી. 2 *n.* દુરંદેશી; આકિબત અંદેશી; પૂર્વયોજના.

Fore castle, *n.* વહાણનાં તુતકનો પેહેલા ડોલની આગળનો ભાગ.

Foreclose, *v t.* બંધ કરવું; અટકાવવું. 2 ગીરવી મૂકેલો માલ છોડવવાનો હક રદ થવો.

Fore father, *n.* વડીલ; બુજર્ગ; પૂર્વજ. *Fore fathers,* બાપદાદા; વાડવડીલો.

Fore finger, *n.* હાતના અંગોઠાની પાસેનું આંગળું; તર્જની. [ગલો પગ.

Fore foot, *n.* ચોપગાં જાનવરનો આ-

Forego, *v. t.* જવા દેવું; મેલી છુટવું;

હાત ઉઠાવવો. 2 કાંઈબી સારૂં ભોગવવાનું હોય તે મન મારી નહીં ભોગવવું; છેહ.વો નહીં લેવો, જેમકે Let us *forego* the pleasures of sense, to secure immortal bliss.

Foregoing.*ppr.* or *a.* આગળ ગયલું; ગયું ગુજરેલું; ગઈ ગુજરી; આગલું.

Forehead, *n.* કપાલ; પેશાની; લલાટ.

Foreign, *a.* જુદું; વેગળું; વગર તાલુકા રાખાનું. 2 પરદેશી; પરાયું; પારકું; બેગાનું. [માણસ.

Foreigner, *n.* પરદેશી; પરમુલખી

Foreknow, *v. t.* આગળથી જાણવું; ભવિષ્યજ્ઞાન-પૂર્વજ્ઞાન થવું.

Fore knowledge, *n.* ભવિષ્યજ્ઞાન.

Forelock, *n.* તાલવા ઉપરના બાલનો ગુચ્છો. *Take time by the forelock*, આવેલો ડાવ સાધી લેવો; હાથ આવેલી તક જવી ન મૂકવી.

Foreman, *n.* છાપખાનાનાં અથવાં કોઈ પણ કારખાનાનો મુખ્ય ઉપરી-મુખ્ય કારભારી; મુકાદમ. 2 પંચની સભાનો વડો; સરપંચ.[ગળનો ડોળ.

Foremast, *n.* વાહાણના મુખડા આ-

Forementioned, *a.* ઉપર કેહેલું; આગળ જણાવેલું; મજકુર; સદરહુ.

Foremost, *a.* સપર પેહેલું; અવલ; સહુથી આગળનું. 2 ઉત્તમ; સરસ.

Fore noon, *n.* બપોરની આગમઅનો વખત.

Forensic, *a.* ઇનસાફ દરબારને લગતું; દરબારમાં અથવા વ્યવહાર માર્ગમાં વપરાયલું. [રી મૂકવું.

Fore ordain, *v. t.* આગમજથી ઠેર-

Fore part, *n.* અગવાડું; આગલો ભાગ; મોહોડું.

Fore runner, *n.* આગળ દોડનાર; આગળ જઈ ખબર આપનાર જાસૂસ; અગ્રદૂત. 2 પૂર્વચિન્હ; લક્ષણ; આગમજથી થતી નિશાન; ચિન્હ.

Fore see, *v. t* આગળથી જોવું; દૂર અદેશો-આકેબત વિચાર કરવો.

Fore show, *v t.* ભવિષ્ય સુચન-પૂર્વ સુચન કરવું; આગમજથી દેખાડવું-જણાવવું-કેહેવું.

Fore sight, *n.* દુરદ્રષ્ટિ; દુરબીની; હવે પછી શું બનશે તેનો વિચાર; દુરંદેશી; આગમચેતી.

Fore sight, *a.* દુરંદેશી.

Foreskin, *n* મરદની ઈંદ્રિના કુંભની ઉપરની ચામડી. [વગડો.

Forest, *n* જંગલ; વેરાન; વન; અરણ્ય;

Forestall, *v. t.* આગળથી મનમાં લાવવું-સમજવું.

Foretell, *v t* આગમ-ભવિષ્ય કેહેવું; આકેબત કેહેવી; ફાલ કેહેવો.

Fore telling, *n.* ભવિષ્ય કથન; આગમ કહેવું તે. [-શી; પૂર્વવિચાર.

Fore thought, *n.* આકિબત-દુરંદેશી

For ever, *ad* સઘળા વખતે; હમેશાં; બારેમાસ; નિરંતર; સર્વદા.

Fore warn, *v. t.* આગળથી તાકીદ કરવી—ખબરદાર કરવું. 2 આગળથી નસીયત કરવી—ચેતાવી રાખવું—જાણીતું કરી રાખવું.

Forfeit.*v.t* કોઇ ચુક,તકસીર અથવા અન્યાયને લીધે કંઈ ખોઈ બેસવું, દંડ આપવો અથવા ગુન્હેગારી આપવાને લાયક થવું. 2*n* ગુન્હેગારી; દંડ.

Forfeited, *pp* or *a*. ગુનેહગારી દાખલ આપેલું—ખોયલું; જપત.

Forfeiture, *n* ગુનેહગારી આપવી—દંડ આપવો તે. 2 દંડ; ગુન્હેગારી; જપતી (માલ મિલકત અથવા કોઈપણ ચિજ જે લઈ લેવામાં અથવા જપત કરવામાં આવી હોય તે)

Forge, *n*. લુહારની ભઠ્ઠી. 2લુહારની દુકાન; લુહારખાનું. 3 તપવી ટોકી—ટીપીને ઘડવું તે. 4 *v. t.* (metals) ઘડવું; જોડવું; બનાવવું. 5 ખોટું બનાવવું—પાડવું; બનાવટ કરવી.

Forger,*n* બનાવનાર; ઘડનાર. 2 બનાવટ કરનાર; ખોટું બનાવનાર.

Forgery, *n*.બનાવટ; તરકટથી કરેલા દસ્તાવેજ—સિક્કા; ખોટો દસ્તાવેજ; ખોટી સહી. 2 એવું કામ કરવાનો અન્યાય—અપરાધ—ગુનાહ.

Forget, *v. t.* વિસરી—ભુલી જવું; ગફલત ખાવી—કરવી; યાદ ન રહેવી.

Forgetful, *a*. ગફલતું; વિસરાળ; ભુલ કરતું; ભુલકણું.

Forgetfulness, *n*. વિસ્મરણ; વિસરફ; ગફલત; ફરામોશી; વિસ્મૃત.

Forgive, *v.t.* માફ કરવી; માફી આપવી—બખશાવી. 2 મુકી દેવું. ; શીલતા.

Forgiveness, *n*. ક્ષમા; માફી; દયા

Forgot, } *pp*. or *a*. વિસરેલું;
Forgotten, } ફરામોશ.

Fork, *n*. કાંટો (ખાણું ખાવાનો); એકથી વધારે દાંતાવાળું હથિયાર જે ભોકવા, અથવા કાંઈ ચીજ ઊંચકવાના કામમાં આવેછે. 2 ફાંટો. 3 *v. i.* બે ફાંટા ફુટવા—થવા.

Forked, *pp*. or *a*. શાખાદાર; દ્વિશાખ; બે અથવા વધારે ફાંટા—પાંખાં વાળું. [વળું (સાંપની જીભ.)

Forky, *a*. બે અથવા વધારે ફાંટા-

Forlay, *v. t.* લુટવાની મતલબથી સંતાઈ—ભરાઇ રેહેવું.

Forlorn, *a*. તનાહ; એકલું પડેલું; નિરાસ—લાચાર થયલું; નિરાધાર; અનાથ. 2 *n*. લાચાર માણસ.

Forlorn hope,*n*. (શબ્દાર્થ) જીવ ઉપર આવેલી બાબદ; જીવનો જોખમ ખેડવાનું કામ. એ ઉપરથી, 2 (*Mil*) કોઈ જગા ઉપર ચઢી જવાને અથવા દુશમનનાં લશ્કર ઉપર તુટી પડવાને આગેવાની કરવા સારૂ લશકરની તુકડીમાથી ચુંટી કાહાડેલાં માણસો.

Form, *n*. શકલ; સુરત; ડોળ; ઘાટ;

આકાર; ઘાટમ. 2 ખુબસુરતી; શોભા. 3 ખાલી ભપકો. 4 રીત; પ્રકાર. 5 નિયમ; સુત્ર; કાનુન. 6 આદર સત્કાર-સભ્યતાની રીતિ. 7 નમુનો; મસુદો; દાખલો. 8 ગોઠવણ; રચના. 9 મૂર્તિ. 10 વગર અઠેલવાનો બાંક; લાંબી બેઠકનો તખ્તો; પાટિયું; પાટળી. 11 વર્ગ. 12 કાગળો છાપી કાહાડવાને સારૂ તઈઆર કરેલો સઘળાં ડીબાંનો સંગ્રહ; ફારમ. 13 *Grammar*, વજન; રૂપ; ગરદાન. 14 *v. t.* રૂપ-ડાળ આપવું; ઘડવું; ઉતારવું. 15 ગોઠવવું; રચવું. 16 વિચાર કરીને ઠરાવ કરવો; બાંધવું (મત). 17 In *Grammar*, રૂપ આપવું; એક શબ્દને પ્રત્યો લગાડી બીજા શબ્દો બનાવવા. 18 સ્થાપવું; બાંધવું. 19 *v. i.* વળવું; બનવું; આકાર ધરવો-પકડવો- લેવો.

Formal, *a.* આદર સત્કારી. 2 રીત પ્રમાણેનું; કાયદેસર. 3 બાહેરનું ડાળ ધરવનું; ઉપર ઉપરનું. 4 સ્વભાવિક.

Formality, *n.* આદરોપચાર ભક્તિ; રીતિ; ઉપચાર. 2 કાયદાસરપણું; યથાર્થ માર્ગતા.

Fomally, *ad* કાયદા મુજબ; રીત રસમ મુઆફેક. 2 આદરસત્કારથી.

Formation, *n.* બનાવવું તે; તરકીબ; ઘડણી. 2ઉત્પત્તિ; નિકળવું(વિચાર.) 3 (*Grammar*) વ્યુત્પત્તિ; એક શબ્દમાંથી બીજા શબ્દની થયલી બનાવટ. 4 (*Geology*) એકજ કારણથી અને એકજ જમાનામાં બંધાએલો ખડક અથવા જમીનનો કોઈ પણ ભાગ-થર-પડ.

Former, *a.* આગલું; માજી; પૂર્વ. 2 ગયલું; પ્રાચીન; કદીમ.

Formerly, *ad.* પેરાતર; ગુજરેલા જમાનામાં. [વલવું તે.

Formication, *n.* સળવળાટ; સળ-

Formidable, *a.* ભયજનક; ભયંકર; હેબતનાક; બિહીવાડે એવું.

Formless, *a.* બેડોળ; બેશકલ.

Formula, *n.* કાનુન; કાયદો; ઠરવેલી રીત; પદ્ધતિ; રીતિ; વિધિ. 2 (*Medicine*) નુસખો; લખી આપેલી દવા; ઔષધ વિધિ. 3 (*Mathematics*) કેટલાંક સિદ્ધાંતોનો ખુલાસો કરવાને ઠરાવી રાખેલી ટુંકી રીત.

Formulary, *n.* પદ્ધતિ-વિધિ-સુત્ર ગ્રંથ. 2 આજારીને આપવાને દવાની યાદી.

Fornicate, *v. i.* જનાકારી-હરામકારી કરવી; વ્યભિચાર કરવો; કુંવારાં મરદ ઓરતે અથવા પરણેલા મરદે કુંવારી ઓરતસાથ છિનાલી કરવી.

Fornication, *n.* છીનાળું; જનાકારી; વ્યભિચાર; પરણેલા મરદનું કુંવારી સ્ત્રી અથવા કન્યાસાથનું છીનાળું;

એવાં છીનાળાંને લગતી વાતચીત-ભાષણ. 2 દેશના કાયદા પ્રમાણે જે સગાંઓ વચ્ચે લગ્ન કરવાની મનાઇ હોય તેવાં સગાંઓએ કરેલા વ્યભિચારનો અન્યાય-ગુનાહ-તક્સીર; અગમ્યગમન. 3 બુતપરસ્તી; મૂર્તિપૂજા. 4 ધુંબજ; મેહેરાબ.

Fornicator, *n.* વ્યભિચારી; બદકાર; અનૂઢા-કન્યાગામી; કુંવારી સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર. 2 મૂર્તિપૂજક; બુતપરસ્ત.

Fornicatress, *n.* છીનાલ; છીનાલી કરવાનો ગુનાહ કરનાર કન્યા અથવા કુંવારી ઓરત; કુંવારી છીનાલ સ્ત્રી; અનૂઢવ્યભિચારિણી.

Forsake, *v. t.* છોડવું; ત્યાગ કરવો; તજવું. 2 ખુદાતાલાની મેહેરબાની ઉતરવી-કમતી-કોતાહ-ઓછીથવી. (land) પાડવી;પડત મૂકવી-નાખવી.

Forsooth, *ad.* ખરેખર; મુકરર; બેશક; બચિત; ત્યારે ખરૂં; ત્યારે હા.

Forswear, *v. t.* સમ-સોગન ખાઇ રદ કરવું-છોડી દેવું. 2 સોગન લઇ નકારવું-નાપાડવી. *To forswear one's self,* જૂઠા કસમ-સોગન-સમ ખાવા-લેવા.

Fort, *n.* કિલ્લો. (*Hill-fort*) ગડ. *Wall of a fort,* કોટ.

Forte, *n.* જે વાત-બાબદમાં જે કોઇ પૂરો માહિતગાર હોય તે.

Forth, *ad.* થી; માંથી. 2બાહાર; ખુલ્લું. આગળ; જાહેરમાં, જેમકે The plants in spring put *forth* leaves.

Forthcoming, *a.* હાજર;તૈયાર;મોજુદ.

Forth with, *ad.* લાગલુંજ; અવડાંનું અવડાં; તાબડતોબ;તત્કાલ;તરતજ.

Fortieth, *a.* ચાલીસમું; ૪૦ મું.

Fortification, *n.* તટબંધી; કોટ-કિલ્લાબંધી; શાહરપનાહ. 2 કોટ, કિલ્લા, મોરચા ઇત્યાદિ બાંધવાની કળા-વિદ્યા. 3 કોટ; કિલ્લો.

Fortify, *v. t.* તટબંધી-કોટબંધી કરવી. 2 મજબૂત-કઠણ કરવું(છાતી-મન) 3 મજબુતી આપવી; જોર-કોવત આપવું. 4 જોરાવર-જક્ષદ કરવું.

Fortitude, *n.* સંકટની સામે થવાની મનની શક્તિ; સહન શક્તિ; ધારીષ્ટ; ધૈર્ય; છાતી; હિમ્મત; દલેરી; દિલાવરી.

Fortnight, *n.* પક્ષ; પખવાડિયું; પંદરવાડિયું.

Fortress, *n.* કિલ્લો; ગડ.

Fortuitous, *a.* આકસ્મિક; દૈવયોગે-કજાથી બનેલું; ઇત્તિફાકી; ખુદાસાજ.

Fortunate, *a.* સુભાગ્યનું. 2ભાગ્યશાલી; નસીબદાર; બખ્તાવર; તાલેવંત.

Fortunately, *ad.* સારે ચોઘડીએ-નસીબે; એકબાલથી; દૈવયોગથી.

Fortune, *n.* નસીબ; ભાગ્યોગ; સેતારો. 2લક્ષ્મી; દોલત. 3ચઢતી પડતી; માણસ જાત ઉપર પડતું દુખ સુખ;

નસીબમાં જે લખેલું તે. 4 ગુજરાનકરવાનો ઉપાય; રોજગાર; રોજી.

Fortune hunter, *n.* દોલતમંદ બાઈડી સાથ પરણીને તવંગર થવા ચાહનાર મરદ.

Fortune teller, *n.* કોઈની જીંદગીમાં તેની ઉપર શું ગુજરશે તે આગળથી કેહેવાનો ફાંકો રાખનાર; નશીબ જોનાર; નજુમી; નસીબમાં લખેલું કહેનાર.

Forty, *a.* ચાળીસ; ૪૦. 2 બેહદ સંખ્યા. One, two and *forty* others.

Forum, *n.* બજાર; મારકીટ; ચૌટું. See Court, Tribunal. [ચાદચોજા.

Forward, *ad.* આગળ. *Go forward*,

Forward, *a.* આગળનું; આગલું. 2 બેઅદબ; ધીટ; ઉદ્ધત. 3 આતુર; હોંસીલું; ઉત્કંઠિત; ઈંતેજાર. 4 તૈયાર; તત્પર. 5 ઉતાવલું; આકલું. 6 *v. t.* ટેકો આપવો; હાથ ધરવો-પકડવો; આગળ પાડવું; આગળ વધે તેમ કરવું. 7 જલદી ઉગે-વધે તેમ કરવું. 8 મોકલવું; પોંહોચાડવું.

Forwardness, *n.* અતિશય દિલસોજી; ઉત્સાહ. 2 ધીટાઈ; ધીટપણું.

Fossil, *a.* જમીનમાંથી ખોદી કાહડેલું; ખાણી; ખનીજ. 2 *n.* બદલાઈને પથ્થર થઈ ગએલું. 3 જમીનમાંથી ખોદી કાહાડેલી કોઈ વસ્તુ; ખનીજ વસ્તુ; ઉપધાતુ. 4 ઝાડપાન અથવા પ્રાણી સંબંધી વસ્તુ જમીનમાં લાંબી મુદત સુધી દટાઈ પડી રહ્યાથી પોતાની અસલ બનાવટથી બદલાઈને પથ્થર બની ગયા હોય તેને *Fossil* શબ્દ લગાડયામાં આવેછે.

Foster, *v. t.* પાળવું; પોરાવું; ઉધ્ધારવું 2 ઉગાડવું; વધારવું (ઝાડપાનને). 3 તકવીઅત-તરબીયત આપવી; વધારવું.

Foster brother, *n.* દૂધભાઈ; એકજ દાઇને ધાવેલાં પણ જુદાં જુદાં માબાપના છોકરાં.

Foster child, *n.* પારકી સ્ત્રીએ ધવડાવી ઉધારેલું અથવા પારકા બાપને હાતે ઉધરેલું છોકરૂં.

Fosterdam, *n.* દૂધમા; દૂધ પીલાઈ દાઈ; પાળક મા; પાળક આઈ; ધાત્રી.

Foster father, *n.* પાળક બાપ; ધાતા.

Foster sister, *n.* દૂધ બેહેન.

Foul, *a.* મળકટ; મેલું; ગંદું; ખરડાએલું. 2 ભાંડ; ઉઘાડું; અછડું. 3 કોહોવાએલું; ગદલું; કાદવ વાલું. 4 કદરૂપું; બદશિકલ. 5 અંધાધુંધું; વાદળ ભરેલું-વાળું. 6 બદ; ખરાબ (હવા-મરજ) 7 નારાસ્ત; ગેરવાજબી; અપ્રમાણિક. 8 ધિક્કારવા જોગ; કમકમાટ ઉપજાવે એવું; દુષ્ટ. 9 અતિ કૂળ; સાંમું; મોહોડાં ઉપરનું; વિરૂધ (પવન). 10 નામોશી ભરેલું. 11 ગુંચવાઈ ગએલું. 12 *v. t.* મેલું કરવું; ખડવું.

Foulness, *n.* નાપાકી;નાસાફી;ગંદાપણું.

Found, *v. t.* સ્થાપવું; પાયો નાખવો. 2 બાંધવું; વસાવવું. 3 બુનીયાદ કાહાડવી; મૂળ પુરૂષ હોવો, જેમકે *To found* a family. 4 ઓતવું(ધાતુ).

Foundation, *n.* પાયો. 2 બુનીયાદ; તેમમ. 3 આશ્રો; આધાર. 4 અસલ; મૂળ; જડ. 5 સ્થાપના. 6 મંડાણ. 7 ધર્મદાય.

Founder, *n.* સ્થાપનાર; ઉઠાવનાર; સ્થાપક. 2 આચાર્ય; આચારી. 3 મૂળ પુરૂષ; ગોત્ર; અસલ માણસ. 4 ઓતનાર; ઓતારી. 5 *v. i.* વાહાણમાં પાણી ભરાઈ ડુબીજવું–ગર્ક થઈ જવું–બેસી જવું. 6 *v. t.* ઘોડાના પગમાં અંદરથી સોજો લાવવો જેથી તેને લંગડા અથવા ચાલવાને અશક્ત કરી નાખવો. [નું; કુપ્પરાળા.

Foundery, *n.* ધાતુ ઓતવાનું કારખા-

Founding, *n.* ઓતકામની કળા; ધાતુને નમુના પ્રમાણે ઓતીને આકારો બનાવવાની યુક્તિ.

Foundling, *n.* રખડતું પડેલું–નાવાલી છોકરૂં; મા બાપે ત્યાગ કરેલું–નાખી ગયલું જીવતું છોકરૂં. *Foundling hospital,* નાવાલી–નાખી ગયલાં છોકરાંઓની માવજત અને પાળણ પોશણ કરવાનું ધર્મખાતું –ઇસ્પિતાલ.

Foundry, *n.* See Foundery.

Fount, } *n.* ઝરો; પાણીનો ચશ્મો.
Fountain, } 2 ફુઆરો; કારંજો. 3 નદીનું મૂળ. 4 અસલ; જડ મૂળ. 5 See Font. *Fountain of life,* આપે હૈયાત.

Fountain-head, *n.* મૂળ; મુખ્યસ્થાન.

Four, *a.* ચાર; ચો; ૪. [ચોવડું; ચોપટ.

Fourfold, *a.* ચાર–ચોગણું; ચોમણું;

Four footed, *a.* ચોપગું; ચતુષ્પાદ.

Four score, *a.* એંસી; ચારવીસી–કુંડી.

Fourteen, *a.* ચૌદ; ૧૪.

Fourteenth, *a.* ચઉદમું; ૧૪ મું.

Fourth, *a.* ચોથું. 2 *n.* ચોથો હિસો.

Fowl, *n.* મુર્ગ; પક્ષી; પંખેરૂં; મરઘી; પરંદુ. 2 *v. i.* પક્ષી પકડવાં, મારવાં અથવા તેમનો શિકાર કરવો. [વાઘરી.

Fowler, *n.* શિકારી; પંખેરાં પકડનાર;

Fowling piece, *n.* પક્ષી મારવાની એક હલકી બંદુક; શિકારીની–પારધીની બંદુક. [માણસ.

Fox, *n.* કોહોલું; શિયાળ; લોંકડી. 2 પક્કું

Foxevile, *n.* એક જાતનું દરદ જેથી બાલ ખરી પડે છે.

Fracas, *n.* તોફાન; હુલ્લડ.

Fraction, *n.* In *Arith. & Algebra,* અપૂર્ણાંક. *Denominator of a fraction,* છેદક; છેદ. *Numerator of a fraction,* અંશ. *Vulgar fraction,* વ્યવહારી અપૂર્ણાંક. *Proper fraction,* સમ અપૂર્ણાંક. *Improper*

fraction,વિષમ અપૂર્ણાંક. *Decimal fraction*, દશાંશ અપૂર્ણાંક.
Fractional, *a*. અપૂર્ણાંક સંબંધી;ભંગિક
Fractious, *a*. જરાજરામાં મારામારી ઉપર આવી જનાર; ઝગરાળુ; લડકણું; કજ્યાદલાલ.
Fracture, *n*. ચિરો; ફાટ. 2 હાડકું ભાગવું તે; અસ્થિભંગ. [વલું.
Fragile, *a*. કકરું; ભસરું; નાજુક; કા-
Fragility,*n*. ભસરાપણું; નાજુકપણું.
Fragment, *n*. કોઇ ચીજનો ભાગેલો કકડો; પુરજો. 2 જુદો પાડેલો–અધુરો ભાગ(જુના લેખ–પુસ્તકોનો.)
Fragrance, } *n*.પિમળ;ખુશબો; સુગંધ; લપટ; મઘમઘાટ.
Fragrancy, }
Fragrant, *a*. સુગંધિ; લપટ–ખુશબોદાર; સુવાસિક; પમરતું.
Frail, *a*. કાવલું; જલદી ભાગી જાએ એવું; ફુસકું. 2 કમજોર; દુર્બળ; ડગાય–લલચાય એવું; નબળું. 3 નાશવંત; ક્ષણભંગુર.
Frailty, *n*. નબલાઇ; નાતવાની; કમજોરી (મનની.) 2 મનની નબલાઇથી નિપજતો ગુનાહ–ચૂક–ભૂલ; દોષ.
Frame, *v. t*. બનાવવું; જોડવું; સાંધવું; રચવું. 2 જોડી કાઢવું; બનાવટ કરવી. 3 આસપાસ ચોકઠું બેસાડવું; ફરેમ કરવી–જડવી. 4 *n*. ચોકઠું; ઘેર; ફરેમ. *Lace frame*, ફિત વણવાની સાર. 4 માંચરો; લડવંચી; ઘોડો; ઘોડી. 5 ઝીનનું ખોબલું. 6 પરધામ–ઢોલ–પખવાજનું ખોખું. 7 મનોવૃત્તિ; મનની હાલત;તબિયત. 8 બાંધો;કાઠી(શરીરની). [છુટાપણું.
Franchise, *n*. સરકારે આપેલા હક્ક;
Frank, *a*. નિષ્કપટ; સાલસ; સાફદિલ. 2 બેકેદ; સ્વછંદી. 3 મુફત; વગર પૈસે આપેલું. 4 *v. t*. કોઇ કાગળનો ડાક ખરચ નહીં લેવા માટે તે ઉપર સહી કરવી; ડાકમાં કાગળને મુફત જતું કરવું. 5 *n*. ફિરંગી. 6 ટપાલ ખર્ચ વગર જાએ એવું કાગલ. 7 જે સહીથી કાગલનો ટપાલ ખર્ચ માફ થાય તે સહી.
Frankincense, *n*. ઉદ; લોબાન; ધૂપ. (Oil) ઉધેલ; ધૂપેલ. [ટાઇથી.
Frankly, *ad*. ખુશદિલીથી; નિષ્કપ-
Frankness, *n*. See Candor.
Frantic, *a*. અવેરું બાવરું; દિવાનું.
Fraternal, *a*. See Brotherly.
Fraternity, *n*. બિરાદારી; ભાઇચારો. 2 ભાઇબંધ; એકજ ધંધાવાળાં માણસો. 3મંડળી;સમાજ;સમૂહ;ફિરકો.
Fratricide, *n*. બંધુઘાત; ભાઇનું ખૂન;ભ્રાતૃહત્યા. 2 ભાઇનું ખૂન કરનાર; ભ્રાતૃઘાતી.
Fraud, *n*. કપટ; દગો; ઠગાઇ; પ્રપંચ.
Fraudulent, *a*. દગાબાજ; કપટી. 2 દગલબાજીનું. 3 દગાથી મેલવેલું.

Fraudulently, *ad.* દગાખાજીથી.
Fraught, *a.* ભરેલું; લાધેલું. 2 ભરપૂર; પુષ્કળ.
Fray, *n.* See Affray.
Freak, *n.* લેહેર; તોર; ફાંટો; તરંગ. 2 ખ્યાલ; વેહેમ; ચાળા.
Freckle, *n.* તલ; મસો; ચામડી ઉપર ખુદરતી અથવા દરદથી પડેલા ડાઘ.
Freckled, Freckly, *a.* ડાઘદાર; તલદાર; ટપકાં વાલું.
Free, *a.* સ્વતંત્ર; મુખત્યાર. 2 છૂટું; મોકલું; મુક્ત. 3 સર્વ લોકના ઉપયોગમાં આવે એવું; ખુલ્લું મૂકેલું; ખુલ્લું; વગર અટકાવનું. 4 બેમુલાજા ભરેલું; બેલગામ, જેમકે The reviewer is very *free* in his censures. 5 ખુલ્લાં દિલથી કરેલું; ખુલ્લા મનનું; નિખાલસ. 6 ઉદાર; કુશાદ દિલ. 7 મુફત; ધરમનું. 8 *v. t.* મોકળું કરવું; છોડી દેવું.
Freeborn, *a.* જન્મથી સ્વતંત્ર.
Free booter, *n.* લુટારૂં; લુટારી; પિંડારો.
Freedom, *n.* આજાદી. 2 છુટાપણું; સ્વતંત્રતા. 3 હક્ક; છુટ; મોઆફી. 4 આસાની; સેહેલાઈ; સરલપણું. 5 નિખાલસપણું. 6 અમર્યાદા; બેલગામી.
Free hold, *n.* ઇનામદારી; વતન; મિરાસ; જમીનદારી. 2 જાગીર.
Free holder, *n.* ઇનામદાર; વતનદાર; મિરાસદાર; જમીનદાર. 2 જાગીરદાર.
Freely, *ad.* ખુશાલ; ખુલ્લાંમનથી. 2 બેદરકારીથી; વગર ધાસ્તિએ. 3 છુઆદતીથી. 4 પોતાની મેળે; વગર જબરીએ. 5 પુષ્કળ; ઘણું; અતિશય. 6 મ્હોટાં મનથી; ઉદારપણાથી. 7 મુફત; ફુકટ; ધરમ ખાતે.
Freeman, *n.* સ્વતંત્ર મનુષ્ય; ગુલામગીરીમાં નહી એવું માણસ. 2 ચોકસ હક ભોગવનાર માણસ; જેને બાદશાહ તરફથી કેટલીક છુટ મલીહોય તે.
Freemason, *n.* પુરાતન જમાનાની તથા છુપી એક સભા, અથવા કેટલાક જણોએ ભાઈબંધુ તરીકે મલી બનાવેલા ફિરકાનો એક સભાસદ. એ ફિરકો (સલાટ) ઠાંડફોડાઓથી ઉઠી ઉભો થએલો કેહેવાયછે, પણ હાલ એમાં ઘણા ગ્રહસ્થ લોક એક બીજાને મદદ કરવા તથા મંડળીનું સુખ ભોગવવાની મતલબથી સામેલ થાએછે; ફ્રીમેસન.
Freemasonry, *n.* ફ્રીમેસન ફિરકાને લગતી બાબદ.
Free minded, *a.* નચિંત; બેફિકર.
Free port, *n.* વગર જકાતનું બંદર.
Free school, *n.* ધર્માર્થી નિશાળ; મુફત શિખવવાની નિશાળ.
Free spoken, *a.* સાફગો; વગર આંચકો–અંદાજો રાખવે બોલનારૂં.
Free thinker, *n.* શાસ્ત્રદ્વેષી; ધર્મનાં પુસ્તકો ઇશ્વરે આપ્યાંછે એવું નહીં કબુલ રાખનાર; માત્ર ઇશ્વરનેજ માનનાર
Freewill, *n.* મુખત્યારી; સ્વસંતોષ; સ્વેચ્છા. 2 *a.* આપખુશીનું.

Freeze, *v. i.* થંડીથી બાંધવું; બંધાઈ-થિજી-જમી-ગંઠાઈ જવું. 2 ટાઢથી થરથર ધ્રુજવું. 3 *v. t.* થિજાવવું; ઠારવું; બંધાઈ-થિજી જાય તેમ કરવું

Freezing point, *n.* કોઈપણ પ્રવાહી પદાર્થ બંધાતી વેળાએ તેમાં મૂકેલાં ઉષ્ણમાપક યંત્રમાં જે બિંદુએ પારો ઉતરેછે તે બિંદુ.

Freight, *n.* વાહાણ ઉપર ચઢાવેલો સામાન; ભરગત; ભરત; બારદાન. 2 નોલ; નોર; નૂર. 3 *v. t.* માલ ભરવો-ચઢાવવો. 4 માલ લઇ જવા સારૂ માડવું-ભાડે રાખવું.

French, *a.* ફ્રાન્સ દેશનું-દેશને લગતું. 2 *n.* ફ્રાન્સ દેશની-ફ્રેન્ચ ભાષા. 3 ફ્રેન્ચ લોક; ફરાંસીસ.

Frenzy, *n.* જનૂન; અવેરાબાવરાપણું.

Frequency, *n.* વારંવાર-ઘડી ઘડી બનવું-થવું-કરવું તે.

Frequent, *a.* વારંવારનું; ઘડી ઘડીનું. 2 *v. t.* વારંવાર જવું આવવું; જવા આવવાનો રાબેતો-પગદંડો રાખવો.

Frequenter, *n.* આવજાવ કરનાર; આવતું જતું.

Frequently, *ad.* ઘડીઘડીએ; વારંવાર; જાબજા.

Fresh, *a.* તાજું. 2 તંદુરસ્ત; સુખ-બાલી ભરેલું; આસુદું. 3 લીલું; હરીઆલું. 4 નવું; તરતનું આવેલું. *Fresh in the memory*, યાદદાસ્તમાં મોજુદ; નહીં વિસરાએલું. *Fresh water*, મીઠું પાણી. *Fresh wound*, તાતો ઘા. 5 નવું સવું કામ ઉપર લાગેલું; શિખાઉ.

Freshen, *v. t.* ખારાટ કાહાડી નાખવો; મીઠું-તાજું કરવું. 2 *v. i.* તાજું થવું; ખારાટ છોડવો. 3 જોરાવર થવું; જોરમાં આવવું (પવન)

Freshman, *n.* } **Freshmen**, *n. plu.* } તુરતનો શિકાઉ; પેહેલાં વરસની મુદતના શિખનારાઓને ઈંગલંડની "યુનિવરસીટી"માંઆશબ્દ લગાડેછે

Freshness, *n.* ખુનકી; તાજગી; તારોતાજી. 2 તુંદી. 3 સુર્ખરોઈ; ગુલરોઇ.

Fresh water, *a.* મીઠાં પાણીનું. 2 ફક્ત મીઠાં પાણીમાંજ-કિનારે કિનારેજ વહાણ ખેડનાર. 3 કાચું; અનકિસબી; અપ્રવીણ.

Fret, *v. t.& v. i.* ઘસવું; ઘસાઈ જવું; ઘસાવું; છોલાવું. 2 See Corrode. 3 See Diversify, Veriegate. 4 સતાવવું; ખિજવવું; રીસે ભરાવવું; ચટાપટીમાં પડવું; ખફા થવું. 5 તતડવું; સોરાવું; છોલાવું-(ચામડી). 6 હલાવવું. 7 ખુટી બેસાડવી (સિતાર-વાજીત્ર ઉપર). 8 *n.* ઉભાણ; જોસ; કફ; ખમીર. 9 ચિત્તક્ષોભ; ખફગી; ગુસ્સો; રીસ; ઘભરાટ. 10 પરદો; ખુંટી. [મિજાજ.

Fretful, *a.* ચિરડાઉ; ચિડખોર; તેજ

Fretfully, *ad.* ખફગીથી; ચિરડાઈને.

Fretting, *n.* તળમળ; ચટપટ.
Friability, *n.* નરમી; ફુસકા-ભસરાપણું
Friable, *a.* નરમ; ફુસકું; ભસરું.
Friar, *n.* રોમન કથાલિક પંથના સાધુઓમાંનો એક સાધુ; ફકીર; દુરવેશ.
Friction, *n.* ઘસારો; ઘસવું તે; ઘર્ષણ. 2 મર્દન. 3 In *mechanics*, ઘસારાથી ઉત્પન્ન થતી અસર-અટકાવ
Friction wheels, *n. plu.* ઘસારો ઓછો કરવાને ગોઠવેલાં ચક્કરો.
Friday, *n.* શુક્રવાર.
Friend, *n.* દોસ્ત; મિત્ર; સાથી; દોસ્તદાર; સ્નેહી. 2 દસ્તગીર; મેહરબાન; મુરબ્બી; ચહાનાર; ઉત્તેજન આપનાર. 3 (*Female*) મૈત્રીણ; મિત્રાણ; સખી.
Friendless, *a.* મિત્રવિનાનું; નિરાધાર; નિરાશ્રિત. બેયાર; બેચારું; મુફલીસ.
Friendly, *a.* મિત્રાચારીનું; દોસ્તપરવર; મિલનસાર. 2 અનુકૂલ; તરફેણનું; સ્નેહભાવનું. 3 લાભકારી; ફાયદેમંદ.
Friendship, *n.* સહિયારું; દોસ્તી; મૈત્રી; મિત્રભાવ. 2 કૃપા; મેહેરબાની. 3 મદદ.
Frigate, *n.* યુદ્ધનૌકા; ન્હાની મનવાર
Fright, *n.* દેહેશત; ડર; બીક; હેબત; ફાલ; ધાસકો; એભક.
Fright, Frighten, *v. t.* બીહીવડાવવું; ભડકાવવું; ડરાવવું.
Frightful, *a.* ભયંકર; હેબતનાક.
Frigid, *a.* ઠંડું; શીતળ; સર્દ; ગાર.
Frigid zone, *n.* શીત કટિબંધ; પૃથ્વીના ધ્રુવ આગળની જગ્યા.
Frigorific, *a.* હિમકર; ઠંડી ઉત્પન્ન કરે એવું; શીતોત્પાદક.
Frill, *n* પેહેરવાનાં કપડાના ચોકસ ભાગની કોરે જોડલી કરચલી અથવા ચીણવાલી ચીપ.
Fringe, *n.* ઝાલર. 2 મગજી; સંજાફ. 3 *v.t.* ઝાલર લગાડવી. 4 કોર મૂકવી.
Frippery, *n.* જુનેરી; ઉતરેલાં કપડાં; જરીપુરાણા. 2 બાતેલ-નકામી-ઉરાડી નાખવા લાએક ચીજ.
Frisk, *v. i.* ખુસાલીથી કૂદવું; નાચવું; ઉછાળા મારવા. 2 *a.* See Blithe, Brisk, Lively. 3 *n.* See Frolic.
Frith *n.* સામુદ્રધુની; ખાડી; નાલું; આખાત. 2 જંગલ; તમામ ઝાડીથી ભરાઈ ગયલી જગા.
Fritter, *n.* માંસનો તળેલો તુકડો. 2 કકડો; તુકડો. 3 *v. t.* માંસનો ખીમો બનાવવો. 4 બારીક કકડે કકડાં-પૂરજા કરી નાખવા. *To fritter away*, ઉડાવી-ગુમાવી નાખવું.
Frivolous, *a.* નકામું; નજીવું; હલકું.
Frizzle, *v. t.* See Curl, Crisp.
Fro, *ad. To and fro*, એણીગમ પેલીગમ; હિયાંથી તિયાં; તિયાંથી હિયાં.
Frock, *n.* કપડાંની ઉપર પહેરવાનો ઢીલો ડગલો; ઝબા. 2 જભલું. 3 પેશ્વાજ.
Frog, *n.* દેડકું; દેડકો; મેડક. 2 ઘોડાની સુમ ઉપર થતું આંટન; પેડકી; પુતળી.

Frolic, *n.* મઝા; રમત; ખેલ; કૂદકા ભુસકા. 2 *v. i.* મોજ મઝા કરવી; નાચવું કૂદવું; દોડવું ધામવું.
Frolicsome, *a.* રંગીલું; મોજી; નાચનું કુદનું.
From, *prep.* પાસેથી; કણેથી; માથી—થી; થકી.
Front, *n.* ચેહેરો; મ્હોડું; પેશાની, 2 મુખડા; આગલો—દેખાઈતો ભાગ. 3 સેનામુખ; બિની. 4 *v. t.* & *v. i.* સાંમણે—રૂબરૂ થવું.
Frontage, *n.* મ્હોડું; ઈમારતનું આગલું બાર; આગવાડું.
Frontier, *n.* સરહદ; લત્તો. 2 *a.* સરહદપરનું; સરહદપર આવેલું.
Frontispiece, *n.* પુસ્તકની શુરૂઆતમાંનું અથવા પેહેલાં પાના ઉપરનું ચિત્ર—સુશોભિત આકૃતિ. 2 ઇમારતનો મુખ્ય દેખાઈતો ભાગ; ગૃહમુખ; ઘરનું નાક; દર્શન પટ્ટી.
Frontlet, *n.* કપાળપટી.
Frost, *n.* બંધાઈ ગયલો દવ; હિમ; ઠાર.
Frostbitten, *a.* ઘણા ઠારથી—હિમથી—દવથી કરમાએલું—બળેલું.
Frosty, *a.* હિમવાન; દવ પડેલું; હિમ. 2 પાકી ગયલા—ધોલા બાળ આવ્યા હોય એવું; સફેત.
Froth, *n.* ફીણ; ફેદર. 2 ફિસિયારી; ડાળ; ભપકો. 3 *v. i.* & *v. t.* કફ—ફીણ લાવવું—કાઢવું.
Frothy, *a.* કફદાર; ફીણભરેલું. 2 નકામું; પોકળ; ખાલી દમામ ભરેલું.
Frouzy, *a.* ઉબાએલું; ગંધાએલું; ખોરૂં.
Froward, *a.* હઠીલું; જીદ્દી; હઠખોર.
Frowardness, *n.* જીદખોરી; હઠ.
Frown, *v. i.* ભવાં—ચીણ ચઢાવવાં; ગુસ્સે—ખફા થવું; ધુરકવું. 2 *n.* અબરૂ ઉપર ચીણ; ધુરકી; ગુસ્સો; ભવાં ચઢાવી જોવું તે; ખફગિજી.
Frozen, *pp.* or *a.* ઠંડાથી થિજેલું—બંધાએલું.
Fructification, *n.* ફળ ઉત્પન્ન કરે એવું કરવું તે; ફળદ્રુપ કરવું તે. 2 ફૂલના જે ભાગમાંથી ફળ ઉત્પન્ન થાયછે તે ભાગ.
Fructify, *v. t.* ફળવાન—ફળદ્રુપ—રસાલ—સફળ કરવું.
Frugal, *a.* કસરવું; કિફાયતી; અંદાજાથી ખરચ કરનાર; અલ્પવ્યયી.
Frugality, *n.* અંદાજાથી કરેલો ખર્ચ અથવા સઘળી ચીજનો ઉપયોગ; કરકસર; મિતવ્યય.
Fruit, *n.* ફળ; મેવો. 2 ફાયદો; લાભ; પરિણામ. 3 સંતાન; છોકરાં; આપત્ય.
Fruitage, Fruits, *n.* મેવાની જાત; ફળફળારી; ફળફળાવળ.
Fruitful, *a.* ફળવંત; ફળદાયક; ફળવાન. 2 પ્રસવશીલ; વ્યાતી; ગાભિલ; વાંઝણી નહીં. 3 પુષ્કળ; ભરપુર. 4 ઉત્પન્ન કરનાર (ખુદિત—તોડ—મેલ.)
Fruition, *n.* ઉપભોગ; ભોગવટો; ઓરિયો; લ્હાવો.

Fruitless, *a.* નિષ્ફળ; નકામું; ફોકટ; [વ્યર્થ.
Fruitlessly, *ad.* નાહક.
Fruit-tree, *n.* ફળઝાડ; ફળવૃક્ષ.
Frumenty, *n.* ઘઉંની ખિર-ક્ષિર.
Frustrate, *v. t.* નિષ્ફળ-વ્યર્થ કરવું.
Fry *v. t. & v. i.* તળવું; તળાવું.
2 *n.* ભેણજી-ઝિંગાં જેવાં ન્હાનાં માછલાંનો જમાવ. 3 તળેલી જીનસ-વાની; તળેલો પદાર્થ.
Frying pan, *n.* તળવાનો પેણો; કઢાઈ; તળણી; તેલવો. *To fall out, of the frying pan into the fire,* હોલામાંથી ચૂલામાં પડવું. [બિના.
Fudge, *n.* બનાવટ; બેવકૂફી ભરેલી
Fuel, *n.* બાળવાનાં લાકડાં અથવા કોઈબી બીજી ચીજ; સરપણ; ઈંધન; બળતણ. 2 જેથી જોસ્સો-ભડકો વધે તે. *To add fuel to fire,* આગમાં તેલ હોમવું.
Fugh, Foh, *n.* નાપસંદગી-ધિક્કાર જણાવવાનો એક શબ્દ; છટ; છિઃ.
Fugitive, *a.* પવનથી ઉડી જાએ એવું. 2 લાંબો વખત ટકી નહીં શકે એવું; ક્ષણિક. 3 ન્હાસ ભાગ્યું; ન્હાસી જતું. 4 ભમતું; રખડતું. 5 *n.* ન્હાસ ભાગીયો; નાહાસી જનાર.
Fulcrum, *n.*, Fulcra, *n. plu.*, Fulcrums, *n. plu.* ટેકો; યારી અથવા ઉચ્ચાલનનો ટેકાવ.
Fulfil, *v. t.* અદા-વફા-પુરૂં-તમામ કરવું; બજાલાવવું; પુરૂંપાડવું. 2 ભરવું; ભરાવું, જેમકે મુદત-વખત.
Fulfilling, Fulfilment, *n,* See Accomplishment, Completion. 2 Execution, Performance.
Fulgent, *a.* ઘણુંજ ભભુક મારતું; ઘણુંજ ચળકતું-તેજસવી.
Full, *a.* ભરેલું; પૂર્ણ; ભરપુર. 2(color) ઘેરો; પક્કો; પાકટ. 3 માતેલું. 4 ભરાઈ જાય તેટલું; પેટ ભરતું, જેમકે A *full* meal. 5 પુખ્તું; જઈફ, જેમકે A person of *full* age. *Full* moon, પુનમનો ચાંદ. *A Full* point or stop, પૂર્ણચિન્હ. 6 *ad.* બરોબર; ઘેટ. See Exactly, Directly. 7 ભર, જેમકે ગાડીભર *a cart full,* મુઠીભર a *hand full,* પેટભર a *belly full,* ચમચાભર a *spoon full &c.* 8 *v. t.* વણવાનાં કારખાનામાં કપડાંને સાફ-સોજ્જે કરી જાડાં કરવાં-ઘટ બનાવવાં.
Full blown, *a.* શિગુફ્તા; બરોબર [ખીલેલું.
Full dress, *n.* ભરપોશાક.
Full grown, *a.* પુરૂંઉગેલું; ઉમરે આવેલું.
Full length, *a.* આખું પાડેલું; માથાથી તે પગ સુધીનું; નખશિખ કાઢેલું (ચિત્ર). [આવાજનું.
Full mouthed, *a.* મ્હોટા, ભરદાર
Full winged, *a.* મ્હોટી, પોહોળી મજબુત પાંખવાળું. 2 ઉડવાને તૈયાર થયલું; આતુર.

Fuller, *n.* કપડાં ધટ કરનાર; કપડાંને કાંજીપાઈ કટીલાથી કુંદનાર–કુંદી કરનાર.
Fuller's earth, *n.* કપડાં ધોવાનાં કામમાં આવતી એક જાતની મટોડી.
Fullness, *n.* ભરેલાપણું; પૂર્ણતા. 2 See Affluence, Wealth. 3 See Extent, Largeness. 4 બુલંદપણું; જોર (આવાજનું.)
Fully *ad.* બયાનવાર; ખુલાસાથી; તફસીલવાર. See Entirely.
Fulminate, *v. t. & v. i.* ફોડવું; ધડાકા સમેત ઉડવું–ઉરાડવું. 2 ધર્મ ગુરૂઓ તરફથી ધમકી–ઠપકા બાહર પાડવા. 3 *n.* એક રસાયણ મેળવણી. પારા સાથે એ મેળવણી બને છે તે બંદૂકના કાન ઉપર મુકવાની "કયાપો" માં વપરાએછે.
Fulsome, *a.* નાપસંદ; કંટાળો ઉપજાવે એવું; ચાપલુસી ભરેલું.
Fumble, *v. i.* ફાંફાં મારવાં.
Flume, *n.* ધુમાડો; ધુંઓ; ધુંઈ. 2 બાફ; વરાલ. 3 જુસ્સો; આવેશ. જેમકે *Fumes* of passion. 4 *v. i. & v. t.* ધુઓ ઉઠવો; ધુમાડો નિકળવો; ધુમાવું. 5 ગુસ્સે થવું; જોશમાં આવવું; તપીજવું.
Fumigate, *v. t.* ધુમાડો કરવો; ધુંઈ આપવી; ધુણી દેવી.
Fumigation, *n.* ધુમાડો; ધુંધ.
Fuming, *ppr.* or *a.* ધુમતું; ધુમાતું. 2 ફડફડતું; ચટકતું.
Fun, *n.* તમાશો; રમુજ; મશ્કરી.
Funambulist, Funambulo, Funambulus, *n.* કોલ્હાટી; દોરડાં ઉપર નાચનાર–કસરત કરનાર.
Function, *n.* કામ; વ્યાપાર; કાજ; કાર્ય; ધર્મ. 2 શક્તિ; કુવત; કર્મશક્તિ. 3 અધિકાર; અમલ.
Functionary, *n.* અમલદાર; અધિકારી.
Fund, *n.* પુંજી; ભંડાર; થાપણ; ફંડ.
Fundament, *n.* ગાંડ; સફરો; ગુદા.
Fundamental, *a.* પાયાને લગતું; મૂલભૂત; મૂલસ્વરૂપી; જરૂરી. 2 *n.* મૂલ આધાર; મુખ્ય ભાગ; મૂલતત્વ; પાયો.
Funeral, *n.* દફનાવવાની ક્રિયા; પ્રેતસંસ્કાર–ક્રિયા. 2 પ્રેતયાત્રા; પાદસ; પાયદસ્ત; મુડદાંની સાથે જનારાં–અવલમંજલ પોંહોંચાડવા જનારાં માણસો.
Fungous, *a.* નરમ; પોચું.
Fungus, *n.* ધરતીનું ફૂલ; કુતરાંની ટોપ; ખુંબી. 2 મુરદાર માંસ; વરસોલી; ગાંઠ.
Funicle, *n.* બારીક દોરો; સાખો.
Funnel, *n.* ગંળણી; ગળણી. 2 ધુમાડિયું.
Funny, *a.* મશ્કરું; રમુજી; બટકબોલું.
Fur, *n.* રૂઆં. 2 રૂઆં સુધાનું ચામડું; રૂઆંવાલી ચામડી. 3 તાપે પડેલાં માણસની જીભ ઉપર બંધાતી છારી–લબ; ઓલ. 4 વાસણોમાં

પાણીથી બંધાતો પોપડો–થર; શેવાલ.

Furbish, *v. t.* ઉજાળવું; ઓપવું; સિકલ કરવી.

Furious, *a.* દિવાનું; અવેરૂબાવરૂં; ગાંડું; જબરૂં ગુસ્સામા આવેલું. 2 સપાટા–સુસવાટા બંધ આવતું–વેહેતું.

Furiously, *ad.* દેવાનગીથી; અવેરાબાવરાપણાથી. 2 જોસથી.

Furl, *v. t.* વિટાળી–ગુંડાલી–લપેટી બાંધવું; ઘડી કરવી–વાળવી. [ભાગ.

Furlong, *n.* એક માઇલનો આઠમો

Furlough, *n.* કંઈક મુદત સુધી મલેલી રજા (લશ્કરી–સરકારી અમલદારને).

Furnace, *n.* ભઠ્ઠી. 2 દોજખ; વગર અંતનું દુઃખ ખમાવાની જગા.

Furnish, *v. t.* જોઈતી અથવા ખુટતી વસ્તુ પુરી પાડવી. 2 જ્ઞાન આપવું; જ્ઞાન સંપન્ન કરવું. 3 આરાસ્તગી કરવી; સણગારવું; સરંજામ ભરી–મૂકીને તૈયાર કરી આપવું.

Furniture, *n.* સર સામન; અસબાબ; સાહિત્ય; સરંજામ; રાચરચિલું; રાચ; ઘરવાખરો; ફરનીચર.

Furrow, *n.* ખેતરમાં કલપી હલ વગેરેથી જમીનમાં પડેલા લીટા–ખત–ખાંચ; ચાસ. 2 લાકડામાં અથવા ધાતુમાં પડેલી લાંબી સાંકડી ઓબણ; કોરણી; ખાંચણી. 3 ચેહેરા ઉપર પડેલી ફાટ–કાપો; કરચલી. 4 *v. t.* ખેડવું. 5 કરચલી[illegible]ાંડ઼ા [પડવાં.

Furry, *a.* રૂઆંથી ઢાંકેલું.

Further, *ad.* વધારે દૂર; આઘે. 2 દિગર; બિજું એજે. 3 *a.* પેલીગમનું. 4 *v. t.* આગળ વધવાને–વધારવાને મદદ કરવી; વૃદ્ધિ થાય તેમ કરવું.

Furtherance, *n.* વૃદ્ધિ; બઢતી; ચઢતી; સરફરાજી.

Furthermost, Furtherest, *a.* બદ્ધાંથી દૂરનું; ઘણુંજ દૂરનું.

Fury, *n.* જોરનો ધસારો; ઝપાટો; સુસવાટો. 2 ઉન્માદ; ઝાંઝ; કહેર; જનુન; તોર. 3 કરકશા; કુણડાફાડ બોલનાર સ્ત્રી; લડાક બઈરી; ચંડિકા.

Fuse, *v. t.* ગાળવું; તાવવું; પિગળાવવું. 2 *v. i.* તવાવું; પિગળવું; ગળાવું.

Fusee, *n.* ઘડિયાળની સાંકળી વિંટાળવાનું પડા રોકું ન્હાનું ચક્ર. 2 ન્હાની બંદુક. 3 સળગી ઉઠે એવા પદાર્થોથી ભરેલી નળી, જે સુરંગ તથા ગરબછાંટના ગોળા ઉરાદવાના કામમાં આવેછે.

Fusible, *a.* ગરમીથી પિગળી શકે એવું; આગલે–ગલે એવું. [બંદુક.

Fusil, *n.* ચકમકી ન્હાની હલકી

Fusileer, *n.* બરકનદાજ.

Fusion, *n.* પિગળાવવું–ગાળવું તે. 2 ગાળ્યાથી થયલો પ્રવાહી પદાર્થ; રસ.

Fuss, *n.* ગડબડાટ; ખાલી ધામ ધૂમ; ધાંધળ; ગોંધળ.

Fussy, *a.* ધાંધળિયું; ધાંધળખોર.
Fust, *n.* કસરાણો—વાસી ઉબાઈ આવેલો—વસણાએલી ચીજનો વાસ.
Fusted, *a.* કસરાયું;વાસી. See fusty.
Fustian, *n.* જાડું સુતરાઉ કપડું.
Fustiness, *n.* કસરાણો ગુણ; ખોરાટ.
Fusty, *a.* ખોરૂં; કસરાણું; વસણાએલું.
Futile, *a.* નકામું; હલકું; નજીવું.
Futility, *n.* નકામાપણું.
Future, *a.* ભવિષ્ય; હવે પછીનું. *Future tense*, ભવિષ્યકાળ. 2 *n.* ભવિષ્ય-આવતોકાલ;આવતો વખત
Futurity, *n.*ભવિષ્યકાળ. 2 હવે પછી ને બનવાનું તે;હોનાર;બનનાર;ભાવી.
Fy, *Interj.* છી;થુથુ; છટ; છિટ;ધિક.

G.

G. ઈંગ્રેજી મૂળાક્ષરોનો સાતમો અક્ષર
Gab, *n.* મ્હોડું. 2 બકબક; લવારો.
Gabardine, *n.* ઢીલો ઝભો.
Gabble, *v. t.* બડબડવું; બકબકવું; બકવું.2 *n.*બડબડ;બકબક;લવલવ.
Gabbler, *n.* બકબકયું; બડબડયું.
Gable, *n.* છાપરાં આગળનો કરાનો ત્રીકોણાકાર ભાગ.
Gad, *n.* પરોણી; પરૂણો; આર. 2 તિરનું પેકાન; ભાલાની અણી—ટોંક. 3 ખાંણ ખોદનારાઓનું નાકું પાડવાનું લોઢાંનું એક હથિયાર; કોતરણી. 4 પોલાદ અથવા લોહોડાંની ફાચર. 5 *v. i.* હિંડવું; ભટકવું. 6 વધતાં વધતાં એણીમેર પેલીમેર ફરી વળવું (ઝાડના વેલા.) [ડાંસ.
Gadfly, *n.* બગાઈ; ગાંધીલ માખ;
Gaff,*n.*મછીમારનો એક ન્હાનો ભાલો
Gag, *v. t.* ડૂચો મારી મ્હોડું બંધ કરવું. 2 *n.* મ્હોડું બંધ કરવાનો ડૂચો; ડાટો; ડટ્ટો.
Gage, *n.* જામીનગીરીમાં—સરતની બોલીમાં—સાનમાં મૂકેલી ચીજ. 2 પરિમાણમાપક યંત્ર; પરિમાણ.
Gaiety, *n.* See Gayety.
Gain, *v. t.* નફો મેળવવો; કમાવું; રળવું. 2 ફતેમંદી મેળવવી; જિતવું. 3 પોતાની તરફ કરવું—ખેંચી લેવું; મેળવી લેવું.4જઈ પોહોંચવું 5 *v. i.* લાભ—નફો મેળવવો; કમાવું. 6 *n.* નફો; લાભ; કમાઈ. [નાર.
Gainer, *n.* કમાઉ; કમાનાર; મેળવ-
Gainful, *a.* કિફાયતવાર; કિફાયતી.
Gainsay, *v. t.* રદ કરવું; ઉલટાવી નાખવું;બીજાનાં બોલેલાંને ખોટું પાડવું.
Gait, *n.* ચાલવું તે. 2 લઢણ; ચાલવાની ઢપ—નોક; ચાલ. *Solemn or stately gait*, ગજગતિ.

Gaiter, *n.* કપડાનું બનાવેલું પગઢાંકણ. 2 કપડાંનો ઘુંટી વેરનો તળિયાવિનાનો એક જાતનો જોડો-બુટ.

Gala, *n.* આનંદ; ઉત્સવ. *A gala day*, શાદી-ખુશી ખુશાલી-રામશાની-તેહવારનો દિવસ;સપરમો દહાડો.

Galaxy, *n.* આકાશ-દૂધ ગંગા; રાત્રે આકાશમાં દેખાતો સફેદ રંગનો પટો. 2 શોભીતાં માણસો અથવા પદાર્થોનો સમુદાય.

Gale, *n.* તુફાન; વાઝડું; જોરનો પવન.

Gall, *n.*પિત્ત.2 અતીશય કડવી ચીજ. 3 ખાર; દ્વેષ; અકસ. 4 gallnuts, માજુ; માયફળ. 5 *v. t. & v. i.* ઘસાઈ-છોલાઈ જવું;ઘસાવું. 6ખિજવવું; પજવવું. 7 ઇજા-દુઃખ દેવું; સતાવવું.

Gallbladder, *n.* પિત્તો. [પથરી.

Gall-stone, *n.* પિત્તામાં બંધાએલી

Gallant, *a.* ફાંકડું; ફક્કડ; ભડકવાળું. 2 ઉદારશીળ; બહાદુર; પ્રતાપશાળી; ગાજી; જવાન; રંજીત.3 સ્ત્રી સન્માની-સત્કારી; સ્ત્રીઓની આદર સત્કાર કરવામાં અને તેમની બરદાસ્ત કરવાનો શોખી. 4 *n.* ફાંકડો મર્દ; રંગીલો શખ્સ; છેલ. 5 સ્ત્રી સત્કારી પુરૂષ .6ઈશકબાજ; સ્ત્રીઓને ફુસલાવનાર શખ્સ-ભોળવનાર.

Gallantry, *n.* દિલદારી; મરદાઈ; શૂરપણ;શૌર્ય. 2સ્ત્રી સત્કાર;સ્ત્રી સન્માન. 3 ઈશકબાજી; ખરાબ મતલબથી સ્ત્રીનો પ્યાર મેળવવાનું કાવતરું.

Gallery, *n.* ગ્યાલેરી; અગાસી. 2 તસ્વિર, પુતળાં વગેરેના સંગ્રહની જગ્યા. 3 ઝરૂખો. 4 ચઢ ઉતરવાળી બેઠક કરેલી જગા (નાટકશાળામાં હોયછે તેવી.)

Galley, } *n.* એક તુતકનું બારકસ.
Gally, } 2 ખુલ્લો હલકો મછવો. 3 કંપોસ કીધેલા ટાઇપ ઉતારી મુકવાનો તકતો; ગ્યાલી.

Gallinaceous, *a.* ઘરગતુ મરઘી-કુકડી-ટરકી-રાની મરઘા અને એવીજ જાતનાં પક્ષિઓનો વર્ગ જણાવનાર.

Gallipot, *n.* ફુલફી; ઔષધ મુકવાનો રંગીન અને રોગાન દીધેલો ચપ્પુ.

Gallnut, *n.* See Gall, *No.* 4.

Gallon, *n.* પ્રવાહિ પદાર્થોનું ભરત કરવાનું એક માપ; ગ્યાલન.

Gallop, *v. i. & v. t.* ચારો પગે દોડવું-દોડાવવું; ફેંકવું; છલંગ-ઠેકડા મારતાં દોડવું-દોડાવવું. 2 *n.* ચારો પગની દોડ; ઠેકડો.

Galloway, *n.* ન્હાના કદનો ઘોડો.

Gallows, *n. plu.* સુળી; ફાંસીનું લાકડું.

Galvanic, *a.* રસાયન સંજોગથી ઉત્પન્ન થયલી વિજળીને લગતું.

Galvanism, *n.* રસાયન સંજોગથી ઉત્પન્ન થતી વિજળીના ગુણો તથા

તેમાંથી નિકળતા બીજા દેખાવે.
Gamble, *v. i.* જુગાર–જુવે રમવે.
Gambler, *n.* જુગારી; જુવાબાજ.
Gambling, *n.* જુગાર; જુગટું.
Gamboge, *n.* રેવનચીનો સીરો.
Gambol, *v. i.* ખેલ ખેલવત કરવી; કુદાકુદ કરવી; નાચવું કુદવું (ન્હાનાં છોકરાંની પેઠે). 2 *n.* કુદકા; નાચવું કુદવું તે; ઠેકડો. 3 ગેલ.
Game, *n.* ખેલ; બાજી; દાવ; રમત; ગમત. 2 શિકાર; પારધ. 3 મશ્કરી; ઠઠ્ઠો. 4 *v. i.* કોઈબી રમત રમવી. 5 જુવે રમવે; જુગાર ખેલવે.
Game cock, *n.* લડાક મરઘો.
Game leg, *n.* લંગડો પગ. [તિયાલ.
Game some, *a.* રંગીલું; આનંદી; રમ-
Gamester, *n.* પક્કો–અથંગ જુગારી.
Gammon, *v. t.* દામની રમતમાં સામાને હરાવવું. 2 *n.* ઠગાઈ. See Humbug.
Gamut, *n.* ગાયનમાં સા–રી–ગા–મા –પા–ધા–ની–સા આ સપ્તસુરનો કાંટો; ગાયનના સુરમાનો ગ્રામ; સારીગમ
Gander, *n.* નર હંસ; કલ હંસ.
Gang, *n.* ટોળી; ટોળું; ધાડું; ગાંગ. *Gang-robbery,* ધાડ ચોરી.
Gangrene *v. t.* જીવતાં માંસનું મુરદાલ થવું–સડી જવું; સળાવવું. 2 *n.* સડો; નાસુર; માસનું મરવું; જીવતાં પ્રાણીના માંસમાં લાગેલો સળો.
Gang way, *n.* વાહાણની તુતક ઉપર ચાલવાનો બાજુએથી પાડેલો રસ્તો.
Gant let, | *n.* મોટા ગુન્હા કરનાર
Gant lope, | અપરાધીને શિક્ષા કરવાની લશ્કરી એક રીત.
Gaol, *n.* બંધી–કેદખાનું; તુરંગ; જેલ.
Gaol delivery, *n.* કાચી કેદના કેદીને ઈન્સાફ વાસ્તે બહાર કાઢવા તે.
Gaoler, *n.* દરોગો; તુરુંગનો અધિકારી.
Gap, *n.* ભોગાઈ; બગાડું; બાકું; છીડું. 2 વકાસ; ફાટ. 3 ખામી; ગલતી.
Gape, *v. i.* અવાચી–બગાસું ખાવું; બગાસવું. 2 ડાચું વકાસવું. 3 મ્હોટા ચિરા પડવા; તડકવું; ફાટ પડવી. 4 *n.* મ્હોડાંનો ચિરો–વકાસ.
Gap toothed, *a.* વહ્વા દાંતનું. [ગડાં.
Garb, *n.* પોશાક; પેહેરન; લીબાસ; લુ-
Garbage, *n.* આંતરડાં, હોજરી, માંદો વગેરે પશુ પ્રાણીના માંસનો નાખી દેવાનો ભાગ; એઠવાડ.
Garble, *v. t.* ચુંટવું; વિણવું. 2 કોઈ બાબદોમાંથી મતલબસર ચુંટીને બાકીનું પડતું મુકવું.
Garbled, *pp.* or *a.* ચુંટી કાહાડેલું; મતલબસરનું–કામનું હોય તેટલું નિવડી કાઢેલું.
Garden, *n.* વાડી; બાગ; બગીચો; ચમન; ઉપવન. *Flower garden,* પુષ્પવાટિકા; ફુલવાડી–બાગ; ગુલિસ્તાન; ગુલશન. *Garden ground,* બાગાયત જમીન.

Gardener, *n.* માળી; બાગબાન.

Gardening, *n.* બાગબાની; માળીપણું; માળીગરી; બાગકામ. [માટી; મિટ્ટી.

Garden-mold, *n.* બાગલાયક જમીન–

Garden plot, *n.* તકતો; ક્યારી; વાફો.

Garden stuff, *n.* બાગમાં ઉત્પન્ન થતો ખાવા લાયક ભાજી પાલો; તરકારી.

Gargle, *n.* કગળો; કોગળો; કોગળાનું ઓસડ. 2 *v. t.* કગળો–કોગળો કરવો; મ્હોમાં પાણીનો ગોટ લઈને ગગળાવવું.

Garland, *n.* પુષ્પમાલા; ફુલમાળા; હાર; ગજરો. 2 બારણે બાંધવાની તોરણ. 3 ગદ્ય કે પદ્યનાં લખાણો-માંથી ચુંટી કહાડેલા વિષયનો સંગ્રહ; ગ્રંથ–રત્નમાળા.

Garlic, *n.* લસણ; લસૂણ.

Garment, *n.* જભ્ભો; ડગલો; પોશાક. *Garments*, લબાસ; પેહેરવાસ; લુગડાં.

Garner, *n.* કોઠાર; કોઠી.

Garnet, *n.* યાકૂત. [કરવું.

Garnish, *v. t.* આરાસ્ત–સુશોભિત

Garret, *n.* કાતરિયું; માળિયો.

Garrison, *n.* કિલ્લાનો બચાવ કરવાને તથા તેમાં વસનાર લોકને તાબામાં રાખવાને રહેલું લશકર. 2 *v. t.* કિલ્લા બંદી કરી ગામનો અથવા જગાનો બચાવ કરવો–કરવા સારૂ લશકર મોકલવું. [કારાંમાયટાહેલું.

Garrulous, *a.* વાચાળ; પટપટયું;

Garter, *n.* મોજેબંદ. 2 *Knighthood* ના ખેતાબની સઉથી ઉંચી પદ્વિ-ચાન

Gas, *n.* રસાયન ક્રિયાઓમાં ઉત્પન્ન થતો એક વાયુ–વાત; ગ્યાસ.

Gaseous, *a.* વાયુરૂપી; વાતરૂપ.

Gash, *n.* માંસમાં ઉંડો ઘા; જખમ.

Gaslight, *n.* કોલસામાંથી અથવા તેલમાંથી રસાયન ક્રિયાએ કાહાડેલા વાયુનો બળતો દીવો–રોશની; ગ્યાસનો દીવો; ગ્યાસલાઈટ; વાયુપ્રકાશ.

Gasometer, *n.* જુદા જુદા વાયુ અથવા ગ્યાસ માપવા–એકઠા કરવા–ભરી રાખવા–એક બીજા સાથે મેળ કરવાનું યંત્ર.

Gasp, *v. t. & v. i.* મ્હોડું ફાડીને મહા મેહનતે શ્વાસ લેવાનો યત્ન કરવો; મરણની વેળા ડચકીયાં ખાવાં; હાંફો ચાલવો–થવો.

Gasp, **Gasping**, } *n.* ઉંડો દમ મારવા મ્હોડું ઉઘાડવું તે. 2 હાંફો; આખેરીનો દમ. [સંબંધી.

Gastric, *a.* હોજરીને લગતું; જઠર–પેટ

Gas works, *n. plu.* ગ્યાસલાઈટ તથા બીજાં કારણોસારૂ જે જગ્યા અથવા કારખાનામાં ગ્યાસ બનાવતા હોય તે જગ્યા–કારખાનું.

Gate, *n.* મ્હોટો દરવાજો; દ્વાર; બારિયું. 2 વેસ; ફાટક. 3 ઝડપો; ઝાંપો.

Gate keeper, *n.* દ્વારપાલ; દરબાન.

Gate way, *n.* દરવાજા તરફ–માંથી જવાનો રસ્તો; દેવડી; દરવાજો.

Gather, *v. t.* એકઠું—મેલું—જમા કરવું; સંગ્રહ કરવો; સમેટવું. 2 વીણવું. 3 ધારવું; અનુમાન કહાડવું; તર્ક કરવો. 4 એકઠા મળવું; સાથે ભેગા થવું. 5 વિટાલવું; ઘડી કરવી. 6 *v. i.* એકઠું થવું; ઘેરાઈ આવવું; ઘેરાવું. 7 વધારે ગીરદી—ભીડ થવી.

Gathering, *n.* સંગ્રહ; એકઠી કરણ; જમાવ; એકઠી કરેલી વસ્તુ. 2 ટોળું; મેળાવડો. 3 વસૂલ; ઉઘરાણી. 4 ફોલ્લો; ગુમડું.

Gaudily, *ad.* ભપકા ભરેલી રીતે.

Gaudiness, *n.* દબદબો; ભડક; ભપકો.

Gaudy, *a.* ભડક—ભભુકદાર; દેખામણું.

Gauge, *v. t,* પીપમાં જે પ્રવાહી પદાર્થો હોય તેનું માપ કરવું. 2 *n.* માપ; માપું. 3 લોઢાની સડકના બે પાટાઓ વચ્ચેનું અંતર.

Gauntlet, *n.* વજ્રમુષ્ટિ; દસ્તાના; લડાએક ઘોડસવારોનાં હાતમાં પેહેરવાનાં લોઢાંનાં મોજાં.

Gauze, *n.* ઘણુંજ પતલું અને જેમાંથી આરપાર દેખાઈ શકે એવું એક જાતનું રેશમી, સુતરાઉ અથવા સણનું કપડું; ગાજ.

Gay, *a.* આનંદી; ખુશમોજી; મઘન; ઉલ્લાસી; રંગીલું; અલબેલું; ડાલદાર; ભડક.

Gayety, *n.* આનંદવૃત્તિ; આનંદસ્વભાવ; શાદી; શાદમાની. 2 દેખાવ.

Gayly, *ad.* ખુશી ખુશાલીથી.

Gaze, *v. i.* ટીકવું; ઘુરવું; ટકટક જોવું. 2 *n.* એકની એક નજર; એકી નજરે જોયા કરવું તે.

Gazette, *n.* અખબાર; વર્તમાન પત્ર. 2 *v. t.* અખબારમાં—વર્તમાન પત્તમાં જાહેર કરવું— છપાવવું.

Gazetteer, *n.* અખબાર નવીસ. 2 વર્તમાન—સમાચાર પત્ર. 3 સલતનત—દેશો—શેહેરો—પહાડ—નદીના તથા એ પ્રમાણે આખી દુનીઆનાં મુલુકોના ટુક વર્ણનની ચોપડી.

Gearing, *n.* સાંચાયંત્રોને ગતી આપનાર દાંતાદાર ચક્રો; દાંતાવાળાં પૈડાં

Gelatinous, *a.* જેલીના જેવું; ચીકણું.

Geld, *v. t.* ખસી—ખાંસી—નામરદ કરવું.

Gelding, *n.* ખસી—ખાંસી ઘોડો.

Gem, *n.* રત્ન; મણિ; જવાહિર; ગોહર. 2 કલી. 3 *v. t.* શણગારવું; શોભાયમાન કરવું.

Gemini, *n.* મિથુન રાષિ.

Gender, *n.* લિંગ; જાત; જાતિ. *Masculine gender,* પુલ્લિંગ; નરજાતિ. *Femi-nine gender,* સ્ત્રીલિંગ; નારીજાતિ. *Neuter gender,* નપૂસકલિંગ; નાનેત્ર જાતિ.

Genealogical, *a.* વંશાવલી—વંશ ચરિત્રનું.

Genealogy, *n.* વંશચરિત્ર 2 વંશાવળ.

General, *a.* જાત જાતીનું; સાધારણ; સામાન્ય. 2 વ્યવહારિક; સંસારિક. 3 લૌકિક. 4 મોઘામ; મોહોગમ;

બિનચોકસ. 5 *n.* સેનાપતિ; સેનાધિપતિ; બક્ષી. 6 સામાન્ય વાત.
Generalissimo, *n.* અમીરૂલ ઉમરા; મુખ્ય સેનાપતિ; સેનાધિપતિ; મીરબક્ષી.
Generality, *n.* સાધારણ્ય; સામાન્યતાપણું; જાતિ સ્વભાવ. 2 મ્હોટો ભાગ; અધિક સંખ્યા.
Generalise, *v. t.* સામાન્ય રૂપ આપવું; સાધારણ બનાવવું-કરવું. બોહોળા અર્થમાં વાપરવું; ઘણાને લાગુ પાડવું. [રીતે.
Generally, *ad.* ઘણુંકરીને; સામાન્ય
Generate, *v. t.* ઉત્પન્ન-પેદા કરવું.
Generation, *n.* ઉત્પત્તિ; પેદાશ; તવલ્લુદ. 2 ઓલાદ; વંશ; વસ્તાર; સંતતિ. 3 પેઢી; જમાનો.
Generative, *a.* જનન શક્તિ યુક્ત; ઉત્પન્નકારી; ઉત્પાદક. [માન્ય.
Generic, *a.* સાધારણ; સામાન્ય.
Generosity, *n.* ઉદારપણું; માહાત્મ્ય.
Generous, *a.* ઉદાર; માહાત્મ્યવાળું; દાતા; સખી. 2 પુષ્કલ; ભરપૂર.
Generously, *ad.* ઉદારપણાથી; ઓદાર્યપૂર્વક. [પેહેલું પુસ્તક.
Genesis, *n.* જુના બંદોબસ્ત-કરારનું
Genial, *a.* અનુકુલ; પસંદ પડતું; પુષ્ટિકારક; ભાવતું. 2 આનંદી; મોજી.
Genii, *n. plu.* ભૂત; પલિત; જીન; વિર.
Genitals, *n. plu.* લિંગ; ઉત્પત્તિ કરવાના અવયવ; સ્ત્રી પુરૂષની જાત; ઉપસ્થ; ઇંદ્રિય; આલત.

Genital, *a.* જનન સંબંધી; જણવાને લગતું.
Genetive, *a.* or *n.* (*Gram.*) સંબંધકારક; છઠ્ઠી; ષષ્ઠી; છઠ્ઠી વિભક્તિ.
Geniture, *n.* જન્મ; ઉત્પત્તિ.
Genius, *n.* બુદ્ધિવૈભવ; અજબ મનશક્તિ; બુદ્ધિ. 2 બુદ્ધિમાન અને હુશ્યાર; અલૌકિક બુદ્ધિવાલું માણસ. 3 See Demon, Genii. [વાજબ.
Genteel, *a.* શિષ્ટ; સભ્ય; ખાતર ન-
Gentian, *n.* જીનસીંગ મુળ.
Gentile, *n.* In *the scripture,* બુતપરસ્ત; મૂર્તિપૂજક. 2 *a.* બુત પરસ્તોને લગતું. 3 (*Gram.*) જાત-દેશ બતલાવનાર, જેમકે A *gentile* noun.
Gentility, *n.* કુલીનતા. 2 ઇનસાનીયત; સભ્યતા; લયાકત; ભલમનસાઈ.
Gentle, *a.* કુલીન; ખાનદાની. 2 સભ્ય. 3 રાંક; ગરીબ; સાલસ; નરમ; ભલું. 4 ધીમું; કોમલ; હલવું. *Gentle-folks,* કુલીન લોક; ગૃહસ્થ લોક.
Gentleman, *n.* ગૃહસ્થ; સર્જન; સુજન; મર્દઆદમી; અશરાફજાદો.
Gentlemanlike, Gentlemanly, *a.* સભ્ય; સિષ્ટ; મર્દઆદમીને છાજે-ઘટે તેવું; લયાકતવાળું.
Gentleness, *n.* કુળીનતા; નરમાસ; 2 ગરીબી; ભલાઈ.
Gently, *ad.* નરમાસથી; ભલાઈથી; હળવે રહીને; ધિરેધિરે; ધિમે ધિમે.

Gentoo, *n.* હિંદુસ્થાનનો વતની. 2 હિંદુ.

Gentry, *n.* આબરૂદાર-કુળવંત માણસો. 2 વચલા વર્ગના-મધ્યમ સ્થિતિના લોક; ગૃહસ્થ વર્ગ.

Genuine, *a.* ખરૂં; અસલ; ખાલિસ. 2 શુદ્ધ; ચોખ્ખું. [ખાપણું.

Genuineness, *n.* અસલપણું; ચો-

Genus, *n.* જાતિ; વર્ગ; ગણ; જાત.

Geographer, *n.* ભૂગોળ વિદ્યાવેત્તા; ભૂગોળ શાસ્ત્રી; ભૂગોળ વિદ્યા જાણનાર અથવા એ વિષે ગ્રંથ લખનાર-રચનાર.

Geographical, *a.* ભૂગોળ વિદ્યાનું; ભૂગોળ વિદ્યા સંબંધી. [ગરાફી.

Geography, *n.* ભૂગોળ વિદ્યા; જ્યુ-

Geological, *n.* ભૂરચના શાસ્ત્ર સંબંધી; ભૂસ્તર વિદ્યા-શાસ્ત્રસંબંધી-વિષયક.

Geologist, *n.* ભૂસ્તર વિદ્યા વેત્તા.

Geology, *n.* આખી પૃથ્વીના ગોળાની રચના, તેની ઉપર અને અંદરની જીનસોની ગોઠવણ તથા આબોહવાનું વર્ણન કરનાર શાસ્ત્ર; ભૂસ્તર વિદ્યા-શાસ્ત્ર; ભૂરચના શાસ્ત્ર.

Geomancer, *n.* રમલી; રમલ જોનાર; રમાલ; રમલ શિનાસ-દાન.

Geomancy, *n.* રમલ. [તિ જાણનાર.

Geometrician, *n.* રેખાગણક; ભૂમિ-

Geometrical, *a.* ભ્યામિતિ સંબંધી-વિષયક; ભૂમિતિને લગતું.

Geometry, *n.* ભ્યામિતિ; ક્ષેત્રતત્વવિદ્યા; ભૂમિતિ; ભૂમાપન.

Germ, *n.* અંકુર; પિલો; કળી; ફણગાનું મૂળ. 2 મુળ; બીજ.

German, *a.* નજીકની-અડની-પાસેની સગાઈનું-વાળું. 2 જર્મની દેશને લગતું. 3 *n.* જર્મની દેશનો રેહેવાશી. 4 જર્મન ભાષા.

Cousins german, મામાફોઈનાં અથવા મસિયાઈ કે પિત્રાઈ ભાઈબેહેન.

Germinate, *v. i.* } અંકુર-ફણગો ફુટ-
Germination, *n.* } વો-આવવો-નિકળવો.

Gerund, *n.* ધાતુ સાધિત-કૃદંત નામ.

Gestation, *n.* ગર્ભધારણ; ગર્ભ-હમેલ રેહેવા તે.(of beasts) ગાભણાપણું

Gesticulate, *v. i.* ચેષ્ટા-ચાળા કરવા.

Gesticulation, *n.* અંગચેષ્ટા; બતાવણી.

Gesture, *n.* આદા; અંગ વિક્ષેપ; હાવભાવ; બતાવણી; ચાળા; ચેષ્ટા.

Get, *v. t.* મેળવવું; સંપાદન કરવું; પામવું. 2 મન મનાવવું; સમજાવવું. 3 *v. i.* જઈ પોંહોંચવું-આવવું.

Gewgaw, *n.* હલકી કિંમતની જણસ.

Ghastly, *a.* ફિક્કું મારી ગએલું; મુડદાં જેવું. 2 ભયંકર; વિકરાળ.

Ghost, *n.* આત્મા. 2 ભુત; જીન; ખવીશ; પ્રેત. *Holy ghost*, પવિત્ર આત્મા; પવિત્રાત્મા. *To give up the ghost*, મરી જવું; પ્રાણ છોડવો.

Gaint, *n.* રાક્ષસ; દૈત્ય. 2 *a.* હડીમ; હાથી જેવું મ્હોટું; કદાવર.
Gibberish, *n.* લવારો; બકારો; નહીં સમજ પડે એવી ભાષા–બોલી; ઉતાવળી અસ્પષ્ટ બોલી.
Gibbet, *n.* See Gallows. 2 *v. t.* ફાંસી દેવી; સુલીએ ચઢાવવું.
Gibe, *v. i.* & *v. t.* તાનાજની–હાંસી–મશ્કરી કરવી. 2 *n.* મેહેણું; તાનો; હાંસી; મશ્કરી.
Giddiness, *n.* ઘુમરી; ભ્રમ; ફેર; ચક્કર.
Giddy, *a.* ઘુમરીવાળું; ફરેલું; ચક્કર–ફેર–તંમર આવતું. 2 ગાફીલ; અવિચારી. 3 ઠેકાણા વગરનું. 4 ચઢી–ફૂલી ગએલું; ચકરમ.
Gift, *n.* બખશીસ; નજર; ઇનામ; નજરાનું. 2 કુદરતી શક્તિ–કુઅત–ગુણ; સ્વભાવિક હોસિયારી.
Gifted, *a.* ઈશ્વરે ઊંચા પ્રકારની સૂક્ષ્મ બુદ્ધિ જેને આપેલી તેવું; ગુણવંત; ગુણી.
Gig, *n.* બગી. 2 હલકી હોડી.
Gigantic, *a.* સ્થુલશરીર; કદાવર; મ્હોટાં કદનું; રક્ષસી. [ખાખા હસવું.
Giggle, *v. i.* હિહિ હાહા–ખીખી
Gild, *v. t.* સોનાનો ઢોળ ચઢાવવો; રસવું. 2 રમણીય–રમુજી કરવું. 3 ઉપર ઉપરથી સારૂં દેખાય તેમ કરવું; શોભિતું કરવું.
Gilding, } *n.* સોનાનો ઢોલ; ઓપ;
Gilt, } રસાણ; રસણ.
Gill, *n.* ચુંઇ; માછલીનો કલ્લો. 2 મરઘાં અથવા બીજાં પક્ષિઓની ચાંચ એઠલ લટકતી ઝુલ; ગલચુંડી.
Gimcrack, *n.* રમકડું; રમવાની કોઈ પણ સુંદર ચીજ; ફુલ ફટાકિયું.
Gimlet, *n.* વેધન; ટોપણ; હાતે ફેરવી છિદ્ર પાડવાનું ન્હાનું યંત્ર; સારડી.
Gin, *n.* જીન દારૂ. 2 ફાંસ; ફાંસો; ફાંદો. 3 મ્હોટી વજનદાર ચીજો ઉપાડવા અથવા ઉતારવાનું એક પ્રકારનું યંત્ર. 4 ચરખો; લોઢવાનું યંત્ર; રૂને કપાસિયાથી છુટો પાડવાનો સાંચો. 5 *v. t.* લોઢવું.
Ginger, *n.* –(green) આદું. –(dry) સુંઠ. (preserved) આદાંનો મુરબ્બો.
Gingle, See Jingle.
Gipsy, *n.* યુરોપ, એશિયા અને આફ્રિકા ખંડોમાં ઠામે ઠામ રખડતાં એક જાતનાં લોકનો ટોલો; રખડાઉ
Giraffe, *n.* જીરાફ; શોતોર ગાવ. [લોક.
Gird, *v. t.* લપેટવું; બાંધવું; જકડવું; કસવું. 2 બાંધવું; નાખવું; ચઢાવવું, જેમકે To *gird on* a harness. 3 *n.* લાકડી, નેતર અથવા ચાબુકનો મજબુત ફટકો.
Girder, *n.* ભાલ; તુલઈ; ધરણ.
Girdle, *n.* કમરબંધ–પટો; કંદોરો. 2 લોહોડી; તવી; તાવી.
Girdle stead, *n.* શરીરના જે ભાગ ઉપર કંદોરો પેહેરેછે તે ભાગ.

Girl, *n.* છોકરી; કન્યા. 2 તરૂણી; યુવતિ.

Girlish, *a.* કન્યાવત; છોકરીની મેઆફક; છોકરીના જેવું-ને છાજે તેવું.

Girth, *n.* ઘેરો; ઘેર; પટો; ફેર. 2 ઘોડાનો તંગ.

Give, *v. t.* આપવું; દેવું; આપી દેવું. 2 પાડવું, જેમકે બુમ પાડવી. *To give away,* આપી છુટવું; છોડી દેવું. *To give in,* ઓછું કરાવવું; કરદો કરાવવો; છૂટ મૂકવી; નમતું મૂકવું. 2 કબુલ કરવું. *To give over,* મેળી દેવું; છોડી દેવું; મૂકી-તજી દેવું. 2 આશા છોડવી; હાંજા મેલવા. *To give out,* જાહેર બોલવું; ખબર આપવી. 2 મારવું; આપવું, (વાસ મારવો-ઉજાસ આપવો.) *To give up,* મુકી દેવું; મેલી છુટવું. 2 સરણ થવું; તાબેદાર થવું. *To give one's self up,* પોતાને આરામ થવાની આશા છોડવી-મેલવી. 2 જે બોદા કરે તે ખરૂં જાણી તે ઉપર સઘળો આધાર રાખી રેહેવું. *To give way,* રસ્તો આપવો; ખસીને જગા કરી આપવી; કોરે ખસવું. 2 પડી જવું; ધસી પડવું; ભાગી જવું.

Give, *v. i.* દબાણ-જોરથી તાબે થવું; દબવું; નમવું; બેસી જવું. *To give in to,* હા પાડવી; કબુલ થવું. 2 નમતી મૂકવી.

Giver, *n.* આપનાર.2 દાનકર્તા;દાતા.

Gizzard, *n.* મરઘીની હોજરી; ઠેઠો; સાતપડો.

Glacial, *a.* બરફ જેવું-સંબંધી. 2 કાચ જેવું; કાચના જેવા દેખાવનું.

Glacier, *n.* પાહાડોની ખિણોમાં થુયલો પુષ્કળ બરફનો ઢગ; હીમક્ષેત્ર; બરફનું મેદાન.

Glad, *a.* સંતુષ્ટ; ખુશ. 2 આનંદી; ખુશાલ. 3 ખુશી ઉપજાવે તેવું; આનંદકારક.

Gladden, *v. t.* આનંદ-સંતોષ આપવો; ખુશી-રાજી-પ્રસન્ન કરવું.

Gladiator, *n.* શમશેરજન-બાજ; તલવારિયો; તલવારથી ખેલનાર.

Gladly, *ad.* બાખુશી; આનંદથી.

Gladness, *n.* ખુશી; શાદમાની; આનંદ; હર્ષ; સંતોષ. [રી; બશારત.

Glad tidings, *n.* (*plu.*) ખુશ ખબ-

Glair, *n.* ઈંડાની સફેદી.

Glance, *n.* તેજનો ઝબકારો. 2 નજર; આંખની ઇશારત; નજરનો પલકારો. 3 *v. t.* અછડતી આંખે જોવું; સહજ નજર કરવી. 4 *v. i.* રોશનીનો ચમકાટ થવો. 5 આડું ફાટવું; અથડીને વાંકું જવું; લાંસું ઉડી જવું. 6 અછડતી-સેહેજ નજર પડવી. 7 ઝબકવું; ચળકવું; ઝળકવું.

Gland, *n.* પિંડ; માંસગ્રંથી; શરીરમાં

ઠેકાણે ઠેકાણે ઉત્પન્ન કરેલા નરમ ગાંઠ. 2 ઝાડો ઉપર થતા ગાંઠ.

Glandular, *a.* ગાંઠ ભરેલું; ગાંઠદાર.

Glare, *n.* ઝળઝળાટ; ઝળક; તાપ; તેજ. 2 ગુસ્સા ભરેલા દેખાવ; ક્રોધ દૃષ્ટિ. 3 *v. i.* ઝગઝગવું; ઝળકવું. 4 ઘુરકીને જોવું; ડોળા ઘુરકીને–ક્રોધ દૃષ્ટિથી જોવું.

Glaring, *ppr.* or *a.* ઝળઝળીત; દેદીપ્યમાન. 2હડહડતું; ઉઘાડું; ખુલ્લું.

Glaringly, *ad.* શોભાઈથી; હડહડતી રીતે.

Glass, *n.* કાચ; બિલોર. 2 દારૂ વગેરે રેડીને પિવાનું કાચનું ન્હાનું સરખું વાસણ; ગ્લાસ. 3 આરશી; દર્પણ; આયનો. 4 એક ગ્લાસમાં માએ એટલો દારૂ; ગ્લાસ. 5 See Barometer. 6 પદાર્થો જોવા માટે જે કાચ આંખ આગળ પકડીએછે તે કાચ, જેમકે Optic *glass*, Spying *glass*. 7 *Glasses*, ચશ્મા. 8 વખત જાણવા માટે રેતી ભરવાનું વાસણ; રેતીનું ઘડિયાલ, જેમકે An hour *glass*. 9 *a.* કાચનું–જેવું; કાચનું–બિલોરનું બનાવેલું.

Glass blower, *n.* ફુકીને કાચનાં વાસણો બનાવનાર.

Glass house, *n.* કાચ બનાવવાનું ઘર –જગા–મકાન–કારખાનું.

Glassmetal, *n.* પિગળેલો કાચ.

Glass work, *n.* કાચ કામ. 2 (*plu.*) કાચ બનાવવાનું કારખાનું–જગા–ઈમારતો.

Glassy, *a.* કાચનું બનાવેલું; બિલોરી. 2 કાચરૂપ; કાચના જેવું સુંવાળું–પારદર્શક–તકલિદી–ચોખ્ખું–નિર્મળ.

Glaucoma, *n.* મોતીઆ જેવું એક દરદ.

Glaucous, *a.* દરિયાના જેવા લિલા આસમાની રંગનું. 2(*Bot.*) કોબીનાં પાતરાં જેવા રંગનાં ફુલથી ભરેલું.

Glaymore, *n.* બે હાથાવાળી તલવાર.

Glaze, *v. t.* મોહોરો કરવો; ઘુંટવું; રોગાન લગાડવું; લપોટવું; ચકચકિત સપાટીનું કરવું(માટીનાં વાસણોને કરેછે તેમ). 2 કાચ જડવા–બેસાડવા. 3 *n.* રોગાન.

Glazier, *n.* બારી–બારણા–ચોકટાં ઈત્યાદિમાં કાચ જડનાર; તાવદાનવાળો; કાચ બેસાડનાર–જડનાર.

Gleam, *n.* પ્રકાશનું કિરણ; ચમક; ઝગઝગાટ. 2 *v. i.* નિકળવું; ફુટવું. 3 પ્રકાશવું; ઝગમગવું.

Glean, *v. t.* વીણી લેવું; દાણા વિણવા; ચુનવું. 2 મહા કથાવટે–બહુ માથાકુટે ભેગું–એકઠું કરવું. 3 પુસ્તકોમાંથી બાબદો ચુંટી એકઠી કરવી.

Gleaner, *n.* કાપણી કરી ગયા પછી પડેલા દાણા વીણી લેનાર, ધીરજ અને માથાકુટે ભેગું કરનાર. [સંગ્રહ.

Gleaning, *n.* વીણીને ભેગો કીધેલો

Glebe, *n.* જમીન. See Ground.
Glee, *n.* ઉલ્લાસ; ખુશી; હર્ષ; હરખ; આનંદ. 2 ટપ્પો; ખ્યાલ.
Gleet, *n.* પરમો; પરમીઓ; પ્રમેહ; પેશાબ વાટે પડતી પાતળી ધાત. 2 *v. i.* ધાત જવી. 3 ઝરફવું; ટપકવું.
Glen, *n.* બે ડુંગર વચ્ચેની ખિણ; ખો.
Glib, *a.* પરાંપરાં બોલતું; વાચાળ.
Glide, *v. i.* વગર અવાજ કરવે—ચુપ—ધીમે ધીમે વેહેવું—ઉડવું. 2 સરવું; સરકી જવું; લપસી જવું; ઢળી જવું.
Glimmer, *v. i.* ધીમુ ધીમુ ચળકવું; ઝાંખું બળવું. 2 *n.* ધીમી—ઝાંખી રોશની. [અજવાળું.
Glimpse, *n.* ઝાંખી રોશની; આછું
Glisten, *v. i.* See Glister.
Glister, *n.* ચમકાટ; ચળકાટ.
Glitter, *v. i.* ઝળકવું; ચળકવું. 2 *n.* ચળકાટ; ચમકાટ; ઝલકાટ.
Globe, *n.* ગોળો; ડરો. 2 પૃથ્વીનો ગોળો; પૃથ્વી; દુનિયા; ધરણી. 3 પૃથ્વીનો આકાર દેખડાવાને ધાતુ, કાગળ અથવા તેવી બીજી ચીજનો બનાવેલો ગોળો. *Terrestrial globe*, ભૂગોલ. *Celestial globe*, ખગોલ. *The globe of the eye*, આંખનો ડાળો. [વર્તુલાકાર.
Globular, *a.* ગોળાકાર; ગોળ; વર્તુલ;
Globule, *n.* કોઈબી ચીજનો બારીક ગોળદાણો; રવો.

Gloom, *n.* અંધકાર; અંધારૂં. 2 ઉદાસી; નિરાનંદ; ઉદાસપણું.
Gloominess, *n.* અંધારૂં; ઝાંખ; ઝાંપડ. 2 બેચેની; ઉદાસી; દિલગીરી.
Gloomy, *a.* અંધારૂં; અંધારીનું. 2 ઉદાસ; દિલગીર; શોકાતુર.
Glorification, *n.* બુલન્દ દરજ્જે પોહોંચાડવું તે; આબરૂ; માન; કીર્ત્તિ. See Glorify.
Glorify, *v. t.* કીર્ત્તિમાન કરવું; વખાણ લાયક કરવું. 2 માન—કીર્ત્તિ આપવી; વખાણવું; વખાણનાં ગીત ગાવાં.
Glorious, *a.* પ્રતાપવાન; પ્રતાપશાળી; પ્રતાપી; તેજસ્વી; મહિમાવાળું. 2 સ્તુત્ય; વખાણવા જોગ—લાયક.
Gloriousness, *n.* તેજ; પ્રતાપ; પ્રભાવ; વભવ; મહિમા; મહાત્મ્ય.
Glory, *n.* તેજ; પ્રકાશ. 2 ખૂબી; મહિમા. 3 કીર્ત્તિ; આબરૂ. 4 સ્વર્ગ; સ્વર્ગનું સુખ.
Gloss, *n.* સફાઈ; આપ; ઝળક; ચળકાટ; મોહોરો; ઝલેહ. 2 તફસીલ; શરહ; ટીકા; ભાષ્ય; વ્યાખ્યા. 3 બહારની—દેખાડવાની ટાપટીપ—સફાઈ. 4 સારો લાગતો—મનગમતો ગોઠવી બેસાડેલો અર્થ. 5 *v. t.* ચળકતું કરવું; ઘુંટવું; ઝલે કાહાડવી—આપવી; સારૂં દેખાડવું—દેખાય તેવું કરવું. 6 શરહ—ટીકા કરવી; વિવરણ—વ્યાખ્યા કરવી.

Glossary, *n.* કીતાબે લાગત; ફરહંગ; વિશેષાર્થ-પારિભાષિક કોશ.

Glossiness, *n.* સફાઈ; મોહોરો; ઝલે.

Glossy, *a.* સાફ; સફઈદાર; મોહોરેદાર; ઝલેદાર; સુવાળું.

Glottis, *n.* સ્વાસ માર્ગ; દમ લેવાની [નળી.

Glove, *n.* દસ્તાનો; હાથનું મોજું.

Glow, *v. i.* ધગધગવું. 2 બળવું; તપવું. 3 બીલી-દીપી રહેવું; લાલ થવું. 4 ભારી જલ્દ રોશનીથી ચકચકવું; તાબ મારવો. 5 ગુસ્સા, મોહોબત અથવા ઉત્કંઠાની આગથી બારીજોરામાં આવવું;ઉમલકો-ઉભરો આવવો. 6 સુરખી આવવી; લાલી આવવી. 7 *n.* રંગનો ચળકાટ-ભભુક; લાલી; સુરખી. 8 મનોધર્મનું જોર-બળ-કુવત; આવેશ; જુસ્સો; જોસ. 9 ઝળઝળવું; તેજ.

Glowing, *pp.* or *a.* ધગધગતું; ચળકતું. 2 ઉભરાવાળું.

Glow worm, *n.* આગ્યો; રાત્રે ઝાડીમાં જે કીડા ચળકેછે તેમાંનો કીડો; સોનકીડો.

Glue, *n.* સરસ. 2 *v. t.* સરસ લગાડવો; સરસથી જોડવું; વળગાડવું; ચોટાડવું.

Glum, *a.* ખિજવાય એવું; ચીઢિયું; [બળીએલ.

Glume, *n.* (*Bot.*) (of grain) બપેલા; પિછી જેવાં આકારનાં અનાજનાં કણસાં.

Glut, *v. t.* એકદમ ગળીજવું. 2 કંઠ તુલીક-ગળાંસુધી ચિકાર કરવું; ઠાંસીઠાંસીને ભરવું; ધરાઈ-ઓચાઈ જાય એવું-ભરચટરવું. 3 *n.* રેલછેલ; ભરચર. 4 અડથલો; અટકાવ.

Gluten, *n.* ઘઉં અથવા બીજા અનાજમાંથી નિકળતો એક જાતનો ચિકટ પદાર્થ; ઘઉંનું દુધ; ચીક.

Glutinate, *v. t.* સરસથી ચિકટાવવું; -વળગાવવું.

Glutinous, *a.* ચોંટી-વળગી જાએ તેવું;ચિકટ;ચિકણું;લસદાર;લસલસું.

Glutton, *n.* ખુલાયો; ખાધરો; એઘી; અકરાંતીઉ ખાનાર-ભોગ કરનાર. 2 ઘણુંજ ખાનાર એકપ્રકારનું પશુ.

Gluttonous, *a.* એધી; ખાદાડ; પુષ્કળ ખાનારૂં; અત્યાહારી; અકરાંતીઉ.

Gluttony, *n.* અકરાંતીઆપણું; ખાદાડપણું.

Glycerine, *n.* ચરબીમાંથી નિકળતો સીરા જેવો ને નિર્મળ મિઠો પદાર્થ.

Gnash, *v. t. & v. i.* દરદ અથવા ગુસ્સાથી દાંત કચકચાવવા-દાંત [પિસવા.

Gnat, *n.* મચ્છર; ડાંસ.

Gnaw, *v. t. & v. i.* જરાજરા કરડી કરડીને-કોરીને ખાવું.

Go, *v. i* હાલવું ચાલવું; ખસવું; ચાલવું; જવું; સીધારવું. 2 થવું; બનવું; નિવડવું.3 ગર્ભ-હમેલ-દહાડા હોવા. 4 પાયમાલ-ખરાબ ખસ્તથઈજવું.

To go in to or *unto*, સંભોગ કરવો. *To go out*, હોલાઇ–બુઝાઈ જવું. 2 જાહેર–પ્રસિદ્ધ થવું. *To go under*, ઓળખાવું; કહેવાવું. 2 ડુબવું.

Go cart, *n.* બાળક છોકરાંને ચાલતાં શિખવવાની ગાડી; પાંગળા–ચાલણ ગાડી.

Goad, *n.* આર; પહરાણી; પરોણી; અંકુશ. 2*v t.* આર–પરોણી મોકવી. 3 ઉસકેરવું; ઉઠાવણી કરવી.

Goal, *n.* સરત દોડવાની હદ; મંજલ.

Goat, *n.* બકરો; બકરી; અજા; બોકડું; છોડું; બોકડ.

Goat herd, *n.* રબાડી; બકરાં ચારૂ.

Gobble, *v. t.* ડપાડપ–ગપાગપ–લબલબ ખાઈ–ગલી જવું.

Goblet, *n.* વગર કડાંનું પ્યાલું; જામ.

Goblin, *n.* પિશાચ; જીન; દેવ; પરી; ભૂત.

God, *n.* પરમેશ્વર; ઇશ્વર; પ્રભુ; દેવ; ખુદા; રબ; ઇજદ; યજદાન. *Godwilling*, ઇનશા અલ્લાહ તાલા. God grant, ખુદા ફઝલ કરે.

Goddess, *n* દેવી.

Godfather, *n.* બાળકને "બાપતીસમ" આપતી વેળા તેને ખ્રિસ્તી ધર્મની તરબીઅત આપી ઉછારવા, તથા તેને ઇશ્વરનો ખરો સેવક કરવાની જે કોઈ શખ્સ પોતા ઉપર ફરજ લઈ તે બાળકનો વાલી થાએછે તે શખ્સ; ધરમ બાપ; ધર્મપિતા.

God head, *n.* ખુદાઈ; ઇશ્વરપણું.

Godless, *a.* અધર્મી; ખુદાનો ઇનકાર કરનાર; નાસ્તિક.

Godlike, *a.* ઇશ્વરી. 2 ઉત્તમ; સઉથી સરસ.

Godliness, *n.* ઇશ્વર ભક્તિ; ઇશ્વર નિષ્ટા; ભક્તિ શીલતા; ધાર્મિકપણું.

Godly, *a.* ઇશ્વર ભક્ત; ઇશ્વર નિષ્ટ; ભગવતી; સન્માર્ગી; ખુદાપરસ્ત.

Godown, *n.* વખાર; જીનસખાનું.

Godsend, *n.* અણધારેલી ઇશ્વર કૃપા.

Godspeed, *n.* ફતેમંદી; જય.

Gogglet, *n.* વાસણ; ચંબુ; ગિડી.

Going, *n.* જવું; ગમન; ગતિ.

Gold, *n.* સોનું; સુવર્ણ; હેમ; કનક; કંચન. 2 ધન; જર. 3 *a.* સોનાનું; સોનેરી.

Goldbeater, *n.* સોનાનો વરખ–પાના બનાવનાર.

Golden, *a.* સોનાનું બનાવેલું; સોનેરી; જરરિન. *Golden age*, સતજુગ; સતયુગ. 2 સોનાના રંગનું; પિળું; ચંપાઈ. 3 લાખ રૂપીયાનું; ઘણું કિમતી. 4 સુખ–આનંદ ભરેલું.

Goldfinch, *n.* એક સુંદર ગાતું પક્ષી.

Gold leaf, *n.* સોનાનો વરખ–પાના.

Gold smith, *n.* સોની; સોનાર.

Golf, *n.* ડરા અને લાકડીની એક રમત.

Gondola, *n.* મોર પંખી; પોહોળાં–ચપટા તળીયાનો સેહલ કરવાનો અથવા માલ લઈ જવાનો મછવો–બોટ–હોડી.

Gong, *n.* ઘડી; લોહોડી; ઝાલર.
Goniometer, *n.* ખુણા માપવાનું યંત્ર.
Gonorrhœa, *n.* પરમીઓ; પરમો.
Good, *a.* હકવાજબી; કાયદાસર. 2 મોતેબર; પાકું; વજનદાર; માઆકુલ. 3 સારૂં; યોગ્ય; ખાધખુંધ—ફાટફુટ વગરનું. 4 નેક; ભલું; રૂડું; પાકીજ. 5 બેશ; સારૂં; લાગુ પડતું; બંધ બેસતું. 6 માઆફક આવે એવું; પસંદ પડતું; સ્વાદદાર; સ્વાદિષ્ટ. 7 કાબેલ; શિખેલું; હોશિયાર. 8 પરોપકારી; ઉપકારી. 9 *n.* ફાએદાની—સારી—રૂડીવાત; લાભ. 10 નેક કામ; સારી કરણી; ખુબી; નેકી. *To make good*, પાલવું. 2 સાબિત કરવું. 3 ભરી આપવું. *for good*, એકદમ; છેલવેલ્લું; છેલ્લું. *Good and bad*, નરમ ગરમ; ભલું ભુંડું.
Good bruding, *n.* વિવેક ભરેલી રીત ભાત; વિનય; સુશીલતા.
Good by, *n.* સુખી રહો; આબાદ રહો; સ્વસ્તિ; સાહેબ મેહેરબાન.
Good day, *n.* ભેટ લેતી વેળા અથવા છુટા પડતી વેળાએ એક બીજાને સલામ આલેકુમ કરવાનો શબ્દ.
Good friday, *n.* ક્રાઇસ્ટે માણસ જાતનું તારણ કરવાને પોતે જે જે દુખો ખમેયાંછે તેની યાદગારીમાં ઉપવાસ કરવાનો એક શુકરવારનો દીવસ.

Good humor, *n.* ખુશ મિજાજ ખુશાતબહ.
Goodly, *a.* રૂપાળું; સુંદર. 2 મનોરમ; ખુશકારક; મઝાનું. 3 ઘણું; મ્હોટું.
Good man, *n.* ભલા માણસ; ભાઈ. 2 ભરથાર; ધણી; વર.
Good morrow, *n.* or *interj.* સલામ આલેકુમનો શબ્દ.
Goodmorning, *n.* See Goodmorrow.
Good nature, *n.* નેક ખોઈ; નેકદિલી.
Good natured, *a.* સુશીલ; સાલસ; નેક ખો. 2 ગરીબ: બાધલું.
Good night, *n.* or *interj.* રાત્રે એક બીજાથી છુટા પડતી વેળા અથવા જતી વેળા સલામ આલેકુમ કરવાનો શબ્દ.
Good now, અરે; તાજુબી—આશ્ચર્ય—વિસ્મય જણાવાનો પોકાર—બોલવું.
Good will, *n.* મરજી; કૃપા; ખુશ મરજી. 2 પરોપકાર બુદ્ધિ; ખેરખવાઈ. 3 ઉચકો; હાત ઉચકામણી; ઘરાકી.
Goodness, *n.* સારાપણું. 2 ખુબી; સદગુણ; નેકી; ભલાઈ. 3 કીરપા; મેહેરબાની; દયા. 4 પરોપકાર; ઉપકાર.
Goods, *n. plu.* ઘરબારનો સામાન; અસબાબ. 2 જંગમ મિલકત. 3 વેપારનો સઘળી જાતનો માલ.
Goose, *n.* હાંસ; હંસ. 2 સીવેલાં લુગડાંને સાફ—કરચલીવનાના કરવા માટે દરજીઓ વાપરેછે તે ઈસ્ત્રી—અસ્રી. 3 બેવકુફ; હેમક.

Gooseberry, *n.* એક જાતનું મિઠું બારીક ફળ; ગુસબેરી. [મુશ્કેલ.
Gordian, *a.* બહુ ગુંચવણ ભરેલું;
Gore, *n.* બંધાઈ-ગંઠાઈ ગએલું લોહી. 2 લુગડાંનો ત્રીકોણાકાર કકડો; કલી. (અંગરખા વગેરે કપડાંને હોયછે તે) 3 *v. t.* અણીદાર હથિયાર ભોકી દેવું-મારવું.4સિંગડાં મારવાં-ભોકવાં
Gorge, *n.* ગલું; કંઠ; હલક. 2 ડુંગરો વચ્ચેની સાંકડી ખીન. 3 *v. t.* ડપુસામારી-ચાંપી ચાંપીને ખાઈ-ગલી જવું. [ભભૂકદાર.
Gorgeous, *a.* ભપકાવાલું; આલીશાન;
Gorilla, *n.* મ્હોટું-જબરૂં વાંદરૂં.
Gormand, Gormander, *n.* હેદી; પુષ્કળખાનાર; ખુલિયો; ખાધરો; અકરાંતીઉં માણસ.
Gormandize, *v. i.* ચાંપીને જમવું.
Gory, *a.* લોહિ લોહિયાન; લોહિયાલ. 2 ખુની.
Gosling, *n.* હંસનું બચ્ચું; ન્હાનું હાંસ.
Gosple, *n.* સુવાર્તા; સારા સમાચાર; શુભવર્તમાન (ઇસુખ્રીસ્ત વિશે).
Gossip, *n.* ગપ્પીદાસ; છાંટુદાસ. 2 ગપાટો; ગપસપ. 3 *v. t.* ટાહેલું કરવું; ગપસપ હાંકવી-મારવી.
Gothic, *n.* *Goth* લોકની ભાષા. 2 *a.* *Goth* લોકને લગતું. 3 ઊંચા અને નોકદાર મેહેરાબોની એક જાતની બાંધણીનું. 4 પુરાતન; જુનું. 5 ગામડયું; જંગલી.

Gourd, *n.* દુધી; કદુ; તુમડી.
Gourmand, *n.* ખાધરો; ખાઉધર માણસ.
Gout, *n.* સંધિવાયુ; વાતરોગ; નળો.
Govern, *v. t. & v. i.* હાકમી કરવી; રાજ્ય અધિકાર ચલાવવો; તાબાકાબુમાં રાખવું. 2 In *Grammar*, કોઈ શબ્દને શકર્મક ક્રિયાપદનું કર્મ કરવા તેને એક ચોકસ વિભક્તિમાં લાવવું.
Governable, *a.* હુકમને તાબે થઈ શકે એવું;હુકમ પજીર;હુકમબરદાર.
Governess, *n.* આતુન; ગુરૂઅણ; જુઆન સ્ત્રીઓને તરબીઅત આપનાર સ્ત્રી; ગવર્નેસ.
Governing, *ppr.* હુકુમત ચલાવતું.
Government, *n.* રાજ્ય-હકુમત-અધિકાર ચલાવવો તે. 2 રાજ્યની નીતિ-પદ્ધતિ. 3 રાજ્ય; હુકુમત; અમલ; હાકમી. 4 સરકાર; નિજામત. 5 ખબરદારી; કબજો; કાયદો. 6 હુકમ; અખત્યાર; સત્તા; અધિકાર; દસ્ત. 7 In *Grammar*, કારક.
Governor, *n.* હાકેમ; સરસુબો; ગવરનર. 2 (of a district) મામલતદાર; મામલેદાર; સુબેદાર. 3 ઉસ્તાદ; વિદ્યાગુરૂ; શિક્ષક. 4 સંચા સાથે જોડલા ભારી ગોળાની એક જોડ અથવા વજન જે સંચાની ગતીને સમતોલ ચાલુ રાખેછે.

Gown, *n.* પેરાવાજ; જભ્ભો. 2 અંગ્રેજ સ્ત્રીઓનો ગવન.

Grace, *n.* કૃપા; મેહેરબાની; ઇનાયત; રહેમનજર. 2 ખુદાતાલાની રહેમબક્ષેસ; નજાત; અનુગ્રહ. 3 અંતરની-માંહે સમાએલી ખૂબી. 4 ખુબસુરતી; શોભા; સૌંદર્ય. 5 જમતાં પેહલાં કે પછીની શુકરાના; શુકર ગુજારી; જમવાની બાજ-બંદગી. 6 *v. t.* સુશોભિત-આરાસ્ત કરવું; જેબદાર-રોનકદાર કરવું.

Graceful, *a.* છબદાર; શોભીતું; ખુશઆદા; ખૂબીવાલું. *Graceful walk*, સુગતિ. *Graceful speech*, વાગ્વિલાસ.

Gracefulness, *n.* લાવણ્ય; ખુશરફતારી; ગુણ; ખૂબી.

Graceless, *a.* ખૂબી વનાનું. 2 ઓદાનું વિસારેલું. 3 કમબખ્ત; નાપેકાર; પાપી.

Gracious, *a.* કૃપાળુ; દયાવંત; દયાળુ; રહેમીઆત વાલું. 2 મનોહર. 3 ખુદાની મેહેરથી થયલું.

Graciously, *ad.* નવાજેશથી; રેહેમથી.

Gradation, *n.* દરજ્જો; પાયરી; તબકો; ઉત્તરોત્તરક્રમ.

Grade, *n.* દરજ્જો; પાયરી; પદ્ધિ; હોદ્દો. 2 જાત; કિસમ.

Gradient, *n.* ઢોલાવ; ચઢણ. [સ્તે.

Gradual, *a.* પેદરપે; આહેસ્તે આહે-

Gradually, *ad.* રફતે રફતે; પેદરપે; ધીમે ધીમે; રેહેતે રેહેતે.

Graduate, *v. i.* સનદ બખ્શી કોઇને દરજ્જે ચઢાવવું; પદ્ધી મેળવવી. 2 *v. t.* માપણી કરવાનાં ઓજારો-યંત્રો ઉપર ગણત્રી કરીને કાપ પાડવા-નિશાન કરવી. 3 *n.* કોઇ મદરેશામાંથી અથવા વિદ્યા સંબંધી શોધ કરનાર મંડળીથી મળેલી પદ્ધિ ધરાવનારો શખ્સ; પદ્ધારી.

Graft, *n.* ઝાડની કલમ. 2 *v. t.* કલમ કરવી-લગાડવી.

Grain, *n.* કણસ; રજકણ; લેશ; રતી. 2 અનાજ; ધાન્ય; દાણો. 3 ઘહુના આસરે પાંચ દાણા જેટલું તોલ-વજન.

Graindealer, *n.* ભુસારી; મોદી; કણિયો.

Grainmoth, *n.* અઇઓડ; કિડું.

Grainparcher, *n.* ભાડભુંજો; ભાભડ

Gram, *n.* ચણો. [ભૂંજો.

Gramineous, *a.* ઘાસને લગતું-જેવું.

Graminivorous, *a.* ઘાસ ઉપર ચરતું; ઘાસ ખાનાર-ખાઇને જીવનાર તૃણચર.

Grammar, *n.* ભાષાશાસ્ત્ર. 2 વ્યાકરણ. 3 વિદ્યા મૂળ તત્વગ્રંથ.

Grammarian, *n.* વ્યાકરણના કાયદા સમજનાર-શિખવનાર; વૈયાકરણ; ભાષા-વ્યાકરણ શાસ્ત્રી.

Grammar school, *n.* યુનાની-લાટિન

અને તેવી બીજી મહાભારત ભાષા જે નિશાળોમાં શિખવ્યામાં આવેછે તે નિશાળ; ભાષા શાસ્ત્રો નીશાળ.

Grammatic, Grammatical, a. વ્યાકરણના કાયદા મુઆફક–તરીકે; વ્યાકરણ સંબંધી.

Grammatically, ad. વ્યાકરણાનુસાર; વ્યાકરણાનુરૂપ; વ્યાકરણની રીતે જોતાં.

Granary, n. ઝાટકેલો અનાજ ભરી રાખવાની જગ્યા–વખાર; કોઠી.

Grand, a. ભારી દબદબાવાળું; ગૌરવવાળું; ભવ્ય; કલાન; મહાન; અઝીમ. 2 ઠાઠ માઠનું; ઢપદાર. 3 મુખ્ય; શ્રેષ્ઠ. 4 બુજર્ગ; વૃદ્ધ.

Grand child, n. પોતાના છોકરા અથવા છોકરીનું છોકરૂં.

Grand daughter, n. પોતાના છોકરા અથવા છોકરીની છોકરી; પૌત્રી; દૌહિત્રિ.

Grand father, n. મોટાબાવા;–(paternal)બપાવો;દાદો;પિતામહ;–(maternal) મમાવો; આજો; માતામહ.

Grand mother, n. મોટાંમાય; વડીઆઈ; બપાઈ; મમાઈ.

Grand nephew, n. ભાઈ અથવા બેહનનાં છોકરાંનું છોકરૂં. [પૂર્વજ.

Grandsire, n. દાદો; વડેરો. 2 વડીલ;

Grandson, n. પૌત્ર; દૌહિત્ર; છોકરા અથવા છોકરીનો છોકરો; નબીરો.

Grandee, n. ઉમરાવ; અમીર; ખાન.

Grandiur, n. બુજર્ગી; દબદબો; જાહોજલાલી; ગૌરવ; વૈભવ; મહાનતા.

Grandiloquence, n. પ્રૌઢ ભાષણ; ખાલી મોટા મોટા બોલો વાળું ભાષણ.

Grand jury, n. પંચની સભા, જેનું કામ એ છે કે જે જે માણસો ઉપર તકસીર કરવાનો અન્યાય લગાડયામાં આવ્યો હોય તેમને વિશે તપાસ તથા પુછપરછ કરી જો તેમની ઉપર અન્યાય વાજબી લાગુ પડયો તો તેવા તકસીરવારો ઉપર ફિરીયાદી માંડી અદાલતમાં તેમનો ઇનિસાફ કરવાને મોકલેછે તે સભા–પંચ; ગ્રાંડ જુરી.

Granite n. Quartz, Feldspar, અને Mica, એ ત્રણ ખણીજ વસ્તુઓનો અથવા એમાંની કોઈબી બે વસ્તુનો બનેલો એક જાતનો પથર.

Granivorous, a. અન્ન ખાનારૂં; ધાન્યભક્ષક; ધાન્યોપજીવી.

Grant, v. t. આપવું; માગેલું આપવું. 2 માની લેવું; સ્વિકારવું; કબૂલ રાખવું; માન્ય કરવું. 3 n. બખશેસ; દાન ઇનામ.

Grantee, n. ઇનામ લેનાર–પામનાર.

Granular, a. દાણાદાર; રવાદાર.

Granulate, v. t. & v. i. દાણાંદાર–રવાદાર કરવું–થવું; દાણા પાડવા.

Granule, n. ઝીણી કગરસ; રજ; રવો.

Granulous, *a.* દાણાદાણાવાળું; કણમય.
Grape, *n.* દ્રાક્ષ; અંગૂર. [ગોળો.
Grape shot, *n.* ગરપછાંટનો-કુલપી
Grape vine, *n.* દ્રાક્ષનો વેલો-વેલ.
Graphic, } *a.* સ્વરૂપદર્શક-બોધક;
Graphical, } ચોકસાઇથી બયાન કરેલું; જેનું બયાન થયું હોય તેનો ચિતાર નજરે જાણે દેખાતો હોય એવું; સચિત્ર; રસભર.
Grapple, *n.* ચુંગાલ; પકડ. 2 *v. t.* & *v. i.* પકડવું; ભીડવું; બાઝવું.
Grasp, *v. t.* & *v. i.* ચુગાંલ મારવી; મુઠ્ઠી-પંજા-કબજામાં ધરી રાખવું; ઝૂટાવી લઇને પકડી રાખવું; ઝડપી લેવું. 2 *n.* મુષ્ટિગૃહ; હાત અને બાજુની પકડ. 3 અક્કલ-બુદ્ધિની પોહોંચ; સમજ શક્તિ.
Grass, *n.* કડબ; ઘાસ; ચારો; તૃણ.
Grass cutter, *n.* ઘાસકાપુ; ઘાસિયો.
Grass hopper, *n.* ટોલ; ટીડ.
Grass plot, *n.* ઘાસની ક્યારી; ઘાસથી ઢંકાયલી સપાટ જગ્યા-મેદાન.
Grassy, *a.* ઘાસથી ભરેલું; ઘાસવાળું.
Grate, *n.* ગજ-સળીઆની જાળી. 2 ભઠ્ઠી અથવા ચુલદાનમાંની લોહોડાંના સળીઆની જાળી. 3 *v. t.* & *v. i.* ઘસવું; ખરર ખરર કરવું. 4 થોડું થોડું ઘસાતું જાએ એવી રીતે ઘસવું; ઓખવવું; ખમણવું. 5 દુખવવું; દુઃખ લગાડવું-લાગવું.

Grated, *pp.* or *a.* ખમણેલું; ઘસાઇ ગએલું. 2 જાળી જડેલું; જાળીદાર.
Grateful, *a.* નિમક-લુણ હલાલ; વફાદાર; કૃતજ્ઞ. 2 મઝેનું; સ્વાદિષ્ટ; ભાવે એવું; લેહજતદાર.
Grater, *n.* ખમણી.
Gratification, *n.* મનની, સ્વાદની અથવા શરીરની બીજી ઇચ્છા પુરા કરવી તે. 2 ખુશી; સંતોષ; તુપ્તિ. 3 ઇનામ; બક્ષીસ; સુખડી. 4 લાંચ; રૂશવત.
Gratify, *v. t.* ખુશી કરવું; સંતોષ-આનંદ પમાડવો; તૃપ્ત કરવું.
Grating, *n.* ખરખરાટ; ઘસારો. 2 ગરાદ-ગજીઆની જાળી.
Gratingly, *ad.* કંટાળો-ગુસ્સો ઉપજાવે એવી રીતે.
Gratis, *ad.* મુફ્ત; ફુકટ; અમસ્તું.
Gratitude, *n.* શુકર ગુજારી; ઇહસાનમંદી; વફાદારી; કૃતજ્ઞતા; નિમક-લુણહલાલી.
Gratuitous, *a.* બિન પૈસાનું; મુફ્ત; મફતનું; મેહરબાની દાખલ. 2 વગર કારણે કરેલું; અમસ્તું.
Gratuitously, *ad.* મુફ્ત See Gratis.
Gratuity, *n.* નિમક હલાલીથી નોકરી બજાવનારને તેના મુસારા ઉપરાંત આપેલી બક્ષીસ; ઇનામ.
Gravamen, *n.* ફરિયાદનું મુખ્ય-ખરૂં કારણ.

Grave, *v. t.* See Carve, Engrave. 2 *n.* ઘોર; કબર. 3 મૃત્યુ; મોત. 4 *a.* અગત્યનું; વજનદાર. 5 ઘેરું. 6 ભારેખમ; ગંભીર.

Grave clothes, *n. plu.* કફન; મુડદાંને વિંટાળવાનાં કપડાં; પ્રેતવસ્ત્રો.

Grave digger, *n.* ઘોરખોદુ.

Grave looking, *a.* ગંભીર દેખાવનું; ભારેખમ.

Grave yard, *n.* મુડદાં દાટવાની ઘેરી લીધેલી જગ્યા–ચોક; કબરસ્તાન.

Gravel, *n.* કંકર; કાંકરી; રેતીના દાણા કરતાં જરા મોટી પથરની કગરસો; મરડિયા. 2 (*Med.*) પથરી. [ધથી.

Gravely, *ad.* ગંભીરપણાથી. 2સાદા-

Gravitate, *v. i.* ગુરૂત્વાકર્ષણ શક્તિના જોરથી–કાયદા પ્રમાણે ખેંચાવું.

Gravitation, *n.* મધ્ય બિંદુ તરફ અથવા કોઈ ચીજ તરફ ખેંચાવું તે; ખેંચાણ. 2 ગુરૂત્વાકર્ષણ; કેંદ્રાકર્ષણ.

Gravity, *n.* ભાર; વજન; ગુરૂત્વ. 2 See Gravitation. 3 ગંભીરતા; ભારેખમપણું. 4અગત્યતા; મહત્વ.

Gravy, *n.* માંસ ભુંજતી અથવા તળતી વેળા તેમાંથી ટિપાતી–ટપકતી ચરબી તથા નિકળતો રસ; ગરેવી.

Gray *a.* કાબરું; કાબર ચિત્રું; સિહા સુફેદ; ભેરા ઘોળા રંગનું. 2 સુફેદ; ધોળું; પળીઆં જેવા રંગનું; પાકેલું (બાલ). 3 પરિપક્વ; પુખ્ત.

Grayhound, *n.* શિકારી કુત્રો.

Graze, *v. t.* અછડતું લાગવું; અથડીને–અડીને–ઘસાઈને પડવું–જવું. 2 ચરાવવું; ચારો નાખવો. 3 *v. i.* ચરવું. [રનાર.

Grazier, *n.* ગોવાળ; ભરવાડ; ઢોરચા-

Grease, *n.* ચરબી; ચિકણાઈ. 2 ભેંડી; ઘોડાની એડી ઉપર થતું એક દરદ. 3 ઊંગણ; ગ્રીસ. 4 *v. t.* ચરબી–તેલ લગાડવું–ચોપડવું. (wheels,) ઊંજવું; ગાડીની ગ્રીસ કરવી. 5 લાંચ–રૂશવત આપવી; હાથ ચિકણા કરવા.

Greasy, *a.* ચિકણાઈ–ચરબી–તેલવાળું; ચિકણું; ચરબીદાર. 2 સુંવાળું; લીસું. 3 લપટાયલું; ખરડાએલું.

Great, *a.* કદ–માપ–સંખ્યા તથા ઈચ્છામાં મ્હોટું; વિસ્તીર્ણ; ઘણું; ભારે; મહાન. 2 મુખ્ય; આગેવાન. 3 વજન–બોજદાર.

Greatly, *ad.* પુષ્કળ; અતિ; અતિશય; બહુ; ઘણું; નિહાયત. 2 બાહાદુરીથી; વખાણવા લાએક રીતે.

Greatness, *n.* મ્હોટાઈ; મ્હોટાપણું; બુઝુર્ગી; જાહોજલાલી. 2 અકડ; અભિમાન. 3 મહાત્મતા; ઉદારબુદ્ધિ; મનની મ્હોટાઈ. 4 જોર.

Great seal, *n.* બાદશાહી મોહોર–છાપ.

Greed, *n.* ઘણીજ ભૂખ–ઈચ્છા; અતિલાલસા; હાવરાપણું.

Greedily, *ad.* ખાધરા—હાવરા પણાથી.
Greediness, *n.* વખવખ; ખાધરાપણું.
2 આતુરતા; હાવરાપણું.
Greedy, *a.* હાવરૂં; ખાવરૂં. 2 કાંઈ પણ મેળવવાને ઇન્તેજાર; અતિ લોભી.
Greek, *n.* યુનાની; યુનાન દેશનો સ્વદેશી. 2 યુનાની જબાન.
Green, *a.* લીલું; સુકાએલું નહીં; રસ ભરેલું; લીલોતરીવાળું. 2 નવું; તાજું; ગુરતનું; તાતું. 3 વગર અનુભવનું; નાદાન; નાવાકેફ; કાચું; નિરનુભવી. 4 કાચું; કુમારૂં; અપકવ. 5 ખીલી-રહેલું; બહારપર આવેલું. 6 *n.* (ઝાડનો) લીલો રંગ; ઘાસ ઉગેલી જમીન; લિલોત્રી; લિલાણ. 7 (*greens*) ભાજીપાલો; શાકભાજી.
Green colored, *a.* ફિક્કું; સુફેદ થઈ ગયલું, જેમકે આજારી પડ્યાથી થાયછે તેમ. [ફાલ—પાક.
Green crop, *n.* લીલી તરકારીનો
Green eyed, *a.* માજરૂં. [સ્તાગીઓ.
Green grocer, *n.* કાછિયો; કાછી; પ-
Green hand, *n.* તરતનું—નવું—માહિતગારી વગરનું—નિરનુંભવી માસણ.
Green room, *n.* નાટકશાળામાં પડદાની પછવાડે ખેલાડીઓને પોશાક પેહેરવાની ઓરડી.
Green stall, *n.* પસ્તાકિયાની દુકાન.
Green sward, *n.* લીલું ઘાસ—જડિયાં ઉગી નિકળેલાં હોય એવી ભોંય.
Green vitriol, *n.* હિરાકસ; હિરાકશી.
Greet, *v. t. & v. i.* સલામ કરવી—કેહેવાડવી; મુબારકબાદી આપવી.
Greeting, *n.* સલામ; મુબારકબાદી; બંદગી; જેગોપાલ. [ચરનારૂં.
Gregarious, *a.* સંગચર; સાથે મલીને
Grenadier, *n.* ઊંચા, જબરા ને કદાવર સિપાઈની પલટણમાંનો એક સિપાઈ.
Greyhound, *n.* શેકારી કુત્રૂં.
Griddle, *n.* લોહોડી; તવી; તાવી; તાવડી. 2 રેતાલ; કાંકરા—કાંકરીવાળું.
Gride, *v. i.* ખરખરતા—ગડગડતા આવાજે કાપવું—કપાવું.
Gridiron, *n.* માછલી અથવા ગોશ્ત ભુંજવાની ગબેલ.
Grief, *n.* ગમ; દુઃખ; અફસોસ; શોક; ખેદ; અલમ; રંજિસ.
Grievance, *n.* શાસ્તિ; સંકટ; અનિષ્ટ.
Grieve, *v. t. & v.i.* દિલગીર—ખિન્ન—દુખી કરવું—થવું; રડવું; શોક કરવો.
Grieved, *pp.* ગમગીન; રંજીદાહ; ખિન્ન
Grievous, *a.* દુઃખ કલેશકારક; દુઃખદાયક. 2 ભારે; મ્હોટું; મહાભારત.
See Atrocious. [લાગવું.
Grill, *v. t.* ભુંજવું; શેકવું. 2 દુઃખ
Grim, *a.* હેબતનાક; ભયંકર; વિકરાળ.
Grimace, *n.* મોહોડું ચઢાવવું તે; મ્હોડું વાંકુંચૂંકું કરવું તે; ચાળા ચસ્કા.
Grime, *n.* મેલ; મળ; કચરો; મેરા.

Grin, *v. i.* દાંત કાહાડવા; દાંત પિસીને હસવું અથવા ચિરડાવું; દાંતીઆં કરવાં. 2 *n.* ભિચ પાડવી; દાંત ભિચકણી; ભિચ; દાંતીઆં.
Grind, *v. t.* દળવું; પિસવું. (coarsely)ભરડવું;વાટવું. 2 સહરાણ ઉપર ઘસી ધાર કાહાડવી. 3 ઘસીને સુમારૂં સુવાળું–લીસુ કરવું. 4 જુલમ ગુજારવો; જુલમ જાસ્તિથી કહડાવવું; પીડવું; દુઃખ દેવું. 5 (with the teeth) ચાવવું. 6 *v. i.* દળાવું; પિસાવું. 7 ઘસાઈને સુવાળું–લીસું થવું. 8 ઘસાઈને ધાર ચઢવી–નિકળવી. 9 ગદ્ધ વહિતરૂં કરવું.
Grinder, *n.* દળનારૂં. 2 *grinders*, દાઢ
Grind stone, *n.* સરાણ; સરેણ; ધાર કાઢવાનો પથ્થર.
Grip, *n.* પકડ; ચુંગાલ; પંજો.
Gripe, *v. t.* કબજામાં–મુઠીમાં ધરવું; ચમટીમાં મજબુત પકડવું. 2 જોરથી પકડીને ઝાલી રાખવું; સજ્જડ પીડવું. 3 ચૂકવું–ચૂક આણવી; પેટમાં અમલાય તેમ કરવું. 4 દુઃખ દેવું. 5 *v. i.* ચમટીમાં પકડવું. 6 અમલાવું; ચુકો થવો–મારવો. 7 સખ્તીથી અથવા નીચપણે પૈસા કહડાવવા. 8 *n.* પકડ; પંજો; ચુંગાલ. 9 હાથો; મૂઠ. 10 ચૂંકો; ચૂંક; અમલાટ. 11 દબાણ; ચંપાણ; ઘાતકી રીતે નાણું–પૈસા કહડાવવા તે; જુલમ.
Griping, *n.* ચુંકાનું દર્દ;ચમરો તુટીને થતું દુઃખ; અમલાટ. [2 ઓરાકી.
Grist, *n.* દળણું; દયણું; ઓરણું.
Gristle, *n.* કુમળું હાડકું; કોમલાસ્થિ.
Grit, *n.* થુલું. 2 ભરડો; કણી; છળતાં કાહાડેલા અથવ ભરડેલા મગઅડદ. 3 કાંકરા; રેતી; કંકર; કાંકરી.
Gritty, *a.* રેતાળ; કાંકરા–કાંકરીવાળું.
Groan, *v.i.* ઊંડો–ધીમો હાય અફસોસ ભરેલ આવાજ કહાડવો; અરે અરે કરવું. 2 જારી કરવી; પીડાવું; રડવું. 3 *n.* શોકનો ઊંડો આવાજ.
Groat, *n.* ચાર પેન્સ એટલે આઠ કદીઆં જેટલી કિમ્મતનો આગલા વખતનો એક ઈંગ્રેજી સિક્કો.
Grocer, *n.* નેસતી; વાણીઓ; કરીયાણું વેચનાર ગાંધી.
Grocery, *n.* કરીઆણું; ગાંધીની દુકાનનો સામાન. 2 કરીઆણાની દુકાન–વખાર.
Grog, *n.* પાણી મેળેળો જલદ દારૂ.
Grog shop, *n.* પિઠું; કલાલખાનું.
Groin, *n.* જાંગનો સાંધો–થાપો.
Groom, *n.* ચાકર; હાત આગળ કામ કાજ કરવાને રાખેલો છોકરો; હજુરીઓ. 2 ઘોડાવાળો; ચરવાદાર; રાવત. 3 નવો–તરતનો પરણેલો પુરૂષ; નવો વર.
Groove, *n.* ખોભણ; ખાંચ; ચાસ. 2 *v. t.* ખોભણ કાહાડવી–કોતરવી; ખાંચ કરવી; ચાસ પાડવો.

Grope, *v. i.* અંધારામાં ટટોસવું–ફાંફાં મારવાં. 2 *v. t.* ફાંફાં મારીને શોધી કહાડવું.

Gross, *a.* ઘણું મ્હોટું. 2 જાડું. 3 મંદ. 4 હલકું. 5 ભુંડું. 6 ધડ. 7 હડહડતું. 8 એકંદર. 9 *n.* મુખ્ય ભાગ. 10 બારડજન; ૧૪૪ નંગ; ચોવીસ છક્કડી. *In the gross*, એક રકમે; સામટું.

Grot, Grotto, } *n.* મ્હોટો ગુફો; ગુહા; ભોંયરું.

Grotesque, *a.* ઝિથરું પિથરું; હસું આવે એવા બેડાળ દેખાવનું; તરેહવાર.

Ground, *n.* જમીન; ભોંય; ભૂમિ. 2 મિલકત; જમીન. 3 પાયો; આધાર; સબબ. 4 દેશ; પ્રદેશ. 5 (*pl.*) રગડો; ઠરી બેઠેલો કચરો. 6 ભોંય. 7 *v. t.* ભોંય–જમીન ઉપર મુકવું–બેસાડવું–જડવું–ટેકવવું. 8 આધાર–પાયા ઉપર રાખવું. 9 મુળ તત્વમાં પક્કું કરવું. 10 *v. i.* જમીન ઉપર લાગવું; ભોંય–જમીન ઉપર ચઢીજવું; છિતવું; લાધવું.

Ground floor, *n.* ઘેરનું ભોંય તળીયું.

Groundless, *a.* બેસબબ; નાહક. 2 ખોટું; બુમાટા–અફવા જેવું; નિરાધાર.

Ground rent, *n.* જમીન–ભોંય ભાડું.

Ground work, *n.* મંડાણ; પાયો. 2 ભોંય; જમીન. 3 મુળ આધાર.

Group, *n.* જમાવ; ટોળું; જુમખો; સંઘ. 2 માણસ, પશુ, ફુલ વગેરેનો જમાવ. 3 *v. t.* છાજતી–જુગતી રીતે ગોઠવવું–જમાવવું.

Grout, *n.* ચાળ્યાવનાનો–થુલાં સાથનો આટો. 2 ઈંટ અને પથ્થરની બાંધણીના સાંધામાં રેડવાનો પાતળો બનાવેલો બરચી ચુનો.

Grove, *n.* કુંજ; ઝાડનું ઝુંડ; ઝાડોની ઘટા; રાઈ (mango grove અમરાઈ.)

Grovel, *v. i.* જમીન ઉપર ઊંધા પડીને પેટે ઘસડાવું.

Grow, *v. i.* ઉગવું; વધવું; ઉછલવું. 2 વધવું; વધારે થવું (આબરૂ–અક્કલ–તવંગરી–જોરમાં.) 3 નિપજવું; નિકળવું; થવું. 4 *v. t.* પાક કરવો; ઉપજાવવું; નિપજાવવું.

Growing, *ppr.* or *a.* વધતું; ભરાતું; એકઠું થતું; ચઢતું. 2 સારી પેઠે માતનું; કુજતું.

Growl, *v. i.* ગુરગુરવું; ઘુરવું; ઘુરકવું. 2 *n.* ઘુરવા–ઘુરકવાનો આવાજ.

Growth, *n.* વધ; ઉછલ; બીઆદતી; વૃદ્ધિ (જનાવર તથા ઝાડપાનની.) 2 ઉપજ; પાક. 3 વધારો; ફેલાવો. 4 ફલ; પરિણામ.

Grub, *v. i.* & *v. t.* ઉખેડવું; ખોદવું; મુળિયાં ખોદી કાહાડવાં. 2 *n.* કીડો.

Grub ax, Grub hoe, Grubbing hoe, } *n.* જમીનમાંથી ઝાડ ઝાંખડનાં મુળ–થડ ખોદી કાહાડવાનું હથિયાર; ખુરપો.

Grudge, *v. t.* અદેખાઈ કરવી; અદાવત રાખવી–કરવી. 2 મોટાં રાંકટથી–જુલમથી–નાખુશીથી આપવું. 3 *v. i.* આનાકાની કરવી; હેવાહાયવાય કરવી. 4 *n.* કિનો; અદાવત.
Grudgingly, *ad.* અસંતોષથી; જીવ કચવાવીને.
Gruel, *n.* પેજ; ચોખાને બાફી બનાવેલું પાણી; કાંજી; રાબડી.
Gruff, *a.* સખ્ત; તુંદ; બે અદબ; કઠોર.
Grumble, *v. i.* નારાજી થઈ બડબડવું; કકલવું. 2 ગુરગુરવું.
Grumblings, *n.* પેટમાં ગુરગુરવું તે. 2 ઘુરવાનો અવાજ કાહાડવો.
Grumbler, *n.* બડબડયું; નારાજ–અસંતોષી માણસ; રોદણાંરોનાર.
Grume, *n.* નરમ ચીકણી વસ્તુની બંધાયલી ગાંઠ–દડબ.
Grumly, *ad.* ચઢાવેલાં મ્હોડાંથી; ગુસ્સા ભરેલા દેખાવથી.
Grunt, *v. i.* ડુક્કર–ભુંડની પેઠે ચિચાડી પાડવી; ડરકવું. 2 *n.* ડુક્કરનો આવાજ.
Guano, *n.* પક્ષીની હગારનું ખાતર.
Guarantee, *n.* જામીનગીરી; હામી. 2 જામીન; જુમ્મો લેનાર. 3 જામીન લેનાર. 4 *v. t.* જામીન થવું.
Guard, *v. t.* બચાવ–સંભાળ કરવો; ચોકી કરવી; પેહેરો કરવો–ભરવો; સંભાળવું. 2 *v. i.* તપાસ રાખવી; સંભાળ–નજર રાખવી; સાવધ રેહેવું. 3 *n.* સાવધગીરી; ચોકસાઈ; ખબરદારી; રખેવાળી. 4 ચોકી; પેહેરો; પોહરેગીર; રખેવાળ; ગાડદી. 5 દસ્તપનાહ; ઓબલો. 6 ઘડિયાળની સાંકળી.
Guarded, *a.* સાવધ; ચોકસ.
Guarder, *n.* નિગાહબાન; રક્ષક; રખેવાલ.
Guardian, *n.* મુરબ્બી; રખવાળ. 2 વાલી.
Guardianship, *n.* નિગાહબાની; રખેવાળી.
Guava, *n.* જમરૂખ; પેર.
Guess, *v. t.* અટકળ–કલ્પના કરવી. 2 *n.* અટકળ; અનુમાન; તર્ક; કલ્પના.
Guesser, *n.* અટકલબાજ.
Guest, *n.* પરોણો; મેમાન; અતિથિ.
Guidance, *n.* રસ્તો દેખાડવો તે; માર્ગ પ્રદર્શન; રાહનુમાઈ.
Guide, *v. t.* વાટ–રસ્તો–માર્ગ–રાહ–દેખાડવી–બતલાવવી. 2 ચલાવવું, જેમકે વહિવાટ–કામ કાજ–કારભાર. 3 કેળવવું; શિખવવું; રાહનુમાઈ કરવી. 4 *n.* ભોમીઓ; વળાવો; વરતણીઓ. 5 રાહનુમા; પેશવા. *Spiritual guide,* ગુરુ; આચારી; આચાર્ય.
Guideless, *a.* બિનરાહનુમા.
Guile, *n.* હિલો; ફરેબ; દગો; કૃત્રિમ; કાવો દાવો; છળ; કપટ.
Guileful, *a.* હીલાબાજ; મક્કાર; ફરેબી; કપટી; દગાખોર; કૃત્રિમી.

Guileless, *a.* નિષ્કપટ; અકૃત્રિમ; ભોળું. [પ્રકારનું યંત્ર.
Guillotine, *n.* ગરદન મારવાનું એક
Guilt, *n.* દોષ; અપરાધ; તકસીર.
Guiltiness, *n.* તકસીરવારી; ગુનાહગરી.
Guiltless, *a.* બેગુનાહ; બેતકશીર.
Guilty, *a.* ગુનાહગાર; તકસીરવાર. 2 ગુનાહનું; તકસીર-અપરાધનું; દુષ્ટ.
Guinea, *n.* આસરે સાડાદશ રૂપીયા જેટલી કિમ્મતનો સોનાનો એક સિક્કો; ગીની; ગેણી. [મરચું.
Guinea pepper, *n.* ઝિણું-લવગીયું
Guinea worm, *n.* નારુ; વાળો; વાળો.
Guise, *n.* સૂરત; શિકલ; દેખાવ; રૂપ; ડાળ. 2 વેશ; પોશાગ; પેહેરવેશ; લિબાસ. 3 ચાલ; ઢંગ. 4 રવેશ; રસમ; રીત. [ટો; સિતાર.
Guitar, *n.* વિણો; રુદ્રવિણો; સુરસો-
Gulf, *n.* અખાત; મોટી ખાડી.
Gull, *v. t.* ભોગવવું; ભમાવવું. 2 *n.* ભોળું-સમજવનાનું માણસ; અહમક.
Gullet, *n.* ગળું; હલક; ગળાંનો નળ.
Gulp, *v. t.* ગટગટાવી-પોઇ જવું. 2 ડપુસા મારવા; ગબ કરીને ગળી જવું. 3 *n.* મોહોટ મોટા બુક. 4 મોટો ગોટ-ઘોટ. *To gulp up,* ઓકી કાઢવું; પાછું નાખવું.
Gum, *n.* ગુંદર. 2 *Gums,* દાંતના પાળા-પીઢિયાં; અવાળુ. 3 આંખમાંનો ચિપડો. 4 *v. t.* ગુંદર લગાડવો; ચોંટાડવું. [આવવા તે.
Gumboil, *n.* પાળા-અવાળુ સુજી-
Gummy, *a.* ગુંદર જેવું; વળગી જાએ
Gun, *n.* બંદુક. 2 તોપ; તોફ. [એવું.
Gun carriage, *n.* ગાડિયું; તોપની ગાડી-ગાડિયું. [તોપ પડવી તે.
Gun fire, *n.* તોપ પડવાનો વખત;
Gunner, *n.* ગોલંદાજ; તોપ મારનાર.
Gun powder, *n.* બારૂત; બંદુકનો દારૂ.
Gun shot, *n.* સરખી અને સીધી ગોઠવેલી તોપના ગોળાનો ટપ્પો. 2 *a.* તોપનો ગોળો લાગાથી થએલું.
Gunstock, *n.* કુંદું; બંદુકનું કુંદું.
Gurgle, *v. i.* ગડગડતા-બુડબુડતા આવાજે પાણીનું-પ્રવાહિ પદાર્થનું વેહેવું
Gush, *v. i.* જોરસાથી-ભડભડ-ધડધડ-ખળખળ કરીને પડવું-વેહેવું-નિકળવું.
Gust, *n.* સ્વાદ; લેહેજત; રુચિ. 2 માજ; મઝા. 3 પવનનો ઝપાટો-સપાટો. 4 મનમા ઉત્પન્ન થએલો જુસ્સો; મનનો ઉભરો.
Gut, *n.* આંતરડી; આંતરડાં. 2 *v. t.* આંતરડાં કાહાડવાં. 3 લુટવું.
Gutter, *n.* છાપરાંની ગટર. 2 પાંણી જવાની નીક; મોરી.
Guttural, *a.* કંઠસ્થ; કંઠ્ય.
Gymnasium, *n.* તાલિમખાનું; કસરતશાળા.

Gymnastic, *a.* તાલિમ—શારીરની ક-
સરતને લગતું.
Gymnastics, *n.* મલ્લયુદ્ધ; મલ્લ-
ક્રીડા.
Gypsum, *n.* એક ખાર.
Gypsy, *n.* એક જાતનાં રખડતાં
ફરતાં લોક—લોકનો ટોલો. ભવિષ્ય
કહેવા, ચોરી કરવા વગેરેના તરે-
હવાર ઢોંગ ધતુરા—ઠગ વિદ્યા કરી
એઓ પોતાનું ગુજરાન કરેછે.
Gyration, Gyre, *n.* ગિરકાંડો; ફેરો; ફેરી; ગોળ ચક્કરમાં ફરવું તે.
Gyve, *n.* પગની બેડી. 2 *v. i.* બેડી
પેહેરાવવી—ઘાલવી—ઠોકવી.

H.

H ઇંગ્રેજી મુળાક્ષરોનો આઠમો અક્ષર.
Ha, *Interj.* હાહા; વાહ વાહ.
Habeascorpus, હેબીઆસ કારપસ
નામનું હુકમનામું.
Haberdasher, *n.* ફીત, દોરી, ટાંચ-
ની, સોઈ દોરો અને એવી બીજી
બારીક જીનસો વેચનાર; સોય
દોરાવાળો.
Haberdashery, *n.* ફીત, દોરી, ટાં-
ચની, સોઈ, દોરો, અને એવી બી-
જી બારીક જીનસો.
Habit, *n.* વેશ; પેહરાવ; પોશાક; વા-
ગો; વસ્ત્ર. 2 પ્રકૃતિ; તબિયત. 3 ચાલ;
ટેવ; આદત. 4 ખાસિયત; સ્વભાવ.
5 *v. t.* લુગડાં—પોશાક પેહેરાવવો.
Habitable, *a.* રેહેવા—વસવા જોગ.
Habitant, *n.* વસનારૂં; રેહેવાશી.
Habitation, *n.* રેહેવું—વસવું તે.
2 રેહેઠાંણ; ઘર; હવેલી; આવાસ.
Habitual, *a.* રાબેતાનું; હંમેશાનું.
Habitually, *ad.* નિત્ય; હરહંમેશા.
Habituate, *v. t.* અનુભવ—માવરો—
માહાવેરો પાડવો. 2 કોઈ જગા ઉપર
રેહેવાથી દાખલ ઠરીઠામ થઇ રેહેવું.
Habituated, *pp.* આસરમ પડેલું; રો-
જ ઉપયોગમાં આવ્યાથી હલી ગએલું.
Hack, *v. t.* વાહાડી કાપી કકડે કકડા—
પુરજે પુરજા કરવા. 2 *n.* ઘા; કાપો;
વાહાડ. 3 ભાડેનો ઘોડો—ઘોડું. 4 ભા-
ડેની ગાડી; ભાડુતી ગાડી. [ગાલ્લી).
Hackery, *n.* બળદનું ગાડું—ગાડી (બં-
Hackle, *v. t.* સણ પિંજવું. 2 *n.*
જાડાં સણમાથી બારીક સણને છુટું
—જુદું પાડવાનું દાંતાદાર એક હથિ-
યાર. 3 વગરતુણેલું કાચું રેશમ.
Hackney, *a.* ભાડેનું; ભાડુતી. 2 સા-
ધારણ—બધાં કામમાં આવતું. 3 સા-
ધારણ થઈ ગયલું; ચાવી—કુચો કરી
નાખેલું. 4 *v. t.* પલોડવું; રગડાલવું.
Hag *n.* બદસૂરત બુઢીયા; વંતરી.
2 ચુરેલ; ડાકણ.

Haggard, *a.* દુબળું; આંખના ડોળા બેસી ગયલા–આંખમાં ખાડા પડેલા એવું.

Haggle, *v. i.* ઘસાઘસી કરવી; રિક ઝીક –બાંધ છોડ કરવી (ભાવ કરવામા)

Ha, } હા; તાજુબી ખુશાલી જણાં-
Hah, } • વાનો આવાજ.

Hai, } *n.* કરાં; ગાર.
Heail stones, }

Hail, *v. t.* & *v. i.* કરાં વરસવાં. 2 હાંક મારવી; સલામ કરવી. 3 *a.* તંદરૂસ્ત; આરોગ્ય; નિરોગી. 4 *interj.* તંદરૂસ્ત–સારી પેઠે હોજો! નમસ્કાર; સાહેબ સલામ.

Hair, *n.* બાળ; વાળ; નિમાલા; રૂઆં. 2 ઝાડઉપરનાં બારીક રૂઆં; કેસર.

Hairy, *a.* બાલ ભરેલું. 2 બાલનું બનાવેલું; બાલને મલતું; પરામી.

Halcyon, *n.* ડિચો; માછલી ખાનારૂં એક પક્ષિ.

Halcyon, } *a.* સમાધાન; સુખ
Halcyonian, } ભરેલું. *Halcyon days*, સુખશાંતીનાદિવસો; સુખ ચાકા- [ળ.

Hale, *a.* તંદુરૂસ્ત; નિરોગી; ચંગું.

Half, *n.* } અરધો ભાગ; નિ-
Halves, *n. plu.* } મ ભાગ; અર્ધ; નિમ; અડધોઉ. 2 *a.* અરધું; નિમે.

Half blood, *n.* સાવકાપણું; સાવકું સગપણ. [ભાઈ.

Half brother, *n.* સાવકો–ઓરમાણ-

Half cast, *n.* હિંદુસ્થાનના લોક સાથે યુરોપીયન પુરૂષ અથવા સ્ત્રીનો મેલાપ થયાથી અવતરેલું આદમી; હાફ કયાસ્ટ. [ચેલી બંદુક.

Half cock, *n.* અરધી ચાંપ ચઢા-

Half dead, *a.* અર્ધમુઉં.

Half holiday, *n.* અર્ધાદિવસની છુટી.

Half sister, *n.* સાવકી–ઓરમાણ બેહેન.

Half sphere, *n.* નિમગોળો; ગોલાર્ધ.

Half way, *ad.* વચમાં; અરધે રસ્તે. 2 *a.* બંનેગમથી, સરએછિટે; વચોવચ.

Half yearly, *ad.* વર્ષમાં બેવાર; છ માસનું; છમાહી; દુવાર્ષિક.

Hall, *n.* મોહોટો ઓરડો. 2 અદાલત; ન્યાયસભા. 3 કચેરી; સરકારવાડો; સદર. 4 દિવાનખાનું; દર્બાર.

Halleluiah, } *n.* પવિત્ર ગાયનમાં
Hallelujah, } ખુદાતાલાની તારીફ ગાવાનો હીબ્રૂ ભાષાનો એ શબ્દ છે; એનો અર્થ, ખુદાની તારીફ ગાઓ, ખુદાની શેતાએશરાકરો, એવો થાએછે

Halloo, *v. i.* કોઇનું નામ દેઇ હાંક મારવી–બૂમ પાડવી, 2 *n.* બૂમ; હાંક.

Hallow, *v. t.* પવિત્ર કરવું; પૂંજવું. 2 પવિત્ર માનવું; પવિત્ર સમજી પાલવું

Hallucinate, *v. i.* ચુક કરવી; ખતા ખાવી; ચુકથી અથડાવું.

Hallucination, *n.* વિચાર શક્તિની અથવાઇંદ્રિયોની ખામીથી થતી ચુક

—ભ્રમ. 2 તબિયત નાદુરસ્ત થયાથી જે ખોટા દેખાવ નજરે પડેછે તે; ચિત્તભ્રમ.

Halo, n. પરિવેષ; તેજમંડળ; પ્રભાવળ; સૂર્ય, ચંદ્ર અને આકાશ માહેલા બીજા ગ્રહોની આસપાસ થતું ગોળ ચક્કર. 2 ચિત્રમાં સાધુ વિગેરેનાં માથાની આસપાસ કિરણનું ચક્કર કહાડેછે તે; કિરણ—અંશુમાળા.

Halt, v. t. ચાલતાં ચાલતાં ઉભાં રહેવું; અટકવું; થોભવું. 2 કુચ કરતાં થોભવું; મુકામ—ઉતારો કરવો. 3 લંગડાવું; ખોડાવું. 4 આચકો ખાવો; ઘોળ પડવો; ખંચાવું. 5 v. t. મુકામ—છાવણી કરવી. 6 n. પડાવ; મુકામ; છાવણી; ઉતારો. 7 a. લંગડાતું; લંગડું; ખોડું.

Halter, n. બાગદોર. 2 ફાંસી દેવાનું દોરડું. 3 v. t. બાગદોર પેહેરાવવી—નાખવી.

Halve, v. t. સરખા બે ભાગ કરવા; નિમોનિમ કરવું; અડધો અડધ ભાગ કરવો.

Ham, n. ઘુંટણની તળેનો ભાગ. 2 મીઠું દઈને સુકવેલી ડુક્કરની લટાંગડી—જાંગ.

Hamlet, n. ન્હાનું ગામડું; ખેડું.

Hammer, n. small, હથોડી—Large, હથોડા—*Sledge hammer*, ઘણ. 2 બંદુખનાકાન ઉપરનો ઘોડા. 3 v. t. હથોડા મારવો; હથોડાથી ઘડવું—ટીપવું

Hammock, n. લટકાવેલું—ઝુલતું બિછાનું; ઝોળી (વાહાણમાં.)

Hamper, n. પાંટી; ઝાપ; મોહોટી પોહોળી ટોપલી; ટોપલો. 2 બેડી. 3 v. t. રોકવું; અકળાવવું; હાથ પગ બાંધી લઈને સપાટામાં લેવું; ગુચવણમાં નાખવું.

Hamstring, n. ઘુટણનાં તળિયાની નસ—રગ. 2 ડુકરની જાંગની નસો—સંધિ બંધન.

Hand, n. હાથ; કર; દસ્ત. 2 કળા; હતોટી; આવડત; કુશળતા. 3 અખ્તિયાર; તાબુકો; કબજો. 4 કાંટો (ઘડીઆળનો.) 5 વલણ; હાથ; અક્ષર; મરોડ. 6 v. t. હાથે કરીને આપવું—હવાલે કરવું. 7 હાથ પકડીને ચલાવવું; દસ્તગીરી કરવી.

Hand bill, n. પ્રસિદ્ધ પત્ર; હેન્ડબિલ

Hand breadth, n. હાથ જેટલી પોહોળી જગા; અધેલી.

Hand cuff, n. હાથબેડી; હાથકડી.

Handful, n. મુઠ્ઠીભર. 2 જુજવી.

Handicraft, n. કળા; ઘડકામ; હાતકામ. 2 હુનરી; કળવઈઓ; કારિગર.

Handily, ad. કાબેલીઅતથી; કુશળતાથી. 2 સેહેલાઈથી; આસાનીથી.

Handiness, n. દસ્ત કાબેલીઅત;

Handkerchief, n. રૂમાલ. [હથોટી.

Handle, n. દસ્તો; હાથો; દાંડો; મઠ.

2 v.t. હાથમાં—હાથે પકડવું; છેડવું. 3 વાપરવું. 4 ચલાવવું, જેમકે રાહ ધાટ ચલાવવો. 5 ઠેકાણે—હારમાં લાવવું.
Handless, a. લુલું; ટુંડું. [સાલ.
Handloom, n. હાથે કપડું વણવાની
Hand maid, Hand maiden, n. દાસી; પરિચારિકા.
Hand mill, n. ઘંટી; ચક્કી.
Handsaw, n. આરી; ન્હાની કરવત.
Handsel, n. બોહોણી; વકરો. 2 પેહેલું મુહૂરત.
Handsome, a. ખુબસુરત; રૂપવાન; સોહામણું. 2 સારૂં; ઠીક; પેટ પુર; જોઇએ તેટલું.
Handsomely, ad. સારી રીતે—પેરે.
Handsomeness, n. સૌંદર્ય; જોબાઈ; ખુબસુરતી; રૂઅની; જમાલહુસન.
Handwriting, n. હરફ; અક્ષર; દસ્તખત
Handy, a. હાથ બેસતું; હાથે બેસી શકે—આવી શકે એવું. 2 કારસાજ્યું; આવડતવાલું; લાએક; સુતર; સુગમ. 3 પાસે—મ્હો આગળ હોય એવું.
Hang, v. t. ટાંગવું; લટકાવવું. 2 ફાંસી દેવું—દેવી. 3 v. i. ટિંગાવું; લટકવું; ઝૂલવું.
Hanger-on, n. મ્હોટાઓની મેહેરબાની ઉપર આધાર રાખી તેમની ચાપલુસી કરનાર; દામનગીર; ટુકરખોર; મ્હોટાને ઘેર ઠેસીઆં ખાનાર.
Hanging, n. ઓરડાની દેવાલ ઉપર જડવાનાં કાગજ, ઝાલર તથા તેવી બીજી શેનકદાર ચીજ. 2 ફાંસી.
Hang man, n. ફાંસી દેનાર; જલ્લાદ. 2 ધિક્કારનો એક શબ્દ; ચંડાલ.
Hank, n. સુતર અથવા રેસમની ડરી; ફેંટી; ફારકો; આંટી.
Hanker, v. i. આરજુમંદ થવું; જીવ દોડાવવો—તલપાપડ થવો; સુઆવું; ચુલ—ચસકો—ચસ થવો.
Hap, n. એકાએક આવી પડે અથવા બને એવી બીના—બાબદ.
Haphazard, n. See Chance, Hazard.
Hapless, a. કમબખ્ત; બદબખ્ત; અભાગીઉં; અકર્મી. [કદાપિ.
Haply, ad. શાયદ; કદાચ; વખતપર;
Happen, v. i. બનવું; થવું. 2 વિતવું; ગુજરવું; આવી પડવું.
Happily, ad. સુખરૂપ; યથાસુખ; સુખેથી. 2 સુભાગ્યથી; સુદૈવથી; નસીબના જોરે. [લ; આનંદ.
Happiness, n. સુખ; ખુશાલી; કુશ-
Happy, a. ખુશ; સુખી; આનંદી. 2 ભાગ્યેગશાલી; યશસ્વી; નસીબવાલું—દાર. 3 સારૂં; શુભ. [ષણ.
Harangue, n. આલંકાર યુક્ત ભા-
Harass, v. t. બેજાર કરવું; દુઃખ દેવું; સતાવવું; કષ્ટિ—વેહેલા પાડવી; તોબા પોકરાવવી. 2 કૂસ કાઢી નાખવી; દમ આખર કરવો.

Harbinger, *n.* પાદશાહાની સ્વારીની આગળ જઈ સઘળી તૈયારી કરી રાખનાર; અગ્રદૂત. 2 આગામી સૂચક; અગમચેતી આપનાર.

Harbor, *n.* ઉતારાની જગા. 2 બંદર; બારૂં. 3 *v. t.* આશ્રો આપવો; છુપાવી-સંતાડી રાખવું. 4 ધ્યાનમાં-મનમાં રાખી મુકવું. 5 *v. i.* ઉતારો લેવો.

Hard, *a.* કઠણ; સખ્ત; મજબુત; સંગીન. 2 અઘરૂં; મુશ્કેલ. 3 કઠોર; નિર્દય. 4 જુલમી જાલમ. 5 ગેરવાજબી; નામાઆકુલ. 6 તંગી-મોંઘવારી ભરેલું. 7 *ad.* ખુબ મેહેનતથી; મંડીને; પાછલ લાગીને. 8 કથાવટે; મુશ્કેલીથી.

Harden, *v. t.* સખ્ત કરવું. 2 બેઅદબ-ગુસ્તાખ-સોખ-નઠોર-નફ્ફટ કરવું. 3 *v. i.* કઠણ-બેરેહેમ-સંગદિલ થવું.

Hard favored, } *a.* બીશતરૂ; બુરૂં; Hard featured, } જેનો ચેહેરો ડોલ ડાલ વગરનો એવું.

Hard fisted, *a.* કઠણ હાથવાલું; શખ્ત મુઠ્ઠિવાળું; બલકટ પંજાવાળું. 2ચિકું; કરપી; કૃપણ; કંજુસ.

Hard handed, *a.* See Hard fisted.

Hard head, *n.* કુસ્તિમાં એક બીજાના માથા અથડાવાં તે; ટક્કર.

Hard hearted, *a.* સંગદિલ.

Hardihood, *n.* દલેરી; ધિટાઈ; સાહાસ; ધારિષ્ટ; હિમત. 2 બેહયાઈ; નફ્ફટપણું; ગુસ્તાખી.

Hardiness, *n.* શરીરનું બળકટપણું.

Hardly, *ad.* મુશકેલીથી; જુલમે; કથાવટે. 2 ક્વચિત; ભાગ્યેગે. 3 પુરૂં-આખું નહીં. 4 કઠણાઈથી; કઠોરતાથી

Hardness, *n.* See Firmness. 2 મુશકેલી; કઠણપણું.

Hards, *n. plu.* સણને પિંજેઆથી નિકળતો સણનો જાડો ભાગ-કુંછો.

Hardship, *n.* દુઃખ; કષ્ટ; શ્રમ. 2 ગેર ઇનસાફી; ઈજા. [કામ.

Hard ware, *n.* લુહાર કામ; લોહોડાં-

Hardy, *a.* See Bold, Brave, Intrepid. 2 કસાએલું; કસાઈ મજ- [બુત થએલું.

Hare, *n.* સસો; સસલું.

Hare brained, *a.* રવલી પંચક; બહાવરૂં; ચલેલ; ઉડેલ.

Harem, *n.* અંતઃપુર; જનાનખાનું; સ્ત્રીઓનો બેસવા ઉઠવાનો ઓરડો.

Hark, *Interj.* સાંભળો; જુઓ; કાનધરો.

Horlequin, *n.* મશ્કરો; તરકડીઓ.

Harlot, *n.* છિનાલ; રાંડ; વેશ્યા; કસ્બાતેણ; કંચની; પાતર.

Harm, *n.* દુઃખ; ઈજા; હાનિ; નુકસાની. 2 અપરાધ; અનીતિ; અન્યાય; પાપ. 3 *v. t.* ખરાબી કરવી; દુખ દેવું.

Harmful, *a.* જિયાંકાર; હાનિકારક; નુકસાન કરે એવું.
Harmless, *a.* અવિકારી; વગર ઈજાનું. 2 બાપડું; ગરીબ; ભોળું; રાંકડું. 3 બેગુનાહ; બેતકસીર; નિરપરાધી.
Harmonious, *a.* અવયવ શુદ્ધ; પ્રમાણ શુદ્ધ; એક બીજા સાથે મળતું આવતું. 2 હમસાજ; સમસ્વર; સમાનસ્વર; તાલ શુદ્ધ; સુરાવટવાળું; મધુર. 3 સંપીલું; એક દિલ-મત.
Harmonium, *n.* એક જાતનું હાથે વગાડવાનું વાજું.
Harmonize, *v. t.* મળતું-બેસતું આવવું. 2 સૂર મળવો. 3 *v. i.* મળતું આવે એમ કરવું. 4 સૂર મેળવવા.
Harmony, *n.* મેલ; મિલાપ; એક ભાગનું બીજા સાથે બરોબર મળતું આવવું તે; અવયવોનું યોગ્ય પ્રમાણ; અવયવ યોગ્યતા-શુદ્ધતા. 2 સ્વરમેળ; સ્વરસમતા. 3 મળતાપણું. 4 સંપ.
Harness *n.* ગાડી-ઘોડાનો સાજ-સરંજામ; હરનીસ. 2 *v. t.* હારનીસ નાખવું-પેહેરાવવું-ઘાલવું.
Harp, *n.* Jew's harp, મોરચંગ; વીણા; તંતુવાદ્ય; તારનું એક વાજીત્ર. 2 *v. i.* એ વાજીત્ર વગાડવું. 3 તેનું તેજ કુટયા કરવું; એકની એક વાતનું પીંજણ કરયા કરવું.
Harping, *ppr.* or *n.* મોરચંગ વગાડવો. 2 ગોકવું; જાથુક એકની એકજ બાબદ ઉપર બોલ્યા-લખ્યા કરવું તે.
Harpoon, *n.* માછલી અથવા જલચર પ્રાણી મારવાનો ભાલો-બરચી. 2 *v. t.* ભાલો-બરચી મારવી.
Harrow, *n.* જમીન ખેડવાનું એક હથિયાર; ખાકકરા; દાંતાળો; કળપ; કળપી. 2 *v. i.* દાંતાળો-કળપ ફેરવવો; કળપવું; દાંતાળાથી ભાંજવું અને સરખું કરવું. 3 ચિરવું; ફાડવું; જીગર ચાક કરવું.
Harsh, *a.* ખખરાયલું; ખરબચડું; ખુચે એવું. 2 ખાટું; તુરૂં; આંબટ. 3 કઠોર; કાનફાડી નાખે-કંટાળો છુટે એવું. 4 કરડું; દાબાબયલું; દાઈ; તુંદ.
Harshness, *n.* ખરચબચડાપણું. 2 તુરાપણું; ખટાઈ. 3 કઠોરપણું; કરડી મજી. 4 સાંભળતાં કંટાળો છુટે એવો ગુણ-ખાસીયત.
Hart, *n.* નરહરણ; સાબરનો નર.
Harts horn, *n.* નરહરણનું સિંગ; સાબર સિંગું-સિંગડું.
Harvest, *n.* કાપણીના દાહાડા-મોસમ. 2 પાક; પીક. 3 ફળ; નફો; લાભ.
Hash, *v. t.* કાપી કુપીને કકડે કકડા કરવા; કચુંબર-ઝીણી ઝીણી કકડી કરવી. 2 *n.* ખીમો. 3 તરકારી સાથે રાંધેલી માંસની બોટી.
Hasp, *n.* સાંકળ; આંકડી.
Haste, *n.* જલદી; ઉતાવળ; ઝટપટ.
Hasten, *v. t.* ઉતાવળ-જલદી-શી-

તાખી-તાકીદ કરવી; ઉતાવલું થાય એમ-ઉતાવળથી કરવું. 2 *v. i.* ઉતાવળા થવું. 3 ધાવું; દોડવું.

Hastily, *ad.* જલદીથી; ઉતાવળથી; ઉચ્ચાઉચ્ચ; સત્વર. 2 વગર વિચારે; અવિચારથી. 3 ગુસ્સામાં આવીને; તપી જઈને.

Hasty, *a.* ઉતાવળું. 2 અવિચારી. 3 ઉતાવળાપણામાં કીધેલું. 4 ધુનમાં-ગુસ્સામાં આવીને કીધેલું. *Hasty puddig,* ફાલુદો; લાપસી.

Hat, *n.* ઉભી ટોપી.

Hatch, *v. t.* સેવણ બેસાડવી. 2 ઘાટ રચવો-ઘડવો. 3 *n.* એક વેતરવેતનાં પિલાં. 4 વાહાણનું ફાલકું.

Hatchet, *n.* કુહાડી; પરશુ; ફરસી.

Hatchway, *n.* વાહાણનું ફાલકું.

Hate, *v. t.* દ્વેષ કરવો; દુશમની કરવી.

Hate, Hatred, } *n.* કારાહત; કીનો; અદાવત; દ્વેષ; દુશમની; ચીઢ; ઝાંજ.

Hateful, *a.* દ્વેષયોગ્ય; જબુન; કુટિલ; ઝાંજ છુટે એવું. 2 અંટસવાળું; દ્વેષ ભાવનું.

Haughtiness, *n.* ગર્વ; અભિમાન; મીજાસ; મગરૂરી; દિમાગ. [ગરૂર.

Haughty, *a.* અભિમાની; ગર્વિષ્ઠ; મ-

Haul, *v. t.* ખેંચવું; તાણી-ઘસડી-ખેંચી લઈ જવું (વાહાણ-દોરડાં-સઢ-ઈત્યાદિ.)

Haunch, *n.* કેડ; કમ્મર.

Haunt, *v. t.* આવજા-રેહેઠાણ-વાસહોવો. 2 મનમાં ભમ્યા કરવું; આવી આવીને હેરાન કરવું. 3 *n.* આવજાની જગ્યા; રેહઠાણ.

Haunted, *a.* ભૂતોનો વાસ હોય એવું; ભુતાળવું. *haunted house or place,* ભુતખાનું.

Hautboy, *n.* સરણાઈ; સનયી; પીપી.

Hauteur, *n.* મગરૂરી; ગર્વ; તકબ્બરી.

Have, *v. t.* પોતાના સ્વાધિણપણામાં ધરાવવું-રાખવું-હોવું.

Haven, *n.* બંદર; બારૂં.

Havoc, *n.* ખરાબી; પાયમાલી; સંહાર; ધુળધાણી; ગજબ.

Hawk, *n.* બાજ; સકરો. 2 *v. i.* બાજ પાસે શિકાર કરાવવો. 3 ખંખારવું; બળખો કહાડવો. 4 *v. t.* હરેક સામાન વેચવાને રસ્તામાં બુમ પાડવી-મારવી; ફેરી ફરીને વેચવું.

Hawker, *n.* બાજ ઉડાવી પક્ષીનો શિકાર કરનાર. 2 ફેરીઓ; ફેરીવાળો.

Hay, *n.* સુકું ઘાસ.

Hay cock, ઘાસની ગંજી; કુંદવું; કબાડ.

Hay loft, *n.* ખલીમાં ઘાસ ઊંચે ભરી રાખવાનો માંડવો-માલીઓ.

Hayrick, Haystack, } *n.* ખુલ્લી જગા ઉપર મારેલી ઘાસની ગંજી-ગંજ; કુંદવું.

Hazard, *n.* જોખમ; ભય; ધોક્કો. 2 *v. t.* & *v. i.* તવકલ કરવી;

જોખમમાં–ભયમાં પડવું–આવવું; જોખમ ખેડવો.
Hazardous, *a.* તવકલનું; જોખમનું.
Haze, *n.* ધુમસ; ધૂમર. See Fog.
Hazy, *a.* ધુમસી; ધુંદલું; ધૂંઆરવાલું.
He, *pron.* તે; પેલો; એ; આ.
Head, *n.* માથું; શિર; મસ્તક; ડાકું; મૂડી. 2 માથું; ઉપલો ભાગ. 3 જણ; માથું; દરેક માણસ. 4 મુખ્ય; સરદાર; મુરબ્બી; વડો. 5 હોશ; બુદ્ધિ; અકલ; સમજણ. 6 મુખ; મુખ. 7 બાબત; વિષય; પ્રકરણ. 8 *v. t.* આગળ પડવું; માથે થવું; સરદારી લેવી–કરવી. *Head and ears,* નખશિખ; માથાથી તે પગલગી. *Head or tail,* છાપ કે કાંટો. *Neither head nor tail,* ધડ પુછડાં વગરનું.
Head ache, *n.* માથાનું–કપાળનું દુઃખ.
Head band, *n.* સરબંદ.
Head dress, *n.* ટોપી; શિરોવેષ્ટન.
Heading, *n.* મથાલું; સદર.
Head land, *n.* ભૂશાલાકા. 2 સેહેડો.
Headless, *a.* બેસર; વગર માથાનું; માથું કાપી લીધેલું. 2 મુરબ્બી વગરનું. 3 ઉલું; બેવકુફ.
Head long, *ad.* ઊંધે મસ્તકે; ઊંધે મોહોડે. 2 હુલ્લડાઈથી; બેવકુફાઈથી; વગર વિચારે. 3 *a.* ઊંચું; ઉભું.
Head quarters, *n. plu.* લશકરના સેનાપતિની અથવા મુખ્ય અમલદારની રેહાણની જગા–મકાન.
Head rope, *n.* અગાડી; દવાસન.
Head strong, *a.* માથાનું ફરેલ; સરકશ.
Heal, *v. t.* સાજું–નિરોગી–તંદુરસ્ત કરવું. 2 રૂઝવવું; રૂઝલાવવી; ઘાલાવવો. 3 *v. i.* રૂઝાવું; રૂઝઆવવી.
Health, *n.* તંદુરસ્તી; આફીયત; સલામતી; આરોગ્યતા. 2 તબિયત; ભાવના; પ્રકૃતિ. 3 મનદુરસ્તી; ચિત્તસમાધાન.
Healthy, *a.* નિરોગી; ચંગું; તંદુરસ્ત; આરોગ્ય. 2 ગુણકારી; ફાયદેમંદ.
Heap, *n.* અંબાર; ગંજ; રાસ; ઢગ; ઢિગાર. 2 *v. t.* ઢગલો; કરવો; ઢિગાર–રાસ–કરી મારવી; ખડકવું; સીંચવું.
Hear, *v. t. & v. i.* સાંભળવું; શ્રવણ કરવું; કાને પડવું. 2 મનપર લેવું.
Hearer, *n.* સાંભળનાર; શ્રોતા; સામી
Hearing, *n.* સાંભળવું તે; શ્રવણ. 2 કાન; શ્રવણેંદ્રિય; સાંભળવાની ઈંદ્રિ. 3 ઈનસાફ થવા સારૂ દરબારમાં થતી તપાસ; રજુઆત.
Hearken, *v. i.* See Hear, Listen.
Hearsay, *n.* ફકત મોહોડેથી સાંભળેલી વાત; ઉડતી સાંભળેલી વાત.
Hearse, *n.* મુડદાંને દાટવા લઈ જવાની ગાડી; પ્રેતરથ; શબવાહિની.
Hearse cloth, *n.* મુડદાંની ગાડી ઉપર નાખેલું કપડું.
Heart, *n.* દિલગુર્દો; રકતાશય. 2 મનની વાત; મન. 3 માહેલો–અંદર

નોં—ભીતરનો ભાગ. 4 માવો; ગર; ગાભો. 5 અંત:કરણ; હૃદય; જીગર; હૈડું; કાલજું; દિલ. *Hard hearted*, સંગદિલ. *Tender hearted*, મોમદિલ. *With heart and hand*, સરોચરામથી. *To take to heart*, હૈયે ધરવું; ગમ પકડવો. [મનો દુ:ખ.

Heart ache, *n.* દિલગીરી; બળાપો;

Heart break, Heart breaking, *n.* દિલ શિકસ્ત; ભારી હાદેસો; હૃદય—જીગર ફાટવા જેવું દુ:ખ—ખેદ

Heart burn, *n.* આમ્લપિત્ત; છાતીપર દાહે બળે તે રોગ.

Heart burning, *n.* અસંતોષ; મનમાં મુઝાવું—દાઝે ભરાવું તે; દાઝ. 2છાનું વેર; છુપી દુશ્મની; ગુપ્તવૈર.

Hearth, *n.* આતશ મુકવાની જગા; ચુલો. 2 ઘરબાર; બચ્ચાં છોકરાં સાથે સુખથી રેહેવાનું મકાન.

Heartily, *ad.* દિલોજાનથી; અંત:કરણથી. 2સારી પેઠે; પેટ ભરીને. [મ્મત.

Heartless, *a.* નિષ્ઠુર; નિર્દય. 2 નાહિ-

Heart wounded, *a.* દિલાજાર; ઈશ્કનો ઘા લાગેલું.

Hearty, *a.* જાની; સાચું; ખરાંમન—દિલનું; દિલસોજ; ખરા ભાવથી વરતનાર. 2 ચુંચું; તંદુરસ્ત. 3 બલકટ; કૌવતમંદ; મજબૂત. 4 પુષ્ટિકારક. 5 મનધરાય એટલું; પુરતું; ભરપૂર.

Heat, *n.* ગરમી; ઉષ્ણતા. 2 તાપ લાગવો તે; આંચ. 3 ઉકલાટ; તાપ; તપોટો. 4 સંતાપ; તળવળ. 5 જુસ્સો; ખુન. 6 *v. t.* ગરમ—ઉહુનુ કરવું; ગરમી લગાડવી. 7 તપાવવું; જુસ્સામાં આણવું. 8 *v. i.* ઉહુનું—ગરમ થવું; તપવું.

Heated, *pp.* તાવેલું; તપાવેલું. 2 સંતાપિત; ગુસ્સામાં—જુસ્સામાં આવેલું.

Heath, *n.* લીલોતરીની જગો. 2 ફુલ આપનારા રોપાની એક જાત.

Heathen, *n.* મૂર્તિપૂજક; બુતપરસ્ત.

Heathenism, *n.* બુતપરસ્તી; મુર્તિપૂજા; મુર્તિપૂજન. 2 જંગલીપણું; અજ્ઞાન.

Heave, *v. t.* ઊંચકવું; ઉઠાવવું. 2મારવું; નાખવું (હાથ—દમ મારવી.) 3 *v. i.* હાંફવું. 4 *n.* નિશાસો.

Heaven, *n.* (sky) આસમાન; આકાશ; ગગન. 2 સ્વર્ગ; બેહેશ્ત; જન્નત. 3 ખુદા; પરમેશ્વર.

Heavenly, *a.* આકાશનું—સંબંધી. 2 સ્વર્ગના જેવું. 3 પવિત્ર; સર્વોત્તમ.

Heavily, *ad.* ઘણાભાર—બોજાથી; ભારે; ઘણુંજ. 2 દુ:ખે; કષ્ટે કરીને; ઘણી દિલગીરીથી. 3 ધીમે ધીમે; મહામેહેનતે; કથાવટે.

Heaviness, *n.* ભાર; બોજો. 2 જડતા; ગુરુત્વ. 3 ઉદાસી; ગમગીની. 4 સુસ્તી; સુસ્તપણું. 5 જુલમ; બોજો.

Heavy, *a.* ભારે. 2 મ્હોટી રકમનું,

(દેવું.)3 માર મારનું; ઘાતમાર. 4જબરૂં; જબરદસ્ત. 5 ઉદાસ; બેદિલ. 6 સુસ્ત; મંદ. 7 મુડદાલ.8ઘનઘોર.
Hebdomal, *a.* સાત સાત દિવસે બનતું–થતું; અઠવાડિયાનું.
Hebrew, *a.* હીબરૂ–યહુદી લોકનું. 2 *n.* યહુદી ભાષા. 3 યહુદી.
Hecatomb, *n.* શતગોમેધ; સો બળદોનો યજ્ઞ. 2 મહાબલી.
Hectic, *n.* ક્ષયજ્વર; ચાલુ તાવ.
Hedge, *n.* બારબંદ; વાડ; કુંપણ. 2 *v. t.* વાડ–વઇ ભરવી; કુંપણ ઘાલવી. 3 રોકવું; બાલવું; અટકાવવું. 4 *v. i.* ભરાઈ–સંતાઈ રહેવું.
Hedge-hog, *n.* ઝાડીનું ડુકર.
Heed, *v. t.* ધ્યાન આપવું–દેવું; ગણકારવું. 2 *n.* અવધાન; ધ્યાન; લક્ષ; ભાન; ધક.
Heedful, *a.* સાવધાન; સાવચિત.
Heedless, *a.* ગાફેલ; બેપરવા; બેફિકર; બેફામ; બેભાન.
Heel, *n.* એડી. 2 *v. i.* એક કોરે ઢલવું; બાજુએ વાંક–ઝોંક ખાવો. 3 *v. t.* નસ્તર બાંધવું; જેમકે મરઘાને લડાવતી વખતે. 4 એડી કરવી–કહાડવી–મૂકવી. 5 એડીની મદદથી કરવું, જેમકે નાચવું, દોડવું. *To take to the heels,* નાહાસી જવું; પલાયન કરી જવું.
Heifer, *n.* વાછડી; વાછરડી.

Heighho, *n.* બેચેનીનો પોકાર;ઓહો.
Height, } *n.* ઊંચાઇ; ઊંચાણ. 2 ભર; જોર. 3 ટોંક; સર; છેક
Hight, } ઊંચેની અણી; સીમા; ડુંગર.
Heighten, } *v. t.* ઊંચું–બુલંદ કરવું. 2 કોઇબી હાલતમાં
Highten, } વધારો કરવો; વધારવું. 3 ભભક વધારવી. [અજીમ; માહા; ઘોર.
Heinous,*a.* અતિદુષ્ટ; અઘોર; ઝબુન;
Heir, *n.* વારસ; મિરાશગીર. *Heir apparent to a throne,* પાટવી કુંવર યુવરાજ.
Heiress, *n.* સ્ત્રી વારસ; વારસણ.
Heirless, *a.* નાવારસ; બેવારસ.
Heir loom,*n.* વારસો; વારસામાં મળેલી જીનસો, માલ મિલકત ઇત્યાદિ.
Helioscope, *n.* આંખને કોઇપણ તરેહની ઇજા પોહોંચ્યા વગર સૂર્ય જોવાની એક દૂરબીન.
Heliotrope, *n.* સૂર્ય કમળ.
Helix, *n.* પેચ; ગોળ ફેરાવો.
Hell, *n.* જાહાનમ; દોજખ; નર્ક; નરક. 2 જુગાર ખાનું; જુઆખાનું.
Hellebore,*n.* કાલીકુટકી; કટુરોહિણી.
Hellish, *a.* દોજખી; નરક સંબંધી.
Helm, *n.* સુકાન; પટવાર. 2 રાજદરબારી હકુમત ચલાવાની પદ્ધી–દરજ્જો. [ટોપી; ટોપ; શિરસ્ત્રાણ.
Helmet, *n.* લડાઇની ટોપી; જંજીરી
Helms man, *n.* સુકાની; સુકાનદાર.

Help, *v. t.* મદદ—કુમક આપવી—કરવી; હાત લાગવું. 2 ઇલાજ—ઉપાય કરવો—ચાલવો. 3 નિવારવું; અટકાવવું. 4 કરયા—બોલ્યા વગર ચાલવું. 5 *v. i.* મદદગાર થવું; બાંહેધરી કરવી; સાહ્ય થવું. 6 *n.* મદદ; યારી; સહાય; વ્હાર. 7 ઉપાય; ઈલાજ. 8 મદદગાર.

Helpless, *a.* લાચાર; બેચાર; લાઈલાજ. 2 દુર્બળ; અશક્તિવાન.

Helter skelter, *ad.* દોડાદોડીમાં; નાહાસા નાસમાં; અફડાતફડીમાં.

Helve, *n.* કુહાડીનો દાંડો. See Handle.

Hem, *n.* મગજી; કોર; સંજાફ. 2 કિનારો. 3 ખંખારનો આવાજ; ખંખારો. 4 *v. t.* ઓટવું. 5 સંજાફ—મગજી—કોર મૂકવી—લગાડવી. *To hem in,* ઘેરી લેવું. 6 *v. i.* ખંખારવું. ખંખારી આવાજ કાહાડવો.

Hematite, *n.* લોહોડાંની એક જાતની ઉપધાતુ.

Hemisphere, *n.* અર્ધ ગોળ; નિમ ગોળ. 2 પૃથ્વીના નિમ—અર્ધ ગોળનો નકશો.

Hemistich, *n.* અર્ધશ્લોક; બેતનું અધુરૂં ફરદ; કવિતાની અડધી લીટી; અર્ધચરણ—પાદ.

Hemlock, *n.* એક જાતનો ઝેરી રોપો.

Hemorrhage, *n.* શરીરના કોઇ પણ ભાગમાંથી લોહીનું વેહેવું—નિકળવું; રક્તસ્ત્રાવ; રક્ત પ્રવાહ.

Hemorrhoids, *n.* સફરાની નસોમાંથી લોહી પડવાનો મરજ; અર્શરોગ; હરસ; બવાસીર.

Hemp, *n.* તાગ; સણ. [ગ; ગાંજો.

Hen, *n.* મરઘી; કૂકડી. [ગ; ગાંજો.

Henbane, *n.* (black) ખુરાસાની ભાંગ; ગાંજો.

Hen coop, *n.* મરઘાંનું પિંજરૂં; ઝાંપો.

Hen roost, *n.* ખડો; જે જગા ઉપર રાત્રે મરઘાં રેહેછે તે જગા; મરઘાંખાનું.

Henpecked, *a.* બાયલો; બાઈડીનો તાબેદાર; રાંડીયો; બૈરીનો બાંધેલો.

Hence, *ad.* હવે પછી; આ વખત પછી. 2 હીંઆંથી; આ જગા ઉપરથી. 3 આ મૂળે; આ ઉપરથી; એને લીધે.

Hance forth, Henceforward, } *ad.* હવે—આજ—અતાર પછી; આયંદે.

Hepatic, Hepatical, } *a.* કળેજાંને લગતું.

Heptagon, *n.* સપ્તકોણાકૃતિ; સાત બાજુ તથા ખુણાની આકૃતિ.

Heptarchy, *n.* સાત જણ મલીને ચલાવેલું રાજ્ય અથવા તેમનો દેશ.

Her, *a.* or *pron.* *a.* પેલીનું; કોઈ સ્ત્રીનું; તેણીનું. 2 પેલીને; તેણીને.

Herald, *n.* ભાટ; ચારણ; સ્તુતિપાઠક. 2 પાદશાહી સ્વારીની આગળ ચાલનાર અધિકારી; અગ્રેસર. 3 આગમ સૂચક; અગ્રદૂત.

Herb, *n.* વનસ્પતિ; ઔષધિ; બુટી.

Herbaceous, *a.* વનસ્પતિ સંબંધી.
Herbage, *n.* ઝાડપાલો; ચાર; ઘાસ.
Herbarium, *n.* સંભાળ તથા જતનથી સુકવીને જાળવી રાખેલા રોપા, વનસ્પતિ ઈત્યાદિનો સંગ્રહ.
Herculean, *a.* ઘણુંજ ભારી; કઠણ મેહેનતનું; અતિશય સંકટ ભરેલું. 2 બળકટ;ઘણુંજ કદાવર અને જોરમંદ.
Herd, *n.* ટોળું; જૂથ; ઝુંડ; પશુ જાનવરોનું તોળું. 2 *v.i.* ટોળા બંધ થઇ ચરવું–ફરવું–રેહેવું. [ળીઓ.
Herds man, *n.* પશુપાલ; ગોપ; ગોવા-
Here, *ad.* આ જગાએ; આ તરફ; અહીંયાં. 2 હાલના વખત અથવા જીંદગીમાં. *Here and there,* એણી ગમ પેલીગમ; અહીં તહીં; આમ તેમ. 2 આછું આછું; થોડું થોડું; વેરણ એરણ.
Hereafter, *ad.* હવે પછી; અતાર પછી. 2 *n.* હવે પછીની હાલત; મરણ પછીની હાલત–જીંદગી.
Hereby, *ad.* એથી કરીને; એણે કરીને.
Here-in, *ad.* એમાં; એની અંદર.
Here-of, *ad.* એમાંથી અથવા હીંયાનું
Hereto, Here-unto, } આ ઉપર.
Heretofore, *ad.* આજ લગી–પર્યંત; હમણા સુધી.
Here-upon, *ad.* એ ઉપરથી; એ પછી.
Here-with, *ad.* આ સાથે; એની સાથે.
Hereditament, *n.* વારસા તરીકે ઉતરેલી-મળેલી મિલકત–માલ; વારસો
Hereditary, *a.* વંશપરંપરાગત; બાપીકું; વંશીક; એવે ઉતરેલું.
Heresy, *n.* પાખંડ; પાખંડમત; ખોટીરાહ; ગુમરાહ.
Heretic, *n.* પાખંડી; કુમાર્ગી; કાફર.
Heritage, *n.* મિરાસ; ઇર્સ; વારસો.
Hermaphrodite, *n* હિજડો અથવા હિજડી; પાવૈયો; પાવૈ. 2 એકજ ફુલમાં એકજ ઠેકાણે નર માંદાના ભાગો આવેલા હોય એવું ફુલ, અથવા તેવાં ફુલનું ઝાડ.
Hermetic, Hermetical, } *a.* કોઈ વાસણમાં હવા કે પ્રવાહી પેસી કે બહાર નિકળી શકે નહી એવીરીતે તેને સજ્જડ–ચપટ બંદ કરેલું–બિડલું.
Hermit, *n.* વનવાસી; તપેસરી.
Hermitage, *n.* મઠ; ઝુંપડું; વેરાગીની ઝુપડી. 2 એક જાતનો વાઇન દારૂ.
Hernia, *n.* ગોળાનો મરજ; અંતર્ગળ.
Hero, *n.* બાહાદુર; વીર; શૂર; પેહેલવાન. 2 નાયક (નાટકમાં.)
Heroic, Heroical, } *a.* બાહાદુરીનું; વીરપુરૂષાનાં ચરિત્રનું વર્ણન કરતું.
Heroine, *n.* બાહાદુર સ્ત્રી; વીરા. 2 નાયકા; નાયિકા.
Heroism, *n.* જવાનમર્દી; શૌર્ય; દલાવરી; મર્દાનગી. 2 મનની મ્હોટાઇ; અમીરાઈ.
Heron, *n.* બગળો; બગલું; કંક.

Herpes, *n.* ચામડીપર થતો એક રોગ; દરાજ; દાદર; દાપર.

Herring, *n.* એક જાતની માછલી.

Hesitate, *v. i.* દગદગો આવવો; અચકાવું; મન ઢચુપચુ હોવું; આનાકાની–હા ના કરવી. 2 બોલતાં બોલતાં લથડવું–અચકાઈ જવું.

Hesitation, *n.* આનાકાની; દગદગો. 2 બોલવામાં થતી લથડ–આંચકો.

Hesitatingly, *ad.* આનાકાની–હા ના કરીને. 2 અચકાઇ અચકાઇને.

Hesperian, *a.* પશ્ચિમનું; આઠમણનું.

Heterodox, *a.* પાખંડી; શાસ્ત્રવિરૂદ્ધ.

Heterodoxy, *n.* See Heresy.

Heterogeneal, Heterogeneous, *a.* ભેળસેળ; ભેળભાળ; પચરસ; જુદી જાત–ખાસિયતનું; વિજાતીય.

Hew, *v. t.* કાપવું; વાઢવું. 2 ટાંકણાથી સુમાઈ–સફાઈ ભરેલું કરવું (પથર). 3 હથિયારથી કોતરીને ડાલ–ઘાટ–આકાર કાહાડવો. 4 કકડા ખુકલા કરી નાખવા; કકડી કકડી કરી નાખવી.

Hexagon, *n.* (*Geom.*) છ ખુણાં તથા બાજુની આકૃતિ; ષટ કોણાકૃતિ.

Hexagonal, *a.* ષટ કોણુ; છ ખુણાં તથા બાજુવાળું.

Hexameter, *n.* ષટપદી શ્લોક; છ ચરણનો શ્લોક–પદ–છંદ.

Hey, *Interj.* ચે, શાબાશ, વગેરે એક બીજાને ઊસકેરવા અથવા ખુશાલી જણાવાના પોકાર.

Hey day, *Interj.* તાજુબીનો અથવા ખુશાલીનો આવાજ. 2 *n.* મઝા; મોજ; ગમત.

Hibernal, *a.* સિયાળાનું; સિયાળાને [લગતું.

Hiccough, Hickup, *n.* હેડકી; ઉચકી; અડગચી; હટકડી; વાધણી.

Hid, Hidden, *pp.* or *a.* છુપાવેલું; સંતાડેલું. 2 છાનું; ગુપ્ત.

Hide, *v. t.* છુપાવવું; ગુપ્ત રાખવું; સંતાડવું; ઢાંકવું. 2 *v. i.* સંતાવું; ભરાઈ બેસવું. 3 *n.* ચામડું; ચર્મ; ખાલ; જિલ્દ. *Hide-and-seek,* નાસો ગોસો; ડાહીનો ઘોડો.

Hideous, *a.* બિહામણું; ભયંકર; વિકરાળ. 3 કાનને કંટાળો ઉપજે એવું; સાંભળીને ચીતલી ચઢે એવું.

Hie, *v. i.* ઉતાવળ–ઝડક–જલદી–શેતાબી કરવી; દોડતાં જવું–આવવું. *Hie thee home,* જલદી દોડતો ઘર જા.

Hieroglyph, Hieroglyphic, *n.* એનો શબ્દાર્થ "પવિત્ર અક્ષરો" એવો થાયછે. મિસર દેશના પ્રાચીન ધર્મગુરૂઓ જે અક્ષરો લખતા હતા તે અક્ષરો. એ અક્ષરોનો આકાર કેટલીક દેખાઇતી ચિજોને મલતો આવેછે, જેવાકે જનાવરોના આકાર–પક્ષી–ઝાડપાન–ઘરનો

સામાન, ઇત્યાદિ;સાંકેતિક અક્ષર-ચિન્હ. 2 *a.* ન સમજાએ એવું;ગૂઢ.
High, *a.* ઊંચું; બુલંદ. 2 ખુબીએ અથવા દરજ્જે મ્હોટું-સરસ-ઊંચું. 3 મોટાં-ઉદાર મનનું; અમીરી. 4 જબરૂં; જોરાવર; પ્રચંડ. 5 મોઘું; આકરૂં. 6 અભિમાન વાળું. 7 *ad.* ઘણાજ બારીક-ઊંચા વિચારથી. 8 ઊંચેથી. *High colour,* ભભકદાર રંગ. *High noon,* ખરા બપોર. *It is high time,* વખત હવે ભરાઈ ગયોછે. *High treason,* રાજ દ્રોહ. *High living,* મિષ્ટાન ભોજન.
High born,*a.* કુલવાન; અમીર જાદું.
High handed, *a.* જુલમ ભરેલું. 2મનગમતું; મનમાનતું.[પાણીવાળું.
High mettled, *a.* જલદ; જાનદાર;
High minded,*a.* મ્હોટાં-ઉદાર મનનું.
High road,*n.* ધોરી-બાદશાહી રસ્તો.
High seasoned, *a.* ખુબ મસાલાદાર બનાવેલું. [ટું મ્હોટું.
Highsounding, *a.* બડાઈખોરૂં; મ્હો-
High spirited, *a.* જરાજરામાં ચિડાઈ પડે એવું. 2 હિમ્તવાન.
High water, *n.* સમો; પુરભરતીનો વખત; મોટી જુવાળ.
High land, *n.* ઊંચી જગા. 2 કોહિસ્તાન; પહાડી મુલક-દેશ.
Highlander, *n.* પાહાડ ઉપર રેહેનારૂં માણસ; પાહાડી લોક; કોહિસ્તાની.

Highly,*ad.* નિહાયત;ઘણુંજ;બહુ;અતિ.
High way, *n.* રાજમાર્ગ; શાહરાહ; શારેઆમ-ધોરી રસ્તો; સડક.
High wayman, *n.* વાતપાડો;રાહજન
Highness, *n.* બુલંદી; ઊંચાઈ. 2 શાહાજાદાઓને તથા પદ્વી ધરાવનાર બીજા શખ્સોને આદરમાનથી બોલવા લખવાનો એક એતાબ, જેવો કે જનાબેઅલી-અલીજાહ-મ્હારાજ.
Hilarity,*n.* ખુશી ખુશાલી;ગમત;મઝે.
Hill, *n.* પાહાડ; ગિરી; ડુંગર; ડુંગરી.
Hillock, *n.* ન્હાની ટેકરી; ડુંગરી.
Hilly, *a.* ડુંગરવટ; પાહાડી.
Hilt, *n.* મૂઠ; હાથો; દસ્તો; કબજો.
Him, *pron.* તેને; તે પુરૂષને; એને.
Himself, *pron.* તે ખુદ પોતે; તેણે પોતે.
Hind, *n.* મૃગી; મૃગલી; હરણી.[પોતે.
Hind, } *a.* પાછલું; પછવાડેનું; પુઠનું;
Hinder, } આખરનું; પાછળનું.
Hinder, *v.t.* & *v.t.* અટકાવવું; રોકવું;બંધ પાડવું; ખાળવું;ખલેલ કરવી.
Hinderance, } *n.* અટકાવ; રોકાણ;
Hindrance, } ઓલંબો; બાંધ; નડ; અડચણ; ખલલ.
Hindmost, *a.* છેલ્લું; આખેરીનું.
Hinge, *n.* મિજાગરૂં; નરમાદા; બક્કું. 2 મુળપાયો-આધાર. 3 *v. t.* મિજાગરાં જડવાં. 4 *v. i.* કોઈ ચોકસ બાબદ ઉપર કોઈ બિનાએ આધાર રાખવો-પકડવો.

Hint, *v. t.* ઇશારો-એશારો કરવો; ચેતાવવું. 2 *n.* ઇશારો; ચેતવણી; સૂચના; અણસારો.

Hip, *n.* પુઠું; કેડ; કમ્મરનું હાડું.

Hipped roof, Hip roof, *n.* ચાર ઢાળનું છાપરૂં

Hippodrome, *n.* ઘોડાની કસરત દેખાડવાનો અખાડો.

Hippopotamus, *n.* દરીયાઇ ઘોડો.

Hire, *v.t.* ભાડે કરવું-લાવવું-રાખવું. 2 ભાડે-રોજે-મહીને અથવા વરસાએ કોઇને ચાકરીએ રાખવું. 3 ઠરાવત-લાંચ આપી રાખવું-કામે લગાડવું; ભાડુતી માણસ રાખવું. *To hire out*, ભાડે-ઇજારે-ગણોતે આપવું. 4 *n.* ભાડું. 5 મજુરી; હેલ; રોજ; પગાર. 6 લાંચ; ઠરાવત.

Hireling, *n.* રોજીંદાર; મજુર; મજદુર; માલકરી. 2 લાલચખોર; લાંચખોર; જે પૈસા આપે તેનું ગમે એવું કામ કરનાર. [પૈસાનું.

His, *pron.* તે પુરૂષનું; તેનું; એનું;

Hiss, *v. i.* સિસિ કરી આવાજ કાઢવો; ફુફારો મારવો (સાંપ.) 2 "હિશ્શ" કરી નાખવો; પું કરવું; હુર્યો કરવો; છિઃ-છિટ કરવું. 3 *n.* હિસ્સ; ફિટકાર; છિટકાર; ધુત્કાર. 4 ફુંફારો; ફુંકારો; સુસવાટો.

Historian, *n.* ઇતિહાસ કર્તા; તવારીખ લખનાર. 2 રાવી; રવાયત લખનાર.

Historic, Historical, *a.* તવારીને લગતું. 2 તવારીખ ઉપરથી ઉપજાવેલું.

Historically, *ad.* હકાયતની રૂએ; ઇતિહાસ-તવારીખ મુજબ.

History, *n.* ઇતિહાસ; તવારીખ; બખર. 2 રવાયત. 3 ચરિત્ર; નામું. 4 અહેવાલ; બયાન; વૃત્તાંત. 5 સૃષ્ટિમાની સઘળી ચીજોનું વર્ણન-બયાન.

Hit, *v. t.* મારવું. 2 નેમ તાકી આબાદ મારવું; નેમ લગાડવી. 3 કોઇ બાબદ વિશે લાગુ પડતી તકરાર કરવી. 4 *v. i.* ઠોકો બેસવો-લાગવો; અથડાવું; અફળાવું. 5 ફાવવું; ફાવી જવું. 6 *n.* જરબ; ફટકો; ટોલો; ટચકો. 7 લાગ; ટિક્કો; જોગ; એતેફાક. 8 તુક્કો; આબાદ લાગુ પડી શકે એવા વિચાર-શબ્દો.

Hitch, *v. i.* ગુંચવાઇ-ફસાઇ પડવું; ભેરવાઇ જવું. 2 *n.* અટકાવ; આચકો; ખલલ.

Hither, *ad.* એણી તરફ-ગમ; ઇફ્રા; અહીં. *Hither* and *thither*, ઇફ્રાતિફ્રા; એણીગમ પેલીગમ; અહીં તહીં.

Hither, *a.* છેક નજદીકનું; પાસેનું; સોડેનું

Hitherto, *ad.* આ વખ્તસુધી-તુલિક; હજીસુધી; અદ્યાપી; હજી.

Hive, *t.* મધમાંખોને સારૂ બનાવેલું ઘર; પુડો; જંબુરખાનું; પોળો; મોહોળ.

Ho, Hoa, *Interj.* અરે; રે; અહો.

Hoar, *a.* સફેદ; ધોળું. 2 ઉમર—વય પુગાથી બાલ પાકી ગયલું;પલી ગયલું

Hoard, *n.* ઢગલો; કોઇની ચીજનો સંઘરીને કરેલો જમાવ;સંચય.2 *v.t.* & *v. i.* ભરી રાખવું; એકઠું કરવું; એક ઠેકાણે હરૂસે સાચવવું(ખજાનો અથવા હરકોઇ જીનસ)

Hoarse, *a.* બેઠેલા—પડેલા—ઓખરા આવાજનું—ઘાંટાનું—ગલાનું.

Hoarseness, *n.* સ્વરભંગ; આવાજનું ઓખરાપણું.

Hoary, *a.* સફેદ; ઉજલું; બરફ—હિમ જેવું.2 પાકેલું; જઇફીથી સફેદ થયલું.

Hoax, *n.* મશ્કરી; ઠઠ્ઠો; ઠગાઇ.2*v.t.* ઠઠ્ઠા મશ્કરીમાં ભમાવવું—બનાવવું

Hobble, *v. t.* લંગડાવું; એક પગે—ઓડાઇ ચાલવું. 2 *n.* લંગડાટ.

Hobby, *n.* ટાંગણ; કદમ કદમ ચાલનાર ન્હાનો સરખો ઘોડો; તટ્ટુ.2 બચ્ચાંઓને બેસવાનો લાકડાનો અથવા લાકડીનો ઘોડો. 3 મનગમતી અને જે ઉપર ઘણુંજ દિલ લાગેલું હોએ પણ બીજાંઓને જેથી કંટાળો આવતો હોય એવી કોઇ બાબદ; હોંસ ભરેલો વિષય. 4 બુબખ; બેવકુફ માણસ.

Hobby horse, *n.* See Hobby.

Hobgoblin, *n.* ઝ્હાઉ; બ્હાઉ; ધોધર; મકાઇ બ્હાઉ; બાબરો ભૂત.

Hobnob, *ad.* લેઓછો કે નહીં; ઘણું કરીને એક બીજા સાથે દારૂ પીવા કેહેતાં એ શબ્દ હળી મળી ગયલી રીતની લઢણે બોલાએછે.

Hoboy, *n.* See Hautboy.

Hock, *n.* જનાવરોના પગનો ખડીયો. 2 જાંગનો ભાગ. 3 ઘણોજ નાદર એક તરેહનો પિલા રંગનો વાઇન દારૂ; હાક.

Hocaspocus, *n.* છુમંતર; ઘંતરમંતર.

Hod, *n.* તગારી; તગારૂં; ગપેલું(કડિયાઓ વાપરેછે તે).

Hodge-podge, }
Hotch-potch, } *n.* પંચમેળ; પંચરંગું; કચુંબર જેવું.

Hoe, *n.* પાવડો. 2 *v. t.* પાવડા અથવા કુદારીથી ખોદવું.

Hog, *n.* ડુક્કર; ખંજીર. (wild)ભૂંડ.

Hogpen, *n.* સૂઅરખાનું. See Hogsty

Hogshead, *n.* ૬૩"ગ્યાલન" વાઇન દારૂ માએ એટલાં માપનું પિપ;હા-[ગજેડ.

Hogsty, *n.* ડુક્કરનો કોઠાર.

Hoist, *v. t.* ઉપર ખેંચવું—લેવું; ઊંચે ચઢાવવું—હંકારવું.

Hold, *v. t.* ઝાલવું; ધરવું; સ્હાવું. 2 ધરી રાખવું; હાથમાંથી જવા ન દેવું. 3 કબજે—કબજામાં રાખવું—હોવું. 4 વારવું; ઠેકાણે—કાબુમાં રાખવું. 5 ચલાવવું;કરવું. 6 લટકાઇ—ટિગાઈ રેહેવું. 7 સમજવું; લેખવું; માનવું.8 માવું; સમાવું. 9 મેળવવું; ભેગું કરવું; ભરવું. 10 *v. i.* પોબ-

વું; ઉભા રહેવું. 11 પોહોચવું; કાયમ રહેવું. 12 ટકી રેહેવું; નિભવું. 13 *n.* પકડ; કબજો. 14 ટેકાવ; આધાર. 15 અખ્તિયાર; દસ્ત. 16 બંધન; કાબુ. 17 બંધીખાનું. 18 (of a ship) વાહાણનું પેટું; ભંડાર. *A stronghold*, કિલ્લો; ગડ.

Hold back, *n.* See Check, Hinderance, Restraint. 2 ગાડીના પુલનો આંકડો જેમાં હરનીસના હલકા ભેળવ્યામાં આવેછે; પુલનો હોલ.—in, દાબી ચાંપી રાખવું.—out, શરણ થવું; તાબે થઈ દેખડાવવું. [મીનદાર.

Holder, *n.* ધરી—પકડી રાખનાર. 2 જ-

Hole, *n.* ખાડો. 2 નાકું; સુરાખ. 3 દર; શકુડો; બો. 4 અંધારી ને સાંકડી ઓરડી; કોટડું.

Holiday, *n.* તેહેવાર; પર્વ; પરભ.

Holiness, *n.* પવિત્રપણું; પવિત્રાઈ.

Hollo, / Holla, *v. i.* હાક મારવી; મોહોટેથી બૂમ પાડી કોઈને તેડવું. 2 *n.* બૂમ; પોકાર. 3 *interj* અલ્યા! ઓ! રે!

Hollow, *a.* પોકળ; પોલું; ખાલી. 2 બેસી ગયલું; ખાડા પડેલું. 3 ઉડું; ભારી; મંદ; બેઠેલું; બોખરૂં. 4 મોહોડેનું; ઉપર ઉપરનું; ખોટું; જુઠું. 5 *n.* બો; પોલાણ; બખોલ; ખાડો. 6 નીચાણ; બેઠાણ. 7 ખાંચ; બોભણ. 8 *v. t.* પોકલ—પોલું કરવું; ખાંચબોભણ કહાડવી.

Holly, *n.* લિલોતરી ભરેલું એક ઝાડ.

Holocaust, *n.* હોમ; આપેલો ભોગ, જે સઘળો બાળી નાખ્યામાં આવેછે તે. [નીનું; પવીત્ર; ચોખ્ખું.

Holy, *a.* મનમાં સ્વચ્છ; પાક મનસ-

Holyday, *n.* પર્વ; પરભ; જશાન; ઓચ્છવ.

Holy water, *n.* પવિત્ર ક્રિયા કરવાનાં કામમાં વાપરવાનું પાણી; તીર્થ.

Holy writ, *n.* ખ્રિસ્તી ધર્મ પુસ્તક.

Holy ghost, / Holy spirit, *n.* પવિત્ર આત્મા; મનુષ્ય આત્માને પવિત્ર કરનાર અને શાંતી આપનાર ઈશ્વર.

Homage, *n.* ઉપાસના; સેવા. 2 નમન; માન. 3 ભક્તિ; ભજન.

Home, *n.* સ્વગૃહ; પોતાનું ઘર. 2 પોતાનું દેશ; સ્વદેશ; વતન. 3 *a.* દેશી; ગામઠી; તળબદું. 4 સકત; કારી; જબરૂં. 5 *ad.* ઘરે; ઘર તરફ. 6 પોતાને દેશે; સ્વદેશે. 7 આબાદ; સચોટ; લગ ભગ નજદીકમાં. *At home*, પોતાનાં ઘરમાં. *To be at home on any subject*, કોઈબી બાબદસાર સારી પેઠે માહિતગાર હોવું.

Homeless, *a.* ઘેરબાર વગરનું.

Homely, *a.* સાદું; રોનક વગરનું. 2 સાધારણ રૂપનું; સાદું માદું.

Home-made, *a.* ઘરમાં બનાવેલું; દેશી.

Homeward, *ad.* ઘર તરફ—ગમ—ભણી. 2 સ્વદેશ ભણી. 3 *a.* ઘરસ્વદેશ તરફનું.

Homicide, *n.* એક માણસે બીજાં માણસને મારી નાખવું તે; માણસનું ખુન; મનુષ્ય વધ. 2 ખૂન કરનારું; ખૂની.

Homily, *n.* નીતિ બોધક ભાષણ; મજલિસહજુરકીધેલુંભાષણ-વાજ

Homogeneous, *a.* એક જાતીય; સ્વજાતીય; એક જીન્સ; એકસાન.

Hone, *n.* અસ્તોરો ધરાવાંની પથરી.

Honest, *a.* લેવડ દેવડમાં ચોખ્ખું;પ્રમાણિક; નિષ્કપટ; સાચું; સુધું. 2હલાલ; હલાલનું. 3 પાક દામાન; વફા.

Honestly, *ad.* થાનતદારીથી; વાજબી રીતે; પ્રમાણિકપણે.

Honesty, *n.* ઈમાનદારી; ખરાપણું; સત્ય; પ્રમાણિકપણું.

Honey, *n.* મધ. 2 મિઠાસ; રસીલાપણું.

Honey-comb, *n.* મધપુડો. 2 લોહોડું અથવા બીજી ધાતુનું બારીક છિદ્રોથી ભરેલું મધપુડા જેવું ઓતકામ

Honied, } *a.* મધુમય; મધનું; મધ
Honeyed, } ભેળેલું. 2શીરીન; મિટું.

Honey-flower, *n.* સદા લિલોતરી ભરેલું ફુલનું એક ઝાડ.

Honey-harvest, *n.* એકઠું કરેલું મધ.

Honey-moon, } *n.* પરણવા પછી-
Honey-month, } નો પેહેલો મહીનો; લગ્ન પછીનો પેહેલો માસ;લગ્નમાહા.

Honor, *n.* મોટપણું; માતબરી; પ્રતિષ્ઠા; ઈજત; હુરમત; માન; આબરૂ; પત; ભાર. 2 પ્રમાણિકપણું; નેક નૈયત. 3 પતિવ્રતાપણું. 4 *v. t.* આબરૂ-ઇજ્જત-હુરમત આપવી; માન-મર્યાદા રાખવી. 5 સીજદો કરવો; નમન કરવું; આરાધવું. 6 સરકારવું; સિકારવું. *To do the honors,* મેહમાનદારી-આગતાસ્વાગતા કરવી.

Honorable, *a.* આબરૂ-ઇજ્જત ભરેલું. 2 મનનું મ્હોટું; ઉદાર-પ્રશસ્ત મનનું; ઉદાર. 3 વાજબી; પ્રમાણિક; ઈમાનદાર. 4 નેકનામ; નામદાર; મ્હોટી પદ્ધિ ધરાવનારા શખ્સોને માન આપી બોલવાનો એક એલકાબનો શબ્દ.

Honorarium, *n.* ચાકરીનો બદલો; મેહેનતનો અવેજ.

Honorary, *a.* કેવળ માન ખાતર; આબરૂનું. 2 નામી; મુસારા વગર માત્ર માનને ખાતર કામ ચલાવનાર.

Hood, *n.* સ્ત્રીની પેહરવાની એક ટોપી; મુગટ. 2 ફકીર-જોગીનો પેહેરવેશ-ટોપી. 3 પણું, પણ, ત્વ, તા, જેમકે બચપણ. 4 માથા ઉપર આવેલું કોઈ પણ જાતનું છત્તર-ઢાંકણ. (of a carriage) ધમણ. (of a snake) ફેણ.

Hoodman-blind, *n.* આંખે પાટો બાંધીને ફકત હાથ લગાડી કોઈ માણસને ઓળખી કાહાડી તેનું નામ દેવાની એક રમત; આંખે પાટાની રમત.

Hood wink, *v. t.* આંખ આડે કાંઈ

બાંધી જોવું બંધ કરવું; આંખે પાટા બાંધવા; આંધળું કરવું. 2 ખોટો દેખાવ ધારણ કરી કોઈને ઠગવું.

Hoof, *n.* સુમ; ખરી; ખુર; ક્ષુર. 2ઢોર.

Hoofed, *a.* ખરીવાળું; સુમદાર.

Hoofless, *a.* ખુરવગરનું; વગર ખરીનું.

Hook, *n.* આંકડી; આંકડો; હૂક. 2 નર(બારી-બારણાની બરસાખમાંનો). 3 દાતરડું. 4 (for fish) ગલ. 5 આંકડી ભેરવવી-જડવી. 6 *v. t.* ગલે-આંકડીએ પકડવું-ધરવું. 7 *v. i.* મરડીને આંકડા બનાવવો-વાંકું કરવું. *By hook or by crook,* ચ.` નાચાર; ગમે તેમ -કંઈ પણ કરીને; જાંહાં તાંહાંથી.

Hooked, *a.* મરડાએલું; વળેલું; વાંકું.

Hooknosed, *a.* શુકના સિકા; પોપટની ચાંચ જેવા નાકવાળું.

Hoop, *n.* વળું; પાટો; કડું; ઓળી; વાટ. 2 ચક્કર. 3 *v. t. & v. i.* વળું-પાટો જડવો-ચઢાવવો. 4 બુમ પાડી-પોકારીને હાંકવું; તેડવું.

Hooping-cough, *n.* ઊંટાટીપો; એક જાતનો ડોસો; સસણી.

Hoot, *v. i. & v. t.* ધિક્કારથી હડુંત કરવું; ધુતકારી મેલવું. 2 ધુ ધુ કરવું; ઘુવડની પેઠે આવાજ કાહાડવો-બોલવું.

Hop, *v. i.* એક પગે કુદવું. 2 દોડ ધામ કરવી; ઉછળવું. 3 *n.* કુદકો; ભુસ્કો; ફલાંગ; છલાંગ. 4 નાચ.

Hope, *n.* આશા; આસ; ઉમેદ. 2ભરોંસો; આકીન. 3 *v. i.* ઉમેદ-આસ્થા-આશા રાખવી-ધરવી-કરવી.

Hopeful, *a.* ઉમેદવાર; આશાવાન-ભર્યું. 2 સફળ થાએ એવું; ફતેમંદ થવાની-પાર ઉતરવાની ઉમેદ આપતું

Hopeless, *a.* નાઉમેદ; લાચાર; આશાભંગ; નિરાશ. 2 નિરુપાય; ઉપાયહીન.

Horde, *n.* ભમતાં-રખડતાં માણસોનું ટોળું-ઝુંડ-ધાડું.

Horizon, *n.* (*Sensible*)જમીન અને આસમાન જે ઠેકાણેથી જાણે એક બીજાને લાગતાં હોય એવું જે દેખાએછે તે હદ; દૃષ્ટિમર્યાદા. 2 (*rational*)પૃથ્વીની હરકોઈ જગા ઉપર ઉભું રહી જોયાથી જે અર્ધો આસમાન દેખાએછે તે ફરતું ચક્કર; આકાશકક્ષા; ક્ષિતિજ.

Horizontal, *a.* બરોબર સપાટ; આંકાશની ધાર બરોબર. 2 દૃષ્ટિમર્યાદાની સોહ્નું-સંબંધ ધરાવતું.

Horn, *n.* શિંગ; સીંગડું. 2 રણશિંગડું.

Horned, *a.* સિંગડાવાળું; સિંગદાર; શાખદાર. 2સિંગડાનાજેવા આકારનું

Hornet, *n.* ભમરાની જાતની ચટકો મારતી એક મ્હોટી માખ.

Hörologe, *n.* કાળમાપન-કાળમાનયંત્ર.

Horoscope, *n.* ટપકો; જન્મોત્રી.

Horrible, } *a.* ભયંકર; ભયાનક; કમકમાટ ભરેલું; વિકરાળ.
Horrid, }

Horrify, *v. t.* થથરાવી નાખવું; કમકમાટ છૂટે–રૂઆં ઉભાં થાય એવું કરવું.
Horror, *n.* ધ્રુજારાં; થરથરી; ચિતલી; કંપારી. 2 મહભય.
Horse, *n.* ઘોડો. 2 ઘોડસ્વારનું લશકર. 3 લાકડાંનું ચોકટું; ઘોડો; ઘડોંચી.
Horse-back, *n.* ઘોડાપર સ્વારી કરવાની ઢપ–આસન.
Horse breaker, *n.* ઘોડા શિકવનાર; ચાબુકસ્વાર.
Horse de combat, લડવાને અશક્ત થઈ પડેલું. [સનાર.
Horseman, *n.* ઘોડેસ્વાર. 2 પક્કો બે-
Horse power, *n.* ઘોડાનું બળ (વરાળયંત્રમાં શક્તિનું પ્રમાણ ગણતાં એ મિજાન લેવાયછે–૩૩૦૦૦ રતલનું વજન એક મિનિટમાં એક ફુટ ઊંચું ઉપડાય તે એક ઘોડાનું બળ લેખાયછે.)
Horserace, *n.* ઘોડદોડ; ઘોડાની સરત.
Horse-radish, *n.* શેગવો; શેકટો.
Horse shoe, *n.* ઘોડાની નાળ.
Horse shoer, *n.* નાળબંદ.
Horticultor, *n.* બાગબાન.
Horticulture, *n.* બાગકામ; બાગાયત.
Hosanna, *n.* ખોદાતાલાની તારીફમાં ઉઠાવેલો આવાજ અથવા તેની બખશેશ ઉતરવાને માગેલી દુવા.
Hose, *n.* ઈજાર; પાયજામો; ચોળણું; ચોલ્ણું. 2 મોજાં. 3 આગ હોલવવા પાણી ફેંકવા ચામડાની નળી; બંબાની સૂંડ. [ર–બનાવનાર.
Hosier, *n.* મોજાં–ઈસ્ટાકીન વેચના-
Hospitable, *a.* પરોણાચારનું; પારકાઓની બરદાસ્ત લેનારૂં. [ણાચારથી.
Hospitably, *ad.* મેહેમાનદારીથી; પરો-
Hospital, *n.* દવાખાનું; ઔષધશાળા; બિમારખાનું; ઈસ્પિટાલ.
Hospitality, *n.* મેહેમાનદારી; આગતાસ્વાગતા; પરોણાચાકરી.
Host, *n.* યજમાન. 2 સૈન્યદલ; સેનાભાર; ફોજ. 3 ઝુંડ; ટોળું; ધાડું; સમુદાય.
Hostage, *n.* ઓલ; કોલકરારો બરોબર બજાવાની જામીનગીરી દાખલ દુશ્મનને સ્વાધિન કરેલું કોઈ માણસ.
Hostess, *n.* સ્ત્રીયજમાન; યજમાનીણ.
Hostile, *a.* જાહેર દુશમનીને લગતું; વેરભાવનું. 2 વૈરી; દ્વેષી; વેર–દુશ્મની રાખનાર. 3 વિરૂદ્ધ; પ્રતિકુળ.
Hostility, *n.* શત્રુભાવ; વટ; અદાવત.
Hostilities, *n.* લડાઈ; ચઢાઈ; હલ્લા.
Hot, *a.* ઉષ્ણ; ગરમ; તાતું; ઉહનું. 2 આકળા સ્વભાવનું; જલ્દ; જાહેલ. 3 તીખું; તમતમું. 4 મસ્ત; કામી; લંપટ. 5 સખ્ત; ભારી.
Hot-bed, *n.* ગરમ દેશના છોડને ઠંડા દેશમાં ઉછેરવા અથવા ઝાડપાનને જલદીથી ઉગાડવા, કળાથી બનાવેલી જમીન–જમીનનુંથર–પડ.

Hotchpot, *n.* } ભેળસેળ; ખિચડી;
Hotchpotch, *n.* } ખિચડો.
Hotel, *n.* મુસાફરોને સારૂ ઉતારાનું મકાન; વીસી; હોટલ.
Hotflue, *n.* છિટને છાપ્યા પછી સુકવવાનો ગરમ ઓરડો જાંહાં સગડીથી અથવા નળિઓમાં બાફ પસાર કરવાથી ગરમી ઉત્પન્ન કરેલી હોયછે.
Hothouse, *n.* નાજુક રોપાઓને તજુમજથી રાખવાતથાઉગાડવાનુંઘર.
Hound, *n.* શિકારી કુત્રું-કુત્રો.
Hour, *n.* કલાક; તાસ; અવર. 2 વેળા; વખત; કાળ. [ઘડિયાળ.
Hour-glass, *n.* વાલુકાયંત્ર; રેતીનું
Hour-hand, *n.* ઘડિઆળનો "કલાક" બતલાવનાર કાંટો; અવર કાંટો.
Hourly, *a.* હરઘડીનું; કલાકે કલાકે થતું-કરવાનું-લેવાનું. 2 ઘડી ઘડીનું. 3 *ad.* કલાકે કલાકે. 4 હંમેશ; નિત્ય.
House, *n.* રેહેવાનું ઘર; ઈમારત; હવેલી. 2 ઘર; કુટુંબ; કબિલો. 3 ખાનદાન; કુળ. 4 પેઢી; હાઉસ. 5 દોલત; માલમતા; પુંજી. 6 ઘેરબારનો વહિવટ; ઘર સંસાર. 7 મંડલી; સભા. 8 *v. t.* & *v. i.* ઘરમાં રાખવું-રહેવું.
House breaker, *n.* સંધિચોર; ઘેરફોડુ; ભિતફોડુ; દીસે ખાતર પાડનાર.
Household, *n.* એકજ ઘરમાં રેહેનારાં કુટંબનાં સઘળાં માણસો; ઘરકુટંબ; કબીલો; બચ્ચાં છોકરાં. 2 ઘર સંજોગ; ઘરબારનો વહિવટ. 3 *a.* ઘરબારને લગતું; ઘરગતું.
House-keeper, *n.* ઘરબારી; ઘરધણી. 2 ઘરમાંના બીજા ચાકર નફરો ઉપર ઉપરીપણું ચલાવનાર દાસી.
House-keeping, *n.* સંસાર; ઘરબાર; ઘરચારો. [ગરનું.
House less, *a.* દિગમ્બર; ઘેરબાર વ-
House maid, *n.* ઘર સાફ સુફ રાખવાને રાખેલી સ્ત્રી-દાસી.
Housewife, *n.* ઘર ધણીઆણી.
Housewifery, *n.* ખાનદારી; ઘર ધંધો; ઘરખટલો; ઘરકામ.
Hovel, *n.* જાનવરને રાખવાનું ઓપટ-ઓપડું-ઝુંપડું-ગોઠો; છાપરું; છાપરી
Hover, *v. i.* પાંખ ફફડાવવી; ભમ્યાં કરવું. 2 ફર્યા કરવું; ફેરી માર્યા કરવી.
How, *ad.* કેમ; કેવી-શી રીતે. 2 કેવડું; કેટલું; કેવું. 3 શાવાસ્તે; શાથી.
However, *ad.* ગમે તેવું-તેટલું. 2 *conj.* તોપણ; તોબી; મગર; લેકીન.
Howitz, } *n.* અરાબ; એક જાતની
Howitzer, } ન્હાની તોપ.
Howl, *v. i.* & *v. t.* ભસવું; ભુકવું; કુત્રાં-વરૂના જેવો આવાજ કાહાડવો. 2 રોવું; રડવું; પોક મૂકીને વિલાપ કરવો. 3 તુફાની પવનની માઆફક ઘોંગાટ કરવો; ઘુઘવાટો કરવો. 4 *n.* કુત્રાં-કોહોલાં-વરૂનો ભુકવાનો આવાજ-બુમ-શોહોર-પોકાર. 5 વિલાપ ભરેલો આવાજ; રૂદન; જારી

Howso, *ad.* See Although.

Howsoever, *ad.* See However.

Hubbub, *n.* શોહર; કોલાહલ; ઘોંગાટ.

Huddle, *v. i.* ભીડ—ગરદી કરવી; ભ-ચડાય એમ કરવું. 2 *v. t.* ઉતાવળ-માં જેમ તેમ પેહેરી લેવું; જલ-દીથી કોઇ કામ કરી દેવું; ગડબડ ગોટા કરી મૂકવો; ધાલમેલ કરવી.

Hue, *n.* રંગ; વર્ણ. 2 બૂમ; પોકાર.

Hue and cry, બૂમબરાડ; દોડાદોડી

Huff, *n.* ખફગી; ઝાંજ; ક્રોધનો ઉ-ભરો. 2 શેખીખોર માણસ. 3 *v. t.* ધમકાવવું; હાથ ઘાલીને લેવું. 4 *v. i.* ઉપસવું; ફુલવું.

Hug, *v. t.* બગલમાં દાબવું—ચાંપવું; ગોદમાં લેવું; જોરથી—સારી પેઠે ભ-ચડીને ભેટવું—કોટી કરવી. 2 કુસ્તી-માં ભિડવું; ચુંગાલ મારવી. [ડાબીડ.

Huge, *a.* ઘણુંજ મ્હોટું; કદાવર; અ-

Huggermugger, *a.* છુપું; ગુપચુપ;

Hulk, *n.* વાહાણનું ખોખું. [હરસે.

Hull, *n.* છલતું; છોડું; છોતરૂં 2 વા-હાણનું ખોખું.

Hum, *v. i.* મધમાખની પેઠે ઘુંઘવું—ઘૂંજવું. 2 ગુંગતું બોલવું; ગુંગવું; ગું-ગણવું; ગગણવું. 3 *v. t.* ધિમા અવાજથી ગાવું; મ્હોડું બંધ રાખીને ગળાંમાં રાગને લલકારવો. 4 *n.* ઝિણાં પ્રાણિઓનો ભણભણતો અ-વાજ. 5 ગણગણાટ.

Human, *a.* માણસ જાતને લગતું; માનવી; મનુષ્ય ધર્મી; માણસના જેવા ગુણનું.

Humane, *a.* દયાળુ; કરૂણાવાન.

Humanely, *ad.* દયા લાવીને—ખાઇને.

Humanity, *n.* માણસાઇ; ઇનસાની-અત; આદમીઅત. 2 માણસો; આદમ જાત. 3 કરૂણા; દયા; રેહેમ.

Humanly, *ad.* માણસની પેઠે—રીતે.

Humble, *a.* હલકું; મિસકીન; સાદું; વગર દેખાવનું. 2 નરમ; રંક; નિ-રભિમાની; નમ્ર; નમાણું. 3 *v. t.* તોડવું; હલકું પાડવું; આજેજ ક-રવું; અભિમાન તોડવું; ગર્વ ઉતારવો. 4 નાક કટાઇ કરાવવી; નીચું લગા-ડવું. 5 શરમાવી નાખવું. 6 જે ખુ-દા કરે તે ખરૂં એવી રીતે નર-માસ પકડી તાબેએ રેહેવું—ખમવું.

Humbly, *ad.* નમ્રપણાથી; નમ્રતાથી. 2 ગરીબીની રાહે—રીતે—થી.

Humbug, *n.* ખરૂં લાગે એવું કંઇ બ-તલાવી કરેલી ઠગાઇ અથવા આ-પેલી ભુલથાપ; અટમ પટમ; ઊં-ધું ચતું સમજાવવું તે. 2 ભુલથાપ આપનાર; ઠગ. 3 *v. t.* ભુલથાપ આપવી; ઠગવું; કોઇને ગધેડા બ-નાવવો; છેતરવું.

Humeral, *a.* ખભાને લગતું; ખાંધનું.

Humid, *a.* ભિનું; સરદ; હવાએલું.

Humidity, *n.* નજરે દેખાઇ સકે અ-

ચવા શરીરને લાગે એટલી બિના-સ-સરદી; હવાએલાપણું. 2 હવામાં દેખાતો પાણીનો બાફ; દવ; ધુમસ.

Humiliate, *v. t.* માન ઉતારવું; નીચું જોવડાવવું.

Humiliation, *n.* ચઢતી પદ્વિ અથવા હાલતમાંથી હલકી હાલતમાં ઉતરવું–નમ્ર થવું તે. 2 મગરૂરી એકલ પડવી તે; માનભંગ;નાક કટાઇ.

Humility, *n.* નમ્રતા;દીનતા; હલીમી.

Humming, *ppr.* or *a.* ખરખડતો અથવા ગુંગતો આવાજ કાહાડતું;ગુંગતું.

Humor, Humour, } *n.* ધાતુ; રસ; રસકસ (શરીરમાંનો). 2 ચામડી ઉપર થતો એક મરજ. 3 સ્વભાવ; મિજાજ. 4 તુરંગ;ખ્યાલ;છંદ. 5 મશ્કરી; ઠઠ્ઠા; રમૂઝ;ટોળ; ખટક બોલું. 6 *v. t.* મરજી સાચવવી; મિઝાજ જાળવવો; ખાતર રાખવી. 7 રસાળું કરવું; રસ ઉત્પન્ન કરવો.

Humoral, *a.* રસવિકારને લગતું; કફપિત્ત વાતાત્મક.

Humorist, *n.* રમૂજી–ટોળી માણસ; [ટોલિયો.

Humorous, *a.* હસમખું; ઠઠ્ઠાખોર; ટકોળીઓ; ટોળિયું;ઠોલિયું; મશ્કરું.

Humorsome, *a.* ચિરડાઉ; મિજાજી; જીતખોર. 2 હસું ઉત્પન્ન કરે એવું; [રમુજી;ટોળી.

Hump, *n.* ખૂંધ; કુબડ.

Humpbacked, *a.* ખૂંધું; કુબડું;કુબ્જ.

Hunch, *n.* ખૂંધ; કુબડ.

Hundred, *a.* ૧૦૦; સો; શત.

Hundredth, *a.* સોમું.

Hunger, *n.* ભૂખ; ક્ષુધા; અન્નેચ્છા. 2 લોભ; આકાંક્ષા; ઉત્કંઠા. 3 *v. i.* ભુખ લાગવી; ભુખ્યા થવું.

Hungry, *a.* ભુખ્યું; ભૂખ્યું. 2 લોભી.

Hunt, *v. t.* શિકાર–પારધ કરવો–રમવા જવું. 2 પુઠે લાગવું; ઠુંખાળો પકડવો. 3 *v. i.* શિકારની શોધમાં ફરવું; મૃગયા રમવા જવું. 4 *n.* શિકાર; મૃગયા; આખેટ. 5 ઠુંખાળો; પુઠની દોડ.

Hunter, *n.* પારધી; શિકારી; આખેટક. 2 શિકારી કુત્રો. 3 શિકારબાજી કરવાનો ઘોડો; મૃગયાશ્વ.

Huntsman, *n.* શિકારી.

Hurl, *v. t.* જોરથી ફેંકવું; ગગડાવી નાખવું; ઘુમાવીને–ધમધમાવીને મારવું. [ધાંધળ.

Hurlyburly, *n.* ગડબડાટ; ધડાધડી;

Hurra, Hurrah, } ખુશાલીનો પોકાર–આવાજ; જયજય; જયજયકાર; વાહવા; હુરે.

Hurricane, *n.* વા વાદળ; વા વાઝડું; સખ્ત–જબરદસ્ત તુફાન.

Hurry, *v. t.* & *v. i.* ઉતાવળી–ધાઇ કરવી; દોડાદોડ કરાવવી–કરવી; હાત ચલાવવા. 2 ઉડસુડ તુટી પડવું. 3 *n.* ઉતાવળ; ઝડપ; દોડાદોડ.

Hurst, *n.* જંગલ; ઝાડોની ઘટા–મંડપ–કુંજ.

Hurt, *v. t.* વાગવું; લાગવું; જખ્મ કરવું. 2 દુઃખ-ઇજા કરવી-દેવી. 3 હાનિ-નુકસાન પોંહોંચાડવું; બગાડવું; બિગાડ-ખરાબી કરવી. 4 માઠું લગાડવું; દિલ-મન દુખવવું; દુભાવવું. 5 *n.* વાગવું-વાગેલું તે; ફટકો; ઘા; જખમ. 6 નુકસાન; ખરાબી; હાનિ; જિયાન.

Hurtful, *a.* ખરાબ કરનારૂં; દુઃખ દેતું-કરે એવું; બિગાડનારૂં; નુકસાનિયત ભરેલું; હાનિકારક. 2 વાવડું; અવગુણી.

Husband, *n.* વર; ધણી; ભરતાર; માટી; ખાવિંદ; સ્વામી; પતિ; પિયુ; કંથ. 2 *v. t.* કસરથી વાપરવું; કરકસર-ડહાપણથી વેહવાર કરવો-ચલાવવો.

Husbandman, *n.* ખેડૂત; ખેતી કરનાર

Husbandry, *n.* કૃષિકર્મ; ઝીરાએત; ખેતી; ખેતીવાડી-કામ.

Hush, *v. t.* ચુપ-મૂગું રાખવું. 2 નરમ-ટાઢું પાડવું; શાંત કરવું. 3 *Interj.* ચુપ; ખામોશ. 4 *a.* ચુપાચુપ; શાંત.

Hushmoney, *n.* મ્હોડું દાબવા આપેલું નાણું; લાંચ.

Husk, *n.* છલતું; છલું. 2 *v. t.* છલાં કાહાડવાં; છલતાં છોલવાં. [સિપાહી.

Hussar, *n.* ઘોડસ્વાર લશકરનો

Hussy, *n.* કરકસરવાલી સ્ત્રી. 2 રાંડ; લુચ્ચી-ફુએડ છોકરી-સ્ત્રી.

Hustle, *v. t.* ધકાધકી-હડસેલા હડ-

Huswife, *n.* See Hussy. [સેલીકરવી.

Hut, *n.* ઝુંપડું; ખોપટું; છાપરી; પર્ણકુટી.

Huzza, *interj.* જયજય; વાહવા. 2 *n.* જયજય શબ્દ; ખુશીનો શબ્દ.

Hyacinth, *n.* સુંબલનું ફુલ; આબફ્દનું ફુલ.

Hyacinthine, *a.* સુંબલના રંગનું; સુંબલી; અબરૂદી. [Glassy.

Hyaline, *a.* કાચ જેવું; કાચનું. See

Hybrid, *n.* or *a.* ખચ્ચર; જુદીજુદી જાતનાં બે જાનવરોના અથવા ઝાડોના મેલાપથી ઉત્પન્ન થયલું જાનવર અથવા રોપો; મિશ્ર જાતિય; ભેળજાત; જાતભેળ; વર્ણસંક; સંકર જાતિનું.

Hydra, *n.* સેશનાગ; પાણીનો-ઘણા માથાનો સર્પ. [નળ.

Hydrant, *n.* ઉઘડતો ઢંકાતો પાણીનો

Hydrargyrum, *n.* પારો; સીમાબ.

Hydraulic press, *n.* See Hydrostatic Press.

Hydraulic, *a.* ઉદક ગતિશાસ્ત્ર સંબંધી. 2 વેહેતા પાણી અથવા બીજા પ્રવાહી પદાર્થનું.

Hydraulics, *n.* ઉદકગતી શાસ્ત્ર.

Hydrocele, *n.* અંતરગળ. [જાબ.

Hydrochloric Acid, *n.* મિઠાંનો તે-

Hydrodynamics, *n.* જળગુણવિષયવિદ્યા; જળશક્તિ વિષયવિદ્યા.

Hydrogen, *n.* "હાઇડ્રોજન" નામનું

એક તત્વ; પાણી ઉત્પન્ન કરનાર વાયું; ઉદક જનક વાયુ.
Hydromancy, *n.* પાણી ઉપરથી ભવિષ કેહેવા-વર્તવાની કળા-હિકમત.
Hydromel, *n.* મધપાણી; જળમધ.
Hydrometer, *n.* જળ પરિમાપક યંત્ર; પાતળા અથવા પ્રવાહી પદાર્થોનું વિષેશ ગુરુત્વ માપવાનું યંત્ર.
Hydropathy, *n.* પાણીથી દરદો સારાં કરવાનું વૈદું; જલવૈદક; જલોપચાર.
Hydropathist, *n.* જલ વૈદ્ય.
Hydrophobia, Hydrophoby, *n.* જળભય; હડખું; હડખાં કુત્રાંથી લાગેલું-ચડેલું ઝેર; હડખાયું.
Hydroscope, *n.* પાણીની મારફતથી વખત જોવાનું ઘડિયાળ; પાણીથી ચાળતું ઘડિયાળ; પાણીનું ઘડિયાળ.
Hydrostatic press, *n.* પાણીની મારફતથી અતિશય દબાણ ઉત્પન્ન કરવાનો સાંચો-યંત્ર.
Hydrostatics, *n.* પાણી જારે સ્થિર હોય, એટલે હિલતું ચાલતું નહીં હોય, તે વખતે તેનું વજન કેટલું થાયછે, તે તથા તેવા બીજા ગુણોનું વર્ણન કરનાર શાસ્ત્ર; ઉદક સ્થિતિશાસ્ત્ર; સ્થિરોદકશાસ્ત્ર.
Hyemale, *a.* શિયાળાની રૂતને લગતું; હેમ.
Hyena, *n.* તરસ; દિપડું.
Hygieina, Hygieine, Hygiene, *n.* તંદુરૂસ્તી રાખવાની કળા; તંદુરૂસ્તી કેવી રીતે જાળવી રાખવી તેનું વર્ણન કરનાર વૈદક શાસ્ત્રનો ભાગ; આરોગ્યતા સંરક્ષકશાસ્ત્ર.
Hygrometer, *n.* હવામાં પાણી અથવા ભિનાસ કેટલોછે એમાપવાનું યંત્ર.
Hymen, *n.* લગ્ન ઉપર અખ્તિયાર ચલાવાને મુકરર થયલો દેવ. 2 કુંઆરી સ્ત્રીની જાતમાંનો પરદો-બારીક ચામડી. 3 ફુલની કળી ઉપરની પાતળી બારીક ચાંમડી.
Instinct, *n.* અંગજ્ઞાન; પ્રેરણાબુદ્ધિ;
Institute, *n.* નિયમ; નીમ; ધારો; કાયદો. 2 વિદ્યાવર્ધક-જ્ઞાનશોધક મંડળી. 3 *v. t.* નિમવું; ઠરવવું; ઉભું કરવું. 4 ચલાવવું; શિરૂ કરવું; માંડવું.
Institution, *n.* પ્રતિષ્ઠા; સ્થાપના. 2 નિયમ; ધારો; કાયદો. 3 સ્થાપેલી મંડળી-ખાતું-કારખાનું.

Instruct, *v. t.* શિખવવું; તાલીમ-કેળવણી આપવી; સમજાવવું. 2 આજ્ઞા કરવી; હુકમ આપવો.

Instruction, *n.* શિક્ષા; કેળવણી; તાલીમ; ઉપદેશ; બોધ. 2 આજ્ઞા; હુકમ.

Instructive, *a.* શિક્ષા-શિખામણ મળે તેવું; ઉપદેશવાળું; બોધકારક.

Instructor, *n.* શિખવનાર; શિક્ષક.

Instrument, *n.* ઓજાર; હથિયાર; શસ્ત્ર; આયુધ. 2 કારણ; નિમિત્ત સાધન. 3 (કાયદામાં) લેખ; ખત; દસ્તાવેજ. 4 વાજું; વાદ્ય.

Instrumental, *a.* કારણ રૂપ હોય તેવું; કારણભૂત; કાર્ય સાધક; કારક. 2 વાજીંત્રથી કીધેલું.

Instrumentality *n.* કારણરૂપતા; સાધકપણું. 2 હસ્તક; મારફત; દ્વાર.

Insubordinate, *a.* ઉપરીના હુકમને તાબે ન રેહે તેવું; બેઅદબ; શિરજોર.

Insubstantial, *a.* ખોટું; અવાસ્તવિક.

Insufferable, *a.* ન સંખાય-સોસાય તેવું; અસહ્ય; ખમાય નહી તેવું.

Insufficiency, *n.* કસર; અધુરાપણું. 2 નાલાયકી; નાકાબેલિયત.

Insufficient, *a.* કસરવાળું; અધુરૂં; પુરતું નહીં તેવું; જોઇએ તેટલું નહી; ઓછું. 2 અયોગ્ય; નાલાયક; નાકાબેલ.

Insufficiently, *ad.* પુરતું ન હોય તેમ.

Insular, *a.* દ્વીપ-બેટ-ટાપુનું-સંબંધી. 2 પાણીથી વીંટલાયલું-ઘેરાયલું.

Insulated, *a.* અલગ; છુટું પડેલું.

Insult, *n.* અપમાન; બેઅદબી. 2 *v. t.* અપમાન કરવું; બેઅદબી ચલાવવી.

Insuperable, *a.* મુશ્કેલ; ન જીતાય તેવું; દુસ્તર; દુર્જય; અનિવાર્ય.

Insupportable, *a.* સોસાય-ખમાય-શાંખી શકાય નહીં તેવું; અસહ્ય.

Insuppressible, *a.* દાબી શકાય નહીં તેવું.

Insurance, *n.* વીમો.

Insure, *v. t.* વીમો-જોખમ ઉતારવો. 2 ખચીત-નક્કી કરવું.

Insurgent, *n.* સરકારની સામો થયલો પુરૂષ; બંડ-બળવા ખોર; ફીતુરિયો; બંડી

Insurmountable, *a.* See Insuperable.

Insurrection, *n.* બળવો; બંડ; ફસાદ; દંગો; હુલ્લડ; ફીતુર; ફિતનો; હંગામો.

Intastable, *a.* જેનો સવાદ ન કાહાડી શકાય તેવું; જે સવાદ ન લાગે તેવું.

Integer, *n.* પૂર્ણાંક; પૂર્ણસંખ્યા.

Integral, *a.* સંપૂર્ણ; અખંડ; આખું.

Integrity, *n* પ્રમાણિકપણું; સરળતા; સાધુપણું; દિયાનત; સચ્ચાઈ; અમાનતદારી; રાસ્તી; નેકી.

Integument, *n.* ઢાંકણ; પડ; વેષ્ટણ.

Intellect, *n.* બુદ્ધિ; જ્ઞાન; અક્કલ; હોશ.

Intellectual, *a.* બુદ્ધિ-જ્ઞાન સંબંધી. 2 બુદ્ધિથી સમજાય તેવું; માનસિક; મનનું. 3 બુદ્ધિ-જ્ઞાનવાળું; અક્કલી.

Intelligence, *n.* ખબર; સમાચાર; બાતમી. 2 હોશિયારી; ચતુરાઈ; વકુફ; હોશ.

Intelligent, *a.* બુદ્ધિ–જ્ઞાન–હોશવાળું; દાના; આકિલ; તેજ ફહમ; હોશિયાર; ચતુર.

Intelligible, *a.* સમજ–ધ્યાનમાં આવવા જોગ–સરખું; સમજાય એવું.

Intemperance, *n.* બેશુમારપણું; હદની બાહાર વર્તવું તે. 2 બદપરેઝી; અમિતાહાર; એધીપણું.

Intemperate, *a.* બેશુમાર; હદની બાહાર ગયલું–જતું. 2 બદપરેઝ; અમિતાહારી; એધી.

Intend, *v. t.* ઇરાદો રાખવો; ધારવું; બેત–મનસુબો કરવો–રાખવો.

Intense, *a.* અતિશય; બેહદ; ભારે.

Intensify, *v. t.* વધારવું; ઘણું જબરૂં કરવું.

Intensity, *n.* અતિસયપણું; જબરાપણું.

Intent, *a.* એકાગ્રચિત્ત; તલ્લીન; તત્પર; મશગુલ; ધારી–તાકી રહેલું. 2 *n.* ઇરાદો; મતલબ; મકસુદ; મુરાદ.

Intention, *n.* ઇરાદો; ધારણા; મનસુબો; અભિપ્રાય. 2 એકચિત્ત; એકાગ્રતા; તાકી રેહેવું તે.

Intentional, *a.* જાણી જોઇ–સમજીને કરેલું.

Intentionally, *ad.* જાણી જોઇને; સમજીને; જાણીબુજીને; ખામુખા.

Intently, *ad.* એકચિત્તે; તાકીરહીને.

Inter, *v. t.* દાટવું; ગાડવું; જમીનમાં પૂરવું; ભૂમિ સંસ્કાર કરવો.

Intercalar, *a.*
Intercalary, *a.* } વચમાં ઘાલેલું–આલેલું; અધિક (કવિતા, દાહાડો, મહિનો).

Intercalate, *v. t.* અધિક માસ–દાહાડો ગણવો–ધરવો–લેવો–ઘાલવો.

Intercede, *v. i.* વચ્ચે પડવું; વચમાં પડી સમજાવવું; મધ્યસ્થ થવું; કોઇને સારૂ બે સારા બોલ બોલવા.

Intercept, *v. t.* અધવચ અટકાવવું–રોકવું–બંધ પાડવું; અટકાવવું.

Intercession, મધ્યસ્થી; વચ્ચે પડવું તે. 2 વચમાં પડીને પતાવવું તે.

Intercessor, *n.* મધ્યસ્થ; વચમાં પડી પતાવનાર–સમજાવનાર.

Interchange, *v. t.* અદલાબદલી–આપ લે કરવી. 2 *v. i.* એકપછી એક એમ આવવું–થવું. 3 *n.* અદલા બદલી; આપ લે; લેણ દેણ.

Intercourse, *n.* બોલચાલ; વેહેવાર; આવવું જવું; આવન જાવન; આમદ રફત; આપવું લેવું; એક બિજામાં સંભાષણ; વહિવટ; સંસર્ગ.

Interdict, *v. t.* મના–મનાઇ કરવી; નાપાડવી; નિષેધ કરવો. 2 *n.* મનાઇ.

Interdiction, *n.* શાપ; બદ દુવા.

Interdictory, *a.* મનાઇવાળું; નિષેધનું.

Interest, *n.* ફાએદો; હિત; કલ્યાણ. 2 ચલણ; વજન; વગ; વસીલો; લાગ. 3 સ્વાર્થ; પોતીકી મતલબ. 4 ભાગ; હિસ્સો. 5 બ્યાજ. 6 રસ; મનોરંજન-

શક્તિ—ગુણ. 7 કરૂણા ઉપજાવવાની શક્તિ; કરૂણા રસ. 8 આસ્થા; કાળજી; દરકાર. 9 *v. t.* દિલ લગાડવું; કાળજી કરાવવી; અસર કરવી. 9 ભાગીદાર કરવો. 10 મનને ખુશ કરાવવું; ચિત ઉપર અસર કરાવવી. 11 (one's self) કાળજી રાખવી; દીલ લગાડવું.

Interesting, *a.* કાળજી કરવા જોગ. 2 મનોરંજક; ખુશકારક; દિલપસંદ.

Interfere, *v. i.* વચમાં પડવું; હાથ ઘાલવો. 2 આડું આવવું; નડવું; ખલેલ કરવી; સામસામાં આવીજવું.

Interference, *n.* મધ્યસ્થપણું; વચમાં પડી પતાવવું તે. 2 એકમેકને નડવું તે. [અરસો.

Iterim, *n.* વચમાનો કાળ; દરમિયાન;

Interior, *n.* અંદરની બાજુ—ભાગ; મધ્યદેશ. 2*a.* અંદરનું; માહેલું; માહેનું.

Interjection, *n.* (વ્યાકરણમાં) કેવળપ્રયોગી અવ્યય. 2 જોસ્સામાં બોલાઈ જતા શબ્દનું ચિન્હ.

Interleave, *v. t.* વચમાં વચમાં કોરાં પાનાં ઘાલીને બાંધવુ (ચોપડી વગેરે.)

Interline, *v. t.* અક્ષરો ઓળ—લીટી મુકી દઈને લખવું. 2 બે લીટીઓની વચ્ચે લખવું.

Interlinear, *a.* અક્ષરી લીટી મુકીને લખેલું. 2 બે લીટીઓની વચ્ચે લખેલું

Interlineation, *n.* બે લીટીઓ—સતર—ઓળની વચમાં લખેલું વાક્ય—શબ્દ. 2 બે લીટીઓની વચ્ચે લખવું તે.

Interlink, *v. t.* કડીએ કડી જોડવી.

Interlowtion, *n.* સંવાદ; સંભાષણ. 2 (*law*) છેવટ ચુકાદાની અગાઉનો હુકમ.

Interlope, *v. i.* અધિકાર—હક ન છતા બીજાના કામમાં માથું મારવું.

Interloper, *n.* વગર હક્કે બીજાના કામમાં માથું મારનાર-ઘુસનાર; ગડોશિ.

Interlude, *n.* નાટકના અંકો વચ્ચે તમાશાગીરોની ગમત માટે કરેલી રમુઝ

Intermarriage, *n.* માહોમાહેનાં લગ્ન; એક બીજામાં લગ્ન કરવાનો વેહેવાર.

Intermarry, *v. t.* એક બિજામાં લગન કરવાં; માહોમાહે વિવાહ વેહેવાર રાખવો; માહોમાહે લગ્ન કરવાં.

Intermeddle, *v. t.* વગર સત્તાએ વચમાં પડવું; હાથ ઘાલવો. 2 વગર સબબે ઘુસવું—માથું મારવું.

Intermedial, } *a* વચલું; વચ્ચેનું; દર-
Intermediate, } મિયાની; મધ્યનું.

Interment, *n.* ભૂમિદાહ; દફન; દાટવું—ગાડવું—પુરવું તે; ભૂમિસંસ્કાર.

Interminable, } *a.* છેડો ન આવે તેવું;
Interminate, } અનંત; નિરવધિ.

Intermingle, *v. t.* ભેળસેળ—સેળભેળ કરવું; ભેળી નાખવું. 2 *v. i.* મળી જવું.

Intermission, *n.* તહકુબી; ખાળો; ગાળો; અંતર; બોલંબો.

Intermit, *v. t.* વચ્ચે ખાળો પાડવો; ગાળો નાખવો; તહકુબ કરવું. 2 *v. i.* ખાળો-ગાળો પડવો. 3 વચમાં વચમાં-રહી રહીને આવવું (તાવ).
Intermittent, *a.* રહીરહીને-આંતરે આંતરે આવતું. [તરે આંતરે.
Intermittingly, *ad.* રહી રહીને; આં-
Intermix, *v. t.* See Intermingle.
Intermixture, *n.* ભેળસેળ; મેળવણી; ભેળ; ભેગ.
Intermundane, *a.* બે દુનિયા-લોક-જગતની વચમાનું; ભુવન મધ્યસ્થિત
Intermural, *a.* ભીંત-દિવાલ-કરાઓની વચમાનું.
Internal, *a.* અંદરનું; માંહેલું. 2 દેશ-મુલકની માંહેનું. જેમ *Internal* trade, દેશ માંહેનો વેપાર. 3 ખરૂં; મુળનું. 4 અંતઃકરણનું; મન-પેટ માંહેલું જેમ *Internal* purity મનની પાકહાલત; અંતઃકરણશુદ્ધિ.
Internally, *ad.* અંદરની બાજુએ. 2 મનમાં; પેટમાં. [વેહેવારસંબંધી.
International, *a.* દેશદેશોના પરસ્પર
Interpolate, *v. t.* અસલ-મુળ ગ્રંથમાં કંઈ નવું ઉમેરવું-ઘુસાડવું.
Interpolation, *n.* અસલ લખાણમાં નવું ઘાલી-ઘુસાડી દીધેલું વાક્ય; ક્ષેપક
Interpose, *v. t.* વચમાં-આડું મુકવું. 2 વગર કામે માથું મારવું; ઘુસવું. 3 વચ્ચે પડવું. 4 *v. i.* વચમાં-આડું આવવું. 5 વચમાં પડવું; મધ્યસ્થ થવું.
Interpret, *v. t.* નસમજાય તેવું હોય તેનો ખુલાસો કરવો; સમજાવવું; બતાવવું. 2 ભાષાંતર-તરજુમો-અર્થ કરવો.
Interpretation, *n.* સમજણ; ખુલાસો. 2 ભાષાંતર; તરજુમો; અર્થ
Interpreter *n.* સમજાવનાર. 2 દુભાષિયો; ભાષાંતર-તરજુમોકરનાર.
Interregnum, *n.* એક રાજા મરી ગયા પછી બીજો આવે ત્યાંહાંસુધીનો જે દરમિયાન વખત તે; નિર્નાયકી. [કરવો.
Interrogate, *v. t.* પુછવું; પ્રશ્ન-સવાલ
Interrogation, *n.* (વ્યાકરણમાં) પ્રશ્નચિહ્ન; સવાલની નિશાની (?) આવી. 2 સવાલ કરવો તે; પ્રશ્ન; સવાલ.
Interrogative, *n.* (વ્યાકરણમાં) પ્રશ્નાર્થક સર્વનામ. 2 *a.* સવાલનું; પ્રશ્નરૂપ.
Interrogatory, *n.* પ્રશ્ન; સવાલ. 2 *a.* સવાલનું; પ્રશ્નરૂપ.
Interrupt, *v. t.* હરકત કરવી; અટકાવવું; રોકવું; બંધ પાડવું.
Interruption, *n.* હરકત; નડતર; વડ; અટકાવ; વિઘ્ન.
Intersect, *v. t. & v. i.* વચમાથી છેદવું-કાપવું; દુભાગવું; એક બાજાને કાપીને-છેદીને જવું.

Intersection, *n.* છેદવું–કાપવું તે.

Interspers, *v. t.* વચ્ચે વચ્ચે નાખવું –ફેંકવું; અહીં તહીં વેરી મુકવું.

Interstice, *n.* ફાટ; ચીરો; ચીર; સાંધ; તડ.

Interstitial, *a.* ફાટ–ચીર સંબંધી.

Intertwine, } *v. t.* એક બીજામાં ગુંથી
Intertwist, } –ગુંચવી નાખવું.

Interval, *n.* વચમાંનો વખત; અરસો; દરમિયાન; અવકાશ; ફુરસત. 2 અંતર; ગાળો; છેટું. *At intervals,* વચ્ચે વચ્ચે; રહી રહીને.

Intervene, *v. i.* વચમાં આવવું–પડવું–બનવું–હોવું. 2 મધ્યસ્થ થવું; વચ્ચે પડવું.

Intervention, *n.* વચમાં પડવું–હોવું –આવવું તે. 2 મધસ્થ; મધ્યસ્થપણું. [ચિત; મેળાપ.

Interview, *n.* ભેટ; મુલાકાત; વાત-

Intervolve, *v. t.* એક બીજામાં ગુંચાઇ–ગંટાઈ જાય તેમ કરવું.

Interweave, *v. t.* એકઠું વણવું–ગાંઠવું–ગુંથવું. 2 ભેળી દેવું; ભેળસેળ કરવું. [પત્ર કરવાને નાલાએક.

Intestable, *a.* વસિયતનામુ–મૃત્યુ-

Intestate, *a.* વસિયતનામું–મૃત્યુપત્ર કરીધાવના મરી ગયલું; બેવસિયત.

Intestinal, *a.* આંતરડાં સંબંધી.

Intestine, *n.* આંતરડાં. 2 *a.* અંદરનું; ભીતરનું. 3 સ્વદેશમાંનું; પોતપોતામાંનું; માહોમાહેનું.

Inthrall, *v. t.* ગુલામ–દાસ કરવો; ગિરફતાર કરવું.

Intimacy, *n.* જીવેજાન દોસ્તી; ઘણોજ ઘરોબો; ઘણીજ મિત્રાચારી; પોતીકાવટ; ઘરવટ; પરિચય; ઉલ્ફત.

Intimate, *a.* છેક પાસેનું; નજીકનું. 2 અંદરનું; માહેનું. 3 અંતરંગ; ઘરોબાવાળું; જીવેજાન; દિલોજાન. 4 *n.* જીવલગ મિત્ર; જીવજાન દોસ્ત 5 *v. t.* સૂચના આપવી; ખબર કરવી; જણાવવું. [ધ્રુણુંજ.

Intimately, *ad.* ઘણીજ પોતીકાવટે;

Intimation, *n.* સુચના; ખબર; ઈશારો; બાતમી; કેહેણ.

Intimidate, *v. t.* બિહીવડાવવું; ડરાવવું; દેહેશત આપવી–લગાડવી.

Intimidation, *n.* ધમકી.

Into, *prep.* મધ્યે; અંદર; માં; માહે.

Intolerable, *a.* સંખાય–સહન થાય નહીં તેવું; સાંખી નશકાય એવું; અસહ્ય.

Intolerably *ad.* સોસાય નહીં તેમ.

Intolerant, *a.* સાંખે–સહન કરે નહીં એવું. [ધાંટો.

Intonation, *n.* સુરભેદ; ગંભીરસ્વર;

Intoxicate, *v. t.* અમલ–કેફ–નશો ચડાવવો; છાકટ–પીધેલ કરવું. 2 ઉન્મત્તમસ્ત–ગાંડું કરવું.

Intoxicated, *a.* અમલ–કેફ ચડેલું. 2 મસ્ત; ઉન્મત્ત. [અમલી.

Intoxicating, *p. a.* નિશાદાર; કેફી;

Intoxication, *n.* કેફ; અમલ; નિશો; છાકટા-પીધેલપણું. 2 મસ્તી; ઉન્માદ.
Intractability, *n.* અડિયેલપણું; કહ્યાસર ન ચાલવું તે; હઠીલાઈ.
Intractable, *a.* સરકશ; નાફરમાન; કહ્યાસર નહીં તેવું; અડિયેલ. [મક.
Intransitive, *a.* (વ્યાકરણમાં) અકર્
Intrench, *v. t.* આસપાસ ખાઈ ખોદવી; મોરચો બાંધવો. 2 *v. i.* (on) હદ છોડીને આવવું-જવું; પારકા હકમાં ધીમે ધીમે પગ પેસારો કરવો. [મોરચો.
Intrenchment, *n.* ખંડક-ખાઈ અને
Intrapid, *a.* બેધડક; છાતીવાળું; નિડર; નિર્ભય; હિમતી; હિમ્મતવાન.
Intrepidity, *n.* દલેરી; હિમત; છાતી
Intricacy, *n.* ગુંચવણ; પેચ; અસરળતા.
Intricate, *a.* ગુંચવાળું; પેચ ભરેલું.
Intrigue, *n.* કારસ્થાન; કાવતરૂં. 2 કામ ચરિત્ર; અંતરની ખટપટ; 3 *v. i.* કારસ્થાન-કાવતરૂં રચવું-કરવું; ખટપટ કરવી. 4 કામ ચરિત્ર કરવુ. [ખરેખરૂં; અંતઃસ્થ.
Intrinsic, *a.* અસલ જાતનું; મુળનું;
Introduce, *v. t.* વેહેવાર-રૂઢીમાં આણવું; ચાલુ-દાખલ કરવુ. 2 ઓળખાણ-મુલાકાત કરાવી આપવી; ભલામણ કરવી. 3 ચાલુ-શરૂ કરવુ.
Introduction, *n.* વેવહારમાં ચાલુ કરવું તે. 2 ઓળખાણ કરાવવી તે; ભલામણ; મુલાકાત. 3 દાખલ કરવું તે. 4 આરંભ; શરૂઆત. 5 પ્રસ્તાવના; દીબાચો; ઉપોદ્ઘાત. [વનારૂપ.
Introductory, *a.* દીબાચાનું પ્રસ્તા-
Intrude, *v. t.* કામવગર-હકવગર ઘુસવું. 2 *v. i.* ઘોલ્લા થવું; વગર બોલાવે-તેડે દાખલ થવું.
Intruder, *n.* અણબોલાવ્યો આવનાર; ઘોલ્લો; વગર હકે ઘુસી જનાર
Intrusion, *n.* વગર હકે-બોલાવવે ઘુસવું તે. [સુપુરદ કરવું.
Intrust, *v. t.* સોંપવું; હવાલે કરવું;
Intuition, *n.* કુદરતી-સાહજિક-તરતનું તરત થયલું જ્ઞાન; અંતર્જ્ઞાન.
Intuitive, *a.* જોતામાંજ સમજી જવાય તેવું; સાબીતીની જરૂર નહીં તેવું. 2 અંતરજ્ઞાની; કોઈના કહ્યા વગર જાણ્યું હોય તેવું; અંતર્જ્ઞેય.
Intuitively, *ad.* તરતજ; સેહેજ; કોઈના કહ્યા વગર; અંતરજ્ઞાને.
Intumescence, *n.* સોજો; સુજ.
Intwine, *v. t.* વણવું; ગુંથવું; વળદેવો.
Inundate, *v. t.* પૂર આવવું; રેલ આવેથી પુરાડવું. 2 રેલ છેલ-ભરપૂર કરવું.
Inundation, *n.* પૂર; રેલ; પ્રલય.
Inure, *v. t.* ટેવપાડવી; માહાવરોપાડવો
Invade *v. t.* સ્વારી-ચઢાઈ કરવી; હલ્લો કરવો. 2 પગ પેસારો કરવો.

Invader, *n.* ચડાઈ—હુમલો કરનાર.
In vain, *ad.* મિથ્યા; ફોકટ; વ્યર્થ; વૃથા.
Invalid, *n.* રોગી—દર્દી—નબળું માણસ 2 ઘાયલ થયલો સિપાઈ. 3 *a.* નબળું; નિર્જીવ. 4 નકામું; બાતલ; રદ.
Invalidate, *v. t.* વ્યર્થ—રદ—બાતીલ કરવું. [કિમતી; અઝીઝ.
Invaluable, *a.* અમુલિક; અમુલ્ય;
Invariable, *a.* એકસરખું; સ્થિર; ફરે—બદલાય નહીં તેવું. [સદા.
Invariably, *ad.* એક સરખી રીતે;
Invasion, *n.* ચડાઈ; હુમલો; દોડ; લશ્કરકશી.
Invective, *n.* નિંદા; બદગોઈ; ગાળ; તરછોડી નાખવું તે. 2 *a.* નિંદારૂપ; બદગોઈ—નિંદા ભરેલું; નિંદાત્મક.
Inveigh, *v. t.* નિંદા—બદગોઈ કરવી.
Inveigle, *v. t.* ફોસલાવવું; ભૂલથાપ દેવી; ભોળવી નાખવું; છળથી કરાવવું
Invent, *v. t.* નવી યુકતી—કલ્પના કાહાડવી; કંઇ નવુ શોધી કહાડવું. 2 બનાવટ કરવી.
Invention, *a.* નવી યુકિત; નવો શોધ. 2 નવી શોધી કહાડેલી વસ્તુ—વાત. 3 કલ્પના શકિત. 4 બનાવટ.
Inventive, *a.* શોધક; કલ્પક; નવું શોધી કાહાડે તેવું. [બનાવનાર.
Inventor, *n.* શોધી કાહાડનાર; નવું
Inventory, *n.* ઈત્યાદી; યાદ; ફેરિસ્ત;
Inverse, *a.* ઉલટું; ઊંધું; અવળું. [ટીપ.
Inversely, *ad.* ઉલટાવીને; વ્યુત્ક્રમથી તે.
Inversion, *n.* ઉલટો—અવળોક્રમ; એવી રીતની ગોઠવણ જેથી છેલું પેહેલે ને પેહેલું છેલે આવે. 2 વ્યતિક્રમ; વ્યુત્ક્રમ. [પાલટ કરી નાખવું.
Invert, *v. t.* ઉલટાવવું; ફેરવી—ઉલટ-
Invest, *v. t.* પેહેરાવવું. 2 આપવું (બલત—અધિકાર). 3 સણગારવું. 4 ઘેરો ઘાલવો; ઘેરવું. 5 રોકવું (નાણું).
Investigate, *v. t.* ચોકસી—તપાસ—શોધ કરવી. [તજવીજ; તલાશ.
Investigation, *n.* ચોકસી; તપાસ; શોધ;
Investiture, *n.* પેહેરાવવું તે. 2 અધિકાર સોંપવો તે; પદસ્થાપન. 3 ઘેરો ઘાલવો તે.
Investment, *n.* (નાણું) રોકવું—નાખવું તે. 2 પદ સ્થાપન. 3 ઘેરો.
Inveterate, *a.* ઘણા દિવસનું; જુનું; બહુ કાલિક. 2 હડહડતું કટું.
Invidious, *a.* અદેખાઈ ઉત્પન્ન કરે એવું; દ્વેષજનક; અદેખું; અદાવતિયું; મત્સરી.
Invidiously, *ad.* હસદ—અદેખાઈથી.
Invigilance, *n.* ગફલત; અસાવધાની.
Invigorate, *v. t.* કવી—તવાના—પુષ્ટ—મજબુત—જોરાવર કરવું; કૌવત આપવું. [બક્ષ; પુષ્ટિકારક; પૌષ્ટિક.
Invigorating, *p. a.* ધાતુપુષ્ટ; કૌવત
Invincibility, *n.* નજીતાય તેવી હાલત.
Invincible, *a.* નજીતાય તેવું; અજિત.

Inviolable, *a.* બેઆબરૂ; બગડાય નહીં. —નાપાક ન કરાય—દુખ ન દેવાય તેવું. 2 ઉલટું ન ચલાય—હુકુમ ન તોડાય તેવું; ન ભંગાય તેવું; અનુલંઘનીય.
Inviolate, *a.* નહી બગડેલું; પાક; [બેકસુર.
Invisibility, *n.* અદૃશ્યતા.
Invisible, *a.* ન દેખાય તેવું; અદૃશ્ય; ગએબી; અગોચર; દૃષ્ટ્યગોચર.
Invitation, *n.* બોલાવણું; નોતરું; ઈજન; તેડું; આમંત્રણ; નિમંત્રણ.
Invite, *v. t.* બોલાવવું; તેડવું; તેડું—નોતરું કરવું. 2 ખેંચી લેવું; લલચાવવું; લોભાવવું. [દિલકરા—રૂપા.
Inviting, *a.* લલચાવે એવું; મોહક;
Invocate, *v. t.* See Invoke. [દુઆ.
Invocation, *n.* આવાહન; નામ સ્મરણ;
Invoice, *n.* મોકલેલા માલની ઈઆદી; ભરતિયું; સતમી.
Invoke, *v. t.* નામનું સ્મરણ કરવું; મનમાં આરાધવું; આવાહન કરવું. 2 આજીજીથી માગવું; દુવા માંગવી —કરવી—ગુજારવી.
Involuntarily, *ad.* ઈચ્છા—મરજી ન છતાં; ખુશી વગર; અજાણે.
Involunteriness, *n.* નાખુશી; ગેર મરજી; અસંતોષ.
Involuntary, *a.* ઇચ્છા વગરનું; ખુશી ઉપરાંતનું; બે એખ્તિયાર.
Involve, *v. t.* વીટાળવું; લપેટવું. 2 માહેથી એમ નિકળવું; અનુમાનથી દેખાડવું; માહેથી અર્થ નિકળવો. 3 સામેલ કરવું; સાથે મેળવું. 4 ગુંચવવું; ગુંચવણમાં નાખવું. 5 ગરક કરવું. [વાળું; વજ્રદેહી—શરીર.
Invulnerable, *a.* દૈર્ઘતન; સખ્ત આંગ
Inward, *a.* અંદરનું; માહેલું. 2 મનમાનું.
Inward, Inwardly, } *ad.* અંદરથી; મનમાંથી.
Inwrought, *a.* સાણગારથી ભરેલું—જડેલું. [પડતા રંગની એક વસ્તુ છે.
Iodine, *n.* (રસાયન શાસ્ત્રમાં) કાળાસ
Iota, *n.* લવલેશ; તલમાત્ર.
Irascibility, *n.* જરા જરામાં ગુસ્સો ચડી જાય તેવી તબિયત.
Irascible, *a.* જરા જરામાં ગુસ્સો કરે —ચીડીડી ઉઠે તેવું; ઝાઉસ; ચીઢીઉં.
Irate, *a.* ક્રોધી; કોપાયમાન.
Ire, *n.* ગુસ્સો; ક્રોધ; ખફગી. [લાગે તેવું.
Irksome, *a.* કંટાળા ભરેલું ચીઢીડ
Iron, *n.* લોઢું; લોખંડ. 2 લોઢનું હથિયાર. 3 બળ; જોર. 4 *a* લોઢનું બનાવેલું. 5 લોઢાના જેવા રંગનું. 6 સખ્ત; કઠણ. 7 જબરૂં; જોરાવર. 8 *v. t.* કપડાને ઇસ્ત્રી કરવી. 9 બેડી ઘાલવી.
Ironclad, *a.* લોઢાનાં પત્રાંથી મઢેલું.
Ironfisted, *a.* મજબુત મુઠ્ઠીવાળું; વજ્રમુષ્ટિ. [વજ્રહૃદય; નિર્દય.
Ironhearted, *a.* કઠણ—સખ્ત છાતીનું;
Ironmould, *n.* લોઢોડાનું બીબું.
Ironical, *a.* હોય તેથી ઉલટું બોલવા

સંબંધી; અન્યોક્તિવાળું; વ્યાજ સ્તુતિ અથવા વ્યાજ નિંદાવાળું. [વેચનાર.
Ironmonger, n. લોઢાડાનો સામન
Irons, n. બેડી; ઝાંઝરિયાં.
Irony, n. ટકોર; હોય તેથી ઉલટું બોલવું તે; અન્યોક્તિ; વ્યાજ સ્તુતિ; વ્યાજનિંદા. [શાની આપવી.
Irradiate, v. t. પ્રકાશિત કરવું; શો
Irradiation, n. પ્રકાશ; શોભાની; ચળકાટ.
Irrational, a. બુદ્ધિવગરનું; અજ્ઞાન; ઢોરસરખું; ના અક્કલ; બે અક્કલ.
Irreclaimable, a. ઠેકાણે ન આવે તેવું; ન સુધરે તેવું; વહી ગયલું; વંઠેલ.
Irreconcilable, a. ન સમજે તેવું; દોસ્તી–મિલાપ ન કરે તેવું. 2 એક બીજાથી ઉલટું હોય તેવું; પરસ્પર વિરુદ્ધ, જેમ *Irreconcileable* facts એક બીજાને મળતી ન આવતી એવી વાત.
Irrecoverable, a. પાછું હાથ ન લાગે એવું. 2 ઉપાય વિનાનું; નિરૂપાય.
Irrefragable, a. ખંડન ન કરાય–તોડી ન શકાય તેવું; અખંડ્ય.
Irregular, a. બેડોળ. 2 બે રેવાજ; બે કાયદે; ગેર શિરસ્તાનું; નિમ વગરનું; ધારાથી ઉલટું. 3 આડે રસ્તે ચાલનાર; અનાચારી. 4 વાંકું.
Irregularity, n. ગેરશિરસ્તો; બેકાયદો; અનિયમ. 2 આડી ચાલ; અનાચાર.
Irrelevent, a. સંબંધ–પ્રસંગ વગરનું; લાગુ પડે નહી એવું; અપ્રાસંગિક.
Irreligion, n. અધર્મ; બે દીની; અનાચાર; દુરાચાર; અભક્તિ.
Irremediable, a. અઈલાજ; નિરૂપાય; સારૂં ન થાય–સુધરે નહી એવું.
Irreparable, a. સુધારી–સમારી ન શકાય તેવું. 2 પાછું ન મળે તેવું. [એવું.
Irreprehensible, a. ઠપકો દેવાય નહી
Irrepressible, a. દબાય નહી એવું.
Irreproachable, a. } ઠપકા વગરનું;
Irreprovable, a. } નિષ્કલંક; નિર્દોષ; બેગુન્હા.
Irresistible, a. અટકાવી શકાય નહીં તેવું; અટળ; અનિવાર્ય; મજબુત.
Irresolute, ઢચુપચુ કરતું; અદ્દઢ; ચંચળ મનનું; વારેઘડિયે વિચાર ફેરવ્યા કરે તેવું; બેકરાર. [એવું.
Irrespective, a. ધ્યાન–લક્ષ ન આપે
Irresponsible, a. જવાબદાર–જોખમદાર નહી એવું.
Irretrievable, a. લા ઈલાજ; નિરૂપાય. 2 પાછું ન મેળવી શકાય તેવું.
Irreverence, n. અનાદર; અપમાન અવજ્ઞા; બેઅદબી; બે ઈજ્જતઆબ્રી.
Irreverent, a. અપમાન–બેઅદબી કરનાર; બે અદબ; બે ભક્તિયાત્ર. [એવું.
Irrevocable, ફેરવાય–રદ કરાય નહી
Irrigate, v. t. } નેહેર, તળાવ, કુવા
Irrigation, n. } વગેરેની મારફતે ખેતર–જમીનને પાણી પાવું.
Irritable, a. ચીહિડિયું; ખિજવાઈ જાય તેવું. 2 આગ ન ઉઠે તેવું.

Irritate, *v. t.* ચીહિડવવું; ખિજવવું; છેડવું. 2 આગ-ઝાળ ઊઠે તેમ કરવું.

Irritation, *n.* આગ; લાય; ઝાળ. 2 ખિજ; ચિઢ; ગુસ્સો.

Irruption, *n.* એકાએક ફાટીને અંદર આવવું-પડવું તે. 2 દોડ; ચડાઈ; હલ્લો.

Ischury, *n.* પિસાબ બંધ થઈ જવી તે; મૂત્રાવરોધ.

Ish, (એ શબ્દ બીજા શબ્દની આગળ લાગીને કંઈક ઓછું એ અર્થમાં વિશેષણ થઈ રહેછે) જેમ Black*ish* કાળાસપર પડતું; કંઈક કાળું. Yellow*ish* પીંળાસ મારતું.

Island, *n.* બેટ; ટાપૂ; દ્વીપ; જઝીરો.

Isle, / **Islet**, *n.* નાહાનો ટાપુ.

Isolate, *v. t.* અળગું-વેગળું મૂકવું.

Isolated, *a.* વચમાંથી જુદું પડેલું; અલગ; છેટે.

Jsolation, *n* વેગળાપણું; અળગાપણું.

Isosceles, *n.* (ભૂમિતીમાં) જેની બે બાજુ સરખી હોય તે; સમદ્વિબાજૂ, જેમ *Isosceles* Triangle: સમદ્વિબાજુ ત્રિકોણ.

Issue, *n.* બાહાર નિકળવું તે; નિર્ગમન. 2 પરિણામ; હાંસલ; ફળ. 3 છોકરું; સંતતિ; સંતાન; ઓલાદ. 4 ઉપજ; નિપજ. 5 સ્રાવ. 6 મુદ્દો. 7 *v. t.* બહાર મોકલવું; અમલમાં આણવું; ચાલુ કરવું. 8 વેહેંચી આપવું. 9 જાહેર-પ્રગટ કરવું. 10 *v. i.* બાહાર નિકળવું-આવવું. 11 ઉપજવું; નિપજવું; પેદા થવું. 12 ઉત્પન્ન થવું; જનમવું. 13 શેવટ-હાંસલ-પરિણામ નિકળવું-થવું.

Isthmus, *n.* સંયોગીભૂમિ.

It, *pron.* તે; પેલું (નપુસકલિંગે).

Itch, *n.* ખરજ; ખુજળી; ખસ; ધવડો. 2 ખંજવાળ; કીડ; ચેળ. 3 વખવખ. 4 *v. i.* કીડ લાગવી; ખંજવાળ આવવો; ધવડવું.

Itchy, *a.* ખુજળીવાળું; ખશીલું.

Item, *n.* કલમ; રકમ; બાબ; બાબત. 2 *ad.* વળી; બીજું.

Iterate, *v. t.* / **Iteration**, *n.* બીજીવાર-ફરીથી કેહેવું-કરવું-બોલવું પુનરૂક્તિ કરવી.

Itinerant, *n. & a.* ગામેગામ ફરનાર; ભટકનાર.

Itinerate, *v. i.* ગામેગામ-દેશદેશ ફરવું-ભટકવું (ઉપદેશ કરવા સારૂ).

Itself, *pron.* પોતાની મેળે; ખુદ; જાતે; સ્વત (નપુસકલિંગે.)

Ivory, *n.* હાથીદાંત. 2 *a.* હાથીદાંતનું.

J.

J. ઈંગ્રેજી મુળાક્ષરોનો ૧૦ મો અક્ષર.

Jabber, *v. i.* ઉતાવળું ન સમજાય તેવું બોલવું; બકબક-વચવચ-લં-વલવ કરવી.

Jack, *n.* ફણસનું ઝાડ. 2 પતરાજી-ખોર માણસ. 3 ખલાસી. 4 કરાડો. 5 બખતર. 6 વાવટો.

Jackass, *n.* ગધેડો; ગર્દભ. 2 મૂર્ખ-બેવકૂફ માણસ.

Jackal, *n.* કોહોલું; શિયાળ; શિયાળવું.

Jackdaw, *n.* કાગડો. [કેડિયું.

Jacket, *n.* કુડતું; બદીઆન; બદન;

Jackfruit, *n.* ફણસ.

Jaconet, *n.* જગનાથી.

Jade, *n.* ઘોડું. 2 પરેસાન-ખરાબ ચાલની બઈરી; રાંડ. 3 લેહેકાવાળી જુવાન સ્ત્રી. 4 એક જાતનો પથ્થર. 5 *v. t.* મેહેનત આપવી; થકવવું. 6 *v. i.* થાકી જવું.

Jag, *n.* ખાડો; ખાંડ; કાંગરો; કાતરો; ચીરો. 2 *v. t.* ખાંડ પાડવી; ખાંડું કરવું.

Jail, *n.* તુરંગ; બંદીખાનું. [દરોગો.

Jailer, *n.* તુરંગની ચોકસી કરનાર;

Jakes, *n.* સંડાસ; વાડો; જાજરૂ; પાએખાનું.

Jam, *n.* મુરબ્બો. 2 *v. t.* નિચોવવું; દાબવું; ભચડવું; ચાંપવું.

Jangle, *v. i.* કચકચ-કલકલ કરવી; બબડવું; ઝગડો-વઢવાડ થવી. 2 *v. t.* કઠોર-બેસૂર કરવું.

Janitor, *n.* દેવડીવાળો; પોહોરેગીર; ચોપદાર; પોળીઓ; દરવાન.

Janty, *a.* ફાંકડાઈ કરનાર; ઈશ્કી થઈ ફરનાર; ફાંકડું; ઇશ્કી; રંગીલું.

January, *n.* અંગ્રેજી વરસનો પેહેલો મહિનો; પોરા-માહ.

Jar, *n.* કર્કશ-કઠોર-બેસૂર શબ્દ-અવાજ. 2 અણબનાવ; કજીઓ. 3 કુંડું, ઘડો, હાંલ્લું, મટકું વગેરે મ-ટોડીનું વાસણ; બરણી.

Jargon, *n.* ન સમજાય તેવી ગડબડ-વાળી બોલી. 2 ભેળસેળ; ખિચડું.

Jasmine, *n.* જાઈ, ચંબેલી વગેરે ફુલની જાત; જાસવેણ.

Jaundice, *n.* પાંડુરોગ; કમળો.

Jaunt, *n.* સહેલ; સફર; ફરવા જવું તે.

Javelin, *n.* બરછી; ભાલો.

Jaw, *n.* જડબું; ડાચું. 2 મ્હોડું. [પક્ષી.

Jay, *n.* ચાસ; સબજક; નિલકંઠ; એક

Jealous, *a.* અદેખું; બદગુમાન; મત્સરી. 2 વેહેમી. [દગુમાની.

Jealousy, *n.* અદેખાઈ; મત્સર; બ-

Jeer, *v. i.* બોલી ઠોલી-મજાખ-મશ્કરી કરવી.

Jehovah, *n.* ઇશ્વર; ખુદા; યહોવા (હીબ્રુભાષામાં).
Jejune, *a.* સુકું; નિરસ; અરસિક; રસ-મઝાવિનાનું. 2 ખાલી; ઠાલું. 3 ભુખ્યું. [પદાર્થ.
Jelly, *n.* મુરબ્બો; જેલી. 2 ચિકણો
Jeopard, } *v. t.* જોખમ-નુકસા-
Jeopardize, } નમાં નાખવું.
Jeopardy, *n.* જાનબાઝી; નુકસાન; ધોકો;જીવનું-જાનનું જોખમ;હલાકી
Jerk, *n.* ધસારો; આચકો; હડસેલો. 2 *v. t.* ધસારો કરવો; આચકો-હડસેલો મારવો.
Jest, *n.* ઠઠ્ઠો;મશ્કરી;મજાક;ટોળ. 2 *v. i.* મજાક-મશ્કરી કરવી; બનાવવું.
Jester, *n.* ઠઠ્ઠાબાજ; મશ્કરો; ટોળિયો; રંગલો. [માણસ.
Jesuit, *n.* કાવાબાજ-કાવતરાંખોર
Jet, *n.* ફરંજો; ફુવારો. 2 એક જાતનો કાળો પથ્થર; સંગેમુસા. 3 *a.* કાળું.
Jew, *n.* યાહુદિ; ઇસ્રાએલ; જ્યુ.
Jewel, *n.* રત્ન; જવાહેર; ઘરેણું.
Jeweller, *n.* ઝવેરી.
Jewelry, *n.* જડાવ ડાગીના; જવાહેર. 2 જડાવ ડાગીના મુકવાની જગા.
Jewish, *a.* યાહુદીનું-સંબંધી.
Jew's harp, *n.* ચંગ; મોરચંગ.
Jingle, *n.* ઝણકાર; ઝણઝણ; રણકો. 2 *v. i.* ઝણઝણ કરવું; ખખડાવું.
Job, *n.* પરચુરણ-આડું કામ. 2 ફાયદા ભરેલું પણ હલકું-નીચા મનનું કામ.
Jockey, *n.* ચાબુક સવાર. 2 ઘોડાનો વેપારી. 3 લુચ્ચો; સોદો.
Jocose, } *a.* ઠઠ્ઠાબાજ; ટોળિયો;
Jocular, } મશ્કરો; વિનોદી.
Jocularity, *n.* ઠઠ્ઠાબાજી; ટોળ.
Jocund, *a.* આનંદી; ખુશમિજાજ.
Jog, *v. t.* ચેતવણી આપવા ખાતર જરાક હડસેલો મારવો; ધીમેથી ધક્કોમારવો-(the Memory) યાદ દેવડાવવું. 2 *v i.* ધીમે ધીમે ચાલવું.
Join, *v. t.* જોડવું; મેળવી દેવું; સાંધવું. 2 મળી જવું; સાથે થવું. 3 *v. i.* જોડાવું;સંધાવું; એક થવું.
Joint, *n.* ગાંઠ; ગાઠો. 2 પેરિયું. 3 સાંધ; સાંધો. 4 *a.* સામેલ. 5 બન્નેનું; બન્ને-બધાએ સાથે મલીને કીધેલું; સંયુક્ત. [ધન.
Jointure, *n.* બાહરીનો હિસ્સો; સ્ત્રી
Joist, *n* બરોડ.
Joke, *n.* ઠઠ્ઠો; મશ્કરી; મજાખ. 2 *v. t. & v. i.* મશ્કરી કરવી.
Jollity, *n.* ખુશી; આનંદીપણું;રંગીલાપણું; યારબાશી.
Jolly, *a.* ખુશ; આનંદી;રંગીલું; ખુશ મિજાજી;ઉલ્લાસી;લહેરી;હીસી. *A jolly fellow,* યારબાશ.
Jolt, *n.* ધક્કો; આચકો. 2 *v. t.* ધક્કો-આચકો આવવો-લાગવો-મારવો. 3 *v. i.* હીલા ખાવો.

Jot, *n.* લેશ;જરાએ; લેશ-તળમાત્ર. 2 *v. t.* ટીપવું; ટપકાવી-ટિપ્પણ કરી લેવું.
Jotting, *n.* ટિપ્પણ; ટપકાવી લેવું તે.
Jonrnal, *n.* રોજનામું-મેળ. 2 ખાતાંવહી. 3 ચોપાન્યું.
Journey, *n.* ખુશકીને રસ્તેની મુસાફરી; દેશાટન; દેશપર્યટન; પ્રવાસ. 2 *v. i.* મુસાફરી કરવી.
Journeyman, *n.* રોજિંદાર; હાથનીચે કામ કરનાર. [શાદમાન.
Jovial, *a.* ખુશ; આનંદી; રંગીલું;
Joy, *n.* આનંદ; ખુશી; રંગરસ; હર્ષ; સુખ; શાદમાની. [શાદમાન.
Joyful, *a.* આનંદી; ખુશ; ખુરરમ;
Joyfully, *ad.* આનંદે; ખુશીથી.
Joyless, *a.* ઉદાસ; દિલગીર; નાખુશ.
Joyous, *a.* ખુશ; હરખાએલું; મગન
Jubilant, *a.* મોહોટથી જેજે-ફતેહ ફતેહ કરનાર.
Jubilee, *n.* તેહેવાર; ઓચ્છવ; નોરોઝ; ખુશીખુશાલીનો દિવસ; જશન.
Judge, *n.* ન્યાયાધીશ; ઇનસાફ કરનાર. 2 પારેખ; પરીખ; પરીક્ષક; કદર-બુજ જાણનાર; ગુણજ્ઞ. 3 *v. t.* ઇનસાફ-ચુકાદો-ફેસલો કરવો. 4 પરીક્ષા કરવી.
Judgment, *n.* કદર-બુજ જાણવી તે; દરિયાફત કરવો તે. 2 દાનિશ; હોશ; બુદ્ધિ; સમજ; વિવેક. 3 મત; વિચાર; અભિપ્રાય. 4 નિકાલ; ફેસલો; ચુકાદો. 5 ગજબઈલાહી; ખુદાની તરફથી આફત.
Judgment day, *n.* કયામત; હશ્ર; જગતનો ઇનસાફ કરવાનો દાહાડો.
Judgment seat, *n.* ઇનસાફ કરવા બેસવાની જગા; ન્યાયાસન; ધર્માસન
Judicature, *n.* ઇનસાફની વેહેંચણ-તપાસ કરવાની સત્તા; ન્યાયાધિશી; ઇનસાફી હુકુમત. 2 અદાલત; ન્યાય મંદિર; દરબાર; કચેરી.
Judicial, *a.* ન્યાય સભા-ન્યાયાધીશનું. 2 ન્યાય-ઇન્સાફ કરવા સંબંધી. 3 ઇનસાફની દરબારે ઠરાવેલું. 4 ઇનસાફની રાહે કરેલું.
Judicious, *a.* ડાહાપણ-વિવેકથી કરેલું; ઉચિત. 2 અકલમંદ; દાના; સારાસાર સમજનાર; વિવેકી; ડાહ્યું; યુક્તીથી કામ કરનાર. [કૂચ.
Jug, *n.* કૂજો; ચંબુ; સુરઈ; લોટવો;
Juggler, *n.* મદારી; વાદી; ગારૂડી; જાદુગર.
Jugglery, *n.* ગારૂડીનીવિદ્યા; જાદુ.
Juice, *n.* રસ; પાણી. [વાળું.
Juicy, *a.* રસાળ; રળદાર; રસ-પાણી
Jujub, Jujube, *n.* બોરડી. 2 બોર.
July, *n.* અંગ્રેજી વરસનો સાતમો મહીનો આષાઢ-શ્રાવણ.
Jumble, *n.* ગડબડ ગોટો; ગોંધળ;

ભેળસેળ; લોચો; ધાલમેલ. 2 *v. t.* ધાલમેલ કરી મૂકવી; લોચો–ગડબડ ગોટા વાલવો.
Jump, *n.* કુદકો. 2 *v. i* કુદકો મારવો.
Junction, *n.* જોડી દેવું–એકઠા કરવા તે; સંયોગ. 2 જ્યાં બે અથવા વધારે ચીજો એકઠી મળે છે તે જગા. 3 સાંધો.
[જોગ; તક; ટાંકણું.
Juncture, *n.* સમય; અવસર; સંધિ;
June, *n.* અંગ્રેજી વરસનો છઠો મહિનો; જેઠ–આષાઢ.
Junior, *a.* નાહાનું; કનિષ્ઠ. 2 ઉતરતા દરજ્જાનું.
Juno, *n.* (જ્યોતિષમાં) એક ગ્રહ છે.
Jupitar, *n.* યુનાની અને રોમન લોકોનો મુખ્ય દેવ. 2 બૃહસ્પતિ; ગુરૂ; એક ગ્રહ છે.
Juridical, *a.* અદાલતનું; ઈનસાફની બાબતમાંનું.
[મોલવી.
Jurisconsult, *n.* ધર્મશાસ્ત્રી; કાઝી;
Jurisdiction, *n.* અમલ; કાયદાની રૂએ મળેલા અધિકાર–સત્તા. 2 અધિકાર ચલાવવાનો હક; અમલદારી. 3 ઈલાકો; અધિકાર ચલાવવાને ઠરાવેલી હદ.
Jurisprudence, *n.* કાયદાનું શાસ્ત્ર; ધર્મશાસ્ત્ર; વ્યવહાર શાસ્ત્ર.
Jurist, *n.* કાયદા–ધર્મશાસ્ત્ર જાણનારો; ધર્મશાસ્ત્રજ્ઞ; ધર્મશાસ્ત્રી.
Jury, *n.* પંચ; જુરી; પંચાએતની કચેરી.
Juryman, *n.* જુરીવાળો; પંચ.
Just, *a.* નિયમસર હોય તેવું. 2 પ્રમાણિક. 3 નિરપરાધી. 4 અદલ; ઈનસાફી; ન્યાયી. 5 ખરૂં; રાસ્ત. 6 યથાયોગ્ય; દરોબસ્ત; ઘટતું. 7 *ad.* પાસેજ; લાગોલગ. 8 બરાબર; તેવું ને તેવુંજ. 9 તત્કાળ; હમણાં; તરતજ. 10 કેવળ; માત્ર.
Justice, *n.* ન્યાય; ઈનસાફ. 2 રાસતી; સાચવટ. 3 ન્યાયાધીશ; ઈનસાફદાર.
Justifiable, *a.* યોગ્ય–વાજબી છે એવું બતાવી અપાય–સાબીત કરી શકાય તેવું.
Justification, *n.* } ખરૂં–વાજબી છે એમ બતાવવું–સાબીત કરી આપવું. 2 માફી બક્ષીને બેગુનાહ ઠરાવવું; સફાઈ કરવી.
Justify, *v. t.* }
Justly, *ad.* ઈનસાફની રાહે; વાજબી રીતે
Justness, *n.* વાજબીપણું; ઈનસાફી.
Jut, *v. i.* બાહેર આવવું–પડવું–નિકળવું
Juvenile, *a.* જુવાની સંબંધી; જુવાન.
Juvenility, *n.* તારૂણ્ય; યૌવન; જુવાની.
Juxtaposition, *n.* પાસે પાસે–સામા સામી આવવું–મૂકવું તે.

K.

K ઈંગ્રેજી મુળાક્ષરોનો ૧૧ મો અક્ષર.
Kalendar, *n.* પંચાંગ; ટીપણું.
Kaw, *n.* કાકા; કાઉ કાઉ. 2 *v. i.* કાઉ કાઉ કરવું.
Keck, *v. i.* એક આવવા જેવું થવું; ઉછાળા આવવા. 2 *n.* ઓકારી; બકારી.
Keel, *n.* વાહાણનું તળિયું; પઠાણ.
Keen, *a.* આતુર; ઈન્તેઝાર. 2 સખ્ત; કડકડતું; કચરું (ટાહાડ, ભૂખ વગેરે). 3 તીક્ષ્ણ; કુશાગ્ર; ચપળ; હોશિયાર. 4 કડવું; કોવાડાના ઘાજેવું; દુખ કરે તેવું (નિંદા વગેરે) 5 અણી–પાતળો ધારવાળું (છરી વગેરે). 6 ઉગ્ર; જોરા વાળું.
Keep, *v t.* બચાવવું; રાખવું; ઊંચું મુકવું. 2 કબજામાં ધરી રાખવું. 3 સંભાળવું; જતન કરવી; સાચવવું. 4 ચરાવવું. 5 ચલાવવું. 6 ખવડાવવું પીવડાવવું; પાળવું. 7 ચાકરી રાખવું. 8 પાળવું; માનવું (દાહાડો, હુકમ વગેરે). 9 રાખવું; પાળવું (વચન).–(back) છાનું રાખવું. 2 અટકાવવું.–(off) દુર રાખવું; પાસે ન આવવા દેવું.–(under) હુકમમાં રાખવું.–(up) ટકાવવું; નભાવવું. 10 *v. i.* રેહવું; હોવું. 11 બગડી ન જવું; ટકવું.–(from) દુર–વેગળા રેહેવું.–(to) વળગી–પકડી રેહેવું.–(on) ચાલ્યા કરવું; ચલાવ્યા જવું; કર્યા કરવું. He *kept* on singing; તેણે ગાયા કીધું.
Keeper, *n.* રાખનાર; પાળનાર; રખેવાળ; નિઘેબાન; રક્ષક.
Keeping, *n.* કબજો. 2 ખાન પાન. *In keeping with,* બેસતું; મળતું; જુગતું.
Keepsake, *n.* યાદગિરિદાખલ આપેલી વસ્તુ; સંભારણું; યાદદાસ્ત.
Keg, *n.* નાહાનું પીપ; કેગ.
Kennel, *n.* કુતરાનું ઘર; સગખાનું. 2 શિકારી કુતરાનું જુથ–ટોળું. 3 ન્હાની નોહેર; નાળું.
Kerchief, *n.* માથે ઓઢવાનો રૂમાલ.
Kernel, *n.* ગર; મગજ.
Kettle, *n.* કિટલી; દેગડી.
Kettledrum, *n.* નગારૂં; ડંકો; ઢોલ.
Key, *n.* કુંચી; કિલી; ચાવી. 2 કળ.
Keyhole, *n.* તાળાં–કળનું મોહોડું–ઘર
Keystone, *n.* મેહેરાબનો વચલો પથર
Kick, *n.* લાત; પાટુ. 2 *v. t.* લાત–પાટુ મારવું. 3 *v. i.* લાત ઊંચકવી; પગ ઉછાળવા. 4 પાછો ધક્કો–આચકો–આવવો–લાગવો. (બંદુખાનો).
Kid, *n.* બકલિયું; બોકડીઉં; બકરીનું

બચ્ચું; હલવાન. 2 *v. i.* બકરીએ વિઆવું.
Kidder, *n.* ફેરિયો; ગામોમાં ફરીને અનાજ, કપડાં વગેરે વેચવાનો ધંધો કરનાર.
Kidnap, *n.* ઉઠાવી-ચોરી-ધરી-લઈ જવું (છોકરાં).
Kidnapping, *n.* મનુષ્ય હરણ; છોકરાં-માણસ ચોરી જવાં તે.
Kidney, *n.* મુત્રપિંડ; ગુર્દ; ગુરદો. 2 સ્વભાવ; પ્રકૃતિ. 3 જાત; પ્રકાર.
Kidneybean, *n.* અડદ; એક જાતનું કઠોળ.
Kill, *v. t.* મારી નાખવું; ઠાર કરવું. 2 હલાલ કરવું; કાપવું; ખોરાકને માટે જબે કરવું (મેંઢાં વગેરે). 3 શાંત પાડવું; સમાવવું.
Kiln, *n* ભઠ્ઠી.
Kin, *n.* સગું; સગપણ; સંબંધ; ગોત્ર; સગાઈ. 2 સગાંવહાલાં. 3 *a* સજાતીય; તેજ-એક જાતનું.
Kind, *n.* વર્ગ; જાત; જાતી. 2 પ્રકાર; રીત; તરેહ. 3 *a.* માયાળુ; કૃપાળુ; મેહેરબાંન. 4 પરોપકાર બુદ્ધીનું.
Kindhearted, *a.* દયાળુ; કૃપાળુ.
Kindle, *v. t.* સળગાવવું; પેટવવું. 2 *v. i.* સળગવું; પેટવું; લાગવું.
Kindly, *a.* એકજાતનું; સરખા સ્વભાવનું. 2 કુમળું; સાત્વિક. 3 પરોપકારી; દયાળુ; કૃપાળુ. 4 માફકસર; અનુકુલ. 5 *ad.* મેહેરબાની-કૃપા કરીને; અનુકૂલ થઇને.
Kindness, *n.* માયાળુપણું; કૃપા; મેહેરબાની; નવાજિશ; દયા; અનુગ્રહ; રેહેમ.
Kindred, *n.* સગું; સંબંધો; સગાં વહાલાં; સગાં સોદરાં. 2 *a.* સરખું; મળતું; એકજ-તેજ જાતનું.
King, *n* રાજા; બાદશાહ; પાશ્છા; શાહ.
King craft, *n.* રાજ્ય ચલાવવાની ચાતુરી; રાજાના દાવ પેચ; રાજ્ય ચાતુર્ય.
Kingdom *n* રાજ્ય; બાદશાહત; સલતનત. 2 મોટો વર્ગ-ભાગ.
The *animal kingdom*: જીવ જાતી.
The *mineral kingdom*: ધાતુ જાતિ.
The *vegetable kingdom*: વનસ્પતિ જાતી.
Kingfisher, *n.* કિલકિલા; એક જાતનું પક્ષી; જલકુકડો.
Kinghood, Kingship, *n.* રાજપદ; રાજ્યાધિકાર; બાદશાહી.
Kinglike, *a.* શાહી; રાજા સરખું.
Kingly, *a.* રાજાનું; રાજસત્તાક. 2 અમીરી; બાદશાહી.
Kingsman, *n.* સગો; સંબંધી.
Kinswoman *n.* સગી; સંબંધી.
Kiss, *n.* ચુંબન; ચુમી; બચ્ચી; બોકી; બોસો; મીઠી. 2 *v. t.* ચુમી લેવી; બચ્ચી કરવી.
Kit, *n* સર સામાન; બટસો.
Kitchen, *n.* રસોડું; રાંધણી; બાવરચીખાનું.
Kite, *n.* શમળી; ચીલ; એક જાતનું પક્ષી. 2 પતંગ; કનકવો; કનકુડો.

Kitling, *n.* બચ્ચું; બાળક.
Kitten, *n.* બીલાડીનાં બચ્ચાં.
Knab, *v. t.* ડસવું; દંશ દેવો.
Knack, *n.* હથોટી; કરામત; કસબ. 2 હીકમત; જુક્તિ; યુક્તિ; કળા; કળ. 3 રમકડું.
Knag, *n.* ગાંઠો; ગાંઠ. 2 ખુંટી.
Knap, *n.* ટેકરો; ઢેકો. 2 *v. t.* ટચકી–ટચકારી ફોડવી.
Knapsack, *n.* બચકો; ઝોળી; કોથળો.
Knave, *n.* ઠગ; સોદો; અખાડજુતી; ધુતારો; હરામખોર. 2 ગુલામ (રમવાના પાનામાં). [તંતા.
Knavery, *n.* સોદાઈ; ઠગબાજી; ધુ-
Knavish, *a* સોદાઈ–લુચ્ચાઇનું; ફસાવવાનું; ધુર્ત; પઠ. [(લોટ વગેરે).
Knead, *v. t.* ગુંદવું; કેળવવું; મેલવવું
Kneading-trough, *n.* લોટ કેળવવાનું–ગુંદવાનું વાસણ(કથરોટવગેરે)
Knee, *n.* ઘુંટણ; ઢીંચણ; જાનુ.
Kneedeep, *a.* ઘુંટણપુર; ઘુંટણ જેટલું.
Kneel, *v. i.* ઘુંટણ; મંડીએ–ઘુંટણ ઉપર બેસવું; ઘુંટણીએ પડવું.
Knee joint, *n.* ઘુંટણનો સાંધો.
Knee pan, *n.* ઘુંટણનું ગોળ હાડકું; ઢીંચણની કામલી.
Knell, *n.* મુડદુ ઉપાડતી વેળા વગાડેલો ઘંટો અથવા ઘંટાનો અવાજ.
Knick knack, *n.* તકલેદી રમકડું.
Knife, *n.* પાળી; છરી; ચપ્પુ; ચાકુ.

Knight, *n.* એ નામનો ખેતાબવાળો સરદાર; બાહાદુર. 2(સેતરંજમાં)ઘોડો.
Knight hood, *n.* સરદાર બાહાદુરી; નાઈટની પદવી–હોદો.
Knit, *v. t.* ગુંથવું. 2 જોડી–મેળવી નાખવું; સાંધવું. 3 *pp. a.* ગુંથેલું; 4 જોડલું; સાંધેલું. 5 *n.* ગુંથણ.
Knob, *n.* ગાંઠો; ઢેકો; ગુંડો. 2 ઝુમખો.
Knock, *n.* ઠોકવું તે; આચકો; ઠોકો; ટકોરો. 2 *v. t.* ઠોકવું; પછાડવું; અથડાવવું. 3 ઠોંસો–ધક્કો મારી જમીનદોસ્ત કરવું–નીચે પાડવું. 4 *v i.* થડકો બેસવો; ધક્કો લાગવો; ઠપકાવું; અફળાવું.
Knot, *n.* ગુંચાએલી ગાંઠ; ગ્રંથિ. 2 ઝુમખો; ગુચ્છો. 3 સંબંધ; ગાંઠ. 4 કોઠેડો. 5 ટોળી; ટુકડી. 6 *v. t.* ગાંઠવું; ગાંઠ વાળવી; ગુંચવવું. 7 *v. i.* ગંઠાવવું; ગાંઠાં–પેરિયાંવાળું થવું.
Knotty, *a.* ગાંઠાવાળું; ગાંઠાલ. 2 ગુંચ પડેલું; ગુંચવણિયું; ગૂઢાર્થ.
Know, *v. t.* જાણવું; સમજવું; જાણી લેવું. 2 ઓળખવું; ઓળખાણ હોવી. 3 પસંદ કરવું; ગમવું. 4 સંભોગ કરવો. 5 *v. i.* ખબર–જાણ હોવી.
Knowing, *a.* જાણનાર; જાણીતું; વાકેફગાર. 2 પક્કું; શાહાણું; ચતુર; ખબરદાર; સમજુ. [જીને.
Knowingly, *ad.* જાણી જોઈને; સમ-

Knowledge, *n.* જ્ઞાન; વિદ્વતા. 2 માહિતિ; જાણ; ખબર. 3 ખબરદારી; ચતુરાઈ; સમજણ.

Known, *a.* જાણીતું; જણાવલું. 2 પ્રખ્યાત; જાહેર; નામાંકિત; મશહૂર.

Knuckle, *n.* આંગળીનો સાંધો; ટોચકું; ટાંચું; વેઢો. 2 *v. t.* ટાંચાં મારવાં; ટાંચાંથી ઠોકવું. *To knuckle to,* શરણ-તાબે થવું; નમવું.

L.

L ઇંગ્રેજી મૂળાક્ષરોનો ૧૨)મો અક્ષર.

Label, *n.* નિશાની દાખલ મારેલી ચિઠ્ઠી; ચકતી; તકતી; ટિકિટ. 2 *v.t.* નિશાની સારૂ ચકતી-ચિઠ્ઠી મારવી.

Labial, *a.* હોઠથી ઉચ્ચાર થતો હોય તેવું; ઓષ્ઠ્ય (અક્ષર).

Labio dental, *a.* હોઠ અને દાંતથી ઉચ્ચાર થતો હોય તેવું; દંતોષ્ઠ્ય.

Labor, *n.* મેહેનત; શ્રમ. 2 વૈતરૂં; મજૂરી. 3 મેહેનતનું કામ. 4 જણતી-વિયાતી વખતની પીડા; પ્રસવ વેદના. 5 *v. t.* મેહેનતે-કષ્ટ ખેંચીને કરવું; મરાગત કરવી. 6 *v. i.* મેહેનત-મજુરી કરવી. 7 અડચણ-સંકટ દુઃખ ભોગવવું. 8 કષ્ટાવું (જણતી વખતે).

Laboratory, *n.* નવો સામાન તૈયાર કરવાનું કારખાનું; ઉદ્યોગશાળા. 2 રસાયન પ્રયોગ-ઔષધ ક્રિયાશાળા.

Labored, *a* તાણી તુસીને-મરડી મચોડીને કીધેલું.

Laborer, *n.* મેહેનત-શ્રમ સેનાર-કરનાર. 2 મજુર; વહીતરો; હેલકરી.

Laborious, *a.* મેહેનતુ; ઉદ્યોગી; કામઢું. 2 મેહેનતવાળું; કંટાળા ભરેલું; સખ્ત; કઠણ; મુશ્કેલ.

Laboriously, *ad.* મેહેનત લઈને; દુઃખ પામીને; કષ્ટ ખેં ાને.

Labyrinth, *n.* ગલી કૂંચીનો-આડો અવળો રસ્તો; ચકરાવો; ભુલભુલામણી. 2 અટપટું કામ-વાત.

Lac, *n.* લાખ; અળતો. 2 ૧૦૦,૦૦૦; લાખ.

Lace, *n.* વણેલી-ગુંથેલી દોરી-પટી. 2 ફીત; તોઇ; કિનારી; લાચતુ. 3 *v. t.* વણવું. 4 જરીની ફીત-તોઈ મુકવી-લગાડવી.

Laced, *a* વણેલું. 2 કસબની ફીત લગાડેલું; કળાબતાવાળું. [કરનાર.

Lace man, *n.* જર-કિનારી ન ધંધો

Lacerate, *v. t.* ફાડવું; ચિરવું; ઉઝરડવું; વિદારવું. 2 ફાડી નાખવું; જખમી કરવું; ચાક કરવું.

Laceration, *n.* ફાડવું-ચીરવું તે; વિદારણ. 2 ફાટ; ચિરો; કાપ; ચિરાડો; ગાપચું.

Lachrymal, *a.* આંસુ પડાવે એવું.

Lack, *n.* ખુટ; ઘટ; ન્યુનતા. 2 હેરાનઘતી. 3 લાખ; લક્ષ; સો હજાર. 4 *v. i.* તંગી વેઠવી. 5 ઓછું-કમી હોવું; ઘટવું.

Lack brain, *n.* હઈયા ફુટું; ઠોઠ; ઢ.

Lacker, *n.* એક જાતનું રોગાન. 2 *v.t.* રોગાન દેવું-લગાડવું-ચઢાવવું.

Lackey, *n.* ખિદમતગાર; રિકાબદાર; ચાકર; ખવાસ; છોકરો.

Lacklustre, *a.* તેજ-નુર વગરનું; નિસ્તેજ; ફિક્કું (મોહોડું). 2 પાણી-આબ-ચળકાટ વગરનું (મોતી).

Lacktage, *n.* દુધ, દહીં, છાસ, માખણ વગેરે; ગોરસ.

Laconic, *a.* સંક્ષિપ્ત; થોડામાં-ટુંકામાં કહીદેનાર; ટુંકામાં પતાવનાર. 2 ટુંકામાં-મુખ્તેસર કહેલું-લખેલું-પતાવેલું. [સંક્ષિપ્તોક્તિ; ટુંકો ટચકો.

Laconism, *n.* થોડું-ટુંકું બોલવું તે;

Lactary, *n.* ગોરસ વેચનારનું ઘર-ની દુકાન. 2 *a.* દુધવાળું; દુધિયું; દુધેલ.

Lactation, *n.* ધવડાવવું તે; ધાઈ-થાન આપવું તે અથવા ધવાડવવાનો વખત.

Lacteal, *n.* અન્ન રસવાહિની; ખાધેલી વસ્તુના રસને પેટમાંથી છાતીની નળીમાં લઈ જનારી જે નળી તે.

Lacteal, }
Lacteous, } *a.* દુધનું; દુધવાળું; દુધ સરખું; દુધારૂં.
2 *a.* અન્નરસ વાહક.

Lactescent, *a.* દુધ અથવા દુધ સરખો રસ પેદા કરનાર; દુધ આપતું.

Lactiferous, *a.* દુધ ફેરવી વાળનાર.

Lad, *n.* જુવાનિયો; છોકરો; ગભરૂ.

Ladder, *n.* સીઢો; નિસરણી; ચઢણી; નાહાનો દાદર.

Lade, *v.t.* બોજોભરવો; લાદવું; ભરવું.

Laden, *pp. a.* બોજો ભરેલું; લાદેલું.

Lading, *n.* લાદવું-માલ ભરવો તે. 2 ભરેલો માલ; ભાર. 3 (Bill of) સતમી; માલની પોંહોંચ.

Ladle, *n.* કડછો; ડોયો. 2 મોહોટી પળી.

Lady, *n.* અમીરની બઈરી; કુલવાન સ્ત્રી. 2 સભ્ય-લાયકીવાલી-ભણેલી સ્ત્રી. 3 ઘર-કુટુંબમાં કારભાર કરનાર વડી સ્ત્રી; બાઈ; શેઠાણી; લેડી.

Lady bird, }
Ladybug, }
Lady cow, }
Lady fly, } *n.* તરેહવાર સુંદર રંગવાળું એક જાતનું જીવડું; ઈંદ્રગોપ.

Lady like, *a.* લાયકીવાલી ઓરતને ઘટતું; કુલસ્ત્રીના જેવું. 2 કુમળું; નાજુક.

Lag, *n.* કચરો; ઘણોજ હલકો વર્ગ-બર. 2 *v. i.* પછવાડે-પછાત પડી જવું; ઢીલું પડવું; પાછળ પડવું.

Laid, *pp.* મુકેલું; રાખેલું. [સંસારી લોક.
Laity, *n.* ગૃહસ્થ મંડળી; એહેદીન;
Lake, *n.* સરોવર; મોહોટું તળાવ.
Lamb, *n.* મેંઢાં–ગેટાંનું બચ્ચું; હલવાન
2 ગરીબ–રાંક–ગરવું માણસ.
Lambative, *n.* ચાટો; ચાટવાનું ઓસડ; ચાટણ. 2 *a.* ચાટવાનું.
Lambent, *a.* રમતું; અથડાઇને ખસી જાય તેવું; આમ તેમ ફરતું.
Lame, *a.* લુલું લંગડું; પાંગળું. 2 લુલું; ખાતરી ન કરે તેવું; ઢચુપચુ; નબળું
3 *v. t* લંગડું–પાંગળું–લુલું કરવું.
Lameness, *n.* લંગડાપણું. 2 અપૂર્ણતા; અધુરાપણું; કસર; લુલાપણું.
Lament, *v. t.* & *v. i.* શોક–ખેદ–વિલાપ કરવો; રોવું; રડવું.
Lamentable, *a.* શોક કરવા–ખેદ પામવા જોગ. 2 શોક–દિલગીરી ભરેલું.
Lamentation, *n.* શોક; ખેદ; વિલાપ; રૂદન; રડારડ; આક્રંદ.
Lamina, *n.* પડ; થર; પતરી; વરક.
Laminable, *a.* પડ–પતરી–વરકના આકારમાં આવી શકે તેવું.
Laminated, *a.* પડ–થર વાળું.
Lamp, *n.* દીવો; દીપ; બત્તી; ચિરાગ.
2 દીવી; કોડીઉં; દીવા કરવા–સળગાવવાનું ઠામ.
Lampblack, *n.* મેશ; કાજળ.
Lamp ladder, *n.* ઘોડી; દીવાસળગાવવા માટે ચઢવાની નિસરણી; ઘોડો.
Lamp light, *n.* દીવાનું અજવાળું; પ્રકાશ. [બત્તી.
Lamp lighter, *n* દીવા સળગાવવાની
Lampoon, *n.* કોઇની નિંદા–બદગોઇનું લખાણ; નિંદા લેખ. [દીવી; ચાકું.
Lampstand, *n.* સમઇ; સમેદાન–ની;
Lance, *n.* ભાલો; બરછી. 2 *v. t.* ભાલો મારવો. 3 નસ્તર મારવું–મુકવું
Lancet, *n.* ચિરવાનું હથિયાર; નસ્તર.
Land, *n.* દેશ; મુલખ; પ્રાંત. 2 જમીન; ભોંય; ખુશકી. 3 જમીન; ખેતર; ધરતી. 4 પ્રજા. 5 *v. t.* કિનારે–કાંઠે લાવવું–ઉતારવું. 6 *v. i.* કાંઠે આવવું–ઉતરવું.
Land animal, *n.* જમીનપરવસતું–ચરતું જાનવર; ભૂચર–સ્થળચર પ્રાણી.
Landed, *a.* જમીન–ખેતર હોય તેવું.
2 જમીન–ખેતર સંબંધી. 3 *pp.* જમીન ઉપર આવેલું; કિનારે ઉતરેલું.
4 (*Property*) ગરાસ; સ્થાવરમિલકત.
Landholder, *n.* જમીનદાર; વતનદાર; ગરાસિયો; તાલુકદાર.
Landing place, *n.* વાહાણમાંથી કાંઠે ઉતરવાની જગા; બંદર; ઘાટ.–(of a stair case) રમણું.
Land lord, *n.* જમીનનો માલિક–ધણી; જમીનદાર; ગરાશીઓ. 2 ઘરવાળો; ઘરધણી.
Landmark, *n.* જમીન–ખેતરની હદની

નિશાની;સીમાડાની નિશાની;સીમ.
Lands man, *n.* જમીન-ખુશ્કી ઉપર રેહેનાર-વસનાર માણસ. [ગ્રા.
Land owner, *n.* જમીનદાર; ગરાશી-
Landscape, *n.* નજરે પડતી જમીન તથા તે ઉપર આવેલા પદાર્થો અથવા તેનો કાઢેલો નકસો; દેશાનો દેખાવ. [પડવી તે.
Landslip, *n.* ભેખડ; પહાડની ભેખડ
Land survey, *n.* જમીનની માપણી-મોજણી; જરીફ; જરીબ.
Land tax, *n.* જમીનનો કર; સાંથ.
Landwind, *n.* કાંઠા-કિનારાનો પવન.
Lane, *n.* ગલી; નળીકડી; સેરી.
Language, *n.* બોલ; વચન; બોલવું વાચ્ચા;વાણી. 2 બોલી;ભાષા;ઝબાન. 3 બોલવાની ઢબ; ઈબારત.
Languid, *a.* મંદ; સુસ્ત; જડ. 2 મંદ; લુલું; હાલ હવાલ. 3 ધીમું; ઢીલું.
Languish, *v. i.* થાક ચઢવો; જોર-દમ ખાવો;નબળું પડવું;લુલું થઇ જવું. 2 મંદ-સુસ્ત થવું; નરમ-ટાઢાં-ઢીલાં પડી જવું.
Languor, *n.* સુસ્તિ; થાક; બુગાપો; કમજોરી; ગ્લાનિ. 2 મંદ બુદ્ધ. બેભાનપણું.
Lank, *a.* પાતળું; દુબળું; સુક્કું; કૃશ.
Lantern, *n.* ફાણસ; કંદીલ.
Lap, *n.* પોશાકનો નીચે લટકતોભાગ; ઘેર; ઝુલ; ચાલ; દામન. 2 ખોળો; ગોદ. 3 *v. t.* વિંટી નાખવું;લપેટવું. 4 એક ઉપર એક ચઢાવવું; બેવડું કરવું; ઘડી વાળવી. 5 ચપકચપક ચાટવું; બચબચ પીવું. કુતરાં બલાડાંની પેઠે પીવું. [સરખો કુતરો.
Lapdog, *n.* ખોળામાં રમતો નાહાનો
Lapidary, *n.* ઝવેરી. 2 હીરાઘસનાર.
Lapidescence, *n.* પથ્થર થવો.
Lapidist, *n.* See Lapiday.
Lapislazuli, *n.* આસમાની રંગનો પથ્થર; રાજાવર્દ; લાજવર્દ; વૈડુર્યમણિ
Lapse, *n.* વહી જવું તે; ગતિ; પ્રવાહ; વહન. 2 ભુલ; ચુક; દોષ. 3 *v. i.* વહી જવું; વિતવું; ગુજરવું; જતું રેહેવું. 4 ચળવું; ઢળવું; ભુલ કરવી. 5 એક ધણી પાસેથી બીજાને કબજે જવું, જેમ The land will *lapse* to Government, એ જમીન સરકારમાં જસે-ની થશે.
Lapsus linguæ, *n.* વાક દોષ; જિહ્વા દોષ; ભુલથી એકાએક કંઈ ભલતુંજ બોલાઈ જાય તે. [ભુલ-
Lapsus manus, *n.* હસ્તદોષ; હાથની
Lapwing, *n* એક જાતનું પક્ષી; ટીટોડી-ડો.
Larceny, *n.* ચોરી.
Lard, *n.* ડુક્કની ચરબી. [રડી.
Larder, *n.* ગોસ રાખવાનીજગા-ઓ-
Large, *a.* મોહોટું; ભારે. 2 લાંબું પોહોળું; પ્રશસ્ત; વિશાળ; કુશાદે; ફરાખ. 3 ઘણું; પુરાકલ. 4 ઉદાર. At

large, અટકાવ-બંધી-મર્યાદાવગર; છુટું;સ્વતંત્ર. 2 સારી પેઠે; કંઈ બાકી ન રહી જાય તેમ; પુરૂં; વિસ્તારીને; સવિસ્તર.

Largely, *ad.* મોકળે હાથે; ઉદારપણે. 2 પુષ્કળ; સારી પેઠે. 3 વિસ્તારીને; સવિસ્તર.

Largness, *n.* મોહોટાપણું; મહત્વ. 2 પ્રશસ્તપણું;વિસ્તાર.3 પુષ્કળપણું.

Largess,*n* બક્ષીસ; ભેટ; ઈનામ;દાન.

Lark, *n.* લાવરી; ચકાવક;ચંડોલ.

Larynx, *n.* નરડો; કંઠનાળ; ઘાંટી; ગળાની નળીનો ઉપલો ભાગ.

Lascar, *n.* ખલાસી; લશ્કર. [મી.

Lacivious, *a.* સ્ત્રીલંપટ; શેહવતી; કા-

Lascivionsness, *n.* કામબુદ્ધિ; કામ દ્દષ્ટિ; સ્ત્રી લંપટાઈ-પણું; કામાતુરપણું.

Lash, *n.* કોરડો; ચાબુક. 2 ફટકો; સપાટો. 3 ઠપકો; મેહેણું; તાણો; બોલ; ટોક. 4 *v. t.* કોરડા-ફટકો મારવો; ઝપેરવું; ફટકાવવું. 5 મેહેણું મારવું; તાણો મારવો; ટોક મારવા. 6 સોકડવું; જકડવું.

Lass,*n* જુવાન છોકરી;કુમારી;કન્યા.

Lassitude, *n* થાક; સુસ્તી; ગ્લાનિ; આળસ; મંદપાણું; શરીર ઢગલો થઈ જવું તે.

Last, *n.* જોડાનું કાલબુત. 2 *a.* સહુથી હેઠું-નીચું; છેલ્લું. 3 ગયું; ગુજરેત. 4 આખરનું; છેલ્લું. 5 *v. i.* ટકવું; ચાલ્યાં કરવું; ચાલવું; નિભવું. 6 *ad.* ગઈએપે-વખતે-વેળા. 7 સેવટે; છેલ્લે. *Last but one:* છેલ્લાની અગાડીનું; ઉપાંત્ય. *At last:* આખરે; છેલ્લીવારે; છેલ્લે સરવાળે; અંતે. [જાથુનું.

Lasting, *a.* ટકાઉ; ટકે-ચાલે તેવું;

Lastly, *ad.* છેલ્લીવારે; છેલ્લે; નિદાન.

Latch, *n.* બારણું દેવાની લાકડાની અથવા લોહોડાની ખુંટી-કડી; ફિરકી; અડગરો; ઉલાળો; આગળો; આગળી. 2 *v. t.* ફિરકી બેસાડવી; અડગરો દેવો. [ની દોરી-ફીત.

Latchet,*n.* પગના જોડાનો બંદ; બુટ-

Late, *a.* મોડેથી-પછવાડેથી આવેલું. 2 આગલું; માજી. 3 થોડાકજ દાહાડા ઉપર બનેલું;તરતનું; હમણાનું; હાલનું. 4 મરી ગયલું;મરહુમ; મરનાર. 5 *ad.* વાર-વખત લગાડીને; અસુરેથી. 6 પછવાડેથી; પાછળથી.

Lately, *ad.* થોડા દિવસ ઉપર-તરતનું થયલું હોય તેમ; નવુંજ.

Lateness, *n.* વાર; ઘણો વખત; અતિકાળ; મોડું; અવારે; અસુરે.

Later, *a.* પાછળના; હમણાંના.

Latent, *a.* ગુપ્ત; છાનું; છુપું; અંદર-ઢાંક્યું રહેલું.

Lateral, *a.* બાજુનું; પાસાં પડતું.

Lath, *n.* છાપરાનાં વાસાં-સાઠકાને

જડેલી કાંબડી—પાટિયાંની ચિપ;ખાંભુની ચીપ; પકવાસાં. 2 *v. t.* પકવાસી જડવી.

Lathing, } *n.* પકવાસી; કાંબડી;
Lathwork, } પાટિયાંની ચિપ.

Lathe, *n* સરાણ;સંઘાડો; લાકડું, હાથી દાંત વગેરેને કાંતવા—ઉતારવાનો સાંચો; ચકર; ખરાદ.

Lather, *n.* ફફ; ફીણ (સાબુનું અથવા ઘોડાનાં શરીર ઉપરનું) 2 *v. i.* પાણીથી સાબુનું ફીણ કાહાડવું—લાવવું; ફફ ચડાવવો. 3 *v. t.* સાબુનું ફીણ લગાડવું.

Lathy, *a.* એકવડી કાઠીનું; પાતળું ને લાંબું.

Latin, *n.* લાટિન ભાષા.

Latitude, *n.* (ભૂગોલ વિદ્યામાં) અક્ષાંશ; પૃથ્વી ઉપરની વિષુવવૃત્ત—મધ્ય લીટી થકી હરકોઈ જગાનું ઉત્તર દક્ષિણ છેટું—અંતર. 2 (ખગોળ વિદ્યામાં) ક્રાંતિવૃત્ત—સુરજના મારગની લીટી થકી હરકોઈ તારાનું જે અંતર તે. 3 વિસ્તાર; કુશાદગી; પોહોળાપણું. 4 નિબંધતા;હદનીબહાર હોવું તે;છૂટ. 5 મોકલાસ. 6 પોહોળાઇ; ચોડાઇ.

Latitudinal, *a.* અક્ષાંશ સંબંધી.

Latitudinarian, *n.* શાસ્ત્રમર્યાદા બાહાર રેહેનાર; ધર્મ જેવી બાબદોમાં મરજી મુજબ ચાલનાર. 2 અબદ્ધ; મન મુખત્યાર; વિચારમાં ઘણીજ છૂટ લેનાર.

Latter, *a.* પછવાડેનું; પછી થયલું. 2 હમણાનું; નવું; અર્વાચીન. 3 બીજું; પછવાડેથી બોલેલું. [ઉપર.

Latterly, *ad.* પછવાડેથી; થોડા દિવસ

Lattice, *n.* જાળી; ઝરૂખો.

Laud, *v. a.* પ્રશંસ—સ્તુતિ કરવી; વખાણવું. 2 *n.* સ્તુતિ ગાન; વખાણનાં ગીત.

Laudable, *a.* વખાણવાજોગ; સ્તુત્ય.

Laudanum, *n.* અફીણનો અરક; લાડનમ. [વખાણ.

Laudation, *n.* પ્રશંસા; સ્તુતિ; કીર્તિ;

Laudatory, *a.* વખાણનું; સ્તુત્ય.

Laugh, *n.* હસવું. 2 *v. i. & v. t.* હસવું. *To laugh at:* મજાક—ઠઠ્ઠા કરવી; કોઇને હસી કાહડવું. *To laugh in one's sleeve,* ગાલમાં—મુછમાં હસવું; મનમાં મલકાવું.

Laughable, *a.* હસવા જોગ; હાસ્યજનક—કારક; હસામણું; હસવું આવે એવું.

Laughing stock, *n.* હસાવનારી વસ્તુ; રમકડું; હસાવનાર.

Laughter, *n.* હસવું; હાસ્ય; હાંસી.

Launch, *v. t.* પાણીમાં ધસાવવું; ગોદીમાંથી ધકેલવું—ઉતારવું—નાખવું (વાહાણ). 2 હડસેલી—રખડતું મૂકવું.

Launder, } *n.* ધોબી; ધોબણ.
Laundress, }

Laundry, *n.* ધોવાની ઓલી—ઓરડો.

Laurel, *n.* લારલ નામનું એક ઝાડ. (ફતેહ મેળવનારને એનો હાર કરી પેહરાવતા હતા.)

Laureate, *a.* લારલ નામના ઝાડના પાંદડાંથી સોભાએલો; (Poet—) સરકારથી જેને વર્ષાસન મળતું હોય તેવો કવિ; રાજ કવિ.

Lava, *n.* બળતા—જ્વાલા મુખીમાંથી જે રસ જેવા પદાર્થ નિકળેછે તે.

Lave, *v. t.* ધોવું; પખાળવું; પ્રક્ષાલન કરવું. [લવેંડર.

Lavendar, *n.* ખુશબોદાર વનસ્પતિ;

Laver, *n.* ધોવાનું વાસણ; તસ્તઃ કુંડી.

Lavish, *a.* બહુજ—અતિશય—અતરેક કરનાર. (money) બહુ ખરચણ; ઉડાઉ; હાથનો છુટો. 2 *v. t.* વરસાવવું; ખુબ—સારી પેઠે આપવું. 3 અતિશય ખરચ કરવો; ઉડાવવું.

Lavishly, *ad.* ઉડાઉપણે; મોકળેહાથે.

Law, *n.* નિયમ; ધોરણ. 2 હુકમ; ઠરાવ. 3 કાયદો: કાંનુન; કુદરત. 4 નીતિ; ફરજ. 5 સ્મૃતિ; ધર્મ—વ્યવહાર શાસ્ત્ર. *To go to law,* સરકાર દરબાર ચઢવું; ફરિયાદી કરવી—માડવી.

Lawful, *a.* કાયદાસર; કાયદા પ્રમાણે. 2 ઘટતું: યોગ્ય; રવા; વાજબી; હકનું; હલાલ; સત્તાનું:

Lawgiver, *n.* કાયદા કરનાર; ધારા બાંધનાર; સ્મૃતિકાર.

Lawless, *a.* દુરાચાર; ધર્મભ્રષ્ટ; બેકેદ; બેલગામ.

Lawmaker, *n.* See Lawgiver.

Lawn, *n.* મેદાન.

Lawsuit, *n.* મુકદ્દમો; દાવો; કામ; કજિયો; વાદ; ખટલો ફરિયાદ.

Lawyer, *n* કાયદામાં વાકેફગાર; ધર્મશાસ્ત્રી. 2 અદાલતનોવકીલ;મુફતી.

Lax, *a.* ઢિલું; શિથિલ; સુસ્ત. 2 કોઠો બંધ નહિ એવું.

Laxative, *n.* રેચ; હલકો જુલાબ. 2 *a.* રેચક; હલકો જુલાબ આવે એવું; કોઠો સાફ કરે એવું.

Lay, *n.* ગીત; કવિતા 2 *a.* ગૃહસ્થ—બેહેદીન હોય તેવું; સંસારી. 3 *v. t.* મૂકવું; ઘાલવું; ધરવું. 4 પાડવું; સુવાડવું. 5 તજવીજથી ગોઠવવું—પાંથરવું. 6 અડકાવવું; લગાડવું. 7 સરત કરવી—બકવી; હોડ બકવી—બાંધવી. 8 (eggs.) ઈંડાં મુકવાં. 9 નાખવું; બેસાડવું (કર, છાપો વગેરે). (aside) કોરે મૂકવું; મૂકી છાંડવું. (by) ઊંચું—એક કોરે મૂકી રાખવું;સંઘરી રાખવું. (down) લેટવું. (hold of) ધરી રાખવું;પકડવું. (in) હોરવું; એકઠું કરી રાખવું; સંગૃહવું; સાંચવું; ભરી મુકવું. (on) લગાવવું (out) ખરચવું. (up) હોરી—સાંચી—ભરી રાખવું. 2 ખાટલે પડવું.

Layer, *n.* થર; પડ.

Lay land, *n.* પડતર જમીન.
Lay man, *n.* ગૃહસ્થ; સંસારી; બેહેદીન; દુનિયાદાર.
Lay stall, *n.* ઉકરડો.
Lazarhouse, } *n.* ચેપ લાગે એવા
Lazaretto, } રોગથી હેરાન થતા દરદીઓને માટે બાંધેલી ઇસ્પિતાલ.
Lazily, *ad.* આળસથી; ધીમેધીમે;
Laziness, *n.* આળસ; સુસ્તી. [મંદમંદ.
Lazy, *a.* આળસુ; સુસ્ત; હાડકાનું ભાગેલું. [ખેતરાં.
Lea, *n.* ઘાસવાળી ભીની જમીન—
Lead, *n.* સીસું. (red) સીંદુર. (white) સફેતો. 2 ઓળંબો. 3 આગેવાની. *To take the lead :* આગળ—આગેવાન થવું; પેહેલ કરવી; આગેવાની કરવી. 4 *v. t.* હાથ ધરીને—આગળ રહીને લઈ જવું; દોરવું. 5 મનવાળવું; લોભાવવું. 6 કાઢવા; ગુજારવા (દાહાડા.)
Leaden, *a.* સીસાનું; ભારે.
Leader, *n.* દોરનાર; લઈ જનાર. 2 આગેવાન; સરદાર; મુખ્ય પુરૂષ.
Leaf, *n.* પત્ર; પાતરૂં; પાંદડું; પાન. 2 પતરૂં; વરખ. 3 પાનું (ચોપડીનું) 4 પાંખડી; પાંદડી. 5 *v. i.* પાતરાં ફુટવાં—નિકળવાં—આવવાં.
Leaf metal, *n.* ધાતુનાં પતરાં—પાનાં.
Leafless, *a.* પાતરાંવગરનું; બાડું; બોડું.
Leafy, *a.* પુષ્કળ પાંદડાં—પાત્રાં પાત્રાંવાળું.
League, *n.* સંપ; ઐક્ય; મેળાપ. 2 દોઢોડ ગાઉ—કોસ; ત્રણ મેલ. 3 *v. i.* એકઠાં મલી વર્તવું; સંપ બાંધવો; સલાહ કરવી.
Leak, *n.* કાણું; છિદ્ર; છેદ; ગાબડું; ચીરો; તડ; ફાટ; બાક. 2 ટપકવું—ઝરકવું—ઝરવું—ટિપાવું—ગળવું—ચુવવું. 3 *v. i.* ગળી—ટિપાઈ જવું; ઝરકવું. 4(a ship) ચામટ થવું; પાણી ભરાવું. *To leak out,* ફુટવું; બહાર પડવું.
Leaky, *a* ગળતું; ચુતું; ટપકતું; ટિપાતું; ફાટ—ગાબડું પડેલું.
Lean, *a.* પાતળું; પાતળાં—એકવડાં શરીરનું; સુકું; દુબળું. 2 *v. i* અઢિંગવું; અઢેલવું. 3 વળવું; ઢળવું; ઝોક ખાવો. 4 લટકેલા રહેવું; આશ્રો પકડી રહેવું; આશરે—આધારે રહેવું.
Leanness, *n.* પાતળાપણું; દુબળાઈ.
Leap, *n.* કુદકો; ભુસકો; છલંગ; ફલંગ. 2 *v. i. & v. t.* કુદી જવું; ઓળંગવું; ભુસકો મારવો; ફલંગ મારવી.
Leap year, *n.* અધિક દિવસાનું વરસ—સાલ; ૩૬૬ દાહાડાનું વરસ: જે વર્ષમાં ફેબ્રુઆરિ મહીનાનાં ૨૯ દીવસ ગણાયછે તે વર્ષ; ફબીસાનું વરસ
Learn, *v. t.* શીખવું; ભણવું; પઢવું. 2 જાણવું; સમજવું; સાંભળવું. 3(by heart) ગોખવું; મોઢાડે કરવું.
Learned, *a.* શિખેલો; ભણેલો. 2 વિદ્વાન; પંડિત; કાબિલ; નિપુણ; ફાજિલ; જ્ઞાની.

Learning, *n.* વિદ્યા; ઇલ્મ; જ્ઞાન; વિદ્વત્તા; પાંડિત્ય.

Lease, *n.* ભાડાચિઠ્ઠી; કોલ. 2 ગણોત; ઇજારો; પટો. 3 *v. t.* ગણોતે-ભાડે-પટે આપવું; સાંથવું.

Leasehold, *n.* પટે લીધેલું; બાંધી મુદતે ભાડે લીધેલું.

Least, *a. & ad.* સહુથી નાહાનું-ઓછું-થોડું; કનિષ્ઠ. *At least:* ઓછામાં ઓછું તો ખરૂં; જેમકે, though he be not eloquent he is *at least* able to speak: તે સુંદર બોલનારો નથી તોપણ તેને બોલતાં આવડે છે તો ખરૂં. *At the least:* નિદાન; ઓછામાં ઓછું. *Not in the least:* કંઇજ નહીં.

Leather, *n.* ચામડું; ખાલ.

Leather dresser, *n.* ચમાર; ખાલપો.

Leather, Leathern, } *a.* ખાલનું; ચામડાનું.

Leave, *n.* આજ્ઞા; પરવાનગી; હુકમ. 2 રજા; છુટ્ટી. 3 *v. t.* છોડવું; વર્જવું; તજી દેવું. 4 રેહેવા દેવું; મૂકી આવવું. 5 પોતા પાછળ મૂકી જવું; રાખી જવું. 6 સોંપવું; સપુરદ કરવું. (alone) છોડી દેવું. (off) પડતું મૂકવું. (out) મૂકી દેવું. (word) કહી જવું.

Leaven, *n.* ખમીર; ખીરૂં. 2 *v. t.* ખમીરે ચઢાવીને-ઘાલીને ફુલાવવું-ઉપસાવવું-હલકું કરવું.

Leavings *n.* બાકી રહેલું-શેષ-બાકી વધેલું તે. 2 જુઠું; જુઠણ; એઠું; અજીઠું.

Lecher, *n.* રંડીબાજ; છિનાળવો; સ્ત્રીલંપટ. 2 *v. i.* રંડીબાજી; છિનાળી કરવી.

Lecherous, *a.* રંડીબાજ; કામી; સ્ત્રીલંપટ-વ્યસની.

Lechery, *n.* રંડીબાજી; બદફેલી; ઇશ્કબાજી; બહાર લટાઈ.

Lecture, *n.* ભાષણ; વ્યાખ્યાન; સબક. 2 ઠપકો; ડોક. 3 *v. t.* ભાષણ કરવું; વ્યાખ્યાન આપવું. 4 કાન ઉઘાડવા; શિખામણ દેવી.

Lecturer, *n.* ભાષણ-વ્યાખ્યાન કરનાર; પાઠક. 2 કાન ઉઘાડનાર-બોલનાર. [3 હાર; ઓળ.

Ledge, *n.* થર; પડ. 2 કોર; કંગુરો.

Ledger, *n.* ખાતાવહી; ખતવણી.

Lee, *n.* જેણીગમથી પવન આવતો હોય તેની સાંમેની દિશા-જગા-બાજુ. *Lee side of a ship*, દમાન.

Leeward, *a.* પવનની સામેની દિશા તરફનું. 2 *ad.* પવનની સાંમેની દિશા તરફ. [સાજળો.

Leech, *n.* જળો. *horse-leech*, ભં-

Leer, *n.* આડી આંખ; તિરછી નજર; કટાક્ષ. 2 *v. i.* આડી નજરે જોવું.

Lees, *n.* રગડો; ઠરો; કચરો.

Left, *a.* ડાબું; સવ્ય. 2 ડાબા હાથ તરફનું.

Lefthanded, *a.* ડાબા હાથથી ઘણું અને સારૂં કામ કરી શકનાર; ડાભીઓલ; ડાબોડી; ડબેરૂં.

Leg, *n.* પગ; ટાંટિયો; ટાંગ; ટંગડી; નળો. 2 પાયો; પગ; ટાંટિયો. *To stand on one's own legs:* પોતાનાં જોર-બળ ઉપર આધાર રાખવો.

Legacy, *n.* વારસો; વસિયત; મૃત લેખદાન.

Legal, *a.* કાયદા મુજબ; કાયદાસર; વ્યવહારને અનુસરતું. 2 કાયદાનું. 3 કાયદામાં કહેલું-જણાવેલું. [પણું.

Legality, *n.* વ્યવહારપણું; કાયદાસર-

Legally, *ad.* કાયદામુજબ-સર-પ્રમાણે

Legate, *n.* વકીલ; રાજદૂત; એલચી.

Legatee, *n.* જેના નામનું વારસનામું કરેલું હોય તે; વારસ. [ગીરી.

Legation, *n.* વકીલાત; એલચી-

Legalise, *v. t.* કાયદાસર ગણાય એમ કરવું.

Legator, *n.* વસિયત કરી આપનાર.

Legend, *n.* માહાત્મ્ય; કથા; પુરાણ; આખ્યાન. 2 દંત-લોક કથા.

Legendary, *a.* કથાભટ; કથા કેહેનારા; કથિક. 2 કથા-પુરાણ સંબંધી; જોડી કાહાડેલું; કથારૂપ.

Legerdemain, *n.* હાથચાલાકીનો એલ; નજરબંદી; હસ્તલાઘવ. [લુએલું.

Legible, *a.* વંચાય-ઉકલે તેવું; સાફ

Legibly, *ad.* સાફ; સ્પષ્ટ; વંચાય તેમ.

Legion, *n.* ફોજ; સેના. 2 ટોળું; ઝુંડ.

Legislate, *v. t.* કાયદા-કાનુન કરવા; ધારાબાંધવા.

Legislation, *n.* કાયદેબંદી; નિયમ-વિધિ સ્થાપના.

Legislative, *a.* કાયદા-ધારા કરનાર-કરવાસંબંધી; કાયદા બાંધનારે કીધેલું.

Legislator, *n.* કાયદા-ધારા કરનાર.

Legislature, *n.* કાયદાકરનારી મંડળી.

Legitimacy, *n.* સુજન્મ; ખરાપણું; અબળપણું; હકદારી; ઓરસપણું; હલાલઝાદગી.

Legitimate, *a.* ખરૂં; વાજબી. 2 હલાલઝાદું; ઓરસ. 3 *v. t.* ખરાપણું આપવું; ઓરસપણાના હક્ક આપવા.

Legume, *n.* સિંગ. 2 *pl.* કઠોળ; દાળ પડી શકે તેવું અનાજ; દ્વિદલ ધાન્ય.

Leguminous, *a.* સિંગનું. 2 દ્વિદલ જાતીનું. [સત; પરવાર; ફરાગત.

Leisure, *n.* નવરાસ; અવકાશ; ફુર-

Lemma, *n.* (ગણિતમાં) પ્રથમ સિદ્ધ -નક્કી કરેલી વાત.

Lemon, *n.* લીંબુડી; લીંબોઈ. 2 લીંબુ.

Lemon grass, *n.* લીલી ચાહા. [નેડ.

Lemonade, *n.* લીંબુનું સરબત; લેમ-

Lend, *v. t.* વાપરવા આપવું. 2 ઉધાર આપવું; ધીરવું.

Lender, *n.* ઉછીનું-ઉધાર-કરજે આપનાર; ધનકોનામ; શાહુકાર; નાણાં

Length, *n.* લંબાઈ; લંબાણ. [ધીરનાર.

Lengthen, *v. t* લંબાવવું; વધારવું; દરાજ કરવું. 2 *v. i.* લાંબું થવું; વધવું.

Lengthwise, *ad.* લંબાઇમાં; લંબાઈ

તરફથી. *Lengthwise and bredthwise*, લંબાઈ પોહોળાઈમાં; ચોરસ.

Lengthy, *a.* લાંબુ.

Lenient, Lenitive, *a.* નરમ; કુમળું; મુલાઈમ. 2 દયાળુ; મુરવતવાળું; ભલું; ગરીબ.

Leniency, Lenity, *n.* દયા રેહેમ; માયા.

Lens, *n.* જેની બંધે બાજુ અથવા સપાટી ચોકસ ગણત્રી પ્રમાણે ઘસેલી હોય એવા, દુરબીન વગેરે યંત્રોમાં વપરાતા કાચ.

Lentigo, *n.* ચામડીપર થતો રોગ.

Lentil, *n.* મસુર; મસુરની દાલ.

Leo, *n.* સિંહરાશી.

Leonine, *a.* સિંહસંબંધી; સિંહસરખું.

Leopard, *n.* પલંગ; ચિત્તો; ખડીયો; કુતરીયો વાઘ.

Leper, *n.* કોહોડીયો; કોહોડીયણ; જેને કોહોડ થયો હોય તે; કુષ્ટરોગી.

Leprosy, *n.* કોઢ; કુષ્ટ.

Leprous, *a.* કોહોડીઉં.

Less, *a.* & *ad.* નાહાનું; ઓછું; થોડું; [કમી.

Lessee, *n.* ચોકસ મુદતની બોલીથી ભાડે રાખનાર; કિરાયદાર. 2 ચોકસ મુદતની શરતથી પટે—ગણોતે રાખનાર; પટેદાર.

Lessen, *v. t.* નાહાનું—કમી—થોડું કરવું. 2 ઉતારવું; હલકું કરવું; ઘટાડવું; ટાંચવું. 3 *v. i.* નાહાનું—ઓછું થવું. 4 નીચે પડવું; ઉતરવું; કમી થવું.

Lesson, *n.* ધડો; પાઠ; સબક. 2 ભણતર; ભણવા શિખવાનું જે કંઈતે. 3 તાલીમ. 4 ઉપદેશ; શિખામણ. 5 ઠપકો; વેણ. 6 *v. t.* શિખવવું; ભણાવવું. *To take a lesson from*, અક્કલ—શિખામણ લેવી. *To get a severe lesson*, ઠોકર—ખત્તા ખાવી.

Lest, *a.* કદાચિત; નહીં તો; મબાદા; રખેને; શાયદ.

Let, *n.* એ પ્રત્યય શબ્દને લાગી તે નાહાનું એવો અર્થ રાખેછે, જેમ ham*let*, નાહાનું ઘર; stream*let*, revu*let*, નાહાની નદી. 2 અટકાવ; રોકાણ. 3 *v. t.* દેવું; રજા—છુટ—પરવાનગી આપવી. 4 ભાડે—કિરાયે આપવું. 5 (alone) જવા દેવું; છેડવું નહીં. (down) ઉતરવા દેવું. (loose) મોકળું—છુંટું—છુટું મુકવું. (fall) પડવા દેવું. (fly) મારવું; ઉડવા દેવું. (go) જવા દેવું. (in) અંદર આવવા—પેસવા દેવું. (off) મારવું; છોડવું; ફોડવું. 2 છોડી મુકવું; માફ કરવું. (out) છોડવું; જવા—છુટવા દેવું. 2 ગણોતે—ભાડે આપવું.

Lethargy, *n.* ઘોર—ભરઊંઘ; કુંભકરણી નિદ્રા. 2 અતિશય સુસ્તી—આળસ.

Letter, *n.* વર્ણ; અક્ષર; હરફ. 2 કાગળ; પત્ર; ચિઠ્ઠી; રૂકો. 3 અક્ષરે અ-

ક્ષરનો અર્થ;શબ્દાર્થ. 4 *v. t.* અક્ષર લખવા–છાપવા. *Letter of attorney*, વકાલતનામું. *Letter of credit*, લાયકી–પતીજ–ભરોસાનો કાગળ–દાખલો. *Letter of license*, લેણદારે દેણદારને દેવું વાળવાને બાંધી આપેલી મુદતનો દાખલો, કાંધુ. *Letter of recommendation*, સિફારશનામું. *Letters patent*,સનદ;અખ્તિયારનામું.

Lettered, *pp.* છાપેલું; મુદ્રાંકિત. 2 *a.* ભણેલું; વિદ્વાન; દાનિશમંદ.

Letters, *n.* વિદ્યા; ઈલ્મ. [3 વિદ્યાનું.

Leucophlegmacy, *n.* કોદર (રોગ).

Levee, *n.* રાજા, અમીર વગેરે દરજ્જાવાળા અમલદારોની મુલાકાત સારૂ મળેલી મંડળી; દરબાર; કચેરી.

Level, *n.* સપાટી નક્કી કરવાનું ઓજાર; સાધણ; કાટખુણો. 2 સપાટી; સરખી જમીન. 3 બરાબરી; સરખાપણું; સમાનતા. 4 *a.* સપાટ; સરખું. 5 બરોબરીનું; સરખું; સમ. 6 *v. t.* સરખું–બરોબર કરવું. 7 જમીનદોસ્ત–ભોંય બરાબર–સપાટ કરી નાંખવું. [રણ.

Levelling, *a.* સરખું કરનાર; સમીક-

Lever, *n.* (યંત્રશાસ્ત્રમાં) ઉચ્ચાલન; સાંગ; ટેકો; ઉચ્ચાલક.

Levity, *n.* હલકાઈ; હલકાપણું; છાલકાપણું. 2 ઉદ્ધતાઈ; અવિચાર; ઉછાછળાપણું.

Levy, *v. t.* ઉભું–જમા–એકઠું કરવું (લશ્કર). 2 વસુલ કરવું; ઉઘરાવવું (કર, છાપો.) 3 *n.* ઉભુંકીધેલું લશ્કર–ફોજ. 4 વસુલાત; ઉઘરાત.

Lewd, *a.* વ્યભિચારી; લંપટ; કાછડી છુટું; છિનાળવું; ઈશ્ક મસ્ત.

Lewdness, *n.* વ્યભિચાર; છિનાળું; લંપટતા; કામભાવ; બદફેલી.

Laxicographer, *n.* કોષ કર્ત્તા; ફરહંગ બનાવનાર; લુગતનવીસ.

Lexicography, *n.* કોષ–ફરહંગ બનાવવાનું કામ; શબ્દકોષ રચના.

Lexicon, *n.* શબ્દકોષ;ફરહંગ;લુગત.

Liability, *n.* જોગ–જોગાપણું; યોગ્યતા; ધર્મતા; શીલતા. 2 જવાબદારી. 3 કરજ; દેવું.

Liable, *a.* જોગું; જોગ; આધીન શીલ; વશ; યોગ્ય, જેમકે he *is liable* to err, to sin, to fall. 2 જવાબદાર; ઝિમ્મેદાર. 3 દેવાદાર.

Liar, *n.* જુઠ્ઠંબોલનાર; લબાડ; જુઠ્ઠો.

Libation, *n.* ઉદકતર્પણ; પિત્રીનુંતર્પણ.

Libel, *n.* નિંદાપત્ર–લેખ–ચિત્ર;ગિલ્લો; કલંક;આળ;મલામત. 2 આબરૂની ફરીઆદી. 3 *v. t.* પત્રમાં નિંદા લખવી;તોહોમત મુકવું;આળ ચઢાવવું.

Libellous, *a.* નિંદા–ગિલ્લાવાળું.

Liberal, *a.* ઉદાર, સખી; ઘીતાળ; ખર્ચાળ. 2 પુષ્કળ; ઘણું. 3 ઉદાર મનનું; ઊંચી નજરનું. 4 બેકેદ; લ-

ફૂંગું. 5 ઊંચા પ્રકાર-પંક્તિનું. જેમકે *Liberal* education.

Liberality, *n.* ઉદારતા; સખાવત; ઔદાર્ય. 2 પુષ્કળપણું. 3 મ્હોટું-ઉદાર મન.

Liberally, *ad.* મોકળે હાથે; ઉદારમનથી

Liberate, *v. t.* મોકળું-આજાદ-ખલાસ કરવું; છોડવવું.

Liberation, *n.* છુટકારો; છુટકો; મુક્તિ; મોક્ષ; ઉદ્ધાર; મખલસી.

Liberator, *n.* કેદમાંથી છોડવાનાર; તારનાર; મુક્તિ દેનાર; મોક્ષદાતા.

Libertine, *n.* & *a.* સોદાઈ કરનાર; છેક વહી ગયલું; બદકાર; વ્યસની; સ્ત્રીલંપટ; નિરંકુશ; બેકેદ; બહારલટું.

Liberty, *n.* છુટ્ટી; પરવાનગી; રજા. 2 મુખત્યારી; છુટાપણું; આજાદી; સ્વતંત્રતા. *To set at liberty:* છોડી મેલવું; છુટકો-છુટકારો કરવો. 3 બેઅદબી; નાલાયકી.

Libidinous, *a.* See Lewd.

Libra, *n.* તોલા-તુલારાશી.

Librarian, *n.* કિતાબખાનાની સંભાળ રાખનાર.

Library, *n.* પુસ્તકસંગ્રહ; પુસ્તકાલ્ય; કિતાબખાનું. 2 પુસ્તકોનો સંગ્રહ.

Librate, *v. t.* સમતોલ કરવું.

Libration, *n.* સમતુળના.

Lice, *n. pl.* જુ.

License, *n.* બેકેદી; નિરંકુશતા; અનાચાર. 2 હુકમ; રજા; છુટ. 3 સનદ; પરવાનો. 4 *v. t.* પરવાનો આપવો.

Licentiate, *n.* સનદી; સનદવાળું.

Licentious, *a.* બદફેલ; છિનાળવું; વ્યભિચારી; બેકેદ; છેક વહી ગયલું.

Licentiousness, *n.* વ્યભિચાર; છિનાળું; મેજાબતો. 2 બદફેલી; ઘેખાઈ.

Lick, *v. t.* ચાટવું. 2 ફટકાવવું; ઠોકવું.

Lickerish, *a.* રાવાદિયું; સવાદ આપનાર-લેનાર. 2 વખવખું.

Licorice, *n.* જેઠીમધ. [(આંખનું.)

Lid, *n.* ઢાંકણું; ઢાંકણ. 2 પોપચું.

Lie, *n.* જુઠું; ખોટું; લબાડી; અનૃત. 2 *v. t.* જુઠું બોલવું-બતાવવું. 3 પડવું; સુવું; લેટવું. 4 અઢીંગવું. 5 બોજો થઈ પડવો. 6 હોવું; રેહેવું; (down) સુવું. (hid) સંતાઈ રેહેવું; ભરાઈ બેસવું. (in) સુવાવડાં થવું-હોવું. (in wait) ભરાઇને તાકી રેહેવું. (over) મુદત ભરાઈ જવી. 2 મુલતવી રહેવું. (up) સુઈ-પડી રેહેવું. (on or upon) માથે પડવું; ગળે ઘલાવું. (with) પાસે-સાથે સુવું (સ્ત્રીની).

Liege, *a.* ભક્ત; ભક્તિબંધ; તાબેદાર. 2 *n.* રાજા; સરદાર; સ્વામી; પ્રભુ; ખાવંદ; સરકાર; શેઠ; ધણી.

Lientery, *n.* આમ; અતિસાર.

Lieu, *n.* બદલો; અવેજ; જગા; સ્થાન; ઠેકાણું *In lieu* of (તેની) જગાએ;

(તેને) અવેજે-બદલે; જેમ Let me have gold *in lieu* of silver.

Lieutenant, *n.* વડા અમલદારની ગેરહાજરીએ તેની વતી કામ ચલાવનાર અમલદાર; નાયબ; પ્રતિનિધિ; હાથ નિચેનો અમલદાર. 2 (લશ્કરીખાતામાં) લેફ્ટેનંટ.

Life, *n.* ચૈતન્ય; જીવ; પ્રાણ; સત્વ. 2 જીવિત; જીવતર; આવરદા. 3 જન્મારો; ભવ; જીંદગી; 4 દૈવત; પાણી; નુર. 5 જણ; આદમી. 6 મૂળવસ્તુ-પદાર્થ. 7 જન્મચરિત્ર; આખ્યાન. 8 સંસાર; દુનિયાદારીનો ખટપો. *To the life,* આબેહુબ; હુબહુ.

Lifeless, *a.* મુએલું; બેજાન. 2 અચેતન; નિર્જીવ. 3 નજીવું; દમવગરનું.

Lifetime, *n.* આવરદા; જન્મારો; જીંદગી; આયુષ્ય; ઉમ્મર.

Lift, *n. & v. t.* ઊંચકવું; ઉઠાવવું. 2 બુલંદ-સરફરાજ કરવું. (up) ઊંચે ચઢાવવું; ઉપર કરવું, જેમકે He *lifted up* the eyes. *To give a lift,* ઊંચકવા-ચઢાવવા લાગવું; હાથ દેવો; મદદ કરવી; હાથ આપવો; ગાડીમાં બેસાડવું.

Ligament, *n.* બંધ; બંધન; સાંધો. 2 (શારીરવિદ્યામાં) હાડકાંને જોડી-બાંધી રાખનાર જે વસ્તુ તે; સંધિબંધન; અસ્થી બંધન.

Ligature, *n.* બંધ; પટ્ટી; પાટો.

Light, *n.* તેજ; અજવાળું; ઉજડું; પ્રકાશ; રોશની. 2 વિશેષ જ્ઞાન; વધુ સમજણ. 3 જાહેરાત; પ્રસિદ્ધિ. 4 રીત; ધોરણ; દૃષ્ટિ; નજર; લક્ષ. *If you look at it in this light* એમ-એવી રીતે જોયાથી-જોતાં. 5 દીવો; ચિરાગ. 6 સહવારનું પોહર. 7 *a.* અજવાળા-ઉજાસવાળું. 8 હલકું. 9 થોડું; સેહવાય એવું. 10 સેહલું; સુગમ. 11 થોડાં હથિયારવાળું; છડું. 12 ફિક્કું; કાચું; ખુલ્લું. 13 ચપળ; અંગ છુટું. 14 નજીવું. 15 આછું. 16 કોમળ; મધુરૂં; મંદ. 17 ઢંગ ધડા વગરનું; બેસબાત. 18 ચિબાવલું. 19 છટેલ; લફંગું. 20 *v. t.* રોશની કરવી. 21 સળગાવવું. 22 દીવા સલગાવીને અજવાળું કરવું. 23 *v. i.* નીચે ઉતરવું. 24 આવી પડવું; મળી જવું. *To make light of, To set light by,* હલકું-તુચ્છ કરવું-માનવું; ન ગણકારવું.

Lighten, *v. t.* ખાલી-હલકું-આછું કરવું (ભાર). 2 દીવા સળગાવીને અજવાળું કરવું. 3 જ્ઞાન આપવું; અજ્ઞાન મટાડવું. 4 નરમ પાડવું. 5 ખુશ કરવું. 6 *v. i.* ચમકવું; ઝબકવું.

Lighter, *n.* મછવો; પડાઉ; હોડી; કોઠીઓ; ચોહુ.

Light fingered, *a.* હાથે ચમઠીવાળું;

Light-hearted, *a.* આનંદી; ઉલ્લાસી; કાળજી વગરનું; ખુશ મિજાજ.

Light house, *n.* વાહાણવટીને રસ્તો દેખાડવાસારૂ ઊંચે જે દીવો મુકેલો હોય તે; દીવાદાંડી.
Lightly, *ad.* હળવે; સેહેલથી; સેહેજ. 2 ચાલાકીથી; તુરત.
Light minded, *a.* ઢચુપચુ મનવાળું; ડામાડોલ વિચારનું; ઢંગ વિનાનું.
Lightness, *n.* હલકાપણું; લઘુતા.
Lightning, *n.* વીજળી; વીજ; વિદ્યુત.
Like, *a.* સરખું; સમાન; જેવું; એકસાન. 2 *ad.* પ્રમાણે; મુજબ; પેઠે; માફક. 3 *v. t.* ચાહાવું; પસંદ કરવું; 4 *v. i.* ગમવું; રૂચવું.
Likelihood, *n.* સંભવ; બને તેવી જોગવાઈ જણાવી તે; ડાળ; સંભાવના.
Likely, *a.* થવા-બનવાજોગ; સંભવિત 2 *ad.* ઘણું કરીને; સોવસા.
Liken, *v. t.* બરોબરી કરવી; સરખાવવું; મુકાબલો કરવો; ઉપમા આપવી
Likeness, *n.* સરખાપણું; સાદૃશ્ય; મિસલ. 2 ઉપમા. 3 સ્વરૂપ; આકાર. 4 ચિત્ર; તસવીર; આકૃતિ.
Likewise, *ad.* તેમજ; તદ્વત. 2 (એ) પણ; બી. [ઇચ્છા.
Liking, *n.* પસંદગી; ચાહ; શોખ; રૂચિ;
Lily, *n.* સોસન; સમન. (water lily) કમળ.
Limb, *n.* અવયવ; અંગ; સાંધો; ગાત્ર. 2 (જ્યોતિષમાં) કોર; કિનાર
Limbo, *n.* કેદખાનું.

Lime, *n.* ચુનો. 2 પંખેરા પકડવાને ઝાડ ઉપર જે ચીકણો પદાર્થ લગાડવામાં આવેછે તે. 3 કાગદી લીંબુ. 4 *v. t.* ચીકણો પદાર્થ લગાડવો. 5 ફાંસામાં આણવું; ફસાવવું.
Lime burner, *n.* ચુનો પકવનાર.
Lime kiln, *n.* ચુનાની-છોની ભઠ્ઠી.
Lime quarry, *n.* ચુનાની ખાણ.
Lime stone, *n.* ચુનાનો પથ્થર; ચુનખડી.
Limit, *n.* મર્યાદા; સીમ; અવધિ; સીમાડો. 2 *v. t.* સીમા-હદ બાંધવી-કરવી.
Limitation, *n.* હદ; મર્યાદા; બંધન.
Limited, *a.* હદ બાંધેલું. 2 ફેલાયલું નહીં તેવું; સંકડાયલું; થોડું; ટૂંક; ટૂંકું.
Limitless, *a.* અનંત; અપરિમિત.
Limner, *n.* ચિત્રકાર; ચિતારી-રો.
Limp, *v. i.* લંગડાવું; લંગડાતું ચાલવું; ખોડવું. 2 *n.* લ્હેક; લ્હેકો.
Limpid, *a.* સ્વચ્છ; સાફ; નિર્મળ; નિતરૂં.
Limpingly, *ad.* લંગડતાં લંગડાતાં.
Limy, *a.* ચુનાવાળું; ચુનાળ. 2 ચુના સરખું. 3 ચીકણું; ચીકણો પદાર્થ ચોપડેલું.
Linchpin, *n.* ગાડીનું પઇડું બાહાર ઢળી નહી પડે એટલા માટે ધરીમાં જે ખીલી ઓસેલી હોય છે તે; આંસ-ધરીની ખીલી; પયડાંની ખીલી.
Lincture, } *n.* ચાટણું; ચાટીને લેવાની દવા; ચાટણ.
Linctus, }

Line, *n.* લીટી; રેષા; રેખા. 2 દોરી; રસી. 3 હાર; ઓળ; પંક્તિ. 4 સતર; ઓળ; લીટી. 5 ટૂંક લખાણ; બે આંકડા-બોલ. 6 પેશો; ધંધો. 7 વંશ; ઓલાદ. 8 વૃત્ત. 9 *v. t.* મઢાવવું; અસ્તર ઘલાવવું-ચઢાવવું-મુકાવવું.

Lineage, *n.* વંશ. 2 વંશજો; પ્રજા.

Lineal, *a.* લીટીનું; લીટી લીટીવાળું. 2 ચીતરેલું. 3 પરંપરાથી-બાપદાદાથી ચાલતું આવેલું; વંશ પરંપરાગત.

Lineament, *n.* ચેહેરો; રૂપલક્ષણ; મ્હો-મ્હોડાનો સિક્કો.

Linen, *n.* સણ; સણનું કપડું. 2 પોશાક; વસ્ત્ર; કપડાં. 3 *a.* શણનું બનાવેલું.

Linen draper, *n.* કાપડિયો; શણનું કાપડ વેચનાર.

Lines, *n.* છાવણી.

Linger, *v. i.* રસળ્યાં કરવું; વાર-વખત લગાડવો; મોડું કરવું. 2 કહોયાં-સડ્યાં કરવું; ગીબવું; ઝુરવું.

Linget, *n.* ધાતુની લગડી.

Lingo, *n.* ભાષા; બોલી.

Lingua dental, *a.* જીભ અને દાંતથી ઉચ્ચાર થતો હોય તેવું; જિંહ્વાદંત્ય.

Lingua franca, *n.* ભેળસેળ બોલી; ખિચડી; સાધારણ ભાષા.

Lingual, *a.* જીભ સંબંધી; જીભનું-માંનું.

Linguiform, *a.* જીભના આકારજેવું.

Linguist, *n.* ઘણી ભાષા-બોલી જાણનાર; ઝબાનદાન; અનેક ભાષાજ્ઞ.

Liniment, *n.* લેપ; ચોપડવાનું ઓસડ.

Lining, *n.* અસ્તર.

Link, *n.* સાંકળની કડી; સાંકલી. 2 સંબંધ; વળગણ. 3 મશાલ; કાકડો. 4 *v. t.* ગાંઠવું; જોડવું.

Link boy, Link man, *n.* મશાલચી; મશાલ.

Linseed, *n.* અળસી.

Linseed oil, *n.* અળસીનું તેલ.

Linseywoolsey, *a.* કંઈ સણનું ને કંઈ ઉનનું. 2 હલકું; જુદી જુદી જાતની ચીજોનું શોભે નહીં એવું બનાવેલું.

Linstok, *n.* તોડો; બત્તી (તોપ ફોડવામાં).

Lint, *n.* શણનું-ઘાનું કપડું; લિન્ટ.

Lintel, *n.* ઓતરંગ; બારણા અથવા બારીની બારસાખની ઉપર જે બાજું આડું લાકડું હોયછે તે.

Lion, *n.* સિંહ; શહીં; કેસરી. સિંહ; મૃગરાજ.

Lioness, *n.* સિંહણ.

Lip, *n.* હોઠ; ઓષ્ટ. 2 વાસણનો કાંઠો-કાનો-કોર.

Lipdevotion, *n.* (માત્ર) મોહોડે કહી સંભળાવવાની ભક્તિ.

Liplabor, *n.* મોહોડેથીજ બોલી દેખાડવાની મેહેનત.

Lipothymy, *n.* મૂર્છા; બેહોશી; બેભાન; ચકરી.

Lippitude, *n.* આંખ સુજવી તે; ચીપડા આવવા તે.

Lip wisdom, *n.* (માત્ર) મોહોડાની પંડિતા.

Liquable, *a.* પાતળું-પાણી જેવું કર-

વાજોગ; દ્રાવ્ય. 2 પાણી જેવું-રસ-પાતળું થવા લાયક.
Liquefaction, *n.* પાતળું-પાણી જેવું કરવું-પિગળાવવું તે. 2 પિગળેલી હાલત.
Liquefy, *v. t.* પિગળાવવું; રસ કરવો. 2 *v. t.* પિગળવું; ગળવું; રસ થવો.
Liquid, *n.* પાતળો પાણી જેવો પદાર્થ; પ્રવાહી પદાર્થ; રસ. 2 *a.* પ્રવાહી; રસરૂપ
Liquidate, *v. t.* અદા-બેબાક કરવું; ફડચો કરવો; પતાવવું; ફેડવું; ચુકાવવું
Liquidation, *n.* ફડચો; નિકાળ; બેબાકી.
Liquor, *n.* પાતળો પદાર્થ; રસ; પિવાની કોઈ પણ વસ્તુ; પ્રવાહી પદાર્થ; 2 અરક; દારૂ; શરાબ.
Liquor shop, *n.* કલાલની દુકાન; દારૂની દુકાન; પીઠું.
Lisp, *v. t.* તોતડું-બોબડું બોલવું.
List, *n.* યાદી; ફેરિસ્ત; ટીપ. 2 કોર. 3 *v. i.* કાન દેવા; સાંભળવું. 4 મન માલવું; મરજી-ઈચ્છા હોવી.
Listen, *v. i.* સાંભળવું; કાન દેવા. 2 મનપર લેવું; માનવું.
Listless, *a.* બે ખબર; સુસ્ત; મંદ; જડ. 2 ઉદાસીન; નિસ્પૃહ; અનાસ્થ.
Literal, *a.* બોલેબોલનું; ધૂટું; મૂળ શબ્દ પ્રમાણે; શબ્દશઃ. 2 મૂળનો; અસલનો; વાચ્ય (અર્થ).
Literary, *a.* વિદ્યા-ઈલમનું વિદ્યા પ્રકરણનું. 2 વિદ્યાવ્યસની; વિદ્યાવાન.
Literate, *a.* વિદ્વાન; પંડિત.
Literati, *n. pl.* પંડિત મંડળી; વિદ્વજ્જન.
Literature, *n.* ભાષા, ઇતિહાસ, વ્યાકરણ અલંકાર, વિવેચન, કવિતા, શબ્દશાસ્ત્ર વગેરેનું જ્ઞાન. 2 ભણતર; વિદ્યા; ઇલ્મ. 3 ગ્રંથો; પુસ્તકો.
Litharge, *n.* મુડદાર સીંગ.
Lithe, Lithesome, } *a.* વળે એવું; વળકણું.
Lithograph, *n.* શિલાછાપ. 2 *v. t.* શિલાછાપ-પથરા ઉપર છાપવું; લિથોગ્રાફ. [છાપવાનો હુનર.
Lithography, *n.* શિલાછાપ ઉપર
Litigant, *n. & a.* કજીયો-મુકદ્દમો લડનાર; કજીઆખોર; લડાક.
Litigate, *v. t.* કજીયો લઢવો; મુકદ્દમો ચલાવવો; સરકાર દરબાર ચઢવું.
Litigation, *n.* કજીયો; મુકદ્દમો; વાદ.
Litigious, *a.* કજીયા લડયા કરતો હોય. તેવું; ઝગડા-લડાઈ-ટંટાખોર.
Litter, *n.* ડોળી; પાલખી. 2 શેજ; ઘાસની પથારી (ઘોડા વગરેને સારૂ) 3 ઓળ; બચ્ચાંઓ; વેતર; વેત (ડુક્કર વગેરે નાહાના પશુઓનું). 4 પડી આખડી નકામી ચીજ. 5 *v. t.* ડુક્કર વગેરેની પેઠે વિઆવું. 6 ઘાસ પાંથરવું; શેજ કરવી. 7 વેરી-પાંથરી મુકવું.
Little, *a.* થોડું; જુજવી; જરા; અલ્પ. 2 નાહાનું; ઠીંગણું; ટૂંકું. 3 થોડીવાર લગીનું. 4 *ad.* થોડુંએક; જરાક. By

little and *little*, થોડેથોડે; આહેસ્તે આહેસ્તે; જરાજરા કરીને.
Liturgy, *n.* સઘળાંઓએ સાથે મળીને પ્રાર્થના-બંદગી કરવાની જે ઠેરવેલી રીત તે.
Live, *a.* જીવતું; જિંદું. 2 સળગેલું. 3 *v. i.* જીવતું રેહેવું; જીવવું. 4 વર્તવું; ચાલવું. 5 રહેવું; વસવું. 6 ગુજરાન કરવું-ચલાવવું. 7 ઉમર ગુજારવી. 8 ટકવું; નિભવું; ચાલવું.
Live coal, *n.* અંગારો; બળતો-જીવતો કોયલો-કોલસો. [રોજી;રજક.
Livelihood, *n.* ઉપજીવિકા; ગુજરાન;
Liveliness, *n.* ચંચળાઈ. 2 ખુશદિલી.
Livelong, *a.* લાંબું; નીંઠે નહી એવું.
Lively, *a.* જીવદાર; તેજ; ચપળ. 2 ભભક-પાણી-ઝલેદાર. 3 આનંદી; ખુશમિજાજી; ખુશદિલ; હસમુખું. 4 આબેહુબ; ખુદ. [જીગર.
Liver, *n.* કાળજું; તિત્તાશય; કલેજું;
Livery, *n.* પોત પોતીકો પોશાક-લેબાસ; વેશ. 2 ચાકરોનો પોશાક-પેહેરવો
Livestock, *n.* ઘોડા તથા ગાયઢોર વગેરે પાળેલાં પ્રાણીયો; જીવતું-પશુધન.
Livid, *a.* કાળું ને આસમાની; સીસાના રંગ જેવું; કાળું લીલું.
Living, *n.* જીવનગાળો; જે મીલકત ઉપર ગુજારો થાય તે. 2 ચાલ; વર્તણુક. 3 બચવું; જીવવું. 4 ગુજરાન. 5 *a.* જીવતું; જીવંત. 6 જીવતું; વેહતું.
Lizard, *n.* સરડાની જાતનું પ્રાણી; ખિલાડી; ગરોળી; પલિ; ઢેડી.
Lo! *int.* જો; જો વારૂ; જુઓ.
Load, *n.* બોજો; ભાર; ઓઝો. 2 *v. t.* ભારભરવો; બોજો મૂકવો; લાદવું.
Load stone, *n.* લોહચુંબક; ચમકપથ્થર
Loaf, *n.* પાંઉ; રોટલો; રોટો. [મરોડી.
Loam, *n.* એક જાતની ચીકણી માટી-
Loamy, *a.* ચીકણી માટીવાળું.
Loan, *n.* ઉછીનું આપવું તે; ધીર. 2 ઉછીની લીધેલી-આપેલી ચીજ. 3 ઉછીતાંનો વેપાર; ઉધારનો વેહેવાર. 3 કરજ દેણ; તીપણ. 4 *v. t.* ઉછીનું-કરજે આપવું.
Loath, *a.* નારાજ; નાખુશ.
Loathe, *v.t.* ઝેર જેવું માનવું-લાગવું; કંટાળવું; ત્રાસ પામવો.
Laothing, *n.* કંટાળો; ત્રાસ; અભાવ.
Loathsome, *a.* ઝેર જેવું; કંટાળા ભરેલું.
Lobby, *n.* ચાલ; ઓરડાઓની વચ્ચે આવેલી ખુલ્લી જગો.
Lobe, *n.* ફેફસાંનો ભાગ. 2 કાનનો નીચલો લબડતો કુમળો ભાગ; લાળી. 3 દાળ; ફાડ; પડ (અનાજનાં).
Local, *a.* દેશ-સ્થાન-જગા સંબંધી. 2 ચોક્કસ-ખાસ-અમુક જગા સંબંધી. [બત્તો.
Locality, *n.* જગા; ઠેકાણું; જિલ્લો;
Locate, *v.t.* મૂકવું; બેસાડવું; રાખવું.
Lock, *n.* તાળું; કળ; કુફલ. 2 ઝૂલ્ફું;

ગુચ્છા. 3 બંદુકની ચાંપ. 4 પેચ; દાવ; પકડ. 5 *v. t.* તાળું દેવું; કળદેવી. 6 *v. i.* એકમેકમાં સજ્જડ આવી-મળી-બેસી જવું. 7 સપટાવું; ચપ-ટાઈ જવું; બંધ થવું.

Locker, *n.* પેટી વગેરેનું ખાનું.

Locket, *v.* બીડવાનો આંકડો (ઘરેણાં વગેરેનો). 2 સોનાની લાકીટ; સગાં સ્નેહીની યાદગીરી સારૂ તેમના બાલ અથવા સખી ગળામાં રાખવાની દાબડી.

Lock jaw, *n.* દાંતખીલી; દાંત બંધ થઈ જાયછે અથવા દાંતીઆં બેસી જાયછે તે રોગ. [નાર; લુહાર.

Lock smith, *n.* તાળા કુંચી બનાવ-

Locomotion, *n.* હાલચાલ; એક ઠેકા-ણેથી બીજે ઠેકાણે જવું-જવાની શક્તિ; સ્થાનાંતર ગમન.

Locomotive, *n.* આગ ગાડીને ચલા-વનાર વરાળ યંત્ર. 2 *a.* એક જગેથી બીજી જગાયે જવાની શક્તિ હોય તેવું; ચર; જંગમ.

Locumtenens, *n.* પ્રતિનિધિ. [જીવડું.

Locust, *n.* ટોળ; તીડ; પાંખવાળું એક

Lucution, *n.* વાણી; ભાષણ.

Lodge, *n.* નાહાનું સરખું ઘર; ઝુંપડી; છાપરી; બંગલી. 2 *v.t.* સચોટ મારવું; આબાદ લગાવવું. 3 મુકામ-ઉતારો કરવો-આપવો. 4 મૂકવું; રાખવું; મુકી-છોડવું. 5 *v. i.* મુકામ-ઉતારો કરવો; ઉતરવું. 6 બેસવું; રેહેવું; પડવું; ઠરવું.

Lodger, *n.* ભાડે રેહેનાર-વસનાર; ભાડુત. 2 ઉતારો કરનાર-લેનાર; પૈસા આપીને ખાનાર પીનાર તથા રહેનાર. [રેહેઠાણ.

Lodging, *n.* ઉતારો; મકાન; મુકામ;

Loft, *n.* માળ; મેડો. 2 કાતરીઊં; માળીઊં. 3 અટારી; ગેલેરી.

Loftiness, *n.* ઊંચાઈ. 2 ગર્વ; મગ-રૂબી; ઉદ્ધતાઈ. 3 મોટાઈ; બુલંદી.

Lofty, *a.* ઊંચું. 2 મગરૂર. 3 મોટું; બુલંદ.

Log, *n.* લાકડાનો કકડો; લઠ્ઠો ડંગોરૂં; ઠુંઠું. 2 વાહાણની ગતિ માપનારૂ યંત્ર; નૌકાગતિ માપક યંત્ર.

Logarithm, *n.* લાગર્તમ.

Loggerhead, *n.* ઠોઠ; ઢોંડો; કેવળ મૂ-ર્ખ; હેમક. *To be at loggerheads,* મુક્કા મુક્કીપર-મારામારી પર આ-વી જવું.

Logic, *n.* ન્યાયશાસ્ત્ર; તર્કશાસ્ત્ર-વિદ્યા.

Logical, *a.* ન્યાયશાસ્ત્રનું-સંબંધી. 2 નૈયાયિક; તર્કશાસ્ત્રી; તાર્કિક. 3 ન્યાયશાસ્ત્ર પ્રમાણેનું; તર્ક-ન્યાય-શાસ્ત્ર સમ્મત.

Logically, *ad.* ન્યાયશાસ્ત્ર પ્રમાણે.

Logician, *n.* નૈયાયિક; તર્કશાસ્ત્રી; તર્કી.

Logomachy, *n.* બોલ-શબ્દ વિષે તકરાર; શબ્દવાદ; વાગ્યુદ્ધ; શબ્દ યુદ્ધ.

Logwood, *n.* પતંગનું ઝાડ-લાકડું.

Loin, Loins, } *n.* કંમર; કટિ; કેડ; મધ્યાંગ.

Loiter (away) *v. t.* નકામો વખત કાહાડવો. 2 *v. i.* રસળવું; આળસ્યાં કરવું; રમતાં રમતાં ચાલવું-કરવું; વામાટામા કરવા.

Loitering, *n.* રસળ્યાં કરવું તે; ઢીલ.

Loll, *v. t.* (જીભ) બાહાર કાઢવી. 2 *v. i.* નચીંત થઇને લેટવું; આલોટવું; સુવું; પડવું. 3 મ્હોડામાંથી બહાર નિકળવું; લબડવું.

Lone, Lonely, *a.* એકલું; છડું. 2 એકાંત હોય તેવું; એકલડું; એખલવાયું; તન્હા.

Loneliness, *n.* તન્હાઈ; એકાંતપણું; [નિર્જનતા.

Lonesome, *a.* એકાંતનું; ઉજડ.

Long, *a.* લાંબું. 2 દીર્ઘ; ગુરૂ (અક્ષર). 3 કંટાળા ભરેલું; ઘણો વાર-વખત લગાડે તેવું. 4 લાંબો વખત વેર-ઘણા દહાડાવેર ચાલે એવું. 5 *ad.* લાંબે; દૂર. 6 ઘણા કાળથી; લાંબા વખતથી. 7 *v. i.* આતુરતાથી ઈછવું; આશા રાખવી; તરસવું; ચાહાવું; જીવ તલ પાપડ થઈ રહેવો. *As long as*, જાંહાંસુધી; જેટલે લગી.

Ere long, કયાહારનું; કેવારનું.

How long, કાંહાંસુધી.

Long ago, ઘણા દાહાડા ઉપર.

In the long run, પરિણામે; છેવટે.

Long armed, *a.* લાંબા ભુજ-હાથ વાળું; આજાનુબાહુ. [લંબોદર; ડુંડાળુ.

Long bellied, *a.* લાંબાં-મોટાં પેટનું;

Long eared, *a.* લાંબાકાનનું; લંબકર્ણું.

Longeval, *a.* ઘણા કાળ સુધી જીવનાર; ચિરંજીવી; દીર્ઘ જીવી.

Longevity, *n.* ઘણા કાળ જીવવું તે; દિર્ઘાયુષ્ય; ઊમરદરાઝી; દીર્ઘાયુ.

Long faced, *a.* લાંબા મોહોડાનું.

Long headed, *a.* બુદ્ધિમાન; વિચારવંત

Longing, *n.* આશા; ઈચ્છા; અભિલાષ; અરમાન; હવસ; ઉત્કંઠા; જીવ તળપાપડ થઈ રહેવો તે.

Longitude, *n.* રેખાંશ; ધોરણ લીટીથી પૂર્વ પશ્ચિમ જે અંતર તે (ભૂગોળ વિદ્યામાં).

Longitudinal, *a.* લંબાઈનું-માં. 2 ઉભું.

Longitudinally, *ad.* લંબાઇપ્રમાણે.

Long lasting, *a.* લાંબી મુદતસુધી ટકનારૂં-રેહેનારૂં. [ટાંગિલું.

Longlegged, *a.* લાંબા પગનું; લાંબ-

Longlived, *a.* See Longeval.

Longnecked, *a.* લાંબીડોક-ગરદનનું

Longsighted, *a.* જેને દુરથી દેખાય છે તે; દીર્ઘ-દુર દર્શી. 2 આગળ પાછળનો વિચાર કરનાર; દુરંદેશ.

Longsome, *a.* લાંબું; કંટાળા ભરેલું.

Long suffering, *n.* ઘણુંસોસવું-સાંખવું તે; સહનશીલતા; ખામોશ. 2 *a.* સહન કરનાર; ધીરજવાન; સહશીલ; ખામોશવાળું.

Long winded, *a.* કંટાળો આવે તેટલું લાંબું કરી મુકેલું; ચિબાવલું; ચોળી ચોળીને-તાણીતુસીને વધારેલું.

Longwise, *ad.* લંબાઈમાં-મુજબ.

Look, *n.* ચેહેરો; શિકલ; મ્હોનો આકાર. 2 સ્વરૂપ; ડૉલ; ઘાટ. 3 દૃષ્ટિ; નિગાહ; નજર. 4 *v. i.* જોવું; નજર કરવી. 5 તપાસી જોવું; ધ્યાનમાં-લક્ષમાં લેવું. 6 જણાવું; દેખાવું; નજરે પડવું-આવવું. 7 સામાં-સન્મુખ હોવું. 8 *v. t.* ચેહેરા ઉપરથી જનાઈ આવવું. -(after)-સંભાળવું; ખબર રાખવી. -(for) ખોલવું; ભાળ કાઢવી; શોધવું. 2 વાટ જોવી; આશા રાખવી.-(into) ચોકસી-વિચાર કરવો.-(on, upon) ગણવું; માનવું; લેખવું.-(over) ઉપર ઉપરથી તપાસી જોવું.-(out) શોધ તલાસ કરવી; ચોકસી રાખવી. 9 *int.* જો; જુઓ.

Looking glass, *n.* આરસો; આરસી; આયનો; દર્પણ; ખાપ.

Look out, *n.* હરેક વસ્તુની તલાસમાં-શોધમાં રેહેવું તે. 2 એવી શોધ-તપાસ માટેની જગા. 3 એવી શોધ કરવા પર રહેલું માણસ.

Loom, *n* કાપડ વણવાનું યંત્ર; સાળ. 2 *v. i.* દૂરથી ઝાંખું દેખાવું.

Loop, *n.* ગાળો; ફાંસો; જાળ.

Loop hole, *n.* નાહાસી-છટકી જવાની વાટ; બારી; ગાબડું. 2 કિલ્લા-વાહાણમાંની તોપ ફોડવાની બારી -બગાડું. 3 તીરકસ; બગાડું.

Loory, *n.* એક જાતનો પોપટ; નૂરી.

Loose, *a.* છૂટું; બાંધ્યા વગરનું. 2 ઢીલું; તંગ નહી એવું. 3 જાંજરૂં; ઝીંઝરવાળ. 4 પોચું; શિથિલ. 5 કરડું-કઠણ નહી એવું; છૂટવાળું; બેકેદ. 6 નરમ; ઢીલું; કબજ કોઠાનું નહી એવું; મુલાઈમ. 7 લફંગું; વહી-બ્હેકી ગયલું; લુચ્ચું; સોદું; લંપટ. 8 *v. t.* છોડવું; મોકળું કરવું; ઢીલું કરવું. 9 છોડી દેવું; આજાદ-સ્વતંત્ર કરવું. 10 *v. i.* ઢીલું થવું.

Lousen, *v. t. & v. i.* See Loose.

Looseness, *n.* ઢીલાપણું. 2 નરમલુલું કામ. 3 સોદાઈ; લુચ્ચાઈ; બદફેલી; મસ્તી; દુર્વ્યસન; વ્યભિચાર. 4 પેટ આવ્યા કરવાં તે; અતિસાર; અધારો.

Lop, *v. t.* ફાડવું; કાપવું; છેદવું; છાંટી કાહાડવું; તાછવું; ઝારવું; ડાળવું.

Lopping, *n.* કાપી-છાંટી કાહાડેલી ચીજ; જૂંકો; ઝાંખરાં; ડાળાં; છોડાં; તાછો.

Loquacious, *a.* બોલકણું; ઘણું બોલનાર; લવારી કરનાર; બહુ બોલું; વાચાલ; વાચાટ; બડબડીઓ.

Loquaciousness, } *n.* ટાહેલું; લવારૂ;
Loquacity, } લવારી.

Lord, *n.* ખાવંદ; માલિક; શેઠ. 2 સરદાર; અમીર; ઉમરાવ. 3 ધણી; પતિ; વર. 4 ઈશ્વર; ખુદા; પ્રભુ. 5 *v. i.* ધણીપણું ભોગવવું; સાહેબી કરવી; અમલ ચલાવવો; સેઠ થઈ બેસવું.

Lordliness, *n.* ગર્વ; ટેક; અભિમાન.

Lordlike, Lordly, *a.* અમીરને લાયકનું-ને-શોભે-છાજે તેવું. 2 દંભી; મગરૂબ; અભિમાની.

Lordship, *n.* ધણીપણું; માલિકી; હકુમત. 2 અમીરી; અમીરપણું. અમીરનો મુલક.

Lore, *n.* વિદ્યા; હુનર. 2 શિખામણ.

Lose, *v. t.* ખોવું; ગુમાવવું. 2 હારવું; શિકસ્ત ખાવી. 3 ખોઈ-ગુમાવી-ગાળી નાખવું. 4 ચુકી જવું; ભૂલખાવી. 5 *v. i.* તોટો-નુકસાન આવવું. 6 હારવું.

Loser, *n.* હારખાઉ; નુકસાન ખમનાર; તોટાનો ધણી; હારનાર; હરવાયો.

Loss, *n.* હાર. 2 ખોટ; તોટો; નુકસાન; ધક્કો; જાન. 3 નાશ; હાનિ; ક્ષય.

Lost, *a.* ગુમાવેલું; ગેરવલે પડેલું; ગુમ થયલું. 2 બાવરૂં થયલું; ગભરાટથી અકળાઈ ગયલું. 3 નાશ પામેલું. 4 નષ્ટ થઈ ગયલું. *Lost to shame,* નઠોર; નફ્ફટ; બેહ્યા.

Lot, *n.* ભાગ્ય; નસીબ; કિસમત; દશા. 2 નસીબ જોવાને કાહાડલી ચીઠ્ઠી-નાખેલા પાસા. 3 હિસ્સો; ભાગ. 4 જથ્થો; ટોળું; ઢગલે ઢગલા.

Lotion, *n.* ઓસડ-દવાનું પાણી.

Lotus, *n.* કમળ; પદ્મ; કુમુદ.

Lottery, *n.* સોરતી; સોડત.

Loud, *a.* મોહોટું; ઊંચા-બુલંદ અવાજનું; ભારે; તાણીને. 2 ગોંગાટ કરતું; ખરાડનાર.

Loudly, *ad.* તાણીને; મોહોટે સ્વરે; બુલંદ અવાજે; બાંટો કાઢીને; બૂમ પાડીને; મ્હોટેથી.

Lounge, *n.* નવરાં નકામાં બેસી ગપ્પાં મારવાં તે. 2 ગપ્પાં મારવાની જગા; નવરાં નકામાંઓની જગા. 3 *v. i.* નવરા, નકામાં ફરવું; પગપર પગ ચઢાવીને-શેઠિયા સાહી બેસવું-પડવું.

Louse, *n.* જૂ. 2 ચામજૂ. 3 ચીમોડી.

Love, *n.* પ્રીતિ; પ્યાર; ચાહ; પ્રેમ; હેત; વાહાલ; સ્નેહ. 2 વહાલો; વહાલી; પ્રીમત; પ્રિયા. 3 દયા; મેહર. 4 ઈશ્ક; મોહબત. 5 મરજી; શોખ; હોંસ; લોભ; મોહ. 6 *v. t.* ચાહાવું; પ્રીતિ રાખવી. 7 ઈશ્ક કરવો; સ્ત્રી સાથે પ્યાર બાંધવો. 8 દયા-મેહર રાખવી. 9 ગમવું; મઝા લાગવી.

Love-apple, *n.* લાલ વેંગણું; વેલાતી વેંગણું.

Love-knot, *n.* ઈશ્કપેચ; પ્રેમની ગાંઠ; હિતની ગાંઠ.

Love-letter, *n.* મરન લેખ; ઈશ્ક-મોહોબતનો કાગળ; પ્રીતિ-પ્રેમ પત્ર.

Loveliness, *n.* કાન્તિ; પ્યાર ઉપજાવે તેવી ખુબી; સૌંદર્ય; ખુબસુરતી; હુસ્ન.

Lovely, *a.* સુંદર; મ્હેબૂબ; ખુબસુરત; વહાલું લાગે એવું; લલિત; રમણીય; પ્રિયગુણક; મનોહર.

Lover, *n.* પ્રીતિ કરનાર; ચાહનાર.

2 મિત્ર; આરાના. 3 આરાક; બાલમ; પ્રીતમ; રસિયો; વાહલમ. 4 શોકીન; ઇશ્કી.
Lovesick, a. વિરહ—જુદાઇથી દુઃખી થયલું; કામજવરે પીડિત; પ્રેમપીડિત.
Lovesickness, n. વિરહવ્યથા; ઇશ્કથી થતું દુઃખ; પ્રેમ પીડા.
Love-song, n. મદનગીત; પ્રેમનું ગીત.
Love-tale, n. કામકથા; પ્રેમકથા.
Love-token, n. પ્રીતિ લક્ષણ.
Love-trick, n. હાવભાવ; પ્યાર દેખાડવાની નિશાનીયો; પ્રેમક્રીડા.
Lovingly, ad. પ્યારથી; પ્રીતીથી.
Low, a. નીચું. 2 ઠીંગણું; બેઠાઘાટ—બાંધણીનું. 3 બોળ; ઉંડું. 4 ઓસરી ગયલું; ઓટ થયા પછીનું. 5 હળકું; સોંઘું. 6 ઓછું; કમતી. 7 નીચા અવાજનું; ધીમું. 8 ઉદાસ; દબાઇ ગએલું. 9 નીચ; પાજી; હલકું. 10 નમનતાઇભરેલું. 11 ધીમું; મંદ; નરમ. 12 મધમસર; વાજબી. 13 સાદું; હલકું. 14 ad. નીચે; તળિયે. 15 સસતી કિમતે. 16 ધીમે; હળવે. 17 v. i. ગાય ગોધાની પેઠે બરાડવું; ઓખાંગવું. [હીન જાતી.
Low born, a. કમજાત; હીનકુલ;
Lower, a. વધારે ઠીંગણું. 2 નીચેનું. 3 v. t. ઉતારવું; નીચે લાવવું. 4 ઉતારી પાડવું; હલકું—નીચું પાડવું; 5 હલકું—ઓછું કરવું; ઘટાડવું; ઓસારવું. 6 v. i. નીચું પડવું—બેસવું; ઘટવું. 7 મ્હોડું-ખોબરો ચઢાવવો; ગુસ્સે થવું.
Low land, } n. નીચાણ જમીન; તળઘાટ; નીચાણ ધરતી
Low lands, }
Low lander, n. નીચાણ જમીનના દેશમાં રેહેનાર; તળઘાટી.
Lowly, a. ગરીબ; નમ્ર; સુશીલ. 2 ad. ગરીબાઇથી; નમ્રપણે; અભિમાન ત્યાગ પૂર્વક. [સ્વભાવનું.
Low minded, a. હલકા મનનું; નીચ
Lowness, n. નીચાણ; ઓછાણ. 2 નીચાઇ; હલકાઇ. 3 ઉદાસી. 4 સુસ્તીપણું. 5 સોંઘવારી. [તનું; સસતું.
Low priced, a. હલકી—ઓછી કિમ-
Low spirited, a. શોકસ્તદિલ; ઉદાસ; ખિન્ન; સર્દદિલ.
Loyal, a. રાજ ભક્ત; રાજા—ખાવિંદ—ધણી ઉપર ભક્તિ રાખનાર; નમકહલાલ; વફાદાર; સાચું; શુદ્ધ.
Loyalty, n. રાજભક્તિ; સ્વામી ભક્તિ; નમકહલાલી; વફાદારી; પત્નીવ્રત; પતિવ્રત.
Lozenge, n. ઓસડ મેલીને બનાવેલી ખાંડની ચકતી—ટાંકલી (જેવી કે પેપરમીંટની).
Lubbard, } n. લઠ; લોઠ્ઠર; ઢીઠો; લડઘો.
Lubber, }
Lubric, a. ચીકણું; સરકણું; લીસું.
Lubricate, v. t. ચીકણું—નરમ—સુંઆળું—લીસું કરવું.

Lubricity, *n.* લીસાપણું; સફાઈ.
Lucant, *a.* ચળકતું; પ્રકાશમાન.
Lucern, *n.* વિજાતી ઘાસ.
Lucid, *a.* નિર્મળ; સ્વચ્છ. 2 ચળકતું; ચકચકતું. 3 સ્પષ્ટ; ખુલ્લું; પરગટ. 4 ડાહ્યું. *Lucid interval,* દિવાના આદમીનું મગજ જરા ઠેકાણાપર આવેલું હોય તે વખત.
Lucifer, *n.* શુક્ર; શુક્ર શેતાન.
Lucifer match, *n.* દીવાસળી; ગંધકની સળી.
Luck, *n.* નસીબ; કિસમત; દૈવ; [ભાગ્ય; તાલે.
Luckily, *ad.* દૈવજોગે; નસીબે.
Luckless, *a.* કમનસીબ; અભાગિયું; કમબખ્ત; કરમનું ફુટેલું. 2 માઠું; અશુભ.
Lucky, *a.* ભાગ્યશાળી; નસીબવાન; બખ્તાવર. 2 મુબારક; નેક; શુભ.
Lucrative, *a.* લાભકારક; ફાયદેમન્દ; લાભથાય તેવું; કિફાયતનું; કિફાયતવાર; સફળ; બરકતવાળું. [અર્થ.
Lucre, *n.* નફો; પ્રાપ્તિ; લાભ; બરકત;
Lucubrate, *v.i.* રાત્રે અભ્યાસ કરવો.
Lucubration, *n.* રાત્રે દીવાને અજવાળે બેશીને કરેલો અભ્યાસ અથવા રચેલો ગ્રંથ; એકાંત વિચાર કરી કરીને કીધેલું-રચેલું જે કંઈ તે.
Ludicrous, *a.* હસવા જોગ; હસવું આવવા જોગ; મશ્કરી સરખું.
Luesvenerea, *n.* ચાંદી પરમીઆ વગેરેના આજાર.
Lug, *v. t.* ખેંચવું; તાણવું; ઘસેડવું.
Luggage, *n.* સામાન; સામન સરંજામ.
Lukewarm, *a.* મધ્યમ રીતનું ગરમ; કુકું; સુમશયું; સુમશેકું; કોકરું. 2 બેપરવા; અનાસ્થ; નિરૂત્સાહ.
Lull, *v. t.* શાંત પાડવું-કરવું; આસાએસ લેવડાવવી; ઉંઘાય તેમ કરવું. 3 *v.i.* પડી જવું; નરમ થવું (પવન.)
Lullaby, *n,* હાલરું; હાલરડું.
Lumbago, *n.* કમરમાં વા-પવન આવવોતે; કમર રહી જવીતે; કટિવાયુ.
Lumber, *n.* નકામી પડી રહેલી ભારે ચીજ; નડતર; નકામી અડચણ; ડખ્ખલ; અટાળો.
Luminary, *n.* તેજ-પ્રકાશ આપનારો પદાર્થ (દીવો, ગ્રહ, તારા વગેરે).
Luminous, *a.* તેજસ્વી. 2 ચળકતું.
Lump, *n.* લોચો; લોંદો; લચકો; લબકો. 2 કકડો; ટુકડો; ગાંગડો. 3 ભેળો ગાળો; ખીચડો. 4 *v. t.* એકંદર કરવું; જુમલો કરવો. 5 જથા બંધ લેવું. *In the lump*: એક જસ્થે; થોકજથા બંધ; હુંડ. [દિવાનાપણું.
Lunacy, *n.* ગાંડાઈ; ઘેલાઈ; ઘેલછા;
Lunar, *a.* ચંદ્રનું; ચાંદ-ચંદ્ર સંબંધી.
Lunar day, *n.* તિથિ; મિતિ; ચંદ્ર ઉપરથી ગણાતા મહીનાનો રોજ-દાહાડો.
Lunar dynasty, *n.* ચંદ્ર-સોમવંશ.
Lunar-eclipse, *n.* ચંદ્ર ગ્રહણ. [ડળ.
Lunar mansion, *n.* નક્ષત્ર; તારામં-

Lunar measurement, *n.* ચાંદ્રમાન.
Lunar month, *n.* ચાંદ્રમાસ.
Lunar year, *n.* ચાંદ્રવર્ષ.
Lunatic, *a.* & *n.* ગાંડું; ઘેલું; દિવાનું.
Lunation, *n.* ચંદ્રમાનો ફેરો; ચંદ્રપરિવર્તન.
Luncheon, *n.* નાસ્તો; ચવેણું; ખાવાના પદાર્થમાનું થોડુંએક આગળથી ખાવામાં લીધેલું તે; કાચું કોરૂં;
Lungs, *n.* ફેફસાં. [સુકું પાકું.
Lurch, *n.* વાહાણનું એક બાજુએપડએ ઢલી જવું તે; ઝોક.
To leave in the lurch: મુશ્કેલીઆફત–ગભરાટમાં નાખી મુકવું; અફલાવા–કુટાવા દેવું.
Lure, *n.* લાલચ; મોહ; લાલસા. 2 *v.t.* લલચાવવું; ફુસલાવવું; વાહાવું.
Lurid, *a.* ઘોલુંફક; સફેદ પુણી જેવું.
Lurk, *v. i.* છુપું રેહેવું; ભરાઈ બેસવું; સંતાવું. [જગો.
Lurking place, *n.* ભરાઈ બેસવાની
Luscious, *a.* શીરીન; મધુર; ઘણું મિઠું; મિઠું મધ–સાકર. 2 સ્વાદલેહેજત–મઝેદાર; સ્વાદિષ્ટ.
Lust, *n.* હવસ; લોભ. 2 પાપ–દુર્વાસના. 3 કામ વૃત્તિ; વિષયવાસના; શેહેવત; મસ્તી. 4 *v. i.* તલ્પવું; ઘણી હોંસ હોવી; હવસ હોવી. મૈથુનની ઈચ્છા થવી; કામ ઉત્પન્ન થવો.
Lustful, *a.* આતુર; હોંસીલું. 2 શેહેવતી; કામી; સ્ત્રીલંપટ; મસ્ત. 3 કામજનક.
Lustily, *ad.* જીવ તોડીને–દમ્ભને–ખરચીને.
Lustre, *n.* ચલકાટ; ઝલક; કાંતિ; નુર; તેજ. 2 આબદારી; પાણી. 3 નામ; પ્રતિષ્ટા; આબરૂ; શોભા.
Lustrous, *a.* તેજસ્વી; ચળકતું; કાંતિમાન.
Lustrum, *n.* પાંચ વરસ; વર્ષ પંચક.
Lusty, *a.* મઝબુત; પુષ્ટ; જોરાવર; લઠ્ઠ; ખરમસ્ત; હટ્ટું કટ્ટું. [ડનાર.
Lutanist, *n.* વીણાધારી; વીણાવગા-
Lute, *n.* તમ્બુરો; વીણા; બીન.
Luxuriance, *n.* અતિવૃદ્ધિ; ઘણું ઉગવું તે; પુષ્કળ થવું–ખીલી રહેવું તે.
Luxuriant, *a.* ફેલાયલું; પુષ્કળ ઉગેલું –વધેલું; પૂર જોરપર ખીલી રહેલું.
Luxuriate, *v. i.* ફેલાવું; પુષ્કળ ઉગવું–વધવું; માતેલું થવું.
Luxurious, *a.* સુખીયો; સુખભોગી; ભોગ વિલાસી; મોજશોખ–એશ આરામમાં ગરકાવ; આરામ તલબ. 2 લેહેઝતદાર પદાર્થોથી ભરેલું.
Luxury, *n.* ભોગ વિલાસ; મોજ શોખ; એશ આરામ. 2 મિષ્ટાન્ન; ગળ્યું ગળ્યું–ઉજાણીનું જમવાનું. 3 મોજ શોખની વસ્તુઓ.
Lying, *a.* જુઠું; જેને જુઠું બોલવાની ટેવ છે એવું. 2 *n.* જુઠું બોલવું તે; અસત્ય ભાષણ.

Lymph, *n.* પ્રાણીઓના શરીરમાંનો એક પ્રવાહી-પાણી; રસી.
Lynx, *n.* સીઆંહગોશ; બીલાડીની જાતનું પણ લાંબા કાનવાળું અને ટૂંકી પુંછડીનું એક જાનવર.
Lyre, *n.* સારંગી; બીન; વીણા.
Lyrist, *n.* સારંગીવાળો; કિનરી વગાડનાર; બીન નવાઝ.

M.

M. ઈંગ્રેજી મુળાક્ષરોનો ૧૩ મો અક્ષર.
Ma, *n.* મા; માતા.
Macadamise, *v. t.* રસ્તાપર ખડી પાંથરીને તે પાકો કરવો.
Macaroni, *n.* સેવ; સેવૈ.
Mace, *n.* છડી; ચોબ; દંડ. 2 દંડુકો; ગદા; સોટો; લાકડી. 3 જાવંત્રી.
Macebearer, *n.* છડીદાર; ચોબદાર.
Maccrate, *v. t.* નબળું-પાતળું કરવું; ઘસી નાખવું. 2 બોળી-ભીંજવી રાખવું.
Machination, *n.* કાવતરૂં; કુભાંડ; નઠારાં કામને સારૂ કીધેલી પુખ્ત તજવીજ-મનસુબો; તરકટ; દુર્યોજના.
Machinator, *n.* તરકટી; કાવતરાંખોર; તરકટ કરનાર.
Machine, *n.* યંત્ર; સાંચો; સંચો.
Machinery, *n.* સાંચાકામ; યંત્ર સાહિત્ય; કલકાંટો. 2 યંત્રો; સંચા.
Machinist, *n.* સાંચો બનાવનાર; યંત્રકાર. 2 સાંચાઓની બનાવટ, ગોઠવણ વગેરેમાં માહિતગાર; યંત્ર વિદ્યામાં નિપુણ.
Macrocosm, *n.* વિશ્વ; આખી દુનિયા.
Macula, *n.* કલંક; ડાઘ; લાછાન.
Maculate, *v.t.* કલંક-લાંછન લગાડવું.
Mad, *a.* ઘેલું; ગાંડું; દીવાનું.
Madam, *n.* બાઈ; બીબી; બેગમ; મડમ.
Madcap, *n.* ડાગલી ચળેલું-અવીચારી-ઉદ્ધત-ગાંડું-ઘેલું માણસ.
Madder, *n.* મજીઠ.
Mad dog, *n.* હડખાએલું કુત્રું.
Madness, *n.* ઘેલાપણું; દીવાનાપણું; ઝનુન.
Magazine, *n.* કોઠાર; ભંડાર; વખાર. 2 લડાઈનો સામાન મુકવાની જગા; શસ્ત્રાગાર. 3 દારૂખાનું. 4 જુદી જુદી બાબતોના સંગ્રહવાળી કોઈ ચોકસ વખતે છપાઈ બાહાર પડતી ચોપડી-ચોપાન્યું.
Maggot, *n.* કીડો; ઈઅળ.
Magic, *n.* જાદુ; ચેટક; ઈલિમ.
Magical, *a.* જાદુનું-સંબંધી. 2 તિલિસ્માતી; ચમત્કારીક; જાદુથી કીધેલું હોય તેવું.
Magician, *n.* જાદુગર; ઈલમી; વીરમંત્રી; ચેટકી; જાદુખોર; ઈલિમબાજ.

Magisterial, *a.* ધણીનું; માલિકપણાનું. 2 અખત્યાર-હકુમતવાળું. 3 મગરૂર; અભિમાની; તોર-દિમાખવાળું.

Magistrate, *n.* ફોજદાર; માજીસ્ટ્રેટ.

Magnanimity, *n.* મનનું મોહોટાપણું; મ્હોટું મન; ઉદારતા; ઉદારમતિ; બુલંદ હિમ્મતી.

Magnanimous, *a.* મહાત્મા; ઉદાર-મોહોટા મનનું; આલી હિમ્મત.

Magnate, *n.* મ્હોટી પદવીનું-દરજ્જાવાળું માણસ; અમીર; ઉમરાવ.

Magnet, *n.* લોહચુંબક.

Magnetic, } *a.* લોહચુંબકનું-સંબંધી. 2 આકર્ષક.
Magnetical, }

Magnetism, *n.* લોહચુંબકનો ધર્મ; લોહચુંબન ધર્મ-ગુણ; આકર્ષણ શક્તિ.

Magnificence, *n.* શોભા; ઠાઠ; ભવ્યપણું; જાહોજલાલી; રોનક.

Magnificent, *a.* શોભાવંત; ભવ્ય; ઠાઠમાઠવાળું; ભપકાદાર; આલીશાન.

Magnifier, *n.* મોહોટું-વધારી-લંબાવીનેકરીબતલાવનાર-દેખાડનાર

Magnify, *v. t.* મોહોટું કરવું; મોહોટું કરી દેખાડવું. 2 વખાણવું.

Magnitude, *n.* મોહોટાઈ; બુલંદી; મહત્વ; વિસ્તાર; લંબાઈ પોહોલાઈ.

Maid, } *n.* કુમારિકા; કન્યા; કું-
Maiden, } વારી-ન પરણેલી સ્ત્રી; અનુઢા. 2 ચાકરડી; દાસી. 3 *a.* કુમારિકા-કન્યાનું. 4 નવું; પેહેલવેહેલું બન્યું-થયું હોય એવું.

Maidenhood, *n.* જોબન; જુવાની; કૌમાર્ય; કારૂણ્ય; કુમારપણું.

Maidservant, *n.* ચાકરડી; દાસી.

Mail, *n.* બખ્તર; ચિલખત; કવચ. 2 ટપાલ; ડાક; મેલ.

Mail coach, *n.* ટપાલની-ડાકનીગાડી

Maim, *n.* ખોડ; અંગછેદ; લુલાપણું. 2 *v. t.* લંગડું કરવું; ખોડ આણવી.

Maimed, *a.* ખોડવાળું; અધુરૂં; લૂલું; લંગડું; વ્યંગ; ખોડું.

Main, *n.* મોહોટો-મુખ્ય ભાગ. 2 દરિયો; સમુદ્ર. 3 જોર; બળ. 4 *a.* જબરૂં; મુખ્ય; મોહોટું; શ્રેષ્ઠ; પ્રધાન.

Mainland, *n.* મુખ્ય ભૂમિ; ભૂખંડ (ટાપુ-બેટની જમીન નહીં તે).

Mainly, *ad.* ઘણું-મુખ્યત્વે કરીને.

Main-mast, *n.* વાહાણનો મોહોટો ડોલ.

Maintain, *v.t.* હોય તેટલું રાખવું; ઓછું થવા-ઘટવા ન દેવું. 2 જારી-ચાલુ રાખવું. 3 સંભાળવું; સાચવી રાખવું. 4 પાળવું; પરવશી કરવી. 5 ખરચ ચલાવવો. 6 *v.i.* ખાતરીથી કેહેવું.

Maintenance, *n.* રાખવું તે. 2 જારી રાખવું તે. 3 સંભાળ; રક્ષણ. 4 પાલણ પોષણ; પરવરશી; ગુજરાન; આજીવીકા; ઉપજીવીકા; પ્રતિ- [પાલન.

Maize, *n.* મકાઈ ભુટ્ટો.

Majestic, *a.* રાજશ્રીમાન; રાજતેજવાળું; પ્રતાપી; આલી; બુલંદ; શાહી; મોહોટું; પ્રતાપશાલી.

Majesty, *n*. રાજતેજ-પ્રતાપ-મહિમા. 2 ગાંભિર્ય; ગૌરવ; દબદબો; જલાલત. (Her Majesty) મલીકા માઆઝમા.

Major, *n*. કપતાનની ઉપરનો દરજ્જો ધરાવનાર; મેજર. 2 શ્રેહેરનો કોટવાલ. 3 મોહોટી ઉમરનો-સમજતો પુરૂષ. 4 *a*. વધારે સંખ્યાવાલું; મોહોટું.

Majority, *n*. વધારેપણું; આધિકય. 2 અર્ધાથી વધારે-મોહોટી સંખ્યાય. 3 મોહોટી-લાયક ઊમર; યોગ્ય વય. સમજતાપણું; વ્યવહાર્ય વય.

Make, *n*. બાંધો; ઘાટ; આકાર; આકૃતિ; મુર્તિ. 2 *v. t.* ઉત્પન્ન-પેદા કરવું. 3 બનાવવું; કરવું; ઉતારવું; ઘડવું. 4 જોર કરવું; ફરજ પડાવવી. 5 થવું; હોવું; બનવું. 6 કમાવું; રળવું; મેળવવું.-(amends) ભરી આપવું.-(away with) મારી નાખવું; પૂરૂં કરવું.-(bold) હિમ્મત ધરવી-કરવી.—(good) પૂરૂં-ખરૂં-સિદ્ધ કરવું. 2 ભરી આપવું. -(light of) તુચ્છ-હલકું માનવું; ઠ્ઠોડી પાડવું.-(off)-કાંઈ મોહોટું કરવું; નાહાસી જવું. કરવું;-(known) જણાવવું; જાહેર કરવું.-(over) આપી દેવું; હવાલે કરવું.-(out) પારખવું; વર્તી કાઢવું; અર્થ કાઢવો; ભેદ સમજવો.-(up) સાંધવું; સમજુતી કરવી. 2 ખોટ પૂરી કરવી. 3 તૈયાર કરવું.-(towards) બાજુ તરફનો રસ્તો પકડવો.

Makebate, *n*. સળકડી કરનાર; ફિતને અંગેજ.

Makebelieve, *n*. ફક્ત બહાનું; ઢોંગ.

Make peace, *n*. કજિયા પતાવનાર; સલાહ-સમજુતી કરાવનાર.

Maker, *n*. કિર્તાર. See Creator. 2 કરનાર; બનાવનાર; કર્તા.

Make shift, *n*. તુરત વેળા જેથી કામસરે એવો ઉપાય-તોડ-તજાવટ.

Makeweight, *n*. ધડો.

Making, *n*. બનાવટ; રચના.

Maladministration, *n*. ગેર બંદોબસ્ત; બદઅમલ; અંધેર.

Malady, *n*. રોગ; વ્યાધિ; વિકાર; આજાર; મર્ઝ; બેમારી.

Malaria, *n*. રોગ પેદાકરનારૂ બાફ-હવા.

Malcontent, *a*. અસંતુષ્ટ; અમલદારાજથી નારાજ-નાખુશ થયલું.

Male, *n*. પુરૂષ; નર. 2*a*. નરજાતિનું.

Malediction, *n*. શ્રાપ; શાપ; બદદુવા.

Malefactor, *n*. દુષ્કર્મી; બદકાર; અપકાર કરનાર; અન્યાયી.

Malevolence, *n*. દુષ્ટ-દ્વેષ ભાવ બુદ્ધિ; બદખવાહી.

Malevolent, *a*. ખુરાબ-ભુંડું ઇછનાર; બદખ્વા; બદઅંદેશ.

Malice, *n*. કીનો; વેર; દ્વેષભાવ; ખાર; અદેખાઈ; અદાવત; હસદ; મેલ.

Malicious, *a.* કીના-અકસ-હસદ ખોર; અદાવતિયું; ખારીલું; અદેખું.

Malign, *a.* કીનાખોર; દ્વેષી; અદેખું. 2 નુકશાન-દુ:ખ કારક. 3 *v. t.* નિંદા-બદગોઈ કરવી; ભુંડું બોલવું; આબરૂ લેવી.

Malignant, *a.* કીનાખોર; દ્વેષી. 2 ઝેહેરી; જીવ લે એવું; જીવલેણ.

Malignity, *n.* કીનો; ખાર; દ્વેષ; વેર.

Mall, *n.* મોગરી; લાકડાંનો હથોડો. 2 મેદાન; ફરવા હરવાની જાહેર જગો. 3 *v. t.* કુટવું; છુંદવું; ખાંડવું.

Malleable, *a.* ટોકયા-ટિપ્યાથી લાંબું પોહોળું થાય-થઈ શકેતેવું; ઘડાય- [ટિપાય એવું.

Mallet, *n.* મોગરી.

Malpractice, *n.* ખરાબ ચાલ; ગેરરિ-રસ્તો; ગેરમાર્ગ; દુરાચાર; બદચાલ.

Malt, *n.* ભીંજવી કોહોવડાવેલા જવ.

Maltreat, *v. t.* ગેરરીતે વાપરવું; બદસલુકી-મારપીટ કરવી; અયોગ્ય રીતે વર્તવું-ચાલવું; હેરાન કરવું.

Maltreatment, *n.* ગેરરીતે વાપરવું તે; અયોગ્ય વર્તણુક; બદસલૂકી; પીડા.

Mam, Mamma, *n.* મા; આઈ; માય; જી; જીજી; માતા.

Mammalia, *n.* પોતાનાં બચ્ચાંને ધવાડનાર પ્રાણી.

Mammiform, *a.* સ્તન-થાન-ધાઇ-આંચળના આકારનું. [બંધી.

Mammillary, *a.* સ્તન-આંચળ સં-

Mammon, *n.* લક્ષ્મી; ધન; દોલત; પૈસો.

Mammoth, *a.* ઘણુંજ મ્હોટું; રાક્ષસી.

Man, *n.* માણસ; મનુષ્ય; આદમી. 2 પુરૂષ; નર. 3 માટીડો; ભાયડો. 4 માણસ જાત. 5 મર્દ બચ્ચો; ગાજી મર્દ. 6 ધણી; વર. 7 ચાકર. 8 *v. t.* માણસ પૂરાં પાડવાં; માણસોની ભરતી કરવી.

Manacle, *n.* હાથની બેડી. 2 *v. t.* હાથે બેડી ઘાલવી-પેહેરાવવી-ઠોકવી.

Manage, *v.t.* ચલાવવું; વહિવટ-કારભાર કરવો. 2 હુકમ-લગામમાં રાખવું. 3 કેળવવું. 4 *v. i.* કારભાર ચલાવવો. 5 *n.* ચાબુક સ્વારી; ઘોડાને શીખવવું તે.

Manageable, *a.* ચલાવી-વહિવટ કરી શકાય તેવું. 2 હુકુમમાં રહે એવું; વશ.

Management, *n.* વહિવટ; કારભાર; અધિકાર. 2 બંદોબસ્ત; ઉપરીપણું. 3 યુક્તિ; તદબીર; હિકમત.

Manager, *n.* વહિવટદાર; કારભારી; મુનીમ. 2 ઉપરી; પેશકાર.

Mandamus, *n.* હુકમનામું.

Mandarin, *n.* ચીનનો માજીસ્ટ્રેટ.

Mandate, *n.* આજ્ઞા; હુકમ; ફરમાન.

Mandatory, *a.* હુકમી; આજ્ઞાનું.

Mane, *n.* ઘોડાની યાલ; કેસવાળિ.

Manes, *n.* પિતૃ; પૂર્વજ.

Maneater, *n.* મરદુમ-આદમ ખોર.

Manful, *a.* મર્દાઇ-હિંમત-શૂરવાળું; મર્દાનો; દલેર; જવાન મર્દ.

Mange, *n.* ઢોર, ઘોડાં, કુતરાં વગેરેને જે ખુજલી થાયછે તે.

Manger, *n.* ઢોર, ઘોડાંને ખાવાનું ઘાસ વગેરે મુકવાની જગા–પેટી–પેટારો.

Mangle, *v. t.* ફાડી તોડી નાખવું; આડું અવળું કાપવું. 2 (clothes) કુંદી કરવી. *n.* કુંદી કરવાનો સાંચો.

Mango, *n.* કેરી; આંબાનું ફળ. *Mango tree*, આંબો. *A grove of mangotrees*, અમરાઈ; આંબાવાડી.

Mangosteen, *n.* એક જાતનું મીઠું સેપના જેવું ફળ; માંગુસ્તાન.

Manhood, *n.* માણસપણું; માણસાઈ. 2 ભરજુવાની. 3 પુરૂષાતન; શૌર્ય; હિમ્મત; મર્દાનગી.

Mania, *n.* ઘેલછા; ઘેલાઈ; ગાંડાપણું; દીવાનાપણું; ઉન્મત્તવાયુ; ઘેલું.

Maniac, *n. & a.* ગાંડું; દિવાનું; ઘેલું; ઉન્મત્ત.

Manifest, *n.* માલની યાદ; ભરતિયું; સતમી; દાખલો; બીજક. 2 *a.* ઉઘાડું; જાહેર; સ્પષ્ટ; દેખીતું. 3 *v. t.* ઉઘાડું કરવું; દેખાડવું; ખુલ્લું કરી બતાવવું.

Manifestation, *n.* ઉઘાડું–જાહેર–સ્પષ્ટ કરવું–દેખડાવું તે. [જાહેર.

Manifestly, *ad.* ખુલ્લીરીતે; દેખાઈતું;

Manifesto, *n.* પ્રગ્રહાર–જાહેરનામું; ઈસ્તહાર (રાજાની તરફથી બાહાર પડેલું).

Manifold, *a.* ઘણી જાતનું; પુષ્કળ; નાનાપ્રકારનું. 2 બહુરૂપ; અનેકરૂપ.

Manikin, *n.* નાહાનું માણસ. 2 માણસના બદનના સઘળા ભાગો દેખાડવાસારૂ જાડા કાગળને કાપીને માણસનો જે આકાર બનાવે છે તે.

Mankind, *n.* મનુષ્ય જાત; માણસ–આદમ જાત; ઇનસાન; બની આદમ.

Man like, *a.* માણસ જેવું. See Manly.

Manliness, *n.* મર્દાઈ; જુવામર્દી; મર્દાનગી; પુરૂષત્વ; પુરૂષાતન; હિમત.

Manly, *a.* મર્દ; શૂરૂં; હિમ્મતવાન; મર્દાનો. 2 પુરૂષ–નર જાતીનું.

Manna, *n.* માંઉ.

Manner, *n.* રીત; પ્રકાર. 2 ટેવ; ચાલ. 3 ઢબ; ડોળ. 4 જાત; પ્રકાર; તરેહ. 5 વર્તણુક; રીતભાત.

Mannerliness, *n.* સભ્યતા; શિષ્ટતા.

Mannerly, *a.* સભ્ય; શિષ્ટ; અદબસર.

Manners, *n. (pl.)* ચાલ; વર્તણુક; આચરણ; ઢંગ. 2 માણસાઈ; સભ્યતા; સલુખાઈ; સોજ; સકાર. [વાર.

Man of war, *n.* લડાઈનું વાહાણ; મનવાર.

Manœuvre, *n.* યુક્તિ; હિકમત; દાવ. 2 *v. t.* યુક્તિ કરવી. 3 કવાએત કરવી.

Manœvres, *n.* છક્કા પંજા; દાવ પેચ. 2 (military) કવાએત; વ્યૂહ.

Manor, *n.* જાગીર; તાલુક; વતન.

Mansion, *n.* હવેલી; મેહેલ; મકાન. 2 (of the moon) નક્ષત્ર.

Manslaughter, *n.* માણસની કતલ; મનુષ્ય હત્યા–વધ; મરદુમ કુશી. 2 કીના કપટ કે વેરભાવ વગર થઈ ગએલું ખુન.

Manslayer, *n.* માણસનું ખુન કરનાર; મનુષ્ય ઘાતક; મરદુમ કુશ.

Mantle piece, Mantle shelf, Mantle tree, *n.* કંઈ મૂકવાને સારૂ પત્થરની બેઠક જે ધુંવાડીઆની આગળ હોયછે તે.

Mantle, *n.* જબ્બો; મ્હોટો ડગલો; 2 *v. t.* ઢાંકવું; સંતાડવું; 3 *v. i.* મોજ મારવી; શોખ કરવો. 4 ફેલાવું; વિસ્તાર પામવો.

Mantua, *n.* લેડીનો ગવન; પેરાવાજ.

Manual, *n.* નાહાની ચોપડી. 2 *a.* હાથનું; હાથે કીધેલું; હસ્ત. [ળા.

Manufactory, *n.* કારખાનું; શિલ્પશા-

Manufacture, *n.* બનાવવું તે; બનતર. 2 દસ્તકારી; હુંનરથી કરેલી વસ્તુ; કારીગરી. 3 *v. t.* હુંનરથી કામ કરવું. 4 સામન બનાવવો–તૈયાર કરવો.

Manufacturer, *n.* કારખાનું ચલાવનાર. 2 કારીગર; શિલ્પકાર; શિલ્પી.

Manumise, Manumit, *v. t.* ગુલામગીરીમાંથી છોડવું; આજાદ કરવું.

Manure, *n.* ખાતર. 2 *v. t.* ખાતર નાખવું–પૂરવું. (ખેતરમાં.)

Manuscript, *n.* હાથનું લખેલું (છપાયલું નહી) કાગલ–પુસ્તક; હસ્તલેખ; દસ્તખત. 2 *a.* હાથે લખેલું.

Many, *a.* બહુ; પુષ્કળ; ઘણા. *As many as:* જેટલું; જેવડું. *How many?* કેટલા? *Many a one:* કેટલાક; ઘણાએક; કૈક. 2 *n.* સમુદાય; ટોલું.

Many colored, *a.* ઘણા રંગનું; ચિત્રવિચિત્ર; બહુરંગી; રંગબરંગ.

Many times, *ad.* ઘણીવખત; વારંવાર.

Map, *n.* નકશો. 2 *v. t.* નકશો કાઢવો–પાડવો.

Mar, *v. t.* બગાડવું; ખરાબ કરવું; 2 ઓછું કરવું. 3 બેડોલ કરવું. 4 અટકાવવું.

Marasmus, *n.* ખઈનો રોગ; ક્ષયરોગ.

Marauder, *n.* લુટારૂ; ધાડ પાડનાર.

Marble, *n.* સંગેમરમર; આરસ પાહાણ. 2 લખોટી; મંજો. 3 *a.* સંગેમરમરનું. 4 ચિત્ર વિચિત્ર.

Marble hearted, *a.* નિર્દય; વજ્રછાતીનું; સંગદિલ; બેરેહેમ.

Marble plaster, *n.* વજ્રલેપ.

March, *n.* ઈંગ્રેજી વરસનો તીજો મહિનો; ફાગણ–ચૈતર. 2 કવાએતની–બરાબર કદમભરવાની ચાલ; કવાયતી ચાલ. 3 ફોજની કુચ. 4 મજલ; મુકામ. 5 કુચ કરતી વખતનું વાજું વગાડવું તે. 6 *v. t.* કવાએતથી ચલાવવું. 7 કુચ કરાવવી. 8 *v. i.* કવાએતથી ચાલવું. 9 કુચ કરવી. 10 ભભકામાં કદમ મુકીને ચાલવું.

Mare *n.* ઘોડી.

Margarite, *n.* મોતી.

Margin, *n.* કાંઠો; કિનારો. 2 હાંસિયો; કાગળ-પુસ્તકની કોરી રાખેલી કોર. 3 તારણ; ગાળો.

Marginal, *a.* હાંસિયા સંબંધી. 2 હાંસિયા ઉપર લખેલું-છાપેલું.

Marigold, *n.* ગુલગોટો; ગોટાનું ફુલ; પીળાં ફુલનો એક શોભિતો રોપો.

Marine, *n.* આરમાર ઉપરનો સિપાઈ. 2 નૌકાસૈન્ય; આરમાર. 3 *a.* સમુદ્રનું-સંબંધી; દરીઆઈ. 4 વાહાણની બાબતનું; વાહાણ ખાતાનું.

Mariner, *n.* ખલાસી; વાહાણ ખેડનાર; ખારવો.

Maritime, *a.* સમુદ્રનું; દરિઆઈ. 2 વાહાણ સંબંધી. 3 સમુદ્ર કાંઠાપર આવેલું.

Mark, *n.* નિશાણી; ચિન્હ. 2 લક્ષણ. 3 નિશાન. 4 વિખ્યાતિ; શ્રેષ્ટતા. 5 પોતાની સહી કરતાં જેને નથી આવડતું તે જે નિશાણી કરે છે તે; સાથિયો. 6 *v. t.* નિશાણી કરવી. 7 જોવું; તાકવું; ધ્યાનમાં રાખવું. 8 *v. i.* ધ્યાનમાં રાખવું.-(off) હદ બાંધવી.-(out) જુદું-છુટું પાડવું-કાઢવું.

Market, *n.* બજાર; ચૌટું; ગુજરી. 2 *a.* બજારૂ; બજારનું. 3 *v. i.* સોદો કરવો.

Marketable, *a.* ખપી-વેચાઈજાયતેવું.

Market price, } *n.* બજાર ભાવ; પીઠ ભાવ; નિરખ.
Market rate, }

Market town, *n.* જે શેહેરમાં નક્કી બજાર ભરવા ઠરાવેલો હોય તે.

Marksman, *n.* બરાબર નિશાણ મારનાર; પાકા નિશાણવાળો; નિશાન અંદાજ.

Marl, *n.* એક જાતની ચીકણી માટી.

Marmalade, *n.* મુરબ્બો.

Marquis, *n.* વિલાતમાં અમીરની એક પદવી છે.

Marriage, *n.* લગ્ન; વિવાહ; શાદી.

Marriageable, *a.* પરણવા-વરવાજોગ.

Married, *a.* લગ્ન થયલું; પરણેલું.

Marrow, *n.* હાડકાં માંહેનો નરમ માવો; ગૂર; મજ્જા.

Marry, *v. t.* લગ્ન-વિવાહ કરાવવો; પરણાવવું. 2 *v. i.* લગ્ન કરવાં; પરણવું.

Mars, *n.* (જ્યોતિષમાં) મંગળ; ભોમ.

Marsh, *n.* ભેજવાળી-ઘાસવાળી-ભીની જગા; દળદળ.

Marshal, *v. t.* ગોઠવવું; રચવું; વ્યવસ્થા કરવી. 2 *n.* ગોઠવણ કરનાર; લશકરની રચના કરનાર; સેનાપતિ; સાલાર.

Marshy, *a.* ભેજવાળું; ભીનાસવાળું.

Mart, *n.* બજાર ભરવાની જગા; પીઠ; હાટ.

Martial, *a.* લડાઈ-યુદ્ધનું. 2 લડાઈમાં ઉપયોગી પડે તેવું. 3 લડવૈયો; જોદ્ધો; રણશૂર. 4 લશ્કરી.

Martial law, *n.* લશ્કરી કાયદો.
Martingal, } *n.* જેરબંધ(ઘોડાનો.)
Martingale, }
Martyr, *n.* પોતાના મત–પક્ષ–ધર્મને સારૂ જીવ આપનાર.
Martyrdom, *n.* ધર્મ–મતને સારૂ પ્રાણ આપવો તે; ધર્માર્થ પ્રાણત્યાગ.
Marvel, *n.* નવાઈ; કૌતુક; ચમત્કાર; કરામત; અચરતી. 2 *v. i.* અજબ થવું; અચરતી લાગવી.
Marvel of Peru, એક જાતનું સુગંધીદાર ફુલ; ગુલાબાસ.
Marvellous, *a.* નવાઈનું; અજાએબ જેવું; અદ્ભુત; આશ્ચર્યકારક.
Masculine, *a.* મરદ–પુરૂષના જેવું; મર્દાની. 2 પુરૂષના સ્વભાવનું–ગુણ વાળું. 3 (વ્યાકરણમાં) *Masculine gender*, નરજાતી; પુલ્લિંગ.
Mashy, *a.* છુંદાયા–કચરાયાથી બનેલું.
Mask, *n.* મુખ–ચેહેરો છુપાવાનું–ઢાંકવાનું મોહોડું; મુખવટો; કૃત્રિમ–બનાવેલું મ્હોડું. 2 બાહાનું; નિમિત્ત; હિલો. 3 *v. t.* મુખવટો–મોહોડું પેહેરવું; વેશ બદલવો. 4 સંતાડવું; છુપું રાખવું.
Mason, *n.* સલાટ; ઘાંડફોડો; કડિયો. 2 ફ્રીમેસનમંડળમાંનો એક; મેસન.
Masonry, *n.* કડિયા–સલાટનું કામ; ચણતર. 2 કડિયાનો ધંધો.
Masquerade, *n.* બનાવેલું મ્હોડું–મુખવટો પેહેરીને ફરીયેલો એજ; વેશ 2 *v. t.* વેશ ધારણ કરવો; વેશ લેવો.
Mass, *n.* ઢગલો. 2 સમુદાય; જથ્થો. 3 લોંદો; લચકો. 4 રોમન કેથોલિક ધરમમાં ઘણાં લોકે સાથે મળીને કરેલી ભક્તિ–ક્રિયા. *The masses*, સાધારણ લોક.
Mossacre, *v. t.* કતલ–કાપાકાપી કરવી. 2 *n.* કાપાકપી; કતલ; ખુનરેજી.
Massive, } *a.* જડ; ભારે; જબર; સ્થૂલ.
Massy, }
Mast, *n.* ડોલકાઠી; વહાણનો કુઓ.
Master, *n.* ધણી; શેઠ; માલિક; ખાવંદ. 2 ગુરૂ; મેહેતાજી; શિક્ષક; ઉસ્તાદ. 3 ચતુર–કુશલ માણસ. —(of a ship) નાખુદા. 4 *v. t.* જીતવું; તાબે–સર–વશ–હસ્તગત કરવું. 5 પૂરૂં શિખી લેવું; સારીપેઠે હોશિયાર થવું.
Masterpiece, *n.* ઉસતાદી; કારિગીરી; મોટા કસબનું–કુશળતાનું કામ.
Masterly, *a.* અદ્ભુત; ઉસ્તાદીનું; કળાકુશળતાનું; ઘણીચતુરાઈભરેલું.
Mastery, } *n.* ધણીપણું; સત્તા; શાહેબી. 2 ઉસ્તાદી; ચતુરાઈ; નિપુણતા. 3 ફતેહ.
Mastership, }
Master-stroke, *n.* મ્હોટી ચતુરાઈનું [કામ.
Masticate, } *n.* ચાવવું; વગોળવું.
Mastication, }
Mastich, *n.* રૂમી મસ્તકી.

Mastiff, *n.* એક જાતનો જબરો કુતરો.

Mat, *n.* સાદડી; ચટઈ. 2 *v.t.* સાદડી પાંથરવી–જડવી. 3 વણવું; ગુંથવું.

Match, *n.* બરોબરીયો; જોડિયો; મુકાબલે આવનાર; સમોવડિયો; હમનબરદ. 2 લગ્ન; વિવાહ; શ્યાદી. 3 વર અથવા કન્યા. 4 દીવાસળી. 5 જામગરી; રંજક; તોડા (બંદુક વગેરેનો) 6 *v. t.* બરોબરી–સરસાઈ કરવી; પુરૂં પડવું. 7 લગ્ન કરી આપવાં; પરણાવવું. 8 *v.i.* પરણવું. *He is more than a match for him,* એ એને માથેનો મલ્યોછે; શેરને માથે સવાશેર છે.

Matchless, *a.* જેની બરોબરી કોઈ ન કરી શકે તેવું; અનુપમ; અદ્વિતીય લાસાની; બેનઝીર; અતુલ્ય.

Matchlock, *n.* તોડા–રંજકની બંદુક.

Mate, *n.* સાથી; જોડિયો. 2 વર અથવા બૈરી. 3 મદદગાર. 4 માલમ; (વાહાણનો).

Material, *n.* જિનસ; ચીજ; વાન; દ્રવ્ય. 2 *a.* જિસ્મી; તનદાર; ઈંદ્રીઓને માલમ પડે તેવું; પંચભુતિ (ચીજ); (રૂહ–જીવ રૂપે ન હોય તેવી). 3 ઉપયોગી; અગત્યનું; મ્હોટું. 4 ખરૂં; વાસ્તવિક.

Materialism, *n.* દેહાત્મવાદ.

Material, *n.* સાહિત્ય; સામગ્રી; સરંજામ; અસબાબ; સામાન.

Materially, *ad.* મૂળમાંથીજ; પ્રકૃતિત. 2 જરૂર; અગત કરીને. [નીતરફનું.

Maternal, *a.* માદરી; માં–માયનું; મા-

Mathematic, } *a.* ગણિત–હિસાબ
Mathematical, } સંબંધી. 2 ગણિતના નિયમને મળતું આવતું.

Mathematician, *n,* ગણિતશાસ્ત્રમાં કુશળ; હિસાબી; ગણિતશાસ્ત્રી.

Mathematics, *n.* ગણિત; હિસાબ.

Matins, *n.* પ્રભાતિયું; સવાર–બામદાદની બંદગી–ભજન; પ્રાતઃસ્મરણ.

Matrice, *n.* ગર્ભાશય; ગર્ભસ્થાન; કમળ. 2 બીબાં ઓતવાની તખ્તી.

Matricide, *n.* માતૃહત્યા; માનું ખૂન. 2 માંનો ઘાત કરનાર; માતૃઘાતક.

Matriculate, *n.* નામ નોંધીને પાઠશાળાની મંડળીમાં દાખલ કરેલો વિદ્યાર્થી. 2 *v. t.* નામ નોંધીને પાઠશાળાની મંડળીમાં દાખલ કરવું.

Matrimonial, *a.* લગ્નનું; વિવાહ–શાદી સંબંધી; વૈવાહિક.

Matrimony, *n.* લગન; વિવાહ; શાદી.

Matrix, *n.* See Matrice.

Matron, *n.* ઘર–કુટુંબમાં જે વડી–કારભાર કરતી સ્ત્રી તે; ડોસી; માજી; મોટી બાઈ; પુખ્ત ઉમરે આવેલી સ્ત્રી.

Matter, *n.* જોવાય અથવા અડકી શકાય તેવી ચીજ; દૃશ્ય–સ્પર્શ્ય પદાર્થ–વસ્તુ; દ્રવ્ય. 2 જે એક મૂળ તત્વથી દુનિયા બનેલીછે તે; પ્રકૃતિ.

3 બાબત; વાત; પ્રકરણ; વિષય. 4 કામ; કાર્ય. 5 અંદેશો; ચિંતા. 6 મુકરદ્દમો. 7 વિસાત. 8 પરૂ. *What is the matter?* શું થયું? શું છે? *No matter,* ચિંતા નહીં. 9 *v. i.* વિસાત-જીવ-દમ-અંદેશો હોવો; ફિકર-ચિંતા હોવી. 10 પરૂ થવું-નિકળવું; પાકવું.

Mattery, *a.* પરૂવાળું; પરૂથી ભરેલું.

Mattock, *n.* કોદાળી; ચાંચવો; તીકમ.

Mattress, *n.* તળાઈ; રજાઈ; ગોદડું; ગોદડી; ગદેલું.

Mature, *a.* પરિપક્વ; પુખ્ત; પક્કું. 2 પૂરૂં થયલું; પૂર્ણ. 3 *v. t.* પાકું કરવું; પાકવવું. 4 તૈયાર કરવું; કામ લાગે તેવી હાલતમાં લાવવું; પાકું-પૂર્ણ કરવું. 5 *v. i.* પાકવું; પાકું થવું.

Maturely, *ad.* પુખ્ત રીતે; પૂરતેપણે.

Maturity, *n.* પુખ્તપણું; પક્કાપણું. 2 તૈયાર થયેલી હાલત. 3 જુવાની.

Maudlin, *a.* છાકટ; પીધેલ; તૈયાર.

Maugre, *ad.* મમત-મોંહોંસ ઉપર આવીને; ન માનીને; એટલું છતાં.

Maul, *v. t.* કુટવું; છુંદવું. *n.* મોગરી; લાકડાંની હથોડી.

Maund, *n.* મણ; ૪૦ શેરનું વજન.

Mausolean, *a.* મોટી-શોભીતી કબર.

Mausoleum, *n.* રોજો; મોટી શોભીતી કબર. [જઠરાગ્નિ; કોઠો.

Maw, *n.* પશુ-જનાવરની હોજરી;

Mawkish, *a.* કંટાળો-ચીહીડ આવે તેવું. [વચન.

Maxim, *n.* કેહેવત; કેહેણી; નીતિ-

Maximum, *n.* મોટામાં મોટું માપ-સંખ્યા; પરમાવધીનું પરિમાણ-સંખ્યા.

May, *n.* ઈંગ્રેજી વરસનો પાંચમો મહિનો; મેય્ મહીનો; વૈશાખ-જેઠ.

Mayor, *n.* કોટવાલ; હાકેમ.

Mayoress, *n.* 'મેયર'ની ઓરત-સ્ત્રી.

Maze, *n.* ગલી કુંચીની વાટ; ભૂલભૂલામણી. 2 ગરબડગોટો; ગુંચવણ.

Me, *pron.* મને. [ખેતર.

Meadow, *n.* બીડ; ઘાસની જમીન-

Meagre, *a.* શક્તિ-કસ વગરનું; સુકાઇ-લેવાઈ ગયલું; પાતળું. 2 કસરહિત. 3 રસરહિત.

Meal, *n.* લોટ; આટો; મેંદો. 2 ભોજન; આહાર; ખાનું; ભાણું.

Mealy, *a.* લોટ-આટા જેવું; નરમ. 2 આટાના જેવો ભુકો ભભરાવેલું.

Mean, *a.* નીચું; હલકા દરજ્જાનું. 2 પાજી; અધમ; નીચ; રજાલું. 3 તુચ્છ; હલકું; ધિક્કારવા જોગ. 4 મધ્યમ; મધ્ય પ્રમાણનું. 5 વચલું. 6 *v. t.* મનમાં હોવું; ઈરાદો રાખવો; મતલબ હોવી. 7 અર્થ-માંએનો બતલાવવો-હોવો.

Meander, *n.* ફેરાવો; વાંકી ચુંકી ગતિ.

Meaning, *n.* અસલ મતલબ; ઈશારો. 2 અર્થ; માંએની.

Meanness, *n.* હલકાઈ; નીચાઈ; પાજીપણું; રજાલાપણું; હલકાપણું.

Means, *n.* પુંજી; માયા; દ્રવ્યબળ; આયપત. 2 સાધન સામગ્રી; સાહિત્ય; મારફત; ઉપાય; ઈલાજ. *By all means*, સર્વ પ્રકારે; સર્વથા. 2 અચિત; નક્કી; ગમે તે થાઓ તોપણ. *By no means*, બિલકુલ નહીં; હરગિજ–જિનહાર નહી. *By means of*, મારફતે; દ્વારેથી; રસ્તે. *By some means or other*, ગમે તેમ કરીને; કોઈ પણ રીતે. *According to one's means*, પોતાના ગજા પ્રમાણે. *To lay means*, લાગમાં લેવું; લાગ પડવો–ફાવવો. *Having small means*, થોડા પસા હોવાથી.

Mean time, } *ad.* એટલામાં; તેવામાંજ; તે દરમ્યાન.
Mean while, }

Measles, *n.* ઓરી; અછબડા; એક જાતના નાહના સૈયડ; ગોબરૂં; ગોવરૂં.

Measure, *n.* પરિમાણ. 2 માપ. 3 પ્રમાણ; ભાગ. 4 મિઝાજ; વજન; છંદ; વૃત્ત (કવિતામાં). 5 તાલ; તાન (ગાયનમાં). 6 હદ; મર્યાદા; સુમાર. 7 ઉપાય; યુક્તિ; સાધન; લાગ; ઉપચાર. 8 *v. t.* માપવું; ભરવું. 9 *v. i.* માપ થવું–હોવું.

Measureless, *a.* બેસુમાર; અમર્યાદ; અપરિમિત; બેહદ. [અન્ન.

Meat, *n.* માંસ; ગોશ્ત. 2 ખોરાક;

Mechanic, *n.* કારીગર; શિલ્પકાર. 2 *a.* યંત્ર સંબંધી; યાંત્રિક. 3 યંત્ર શાસ્ત્રના નિયમ પ્રમાણે કીધેલું. 4 પોતાની મેળે થતું–ચાલતું.

Mechanically, *ad.* યંત્રશાસ્ત્ર પ્રમાણે. 2 શારીરબળે. 3સહેજે;પોતાનીમેળે.

Mechanics, *n.* યંત્ર શાસ્ત્ર–વિદ્યા.

Mechanism, *n.* કળ; કળા; યુક્તિ; રચના. [પુતળિયું; પદક.

Medal, *n.* મુદ્રા; સિક્કાનું પુતલું; ચાંદ;

Meddle, *v. i.* કામવગર વચમાં હાથ ઘાલવો; વચ્ચે આવવું; માથું ઘાલવું.

Medial, *a.* વચલું. [2 અડકવું.

Mediate, *a.* વચલું; મધ્યમ. 2 વચ્ચે આવેલું. 3 *v. t.* વચમાં પડીને કરાવવું. 4 *v. i.* મધ્યસ્થી કરવી; પતાવવાસારૂ વચમાં પડવું.

Mediation, *n.* મધ્યસ્થી;વચ્ચે પડવું તે.

Mediator, *n.* મધ્યસ્થ; વચમાં પડી પતાવનાર; ભાંજગડ કરનાર.

Medical, *a.* તબીબી; વૈદક સંબંધી. 2 ઓસડ–દવાવાળું. 3 વૈદક શિખવવાનું.

Medicament, *n.* ઓષધ દાખલ વાપરેલી ચીજ; દવા; ઓસડ.

Medicinal, *a.* ઓસડ–દવાનાગુણવાળું.

Medicine, *n.* દવા; ઓસડ; ઔષધ. 2 વૈદકશાસ્ત્ર;વૈદક;હકીમું. [માનાનું.

Medieval, *a.* મધ્યકાળનું; વચલા જ-

Mediocrity, *n.* મધ્યમ–સામાન્ય–વચલોપક્ષ–દશા–સ્થિતિ;સામાન્યતા

Meditate, *v. i.* ગંભીર થઈને વિચાર કરવો; ધ્યાન-ચિંતન-મનન કરવું; અંદેશો કરવો. 2 *v. t.* કલ્પના બાંધવી; યુક્તિ રચવી; જુક્તિ કરવી; યોજવું.

Meditation, *n.* ધ્યાન; ચિંતન; મનન *Religious meditation,* સમાધિ; યોગ. [વિચાર કરતું.

Meditative, *a.* ધ્યાની; ગંભીરાઈથી

Mediterranean, *a.* જમીનથી ઘેરાયલું; ભૂમધ્ય. 2 દરિયાથકી દુરનું.

Medium, *n.* દ્વાર; રસ્તો; આવવા જવાની જગ્યા. 2 ઉપાય; મારફત; સાધન. 3 વચલો રસ્તો; મધ્યમ માર્ગ. [ભેળ.

Medley, *n.* ધાલમેલ; ખિચડી; શેળ

Medullar, Medullary, *a.* હાડકાં માંહેલા ગર-ગૂર-મજ્જા સંબંધી.

Meed, *n.* ઈનામ; ફળ; સાર્થક; બદલો.

Meek, *a.* ગરીબ; સાલસ; સુશીલ; વિનયી; ભલું; નમ્ર; સલીમ.

Meekness, *n.* સાલસાઈ; ભલમનસાઈ; લીનતા; ગરીબા; વિનય.

Meet, *a.* યોગ્ય; લાયક; ઘટતું; ઉચિત. 2 *v. t.* સાંમસામેથી આવી મળવું; ભેટવું; મુલાકાત-ભેટ કરવી. 3 સામસામા થઈ-આવી જવું; અથડા અથડી પર આવી જવું. 4 પ્રાપ્ત થવું; આવી મળવું. 5 *v. i.* સામાંસામાં શત્રુએ મળવું. 6 મંડળીમાં એકઠા જવું.-(with) મળતું આવવું.

Meeting, *n.* મુલાકાત; ભેટ; સમાગમ. 2 સભા; મંડળી; સમાજ.

Meetness, *n.* યોગ્યતા; લાયકી.

Megrim, *n.* આદાસીસી; અર્ધાશીશી.

Melancholy, *n.* ખેદ; વિષાદ; ઉદાસી; દલગીરી. 2 *a.* ઉદાસ; ખિન્ન; શોકાતુર; ખેદકારક-યુક્ત.

Melee, *n.* હાથો હાથની લડાઈ; ઝપાઝપી; બાથંબાથા; ઘણાં માણસોએ આમણ સામણ થઈ જવું તે.

Meliorate, *v. t.* સુધારવું; બેહેતરકરવું.

Mellifluous, *a.* મધુર; મિઠું; શીરીન.

Mellow, *n.* અછી લેહેજત; પસંદ સ્વાદ. *a.* પાકીને નરમ થયલું; પચપચું; પોચું. 2 કુમળું; મૃદું; કોમળ; મધુર. 3 મિઠું; ગળ્યું. 4 ખુશ કેફમાં આવેલું. 5 *v. t.* પકવવું; પકાવી નરમ કરવું. 6 *v. i.* પાકવું; પાકીને નરમ થવું.

Melodious, *a.* સુસ્વર; મધુર; શીરીન ઝબાન; કુમળું; રસીલું; મિઠું.

Melody, *n.* સુર-અવાજની મિઠાસ -મધુરતા; સુસ્વર; રાગ. [ડબુચું.

Melon, *n.* તડબુચ; કાલિંગડું. 2 ખ-

Melt, *v.t.* ગાળવું, ઓગાળવું; પીગળાવવું; રસ-પાણી કરવું. 2 દિલ-મનપાલાળવું; દિલને રસથી નરમ કરવું. 3 *v. i.* પીગળવું; ગળવું; રસ-પાણી થઈ જવું. 4 મન પગળવું; રસથી દિલ નરમ થઈ જવું.

Member, *n.* અંગ; અવયવ; શરીરનો ભાગ. 2 સભાસદ; મિજલસિ.
Membrane, *n.* પાતળી ખોળ-ત્વચા; જીહીલ્લી; અંદરની ઝીણી-પતળી ચામડી-છાલ; પડદો.
Membranous, *a.* અંદરની ચામડી -છાલનું; ઝીલીનું. [ભારણું.
Memento, *n.* સ્મરણ; યાદગારી; સં-
Memoir, *n.* ચરિત્ર; વૃત્તાંત; ખબર; સરગુઝસ્ટ; હકીકત; બયાન; દાસ્તાન.
Overtime, *n.* બાંધી આપેલા વખત ઉપરાંતનો વખત; સવઈ.

Overture, *n.* માગણી; દરખાસ્ત. 2 પુર્વરંગ; નાટક, વગેરેને આરંભે તેની મતલબ જણાવનાર વજંતરમાં ઉતારેલું ગાનું; પ્રસ્તાવના.

Overturn, *v. t.* ઊંધું વાળવું. 2 નાશ કરવો. 3 જીતવું; હરાવવું.

Overween, *v. i.* શેખી કરવી.
Overwhelm, *v. t.* કોઈ જબરી અને ભારે વસ્તુ તળે દાબી-કચડી નાખવું. 2 બુડાડી-ડુબાડી નાખવું.
Over wise, *a.* ઘણુંજ ડાહ્યું; દોઢ ડાહ્યું.
Over work, *v. t.* ઘણું-ગજા ઉપરાંત કામ કરાવવું; થકવવું; દમવવું. 2 *n.* ઠરાવી આપેલ વખત ઉપરાંત કીધેલું કામ. 3 અતિશ્રમ; અતિશય મેહનત-વૈતરૂં.
Over worn, *a.* ઘસાઈ-થાકી ગયલું; લોથ પોથ થઈ ગયલું.
Over zealous, *a.* ઘણીજ ઉલટવાળું; અત્યુત્સુક; અત્યુત્કંઠિત.
Oviform, *a.* ઈંડાકારનું; ઈંડાશેકું.
Owe, *v. t.* દેવું-કરજ હોવું. 2 ધર્મ હોવો; ફરજ હોવી. 3 ઉપકારી-આભારી હોવું.
Owing, *a.* વાળવા-અદા કરવાનું હોય એવું; માંગતું; લેહણું. 2 કારણ; સબબે; એથી; એ કરીને; લીધે.
Owl, *n.* ઘુઅડ; ઘુવડ; ઘુડ; ઉલૂક.
Owlet, *n.* ઘુઠ-ઘુવડનું બચ્ચું.
Owlish, *a.* ઘુવડનાં જેવું-સરખું.
Own, *a.* પોતાનું; પોતીકું; પદરનું; ખુદનું; ખાસ; ગાંઠનું; સ્વકીય. 2 *v. t.* માલિકી-સત્તા હોવી; ધણીપણુ રાખવું. 3 કબૂલ રાખવું; અંગીકાર-સ્વીકાર કરવો; સ્વીકારવું. 4 માનવું; કબૂલ કરવું. [માલિક.
Owner, *n.* અંગીકાર કરનાર. 2 ધણી;
Ownership, *n.* માલિકી; ધણીપણું.
Ox, *n.* બળદ; બળદિયો; બેલ. A *young ox*, વાછડો-ડી.
Oxen, *n. plu.* ગાય ઢોર.
Oxygen, *n.* પ્રાણવાયુ; આક્સિજન.
Oyster, *n.* કાલુ; કાલવ; સફદ. 2 મોતીની છીપ-છીપલો.

P.

P. ઈંગ્રેજી મૂળાક્ષરોનો ૧૬મો અક્ષર.
Pabular, *a.* પોષણ પદાર્થને લગતું; પૌષ્ટિક. [જીવન; ભોજન.
Pabulum, *n.* પોષણ પદાર્થ; અન્ન;
Pace, *n.* કદમ; પગલું; ડગલું; ડગ. 2 ચાલ; ગતિ. 3 રવાલ ચાલ-કદમ. 4 *v. i.* ચાલવું; હિંડવું. 5 કદમ કદમ-મુગલાઇ ચાલે ચાલવું. 6 *v. t.* ધીમા-હળવાં કદમ ભરવાં; હળુ હળુ ચાલવું. 7 પગલાં-ડગલાંથી માપવું-ભરવું-ગણવું.
Pacific, *a.* સુલેહ ભરેલું; સલાહસંપજવાળું. 2 શાંત; નરમ; ટાઢું. [કારી.
Pacification, *n.* સમાધાની; સલાહ-
Pacificatory, *a.* શમક; શાંતિકર.
Pacify, *v. t.* સમજાવવું; મનાવવું;

શાંત-ડપટ-નરમ-ટાઢું પાડવું. 2 શાંતિ-સમાધાની-સલાહ કરાવવી.

Pack, *n.* ગાંસડી; પોટલું; બિંદડી; ભરકી. 2 ઢગ; ડુંગર. 3 તાષ્એફે; આઓસટ; ચોકડી. 4 *v. t.* બાંધવું; ભીકડવું; જકડી કસકસાવીને બાંધવું. 5 દાબી દાબીને-ગડબી ગડબીને-ખિચોખિચ ભરવું. 6 તાલમેલ કરીને-સંતલસ લગાવીને રાખરખાવત કરે તેવાં માણસો નિમવાં-પસંદ કરવાં. 7 ઉતાવળેથી રવાના કરવું; મોકલી દેવું. 8 *v. i.* ચંપાવું; માવું; સમાવું; રહેવું; બંધાવું. 9 નઠારાં કામમાં સામેલ થવું-જોડાવું.

Package, *n.* ગાંસડી; પોટલી; બિંદડી; ભરકી. 2 બાંધણ ખરચ; માલબંધામણી.

Packbullock, *n.* પોઠી.

Packcloth, *n.* બાંધણ; બાંધણું; માલ-સામન બાંધવાનું કપડું.

Packet, *n.* ન્હાનું પોટલું; પોટલી. *A packet of closed letters,* લખોટો; લિફાફો; પાકિટ. 2 *v. t.* પાકિટ-પડીકું કરવું; પોટલું બાંધવું.

Packhorse, *n.* કંઠાળ્યો-ભાર ભરદારી ઘોડો.

Packhouse, *n.* માલ ખડકવાની વખાર; માલની વખાર.

Packing, *n.* વખતાર, ચીરા, અથવા ગાળા પૂરવામા કામમાં આવતી કોઇપણ વસ્તુ, જેથી તે વાટે પાણી અથવા હવા જઇ શકે નહીં; ભરણ.

Pack man, *n.* ફેરિયો; ફેરીવાળો.

Packneedle, *n.* સોઇયો.

Packsack, *n.* ગુણ; ગુણપાટ; ગણી.

Packsaddle, *n.* કંઠાળ; ઓગીર; પલાણ; પોઠ; ગુણ; કોઠાકું.

Packthread, *n.* સુતળી; દોરી; રસી.

Packway, *n.* સાંકડી સેરી.

Pad, *n.* પગવાટ; પગથી. 2 ઠંડી-ધીમીચાલનો ઘોડો. 3 વાટમારૂ; રાહજન. 4 ગાદી; ગાદલું; ગદેલું. 5 ઓગીર; ચારજામો. 6 *v. t.* પગતળે છૂંદવું; કચરવું. 7 *v. i.* ધીમે ધીમે-હળવે હળવે ચાલવું.

Paddle, *v. i.* હાથ લગાડવો; આંગળી વતી અડકવું-સ્પર્શ કરવો. 2 પાણીમાં હાથ પગ અફાળવા; છબછબ-છબક છબક કરવું. 3 હલેસાં મારવાં. 4 *v. t.* હલેસાં મારી ચલાવવું. 5 *n.* ન્હાનું હલેસું; હાથ હલેસું.

Paddock, *n.* મ્હોટો દેડકો. 2 ઢોરને ચરવામાટે વાડભરી લીધેલી જગ્યા-વાડો.

Paddy, *n.* ડાંગેર; ભાત; સાળ.

Padlock, *n.* તાળું; કુલૂપ; કુફલ. 2 *v. t.* તાળું મારવું-દેવું. 3 બંધ કરવું; ગોંધવું.

Pæan, *n.* જયગાન-ફતેહનું ગીત.

Pagan, *n.* મૂર્તિપૂજક; બુતપરસ્ત.

Pagan, Paganish, } *a.* જંગલી મૂર્તિપૂજાનું-સંબંધી.

Paganism, *n.* જંગલી મૂર્તિપૂજા; બુતપરસ્તી; કુફ્ર.

Page, *n.* ખવાસ; ખિદમતગાર; અં-

તિક; હજુરિયો. 2 પૃષ્ઠ; સફું; સફો; પાનું. 3 *v. t.* પૃષ્ઠ-સફા માડવા-પાડવા; પેજ પાડવા-બાંધવા.

Pageant, *n.* શોભાનો ગાંડિયો; શોભાનું પુતળું; ઘડીની મઝા. 2 તમાશો; ખેલ. 3 *a.* દમદમાટ ભરેલું; ઠાઠમાઠવાળું; દેખાવડું. [ડમાક; ભભકો.

Pagentry, *n.* ઠાઠમાઠ; ઠાઠ; દબદબો;

Paging, *n.* ચોપડીપર પાના-સફા પાડવા-માડવા તે.

Pagoda, *n.* દેવળ; દેહેરૂં; મંદિર; બુતખાનું. 2 મૂર્તિ; દેવતાની પ્રતિમા. 3 એક સિક્કો; હોન.

Pail, *n.* પીપ; તામડી; બાલદી; ડોલ.

Pain, *n.* સજા; શિક્ષા. 2 દુઃખ; પીડા; વેદના; દરદ. 3 સંતાપ; ગમ; ક્લેશ; ખેદ; તાલાવેલી. 4 કષ્ટ; શ્રમ; સખત મેહેનત; મશાગત; 5 પ્રસૂતિ-ગર્ભવેદના; કષ્ટાવું તે. 6 *v. t.* દુઃખ દેવું; પીડા કરવી; પીડવું. 7 માઠું લગાડવું; દુખવવું.

Pains taking, *a.* મેહનતુ; ઉદ્યોગી.

Paint, *n.* રંગ. 2 ધાઝ; ચામડીનો રંગ-અંગવર્ણ સુધારે તેવી એક મેળવણી; ઉબટન. 3 *v. t.* રંગવું; રંગ દેવો-આપવો. 4 રંગત ચિત્ર કાઢવું. 5 વર્ણન-બયાન કરવું; વર્ણવવું. 6 *v. i.* ચિતરવું. 7 મ્હોડું રંગવું; મ્હોડે રંગ લગાડવો.

Painter, *n.* ચિતારો; ચિત્રકાર. 2 રંગવાનો ધંધો કરનાર; રંગારો; રંગરેજ.

Painting, *n.* રંગ કામ; રંગરેજી. 2 ચિતારા-રંગારાનો ધંધો-કામ. 3 ચિત્રકર્મ; ચિતારાનો કસબ-હુનર. 4 ચિત્ર; રંગિત-રંગ પૂરેલું ચિત્ર. 5 ઝમક-ભભકવાળું-છટાદાર વર્ણન.

Pair, *n.* જોડી; જોડા; જોડું; જોટો. 2 જોડું; વર વહુ; દંપતી. 3 જોડું; નરમાદા. 4 *v. i.* જોડું બાંધવું-બંધાવું. 5 બંધ બેસવું; લાગુ પડવું. 6 *v. t.* જોડી કરવી-બનાવવી; જોડું મેળવવું. [સદન; ઐવાન.

Palace, *n.* મેહેલ; મોહલ. 2 હવેલી;

Palankeen, } *n.* પાલખી; શિબિકા;
Palanquin, } મિયાનો; નાલકી.

Palanquin bearer, ભોઇ; હમાલ; કહાર. [હેજતવાળું-દાર; રૂચિકર.

Palatable, *a.* સ્વાદિષ્ટ; મઝાદાર; લે-

Palatal, } *a.* તાળવાને લગતું;
Palatic, } તાલુસંબંધી; તાલવ્ય.
Palatine, } 2 તાલુસ્થાની; તાળવેથી બોલાતું.

Palate, *n.* તાલુ; તાળવું. 2 રૂચિ; લેહેજત. 3 શોખ; ગમત; કોડ.

Palatial, *a.* મેહેલ-હવેલીનું; રાજમંદિરસંબંધી. 2 મેહેલને લાયકનું; રાજમંદિરને છાજતું-શોભે એવું; 3 ઉમદા; ભવ્ય; ભપકાદાર.

Pale, *a.* ફિક્કું; નિસ્તેજ; જર્દ; ઉતરી ગયલું; સફેદ પૂણી જેવું; ખુશ્ક.

2 ઝાંખું; ભભકવિનાનું. 3 *v. i.* લોહી ઉડી જવું. 4 *v. t.* ભભકવિનાનું–મંદ–તેજરક કરવું. 5 કટેરા ભરવા; ઘેરી લેવું. 6 *n.* લાકડાં–પાટીઆંનો ગરાદ–ગજ–કટેરો. 7 હદ; મર્યાદા.

Paleness, *n.* જર્દી; ફિકાસ; પીળાસ. 2 ઝાંખ. 3 નિરક્તતા; વૈવર્ણ્ય.

Palestra, *n.* કુસ્તીની કસરત; તાલીમ. 2 કુસ્તીનો અખાડો; તાલીમખાનું; રંગાગણ; મલ્લભૂ.

Palisade, *n.* ગરજા કોટ; ગરજાનો કટેરો–ટટ્ટી. 2 *v. t.* કટેરા ભરી લેવા; ગરજાનો કટેરો ભરી લેવો–કરવો.

Palish, *a.* ફીકાસ પડતું; જરા ઝાંખું; પીળાસ પડતું; પીળું જેવું.

Pall, *n.* ઉપર પેહેરવાનો જભ્ભો; એસ; સેલું. 2 રાબ–મુડદાં ઉપર નાખવાની કાલી ચાદર; કાણું કફન. 3 *v. t.* ઢાંકવું; ઢાંકી દેવું. 4 બેસવંડું કરવું; રસકસ કહાડી લેવો; ફીકું ફચ કરી નાખવું. 5 હિમ્મત હરાવવી–મુકાવવી; હાંજા મેલાવવા–ગગડાવવા. 6 *v. i.* મોળું–ફિક્કું થઇ જવું.

Pallet, *n.* ચિતારાનું પાટિયું; તખ્તાઈ રંગદાન. 2 ગોદડી; ચારસો; સુજની; ન્હાનું સરખુ ગોદડું; પથારી.

Palliate, *v. t.* કંઇપણ બહાનું દેખાડીને વાંક ઢાંકવો; છાવરવું; દરગુજર કરવી. 2 નરમ–શાંત–થંડું પાડવું.

Palliation, *n.* વાંક–ગુન્હો ઢાંકવો તે. 2 ઉપરામન; શાંતિ.

Palliative, વાંક–ગુન્હો ઓછો કરી દેખાડે એવું; ઢાંકપિછોડો કરે એવું; 2 દુઃખ દરદનું જોર કમ થતું જણાય એવું. 3 *n.* વાંક–ગુન્હો–દોષ ઓછો ગણવા જેવી વાત.

Pallid, *a.* ફીકું; નિસ્તેજ; ઝાંખું; જર્દ.

Pallidity, Pallidness, } *n.* See Paleness.

Pall mall, *n.* લંડન શેહેર માહેલો એક મ્હોલો.

Palm, *n.* હથેલી; કરતલ; કફેદસ્ત; કફ. 2 ચાર તસુ જેટલી લંબાઇનું માપ; બિલ્લસ; વેંહેત; મૂઠ. 3 ખજુરી, તાડ, મહાડ વગેરે જાતનું ઝાડ. 4 તાડની ઝાવલી; તાડપત્રી. 5 *v. t.* અડકવું; હાથમાં પકડવું–ઝાલવું–લેવું; છેડવું. 6 હથેલીમાં–મુઠ્ઠીમાં સાંતવું–સંતાડી રાખવું. *To palm off,* છેતરવું; ઠગવું; ગળે ઘાલવું; પેહેરાવવું; પધરાવવું.

Palmister, *n.* હથેલી ઉપરનાં રેખાદિ ચિન્હો જોઇને દેવ વર્ત્તનાર; હસ્તસામુદ્રિક; હાથજોનાર.

Palmistry, *n.* હાથ જોઇને નસીબમાં જે હોય તે કહેવાનો ઢોંગ કરવાની વિદ્યા; એહમેકફ; હસ્તસામુદ્રિક; રેખાશાસ્ત્ર. હાથ ચલાકી; કરામત.

Palmy, *a.* જ્યાં તાડ, માહાડ, વગેરે ઝાડો ઘણાં હોય એવું. 2 આબાદ; અમનચમન; આબાદાની–આબાદીવાણું. ચડતી કળાનું–વાણું.

Palpable, *a.* સ્પર્શ થયાથી–લાગ્યાથી જણાય એવું. 2 પકડાઈ જાએ એવું; સ્પષ્ટ; ખુલ્લું; હડહડતું.

Palpably, *ad.* ઉઘાડી–દેખીતી રીતે; સહુ જાણે તેમ; જાહેરાત.

Palpitate, *v. i.* ધડકવું; ધબકવું.

Palpitation, *n.* ધબકારો; ધડકાટ.

Palsgrave, *n.* બાદશાહી મેહેલનો રખેવાલ.

Palsied, *a.* લકવો થયલું; બ્હેર મારી ગયલાં–રહી ગયલાં અંગવાળું; પક્ષઘાતી; સીતંગી; અધંગી.

Palsy, *n.* શરીરના એકાદા અંગનું બ્હેરમારી–મરી–રહી જવું–જુઠા પડવું તે; લકવો; ફાલેજ. [જુજ.

Paltry, *a.* હલકું; તુચ્છ; નાબકાર;

Pam, *n.* ફુલેવરનો ગોલામ (પાનામાં.)

Pamper, *v. t.* સારીપેઠે ખવરાવીને પુષ્ટ–તૃપ્ત કરવું; માતું–માતેલું કરવું. 2 કોડ પુરા પાડવા; લાડ લડાવવો.

Pamphlet, *n.* ચોપાનિયું; પત્રિકા. 2 *v. i.* ચોપાનિયું લખવું.

Pamphleteer, *n.* ચોપાનિયું–ચોપાનિયાં લખનાર.

Pan, *n.* વાટકી; તપેલી; પાતેલી; છાલકું વાસણ. 2 કાન; રંજકદાની (બંદુકની.) 3 માંથાંનું તાલકું. 4 પાનની બીડી; બીડું. 5 પગના ઘુંટણની વાટકી. *Frying pan*, પેણો; કઢાઈ; લોહિયું.

Panacea, *n.* સઘળી જાતના મરજનેને લાગુ પડતું ઓસડ; સર્વૌષધી ચૂર્ણ; ઈલાજે મુતલક.

Pancake, *n.* માલપુઆ–પુડા; ચાપટના જેવી–ખાવાની એક સ્વાદિષ્ટ ચીજ. [હિતા.

Pandect, *n.* વિદ્યાસંગ્રહ; શાસ્ત્રસં-

Pandar, } *n.* ભડવો; કુટણો; કોકલા-
Pander, } લ. 2 કોઈની બદમુરાદ બર લાવી આપનાર. 3 *v.t.* & *v. i.* ભડવાઈ–કરવી; કુટણપણું કરવું. 4 કોઈની બદમુરાદ બર લાવી આપવી.

Pandiculation, *n.* આંગ ભાગવું તે; આંગ મોડ; દિલ ભાગ ભાગ થવું તે.

Pane, *n.* ખણ; ખાનું. 2 કાચની તકતી–તકતો; તાવદાન; તાવ.

Panegyric, *n.* તારીફ; સ્તુતિ; પ્રશંસા.

Panegyric, } *a.* સ્તુત્યાત્મક; વખા-
Panegyrical, } ણ ભરેલું; તારીફવાળું.

Panegyrist, *n.* વખાણ–તારીફ કરનાર; બંદીજન; ગુણગાનાર.

Panel, *n.* બારણાનાં ચોકઠાંમાં ખોભણ કહાડી તેમાં બેસાડેલું પાટિયું; પાનેલ. 2 પંચના લોકોની નામનિશીની યાદ. 3 આખી પંચ–જ્યુરી. 4 *v. t.* પાનેલનું બનાવવું, જેમકે પાનેલની ફરેકાળ કરવી.

Pang, *n.* કળ; તણખ; સણકો. 2 (*pangs.*) અત્યંત દુઃખ; હલાકી; આપદા; તીવ્ર વેદના.

Panic, *n.* અપધાક; ધાસકો; ફાળ; ધડકું. 2 *a.* કલ્પિત; વ્યર્થ.
Panic stricken, } *a.* ધાસકો આવેલું;
Panic struck, } હેબકી ગયલું; પેટમાં ફાળ પડ્યાથી બાહવરૂં બનેલું.
Pannel, *n.* ગોગીર; પાલાન; પાખર.
Pannier, *n.* કંડિયો; કરંડો; સુંડલો; છાબ.
Panorama, *n.* ચારે તરફનો પુરેપુરો દેખાવ. 2 એકજ વખતે એક નજરે કોઈ મોટું ચિત્ર આખું ને આખું જોઈ ન શકાય તેને કટકે કટકે જોનારની નજર સામે ધરીને દેખાડવા માટે કીધેલી ગોઠવણ; સર્વદિગ્દર્શક ચિત્ર.
Pant, *v. i.* હાંફવું; ફુફાટા મારવા. 2 જીવ ટાંપી–ટંગાઈ રહેવો; ટમટમવું. 3 દિલ–છાતી ધડકવી; ધબક ધબક થવું.
Pantaloon, *n.* ઇટાલિયન ખેલમાંનો લોઓ; રંગલો; ઠોલિયો. 2 (*plu.*) ઇજાર; પાયજામો; પાટલુન.
Pantheism, *n.* જગદીશ્વરમત; આખું જગત છે તેજ ઈશ્વર છે એવું
Pantheist, *n.* જગદીશ્વરવાદી. [મત.
Pantheon, *n.* સર્વ દેવતા મંદિર; સઘળા દેવોનું દેહેરૂં. 2 સર્વ દેવપુરાણ. 3 સર્વ દેવતાઓ; દેવગણ.
Panther, *n.* ચિત્તો; ચિતરો વાઘ; પલંગ.
Pantile, *n.* નળિયું.
Pantomime, *n.* મૂગો ખેલ કરનાર; મૂકનટ; મુગ્ધનર્ત્તક. 2 મૂગો સોંગનાટક; મૂકનાટ્ય.
Pantry, *n.* ખોરાકી ભરી રાખવાની કોઠરી–ઓલી; સાંતરાંની ઓરડી.
Pap, *n.* ડીચી; બોટણી; ચૂંચી. 2 ન્હાના બાળકને સારૂ બનાવેલો નરમ–પાતલો ખોરાક; બાળકહાર. 3 ફળનો ગર–માવો.
Papa, *n.* બાપ; બાવા; પિતા; તાત.
Papacy, *n.* પોપની પદ્વિ–ઓદ્ધો–અધિકાર. 2 પોપો.
Papal, *a.* રોમના પોપને લગતું; 2 પોપની તરફથી નિકળેલું. [પપાંઈ.
Papaw, *n.* પપાંઉનું ઝાડ; પપાંઉડી. 2
Paper, *n.* કાગળ; કાગજ. 2 લેખ, ખત, દસ્તાવેજ અથવા નિબંધ. 3 વર્તમાન–સમાચાર પત્ર. હુંડીપત્રી; સરકારી દસ્તાવેજ–ચલની નોટ. 5 ઓરડાની દિવાલે વળગાવવાનાં બુટ્ટાદાર કાગળ.
Paper hangings, *n.* (*plu.*) ઓરડાઓની ભીતે વળગાવવાનાં રંગત બુટ્ટાદાર કાગલ.
Paper-weight, *n.* છૂટાં કાગળો પવનથી ઉડી જતાં અટકાવાને ખાતર તે ઉપર મૂકવાનો નાહનો વજન.
Pappy, *a.* નરમ; પોચું; મુલાયમ.
Papulous, *a.* ફુલીઓથી ભરેલું.
Par, *n.* સરભર ભાવ; એક સરખી કિમ્મત. 2 સમતા; બરાબરી; સમભાવ.

Parable, *a.* દૃષ્ટાંતરૂપ કથા; દૃષ્ટાંત; દૃષ્ટાંતિક નીતિ; મીસાલ; ઉપમા; મસલ.
Parabolic, } *a.* દૃષ્ટાંત આપીને ક-
Parabolical, } હેલું; દૃષ્ટાંતરૂપ; નીતિનિદર્શનરૂપ.
Parade, *n.* ઠાઠમાઠ; હશમત; ધુમધામ. 2 કવાએત. 3 કવાએત ગાહ -મેદાન; રંગભૂમિ. 4 વરઘોડો; સ્વારી. 5 *v. t.* કવાએત કરાવવી. 6 ઠાઠમાઠ દેખાડવો; ધુમધામ કરવી. 7 *v. i.* કવાએત કરવા એકઠા થવું-મળવું.
Paradise, *n.* સ્વર્ગ; આનંદભુવન; સુખધામ; બેહશત; જન્નત.
Paradox, *n.* ખરી હોવા છતાં ખોટી દેખાય એવી વાત-બિના. [સાની.
Paragon, *n.* નમુનો; સરતાજ; લા-
Paragraph, *n.* ફકરો; કલમ; પારેગ્રાફ.
Parallel, *n.* (ભૂમિતીમાં) સમાંતર-રેષા-(of latitude) અક્ષાંશ. 2 બરોબરી; સરખાપણું. 3 ઉપમા; મુકાબલો. 4 જોડો. 5 *a.* સમાંતર. 6 મળતું; સરખું.
Parallelogram, *n.* (ભૂમિતીમાં) સમાંતર બાજુ ચોખુણ.
Paralogism, *n.* અભાસ; ખોટી તકરાર-:નતકી. [See Palsy.
Paralysis, *n.* પક્ષઘાત; અર્ધાંગવાયુ.
Paralytic, *a.* લકવાના મરજવાળું.
Paralyze, *v. t.* જૂઠું પડી જવું. 2 નિર્બળ કરવું; હિલવા ચાલવાની શક્તિ પાડી નાખવી; સુવાડી દેવું.
Paramount, *a.* શ્રેષ્ઠ; ઉંચું; મોટું; માહ.
Paramour, *n.* યાર; આશાના.
Parapet, *n.* ફસીલ; અડતલો; છાતી પૂર ઉંચી ભિત.
Paraphernalia, *n.* સ્ત્રીધન; કન્યાદાનમાં મળેલી રીત; ઘરેણું.
Paraphrase, *n.* ટીકા; શરહ; તફસીલ. 2 *v. t.* તરજુમો તથા શરહ કરવી; વિસ્તારીને અર્થ કરવો.
Parasite, *n.* ખુશામત-હાજીહાં કરીને પેટ ભરનાર; ટુકડાખોર; ધટિંગું.
Parasol, *n.* યુરોપીઅન સ્ત્રીઓની ન્હાની છત્રી; આફતાબી.
Parboil, *v. t.* નીમજેરા કરવું; સીજવવું; અર્ધું કાચું-અદકચરૂં રાંધવું.
Parcel, *n.* બિંદડી; ન્હાની ગાંસડી; પોટલી. 2 અંશ; ભાગ; કકડો. 3 રાસ; થડી; ઢગલો; ચોક. 4 *v. t.* વેંહેચવું; વાટણી કરવી.
Parch, *v. t.* સેકવું; ભુંજવું. 2 *v. i.* સુકાઈ જવું. [ભાભરભુંજો.
Parcher, *n.* ભુંજનાર.-(of Grain)
Perchment, *n.* ચર્મપટ; લખવાનેસાર્ કમાવેલું-બનાવેલું ચામડું.
Pardon, *n.* માફી; દરગુજર; ક્ષમા; ખમા. 2 *v. t.* માફીઆપવી; માફકરવું.
Pardonable, *a.* માફ કરવાજોગ-જેવું.

Pare, *v. t.* તાછવું; છાંટવું. 2 છાલ કાઢવી;છોલવું. 3 –(the nails) નખ લેવાં–કાઢવાં.

Parent, *n.* મા અથવા બાપ. 2 મુળકારણ; જનક; ઉત્પાદક.

Parents, *n. pl.* માબાપ; માતપિતા.

Parentage, *n.* અસલ; જાત; ખાનદાન; કુળ. [સંબંધી.

Parental, *a.* માબાપનું; માતાપિતૃ

Parenthesis, *n.* કૌંસ; ( ) આવી નિશાન. 2 કૌંસમાનું વાક્ય;ઉપવાક્ય.

Paring, *n.* તાછો; તાછ; છોલી–સ્હોરી કહાડેલી વસ્તુ; છાલ.

Parish, *n.* પાદરીના પંથક તળેનો દેશનો ભાગ. 2 *a.* પંથકને લગતું.

Parity, *n.* બરોબરી;સમતા;સમાનતા;

Park, *n.* શીકારગાહ; મૃગયાવન. 2 ફરવા હરવાનું મેદાન. 3 તોપખાનું.

Parlance, *n.* વાતચિત; બોલચાલ; સંભાષણ; સંવાદ.

Parley, *n.* સવાલ જવાબ; સંભાષણ; ગોફતેગો. 2 દુશમન સાથની આધાધુધી સમજુતીને લગતી વાતચિત. [દીવાનેઆમ.

Parliament, *n.* પારલામેન્ટની સભા;

Parlor, *n.* બેઠકખાનું; મળવા ભેટવા તથા બેસવા ઉઠવાનો ઓરડો.

Parody, *n.* હાસ્ય જનક નકલ–ટોળ; મુળ ગ્રંથનું હાસ્ય જનક વ્યાખ્યાન.

Paroquet, *n.* પોપટ; હીરામણ; સુડો.

Parole, *n.* વચન; કબુલાત; બોલી. 2 જબાની–મ્હોડેનો એકરાર. [low.

Paronychia, *n.* નખ છર. See Whit-

Paroxysm, દરદનું જોર–ભર–ઝટકો –ગલબો–ઉછાલો–જોશ.

Parricide, *n.* પિતૃહત્યા; બાપનું ખુન કરવાનો ગુન્હો. 2 બાપનું ખુન કરનાર.

Parrot, *n.* પોપટ; મિઠુ; શુક; કીર.

Parry, *v. t.* ચુકાવવું; છટકાવવું.

Parse, *v. t.* વ્યાકરણ કરવું. [જુસ.

Parsimonious, *a.* બખીલ; કૃપણ; કં-

Parsimony, *n.* કૃપણપણું;કંજુસાઈ;બ-

Parsley, *n.* અજમોદ. [ખીલાઈ.

Parson, *n.* પાદરી.

Part, *n.* ભાગ; અંશ; હિસ્સો. 2 લગતું વળગતું; લેવા દેવા; અલાક; સંબંધ; હાત. *On the part of*, મારફતથી; તરફથી. 3 બાજુ; તરફ; પક્ષ. 4 સોંગ; વેશ (નાટકમા). 5 *v. t.* વેહેંચવું; વાટણી કરી આપવી. 6 ભાંજવું; તુકડા–કકડા કરવા. 7 છુટાં–જુદાં પાડવું. 8 *v. i.* ભાગવું; છુટું પડવું. 9 ચાલતાં થવું; જુદાં પડવું; રખશુદ લેવી. 10 –(with) જવાદેવું; છોડવું. [લેવો.

Partake, *v. i.* ભાગિયા થવું; ભાગ

Partaker, *n.* ભાગીદાર; સાથી; શરીક.

Parterre, *n.* ફુલબાગ; ચમન; ગુલિસ્તાન.

Partial, *a.* પક્ષપાતી; એક તરફી. 2 તરફદારીનું; પક્ષપાતનું-વાળું. 3 કંઈક; અધુરું; થોડુંક.

Partiality, *n.* પક્ષપાત; તરફદારી.

Participate, *v.i.* શરીક-સામેલ થવું. વેંહેચી લેવું; ભાગ પડવો.

Participial, *a.* (વ્યાકરણમાં) કૃદંત જેવું-રૂપ. 2 *n.* કૃદંત.

Particle, *n.* કણ; કણી; કરચ; કગરસ; લેશ. 2 અવ્યય (વ્યાકરણમાં).

Particular, *a.* વિશેષ; અસાધારણ. 2 ફલાણું; અમુક. 3 તપસીલવાર; સવિસ્તર. 4 *n.* ચોકસ બિના-વાત-બાબદ. [-બોલવું.

Particularize, *v.t.* તપસીલવાર કેહેવું

Particularly, *ad.* વિશેષ કરીને; ખસુસ; ખસુસન. 2 તપસીલવાર.

Parting, *n.* વિયોગ; વિરહ; જુદાઈ. 2*a.* જતી વખતનું;છુટાપડતીવેળાનું.

Partisan, *n.* ટોલી-પક્ષને વલગી રહેનાર; દામનગીર.

Partition, *n.* પડદો; આંતરો. 2 વાંટણી; વિભાગ; વેંહેચણ. 3 *v. t.* વાંટણી-વેંહેચણ કરવી; ભાગ પાડવા. 4 જુદા જુદા ખંડ-ભાગ કરવા; પડદો-આંતરો ભરવો.

Partly, *ad.* થોડુંક; કિંચિત; થોડુંઘણું.

Partner *n.* ભાગીદાર; પાતીદાર; ભાગીયો; પંતિયાલો; શરીક. 2 જન્મનો સોબતી-સાથી. (વરઅથવાબાયડી)

Partnership, *n.* ભાગિયાપણું; સહિયારું; મત્રિયારું. 2 ભાગીદારી; પંતિયાળું.

Partridge, *n.* તિત્તર; કપિંજલ.

Parts, *n.pl.* બુદ્ધિ; ગુણ. 2 મુલક; દેશ.

Parturition, *n.* પ્રસવ; ખલાસી; જનવું-વ્યાવું-હમેલથી છુટવું તે.

Party, *n.* ટોળી; મંડળી. 2 તડું; પક્ષ. 3 આસામી; શખ્સ. 4 બેઠક; ચાર લોકની મંડળી. 5 તુકડી (લશ્કરની). 6 સામેલ; મળતીઆ.

Party colored, *a.* ચિત્ર વિચિત્ર; તરેહવાર રંગનું; રંગ બેરંગી; પચરંગુ.

Partyman, *n.* તરફદારી વાળો.

Party wall, *n.* બે ઘર વચેની ભીંત.

Pass, *v. i.* જવું; ચાલ્યા જવું. 2 બદલાવું; ફેરવાઈ-બદલાઈ જવું. 3 ચાલવું; ચલણમાં હોવું. 4 પસંદ પડવું; ગમવું. 5 જવું; વીતવું; ગુજરવું. 6 થવું; બનવું. 7 મરવું; મરી જવું. 8 સરસ-પાસ-પસાર થવું. 9 *v. t.* પાર-પેલી કોરે-ઓળંગી જવું. 10 મૂકવું; મૂકી-છોડી દેવું. 11 કાઢવું; ગુજારવું. 12 પસાર કરવું. 13 રજુ-માન્ય કરવું. 14 બોલવું; ઉચ્ચારવું. 15 પાર ઉતારવું. 16 પોંહોંચાડવું; પોંહોંચતુ કરવું. 17 ચલાવવું; ખપાવવું. 18 મનપર લેવું. 19 પાસ-પસાર થવું. 20 *n.* રસ્તો; વાટ. 21 ઘાટ; ખિડ. 22 પરવાનો; મફત પસાર થવાની

ચિઠ્ઠી. 23 અવસ્થા; દશા. –(away–off–over) નિકળી–વહીજવું. –(on) આગળ ચાલવું–વધવું. –(by) પાસે થઈને–નજદીકથી જવું.

Passable, *a.* જેમાંથી જવાઈ શકાએ એવું; જવાય એવું; ગમ્ય. 2 કામ ચલાઉ; ચાલી શકે એવું.

Passage, *n.* રસ્તો; વાટ; માર્ગ. 2 આવાજવાની પરવાનગી. 3 ગલી; શેરી. 4 પુસ્તકનો ભાગ; વચન; શ્લોક; ફકરો. 5 સફર; મંજલ. 6 નુર; ભાડું. 7 બનાવ; બાબદ. 8 જવું–રસ્તો કાપવો તે.

Passenger, *n.* જનાર આવનાર; વટેમાર્ગુ; વાટશરૂ. 2 ઉતારૂ; મુસાફર.

Passing, *a.* & *ad.* નિહાયત; ઘણુંજ; બહુ.

Passion, *n.* મનનો જુસ્સો; જોશ; વિકાર. 2 ગુસ્સો; ક્રોધ; રીશ; ઝાંજ. 3 મોહ; લેહ; આસક્તિ. 4 ચરસ; છંદ; લખ; વ્યસન; લત; ઈશક.

Passionate, *a.* ગુસ્સાવાળું; તુંદ મિજાજી; તામસી. 2 હવસ–ચરસવાળું; દિલસોજ.

Passive, *a.* સોસનારૂં; ખમ્યા–સાંખ્યા કરનાર. 2 મૂગું મૂગું પડી રહે તેવું; રાંકડું; ગરીબડું.

Passport, *n.* પરવાનો; રસ્તાની ચિઠ્ઠી.

Past, *n.* ગુજરેલી વાત; ગુજરેલો વખત. 2 *a.* ગયું; ગુજસ્ત; ગુજરેલું; વીતી ગએલું. 3 *prep.* ઉપર.

Paste, *n.* લાહી; લહી. 2 *v. t.* લાહીથી વળગાવવું–ચોહ્ટાડવું.

Paste board, *n.* પુઠું; દોબીસ્તાન; દોપીસ્તો–સ્તુ. [2 તંગડી; ટાંગ.

Pastern, *n.* ઘોડાના પગનું કાંડું.

Pastil, *n.* અગરબત્તિ.

Pastime, *n.* ખેલ; ગમત; ક્રિડા; રમત.

Pastor, *n.* ભરવાડ. 2 ગોવાળીઓ. 3 ધર્મોપદેશક; આચાર્ય; ગુરૂ.

Pastoral, *a.* ભરવાડનું–ને લગતું; ગામડિયાસાઈ. 2 ગુરૂ–આચાર્યને લગતું.

Pastry, *n.* ઇંગ્રેજી મિઠાઈ (કેક વગેરે).

Pasturage, *n.* ચરાંગણ; ઘાસ ચારાની જગા; બીડ; ગૌચરણ.

Pasture, *n.* ચાર; ઘાસચારો. 2 *v. t.* ઘાસ ચારો નાખવો; ચરાવવું. 3 *v. i.* ચરવું.

Pat, *n.* થપડાક; ટપલી. 2 *a.* લાયક; યોગ્ય; ઠીક; દુરૂસ્ત. 3 *ad.* વખતસર; ખરે તાકડે–પ્રસંગે. 4 *v.t.* ધીમે હાથે થાબડવું–ઠોકવું.

Patch, *n.* થીગડું–ડું; કપ્પી. 2 ગાબડી; ગાબડું. 3 કકડો (જમીનનો). 4 *v. t.* થિગડું મારવું–મુકવું; કપ્પી મારવી.

Patchery, Patchwork, } *n.* આબડધોબડ કામ; ઢંગ ઢાલ–ડોળડાળ વિનાનું કામ. 2 જુદા જુદા આકારના કકડા એકેક સાથે સીવીને

તૈયાર કરેલો ઘાટ; ઘિંગલથાંગલ.
Pate, n. માથાનું ટાલકું; માથું. 2 ડાઈ ચ્યો.
Patent, n. સનદ; પરવાનો. 2 a. ઉઘાડું; સ્પષ્ટ; ખુલ્લું. 3 સનદી; સનદ મેળવેલું;
Patentee, n. સનદદાર; સનદી.
Paterfamilias, n. કુટુંબી; ઘરવાસી; બચ્ચાંછોકરાંવાળું; બચ્ચરવાલ. [જેવું.
Paternal, a. બાપનું; બાપીકું. 2 બાપ
Paternity, n. બાપપણું; પિતૃત્વભાવ.
Path, n. રસ્તો; વાટ; માર્ગ; રાહ.
Pathetic, a. દયા-કરૂણાલાવે એવું; અસરકારક; દિલમાં લાગી આવે એવું; મન પ્હલી-પીગળી જાય એવું.
Pathology, n. રોગ નિદાનશાસ્ત્ર; રોગનાં કારણો, ચિન્હ અને તેના ઉપાય જાણવાનું શાસ્ત્ર-વિદ્યા.
Pathos, n. કરૂણારસ; કરૂણા; દયા.
Patience, n. સહનશીલપણું. 2 સહન શક્તિ; ધીર; ધીરજ; સબૂરી; ખામોશ; બરદાસ્ત.
Patient, n. રોગી; વૈદનું ઘરાક. 2 a. ધિરજ-સબુરીવાળું. [ગઈ કરીને.
Patiently, ad. સબૂરીથી; ગમખાઈને;
Patriarch, n. મૂળ-આદિપુરૂષ; બુજુર્ગ; કુટુંબનો વડો; વડીલ; કુલપતિ.
Patrician, n. કુલીન પુરૂષ; ખાનદાની શખ્સ. 2 a. કુલીન; કુલવંત; મ્હોટી બુનીઆદ-ખાનદાનવાલું.
Patrimonial, a. વડીલો તરફથી ઉતરેલું; વારસામાં મળેલું. 2 મીરાસી; વતન સંબંધી.
Patrimony, n. વારસો; મીરાસ; વતનવાડી. [પુરૂષ; વતનદોસ્ત.
Patriot, n. સ્વદેશાભિમાની-હિતકારી
Patriotic, a. સ્વદેશાભિમાની; પોતાનાં દેશવિશેનો ટેક રાખનાર.
Patriotism, n. સ્વદેશપ્રીતિ-ભક્તિ.
Patrol, n. ધીસ; રોન; ચોકીદાર; રખો; તિલાયો. 2 v. i. ધીસ-રોન ફરવી.
Patron, n. પોશિંદો; મુરબ્બી; પાલનાર; પાલક. 2 ગુણ જાણનાર; કદરદાન.
Patronage, n. મુરબ્બીગિરી; સ્હાયો; હિમાયત; પનાહ; આશ્રય; આધાર; વશીલું; વગ. 2 કદરદાની.
Patronise, v. t. હાત ધરવો; માથે થવું; મુરબ્બીગિરી કરવી-લેવી; હિમાયત-દસ્તગીરી કરવી.
Patten, n. ખડા; લાકડાંની પાવડી.
Patter, v. i. વરસાદના છાંટા પડયાથી જેવો આવાજ થાયછે તેવો અવાજ થવો; છડછડ પડવું-થવું.
Pattern, n. નમૂનો; ફર્મો; તરેહ; માસલો; મૂળ વસ્તુ-પ્રત; અસલ; વાનગી.
Paucity, n. થોડાપણું; અલ્પતા; કોતાઈ.
Paunch, n. પેટ; ઉદર (જનાવરનું).
Pauper, n. ભિખારી; મિશકીન; મુફલિસ; ભૂખે મરતું. [ભૂખે મરતાપણું.
Pauperism, n. મુફલીસી; મીશકીની;
Pause, n. મહકુબી; વિરામ; વરાપ. 2 શક પડવાથી થયેલો અટકાવ;

આચકો; થોળ. 3 વિરામ; વિરામ ચિન્હ. 4 (ગાયનમાં) અવસાન. 5 *v. i.* અટકવું; થોભવું; થંભી જવું

Pave, *v. t.* ફરશબંદી–ચિરેબંદી કરવી. 2 રસ્તો મોકળો કરી આપવો.

Pavement, *n.* ફરશબંદી; ચિરેબંદી; [ફરશ.

Pavilion, *n.* તંબુ; ડેરો; માંડવો.

Paw, *n.* પંજો; ચુંગાલ.

Pawn, *n.* ઘરેણે મુકેલી વસ્તુ. 2 પ્યાદું (સેતરંજનું). 3 *v. t.* ઘરેણે મૂકવું–આપવું.

Pay, *v.* પગાર; મુસારો. 2 *v. t.* પગાર આપવો. 3 દેવું; વાળવું; ફેડવું. 4 વેર લેવું. [જોગું.

Payable, *a.* આપવા–પગાર કરવા

Pay day, *n.* પગાર વેંહેચવાનો દિવસ.

Payee, *n.* જેને પૈસા–દામ આપવાનું તે માણસ; હુંડીના નાણાં જેને ભરવાનાં તે ધણી.

Payment, *n.* ફેડવું–આપવું–દેવું તે. *In part payment*, પેટે; હિસાબે.

Pea, *n.* વટાણો; વટેણો.

Peace, *n.* સુલેહ; સલાહ. 2 ટાઢું; શાન્તિ. 3 સ્વસ્થપણું; સ્વસ્થતા; ચેન. 4 મુગાપણું; ચુપકીદી.

Peaceable, *a.* શાંત; ટાઢું; સ્વસ્થ.

Peaceful, *a.* શાંત; તંટા–ફિસાદ વગરનું. 2 ગરીબ; સાલસ.

Peaceably, *ad.* હળી મળીને; સલાહ [સંપજથી.

Peacock, *n.* મોર; તાઉસ.

Peahen, *n.* મોરની માદા; ઢેલ; મોરની.

Peak, *n.* ટોંક; અણી; ટોચ; શિખર.

Peal, *n.* મ્હોટો અવાજ; ધડાકો; તડાકે; કડાકો; રણકો. 2 *v. i.* કડાકો–ધડાકો થવો. 3 *v. t.* વગાડવું.

Pear, *n.* એક જાતનું ફળ (પેરજેવું).

Pearl, *n.* મોતી. 2 –(on the eye) મોતીઓ. *Mother of Pearl*, મોતીની શીપ. [દરીયામાં જગા.

Pearl Fishery, *n.* મોતી કાહાડવાની

Pearly, *a.* મોતીનું. 2 મોતીજેવું.

Peasant, *n.* ખેડુત; દેહેકાની [આમો.

Peasantry, *n.* ખેડુત લોક; ગામડી-

Pease, *n. pl.* વટાણા; વટેણા. [ગડો.

Pebble, *n.* ગોળ કાંકરો–પથરી; ગાં-

Peck, *v. t.* ચાંચ મારવી. 2 ચાંચે ટોચી–ઠુપી ખાડા પાડવો. 3 ચાંચે વિણી વિણીને ખાવું.

Pectoral, *n.* કફ–બલખા–બલગમ તોડવાનું–દમનું ઔષધ; કફશિકન. 2 *a.* છાતીને લગતું. [ચોરી.

Peculation, *n.* ઉચાપત; તના–હરામ

Peculiar, *a.* પોતાનું; ખાસગત. 2 વિશેષ; અસાધારણ. 3 તરેહવાર; વિલક્ષણ. [ધર્મ–ગુણ–લક્ષણ.

Peculiarity, *n.* ખાસપણું. 2 વિશેષ

Pecuniary, *a.* પૈસાનું; દ્રવ્યને લગતું.

Pedagogue, *n.* મેહેતાજી; પંતુજી; શિક્ષક.

Pedant, } *a.* વિદ્યાનું ડાળ ઘાલનાર.
Pedantic, }

Pedantry, *n.* પાંડિત્ય-વિદ્યાનું ડોળ.
Peddler, *n.* ફેરિયો; ફેરી ફરીને માલ વેચનાર.
Pedestal, *n.* થાંભલા અથવા હરકોઈ ચીજની બેઠક-તળિયું-પાયો; પડથી.
Pedestrial, *n.* પગને લગતું. [દલ.
Pedestrian, *n.* & *a.* પગે ચાલનારું; પે-
Pedicle, *n.* ફુલની દાંડી-ડિચકું.
Pedigree, *n.* વંશ; નસલ; બેખ બુનિયાદ; પેહેડી. 2 વંશાવળી. 3 વંશ ચરિત્ર; નસલનામું.
Pedlar, *n.* ફેરિયો; ફેરી ફરનાર.
Pedlary, *n.* ફેરિઆનો સામાન.
Peel, *a.* છાલ; બારીક પડ; છોડું. 2 ચાટવો; લાકડાંનો તવાથો. 3 *v. i.* છોલાવું; છાલ ઉખડવી. 4 *v. t.* છાલ છોલવી. 5 લૂટવું.
Peep, *v. i.* દેખાવા માંડવું. 2 મરઘીનાં બચ્ચાંની પેઠે બોલવું. 3 ચિમાઇને-ડાકવી-હરસે જોવું; ડાકીયું કરવું.
Peep hole, Peeping-hole, *n.* ચિમાઇને જોવાય એવી ફાટ-કાણું.
Peer, *n.* બરોબરીનું-એક દરજ્જેનું માણસ; બરોબરિયો. 2 સોબતી. 3 અમીર; ઉમરાવ. 4 *v. i.* દેખાવું; નજરે પડવું. 5 ડાકિયાં કરવાં.
Peerage, *n.* અમીરની પદવી. 2 અમીર ઉમરાવોની સભા-મંડળી.
Peerless, *a.* અતુલ્ય; અનુપમ; બેનજીર; બેનમૂન; લાસાની.
Peevish, *a.* કટકટિયું; ચીડકું; પાજી; બળીએલ; જરાજરામાં રહીડી જાય એવું; દાધાબાળું; તુંદ મિઝાજ.
Peevishness, *n.* દાધાબળિયાપણું; રહીડીયાપણું.
Peg, *n.* મેખ; ખુંટી.
Pelf, *n.* દોલત. 2 હરામનો પૈસો.
Pelican, *n.* બગલાંની જાતનું એક પક્ષી.
Pellet, *n.* ગોળી; ન્હાનો ગોળો; ગોટી.
Pellet bow, *n.* ગુલેલ; ગલોલ.
Pellicle, *n.* પાતળી પોપડી-ચામડી-પડ-ઝિલી. 2 છારી.
Pellitory, *n.* અકલગરો.
Pellmel, *ad.* ભેલસેલ; ભેલંભેલા-ભીડંભીડા-ગર્દી કરી નાખીને.
Pellucid, *a.* સ્વચ્છ; નિર્મળ; નિતર્યું.
Pelt, *n.* ચામડું; ખોળ; ખાલ. 2 છુટો હાથ-માર; ટોલ્લો. 3 *v. t.* ફેંકીને મારવું; છુટ્ટું મારવું.
Pelvis, *n.* પિડુ; પેડું; ઓટી આગળનો પેટનો ભાગ; પેટની એડલનો ભાગ.
Pen, *n.* કલમ; લેખણ. 2 પાંજરું; ડવું. 3 *v. t.* લખવું. 4 પાંજરામાં-ડવાંમાં ગોંધી રાખવું.
Penal, *a.* દંડસંબંધી; દંડને લગતું; ફોજદારી. 2 દંડ લાયક; દંડવાજોગ.
Penalty, *n.* શિક્ષા; શાસન. 2 ગુન્હેગારી; દંડ. [જેસ.
Penance, *n.* તપ; પ્રાયશ્ચિત; તો-
Penates, *n.* આરાધ્યદેવતા; ઇટાલિયનલોકના ઘરના દેવતા; કુલસ્વામી.

Pence, n. (pl. of Penny) પૈસા; ફદિઆં.
Penchant, n. ચેટક; ચટ; ઇચ્છા; લખ.
Pencil, n. ચિતારાની પિંછી; કુચી; કુચડો. 2 પેન્સિલ; સીસાપેન. [ચીજ.
Pendant, n. લોલક; ઝુલતી શોભાદાર
Pending, a. વગર ચુકાદો થએ પડી-મુલતવી રહેલું; તહકુબ રહેલું; ચાલતું; ચાલુ. 2 *prep.* ચાલેત્યાંસુધી.
Pendulous, a. ઝુલતું; લટકતું; અધર.
Pendulum, n. ઘડીઆલનું લોલક.
Penetrable, a. અંદર દાખલ-પેવસ થઇ શકે એવું; વેધ્ય; પ્રવેશ્યક; ભેદ્ય.
Penetrate, v. t. અંદર દાખલ-પેવસ કરવું; ઓસવું; ભોકવું. 2 સમજવું. 3 v. i. દાખલ થવું; ઘુસવું; પેસવું.
Penetration, n. પેવસ થવું તે; પ્રવેશન. 2 કુશાગ્ર-તીક્ષ્ણ બુદ્ધિ; ઊંડી બારીક અકલ.
Peninsula, n. દ્વીપકલ્પ; દ્વીપ.
Peninsular, a. દ્વીપકલ્પસંબંધી. 2 દ્વીપકલ્પ જેવું. 3 દ્વીપકલ્પમાં રેહેનાર.
Penis, n. લોડો; કદ્દુ; લંડ. [બો.
Penitence, n. પશ્ચાતાપ; પસ્તાવો; તો-
Penitent, a. & n. પશેમાન; નઠારાં કામનો જેને ખેદ-પશ્ચાતાપ થાયછે તે.
Penitentiary, n. પશ્ચાતાપ કરવાનું ઘર-મઠ; પ્રાયશ્ચિત શાળા. 2 a. પ્રાયશ્ચિત કરાવનાર.
Penknife, n. છરી; ચાકુ; ચપુ.
Penman, n. ખુશનવીસ; ખુશ અક્ષર લખનાર.

56

Penmanship, n. લખવાનો કસબ. 2 ખુશખત; સુંદરઅક્ષર; કલમસફાઇ.
Pennant, n. નિશાન; વાવટો; ધજા.
Pennated, a. પાંખવાળું; પાંદડીવાળું.
Penniless, a. નિર્ધન; ગરીબ; કડક; મુફલિસ; મુહતાજ.
Pennon, n. See Pennant.
Penny, n. બે ફદિયાંની કિમ્મતનો એક ઈંગ્રેજી સિક્કો. 2 પૈસા ટકા.
Penny wise, n. નાહાની બાબદમાં પણ કોડીકોડીની કરકસર કરે એવું.
Penny wise and Pound foolish, મોભ બાળીને ગીલી બનાવનાર.
Pension, n. બેઠો પગાર; પેન્શન. 2 v. t. બેઠો પગાર આપવો; પેન્શન આપવી.
Pensioner n. પેનશનવાલું-દાર; બેઠો પગાર ખાનાર. [ફિકરમંદ.
Pensive, a. ઉદાસ; ચિંતા ભરેલું-તુર;
Pensively, ad. ઉદાસ-દિલગીર થઇને; ફિકરમંદીથી. [-વાજીત્ર.
Pentachord, n. પાંચ તારનો સિતાર
Pentagon, n. પંચકોણ; પાંચ ખુણાની આકૃતિ; મુખમ્મસ. [(ફુલ).
Pentapetalous, a. પાંચ પાંદડીવાળું
Pent house, n. પડવી; પડાળી; ઘરની દેવાલ ઉપરથી બાહેર નિકળેલા છાપરાંનો ઢળતો ભાગ.
Pent roof, n. એક ઢાળી-એક પડાળનું છાપરું.

60

Penult, *n.*
Penultina, *n.*
Penultimate, *a.* } છેડેના વર્ણની આગળનો વર્ણ; ઉપાંત્ય; છેલ્લા અક્ષરની પ્રથમ જે અક્ષર આવેલો હોય તે.
Penurious, *a.* કંજુસ; સુંમ; કૃપણ.
Penury, *n.* કંગાલિયત; હડહડતું દળદર.
Peon, *n.* ચપરાસી; પટાવાળો; સિપાઈ.
People, *n.* લોક; પ્રજા. 2 જન લોક; ખલક. 3 કોમ; ફિરકો. 4 આમ-સાધારણ લોક. 5 *v. t.* વસ્તી કરાવવી; વસ્તું કરવું; વસાવવું.
Pepper, *n.* મરી. 2 મરચું. 3 પીપર. 4 *v. t.* મરી છાંટવાં; મરી-મરચાં ભભરાવવાં. 5 ગોળી મારીમારીને ઝીણાઝીણાં આંધરાં પાડવાં. 6 ઝટકા-ફટકા લગાવીને ઉઝેડા પાડવા.
Pepper box, *n.* મરીદાની.
Peppermint, *n.* પેપરમિંટ. [મીઓત.
Peptic, *a.* પાચક; જેરવે એવું; હજ-
Per, *prep.* દર, જેમકે *per* month, દર મહીને. 2 સાથે. જેમકે *per* the bearer લાવનારસાથે. 3 દીઠ, જેમકે *per* man, આદમી દીઠ. [તા; રખે; મબાદા.
Peradventure, *ad.* કદાચિત; અજાણ-
Perambulate, *v. t.* ફરી વળવું; ફેરી મારવી; સેલ કરવી.
Perambulator, *n.* જગાનું અંતર માપવાનું યંત્ર. 2 ન્હાનાં છોકરાંઓને બેસાડી ફેરવવાની હલકી ગાડી જે પાછળથી હડસેલીને ચલાવવામાં આવેછે.

Perceivable, *a.* ઇંદ્રિઓની મારફતથી સમજી શકાવા જોગું; ઇંદ્રિયગોચર.
Perceive, *v. t.* ઇંદ્રિઓથી જાણવું-સમજવું-જોવું-લાગવું-માલમ પડવું.
Perceived, *a.* ઇંદ્રિઓથી સમજમાં ઉતરેલું. 2 જણાએલું; માલુમ પડેલું.
Percent, }
Percentage, } *n.* સેંકડે-દરસોની ઉપર કેટલું તે; સેંકડે દસ્તુરી-દલાલી.
Perceptible, *a.* See Perceivable.
Perception, *n.* ઈંદ્રિથી સમજવું-જાણવું-જણાવું-દેખવું તે; ભાસ. 2 જ્ઞાન શક્તિ; સમજ; વકુફ.
Perceptive, *a.* જેનામાં સમજવાની શક્તિ હોય એવું.
Perch, *n.* પાંજરાંમાં પક્ષીને બેસવાની આડી લાકડી; સળી; ગજ. 2 *v. t.* બેસાડવું. 3 *v. i.* પક્ષીની પેઠે બેસવું. [શાયદ; મગર.
Perchance, *ad.* કદાચિત; મબાદા;
Percipient, *a.* સચેતન; સમજવાની શક્તિવાળું-ધરાવતું; સમજુ.
Percolate, *v. i.* ગળવું; નિપરાવું; નિતરવું; પજરવું; ઝરવું; ઝરફવું.
Percussion, *n.* આઘાત; ટક્કર; ઠોકર; અફડાવું-અથડાવું તે. *Percussion cap*, બંદુકની ટોટી.
Perdition, *n.* નાશ; સત્યાનાશ; નખોદ. 2 દોજખ-જેહાનમમાં જવું; નર્કવાસ.
Peregrination, *n.* પ્રવાસ; દેશાટન; મુશાફરી; ભ્રમણ; પર્યટન.

Peremptorily, *ad.* તાબડતોબ; તાકીદથી; એકદમ; બાસુખા.
Peremptory, *ad.* તાકીદી ભરેલું; જે ફરમાવ્યું હોય તે માન્યા વગર ચાલેજ નહીં–માનવુંજ પડે એવું; ખુલું.
Perennial, *n.* (*Bot.*) બે વરસ કરતાં વધારે દાહાડા જીવે–ટકી શકે એવી વનસ્પતિ–છોડ. 2 *a.* બારેમાસનું. 3 કાએમ; હમેશાનું.
Perfect, *a.* પૂરતું; પૂરું; પૂર્ણ. 2 ખોડ ખાંપણવિનાનું; બેએબ. 3 પાકું; આખું. 4 બધીવાતે સારું–સંપૂર્ણ. 5 *v. t.* કશી વાતની ખોડખાંપણ ન રહે એવું કરવું; પૂરું–સંપૂર્ણ કરવું.
Perfection, *n.* પરિપૂર્ણતા; સંપૂર્ણસ્થિતિ. 2 ખૂબી; સદગુણ.
Perfectly, *ad.* પુરતી રીતે; સારી પેઠે.
Perfidious, *a.* વિશ્વાસઘાતી; ખોટું; કુડું; દગાખોર–ભરેલું. [મકહરામી.
Perfidy, *n.* વિશ્વાસઘાત; દગો; નિ-
Perforate, *v. t.* વિંધવું; ભોક–છિદ્ર–કાણું–બાકું પાડવું; વેહસારવો–પાડવો; કોચવું.
Perforation, *n.* વિંધવું તે. 2 ભોક; વેહ.
Perforce, *ad.* બલાત્કારે; જોરજુલમથી
Perform, *v. t.* કરવું; પૂરું કરવું. 2 બજાવવું. 3 *v. i.* ગાવું; વગાડવું; સોંગ લેવો–લાવવો; વેશ ભજવવો.
Performance, *n.* કરવું તે. 2 કામ; કર્મ; કૃતિ. 3 નાટકમાં સોંગ લેવા તે. 4 વજાડવું–ગાવું તે.
Performer, *n.* કરનાર; કર્તા. 2 સોંગ લેનાર; વેશ ભજવનાર.
Perfume, *n.* સુગંધ; પમરાઠ; ખુશાબો. 2 ખુશબોઈ; સુગંધવાળો પદાર્થ. 3 *v. t.* સુગંધ–ખુશબોઈ લગાડવી–ભરવી–છાંટવી; ખુશબોદાર કરવું. [વેચનાર; સરઇઓ; સૌરેયો.
Perfumer, *n.* અત્તારી; ખુશબોઇ
Perfumery, *n.* સુગંધીપદાર્થો–જિનસ.
Perfunctorily, *ad.* બેદરકારીથી; ચાલચલાઉ; ચાલ ઢકેલે. [દાપી; કદાચ.
Perhaps, *ad.* કદાચિત; કોણજાણે; ક-
Peril, *n.* ભય; જોખમ; ધોકો. [યંકર.
Perilous, *a.* ભયનું; જોખમ ભરેલું; ભ-
Period, *n.* મુદ્દત; વાયદો; વખત. 2 અવધી; અંત; આખેરી. 3 ફેરી; ફેરો. 4 જમાનો; હીંગામ. 5 પૂર્ણ–પુરું–આખું વાક્ય.
Periodical, *a.* ચોકસ–ઠરાવેલ વખતે થતું–બનતું; નિયમિત કાલનું. 2 *n.* ચોકસ મુદતે છપાઈ બાહાર પડતું ચોપાનું.
Periphery, *n.* ઘેરો; ઘેરાવો; પરિધિ.
Periphrase, Periphrasis, *n.* & *v. t.* ઘેરો–ફેરાવો લઈને–લાંબુ બયાન કરીને બોલવું–સમજાવવું.
Perish, *v. i.* મરવું; જીવ જવો. 2 નાશ પામવું; નાબુદ–ફના–નેસ્ત નાબુદ થવું. 3 નર્ક–દોજખમાં જવું–પડવું.

Perishable, *a.* નાશવંત; વિનાશી; ફાની; નાપાએદાર; ફના ફઝીર. 2 જલદીથી નાશ પામવા જોગ.

Perjure, *v. t.* ખોટા સોગંદ ખાવા; સોગન લઈ ખોટી શાહેદી પુરવી.

Perjury, *n.* ખોટા સોગંદ–કસમ. 2 ખોટા કસમ ખાવાનો અપરાધ.

Park, *v. i.* નખરાં કરવાં; લટકો ક-કરવો; અક્કડવું.

Permanent, *a.* }
Permanently, *ad.* } જાથુક; કાએમ; હમેશાનું; પાએદાર; જાથુ નિભે એવું; સ્થાયી.

Permeate, *v. i.* કોઈ ચીજના છિદ્રોની માહે થઈને પાર જવું–નિકળવું.

Permissible, *a.* રવા; હલાલ.

Permission, *n.* રૂખસત; રજા; હુકમ; પરવાનગી; છૂટ; આજ્ઞા.

Permit, *n.* પરવાનો; રજાચિઠ્ઠી. 2 *v.t.* પરવાનગી–રજા–છૂટ આપવી; કબુલ કરવું; રવા રાખવું.

Permutation, *n.* તબદીલ; અદલાબદલી; આવજો માવજો.

Pernicious, *a.* અપકારક; દુષ્ટ; ખ-[રાબ.

Peroration, *n.* ભાષણની આખરે તેનો જે સારાંસ આપ્યો હોય તે.

Perpendicular, *a.* સરળ–સીધું ઉભું; લંબ; કાટખુણાવાળું.

Perpendicularly, *ad.* સરળ;સીધું;ઉભું.

Perpetrate, *v. t.* }
Perpetration, *n.* } કરવું (અપરાધ, બુરાઈ વગેરે ખરાબ–ઘોર કર્મ).

Perpetual, *a.* }
Perpetually, *ad* } નિરંતર; જાથુકનું; હંમેશાનું; નિત્ય; સર્વકાળ; અનંત; જાવેદાન; સંતત.

Perpetuate, *v. t.* જાથુક–જાવેદાન–હંમેશા ચાલે–કાયમ રેહે તેમ કરવું.

Perpetuity, *n.* હંમેશાગી; નિત્યતા.

Perplex, *v. t.* ગુંચવવું. 2 ગભરાટ–ગુંચવારામાં નાખવું; ઘભરાવવું; અકળાવવું; હેરાન કરવું.

Perplexity, *n.* ઘભરાટ; મુંજવણ; ગુંચવારો; પરેશાની; સરગરદાની.

Perquisite, *n.* દસ્તુરી; હકસાઈ; સુખડી; લવાજમ; બાલાઈયાફત.

Persecute, *v. t.* સતાવવું; હલાક કરવું; ઈજા–દુઃખ દેવું. 2 પછવાડે લાગવું–મંડવું; કેડો લેવો; પૂઠ ધરવી.

Persecution, *n.* હલાકી; ઈજા; દુઃખ; તસ્દી; સતાવણી; જફા; સિતમ.

Persecutor, *n.* પાછલ લાગનાર–મંડનાર. 2 સતાવનાર; હલાક કરનાર; જફાકાર; સિતમગર; જાલિમ.

Perseverance, *n.* પ્રયત્ન; કામ પાછળ ખંત; જારી–ચાલુ રાખેલો ઉદ્યોગ; ખંતીલાપણું; સાબિત કદમિ.

Persevere, *v. i.* મજબુત વળગી–ધરી–પકડી રેહેવું; ખંત રાખવી; પાછળ લાગવું.

Persevering, *a.* આગ્રહી; હાત ધરેલું કામ છોડી–મૂકી નહીં દીએ એવું; ખંતીલું; ચિવ્વડ; સાબિત કદમ.

Persian wheel, *n.* રેંહેંટ; રાહટ. [રવી.
Persist, *v. i.* બરુજીદ થવું; બોંહોંસ ક-
Person, *n.* માણસ; મનુષ્ય. 2 અંગ; શરીર; દેહ. 3 રૂપ; આકાર; સ્વરૂપ; અંદામ. 4 સોંગ; વેશ; નકલ. 5 (વ્યાકરણમાં) પુરૂષ. *In person,* જાતે; પોતે; પંડે.
Personage, *n.* સંભાવિત મનુષ્ય; શ્રેષ્ટ-માહાજન. 2 રૂપ; આકાર. 3 સોંગ; વેશ.
Personal, *a.* મનુષ્યજાતીનું. 2 ખાસ; ખાસગત; ખાસગી; ખુદ. 3 અંગ-નું; શરીરનું; જાતી. 4 પુરૂષવાચક.
Personality, *n.* વ્યક્તિ; પોતાપણું; આપોપું. 2 તારી મારી ઉપર આ-વવું તે; એકબીજાપર ઉતરી પડવું—એકમેકની ખાનગી વાત કાહાડવી તે.
Personally, *ad.* ખુદ; પોતે; જાતે.
Personate, *v. t.* હું ફલાનો શખ્સ છું એવો ખોટો દેખાવ કરવો—લેબાસ લેવો.
Personification, *n.* } નિર્જીવ વસ્તુને
Personify, *v. t.* } જીવતાં માણ-સનાં જેવાં રૂપ—લક્ષણ આપવાં.
Perspective, *n.* દુર્બીન. 2 હુબેહુબ ચિત્ર કાઢવા—પાડવાની વિદ્યા.
Perspicacious, *a.* તીક્ષ્ણ દૃષ્ટિ; કુ-શાગ્ર બુદ્ધિ; તેજ નજર; તેજ ફહમ.
Perspicuity, *n.* સુજ્ઞેયતા; સુવ્યક્તતા; સેહેજમાં અને જલદીથી સામા ધ-ણીને સમજ પડી જાએ એવી રી-તનું જે બોલવું—લખવું તે; સરળતા.
Perspicuous, *a.* સ્પષ્ટ; સાફ; સરળ.
Perspiration, *n.* પસીનો; પરસેવો. સ્વેદ; ઝરાં.
Perspire, *v. i.* પસીનો પડવો; પર-સેવો છૂટવો; ઝરાં પડવાં—છૂટવાં.
Persuade, *v. t.* સમજાવવું; સમજે એમ કરવું. 2 મન ફેરવવું; મનાવવું.
Persuation, *n.* સમજાવવું તે. 2 સ-મજણ; એતેકાદ. 3 મન મનાવવુ તે; મન મનાવણી. 4 મત; વિચાર; માર્ગ; પંથ; સંપ્રદાય.
Persuasive, *a.* સમજુત—ખાતરી કરે એવું. 2 મન વળાવે એવું.
Pert, *a.* ચપળ; ચાલાક. 2 તોછડું; ગુસ્તાખ; શોખ; બેઅદબ; ઉદ્ધત.
Pertain, *v. i.* See Belong.
Pertinacious, *a.* હઠખોર; હુજતી; બોંહોંસીલું; જિદ. 2 See Persevering.
Pertinacity, *n.* હઠ; દુરાગ્રહ; બોંહોંસ.
Pertinence, *n.* હાથમાં લીધેલી બા-બદનેલાએકનોવખત; પ્રસંગયોગ્યતા.
Pertinent, *a.* પ્રસંગોચિત; પ્રાસંગિક; મતલબ—કામસર; માફુલ; મુનાસિબ.
Pertness, *n.* ચાલાકી; ચપળતા. 2 તોછડાઈ; અમર્યાદા.
Perturbation, *n.* સંતાપ; તળમળ; ઉદ્વેગ; બેકરારી; પેચતાબ.
Perusal, *n.* વાંચવું તે; વાચન; અ-ધ્યયન. [નમાં ઉતારવું.
Peruse, *v. t.* વાંચવું; વાંચીને મ-

Pervade, *v. t.* See Permeate. 2 વ્યાપી–ફેલાઈ–પથરાઈ–પસરી જવું.
Perverse, *a.* હુજતી; અંટાલ; મમતી; જાહેલ. 2 સામા ધણીને પજવવાના સ્વભાવવાળું. [હેલી; અંટાલી.
Perverseness, *n.* જીદ; હુજત; જા-
Perversion, *n.* } ફેરવવું; ઉલટાવવું;
Pervert, *v. t.* } અવળું કરવું. 2 બગાડવું; ભ્રષ્ટ કરવું; ખરાબ રસ્તે લગાડવું; ગુમરાહ કરવું; બુદ્ધિ–મતિ ફેરવી નાખવી. 3 ખોટો–અવળો–ઉંધો અર્થ કરવો.
Pervious, *a.* ભેદ્ય;પ્રવેશ્ય;જેમાંથી પેવસ થઇ અથવા ગળાઈ શકાય એવું.
Pest, *n.* મરકી; રોગ. 2 વ્યાધિ; કારાળ; પીડા; આફત; આજાર; અજીયત.
Pester, *v. t.* છેડવું; ઇજા–દુઃખ દેવું; હેરાન–બેજાર કરવું; પજવવું.
Pestiferous, *a.* મરકી ઉત્પન કરે એવું; રોગિષ્ટ; રોગકારી. 2 દુઃખદાયી; અપકારક; ઇજા–નુકસાન કરનાર. 3 બગાડે–નીતિ ભ્રષ્ટ કરે એવું; દુષ્ટ.
Pestilence, *n.* મરકી; જીવ જોખમાવે એવું કોઈભી દરદ; રોગ. 2 પાપ; સલો; પીડા; ઉપાધિ.
Pestilential, *a.* See Pestiferous.
Pestle, *n.* દસ્તો; બતો; મુસલું; નિસાતરો. *Pestle & mortar,* ખલબત્તો; હમામ દસ્તો; ખાંડણી પરાય.
Pet, *n.* સેહજ સાજ જે માઠું લાગવું તે; વચકો; ખફગી. 2 લાડકું; અણીજ; લાડકવાયું. 3 *v. t.* લાડ કરાવવો–લડાવવો. 4 *a.* લાડકું; લાડકડું.
Petal, *n.* પાતરી; પાંખડી (ફુલની.)
Petition, *n.* અરજી; વિનંતી; અરજ. 2 *v. t.* અરજ–અરજી કરવી–ગુજારવી.
Petitioner, *n.* અરજદાર; દાદખાહ.
Petrifaction, *n.* સીલાજીત; પથર થવો–બંધાવો તે. 2 પથર થયલો પદાર્થ.
Petrify, *v. t.* પથર કરવો. 2 કઠણ–કઠોર કરવું. 3 ગભરાવી–હેબતાવી નાખવું. 4 *v. i.* પથર થવો–બંધાવો.
Petticoat, *n.* ઘાઘરો; ચણિઓ.
Pettifogger, *n.* હલકા–નજીવા કજીયા ચલાવનાર ટોપચી વકીલ.
Pettish, *a.* વચકાખોર. See Peevish.
Petty, *a.* ન્હાનું. 2 હલકું; નજીવું.
Petulance, *n.* ઝાંઝ. See Peevishness. [સ્તાખ; ઝાઉસ; ઝનૂની.
Petulant, *a.* ચિરડઉ; ચિડખોર; ગુ-
Pewter, *n.* જસદ–ત. 2 *a.* જસદનું.
Phaeton, *n.* ફેટન; એક પ્રકારની ગાડી.
Phalanx, *n.* સેનાવ્યૂહ; ફોજની એક પ્રકારની રચના.
Phantom, *n.* ભાસ; આભાસ; ઓળો; છાંયો; ઝંખના. 2 ભૂત.
Pharmacopæia, *n.* જુદી જુદી જાતનાં ઓસડો કેવી રીતે તૈયાર કરવાં તથા તેઓને કેમ અને કેવી રીતે વાપરવાં તે બાબતનો ગ્રંથ.

Pharmacy, *n* દવાસાજી; જુદીજુદીજાતનાં ઓસડ તૈયાર કરવાની કળા–કામ
Phase, } *n.* ચંદ્ર અથવા કોઈ બીજા
Phasis, } ગ્રહનો પ્રકાશિત ભાગ; કળા.
Phenix, *n.* એક કલ્પિત પક્ષી.
Phenomenon, *n.* દૃષ્ટિવિષય; નજરે દેખાયલી વાત. 2 ચમત્કાર.
Phial, *n.* શીશી; કુપ્પી; ન્હાની બાટલી.
Philanthropic, *a.* લોકોપકારી; પરોપકારી; પરગજુ; પરદુઃખ ભંજન; દીનબંધુ.
Philanthropist, *n.* જગમિત્ર; આદમ–ઈનસાન–મરદુમ દોસ્ત.
Philanthropy, *n.* પરોપકાર બુદ્ધિ.
Philparmonic, *a.* ગાયન ઉપર પ્રીતિ રાખનાર.
Philippic, *n.* ઠપકાનું ભાષણ; હજવ.
Philological, *a.* શબ્દ–ભાષા શાસ્ત્ર સંબંધી.
Philologist, *n.* જેને ભાષાની સર્વ પ્રકારની માહિતગારી છે તે; શબ્દ–ભાષાશાસ્ત્રજ્ઞ; શબ્દ શાસ્ત્રવેત્તા.
Philology, *n.* ભાષાવિશેનીસર્વપ્રકારની માહિતગારી; ભાષા શાસ્ત્રજ્ઞાન.
Philosopher, *n.* તત્વજ્ઞાની; તત્વશોધક; પદાર્થવિજ્ઞાની; ફિલસુફ; મહાજ્ઞાની.
Philosopher's stone, *n.* પારસમણી.
Philosophic, } *a.* તત્વજ્ઞાની વિષ-
Philosophical, } યક–સંબંધી; ફિલસુફીનું.
Philosophize, *v. i.* ફિલસુફ–તત્વજ્ઞાનીની પેઠે વિચાર કરવા; પદાર્થોની ખાસીયતો સોધી કાહાડવી.
Philosophy, *n.* તત્વજ્ઞાન–શાસ્ત્ર; વિજ્ઞાન; ફિલસુફી. *Logical philosophy,* ન્યાયશાસ્ત્ર. *Moral philosophy,* નીતિશાસ્ત્ર. *Natural philosophy,* પદાર્થ વિજ્ઞાન શાસ્ત્ર.
Philter, *n.* મોહોબતનો જુસ્સો ઉસકેરવાને માટે આપેલો પીવાનો કંઈ પદાર્થ અથવા કામે લગાડેલો ટુચકો; કામણ; મોહની; વશીકરણ.
Phlebotomy, *n.* ફસ ખોલવી–સંગરા મુકવી તે.
Phlegm, *n.* કફ; બળખો; બળગમ; સલેખમા. 2 સુસ્તી; બેદિલી; ઠંડાઈ.
Phlegmatic, *a.* કફ–બળગમસંબંધી. 2 કફકારક; કફ ઉત્પન્ન કરે એવું. 3 જેમાં કફ–બળગમ ઘણો હોયતેવું. 4 ઠંડું; સુસ્ત; જડ; મંદ.
Phonics, *n.* અવાજનીવિદ્યા; ધ્વનિશાસ્ત્ર–વિદ્યા.
Phosphorus, *n.* (રસાયનશાસ્ત્રમાં) ફાસફરસ નામનું એક તત્વ.
Photography, *n.* સુરજના કીરણથી છબી પાડવાનો હુનર–કળા–ધંધો.
Phrase, *n.* વાક્ય; ચેહરટ; ફાંકડું; ફાકું. 2 કેહેવત; રૂઢી. 3 બોલવા–લખવાની ઢબ; ઈબારત; ઈશતલાહ. 4 *v. t.* કેહેવું; બોલવું.
Phraseology, *n.* બોલવા લખવાની ઢબ–ઢબ; ઈબારત.

Phrenitis, *n.* સનેપાતની તાપ; સન્નિપાતજ્વર.
Phrensy, *n.* ઝનુન; ઉન્માદ.
Phthisis *n.* ક્ષયરોગ; ખઈનો મરજ.
Physic, *n.* વૈદક; વૈદું. 2 ઓસડ; દવા. 3 જુલાબ; પેટ આવવાનું ઓસડ; રેચ.
Physical, *a.* સિદ્ધપદાર્થ વિજ્ઞાનસંબંધી. 2 ઓસડ-દવા સંબંધી. 3 શરીર અંગ સંબંધી; દેહિક; શારીર. 4 ઈંદ્રિઓથી જણાય એવું.
Physician, *n.* વૈદ્ય; તબીબ; હકીમ.
Physics, *n.* સિદ્ધપદાર્થ વિજ્ઞાન.
Physiognomy, *n.* કોઢું; મ્હોડું; ચેહેરો. 2 મુખસામુદ્રિક; મોહોડાં ઉપરથી-મોહોડું જોઇને મનની ખાસિયત-સ્વભાવ જાણવા-પારખવાની વિદ્યા.
Physiological, *a.* પ્રાણી તથા વનસ્પતિના ગુણ અને ધર્મ જાણવાની વિદ્યાને લગતું; પ્રાણિ ધર્મ ગુણવિદ્યા સંબંધી-વિષયક.
Physiology, *n.* પ્રાણી તથા વનસ્પતિની સઘલી ઈંદ્રિયો તથા તેમના ધર્મોનું વર્ણન કરનાર શાસ્ત્ર; પ્રાણિ ગુણ ધર્મશાસ્ત્ર.
Physique, *n.* શરીરનું બંધારણ.
Piazza, *n.* મંડપ પથ; મંડપનો રસ્તો; માંડવો હોય તેવી વાટ; સાએબાન; ઉપરથી છાજ કરી લીધેલો હોએ એવો રસ્તો.
Pick, *v. t.* તોડવું (ફુલ, ફળ). 2 ટૂપવું. 3 ચાંચ મારવી. 4 કોચવું; 5 ઉઘાડવું. 6 ચુંટવું; વિણવું. 7 સાફ કરવું; ઓતરવું (દાંત). 8 ઝડપથી ઉપાડી લેવુ (ખિસામાંથી.)
Pickaxe, *n.* પિકાઉ; કોહાડી; કોદાલો; ચાંચવો; તીકમ.
Picket, *n.* મેખ; ખીલી; ખુંટી.
Pickle, *n.* અચાર; આંથણું; અથાણું. 2 નિમક મેળેલું-ખારૂં પાણી; ખારવણી. 3 *v. t.* આંથણું ભરવું; આથવું. [આંકડી-સળી.
Picklock, *n.* તાળું-કળ ઉઘાડવાની
Picknick, } *n.* ઉજાણી; મોજને ખાતર કીધેલી સેલગાહ;
Picnic, } સાથે ભાતીયું બાંધી લઇ, તાડ, ખજુરાંમાં, અથવા એકાંત ઝાડપાનની જગામાં જઈ ખાવા પીવાની મોજ; વનભોજન.
Pick pocket, *n.* ગજવા-ખીસા કાતરૂ-ચોર; ગંઠીઓ. [રણી.
Pick tooth, *n.* દાંત કોતરણી-ઓત-
Pictorial, *a.* સચિત્ર; ચિત્રયુક્ત; ચિત્ર-ચિતરામણવાળું; ચિત્રથી શિણગારેલું.
Picture, *n.* ચિત્ર; તસ્વીર. 2 *v. t.* ચિતારવું; ચિતાર પાડવો; ચિત્ર કાહાડવું. [લલિત.
Picturesque, *a.* ખુશનુમા; મનોહર;
Pie, *n.* સમુસો. [રંગનું; અબલક.
Piebald, *a.* ચિત્ર વિચિત્ર; તરેહવાર

Piece, *n.* તુકડો; કકડો; રેઝો. 2 ભાગ; અંશ. 3 દાગીનો; નંગ. 4 તાકો; થાન. 5 નાણું; મુદ્રા; સિક્કો. 6 તોપ અથવા બંદુક. 7 થીગળું. 8 *v. t.* થીગળું-સાંધો મુકવો-મારવો.

Piecemeal, *ad.* તુકડેતુકડા-કકડેકકડા-રેઝેરેઝા કરીને. 2 થોડું થોડું-જરાજરા કરીને; કટકે કટકે.

Pier, *n.* પુલને વાસ્તે કીધેલો પથરનો ખાંમ-થામલો. 2 સમુદ્ર કાંઠે બાંધેલો ધક્કો-દક્કો; પુશ્તો.

Pierce, *v. t* વિંધવું; ભોકવું; ટાંચવું. 2 ભેદવું. 3 *v. i.* દાખલ થવું; પેસી-ધુસી જવું.

Piercing, *a.* વેધક; લાગે-ભેદે એવું.

Piety, *n.* ભક્તિ; ધર્મ-ઈશ્વર નિષ્ટ. 2 માતૃપિતૃ ભક્તિ; માબાપ અથવા દોસ્તોને માન આબરૂ આપવી તે.

Pig, *n.* ડુકરનું બચ્ચું. (wild) ભુંડ. 2 કાચી ધાતુને ગાળીને પાડેલો ઢાળકો-ચોરસું.

Pigeon, *n.* ખબુતર; કપોત.

Pigeon house, } *n.* ખબુતરખાનું.
Pigeon cot, }

Pigeon hole, *n.* કાગળો વગેરે ગોઠવી મુકવાનું ખાનું-ગાળો.

Pigment, *n.* રંગ.

Pigmy, *n. & a.* વામેન; ઠીંગણું-વેંહેંતીઉં માણસ; વેંગણજી; ઠીંગુજી.

Pike, *n.* ભાલો; બરચી; નેજો.

Pilaster, *n.* ચાર ખુણાનો થામલો; ચોરસ-ચોધારી-શે ખાંબ-થામલો.

Pile, *n.* છોલી અણી કહાડીને જમીનમાં ઓસી બેસાડેલો ખાંબ-થામલો. 2 ઢીગ; ઢોગાર; ઢગલો; ગંજ. 3 મુરદાં બાળવાની ચિતા-ચેહ. 4 હવેલી; ઈમારત. 5 *v. t.* ઢીગ-ઢીગાર કરવો; ગંજ મારવો. *pile up,* સીંચવું; ખડકવું.

Piles, *n. pl.* હરસ; આરાં; બવાસીર.

Pilfer, *v. t. & v. i.* હલકી-ન્હાની ચોરી કરવી. [રાછ; હાજી.

Pilgrim, *n.* જાત્રા-તીર્થ કરનાર; જાત-

Pilgrimage, *n.* જાત્રા; યાત્રા; તીર્થ;

Pill, *n.* ગોળી; ગુટિકા. [હજ; ઝિયારત.

Pillage, *n.* લૂંટ; લૂંટફાટ. 2 *v. t.* લૂંટવું.

Pillar, *n.* ખાંબ; સ્તંભ; થામલો; ટેકણ.

Pillory, *n.* લાકડાંનાં ચોકઠાં જેવું એક ઓડું. (બંધવાઓને સજા કરવા ઓડામાં તેમના હાત તથા માથું ઘાલવામાં આવતું હતું.) પીલોરી; તોક.

Pillow, *n.* તકયો; અસીસું; ઉશીકું.

Pillow case, *n.* તકયાનો ગલેફ.

Pilot, *n.* બંદર વટાડી-પસાર કરી આપનાર સુકાની-દરિયાઈ અમલદાર; અરકાટી. 2 ભોમીઓ; વળાવો.

Pimento, *n.* See Allspice. કંકોળ; ચીનીકબાલા; કબાબચીની.

Pimp, *n.* ભડવો; કુટણો.

Pimple, *n.* ફુલી; ખીલ; ફોલ્લી.

Pin, *n.* ટાંચલી; ટાંકણી. 2 ખુંટી; ખીલી. 3 See Linchpin. 4 દમડી કોરીની કિમ્મતની વસ્તુ; લેશ; રતી. 5 *v.t.* ટાંચણી–ખીલી ખોસવી-મારવી

Pincers, *n. pl.* ચીપિયો; ચિમટો; સાંડશી; પકડ.

Pinch, *n.* ચમટી;ચોંટી; ચિમઠી; ચમટો. 2 દુખી આવવું તે; ચમટો. 3 અડચણ;ઈજા;સંકટ. 4 *v.t.* ચમટી –ચમટો તોડવો; ચોંટી દેવી. 5 ચિમટવું; ચાંપીને દાબવું; ભચડવું. 6 તાણ–ભીંડ પાડવી. 7 *v. i.* ચમટી –ચિપટી આવવી.

Pine, *n.* સનોબર; સરવ. 2 *v.i.* ઝુરવું; ઝુરાપો–બળાપોકરી ઝરીજવું;લેવાતાં –ગલાતાં જવું; ઈઝરાવું. 3 ખત –ટાહી ધરવી; શોચ–ગમ ધરવો.

Pineapple, *n.* અનીનાસ; અનનાસ.

Pinion, *n.* પાંખ. 2 મુશકે બાંધવાનો બંધ. 3 *v.t.* મુશકે બાંધવું. [લ રંગ.

Pink, *n.* ગુલાબી–ગુલરંગ; ખુલ્લો લા-

Pinmoney, *n.* પોતાની બઈરીને પરચુરણ ખર્ચ સારૂ આપેલા પૈસા.

Pinnacle, *n.* કળશ; શિખર; કંગુરો.

Pint, *n.* અછેરેકને સુમારનું ભરત; પૈંટ; પાઈન્ટ.

Pioneer, *n.* લશ્કરને માટે રસ્તો સમારીને તયાર કરવાનું કામ જેને સોંપેલું તે માણસ. 2 પેહેલ કાહડી બીજાને માટે માર્ગ મોકળો કરનાર.

Pious, *a.* ધાર્મિક; ભક્તિમાન; પરેજગાર; ભગત; દીનદાર. 2 ભક્તિભાવનું; ઈશ્વર નિષ્ઠાથી કીધેલું.

Pipe, *n.* નળી; ભુંગળી. 2 વાંસળી; પાવો. 3 પીપ. 4 *v.i.* વાંસળીવગાડવી.

Pique, *n.* ચીઢ; રીસ; રોસ; ચટકો. 2 *v. t.* ચીઢ ચઢાવવી; ચટકો લગાડવો; જનુન–ઝાંજ ચઢાવવી.

Piracy, *n.* ચાંચ્યાપણું; વાહાણ લુંટવાં અથવા વાહાણલુંટવાનો અપરાધ.

Pirate, *n.* ચાંચિયો; વહાણ લુંટનાર; દરિયાઈલુંટારૂ.

Piscaton, *n.* માછલાં પકડવાં તે.

Pisces, *n.* બારમી–મીનરાશિ.

Piscivorous, *a.* માછલાં ખાનાર; માછીખોર; મચ્છખાઉ.

Pish, *interj.* છટ ! છિ: !

Pismire, *n.* કીડી. [પિશાબ; મૂતર.

Piss, *v. i.* પિશાબ કરવો; મૂતરવું; 2 *n.*

Pistachio, *n.* પસ્તું;પસ્તમ. [સ્ત્રીકેસર.

Pistil, *n.* પુષ્પગર્ભતંતુ; ફૂલમાંનું કેસર;

Pistol, *n.* પિસ્તોલ; જંબુરો.

Piston, *n.* દટ્ટો; નળીના મોહોડાંમાં રમતો રેહેએવોધાતુવગેરેનો સળિયો.

Pit, *n.* નાટકશાળામાં છેલ્લા વર્ગની બેઠક. 2 ખાડો. 3 નરક; દોજખ. 4 કબર. 5 ઓ;ખાડો;ફાંદો. [ધબક.

Pitapat, *ad.* ધડધડ; ડરડર; ધબક

Pitch, *n.* રાળ; ડામર; તાર. 2 પ્રમાણ; દરજ્જો. 3 સુર. 4 *v.t.* તાર–

દામર લગાડવો. 5 મજબૂત બેસાડવું. 6 ફેંકવું; ઉરાડવું. –(a tent) તંબુ મારવો–ઠોકવો–ઉભો કરવો.

Pitcher, *n.* ઘડો; ઘાગર; કરવડો.

Pitched battle, સરફ઼ખેંચીને મજબૂતીથી કરેલી લડાઈ.

Pitchfork, *n.* કાંટો; શૂળ; પંઝેટી.

Piteous, *a.* કાકલુદી ભરેલું; દયામણું. 2 દયાવંત; દયાળુ.

Pitfall, *n.* ચોરખાલી; જનાવરો વગેરેને સપડાવી અંદર નાંખવા માટે જે ખાડો ખોદી તે ઉપર ઘાસ વગેરે પાંથરી મુકે છે તે ખાડો.

Pith, *n.* ગાભો; ગર; મગજ. 2 સાર; સત્વ; તત્વ; કસ; માલ; તેજ; જીવ.

Pithy, *a.* ગાભો–ગર હોય તેવું; ગર–માવાવાળું. 2 કસદાર; જીવદાર.

Pitiable, *a.* દયા–કરૂણા યોગ્ય; દયા કરવા જોગ.

Pitiful, *a.* દયાળુ; દયાવાન; કૃપાળુ. 2 દયામણું. 3 હલકું; પામર.

Pitiless, *a.* નિર્દય; કઠોર; બેરેહેમ.

Pittance, *n.* ધર્મખાતે આપતો કરેલો ખોરાકનો લવાજમ–ભાથું. 2 દાન; ખેરાત. 3 હલકી–ઘણી ઉતરતી નેમણુક. 4 થોડો–જરા ભાગ; ન્હાની રકમ.

Pity, *n.* દયા; રહેમ; કરૂણા; માયા; મ્હેર. 2 દયા ઉપજાવે એવી વાત–સબબ; અફસોસની વાત–બાબત. 3 *v. i.* દયા–માયા–રેહેમ કરવી–લાવવી.

Pivot, *n.* કાંટો; જેના ઉપર કોઈ ચીજ ફર્યા કરે એવી અણીઆરી ખીલી.

Placable, *a.* શાંત પાડી–નરમ કરી શકાય–માને–વળે એવું; મુલાઈમ; વલકાણું; વલાક.

Placard, *n.* જાહેર રસ્તાની દિવાલો ઉપર વળગાવેલું જાહેરનામું.

Place, *n.* જગ્યા; ઠામ; ઠેકાણું. 2 ચોગાન; મેદાન. 3 હોદ્દો; પાયરી. 4 સ્થિતિ; પંક્તિ. 5 ઘર; મકાન. *To take place,* બનવું; થવું. *In the place* or *room of,* જગે; ઠેકાણે; બદલે. 6 *v. t.* મુકવું. 7 ઠરાવવું; નેમવું; નિમવું.

Placid, *a.* શાંત; ઠંડું; ધીરૂં; સંતોષી.

Plagiarism, *n.* બીજાઓએ બનાવેલાં પુસ્તકોમાંથી ચોરી કરીને ગ્રંથ બનાવવો–રચવો તે; લખાણ–લખેલાની ચોરી.

Plagiarist, *n.* બીજાના ગ્રંથમાંથી ચોરી કરી પોતાના તરીકે ચલાવનાર; લખાનચોર.

Plague, *n.* મરકી. 2 આસમાની આફત; અનર્થ ગજબ. 3 સાલ; કાંટો; શૂલ; વળગણ; બેન; પીડા; જંજાળ; નડ. 4 *v. t.* મરકી, પીડા અથવા આફત આવી પડવી; હેરાન કરવું; સતાવવું; જંજાળમાં નાખવું.

Plain, *n.* પાદર; મેદાન. 2 લડાઈનું મેદાન; યુદ્ધ-રણભૂમિ. 3 *a.* સપાટ; સમાન; સરખું. 4 સાદું; નકશી-શોભા-ભપકા વગરનું. 5 મોળું; નખાલસ; સૂધું; સાફદિલ. 6 સાધારણ રૂપનું. 7 ઉઘાડું; સાફ; સ્પષ્ટ. 8 સુતરૂં; સાદું. [વ્યવહાર.

Plain dealing, *n.* રાસ્તબાજી; ચોખ્ખો

Plaint, *n.* શોક; જારી; રૂદન. 2 ફરિયાદી.

Plaintiff, *n.* વાદી; ફરિયાદી.

Plaintive, *a.* દુ:ખ-શોક ભરેલું; દલગીરી-ખેદ બતલાવતું; શોકાતુર.

Plait, *n.* ઘડી; ચૂણ; કલ્લી; પાટલી. 2 વેણી; ચોટલો. 3 *v. t.* સાંકડી સાંકડી ઘડી કરવી-વાળવી; ચૂણ-ચિણ કરવી; ચૂણવું; કલ્લી કરવી; ચિણવું; પાટલી વાળવી. 4 ગૂંથવું; ચોટલો વાળવો-ગૂંથવો.

Plan, *n.* કલ્પના; તજવીજ; ઉપાય; યુક્તિ; ગોઠવણ; ઘાટ. 2 નમૂનો; નકશો; પ્લાન. 3 *v. t.* કલ્પના-તજવીજ-રચના કરવી. 4 નકસો-પ્લાન પાડવો.

Plane, *n.* (ભૂમિતીમાં) ક્ષેત્ર. 2 રંદો; રોંદો. 3 *v. t.* સરખું-સપાટ કરવું; રોખવું; રંદો મારવો-મારીને સાફ-લીસું કરવું.

Planet, *n.* ગ્રહ; ગરેહ. [સંબંધી.

Planetary, *a.* ગ્રહનું; ગ્રહવિષયક-

Plank, *n.* પાટીયું; તકતો. 2 *v. t.* પાટીયાં જડવાં; તકતાપોશી-તકતાબંદી કરવી

Plant, *n.* વનસ્પતિ; રોપો; છોડવો; છોડ; ઝાડવું. 2 ધંધા રોજગારના ઓજાર, સામન વિગેરે. 3 *v. t.* રોપવું; ઓરવું; વાવવું. 4 ગોઠવવું; માંડવું. 5 દાટવું. 6 વસાવવું.

Plantain, *n.* (tree) કેળ; (fruit) કેળું.

Plantation, *n.* રોપવું-વાવવું તે; રોપણી; વાવણી; આરણી. 2 બાગ; વાડી; ઉપવન. 3 નવું વસાવેલું ગામડું; સંસ્થાન.

Planter, *n.* વાવનાર. 2 સંસ્થાન કરનાર; વસાવનાર. 3 વાડીવાળો; વાડી-બાગનો ધણી.

Plash, *n.* ખાબોચિયું. 2 પાણીનો ફટકો; ઝાપો. 3 *v. i.* પાણી-કાદવના છાંટા ઉરાડવા.

Plashy, *a.* પાણી-ખાબોચિયાંવાળું.

Plaster, *n.* કફલાટ; કફલાદ; સલ્લો. 2 મલમપટ્ટી; પ્લાસ્ટર.

Plastering, *n.* છોલાણું.

Plastic, *a.* આકાર-ઘાટ આપી શકાય-લેઈ શકે એવું. [વણવું; ગૂંથવું.

Plat, *n.* વણત; ગૂંથન કામ. 2 *v. t.*

Plate, *n.* પત્રું; તખ્તો. 2 રૂપેરી વાસણ-સામન; રૂપાકામ. 3 રિકાબી; તબક. 4 *v. t.* રૂપાનો ઢોળ ચઢાવવો; મુલામો ચઢાવવો; રસવું.

Plateau, *n.* ઊંચાણ સપાટ જમીન; સપાટ પ્રદેશ. [રસેલું.

Plated, *a.* રૂપાનો ઢોળ ચઢાવેલું;

Platform, *n.* સપાટી–ભોંયનો નકશો; સમતલ ચિત્ર. 2 ઉભાં રહેવા માટે બનાવેલો લાકડાંનો ઊંચો ઘાટ–બાંક–પાટલી; તખત; માચડા–રો.
Plating, *n.* રૂપાનો ઢોળ; ઓપ.
Platinum, *n.* રૂપાના જેવા રંગની એક ધાતુ.
Platonic, *a.* પ્લેટો નામના ફિલસુફને–તેના મતને લગતું–સંબંધી. *Platonic love,* પાક મોહબત; પવિત્ર પ્રીતિ;નિષ્કામ પ્રેમ. [રવણકર.
Platter, *n.* મ્હોટી થાલી–ખુમચો.
Plaudit, *n.* શાબાશી; વાહવા; તાબડા; તાબોટા; તાળી; વખાણ; આફ્રીન.
Plausible, *a.* દેખાઉતું–ઉપર ઉપરથી સારૂં લાગે–પસંદ પડે એવું.
Play, *n.* ખેલ; રમત; ક્રિડા; તમાશો. 2 નાટક. 3 વ્યવહાર; રીત. 4 *v. t.* ચલાવવું; ચાલતું કરવું. 5 વગાડવું. 6 કુદાવવું; નચાવવું. 7 કરવું; લેવું (સોંગ). 8 *v. i.* ખેલવું; રમવું. 9 વજાડવું; વગાડવું. 10 સોંગ લેવો; વેશ કાહાડવો.
Play day, *n.* છુટ્ટી–રમવાનો દાહાડો.
Playful, *a.* રમતિયાળ; ખુશદિલ.
Playhouse, *n.* નાટકશાળા–ગૃહમંદિર.
Play thing, *n.* રમકડું; રમવાની ચીજ.
Plea, *n.* ઉત્તરવાદ; પ્રતિવાદીનો જવાબ. 2 નિમિત્ત; સબબ; કારણ.
Plead, *v. t.* કોઈની તરફની તકરાર કરવી–ચલાવવી. 2 જવાબ દાખલ કહેવું–રજુ કરવું. 3 સબબ–કારણ બતાવવું–કેહેવું. 4 *v. i.* જવાબ આપવો. 5 પક્ષ ખેંચવો; પક્ષ ધરીને બોલવું. 6 આજીજી કરવી.
Pleader, *n.* વકીલ. [દી; રંગીલું.
Pleasant, *a.* મઝાનું; સારૂં. 2 આનં-
Pleasantly, *ad.* સારી પેઠે; સુખથી.
Pleasantry, *n.* ઠઠ્ઠા મશ્કરી; વિનોદ; ખુશ ખુશાલી; રમુજ; ટોળ.
Please, *v. t.* ખુશ કરવું; રીઝવવું. 2 સંતોષ આપવો. 3 પસંદ કરવું–પડવું; ગમવું. 4 *v. i.* ગમવું; ભાવવું; મન થવું. 5 કૃપા–મેહેરબાની કરવી, જેમ *please to give me that.*
Pleased, *p. p.* or *a.* ખુશ–સંતુષ્ટ–પ્રસન્ન થયલું; ખુશનુદ; રાઝી.
Pleasing, | *a.* સુખકર; મનોરંજ-
Pleasurable, | ક; દિલ પસંદ–ખુશ.
Pleasure, *n.* સુખ; આનંદ; સંતોષ; ખુશી; ખુરમી; અયેશ; મઝે. 2 મરજી; ખુશી; ઇચ્છા. 3 વિલાસ; એશ આરામ; વિષય સુખભોગ.
Plebeian, *a.* મધ્યમ–સાધારણ લોકનું; હલકી જાતનું–કુલનું; અનાર્ય.
Pledge, *n.* ધરણે–ગિરવી–સાનમાં મુકેલી જીનસ. 2 પતીજ; જામીન; કોલ; ઓલ. 3 *v. t.* ધરણે–ગિરવી મૂકવું. 4 ઓલમાં આપવું.

Pleiads, } n. pl. (જ્યોતિષમાં) કૃ-
Pleiades, } ત્તિકા; સાત તારાનો ઝુમખો.
Plenary, a. પૂરૂં; પૂર્ણ; ભરપૂર.
Plenipotence, n. પૂર્ણ સામર્થ્ય; સામર્થ્ય પૂર્ણતા. [માન.
Plenipotent, a. પૂર્ણ સમર્થ-શક્તિ-
Plenipotentiary, n. કુલકુલ્લા; કુલ કારભારી; કુલ અખ્તિયારી; પુરીસતાવાળો રાજદુત-વકીલ-એલચી.
Plenitude, n. પુર્ણતા; ભરપુરપણું.
Plenteous, } a. ઘણું; પુશ્કળ; ભર-
Plentiful, } પૂર. [લહેલ; છત; અઝોં.
Plenty, n. પુશ્કળપણું; મોહોતાત; રે-
Pleonasm, n. શબ્દાતિશયાલંકાર; હરેક વાત-બિના બોલતાં કે લખતાં જરૂરકરતાંજેવધારેશબ્દોવાપરવાતે.
Plethora, n. રક્તાતિશય; ઘણું-પુશ્કળ લોહી હોવું તે. 2 ઘણું થઈ જવું-પડવું તે; ઉભરાઈ જાએ એટલું થવું તે.
Pliable, a. લવચિક; મરડાઈ-નમી-વળી શકે એવું; નરમ; વાળેલું વળે -સમજાવેલું સમજી જાએ એવું.
Pliableness, n. લવચિકપણું; ઢીલા-
Pliant, a. See Pliable. [નરમપણું.
Pliers, n. pl. See Pincers.
Plight, n. હાલત; અવસ્થા; સ્થિતિ; ગતી. 2 બાંહ્યધરી; જામીનગીરી. 3 હેરાનગતી; દુર્દશા. 4 v.t. જામીનગીરીમાં આપવું; વચન-કોલ આપવો.
Plinth, n. ભરણી મથાલો.
Plod, v. i. કષ્ટ-શ્રમ કરવો-વેઠવો; ઘણી મેહેનત કરવી. 2 ઘસડાતું ઘસડાતું-ધીમે ધીમે ચાલ્યાંજ જવું-રસ્તો કાપવો.
Plot, n. જમીનનો કકડો; તુકતો; ક્યારો; વાડો. 2 યુક્તિ; તોડજોડ; ચોકઠું; બંધારણ. 3 મ્હોટો દગો; પોતાની કાંઈ મતલબ સાંધી લેવા માટે અથવા કોઈને ખરાબ કરવા માટે જે મનસુબો કરવો તે; સાજસ; સંપ. 4 v. t. તજવીજ-મસલત કરવી. 5 v. i. તરકટ રચવું; ફંદ-ફિતુર ઉભું કરવું; દગો કરવો-ચલાવવો.
Plough, n. હળ; હોળ; નાગર. 2 v. t. હોળ ફેરવવું; નાગરવું; ચાસવું.
Ploughman, n. હળ ફેલવનાર. 2 ખેડુત
Ploughshare, n. ચવડું; હળનો દાંતો;
Plow, n. & v. See Plough. [ફાળવા.
Pluck, v. t. ટૂંપી-પીંખી કાહાડવું; તોડવું; ખેંચી કાહાડવું. 2 નાપાસ કરવું (પરીક્ષામાં). 3 n. દમ; પાણી; ધમક; રામ.
Plug, n. ડચ્ચો; ડટ્ટો; બુચ; ડુચો.
Plum, n. આલુબોખાર; જેદઆલુ. 2 દસ લાખ રૂપીઆની રકમ. 3 લખા-કરોડપતિ.
Plumage, n. પીછ; પક્ષીનાં પર.
Plump, n. ઓળંબો-બો. 2 v.t. ઓળંબો મૂકીને બરાબર કરવું.

Plumbago, *n.* એક ખણિજ વસ્તુ. (કાગળપર લખવાની સીસાપેન બનાવાના કામમાં આવે છે.)

Plumbean, *a.* સીસાંનું; સીસાંનાજેવું.

Plumbline, *n.* ઓળંબો; ઓળંબાની દોરી

Plum cake, *n.* બિસમિસ દરાખ વગેરે નાખીને બનાવેલુ કેક; પ્લમકેક.

Plume, *n.* પીછ; પડ; પર. 2 તોરો; કલગી. 3 *v. t.* પીછ–પડ ગોઠવવાં; પીછાં સમારવાં. 4 પીછાં ઉખેડી કાઢવાં–ચૂંપવાં. 5 અકડવું; શેખી–મગરૂબી કરવી.

Plummet *n.* ઓળંબો–બો; લંબક. 2 પાણીનું ઉંડાણ માપવા માટે દોરી સાથે લટકતો બાંધેલો સીસાંનો એક લાંબો કકડો.

Plump, *a.* ફરબે; ઢુલઢુલ; માતેલું; ભરેલું. 2 *ad.* એકદમ; ધમદઈને; એકદમ જોરથી અવાજ કરીને. [રીત.

Plumply, *ad.* સાફ; ઉઘાડેછોક; ખુલ્લી

Plunder, *n.* લૂંટ; લૂંટફાટ. 2 *v.t.* લૂંટવું.

Plunderer, *n.* લુટારૂ; ચોર; પિંડારો; રાહજન.

Plunge, *n.* ડુબકી; બચકેરૂં; ગોતું. 2 *v. t.* બુરાડવું; ડુબાવવું; બોળવું; ડબોવવું. 3 ઓસવું; ઘાલવું. 4 *v. i.* ડુબકી મારવી; ભૂસકો મારી બચકેરૂં ખાવું. •

Plural, *a.* અનેક; ઘણું; બહુ. 2 *n.* (વ્યાકરણમાં) અનેક–બહુવચન.

Plurality, *n.* અનેકત્વ; બહુત્વ; વધુ–બહુ સંખ્યા હોય એવી હાલત.

Plus, *n.* અધિક; ધન; વત્તા. 2 વધ-

Plutus, *n.* કુબેર. [તાનું ચિન્હ.

Pluvial, }
Pluvious, } *a.* વરસાદ સંબંધી. See Rainy.

Ply, *v.t.* લાગોલાગ લગાડ્યા–માર્યા–જુડ્યા–બઝાડ્યા કરવું. 2 સતાવવું; બેજાર–હેરાન કરવું. 3 વાપર્યા કરવું; કામે લગાડેલું રાખવું; મંડ્યા–મશગૂલ રહેવું. 4 *v. i.* કામે લાગવું; કામપર મંડવું. 5 બાંધેલ વખતે ફરવું–જા આવ કરવી (વાહાણ). 6 *n.* ઘડી; કરચલી; ચુણ; ચિણ.

Pneumatics, *n.* વાયુવિદ્યા; વાયુશાસ્ત્ર; ઈલમેહવા.

Poach, *v. t.* અર્ધ સીજવવું; અદકચરૂં રાખવું–કરવું (ઇંડું). 2 ચોરવું; ચોરી લઈ જવું. [બડાનો ફોલ્લો.

Pock, *n.* સહીઅડનો ફોલ્લો. 2 અછ-

Pocket, *n.* ખીસું; ગજવું; ગુંજું. 2 *v.t.* ગજવામાં મૂકવું. 3 હરસે લઈ જવું; ચોરવું; હાથ મારવો. 4–(an insult) ખમી જવું; ગમ કરવું; પી–ગળી જવું; પેટમાં સમાવવું.

Pocket book, *n.* ખીસામાં માય એવી સમરણ ચોપડી; ટિપણવહી; પાકીટ બુક. [હાથ–ખીસા ખર્ચી.

Pocket money, *n.* ગજવાં ખરચ;

Pockhole, *n.* સહીઅડનું ચાઠું.

Pocky, *a.* સહીઆડ આવેલું.
Pod, *n.* સિંગ; ડોડો.
Poem, *n.* કાવ્ય; કવિતા; કવન; પદ્ય.
Poesy, *n.* કવિત્વ; કવિતા શક્તિ; કાવ્યવિદ્યા; શાહેરી. [ચક.
Poet, *n.* કવિ; શાહેર; કવિતા–પદ્ય ર-
Poetic, Poetical, *a.* કવિતા સંબંધી; કવિતાને છાજતું–લાયકનું. 2 કાવ્ય–કવિતારૂપ; શ્લોકબંદ્ધ; કવિતામય. [કાવ્ય કારિણી.
Poetess, *n.* કવિતા રચનાર સ્ત્રી;
Poetry, *n.* કવિતા; પદ્ય. [તેજી.
Poignancy, *n.* તિખાસ; તીક્ષ્ણતા;
Poignant, *a.* તિખ્ખું; તિક્ષ્ણ; તેજ. 2 ચિઢ ચઢાવે–દુઃખ–ચટકો લગાડે એવું. 3 દુઃખ–દરદ કરતું; ભેદક.
Point, *n.* ટોક; અણી; ટોચ. 2 ટાંકણું. 3 ઝીણું કાણું. 4 બિંદુ; નુકતો. 5 ક્ષણ; ઘડી. 6 દરજ્જો; હાલત. 7 લક્ષણ; ખુબી. 8 દલીલ; તકરારની મુખ્ય વાત. 9 મકસદ; મતલબ. 10 વિરામ ચિન્હ. 11 (of the compass) દિશા. 12 *v. t.* અણી–નોક કરવી–કાઢવી. 13 સાન કરવી; દેખાડવું; બતલાવવું; ધ્યાન પુગડાવવું. 14 નેમ ટાંકવી. 15 (a wall) દરજગીરી કરવી; સાંધ પુરીને થાપીવતે ઘુંટી સફાઈદાર કરવું 16 બિંદુ કાહાડવો. *To point out,* આંગળીએ–સાનેં દેખડાવવું; બતલાવવું.
Pointed, *a.* અણી–નોકદાર; અણિયાળું. 2 સચોટ; આબાદ; મર્મનું ભરેલું.
Pointedly, *ad.* બામુબા તેજ તરફ; કોઈ ચોકસ વસ્તુ–પદાર્થની સામે નેમ ટાંકીને.
Pointer, *n.* દેખડાવનાર; બતલાવનાર. 2 ઘડિયાળનો કાંટો. 3 એક જાતનો કુત્રો.
Poise, *n.* વજન; ભાર. 2 કાટલું. 3 સમતોલપણું. 4 *v. t.* સમતોલ–સરખું રાખવું–કરવું. 5 સરખું વજન કરવા સામાતાજવામાં મૂકવું. 6 તોલવું; વજન કરવું.
Poison, *n.* વિષ; વિખ; ઝેર; ગરળ. 2 *v. t.* ઝેર ભેળવું. 3 ઝેરી કરવું; ઝેર પાવું (હથિયારને). 4 બિગાડવું; ભ્રષ્ટ કરવું. [કરનારૂં.
Poisonous, *a.* ઝેરી. 2 બગાડ–ભ્રષ્ટ
Poke, *v. t.* ભોકવું; ગોદો મારવો; ગોપવું. 2 *v. i.* ટોસવું; ફાંફાં મારવાં.
Poker, *n.* આતરા–દેવતા ઓસકવા–સંકોરવાનો લોડાંનો સલીઓ–સીખ.
Polar, *a.* ધ્રુવનું; ધ્રુવસંબંધી. 2 ધ્રુવ તરફનું–તરફથી આવતું–નિકળતું.
Pole, *n.* વાંસ; ચોબ; કાઠી; લાકડી; દાંડો. 2 ધ્રુવ. *North pole,* ઉત્તર ધ્રુવ; *South pole,* દક્ષિણ ધ્રુવ. 3–(of a tent) ચોબ. [વર.
Polecat, *n.* એક ન્હાનું ચોપગું જના-
Polestar, *n.* ધ્રુવનો તારો. [પોલીસ.
Police, *n.* ગામ–શેહેરની બંદોબસ્તી;

Police magistrate, *n.* કોટવાલ; ફોજદાર. [અમલદાર.

Police officer, *n.* પોલીસ ખાતાંનો

Police man, *n.* પોલીસનો સિપાઈ.

Police station, *n.* ચોકી; ચાવડી; દેવડી; ચબુતરો.

Policy, *n.* રાજનીતિ–રીતિ; રાજ ચલાવવાની યુક્તિ–કલા–ચતુરાઈ. 2 તદબીર; તોડજોડ; કામ કરવાની ચતુરાઈ; વ્યવહાર નીતિ–ચાતુર્ય; સલીકો. 3 મકર; ફેલ. 4 વિમાનું કરારનામું–ચિઠ્ઠી; વિમાની પાલીસી.

Polish, *v. t.* ઘુંટીને સફાઈદાર–ચકચકિત–ઝલેદાર કરવું; ઓપવું. 2 સુધારવું; સભ્ય–વિવેકી–લાયકીવાળું–શિષ્ટ કરવું. 3 *n.* ઝલે; ચલકાટ; સફાઈ; ઓપ. 4 સભ્યતા; સુજનતા; વિનય; શિષ્ટાચાર.

Polite, *a.* સભ્ય; શિષ્ટ; નમ્ર; ભલું; વિનયી. 2 વિવેકિ; સત્કારી; આદરશીલ

Politely, *ad.* સભ્યતાથી; વિવેકાથી; તાજીમતવાજાથી; ગૃહસ્થપણાથી.

Politeness, *n.* નઝાકત; સભ્યતા; વિવેક; સુજનતા; લયાકત; લાયકી; ગૃહસ્થપણું.

Politic, *a.* નીતિકુશલ; શાણું; ચતુર; દાના; ડાહ્યું. 2 કારસ્થાની; મતલબી; મકરબાજ. [રભારનું–નેલગતું.

Political, *a.* રાજ્યમામલા–રાજકા-

Political Economy, *n.* અર્થશાસ્ત્ર.

Politician, *n.* રાજનીતિ કુશલ–સ; રાજકારભારી. 2 કાવા–મકરબાજ માણસ; હિકમતીયું–તાલમેલ કરવે હોશિયાર–ખટપટિયું માણસ.

Politics, *n.* રાજનીતિ; રાજનીતિશાસ્ત્ર. 2 રાજકારભારની વાત; રાજ મામલો–ખટલો; ખટપટ; કાવાદાવા.

Poll, *n.* માથું; મસ્તક; ડોકું. 2 માથા દીઠ–આસામીવાર યાદી. 3 *v. t.* ઝાડની ડાંખળીઓના છેડા છાંટી કાહાડવા; ઝારવું. 4 કાતરવું. 5 આસામીવાર યાદીમાં નામ નોધવું–લખવું.

Pollen, *n.* ફૂલમાનો ભૂકો; પરાગ.

Polltax, *n.* માથા દીઠવેરો; જજિઓ.

Pollute, *v.t.* મેલું–ખરાબ–ગદું કરવું. 2 વટાળવું; નાપાક–અપવિત્ર–ભ્રષ્ટ કરવું. 3 છોવું; અભડાવવું; અડકાવવું. 4 બગાડવું.

Polluted, *pp.* or *a.* મેલું–ખરાબ કીધેલું. 2 અપવિત્ર; ભ્રષ્ટ; નાપાક.

Pollution, *n.* મેલું કરવું–બિગાડવું તે; બગાડ. 2 અપવિત્રતા; ભ્રષ્ટતા. 3 પલીદી; પલીતી. 4 ધાત જવી તે.

Poltroon, *n.* નામર્દ; હિચકારો; હિજડો; બાયલો; બીકડો; બીકણ. [પણું.

Poltroonery, *n.* નામર્દી; હિચકારા-

Polyandry, *n.* એકીવારે એક કરતાં વધારે વર પરણવા–ધણીપર ધણી કરવા તે; અનેક સ્વામિત્વ.

Polygamy, *n.* એકીવારે ઘણી બાય-

ડીઓ પરણવી-બાએડી પર બાએડી કરવી તે; અનેક પતિત્વ. 2 એકી વેળાએ કોઇ ઓરતને એક કરતાં વધારે ધણીઓ અથવા કોઈ મરદને એક કરતાં વધારે બાએડીઓ હોવી તે.

Polyglot, *n.* પુશ્કળ-ધણી જાતની ભાષાનો ગ્રંથ. 2 *a.* જેમાં ઘણી જાતની ભાષા હોય એવું; બીસીયાર જબાન.

Polygon, *n.* બહુ કોણ; ઘણા ખુણા તથા બાજુવાળો આકાર; બહુ કોણાકૃતિ.

Polymathy, *n.* બહુ વિદ્યાજ્ઞાન; વિદ્યા હુનરને લગતી ઘણી બાબદોનું જ્ઞાન.

Polytechnic, *a.* જેમાં ઘણી તરેહની વિદ્યા હોય એવું; ઘણી વિદ્યાવાળું. 2 જ્યાં ઘણી તરેહની વિદ્યા-શિલ્પ શિખવવામાં આવતાં હોય તેવું.

Polytheism, *n.* ઘણા ઇશ્વર-દેવ છે એવું મત; અનેક દેવમત.

Polytheis, *n.* ઘણા ઈશ્વર-દેવછે એવું મતધરાવનાર-માનનાર.

Pomegranate, *n.* દહાડમ-ડમ; અનાર. 2 દહાડમી; દહાડમડી; દહાડમનું ઝાડ. [2 *v. t.* કૂટવું; છુંદવું.

Pommel, *n.* ગાંઠો; ગાંઠ; મોગરો.

Pomp, *n.* દમામ; ધામ ધૂમ; ઠાઠમાઠ; દમદમાટ; જાહો જલાલ. 2 વરઘોડો; ભપકાભરેલી-ધૂમધામની અસ્વારી

Pompelmoose, *n.* પપેનાસ; પપોનાસ.

Pompion, *n.* કોહોરૂં. See PUMPKIN.

Pompous, *a.* ભપકાદાર; દબદબા-ઠાઠમાઠ-દમામ ભરેલું; આળીશાન. 2 બડાઈખોર; શેખી કરતું.

Pond, *n.* તળાવ; હોજ; વાવ. (small & shallow) તળાવડી.

Ponder, *v. t.* દરિઆફ્ત કરવો; મનમાં તોલ-ચિંતન-વિચાર કરવો.

Ponderable, *a.* તોલાઈ-જોખાઈ શકે એવું; વજન કરવા જોગ. 2 ધ્યાન પોંહોચાડવા જોગ.

Ponderous, *a.* સંગીન; વજનદાર; ઘણુંજભારી. 2 અગતનું; ઘણુંજ જરૂરનું. 3 જબરૂં; ભારી. [જર.

Poniard, *n.* કટાર; કટારી; જંબયો; ખં-

Pontiff, *n.* ધર્મનોમુખ્ય અધિકારી. 2 પોપ; ઉપાધ્યાનો આચાર્ય.

Pontoon, *n.* નદિઓ ઉપરથી ચાલી જવાને કામ ચલાઉ પુલબાંધવાનો પોહોળાંતળિયાંનો એક તરેહનો મછવો; કાચો પૂલ બનાવવાના કામની હોડી.

Pony, *n.* તટ્ટુ; ન્હાનું ઘોડું; ટાંગણ; બટ.

Pooh, *interj.* છિઃ; છટ; છિટ.

Pool, *n.* પાણીનો ખબોચિયો-ખબોચિયું-ખાબોચિયું. [ભાગ.

Poop, *n.* વાહાણનો ઊંચો પાછલો

Poor, *a.* મુફલિસ; મિસ્કીન; ગરીબ; નિર્ધન. 2 દરિદ્રી; ભૂખે મરતું; કંગાલ. 3 ફુબલું; મુડદાલ. 4 છીવ

—માલ—દમ વગરનું; નબળું; લૂલું. 5 બિચારૂં; બાપડું.

Poorly, *ad.* ગરીબીની રાહે—રીતે; ગરીબાઈથી. 2 નબળું; ઘણા લાભ —નફાવગર. 3 *a.* જરાતરા માંદું; સેહેજ તબીયત બગડેલી હોય એવું.

Pop, *v. i.* ફુટવું. 2 સડપ કરીને જલદીથી એકાએક આવવું—પેસી —નિકળી જવું. 3 *n.* ફટ—ફટથ દઈને થતો અવાજ. [મિછે તેવી.)

Pop gun, *n.* ન્હાની બંદુક (છોકરાં ર-

Pope, *n.* રોમન કયાથોલિક પંથનો સઉથી વડો ધર્મગુરૂ. [ફાંકડો.

Popinjay, *n.* પોપટ. 2 છેલ; ફક્કડ;

Poppy, *n.* ખસખસનો છોડ. 2 ખસખસ.

Populace, *n.* આમ—સાધારણ લોક; સામાન્ય પદ્વીના લોક.

Popular, *a.* સામાન્ય—સાધારણ લોકનું; લોકોમાનું. 2 લૌકિક; લોકોમાં ફેલાયલું. 3 સર્વને સમજ પડે એવું; સાદું; સરળ. 4 લોક પ્રિય; જેની ઉપર લોકોનો પ્યાર—ચાહ હોએ એવું; લોકને ગમતું—વ્હાલું.

Popularity, *n.* લોક—જન—પ્રજા પ્રીતિ; સાધારણ લોકોનો પ્યાર તથા ભરૂસો હાંસલ કરવાનો ગુણ—હાલત.

Popularly, *ad.* સાધારણ લોકોના વિચાર પ્રમાણે. 2 લોકો રાજી થાએ એવી રીતે.

Populate, *v. t.* વસાવવું; વસ્તી કરવી. 2 *v. i.* પ્રજા વૃદ્ધિ કરવી.

Population, *n.* લોક; જન; પ્રજા; વસ્તી.

Populous, *a.* વસ્તીવાળું; આબાદ; ભર વસ્તીનું. [ટાડીનાં વાસણ.

Porcelain, *n.* ચિનીકામ; ચિનાઈ મ-

Porch, *n.* ઘરના બાંયતળિયાનો આંગણા આગળનો જે પેહેલોજ ખંડ તે; બારણા આગળની પરશાળ; દ્વા-

Porcupine, *n.* સાહુડી. [રમંડપ; ઝરૂખો.

Pore, *n.* રૂવાંટીનું છિદ્ર; પ્રાણીઓની ચામડી ઉપરનું ઘણુંજ ઝીણું છિદ્ર, જે વાટે પરસેવો બાહાર નિકળેછે. 2 *v. i.* ડોળા—ધ્યાન લગાડીને—તાકીને—નજર ઠેરવીને જોયાં કરવું.

Pork, *n.* ડુક્કરનું માંસ; પોર્ક.

Porous, *a.* છિદ્રમય; ઝીણાં છિદ્ર હોય એવું. 2 જેમાથી પઝરે—ઝરકે એવું; ઝરતું.

Porousness, } *n.* છિદ્ર હોય એવી હા-
Porosity, } લત—ગુણ; સછિદ્રતા.

Porringer, *n.* કટોરો; કાંશિયો; વાડકી.

Port, *n.* બંદર. 2 દરવાજો; ભાગળ. 3 લડાઈનાં વાહાણની બાજુઓની તોપ ગોઠવવાનીબારી; જંગી; મારો. 4 રફતાર; ચાલચલગત; રીતભાત. 5 પોર્તુગલમાં બનતો કાળાસપડતા જાંબુઆ રંગનો વાઈન દારૂ. 6 વહાણની ડાવી બાજુ; ઘમન.

Portable, *a.* હાથમાં સેહેજ ઊંચકી લઈ જવાય એવું.

Portal, *a.* ન્હાનો દરવાજો; દ્વાર.

Portend, *v. t.* અગાઉથી સૂચના કરવી; ભવિષ્ય કેહેવું.

Portent, *n.* અપશુકુન; અપશાગણ; અરિષ્ટ; અવચિન્હ; બદફાલ.

Portentous,*a.* અરિષ્ટ–અભદ્રસૂચક; અપશાગણનું; ન્હેસ.

Porter, *n.* દ્વારપાલ; દરવાન. 2 ટેલકરી; હમાલ; મજૂર. [ટેકોલીઓ.

Portfolio,*n.* જુજદાન; જુગદાન;પો-

Portico, *n.* ઘરના આંગણા આગળ થાંમલા ઉભા કરીને અથવા આરકાં મારીને તે ઉપર છાપરૂં ઢાંકીને કે ધાબું કરી લઈને નીચે ખુલ્લો રાખેલો ભાગ; ઝરૂખો; અડાલી.

Portion, *n.* અંશ; ભાગ; હિસ્સો; વાંટો;ફાલવણી; ફાલો. 2 *v.t.* વેહેંચી આપવું; ભાગ–વાંટા–ફાલા પાડવા.

Portly, *a.* દબદબા ભરેલા દેખાવનું; ભવ્ય. 2 ફરબે; માતેલું; ડુલડુલ.

Portmanteau, *n.* મુસાફરીમાં લુગડાં, સામન વગેરે સાથે ભરી લઈ જવાની ચામડાંની કોથલી–કોથળો; ખુરજી; જામદાની; કપ્પડદાની.

Portrait,*n.* તસ્વીર;ચિત્ર;છબી;સબી.

Portray,*v.t.* તસ્વીર–ચિત્ર કહાડવું. [2 વર્ણન કરવું.

Port'town,*n.* બંદર.

Pose, *v. t.* સવાલો પુછી પુછીને ઘભરાવી–અકલાવી નાખવું. નિરૂત્તર –કાયલ કરવું; મોહોડું બંધ કરી નાખવું.

Position, *n.* સ્થિતિ; હાલત. 2 અંગસ્થિતિ; અદા આસન. 3 પૂર્વપક્ષ કોઈ વાતને સિદ્ધ કરવા સારૂ વાદનો જે પ્રથમ પાયો તે. 4 સ્થાન;જગ્યા. 5 દરજ્જો; માન; મોભ્ભો.

Positive, *a.* ખરેખરૂં; વાસ્તવિક. 2 સાફ; સ્પષ્ટ; ખરાવીને કહેલું. 3 નિસ્સંશય; નિર્બ્રાંત.

Positively, *ad.* સાફ; સ્પષ્ટ. 2 ખચીત; ખામુખા; ખરેખરૂં–ખાત.

Possess, *v. t.* રાખવું; ધણી–માલિક થવું;પાસે–હાથમાંહોવું;ગાંઠમાં બાંધેલું રેહેવું. 2 ભોગવવું;અનુભવવું. 3 કબજ–સ્વાધીન–હસ્તગત કરવું–રાખવું 4 વળગવું; લાગવું; ભરાવું (ભૂત.)

Possession,*n.* પાસે–પદરમાં હોવું તે; કબજો; કબજાણ; કાબુ. 2 વહિવટ. ભોગવટો; ભોગ 3 માલ; મિલકત. 4 ભરાયલું–વળગેલું હોવું તે. (જેમકે ભૂત ભરાવો.)

Possessions, *n. pl.* માલમત્તા; વિત્ત દ્રવ્ય. 2 સંસ્થાન; તાબાનો મુલક.

Possessive, *a.* (વ્યાકરણમાં) સંબંધવાચક. 2 (–case) ષષ્ઠી વિભક્તિ.

Possessor, *n.* ધણી; માલેક; વહિવટ કરનાર; કબજેદાર; ઉપભોક્તા.

Possibility, *n.* સંભવ; સંભાવના; શક્યતા; બની શકે એવી હાલત.

Possible, *a.* બને તેવું; હોવા–થવા–બનવાજોગ;શક્ય;સંભવતું;સંભવિત.

Possibly, *ad.* કંઈપણ રીતે. 2 કદાચિત.

Post, *n.* ટપાલ; ડાક. 2 કાસદ–સિદ; ડાકના કાગળો પોંહોચાડનાર. 3 અધિકાર; હોદ્દો. 4 ચોકી; થાણું. 5 સ્તંભ; ખાંભ; થામલો. 6 *v. t.* થામલા ઉપર અથવા બાજી જગોએ વળગાવવું; ચોટાડવું. 7 કુજેત–રૂસવા કરવું; ચૌટે ચઢાવવું. 8 બેસાડવું; મૂકવું (ચોકી–પેહેરો.) 9 એક જાતનું ઝીણું પતણું કાગળ; પોસ્તનું કાગળ. 10 ટપાલ–ડાકમાં મોકલવું–નાખવું. 11–(an account) ખતવણી કરવી. 12 *v. i.* મજલ દર મજલ–કુચ દરકુચ–ખડી સ્વારીએ ઘણીજ ઝડપથી ચાલવું–જવું–આવવું. 13 *ad.* ઉતાવળે; દોડતું; ધાડાધાડ કરતું.

Postage, *n.* ડાક ખરચ; ટપાલનાપૈસા.

Postdate, *v. i.* પાછલની–હવે પછીની આવતી તારીખ–મિતિ નાખવી.

Postdiluvian, *a.* નોહાના વખતની મોહોટી રેલની પછીનું.

Posterior, *a.* પાછલનું; પછવાડેથી થયલું.

Posteriors, *n. pl.* ગાંડ.

Posterity, *n.* સંતાન; સંતતિ; ઓલાદ; બચ્ચાં છોકરાં; છોકરાંનાંછોકરાં; વંશ.

Postern, *n.* પાછલું બારણું. 2 છાનો–છુપો દરવાજો. 3 ન્હાનું બારણું.

Post haste, *n.* ધાડાધાડ. 2 *ad.* ઘણીજ ઝડપથી; દોડાદોડ–લેદોડ–ધાડાધાડ કરતું.

Posthumous, *a.* બાપનાં મરણ પછે જન્મેલું અથવા મરણ પામેલી માતાનું પેટ ચીરીને કાહાડેલું. 2 ગ્રંથકર્તાનાં મરણ પછે છાપી પ્રસિદ્ધ કરેલું. 3 મૂઆ પછે આપ્યાં કરતું–ચાલુ રહેલું.

Postilion, *n.* બે અથવા વધારે ઘોડાની જોડીમાંથી પેહેલી જોડીના ઘોડાપરનો અસવાર.

Postman, *n.* ડાકવાળો; ટપાલનું માણસ.

Postmaster, *n.* ડાક ખાતાંનો અધિકારી.

Post meridian, *a.* બપોર–મધ્યાન પછીનું; પાછલા–નમતા પોહોરનું [છીનું.

Postmortem, *a.* મૂઆ–ગુજરવા પ-

Post paid, *a.* ટપાલ ખરચ આપેલું.

Postpone, *v. t.* મુલતવી રાખવું; ઢીલમાં નાખવું; તુરતવેળા મોકુફ કરવું.

Postscript, *n.* તાજા–તાજે કલમ.

Posture, *n.* આસન; અંગસ્થિતિ; શરીરનું વળણ–મરોડ.

Posy, *n.* વિંટી ઉપરનો લેખ; મુદ્રા લેખ. 2 ફુલનો ઝુમખો–તોડો; ગુલદસ્ત.

Pot, *n.* વાસણ; હાલ્લું; ઘડો; પાતેલું.

Potash, *n.* પોટાશ નામનો ખાર–ક્ષાર; સંચોરો.

Potato, *n.* બટાટો; અરબ્બી; અળોકડું.–(sweet) રતાળું; સકરકંદ.

Pot bellied, *a.* મોહોટાં પેટવાળું; દુંદાળું.

Potency, *n.* જોર; કૌવત; તાકત; બળ. 2 પ્રતાપ; તેજ; પરાક્રમ.

Potent, *a.* જોરાવર; જબરદસ્ત; કવી; બળવંત. 2 પરાક્રમી; પ્રતાપી; 3 આકરૂં; જલદ. 4 ગુણકારી; અસરકારક.

Potentate, *n.* પ્રતાપી-બલવાન રાજા; નૃપતિ; ભૂપાલ; શાનશાહ; બાદશાહ.

Potential, *a.* સંભવી; સંભવિત; હોઇ શકે એવું. 2 (વ્યાકરણમાં) શક્ય.

Potential mood, શક્યાર્થ; શક્યરૂપ.

Potherb, *n.* શાક ભાજી; ભાજીપાલા; તરકારી.

Potion, *n.* પીવાનું ઓસડ; કુઆત; કાહાવો; કવાત. [કડો; ઠીકરૂં.

Potsherd, *n.* ભાગેલાં વાસણનો ક-

Pottage, *n.* તરકારીમાં રાંધેલું ગોરા; ગોરા તરકારીનો સેરવો.

Potter, *n.* કુંભાર; ઓઝો; પ્રજાપતિ.

Pottery, *n.* કુંભારકામ; માટીનાં વાસણ. 2 કુંભારની વાસણો ઘડવાની જગ્યા; કુંભારવાડો.

Pouch, *n.* કોથળી; (a shot pouch) તોસદાન. 2 પક્ષીનાં ગળામાં જે કોથળી-ઝોલી જેવું હોયછે તે. 3 *v. t.* કોથલીમાં-ગજવામાં નાખવું. 4 ગળી જવું; ગટ્ટ કરવું.

Poulterer, *n.* મરઘાં બતકાં-મરઘાં કુકડાં વેચનાર; મુર્ગ ફરોશ.

Poultice, *n.* પોટીસ; લોપડી; લપડી. 2 *v. t.* પોટીસ બાંધવી-મૂકવી.

Poultry, *n.* મરઘાં બતકાં-કુકડાં.

Pounce, *n.* રેતી; રેત. 2 પંજો; ચુંગાલ. 3 *v. t.* તલપ-ચુંગાલ-ઝડપ મારવી; ઉછલી-તુટી પડવું; તલપવું.

Pouncebox, *n.* રેતદાની; રેતિયું; રજિયું; રેતીનો ખડીઓ.

Pound, *n.* રતલ. 2 ૨૦ શિલિંગ(૧૦ રૂપીઆ) ની કિંમતનો વેલાતી શિક્કો; પાઉન્દ. 3 રખડતાં જનાવરોને પકડી લઈ જઈ ગોંધી રાખવાની સરકારી જગા; વાડો; ડબું. 4 *v. t.* છુંદવું; વાટવું; ખાંડવું: -(rice) છડવું. 5 મારવું; ઠોકવું. 6 રખડતાં જનાવરોને પકડી લાવીને સરકારી વાડામાં ગોંધવાં.

Poundage, *n.* પકડી લઈ જઈ સરકારી વાડામાં ગોંધેલાં રખડતાં મળી આવેલાં જાનવરોની છોડામણી.

Pour, *v. t.* રેડવું; ઓતવું; નામવું; ધાર પાડવી. 2 *v. i.* બાહાર પડવું; નિકળવું. 3 ધાર છુટવી-ચાલવી.

Pout, *v. i.* ઓઠ ફરકાવીને-તોબરો-મોહોડું ચઢાવવું-ચઢાવીને બેસવું; ઘુમરાવવું. 2 આગળ-બહાર કહાડવું.

Poverty, *n.* ગરીબી; દરિદ્રતા; કંગાલી; હલાકી; તંગદસ્તી; મુફલિસિ; મફલૂકી.

Powder, *n.* ભૂકો; ચૂર્ણ; ભૂકી; ફાકી. 2 બંદુકનો દારૂ; બારૂત. 3 સુગંધિદાર ભૂકો (શરીર મ્હો ઉપર છાંટવાનો.) 4 *v. t.* ભૂકો કરવો; વાટવું. 5 ભૂકો છાંટવો-ભભરાવવો. 6 મીઠું ભભરાવવું; મીઠું દેવું; આથવું.

Powderflask, Powderhorn, n. બંદુકના દારૂની બતક-સીંધડી અથવા સુરાહી; બારૂતદાન.
Powdermagazine, n. દારૂખાનું.
Powder work, n. દારૂ કામ.
Powdery, a. ભગરૂં; ફુસકું; ભસરૂં. 2 ભૂકો ભભરાવેલું. 3 ભૂકાના જેવું; ખાખદાર.
Power, n. શક્તિ. 2 પ્રતાપ; ગુણ; જોર; બળ; કુવત. 3 સત્તા; અધિકાર; અમલ; હકુમત. 4 સરકાર. 5 ખુશ્કિ અથવા તરીનું લશ્કર. 6 હોશ; અક્કલ; બુદ્ધિ.
Powerful, a. શક્તિમાન; જોરાવર; જબરૂં; સમર્થ; બળકટ. 2 પરાક્રમી; પ્રતાપી. 3 ગુણકારક; ગુણકારી.
Powerless, a. અશક્ત; અસમર્થ; નાકુવત; નાતવાન.[અછબડા.2ટાંકી.
Pox, n. શીતળા; સહીઅડ; બળીઆ;
Practicable, a. થવા-કરવા-બનવા જોગ; બને-થઈશકેએવું; શક્ય; સુગમ. 2 જવાઈ અવાઈ શકે તેવો (રસ્તો.)
Practical, a. વ્યવાહારવિષેનું. 2 વ્યવાહારોપયોગી. 3 અભ્યાસ-અનુભવનું; અભ્યાસ-અનુભવ સિદ્ધ.[ભ્યાસથી.
Practically, ad. વ્યવહારમાં. 2 અ-
Practice, n. અભ્યાસ; રાબેતો; કસરત; મહાવરો. 2 કરવું તે; કર્મ; કૃતિ. 3 ચાલ; રીત; રેવાજ; રવૈયો; વ્યવહાર. 4 કળા; તાલમેલ; યુક્તિ. 5 હિસાબની એક સેહેલી-ટુકી રીત.

Practices, n. pl. ચાલ; વર્તણુક; આચરણ.
Practise, v. t. માહાવરો-રાબેતો-અભ્યાસ રાખવો; નિત્ય-હરહમેશ વાપરતા-કરતા રેહેવું-રહેવાની ટેવ રાખવી. 2 કરવું; ચલાવવું.[ભ્યાસવાળું.
Practised, a. ઘડાયલું; બોહળા અ-
Practitioner, n. ધંધો કરનાર-ચલાવનાર. 2 -(medical) વૈદ્ય; તબીબ; હકીમ. 3 -(legel) વકીલ.
Pragmatical, a. બીજાનાં કામકાજમાં અમસ્થો હાથ ઘાલે-માથું મારે એવું; અણબોલાવ્યું બોલ્યા કરે એવું; માથાંમારૂ.
Prairie, n. ઘાસવાળી બોલ્રી મોહોટી જમીન-મેદાન; બીડ; ગઢાણ.
Praise, n. સ્તુતિ; વખાણ; તારીફ; પ્રશંસા. 2 v. t. વખાણ-તારીફ-સ્તુતિ કરવી; વખાણવું; ગુણગાવા.
Praised, pp. a. વખાણેલું.
Praiseworthy, a. વખણાવાલાયક-જોગ; તારીફ લાયક; સ્તુત્ય.
Prance, v. i. નાચવું; કુદવું; ઉછળવું.
Prank, n. ચેટા; ચાળા; ચસકા.
Prate, n. બડબડ; ટાહેલું; ગપસપ; લવારી; લવલવ. 2 v. i. બકવું; લવવું; બકબક કરવી; બડબડવું.
Prattle, n. કલબલ; કિલકીલ; ટાહેલું; લવારૂં; લવારી. 2 v. i. ટાહેલું-બડબડ-બકવા-લવારૂં-કિલકોલ કરવી.

Prawn, *n.* કોળમી: ઝીંગું; છોઙ્કા.

Pray, *v. t.* પ્રાર્થના–વિનંતિ કરવી; ચાહાવું; કરગરવું; કરગરીને માગવું. 2 *v.i.* કાલાવાલા કરવા.3 ઈશ્વર–દેવ પ્રાર્થના–નિમાજ–બંદગી કરવી. *I pray,* કૃપા–મેહેરબાની કરીને. *Pray God that,* ખુદાકરેને.

Prayer, *n.* દેવની પ્રાર્થના; ભક્તિ; ઈબાદત; બંદગી. 2 પ્રાર્થના; વિનંતી; અર્જ.

Preach, *v. t.* & *v. i.* ધર્મ સંબંધી બાબદો ઉપર જાહેરમાં ભાષણ–વાએજ કરવી; ધર્મોપદેશ કરવો.

Preacher, *n.* વાએજ કરનાર; ધર્મોપદેશ કરનાર.2 ઉપદેશક;બોધકર્તા.

Preaching,*n.* ધર્મોપદેશ;વાજ;વાએજ

Preamble,*n.* દીબાચો; પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; ઉદ્દેશ; કાયદો બનાવવાનું કારણ તથા હેતુ જેમાં સમજાવેલાં હોય તે ભાગ.

Precarious, *a.* અનિશ્ચિત; સંદેહ ભરેલું; પારકે હાથ–પારકાને આધારે રહેલું–પડેલું; બીજાની ખુશી–મર્જી ઉપર આધાર રાખતું હોય એવું. 2 જોખમ–ભયની ધાસ્તીમાં આવી પડેલું; ક્યારે ને શું થશે તે કહી ન શકાએ એવીહાલતમાં પડેલું.

Precaution, *n.* આગળથી રાખેલી હોશિયારી–સાવચેતી. 2 અગાઉથી કરી રાખેલો ઉપાય–બંદોબસ્ત–તજવીજ; પૂર્વોપાય; આકીબત અંદેશી; દુરંદેશી.

Precautionary,*a.* અગાઉથી ચેતીને કરી રાખેલું;સાવચેતીવાળું;સાવધાનીનું.

Precede,*v. t.* આગળ–અગાડી–અગાઉ જવું–આવવું–હોવું–થવું–બનવું

Precedence, *n.* મુખ્યતા; વડાપણું. 2 પેહેલ; આગળ જવું–થવું–બનવું તે. 3 મ્હોટી–પેહેલી–મુખડાની જગાનો હક; અગ્રસ્થાનાધિકાર; અગ્રગણ્યતા. [ઉદાહરણ.

Precedent,*n.* બનેલીવાતનો દાખલો–

Precedent, *a.* આગલું; આગળનું;
Preceding, પૂર્વનું; પાછલું; ઉપલું.

Precept, *n.* આજ્ઞા; નિયમ; વિધિ; ફરમાન; કાનુન; હુકમ.

Preceptive,*a.* આજ્ઞા–વિધિરૂપ.2 જેમા ફરમાંન–હુકમ લખેલા હોય એવું

Preceptor, *n.* ઉસ્તાદ; ગુરૂ; શિક્ષક. (spiritual)આચાર્ય;ઉપદેશક; મુર્શીદ

Precession, *n.* આગળ જવું તે. 2 (જ્યોતિષમાં) વિષુવના બિંદુઓનું પુર્વથી પશ્ચિમ તરફ હલુહલુ પણ જારી ચાલવું–ખસવું થાએછે તે; અયનાંશ; વિષુવાયન.

Precinct, *n.* સીમા; હદ; સરહદ.

Precious, *a.* મહા–બહુ મુલ્ય; ઘણી કિમ્મતનું;કિમતી. 2 અમૂલ્ય; મૂલદાર; ઉત્કૃષ્ટ; ખાસું; ધનત્તર; તોફે; નાદિર. *Precious stone,* જોહર;ગોહર; જવાહીર; મણિ.

Precipice, *n.* કરાડ; ટેકરો; ઉતરણ; ઉતરતો સીધો ઢળાવ.

Precipitance, *n.* ઉતાવળ; ધાડધાડ; લેદોડ; સીતાબી.

Precipitate, *v. t.* }
Precipitation, *n.* } ઊંધે મસ્તક નાખવું; માથું જમીનતરફ કરીને ફેંકવું. 2 ઉતાવળી-જલદી કરવી. 3 તળિએ બેસાડવું-નાખવું. 4 *v. i.* તળીએ બેસવું; ઠરવું (રગડો.)

Precipitately, *ad.* ઘણીજ ઉતાવળથી; ઝંપલાવીને; શીતાબીથી.

Precipitous, *a* ઉભું; સિધું. 2 ઉતાવળિયું. 3 વગર વિચારનું; વગર વિચારે એકદમ કહેલું-કીધેલું.

Precise, *a.* {
Precisely, *ad.* { ચોકસ નક્કી; ખચીત. 2 બરોબર; ખરેખરૂં 3 ચિધું; ઘણીજ બારીકી ભરેલી રીતે વરતનાર.

Preciseness, }
Precision, } *n.* ખચિતપણું; ચોકસાઈ; તહકીકી. 2 તાજીમ તવાજો ને આદરસત્કારને માટે ઘણીજ બારીકી તથા ચોકસાઈથી તજવીજ રાખવી તે.

Preclude, *v t.* અટકાવવું; આડે આવવું; પ્રતિબંધ-અટકાવ કરવો; પથરો નાખવો; ખાળવું. [રોધ.

Preclusion, *n.* પ્રતિબંધ; અટકાવ;

Precocious, *a.* કાચી ઉમરનું છતાં પાકી સમજનું.

Preconceive, *v. t.* અગાઉથી સમજવું-મત બાંધવું.

Preconception, *n.* પૂર્વતર્ક-કલ્પના-ધારણા; અગાઉથી કરી રાખેલો વિચાર અથવા બાંધી રાખેલું મત; અગમચેતી.

Preconcerted, *a.* આગળથી ઠરાવેલું-ગોઠવેલું-મસલત કરી મૂકેલી; પૂર્વયોજિત.

Precursor, *n.* આગળ દોડનાર; પૂર્વ સૂચક; આવતા વખતમાં બનનાર બનાવ વિશે આગળથી થતી સૂચના-જણાવનારાં ચિન્હ; પૂર્વ ચિન્હ.

Predatory, *a.* લૂંટફાટ કરતું-ચલાવતું; લૂટારૂ.

Predecessor, *n.* માજી અધિકારી; થઈ ગયેલો-આગળનો અમલદાર.

Predestinate, *v. t.* અગાઉથી-આગળથી યોજી-નેમી-ઠરાવી રાખવું-મૂકવું.

Predestination, *n* આગળથી ઠરાવી-નિર્માણ કરી મૂકવું તે. 2 (*Theol.*) માણસમાત્રને હંમેશાગીનું સુખ અથવા દુઃખ મળવાની જે અગાઉથી ગોઠવણ કરી રાખેલી તે; તકદીર; છઠ્ઠીના લેખ.

Predetermination, *n.* અગાઉ-આગળથી કરી રાખેલો-મૂકેલો નિશ્ચય.

Predicament, *n* (તર્કશાસ્ત્રમાં) પદાર્થ; પ્રકૃતિ. 2 દશા; ગતિ; હાલહવાલ; દુર્ઘટ અવસ્થા; દુર્દશા.

Predicate, *n.* (તર્કશાસ્ત્રમાં) મંજુર અથવા નામંજુર રખાએલું હોય તે; વાક્ય. 2 *v. t.* બોલવું; કેહેવું; મંજુર રાખવું.

Predict, *v. t.* ભવિષ્ય કહેવું; અગમ બતલાવવું; અગમચેતી કરવી.

Prediction, *n.* ભવિષ્યકથન; ભવિષ્ય; અગમ; અગમચેતી; ફાલગએગગોઈ.

Predictor, *n.* ભવિષ્ય કેહેનાર; અગમચેતી બાંધનાર-કરનાર.

Predilection, *n.* લાગી ગયેલો શોખ; બાઝી ગયેલી પ્રીતિ; અસલનો ભાવ; રધબત.

Predispose, *v. t.* અગાઉથી સારો વિચાર બેસાડવો; પહેલાંથી વલણ કરાવવું. 2 આગળથી લાયક-તૈયાર-થઈ રહેવું-કરી મૂકવું.

Predominance, *n.* જોર; બળકટી; પ્રબળતા; પ્રધાનતા. [ધાન; ગલિબ.

Predominant, *a.* જોરનું; પ્રબળ; પ્ર-

Predominate, *v. i.* હકુમત-સત્તા-કુવતમાંસરસથવું;ગાલિબ કરવું-થવું

Pre eminence, *n.* શ્રેષ્ટતા;વર્ચસ; પ્રધાનતા; મુખ્યતા; સરસાઈ; સર્વોપરીપણું. [પરી.

Pre eminent, *a.* મુખ્ય; શ્રેષ્ઠ; સર્વો-

Pre engage. *v. t.* અગાઉથી ગોઠવણ-સરત કરીને બાંધીલેવું-રોકી રાખવું.

Pre engagement, *n.* અગાઉથી કીધેલી-બોલી-કરાર; આગળનો સંકેત.

Pre exist, *v. i.* કશાની-કોઈની અગાઉ થવું-હોવું.

Pre existence, *n.* પેશહસ્તી; પેહેલાંથી હોવું તે; કદામત.

Preface, *n.* પ્રસ્તાવના; દિબાચો. 2 *v. t.* પ્રસ્તાવના-દિબાચો કરવો-લખવો.

Prefatory, *a.* પ્રસ્તાવના રૂપ.

Prefect, *n.* કોટવાળ; નગરનો અધિકારી; સુબેદાર; સૂબો; સરદાર.

Prefer, *v. t.* } ગુજારવું; રજુ કરવું.
Preference, *n.* } 2 અધિક-વિશેષ-વધારે ચાહાવું-પસંદ કરવું; વધારે ગમવું-રૂચવું.

Preferable, *a.* વધારે પસંદ કરવા જોગ; વધારે ગમે-રૂચે એવું.

Prefix, *n.* ઉપસર્ગ; શબ્દને આરંભે જે અક્ષર અથવા બોલ જોડવામાં આવેછે અને જેથી મુળ અર્થમાં ફેર પડેછે તે અક્ષર અથવા શબ્દ. 2 *v. t.* આગળ-પેહેલાં-શુરૂઆતમાં-આરંભે મુકવું-જોડવું. 3 અગાઉથી ઠરાવવું-નક્કી કરવું.

Pregnancy, *n.* હમેલ; દાહાડા-મહીના રેહેવા તે; ગર્ભાધારણ; સગર્ભાવસ્થા; આધાન.

Pregnant, *a.* ગર્ભવતી; હમેલ-દહાડા-મહિના-બે જીવ વાલી; ભારેવાઈ; સગર્ભા.

Prejudge, *v. t.* ચોકસી-વિચાર કીધા વગરજ અગાઉથી નિવેડો કરી રાખવો.

Prejudice, *n.* તારસુખ; જોઈતી તલાસ ને ચોકસી કરવાના અગાઉ બનેલા કેટલાક બનાવો ઉપરથી કોઈની વિરૂદ્ધ અથવા તરફેણમાં આગળથી બાંધી રાખેલું મત; છીત; અંટસ. 2 નુકસાન; હરકત; હાનિ. 3 *v. t.* ઉતાવળા અને ખોટા ખ્યાલ-વિચાર ઉપરથી કોઈની વિરૂદ્ધ અથવા તરફેણમાં મત બાંધવું; કોઈને-કસા વિશે છીત હોવી-લાગવી.

Prejudicial, *a.* અપકારક; અંટસ ભરેલું; નુકસાનકારક; ધોકો પહોંચાડે એવું; જિયાંકાર.

Prelate, *n.* પાદરી.

Preliminary, *n.* કોઈ બાબતની શુરૂઆત કરવાની આગમચની વાત-વિષય; પેહેલું મંડાણ; પહેલાં કરવાનું કામ. 2 *a.* સુરૂઆત કરવાની આગમચની વાતને લગતું; મુળ આરંભને લગતું; પહેલાં કરવાનું.

Prelude, *n.* અલાપ; તાન-સુર, જે રાગ વગાડવાનો અથવા ગાવાનો હોય તેની પહેલાં તાન લેવાને અગીગમ પેલીગમ વગાડેલો અથવા ગાએલો રાગ; પૂર્વવાદન; પૂર્વગાન. 2 ચેહન આભાસ; નિશાણી; ચેતકાં.

Premature, *a.* વખતની આગમચ-અગાઉ પાકેલું; અકાલ પક્વ. 2 વખતની આગમચનું; બેવક્ત; અકાલ; અકાલિક. 3 ઉતાવલું. 4 અધુરૂં; કાચું; કાચે પાયાનું.

Prematurely, *ad.* કાચે પાયે; કવખતે; બહુ ઉતાવળે.

Premeditate, *v. t. & n. i.* આગળથી ગોઠવી-વિચાર કરી રાખવો.

Premeditated, *a.* આગળથી ગોઠવણ-વિચાર કરીને કીધેલું.

Premices, *n.* નવો ફાલ-ફલ.

Premier, *a.* પહેલું; મુખ્ય; વડું; પ્રધાન 2 *n.* મુખ્ય પ્રધાન; દીવાન; પેરાવા.

Premise, *v.t.* મુખ્ય બાબદની આગમચ ખોલાસા તરીકે બોલવું-લખવું.

Premises, *n.* (તર્કશાસ્ત્રમાં) પ્રતિજ્ઞા; પૂર્વપક્ષ; સાધન. 2 (કાયદામાં) અમલો ઘરબાર-માલ મિલકત-વતન વાડી, અને તેને લગતી સઘળી જગા.

Premium, *n.* મનડામણી. 2 બક્ષીસ; ઈનામ. 3 વ્યાજ.

Premonish, *v. t.* તાકીદ કરવી; પહેલાંથી-આગળથી કહી-જેતાવી રાખવું-શિકામણ દઈ રાખવી; નસીહત કરવી.

Premonition, *n.* પૂર્વ સૂચના; નસીહત.

Premonitory, *a.* પૂર્વ સૂચક; જે ઉ-

પરથી અગાઉથી ચેતવણી મળી શકે એવું.

Preoccupation, *n.*
Preoccupy, *v. t.* } કોઈ પોતાનાં સ્વાધિનમાં લે તેની આગમચલઈ–કબજ કરીલેવું

Preordain, *v. t.* આગળથી સ્થાપી–નેમી–નક્કી–મુકરર કરી મૂકવું.

Preparation, *n.* તૈયારી; તજવીજ; પેરવી; ત્રેવડ; (for a journey) સામગ્રી. 2 મેળવણી; ચુરણ; મેલવીને તૈયાર કરેલું ઓસડ.

Preparatory, *a.* તૈયારીનું; સીરૂઆતનું.

Prepare, *v. t.* તૈયાર–લાયક–કામમાં લેવાય તેવું કરવું–કરી મુકવું. 2 જોઇતી ચિજો–સામગ્રી તૈયાર કરી મૂકવી–રાખવી.

Prepay, *v. t.* અગાઉથી આપવું–ભરવું.

Prepense, *a.* આગળથી મનમાં ધાટ ગોઠવીને કીધેલું.

Preponderance, *n.* વધારે–વધતો–અધિક વજન; વજનનું જાસ્તીપણું.

Preponderate, *v. i.* વધારે ભારી–જડ–વજનદાર થવું.

Preposition, *n.* (વ્યાકરણમાં) ઉપસર્ગ; શબ્દયોગી અવ્યય.

Prepossess, *v. t.* આગળથી મન ખેંચી–વળાવી લેવું; આગળથી મનમાં સારો વિચાર બેસાડવો.

Prepossession, *n.* રગબત; આગમચથી બંધાઈ ગયલો સારો વિચાર.

Prepossessing, *a.* જોતાંવારજ ગમી આવે–વહાલું લાગે એવું.

Preposterous, *a.* અનુક્રમમાં ઉલટાયલું; પહેલાંનું છેલ્લું; ને છેલ્લાંનું પહેલું થયલું. 2 છેકજ બેવકુફી ભરેલું; બેહુદું; બેજા; અબતર.

Prerequisite, *n.* પહેલાંથી જોઇતી–જરૂર લાગતી ચિજ–બિના–બાબદ. 2 *a.* ધારેલી મતલબને સારૂ જે પેહેલાંથીજ કરવાની જરૂર હોય એવું.

Prerogative, *n.* ખાસ હક્ક; વિશેષસત્તા.

Presage, *n.* પૂર્વલક્ષણ–ચિન્હ; આગળથી દેખાતી નિશાણી; અગાહી.

Presbyter, *n.*
Presbyterian, } *n.* સ્કાટલંડનો પાદરી.

Presbytery, *n.* સ્કાટલંડના પાદરીઓનો ધર્મ.

Prescience, *n.* ભવિષ્યજ્ઞાન; ઇલમે ગાએબ; અગમ બુદ્ધિ; બસારત.

Prescient, *a.* ભવિષ્યજ્ઞાની; અગમજાણી.

Prescribe, *v. t.* રીત–ધોરણ બતાવવું–કહેવું–શિખવવું; ફરમાવવું. 2 ઔષધોપચાર કહેવો; નુસખો–ઓસડ લખી આપવું–બતલાવવું.

Prescription, *n.* નિયમ; નેમ. 2 ઓસડની યાદદાસ્ત; નુસખો; ઔષધવિધિ.

Prescriptive, *a.* પ્રાચીન ભોગવટાનું; અનાદિકાળથી મળેલું; જુના વહીવટનું; ઘણા વરસના કબજાનું.

Presence, *n.* હાજરી; મોજુદી.

2 રૂબરૂપણું; સામાપણું. *Presence of mind*, હોસ; ઓસાણ; સમયસુચકતા; શુધબુધ; શુદ્ધી.
Presence chamber, *n.* હજુર કચેરી; દિવાનખાનું; દિવાનેઆમ.
Present, *a.* હાજર; મોજુદ; રૂજુ. 2 ચાલતું; ચાલુ; હાલનું. 3 *n.* નજરાણું; સોગાત; નજર; ભેટ; ઈનામ; હદિયો. 4 (*pl.*) લેખ. 5 *v. t.* હાજર-રૂજુ કરવું; રૂબરૂમાં લાવીને ઉભુ કરવું. 6 ઓળખાવવું; ઓળખાણ કરાવવી. 7 દેખડાવવું; નજરે પાડવું. 8 બક્ષીસ કરવી; ભેટ-નજર-અર્પણ કરવું.
Presentation, *n* રૂજુ-હાજર કરવું તે. 2 મુલાકાત-ભેટ કરવી-કરાવવી તે 3 નજર કરવું-નજરાણુ આપવું તે. 4 રમી-કરી બતલાવવું તે; પ્રદર્શન.
Presently, *ad.* આ વખત; તુરત; અતરઘડી; હાલ; ઓચ્ચે. [જતન.
Preservation, *n.* રક્ષણ; બચાવ;
Preservative, *n.* રાખી-સાચવી-બચાવ કરી શકે-બગડવા ન દે એવી ચીજ-ઓજાર. 2 *a.* બચાવી-સાચવી શકે-બગડતું અટકાવે એવા ગુણ-શક્તિવાળું; રક્ષક.
Preserve, *n.* મીઠું દઈને-મસાલો ભરીને-સીરોપાઈને બનાવેલો ખાવાનો પદાર્થ; મુરબ્બો. 2 *v. t.* રક્ષણ કરવું; જાળવવું; બચાવવું; સલામત રાખવું; ઉગારવું. 3 બગડવા ન દેવું; આથીને અથવા સારી પાઈને જતનથી સમાલી રાખવું; મુરબ્બો કરવો; ન બગડતાં ઘણા દહાડા રહે તે સારૂ મીઠું દઈને અથવા મસાલો ભરીનેરાખવું.
Preserver, *n.* રાખનારૂં; તારનારૂં; ત્રાતા. 2 જતન કરનાર-રાખનાર.
Preside, *v. i.* મુખ્ય-પ્રમુખ દાખલ કારભાર ચલાવવો; પ્રમુખ થવું; સરનશીન-મુરબ્બી તરીકે બિરાજવું.
Presidency, *n.* પ્રમુખ-ઉપરીપણું. 2 સરનશીની; પ્રમુખતા; અધ્યક્ષતા. 3 ઈલાકો.
President, *n.* અધ્યક્ષ; પ્રમુખ; સરનશીન; ઉપરી; મુરબ્બી.
Press, *n.* દાબવા-ચાંપવા-સિકડવાનો સાંચો-યંત્ર; સિકચો. 2 છાપવાનો સાંચો; છાપયંત્ર; પ્રેસ. 3 છાપવાનો હુન્નર-કામ. 4 છાપખાનું; પ્રેસ. 5 છાપખાનામાંથી છપાઈ પ્રસિદ્ધ થતાં ચોપાનિયાં-ગ્રંથો-વર્ત્તમાન પત્રો વગેરે; છાપો. 6 સામાન વગેરેને જતનથી સંભાળી રાખવા સારૂ બનાવેલો લાકડાંનો ઉભો જે ઘાટ તે; કબાટ. 7 દાબી-ચાંપીને આગળ કહાડવું-નિકળવું તે. 8 જરૂરે; તાણ; ધમાલ; ઘણુંજ કામ; બારે રોકાણ. 9 ગરદી; ભીડ; ભી-

ડાબીડ. 10 *v. t.* દાબવું; ચાંપવું. 11 નિચોવવું; નિચવવું. 12 સુંવાળું- લીસું કરવા માટે સાંચા કે બીજા ઓજારથી દાબવું-ઘુંટવું. 13 સારી પેઠે આલિંગન કરવું; જોરથી ભેટવું; ભેટીને બાથડી-દાબી નાખવું; ગાઢાલિંગન કરવું. 14 બજીત થઈને-કાલાવાલા-આજીજી કરીને-કરગરીને-આપવું-કરાવવું; પ્રાણે-જબરીથી કરાવવું. 15 મન ઉપર અસર થાય તેમ ઠસાવવું; તેનું તેજ કહયાં કરવું; તેનું તેજ આગ્રહ કરયાં કરવું. 16 બજીત થવું; ઓહોસ કરવી. 17 *v. i.* દબાવું; ચંપાવું.

Pressing, *a.* ઉતાવળનું; તાકીદનું; ધાડાધાડનું. 2 અકળાવા ધભરાવા જેવું; ભીડાઈ જવાએ એવું. 3 બજીત થઈને બેસનારૂં. 4 આજીજી ભરેલું.

Pressure, *n.* ભાર; દાબ; જોર; દબાણ.

Prestige, *n.* મોહ; મોહિણી. 2 પ્રપંચ; ઢોંગ. 3 કોઈ કામમાં એકવાર ફતેહ મળવાથી ત્યારપછીના કામમાં પણ તેવીજ ફતેહ મળવાની આશા-હિમ્મત; એકવાર એક કામ સરંજામ ઉતરવાથી હવે પછીનાં બીજાં કામો પણ સરંજામ ઉતરશે એવી જે ઉમેદ તે. 4 આગળી વર્તણુક અથવા આચરણ ઉપરથી બેસેલો છાપ-વાગી રહેલો ડંકો.

Presume, *v. t.* અનુમાન-તર્ક કરવો; ગુમાન લાવવું. 2 *v. i.* છુટ લઈને-મર્યાદા મૂકીને-બેઅદબી કરીને બોલવું-ચાલવું-કરવું અથવા તેમ કરવાની હિમ્મત કરવી. 3 ફાંકો-તોર-અભિમાન રાખવું.

Presumption, *n.* શેખી; અભિમાન તોર. 2 ગુમાન; અટકળ; તર્ક; અનુમાન. 3 પાકો સંભવ; ઘણું કરીને બનશેજ એવી વકી. 4 ધિટાઈ; બેઅદબી.

Presumptive, *a.* અનુમાન-તર્કને આધારે ચલાવેલું-કબુલ રાખેલું ખ્યાલી; અટકલી.

Presumptuous, *a.* નાલાયક; બેઅદબ; અમર્યાદ. 2ગુમાની; બહુ તોરવાળું; ગુસ્તાખ; અભિમાની; મગરૂર-સેખી ભરેલું. [બાંધવો.

Presuppose, *v. t.* આગળથી તર્ક

Pretence, *n.* મશ; જુઠો સબબ; ખોટું બહાનું; નિમિત્ત; ખોતરૂં. 2ઢોંગ; ડોળ; મકર; ઢીલો. 3 ઉઠાવેલો-કીધેલો દાવો.

Pretend, *v. t.* ચરત-ઢોંગ કરવો; ડોળ ઘાલવું. 2 બહાનુ કાઢવું-કરવું; જુઠો સબબ દેખાડવો.3દાવો કરવો.

Pretender, *n.* ઢોંગી; ડોળ ઘાલનાર. 2 ખોટો દાવો કરનાર-ઉઠાવનાર;દાવાદાર.

Pretension, *n.* દાવો; હક. 2 હિંસો; મકરૂ; અભિમાન.

Preterite, *n.* ભૂતકાળ; જમાને માજી; ગુજરેલો વખ્ત.

Preternatural, *a.* વિલક્ષણ; કુદરત બહારનું; સૃષ્ટિના સાધારણ ક્રમથી જુદીજ રીત–તરેહનું; અદ્‌ભુત.

Preterperfect, *n.* પૂર્ણ ભૂતકાળ.

Preterpluperfect, *n.* પૂર્ણ ભૂતકાળની આગળનો કાળ–વખત.[બાહાનું.

Pretext, *n.* ઢોંગ. 2 ઓતરૂં; નિમિત્ત;

Prettiness, *n.* સોહામણાપણું; સુઘરાઈ.

Pretty, *a.* સારૂં ને સોહામણું; સુથરૂં; દેખાવડું; સુંદર; ખુબસુરત; ઘાટીલું; સારૂં પણ રૂપાળા ઘાટ ઘડમવાળું. 2 ફાંકડું; ફક્કડ; વરણાગિયું. 3તુચ્છ; ધિક્કારવા જોગ. 4 *ad.* થોડું ઘણું; ઠીક; મધ્યમ; ચાલી જાય એવી રીતે; કંઈક.

Prevail, *v. i.* ચાલવું; ચાલ–રીવાજ પામવો. 2 ગુણ–અસર થવી; લાગુ–સફળ થવું. 3 ફાવવું; જય પામવું. 4 સમજાવી મન ફેરવવું; મનાવવું.

Prevailing, *a.* ચાલુ; ચાલતું; પ્રચાર પામી ગયલું; ફેલાયલું. 2 બલ–જોર પકડી બેઠેલું. 3 લાગુ પડી ગયલું; અસર થયલી.

Prevalence, *n.* જોર; તાસીર; અસર; કાર્ય સાધકતા. 2 રિવાજ; ચાલ; પ્રચાર. 3 ફેલાવો; પ્રસાર.

Prevalent, *a.* See Prevailing.

Prevaricate, *v. i.* ગાંગાતલ્લાં કરવાં; યુક્તિથી ઉડાવવું; બોલીને ફરી જવું; પતળી જવું; ફેરવી તોલવું; જબાન બદલવી; ફેરફાર–બે મોઢે બોલવું.

Prevarication, *n.* ગાંગાતલ્લાં; ઉલટ પાલટ–બે મોઢે બોલવું તે.

Prevent, *v. t.* અટકાવવું; નિવારણ–બંદ–મના કરવું; ટાલવું; વારવું; રોકવું.

Prevention, *n.* અટકાવ; મનાઈ; થવા ન દેવું તે.

Preventive, *a.* અટકાવે–થવા નજ દે એવું. 2 *n.* રોગનો ગલબો અટકાવવાને અગાઉથી લીધેલું ઓસડ.

Previous, *a.* આગળ–અગાડી–પૂર્વનું.

Previously, *ad.* પૂર્વે; આગળ; અગાઉ.

Prey, *n.* શિકાર; પારધ. 2 ખવાઈ જવાનો પદાર્થ; ભક્ષ્ય. 3 લૂંટ. 4 નાશ; ખરાબી. 5 *v. i.* લૂંટવું. 6શિકાર કરવો. 7 (on or upon) ખાઈ નાખવું; ઢળી–જીરી જવું.

Price, *n.* કિમત; મુલ; ભાવ; દામ.

Price Current, *n.* ચાલુ ભાવનીનોંધ.

Priceless, *a.* અમૂલ્ય.

Prick, *n.* આર; પરાંણી; કાંટો. 2ખટકો; ખરખરો. 3 કાણું; વેહ. 4 *v. t.* ટોચવું; આર ભોંકવી; કોચવું. 5કાન ઉભું કરવું; જેમકે ઘોડા કરેછે તેમ.

Prickle, *n.* કાંટો; કંટક.

Prickly heat, *n.* અળાઈ.

Prickly pear *n.* થુવર; થુવેર; કંટાળિઆ થુવર.

Pride, *n.* ગર્વ; અભિમાન; અહંકાર; મગરૂરી; બિસની. 2 *v. t.* (one's self) અભિમાન રાખવું–ધરાવવું; મ્હોટાઈ માનવી–સમજવી.

Priest, *n.* પાદરી; ગુરૂ; પુજારો; મોબેદ; અંધ્યારૂ; ઉપાધ્યો. *a family priest*, ગોર; પુરોહિત; ઘરનો પંથગી.

Priestcraft, *n* ઉપાધ્યાયના દાવપેચ; ધર્માધિકારીઓની લુચ્ચાઈ; મોબેદોની કરામત–લાલમેલ.

Priestess, *n.* પૂજારી–રણ; ગોરાણી.

Priest hood, *n.* ઉપાધ્યાપણું; મોબેદી. 2 ઉપાધ્યા–મોબેદોની મંડળી.

Priestly, *a.* ઉપાધ્યાને લાએક–યોગ્ય. 2 ઉપાધ્યા–મોબેદ સંબંધી.

Prim, *a.* દરેક વાતમાં નિયમ–રીતસરજ ચાલનાર; ઘણુંજ ચોકસ–ચકોર; ઘણીજ બારીકી જોનાર.

Primage, *n.* કપતાનને નૂર ઉપરાંત મલતા વધુ પૈસા.

Primary, *a.* પહેલ વેહેલું; પહેલું; અવ્વલ; મુખ્ય. 2 આરંભ–મુળ–અસલનું; મુખ્ય.

Prime, *a.* અસલનું; પહેલું; આદિ. *Prime cost*, ખરીદ–મૂળ ભાવ. 2 પહેલા દરજ્જાનું; મુખ્ય. 3 અવ્વલનું; ઉત્તમ. 4 *n.* આરંભ; શિરૂઆત. 5 પરોઢીયું; પ્રાતઃકાળ; બામદાદ. 6 (of life) ભરજુવાની; જોબન. 7 (of anything) ભર; ઓન; પૂરબહાર. 8 ઉતમ ભાગ; સઉથી સરસ ભાગ; ઉત્તમાંશ. 9 *v. t.* રંજક ભરવી–પાંથરવી; સુરંગનો કાકડો મૂકવો.

Prime minister, *n.* મુખ્ય પ્રધાન; દીવાન.

Primer, *n.* બાલકની પ્રથમ પોથી.

Primeval, *a.* અસલ; મૂળ; કદીમ.

Primitive, *a.* પહેલાનું; પ્રથમનું. 2 અસલી; અસલના વારાનું. 3 સિદ્ધ; અસાધિત.

Primogenitor, *n.* આદ્ય–મૂળ પુરૂષ; વડીલબાપ.

Primogeniture, *n.* વડપણું; જ્યેષ્ઠપણું.

Prince, *n.* રાજા; બાદશાહ. 2 રાજપુત્ર–કુમાર; કુંવર; શાહજાદો.

Princely, *a.* રાજ સંબંધી. 2 રાજાને શોભે–છાજે તેવું; રાજાના જેવું. 3 રાજ કુટુંબનું; રાજકીય.

Prince's metal, *n* કાંસુ.

Princess, *n.* રાજકુમારી; રાજપુત્રી; શાહજાદી; રાજકન્યા. 2 રાણી; મલિકા.

Principal, *n.* સરદાર; મુખ્ય–વડું માણસ; આગેવાન. 2 મુદ્દલ; અસલ થાપણ. 3 જેણે ગુનાહ કરયો હોય તે પોતે. 4 ધણી; માલિક. 5 *a.* મુખ્ય; વડું.

Principality, *n.* રાજસત્તા. 2 શાહજાદાના અખતિયારમાં હોય એટલો મુલુક.

Principally, *ad.* ઘણું–મુખ્ય કરીને.

Principle, *n.* તત્વ; મુળતત્વ; સાર. 2 કારણ; હેતુ. 3 ગુણ; સ્વભાવ. 4 મુળ; બીજ. 5 ધોરણ; ધડો; વર્ત્તનનીતિ.

Print, *n.* છાપ; ઠસ્સો. 2 નકાશી; ચિત્ર; છબી. 3 વર્તમાન પત્ર; છાપો. 4 *v. t.* છાપવું; ઠસ્સો મારવો.

Printer, *n* છાપનાર; છાપગર.

Printing ink, *n.* છાપવાની શાહી.

Printing paper, *n.* છાપવાનાં કાગદ.

Printing press, *n.* છાપવાનો સાંચો.

Prior, *a.* આગળનું; પહેલું; પૂર્વનું.

Priority, *n.* આદ્યતા; અગ્રતા; પહેલવેહલી હસ્તી; પહેલાપણું.

Prism, *n.* જેમાથી તરેહવાર રંગો જણાયછે તે પાસાદાર કાચ–હીરો.

Prison, *n.* તુરૂંગ; કેદ–બંધિખાનું.

Prisoner, *n.* બંધિવાન; કેદી; બંધવો.

Pristine, *a.* મુળનું; અગાઉનું; અસલનું.

Privacy, *n.* એકાંત ઠેકાણું; ખલવત. 2 પડદેપોશી. 3 ગુપચુપી; છાનામાનાપણું.

Private, *a.* ખાનગી; ખાસ; ખાસગત. 2 એકાંત; છાનું. 3 ઘરગતુ; ઘરમાં કીધેલું–બનાવેલું. 4 સરકારી નોકરીમાં નહી એવું. 5 છાનું; છુપું; ગુપ્ત. 6 *n.* લશકરનો સિપાઇ.

Privately, *ad.* છુપી રીતે; ગુપ્તપણે; છાનામાના; ગુપચુપ. 2 ખાનગી રાહે–રીતે.

Privation, *n.* અન્નવસ્ત્રનો વાંખો; ખાધા પીધાની હલાકી; જફા; ફાકો; ચિથરે હાલ હાલત; ખાધાપિધાની તંગી; હાલસો.

Privative, *a.* ફાકો–તંગી પાડે એવું. 2 અભાવ સૂચક; નિહસ્તીવાળું.

Privilege, *n.* હક; અધિકાર. 2 *v. t.* હક પામવો. [છુપીરીતે.

Privily, *ad.* ગુપચુપ; ચોરી બદલે;

Privities, *n. pl.* નીતીની લાજ રાખી જે ભાગો ઢાંકેલા રાખવામાં આવેછે તે ભાગો; યોની; ઉપસ્થ; ગુહ્યસ્થાન; ગુહ્યાંગ.

Privy, *n.* સંડાસ; જાજરૂ; પાએખાનું; જાએ જરૂર; વાડો; કાંઠીયો. 2 *a.* છુપું; ચોરી છુપીનું–થી કીધેલું. 3 છાની વાતથી જાણીતું કીધેલું. 4 ખાનગી.

Prize, *n.* લડાઇની લૂટ. 2 બક્ષીસ; ઇનામ; સરપાવ. 3 સોડત. 4 *v. t.* કિમત–મૂલ ઠરાવવું. 5 ઉત્તમ માનવું; ભારી કિમતનું ગણવું; અજીજ સમજવું.

Prizefighting, *n.* શરતની કુસ્તી.

Pro and con, *n.* વાદ વિવાદ; તરફેણ તથા વિરૂદ્ધનુ જે કંઇ બોલવાનું હોય તે; બંને બાજુનું બોલવું.

Probability, *n.* સંભવ; સંભાવના; સંભવિતપણું; બનવા જોગ દેખાવ-હાલત; ડોળ.

Probable, *a.* બનવા જોગ; થવા જેવું; સંભવતું; સંભવિત; સંભાવ્ય.

Probably, *ad.* ઘણું કરીને; સોવસા.

Probate, *n.* મૃત્યુપત્રની સાબીતી; વસીયત નામાના ખરાપણાનો પુરાવો.

Probation, *n.* પરીક્ષા; અજમાયશ; તપાસ.

Probationary, *a.* અજમાએશી; પરીક્ષા સારૂ આપેલું-સોંપેલું.

Probationer, *n.* ઉમેદવાર; કસી-તપાસી જોવા રાખેલું માણસ.

Probe, *n.* ઘા કેટલો ઉંડો છે તે જોવાની સળી. 2 *v. t.* સળી મુકીને તપાસી જોવું. 3 બણખોદ કરીપુછવું.

Probity, *n.* ઈમાન; પ્રમાણીકપણું; મજબુત ઈમાનદારી; નેક નૈયત; નેકદાનતી.

Problem, *n.* સવાલ; પ્રશ્ન. 2 (તર્કશાસ્ત્રમાં) વિવાદ વિષય; તકરારી વાત. 3(ભૂમિતીમાં) કૃત્ય; સિદ્ધાંત.

Problematical, *a.* સંશય-વાંધા-શક-સંદેહ ભરેલું; અનિશ્ચિત.

Proboscis, *n.* સુંઢ; (હાથીની)

Procedure, *n.* ચાલ; ગતિ. 2 વ્યવહાર; વહીવટ; કામ ચલાવવાની રીત; પદ્ધતિ. 3 કામ; કરણી.

Proceed, *v. i.* ચાલવું; આગળ જવું. 2 પ્રવૃત થવું. 3 નિકળવું; આવવું; પડવું; ઉત્પન્ન થવું. *Proceed with,* ચલાવવું(મુકદ્દમો) *Proceed against* ફરિયાદ કરવી-માડવી.

Proceeding, *n.* કામ; કૃત્ય; વાત; ચાલચલણ. 2 મુકદમો; મામલો; મુકદમાને લગતાં કાગળપત્ર.

Proceeds, *n. pl.* આમ્દેપત; ઉપજ; વકરો; વેચાણથી ઉપજેલી કિંમત.

Process, *n.* ગતિ; ચાલ. 2 ક્રિયા; સંસ્કાર. 3 ક્રમ. 4 મામલો; મુકદ્દમો.

Procession, *n.* ગતિ; ગમન; ચાલવું તે. 2 વરઘોડો; સામૈયો. 3 યાત્રા; જાત્રા.

Proclaim, *v. t.* ડાંડી પીટવી; થાલી ફેરવવી; ઢંઢેરો ફેરવવો. 2 જાહેર-પ્રસિદ્ધ-મશહુર કરવું; ડંકો વગાડવો; લોક જાણે એવું કરવું.

Proclamation, *n.* ડાંડી; થાલી; ઢંઢેરો; મનાદી. 2 જાહેર નામું.

Proclivity, *n.* મનનું વલણ.

Procrastinate, *v. t.* }
Procrastination, *n.* } વખત ગાળવો; વિલમ લગાડવો; આજકાલ ઉપર નાખ્યા કરવું; ટાલમટોલ; ટાલમટાલ; ઢીલ; વાર

Procreate, *v. t.* ઉત્પન્ન-ઉત્પતિ કરવી; જન્મ આપવો; જન્માવવું.

Proctor, *n.* વકીલ; મુખત્યાર.

Procumbent, *a.* ઊંધું; મોહોડું નીચે હોય તે રીતે-ઊંધે મ્હોડે પડેલું.

Procurable, *a.* મળવા-પ્રાપ્ત થવાજોગું; પ્રાપ્ય; લભ્ય. *Easily procurable*, સુલભ્ય; સુપ્રાપ્ય.

Procure, *v. t.* મેળવવું; સંપાદન કરવું. 2 મેળવી આપવું; અપાવવું. 3 બનાવવું; બને-થાય એવો ઘાટ ઘડવો-ઉતારવો; સાધવું; કરવું. 4 *v. i.* કુટણપણું-ભડવાઈ કરવી.

Procurer, *n.* મેળવનાર; સંપાદન-પેદા કરનાર. 2 કુટણો; ભડવો.

Procuress, *n.* કુટણી; ભડવી; દદા.

Prodigal, *n. & a.* ઉડાઉ; લખલૂટ; બહુ ખરચાળ.

Prodigality, *n.* ઉડાઉપણું; બેસુમાર ખરચ.

Prodigious, *a.* વિલક્ષણ; ચમત્કારિક; નવાઈ-તાજુબ જેવું. 2 ઘણું મ્હોટું; જબરૂં; અડાબીડ.

Prodigy, *n.* ચમત્કાર; અદભુત બનાવ.

Produce, *n.* ઉત્પન્ન; નિપજ; ઉપજ; પાક; પેદાશ. 2 *v. t.* બાહાર કાઢવું; નજર સામું મૂકવું; હાજર-રજુ-મોજુદ કરવું. 3 ઉપજવું; ઉત્પન્ન કરવું; પેદા થવું. 4 કરાવવું; ઉત્પન્ન કરવું. 5 વધારવું; લંબાવવું.

Production, *n.* જન્મ; પેદાશ; ઉત્પત્તિ. 2 ઉપજ; નિપજ; ફળ. 3 કીધેલું કામ-વસ્તુ.

Product, *n.* ઉપજ; ઉત્પન્ન. (ગણિતમાં) ગુણાકાર; ફળ.

Productive, *a.* ફળ મળે એવું; પ્રાપ્તિકારક. 2 ઉત્પન્ન કરનારૂં; ઉત્પન્ન કરે એવું. 3 ફળવંત; માતબર.

Profane, *a.* દેવ-ધર્મ નિંદક; ધર્મ ભ્રષ્ટ. 2 સંસારીક; પ્રપંચીક; દુનિયાદારીનું. 3 અપવિત્ર; નાપાક. 4 નાપાક-અપવિત્ર-ભ્રષ્ટ-દુષિત કરવું; અભડાવવું; વટાળવું.

Profanity, *n.* ધર્મ નિંદા; બેદીની. 2 ઇશ્વર-દેવ નિંદા.

Profess, *v. t.* ખુલ્લી રીતે બોલવું-બોલી દેખાડવું; મોહોડે કબુલ કરવું; સ્વીકારવું. 2 ઢોંગ-દાવો કરવો. 3 (an art or business) ધંધો-ઉદ્યોગ-વેપાર કરવો. 4 (one's self) હોશિયારી-પંડીતાઈનું ડાળ ઘાલવું; પોતે ફલાણો ફલાણો છે એમ ડંબર દેખાડવું.

Professedly, *ad.* પ્રતિજ્ઞા પૂર્વક; ખુલ્લી રીતે; ગાઇ બજાવીને; જાહેરાત.

Profession, *n.* ખુલ્લી-ઉઘાડી રીતે કહેવું-બોલવું-કબુલ કરવું તે. 2 ધંધો; રોજગાર; પેશો. 3 એકજ વર્ગના ધંધાદારીઓ.

Professional, *a.* ઉદ્યોગનું; ધંધાનું; 2 ધંધામાં પડેલું; ધંધાજ લઈ-માંડી બેઠેલું.

Professor, *n.* વિદ્યાગુરૂ; શિક્ષાગુરૂ; ગુરૂ; ઉસ્તાદ; પ્રોફેસર.

Proffer, *n. & v. t.* આપવા-અરપણ કરવાને કાહાડવું; આપવા માગવું; આપવાનું કહેવું.

Proficiency, *n.* પ્રવીણતા; નિપુણતા; ઉસ્તાદી; નૈપુણ્ય; હોશિયારી; ખબરદારી.
Proficient, *a.* નિપુણ; પ્રવીણ; કામેલ; હોશિયાર; ઉસ્તાદ; માહિર.
Profile, *n.* તસ્વીરે એક ચશ્મી; એક બાજુનું ચિત્ર; નીમ રૂ.
Profit, *n.* નફો; લાભ; કિફાયત; ફાયદો; હાંશીલ. 2 *v. t.* કોઈના ઉપયોગમાં આવવું; કોઇને મદદ કરવી; સારૂં-ફાયદાનું કામ કરવું; લાભ-ફાયદો કરવો. 3 *v. i.* નફો-લાભ-ફાયદો થવો. 4 કામ લાગવું.
Profitable, *a.* કિફાયત પડતું-વાર; ફાયદેમંદ; કિફાયતી; નફા ભરેલું. 2 ઉપયોગી; હિતકારક.
Profligacy, *n.* લુચ્ચાઈ; સોદાઈ; બદફેલી; બદકારી.
Profligate, *a.* & *n.* દુરાચરણી; વ્યસની; લફંગું; સોદું; નાગું; બદકાર.
Profound, *a.* ઘણું ઊંડું. 2 બહુ નમી-વાંકા વલીને કીધેલું. 3 ઘણુંજ; અત્યંત. 4 બહુ ઊંડાણમાં ઉતરીને-પેસીને કીધેલું. 5 છુપાઈ રહેલા..ગુણવાળું; છુપું; ગૂઢ.
Profoundness, } *n.* ઘણું ઊંડાણ.
Profundity, } 2 પ્રવીણતા; કમાલીયત, કામેલીઅત. 3 ગાંભીર્ય; ગંભીરતા. [હાથનું છુટું; પોતાળ.
Profuse, *a.* ઉડાઉ; બહુ ખરચાળું;
Profusely, *ad.* ઉડાઉપણાથી. [ઉપજું.
Profusion, *n.* રેલછેલ; છોળ. 2 ઉડા-
Progenitor, *n.* કુલપુરૂષ; કુલપતિ; વડાવો; વડીળ; પૂર્વજ.
Progeny, *n.* સંતાન; સંતતિ; અપત્ય; છૈયાં છોકરાં; ઓલાદ; પ્રજા; વસ્તાર.
Prognosis, *n.* (વૈદ્યકમાં) કેટલાંક ચોકસ લક્ષણો ઉપરથી રોગ-દરદની હાલત અથવા વધઘટ વિશે પિછાન થઈ શકવી તે; રોગની પારખ-સમજ-પરીક્ષા; ચિકિત્સા.
Prognostic, *n.* પૂર્વલક્ષણ; શગણ; હવે પછે બનવાની વાત આગળથી જણાય એવી નિશાણી; પૂર્વ ચિન્હ. 2 *a.* પૂર્વ-ભવિષ્ય સુચક.
Prognosticate, *v. t.* ભવિષ્ય કહેવું; ભવિષ્ય સુચવવું; ભાવી કહેવું.
Prognostication, *n.* ભવિષ્ય સૂચન; અગાહી.
Prognosticator, *n.* ભવિષ્ય સૂચક.
Programme, *n.* આગળથી વીગત-બાબદ લખી કાહાડેલું પત્ર; વ્યવસ્થા પત્રી.
Progress, *n.* આગળ ચાલવું તે. 2 વધવું તે; વૃદ્ધિ; વધારો. 3 *v. i.* આગળ ચાલવું-વધવું. 4 ચડતાં થવું; સુધરતાં જવું.
Progression, *n.* આગળ ચાલવું-વધવું તે; વૃદ્ધિ; વધારો. 2 ક્રમ; ગતિ. 3 (ગણિત) શ્રેઢી.

Progressive, *a.* આગળ વધતું-ચાલતું. 2 ચઢતું-સુધરતું જતું.

Prohibit, *v. t.* મના કરવું; વારવું; અટકાવવું; મનાઈ-બંધી કરવી.

Prohibition, *n.* મનાઈ; બંધી.

Prohibitory, *a* અટકાવ થાય એવું. 2 બંધી-મનાઈનું; નિષેધક.

Project, *n.* કલ્પના; યુક્તિ; ઘાટ. 2 ખુણો; તુક્કો. 3 *v. t.* ફેંકવું; નાખવું; પાડવું, જેમકે ઓરો-છાંયો. 4 યોજના-કલ્પના કરવી. 5 *v. i.* બહાર નિકળી આવવું; ઝુલાવું; આગળ તણાઈ આવવું; જેમકે કોઈ ખુણું-ઈમારતનો ભાગ.

Projectile, *a.* ફેંકનારૂં; આગળ ઢકેલી આપે એવું; પાછળથી હડસેલી આપનારૂં.

Projection, *n.* ઝોંક; આગળ પડતો-બાહારનિકળી-ઝુલાઈ આવેલો ભાગ.

Projector, *n.* યોજક; કલ્પક; યોજના-કલ્પના કરનાર. 2 તુક્કા કાઢનાર.

Prolegomena,*n. pl.* પૂર્વપીઠિકા; મૂળ પીઠિકા; પુસ્તક વગેરેની શુરૂઆતમાં કીધેલી ટીકા-ખુલાસો.

Prolific, *a.* ફળવંત; પ્રસવશીલ; બહુફળ; ઘણાં છોકરાં-બચ્ચાં જણવા અથવા ફળ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવતું, જેમકે A *prolific* female, a *prolific* tree.

Prolix, *a.* ઘણું લાંબું; કંટાળા ભરૂલું; અતિવિસ્તૃત.

Prolixity, *n.* વિસ્તાર; ઘણું લંબાણ; તુલોતવીલી.

Prologue, *n.* નાટકને પ્રારંભે નાટકના સારની સુચના કરનારી ટુંકી કવિતા; નાન્દી; પૂર્વરંગ; પ્રવેશક.

Prolong, *v. t.* લંબાવવું; લાંબું કરવું; વિસ્તારવું.

Prolongation, *n.* લાંબું કરવું તે.

Promenade, *n.* ફરવા-ચાલવાની કસરત. 2 ફરવા હરવાની-સેર કરવાની જગા; ફરવાનું મેદાન.

Prominence, *n.* બહાર નિકળી-ઉભરાઈ-ઊંચકાઈ-ઉપસાઈ આવેલો ભાગ. 2 વિશેષતા; મ્હોટપણ; પ્રધાનતા.

Prominent, *a.* આગળ-બહાર નિકળી-ઉભરાઇ-ઉપસાઈ આવેલું. 2 મુખ્ય; ઉત્કૃષ્ટ. 3 See Conspicuous.

Promiscuous, *a.* ભેળસેળ; આમેળ; એક સામટું; 2 વ્યવસ્થા રહિત; ભેલંભેળાવાળું; તાળા વગરનું.

Promiscuously, *ad.* ભેતતંબ; સથર પથર; અવ્યવસ્થિત.

Promise, *n.* વચન; કબૂલાત; બોલી; કોલ; પયમાન. 2 આશા; ઉમેદ. 3 *v. t.* વચન-કોલ આપવો; બોલી-કરાર કરવો. 4 આશા બાંધવાને કારણ આપવું. *To fulfil a Promise,* વચન પાલવો.

Promising, *ppr.* વચન આપતું; બો-

લી કરવું. 2 *a.* સારી આશા બાંધવાને વાજબી કારણ આપે એવું; આગળ જતે સારૂં નિકળે એવું.

Promissory, *a.* જેમાં વચન હોય એવું; વચન આપેલું. 2 (note) હાથની લખી આપેલી ચિઠ્ઠી; જેનું નામ લખ્યું હોય તેને ને જે વખત ઠરાવ્યો હોય તે વખતે નાણાની અમુક રકમ આપવી જોઇએ એવી કબુલાતની લખી આપેલી ચિઠ્ઠી; પ્રામીસરી નોટ.

Promontory, *n.* ભૂશાલાકા; ભૂશિર.

Promote, *v. t.* વધારવું; હિમાએત કરવી. 2 મોટી પદ્વિએ—દરજ્જે ચઢાવવું; સરફરાજ કરવું.

Promoter, *n.* વધારનાર; હિમાએતી. 2 સરફરાજ કરનાર.

Promotion, *n.* સાહાય; પુસ્તપન્હા; પુષ્ટિ; વધારો. 2 સરફરાજી; મોહોટી પદ્વિએ—દરજ્જે ચઢાવવું.તે.

Prompt, *a.* તાકીદનું; શિતાબ; તૈયાર; ચાલાક; જલદ. 2 રોકડું; ચોખ્ખું; તાબડતોબ; તુરત. 3 *v. t.* યાદ દેવડાવવી; સૂચના—એસારો કરવો; ઉસકેરવું.

Prompter, *n.* ઉસ્કેરનાર; કરાવનાર. 2 સૂચક; એસારો કરનાર.

Promptitude, } *n.* તાકીદ; શિતાબી; Promptness, } ઝડપ. 2 હર્ષ; આનંદ; ઉલ્લાસ. 3 ચંચલાઈ; ચબરાકી.

Promptly, *ad.* તેજીથી; ચાલાકીથી; ઝડપથી; હોંસ—ઉલટથી.

Promulgate, *v. t.* જાહેર—પ્રસિદ્ધ—આગરાસ કરવું:પ્રવર્તાવવું; ફેલાવવું.

Prone, *a.* ઊંધે મોહોડે—ઊંધે મસ્તકે પડેલું. 2ઢોળાવ આપેલું;નીચી ઢાળવાળું. 3મન લાગેલું—ઈછા થયલું હોયએવું; સ્વભાવનું.

Prong, *n.* કાંટો. 2 દાંતો; શૂલ.

Pronominal, *a.* સર્વ નામનું; સર્વનામ સંબંધી—વિષયક—રૂપ; સાર્વનામિક.

Pronoun, *n.* (વ્યાકરણમાં)સર્વનામ.

Pronounce, *v. t.* ઉચ્ચારવું; બોલવું; ઉચ્ચાર કરવો. 2 કહી સંભળાવવું. 3 અચિતાઈથી—નિશ્ચય પૂર્વક કેહેવું—બોલવું.

Pronunciation, *n.* ઉચ્ચાર.

Proof *n.* ઇમ્તહાન; અજમાએશ; કસોટી; પરીક્ષા. 2 પ્રમાણ; દાખલો; પુરવાઈ; સાબીતી; દલીલ; શાંહાદત; ગવાહી; પુરાવો. 3 પુરવાર—સિદ્ધ કરવુંતે; સિદ્ધકરણ. 4 (હસાબમાં) તાળો મેળવવો તે; તાળો. 5 અપ્રવેશ્યતા; અભેદ્યતા; જેમાં કંઇ પેશી—પેવસ થઇ—જઇ શકે નહી એવો ગુણ. 6 છાપવા ધારેલી કોઈ બાબદનો સુધારવા માટે કાહાડેલો મસવદો—પ્રુફ

Prop, *n.* ટેકો; ટેકાવ; ટેકણ; આધાર; તીર; અધિષ્ઠાન. 2 *v. t.* ટેકા—તીર—આધાર આપવો;ટેકાવી—તાળીરાખવું.

Propagate, *v. t.* પેઢી દર પેઢી વધા- ર્યા–ઉત્પન્ન–પેદા કર્યાં જવં: વંશ–વ- સ્તાર–વેલા વધારવો. 2 ફેલાવવું: વ- ધારવું:પ્રસારવું:ફેલાવો–પ્રસાર કરવો.

Propagation. *n.* પેઢી દરપેઢી વધાર્યા કરવું તે: વંશવૃદ્ધિ: વંશવિસ્તાર. 2 ફે- લાવો: વિસ્તાર: પ્રસાર.

Propagator, *n.* પેઢી દર પેઢી પોતાની ઓલાદ વધાર્યા કરનાર: વંશવર્દ્ધક. 2 ફેલાવો કરનાર; પ્રસારક.

Propel, *v t.* આગળ ચલાવવું–દોડાવ- વું; ઠેલવું; હડસેલી આગળ ચલાવવું.

Propense, *a* ઝોક આવેલું; વલણ પકડેલું; રૂચવાળું: મનવળેલું.

Propensity, *n.* ઝોક; મનનું વલણ; ઇચ્છા; કલ; લેહ: વાસના; પ્રવૃત્તિ

Proper, *a.* આરાગત; ખુદ; નિજ, પોતાનું; આત્મ; પોતીકું. 2 યોગ્ય; ઉચિત: લાયક; રવા; ઠીક: વાજબી; સજાવાર; મુનાસીબ; જોઈએ તેવું.

A proper name, વિશેષનામ.

Properly, *ad.* યથાયોગ્ય; બરાબર; સારી રીતે. 2 બારીકીથી જોતાં.

Property, *n* ગુણ; ખાસિયત; ધર્મ; સિફત; ખાસલત; સ્વભાવ; ખવાસ. 2 ધણીપણું; માલેકી. 3 માલ મતા; માલ મિલકત; ધન.

Prophecy, *n.* આગમ; અગમચેતા; ભવિષ્ય કેહેવું તે:ભાવી:ભવિષ્યકથન.

Prophesy. *v. t.* ભાવી–ભવિષ્ય કહેવું; અગમચેતી કરવી; અગાઉથી કહેવું.

Prophet, *n.* ભવિષ્ય કેહેનાર; ભવિષ્ય વકતા. 2 પેગમબર; પયમબર; નબી.

Prophetic, *a.* ભવિષ્ય સૂચક–દર્શક.

Propitiate, *v. t.* આરાધવું; પ્રસન– અનુકૂળ–પોતાની તરફ કરી લેવું; ગુસ્સો મૂકાવી મેહેરબાની મેળવી લેવી

Propitiation, *n.* આરાધના; જેને દુઃખ–માઠું લાગ્યું હોય તેને સમજાવી તેનો ગુસ્સો નરમ પાડી અથવા તેનું મન માનવી તેને પોતાની તરફ– અનુકૂળ કરી લેવું તે; આરાધન.

Propitiatory, *a.* મનાવવાનું;શાંતિનું.

Propitious, *a.* પ્રસન્ન; અનુકૂળ; મે- હેરબાન. 2 શુભ; શુભકારી; ધાર- જણી; પાંસરૂં: પાધરૂં પડે એવું; ઇષ્ટ; બામુરાદ. 3 પાપની માફી બક્ષીને મેહેરબાની–કૃપા કરવાનું જેનું મન થયું હોય એવું (ઈશ્વર).

Proportion, *n* પ્રમાણ; પરિમાણ. 2 (ગણિતમાં) ત્રૈરાશિક. 3 અંદાજ; અંગપરિપૂર્ણતા; મવાફકત; મુનાસ- બત. 4 ફાળો; સરખો હિસ્સો–ભાગ. 5 *v. t.* પ્રમાણમાં–પ્રમાણ મુજબ કરવું; પ્રમાણ રાખવું; લાયક રીતે બેસતું આવે–મેળ મળે તેમ રાખવું– કરવું–ગોઠવવું.

Proportional, Proportionate, *a.* પ્રમાણનું: પ્રમાણમાં; સમતોળ; પ્ર- માણ પ્રમાણેનું; પ્રમાણસર–શુદ્ધ.

Proposal, *n.* કર્ત્તવ્યસૂચના; આગળ

શું કરવાનું તે વિશે સૂચના; દરખાસ્ત-(-for marriage &c.) વસટાણું.

Propose, *v. t.* સૂચના-દરખાસ્ત કરવી; કેહેવું; આગળ-સામે લાવવું-મુકવું-કરવું. 2 *v. i.* ધારવું; વિચારવું.

Proposition, *n.* (તર્કશાસ્ત્રમાં) પ્રતિજ્ઞા; પૂર્વપક્ષ. 2 (ગણિતમાં) સિદ્ધાંત. 3 દરખાસ્ત; કેહેવું તે.

Propound, *v. t.* કેહેવું; દરખાસ્ત કરવી; આગળ ધરવું; મેદાન મુકવું.

Proprietor, *n.* માલિક; ધણીઃસ્વામી.

Proprietorship, *n* માલેકી; ધણીપણું; સત્તા; સ્વામીત્વ.

Propriety, *n.* યોગ્યતા; દુરૂસ્તી; રાઇસ્તગી; લિયાકત; મુનાસબત.

Prorogue, *v. t.* લાંબા દહાડા-મુદત ઉપર મુલતવી રાખવું-નાખવું.

Prosaic, *a.* ગદ્યરૂપ; સાદી ઇબારતના જેવું; જેમાં કવિતા-છંદ નહીં હોય એવું; નસરી. 2 રસ-મઝા વગરનું; ફિક્કું; નીરસ.

Proscribe, *v t.* પાયામાલ થઇ જાએ એવી હાલતમાં નાખવું. 2 રાજના રક્ષણથી દૂર કરવું; કાયદાથી બચાવ મળે નહી એમ કરવું. 3 અયોગ્ય-અપાત્ર-દુષ્ટ-નિંદિત ઠરાવીને રદ કરવું.

Prose, *n.* નસર; ગદ્ય; કવિતાના નિયમ વગરનું સાદું લખાણ-ઇબારત

Prosecute, *v. t.* પુઠ પકડવી; પુઠે લાગવું; પિછો ધરવો. 2 આગળ ચલાવવું; ચાલુ રાખવું. 3 ફરિયાદી માંડવી; દાવો કરવો; કામ ચલાવવું; કોરટમાં ઘસડવું.

Prosecution, *n.* પુઠ પકડવી-પાછળ લાગવું તે. 2 આગળ-ચાલુ રાખવું તે. 3 ફરિયાદી; દાવો; મુકરદમો. 4 ફોજદારીમાં ઘસડવું-કામ ચલાવવું તે; ફોજદારી.

Prosecutor, *n.* પુઠે લાગનાર; પિછો ધરનાર. 2 આગળ ચલાવનાર. 3 ફરિયાદી; મુદઇ; વાદી. 4 ફોજદારીમાં કામચલાવનાર-ઘસડનાર. *Public prosecutor*, ગુન્હા કરનારાઓ ઉપર સરકાર તરફથી ફોજદારીમાં કામ ચલાવનાર; સરકારી વકીલ.

Proselyte, *n.* પારકા ધરમમાં ગયલું માણસ; પોતાનો ધર્મ છોડી બીજામાં જનાર.

Proselytism, *n.* નવા-પારકા ધર્મમાં લાવવું તે; બીજો ધર્મ-માર્ગ-મત અખત્યાર કરાવવો તે.

Prosody, *n.* પિંગળ; છંદશાસ્ત્ર; કવિતા રચના; કાવ્યશાસ્ત્ર; નજમનું મીઝાન.

Prospect, *n.* એકી વખતે આંખે દેખાઇ આવતો ભાગ-પ્રદેશ. 2 આશા; આગળ જતે શું થશે તે વિશે ધારવું તે; અગાઉથી રાખેલી ધારણા.

Prospective, *a.* હવે પછીના કાળ વિશેનું; આવતા વખત સાથે સંબંધ રાખતું.

Prospectus, *n.* મદેનજર; કર્ત્તવ્ય પ્રસિદ્ધિ પત્ર; કોઇ ગ્રંથ પ્રગટ કરવાને લગતી વીગતવાર જાહેરખબર.

Prosper, *v. t.* પાર પાડવું-ઉતારવું; સફળ-સાર્થક-ફળદ્રુપ-ફતેહમંદ કરવું. 2 *v.i.* ફાવવું;જીતવું;ફતેહ થવી. 3 ચઢતી કળા-દશા થવી; આબાદીમાં હોવું.

Prosperity, *n.* બખતાવરી; ચઢતી કળા-દશા; બોલબાલા; આબાદી; આબાદાની; ઉત્કર્ષ; સાદતમંદી.

Prosperous, *a.* બધી વાતે સુખી; બખતાવર; યશસ્વી; ચઢતી કળાનું; આબાદ; આબાદાન; સાદતમંદ.

Prostitute, *n.* કસબણ; કસબાતેણ; વેશ્યા. 2 પૈસાની લાલચે ગમે તેવું નીચ કામ કરનાર.

Prostitution, *n.* કસબ; વેશ્યા-કસબણનો પેશો; છિનાલું; વેશ્યાવૃત્તિ.

Prostrate, *a.* જમીનદોસ્ત થયલું; લાંબું થઈ જમીન ઉપર પડેલું. 2 સાષ્ટાંગનમસ્કાર કીધેલું; લાંબા જમીન ઉપર પડી નમસ્કાર કીધેલું. 3 છેક શક્તિ ખુટી પડેલું; છેક નિર્ગત-લોથપોત થયલું; ઢગલો થઇ પડેલું. 4 *v. t.* જમીનદોસ્ત-ભોંયબરાબર કરવું; સુવાડી દેવું; જમીન ઉપર લાંબું નાખવું. 5 સાષ્ટાંગ-અખુંશરીર જમીન ઉપર નાખી નમસ્કાર કરવો; દંડવત કરવું. 6 વેરાન-પાએમાલ કરવું; ધૂળ મેળવવું; ઊંધું વાળવું. 7 છેક નિર્ગત-લોથપોત કરી નાખવું.

Prostration, *n.* જમીનદોસ્ત કરવું તે. 2 સાષ્ટાંગ નમસ્કાર; દંડવત;ચરણ પતન. 3 શરીરની શક્તિ છેક પડી ભાગવી તે; નાકુવતી.

Prosy, *a.* ગદ્યના જેવું; ગદ્યરૂપ. 2 રસ-મઝા વગરનું; કંટાળા ભરેલું.

Protect, *v. t.* રાખવું; બચાવવું; રક્ષણ કરવું; સંભાળવું; સ્હાયાતળે રાખવું.

Protection, *n.* સંભાળ;બચાવ;રક્ષણ; મુહાફજત; નિગાહબાની; હિફાઝત. 2 આશ્રો; છત્ર; હિમાયત; પનાહ; સાહયો.

Protector, *n.* બચાવનાર; દસ્તગીર; સંરક્ષક; નગેબાન; મુરબ્બી.

Protege, *n.* જેને કોઇનો આશ્રો-આથ છે એવું માણસ; સાહયનિશીન.

Protest, *n.* પ્રતિજ્ઞાપૂર્વક ભાષણ; કોઇએ કરવા ધારેલી કંઇ વાત-બાબદમાં ધધડાવીને સામા પડવું તે વિરૂદ્ધમત; સમ્મતિ-અનંગીકાર લખ; પ્રોટેસ્ટ. 2 *v. i.* પ્રોટેસ્ટ કરવો.

Protestant, *n.* રોમન કયાથોલિક પંથ-મતની વિરૂદ્ધના ખ્રીસ્તી લોકનો પંથ.

Prototype, *n.* મૂળ; મૂળરૂપ; અસલ નમૂનો; નુસ્ખ.
Protract, *v. t.* લંબાવવું; દાહાડા કાહાડવા; લાંબી મુદતપર નાખવું.
Protrude, *v. t.* આગળ-બાહાર કાહાડવું-ઢકેલવું. 2 *v. i.* આગળ-બાહાર નિકળવું; ફૂટીને બાહાર પડવું.
Protuberance, *n.* ઢીમડું; ડીંડું; આસપાસની સપાટી કરતાં ઉચ્ચકાઈ-ઉપસી-ફુગી આવેલો કોઈબી ભાગ; ઢેકો.
Protuberant, *a.* ઉપસી-ફુગી આવેલું.
Proud, *a.* ગર્વિષ્ટ; અભિમાની; અહંકારી; મગરૂર. 2 છાકી-ફાટી ગયલું. 3 ભભકાદાર; શોભાયમાન; ગંજાવર.
Prove, *v. t.* પુરવાર કરવું; સાબેત-સિદ્ધ કરવું. 2 પારખવું; પારખ કરવી; અજમાએસ-તપાસ કરીને નક્કી ઠરાવવું. 3 (ગણિતમાં) તાળો મેળવવો.
Proved, *pp.* or *a.* પુરવાર-સાબેત થયલું. 2 અજમાવી નક્કી કીધેલું; કસી જોએલું. 3 તાળો મેળવી તપાસેલું. [ધરી.
Provedore, *n.* મોદી; વાકનીસ; ચો-
Provender, *n.* ઘાસ દાણો ચારો.
Proverb, *n.* કહેવત; કહેણી; કહેતી; મસલ. 2 ઉખાણું; કહેવડો.
Proverbial, *a.* કહેવતમાં જણાવેલું-કહેલું. 2 લોક પ્રસિદ્ધ.
Provide, *v. t.* આગળથી તૈયાર કરી રાખવું-મૂકવું; તરદ્દુદ-તજવીજ કરી રાખવી. 2 આગળથી આપી મૂકવું; પૂરું પાડવું. 3 *v. i.*-(against, for) બચાવ માટે તૈયારી કરી રાખવી; બચવા-ઉગરવાનો ઉપાય-ઈલાજ કરી રાખવો. 4 આગળથી શરત-કબુલાત કરી રાખવી.
Provided, *conj.* જો; એમ હોય તો; અગર; એવી શરતે; એ બોલીથી; શરત એકે.
Providence, *n.* દુરંદેશી; દીર્ઘદષ્ટિ; પૂર્વ વિચાર; આકિબત અંદેશી. 2 (of God) પરવરદીગારી; પોતે પેદા કરેલાં પ્રાણીઓ વિષે ઈશ્વરની સંભાળ-તજવીજ-દાઝ; ઈશ્વરનો દયાભાવ. *divine providence* ઈશ્વર.
Provident, *a.* દૂરંદેશ; આકિબત અંદેશ; કારસાજ; દીર્ઘદર્શી.
Providential, *a.} ખુદાઈ; ઇલા-
Providentially, *ad.*} હી; ઇશ્વરની સંભાળ અથવા નગેબાનીથી; ઈશ્વરનાં દયાભાવથી થયલું.
Province, *n.* પ્રાંત; પરગણું; જિલ્લો; સુબો. 2 કામ; અધિકાર; ઈલાકો.
Provincial, *a.* પ્રાંત-પરગણાનું; પ્રાંત-પરગણા માહેલું; પ્રાંતિક. 2 અનાડી; ગામડીયા સાળી: [ડિયા બોલી.
Provincialism, *n.* ગામડની-ગામ-
Provision, *n.* બંદોબસ્ત; તરદ્દુદ; ત-

જવીજ; તૈયારી; કારસાજી. 2 સંગ્રહ; સાહિત્ય; સામગ્રી; ડખસ. 3 ખોરાકી; ખાવાપીવાનું. 4 બોલી; કરાર; શરત. 5 *v. t.* ખાધખોરાકી-ખાવાપીવાનું નકી કરી આપવું.

Provisional, *a.* કામચલાઉ; આવતાં કામ માટે; તુરતવેલા કામ ચલાવવા સારૂ કીધેલું-રાખેલું; શરતી.

Proviso, *n.* બોલી; કરાર; શરત; સંકેત.

Provocation, *n.* ચિડ ચઢાવનાર કાંઈબી ચીજ, ખીના અથવા કારણ; છેડખાની. 2 ચિડવવું-ખીજવું તે; ખીજવણી.

Provoke, *v. t.* લાવવું; આણવું; પેદા કરવું; આવે-થાય એમ કરવું. 2 (a reply) મ્હોમાં મારીને બોલાવવું. 3 (a quarrel) સલગાવવું. 4 છેડવું; ચિડવવું; ખીજવવું. 5 ઉશ્કેરવું; ચિડ ચઢાવવી; કોઈ ચિઢે-કોઇને ચિઢ ચઢે એમ કરવું.

Provost, *n.* કોટવાલ; ફોજદાર.

Prow, *n.* વાહાણનો આગલો ભાગ; નાળ. 2 પડાઉ.

Prowess, *n.* પરાક્રમ; સમશેર બાહાદુરી; વીર્ય; દિલાવરી.

Prowl, *v. i.* શિકાર માટે ભમતાં-સુંઘતા ફરવું-રખડવું.

Proximate, *a.* લગોલગ આવેલું; નજદીકનું; પાસેનું; સમીપનું.

Proximity, *n.* નજદીકી; સમીપતા.

Proxy, *n.* પ્રતિનિધિ; બદલી; નાઈબ.

Prude, *n.* લાજ-અંદાજો-મર્યાદા-ભારખમપણાનો ખોટો દેખાવ કરનાર સ્ત્રી; મકારે ઓરત; છાનીછિનાલ; નખરાં કરનારી-નખરાંખોર સ્ત્રી.

Prudence, *n.* વિવેક; ડહાપણ; દાનાઈ; આગલો પાછલો વિચાર; દુરંદેશી.

Prudent, *a.* અક્કલમંદ; દાનેશમંદ; દાના; ચતુર; ડાહ્યું; દુરંદેશ. 2 દાનાઈ ભરેલું. 3 ગજું તપાસીને-મકદૂર જોઇને કીધેલું-ખરચેલું.

Prudently, *ad.* આગલો પાછલો વિચાર જોઈને; દાનાઈથી; લાંબી નજર પુગાડીને.

Prune, *n.* આલુ. 2 *v. t.* કલમ કરવી; છાંટવું; ત્રારાવું; ડાળવું; ઝારવું.

Pruning hook, *n.* કોઈતું; ધારિયું.

Prurience, *n.* ચુર; ખુજલી; વખવખાટ; તલપાપડ. [સુંગા લેવા.

Pry, *v. i.* ખણખોદ-ચકચાર કરવી;

Psalm, *n.* સ્તોત્ર; ગીત; ભજન.

Psalmist, *n.* સ્તોત્રકાર; સ્તોત્રકવિ.

Psalmody, *n.* સ્તોત્રગાન; ભજન ગાવાં તે. [ખાલી.

Pseudo, *a.* મિથ્યા; ફોકટ; ઢોંગી;

Pshaw, *interj.* છટ્ ! ચલ !

Psychology, *n.* માનસિકશાસ્ત્ર વિદ્યા; આત્મતત્વ વિદ્યા.

Puberty, *n.* જુવાની ફૂટવા-જોબન ખિલવા-વેશે આવવાનો વખત.

Public, *n.* પ્રજા; લોક; સહુ–સર્વ–આમ લોક. 2 *a.* સર્વ લોકોનું; સર્વેનું; સહુનું. 3 પ્રસિદ્ધ; જાહેર; સહુ જાણે એવું. 4 જાહેર; સહુના વાપરવામાં આવતું; સરિયામ. *public disgrace*, હીંડ–ફેડફજેતી.

Publican, *n.* ઘાટવાળો; જકાત ઉઘરાવનાર; જકાતદાર. 2 પૈસા લઈ ઉતારો આપી લોકોને ખાવા પીવાનું આપનાર; વીસીવાળો. 3 કલાલ; પીઠાંવાળો.

Publication, *n.* પ્રસિદ્ધ–પ્રગટ કરવું તે. 2 છાપી જાહેર કરવું તે. 3 છાપી જાહેર કીધેલો ગ્રંથ–પુસ્તક–વર્તમાન પત્ર. [2 વીસી.

Public house, *n.* કલાલખાનું; પીઠું.

Publicity, *n.* લોક–જન પ્રસિદ્ધિ; લોકજાહેરું; મશહુરી; જાહેરપણું.

Publicly, *ad.* જાહેર–ખુલ્લી રીતે; લોકો જાણે એવી રીતે. 2 પ્રજાના–રૈયતનાં લોકોને નામે.

Public spirited, *a.* ખલક દોસ્ત; પોતાનું નહી પણ જાહેર–આમના ફાયદાનું કામ કરવાની ઉલટ ધરાવતું.

Publish, *v. t.* પ્રગટ કરવું; લોકોમાં જાહેર પાડવું. 2 છાપી પ્રસિદ્ધ–જાહેર કરવું.

Publisher, *n.* છાપી પ્રસિદ્ધ કરનાર.

Pucker, *v. t.* કરચલીવાળવી–કરવી. 2 *n.* કરચલી; ચીણ; ચુણ.

Pudding, *n.* "પુડિંગ" (ઈંગરેજી) મીઠાઈ.

Puddle, *n.* ખરાબ–ડોહવાએલાં–ગદલાં–ગંદાં પાણીનો જમાવ–ખાબોચિયું. 2 *v. t.* ડોહવી નાખવું.

Puerile, *a.* બચ્ચાંના જેવું; છોકરવાદ; નાદાનીનું; નાદાની ભરેલું.

Puff, *n.* ફૂક; ફુંકારો. 2 પવનનો ઝપાટો–સુસાટો. 3 ખોટી તારીફ; જુઠું વખાણ; ફુલાવણી; ફુલાસ. 4 એક પ્રરકારની ઈંગ્રેજી મીઠાઈ; "પફ." 5 *v. t.* ફુગવવું; પવનથી ફુલાવવું; ઉપસાવવું. 6 ફૂલાવવું; ચણાનાં ઝાડપર અથવા તાડપર ચઢાવવું; ફુલણજી બનાવવું–કરવું. 7 *v. i.* ફૂંકવું; ફૂંક મારવી. 8 હાંફ ચઢવી; દમ ભરાઈ આવવો; હાંફવું. 9 ફૂંફાં કરવી; ફુલાવું.

Puffy, *a.* ફૂલેલું; ઉપસેલું. 2 મ્હોટા મ્હોટા શબ્દનું; પ્રૌઢાક્ષર. 3 ફુલાઈ ગએલું.

Pugh, *interj.* છટ્! છિટ! [ગએલું.

Pugilist, *n.* મુક્કામુક્કી કરનાર; મુક્કાબાજી રમનાર.

Pugnacious, *a.* લડાક; કજિયાખોર; વઢકણું.

Puisne, *a.* ઉતરતી પદ્વિનું.

Puissant, *a.* પરાક્રમી; પ્રતાપી; બળવાન; કાદિર. [કાઢવું.

Puke, *v. i.* ઓકવું; પાછું નાખવું–

Pull, *n.* ખેંચવું–તાણવું તે; તાણ; આં-

ચકો; ઝટક. 2 *v. t.* ખેંચવું-તાણવું. 3 તોડવું,(ફુલ-ફુલ). *to pull down,* તોડી પાડવું. *to pull off,* ઉતારવું; કાહાડવું.

Pullet, *n.* ન્હાની મરઘી; પીલું.

Pulley, *n.* કપ્પી; ઘરેડી; ગરગડી.

Pulp, *n.* ગર; ગર્ભ; દળ; માવો. 2 ગુર; મેદ.

Pulpit, *n.* ઉપદેશાસન; ભાષણકર્તાનું ઊંચું આસન; મિમ્બર; વ્યાસાસન; ધર્મોપદેશકાસન.

Pulpous, } *a.* દળદાર; માવાદાર; નરમ માખણજેવું;મુલાયમ.
Pulpy, }

Pulsation, *n.* હૃદયનું-નાડીનું ઉડવું-ઠણકવું; હૃદયનો ધબકારો; ધડકણ.

Pulse, *n.* નાડી; નાડ; નબ્જ. (to feel-) નાડ જોવી. 2 દાળ; કઠોળ.

Pulverize,*v.t.*ભૂકીકરવી;ચુરણકરવું.

Pumicestone, *n.* ઝામો; જ્વાલામુખી પર્વતમાંથી બહાર નિકળતો તરેહવાર રંગનો, ખરબચડો, કઠણ, છિદ્રવાન એક પદાર્થ.

Pump, *n.* બંબો; બુરખો. 2 પતળી અથવા એક તળીનો જોડો. 3 *v. t.* બંબાથી કાહાડવું-ખાલી કરવું; બંબો-બુરખો ચલાવવો. 4 તાલમેલથી કહડાવવું; કોઈ જુક્તિ લગાવીને સામાના મનની વાત-ભેદ જાણી લેવો.

Pumpkin, } *n.* (red) કોહોર;કોહોળું.
Pumpion, } (white) દૂધી; દોધી.

Pun, *n.* શ્લેષ; શ્લેષાલંકાર; બે અર્થ નિકળે એવી શબ્દરચના; શબ્દની રમુજ.

Punch, *n.* છિણી; ભોક-છિદ્ર-વ્હેં પાડવાનું હથિયાર. 2 અક્ષરના છાપનો ખિલો; પંચ. 3 પકડ; પંચ પકડવાનો ચિપિયો. 4 ઠોસો; મુક્કી; હડસેલો. 5 શરબત; પંચ. 6 મશ્કરો; ઠોલિયો. 7 *v. t.* આંધરૂં-ભોક-વ્હેં પાડવો; સાલવું. 8 ઠોસો-મુક્કી મારવી; કોપરિયું મારવું.

Puncheon, *n.* છાપ; શિક્કો. 2 પીપ.

Punctilio, *n.* સન્માન આપવાની-આદરોપચાર કરવાની બારીક બાબત-વાત;સભ્યતાની બારીકબીના.

Punctilious, *a.* આદરમાન આપવાની સઘળી બારીક બાબદો ઉપર ધ્યાન રાખનાર; અદબ આદાબની બધી બારીકી જોઈને ચાલનાર.

Punctual, *a.* વાયદાવફા; વખત-વાયદાસર આવનાર-જનાર-હાજર રેહેનાર.

Punctuality, *n.* વખત-વાયદાસર જવું-આવવું-હાજર રેહેવું તે; વાયદાવફાઈ.

Punctuate, *v. t.* } લખવામાં જોઈ
Punctuation, *n.* } તે ઠેકાણે બરાબર વિરામચિન્હો મુકવાં;નુકતરેજી.

Puncture, *n.* & *v.* વેહે-સુરાખ-છિદ્ર-કાણું-નાકું પાડવું; ચોબો દેવો-મુકવો.

Pungency, *n.* તિખાપણું; તિક્ષ્ણતા; તલખી; તીખાટ.

Pungent, *a.* તીખું; ઝણઝણતું; તલખ; ઝમઝમતું. 2 તીવ્ર; તીક્ષ્ણ. 3 ચટકો–ઝાટકો લાગે એવું; તળિયેથી તાળવે વેર લાગે એવું; નખથી તે માથા સુધી ઝાળ લાગે એવું.

Punish, *v. t.* શિક્ષા–શાસન–પારિપત્ય કરવું; સજા કરવી–આપવી.

Punishment, *n.* શીક્ષા; સજા; સરઝનિશ; શાસન; પારિપત્ય; દંડ. *capital punishmnet,* દેહાંત દંડ; મોતની–ફાંસીની–જીવજાય તેવી શિક્ષા. *corporal punishment,* શારીર દંડ–શિક્ષા; બાંધી મારની–ફટકાવી કહાડવાની સજા. [શિક્ષા કરનારૂં.

Punitive, *a.* દંડ આપે એવું; દંડ–

Puny, *a.* ન્હાનું; ક્ષુદ્ર; છોટું; દુબળું.

Pup, *n.* બોકિલું; કુરકુરિયું; કુતરાંનું બચ્ચું. 2 *v. i.* વ્યાવું; કુરકુરિયાં જણવાં; બોકિલાં આવવાં.

Pupil, *n.* શિષ્ય; વિદ્યાર્થી; ચેલો–લી. 2 કીકી; પૂતળી (આંખની.)

Puppet, *n.* પૂતળું; બાહુલું.

Puppy, *n.* See Pup. 2 બેબદામનું હોઇને સામી ચેંચીં કરવાથી ધિક્કારમાં આવી પડેલું માણસ.

Purblind, *a.* પાસે હોય તોજ જેને દેખાય એવું; ઝાંખું ઝાંખું જોઇ શકતું હોય એવું.

Purchase, *n.* ખરીદી; સોદો. 2 *v. t.* વેચાતું લેવું; ખરીદ કરવું; ખરીદવું; વસાવવું; સોદો કરવો.

Purchaser, *n.* ખરીદદાર; ઘરાક.

Pure, *a.* નિર્મળ; સ્વચ્છ; ચોખ્ખું; નર્યું. 2 પવિત્ર; પાક; પાવન; પાકીઝે. 3 દિલપાખ; સાધુ: શુદ્ધાત્મા; નિષ્પાપ. 4 શુદ્ધ; કેવળ; નરૂ; ફકત. 5 ખરૂં; અસલ; ચોખ્ખું; ખાલિસ.

Purely, *ad.* નિખાલસ; કેવળ.

Purgative, *a.* રેચક; જુલાબ–પેટ લાવે–આવે એવું. 2 *n.* જુલાબનું ઓસડ; પેટ આવે એવી દવા; જુલાબ; રેચ.

Purge, *n.* જુલાબ; પેટ આવવાની દવા; રેચ; વિરેચન. 2 પેટ; ઝાડો. 3 *v. t.* પેટ–કોઠો સાફ કરવો; જુલાબ લાગવો; કચરા જેવું કંઇ કાઢી નાખવું–કાઢી સાફ કરવું. 4 કાઢી નાખી સાફ–ચોખ્ખું કરવું. 5 મોકળું–નિર્દોષ કરવું. 6 ધોઇ નાખવું.

Purifaction, *n.* } નિર્મળ–સ્વચ્છ–સાફ કરવું; મેલ કાપવો.
Purify, *v. t.* }
2 પવિત્ર–શુદ્ધ–પાક–ચોખ્ખું કરવું.

Puritan, *n.* નમાઝી; દિનદાર; દિનચુસ્ત, (તિરસ્કારથી બોલતાં).

Purity, *n.* નિર્મળપણું; સ્વચ્છતા; નર્યાપણું. 2 પવિત્રતા; ચોખ્ખાઇ; પાકીઝગી. 3 દિલપાકી; સાધુપણું–ત્વ. 4 અસલપણું; ચોખ્ખાપણું.

Purl, *v. i.* છળછળ-ખળખળ વહેવું; અટક્યા વગર ઝડપથી વહ્યાં જવું.
Purling, *n.* છળછળાટ; ખળખળાટ.
Purloin, *v.t.* ચોરવું; ચોરી જવું-લેવું.
Purple, *a.* જાંબુઓ; જાંબુડું; ગુલ-ફામ; નાફરમાની; કિરમજી.
Purport, *n.* તાત્પર્ય; ભાવાર્થ; આ-શય; ખુલાસો; મજમુન; મકસદ; મુરાદ; મતલબ. 2 *v. t.* See Intend, Mean, *v. t.*
Purpose, *n.* ઉદ્દેશ; મતલબ; અર્થ; ઈરાદો; મુરાદ; મકસદ. *Of purpose-on purpose,* જાણી જોઈને; અગા-ઉથી મનસુબો-વિચાર કરીને. *To no purpose,* વૃથા; વ્યર્થ. *To what purpose,* શાયકી. 2 *v. t.* See Design, *v. t.*
Purposely, *ad.* જાણીબુજીને; જા-ણી જોઈને. 2 ખાસુખા.
Purr, *n. & v. i.* ઘુરવું; ઘુરઘુર-ખુરખુર કરવું.
Purse, *n.* પૈસાની કોથલી; નાણાંની થેલી. (a long one) વાંસલી. 2 ઈ-નામ આપવા-ભેટ કરવા માટે ઉઘરાવેલાં નાણાંની રકમ.
Purse proud, *a.* પૈસાના મદવાળું; પૈસાના જોરે છાકી-ફુલી ગયલું; માલ-ઝરમસ.
Purser, *n.* (of a ship) ભંડારી; પોતનીસ; પરસર.
Pursuant, *a.* પ્રમાણેનું; બમુજબ; અનુસરતું.
Pursue, *v. t.* પાછળ જવું. 2 પાછળ લાગવું-પડવું; પીછું પકડવું; દુંબાલો પકડવો. 3 ઉદ્યોગ-યત્ન ચાલુ-જારી રાખવો; પાછળ મંડવું.
Pursuit, *n.* પીછો-દુંબાલો પકડવો તે; ખણખોદ; પેરવી. 2 ઉદ્યોગ; યત્ન.
Purulent, *a.* પરૂથી ભરેલું; પાકેલું; પરૂના જેવું. [પાડવો. See Provide.
Purvey, *v.t.* ખોરાકીનો સામાન પૂરો
Pus, *n.* પુ; પરૂ; રસીપૂય.
Push, *n.* ગોદો; અણિયાળાં કોઈ હથિયાર વતે જોરથી મારવું તે. 2 હ-ડસેલો; ધક્કો; આચકો. 3 ધસારો; હલ્લો. 4 *v. t.* ઢકેલવું; હડસેલવું; ઠેલવું. 5 See Importune, Press.
Pushing, *a.* સાહસિક; હિમ્મતવાન-વાળું; માથું મારીને પોતાનું કામ કર્યો જનાર. [કમજુરતી.
Pusillanimity, *n.* નામર્દી; બાયલાપણું;
Pusillanimous, *a.* નામર્દ; બીકણ; કમ જુરત; બેહિમ્મત; બાયલું; પોસ્તી; પોચું; પચકણ.
Puss, *n.* બીલાડી; મીનીબાઈ, (લા-ડમાં બોલાવવાનો શબ્દ).
Pustule, *n.* ફોલ્લી; ફોલ્લો.
Put, *v. t.* મુકવું; મેલવું. 2 -away, ટાલવું; ખસેડવું. 3 -aside, ઉંચું-કોરે મુકવું. 4 -down, જેર-નરમ

કરવું; ઉતારી-દાબી નાખવું. 5 -in mind, યાદ દેવાડવી; યાદ કરાવવું. 6 -off, વાયદા કરવા; જોલા-ધક્કા ખવરાવવા. 7 -on, પેહેરવું, (કપડાં વગેરે). 8 -to death, ઠાર-ઝબે કરવું; મારી નાખવું. 9 -up with, સોસવું; સાખવું; દરગુજર કરવું. 10 -up પોતાના ઘરમાં કોઈને ઉતારવું-ઉતારો-મુકામ આપવો. 11 -in practice, અમલમાં લાવવું. 12 -to use, કામ-ઉપયોગમાં લેવું-લાવવું. 13 -in writing, કલમબંદી કરવી; લખવું. 14 -out, કાઢી મૂકવું. 2 આગળ ધરવું; લાંબુ કરવું. 3 -(a light) હોલવવું; ગુલ કરવું. 4 -(eyes) ફોડી નાખવું. 5 -(money) વ્યાજે ફેરવવું.

Putative, *a.* લોકમાં મનાતું; લોકોએ માનેલું; જેમકે, the patative father, of a child.

Putrefaction, *n.* } કોહોવું; સડવું.
Putrefy, *v. i.* }

Putrid, *a.* કોહેલું; સડેલું.

Putty, *n.* લાંબી.

Puzzle, *n.* સમસ્યા; ઉખાણું; વખાણું. 2 ગુંચવારો; ગુચવણ; ગુંચ. 3 *v. t.* ગુંચવારા-ગુચવણ-ઘભરાટમાં નાખવું; ગૂંચવવું.

Pyebald, *a.* અબલક-ખ; પચરંગી.

Pyramid, *n.* પડારોકો નક્કર પદાર્થ. 2 પડારોકી ઈમારત; મિસરી મિનારો; પીરામીડ.

Pyre, *n.* ચિતા; ચેહ.

Pyrotechnics, } *n.* આતશબાજી બનાવવાનો હુનર-કળા; અગ્નિક્રીડા શાસ્ત્ર.
Pyrotechny, }

Q.

Q. ઈંગ્રેજી મૂળાક્ષરોનો ૧૭ મો અક્ષર.

Quack, *n.* ડાળ ઘાલનાર; બડાઈ કરનાર; લાફ્જન. 2 ઊંટવૈદુ કરનાર; નીમહકીમ; આવડત વગર વૈદ થઈ બેસનાર; ઊંટ વૈદ. 3 *v. i.* બતકની પેઠે બોલવું. 4 ડાળ ઘાળવું; ખોટો દમામ-પતરાજી કરવી.

Quackery, *n.* ઊંટવૈદું. 2 વૈદનું ઘાલેલું ડાળ; લાફ્ઝની.

Quadrangle, *n.* ચોખુણ આકૃતિ; ચતુષ્કોણ. 2 ચોક.

Quadrangular, *a.* ચતુષ્કોણ; ચોખુણ; ચોખંડ; ચોરસ; ચારખુણાવાળું.

Quadrant, *n.* (ભૂમિતીમાં) ગોળનો ચતુર્થાંશ; વર્તુલ-ગોળનો ચોથો ભાગ. 2 આકાશના તારા વગેરેની ઊંચાઈ અને અંતર લેવાનું-માપવાનું એક યંત્ર.

Quadratic, *a.* ચુતુષ્કોણ સંબંધી; –(equations) *Alg.* વર્ગસમીકરણ.
Quadrennial, *a.* ચાર વરસનું. 2 ચચ્ચાર વરસે આવનાર–બનનાર.
Quadrilateral, *a.* જેને ચાર બાજુ અને ચાર ખુણા હોય એવું; ચાર બાજુવાળું. 2 *n.* ચાર બાજુવાળી અને ચાર ખુણાની આકૃતિ.
Quadrumanous, *a.* ચાર હાથવાળું; વાંદરાની જાતનું.
Quadruped, *a.* ચોપગું; ચારપગવાળું; ચતુષ્પાદ. 2 *n.* પશુ; ઢોર; ચોપગું–ચતુષ્પાદ પ્રાણી; હેવાન.
Quadrupel, *a.* ચોગણું; ચોપટ; ચારગણું; ચોવડું. 2 *v. t.* ચોગણું કરવું. 3 *n.* ચારગણી રકમ.
Quaff, *v. t.* ગટગટ પી જવું; ઢાંશી જવું; ઢાંસવું; ગટક કરી જવું.
Quaggy, *a.* નરમ; પગ પેસી જાય તેવું નરમ–પોચું.
Quagmire, *n.* પગ પેસી જાય તેવી ભીની અને પોચી જમીન; દલદલ.
Quail, *n.* એક જાતનું પક્ષી; લાવરી. 2 *v. i.* હિમ્મત હારવી; નાઉમેદ થવું.
Quaint, *a.* ચાપચીપવાળું. 2 તરેહવાર; વિચિત્ર; વિલક્ષણ.
Quaintly, *ad.* તરેહવાર રીતે.
Quake, *n.* થરથરી; કંપારી; ધ્રુજારો. 2 *v. i.* કાંપવું; થરથરવું; ધ્રુજવું; કંપારી છુટવી.

Quaking, *n.* થરથરી; ધ્રુજરી; કંપ. 2 *a.* ધ્રુજતું; થરથરતું.
Qualification, *n.* કમાબિયત; યોગ્યતા; ગુણ; લિયાકત; લાયકી.
Qualified, *a.* યોગ્ય; લાયક; ગુણી. 2 મર્યાદા બાંધેલું–માં રાખેલું.
Qualify, *v. t.* યોગ્ય–લાયક થવું–કરવું. 2 હક હોવો–થવો. 3 સ્વર ભેદ કરવો. 4 ફેરફાર કરવો. 5 નરમ પાડવું. 6 ગુણ બતાવવો. 7 માફકસર કરવું; મર્યાદા–હદ બાંધવી.
Quality, *n.* ગુણ; ધર્મ; ખવાસ; ખસલત; ખાસિયત; સિફત; સ્વભાવ. 2 પદવી; મરતબો; દરજ્જો. 3 મ્હોટી પદવી; શ્રેષ્ટ પદ. *People of quality,* મ્હોટા–બડે લોક.
Qualm, *n.* ઉબક; મોળ; ઉલાળો; ઓકારી; ઉલટી. 2 બળાપો; વતવતો.
Qualmish, *a.* મોળ–ઓકારી આવે તેવું.
Quantity, *n.* પરિમાણ; ઢગલો; જથ્થો. 2 (કવિતામાં) માત્રા. 3 (ગણિતમાં) રકમ.
Quarantine, *n.* ૪૦ દહાડાનો અરસો–મુદત; ચાલીસું. 2 દેશાવર ખાતેથી આવેલાં કોઈ વહાણમાં ચેપી રોગવાળાં માણસો હશે એવા સંદેહ ઉપરથી તે વહાણપરનાં માણસોને અસલવારામાં ૪૦ દહાડાની મુદત સુધી કિનારે ઉતરવાની કે કિનારાપરના લોકો સાથે કંઈ પણ

પહેવાર રાખવાની જે બંધી હતી તે મુદત; ચિલ્લો. હાલમાં ઉપલી ચાલીસ દિવસની મુદતમાં ગમેતેમ ફેરફાર કરવામાં આવેછે.
Quarrel, *n.* કજિયો; બગાડ; તુટફાટ; કંકાસ; કલેશ; કલ્હ; વઢવાઢ; બોલાચાલી; મિનાકસો; ટંટો. 2 *v. i.* કજિયો-ટંટો કરવો. [બોર; વઢકણું.
Quarrelsome, *a.* કજિયા-ટંટા-લડાઈ-
Quarry, *n.* પથરિયા-પથ્થરની ખાણ.
Quart, *n.* ચોથો-પા ભાગ. 2 ગ્યાલનનો ચોથો ભાગ; બે પાઈન્ટભર.
Quartan, *n.* ચોથિયો તાવ.
Quarter, *n.* ચોથો ભાગ; ચતુર્થાંશ; ચોથાઈ; પા. 2 દિશા. 3 પ્રાંત; દેશ. 4 ફળિયું; મોહોલ્લો; પરૂં. 5 જીવતદાન; છુટકારો; પ્રાણદાન; જાનબક્ષી. 6 ૨૮ રતલ અથવા એક મણ. 7 ત્રણ માસ-મહિના. 8 ખાલું; જોડાનું ઉપલું ચામડું. 9 *v. t.* ચાર સરખા ભાગ કરવા. 10 ભાગ-વાટણી કરવી. 11 ઉતારો આપવો; ઉતારવું. 12 *v. i.* ઉતરવું; મુકામ કરવો.
Quarterly, *a.* ત્રૈમાસિક; ત્રણ ત્રણ મહિને થતું-બનતું; ત્રણ માસનું. 2 *n.* ત્રૈમાસિક ગ્રંથ-ચોપાનિયું. 3 *ad.* ત્રણ ત્રણ મહિને; ત્રણ મહિનામાં એક વખત. [શ્કરી મુકામ.
Quarters, *n. plu.* છાવણી; ડેરો; લ-
Quarto, *a.* ચાર પાનાનો કુંડો હોય તેવું; ચોખંડી; કાગળના આખા તાવની બેવડી ઘડી ફરી તેને પાછી બેવડી કીધાથી જે આકાર થાય તેવું; એક તાવના ચાર પાનાનું; ચતુષ્પત્રી. 2 *n.* એવી રીતે ચોપટ ઘડી કીધેલાં કદની ચોપડી. [ગાર.
Quartz, *n.* કાચમણી; કિસ્મ પથ્થર;
Quash, *v. t.* કચરી-છુંદી-ચગદી નાખવું. 2 નરમ પાડવું. 3 રદ્દ કરવું.
Quaver, *v. i.* ધ્રુજવું; ધ્રુજતો-ઘુમતો-લેહેકાતો અવાજ કાઢવો; લેહેકાવીને ગાવું; લેહકાવવું; મહલાવવું. 2 *n.* ધ્રુજતો અવાજ-સૂર; સ્વરકંપ.
Quavy, *n.* ઓવારો; ઘાટ. 2 ડક્કો; બંદર.
Queen, *n.* રાણી; રાજપત્ની; શાહ બેગમ; મલિકા. 2 (સેતરંજમાં) વજી-
Queen's metal, *n.* કાંસું. [ર; પ્રધાન.
Queer, *a.* અજબ; વિલક્ષણ; તરેહવાર; અદ્ભુત.
Quell, *v. t.* દાબવું; શિકસ્ત આપવી; હોલવવું. 2 શાંત-નરમ-થંડું પાડવું.
Quench, *v. t.* છિપાવવી; મટાડવી; નરમ પાડવી (પાણીની તરસ). 2 થંડું પાડવું; હોલવવું (અગ્નિ.) 3 ગુલ કરવું; વડો કરવો (દીવો). 4 નરમ-શાંત પાડવું.
Querulous, *a.* રડતું; બબડતું; કકલતું.
Query, *n.* સવાલ; પ્રશ્ન. 2 *v. t.* & *v. i.* પ્રશ્ન-સવાલ પૂછવો-કરવો; પૂછવું. 3 સંદેહ રાખવો.

Querist, *n.* પ્રશ્ન-સવાલ પૂછનાર.

Quest, *n.* શોધ; તલાશ; ખોળ; તપાસ. 2 ખેંચ; આજીજી સાથેનું માગણું; આગ્રહ.

Question, *n.* પ્રશ્ન; સવાલ. 2 શોધ; પૂછપરછ. 3 તકરાર; વાદવિવાદ. 4 શક; સંશય. 5 તપાસ. 6 *v. t.* પુછવું; સવાલ-પ્રશ્ન કરવો. 7 શક આવવો-હોવો. *Out of the question,* બનેજ નહી એવું; અશક્ય. *To call in question,* શક નાખવો-બતલાવવો

Questionable, *a.* શક આવે તેવું; શક ભરેલું; શંકાયોગ્ય; સંશયયુક્ત.

Quibble, *n.* ફાંફાં; ગાંગાતફાં; ગેં ગેં ફેં ફેં; ઉડાવવાની જુગતી. 2 *v. i.* ઉડાવવાની જુક્તી કરવી; ફાંફાં મારવાં; ગેં ગેં ફેં ફેં-ગાંગાતફાં કરવાં.

Quick, *a.* જીવતું; ચૈતનવાળું; સજીવન. 2 જલદીનું; ઉતાવળું. 3 ચાલાક; ચપળ. 4 તીક્ષ્ણ; તિખું (સ્વાદમાં; નજરમાં). 5 *ad.* જલદી; ઉતાવળથી.

Quicken, *v. t.* જીવતું-સજીવન કરવું. 2 તાકીદ-ઉતાવળ-જલદી કરવી. 3 ઉત્તેજન આપવું; ઉસકેરવું.

Quicklime, *n.* ફળીચૂનો. [તાકીદથી.

Quickly, *a.* તાબડતોબ; જલદી;

Quickness, *n.* જલદી; તાકીદ; ઉતાવળ; ત્વરા. 2 ચાલાકી; ચપળતા. 3 હુશિયારી.

Quicksand, *n.* દાંડો; ચોરબાળુ-રેતી.

Quicksighted, *a.* તેજ નજરનું; તીક્ષ્ણ દૃષ્ટીનું.

Quicksilver, *n.* પારો; સીમાબ.

Quiet, *n.* ચેન; કરાર; આરામ; નિરાંત; સ્વસ્થપણું; શાંતતા. 2 સમાધાની. 3 *a.* સ્થિર; નિશ્ચલ. 4 સ્વસ્થ; શાંત; છાનું; મુંગું; ચુપ. 5 ગરીબ; સાલસ; ભલું. 6 *v. t.* શાંત પાડવું; મુંગું-ચુપ કરવું; સમજાવવું.

Quietly, *ad.* ગુપચુપ; છાનુંમાનું. 2 સ્વસ્થપણે; નિરાંતે. 3 ધીમેધીમે.

Quietness, *n.* સ્થિરતા. 2 સ્વસ્થપણું; શાંતપણું. 3 નિરાંત; ચેન.

Quietude, *n.* આરામ; કરાર; નિરાંત.

Quill, *n.* પીછું. 2 લેખણી; પીછાંની કલમ; ક્વીલ. 3 (of a porcupine) સીસોળિયું. 4 (of weavers) બાલું; વણતરના કાંઠલામાં ભેરવી રાખવાનો નેતર-બરૂનો કકડો.

Quilt, *n.* રજાઈ; ગોદડી; સુજની. 2 *v. t.* રૂ ભરવો; રૂ ભરીને સીવવું.

Quince, *n.* સફરજન-ન; -(seed) બેદાણા.

Quinine, *n.* એક ઓષધ; કોયીનાન.

Quinsy, *n.* કંઠમાળા; ગંડમાળ.

Quintessence, *n.* કસ; સાર; તત્વ.

Quintuple, *a.* પાંચગણું; પાંચવડું.

Quip, *n.* મેહેણું; ટોક; તાનો; વેણ.

Quire, *n.* દસ્તો; ધા; ધાયો.

Quirk, *n.* ગાંગાતફાં; ઉડાવવું તે; ઉડાવવાની યુક્તિ.

Quit, *v.t.* છોડવું; છોડી દેવું; ત્યાગ કરવો; વર્જવું. 2 પૂરૂં કરવું. 3 વાળવું; અદા કરવું; આપવું. 4 *a.* મોકળું; છુટું; આઝાદ.
Quite, *ad.* તમામ; સંપુ; બિલકુલ.
Quittance, *n.* ફેદાવો; અબરામનદાવા. (deed of) ફારગતી.
Quiver, *n.* ભાથો; ભાતો; ભાથડા (તીરનો.) 2 *v. i.* થરથરવું; કાંપવું.
Quixotic, *a.* વિલક્ષણ વૃત્તિનું; અક્કલથી ઉલટી રીતનું.
Quoit, *n.* ચક્કર.
Quondam, *a.* આગળનું; આગલું; માજી
Quorum, *n.* કામ ચલાવી શકે એટલી સભાસદોની સંખ્યા–મંડળી.
Quota, *n.* પાંતી; હિસ્સો; ભાગે પડતો ભાગ.
Quotation, *n.* અવતરણ; બીજાના ગ્રંથમાંથી ઉતારી લેવું તે–ઉતારી લીધેલું વાક્ય–ફકરો. 2 બજાર ભાવ.
Quote, *v. t.* બીજાના ગ્રંથમાંથી વાક્ય–ફકરો ઉતારી લેવો. 2 ભાવ કહેવો.
Quoth, *pp.* બોલીયો; કહ્યું.
Quotient, *n.* ભાગ; ભાગાકાર.

R.

R. ઈંગ્રેજી મૂળાક્ષરોનો ૧૮ મો અક્ષર.
Rabbi, *n.* યહુદીઓનો ગરૂ–સ્વામી.
Rabbit, *n.* સસ્સો; સસલો–લું; ખરગોશ.
Rabble, *n.* તોફાની–પાજી–હુલ્લડી–હલકા લોકનું ટોળું.
Rabid, *a.* ઘેલું; દિવાનું; (a dog) હડખાએલું.
Race, *n.* વંશ; કૂળ; ખાનદાન; નસલ; ઓલાદ. 2 પેઢી. 3 જાત. 4 દોડવાની સરત; દોડાદોડી. 5 દોડ; રસ્તો. 6 *v.i.* ઝડપથી દોડવું; દોડ મારવી.
Race course, *n.* સરતનું મેદાન.
Racer, *n.* સરત લડનાર–રમનાર. 2 શરતનો ઘોડો.
Rack, *n.* ગુન્હો મનાવવા સારૂ આંગ ડાબવાનો સિકંચો. 2 ઘોડી; સામન વગેરે ગોઠવી મૂકવાનું ચોકઠાં જેવું એક સાધન. 3 *v. t.* સિકંચામાં દાબી ખેંચવું; રિબાવવું; વવાણવું.
Racket, *n.* કલબલ; ગોંધાટ.
Racy, *a.* રસિક; સરસ; રસીલું; નમકીન.
Radiance, *n.* ચકચકાટ; પ્રકાશ; તેજ; ચળકાટ; જગમઘાટ; પ્રભા; કાંતિ.
Radiant, *a.* ચકચકતું; નુરાની; તાબદાર; પ્રકાશિત; તેજસ્વી; સુનાબ્વર; ચકચકિત.
Radiate, *v. i.* } કિરણરૂપે આવવું;
Radiation, *n.* } પ્રકાશવું. 2 બિંદુ–સપાટીમાંથી સીધી લીટીમાં નિકળવું.
Radical, *a.* મૂળનું; અસલનું. 2 જાતિનું; જન્મનું; સ્વભાવિક. 3 *n.* એક

દમ સઘળો સુધારો—અતિશય ફેરફાર કરનાર—કરવાનો મત રાખનાર—ધરાવનાર.
Radicalism, *n.* ચાલુ રાજ્ય વ્યવસ્થામાં મોટો ફેરફાર કરી એકદમ સુધારો કરવાનો જે મત તે.
Radish, *n.* મૂળો.
Radius, *n.* (ભૂમિતીમાં) ત્રિજ્યા; વ્યાસાર્ધ;મધ્યબિંદુ થકી પરીઘ સુધી ગયલી લીટી. 2 કહોણીથી તે કાંડાં સુધી ગયલું હાથનું જે હાડકું તે.
Raffle, *n.* સોરતી; સોડત; રાફલ.
Raft, *n.* તરાપો; પાટીઆં, સાકટા, વાંસ વગેરેને દોરડાથી સાથે સીકડી બનાવેલો પાણીપર તરવાનો જે ધાટ તે અથવા એવી રીતે પાટીઆં વગેરેને બાંધીને તેમને એક ઠેકાણેથી બીજે ઠેકાણે તેરવી લઈ જવા માટે નદી—ખાડીમાં વેહેતાં મૂકેલાં હોય તે.
Rafters, *n.* ભારોઠિયા;સાકટા; પેઢિયાં.
Rag, *n.* ચિથરૂં; ચિથરડી; ચુંથો; ફાટું તુટું કપડું.
Ragamuffin, *n.* અધમ—નીચ માણસ.
Rage, *n.* ગુસ્સો; રીસ; ક્રોધ. 2 જોસ્સો; જોર; જોરા; કેહેર. 3 ઘણીજ હોસ; અતિ આતુરતા; ન્હાડિયો; ચડસ. 4 *v. i.* તપી જવું; ચડભડવું. ગુસ્સે થવું; જોશમાં આવી જવું. 5 અનર્થ—કેહેર—નારા—ગજબ થયા કરવો.
Ragged, *a.* ચિથરે ચિથરાં થઈ ગયલું; ફાટી તુટી ગયલું; ચથરાં ઉડેલાં. 2 ચીથરે હાલ; ચિથરિયો;લબાચિયો. 3ખડબચડું. [ખીજવાયલું
Raging, *a.* કેહેરનાક; ક્રોધ ભરેલું;
Ragman, *n.* ચિથડાં વિણનાર; ચિથડાં એકઠાં કરી વેચનાર.
Raid, *n.* દુશ્મની ભરેલો હુમલો.
Rail, *n.* કટેરો; સળિયો; ગજ; ગરાદ 2 *v. t.* કટેરા કરવા—જડવા—બેસાડવા. 3 *v. i.* જબાં કરવી; ગાળ ગલોચ કરવી.
Railing, *n.* કટેરા કરવા—જડવા તે. 2 કટેરા. 3 ગાળ; નિંદા. 4 *a.* નિંદા—ગાળ ગલોચ ભરેલું. [હાસ.
Raillery *n* મજાક; ઠઠ્ઠો; મશ્કરી; ઉપ-
Railway. *n.* લોહોડાનો રસ્તો—સડક.
Raiment, *n.* પોશાક; કપડાં; વસ્ત્ર.
Rain, *n.* વરસાદ; મેઘ; બારાં. 2 *v. t.* વરસાદ વરસાવવો; વરસાવવું. 3 *v. i.* વરસાદ પડવો—વરસવો. (*drifting rain*) વાછંટ.
Rainbow, *n.* ઈંદ્ર ધનુષ્ય; વરસાદનું કામઠું—કમાન. [દના દાહડા.
Rains, *n.* ચોમાસું; વર્ષાકાળ; વરસા
Rainy, *a.* વરસાદનું; બારાંનો.
Raise, *v. t.* ઉંચકવું; ઉઠાવવું 2 બાંધવું; ઉભું કરવું; જેમ to *raise* a city, fort, wall &c. 3 દરજ્જે—યોગ્યતામાં ચઢાવવું—વધારવું; સરફ-

રાજ કરવું. 4 ચઢાવી દેવી–વધારવી (કિંમત). 5 ઉડાવવી; ઉઠાવવી; ચલાવવી (ગપ; ખબર). 6 જમા–એકઠી–ઉભી કરવી (ફોજ). 7 ઉસ્કેરવું; ઉઠાવવું (બંડ). 8 જગાડવું; સાવધ કરવું. 9 જમા–વસુલ કરવા (પૈસા). *To raise one's voice*, મ્હોટેથી બોલવું.

Raisin, *n.* ખિસમિસ; બેદાણા.

Rake, *n.* વાહાણના કુવા–ડોલનું વાંકુ વળવું તે–વાંક. 2 પંજેટી. 3 રાંડબાજ; જિનાકાર.

Rally, *v. t.* ફોજ જમા કરવી; વિખરાયલું લશ્કર એકઠું કરી ગોઠવવું. 2ઠઠ્ઠા–મશ્કરી કરવી; ઉપહાસ કરવો.

Ram, *n.* મેંઢો; ઘેટો. 2 મેષ રાશિ. 3કિલ્લાની દીવાલમાં ગાબડું પાડવાનું હથિયાર. 4 *v. t.* ધકેલવું; દાબી–ખીચીને ભરવું; ઠાંસવું.

Ramble, *n.* ફેરો; ચકર; રખડપટ્ટી. 2 *v. i.* ભટકવું; અહીંથી તહીં ફેરો મારવો; રખડપટ્ટી કરવી. 3 બોલતાં લથડવું–ફાંફાં મારવાં.

Rambler, *n.* ભટકનાર. [ડ; ભાગ.

Ramification, *n.* શાખા; ડાળી. 2 ખંRamify, *v.t.* શાખા–ભાગ કરવા–પાડવા. 2 *v.i.* શાખા–ડાળ–ફાંટાફૂટવા.

Rammer, *n.* ઠોકવાની મોગરી. 2 બંદુકનો ગજ–સળિયો.

Ramp, *n.* ભુસકો; કુદકો.

Rampant, *a.* હદબહાર વધેલું–ગમલું. 2 વહી ગયલું; મસ્ત. [હિસાર.

Rampart, *n.* કિલ્લાની ભીંત; કોટ;

Ramrod, *n.* બંદુકનો ગજ. [રૂં; વાસી.

Rancid, *n.* વાસમારતું; ગંધાતું; ખો-

Rancidity, Rancidness, } *n.* ખોરાસ.

Rancour, *n.* ભારે અદાવત; કીનો; હાડવેર; ખાર.

Rancourous, *a.* અતિદ્વેષી; ખારીલું.

Random, *a.* નેમ–નિશાનવનાનું; ઠેકાણા–ધડા વગરનું; બેકાયદાનું; ગેર શિરસ્તાનું. *At random*, નેમ સાખાવગર; ગમેતેમ; અડસટે; અટકલે; સુમારે.

Range, *n.* ટપ્પો; પલ્લો. 2 હાર; કતાર; ઓળ; પંકતી. 3 પોંહોચ; જેટલે લગી ફરી વળાયું હોય તેટલું અંતર; વિસ્તાર. 4 *v. t.* હારબંધ ગોઠવવું. 5 વર્ગ–ભાગ પાડવા. 6 પાસે થઈને જવું. 7 *v. i.* ગમેતેમ–મરજી માફક ફરતા ફરવું–રખડવું–ભટકવું.

Ranger, *n.* ઘોડેસ્વાર સિપાઈ.

Rank, *n.* ઓળ; હાર. 2 પાયરી; પદવી. 3 દરજ્જો; હોદ્દો. 4 મોઠી પદવી. 5 વર્ગ; ગણ. 6 *a.* અતિશય ફાલેલું–વધી ગયલું. 7 ઘણી રસાલ; માતબર. (જમીન) 8 ગંધાતું; સખત વાસ મારતું. 9 *v. t.* હારબંધ–હારેદોર ગોઠવવું. 10 *v. i.* ગણાવું; ગણના થવી.

Rankle, *v.i.* સડવું; સળવું. 2 પાકું બંધાવું; વધારેજોરામાં આવવું (વેર).

Ransack, *v. t.* લૂંટવું; ધાડપાડવી; તલાશ-શોધ કરવી; ઝાડા લેવા.

Ransom, *n.* દંડ; છોડવવાનું નાણું; છૂટકારા માટે આપેલાં નાણા-અવેજ. 2 છુટકારો મુક્તિ. 3 *v. t.* દંડ-નાણું આપી છોડાવવું-છુટકારો કરવો.

Rant, *n.* બડબડાટ; લવારી; ટાહેલું. 2 *v. i.* બડબડ કરવી; બડબડવું.

Rap, *n.* ઠોક; ઠોકો; સપાટો; ઝપાટો; લપડાક; થાપટ; જોરમાં મારેલી મુક્કી; ટપલો; ધપ્પો. 2 દમડી; કોડી; બદામ, (not worth a rap) 3 *v. t.* ઠોકવું; ઝપાટો-ટપલો લેવો-લગાવવો; મારવું.

Rapacious, *a.* લુટારૂ; જોરજુલમથી ખુંચી-છિનવી-ઝુટાવી લેનાર; હાથ મારનાર. 2 ફાડી ખાનારૂં; દરંદું.

Rapaciousness, } *n.* લુટારૂપણું. 2
Rapacity, } લુટાલુટ.

Rape, *n.* કોઈસ્ત્રીની મરજી ઉપરાંત જોર જુલમથી-બળાત્કારે તેણીની સાથે કરેલો સંભોગ; બળાત્કારસ્ત્રીસંભોગ.

Rapid, *a.* જલદ; જોરમાં હોય તેવું; વેગથી ચાલતું-દોડતું-વેહેતું; ઉતાવળું; શીઘ્ર

Rapidity, *n.* જલદી; ઉતાવળ; ત્વરા; જોર.

Rapidly, *ad.* જલદીથી; ઉતાવળે.

Rapin, *n.* લુટફાટ; લુટાલુટ; ધાડ. 2 બળાત્કાર; જોરજુલમ; જબરી.

Rapture, *n.* અત્યાનંદ; પરમાનંદ; એકદમ હરખાઈજવું તે; હર્ષાવેશ; ખુશી.

Rare, *a.* મુશીબતે મળે તેવું; દુર્લભ; કમયાબ; વિરલું; અછતનું. 2 અત્યુત્કૃષ્ટ; નાદર; ઘણુંજ સરસ; તોફો. 3 ગરમી લગાડી પાતળું કરેલું તેવું; પાતળું.

Rarefaction, *n.* પાતળાપણું.

Rarefied, *a.* પાતળું થયલું. [ઓછું થવું.

Rarefy, *v. t.* પાતળું કરવું; ઘટપણું

Rarely, *ad.* ક્વચિત; કભૂકભૂ; કદી કદી; જવલ્લે. [પાતળાપણું.

Rareness, *n.* વિરલાપણું. 2 સૂક્ષ્મતા;

Rarity, *n.* દુર્લભ્યપણું; વિરલાપણું; કમયાબી. 2 નવાઈ; અપૂર્વ વસ્તુ-ચીજ. 3 તોફેપણું; નાદિરી; ઉત્કૃષ્ટતા; 4 પાતળાપણું. [નાબકાર; ઠગ; સોદું.

Rascal, *n.* લુચ્ચું; હરામઝાદું; પાજી;

Rascality, *n.* લુચ્ચાઈ; સોદાઈ; ઠગાઈ; હરામઝાદગી; નાબકારી.

Rash, *n.* અળાઈ; અરાઈ; ગરમીને લીધે શરીર ઉપર જે ઝીણી-ઝીણી ફોલ્લીઓ થાયછે તે. 2 *a.* અવિચારી; ઉતાવળું; કાચી બુદ્ધીનું; બેધડક; કોઈબી કામ યાહોમ કરનાર; આકલું. [જોસ્સાભેર-સમેત.

Rashly, *ad.* વગર વિચારે; ઉતાવળે;

Rashness, *n.* અવિચારીપણું; હુલડાઇ.

Rasp, *n.* એક જાતની કાનસ; રેતડી. 2 *v. t.* કાનસથી ઘસી-છોલી કાહાડવું.

Rasp berry, *n.* રાસબેરી નામે એક [ફળ.
Rat, *n.* ઉંદર; ઘુસ; કોળ.
Ratan, *n.* નેતર; છડી.
Rate, *n.* દર; ભાવ. 2 મુલ; કિંમત. 3 નેમણૂક; ધારો. 4 કર; છાપો; વેરો. 5 *v. t.* આંકવું; ભાવ ઠેરવવો. 6 ગણવું; સમજવું; લેખવું. 7 ધમકાવવું; ધધડાવવું.
Rather, *ad.* વધારે ખુશીથી. 2 કરતાં; તે કરતાં. 3 જો બરાબર બોલીએતો. 4 લગાર; કંઈક; ખરૂં કહીએતો; થોડું ઘણું; જરાક; કમબેશ.
Ratification, *n.* } બહાલ–મંજુર–
Ratify, *v. t.* } સહી કરવું.
Ratio, *n.* પ્રમાણ; માન; પરિમાણ.
Ration, *n.* ખાધ ખોરાકીનું લવાજમ; ભાથું.
Rational, *a.* સારૂં નરસું સમજવાની બુદ્ધિ હોય તેવું. 2 બુદ્ધિને અનુકુળ –માફક આવે તેવું.
Rationality, *n.* તર્કબુદ્ધિ–જ્ઞાન–શક્તિ
Rationally, *ad.* બુદ્ધિ–સમજ–અક્કલથી.
Rattle, *n.* ખડખડાટ. 2 બકબક. 3 ઘુઘરો. 4 *v. i.* ખખડવું. 5 બડબડવું. 6 *v. t.* ખખડાવવું.
Rattle snake, *n.* ઘુઘરિયો સર્પ; એક જાતનો ઝેરી સર્પ જેનું પુછડું ઘુઘરાની પેઠે ખખડેછે.
Ravage, *n.* નાશ; પાયેમાલી; ધૂળધાણી. 2 *v. t.* લુટવું; વેરાન–ઉજડ–પાએમાલ–ખરાબ કરવું; ધાડ પાડવી.
Rave, *v. i.* મગજ ભમવું; ચળવું. 2 બકવું; લવવું. 3 ઘેલાં કહાડવાં; હાવરૂં બાવરૂં થવું. [ચવાઈજવું.
Ravel, *v. t.* ગુંચવી નાખવું. 2 *v. i.* ગું-
Raven, *n.* જંગલી કાગડો.
Ravenous, *a.* વખવખું; ખાઈ જવાને તલપી રહેલું. 2 ફાડી ખાનારૂં.
Ravine, *n.* નાળું; કોતર.
Ravish, *v. t.* બળાત્કારે સ્ત્રી સંભોગ કરવો. 2 ઝુટાવી લઈ જવું; જુલમથી લઈ લેવું. 3 અતીસેં હરખાઈ જવું; મોહી પડવું; ખુશી ખુશી થઈજવું.
Raw, *a.* કાચું; ચરેલું–રાંધેલું નહી તેવું. 2 અધુરૂં. 3 કડક; કાચું. 4 અનુભવ વગરનું; કાચું. 5 કાંતેલું નહી તેવું; કાચું. 6 નરો; નરયો કાચો. (દારૂ) 7 થડું; શરદીનું.
Rawhead, *n.* બાહુક; હાઉ; ઘોઘર.
Ray, *n.* કિરણ; રશ્મ.
Raze, *v. t.* જમીનદોસ્ત–ભોંય બરાબર–પાયેમાલ કરી નાખવું.
Razor, *n.* અસ્તરો; અસ્ત્રો; સજાયો.
Razor case, *n.* ઘોભઠી; અસ્તરા મુકવાનું ઘર–કોથલી.
Razor strop, *n.* ટપટપી; ટપટપું.
Reach, *n.* વિસ્તાર; ફેલાવો. 2 પોહોંચવું–પોહોંચી વળવું તે; પોંહોંચ. 3 મકદૂર; શક્તિ. 4 *v. t.* પોહોંચવું;

હાથ પોહોંચવો. 5 આપવું;પોહોંચા-ડવું.6આવી-જઈપુગવું. [જોર;ઉથલો
Reaction, *n.* પ્રત્યાઘાત; સામું-સામેનું
Read, *v. t.* વાંચવું; જોઈને ભણી જવું. 2 લક્ષણ-ચિન્હો ઉપરથી સમજવું-માલમ પડવું. 3 બરોબર ઓળખવું. 4 *v. i* ભણવું; અભ્યાસ કરવો. 5વંચાવું. 6 *a.* ભણેલું;વિદ્વાન.
Readable, *a.* વંચાય-ઉકલે એવું.
Reader, *n.* વાંચનાર.
Readiness, *n.* તૈયારી; સિદ્ધતા.
Reading, *n.* વાંચવું તે; વાચન. 2 અધ્યયન; વિદ્યાઅભ્યાસ. 3 ભાષણ. 4 કથન. 5 કરાના અર્થવિષે સમજણ.
Ready, *a.* તૈયાર; સિદ્ધ. 2 મોજુદ; હાજર. 3 જલદ; ઉતાવળનું. 4 દક્ષ; કુશળ; ચંચલ. 5 રાજી; ખુશી. 6 [શોકડું.
Readymade, *a.* આયતું.
Readywitted, *a.* હાજર જવાબી.
Real, *a.* ખરૂં; સાચું; ખરેખરૂં. 2 સ્થાવર; અચળ (મિલકત.)
Reality, *n.* ખરાપણું; વાસ્તવિકપણું; સચ્ચાઈ; સત.
Realize, *v. t.* અમલ-અનુભવ-વેહેવારમાં આણવું; પારઉતારવું-પાડવું. 2 ખરી અસાર થવી; મનમાં ઉતરવું. 3ઉત્પન્ન-પેદા-વસુલ કરવું;ઉપજાવવું.
Really, *ad.* ખરેખર; સાચેમાચ; વાસ્તવિક; વસ્તુત; અલબત્ત.

Realm, *n.* રાજ્ય; બાદશાહત; મુલ્ક.
Ream, *n.* કાગલના બીસ દસ્તા-ધાપા; કાગળનો રીમ.
Reanimate, *v. t.* ફરીથી જીવ આણવો; ફરીથી સચેતન-સજીવન-જીવતું-જિંદું કરવું. 2 જોરાવર કરવું; હિમ્મત આપવી.
Reap, *v. t.* કાપણી કરવી; ઢાળવું. 2 હાંસેલ કરવું; ફળ પામવું; ભોગવવું; ચાખવું; લણવું.
Reaper, *n.* કાપણી કરનાર; ઢાળિયો.
Rear, *n.* પાછલી બાજુ; પાછલો-પછવાડેનો ભાગ. 2 ફોજની પછવાડેની ટુકડી; હરોલ. 3 *v. t.* ઊંચકી લેવું;ઉઠાવવું. 4 ઉછેરવું; ઉધારવું; પાળવું; પરવરશી કરવી. 5 તાલીમ દેવી; શિખવી તૈયાર કરવું; કેળવણી આપવી.6સરબુલંદ-સરફરાજ કરવું; વધારવું (દરજ્જે). 7 *v. i.* પાછલા પગ ઉપર ઉભું થવું (ઘોડા).
Reason, *n.* સારૂં નરસું સમજવાની-વિવેક બુદ્ધિ; અક્કલ; સમજ; તર્કશક્તિ; ફહમ. 2 કારણ; સબબ; હેતુ; બાયેસ. 3 ન્યાય; વાજબીપણું; હક્ક. 4 *v. t.* ચરચા કરવી; ચુંથી-તકરાર કરી તપાસવું. 5 સમજાવવું; મનાવવું. 6 *v. i.* તર્ક કરવો; બુદ્ધિ-અક્કલ દોડાવવી. 7 વાદવિવાદ કરવો; દલીલો કાઢવી.
Reasonable, *a.* જેને બુદ્ધિ છે તેવું;

વિવેકી; બુદ્ધિમાન. 2 માકૂલ; વાજબી; ન્યાયી; યોગ્ય. 3 માફકસર; નિયમસર; મુતદિલ. 4 ઠીક; ચાલી શકે-કામ લાગી શકે તેવું.

Reasoning, *n.* તર્ક-વાદવિવાદ-વિચાર કરવો તે. (science of) તર્કશાસ્ત્ર.

Reassuring, *a.* ભરૂસો-વિશ્વાસ બેસાડે એવું; ધીરજ આપે-ભયમાંથી મોકલું કરે એવું.

Rebel, *n.* & *a.* બલવાખોર; સરકારની સાંમે તોફાન ઉઠાવનાર; બંડખોર. 2 *v. i.* બંડ કરવું; સરકારની સામે ઉઠવું; હુલ્લડ ઉઠાવવું-મચાવવું.

Rebellion, *n.* બલવો; બંડ; તોફાન; હુલ્લડ; દંગો; ફીસાદ; ફીતુર; સરકશી.

Rebellious, *a.* ગરદનકશ; સરકશ; બલવા-દંગા-બંડખોર; તોફાની; હુલ્લડી

Rebound, *v. i.* ઉછળીને-ઉડીને પાછું જવું-પડવું; ઉથલો ખાવો.

Rebuff, *n.* પ્રતિઘાત; સામેથી દબાણ કરવું-પાછું ઢકેલવું તે; પાછું હઠવું પડે એવો એકાએક લાગેલો ધકો-આચકો-અટકાવ. 2 દાબ; હાર. 3 અસ્વિકાર; ના કહેવી તે.

Rebuke, *v. t.* ઠપકો દેવો; બોલો સંભળાવવા; ધમકી આપવી; દબાવવું. 2*n.* સરઝનિશ; ઠપકો; ધમકી; દાબ.

Rebut, *v. t.* પાછું ઢકેલવું; હઠાવવું. 2 તકરાર-દલીલો લાવીને સામે થવું; સામો પુરાવો લાવીને તકરાર લેવી; પ્રત્યુત્તર આપવો.

Recall, *v. t.* પાછું બોલાવી-તેડી મંગાવવું. 2 રદ કરવું; ભાંગી નાખવું. 3 આવરે બોલ પાછો એમ કરવું; પોતાનું કહેલું પોતેજ પાછું ફેરવવું. 4 યાદ કરવું.

Recant, *v. t.* } ફેરવવું; બદલવું;
Recantation, *n.* } પાછો નકાર-ઇનકાર કરવો; પાછું નાકબૂલ કરવું.

Recapitulate, *v. t.* } ફરીથી પાછું કહી જવું; ટુંકામાં સાર કહી જવો;
Recapitulation, *n.* } સારાંશ-મતલબ ફરીથી કહી જવાં.

Recast, *n. t.* ફરીથી સાંચામાં-બીબામાં ઓતવું. 2 નવેસર બનાવવું.

Recede, *v. i.* પાછું હટવું; પાછાં પગલાં ભરવાં; પાછું ફરવું-વળવું.

Receipt, *n.* પોહોચ; ભરપાઇ; રસીદ.

Receipts, *n.* જમા; વસુલ; આવક.

Receivable, *a.* લેવા જોગ-જેવું; ગ્રાહ્ય.

Receive, *v. t.* લેવું; સ્વીકાર કરવો; સ્વીકારવું. 2 મળવું; પામવું. 3 કબૂલ રાખવું; માનવું; પાળવું. 4 આદરમાન આપવું; સત્કાર કરવો; આગતાસ્વાગતા-પરોણા રીત કરવી; ઈસ્તેકબાલ જવું.

Receiver, *n.* લેનાર; ઘરાક; ગ્રાહક. 2 ચોરીનો છે એમ જાણીને તે માલ ખરીદનાર; ચોરીનો માલ લેનાર. 3 (પદાર્થવિજ્ઞાન શાસ્ત્રમાં) હવાને ખેંચી લેનાર યંત્રની તબકડી.

Recent, *a.* નવું; હમણાનું. 2 તાજું.
Recently, *ad.* થોડુંક થયું; હમણાં.
Receptacle, *n.* જેમાં કંઈ રેહે તે; પાત્ર; આશય; ઠામ; ખાનું; ઘર.
Reception, *n.* લેવું; અંગીકાર; સ્વીકાર; ગ્રહણ; કબૂલ. 2 આગતાસ્વાગતા; આવકાર; ઈસ્તકબાલ.
Recess, *n.* પાછું હઠવું-ઉતરી-ઓસરી જવું તે; ઓટ. 2 જાહેર કામ કાજથી પરવારી ઘેર બેસવું તે; વિશ્રાંતિ. 3 ગોખ; ગોખલો. 4 એકાંતવાસ. 5 ખાનગી રેહેવાનું ઠેકાણું. 6 રજા-છૂટનો વખત.
Recipe, *n.* નુસખો; દવાની યાદી; ઓસડવિધિ.
Recipient, *a.* લેનાર; ગ્રાહી.
Reciprocal, *a.* એક પછી એક-વારા ફરતું થતું-આવતું. 2 અન્યોન્ય; એકમેકનું; અરસપરસનું; પરસ્પરનું. [રસ.
Reciprocally, *ad.* પરસ્પર; અરસપ-
Reciprocate, *v. t.* પરસ્પર કાર્ય કરવું-બદલો વાળવો.
Reciprocity, *n.* અરસપરસ સરખો લાભ-ગુણ થવો તે; પરસ્પરતા; અન્યોન્યતા.
Recital, *n.* / Recite, *v.t.* મ્હોડે ભણીજવું; કહી સંભળાવવું; કથન કરવું.
Reck, *v.t.* તમા રાખવી; દરકાર કરવી; ગણવું; ગણકારવું; ચિંતા-ફીકર હોવી.
Reckless, *a.* નિર્ધાસ્ત; બેપરવા; બેતમા; બેદરકાર; બેફીકરું.
Reckon, *v. t.* ગણવું; ગણના કરવી. 2 ગણવું; ગણકારવું; લેખવવું; માનવું.
Reckoning, *n.* ગણતી; હિસાબ; સુમાર. 2 માનવું-લેખવવું-સમજવું તે. 3 હિસાબ આપવો લેવો તે; ખાતાની રજુઆત.
Reclaim, *v. t.* સુધારવું; સમારવું; દુરસ્ત કરવું. 2 દરિયાનાં પાણી હઠાવી પુરણી કરીને જમીન કરવી.
Reclamation, *n.* સુધારવું તે. 2 પુરણી કરી દરિયાનાં પાણી હઠાવી જમીન કરવી તે.
Recline, *v. i.* ટેકવું; અઢીંગવું. 2 આડું પડવું; સુવું; અરેટાવું.
Recluse, *n.* એકાંતવાસી; સંસાર ત્યાગ કરી એકાંતવસમાં જીંદગી ગુજારનાર; ખલવતનિશીન; ખલવતગુઝીન; ગુશેનશીન.
Recognition, / Recognizance, *n.* ઓળખ. 2 કરાર નામું; મુચલકો.
Recognize, *v. t.* ઓળખવું; પીછાનવું.
Recoil, *v. i.* પાછો ધક્કો લાગવો; સામો આંચકો આવવો. 2 પાછું હઠવું-જવું; સરવું; સરકવું. 3 સંકોચાવું; સંકોચ થવો-પામવો.
Recollect, *v. t.* યાદ કરવું-લાવવું; સંભારી કાઢવું; સ્મરણ કરવું; સાંભરવું
Recollection, *n.* યાદ; સ્મરણ; સુરત.

Recommence, *v. t.* ફરીથી શુરૂ કરવું.
Recommend, *v. t.* શિફારસ-ભલામણ-તારીફ કરવી.
Recommendation, *n.* શિફારસ; ભલામણ.
Recommendatory, *a.* સિફારસનું; ભલામણનું.
Recompense, *n.* & *v. t.* બદલો; પ્રતિફલ; ભરી આપવું; બદલો-અવેજ વાળવો.
Reconcile, *v. t.* મિલાપ-સમાધાન કરાવવું; સમજુતી કરાવવી;પતાવવું. 2 મળતું આવે-તાલ જમે તેમ કરવું.
Reconciliation, *n.* મિલાપ;સમાધાન. 2 તાલ; મેળ; મનમેળાપ.
Recondite, *a.* ગુપ્ત; છાનું. 2 ગૂઢ; નસમજાય તેવું; ઊંડું; અઘરૂં.
Reconnoitre, *v. t.* કેટલીક દૂરથી જોવું; શત્રુના લશ્કરની તપાસ કરવી.
Record, *n.* લેખ; પટ; દફતર; નોંધ. 2 *v. t.* લખી-માંડી રાખવું;નોંધવું.
Recorder, *n.* લખીરાખનાર;દફતરદાર
Recount, *v.t.* તપસીલવાર-સવિસ્તર કહેવું; નિરૂપણ કરવું.
Recoup, *v. t.* અવેજમાં વાળી લેવું-વાળી લેવા માટે રહેવા દેવું; ખોટ-નુકસાન આવે તે ભરી આપવા માટે રાખી મૂકવું.
Recourse, *n.* આશરો; ઉપાય; ઇલાજ; યુક્તિ.
Recover, *v. t.* સારૂં-નિરોગી-ચંગું થાય તેમ કરવું; ફેર પાડવો. 2 ફરીથી મેળવવું-પ્રાપ્ત કરવું. 3 રસ્તાપર-ઠેકાણાસર આણવું. 4 પાછું હોશમાં આવે તેમ કરવું; શુદ્ધિમાં લાવવું. 5 મેળવવું; બદલો-અવેજ મળવો. 6 (money) ઉઘરાવી લેવું. 7 *v. i.* રસ્તાપર-ઠેકાણે આવવું. 8 ફેર પડવો; સારૂં-નિરોગી-ચંગું થવું.
Recovery, *n.* ફેર; આરામ; કરાર; રોગથકી છુટકો; રોગમુક્તિ. 2 ફરીથી મેળવવું તે; પુનઃપ્રાપ્તિ.
Recreant, *a.* બીકણ; નામર્દ.
Recreation, *n.* વિસામો; વિશ્રાંતિ; આરામોસેરા. 2 ગમત; વિનોદ; મન વેરાવું તે.
Recriminate, *v. i.* ઉલટો દોષ મૂકવો; બદલામાં બદનામી મૂકવી-આળ ચઢાવવું.
Recruit, *n.* નવો સિપાઈ. 2 *v. t.* ઠેકાણે લાવવું; સમારવું. 3 *v. i.* સમરવું; દુરૂસ્ત થવું. 4 નવા સિપાઇઓની જમાબંદી-ભરતી કરવી.
Rectangle, *n.* (ભૂમિતીમાં) કાટખુણ; ચોખુણ; સમકોણાકૃતિ.
Rectangular, *a.* કાટખુણ-ચોખુણ હોય તેવું.
Rectification, *n.* સુધારવું તે.
Rectify, *v. t.* સુધારવું; દુરૂસ્ત-શુદ્ધ કરવું; સમારવું. 2 કસ કહાડવો.
Rectilineal, } *a.* સીધી લીટીનું-વાળું.
Rectilinear, } *Rectilineal* figure, સીધી લીટીઓથી થયલી આકૃતિ.

Rectitude, *n.* સીધાપણું; સરળપણું. 2 ખરાપણું; પ્રમાણિકપણું; રાસ્તબાઝી; સવાબ.
Rector, *n.* મુખ્ય તપાસ રાખનાર. 2 નિશાળનો મુખ્ય મેહેતાજી.
Rectum, *n.* મળનો કોઠો; ત્રીજું અને છેલું આંતરડું; મળાશય.
Recumbent, *a.* આડું પડેલું; આડીં- [ગેલું.
Recur, *v. i.* ફરીથી-બીજીવાર બનવું-થવું. 2 (to memory) પાછું યાદ આવવું; સાંભરવું.
Recurrence, *n.* ફરીથી બનવું-આવવું-થવું તે; પુનરાગમન.
Recurrent, Recurring, } *a.* વારે ઘડિયે આવનાર-બનનાર.
Recusant, *n.* ધર્મ સંબંધી સઘળી બાબદોમાં દેશના રાજાની જે સર્વોપરિ સત્તા તેનો ઇનિકાર કરનાર; સાધારણ લોકોના આચાર વિચારની સામે હઠીલાઇ પકડી બેસનાર.
Red, *a.* રાતું; લાલ; સુર્ખ.
Redden, *v. i. & v. t.* રાતું-લાલ થવું-કરવું. [બેરંગ.
Reddish, *a.* રતાસ મારતું-પડતું; સુ
Reddishness, *n.* સુર્ખ રંગી; સુર્ખી; લાલી.
Redeem, *v.t.* અવેજ-નાણું આપીને છોડવવું; આઝાદ કરવું. 2 વેચેલું પાછું વેચાતું લેવું. 3 બચાવવું; ઉગારવું; છોડવવું. 4 પાળવું (વચન). 5 ધરેણે મૂકેલી જીનસ પૈસા ભરીને છોડવવી. 6 તારવું; તારણ-ઉદ્ધાર કરવો.
Redeemer, *n.* છોડવનાર; છુટકારો કરનાર. 2 તારનાર; તારક; ત્રાતા.
Redemption, *n.* છોડવવું તે; છુટકારો. 2 વેચેલું પાછું વેચાતું લેવું તે. 3 તારણ; ઉદ્ધાર; મુક્તિ. [રેલું.
Red hot, *a.* તપાવીને લાલચોળ ક-
Red lead, *n.* સિંદૂર.
Redness, *n.* રતાસ; લાલી; સુર્ખી.
Red ochre, *n.* ગેરૂ. [શબોઇ.
Redolence, *n.* સુગંધ; સુવાસ; ખુ-
Redolent, *a.* સુગંધીવાળું; સુવાસિત; પિમળતું; મઘમઘતું; ખુશબોદાર.
Redouble, *v. t.* વારેઘડીએ-વધારે વધારે-ઉપરાઉપરી કરયા કરવું. 2 *v.i.* બેવડું-બેવડ-દુપટ-બમણું થવું.
Redoubt, *n.* બાહારકોટ.
Redoubtable, *a.* ભયંકર; બીહીક લાગે એવું. 2 બહાદુર; ધીર; પ્રતાપી.
Redound, *v. i.* પરિણામ-હાંસલ-ફળ નિપજવાના કામમાં સાંમેલ થવું; ફળ નિપજાવવાનાં કામમાં મદદ કરવી. 2 પાછું ઢકેલાવું-ગબડવું.
Redress, *n.* દાદ; પનાહ; ઇલાજ; ઉપાય; બદલો. 2 *v. t.* દાદ લેવી; બંદોબસ્ત-ઉપાય-ઇલાજ કરવો; દાદરસી કરવી.
Reduce, *v.t.* કમી-હલકું-થોડું-ઓછું કરવું; ઉતારવું. 2 કોઇબી હાલતપર

લાવવું. 3 હલકું પાડવું—લગાડવું; નબળું-ક્ષીણ કરવું. 4 જેર કરવું; શિકસ્ત આપવી. (*reduce* to poverty) ગરીબાઈપર આણી મુકવું. 5 (ગણિતમાં) રૂપ આપવું.
Reduction, *n.* કમી કરવું તે. 2 ક્ષીણ કરવું તે. 3 હરાવવું તે. 4 ભાંજણી.
Redundance, *n.* પુષ્કળપણું; અધિકાઈ; અધિકતા.
Redundant, *a.* પુષ્કળ; અધિક; જોઈયે તેથી વધતું; ફાજલ; ફાલતુ.
Reduplicate, *v. t.* } બેવડું કરવું; બેવડું.
Reduplication, *n.* }
Re-echo, *v. i.* પ્રતિધ્વનિ—શબ્દ કરવો; પડઘો થવો.
Reed, *n.* બરૂ; બરોડું.
Reef, *n.* સમુદ્રમાંના ખડક; ખરાબો.
Reek, *n.* ધુમાડો. 2 બાફ; વરાળ. 3 *v. i.* ધુમાડો નિકળવો. 4 બાફ—વરાળ નિકળવી.
Reel, *n.* ફિરકી. 2 ચરખો. 3 *v. t.* અટેરવું; ફિરકી—ચરખાપર ઉતારવું—વિંટાળવું. 4 *v. i.* લથડવું; લથડતું—ઝોકાખાતું ચાલવું.
Re-enforce, *v. t.* કુમક મોકલવી; નવા—બિજા સિપાઈ—વાહાણો મોકલીને વધારે જોરેમંદ કરવું.
Re-enforcement, *n.* કુમક; પુષ્ટિ.
Re-enter, *v. t.* ફરીથી દાખલ કરવું.
Refer, *v. t.* સોંપવું; હવાલે કરવું. 2 કોઈનો હવાલો આપવો; કોઈપર મોકલવું; કોઈ આગળ રજુ કરવું. 3 *v. i.* લાગવું; લાગુ પડવું—થવું. 4 ઈસારો કરવો.
Referee, *n.* મધ્યસ્થ; તિરાહિત; તીજો શખ્સ; ત્રીજો ધણી—આસામી; મુનસિફ.
Reference, *n.* સુપૂરત; હવાલો; સોંપણ. 2 સંબંધ; અલાકો; નિસબત. 3 સુચના; ઇસારો. 4 ફેસલો—નિવેડો કરવા માટે ત્રીજા ધણી—તિરાહિત માણસને સોંપવું તે. *In reference to*, સંબંધી; વિષયે.
Refine, *v. t.* સાફ કરવું; કચરો—મેલ ધોવો; મેલકાપવો. 2 સુધારવું; સભ્ય કરવું.
Refined, *a.* મેલ કપાયલું; સાફ—સ્વચ્છ કીધેલું. 2 સુધરેલું. 3 સુંદર. 4 સભ્ય.
Refinement, *n.* સફાઈ. 2 સુધરાઈ; સભ્યતા; અદબ. 3 બારીકી; નાજુકાઈ.
Refit, *v. t.* મરામત કરવી—કરાવવી; સમારવું—રીને ફરીથી તૈયાર કરવું.
Reflect, *v. t.* પાછું ફેંકવું; પ્રતિબિંબ પાડવું; પરાવર્તન કરવું. 2 *v. i.* મનન—ચિંતન કરવું; અંદેશો કરવો; ધ્યાન લગાડીને વિચારવું. 3 *To reflect on*, બોલ સંભળાવવા; ઠપકો દેવો; દોષ મુકવો.
Reflection, *n.* પાછું ફેંકાવું તે; પ્રતિબિંબપાડવું તે; પરાવર્તન. 2 આપેલો ઠપકો; મુકેલો દોષ. 3 ચિંતન; મનન; વિચાર. 4 પડછાંયો; પ્રતિબિંબ; ઓળો.

Reflector, *n.* કિરણ પાછાંપડે તેને સારૂ દિવાની પાછળ જે ચકચકિત
Reflux, *n.* ઓટ; ઉતાર. [તખ્તી વગેરે તે
Reform, *n.* સુધરાઈ; સુધારો. 2 *v. t.* & *v. i.* સુધારવું; સુધરવું; સીધા રસ્તાપર આણવું-આવવું.
Reformation, *n.* સુધારો; સુધરાઈ.
Reformer, *n.* સુધારનાર; સુધરાઈ કરનાર.
Refract, *v. t.* } ફેરવવું; વાંકું વાળવું;
Refraction, *n.* } મડવું; વાકું વકકરવું.
Refractory, *a.* હઠીલું; માથે ચઢેલું; સરકશ; માથું ફોડાવતું. 2 અડિયલ (જનાવર.) [તોડવા લાયક.
Refragable, *a.* ખંડન કરવાને યોગ્ય;
Refrain, *v. t.* અટકાવવું; રખાવવું; થોભાવવું. 2 *v. i.* અટકવું; થોભવું.
Refresh, *v. t.* તાજું કરવું-થવું; વિસામો-આરામ આપવો-મળવો.
Refreshment, *n.* વિસામો; આરામ; આસાએશ; રાહત; આસુદગી; તરોતાજગી. 2 થોડું ઘણું ખાઇ પીને તાજું થવું તે; જલપાન.
Refuge, *n.* આસરો; આશ્રય; શરણ; પનાહ. *To take refuge with*, શરણે જવું; પનાહ લેવી. 2 ઇલાજ; ઉપાય.
Refugee, *n.* દેશત્યાગી; બેવતની; શરણાગત; આશ્રિત; પનાહગીર.
Refulgence, *n.* ચકચકાટ; તેજ; ઓપ; કાંતિ; નૂર; રોશનાઇ.
Refulgent, *a.* રોશન; મુનાવર; ચકચકિત; તેજસ્વી; નુરાની; ચળકતું.
Refund, *v. t.* પાછું આપી દેવું; ભરી-વાળી આપવું; મજરે આપવું.
Refusal, *n.* નકાર; ના; નિષેધ. 2 અનંગીકાર; અસ્વીકાર; ઇનિકાર.
Refuse, *n.* ગાળ્યાથી નિકળેલો કચરો. 2 નાપસંદ-રદ વસ્તુ. 3 *v. t.* ના પાડવી-કહેવી; નકારવું; નહીં એમ કેહેવું. 4 અનંગીકાર કરવું; નકબૂલ રાખવું; ઇનકાર કરવો.
Refutation, *n.* ખંડન; તોડ; રદિયો.
Refute, *v. t.* ખંડન કરવું; રદિયો આપવો.
Regain, *v. t.* ફરીથી પામવું-મેળવવું.
Regal, *a.* રાજાનું; રાજકીય; બાદશાહી
Regale, *v. t.* ખુશ-સંતુષ્ટ કરવું.
Regalia, *n.* રાજચિન્હો-લક્ષણો.
Regality, *n.* બાદશાહી; રાજત્વ; રાજ્ય.
Regard, *n.* ધ્યાન; લક્ષ્ય; પરવા; દરકાર. 2 માન; ગણના; ખાતરદારી. 3 મોહબત; પ્યાર; એખલાસ. 4 નીધા; નજર. 5 માન પ્રતિષ્ઠા; દરજ્જો; વકર; મોભ્ભો; ભારબોજ. 6 *v. t.* જોવું; નીહાલવું. 7 ગણવું; દરકાર રાખવી. 8 માનવું; સાંભળવું; ગણકારવું. 9 માન રાખવું; લેખવવું; પાળવું.
Regarding, *prep.* વિષે; સંબંધી; લગતું; બાબે. [નિશ્ચિંત.
Regardless, *a.* બેપરવા; બેફિકર
Regetta, *n.* નૌકા ક્રીડા.

Regency, *n.* રાજ પ્રતિનિધિનો અધિકાર-અમલ. 2 એવો અધિકાર અથવા અમલ ચલાવનાર પ્રતિનિધિઓની મંડળી.

Regenerate, *v. t.* ફરીથી જનમ આપવો-પેદા-ઉત્પન્ન કરવું. [પેદાશ.

Regeneration, *n.* નવો જનમ; નવી

Regent, *n.* રાજપ્રતિનિધિ; રાજાની વતીનો કારભારી.

Regime, *n.* રાજ્ય; અમલ; કારકીર્દી.

Regicide, *n.* રાજાનું ખુન કરનાર. 2 રાજહત્યા; રાજાનું ખુન.

Regimen, *n.* ફરી; પહરેજી; પથ્ય.

Regiment, *n.* પલટણ; ફોજની ટુકડી; રીજમીટ; (of horse) રસાલો.

Regimental, *a.* પલટણી; પલટણનું.

Region, *n.* દેશ; પ્રાંત; જગા; મુલક.

Register, *n.* પટ; નોંધ. 2 દફતર. 3 દફતરદાર. 4 (છાપવામાં) કાગળની એક બાજુ ઉપરની કલમ, ઓળ અથવા આંકડાનું બીજી બાજુની કલમ-ઓળ-આંકડા સાથે જે મળતું આવવું અથવા એક એકના ઉપર બરાબર આવવું તે; ફેર નહી આવવો તે; ફેર બરાબર જમેલો હોવો.તે. 5 *v. t.* નોંધવું; દફતરમાં લખવું-દાખલ કરવું. 6 *v. i.* (છાપવામાં) ફેર જમવો; ફેર મળેલો હોવો.

Registr[illegible], *n.* દફતરદાર; બારનિશી.

Registration, *n.* દફતરમાં નોંધી રાખવું તે.

Registry, *n.* દફતરમાં નોંધી રાખવું તે. 2 નોંધ રાખવાની જગ્યા; બારનિસની કચેરી. 3 નોંધાયલી હકીગત.

Regret, *n.* પસ્તાવો; શોગ; પશ્ચાત્તાપ; અફસોસ. 2 દુઃખ; ખેદ. 3 *v. t.* પશેમાન થવું; પસ્તાવો કરવો. 1 ખેદ કરવો; દલગીર થવું.

Regular, *a.* રીત-કાયદાસર; યથા[illegible]. 2 નીમસર ચાલનાર; નીમનું; નિયમાનુસારી. 3 યથાક્રમ; રસ્તા-તજવીજ-મેતસર; બરાબર; ઠીક.

Regularity, *n.* કાયદો; નિયમ; કાયદા-નીમસર ચાલવું-હોવું તે; કાયદાસરપણું. 2 એક સરખાપણું.

Regularly, *ad.* કાયદા-નીમ-મેત સર-પ્રમાણે-માફક; યથામાર્ગ.

Regulate, *v. t.* નીમસર-તજવીજથી-બરાબર ચલાવવું; બંદોબસ્ત કરવો; ઠીકઠાક કરવું.

Regulation, *n.* કાયદો; કાનુન; ધારો; નિયમ; આઈન.

Rehearsal, *n.* }
Rehearse, *v. t.* } મોહોડે ભણી જવું-ફડી સંભળાવવું. 2 તૈયાર-પાકું થયું યા નહીં તે જોવાસારૂ ખાનગી રીતે ભણી દેખાડવું-બયાન કરી જવું.

Reign, *n.* રાજ્ય અમલ-રાક. 2 રાજ; કારકીર્દી. 3 *v. i.* રાજ્ય કરવું.

Reimburse, *v. t.* ભરી-વાળી આપવું.

Rein, *n.* લગામની દોરી-વધરી; અ-

છોડો; લગામના ભાગ; રેન. 2 અંકોરા; લગામ; કાબુ. [પરનું હરણ.
Reindeer, n. બરફવાળી જમીન ઉ-
Reins, n. ગુરદો; મૂત્ર પિંડ. 2 કમર; કેડની પછવાડેનો ભાગ.
Reinstate, v. t. ફરી-પાછું ઠેરવવું-બેસાડવું; બાહાલ કરવું, જેમકે The king was *reinstated* in the possession of his kingdom. [રવું.
Reiterate, v. t. વારેઘડીયે બોલ્યા ક-
Reject, v. t. } ફેંકી-નાખી દેવું.2ના-
Rejection, n. } પસંદ કરવું. 3 નામંજુર રાખવું; નાકબૂલ-અમાન્ય કરવું. 4 છોડી દેવું; વર્જવું; તજવું.
Rejoice, v. t. ખુશ કરવું; હર્ષ-આનંદ પમાડવો; રીઝવવું. 2 v. i. ખુશ થવું; હરખાઈ જવું; રીઝવું.
Rejoicing, n. આનંદ; હર્ષ; સંતોષ; ખુશાલી; ઓચ્છવ; ઉત્સાહ; ઉત્સાવ; ખુશાવકતી.
Rejoin, v. t. ફરીથી જોડવું-સાંધવું. 2 v. i. પ્રત્યુત્તર વાળવો. 3 રદ જબાબ-રદિયો આપવો.
Rejoinder, n. ઉત્તરનો ઉત્તર; પ્રત્યુત્તર; જવાબ ઉપર જવાબ. 2 રદ જવાબ.
Relapse, n. & v. i. ફરીથી થવું; આગલી હાલતમાં પાછું આવવું; જેવાહતા તેવા થવું. 2 દરદ પાછું ઉભળવું-ઉભરાઈ આવવું; ઉથલો ખાવો.
Relate, v.t. કેહેવું; બયાન કરવું; જણાવવું. 2 v. i. લાગુ થવું; સંબંધ હોવો.
Relation, n. કથન; બયાન; નિરૂપણ; કિસ્સો. 2 લગવાડ; સંબંધ; તાલુક; નિસ્બત. 3 સગપણ; સગાઇ.
Relations, n. સગાંવાહાલાં; આપ્તજન; કુટુંબનાં માણસો. [નાતું.
Relationship, n. સગપણ; સંબંધ;
Relative, n. સગું; સંબંધી; કુટુંબી. 2 a. બાબતનું; સંબંધી; વિશેનું; લગતું વળગતું. 3એક બીજાને લગતું.
Relatively, ad. બીજાની સાથે સંબંધ રાખીને.
Relax, v. t. ઢીલું પાડવું; નરમ રાખવું. 2 વિસામો-આરામ આપવો. 3 નરમ-ઢીલું કરવું (પેટ, કોઠો). 4 v. i. નરમ-ઢીલું પડવું; કરડાપણું મટી જવું.
Relaxation, n. ઢીલ; સુસ્તી. 2 વિસામો; ફુરસદ; વિશ્રાંતિ. 3 પેટ-કોઠો ઢીલો થવો-છૂટવો તે.
Relay, n. ડાકનો ટપ્પો-ચોકી.
Release, n. છૂટકો; છુટકારો. 2 ફારગતી. 3 v. t. છૂટકો-બંદ ખલાસ કરવો.
Relent, v. i. મોમ દિલ થવું; દયા આવવી; નરમ થવું; મન પીગળવું.
Relentless, a. સંગદિલ; બેરહમ; કઠોર; નિર્દય; વજ્ર-કઠણ છાતીનું હૈયાનું.
Relevent, a. પ્રસંગે ઘટતું; અવસરે-

ટાણા ઉપર જોઈતું; પ્રસંગોચિત; લાગુ પડતું.
Reliance, *n.* ભરોસો; ઈતબાર; વિશ્વાસ; આકીન; પતીજ.
Relic, *n.* શેષ-સિલક-બાકી રહેલું તે.
Relics, *n.* મુરદું; પ્રેત; શબ. [સ્ત્રી.
Relict, *n.* વિધવા; રાંડીરાંડ; રંડાયલી
Relief, *n.* આરામ; કળવળવી તે; ચેન; દુઃખમાં ઘટાડો થવો તે; સમાધાન; વિસામો. 2 બદલી. 3 મદદ; દાદ; કુમક.
Relieve, *v. t.* આરામ કરવો; કળવળે તેમ કરવું. 2 બદલી કરાવવી; વારો બદલાવવો. 3 અડચણ મટાડવી-ઘટાડવી; કંટાળો કમી કરવો. 4 સગવડ કરી આપવી; મદદ કરવી.
Religion, *n.* ધર્મ; પંથ; દીન; મહજબ. 2 ઇશ્વર ભક્તિ; ભક્તિ.
Religious, *a.* ધાર્મિક; ધર્મી; ધર્મ પાળનાર; દીનદાર; પરેજગાર. 2 ધર્મ-દીનનું.
Relinquish, *v. t.* મૂકી-છોડી દેવું; ત્યાગ કરવો; તજવું; હાથ ધોવા-ઉઠાવવા.
Relinquishment, *n.* ત્યાગ; વર્જન.
Relish, *n.* રૂચિ; સ્વાદ; લેહેજત; મજા. 2 ચાહ; શોખ; લુત. 3 *v. t.* સ્વાદદાર કરવું; લેહેજત આણવી. 4 *v. i.* સવાદદાર થવું-લાગવું; સવાદે સારૂં લાગવું.
Reluctance, *n.* નાખુશી; આનાકાની.
Reluctant, *a.* નાખુશ; નારાજી; બેમનુ.
Reluctantly, *ad.* નાખુશીથી; ખેંચતાણથી; આનાકાનીથી; બેમને.
Rely, *v. i.* ભરોસો-વિશ્વાસ કરવો.
Remain, *v. i.* બાકી-સિલક રહેવું; વધવું. 2 રહેવું; મુકામ કરવો. 3 ઘણીવાર ટકી રહેવું.
Remainder, *n.* બાકી; સિલક. (ગણિતમાં) બાદબાકી. [મુડદું; લાસ.
Remains, *n.* શેષ; બાકી. 2 પ્રેત; શબ;
Remand, *v. t.* ફરીથી તપાસ થવાને માટે પાછું કેદખાનામાં મોકલવું-મોકલવાનો હુકમ કરવો.
Remark, *n.* જોવું તે; અવલોકન. 2 શેરો; કોઈબી બાબત ઉપર પોતાનો વિચાર લખવો-કેહેવો તે; વ્યખ્યા; ટીકા; સૂચના. 3 *v. i.* કહેવું; જણાવવું. 4 *v. t.* ગહોર કરવો; ધ્યાન રાખીને જોવું.
Remarkable, *a.* ધ્યાનમાં રાખવાજોગ. 2 નામાંકિત; પ્રસિદ્ધ; પ્રખ્યાત. 3 અજાએબ જેવું. [તરૂં કરવું.
Remarry, *v. i.* પુનઃર્લગ્ન કરવું; ના-
Remarriage, *n.* પુનઃલગ્ન; નાતરૂં; પુનર્વિવાહ.
Remediable, *a.* જેનો ઉપાય-એલાજ થઈ શકે તેવું; ઉપાય સાધ્ય.
Remediless, *a.* નિરૂપાય; લાઈલાજ.
Remedy, *n.* ઉપાય; ઇલાજ; ઉપચાર. 2 *v. t.* ઉપાય કરવો.

Remember, v. t. યાદ-સ્મરણ-સંભારી રાખવું. [ફ્રામ.
Remembrance, n. યાદ; સ્મરણ;
Remind, v. t. યાદ દેવડાવવું; સ્મરણ કરાવવું; સંભારી આપવું.
Reminiscence, n. યાદગારી; સ્મરણ; યાદદાસ્ત. [પરવા.
Remiss, a. ઢીલું. 2 ગાફેલ; બેફામ-
Remission, n. ઘટાડો; નરમાસ. 2 માફી; ક્ષમા; છોડી-મૂકી દેવું તે.
Remit, v. t. પાછું મોકલવું. 2 નરમ થઈ પાડવું; કમ-ઓછું કરવું. 3 માફ કરવું. 4 છોડી-આપી દેવું. 5 નાણું મોકલાવી દેવું; હુંડી-અવેજ વાળવો. 6 v. i. હલકું-નરમ-ઢીલું પડવું.
Remittance, n. મોકલેલું-વાળેલું ના-
Remnant, n. બાકી; શેષ. [ણું; હુંડી.
Remonstrance, n. } તકરાર-હુજ્જત
Remonstrate, v. t. } ત-રદ બદલ કરવી; જવાબ સવાલ કરવા; દાખલા દલીલ આપીને સમજાવવું; વારવું.
Remorse, n. પસ્તાવો; પશ્ચાત્તાપ; ખેદ; અફસોસ; પશેમાની; ખરખરો.
Remorseless, a. નિર્દય; પસ્તાવા-પશેમાની વગરનું; ઘાતકી; કઠોર; સંગદિલ.
Remote, a. દૂરદરાજ; આઘેનું; વેગળું.
Remount, v. t. & v. i. ફરીથી સ્વારી કરવી. 2 n. અસબાબ સાથે તૈયાર રાખેલો બીજો ઘોડો.
Removal, n. જગો બદલવી તે; સ્થળાંતર. 2 દૂર કરવું-કાહાડી મુકવું તે; બરતરફી. 3 સારું થવું-ફેર પડવો તે; નિવારણ. 4 અંત-આખેરી-છેડો લાવવો તે.
Remove, v. t. ઊઠાવી લઇ જવું; ખસેડવું. 2 દૂર કરવું; કાઢી મુકવું; બરતરફ કરવું. 3 છોડાવવું; દૂરદફે કરવું. 4 v. t. એક જગ્યામાંથી બીજી જગ્યાએ જવું; ખાલી કરવું.
Remunerate, v. t. સારો બદલો આપવો; અવેજ આપવો-વાળવો. [ફળ.
Remuneration, n. બદલો; અવેજ
Remunerative, a. ફળ આપે-ફાયદો-અવેજ કરે તેવું; બદલાવાળું એવું.
Rencounter, n. ટકાટકી; સામસામે મળવું તે; ઓચિંતી થતી ભેટંભેટા; ઝડપા ઝડપી.
Rend, v. t. ફાડવું; ચિરવું; તોડવું.
Render, v. t. પાછું આપવું; દેવું; અદા કરવું. 2 કરવું; બનાવવું. 3 ભાષાંતર-તરજુમો કરવો.
Rendering, n. ભાષાંતર; તરજુમો.
Rendezvous, n. જ્યાંહાં લશ્કરને એકઠાં થવાનો હુકમ હોય તે ઠેકાણું; જમાવ; છાવણી.
Renegade, n. સ્વધર્મ ત્યાગી; પોતાનો ધર્મ છોડનાર. 2 લશ્કરી અથવા દરયાઈ ખાતાની ચાકરી છોડી નાસી જનાર. 3 લુચ્ચું માણસ

Renew, *v. t.* } નવું-નવાં સરખું-
Renewal, *n.* } તાજું-ફરીથી કરવું.
Renounce, *v.t.* છોડી-મુકી દેવું; નાપા-
ડવી; ત્યાગ-ઈનકાર કરવો રદ કરવું.
Renown, *n.* નામ; કીર્તિ; જશ; નામદારી
Renowned, *a.* નામાંકિત; કીર્તિમા-
ન; વખણાયલું; નામદાર; પંકાયલું.
Rent, *n.* ભાડું; કિરાયું. 2 ગણોત; સાંથ.
3 ફાટ; ચીર; તડ. 4 ફુટફાટ. 5 *v.t.*
ભાડે-ગણોતે આપવું. [નાર; ભાડુત.
Renter, *n.* ભાડે-ગણોતે લેનાર-રાખ-
Renunciation, *n.* છોડી દેવું તે; ત્યાગ;
ઈનિકાર; અસ્વીકાર; અનંગીકાર.
Repair, *v. t.* સુધારવું; સમારવું;
સમરાવવું; મરામત કરવી. 2 ભરવું;
ભરી આપવું. 3 *v. i.* જવું; આાવ-
વું; આવજા કરવી. 4 *n.* મરામત.
slight repairs, ટીપટાપ. [વા જોગ.
Reparable, *a.* સમરાવવા-દુરસ્ત કર-
Reparation, *n.* અવેજ; બદલો.
Repartee, *n.* હાજર જવાબ; રીમચે
ઘટતો ઉત્તર; સમયોચિત ઉત્તર.
Repast, *n.* ભોજન; જમવું; જમણ.
Repay, *v. t.* પાછું આપવું; ફેડવું.
2 બદલો વાળવો; વાળી આપવું.
Repeal, *v. t.* રદ-બાતલ કરવું;
કાઢી નાખવું.
Repeat, *v.t.* ફરી-પાછું કરવું. 2 ફરીથી
બોલવું. 3 પાઠ ભણી જવો; ગોખવું.
Repeatedly, *ad.* વારે ઘડીયે; વારંવાર;
ફરી ફરીને; દમપરદમ; પુનઃપુનઃ.

Repel, *v.t.* હઠાવવું; પાછું-પાછળ કાઢવું.
Repent, *v. i.* પશ્ચાત્તાપ; કરવો; પ-
સ્તાવું; પશેમાન થવું; ખેદ પામવો.
Repentance, *n.* પશ્ચાત્તાપ; પસ્તાવો;
પશેમાની; અનુતાપ; તોબા.
Repetition, *n.* ફરીથી વારી આવવી
તે; પુનરાવૃત્તિ. 2 પાઠ બોલવો તે.
Repine, *v. i.* ગમખાવો; મનમાં
ખીજાવું-બળવું-દુઃખી થવું; ઝરવું.
2 બબડવું; કકલવું.
Replace, *v. t.* ફરીથી તેની જગાએ-
જાહાંનું તાંહાં-જ્યાં હતું ત્યાં મૂકવું.
2 બદલે મૂકવું; પાછું મેળવું; ભરી
આપવું. [તાજું કરવું.
Replenish, *v.t.* ભરપૂર કરવું; ફરીથી
Replete, *a.* પૂરૂં; પૂર્ણ; ભરપૂર; ભરેલું.
Repletion, *n.* પૂર્ણતા; ભરપૂર હોવું
તે; ભરતી.
Replication, *n.* પ્રતિવાદીએ આપેલી
'પલી' અથવા જવાબનો વાદીએ
વાળેલો પ્રત્યુત્તર; રદ જવાબ.
Reply, *n.* પ્રત્યુત્તર; જવાબ; ઉત્તર.
2 *v. t.* ઉત્તરવાળવો; જવાબ દેવો.
Report, *n.* હકીગત; રિપોર્ટ. 2 ખ-
બર; અફવા; ગપ. 3 અવાજ; શબ્દ.
(of a gun) બાર. 4 *v. t.* રિપોર્ટ
કરવો; હકીગત કેહેવી-લખવી.
5 વર્ણન કરવું. 6 અફવા ચલાવવી.
Reporter, *n.* ખબર આપનાર; સ-
માચાર કેહેનાર; અખબાર નવીસ;
બાતમીદાર.

Repose, *n.* આરામઆરામ; આસુદગી; રાહત; આરામ; ચેન; વિશ્રાંતિ. 2 *v. i.* સુવું; પોઢવું; આંગ નાખવું; આરામ કરવો. 3 ભરોસે રહેવું ભરોસો–વિશ્વાસ રાખવો; ભરોસા પર રહેવું.
Repository, *n.* વખાર; કોઠાર; ભંડાર.
Reprehend, *v.t.* ઠપકો દેવો.
Reprehensible, *a.* દોષદેવાજોગ; ઠપકા લાયક.
Represent, *v. t.* દેખાડવું; બતાવવું. 2 વર્ણન–બયાન કરવું. 3 કોઇની જગા રાખવી; કોઇની જગ્યાએ તેની તરફથી બોલવું–કામ કરવું; પ્રતિનિધિ થવું–હોવું. 4 સોંગ–વેશ લેવો.
Representation, *n.* દેખાડવું તે; પ્રદર્શન. 2 વર્ણન. 3 અરજ; વિનંતિ; એલતેમાસ. 4 વેશ ધારણ; સોંગ. 5 વકીલી; પ્રતિનિધિત્વ; બદલી. 6 તસવીર; પ્રતિમા; પ્રતિબિંબ.
Representative, *n.* વકીલ; પ્રતિનિધિ.
Repress, *v. t.* દાબવું; દબાવવું.
Reprieve, *v. t.* ફાંસીદેવાની સજાનો હુકમ મુલતવી રાખવો.
Reprimand, *n.* ધમકી; ઠપકો; શબ્દમાર; સરઝનિશ. 2 *v. t.* ધમકી દેવી; ધમકાવવું; શબ્દમાર મારવો.
Reprint, *v. t.* ફરીથી છાપવું. 2 *n.* પુસ્તકની બીજી–નવી આવૃત્તિ.
Reprisal, *n.* વેર વાળવું–લેવું તે; પ્રતિપીડન. 2 શત્રુએ જો કંઈ લઇ લીધું હોય તો તેના બદલામાં શત્રુનું કંઈ પોતે પકડી લાવવું.
Reproach, *n.* ઠપકો; નિંદાનું ભાષણ; અપવાદ. 2 લાજ; બેશરમી; બદનામી. 3 *v. t.* ઠપકો દેવો.
Reproachful, *a.* ઠપકાવાળું; નિંદાનું. 2 બેઆબરૂ–બદનામી ભરેલું; લજા ભર્યું.
Reprobate, *a.* વહી ગયલું; માણસપણામાંથી ઉઠી ગયલું; બેહકી ગયલું. 2 *v. t.* ધિક્કાર સાથે નાપસંદ કરવું.
Reprobation, *n.* નાકબૂલ–નાપસંદ કરવું તે; વહેતું–ખડતું મુકવું તે.
Reproduce, *v. t.* નવું–નવેસર પેદા કરવું.
Reproducive, *a.* ફલ જનક; પાછું પેદા–ઉત્પન્ન કરી આપે એવું.
Reproof, *n.* શબ્દમાર; મોઢ ઉપર ઠપકો દેવો તે; સરઝનિશ મલામત.
Reprove, *v. t.* બોલ સંભળાવવા; ઠપકો દેવો. 2 ધમકાવવું.
Reptile, *n.* જીવજંત; પેટેચાલનાર જીવડો.
Republic, *n.* પ્રજાસત્તાકરાજ્ય; લોકનું ધણીપણું.
Republican, *a.* પ્રજાસત્તાકરાજ્યનું. 2 *n.* પ્રજાસત્તાક રાજ્યને પસંદ કરનાર માણસ.
Repudiate, *v. t.* નાકબૂલ કરવું; ફરી જવું. 2 તલાક આપવો; છેડા ફાડી આપવા; છૂટા છેડા કરવા.

Repugnance, *n.* વિરોધ; ઉલટાપણું. 2 નાખુશી; કંટાળો; ત્રાસ; કરાહિયત.
Repugnant, *a.* વિરૂદ્ધ; ઉલટું; વાંકું; એક બીજાને ન બને તેવું; પ્રતિકૂળ; વિપરીત. 2 નાખુશ; નારાજી. [વવું.
Repulse, *n.* & *v.t.* પાછું હઠાવવું; હરા-
Repulsion, *n.* પાછું હઠાવવું. [એવું.
Repulsive, *a.* કંટાળો આવે–ગમે નહી
Reputable, *a.* આબરૂદાર; પ્રતિષ્ઠિત. 2 આબરૂનું; ઉમદા; હોરમતદાર.
Reputation, } *n.* આબરૂ; પ્રતિષ્ઠા; નામ;
Repute, } હુરમત; ઇજ્જત; નેકનામી. 2 લોકોને મ્હોડે સંભળાતી કીર્તિ.
Reputed, *a.* માનેલા; ગણેલા.
Request, *n.* વિનંતિ; અર્જ; એલતેમાસ. 2 આપેક્ષા; ઇચ્છા; તમબ. 3 *v. t.* વિનંતિ કરવી; માગવું.
Require, *v. t.* જરૂર પાડવી; કરાવવું. 2 સત્તા–હકથી કેહેવું–માંગવું. 3 ગરજ–જરૂરીઆત–હાજત હોવી.
Requirement, *n.* જરૂરીઆત; ગરજ; હકની માંગણી.
Requisite, *n.* અગત–જરૂરની વાત–વસ્તુ; અવશ્યક વિષય. 2 *a.* જરૂરનું; અગતનું; આવશ્યક; લાઝિમ; વાજિબ.
Requisition, *n.* માગણી. 2 અરજી.
Requital, *n.* અવેજ; બદલો; બંગા.
Requite, *v.t.* અવેજ–બદલો આપવો.
Rescind, *v. t.* રદ કરવું; મોકુફ કરવું.
Rescript, *n.* રાજઆજ્ઞા; બાદશાહી હુકમ.
Rescue, *v. t.* છોડવવું; બચાવ કરવો. 2 *n.* છુટકો; બચાવ. 3 નસાડવું–નસાડી મુકવું તે; કેદમાંથી જબરદસ્તીથી છોડવવું તે.
Research, *n.* શોધ; તલાશ; ખોળ.
Resemblance, *n.* સરખાપણું; સાદૃશ્ય; મુવાફકત. 2 પ્રતિમા; મિસલ.
Resemble, *v. t.* સરખામણી કરવી; સરખાવવું. 2 સરખું થવું; મળતું આવવું. [આણવું; ગુસ્સો કરવો.
Resent, *v.t.* બુરૂ માનવું; મનમાં માઠું
Resentment, *n.* ગુસ્સો; ક્રોધ; કોપ; તામસ.
Reservation, *n.* રાખી મુકવું તે. 2 પેટમાં–મનમાં રાખી મૂકવું તે.
Reserve, *n.* અનામત; રાખી–ઊંચી મેલેલી ચીજ–પદાર્થ. 2 સંકોચ; લાજ; ભીડ; પડદો. 3 મનમાની વાત. 4 *v. i.* રાખવું; મેહેલી છાંડવું. 5 પેટમાં–મનમા રાખી મુકવું.
Reserved, *pp.* રાખી–ઊંચું કરી મૂકેલું. 2 *a.* કમસુખન; શરમાળ; મોકળા મનનું નહી; જુદાઈ કરતું.
Reservoir, *n.* હોજ; તળાવ; કુંડ; ટાંકું.
Reside, *v. t.* રહેવું; વસવું. [કામ; ઘર.
Residence, *n.* વસ્તી. 2 રેહેઠાણ; મુ-
Resident, *n.* પારકાં દેશોની દરબારમાં રાખેલો સરકાર તરફનો અમલદાર–વકીલ; રેસિડન્ટ. 2 રેહેનાર; વસનાર; વાસ કરનાર; વાસી.

Residuary, *a.* બાકીનું-રહેલાસંબંધી.
Residue, *n.* વધેલો ભાગ; બાકી.
Resign, *v. t.* છોડવું; તજવું; ત્યાગ કરવો; રાજીનામું આપીને મૂકીદેવું. 2 સોંપવું; હવાલે કરવું; અર્પણ-સમર્પણ-કરવું.
Resignation, *n.* ત્યાગ; રાજીનામું. 2 ગુપચુપ- મુગેમોહોડે ઈશ્વરેચ્છાને [તાબે થવું તે;તવક્કુલ.
Resin, *n.* રાળ.
Resist, *v.t.* સામે થવું;અટકાવ કરવો.
Resistance, *n.* અટકાવ; સાંમે થવું તે; નડતર; પ્રતિબંધ. [થવાજોગ.
Resistible, *a.* અટકાવ કરવા-સાંમે
Resistless, *a.* સામે ન થઈ-રહી શકાય એવું;અટકાવી નશકાય એવું.
Resolute, *a.* મક્કમ; અચળ; ઉસ્તવાર; ડગે નહી તેવું; આગ્રહી;ચિવટ.
Resolution, *n.* મનસુબો; સંકલ્પ; નિશ્ચય. 2 ઠરાવ. 3 દૃઢતા; નક્કી-અચળપણું; ધૈર્ય; આગ્રહ; હિમ્મત.
Resolvable, *a.* દ્રવ-રસ થવા સરખું. 2 મૂળતત્વો જુદાં થવા સરખું. 3 ખુલાસો-ફડચો કરવા જેવું (સંદેહ).
Resolve, *v. t. & v. i.* દ્રવ-રસ કરવો; પીગાળવું. 2 મૂળતત્વ જુદાં પાડવાં. 3 ખુલાસો કરવો; સમજ પાડવી; ભેદ જણાવવો. 4 ઠરાવ કરવો; ઠરાવવું. 5 વધરાઈ-વિધરાઈ જવું. (ગોડ-ગુમડું).
Resort, *n.* આશારો ધરવો તે. 2 જવું આવવું-મળવું ભેટવું-એકઠા થવું તે; મેળાવડો. 3 વારેવારે મળવા ભેટવા-એકઠા થવાની જગ્યા; બેઠક. 4 *v. i.* આસરો લેવો-પકડવો. 5 ઉપયોગ કરવો; ઉપયોગમાં લેવું. 6 જવું; આવવું; આવી જવું.
Resound, *v. i.* ધુમી-ગાજી રેહેવું. મોટો અવાજ કરી મુકવો. 2 પડઘો-પ્રતિશબ્દ થવો.
Resource, *n.* ઉપાય; યુક્તિ; તોડ; તજવીજ; ઈલાજ. 2 (*pl.*) પૂંજી; પૈસાટકાનું જોર.
Respect, *n.* માન; આબરૂ; આદરસત્કાર. 2 બાબત; પ્રકરણ; નિસ્બત. 3 ધ્યાન; મન; ચિત્ત. 4 *v. t.* અભાકો રાખવો-હોવો; ધોરણ-સંબંધ હોવો. 5 માન આપવું; સત્કાર કરવો. 6 દરકાર રાખવી; ગણવું.
Respectability, *n.* આબરૂ; ઈજ્જત; યોગ્યતા; મુરવત; પ્રતિષ્ટા.
Respectable, *a.* આબરૂદાર; હુરમતવાળું; પ્રતિષ્ઠિત. 2 ઠીક; મધ્યમ.
Respectful, *a.* અદબવાળું;મર્યાદશીલ.
Respectfully, *ad.* અદબસર; મર્યાદાથી ; માન રાખીને; નમનતાઈ ભરેલી રીતે; આદરપૂર્વક.
Respecting, *prep.* વિષે; બાબે.
Respective, *a.* પોતપોતીકું;જેનું તેનું; ખાસ; નિજ; ખુદ. 2 સંબંધ ધરાવતું.

Respectively, *ad.* જેનુંતેનું; પોતપોતાનીમેલે.
Respiration, *n.* શ્વાસો શ્વાસ; દમ મારવો-લેવો-કાહાડવો તે. [કાહાડવો.
Respire, *v. i.* શ્વાસ-દમ લેવો ને
Respite, *n.* વિસામો; ફુરસદ; ફરાગત. 2 મોતની સજા મુલતવી રાખવી તે. 3 મેહેતલ; મુદત વધારી આપવી તે.
Resplendent, *a.* ચકચકિત; તેજસ્વી; [નૂરાની.
Respond, *v. i.* જવાબદેવો.
Respondent, *n.* પ્રતિવાદી; ઉત્તરપક્ષી.
Response, *n.* ઉત્તર; જવાબ. [મ્મેદારી.
Responsibility, *n.* જવાબદારી; જુ-
Responsible, *a.* જવાબદાર; જુમ્મેદાર.
Responsive, *a.* ઉત્તરદેનાર-વાળનાર. 2 મળતું આવતું; બંદબેસતું આવે એવું.
Rest, *n.* ઉંઘ; નિદ્રા. 2 સ્વસ્થતા; આરામ; વિસામો; ચેન; કળ; આસાએશ. 3 મોત. 4 આરામ-વિસામાની જગા. 5 બાકી રહેલું જે કંઈ તે; બાકીની ચીજ; બાકીનાઓ; બીજાઓ. 6 *v. t.* સ્વસ્થ થાય તેમ કરવું. 7 મૂકવું; ટેકો દેવો; અઢીંગાવવું. 8 આધાર રાખવો. 9 *v. i.* સૂવું. 10 સ્વસ્થ હોવું; સુખ પામવું. 11 આરામ લેવો; પરવારવું. 12 મરણ પામવું. 13 અઢેલવું; અઢીંગવું. 14 ભરોસા-વિશ્વાસપર રહેવું.
Restaurant, *n.* વીસી; ખાવાપીવાનું જે ઠેકાણે તૈયાર મળેછે તે ઠેકાણું; મઇખાનું.

Restitution, *n.* લઇ લીધેલું પાછું આપવું તે. 2 નુકસાન ભરી આપવું તે.
Restive, *a.* ચમકે-ભડકે એવું; અડિયલ; આગલ ચાલવાજ ન માગે એવું; અડીને ઉભુંજ રહે અથવા પાછું હઠયા કરે એવું (ઘોડો).
Restless, *a.* ઉંઘવગરનું. 2 અસ્વસ્થ; વ્યગ્ર; બેચેન; બેકરાર; બેઆરામ. 3 ચંચળ; ચુલબુલ્યું; ચટપટયું; ગડબડયું.
Restlessness, *n.* અસ્વસ્થપણું; અસુખ; બેઆરામી; બેકરારી. 2 ચટપટ; ચલવળ; વલવલ. 3 ઉંગનીકોતાઈ; ઉંઘ નહીં આવવી તે; નિદ્રાભાવ.
Restoration, *n.* } પાછું આપવું. 2 આ-
Restore, *v. t.* } ગલી હાલત પર પાછું મૂકવું-લાવવું-બેસાડવું-ગોઠવવું. 3 સારૂં-તંદુરસ્ત-નિરોગી કરવું; ફેર પાડવો. 4 સમારવું; મરામત કરાવવી.
Restorative, *a.* અસલનું જોર-કૌવત પાછું આણનાર-આણે એવું; પૌષ્ટિક; પુષ્ટિકારક. 2 *n.* પુષ્ટિકારક ઔષધ-ઓસડ.
Restrain, *v. t.* દાબમાં રાખવું. [ધાક.
Restraint, *n.* દાબ; અંકોસ; અટકાવ;
Restrict, *v. t.* મર્યાદા-હદ બાંધવી.
Restriction, *n.* મર્યાદા; હદ; બંધી. 2 કરી; પરેજી. 3. દાબ; અટકાવ; મનાઈ.
Result, *n.* પરિણામ; ફળ; હાંસલ; તા-

સીર; અસર; નતીજો. 2 *v.i.* નિકળવું; પેદા થવું. 3 પરિણામ–શેવટ આવવું.

Resume, *n.* સાર; ઉપસંહાર; સારાંશ.

Resume, *v. t.* }
Resumption, *n.* } પાછું લેવું. 2 ફરીથી શુરૂ કરવું.

Resurrection, *n.* મુએલાનું ફરીપાછું ઉઠવું–જીવતા થવું તે; મૃતપુનઃ ઉત્થાન; કયામત; રસ્તાખેજ; હશ્ર. *Day of resurrection,* રોજે કયામત; રોજે રસ્તાખેજ.

Resuscitate, *v. t.* ફરીથી જીવંત–સચેતન–સજીવ કરવું; જીવધાલવો.

Retail, *v. t.* કિરકોલ–પરચુરણ–ફુટકલ વેચવું. 2 *n.* કિરકોલ વેચાણ.

Retailer, }
Retail dealer, } *n.* પરચુરણવેચનાર.

Retain, *v.t.* રાખવું; ધરવું; કને રાખવું. 2 નાણું–પગાર–મુસારો આપી ચાકરીમાં રાખવું. 3 પૈસા આપીને કામે લગાડવું; રોકવું (બારિસ્ટર).

Retainer, *n.* આશ્રિત; વલગી રહેનાર માણસ. 2 હજુરીઓ; ખિજમતદાર; સેવક; મુસારેદાર માણસ. 3 બારિસ્ટરને પોતાનો કરી રાખવા સારૂ આપેલી ફી.

Retaliate, *v. t.* વેરવાળવું; વેર–બદલો લેવો; જેવું કીધું હોય તેવું પાછું કરવું. [તે; સામો અપકાર.

Retaliation, *n.* બદલો; વેર વાળવું

Retard, *v. t.* અટકાવવું; રોકવું; ઓછું કરવું; ધીમું કરવું–પાડવું. 2 બોલંબો પાડવો.

Retch, *v. i.* ઓકવાનું કરવું; ઉબાળા ખાવા; ઓકવાની તજવીજ કરવી; ગળું તાણવું.

Retention, *n.* રાખવું–ધરવું તે. 2 ધરી રાખવાની શક્તિ; ધારણ શક્તિ. 3 ધારણા; યાદદાસ્ત.

Retentive, *a.* ધરીરાખે–સમાવી શકે તેવું; ધારક; ધારણ શક્તિવાળું.

Reticence, *n.* ચુપકી.

Reticent, *a.* ચુપકીવાળું.

Reticular, *a.* જાળીદાર; જાળીનું.

Reticulation, *n.* જાળીદાર કામ.

Retina, *n.* આંખનો પડદો.

Retinue, *n.* સાથી સંગાતી; ચાકરનફર; સવારી; ઈતિમામ; પરિવાર; ખટલો.

Retire, *v. i.* પાછું જવું–થવું–હઠવું. 2 રોજગાર–સંસાર છોડવો; ઘેર બેસવું; અલગ રહેવું. 3 પાછું હઠતું જવું.

Retired, *a.* ખુણામાં–એકાંત હોય તેવું; સંસાર ત્યાગ કરી બેઠેલું. 2 છાનું; ગુપ્ત.

Retirement, *n.* એકાંતવાસ; ખુણો; ખલવત. 2 વેરાગ લેવો તે.

Retort, *n.* ઉલટાવીને કહેલા બોલ; ચબોલા; ઉલટો–સામો આપેલો જવાબ. 2 (રસાયન શાસ્ત્રમાં) ગાળવાનાં કામનું એક યંત્ર. 3 *v.t. & v.i.* પાછું આપવું; ઉલટાવીને પાછું બોલવું.

Retrace, *v.t.* પાછું જવું; હઠવું. [ટાવવું.

Retract, *v.t* ફેરવવું; બોલેલું રદ કરવું; ઉલ

Retreat, *n.* પાછું જવું–હઠવું તે. 2 એકાંતવાસ; ખલવત. 3 આશ્રમ. 4 *v. i.* પાછું જવું–હઠવું. 5 આસરો ધરવો. [છાંટવું; કાપવું.
Retrench, *v. t.* કમી–ઓછું કરવું. 2
Retrenchment, *n.* કમીકરવું; કાટકસર
Retribution, *n.* બદલો; અવેજ; ફલ.
Retrievable, *a.* પાછુંમળવા–આવવા
Retrieve, *v. t.* પાછું મેળવવું. [જોગ.
Retrograde, *a.* પાછું–ઉલટું જતું હોય તેવું. 2 વાંકું; વક્રગતિ. 3 ઉતરતી હાલત–અપકર્ષનું. 4 *v. i.* પાછું–પાછળ જવું. 5 (જ્યોતિષમાં) વક્ર–વાંકુંહોવું–જવું. 6પડતીદશામાંઆવવું
Retrospect, Retrospection, } *n.* પાછળ જોવું તે; પાછલો વિચાર; ગયા ગુજર્યા વખત–બનાવનો વિચાર.
Retrospective, *a.* પશ્ચાત દર્શી; પાછલું–થઈ–બની ગયલું જોનાર; ગઈ ગુજરી વાતનો વિચાર કરનાર. 2 થઈ ગયલા–બનેલા બનાવ સાથ સંબંધ રાખતું; આગલના વખતની સાથે સંબંધ રાખે એવું.
Return, *v. i.* પાછું ફરવું; ફરીને તે જગાપર, તેવીજ હાલતે પાછું આવવું–જવું. 2 ફરીથી આવવું. 3 ઉત્તર વાળવો; જવાબ દેવો. 4 *v. t.* પાછું વાળવું–મોકલવું–ફેરવવું–આપવું. 5 માગું પાછું આપવું; મજરે આપવું. 6 બદલો–અવેજ વાળવો. 7 મોકલવો–આપવો–વાળવો (જવાબ). 8 રજુ કરવું; આપવું (હસાબ). 9 અદાલતમાં પાછું મોકલવું. 10 *n.* પાછું વળવું–ફરવું–આવવું તે. 11 પાછુ મોકલવું–વાળવું તે. 12 પાછું–વાળેલું જે કંઈ તે; અવેજ; બદલો. 13 હકીગતનામું; હકીગતનું પત્રક. 14 નફો; પેદાશ. 15 હુકમનામું બજાવ્યા પછે તે ઉપર શેરો મારીને અદાલતમાં અથવા ઈન્સાફદાર ઉપર પાછું મોકલી આપવું તે.
Reunion, *n.* ફરી મળવું તે; પુનર્યોગ; પુનઃસંધાન. 2 મિત્રમંડળ; મિત્રોની બેઠક. [ળવી દેવું.
Reunite, *v. t.* ફરીથી જોડવું–મે-
Reveal, *v. t.* પ્રસિદ્ધ–પ્રગટ કરવું; કેહેવું; જણાવવું; ફોડવું. 2 ઉઘાડું–જાહેર કરવું.
Revel, *v. i.* ખાઈપી મસ્તબનીને ધિંગાણું–કુદાકુદ કરવી; ધુમમચાવવી. 2 *n.* ખાઈપી મસ્ત બનીને કરેલી મિજબાની–મચાવેલી ધુમ.
Revelation, *n.* કેહેવું–જણાવવું તે. 2 જાહેર–પ્રસિદ્ધ કરવુ તે. 3(*Theol.*) ઇશ્વરેપ્રગટકરેલુંસત્ય; ઇશ્વરોક્તશાસ્ત્ર
Revelry, *n.* રંગ રાગ; ચેનબાજી; નાચ રંગ; ધામધુમ; ખ્યાલી ખુશાલી; એશ વ અશરત.
Revenge, *n.* વેર; બદલો; ખાર; કીનો. 2 *v. t.* વેરલેવું; બદલો વાળવો.

Revengeful, *a.* વેરી; કીનાખોર; ખારીલું; ખુની; કપટી. [સુલ.

Revenue, *n.* જમાબંદી; વસૂલ; મેહે-

Reverberate, *v. t. & v. i.* પાછો અવાજ–પ્રતિધ્વનિ–શબ્દ કરવો–થવો–ઉઠવો. 2 ગાજવું; ઘુમી રહેવું.

Revere, *v. t.* વડીલ દાખલ ગણવું; પૂજવું; માન આપવું; પૂજ્ય ગણવું.

Reverence, *n.* માન; પૂજ્ય બુદ્ધિ; ભાવ; શ્રદ્ધા; તાઝીમ. 2 નમસ્કાર; સલામ; તસલીમ.

Reverend, *a.* પૂજ્ય; માન્ય; બુઝુર્ગ.

Reverential, *a.* વડીલ–પૂજ્યનું માન રાખનાર;આદરયુક્ત–શીલ; સત્કારનું

Reverse, *n.* ઉલટો પક્ષ; પ્રતિપક્ષ. 2 ફેરફાર. 3 વિપત્તિ; આફત. 4 પાછળની–અવળી–ઉંધી બાજુ. 5 *a.* ઉલટું; ફેરવેલું; વિપરિત. 6 *v. t.* ઉંધું–ઉલટું કરવું; ઉલટાવવું. 7 રદ કરવું; ફેરવવું.

Reversion, *n.* પાછુ આવવું. 2 પેહેલાં આપનારને અથવા તેના વારસને હસ્તક મિલ્કતનું પાછું જવું તે. 3 હવે પછીના ભોગવટા માટેનો હક; ઉત્તરાધિકાર.

Revert, *v. i.* પાછુ પ્રાપ્ત થવું; ફરવું.

Review, *n.* ફરી તપાસવું તે; પુનરવલોકન. 2 ફરીથીની તપાસ–ચોકસી. 3 કવાયત; રવી. 4 ગુણ દોષ વિચાર–વિવેચનું; ટીકા. 5 ગુણ દોષનું વિવેચન કરનાર ચોપાનીયું; રિવ્યુ. 6 *v. t.* પાછળ જોવું. 7 ફરીથી વિચાર કરવો–તપાસવું. 8 તપાસ–ચોકસી કરવી. 9 ગુણ દોષનું વિવેચન કરવું. 10 કવાયત લેવી; લશ્કરની તપાસ કરવી.

Reviewer, *n.* ગ્રંથોના ગુણ દોષ કાહાડનાર; ગ્રંથ ગુણદોષ વિવેચક.

Revile, *v. t.* નિંદા કરવી; ભુંડું બોલવું; ગાળ દેવી; તિરસકાર કરવો. [નાર.

Reviler, *n.* નિંદક; ભુંડું ભાષણ કર-

Revise, *v. t.* તપાસીને સુધારવું–શુદ્ધ કરવું; ભૂલચુક સફા કરવી–સુધારવી. 2 ફરીથી નજર રાખવી–જોઈ જવું; તપાસ કરવી.

Revisal, } *n.* તપાસણી; શોધન; ફ-
Revision, } રીથી નજર નાખવી તે. 2 ભૂલચુક સફા કરવી તે; શુદ્ધ કરવું–સુધારવું તે.

Revival, *n.* પુનર્જીવન. 2 ફરીથી પોતાનાં ઠેકાણાસર–ઉલટ પર આવવું તે; જડ સ્થિતિમાંથી સારી સ્થિતિમાં લાવવું તે.

Revive, *v. t.* ફરીથી જીવતું કરવું. 2 ફરીથી તેજી આણવી; તાજું કરવું. 3 *v. i.* ફરીથી જીવતું થવું.

Revocable, *a.* રદ થઈ શકે–કરી શકાય તેવું; ફેરવી શકાય એવું.

Revocation, *n.* રદ કરવું તે; ફેરવવું તે; ખંડન; લોપ.

Revoke, *v. t.* રદ કરવું; ફેરવવું.
Revolt, *n.* ફિતુર; બંડ; ફિતનો. 2 *v. i.* ફરી જવું; સામે ઉઠવું. 3 બંડ કરવું.
Revolting, *a.* ત્રાસદાયક; કંટાળો આવે-કમકમાટ છુટે એવું.
Revolution, *n.* ઉથલપાથલ; મોટો ફેરફાર; ઊંધું ચતું; નવું જુનું. 2 ફરવું તે; ચક્રગતિ.
Revolutionary, *a.* રાજ્યના ફેરફાર સંબંધી; ઉથલપાથલ કરે એવું.
Revolve, *v. t.* ફેરવવું; ચારે તરફ ફરે તેમ કરવું; પ્રદક્ષણા કરવી. 2 મનમાં ધોળવું-વિચાર કરવો. 3 *v. i.* ફરવું; ભ્રમણ કરવું. [-પીસ્તોલ.
Revolver, *n.* ઘણાક બારની બંદુક
Reward, *n.* બદલો; અવેજ. 2 ઈનામ; બક્ષીસ. 3 મેહનતનું ફલ.-(*in the next world*) સવાબ. 4 *v. t.* બદલો આપવો. 5 ઈનામ આપવું.
Rhapsody, *n.* અસંબદ્ધ ભાષણ; તુટક ભાષણ-ભાષણ.
Rhetoric, *n.* અલંકાર શાસ્ત્ર; સુભાષિત ભાષણ કરવાની વિદ્યા; એલ્મે ફ્સાહત. 2 મનાવવા-સમજાવવાની શક્તિ.
Rhetorical, *n.* અલંકારશાસ્ત્ર સંબંધી; અલંકારિક; અલંકારયુક્ત.
Rhetorician, *n.* અલંકારશાસ્ત્ર જાણનાર; અલંકારશાસ્ત્રજ્ઞ-વેત્તા.
Rheumatism, *n.* સાંધા રહી જાય તેવો વાનો રોગ; સંધિવાત-વાયુ; કલતર.
Rhinoceros, *n.* ગેંડો. [ચતુરસ્ત્ર.
Rhombus, *n.* (ભુમિતિમાં) વિષમ-
Rhubarb, *n.* રેવચિની; રેવંબાગ.
Rhyme, *n.* અનુપ્રાસ; કાફિયો; નઝમ. 2 યમકાનું પ્રાસ. 3 કવિતા. 4 *v.i.* અનુપ્રાસ-સરખો કાફિયો-આવવો. 5 કવિતા કરવી-રચવી.
Rib, *n.* પાંસળી. 2 પાતરાંનો દાંડો-દાંડી-બરડો. 3(of an umbrella)સળિયો
Ribald, *n.* મ્હોડાંનું છુટું-બેહેકેલ-બદઝબાન-નીચ-હલકું માણસ; ભાંડ. 2 *a.* ભુંડું; બેફાક; ગલીચ.
Ribaldry, *n.* ભુંડું-હલકું ભાષણ; ઉઘાડું-નાગું બોલવું તે.
Riband, Ribbon, *n* ફીત; કોર; પટી.
Rice, *n.* (field) ભાત-ડાંગરનું ખેતર. 2 (-in husk) ભાત; ડાંગર; ડાંગેર. 3 (-boiled) ધાન; ભાત; કુર. 4 (-unboiled without husk) ચોખા; ચાવલ.
Rich, *a.* શ્રીમંત; પૈસાદાર; તાલેવાન; ધનવાન. 2 મિઠાસવાળું; મસાલાદાર. 3 રસાળ; માતબર (જમીન) 4 કીમતી; અમુલ્ય. 5 ભભક-તેજ મારતું (રંગ). 6 મધુર; સુસ્વર (અવાજ). 7 ઉમદા; તોફે; સરસ.
Riches, *n.* દોલત; સંપત; ધન; માલમતા; ઝરઝવેર; દ્રવ્ય.
Richly, *ad.* સારીપેઠે-પૂરતા-પુષ્કળ

પૈસા આપીને. 2 સારી-શોભીતી-ઉમદા રીતે. 3 પુરતેપણે; સારીપેઠે; પુષ્કળ; અતિઘણું બિસિયાર.
Richness, n. માતબરી;દોલતમંદી;પૈસાદારી. 2 રસાળપણું;આબાદાની.
Rick, n. ગંજ; અંબાર; ઢગ.
Rickety, a. નબળું; સાંધા નબળા થઈ ગએલા હોય તેવું; નાદુરસ્તવાર.
Rid, a. છૂટું; મુક્ત. 2 v. t. છુટું-મોકળું-ખલાસ કરવું. 3 મટાડવું; દૂર કરવું. [આઝાદી.
Riddance, n. છૂટકારો; છૂટકો;
Riddle, n. ઉખાણું; વખાણું; કોહડો.
Ride, v. t. & v. i. ઘોડા ઉપર બેસીને સવારી કરવી; ઘોડા ઉપર ચઢવું; સવાર થવું. 2 n. સવારી. 3 ઘોડે બેસી ફરવા જવાનો રસ્તો-વાટ.
Rider, n. ઘોડાઉપર બેસનાર; સ્વાર. 2 કોઈ ખત દસ્તાવેજ અથવા દરખાસ્તની પછવાડે ઉમેરેલી-વધારેલી કલમ; સાધણ. [2 ટેકરે; કરાડો.
Ridge, n. ટેકડિઓની હાર-ઓળ.
Ridicule, n. ઠઠ્ઠો;મજાખ;હાંસી. 2 v. t. હસી કાહાડવું-નાખવું; ઠઠ્ઠો કરવો.
Ridiculous, a. હસી કાહાડવાસરખું.
Rife, a. જોરમાં-જોરથી ચાલતું-થતું-ફેલાઈ રહેલું; ચરી-પસરી જતું-ગએલું.
Riffraff, n. કચરો; ઝાડુ. 2 પ્રજામાં જે હલકા વર્ગના લોક તે.
Rifle, v. t. લૂટવું. 2 ખુંચી-ખુંચવી લેવું. 3 n. પેચની બંદૂક; રાઈફલ.
Rig, v. t. સણગારી તૈયાર કરવું; સજવું. 2 n. પોશાક.
Right, n. ન્યાય; નીતિ; વાજબીપણું. 2 સાચાઈ; સત્ય. 3 સત્તા; અધિકાર. 4 દાવો; હક્ક. 5 જમણી બાજુ; જમણું અંગ. 6 સુલટી-સવળી બાજુ-પડ. 7 a. સીધું; પાધરૂં. 8 ખરૂં; સત્ય; બરાબર; રવા. 9 જમણું. 10 સુલટું. 11 જમણા હાથની તરફનું. 12 યોગ્ય; લાયક; ઘટિત. 13 અનુકૂળ પડે-ફાવે એવું. 14 ad. પાધરૂં;ઠેઠ. 15 વાજબી રીતે. 16 સાચે સાચું.
Right angle, n. કાટ ખૂણો.
Righteous, n. નીતિમાન; ધર્મી; સત્યવાદી; રાસ્ત; નેક; અશો.
Righteousness, n. રાસ્તી; નેકી; ધર્મીપણું; સત્યતા; ભલાઈ; અશોઈ.
Rightful, a. હક્કદાર. 2 હક્કનું. 3 રાસ્ત; વાજબી; યથાન્યાય.
Rigid, a. સખ્ત;કઠોર. 2 કરડું;જાલીમ.
Rigidity, n. સખ્તી; કઠોરતા. 2 કરડાપણું; જાલીમપણું. [બકવાટ.
Rigmarole, n. નિરર્થક કથા; ખાલી
Rigor, n. સખ્તી; કરડાપણું. 2 કડાકો; કકડતાપણું (ટાહાડનું). [કડતું.
Rigorous, a. સખ્ત;કરડું; જુલમી. 2 ક-
Rill, n. નાળું; ન્હાની નદી.

Rim, *n.* કોર; કિનાર; કાંઠો.
Rind, *n.* છાલ; ચામડી; ત્વચા.
Ring, *n.* (for the finger) વીંટી; અંગુઠી 2 (for the toe) અણવટ; કરડો. 3 (for the nose) નથ. 4 (for the ears) કુંડળ; કડી. 5 કુંડાળું; ચકરડું. 6 કડું; કડી. 7 ઠોકવાથી જે અવાજ થવો તે; ખણખણાટ. 8 *v. t.* વગાડવું; ઘણણણ–ઝણણણ–ટણણણ કરાવવું. 9 *v. i.* વાગવું; ખણખણવું. 10 ગાજવું; ગાજી રહેવું.
Ringleader, *n.* સરદાર; આગેવાન; મુખી
Ringlet, *n.* ઝૂલ્ફું; બાળના ઝુલફાં. [ખી
Ring worm, *n.* દરાજ; દાધર.
Rinse, *v. t.* ખખલાવિને ધોઈ નાખવું–સાફ કરવું; વિછળવું.
Riot, *n.* હંગામો; દંગો; હુલ્લડ; ફિતુર. 2 મસ્તી; ધમાચકડી; ધુમાલી. 3 *v. i.* હંગામો–ફિસાદ કરવો. 4 મસ્તી કરવી. [ગેજ.
Rioter, *n.* બખવાખોર; ફિતને અંગેજ.
Riotous, *a.* હંગામી; ફિતુરી; ફસાદી.
Rip, *v. t.* ચિરવું; ફાડવું. 2 (—up) તપાસવા સારૂ ઉઘાડવું.
Ripe, *a.* પાકેલું; પાકું. 2 પુખ્ત; પ્રૌઢ.
Ripen, *v. t.* પકવવું. 2 *v. i.* પાકવું.
Ripeness, *n.* પાકેલીહાલત. 2 પુખ્તપણું.
Ripple, *n.* ન્હાનામોજા; લેહેર. 2 *v. t.* & *v. i.* વેહેતા પાણીની સપાટી ઉપર લેહેર ઉઠવી–થવી.
Rise, *v. i.* ઊંચે જવું; ઉપર ચઢવું. 2 ઉઠવું; ઉઠી ઉભાં થવું. 3 ઊંચું–મ્હોટું થવું. 4 સપાટીની ઉપર આવવું–ચઢવું. 5 ઉઠવું; જાગવું; ઊંઘી ઉઠવું. 6 છેક ઊંચે જવું. 7 ખમીર ચઢવું. 8 ઉગવું; ઉદય થવો. ગુજુ થવું. 9 નિકળવું; નિપજવું; પેદા થવું. 10 ભાવ ચઢવો. 11 ફુલવું; ઉપસાવું; સુજી આવવું. 12 ચઢતી થવી; દરજે ચઢવું; મોભો વધવો. 13 ધ્યાનમાં આવવું; સુજ પડવું; સુજવું. 14 હાથ આવવું–લાગવું. 15 મુઆ પછી પાછું ઉઠવું; સજીવન થવું. 16 બરખાસ્ત–વિસર્જન થવું. 17 *n.* ચઢાવ. 18 મૂળ; ઉગમ. 19 ચઢતી કળા; ઉદય. 20 ઉગવું તે; ઉદય. 21 ઉત્પત્તિ; પેદા થવું તે. 22 તેજી. [હાસ્યજનક; હસામણું.
Risible, *a.* હસનાર. 2 હસાવનાર;
Rising, *a.* ચઢતીકળાનું. 2 ઉગતું.
Risk, *n.* ભય; જોખમ; ધોકો; ખત્રો. 2 *v. t.* જોખમમાં નાખવું; જોખમ માથે લેવો. *At all risks,* જરૂર. *To run a risk* જોખમ ખેડવો; તવકલ કરવી
Rite, *n.* ક્રિયા; વિધિ; સંસ્કાર; આચાર.
Ritual, *n.* જેમાં ક્રિયા માર્ગ વિશે લખેલુંછે તે પુસ્તક; સંસ્કારશાસ્ત્ર. 2 ધર્મક્રિયાની પદ્ધતિ; કર્મપદ્ધતિ. 3 *a.* વિધયુક્ત; ક્રિયાનું.
Rival, *a.* & *n.* સ્પર્ધા–સરસાઈ કર-

નાર; બરાબરીઓ;પ્રતિસ્પર્ધી;હરીફ; 2 *v. t.* બરાબરી–સરસાઈ કરવી.
Rivalry, *n.* સ્પર્ધા; સરસાસરસી; ચરસાચરસી; હરિફી.
Rive, *v. t.* ચિરવું;ફાડવું. 2 *v. i.* ચીરાવું; ફાટવું.
River, *n.* નદી; નદ.
Rivet, *n.* ઠોકીને અણી વાળી લીધેલો ખીલો; રિવેટ. 2 *v. t.* ખીલો ઠોકીને અણી વાળી નાખવી; ઢલવું. 3 સજ્જડ બેસાડવું. 4 મજબૂત કરવું
Rivulet, *n.* નાળું; વહેળો; વહેળિયું.
Road, *n.* રસ્તો; વાટ; માર્ગ. 2 ઓરવો; સમુદ્રમાં લંગરવાર કરવાની જગો. *A made road*, સડક.
Road-stead, *n.* ઓરવો; લંગરગાહ; લંગરવાર કરવાની જગો.
Roam, *v. i.* ભટકવું; ફરવું; રખડવું.
Roan, *a.* કાબરચીતરો (ઘોડો).
Roar, *n.* ગર્જના; બરાડો. 2 કલ્પાંત; અતિશય રડવું–કકલવું તે. 3 ઘુઘવાટો. 4 ખડખડ–મ્હોટેથી હસવું તે. 5 *v. i.* આરડવું; બરાડવું; 6 ગર્જના કરવી; ગાજવું; તડુકવું. 7 કકલવું; ચીસ પાડવી. 8 ઘુઘુ કરવું.
Roast, *n.* શેકેલી–ભુંજેલી વસ્તુ. 2 *v.t.* સેકવું; ભુંજવું; સીજવવું. 3 મશ્કરી કરવી; હસી નાંખવું–કાઢવું.
Rob, *v. t.* ચોરવું; લુટવું; છિનાવીલેવું.
Robber, *n.* ચોર; લુટારૂ; રાહજન. [ધાડ.
Robbery, *n.* લુટ; ચોરી. (by a gang)
Robe, *n.* કબા; ઝભ્ભો; જામો; –(of honor) સરપાવ; ખિલત. *Royal robe*, કબાએ શાહી. 2 *v. t.* પોશાક પેહેરાવવો.
Robust, *a.* મજબુત; જોરાવર; તનુમંદ; કવી.
Rock, *a.* ખડક; શીલા; મોટો પથ્થર; ખરાબો. 2 *v. t.* હીંડોળવું; ડોલાવવું; હલાવવું. 3 પારણામાં ઘાલીને હલાવવું; હીંચકા નાખવા. 4 *v. i.* ડગમગવું; ડોળવું; હાલવું.
Rocket, *n.* બાણ; હવાઈ.
Rocksalt, *n.* સેંધવ; સિંધવ; ખાણમાંથી નિકળેલું મીઠું–નિમક.
Rocky, *a.* ખડકોવાળુ–નું; સંગી.
Rod, *n.* લાકડી; છડી. 2 સાડા સોળ ફૂટનું લંબાઈ ભરવાનું એક માપ.
Roe, *n.* હરણી; સાબરી. 2 માછલાંનાં ઈંડાં–ગર્ભ.
Rogue, *n.* ભમાતુ; ભટકેલ. 2 સોદો; લુચ્ચો; દગલબાજ; હરામખોર; નાબેકાર; હરામજાદો; ઠગ.
Roguery, *n.* સોદાઈ; લુચ્ચાઈ.
Roll, *v. i.* લોટવું; ગબડવું. 2 ગોળ ફરવું. 3 *v. t.* ગબડાવવું. 4 ગોળ ફેરવવું. 5 લપેટવું; વીંટવું. 6 વેલણ વડે વણવું–સપાટ કરવું. 7 *n.* વીંટાળો; વીંટા. 8 પિંડું. 9 પટ; યાદી.
Roller, *n.* ગડબડતો ચાલે તેવો વેલણ આકારનો ભારે પથરો–લોહોડું વગેરે.
Rollingpin, *n.* વેલણ.
Romance, *n.* વાંચતાં સાંભળતાં

દિલપર ઘણી અજાએબ જેવી અ-
સર થાય તેવી પ્યાર-લડાઈની ક-
લ્પિત વાતો; કિસ્સો; દાસ્તાન; પુરા-
ણ; કાહાણી.

Romantic, *a.* તુરંગી; તરેહવાર ત-
બીએત-અદ્ભુતવૃત્તોનું. 2 અદ-
ભુતરસનું; વિલક્ષણ. 3 ન બને તેવું;
ઘણુંજ કલ્પિત; મનઃકલ્પિત.

Romp, *n.* મસ્તીખોર-તોફાની છો-
કરી. 2 છછાંછળી રમત; ધિંગાણું;
ધમાચકડી. 3 *v. i.* ધાંધલ-
ધિંગાણું કરવું; છછાંછળી રમત
રમવી. [૮।। વસા.

Rood, *n.* જમીન માપવાની કાઠી;

Roof, *n.* છાપરૂં. *a flat roof,* ધાબું. *slope of a roof,* પડાળ.-(of the mouth)
તાળવું; 2 *v. t.* છાપરૂં કરવું; છાવું.

Rook, *n.* કાગડો. 2 (સેતરંજની ર-
મતમાં) હાથી. 3 *v. t.* & *v. i.* ઠગવું.

Rookery, *n.* કાગડાનો માળો બાંધ-
વાની જગા.

Room, *n.* જગા; ઠેકાણું. 2 કોટડી; ઓ-
રડી; ઓલી. 3 *in the room of,* બદલે;
ઠેકાણે; વતી. [હોણું. 2 વિસ્તીર્ણ; પ્રશસ્ત

Roomy, *a.* ફુરાદ; મોહોટું; લાંબું પો-

Roost, *n.* પક્ષીઓને રાતે આરામ લે-
વાની દાંડી-લાકડી. 2 *v. i.* લાકડી
પર બેસવું-આરામ લેવો (પક્ષીઓ)

Root, *n.* મૂળ; જડ; બેખ. 2 તળિયું.
3 વનસ્પતિ; જડી. 4 મૂળ કારણ.
5 મૂળ; બીજ. *Cube root,* ઘન
મૂળ. *Square root,* વર્ગ મૂળ.
Root of a verb, ધાતુ. 6 *v. t.*
જડમાંથી મજબૂત બેસાડવું; ડા-
બીને ઘાલવું. 7 (up) જડમાંથી ઉ-
ખેડી નાખવું. 8 *v. i.* મૂળ બાઝવાં;

Rope, *n.* દોરી; રસી; દોરડું. [જડ ઘાલવી.

Ropewalk, *n.* જ્યાં દોરડાં બનતાં
હોય તે જગ્યા. [રબો.

Rosary, *n.* જપમાળા; તસબી; બેહે-

Rose, *n.* ગુલાબનું ફુલ; ગુલાબ.

Rosette, *n.* ગુલાબના ફુલના આ-
કારનુ ફીતનુ બનાવેલું ગુચ્છું.

Rose water, *n.* ગુલાબ જળ; ગુલાબ

Rosin, *n.* રાળ. [(છાંટવાનો.)

Rosy, *a.* ગુલાબી; ગુલરંગ; ગુલફામ;
ગુલાબી રંગનું.

Rot, *n.* સડો; કોહોવાણ. 2 *v. t.*
સડાવવું-સળાવવું; કોહોવાડવું. 3 *v. i.*
સડી-સળી-કોહી જવું.

Rotation, *n.* પૈડાં-ચક્કરનું ફરવું તે.
ચક્રગતિ. 2 પાળી; વારો; વારા ફરતું
આવવું-જવું તે (અમલદારોનું.)
વારા ફરતું બદલાવું તે (ખેતી
સંબંધી પાકનું). [ફરતું બનતું.

Rotatory, *a.* ચક્કર પૈડે ફરતું. 2 વારા

Rote, *n.* સમજ્યાવના ગોખાજ કરવું
તે; ગોખણી-ણું; ઘોષ.

Rotten, *a.* સડેલું; કોહી ગયલું.

Rottenness, *n.* સડો; સળો.

Rotundity, *n.* ગોળાકૃતિ; ગોળપણું.
Rouge, *a.* રાતું; લાલ. 2 *n.* ગાલ અથવા લબને લાલચટક કરવા તે ઉપર લગાડવામાં આવતો રંગ–અંગરાગ. 3 *v. t.* ગાલ–હોઠ રંગી લાલચટક કરવા.
Rough, *a.* ખડબચડું; ખબરાયલું. 2 ઘસીને સફાઈદાર નહી કરેલું એવું. 3 કઠોર; કચડું; સખ્ત. 4 તોફાની. 5 અસભ્ય; તોછડું. 6 આખડહોબડ; જેવું તેવું; ડાળડાળવિનાનું; બેઢપ. 7 ખાટું; તુરૂં. 8 ઉછળતું. *rough draught* or *copy*, ખરડો; મસુદો; મસવદો.
Roughly, *ad.* See Rough. [રતા.
Roughness, *n.* ખડબચડાપણું. 2 કઠો-
Round, *n.* ચક્કર; ગોળ ફેરી; ફેરો. 2 પગથિયું. 3 વારો; પાળી. 4 *a.* ગોળ; વર્તુલ; ગોળાકાર ફરતું. 3 જેને અંતે મીંડું આવે તેવી સંખ્યા વાળું; ઠોકબંદ રકમનું. 4 *prep.* આસપાસ; ચારે પાસ–ગમ.
Roundabout, *ad.* ચારે પાસ ફરી વળેલું. 2 *a.* ફેરાવાનું; ફેરાવાવાળું.
Roundness, *a.* ગોળપણું. 2 ગોળાકૃતિ.
Rounds, *n.* ફેરી; ચક્કર; રોન.
Rouse, *v. t.* જગાડવું; ઉઠાડવું; બેદાર કરવું. 2 ઉત્તેજન આપવું; ઉસકેરણી કરવી.
Rout, *n.* ધુળધાણી; શિકસ્ત; વિખેરાઈ–છૂટા પડી જવું તે (હાર ખાઈથી). 2 તુફાની–પાજી લોકોનું ટોળું. 3 સાંજની વખતે કોઇ મ્હોટાં માણસને ત્યાં થયલી ગમત માટેની મિજલસ–મેલવડો. 4 *v. t.* વેરણ ખેરણ–એરણ એરણ કરી નાખવું; વિખેરી નાખવું.
Route, *n.* રસ્તો; રાહ; માર્ગ; વાટ.
Routine, *n.* નિત્ય–રોજનો પાઠ; પરિપાઠ; હંમેશ આવ્યા કરતું–રાખેતાનું–દાહાડી થતું કામ. [હિંડવું.
Rove, *v. i.* ભટકવું; ફરતું ફરવું;
Row, *n.* હાર; પંગત; ઓળ; કટાર; સફ; માળા; આવળી. (of houses) ચેહેલી; ચાલ. 2 શોર–કલાબકોર; ઘોંગાટ; ધાંધલ. 3 *v. t.* હલ્લેસાં મારી હંકારવું–ચલાવવું. 4 *v. i.* હલ્લેસાં મારવાં. [માણસ.
Rowdy, *n.* તોફાની–હુલ્લડખોર
Rower, *n.* હલ્લેસાં મારનાર.
Royal, *a.* રાજાનું; બાદશાહી. 2 રાજાને લાયક; રાજાને છાજે તેવું. 3 ઉમદા; ભવ્ય; આલિજાંહાં.
Royalist, *n.* રાજાની તરફનું માણસ; પાદશાહી દોસ્ત; પાદશાહી બંદો; બેરખાખે સુલતાન.
Royalty, *n.* બાદશાહી; સલતનત; રાજત્વ. 2 રાજા; બાદશાહ.
Rub, *v. t.* ઘસવું; ચોળવું; મસળવું. 2 લુછવું; ભુસવું. 3 *v. i.* ઘસાઈ જવું.
Rubber, *n.* ઘસનાર; લુછનાર; ઘસા-

નાર. 2 *India rubber*: "રબર" નામની ચીક જે પેન્સીલના દસકત ભુસી નાખવાનાં કામમાં આવેછે.

Rubbish, *n.* કચરો; પુંજો; મેલ. 2 છારૂં; પડી ગએલી ઇમારતમાંથી ઈંટ ચુનાનો જે સુકો ભૂકો પડેછે તે.

Rubble, *n.* પાણીથી ઘસાઈ ગએલા પથર.

Ruble, *n.* રૂશીઆમાં ચાલતો શિક્કો.

Ruby, *n.* માણેક; લાલ. 2 *a.* રાતું. [રતાસ મારતું.

Rudder, *n.* સુકાન.

Ruddy, *a.* સુર્ખ; લાલી ઉપર આવેલું;

Rude, *a.* અનાડી; અણકિસબી. 2 અભણ; જંગલી. 3 તોછડું; ઉદ્ધત; બેઅદબ; ગુસ્તાખ.

Rudeness, *n.* જંગલીપણું; બેઅદબી; તોછડાઈ; ગુસ્તાખી. 2 અનાડીપણું.

Rudiment, *n.* મૂળતત્વ; બીજ. 2 (*pl.*) મૂળ પીઠિકા; આરંભો.

Rudimental, *a.* મૂળતત્વ સંબંધી.

Rue, *n.* સુદાબ; સીતાબ; એક ઓસડિયું. 2 *v. t.* પસ્તાવું; અફસોસ કરવો.

Rueful, *a.* શોક–પસ્તાવા–અફસોસથી ભરેલું; પરેશાન. *rueful countenance*, રોતી–રડતી સુરત; રડતું મ્હોડું.

Ruffian, *a.* જીવનો આધો થઈ કોઈ પણ ઘોર–ભયાનક–દુષ્ટકર્મ કરનાર; ખૂની; ગળાંકાપુ.

Ruffle, *n.* કારપર મૂકેલી ફીતનો વાળેલો કકડો; કરચલી. 2 ગભરાટ; અસ્વસ્થતા; વ્યગ્રતા. 3 *v. t.* ફીત લગાડવી; કરચલી વાળી ચીપ મૂકવી–જોડવી. 4 કરચલી પાડવી–વાળવી. 5 અસ્વસ્થ–વ્યગ્ર–ગભરાટ વાળું–સથરવથર કરવું. [નમદો.

Rug, *n.* કામળની જાતનું કપડું;

Rugged, *a.* ઊંચુંનીચું; ખરબચડું.

Ruin, *n.* ચુરેચુરો; નાશ; ખરાબી; પાયામાલી; સત્યાનાશ; નબોદ. 2 *v. t.* નાશ–ખરાબી કરવી; પાયામાલ કરવું.

Ruined, *a.* ધુળધાણી–પાયામાલ થઈ ગયલું; નાશ પામેલું.

Ruinous, *a.* ખરાબીપર આવેલું; ટુંટુંપુંટું; બેમરામત. 2 નુકસાનકારક; નુકસાનીયત ભરેલું.

Ruins, *n.* પૂરો નાશ પામતાં જે બાકી રહેલું તે; ખંડિયેર.

Rule, *n.* અમલ; રાજ્ય; ધણીપણું. 2 કાયદો; ધારો; રીત. 3 પરિમાણ; પ્રમાણ. 4 આંકણી; લીટી પાડવાની પટી; રૂલ. 5 *v. t.* અમલ કરવો. 6 વહીવટ–કારભાર કરવો. 7 આંકવું; રેખાટવું; લીટી પાડવી–દોરવી. *Rule of three*, ત્રૈરાશિક. *Double rule of three*, પંચરાશિ. *Rule of three* (*direct*), સમ ત્રૈરાશિક. –(inverse), વ્યસ્ત ત્રૈરાશિક.

Ruler, *n.* અમલ કરનાર; રાજારાણી; સરકાર. 2 આંકણી; રેખાટણી; રૂલર.

Rum, *n.* એક જાતનો પીવાનો દારૂ.
Rumble, *v. i.* ગગડવું;ગગડાટ થવો. 2 *n.* ગગડાટ. [ગોળનારૂં પ્રાણી.
Ruminant, *a.* વાગોળનારૂં. 2 *n.* વા-
Ruminate, *v. i.* વગોળવું; ખાઈ જઈ પાછું ચાવવું. 2 ધ્યાન-મનન-ચિંતન-વિચાર કરવો.
Rummage, *v. t.* ચોળી ચોળીને તપાસવું; ફેરવતાં જવું ને જોતાં જવું; ઉપર તળે-ઉથલ પાથલ કરીને જોવું.
Rumour, *n.* અફવા; ગપ; બુમાટો. 2 *v. t.* અફવા ઉડાવવી-ચલાવવી.
Rump, *n.* ઢગરૂં; કુલું; નિતંબ.
Rumple, *n.* વાળેલો કકડો; કરચલી. 2*v.t.* કરચલી કરવી-વાળવી-પાડવી.
Run, *v. i.* ચાલવું. 2 ફરવું. 3 ધાવું; દોડવું. 4 પસરવું; ફેલાઈ જવું. 5 જા આવ-આવજા કરવી. 6 ન્હાસવું. 7 પોબારા ગણવા. 8 વહેવું. 9 ગુજરવું;વટવું. 10 *v. t.* ઘુસાડવું; ભોકવું; ઓસી બેસાડવું. 11 દોડવવું. 12 *n.* દોડ;દોડવું તે. 13 ખપ; ખપત; પુછપરછ. 14 રૂઢી; ફેલાવો.
Runaway, *n.* નાસી-ભાગી જનાર.
Runner, *n.* દોડનાર; ધાનાર; નાસનાર. 2 જાસુદ; બેપીઓ; કાસદ; હલકારો. 3 વેલો.
Runnet, *n.* ચૂસ્તો.
Running, *n.* દોડવું તે; ભાગાભાગ; દોડ. 2 પરૂનું વેહેવું તે. 3 *a.* દોડતું. 4 લાગ લાગટ. 5 વેહેતું; ઝરતું; પરૂ નિકળતું હોય એવું.
Rupee, *n.* રૂપીઓ; ટકો. A half rupee, હડવો; ફાડિયું. $\frac{1}{4}$ rupee પાવલી;લીટી. $\frac{1}{8}$ rupee ચવલી;બેઆની.
Rupture, *n.* ફાટ પડવી તે; ભંગાણ; તુટ. 2 ફુટ; સ્નેહભંગ; અણબનાવ; બિગાડ. 3 અંતર્ગળ; ગોળાનો મરજ.
Rural, *a.* ગામડાં-ખેડ-વનસંબંધી.
Ruse, *n.* હિકમત. 2 કાવતું.
Rush, *n.* ધસારો. 2 *v. i.* ધસીજવું; ધસારો કરવો. 3 સપાટાબંધ ચાલવું.
Rust, *n.* કાટ; કિટ્ટ; જંગાલ; જંગ. 2 ફુગ. 3 *v. i.* કાટ ચઢવો; કટાવું; કટાઈ જવું.
Rustic, *n.* ગંવાર; દેહકાની; ગામડિયો. 2 *a.* જંગલી. 3 સાદું.
Rusticity, *n.* ગંવારપણું; દેહકાનીયત.
Rustle, *v. i.* ખડખડવું; ફડફડવું; ખણખણવું (પાતરાં, કપડાં વગેરે).
Rusty, *a.* કાટ ચઢેલું; કટાએલું. 2 મેલું; મેલ ચઢયો હોએ એવું.
Rut, *n.* જનાવરો (હરણ) નું મૈથુન-સંભોગ. 2 ધરેડ; ધરેડનો ચીલો;
Ruth, *n.* દયા; કરૂણા; રેહેમ. [ચીલો.
Ruthless, *a.* નિર્દય; કઠોર; વજ્ર છાતીનું; બેદર્દ; બેરેહેમ; સંગદિલ; જફાકાર.
Rye, *n.* એક જાતનું અનાજ-જવ.
Ryot, *n.* રૈયત; પ્રજા; ખેડુત.

S.

S. ઈંગ્રેજી મૂળાક્ષરોનો ૧૯ મો અક્ષર.
Sabbath, *n.* (ખ્રિસ્તિઓનો) વિસામાનો-વિશ્રામ દિવસ; રવીવાર.
Sable, *a.* કાળું; સામળું. 2 *n.* એક જાતનું જનાવર. [તેગો.
Sabre, *n.* એક જાતની તલવાર; કટાર;
Sac, *n.* પ્રાણીઓના શરીરમાંની રસની કોથળી.
Saccharine, *a.* ખાંડ-સાકરનું-વાળું.
Sacerdotal, *a.* ગોર-બ્રાહ્મણ-ધર્મ ક્રિયા કરનાર-મોબેદ સંબંધી.
Sack, *n.* બોરો; થેલો; કોથળો; ગુણ; મોટિયું. 2 લૂટ. 3 *v. t.* લૂટવું.
Sack cloth, *n.* ટાટ; ગુણપાટ-તાટ.
Sacrament, *n.* (ખ્રિસ્તીઓનો એક) ધર્મ સંસ્કાર.
Sacred, *a.* પાક; પવિત્ર. 2 ધર્મ ક્રિયા કરીને-ઈજાવીને જુદું પાડેલું; દેવાર્પિત. 3 ધર્મ સંબંધી; ધર્મનું; ધર્મ ખાતે આપેલું. 4 બેજવાલ.
Sacrifice, *n.* હોમ; કુરબાન; યજ્ઞ; યાગ. 2 બળિદાન. 3 નુકસાન ખમવું-વેઠવું તે; ભોગ. 4 *v. t.* યજ્ઞ-હોમ-હવન કરવું; ભોગ-બળિ આપવો; જબે-હલાલ કરવું. 5 નુકસાન ખમીને આપવું-મૂકી દેવું.
Sacrilege, *n.* પવિત્ર વસ્તુઓને અપવિત્ર-ભ્રષ્ટ કરવાનો અપરાધ. 2 ધર્મ ખાતે જે ઈજાવ્યું હોય અથવા ધર્માચારીઓના ઉપયોગને વાસ્તે જે આપેલું હોય તે સાધારણ ઉપયોગમાં અથવા બેહેદીનના વાપરવાસમાં લાવવું તે. [ધનચોરનાર.
Sacrilegious, *a.* અધર્મી. 2 દેવનું
Sad, *a.* ઉદાસ; ખિન્ન; દિલગીર. 2 ઉતરી ગએલું; રડતું. 3 દુઃખ ભરયું; શોકકારક. 4 ગંભીર; બારેખમ.
Sadden, *v. t.* ઉદાસ-દિલગીર-દુઃખી-ખિન્ન-ગમગીન-શોકાતુર કરવું.
Saddle, *n.* જીન; જોગીર. 2 *v. t.* જીન બાંધવું-ઘાલવું-માડવું-નાખવું. 3 બોજો નાખવો; માથે નાખવું (ખરચ).
Saddlebag, *n.* કેઠાળ; ખરઆર, ઊંટ વગેરે જનાવરની પીઠ ઉપર બે પાસ માલની જે ગુણ લટકાવવામાં આવેછે તે.
Saddlecloth, *n.* જીનપોશ; ધારિયો.
Saddlegirth, *n.* તંગ; ઘોડબંધ.
Saddle horse, *n.* સવારીનો ઘોડો.
Saddler, *n.* જીનગર; જીન-જોગીર બનાવનાર.
Sadly, *ad.* દલગીરી ભરેલી રીતે અતિશય-ભારી દુઃખથી.

Sadness, *n.* શોક; ઉદાસી; ખેદ; ગમગીની; દિલગિરી, 2 બરિયલપણું.
Safe, *a.* સલામત; સહીસલામત; બેરસલાહ. 2 ન જોખમું; નિર્ભય. 3 *n.* નિર્ભય ઠેકાણું; નાણું, કીમતી દસ્તાવેજો વગેરેને સાચવી રાખવાની આગમાં બળે નહી એવી મ્હોટી પેટી.
Safeguard, *n.* બચાવકરનાર; રક્ષણ કરતા; રક્ષણનું સાધન; રક્ષણ. 2 રખવાળું; રાહભર; વળાવું. 3 See Passport.
Sefely, *ad.* સહી સલામત; નિર્ભયપણે; સલામત રીતે; બીન જોખમે.
Safety, *n.* બિન જોખમપણું; ભય શૂન્યતા; સલામતી; નિર્ભયપણું; હિફાજત. 2 રક્ષણ; બચાવ; આસ્તો.
Safflower, *n.* કસુંબી; કસુંબો; કોસંબ.
Saffron, *n.* કેશર; જાફરાન. 2 *a.* કેશરી; કેશરના રગનું; કેશરીઆ.
Sagacious, *a.* ડાહ્યું; શાહાણું; ચતુર.
Sagacity, *n.* ડાહાપણ; શાહાણપણ; દાનેશમંદી;દીર્ઘદ્રષ્ટિ;વિચક્ષણ બુદ્ધિ.
Sage, *n. & a.* હકીમ; ફિલસૂફ; પંડિત; ડાહ્યું; જ્ઞાની; દાના; ચતુર; વિચક્ષણ; હોશમંદ.
Sagittarius, *n.* ધનરાશિ; ધન.
Sago, *n.* સાગુ–સાબુ ચોખા–દાણા.
Said, *a.* અગાઉ જણાવેલું; ઉપર –એકવાર કહેલું; સદરહુ; મજકૂર.
Sail, *n.* સઢ. 2 વહાણ. 3 સફર. 4 *v. i.* હંકારવું; ઉપડવું. 5 જળ માર્ગે–સમુદ્રમાં થઇને જવું.
Sailor, *n.* ખલાસી; ખારવો.
Saint, *n.* રૂષી; વલી; સાધુ; મુની.
Sake, *n.* ખાતર; કારણ; અર્થ; હેતુ.
Salammoniac, *n.* નવસાગર.
Salary, *n.* પગાર; સાલિયાણું; વરસાણ.
Sale, *n.* વકરો; વેચાણ.
Saleable, *a.* વેચવા લાયક–ખરનું; વેચાય–ખપે એવું.
Salep, *n.* સાલમ; સાલમમિશ્રી.
Salient, *a.* કુદતું; છલંગ મારતું. 2 બહાર પડતું–નિકળી આવતું. 3 દેખાઇ આવતું; સામા આદમીનાં મનપર અસર કરતું.
Salesman, *n.* દલાલ; મારફતિયો.
Saline, *a.* ખારૂં; મિઠાં–નીમકવાળું.
Saliva, *n.* થુંક; લાળ.
Salivate, *v. t.* મોહોડું આપવું–લેવું–આવવું.
Sallow, *a.* જરા પીળું; પીળાસ મારતું–પડતું; ફિકું.
Sally, *n. & v. i.* એકદમ કુદકો મારીને નિકલવું તે.2કિલ્લામાંથી નિકળીને ઘેરો ઘાલનારાઓ ઉપર એકદમ ધસારો–હોમલો કરવો–છાપો મારવો તે. 3 લહેર; તોર;તુરંગ; ખુશ ખ્યાલ.
Sallyport, *n.* કિલ્લામાં આવવા જવાનો ન્હાનો દરવાજો.
Saloon, *n.* સુંદર દિવાનખાનું; રંગમહેલ.
Salt, *n.* મીઠું; નીમક; લુન; ખાર;

ક્ષાર. 2 *a.* ખારૂં; નમકીન. 3 ખારવાળું. 4 *v. t.* મીઠું નાખવું—ભભરાવવું. 5 મીઠાંમાં નાખવું; મીઠું પાવું; આથવું. 6 *v. i.* મીઠું બંધાવું.
Saltcellar, *n.* નીમકદાની.
Salted, *pp.* or *a.* આથેલું; મીઠું—નિમક દિધેલું. [વાદ; બેનમક; ફિક્કું.
Saltless, *a.* મોળું; મીઠાં વગરનું; બેસ-
Saltpan, } *n.* મીઠાંનું અગર—આગર;
Saltpit, } મીઠાગર; મીઠાં—સિંધવની
Saltpetre, *n.* સુરોખાર. [ખાણ.
Salubrious, *a.* તંદરોસ્તી વધારનારૂં; શરીર હિતકારી—ગુણકારી; નિરોગી.
Salubrity, *n.* આરોગ્યપણું.
Salutary, *a.* શરીર હિતકારી. 2 ફાએદા ભરેલું; લાભકારક; ગુણકારક.
Salutation, *n.* સલામ; નમસ્કાર; જોહાર
Salute, *n.* સલામ; નમસ્કાર; અભિવંદન. 2 સલામી; તોપનું માન. 3 બોકી; ચુમી; બચ્ચી. 4 *v. t.* ખબર અંતર—સહી સલામતી પુછવી. 5 સલામ કરવી. 6 તોપ ફોડી—છોડીને માન આપવું. 7 બોકી દેવી—લેવી.
Salvage, *n.* દરિઆમાં ડુબતા જાન તથા માલનું રક્ષણ કરનારને ઈનામ. 2 ડુબતાં વહાણમાંથી ઉતારેલો માલ.
Salvation, *n.* બચાવ; સંરક્ષણ. 2 ઉદ્ધાર; નજાત; તારણ; મુક્તિ; મોક્ષ.
Salve, *n.* મલમ; લેપ.
Salver, *n.* તબક; તબકડી.
Salvo, *n.* અપવાદ; રીત લાગુ ન પડવી તે; બાધ આવવો તે. 2 બહાનું. 3 સલામતી આપવાનીન છતાં તોપો, બંદુકોના એકસામટા અવાજ કરવા તે.
Same, *a.* એજ; તેજ; એકનું એક. 2 સરખું; એનું એ; એવું ને એવું. 3 સદરહુ.
Sameness, *n.* સરખાપણું; એકજપણું; એકસાની; બરાબરી.
Samphire, *n.* દરિયા કિનારે જાંહાં પાણી નહીં આવતું તાંહાં ઉગનારી એક વનસ્પતિ; હદવેલ; મર્યાદવેલ.
Sample, *n.* નમુનો; વાનગી; માસલો. 2 દાખલો; ઉદાહરણ; દૃષ્ટાંત.
Sanatory, *a.* તનદરોસ્તી વધારે તેવું; શરીરના ફાયદાનું; આરોગ્યતાવર્ધક.
Sanctify, *v. i.* પવિત્ર કરવું; પૂજવું.
Sanctimonious, *a.* પાકીજગી—પવિત્રાઈનું ડોળનું ધાલનાર; બગભગત. 2 પવિત્ર. [—પસંદ—મંજુર રાખવું.
Sanction, *n.* બહાલી; મંજુરી. 2 બહાલ
Sanctitude, } *n.* પાકીજગી; પવિત્ર-
Sanctity, } તા; અંતઃ શુદ્ધી.
Sanctuary, *n.* પવિત્ર જગ્યા; પાક મકાન. 2 એબાદતખાનું; દરગાહ; ભક્તિ કરવાની જગા; દેવ મંદિર; દેવાળય. 3 આસ્રો લેવાની જગા; આશ્રયસ્થળ—સ્થાન; પનાહગાહ; [નિર્ભયસ્થાન.
Sand, *n.* રેતી; રેતી.
Sandal, *n.* ચંપલ (જોડા).
Sandal, } *n.* સુખડ; ચંદન.
Sandalwood, } —(*red*) રતાંજળી.

Sandarach, *n.* સંદ્રુસ; ચંદ્રુસ.
Sandbank, *n.* રેતીનો કિનારો; ભાઠું.
Sand box, *n.* રેતિયું;રજિયું;રેતદાની.
Sandglass, *n.* રેતીનું ઘડીઆલ.
Sandy, *a.* રેતાળ;રેતિયાળ;રેતિવાળું.
Sane, *a.* સુધવાળું; સાવધ; સુધબુધ ઠેકાણે હોય એવું. 2 નિરોગી; તંદરૂસ્ત; સાજું.
Sanguinary, *a.* જેમાં ઘણી ખુનરેજી થઇ હોય-જેમાં ઘણા જણની કતલ થઇ હોય એવું; ખુનખાર. 2 લોહીનું ભૂખ્યું; ખુની; ઘાતકી.
Sanguine, *a.* લોહીના રંગ જેવું રાતું; લાલચોળ-ચટક. 2 ઘણા લોહીવાળું; લોહિયાળું. 3 હોંશીલું; દિલસોજ; આસ્થિક. 4 ભરોસાપર રહેલું; મ્હોટી ઉમેદ રાખતું.
Sanitarium, *n.* હવા ફેરફાર કરવાનું મકાન; સારી હવા પાણીની જગા.
Sanitary, *a.* રોગ મટાડે-લોકોને આરોગ્ય રાખે એવું; તંદરોસ્તીને લગતું.
Sanity, Saneness, *n.* શુદ્ધિ; અકલ; હુશિયારી.
Sap, *n.* ઝાડનો રસ; ચીક. 2 *v. t.* પાયો ખોદી-કાહાડી-ઘસાવી નાખવો.
Sapanwood, *n.* પતંગનું લાકડું. [-વાળું.
Sapid, *a.* સુરસ; સ્વાદિષ્ટ; સવાદદાર
Sapient, *a.* ડાહ્યું; શાહાણું; ચતુર.
Sapless, *a.* રસવગરનું; નીરસ; ખુશ્ક.
Sapling, *n.* ન્હાનું ઝાડ; રોપો.

Sapphire, *n.* શનિશ્ચર; નીલમ.
Sarcasm, *n.* તાણો; મેહેણું; શબ્દમાર.
Sarcastic, *a.* મેહેણાવાળું; કરડું.
Sarsaparilla, *n.* સાલસ.
Sash, *n.* કમરબંધ; પટકો; પટ્ટો; સેલું.
Satan, *n.* સેતાન; ઇબલીસ.
Satanic, *a.* સેતાનનું; સેતાનનાજેવું.
Satchel, *n.* થેલી; કોથળી; જુઝદાન.
Satellite, *n.* ઉપગ્રહ. 2 ખુશામતિયું માણસ.
Satiate, *v. t.* ધરાય એમ કરવું; તૃપ્ત-ભરપુર કરવું; ગળે આવે તાંહાંસુધી દાબવું-ચાંપવું-ભરવું. [ઇ જવું તે.
Satiety, *n.* અતિતૃપ્તિ; ધરાઇ-ઓચા-
Satin, *n.* સાટિન; અતલસ; રેશમી લુગડું.
Satire, *n.* બુરખાઇ અથવા ખોડ ખાપણ ઉઘાડી પાડનાર ભાષણ-કવિતા. 2 સખત-કરડી ટીકા-વિવેચન; નિંદાત્મક ભાષણ; ઠોક; મુઝાંમ્મત. [જેવું. 2 કરડું; સખત.
Satirical, *a.* દુરાચારને હશી કહાડવા
Satirist, *n.* દુરાચરણની હાંસી-થાએ એવું લખાણ કરનાર-કાવ્ય રચનાર.
Satirize, *v. t.* કડણ-સખત ઠપકો દેવો; ધુલ કાઢવી; કરડી ટીકા કરવી.
Satisfaction, *n.* સંતોષ; તૃપ્તિ. 2 ખાત્રી; મનનું સમાધાન; નિશાં; પતીજ. 3 બદલો; અવેજ. 4 પતાવટ; પતાવવું તે.

Satisfactory, *a.* ખાતરી કરી આપે એવું; ખાતરી ભરેલું; મનમાનતું. 2 સંતોષ ઉપજાવનારૂં.
Satisfy, *v.t.* તૃપ્ત-સંતુષ્ટ-ખુશ કરવું. 2 ખાતરી-ખાતરજમા કરી આપવી. 3 મનમનાવવું. 4 પતાવવું; ચુકવવું.
Satrap, *n.* છત્રપત્તિ; નવાબ.
Saturate, *v. t.* સારી પેઠે પલાળવું; તર કરવું; કાલવવું.
Saturday, *n.* શનિ-શનવાર.
Saturn, *n.* શનિ; શનિશ્ચર.
Saturnalia, *n.* હોલીના જેવો બીભત્સ ઓછવ(પ્રાચીન રોમન લોકમાં).
Satyr, *n.* વનદેવ; કલ્પિત વનદેવતા.
Sauce, *n.* ખાના સાથે સ્વાદ દાખલ લીધેલો સરકો, ચટણી વગેરે; સાસ; ચટાકો.
Saucer, *n.* સાસર; પ્યાલાંની રકાબી.
Sauciness, *n.* બેઅદબી; ઉદ્ધતપણું.
Saucy, *a.* બેઅદબ; અસભ્ય; સાંબે બોલનાર; ઉદ્ધત; બેમરજાદ; ગુસ્તાખ.
Saunter, *v. i.* નકામા-રમત ગમતમાં ફરવું.
Savage, *a.* જંગલી. 2 અસભ્ય; બેઅદબ. 3 ઘાતકી; નિર્દય; ફાડી ખાનાર. 4 *n.* જંગલી-ઘાતકી-ખુની માણસ.
Savant, *a.* પંડિત; વિદ્વાન; વિદ્વજ્જન.
Save, *v. t.* બચાવવું; રક્ષણ કરવું; ઉગારવું. 2 તારણ કરવું; તારવું; ઉદ્ધાર કરવો. 3 સાચવવું; સંભાળી રાખી મૂકવું. 4 *prep.* શિવાય; વગર.
Saunterer, *n.* રઝળનાર; રખડનાર.
Saving, *a.* કસરીઉ; જોઈ તપાસીને ખરચ કરનાર. 2 ઘરનું ઘર થાય એવું; નફો નહી તેમજ નુકસાનબી નહી એવું; સરભરનું; ધણી ધણીનું. 3 *prep.* વિના; વગર; સિવાય.
Saving, Savings, *n.* કરકસર કરીને બચાવેલા પઇસા; ઉગારો; સંઘરો.
Savings bank, *n.* ગરીબ લોકો એ કરકસર કરીને એકઠા કરેલા પઇસા જમે રાખવાની (સરકારી) પેહેડી.
Saviour, *n.* છુટકારો-ઉદ્ધાર કરનાર. તારનાર; તારક; ત્રાતા.
Savor, *n.* સ્વાદ; રૂચી, 2 વાસ; ખુશબો; સુગંધ. 3 *v. i.* વાસ-ગુણ દેખાવો; અસર જણાવી.
Savory, *a.* સ્વાદિષ્ટ; લેહેજતદાર. [2 સુગંધી.
Saw, *n.* આરી; કરવત. 2 કેહેવત. 3 *v. t.* કરવતથી વેહેરવું-ચિરવું-કાપવું.
Saw dust, *n.* (લાકડાનો) વેહેર.
Sawer, Sawyer, *n.* કરાઈ; લાકડાં કાપનાર-વેહેરનાર.
Say, *v. t.* કેહેવું; બોલવું. 2 કહી-બોલી-ભણી જવું. 3 *v. i.* ઉત્તર દેવો; જવાબ વાળવો. 4 *n.* કહેવાનું જે કંઈ તે; ભાષણ; વાત.
Saying, *n.* વાત. 2 કેહેવત.
Scab, *n.* પોપડો; પોપડી; કપોટી.
Scabbard, *n.* તલવારની મ્યાન.
Scabby, *a.* પોપડાવાળું. 2 નજીવું; તુચ્છ.

Scaffold, *n.* પરાંચ; પાલખ. 2 ફાંસીનાં લાકડાં; ફાંસી દેવા સારૂ ઉભો કીધેલો માચરો.

Scald, *n.* ઉકલતા કોઇ પ્રવાહી અથવા વરાળથી દાઝવું-બળવું તે. 2 ઓડુ (માથા ઉપરનો.) 3 *v. t.* ઉકલતા કોઇ પ્રવાહીથી દઝાડવું. 4 બાફવું; કકડાવવું; ખદખદાવવું. 5 ખુબ ઉનું કરવું.

Scaldhead, *n.* ઊંદરી; માંથાઉપર ફોલ્લી ફોલ્લી થયલી હોએ તેવા રોગ.

Scale, *n.* કાંટો; તરાજુ; તરાજવું; પલ્લું. 2 નિસરણી; દાદર. 3 (of a fish) ભિંગડું. 4 પોપડી; ઓપરી; થર. 5 પાયરી. 6 See Gamut. 7 તુલારાશિ. 8 *v. i.* પોપડી-ઓપરી-ભિંગડાં નિકળવાં. 9 *v. t.* નિસરણી મુકીને કિલ્લા ઉપર ચડવું.

Scalp, *n.* માથાંનું ચામડું-ચામડી.

Scaly, *a.* ભિંગડાં-પોપડાવાળું.

Scamp, *n.* હરામી; સોદો; બજાત; હરામ-ગુલામ જાદો; લુચ્ચો; ધુતારો.

Scamper, *v. i.* ઉતાવળે નહાસી જવું.

Scan, *v. t.* બારીકીથી તપાસવું. 2 ગણ જુદા પાડવા; માત્રા ગણવી (કવિતામાં).

Scandal, *n.* બદગોઇ; આળ; નિંદા. 2 બેઆબરૂ; ફિતકાર.

Scandalize, *v. t.* માઠું લગાડવું; દિલ દુખવવું. 2 બદગોઇ-નાલસ-

નિંદા કરવી; આળ મુકવું-ચઢાવવું.

Scandalous, *a.* માઠું લાગે તેવું.

Scant, Scanty, } *a.* થોડું; કમી. 2 કંજુસ.

Scantily, *ad.* થોડું; પૂરૂં ન થાય એ રીતે. [-તા; અલ્પતા.

Scantiness, *n.* તંગાસ; કોતાઇ; ન્યુ-

Scantling, *n.* નાનો કકડો; થોડું. 2 કાપી વેહેરીને કરેલો લાકડાંનો કટકો.

Scape goat, *n.* જેને માથે બીજાનો દોષ આવી પડે તે.

Scar, *n.* ડાઘ; ચાઠું; ચાઠું; છાગરો.

Scarce, *a.* થોડું; કમતર. 2 વિરલું; અછતવાળું; કમયાબ.

Scarcely, *ad.* મુશકેલીઆતથી; મુશ્કેલે; ભાગ્યેજ.

Scarcity, *n.* તંગી; તાણ; અછત.

Scare, *v. t.* બીહીવરાવવું; ડરાવવું; ભડકાવવું; ચમકાવી નસાડવું.

Scare-crow, *n.* ખેતરમાં નુકસાન કરનાર પંખીઓને બીહીવડાવવા સારૂ ઉભો કીધેલો કોઇ આકાર; ચાડિયો. 2 અમથી બીહીક બતલાવવાનું જે કંઇ તે.

Scarf, *n.* પિછોડી; દુપટ્ટો; ખેસ. [મૂકવું.

Scarify, *v. t.* વેહેતુર-રૂમડી-નસ્તર

Scarlet, *a.* કિરમજી; ગુલબાર; લાલ.

Scath, *n.* નુકસાન; તોટો; ઇજા.

Scathe, *v. t.* ઘા મારવો; નુકસાન-ઇજા કરવી.

Scathless, *a.* વગર ઘા વાગેલુ; ઈજા–નુકસાન ખમ્યા વગરનું.
Scatter, *v. t.* વેરવું. 2 વિખેરવું; વીખરી–ચુંથી નાખવું. 3 *v. i.* વિખેરાઈ જવું; વિખુટાં–જુદાં પડી જવું.
Scavenger *n.* હલાલખોર; ઝાડુ કાહાડનાર; કચરાપટી.
Scene, *n.* દેખાવ. 2 નાટક તકતો; નાટક કરી દેખાડવાની જગ્યા; રંગભૂમી. 3 પરદો; નાટકશાલામાં ખેલનેબરના જે પરદા ચિતારવામાં આવેછે તે; નાટકના શૃંગાર. 4 પ્રવેશ. 5 સ્થળ. 6 નાટકનો ભજવેલો વેશ.
Scenery, *n.* સમગ્ર દેખાવ; દેખાવોનો જથો. 2 નાટકમાં ખેલને લાયકના ચિતારેલા જે પરદા તે. 3 પરદાઓ–દેખાવોની રચના–ગોઠવણ. 3 કુદરતી દેખાવોનો સમૂહ.
Scent, *n.* પીમલાટ; વાસ; સુગંધ; ખુશબો. 2 *v. t.* સુંઘવું; પમરવું; વાસલેવો. [વાસી.
Scented, *a.* સુગંધી; ખુશબોદાર; સુ-
Sceptic, *a.* See Infidel. અવીશ્વાશી; નાસ્તીક. [નાસ્તીકપણું.
Scepticism, *n.* અવીશ્વાસ; સંશય;
Sceptre, *n.* છડી; ચોબ; રાજદંડ.
Schedule, *n.* લખેલા અથવા છાપેલા કાગળનો વીંટો. 2 દસ્તાવેજ. 3 વિગતવાર નોંધ; યાદી; ફેરિસ્ત.
Scheme, *n.* કલ્પના; ખ્યાલ; યોજના; તદબીર; યુકિત. 2 ઉપાય; ઈલાજ. 3 *v. t.* & *v. i.* તદબીર કરવી; ઉપાય–મનસુબો કરવો; તોડ કાહાડવો.
Schism, *n.* એક પંથવાળાઓમાં કજિયો થઈને ફૂટ–તૂટ–તડ–ફાટ પડેછે તે; ધર્મભેદ; માર્ગભેદ; મતભેદ.
Scholar, *n.* નિશાળિયો; વિદ્યાર્થી; શિષ્ય; ચેલો; શાગિર્દ. 2 વિદ્વાન; પંડિત.
Scholarship, *n.* વિદ્યાર્થીના ગુજરાણને માટે પગાર. 2 વિદ્યા; વિદ્વતા; ઈલિમિયત; ઈલમ.
Scholastic, *a.* નિશાળનું; પાઠશાળા અથવા વિદ્યાર્થી સંબંધી. 2 વચલા જમાનાના વિદ્યાર્થી અથવા ફિલસુફીનું–ને લગતું.
Scholiast, *n.* ટીકાકાર; ભાષ્યકાર.
Scholium, *n.* ટીકા; ભાષ્ય.
School, *n.* મકતબ; વિદ્યાલય; પાઠશાળા. 2 નિશાળ. 3 શિષ્યસમૂહ; વિદ્યાર્થીઓનો મેલાવડો. 4 શિક્ષા સંપ્રદાય 5 *v. t.* ભણાવવું; કેળવણી આપવી; તરબિયત કરવી. 6 ઠપકો દેવો; ધમકાવવું.
School fellow, *n.* નિશાળનો સોબતી–ગોઠિયો; નિશાળિયો; ગુરૂબંધુ–ભાઇ
Schooling, *n.* કેળવણી. 2 ભણાવવાનો પગાર; ભણામણી. 3 ઠપકો.
School master, *n.* મેહેતાજી; શિક્ષક.
Schooner, *n.* બેડોલી એક જાતનું વાહાણ; સ્કુનર.

Science, *n.* એલમ; વિદ્યા; શાસ્ત્ર; વિજ્ઞાન
Scientific, *a.* એલમ-વિદ્યાની રીત પ્રમાણે; વિદ્યાસુત્રાનુસારી. 2 ભણેલો; પઢેલો; વિદ્વાન; શાસ્ત્રજ્ઞ; પંડિત.
Scimitar, *n.* ન્હાની તલવાર; તેગો.
Scintillate, *v. t.* ચળકવું; ઝગઝગવું.
Scion, *n.* (ઝાડની) કલમ. 2 વંશજ; વંશનું માણસ.
Scissors, *n.* કાતર; કેંચી.
Scoff, *v. i.* મશ્કરી-ઠેકડી-મજાક કરવી; હશી કાહાડવું; ચાળા પાડવા.
Scoffer, *n.* ઠેકડી-મશ્કરી કરનાર.
Scold, *v. t. & v. i.* ખૂબ ધમકાવવું; સારીપેઠે ખખરાવવું; બુમબરાડા પાડીને ઠપકો દેવો. 2 *n.* કલાંટ-કજીયાખોર બાયડી; કર્કશા. 3 કજીયો;
Scolding, *n.* ગાલ. [કિટકિટ; વઢવાઢ.
Scoop, *n.* કડછો. 2 *v. t.* કડછાવડે બહાર કાઢવું. 3 પોળાણ કરવું.
Scope, *n.* ચોટ; નિશાન. 2 મનસુબો; ઇરાદો. 3 મોકળાસ; અવકાશ. 4 છુટ; સગવડ. 5 લંબાઇ; વિસ્તાર.
Scorch, *v.t. & v.i.* શેકવું; શેકાવું; ભુંજવું; ભુંજાવું. 2 દઝાડવું; બાળવું; દાઝવું.
Score, *n.* કુડી; વીશ. 2 સબબ; કારણ; મતલબ; હેતુ. 3 ખાતું; હિસાબ. 4 કાપો; નિશાન રાખવા માંડેલો કાપો.
Scorn, *n.* ધિઃકાર; ફિટકાર; તિરસ્કાર. 2 *v. t.* ધિઃકારવું; ફિટકાર નાખવો.
Scornful, *a.* ધિક્કાર ભરેલું.
Scorpion, *n.* વીછુ. 2 વૃશ્ચક રાશી.
Scot, *n.* રઇયતની શકિત પ્રમાણે તેમની ઉપર ઠેરવેલો કર; વર્ગણી પટ્ટી.
Scot free, *a.* દંડ-નુકસાની-ઇજા ખમ્યા વગરનું. 2 કર ભરવામાંથી બચી ગયલું.
Scoundrel, *n.* લુચ્ચો; ધુતારો; દુર્જન; પાજી; હરામી; દગાબાજ.
Scour, *v. t.* ઘસવું; રગડવું; સાફ કરવું; ઉજાળવું. 2 પેટમાંનો કચરો કાહાડી નાખવો; કઠણ જુલાબ લાગવો. 3 ઉસેડી-ખેંચી જવું. 4 જલદી ફરી વલવું.
Scourge, *n.* ચાબક; કોરડો. 2 *v. t.* ચાબક મારવો. 3 સજા કરવી. 4 ચાબુકનો માર મારવો.
Scout, *n.* લશ્કરી ભેદુ-જાસુસ. 2 *v. i.* લશ્કરમાં દુશમણનો ભેદ લાધવો. 3 *v. t.* હશી કાઢવું; તુચ્છકારી કાઢવું.
Scowl, *v. i.* (ગુસ્સાથી) ભવાં ચડાવવાં; ડોળા ગુરકવા-કાઢવા.
Scramble, *v. i.* પકડી પકડી-હાત પગ ટેકીને ચડવું. 2 જમીનપર નાખેલી કંઇ વસ્તુ, બીજાઓને ખસેડી પોતે લેવા સારૂ અતિશય પ્રયત્ન કરવો-જોર મારવું.
Scrap, *n.* કટકો; કકડો; કોર. 2 લખેલાઅથવાછાપેલાકાગલનો કકડો.

Scrape, *n.* ઓખવવું–છોલવું તે; ઘસારો. 2 લોચો; સંકટ; સપાટો; હરકત; આફત. 3 *v. t.* ઘસવું; છોલી કાહાડવું. 4 ઘણીજ કર કસર કરીને–મહા કથા વટે બચાવવું. 5 જમીનપર પગ ઘસીને નાપસંદગી બતાવવી.

Scraper, *n.* ઓખવવા–છોલવાના કામમાં આવતી ચીજ–હથિયાર; છોલની; ખુરપી. 2 કંજુસ–બખીલ આદમી.

Scrapings, *n.* છોલણું; છોલાણ.

Scratch, *n.* ઘસો; ઉઝેડો; વલોરિયો; કાપો; લીસોટો; નઓરિયું. 2 *v. t.* ઉઝેડવું; કોઇપણ રીતે ઘસી ઘસીને છાલ કહાડવી; ઘવડવું; વલોરવું; ખવડવું. 3 છેકા–ઘસા પાડવા; છેકવું. 4 નખવતી ઓદવું–ઓતરવું.

Scrawl, *n.* ખરાબ–ઉતાવળમાં લખેલા અક્ષર. 2 *v. i.* ઉતાવળથી જેવું તેવું–અગડંબગડં લખી કહાડવું; ચિતરવું.

Scream, } Screech, } *n.* ચીસ; ચીચીઆરી. 2 *v. i.* ચીસ–ચીચીઆરી પાડવી–મારવી.

Screen, *n.* પડદો; અંતરપટ. 2 બચાવ. 3 ચારણો. 4 *v. t.* વચમાં આડું પડીને બચાવવું; પડદે નાખવું; પરદેપોશ કરવું; છુપાવવું. 5 ચાળવું.

Screw, *n.* પેચ; મળસુત્ર; સ્ક્રૂ. 2 *v. t.* પેચ ફેરવવો; પેચ–સ્ક્રૂવતી સજ્જડ કરવું–બેસાડવું–દાબવું. 3 જુલમ કરવો–ગુજારવો; જોર જુલમથી પૈસા કઢાવી–ઓકાવીને દુખી કરવું.

Screwdriver, *n.* ડીસપોસ; જેણે કરી સ્ક્રૂના પેચ ફેરવવામાં આવેછે તે હથિયાર.

Screwjack, *n.* ભારી વજને ઉપાડવાનું એક યંત્ર; ડ્રુમ કલાસ.

Screwplate, *n.* પેચ પાટી.

Scribble, *v. t.* ચિતરવું; ઉતાવળથી લખી કાહાડવું. 2 નજીવી બાબદોથી ભરી કાહાડવું (ચોપાનીયું, પત્ર વગેરે.)

Scribe, *n.* લખનાર; મેહતો; લેખક; લેહો

Scrip, *n.* કોથળી; થેલી; બલવો. 2 ચિઠ્ઠિ; જેની ઉપર કાંઇ લખેલું હોએ એવું કાગલ; રૂકો. 3 શેર સરટીફીકેટ.

Script, *n.* ઈંગ્રેજી ભાષાના અક્ષરો જે લઢણ વલણ અને મરોડથી લખવામાં આવેછે તેના જેવાં જે બીબાં તે; *Script*–સ્ક્રીપ્ટ ટાઇપ.

Scriptural, *a.* શાસ્ત્ર પ્રમાણે; યથાશાસ્ત્ર. 2 શાસ્ત્રમાં લખેલું.

Scripture, *n.* (Parsi) જંદઅવસ્તા. (Christian) ખ્રિસ્તીશાસ્ત્ર–ધર્મપુસ્તક; તોરાત; ઈંજીલ. (Mahomedan) કુરાન. (Hindu) શાસ્ત્ર; વેદ; પુરાણ.

Scrivener, *n.* કરારનામા વગેરે દસ્તાવેજો ઘડી કહાડનાર–લખનાર. 2 વ્યાજવટો કરનાર; વ્યાજખોર.

Scrofula, *n.* કંઠમાળ.

Scroll, *n.* લપેટો; વીંટો; ઓળિયું.
Scrotum, *n.* અંડકોશ; જે થેલીમાં ગોળી-આંડવો રેહેછે તે કોથળી-થેલી.
Scrub, *n.* પાજી-નીચ-હલકા સ્વભાવનું માણસ; ઉતાર. 2 ઘસાઈ ગએલો કુંચો-ઝાડુ. 3 *v. t.* ઘણું સારી પેઠે ઘસવું. 4 *v. i.* મહા મેહેનત કરીને ખપ્પીલાઈથી રહેવું.
Scruple, *n.* રતી; રજ; ઝીણામાં ઝીણો જથો-ભાગ-અંશ. 2 આંચકો; ખતરો; સંકોચ. 3 વીસ ગ્રેન જેટલું તોલ. 4 *v. i.* & *v. t* આનાકાની કરવી; મનમાં શક રાખવો; ખંચાવું; આંચકો ખાવો.
Scrupulous, *a.* ખંચાઈખંચાઈને-બીહીબીહીને ચાલનાર-કરનાર. 2 ઘણીજ ચોકસાઈ-સંભાળવાળું.
Scrutinize, *v. t.* બારીકીથી તપાસ-શોધ-ચોકસી કરવી.
Scrutiny, *n.* બારીક તપાસ-ચોકાશી; રાજ્ઞત અજમાએશ; કસોટી. 2 જે કાગળના કકડા ઉપર મત લખ્યું હોય તે ચીઠી. 3 સભાસદ પસંદ કરવા અપાયલાં મતની તપાસ.
Scud, *v. i.* એકદમ સટકી જવું. 2 પવન ઉપર હંકાયા જવું; જોરમાં યાહોમ ધસડાઈ જવું. (વહાણ)
Scuffle, *n.* ઝપાઝપિ; ધકાધકી; મારામારી; ઝટાઝટી; ધકંમધકા. 2 *v.i.* ઝપાઝપી કરવી; બાથંબાઠા આવી જવું.
Sculk, *v. i.* સંતાવું; છુપાવું; ભરાઈ બેસવું. 2 ચાકરી ચુકાવવી; કામ કરવાના અખાડા કરવા.
Scull, *n.* માંથાની ખોપરી-કાચલી.
Sculptor, *n.* ખોદકામ-કોતરકામ કરનાર; કોરનાર; મુર્તિકાર; નકાશાગીર.
Sculpture, *n.* ખોદકામ; કોતરણી; નકાશ કામ; કોતરકામ; નકશીકામ.
Scum, *n.* પ્રવાહી પદાર્થ ઉપર તરી આવેલો મેલ-કફ-ફીણ; છારી. 2 કચરો. 3 *v. t.* ઉપર તરી આવેલો મેલ કાહડી લેવો.
Scurf, *n.* ખોરો; ખોડો; પોપડા; ચામડી ઉપર બંધાતા બારીક આટા જેવા દાણા. 2 ડાઘ; કલંક.
Scurrility, *n.* જબાન દરાજી; ગેલ ફેલ વચન; ગાલ ગલોચા; દુભાષણ; અપશબ્દ; નિર્લજપણું.
Scurrilous, *a.* ગાળ ગલોચી ભરેલું; ગેલફેલ; નીચ; નિંદાખોર; બેલગામ; નાગું; ભાંડ જેવું.
Scurvy, *n.* રક્તપિત્ત; એક જાતનું દરદ જે ઘણું કરીને દરિયાઈખાતાંના લોકને થાયછે. 2 *a.* રક્તપિત્તવાળું. 3 હલકું; નીચ; ધિક્કારવા જોગ; પાજી.
Scythe, *n.* દાતરડું.
Sea, *n.* દરિયો; સમુદ્ર; સાગર; રતનાગર.
Sea coast, *n.* સમુદ્રતીર-કિનારો; કાંઠો.
Sea farer, *n.* દરિયાવર્દી; નાવિક; દરિયામાં ફરનાર; વહાણવટીઓ.

Sea faring, *a.* સમુદ્રમાં જનાર; વહાણવટું કરનાર.
Sea green, *a.* દરિયા રંગી; પિસ્તાઈ; દરિયાના પાણીના રંગ જેવું.
Sea gull, *n.* સમુદ્ર કુકટ.
Seal, *n.* મોહોર; શિક્કો. 2 *v.t.* મોહર કરવી-લગાડવી; સીલ કરવું-મારવું. 3 બીડવું; મજબૂત બંધ કરવું. 4 છાનું-છુપું રાખવું.
Sealing wax, *n.* લાખ.
Seam, *n.* સીવણ. 2 સાંધો; જોડ. 3 દરજ; બે ચિજ વચેની ફાટ-સાંધો. 4 See Scar. 5 *v. t.* જોડવું; સાંધવું; સીવવું.
Seaman, *n.* ખલાસી; ખારવો; નાખવો.
Seamless, *a.* વગર સાંધનું.
Seamstress, *n.* દરજન.
Sea port, *n.* બંદ. 2 બંદર થઈ શકે એવું શેહર-ગાંમ.
Sear, *n.* ગરમ ડાહામ; ચટકો; ડાઘ. 2 *v. t.* ડાહામ દેવો; ડાહામ મુકવો; ડામવું. 3 સુકવવું; કરમાવવું.
Search, *n.* શોધ; તલાશ; ખોળ; ભાળ. 2 *v. t.* શોધ કરવો-લગાડવો; ભાળ કાહાડવી. (of a person) ઝાડો લેવો.
Sea service, *n.* વાહાણની ચાકરી.
Sea shore, *n.* સમુદ્ર કાંઠો-કિનારો.
Sea sick, *a.* જેને દરિયો-વહાણ લાગેલું હોય એવું; ભોળ આવેલા હોય એવું.
Sea sickness, *n.* દરિયો-વહાણ લાગાથી જે ભોળ આવે અથવા તેથી ઓકારી જેવું થાય તે; ફેર; ચક્કર; તમર.
Sea worthy, *n.* દરિઆમાં જવા લાયક; સમુદ્રમાં મુસાફરી કરવાલાયક.
Season, *n.* ઋતુ; મોસમ; ફસલ. 2 પ્રસંગ: અયામ; હિગામ. 3 *v. t.* લાયક-યોગ્ય-તૈયાર કરવું. 4 ટેવ-માવેરો પાડવો. 5 પાકું-પાકટ કરવું; મોસમ ખવડાવવો; સૂકવવું. 6 મરી મસાલો લગાડવો; લેહજતદાર કરવું; વઘારવું. 7 નરમ પાડવું; સમધાત કરવું-બનાવવું.
Seasonable, *a.* પ્રસંગે આવેલું; વખતસરનું; સવેલાનું; બરવખતનું.
Seasoning, *n.* મસાલો; વઘાર.
Seat, *n.* બેઠક; બેસણું. 2 જગા; સ્થાન; ઠેકાણું. 3 આસન; બેસવા માટે કીધેલી વસ્તુ, જેવો કે પાટલો, ખુરશી, ગાદી વગેરે. 4 *v. t.* બેસાડવું.
Sea term, *n.* વાહાણવટીઓમાં બોલાતો શબ્દ.
Secant, *n.* (ભુમિતીમાં) છેદનરેષા.
Secede, *v. i.* સંગત-સોહોબત છોડવી-મેલવી; વેગળા-જુદું પડવું.
Secession, *n.* ફુટ; નોખું-છૂટું પડવું તે.
Seclude, *v. t.* વેગળું-એલાહેદું રાખવું-રેહેવું. 2 (One's self) એકાંત રેહેવું. 3 અંદર આવવા નહીં દેવું; મનાઈ-બંદી કરવી. [ગોફેનશીની.
Seclusion, *n.* એકાંત વાસો; વૈરાગ;

Second, *n.* (of time) મિનિટનો સાઠમો ભાગ; સેકંદ. 2 પીઠ ઠોકનાર; મદદ-હામી આપનાર. 3 જગ્યા, વખત, પદ્ધી અથવા એવીજ બાબદમાં એકજ દરજ્જે ઉતરતું જે કંઈ તે. 4 *a.* બિજું; પાસેનું. 5 ઉતરતું. 6 *v. t.* પિઠ ઠોકવી; તરફેણ રાખવી-કરવી; મદદ કરવી; સંભાળીલેવું; ટેકો આપવો; સહાય થવું.

Secondary, *a.* ઉતરતું; પેહેલું અથવા મુખ્ય નહી; ઉતરતા દરજ્જાનું 2 આછી અગત ધરાવતું; દુએમનું.

Second hand, *a.* એક હાથે-ધણીથી વપરાએલું; ઉતરેલું; જુનું થયલું. 2 બીજે હાથ-બીજાની મારફતે મલેલું. 3 *n.* સેકંદ-સેકંદ બતલાવનાર કાંટો.

Secondly, *ad.* બીજું; બીજીવાર.

Second rate, *a.* ઉતરતી પ્રતીનું-દરજ્જાનું; મધ્યમ.

Secrecy, *n.* ગુપ્તપણું; ગુપ્તભાવ; છુપી હાલત; પોશીદગી. 2 એકાંતવાસ; ગોશેગીરી. 3 ખામોશી; છુપું રાખવાની ઇમાનદારી.

Secret, *a.* ગુપ્ત; છુપું. 2 એલાહેદું; એકાંત. 3 જાહેર-ખુલું કરવાને નાલાએક. 4 બોદા માલુમ; બેમાલુમ. 5 *n.* છુપી વાત. 6 મર્મ; છુપો ભેદ; રહસ્ય; કરામત; કળા. 7 (*pl.*) સ્ત્રી પુરૂષના છુપા ભાગો-ઇંદ્રિઓ.

Secretary, *n.* ચિટનીસ; મુનશી; અવલ કારકુન; મંત્રી; સેક્રેટરી.

Secrete, *v. t.* સંતાડવું; છુપાવવું. 2 એલાહેદું-જુદું કરવું. 3 ઉત્પન્ન થવું; છુટું પડવું; જેમકે શરીરનામલાદિવિકારો.

Secretion, *n.* પૃથક્કરણ કરવું; છુટું પાડવું. 2 લોહીમાંથી જુદો પડેલો પદાર્થ-શરીર રસવિકાર.

Secretly, *ad.* છુપીરિતે; સંતાઇને; છુપુછાનું; ચુપાચુપ; છાનામાના.

Sect, *n.* મત; પંથ; સંપ્રદાય; માર્ગ; જાત; ન્યાત; ફિરકો.

Sectarian, } *n.* સ્થાપેલો ધર્મ-માર્ગ
Sectary, } છોડી કોઇએક જુદોજ પંથ-માર્ગ માનનાર-પાલનાર પંથી; માર્ગી.

Section, *n.* ફસલ; બાબ; કલમ; અધ્યાય; પર્વ. 2 ભાગ; કકડો.

Sectional, *a.* એક પક્ષ-ભાગનું-ને [લગતું.

Secular, *a.* દુનિયાઇ; આ પૃથ્વીને લગતું; ઇહલોક; સંસારીક; લોકનું. 2 (person) વ્યવહારી; સંસારી. 3 સો વરસે એકવાર બનતું-આવતું-દેખાતું. 4 ઘણે વરસે થનાર-[illegible]નાર; જમાનાને લગતું.

Secundine, *n.* ઓર; ગર્ભવેષ્ટન.

Secure, *a.* નિશ્ચિંત; નિરાંતવાલું. 2 બેફિકરૂં. 3 ખાતરીવાલું. 4 નિર્ભય; સલામત; બેદહેશત; જોખમ વગરનું. 5 *v. t.* નિર્ભય-જોખમ વગરનું કરવું. 6 બચાવવું; સંભાળવું; રક્ષણ કરવું. 7 ચોક્કસ કરવું;

જોખમાય—ડુબે નહી એવું કરવું; આપેલું સલામત પાછું મળે તેની બાંહેધરી લેવી-રાખવી. 8 પાકા જાપતા—બંદોબસ્તમાં રાખવું; છૂટું -વીહીલું પડે નહી તેમ મજબૂત બંધ કરવું.

Security, *n.* નિર્ભયપણું; નિરાંત. 2 બેફિકરાઈ. 3 બચાવ. 4 સલામતી. 5 બાંહેધરી; જામીનગીરી. 6 જામીન; (peasonal) હાજર જામીન; (for property) માલજામીન; (for conduct) ફેલ જામીન.

Security bond, *n.* જામીન ખત.

Sedan, *n.* નાલકી; ખુરસીશેકી પાલખી.

Sedate, *a.* ગંભીર; શાંત; ધીરૂં.

Sedantary, *a.* ઘણું કરીને બેસીને કામ કરવાની ટેવવાળું. 2 બેસી રહી કામ કરવું પડે તેવું. [ચરો; થરો.

Sediment, *n.* નીચે ઠરી બેઠેલો ક-

Sedition, *n.* બંડ; દંગો; ફેસાદ; ફિતુર; બલવો; હુલ્લડ; હંગામો.

Seditious, *a.* ફિતને અંગેજ; બંડ-દંગાખોર; ફંદફિતુરી.

Seduce, *v. t.* ફુસલાવી-ભુલથાપ આપી અનીતીને માર્ગે લઈ જવું; કુમાર્ગે ચલાવવું; બગાડવું; ભ્રષ્ટકરવું. 2 (female) ફુસલાવી-ભોળવીને બગાડવી; કાંડી જવું. [આપનાર.

Seducer, *n.* ફુસલાવનાર; ભૂલથાપ

Seduction, *n.* ભૂલથાપ; ફુસલાવણી; ફનફરેબ. 2 ફુસલાવીને કોઈ સ્ત્રીને બિગાડવી તે; સતીપણાનો ભંગ.

Seductive, *a.* ફુસલાવે-ભોળવે તેવું.

Sedulous, *n.* ઉદ્યોગી; અભ્યાસી; પરિશ્રમી.

See, *v. t.* જોવું; નજરે દેખવું; ભાળવું. 2 સમજવું; જાણવું; બુજવું. 3 મુલાકાત કરવી-લેવી; મળવું. 4 *v. i.* જોવાની શક્તિ ધરાવવી; નજરે દેખાવું; દેખવું. 5 સંભાળવું; ચેતવું; સમજવું.

Seed, *n.* બી; બીજ; બીયું. 2 ધાત; વીર્ય. 3 મૂળ; તત્વ. 4 પ્રજા; સંતાન.

Seedling, *n.* રોપો; બી વાવેથી થયલો છોડ. [ગો; કયારો.

Seed plot, *n.* રોપવા કરવાની જ-

Seed time, *n.* વાવણીનીવેળા—મોસમ.

Seeing, *n.* દૃષ્ટિ; સુજ; નજર નાખવી-જોવું તે. *Seeing that* જારે; એ જોઈને.

Seek, *v. t.* તલાસ કરવી; ખોળવું; શોધવું; ઢૂંડવું. 2 માગવું; અર્જ કરવી; તલબ-સવાલ કરવો.

Seem, *v. t.* દેખાવું; નજર આવવું; સૂજવું; દિસવું. 2 ભાસવું; મનમાં આવવું; લાગવું.

Seemingly, *ad.* બાહેરથી જોવામાં; ઉપર ઉપરથી. [ખુશનુમાઈ.

Seemliness, *n.* યોગ્યતા; સુરૂપતી;

Seemly, *a.* ખુશનુમા; નાજુક; જોવા ગમે એવું. 2 લાયક; યોગ્ય.

See saw, *n.* હિંચ ખાવાની રમત; ચિચવો; એક ઉભાં લાકડા ઉપર આડું લાકડું મૂકી તેને બે છેડે બે જણા બેસી ઉચા નીચા હીચવાની રમત; ઝૂલા ઝૂલી.
Seethe, *v.t.* સિજવવું;બાફવું;ઉકાળવું.
Segment, *n.* ભાગ;અંશ. 2 (ભૂમિતીમાં) વર્તુલ ખંડ; ગોળાનો ખંડ.
Segregate, *v. t.* જૂદું-ધલાહિદું રાખવું; છૂટું પાડવું-રાખવું.
Seine, *n.* માછલાં પકડવાની જાળ.
Seize, *v. t.* } ધરવું; પકડવું; ઝાલવું.
Seizure, *n.* } 2 કબજ-જપ્ત કરવું. 3 છીનવી-ઝુટાવી લેવું.
Seldom, *ad.* ક્વચિત; કદીકદી; કોઈ વખત; વીરલું.
Select, *a.* ચૂંટી કાહાડેલું;પસંદ પડતું. 2*v t.* ચૂંટી-નિવડી-વીણી કાહાડવું.
Selection,*n.* પસંદ કરેલી-ચૂંટી-વીણી કહાડેલી વસ્તુ-બાબદ. 2 પસંદ કરેલી-વીણી કહાડેલી વસ્તુઓનો સંગ્રહ.
Self, *n.* જાત; શરીર; ખુદ. 2 સ્વાર્થ; આપ મતલબ.
Self acquired, *a.* પોતે-જાતે મેળવેલું; સ્વાત્મોપાર્જીત. [વૃદ્ધ.
Self aggrandizement, *n.* પોતાની
Self applause, *n.* આત્મપ્રશંસા;
Self born, *a.* સ્વયંભૂ. [આત્મસ્તુતી.
Self command, *n.* દમ; આત્મસંયમ.
Self conceit,*n.* હુંપણું-પદ; મગરૂરી; અભિમાન; ખુદપરસ્તી.
Self conceited, *a.* અહંકારી; અભીમાની. [શ રાખવો તે.
Self control, *n.* ઈંદ્રિયો-મીજાજ વ-
Self defence, *n.* પોતાનો બચાવ; આત્મ રક્ષણ; ખુદ-જાતનો બચાવ.
Self denial, *n.* મન મારવું તે; આત્મ સંયમ; ઈંદ્રીને જીતવી-વશ રાખવી તે. [શ-હત્યા.
Self destruction, *n.* આપઘાત-ના-
Self devotion, *n.* સ્વાત્માર્પણ; આત્મ સમર્પણ.
Self educated, *a.* પોતે પોતાની મેળેજ શિખેલું; આત્મ શિક્ષિત.
Self enjoyment, *n.* આત્મ સુખ.
Self evident, *a.* સ્વતઃસિદ્ધ; ખુદ જાહેર;પોતાની મેળેજ જાહેર થયલું.
Self existent, *a.* વાજીબુલવજુદ; ખુદ હસ્ત; સ્વયંભૂ; સ્વતઃસિદ્ધ.
Self immolation, *n.* આત્મઘાત.
Self interest,*n.* સ્વાર્થ; આત્મ-સ્વહિત; ખુદ પોતાનો ફાએદો; આપ મતલબ; સ્વાર્થ બુદ્ધિ. [બી; સ્વાર્થી.
Selfish, *a.* એકલપેટું; આપમતલ-
Selfishness, *n.* એકલપેટાપણું; આપમતલબ; સ્વાર્થ દ્રષ્ટિ. [બોધ.
Self knowledge, *n.* આત્મ જ્ઞાન-
Self love,*n.* માન ગુમાન; અહંમતિ.
Self murder,*n.* આપઘાત;આત્મહત્યા
Self opinioned, } *a.* સ્વમતાભિ-
Self opinionated, } માની; આપમતિયું.

Self possessed, *a.* સ્વસ્થ ચિત્ત; જેનું ચિત્ત ઠેકાણેછે તેવું; સાવધ.
Self praise, *n.* આત્મસ્તુતિ;પોતે પોતાનીજ કરેલી તારીફ; ખુદ ફરોશી.
Self preservation, *n.* આત્મરક્ષણ.
Self reliance, *n.* આત્મનિષ્ઠા; પોતાની જાત-પંડ પર ભરોસો.
Self respect, સ્વાભિમાન; પોતાની આબરૂની દરકાર; જાતનો ટેક.
Self same, *n.* તેજ; એજ; પોતેજ.
Self sufficient, *a.* મગરૂર; સ્વાભિમાની; ખુદનુમા-પસંદ.
Self supporting, *a.* જેનો ખર્ચ પોતાનામાંથી નિકળી શકતો હોય એવું.
Self willed, *a.* સ્વછંદ; સ્વતંત્ર; ખુદઅકલી; આપઢંગી; જીદ્દી; હઠીલું.
Sell, *v. t.* વેચવું. 2 *v. i.* ખપવું;
Seller, *n.* વેચનાર. [વેચાવું.
Semblance, *n.* આકાર; એક દેખાવ; રૂપ; ડાલ. 2 શરખાપણું; સાદૃશ્ય.
Semen, *n.* ધાતુ; રેત; ધાત; વીર્ય.
Semi, *a.* અર્ધ; નીમે; અરધું.
Semi circle, *n.* અર્ધ વર્તુલ-ગોળ.
Semicircular, *a.* અર્ધ વર્તુલાકૃતિ.
Semidiameter, *n.* અર્ધવ્યાસ.
Semilunar, *a.* અર્ધચંદ્રાકાર.
Seminal, *a.* બીજસંબંધી; તુખમી. 2 (fluid) ધાતુ; ધાત.
Seminary, *n.* રોપ-બી મૂકવા-રોપવા-વાવવાની જગો. 2 બાળ નિશાળ; મક્તબ; પાઠશાળા; શાળા.
Semitone, *n.* મૂર્છના; ગાયનમાંના સપ્ત સ્વર મધ્યે પ્રથમ સ્વરથી દ્વિત્ય સ્વર થાય ત્યાંસુધી જે સૂક્ષ્મ ત્રણ સ્વરાંશ થાયછે તે પ્રત્યેક.
Semivowel, *n.* અર્ધસ્વર.
Senate, *n.* રાજ્યકારભારની સભા; મંત્રીસભા; રાજ્યમંડળી; અમીરી મીજલસ. 2 વિદ્યાલયનો કારભાર ચલાવનારી સભા.
Senator, *n.* રાજ્ય સભાસદ.
Send, *v. t.* મોકલવું. 2 ફેંકવું. 3 (for anything) મંગાવવું. 4 (for any body) તેડાવવું; બોલાવવું. 5 for any message) કેહેવડાવવું. [મોટું.
Senior, *a.* વડીલ; જ્યેષ્ઠ. 2 પદ્વિએ
Seniority, *n.* બુઝુરગી; વડીલપણું;
Senna, *n.* સોનામખી-ઝી. [ઉપરીપણું.
Sensation, *n.* ઈંદ્રિયજન્ય જ્ઞાન. 2 જાગૃતિ; લાગણી; ભાન. 3 વેદના; દુઃખ.
Sense, *n.* ઈંદ્રિયજ્ઞાન. 2 જ્ઞાન; સમજ; બોધ; હોશ. 3 ઈંદ્રિ. 4 અક્કલ; વકુફ; બુદ્ધિ; મત. 5 અર્થ; મતલબ; માયનો.
Senseless, *a.* અચેતન; બેહોશ; બેભાન; મૂર્છિત. 2 બેવકુફ; બુદ્ધિહીન; મુરખ. 3 (of actions) મુર્ખાઈ ભરેલું. 4 જેના દિલમાં જલદીથી લાગે નહીં તેવું. 5 અર્થ વગરનું; બેહૂદું.
Sensibility, *n.* સાવધગિરી; શુદ્ધિ;

હોરા; હુરામંદી. 2 જેના દિલમાં જલદીથી લાગી ઉંડે–અસર થાય તેવી તેની શક્તિ; હૃદયનું કોમળપણું. 3 લાગણી; સમજ; રસજ્ઞાન; ચૈતન્ય.

Sensible, *a.* લાગે–જણાય–માલુમ પડે એવું. 2 સચેતન; સાવધ; હુશિયાર. 3 વાકેફ; માહિત. 4 સમજુ; ખાહોરા; શાહાણું; દાના.

Sensitive, *n.* કુમળાં–પોચાં મનવાળું. 2 જલદી મનમાં લાગી જાય એવું. 3 લજાળુ.

Sensitive plant, *n.* લજામણી; લાજાળી; સરમાઉ ઝાડ.

Sensual, *a.* નફસાની; વિષયી; લંપટ. 2 ઈંદ્રિયને લગતું. [કામી.

Sensualist, *n.* વિષયી; નફસપરવર;

Sensuality, *n.* શેહેવત; મસ્તી; વિષયાધિનતા; વીષયીપણું; લંપટપણું.

Sentence, *n.* શિક્ષાનો હુકુમ; ઠીપ; નિર્ણય. 2 વાક્ય. 3 સૂત્ર; વચન. 4 મત; અભિપરાય. 5 *v. t.* શિક્ષાનો હુકુમ કરવો; ઠીપ મારવી.

Sententious, *a.* જેમાં કહેવત અને કોહેડા હોય એવું; ટુંકું પણ અસરકારક. [ચેતન.

Sentient, *a.* પ્રાણ–ચેતનાવાળું; સ-

Sentiment, *n.* અભિપ્રાય; મત; વિચાર; સમજ. 2 મનોભાવ; આશય. 3 વચન; વાક્ય; સૂત્ર; કહેવત. 4 કુમળું–પોચું મન; નરમ દિલ–હૈયું.

Sentimental, *a.* વિચારવાળું. 2 બોધાત્મક; કહેવત અને કોહેડાથી ભરેલું. 3 અતિશય કોમલપણાવાળું; ઘણાજ નરમ હૈયાંવાળું. 4 રસ ઉપજાવતું; રસિક; રસમય.

Sentinel, *n.* ચોકીદાર; પોહોરેગીર; પોહોરો ભરનાર.

Sentry, *n.* See Sentinel. [એવું.

Separable, *a.* જુદું–છુટું પાડી શકાય

Separate, *a.* જુદું; છુટું; વેગળું; નોખું. 2 *v. t.* છુટું–જુદું પાડવું; વેગળું કરવું. 3 *v. i.* વેગળું–છુટું થવું; વિખુટું પડવું.

Separately, *ad.* જુદું જુદું; છુટું છુટું. 2 એલાહેદું; પૃથક્.

Separation, *n.* વિજોગ; વિયોગ; જુદાઇ; જુદું પડવું તે. 2 છુટાછેડા; તલાક.

Sepoy, *n.* સિપાઈ.

September, *n.* ઈંગ્રેજી સાલનો નવમો મહીનો; શ્રાવણ–ભાદરવો.

Septennial, *a.* સાત વર્ષ ચાલુ–સુધી રેહેનાર. 2 દર સાત વર્ષે એકવાર થતું–આવતું; હફત સાલી; સપ્તવર્ષી.

Sepulchre, *n.* સમાધ; રોજો; કબર; ઘોર; દેવડી. [મિ–પૃથ્વી દાહ; દફન.

Sepulture, *n.* મુરદાને દાટવું તે; ભુ-

Sequel, *n.* ઉત્તરભાગ; પછવાડે આવતો ભાગ. 2 પરિણામ; શેવટ.

Sequence, *n.* અનુક્રમ; અન્વય.

Sequester, Sequestrate, } *v. t.* જપ્ત કરવું; કુલમબંદી કરવી; ટાં-

ચ મારવી.2 જૂદું-નોખું કરવું-મૂકવું.

Sequestration, *n.* જપ્તી; ટાંચ; કબજ-મખંધી.2 જૂદું-નોખું થવું-રહેવું તે.

Seraglio, *n.* જનાનખાનું; જનાનો; અંતઃપુર.

Serai, *n.* ધર્મશાળા; સરાહ; મુસાફર-[ખાનું.

Serene, *a.* શાંત; ઠંડું; સ્વસ્થ; અવ્યગ્ર. 2 સ્વચ્છ; સાફ; ખુલ્લું; નિર્મલ.

Serenity, *n.* શાંતી; આસૂદગી. 2 સ્વચ્છતા; સફાઈ; નિર્મળતા.

Serf, *n.* ગુલામ; દાસ.

Serial, *a.* હારબંધ; હારેદોર. 2 અંકવાર-સિલસિલાબંધ નિકલતું-પ્રગટ થતું.

Seriatim, *ad.* અનુક્રમે; યથાક્રમે.

Series, *n.* માળા; હાર. 2 સિલસિલો; એક પછી એક; ક્રમ.

Serio-comic, *a.* હાસ્યગાંભીર્ય યુક્ત; જેમાં ગંભીરપણું ને હસવાનું સાથે મિળાયલું હોય એવું.

Serious, *a.* ગંભીર; ઠરેલ; બોજવાળું. 2 ઠઠ્ઠા મશકરી વગરનું; ખરેખરૂં. ખરૂં મન-ભાવનું. 3 મ્હોટું; ભારી; અગતનું. 4 જોખમ ભરેલું-વાળું.

Seriously, *ad.* ગંભીરપણે-પણાથી. 2 ઠઠ્ઠા મશ્કરી વગર; ખરા દિલ-મન-ભાવથી; ઠઠ્ઠા મશ્કરી રહેવા દઇને.

Seriousness, *n.* ગંભીરપણું. 2 ખરાપણું; વાસ્તવિકપણું. 3 બારદારી; વજન; ભારબોજ.

Sergeant, Serjeant, } *n.* હવાલદાર; દફેદાર.

Sermon, *n.* વાજ; ધર્મકથન; ધર્મસંબંધી ભાષણ; ધર્મોપદેશ. 2 શિક્ષા; શિખામણ; ઉપદેશ; બોધ.

Serous, *a.* પાતળું; પાણી જેવું-મય.

Serpent, *n.* સાપ; સર્પ; નાગ; ભુજંગ. 2 પ્રપંચી-તરકટબાજ-ખારીલું-કપટી માણસ. [સર્પાકાર; વાંકુચુંકુ.

Serpentine, *a.* સાંપના છેવું પેચદાર;

Serpigo, *n.* ખરસવું; એક જાતની દરાજ

Serrate, Serrated, } *a.* કરવતી કીનારનું; કરવત જેવા દાંતાવાળું.

Serum, *n.* લોહીનો પાતળો ભાગ-અંશ.

Servant, *n.* નોકર; ચાકર; સેવક; નફર; ખિદમતગાર; દાસ; કિંકર.

Serve, *v. t.* સેવા-ચાકરી-નોકરી કરવી. 2 હાથ નીચે-હેઠે કામ કરવું; કોઈના તાબામાં રહીને કામ કરવું; 3 પિરસવું; પરીસવું 4 સારવું; સાધવું; પાર પાડવા-ઉતારવામાં મદદ કરવી-પુષ્ટી આપવી. 5 ચાલવું; ઉપયોગ-ખપમાં આવવું. 6 વર્તવું; ચાલ ચલાવવી. 7 ઉપાસના-સેવા-આરાધના-બંદગી-ભક્તિ કરવી.

Service, *n.* ચાકરી; સેવા; ખિદમત. 2 આરાધના; બંદગી; પરસતિશ; ઇશ્વરસેવા-ભજન. 3 ઉપયોગ; લાભ. 4 સલામ-નમસ્કાર કરવો-કહેવડાવવો તે. 5 ટેબલ ઉપર જમવાના વા-

સણો–નો સટ. 6 ધર્મની ક્રિયા કરવી તે; વખતને બર આવતી ધર્મની ક્રિયા. 7 (military) સીપાઇગિરી.

Serviceable, *a.* કામનું; ઉપયોગી.

Servile, *a.* ચાપલુસીખોર; ખુશામતિયું. 2 ગુલામગિરિનુ; દાસવત.

Servility, Servitude, *n.* ગુલામગિરિ ખુસામદ–ત; આર્જવ.

Sesame Sesamum, *n.* તલ; તિલ.

Session, *n.* કચેરી–દરબારની બેઠક; મજલસ. 2 જેટલી મુદત સભા–કચેરી ભરાય તેટલી મુદત.

Set, *n.* જોડ; જોડી. 2 થોક; ગંજ; એકજ તરેહનો જે જથ્થો તે. 3 ટોળું; જૂથ; જમાત. 4 *v. t.* મુકવું; માંડવું; સ્થાપવું; ગોઠવવું. 5 લગાડવું; વલગાડવું; બેસાડવું. 6 દાટવું; ઘાલવું; વાવવું; રોપવું. 7 જડવું; બેસાડવું. 8 ઠરાવવું; નક્કી કરવું. 9 ધાર કહાડવી–ચઢાવવી. 10 ચલાવવું; માંડવું (ઘડિયાલ). 11 ચઢાવવું; ઠેકાણે લાવવું–બેસાડવું (મોચકાએલો ભાગ). 12 ઉતારવું; બેસાડવું (ગાયનમાં). 13 જડવું; જડિત કામથી શોભાવવું. –(about) મંડવું; લાગવું; વળગવું (કામ ઉપર). –(against) સામું–વિરૂધ ઉભું કરવું. –(aside) બાજુ રાખવું; કોરે મુકવું. –(up) ચાલુ કરવું; ઉભું કરવું. –(off) જૂદું કહાડવું. 2 શોભાવવું; શોભિતું કરવું. 14 *v. i.* અસ્તથવું–પામવું; આથમવું; ગુરૂબ થવું. 15 મંડવું; પાછળ લાગવું. –(in) સૂરૂ થવું; બેસવું (મોસમ). –(out) નિકળવું.

Set back, *n.* દિવાલ પાછળ–અંદર હટાવી લેવી તે; રસ્તો મૂકીને અંદરથી ભીત બાંધવી તે.

Set off, *n.* સામો દાવો. 2 એક ચીજને બદલે બીજી જૂદી કહાડવી તે. 3 શણગાર; શોભા.

Seton, *n.* પોંત.

Settle, *v. t.* સ્થિર–થમ કરવું. 2 ઠેકાણે પાડવું–લગાડવું. 3 નિવેડો–ફેસલો કરી આપવો. 4 પતાવી આપવું; નિકાળ કરી આપવો. 5 સ્વચ્છ–નિતરૂં કરવું. 6 નીચે તળિયે બેસાડવું–ઠરાવવું. 7 *v. t.* બેસવા–ઠરવા દેવું (રગડો). 8 ઘર માંડવું; સંસાર કરવો. 9 વસવું. 10 ઠરીઠામ–મજબુત બેસવું; જમવું; દૃઢ–નક્કી થવું.

Settlement, *n.* ફેસલો; ચુકાદો. 2 વસ્તી. નિવાસ. 3 બંદોબસ્ત; ગોઠવણ. 4 નિકાળ; તોડ.

Seven, *a.* સાત.

Seventeen, *a.* સત્તર.

Seventh, *a.* સાતમું.

Seventy, *a.* સિત્તેર.

Sever, *v. t.* કાપીને જૂદું પાડવું.

2 છૂટું પાડવું; વેગળું—જૂદું કરવું.
Several, *a.* કેટલાંક; બાજે; અનેક; ઘણાંક; બહુ. 2 જૂદાં જૂદાં; નિરનિરાળાં. 3 પોતપોતાનું. [જૂદું જૂદું.
Severally, *ad.* એક એક; એકક;
Severe, *a.* સખ્ત; કડક; કરડું. 2 જબર; જાલીમ. 3 કઠણ; ભારી; ઘણુંજ દુઃખ આપે એવું.
Severity, *n.* કરડા—કઠોરપણું. 2 સખ્તિ; જુલમ; જબરી.
Sew, *v. t. & v. t.* સીવવું.
Sewage, *n.* ગટરમાંનો કચરો—ગલીચી; મોરી—નિછારામાંના દુર્ગંધવાળા
Sewer, *n.* નિછારો; મોરી; ગટર. [પદાર્થ.
Sewing, *n.* સીવણ; સીવણકામ.
Sex, *n.* લિંગ; જાતી; સ્ત્રીપુરૂષ ભેદ. 2 અબલા જાતી. [મરનું માણસ.
Sexagenarian, *n.* સાઠ વરસની ઉ-
Sexton, *n.* ખ્રિસ્તી દેવલમાંનો એક નોકર, જેનું કામ ઘોર ખોદવા વગેરેનું હોયછે. [2 મૈથુનસંબધી.
Sexual, *a.* સ્ત્રીપુરૂષ ધર્મ સંબંધી.
Shabbiness, *n.* જીર્ણતા; કૃપણતા.
Shabby, *a.* જુનુપૂરાણું; ફાટુંતુટું. 2 નિચ; હલકું; પાજી; ભિખારી દયાનતનું.
Shackle, *n.* બંધન; બેડી; જંજીર; સાંકળી. 2 આડ; નડતર; ડખલ. 3 *v. t.* બેડી ઠોકવી—ઘાલવી; ખોડાંમાં નાખવું.
Shade, *n.* છાયો; સીરૂં; છાયડો; સીળું; 2 અંધારૂં; અંધકાર. 3 એકાંત જગ્યા. 4 છાયો; સાયો; આધાર; રક્ષણ. 5 ઓથો; પડછાયો. 6 રૂહ; મુએલાં માણસનો જીવ; ભૂત. 7 પડદો. 8 રંગનો સેહેજ સાજ—મનફેર જે ચઢતો ઉતરતો પારો તે. 9 ચિત્રમાંનો ભભકમાં બહાર પડતો નહી પણ ઝાંખો દેખાતો જે ભાગ તે. 10 ઘણોજ જૂજ—મનફેર તફાવત. 11 *v. t.* છાયો કરવો. 12 ઓથો પાડવો—નાખવો. 13 પડદાનો ઓટો કરવો. 14 ઝાંખું—ભેરૂં કરવું.
Shadow, *n.* ઓથો; છાયા; પડછાયો. 2 એકાંત જગ્યા. 3 છાયા; પારો; આભાસ.
Shady, *a.* છાયાદાર; સીળું હોય તેવું.
Shaft, *n.* દાંડો; સાંઠો; થંભ. 2 બાણ; તીર. 3 તલવાર વગેરેની મૂઠ. 4 ગાડીનો પુલ—ધોરીયો.
Shaggy, *a.* બાલ—વાળ ભરેલું—વાળું. 2 ખરબચડું; ઉચીનીચીસપાટીવાળું.
Shake, *v. t.* હિલવવું; હલાવવું. 2(Cloth) ઝટકવું. 3 ધસાવવું; ડગમગાવવું. 4 *v. i.* હાલવું. 5 ડગવું; ડોલવું. 6 ધ્રુજવું; કાંપવું; થરથરવું.
Shallow, *a.* છાલકું; છાછર. 2 અલ્પવિદ્ય; થોડું શિખેલું; લભાગુ; અધુરૂં.
Shame, *n.* ઢોંગ; પાખંડ; પ્રપંચ. 2 *a.* નકલી; ઢોંગી; ખોટું; ફક્ત દેખાડવાનું. 3 *v. t.* ઢોંગ—ફેલ કરવાં; આશા આપી છળવું—ઠગવું. 4 ઠગીને આપવું; પેહેરાવવું.

Shambles, *n.* ખાટકી—ગોરા બજાર.
Shame, *n.* લાજ; લજ્જા; શરમ; હયા. 2 ફજેતી; અપમાન; અપ્રતિષ્ઠા; ફિટકાર. 3 *v. t.* શરમાય—લજવાય તેમ કરવું. 4 બેઆબરૂ કરવી; એબ લગાડવી.
Shame faced, *a.* લાજાળુ; લાજરૂં; શરમાઉ; હયાવાળું; શરમાળ; શરમિંદું.
Shameful, *a.* લજામણું; શરમભરેલું; લાજ—હિણપત લગાડે એવું. 2 બેશરમ; અમર્યાદ; બેહયા.
Shameless, *a.* નિલાજરૂં; નિર્લજ્જ; બેશરમ; બેહયા; નફ્ફટ.
Shampoo, *v. t.* ચંપાવવું; ચંપી કરવી—કરાવવી; રગડવું; ચાંપવું; મસળવું.
Shank, *n.* પગનો નળો; ઘૂંટણથી ઘુંટી લગીનું પગનું હાડકું; પગ.
Shanker, *n.* ચાંદી; ટાંકી.
Shape, *n.* આકાર; ઘાટ; ડાળ; શિકલ; સુરત. 2 *v t.* ઘડવું; આકાર આપવો; ડાળ કાહાડવું; ઘાટ બનાવવો.
Shapeless, *a.* બેડાળ; બેશિકલ.
Shapely, *a.* ડાળ—વળણદાર; રૂપાળું.
Shard, *n.* ઠીકરાંનો કકડો; ઠીકરૂં.
Share, *n.* વાંટો; પાંતી; ભાગ; હિસ્સો; ફાળો. 2 હોળનો કોશ. 3 *v. t.* ભાગ પાડવો—લેવો; વેહેંચવું; વાંટવું.
Shareholder, Sharer, } *n.* ભાગીદાર; પાંતિદાર; હિસ્સેદાર.
Shark, *n.* સમુદ્રનું એક જબરૂં માછલું, જે કોઈવાર ૨૫ ફુટ લાંબું આવે છે; "શાર્ક" માછલું. 2 ઠગ.
Sharp, *a.* પાણીદાર; તેજ; ધારદારવાળું. 2 તીક્ષ્ણ; અણીદાર; નોકદાર; અણીઆળું. 3 પક્કું; પાંચેલું; ચતુરાઈ—ખટપટમાં પ્રવીણ. 4 અતિશય ખાટું (સ્વાદમાં.) 5 કડોર; સખ્ત; કરડું (બોલવામાં.)
Sharp edged, *a.* તેજ ધારવાળું.
Sharpen, *v. t.* ધાર કાહાડવી—ચઢાવવી; ઘસવું; તીનું—તેજ કરવું.
Sharper, *n.* સોદો; લુચ્ચો; ઢોંગો.
Sharp pointed, *a.* તીક્ષ્ણ; અણીદાર.
Sharp sighted, *a* સૂક્ષ્મદષ્ટિ; કુશાગ્રમતિ; તેજ—ઝીણી નજરવાળું.
Sharpwitted, *a.* ચાલાકીથી હાજર જવાબી કરે તેવું; તેજ અકલવાળું.
Shatter, *v. t.* ચૂરેચૂરા—કકડે કકડા; કરવા; ભાંગી ભુકો કરી નાખવો.
Shave, *v.t.* હજામત કરવી; વતું કરવું; બોડવું; મુંડવું. 2 છોલવું; ખાલ કહાડવી; 3 ચામડી ઉતારવી; નિચોવી લેવું; ખાલી કરવું.
Shaving, *n.* હજામત. 2 છલતાં; છોડાં.
Shawl, *n.* શાલ. (double *shawl*) દોશાલો.
She, *pron.* પેલી; તે સ્ત્રી; તેણી.
Sheaf, *n.* પૂળો; પૂળો; ભારો; જુડી.
Shear, *v. t.* કાતરવું.
Shears, *n.* મ્હોટી કાતર; કેંચી.
Sheath, *n.* મિયાન.

Sheathe, *v. t.* મિયાનમાં ઘોસવું–ઘાલવું; મિયાન કરવું. 2 મઢવું; પતરાં–પાટીઆં જડવાં–જડાવવાં (વહાણને.)
Shed, *n.* ઝુંપડી; છાપરી. 2 *v. t.* નાખવું; પાડવું; કાઢવું;ખરી–પડીજવું. 3 લપસી–સરકી જાય તેમ કરવું; રેલાની પેઠે વહી નિકલે તેમ કરવું.
Sheep, *n.* મેંઢું; ગાડરૂં; ઘેટું.
Sheep fold, *n.* મેંઢાં રાખવાનો વાડો.
Sheepish, *a.* લજ્જાળું; શરમાળ;ગરીબ મેંઢાં જેવું; ગાય જેવું ગરીબ.
Sheep's eye, *n.* નેત્રકટાક્ષ;નરમાસથી અને શરમાઈને કરેલી નજર,જેમકે આશક પોતાની માશુક ઉપર કરેછે તેમ; નેનની અદા;આંખનો ચાળો.
Sheep shearing, *n.* મેંઢાંનું ઉન કાપવું–કાતરવું તે.
Sheep walk, *n.* મેંઢાનેચરવાનું રાન–જંગલ.
Sheer, *a.* બિલકુલ;સરફ;સાફ;શુદ્ધ.
Sheet, *n.* ચાદર; પીછોડી; ઓછાડ. 2 (કાગલનો) તાવ. 3 (ચોપડીનું) પાનું. 4 ચોપડી અથવા ચોપાનિયું.
Sheeting, *n.* ચાદરનું કપડું.
Shelf, *n.* અભરાઈ. 2ખડક;ખરાબો.
Shell, *n.* શીપ; શંખ; કોડો.2 કોટલું. (of a cocoanut) કાટલી; કાચલી. 3 (husk) છાલું; છલતું. 4 (bomb) છરાનો ગોળો; ગરભછાંટ. 5 *v. t.* કોટલાં કાહાડવાં; છોલવું.

Shelter, *n.* આસરો;છાંયો; છત્ર. 2 *v. t.* આસરો–છાંયો આપવો. 3 છૂપાવવું.
Shelve, *v. t.* અભરાઈ કરવી–બનાવવી. 2 અભરાઇપર મૂકવું. 3 ઉંચું મૂકવું–મૂકી છાંડવું.
Shelving, *a.* ઉતરતું; ઢળતું.
Shepherd, *n.* ભરવાડ; રબારી. 2 ગામડાનો આશક; ગામડીઓ.
Shepherdess, *n.* રબારણ; ભરવાડણ; મેંઢાં પાળનારી. તે ઉપરથી 2 ગામડની છોકરી–ગોરી–પોરી.
Sheriff, *n.* નાજર; નાજીર; શરિફ.
Shield, *n.* ઢાલ. 2 બચાવ કરવાની કોઇપણ ચીજ. 3 બચાવ; આશ્રય; રક્ષણ. 4 ઢાલ; છત્ર; રક્ષક. 5 *v. t.* રક્ષણ કરવું; બચાવવું.
Shift, *n.* ફેરફાર. 2 ગત; તોડ; યુક્તિ ઉપાય; હિકમત. 3છલ; કપટ; દગો; કાવાદાવો. 4 *v. t.* બદલવું; ફેરવવું. 5 ઉડાવવું; વાત ઉલટાવી નાખવી; ફેરવી તોલવું. 6 *v. t.* ફરવું; ફરી જવું.7 ખસવું; બીજે ઠેકાણે જવું. 8 ગુજરાણ–નિર્વાહ માટે માથાકુટ કરીને પૂરૂં કરવું. 9 બદલવું (કપડાં).
Shin, *n.* પગનો નળો–ગુડો.
Shine, *n.* ઉત્તમ–સારી હવા; ખુલ્લા દહાડા. 2 રોશનાઈ;ચળકાટ; કાંતિ. *Sun-shine* તડકો. 3 *v. i.* ઉજડું–પ્રકાશ પાડવો; પ્રકાશવું. 4 ચકચકવું; ઝળઝળવું; ચળકવું; 5 બિરાજવું; શોભવું; દીપવું.

Shining, *a.* પ્રકાશ પાડનારૂં. 2 તેજસ્વી; ચળકતું. 3 પ્રખ્યાત; નામીચું.
Shiny, *a.* See Bright, Luminous.
Ship, *n.* વાહાણ; નૌકા; ઝાઝ. 2 *v. t.* વાહાણ ઉપર માલ ચઢાવવો–ભરવો.
Ship board, *ad.* વાહાણ ઉપર.
Shipchandler, *n.* દોરડાં, કંતાન વગેરે વહાણને ખરનો સામન વેચનાર.
Shipping, *n.* વહાણો; મછવા; પડાઊ.
Ship wreck, *n.* વાહાણ ભાગવું તે.
Shipwright, *n.* વહાણ બાંધનાર.
Shire, *n.* પરગણું; જીલ્લો; પ્રાંત.
Shirk, *v. i.* કામ ચોરવવું–ચુકાવવું; ચાકરી ચુકાવવી; કામ કરવાના અખાડા કરવા. 2 *n.* કામચોર.
Shirt, *n.* ખમીસ; અંદરનું પેહેરણ; સદરો
Shiver, *v. t.* ભાંગી કકડેકકડા–ચૂરેચૂરા કરી નાખવા. 2 *v.i.* ચૂરેચૂરા થઈ જવા. 3 થરથરવું; ધ્રુજવું; કાંપવું; કકડવું. 4 *n.* ચૂરો; કકડી. 5 ધ્રુણ; ધ્રુજરી; કંપારો.
Shivering, *a.* & *n.* ધ્રુજારી; ધ્રુજરી; ધ્રુજારો; કમકમી; કંપારો; કમકમાટ.
Shoal, *n.* જથ્થો; ટોળું; ઝુંડ. 2 નદી, તળાવ અથવા દરિયાનો છાલકા પાણીવાળો ભાગ. 3 રેતીનો ખડક; બાકું.
Shock, *n.* ધક્કો; આંચકો; હડસેલો. 2 કોઈ વાતથી દીલમાં લાગેલો ઝટકો–જખમ; જંખરો કંટાળો; કમકમાટ. 3 પૂળો; ભારો; ઝુડી; ગંજી. 4 *v.t.* ધક્કો–હડસેલો મારવો. 5 દિલ દુખવવું–જખરો કંટાળો–કમકમાટ આપવો–ઉપજાવવો; ત્રાસ દેવો. 6 ગંજ મારવો.
Shocking, *a.* કમકમાટ ભરેલું–ઉપજાવે એવું; દિલ દુખાવે એવું.
Shod, *a.* જોડા પેહેરેલું.
Shoe, *n.* જોડો; પગરખું; પેજાર; જૂતી. (of a horse &c.) નાળ. 2 *v. t.* નાળ બાંધવી–જડવી; નાળબંદી કરવી.
Shoeflower, *n.* જાસુમીનું ફુલ; કેસુડીનું ફુલ.
Shoe maker, *n.* મોચી; ચમાર.
Shoot, *n.* અંકુર; પીલો; ફણગો; કુમળો રોપ; કુમળી ડાંખળી–ડાળી. 2 *v.i.* ફુટવું; નિકળવું; ઉગવું. 3 બંદુક મારવી–ફોડવી. 4 *v.t.* બંદુખથી–ગોળીથી મારી નાખવું–જીવ લેવો.
Shooting pain, *n.* એણીગમથી પેલીગમ મારતી ચસક–ચસકો.
Shop, *n.* દુકાન; હાટ. 2 કારખાનું. 3 *v. i.* માલ ખરીદવા–હેરવા દુકાનોપર જવું.
Shop keeper, *n.* દુકાનદાર.
Shore, *n.* કિનારો; સમુદ્રકાંઠો; તટ; તીર.
Shorn, *a.* કાતરેલું. 2 ખુંચી લીધેલું.
Short, *a.* ટુંકું; થોડું; અલ્પ. 2 થોડા દિવસનું; બે દાહાડાનું; ટુંક વખતનું. 3 (not long) ટુંકું; ટુંકડું; હ્રસ્વ. (not tall) ઠિગણું; વામન સ્વરૂપ; ઠોતાકદ.

4 કોતા; પુરૂં નહીં પડે એટલું-એવું; ટાંચું; 5 સંક્ષેપ. *Cut short* ટુકામાં પતાવવું-છેડો આણવો-લાવવો. 6 *ad.* એકદમ; અધવચ. [ન્યુનતા.
Short coming, *n.* કસૂર; ખોડ; ખામી;
Shorten, *v. t.* કમી-થોડું-નાહાનું-ઓછું-ટૂંકું કરવું; ઘટાડવું. 2 *v. i.* ટૂંકું થવું; ઘટવું. 3 સંકોચાવું.
Shortened, *a.* મુખ્તેસર. [લ્પાયુષી.
Short lived, *a.* ટુંકાઆવરદાનું; અ-
Shortly, *ad.* જલદીથી; થોડાવખતમાં.
Shortness, *n.* અલ્પતા; થોડાપણું.
Short sighted, *a.* કોતા નજરનું; દુર નહીં જોઈ શકે એવી આંખવાળું; નજદીક બીન; ઊંધી પુતળીવાળું. 2 દુરના અંદેશા-લાંબા વિચાર વગરનું; કોતા અંદેશ.
Shot, *n.* ગોળો; (small) ગોળી; છરો. 2 ટપ્પો; પલ્લો. 3 આબાદ ગોળી મારનાર; નેમી; નિશાન-ચોટ લેનાર. 4 હિસ્સો; ભાગ; ફાળો.
Should, shall નો ભૂતકાળ. બીજા ક્રિયાપદો સિવાએ એનો પ્રયોગ થતો નથી. પ્રથમ પુરૂષમાં should, નો અર્થ જરૂરની ફરજ બતલાવે છે, જેમકે I *should* go મહને જરૂર જવું જોઇએ. જવાની જરૂરી બાત દેખડાવેછે. દ્વિતીય અને તૃતીય પુરૂષે યોગ્યતા-ઘટારતપણું બતલાવે છે, જેમકે you or he *should* go, તમુને અથવા તેને જવું ઘટારત છે-યોગ્ય છે.
Shoulder, *n.* ખાંધ; ખભું. 2 *v. t.* ખભેવતી હડસેલો-ધક્કો મારવો. 3 ખભેઊંચકવું; ખાંધ ઉપર લેવું; ખાંધ આપવી.
Shoulder belt, *n.* ખાંધ પટો; ખભા ઉપરથી પહેરવાનો પટો.
Shoulder blade, *n.* ખભાનું હાડકું; ફરા.
Shoulder joint, *n.* ખભાનો સાંધો.
Shout, *n.* પોકાર; બૂમ; શોહોર. 2 *v. i.* પુકાર મારવો; આરડવું; બૂમ પાડવી.
Shove, *n.* ધક્કો; આંચકો; હડસેલો. 2 *v. t.* ધકેલવું; હડસેલો મારવો;
Shovel, *n.* પાવડો. [હડસેલવું.
Show, *n.* તમાશો; ખેલ. 2 દમામ; ઠાઠ; ભારે ભપકો. 3 ફકત દેખાવ; ઉપરની શોભા; દંભ. 4 આકાર; સ્વરૂપ; ઘાટ. 5 *v. t.* દેખાડવું; નજરે પાડવું. 6 લઈજવું; રસ્તો બતલાવવો. 7 ખાતરી કરી આપવી; સાબેત કરી આપવું. 8 આપવું; દેખાડવું; કરવું; બખરાવું. 9 *v. i.* દેખાવું; લાગવું; જણાવું. 10 See Confer.
Shower, *n.* વરસાદનું ઝાપટું-ઝડી; માવઠું. 2 વૃષ્ટિ; વરસાદ. 3 *v. t.* વરસવું; વરસાદ પડવો; વરસાવવું.
Showy, *a.* દેખાઉ; ભપકાદાર; બિસાની.
Shred, *n.* ચિથરૂ; કપડાંનો ફાટો તુટો કકડો-ચીપ-કાંપલી; ચિંદરડી.

Shrew, *n.* કોકટ; ઓરાંમાશી; વાઉ; ચીડિયણ ને કંકાસિઓણ બઈરી; કરકશા.
Shrewd, *a.* હોશિયાર; શાહાણું; પકું; બાંખી નજરવાળું.
Shriek, *n.* ચિચ્યાડી; ચિચિયારી; ચીસ. 2 *v. i.* ચિચ્યાડી–ચીસ પાડવી–મારવી.
Shrill, *a.* કર્કશ; કરકરતું; બારીક; તીનું; કાન વિંધી નાખે એવું.
Shrimp, *n.* ઝીંગું; કોળમી. (dried) છોલ્લા
Shrine, *n.* પેટી–દાબડો, ઘણું કરીને પવિત્ર ચિજો રાખવાનો. 2 દેવળ; તીર્થ; પવિત્રસ્થાન; દેહેરૂં; મંદિર; ગૃહ; ભૂમિ.
Shrink, *v. i.* ચિમડાવું; સંકોચાવું. 2 જીવ કચકચાયાથી પાછળ હઠવું; સંકોચ પામવું; અચકાવું; આંચકો ખાવો.
Shrivel, *v. t.* ચિમળાવી નાખવું; કરચલી વાળવી–પાડવી–લાવવી. 2 *v. i.* ચિમળાવું; કરચલી પડવી–આવવી–વળવી.
Shroud, *n.* લુગડું; કપડું; વસ્ત્ર. 2 કફન. 3 ઢાંકણ; આચ્છાદન. 4 *v. t.* કફન ઓરાઢવું; કફનમાં વીટવું. 5 ઢાંકવું; સંતાડવું; છુપાવવું. [ઝાડવું.
Shrub, *n.* ન્હાનું ઝાડ; ન્હાનો છોડ–
Shrug, *v. i.* નારાજીપણું–નાપસંદી જણાવા ખભાં ઊંચકવાં–મરડવાં–મચકવાં.
Shudder, *v. i.* કાંપવું; થરથરવું; ધુજવું; રૂઆંઉભાં થવાં. 2 *n.* કમકમી.
Shuffle, *v. t.* આગળ પાછળ–અહીંનું તહીં–ગથલ મથલ કરવું. 2 ભેળભાલ–સેળભેળ કરવું. 3 ચીપવું (રમવાનાં પાના). 4 તાલમેલથી ઓસી–ઘુસાદી દેવું. 5 *v. i.* ફેરવી તોલવું; બોલીને ફરી જવું; બોલીમાં ફરક પાડવો.
Shun, *v. t.* દૂર–આઘા રેહેવું; પાસે નહીં જવું; તજવું; છોડી દેવું; વર્જવું.
Shunt, *v. t.* એક તરફ વાળી–ફેરવી લેવું; વાળી–ફેરવીને બીજી બાજુ ઉપર લાવવું.
Shut, *v. t.* બંધ કરવું; ઢાંકવું; વાસવું. 2 (-in) ઘેરવું; કેદ કરવું; પૂરવું; ગોંધવું. 3 (-out) અંદર નહી આવવા દેવું. 4 (-up) ઢાંકી રાખવું. 5 *v. i.* બંધ થવું.
Shutter, *n.* ઢાંકણ; ઢાંકણું. 2 બારણું; બારીના ફરકાં; ફરેડી; ઝિલમિલ.
Shuttle, *n.* વણકર–સાળવીનોકાંટલો.
Shy, *a.* લાજાળું; શરમાળ. 2 ભડકણ; બીહીકણું. 3 સાવચેત. 4 *v. i.* ભડકીને–ચમકીને–ચોંકીને પાછું હઠવું અથવા એક તરફ વળી–ફરી જવું.
Sibilant, *a.* સકારી; જેમાંથી સણસણતો અવાજ નિકળતો હોય એવું; સણસણતો અવાજ કરતું–વાળું.
Sick, *a.* આજારી; બિમાર; વિકારી; રોગી; મંદું; કાહેલી. 2 કંટાળેલું; બકા–કાયર થયલું. 3 ઓકારી–ઉછાટી–મોળ આવતી હોય એવું.

Sicken, *v. t.* ઓકારી ઉત્પન્ન કરવી. 2 કંટાળો ઉપજાવવો. 3 માંદું–આજારી પાડવું. [ળા ભરેલું.

Sickening, *a.* દુઃખ દે એવું. 2 કંટા-

Sickle, *n.* કોયતું; દાતરડું; દાતરડી.

Sickly, *a.* આજારી; રોગી. 2 સદા રોગી; હંમેશા માંદું ને માંદું ચાલતું હોય એવું. 3 રોગિષ્ટ; રોગ કરે એવું. 4 માંદું; નિર્ગત. [મંદવાડ.

Sickness, *n.* રોગ; આજાર; બીમારી;

Side, *n.* તરફ; ગમ; બાજુ; હાત; પાસું. 2 પક્ષ; પાસું. 3 કીનાર; કોર; ધાર. 4 *a.* બાજુનું. 5 *v. i.* પક્ષ–બાજુ–તરફેણ ધરવી–પકડવી.

Side board, *n.* જમવાનો સામાન મેળવાની ખાનાદાર ટેબલ.

Side ways, } *ad.* બાજુથી; બાજુ
Side wise, } ઉપર; પડખે; સોડે.

Side view, *n.* નેત્રકટાક્ષ; અપાંગ-

Sideral, *a.* તારા સંબંધી. [દૃષ્ટિ.

Siding, *n.* લોઢાંની સડકનો ફાંટો–ફંટાતો ભાગ.

Siege, *n.* ફોજે નાખેલો ઘેરો. [તાળશે.

Sieve, *n.* ચાલણી; ચારણી; ચાળણી;

Sift, *v. t.* ગાળવું; છાંણવું; ચાળવું; 2 ઉફણવું; ઝાંકવું; વા દેવો; ઝાટકવું. 3 વિચારથી કસવું–તપાસવું; મથવું. 4 પાનાં ગિપવાં.

Sigh, *n.* સાંસ; નિસાસો; નિસ્વાસ; હાએ; ડચકું. 2 *v.t.* નિસાસો નાખવો–ભરવો; હાય મારવી; ડસકાં ખાવાં.

Sight, *n.* આંખ; ડોળો. 2 નજર; દૃષ્ટિ; દર્શન. 3 તમાશો; દેખાવ.

Sightless, *a.* આંધળું; નેત્રહીન.

Sightly, *a.* દેખાવડું; રૂપાળું. 2 મોખરા ઉપરનું; બહાર પડતું.

Sign, *n.* નિશાણી; ચિન્હ. 2 લક્ષણ. 3 અદ્ભુત બનાવ–વસ્તુ; ઈશ્વરી ચમત્કાર. 4 યાદગારીની કોઈ ચીજ; સંભારણું. 5 ઈશારત; ઈશારો. 6 રાશિ. 7 *v. t.* સહી કરવી. 8 ઈશારત–ઈશારાથી ચેતવવું.

Signal, *n.* ઈશારો; ઈશારત; ચિન્હ. 2 *a.* વિશેષ; વિલક્ષણ; જાણવા જોગ; નામીચું. 3 *v.t.* ઈશારત કરવી.

Signalize, *v. t.* પ્રસિદ્ધ કરવું; વખાણ લાયક કરવું. 2 (one's self) નામ–કિર્તિ મેળવવી–સંપાદન કરવી. 3 વાવટાની નિશાનીથી–વાવટાની મારફતે વાતચિતનો વેહેવાર રાખવો.

Signature, *n.* સહી; મતું; હસ્તાક્ષર; દસકત; દસ્તખત. 2 નિશાન.

Signet, *n.* મોહોર. See Seal.

Significance, *n.* અર્થ; અભિપ્રાય; આશય. 2 ભાર; મુજાઓ; બિસાદ; વજન.

Significant, *a.* અર્થવાળું; અર્થ બોધક; સાર્થક; માહે ઊંડો અર્થ–મર્મ રહેલો–સમાયલો હોય એવું; ભેદ ભર-

મવાળું; ભાવ-અર્થ સૂચક. 2 અગત્યનું; મહાભારત. [માયનો.
Signification, *n.* અર્થ; અભિપ્રાય;
Signify, *v. t.* ઈશારત-નિશાન કરવી. 2 જણાવવું; સમજાવવું; સુચના કરવી. 3 અર્થ હોવો-થવો. 4 મુજાઓ-બિસાદ હોવી; અગત્યનું હોવું.
Sign manual, *n.* હસ્તાક્ષર; સ્વલેખ.
Silence, *n.* ન બોલવું તે; ચુપકીદી. ખામોશી; ગુપચુપી; મૌન. 2 સ્તબ્ધતા; શાંતી; શાંતપણું; સૂનકાર. 3 છુપાપણું. 4 *v. t.* ચુપ કરવું; મુગું રાખવું; મ્હોડું બંધ કરવું; કાયલ કરવું. 5 *interj.* ચુપચુપ; ચુપરહો; ખામોશ.
Silent, *a.* મુગું; છાનું; ચુપ. 2 થોડા બોલું; ખામોશીવાળું. 3 શાંત; થમ; સ્થિર. 4 જેનો ઉચ્ચાર થતો ન હોય એવું; અનુચ્ચારિત.
Silently, *ad.* ગુપચુપ; છાનુંછુપું.
Silk, *n.* રેશમ; હીર. 2 રેશમી કાપડ. 3 *a.* રેસમી; રેશમનું; હિરાગળ.
Silken, *a.* રેશમનું; રેશમી; હિરાગળ. 2 નરમ; સુંવાળું.
Silk worm, *n.* રેશમનો-હિર કીડો.
Silk mercer, *n.* રેશમ ફરેશ; રેશમ-રેશમી કાપડ વેચનાર. [સાળવી.
Silk-weaver, *n.* રેશમકામનોવનકર;
Silky, *a.* રેશમ જેવું નરમ-સુવાળું. 2 See Silken.
Sill, *n.* પાયો. 2 ઊંબરં-રો.
Silliness, *n.* નાદાની; અનાડી-ચિબાવલાપણું; મુર્ખાઈ; હેમાકત.
Silly, *a.* નાદાન; ભોળું; અનાડી; બેવકુફ; ચિબાવળું; મુર્ખ; કમઅક્લ.
Silt, *n.* ચગું; કિનારાપર ઠરીરહેલો જે કાદવ તે. [લગતું.
Silvan, *a.* વનસંબંધી; જંગલને-
Silver, *n.* રૂપું; ચાંદી. 2 રૂપાનાણું. 3 રૂપેરી વસ્તુ. 4 *a.* રૂપાં જેવું; ચકચકતું. 5 કિમતી; મુલ્યવાન. 6 રૂપેરી; રૂપાનું. 7 મીઠી (ઊગ). 8 *v. t.* રૂપું ચઢાવવું. 9 ઓપીને રૂપાં જેવું ચકચકતું કરવું.
Silver leaf, *n.* રૂપાનું પાનું-વરખ.
Silvery, *a.* રૂપાજેવું સફેત; રૂપાનું.
Silverling, *n.* રૂપા નાણું.
Silver smith, *n.* સોનાર; સોની.
Similar, *a.* સમ; સરખું; એકસાન.
Similarity, *n.* સરખાપણું; બરાબરી; મલતાપણું. [તેજ પ્રમાણે-મુજબ.
Similarly, *ad.* તેવીજ-સરખી રીતે;
Simile, *n.* દ્રષ્ટાંત; ઉપમા; મિસાલ.
Similitude, *n.* સરખા-મલતાપણું. 2 ઉપમા; મિસલ. 3 મુકાબલો.
Simmer, *n.* ધિમી આંચ ઉપર ઉકળવું; સણસણવું; ખદખદવું.
Simper, *v. i.* નાદાની ભરેલી રીતે હસવું; અકડીને-ડોળ-દંભથી હસવું.
Simple, *a.* સાદું. 2 ભોળું; સુધું; નિખાલસ. 3 અમિશ્રિત; શુદ્ધ. 4

સ્પષ્ટ; સેહેલું; સુતરૂં; સલીસ. 5 ઓલિયું; બોઘલું; બેવકુફ.
Simpleminded, *a.* મનનું ભોળું; હૈયાનું મેલું નહી એવું; નિષ્કપટી.
Simpleton, *n.* બોઘલું; ભોળાભાઈ; અનાડી; ઢઢો. [સાદાઈ.
Simplicity, *n.* નિખાલસપણું. 2
Simplify, *v. t.* સરળ–સ્પષ્ટ–ચોખ્ખું કરવું.
Simply, *ad.* નિખાલસ; નિષ્કપટ; સાદું. 2 ફક્ત; કેવળ; માત્ર; સેહેજ.
Simulate, *v. t.* ઢોંગ કરવો; ડોળ ઘાલવું.
Simultaneous, *a.* એકજ વખતે–એકજ સમયે બનેલું; એક–સમ કાલિક.
Sin, *n.* પાતક; પાપ; કુકર્મ; ગુનાહ. 2 *v. i.* પાપ–કુકર્મ–ગુનાહ–અધર્મ કરવો.
Since, *prep.* or *ad.* જ્યારથી; ત્યારથી. 2 ત્યારપછી; તાંહાંથી. 3 *conj.* કારણકે; એમ છે તેથી. [સાચું.
Sincere, *a.* ખરૂં; નિષ્કપટ; સાફદિલ;
Sincerely, *ad.* દિલોજાનથી; મનોભાવથી; ખરાં દિલથી. [પટીપણું.
Sincerity, *n.* સચ્ચાઈ; રાસ્તી; નિષ્ક-
Sine, *n.* (ભૂમિતીમાં) જ્યા.
Sinecure, *n.* ઘેર બેઠાં–કામ કરયા વગર મુશાહરૉ...

Sing, *v. t.* ગાવું; ગાયન કરવું; આલાપ લેવો. 2 વખાણ કરવાં; કીર્તિગાવી. 3 *v. i.* ગાવું. 4 (as a bird) બાલવું; સુસ્વર કાઢવો; મધુર અવાજે ગાવું; ટોકા કરવા. 5 (in boiling) સણસણવું.
Singe, *v. t.* ઉપરની સપાટી બાળવી; ઉપર ઉપરથી ભુંજવું; દઝાડવું; સેકવું.
Singer, *n.* ગાનારો; ગવૈયો.
Singing, *n.* ગાનું; ગાયન; રાગરંગ.
Single, *a.* એકલું; તનાહ. 2 એક. 3 નહી પરણેલું; કુંવારૂં; છડું; છડે છાંટ. 4 એકવડું. 5 ખરાઅંતઃકરણનું 6 ઓલખી–શોધી–ટાળી કાહાડવું–લેવું.
Single heartedness, *n* એકજનિષ્ટા; એકજ મન–ચિત્ત; જે દિલમાં બે વાત નથી પણ એકજ છે તે; ચોખ્ખું દિલ; ખરોભાવ.
Singleness, *n.* એકલાપણું. 2 કુંવારાપણું. 3 નિખાલસપણું. [એકલું.
Singly, *ad.* એકએક. 2 મદદ વગર;
Singular, *a.* એકલું. 2 જેના જેવું બીજું કોઈજ નહીં હોય એવું; અનુપમ. 3 અસાધારણ; ઓર તરાહનું; વિલક્ષણ; અજબ; તરેહવાર. 4 એક વચનનું, (વ્યાકરણમાં).
Sinister, *a.* ડાબું; ડાબી તરફનું. 2 વાંકું; કપટ ભરેલું; કપટનું; દુષ્ટ. 3 અશુભ–મંગળ; અભાગ્યું; નઠારૂં.
Sink, *v. t.* બુડાડવું; ડુબાડવું. 2 બો-

ડવું; બોદાલવું. 3 નીચું પાડવું. 4 ઓસરી-ઉતરી જાએ તેમ કરવું. 5 v. i. બુડવું; ડુબવું; તળીએ બેસવું. 6 ગરક થવું; ગડાઈ જવું; નીચે દબવું. 7 ભારથી દબાઇ-કચડાઈ જવું. 8 ઘટવું; સમવું. 9 ઓસરી-ઉતરી જવું. 10 (the eyes) આંખમાં ખાડા-કુવા પડવા; આંખ અંદર ગલાઇ જવી. 11 દમ નરમ પડવો-બેસવો (મરણની વખતે.) 12 n. નળ; મોરી; ગટર; ખાળ. [રહિત.
Sinless, a. બેગુનાહ; પાપ વગરનું-
Sinner, n. પાપી માણસ; ગુનાહગાર.
Sinuous, a. પેચદાર; વાંકુટીકું; નાગમોડ; સર્પાકાર; સાપનાજેવુંવાંકુંચુકું.
Sip, v. t. ચુસવું; ચાખી ચાખીને-જરાજરા પીવું. 2 n. સડાકો; સડુકો; જરા જેવો-નાનો સરખો ઘુંટડો.
Sir, n. સાહેબ; શેઠ; જી; ખુદાવંદ.
Sire, n. મહારાજ; પાદશાહ. 2 બાપ.
Siren, n. મોહિની; મોહપમાડનારી સ્ત્રી.
Sirname, n. See Surname.
Sirrah, n. અરે ઓ; ઓ માણસના જણ્યા. હલકા પાજી માણસને બોલાવવાનો ધિક્કાર ભરેલો શબ્દ.
Sirup, n. શીરો; રસ. [બનેવી; બંનેવી.
Sister, n. બેહેન. *sister's husband*
Sister in law, n. (brother's wife) ભાભી; ભોજાઈ. (wife's sister) સાળી. (husband's sister) નણંદ. (husband's elder brother's wife) જેઠાણી. (husband's younger brother's wife) દેરાણી; દીરાણી.
Sisterhood, n. બેહેનપણું; એકજ આશ્રમ-માર્ગની સ્ત્રીઓનું મંડળ
Sisterly, a બેહેન પ્રમાણે; બેહેનલાયક.
Sit, v. i. બેસવું; બેસીજવું. 2 (-up) ટટાર બેસવું; બેઠા થવું. 3 જાગવું.
Site, n. જગા; ઠેકાણું; સ્થળ; થાનક.
Sitting, n. બેઠક. 2 કચેરી-શેરાન ભરવી તે.
Situate, / Situated, a. બેસાડેલું; બેઠેલું. 2 મુકેલું; સ્થિત; આવેલું.
Situation, n. જગા; સ્થળ; ઠેકાણું. 2 અવસ્થા; હાલત; દશા. 3 ચાકરી; જગા.
Six, a. છ; ૬.
Sixteen, a. સોળ; ૧૬.
Sixteenth, a. સોળમું.
Sixth, a. છઠ્ઠું.
Sixtieth, a. સાઠમું.
Sixty, a. સાઠ; ૬૦.
Size, n. કદ; મહત્વ. લાંબી રેંટી; 2 ખળ; ખેળ; પાતળો સરસ. 3 v. t. કદ-લંબાઈ પોહોળાઈ જોઇ તપાસીને માંડવું-રચવું. 4 ખળ ઘાળવો-નાખવો; હાર દેવો-ચઢાવવો-પાવો.
Skain, / Skein, n. દોરાની કુંકડી-કોકડી; ફાળું; સુતરની આંટી; ફાળકું.
Skeleton, n. અસ્થિ-હાડપિંજર; હડકાનો માળો; શરીરના હાડનો પાં-

જરો. 2 ખોખું; ખોળિયું See Frame.
Sketch, *n.* આંકણી; ખોખું; ડોળિયું; હદ બતાવતી લીટીઓથી જે આકાર બતાવવો તે. 2 નકાશો; ચિત્ર. 3 *v. t.* આંકવું; નકાસો-ખરડો કરવો-પાડવો; દોરવું.
Skewer, *n.* સળિયો; લાકડાં અથવા લોહોડાની ખીલી-મેખ. [મછવો.
Skiff, *n.* હોડી; હોડકું; ડિંગી; ન્હાનો
Skilful, *a.* કુશલ; પ્રવીણ; કસબી; પક્કું વાકેફગાર; હુનરમંદ; હોશિયાર; ચતુર; આવડત વાળું.
Skill, *n.* યુક્તિ; હિકમત; કસબ; કૌશલ્ય; હુનર; ચતુરાઈ. 2 બુદ્ધિ; સમજ; શાહુર-(of hand) હથોટી; હાથ ચાલાકી.
Skilled, *a.* See Skilful.
Skim, *v. t.* મલાઈ-થરી-તર કાહાડવી; પ્રવાહી પદાર્થની સપાટી ઉપર બંધાએલી છારી-કચરો-રગડો કાહાડવો. 2 *v. i.* સપાટી ઉપરથી હળવેથી સરી જવું; સરવું. 3 ઉપર ટપે-ઉપર ઉપરથી-ઉપર ચોટીઉં જોઇ જવું.
Skimmer, *n.* થરી-મલાઇ તારવી-ઉચકી લેવાનું વાસણ-ચમચ.
Skin, *n.* ચામડું; ચર્મ; ત્વચા; ખાલ; ખોલ. 2 છાલું; છોલતું; કોટલું; બાલ. 3 *v. t.* ચામડું ઉખેડી કાહાડવું; ખોલ-ખાલ કાહાડવી. 4 છોલવું; છાલાં કાહાડવાં. 5 *v. i.* નવી ચામડી-ભાંપ આવવી; અંઝર આવવું.
Skindeep, *a.* ચામડી છોલાય હોય તેટલુંજ; સહેજ; સપાટીનું; ઉપર ઉપરનું; ઉપલું.
Skinflint, *n.* મખ્ખીચૂસ; ખખીલ.
Skinny, *a.* દુબલું; માત્ર ચામડી અને હાડકાંવાળું; છિછરેલ.
Skip, *v. i.* કુદવું; કુદકા મારવા. 2 ઉડવું; નાચવું; છલંગ મારવી; ઓળંગવું. 3 *v. t.* મુકી-છોડી દેવું. 4 *n.* છલંગ; કુદકો; કદકારો; ઠેકડો.
Skirmish, *n.* ઝડપાઝડપી; ચાર હાથ; નોકા નોકીની લઢાઇ; એક બીજાથી છેટે રહીને થોડા ઘણાં માણસોમાં થતી જે લડાઈ તે; ઝગડો.
Skirt, *n.* ઝુલ; દામન; પાલવ; કોર; ચાળ; ઘેર. 2 હદ; છેડો; સિમા. 3 કીનારો. 4 ઘાઘરો. 5 *v. t.* હદ કરવી; હદપર હોવું-આવવું. 6 *v. i.* હદ પર-કીનારે વસવું.
Skirted, *a.* ઘેરદાર; ઘેરાવાવાળું.
Skittish, *a.* See Shy. 2 See Fickle.
Skull, *n.* ખોપરી. (-cap) ટોપી.
Sky, *n.* આકાશ; આસ્માન; ગગન; ફલક
Skycolored, *a.* આસ્માની; આસ્માની રંગનું; આકાશાવણું.
Sky lark, *n.* એક જાતનું ગાતું પક્ષી.
Sky larking, *n.* મસ્તિ-દોડધામ કરવી તે. See Frolic.

Skylight, *n.* ઉજાળિયું; અજવાળિયું; મંગરિયું; જાળિયું; ઉજાસ પડવાને ઘરનાં છાપરાં ઉપર મુકેલી બારી.
Skyrocket, *n.* હવાઈ; એક તરેહની આતશબાજી.
Slab, *n.* શિળા; પથ્થરનું ચોસલું. 2 પાટ; તકતો; પાટીઉં.
Slabber, *v. i.* લબ ગળવી; મોહોડાંમાંથી હોજ–લાળ ગળવી–પડવી.
Slack, *a.* ઢીલું. 2 સુસ્ત; ચંડું; મંદું; નરમ.
Slacken, *v. t.* ઢીલું કરવું. 2 જોર–તાણ કમી કરવું; હલકું કરવું; નરમ પાડવું. 3 *v. i.* ઢીલ–સુસ્તિ થવી; ગાફેલ રહેવું.
Slackness, *n.* ઢીલાપણું. 2 ગાફેલ.
Slake, *v. t.* બુઝવવું; હોલવવું. 2 મટાડવી (તરસ.) 3 પાણી નાખીને કાલવવું; –(lime) ચુનો પલાળવો.
Slander, *n.* બદગોઈ; નિંદા; નાલેસી. 2 *v. t.* ખોટું તોહોમત–આળ–બદનામી મુકવી–લગાડવી; નાલેસી –બદગોઈ–નિંદા કરવી.
Slanderer, *n.* ચુગલીખોર; ચાડીયો; અપવાદક; નિંદા–નાલેસી કરનાર.
Slanderous, *a.* ચુગલીખોર. 2 ચુગલી–ચાડી–નાલેસી–બદગોઈભરેલું
Slang, *n.* હલકી બોલી–ભાષા; સાધારણ વપરાતી–રોજના માવરામાં બોલાતી બોલી.
Slant, Slanting, } *a.* તિરક્સ; ઢળતું–ઉતરતું હોય એવું; ત્રાંસું.

Slap, *n.* થપડાક; ધોલ; છકડ; ઢીકો; તમાચો; અડબોથ. 2 *v. t.* થબડાક –ધોલ–તમાચો મારવો.
Slash, *n.* તરવાર અથવા તેવાં બીજાં હથિયારથી પડેલો લાંબો કાપો–ચીરો –વાઢ. 2 વગર જોવે આણીગમ પેલીગમથી ચપાચપ કાપી નાખવું; વાઢ–ચીરા કરવા.
Slate, *n.* "સ્લેટ;" એક જાતની પથ્થરની પાટી. 2 પત્થરની પાતળી કાપેલી ચીપ–ચોસલાં–તખ્તિ.
Slattern, *n.* ફુઅડ. See Slut.
Slaughter, *n.* કત્તલ; કાપાકાપી; ખુનરેજી. 2 જબે કરવું–કાપવું તે (ખોરાક માટે જાનવર). 3 *v. t.* સંહાર–કાપાકાપી–કત્તલ કરવી. 4 હલાલ–જબે કરવું;કાપવું.[લોંડી;દાસી.
Slave, *n.* ગુલામ; દાસ; બંદો (female)
Slaver, *n.* લાળ; મોહોમાંથી નિકળતી–ગળતી ધાત; લબ; હોજ; મુખરસ.
Slavery, *n.* ગુલામગિરિ; દાસ્યત્વ.
Slavish, *a.* ગુલામ જેવું. 2 ઘણીજ મેહેનત મજુરી વાળું.
Slay, *v.* મારવું; જબેકરવું; જીવ–પ્રાંણ લેવો; મારી–કાપીનાખવું; કત્તલકરવું.
Slayer, *n.* ખુની; જબેકરનાર; મારનાર.
Sledge, *n.* *Sledge hammer,* હથોડો; ઘાંણ; ઘન. 2 વગર પઈડાંની ગાડી.
Sleek, *a.* સુમારું; સુંવાળું; સાફ; લીસું. 2 ઝળેકદાર; ચિકાશથી ચકચકતું.

Sleep, *n.* ઊંઘ; નિદ્રા; નીંદ; ખાબ. 2 *v.i.* ઊંઘવું; સુવું; ઊંઘાવું; ઊંઘ કહાડવી. 3 બેદરકાર રહેવું. 4 મુઆલા હોવું.
Sleepiness, *n.* નિદ્રાળુતા; ઊંઘરેટાપણું; ઊંઘથી ઉત્પન્ન થતી આળસાઈ—સુસ્તિ
Sleepy, *a.* ઊંઘ લાવે તેવું; નિદ્રાજનક. 2 એદી; સુસ્ત; આળસુ. 3 ઊંઘરેટું.
Sleeve, *n.* બાંય; બાંહે. [કીનો એલ.
Sleight, *n.* હાથચાલાકી; હાથચાલા-
Slender, *a.* પાતળું. 2 નબળું; નાજુક; અશક્ત; કમજોર. 3 થોડું; જરા. 4 અપુરતું; કમતર.
Slice, *n.* પહોળો પાતળો કાપીને કરેલો કકડો—ફાટ—ચીર; કાતરી. 2 *v.t.* ચીર કાપવી; કાતરી કરવી.
Slide, *v. i.* સરવું; ઢળી જવું; ફસડાઈ—લપસી જવું—પડવું. 2 *v. t.* ન જણાય તેમ ઝડપથી વચમાં મૂકી—ઓસી—ધુસાવી દેવું.
Slight, *a.* પાતળું; ન્હાનકડું. 2 આછું; સહેજ; જરા. 3 *n.* અનાદર; હીકારત; બેદરકારી; નહી ગાંઠવું તે; અવગણના. 4 *v. t.* તુચ્છકારવું; તિરસ્કાર—અનાદર કરવો.
Slightly, *ad.* ગફલતી—બેદરકારીથી; તુચ્છકારથી. 2 ધિમે—હળવે રહીને. 3 સહેજ; ઉપર ઉપરથી.
Slightness, *n.* પતળાઈ; કમજોરી; નાજુકી; બારીકપણું.
Slily, *ad.* છળ ભેદ રમીને; કાવતરાં—કાવાદાવા ભરેલી રીતે.

Slim, *a.* પાતળું; દુબળું; કરકાંઠિયું; એકવડિયું (શરીર.) [માટી.
Slime, *n.* કીચડ; ચીકણી પોચી
Slimy, *a.* લસલસતું; ચીકટ; ચીકણું.
Sling, *n.* ગોફણ. 2 સીકું; છીકું. 3 (for the arm) ઝોળી. 4 *v.t.* સીકાંમાંટાંગી મૂકવું. 5 ઝોળીમાં લટકતું રાખવું. 6 ગોફણ ફેંકવી—મારવી.
Slip, *n.* ચૂક; ભુલ; અજાણતાં લપડવું તે; ગોથું. 2 કલમ; ન્હાની ડાળી. 3 પટ્ટી; ચીપ; ચીંડી; કાપલી; ચીંધપટી. 4 *v. i.* છટકી જવું—હાથ તાલી આપવી તે. 5 લપસી—સરી જવું; સરકવું; લપસવું. 6 છટકી જવું; પોબારા કરવા; હાથ તાલી આપી નાહાસી જવું. 7 ચૂકવું; ભૂલવું. 8 *v.t.* સેરવવું; સરકાવવું. 9 ભૂલવું. 10 છોડવું; ઢીલું—મોકળું કરવું. 11 (-in into) ચોરીથી—ગુપચુપ ઓસી દેવું. 12 (on) જેમતેમ ઓરવી દેવું; ઉતાવલે પેહેરીલેવું. (કપડાં).
Slip knot, *n.* સટકિયું; સરગાંઠ; સરકિયા—સરકતો ગાંઠ.
Slipper, *n.* સપાટ; હલકો જોડો—ખાસડું; પેજાર. [2 નાપાયદાર.
Slippery, *a.* સરકણું; લપસણું; લીસું.
Slipshod, *a.* ખડ ચઢાવ્યા વગર—ખડવાલીને જોડા પેહેરેલા હોય એવું. 2 ઢંગ વગરનું. [તનો દારૂ.
Slip slop, *n.* ખરાબ—ઉતરતી જા-

Slit, *n.* ચીર; ચીરો; ફાટ; કાપ. 2 *v. t.* ચીરવું; ફાડવું; ચાક કરવું.
Sloop, *n.* ન્હાનું વહાણ; ગોરાબ.
Slope, *n.* ઉતરણ; ઢાળ; ઢોળાવ.
Sloping, *a.* ઢળતું; ઢાળ પડતું.
Sloth, *n.* સુસ્તી; આળસ. 2 થાંથાંપણું.
Slothful, *a.* સુસ્ત; આળસુ; મંદ.
Slough, *n.* કાદવ; દલદલ; ચિખલની જગા. 2 (of a serpent) કાંચળી. 3 જખમ–ગુમડામાંથી છુટું પડતું કોહેલું–મુડદાલ માંસ. 4 *v. i.* મુડદાલ ભાગનું શરીરથી જુદું પડવું.
Sloven, *n.* ગલીચ–ફુવડ–ગંદુ માણસ.
Slovenly, *a.* ગંદુ; ગોબરું; ફુવડ; ગલીચ; ચરકીન. 2 *ad.* ગલીચાઇથી; ફુવડપણાથી.
Slow, *a.* ધીમું; મંદ; થીંથો; થાંથું.
Slowly, *ad.* ધીમેધીમે; ધીરેધીરે; હળુંહળું; હળવેહળવે.
Slowness, *n.* થાથાપણું; થાંથાઈ; ઢીલ; મંદપણું; સુસ્તિપણું. [માણસ.
Sluggard, *n.* આળસુ–ઓથડ–ઊંઘરેટું
Sluggish, *a.* સુસ્ત; મંદ; ઓથડ; ડોઠ.
Sluggishness, *n.* ઢીલ; વાર; આળસ.
Sluice, *n.* ધરનાળું; મોરી; ખાળ; પાણી જવાને સારૂ બાંધેલો પથ્થર–લાકડાં ઇત્યાદિનો બાંધ; પાણી જવાનો દરવાજો.
Slumber, *n.* ઊંઘ; ઝપકી; જરાલગાર આંખ લાગવી તે. 2 *v. i.* ઝુકવું; ઊંઘવું.

Slur, *n.* ડાઘ; કળંક; બટ્ટો; કાળી ટીલી. 2 *v. t.* બટ્ટો–કળંક લગાડવો; કાળી ટીલી લગાડવી. 3 ઉપર ઉપરથી કેહેવું; અંદરની મતલબ છુપાવવી; આખાડા કરી જવા.
Slut, *n.* ફુવડ–ગંદી સ્ત્રી. [મકરખોર.
Sly, *a.* કાવાબાજ; લુચ્ચું; પક્કું; ખંધું;
Slyly, *ad.* નજર ચુકવીને; હળુસે; કોઈ જુએ નહીં તેમ. [ચ્ચાઈ.
Slyness, *n.* મકરબાજી; ખંધાઈ; લુ-
Smack, *n.* વાસ; બો. 2 લેજત; સ્વાદ. 3 (of a whip) સડાકો; ફટકારો; ડચકારો. 4 (of the lips) હોટથી વગાડેલી ટચકારી; બચકારો. 5 ચુમ્મી–બોકી લેતાં થતો અવાજ–બચકારો. 6 See Slap. 7 *v.t.* ટચકારી મારવી. 8 આવાજ થાએ એવી રીતે ચુમ્મી લેવી. 9 ચાપકો ફોડવો; (ચાબુકનો) સડાકો બોલાવવો. 10 *v. i.* સ્વાદ લેવો; લેજત લેવી; મલમલાવવું. 11 બચ કરીને બચ્ચી કરવી.
Small, *a.* ન્હાનું. 2 થોડું. 3 બારીક.
Small pox, *n.* સહિઅડ; શીતળા; માતા; દેવી; કાકાબળિયા.
Smart, *a.* ચાલાક; ચપળ; ચંચલ. 2 તેજ; તીવ્ર; તીક્ષ્ણ; તિખું. 3 નોકદાર; નોકી; બાંકો. 4 *v.i.* ચચરવું; ચુણચુણ થવું; દુખવું; ચમચમવું.

Smartness, *n.* ચપળતા; ફુડતાજ; ચાલાકી; હુશિઆરી.
Smash, *v. t.* ચુરે ચુરે-કચ્ચઘાણ કરવો; કચ્ચ કચ્ચ કરી નાખવી.
Smatterer, *n.* ઉપર ટપેનું જ્ઞાન ધરાવનાર; લૈભાગુ; લૈદાકુ. [હિતગીરી.
Smattering, *n.* ઉપર ટપેનું જ્ઞાન-મા-
Smear, *v. t.* ચિકણીવસ્તુથી મસળવું; લીપવું; લેપ ચહડાવવો; ખડવું; બપટી નાખવું.
Smell, *n.* સુંઘવાની ઈંદ્રી; ઘ્રાણેન્દ્રી. 2 ગંધ; વાસ; બો. 3 *v. t.* વાસ; લેવી-વો; સુંઘવું. 4 *v. i.* વાસ આવવો-નિકળવો. 5 વાસ-પાસ હોવો; જણાવું.
Smelt, *v. t.* ધાતુ ગાળવી; ધાતુનો રસ કરવો; ચોખ્ખી ધાતુ કરવી.
Smile, *n.* ગાલમાં હસવું તે; મંદહાસ્ય; મ્હોનો મલકાટ. 2 મેહેર; કૃપાદ્રષ્ટી. 3 *v. i.* મોહો મલકાવવું. 4 મેહેરબાન-પ્રસન્ન થવું.
Smite, *v. t.* મારવું. 2 જીવ લેવો. 3 લુબ્ધ કરવું; મોહ પમાડવું.
Smith, *n.* -(iron) લોહાર. -(gold) સોની. -(copper) કણસારો.
Smoke, *n.* ધુમાડો. 2 *v. t.* ધુમાડો કરવો-દેવો. 3 પીવું (હુક્કો). 4 *v. i.* ધુમાડો નિકળવો-થવો; ધુમવું. 5 હુક્કો-બીડી પીવી.
Smoky, *a.* ; આંધાર; ધુમાડાથી ભરાઈ ગયલું; ધુકરાયલું; ધુમાતું. 2 જેમાંથી ધુમાડાઘણોજનિકળતોહોયએવું.
Smooth, *a.* સુવાળું; લીસું. 2 સરળ; સાફ. 3 તુફાન વગરનું. 4 મિઠી બોલીનું; નરમાસ ભરેલું. 5 *v. t.* સુવાળું-લીસું કરવું. 6 મિઠું-મધુર કરવું.
Smoothly, *ad.* સાફ; સફાઈથી. 2 મિઠી બોલીથી; મધુર વાણીથી.
Smoothness, *n.* સફાઈ; સુવાળાપણું. 2 મિઠી બોલી; નરમાસ. [મિઠાબોલું.
Smooth tongued, *a.* ચર્બજબાન;
Smother, *v. t.* ગુંગળાવી નાખવું; ગુંગળાવી મારવું. 2 દાબી રાખવું; ઢાંક પીછોડો કરવો. 3 *v. i.* ગુંગળાઈ જવું; રૂંધાવું.
Smoulder, *v. i.* ધુમાવું.
Smuggle, *v. i.* જકાત આપ્યા વગર માલ લઈ જવો-લાવવો; જકાત ચોરી-દાણ ચોરી કરવી.
Smuggler, *n.* દાણ ચોરી કરનાર.
Smuggling, *n.* દાણચોરી.
Smut, *n.* મેંસનો ડાઘ. 2 કાજળ; કોયલાનો ભૂકો. 3 અણાજના કણસાં ઉપર ચઢતી ફુગ. 4 નિર્લજ વચણ-ભાષણ-બોલ. 5 *v. t.* મેંશનો ડાઘ પાડવો. 6 *v. i.* મેંસ જમવી-એકઠી થવી-પડવી.
Snail, *n.* ગોકળગાય. 2 કીડીની પેરે ધીમો ચાલનાર; એદી-આળસુ મા-
Snake, *n.* સર્પ; સાપ; ભુજંગ. [ણસ.
Snake-catcher, *n.* સાપ પકડનાર; મદારી; ગારૂડી.

Snap, *n.* આંગળાંથી વગાડેલી ટચકારી. 2 ડાચું; એકદમ બચકું ભરવું તે. 3 ચાબકાનો ફટકારો. 4 અક્રાંતીઓ—અતિ લોભી માણસ. 5 *v. t.* કટકરીને—તડદઇને એકદમ ભાંગી નાખવું. 6 ટચકડી—ટચકારી બોલાવવી—વગાડવી—ફોડવી. 7 એકદમ બચકું—ડાચું ભરવું. 8 *v. i.* કટકરી એકદમ ભાગી જવું.
Snappish, *a.* ચીઢીઓ; ચિડખોર; ચિરડાઉ. 2 કરડકણું.
Snare, *n.* ફાંદો; ફાંસો; કમંદ; જાલ. 2 *v. t.* ફાંસામાં—ફાંદામાં પકડવું—સપડાવવું—પાડવું; ફસાવવું.
Snarl, *v. i.* } ઘુરકવું; ઘુરઘુરવું (જSnarling, *n.* } નાવરની પેઠે.)
Snatch, *n.* ઝપટ; તરાપ; ઝડપ. 2 *v. t.* છિનવી—ખૂંચવી—ઝૂંટાવી—ખુંચી લેવું; તરાપ મારી લેવું.
Sneak, *v. i.* હાજી સાહેબ કરવું; ચાપલુસી—ગુલામગિરિ કરવી. 2 આંખ ચોરાવવી; ગુપચુપ નિકળી જવું; સટ્ટિ જવું.
Sneaking, *a.* ચાપલુસી—ખુશામતખોર. 2 સટ્ટિ જનાર; નજર ચુકાઉ.
Sneer, *n.* & *v. i.* નાક ઉચું ચઢાવવું—મડવું; ટિચકું કરવું; ટચકો કરવો. 2 ભરમમાં—શાલમાં લપેટીને બોલવું; ધિક્કારવું. [આવવી—ખાવી.
Sneeze, *n.* છીંક. 2 *v. i.* છીંકવું; છિક

Sniff, *v. i.* નાકવાટે દમ લેવો; નાક બોલવું; સુસવાટથી સાસ—દમ લેવો.
Snip, *v. t.* કાતરવું; કાતરી—વેતરી નાખવું. [2 બેવકુફ; બૂબક; ઉલ્લૂ.
Snipe, *n.* સારસ જેવું એક પક્ષી.
Snivel, *n.* લીંટ. 2 *v. i.* લીંટ આવવું; નીટ આવવું—નિકલવું.
Snob, *n.* સારાં—મોટાં લોકોમાં મને વગ—દોસ્તી છે એવો ફાંકો રાખનાર હલકું—નીચ માણસ.
Snore, *v. i.* ઘોરવું (ઉંઘમાં.)
Snort, *v. i.* ફુંફાડા મારવા; ફુંફારવું (ઘોડાની પેઠે.)
Snot, *n.* લીંટ; નાકમાંનો નરમ મળ.
Snout, *n.* જનાવરનું લાંબુ મ્હોડું—નાક; સુંડ; ડાચું. 2 ભુંગળી—નળી.
Snow, *n.* બરફ; હીમ. [નો છેડો—મ્હો.
Snowy, *a.* બરફનું; બરફવાળું. 2 બબરફના જેવું સફેદ.
Snub, *v. t.* ધમકાવવું; ડબકાવી નાખવું; ચુપ કરી મેલવું; ઉતારી પાડવું. 2 અણીએથી—છેડેથી કાપી નાખવું; છાંટી કહાડવું. 3 જાણી જોઇને તરછોડવું. [નાકવુંણું.
Sub nosed, *a*, ચીબું; હોઠલાં—ચીબાં
Snuff, *n.* ગુલ; મોગરો. 2 તપકીર; છીંકણી. 3 *v. t.* ગુલ કાતરવી; મોગરો કાપવો—પાડવો. 4 દમથી અંદર ખેંચી લેવું; સાસમાં લેવું. 5 વાસ લેવો; સુંઘવું. [ગુલ તરારા કાતરણી.
Snuffers, *n.* ગુલ કાતરવાની કાતર;

Snuffle, *v. i.* નાંકમાંથી બોલવું; ગુંગણું થવું-બોલવું.
Snug, *a.* ચંપાયલું; દબાયલું (બાલક). 2 સંતાડેલું; છુપું; ગુપ્ત. 3 સુતરૂં; સગવડવાળું. 4 *v. i.* છેક લાગીને-ચંપાઈને પાસે સુવું, જેમકે બચ્ચું મા પાસે સુએછે તેમ.
So, *ad.* એમ; એવું; તેથી. 2 તે પ્રમાણે; તેમ; તેવું. 3 એટલું; એવડું. 4 એથી; એ મુળે; એને લીધે. 5 *conj.* જો; અગરજો.
So many, *ad.* એટલાં.
So much, *ad.* એટલું; એટલું બધું.
So often, *ad.* એટલીવાર.
Soak, *v. t.* ભિનવવું; ભિજવવું; પલાળવું; બોળવું. 2 See Drench. 3 ચુસવું; શોષવું. 4 *v. i.* ભિનું-ભિજેલું રેહેવું. 5 પાણી પેવસ થવું-જીરવું.
Soap, *n.* સાબુ. 2 *v. t.* સાબુ લગાડવો-ચોપડવો. 3 માખણ લગાડવું; ખુશામત કરવી.
Soap boiler, Soap maker, *n.* સાબુગર-બનાવનાર.
Soap earth, Soap stone, *n.* શંખજીરૂં.
Soar, *v. i.* ઊંચે ઉડવું. 2 ઘણું ઊંચે જવું
Sob, *v. i.* ડચકાં ખાઈ ખાઈને રડવું; ડસકાં ખાવાં. 2 *n.* ડચકું; ડસકું.
Sober, *a.* દારૂ પીવામાં અંદાજો રાખનાર. 2 સાવધ; પીધેલ ન હોય તેવું. 3 ડાહ્યું; ઠરેલ; વિચારવંત. 4 ધિરૂં; ગંભીર. 5 *v. i.* કેફ ઉતરવી; શુદ્ધિમાં આવવું. 6 *v. t.* કેફ ઉતારવી; શુદ્ધિમાં લાવવું; સાવધ કરવું.
Soberly, *ad.* વગર કેફે. 2 પહરેજીથી. 3 ઠંડાપણાથી; મન ઠેકાણે રાખીને.
Sobriety, Soberness, *n.* દારૂ પીવામાં અંદાજો; મિતપાન. 2 સાઉચેતી. 3 ધીરજ; ઠંડાપણું; વિચારશીલતા; ઠરેલપણું. 4 ગંભીરપણું.
Sociable, *a.* ભલમનસાઈવાળું; મળતાવડું; મિલનસાર; મિલાપી.
Social, *a.* મળતાવડું; મિલનસાર. 2 સંસાર સંબંધી; દુનિયા વિશે. [પંક્તિ.
Society *n.* સોબત; સંગત. 2 મંડળી;
Sock, *n.* પગનાં અરધાં મોજાં.
Socket, *n.* ઘર; ખાનું; ગાળો.
Sod, *n.* ઘાસ-જડીવાળી ધરતી; જેમાં ઘાસની જડ ચોંટેલી હોયછે તેટલું જમીનનું ઉપલું પડ. [ક્ષાર.
Soda, *n.* સોડાનામનો ક્ષાર; સોડા
Sodomite, *n.* ગાંડમારૂ.
Sodomy, *n.* ગાંડમરામણી.
Sofa, *n.* કોચ.
Soft, *a.* નરમ; પોચું. 2 લીસું; સુંવાળું. 3 દિલ ખુશ; મનોહર. 4 જોવા-સાંભલવા ગમે એવું; સાંભલતાં-જોતાં કંટાળો ન આવે એવું. 5 મોળું; વળે એવું. 6 દયાળુ; રેહેમવાળું. 7 પોચું; ઢીચકારૂં; બાઇલું. 8 જેમાં ખારનો

પાસ નથી એવું; મિઠું (પાણી). 9 નચીંત (ઊંઘ).
Soften, v. t. નરમ કરવું; પોચું પાડવું. 2 v. i. નરમ-પોચું થવું. [ધીમેધીમે.
Softly, ad. હળવેહળવે; નરમાસથી;
Softness, n. નરમી; મુલાઇમત; નાજુકી. 2 નરમાસ; દયાળુપણું.
Soil, n. જમીન; મોંય; મટોડી. 2 ડાઘ; મેલ. 3 v. t. ડાઘ પાડવો; મેલું કરવું.
Soiree, n. રાતની મીજલસ.
Sojourn, n. & v. i. થોડા દહાડા કેથે ઉતરેવું-વાસ-મુકામ કરવો તે.
Solace, n. સુખ; દિલાસો; ખુશી; આનંદ; વીનોદ. 2 v. t. દિલાસો-ધિરજ આપવી; રીઝાવવું; ખુશીકરવું.
Solar, a. સૂર્યસંબંધી; સુરજનું; આફતાબી.
Solder, n. ડાંક; રેવણ; રેહણ; ઝળણ. 2 v. t. ડાંક-રેવણ મુકવી-મારવી-દેવી; ઝાળવું.
Soldier, n. શિપાઇ; સોજર.
Soldierlike, a. શિપાહીગિરીનું; શિપાહીગિરીલાયક; શિપાઇનેછાજેતેવું.
Soldiery, n. શિપાઇલોક; લશ્કર. 2 લશ્કરપેશો. [વાએદેજાન.
Solo, n. પગનું તળિયું. 2 a. એકલું;
Solecism, n. બોલવામાં બેલગામપણું; નામુરવતી; અપ્રયોગ.
Solely, ad. માત્ર; ફક્ત; એકલું.
Solemn, a. વિધિપૂર્વક; રીત-રેવાજ મુજબનું. 2 દિન આઇનની ક્રિયાની પવિત્રાઇ તથા બુઝર્ગીને લગતું; પવિત્ર; ધર્મનું. 3 ગંભીર; ઊંડું; ભારે.
Solemn declaration, પ્રતિજ્ઞા.
Solemnity, n. ગંભીરપણું. 2 દિન-આઇનનું કામ; ક્રિયા; ધર્મવિધિ.
Solemnize, v. t. પવિત્ર ક્રિયા કરવી; ઈજવું. યથાશાસ્ત્ર-વિધિ-રીત પ્રમાણે કરવું. 2 ગંભીરપણું લાવવું.
Solicit, v. માંગવું; અર્જ કરવી; કાલાવાલા કરવા. [જીુ; મિન્નત.
Solicitation, n. વિનંતિ; અર્જ; આરSolicitor, n. વકીલ. [વાણે; આતુર.
Solicitous, a. ચિંતાયુક્ત; કાળજી-
Solicitude, n. ચિંતા; કાળજી. 2 ઉત્કંઠા; આતુરતા.
Solid, a. ઘટ્ટ; અપ્રવાહી; કઠણ. 2 સંગીન; દલદાર; નક્કર; બટ. 3 બળકટ; મજબૂત. 4 પુખ્ત; પાકું; અવેજદાર; જીવદાર (એલમ-હોશીયારીમાં) 5 n. ઘનાકૃતિ. 6 નક્કર પદાર્થ.
Solidity, n. નક્કર-ઘટ્ટપણું. 2 દ્રઢ-બળકટ-પુખ્તપણું.
Soliloquy, n. ખુદકલામી; આત્મભાષણ; પોતાના મનસાથે બોલવું તે.
Solitaire, n. એકાંતવાસી માણસ. 2 એકજણ એકલાથી રમીશકાય એવી એક રમત.
Solitary, a. એકાંતવાસી; એક; એકલું; તનહા; 2 કોહડું; એકલ ગંધું;

કૂબડું. 3 એકાંત; ધંધાર. 4 એકજ; એકનુંએક;એકપુરૂં.5n.વેરાગી;જોગી.
Solitude, n. એકાંતવાસ; એકાંતેહેદી જગા. 2 તનહાઈ; એકલાપણું. 3 જંગલ; અરણ્ય; રાન. [ગાયન.
Solo, n. એકજ જણ ગાય એવો રાગ;
Solomon, n. દોહોડ ડાહ્યો—ચતુર.
Solstice, n. (જ્યોતિષમાં)સૂર્યનીઉત્તર અથવા દક્ષિણ ગતિ; અયન.
The Summer solstice, દક્ષિણાયન.
The Winter solstice, ઉત્તરાયણ.
Soluble, a. ઓગળી—પીગળી શકે એવું; પીગળવા જોગ; દ્રાવ્ય.
Solution, n. કોઈ ચીજને પાણીમાં પીગળાવીને કરેલું પાણી. 2 વર્ણન; બયાન; ખુલાસો.3 ફડચો;છુટકારો.
Solve, v. t. ખુલાસો કરવો; ગુંચવણ કાહાડી નાખવી. 2 See Dissolve.
Solvent, n. પીગળાવનાર. 2 કરજ અદા—ફેડી શકે એવું; જીવવાળું;માલદાર
Sombre, a. ઘેરૂં; કાળું. 2 ઉદાસ;ગંભીર.
Some, a. થોડુંક; અલ્પ સ્વલ્પ; કાંઈએક. 2 કોઈ; કોઈએક; બાજે.
Some body, n. કોઈએક; કોઈ. 2 ભારબોજ—વક્રરવાળું માણસ.
Some how, ad. જેમ તેમ કરીને;જેમ તેમ; કેઈબી કરીને;કોઈપણ રીતે.
Somersault, Somerset, } n. ગુલાંટ; ગોઠિમડું.
Something, n. કંઈ. 2 કિંચિત; જરા જેટલું; કંઈક.

Sometime, ad. આગાઉ. 2 કોઈવખ્તે; કોઈએક વખ્ત. *Sometime or other.* કોઇ નહીં ને કોઈવખ્ત;કોઈબીવખ્તે.
Sometimes, ad. કોઈ કોઈવાર—વેળા; વારે વારે; ગાહે ગાહે. [ગરીક.
Somewhat, a. થોડુંક; જરાલગ; લ-
Somewhere, ad. કોઈ ઠેકાણે; કહીં; કેથે. Somewhere or other, કેથે નહીં ને કેથે; કોઈની ઠેકાણે.
Somnambulism, n. ઊંઘમાં ચાલવું—ફરવું તે. [આવે એવું.
Somniferous, a. ઊંઘ લાવનાર;ઊંઘ
Somniloquist, n. ઊંઘમાં બોલનાર.
Son, n. પુત્ર;છોકરો;દિકરો;બેટો;જાયો.
Son in law, n. જમાઈ; દામાદ.
Song, n. ગાનું; ગાયન; રાગ; ગીત; સરોદ. [નાર પક્ષી.
Songster, n. ગાનારો; ગવૈયો. 2 ગા-
Sonnet, n. ખ્યાલ; ટપ્પા; લઘુ કવિતા.
Sonorous, a. બુલંદ આવાજનું. 2 રણકાદાર; ખણખણતું (ધાતુનીપેઠે)
Sonship, n. પુત્રપણું; પુત્રભાવ.
Soon, ad. જલદી; ઝટપટ; સફારે; વેહેલું; સેતાબીથી. [અવલ.
Sooner, ad. વધારે જલદી; પેહેલે;
Soot, n. મેશ; કાજળ.
Sooth, n. સત્ય; ખરૂં. *In Sooth,* ખરેખર; ખરૂં પુછો તો.
Soothe, a. t. ખુશામત કરવી; લલુપુલુ કરવું. 2.નરમ પાડવું; સુખી કરવું; શાંત—ઠંડું—સ્વસ્થ કરવું.

Soothing, *a.* ખુસામતનું. 2 સમાધાન કરે એવું; નરમ. [ષ્ય જાતા-વકતા.
Soothsayer, *n.* ફાલગો; જોશી; ભવિ-
Sop, *n.* ભિનવીને નરમ કરેલો ખાવાનો પદાર્થ. 2 નરમ-ઠંડું પાડવાને આપેલો-નાખેલો ટુકડો.
Sophist, *n.* સુફી; વિદ્વાન; સિદ્ધાંતમતની વિરૂદ્ધ બાજુ પકડી બોલનાર.
Soporific, *a.* ઊંઘલાવનારૂં.
Sorcerer, *n.* જાદૂગર; ચેટકી; વીરમંત્રી. 2 નાસ્તિક.
Sorceress, *n.* જાદૂગરણી. [બંધી.
Sorcery, *n.* જાદુ; વીરમંત્ર; નજર-
Sordid, *a.* નીચ; હલકું; અધમ; પાજી; કમીનું. 2 કૃપણ; બખીલ; ખસીસ.
Sore, *n.* જખમ; નાસુર; ધાહ; નાજુક થયલી જગા; દુખાતી જગા. 2 *a.* દુખાતું; નાજુક થએલું; દરદ-કરયાકરે એવું; આણું; દર્દનાક. 3 મન દુખે-ચીઢ ચઢે એવું. 4 ભારી; કઠણ; જાલમ; ઘણુંજ રાસ્ત.
Soreness, *n.* દુઃખ; બેજારી; દર્દમંદી.
Sorrel, *n.* ચુકાની ભાજી. 2 બદામી રંગ. 3 *a.* બદામી.
Sorrow, *n.* ખેદ; દુઃખ; અફસોસ; રંજ; શોક; દિલગીરી. 2 *v. i.* દુઃખ-ખેદ પામવો; શોક કરવો; દિલગીર થવું.
Sorrowful, *a.* ખિન્ન; દુઃખી; દિલગીર; ગમનાક; આઝુરદે.
Sorry, *a.* દિલગીર; દુઃખી; નાખુશ. 2 ખેદયુક્ત; ખિન્ન.

Sort, *n.* પ્રકાર; જાત; તરેહ; તરાહ. 2 *v. t.* વર્ગ કરવા-પાડવા. 3 ચુંટી-નિવડી કાહાડવું; પસંદ કરવું.
Sortie, *n.* ઘેરો ઘાલનાર ઉપર એકદમ કીધેલો ધસારો.
Sot, *n.* } અમલી; કેફી; મસ્ત. 2
Sottish, *a.* } છાકટો; પીધેલો; દારૂડીયો.
Soul, *n.* આત્મા; રૂહ. 2 જીવ; પ્રાણ. 3 આગેવાન; કર્તા હર્તા; લોહી; જીવ. 4 આદમી; માણસ.
Sound, *n.* અવાજ; સાદ; સુર; શબ્દ; નાદ. 2 *a.* નિરોગી; સાજું. 3 મજબુત. 4 આખું; વગર તરળનું; સલામત. 5 શુદ્ધ; ખરૂં. 6 ભારે; બહુ. 7 ગાઢ; ઘોર; ભર (ઊંઘ.) 8. *v. t.* આવાજ કાહાડવો; વગાડવું. 9 ગળ નાખી તપાસી જોવું; ઊંડાણ માપવું; તળિયું શોધવું. 10 વાતચિત ઉપરથી સામાનું મન જાણી લેવું; ચાંપી-તપાસી જોવું; ભેદ લેવો. 11 *v. i.* વાગવું; અવાજ થવો; ગાજવું. 12 પાણી-ઊંડાણ માપવું.
Soundly, *ad.* બરોબર; ન્યાયની રીત-નીતીથી; યથાયોગ્ય. 2 ખુબ; સારી પેઠે; રગડીને.
Soup, *n.* સેરવો; માસ-સાખમાં રસ.
Sour, *a.* ખાટું આંબટ. 2 તુંડ મિજાજનું; ચીડીઊ. 3 *v. t.* ખાટું કરવું.
Source, *n.* મુળ; ઉત્પત્તિસ્થાન; ઉગમ; મુખ. 2 ઝરો.

Souse, *v. t.* See Plunge. 2 *v. i.* ડપ–ઝપાટ મારવી. [ણતરફનું.
South, *n.* દક્ષિણ દિશા. 2 *a.* દક્ષિ-
Southing, *n.* દક્ષિણાયત; દક્ષિણ તરફ ઉતરવું તે. [ખુણો.
South east, *n.* અગ્નિકોણ; અગ્નિ
Southern, *a.* દક્ષિણ દિશા તરફનું.
Southern wood, *n.* ડમરો; દવનો.
South ward, *ad.* દક્ષિણ તરફ–ગમ.
South west, *n.* નૈરૂતકોણ; નૈરૂત્ય.
Souvenir, *n.* યાદગારીની ચીજ; સંભારણું; યાદગાર.
Sovereign, *n.* પાદશાહ; શાહ; રાજા; મહારાજા. 2 ૨૦ શિલિંગની કિમ્મતનો એક ઈંગ્રેજી સિક્કો. 3 *a.* મુખ્ય; શ્રેષ્ઠ; સઉથી મ્હોટું.
Sovereignty, *n.* મુખ્ય અધિકાર–સત્તા; હકુમત; અધિરાજત્વ; શાહી.
Sow, *n.* ડુકરી; ભુંડણી. 2 *v.t.* રોપવું; બીજ નાખવાં; વાવવું; પેરવું.
Sowing, *n.* વાવણી; વાવવું તે.
Space, *n.* આકાશ. 2 જગા. 3 પહ્નો; છિદ્ર. 4 મુદત; અવધ.
Spacious, *a.* વિશાળ; મ્હોટું; વિસ્તીર્ણ; કુશાદે; ફરાખ.
Spade, *n.* કોદાળી; ખોદવાનું એક હથિયાર. 2 (રમવાના પાનામાં) ખુર.
Span, *n.* વેંહેત; બિલસ. 2 ઘણી ટુંકી મુદત–વખત. 3 *v.t.* વેંહેતે માપવું.
Spangle, *n.* ટિળી; ટીકી; તારા ટપકી; ચાંદલો; ટપકી. 2 *v. t.* ટિલી–ટીકી–ટપકી ચોઢી ચળકતું–શોભાયમાન
Spaniel, *n.* શિકારી કુત્તો. [કરવું.
Spar, *n.* લાકડાનો ગોળ સોટો. 2 (ખલાસીઓમાં) સઢ–ડોળ–દોરડાં; ડોલ કાઠી. 3 એક જાતનો ચકચકિત ખનીજ પદાર્થ.
Spare, *a.* વધારાનું; બાકી; જીઆદા; ફાલતું; ફાજલ. 2 નબળું; લેવાઈ ગયલું; પાતળું થઈ ગયલું; ગળાઈ ગયલું; 3 કમી; ઓછું. 4 કસરીલું. 5 *v. t.* ફાલતુ પાડવું; રાખવું; કસરથી ખરચ કરવો. 6 બચાવવું; ઉગારવું. 7 વગર ચલાવવું (તમારા વગર ચલાવીશું). 8 માફ–ક્ષમા કરવી; જવા દેવું; દરગુજર કરવું.
Sparing *a.* થોડું. 2 હાથ ખેંચી–ખાંચીને ખર્ચ કરનાર; કાટકસરું.
Sparingly, *ad.* હાથ ખાંચીને; કરકસરથી.
Spark, *n.* ચિણગારી; તનખો; ચનગી. 2 છેલછબીલું; ઘરાકી; બિસની; ફક્કડ. 3 કણ; કગરશ; લેસ; રજ.
Sparkle, *v. i.* તણખા–ચિણગારી ઉડવી–નિકળવી–પડવી. 2 ચકચકવું; ચળકવું. 3 ફીણ નિકળવું–ચઢવું (દારૂ–તાડી રેડતી વખતે).
Sparkling, *a.* ચળકતું; તેજદાર. 2 ફીણ–ઉભાણવાળું.
Sparrow, *n.* ચકલી; ચક્લી.

Sparse, *a.* આછું; વેરણછેરણ; વેરાતું.
Spasm, *n.* એટકું; આંકડું; આંકડી; તાણ; ખેંચ.
Spatter, *v. t.* છાંટા ઉરાડવા; છાંટવું.
Spatula, *n.* પાતળી પોહોળા પાનાની દવાખાનામાં વપરાતી મલમ પાથરવા-ગોળીઓ બનાવવાની છરી.
Spavin, *n.* ઘોડાના પગના કોઈ સાંધા ઉપર થતો સોજો, જેથી તે લંગડાયછે.
Spawn, *n.* માંછલાનો ગરભ; માંછલાનાં ઈંડાં. 2 *v. i.* ગરભ છેરવો; ઈંડાં મુકવાં.
Speak, *v. i.* બોલવું; કેહેવું; વાત કરવી; જણાવવું; વદવું. 2 *v. t.* ઉચ્ચાર કરવો.
Speaker, *n.* બોલનાર; વકતા. 2 પ્રમુખ.
Spear, *n.* ભાલો; નેજો; બરચી-છી. 2 ઘાસનું તરણું. 3 *v. t.* ભાલો મારવો-
Spearhead, *n.* ભાલાનું માથું. [ભોકવો.
Spearman, *n.* ભાલેકરી; નેજાબરદાર-બાજ. [લાકડી.
Spearstaff, *n.* ભાલકાઠી; ભાલાની
Special, *a.* ખાસ; વિશેષ; મખ્સુસ. 2 જાતીસંબંધી; અમુક જાતનું. 3 મુદ્દામ; ચોકસ કારણુસર ઠરાવેલું-યોજેલું.
Specially, *ad.* વિશેષે કરીને. 2 See Expressly, મુદ્દામ; ખાસ.
Specie, *n.* સોના અથવા રૂપામાં વાળેલો અવેજ; નગદી; રોકડ અવેજ.
Species, *n.* જાત; પ્રકાર; કિસમ.
Specific, *a.* વિશેષ; અસાધારણ; ચોકસ જાતીનું. 2 (વૈદકમાં) અમુક; રામ બાણ; આબાદ લાગુ પડે -અસર કરે એવું. *Specific gravity*, વિશેષ ગુરુત્વ.
Specification, *n.* ચોકસ-વિગતવાર હકીકત. 2 વિગતવાર જણાવવું તે; તપસિલવાર બતલાવવું તે.
Specify, *v. t.* બયાન કરવું; ચોકસ-વિગતવાર કહી-લખી બતલાવવું -જણાવવું.
Specified, *pp.* તપસિલવાર કહી જણાવેલું-બતલાવેલું; ચોકસ ઠરાવેલું.
Specimen, *n.* માસલો; નમુનો; વાનગી.
Specious, *a.* દેખાઉ; દેખામણું. 2 ઉપર ટપેથી ખરૂં-વાજબી દેખાય એવું; સાચાઈના આભાસવાળું.
Speck, *n.* ટીપકું; ડાઘ; દાગો; ચાંદું. 2 (in the eye) ફુલ; ફુલું. 3 અતિશય બારીક કગરસ; કણ; રજ.
Speckled, *a.* ટિપકાંદાર; છાંટવાળું.
Spectacle, *n.* ખેલ; તમાસો; ચમત્કાર. 2 જોવા જેવો દેખાવ; દૃષ્ટિ વિષય.
Spectacles, *n.* ચરામો.
Spectator, *n.* તમારાચી; તમાસગીર.
Spectre, *n.* ભૂત; શેતાન; ભય ઉત્પન્ન કરે એવો દેખાવ-છાયો; સાયો.
Specular, *a.* આરશી જેવું ચલકતું.
Speculum, *n.* દુરબીન અથવા બીજાં યંત્રોમાંની આરશી; ચલકાટ ભરેલી વસ્તુ.

Speculate, *v. i.* કલ્પના-તર્ક કરવો-બાંધવો. 2 (In commerce) સટ્ટો કરવો.
Speculation, *n.* કલ્પના; તર્ક; વિચાર; ખ્યાલ. 2 સટ્ટો.
Speculative, *a.* વિચાર-ધ્યાનસીલ; તર્કબાજ. 2 માનસિક. 3 સટ્ટાબાજ.
Speculator, *n.* કલ્પના ચલાવનાર; અટકલબાજ. 2 સટ્ટાબાજ; સટોરીઓ.
Speech, *n.* બોલી; ભાષા; જબાન. 2 વાચા; વાણી. 3 ભાષણ.
Speechless, *a.* મુંગું; વગર વાચાનું. 2 નિરૂત્તર; લાજવાબ; વાચા બંધાઈ ગયલું.
Speed, *n.* ઝડપ; જલદી; વેગ; ઉતાવળ; ત્વરા.
Speedily, *ad.* જલદીથી; ઉતાવળેથી; ઝટપટમાં; વેહેલું; ઝડપથી.
Speedy, *a.* ઉતાવળું; ઝડપવાળું; જલ્દ; શિતાબ; ચાલાક; તેજ.
Spell, *n.* મંત્ર; જાદુ. 2 વારી; પાળી. 3 *v. i.* શબ્દના વર્ણની જોડણી કરવી -જોડવાં; પદાક્ષર કરવું. [પદાક્ષર.
Spelling, *n.* શબ્દોનાવર્ણની જોડણી
Spelter, *n.* કાંસુ.
Spend, *v. t.* ખર્ચવું. 2 ઉડાવવું. 3 ગુજારવું; ગુમાવવું (વખત). [લુટાઉ.
Spendthrift, *n.* ઉડાઉ; દિવાળીયો;
Spent, *a.* ખરચેલું. 2 ઉડાવેલું. 3 ગુમાવેલું.
Spew, *v. i. & v. t.* ઓકવું; ઉલટી કરવી; પાછું નાખવું-કાઢવું.
Sperm, *n.* ધાત; મની.
Sphere, *n.* ગોળ; વર્તુળ. 2 પ્રકરણ; ઈલાખો; તાલુકો; વિષય. 3 કામ. 4 દરજ્જો.
Spherical, *a.* ગોળ; વર્તુળાકાર; ફરતું.
Spheroid, *n.* ગોળ કલ્પ આકૃતિ.
Spice, } *n.* મસાલો. 2 જરા લગાર
Spices, } સ્વાદ. 3 *v. t.* મસાલો નાખવો; મસાલાદાર કરવું. Hot Spices, ગરમ મસાલો; મરી મસાલો.
Spicy, *a.* મસાલાદાર; મસાલાનું-વાળું. 2 તીખું તમતમતું; ઝમઝમતું.
Spider, *n.* કરાડિયો-ળિયો; કરોળિયો.
Spike, *n.* ઘણો મ્હોટો ખીલો. -(of wood) મેખ. 2 કણસલું. 3 કણગો. 4 આર; આરી. 5. *v. t.* ખીલો ઠોકી મ્હો બંધ કરવું. (તોપના કાનમાં).
Spill, *v. t.* ઢોળવું; છલકાવવું.
Spin, *v. t.* કાંતવું; સુતર કાહાડવું. 2 ફેરવવું; ચકર ઉપર ધરવું. 3 તાણી તુસીને લાંબું કરવું; લંબાવવું. *Spin a top*, ભમરડો ફેરવવો-ઘુમાવવો.
Spinal, *a.* કરોડ-બરડાના કાંઠાને લગતું. [ઉપર કંઈ ફરે તે દાંડી.
Spindle, *n.* તરાક. 2 અણિયાલી દાંડી
Spindleshanked, *a.* લાંમટાંગ્યું.
Spine, *n.* બરડાનો કાંઠો-હાડકું; કરોડ; વાંસાની વચમાંનું હાડકું. [કંતારી.
Spinner, *n.* સુતર કાંતનાર-કાઢનાર;
Spinning, *n.* સુતર કાંતવું તે.

Spinning wheel, *n.* ચરખો; રેંટિયો.
Spinster, *n.* નહી પરણેલી-કુંવારી સ્ત્રી.
Spiral, *a.* પેચદાર; મળ સૂત્ર (ઇસકોરૂ) ના આકારનું.
Spire, *n.* કુંગુરો; શિખર; કળસ; કાંગરો; મનાર. મોધરો. 2 પેચ; ઇસ્કુનાં આંટાજેવી વાંકી લીટી-વસ્તુ.
Spirit, *n.* પ્રાણ; જીવ. 2 આત્મા. 3 ભૂત; પિશાચ. 4 સ્વભાવ; પ્રકૃતિ; મિજાજ. 5 દમ; ધમક; પાણી; હિમ્મત; તેજ. 6 દારૂ. 7 અર્ક; જલદ -ગાળેલો દારૂ. 8 ભાવાર્થ; ખરેખરો અર્થ. [તદાર.
Spirited, *a.* જુસ્સા-પાણી-હિમ્મ-
Spiritless, *a.* ઉદાસ; બેદિલ; બેહોસ; હોસ-ઉલ્લાસ વગરનું. 2 નબળું; કમજોર. 3 મુઍલું.
Spiritual, *a.* પ્રાણ રૂપી; રૂહુઆની. 2 (not lay) ધર્મ પ્રકરણનું; ધર્મ સંબંધી. 3 (not carnal) આત્મ સંબંધી; પરમાર્થિક; જ્ઞાન માર્ગનું; ઇશ્વર વિષય જ્ઞાન સંબંધી. 4 (mental) માનસિક; બુદ્ધિનું. 5 (holy) સ્વર્ગ સંબંધી. 6 ભૂત-પ્રેત સંબંધી.
Spirituous, *a.* અમલ-કેફ લાવનાર; નિશો ચહડાવનારૂં; જલદ.
Spit, *n.* થૂંક. 2 લોહોડાંની સીક-સળિઓ. 3 *v. t.* થૂંકવું. 4 સીક ઉપર ચહડાવવું; સીક ભોકવી. [સ; થૂકદાન.
Spitbox, *n.* પીચ-પિચી-પીકદાની; ત-
Spite, *n.* અંટસ; ખાર; અદાવત; દુશ્મની; ખુંનસ.
Spiteful, *a.* અદાવતખોર; ખારીલું.
Spittle, *n.* થુંક; લબ; લાળ; હોજ.
Spittoon, *n.* પીકદાની; પીચ-પીગદાની
Splash, *v. t.* પાણી-કાદવ છાંટવો. 2 *v. i.* પાણી-કાદવના છાંટા ઉડવા.
Spleen, *n.* તલ્લી. 2 ચીઢ; ગુસ્સો.
Splendid, *a.* શોભીતું; ભવ્ય; આલીશાન. 2 ચળકતું. 3 પ્રખ્યાત; નામીચું.
Splendour, *n.* શોભા; રોશનાઇ; તેજ; ચમકાટ; ઝગઝગાટ. 2 જાહોજલાલી; દમામ; ઠાઠમાઠ.
Splenetic, *a.* ચીઢિયું; ગુસ્સા ભરેલું; તુંદમિજાજ. [જોડવું; સાંધવું.
Splice, *v. t.* ગાંઠ દીધા-મારયા વગર
Splint, } *n.* કામઠું; કામડી; ખપાટિયું (ભાગેલાં અથવા ઉતરી ગયલાં હાડકાંને પાછું બેસાડવા પછે તે ઉપર બાંધવાનું).
Splinter, }
2 *v. t.* ચીરવું; ફાડવું; પાતળી ચીર કરવી. 3 *v. i.* ચીરાવું; ફાટવું.
Split, *n.* ફાટ; ચીરો; તડ; તરડ; તડલ. 2 ફાટફૂટ; કુસંપ. 3 *v. i.* તરડ પડવી; ફાટવું; ચીરાવું. 4 ભાગી જવું. 5 *v. t.* ચીરવું; ફાડ-ચીરા કરવા. 6 કંકાસ-કુસંપ કરાવવો.
Spoil, *n.* લૂટ. 2 *v. t.* લુટવું. 3 ઝુંટાવી લેવું. 4 ખરાબ કરવું; બગાડવું.
Spoiler, *n.* લુટનાર; લુટારૂ. 2 નાશ કરનાર; બિગાડનાર.

Spoke, *n.* (પૈડાંનો) આરો.
Spokesman, *n.* વકતા; બોલવૈયો; કોઈની વતી-તરફથી બોલનાર.
Spoliation, *n.* લૂટ; હરણ; અપહરણ.
Sponge, *n.* વાદળી; ઈસ્કૂંજ. 2 *v. t.* વાદળીથી લોહોવું-લૂછવું-ધોવું.
Sponger, *n* હરામખાઉ; ટુકડખોર; ચાપલુસી-ખુશામત કરી પેટ ભરનાર.
Spongy, *a.* પોચું. 2 ભીનું. 3 પાણી ચુસે એવું; સુરાખદાર.
Sponsor, *n.* જામીન; પ્રતિનિધી.
Spontaneous, *a.* } પોતાની મેળે;
Spontaneously, *ad.* } આપો આપ; ખુદબખુદ; સ્વયંભુ; સ્વતઃ
Spoon, *n.* ચમચો. 2 પળી.
Sport, *n.* ખેલ; મોજ; મઝા; ગમત. 2 શિકાર; મૃગયા. 3 ઠઠ્ઠા મશ્કરી; મજાક. 4 *v. i.* રમવું; ગમત કરવી.
Sportive, *a.* ઠઠ્ઠા મશ્કરી કરતું; રમતિયાળ; ખુશદિલ.
Sportsman, *n.* શિકારી; પારધી; વાઘરી; સેરબાજ.
Spot, *n.* ડાઘ; લાછન; ચાંદું. 2 એબ; કલંક; બટ્ટો. 3 ટિપકું; ટપકું; છાંટ. 4 જગા; સ્થાન; ઠેકાણું. 5 *v. t.* ટપકું-ડાઘ પાડવો. 6 કલંક-એબ લગાડવી.
Spotless, *a.* નિર્દોષ; નિષ્કલંક. 2 ચોખું; સ્વચ્છ; પવિત્ર; પાક.
Spotted, *a.* ડાઘ-છાંટવાળું; ટપકાંદાર.
Spouse, *n.* પરણેલું માણસ; વર અથવા બૈરી.
Spout, *n.* ભુંગળી; નળી. 2 નાળચું; વાસણનું મોહોડું. 3 *v. t.* પાણી ઉરાડવું-ફેકવું; મ્હોડાંથી પીચકારી-મારવી. 4 *v. i.* ધાર ફુટી નિકળવી; ધડધડ પાણી-લોહી ઈત્યાદિ નિકળી પડવું.
Sprain, *n.* લચક; મોચ. 2 *v. t.* લચકાવવું; મરડાવું; મોચાવું; કર મોડાવું.
Sprawl, *v. i.* હાથ પગ પસારીને-લાંબા થઈને સુવું.
Spray, *n.* નાહાની ડાંખળી; ડાળી. 2 ડાંખળીઓનો ઝુમખો-તોરો. 3 પાણીના ઉડતા છાંટા; તુષાર.
Spread, *n.* ફેલાવ; વિસ્તાર; પ્રસાર. 2 *v. t.* પાંથરવું; બિછાવવું. 3 જાહેર-આશકારા કરવું; ફેલાવવું. 4 ઉઘાડવું. 5 *v. i.* પસરવું; ફેલાવું.
Sprig, *n.* ડાળી; નાહાની શાખા; ડાંખળી. [Merry, Lively.
Sprightly, *a.* આનંદી; ઉલ્લાસી. See
Spring, *n.* વસંતઋતુ; વસંત; બાહાર. 2 ચાંપ; કમાન. 3 કુદકો; છલંક. 4 મૂળ; ઉગમ; ઝરો. 5 *v. i.* ફુટવું; જમીનમાંથી બાહર નિકળવું. 6 કુદકો-છલંગ મારવી. 7 ધસારા સમેત નિકળવું. 8 ચમકી ઉઠવું; ચોંકવું. 9 ઉપજવું; નિપજવું. 10 *v. t.* ફોડવું; બારૂત ભરીને ઉરાડવું. 11 ગાબડું-બાંકું પાડવું.
Spring tide, *n.* પુનમની મ્હોટી ભરતી; ઉધાન; જુંઆલ. [ભભરાવવું.
Sprinkle, *v. t.* છંટકાવ કરવો; છાંટવું;

Sprout, *n.* અંકુર; પીલો; ફણગો. 2 *v. i.* ફણગો ફૂટવો; ઉગવું; નિકળવું; ફુરવું.
Spruce, *n.* અજબેલું; ટાપટીપવાળું.
Spur, *n.* આર; કાંટો; એડ. 2 ઉત્તેજન. 3 *v. t.* કાંટો–એડ મારવી. 4 See Incite.
Spurious, *a.* ખોટું; નકલી બનાવટ ભરેલું. 2 રાંડના પેટનું; રાખેલીનું.
Spurn, *n.* ધિક્કાર; તિરસ્કાર. 2 *v. t.* ધિક્કાર–તિરસ્કાર કરવો; તરછોડી કહાડવું. 3 લાતે–ઠોકરે મારવું.
Spurt, *v. t.* પિચકારી ઉરાડવી; દદુડીની ધારે બહાર કાઢવું. 2 *v. i.* ધાર ઉડવી–ફુટી નિકળવી. 3 *n.* ધાર; દદુડી–ડો.
Spy, *n.* બાતમીદાર; ચાર ભેદુ; જાસુસ; રેપુ. 2 *v. t.* ભેદ લેવો–કાહાડવો; [જાસુસી કરવી.
Spy glass, *n.* દૂરબીન.
Squab, *n.* બબુતર. 2 સારી પેઠે ભરેલો તકિયો–ગાદી–કોચ. 3 *a.* માંતેલું; ડુલડુલ. 4 પીછ–પર વગરનું (બબુતરનું તરતનું જન્મેલું બચ્ચું.)
Squabble, *n.* ખેંચાખેંચ; બખેડો; ઝઘડો. 2 *v. i.* કટકટ–રકજક–ઝઘડો કરવો. [ભેગી કરેલી ટોલી.
Squad, *n.* લશકરની કવાએત વાસ્તે
Squadron, *n.* લશ્કરની ટુકડી. 2 ચોક્સ કામ માટે લડાઈનાં વાહાણોનો છૂટો પાડેલો કાફલો. [લીદ.
Squalid, *a.* મલીન; ગંદુ; ગલીચ; પ-
Squall, *n.* એકદમ ચઢી આવેલો પવનનો ઝપાટો–સપાટો; વા વંટોલ. 2 ચિચાડી; બુમ; શોહોર. 3 *v. i.* બુમ–ચિચાડી–ચીસ પાડવી.
Squander, *v. t.* લખલુટ ખરચ કરવો; ઉડાવવું; લુટાવી દેવું; બારેવાટ કરવું.
Square, *n.* ચોક. 2 ચોરસ; સમચતુષ્કોણ. 3 કાટ ખુણો; સાધની. 4 (of troops) કોટ. 5 (ભૂમિતીમાં) મૂળ; વર્ગ. 6 કોઠાનું ખાનું–ઘર; ચોકડી (કપડાં ઉપર). 7 *a.* ચોખંડું; ચોકસ. 8 કાટ ખુણાવાળું. 9 બરોબર; ખરૂ. 10 અદલ; વાજબી. 11 *v. t.* સમ ચોરસ કરવું. 12 મેળવવું; જમાવવું; બરોબર કરવું.
Square root, *n.* વર્ગ મૂળ. [છુંદવું.
Squash, *v. t.* કચરી–વાટી નાખવું;
Squat, *v. i.* અકડુ બેસવું; પલાંઠી વાળી બેસવું. 2 *a.* ઠુંકું ને માંતેલું.
Squeak, *v. i.* ચીસ–ચિચાડી પાડવી; ચૂંચૂં કરવું; તીને અવાજે બોલવું.
Squeamish, *a.* સુમારાં ગળાંવાળું. 2 ચિકણું; અતિશય ખંતીલું. 3 ખુશ થાય નહી–કંટાળે એવું.
Squeeze, *v. t.* ચાંપવું; દાબવું; નિચોવવું; નિચવવું; પિલવું; પિલી કાહાડવું.
Squib, *n.* (of powder) ફટાકો; ફટાકડો.
Squint, *a.* બાડું; એંચું. 2 *v. t.* & *v. i.* બાડું–એંચું જોવું. 3 *n.* બાડી નજર.
Squint eyed, *a.* એંચું; બાડું.

Squire, *n.* ખાસસવાર. 2 સાહેબ; રાવ; ઇસ્કોઅર; મિરજાં. [શિકોલી.
Squirrel, *n.* ખિસકી; ખીલાડી; ખી-
Squirt, *n.* પિચકારી; પચુકડી. 2 *v. t.* પિચકારી મારવી–છોડવી.
Stab, *v. t.* ધાઅેલ કરવું; ભોકવું; અણીદાર હથિયારથી જખમ કરવો.
Stability, *n.* મજબુતી; પાયદારી; ઇસ્તવારી; ટકાઉપણું; દઢતા.
Stable, *n.* ડેહેલું–લો; તબેલો; ઘોડશાળા. 2 *a.* મજબુત; કાયમ; પાયાદાર; અચલ; ટકાઉ; દઢ; બરકરાર.
Stack, *n.* ગંજ; ગંજી; અંબાર; ઢગલો. 2 *v. t.* ગંજ–ઢગ કરવો; ખડકવું.
Staff, *n.* લાકડી; દાંડો; ડાંગ. 2 અધિકાર ચિન્હ. 3 સેનાપતિની હજુરના કામદાર. 4 કામદાર મંડળ; કારભારીઓ–કર્તા હર્તાનું મંડળ.
Stag, *n.* સાંબર; કલિયાર; હરણ.
Stage, *n.* મંજલ; ટપ્પો. 2 મુકામ; ઉતારો. 3 (a raised floor) ઊંચી બેઠક; માચરો. 4 નાટક કરવાની જગા; રંગ ભૂમી; નાટક તખતો. 5 નાટક. 6 પાલક; પરાંચ.
Stagger, *v. t.* લથડાવવું; ભમાવવું. ડગમગાવવું; આનાકાની–હા ના કરાવવી; શક–વેહેમમાં નાખવું. 3 *v. i.* લથડતું–ઝોકો ખાતું ચાલવું; લથડવું; લથડિયાં ખાવાં. 4 ડગમગવું; ઢચુપચુ–આનાકાની કરવી; શક–વિચારમાં પડવું.
Stagnant, *a.* જમી રેહેલું; બંધિયાર રેહેલું; સ્થિર–થમ રેહેલું. 2 બંધ પડેલું; ધીમું; મંદ (બજાર).
Stagnate, *v. i.* વહેતું બંધ પડવું; પ્રવાહ અટકી પડવો. 2 મંદ–સુસ્ત પડવું.
Stain, *n.* રંગ. 2 ડાઘ; ટિપકું. 3 બટો; કલંક. 4 *v. t.* રંગ દેવો–આપવો; રંગવું. 5 ડાઘ પાડવો; ખરાબ કરવું. 6 બટ્ટો–કલંક લગાડવો.
Stair, *n.* પાયરી; પગથિઉં દાદરનો ટપ્પો–ફાંગીલું. 2 સીડી; નિસરણી.
Stair case, *n.* દાદર; સીડી.
Stake, *n.* ખુંટો; મેખ; ખીલો; અણિયાલી લાકડી. 2 શરત બકવામાં મુકેલી વસ્તુ. 3 *v. t.* લાકડીને આધારે ઉભું કરવું; ટેકો આપવો. (વેલાને). 4 સરતબકવી–મારવી. 5 જોખમમાં પડવું. My life is at stake, જીવ ઉપર વાત આવેલી છે.
Stale, *a.* વાસી; ટાહાડું. 2 જુનું ખખ થયલું; વપરાયાથી ઘસાઈ ગયલું. 3 *v. t.* વાસી કરવું. 4 વાપરીને ઘસી નાખવું; જીર્ણ કરવું.
Stalk, *n.* સાંઠો; થડ. 2 દીંટું; ડીચકું. 3 *v. i.* છાતી કાહાડીને ઠમકઠમક ચાલવું. 4 *v. t.* છાનામાના–હરૂસેથી આવવું–જવું.
Stall, *n.* ગાય ઢોર બાંધવાની જગા; કોહોડ; ગોઠો. 2 એક જનાવર બંધાય એટલી ભરી લીધેલી તબેલાની

જગા. 3 તખ્તો. 4 તમાશા–મેળા–જાત્રા વગેરે ઠેકાણે સામન વેચવા માટે ઉભી કરેલી દુકાન–માંડવો.
Stallion, *n.* તોખ્મ વધારવાને રાખેલો ઘોડો.
Stalwart, *a.* બહાદુર; જોરાવર.
Stamen, *n.* કોઈપણ વસ્તુનો નક્કર–મજબુત ભાગ. 2 દમ; કસ; પાણી. 3 ફુલમાંનો નર તંતુ; કેસર.
Stammer, *n. & v. i.* તોતડું બોલવું; જીભ લાગવી–અટકવી.
Stammerer, *n.* તોતડું બોલનાર.
Stamp, *n.* છાપ પાડવાનું ઓજાર. 2 છાપ; ઠસ્સો. 3 સિક્કો; મોહોર. 4 રૂપ; આકાર; ઘાટ. 5 *v. t.* પગ અફાડવો–ઠોકવો. 6 છાપ મારવો; મોહોર કરવી. 7 ઠસાવવું; મનમાં ઉતારવું.
Stampede, *n.* જનાવરોનું ભડકીને એકદમ નાસવું તે. 2 એકાએક લાગેલી બીહીકથી નહાસા નાહસ.
Stanch, *a.* મજબુત; કઠણ. 2 ડગે–હડે નહી એવું; દ્રઢ. 3 *v. t.* વહેતું બંધ પાડવું.
Stand, *v. i.* ઉભું રહેવું; ઉભા થવું. 2 આવેલું હોવું. 3 હોવું. 4 ટકવું; નીભવું. 5 થોભવું. 6 નિર્દોશ રહેવું. 7 જેવું હોય તેવું–કાયમ–ચાલુ રહેવું. *stand by,* નજદિક–પાસે–સોડે ઉભા રહેવું. 2 બાજુ–પક્ષમાં રહેવું. *stand fast,* ગચ્ચ–મજબુત પકડી રહેવું–રાખવું. *stand for,* ઉમેદવાર તરીકે ઉભા રહેવું. *stand up for,* ટેકો આપવો; મદદ–હિમાયત કરવી. *stand with,* મળતું આવવું. *stand to,* વળગી રહેવું; પકડી રહેવું. 8 *v. t.* ખમવું; સોસવું. *stand it,* જે થાય તે ખમ્યા કરવું; વેઠવું. 9 *n.* ઠેકાણું; મુકામ; ઉભું રેહવાની જગા. 10 થોભવું–ઉભું રહેવું તે. 11 માચરો; તમાસગીરોને ઉભું રહી જોવાને કરી આપેલી ઉંચી જગા–બેઠક. 12 ઘોડો; કોઈ ચીજ ટાંગવા–મેલવાનું ચોકઠું–ટેબલ; ડામચ્યો; ઇસટાનડ.
Standard, *n.* નિશાન; વાવટો; ઝુંડો; ધજા; પતાકા. 2 ધોરણ; પ્રમાણ.
Standard bearer, *n.* ઝુંડાબરદાર; નિશાન ઉચકનાર; વાવટો ઉઠાવનાર.
Standing, *n.* ચાલુ હાલત–સ્થિતી. 2 માન; દરજ્જો. 3 મુદત. 4 *a.* કાયમ; રૂઢ; ચાલુ. 5 ટકાઉ; પાકું (રંગ). 6 ઉભું; અનાજના છોડવા કાપી ઢાળેલા નહી એવું.
Standish, *n.* કલમદાન.
Standpoint, *n.* ઉભા રહેવાની જગા. 2 નજર; સમજ; વિચાર.
Standstill, *n.* થંભી–અટકી રહેવું તે.
Stanza, *n.* શ્લોક; બેત.
Staple, *n.* ઉતાર પેઠ; વેપારનું મથક. 2 વેપારની મુખ્ય જણસ–વસ્તુ. 3 કાચો માલ. 4 રૂ–ઉન–રેસમનો તાર–તાંતણો. 5 લોહોડાંનો મરડેલો આંકડો; નકુચો.

Star, *n.* તારો; સેતારો. 2 ગ્રહ;નક્ષત્ર. 3ચાર ખુણાની નિશાન;ફુલકી;ફુદડી.
Star board, *n.* વાહાણની જમણી બોરદ; ગોસ; ઘોસ.
Starch, *n.* ખેળ; ખળ; આર; કાંજી. 2 *v. t.* ખળ નાખવો; આર-હાર ભરવો-ચઢાવવો.
Stare, *v. i.* ધુરકીને-તાકીને જોવું; આંખ ફાડીને જોવું; તાંકવું; ટિકવું.
Star gazer, *n.* સુકુન જોનાર જોશી.
Stark, *ad.* તદન; તમામ; બિલકુલ.
Starry, *a.* તારાનું. 2 તારાવાળું.
Star short, *n.* ભિનાં મેદાન ઉપર ઘણીવાર જે ચિકણી વસ્તુ પંથરાએલી હોય છે તે વસ્તુ.
Start, *v. i.* ચમકવું; ચમક ભરાવી-મારવી; ચમકી ઉઠવું; ચોંકવું; ભડકવું. 2 સુરૂ કરવું; નિકળવું; નિસરવું; રવાના થવું. 3*v.t.* ચમકાવવું;ભડકાવવું. 4 *n.*ચમક. 5 પ્રારંભ;શરૂઆત.
Starting point, *n.* નિકળવાની-પ્રારંભ કરવાની જગા.
Startle, *v. t.* ચમકાવવું; દબકાવવું.
Starve, *v. t.* ટાઢથી અથવા ભૂખે મારવું-મારી નાખવું. 2 *v.i.* ટાઢથી અથવા ભૂખે મરવું.
State, *n.* સ્થિતિ; અવસ્થા; દશા; હાલત. 2 દરજો; મોભો. 3 ડોળ; ઠાઠ; દમદમાટ. 4 સરકાર; હજુર; રાજ્ય. 5 *a.* સરકારી; જાહેર; આમને લગતું; 6 *v. t.* હકીકત લખવી; કેહેવું; બોલવું; બયાન કરવું.
Statecraft, *n.* રાજ ચલાવવાના કાવાદાવા-ખટપટ-યુક્તિ. [વિલું.
Stated, *a.* નક્કી કરેલું; નીમેલું; ઠરા-
Stately, *a.* પ્રૌઢ; મ્હોટું; આલીશાન; શોભા ભરેલું; રોનકદાર. 2 ઉંચા વિચારનું; ઊંચું.
Statement, *n.* હકીકત; મજકુર; વર્ણન; વાત; કેફિયત; અહેવાલ.
Statesman, *n.* રાજનીતિમાં-રાજ કારભારમાં પ્રવિણ-હોશિયાર થએલો માણસ; રાજ કારભારી; રાજમંત્રી.
Station, *n.* જગા; ઠેકાણું; થાણું; સ્થળ. 2 અમલ; અધિકાર; હોદ્દો. 3 પદવી; દરજ્જો. 4 *v. t.* બેસાડવું; નેમણુક કરવી. [ય તેવું ને તેવું.
Stationary, *a.* અચળ; સ્થિર. 2 હો-
Stationer, *n.* કાગળ વગેરે લખવાનો સામાન વેચનાર; કાગદી.
Stationery, *n.* કાગળ-શાઈ વગરે લખવાનો સઘળો સર સામન.
Statistics,*n.* દેશની હાલત, તેના લોકની તંદરોસ્તી-ચાલ-રીતિ વગેરેનો અહેવાલ; દેશસ્થિતિ રીત પ્રકરણ.
Statuary, *n.* પૂતળું-બાવલું કોતરવાની કળા-હુનર. 2 પૂતળું કોતરનાર. 3 પુતળાંનો સંગ્રહ.
Statue, *n.* પુતળું; બાવલું; પ્રતિમા.
Stature, *n.* શરીરની ઊંચાઈ-કદ-
Status, *n.* સ્થિતિ; હાલત. [કાઠી.

Statute, *n.* કાયદો; કાનુન; ધારો.
Stave, *n.* પીપ બનાવવાનું પાટિયું. 2 ગાયનના સુર બતાવવાને જે લિટિઓ ઉપર નિશાનો પાડીએ તે લીટીઓ–કોઠો. 3 *v. t.* નાકું–છિદ્રપાડવું; ભાંજવું; ફોડવું;પાડવું;–(off)આગળ ધકેલવું; ઢીલ કરવી.
Stay, *n.* વાસો; સ્થિતિ; અટકાવ; થોભવું તે; ઓઠી; ઓળંબો. 2 ટેકો; આધાર. 3 વાહાણના સઢનું દોરડું. 4 *v. t.* થોભાવવું; થંભાવવું; બંધ રાખવું; અટકાવવું. 5 ટેકો આપવો; ટેકાવવું. 6 *v. i.* ટકવું; રેહેવું. 7 થાંભવું; થોભવું.
Stays, *n.* એક તરેહની કાંચળી–ચોળી.
Stead, *n.* જગા; ઠેકાણું. Instead of એને ઠેકાણે–બદલે;એની જગા ઉપર.
Steadfast, Steady, } *a.* અચળ;સ્થિર;સજ્જડ. 2 મુસ્તકિમ; દૃઢ; ડગે નહી એવું; ડામાડોળ નહી એવું.
Steal, *v. t.* ચોરવું; ચોરી કરવી; ચોરી લેઈ જવું. 2 હરવું; હરી–ચોરી લેવું (મન–દિલ). 3 *v. i.* ચોરવું. 4 છાનામાના–ચોરીથી આવજાવ કરવી.
Stealth, *n.* ચોરી. By stealth, ચોરીને; છુપાવીને.
Steam, *n.* બાફ; વરાળ. 2 *v.t.* બાફ દેવો–આપવો; બાફવું. 3 *v. i.* બાફ છુટવો–નિકળવો.
Steam engine, *n.* બાફનો સાંચો–યંત્ર;વરાળયંત્ર.
Steed, *n.* ઘણા પાણીવાળો–તેજીલો–પવનની ચાલનો ઘોડો.
Steel, *n.* તીખું; પોલાદ; ખરૂં; ગજવેલ. 2 ગજવેલ–પોલાદનું હથિયાર. 3 *a.* તિખાનું બનાવેલું; પોલાદી.
Steel filings, *n.* તીખાંલોહાડાંનોભુકો.
Steep *a.* ઉભું; સીધું; ઉભા ચહડાવનું; બુલંદ. 2 *n.* ઉભો ચઢાવ; સીધો ડુંગર. 3 *v. t.* ભિનવવું; બોળવું; ભિજવવું; પલાળવું. [ધુમટ.
Steeple, *n.* મિનારો; કંગુરો; શિખર;
Steer, *n.* વાછડો; વાછરડો; પાડો. 2 *v. t.* વાહાણ ચલાવવું–હંકારવું. 3 *v.i.* સુકાન ફેરવવું. 4 રસ્તો–માર્ગ ધરવો–પકડવો. 5 ચાલવું; હંકાવું.
Steersman, *n.* સુકાનદાર; સુકાની.
Stem, *n.* દીંટું; ડીંચું; ડાંખળું; થડ. 2 *v. t.* અટકાવ કરવો; સામે–સનમુખ જવું; બંધ કરવું. [વાસ.
Stench, *n.* દુર્ગંધિ; બદબો; ગંધ;
Step, *n.* પગલું; કદમ. 2 ફાંગીઉં; પગથિયું. 3 વૃદ્ધિ; વધારો. 4 કામ; ઉપાય; તજવીજ. 5 *v. i.* પગલાં ભરવાં; કદમ ઉઠાવવાં; પગલું મેલવું. 6 બે કદમ ચાલીને જવું. 7 ગંભીરાઇથી–ધીમા ચાલે ચાલવું. [ભાઈ.
Step brother, *n.* ઓરમાન–સાવકો
Step daughter, *n.* સાવકી છોકરી.
Step father, *n.* ઓરમાન–સાવકો બાપ.
Step mother, *n.* ઓરમાન–સાવકી મા

Step sister, *n.* ઓરમાન-સાવકીબેહેન

Step son, *n.* ઓરમાન—સાવકોછોકરો.

Steps, *n. pl.* સીડી; દાદર.

Step stone, Stepping stone, } *n.* પાયરી; પગથિયું.

Sterile, *a.* નિષ્ફળ; ઉજડ; અફળ; નાપીક. 2 વાંઝણી. [વાંઝીયાપણું.

Sterility, *n.* નિષ્ફળતા; ઉજડતા;

Sterling, *a.* હાડનું ખરૂં—ચોખ્ખું; સફાઇ. 2 ઈંગ્રેજી નાણાંને એ શબ્દ લગાડ્યામાં આવેછે, જેમ a pound *sterling.*

Stern, *n.* વહાણનો પાછલો ભાગ. 2 *a.* કરડું; સખ્ત; આકરૂં. 3 મુસ્તકીમ; ડગે—હાલે નહી એવું.

Sternum, *n.* છાતીનું હાડકું; ઉરોસ્થિ.

Stew, *v. t.* ધીમે તાપે—ધીમી આંચે સીજવવું—ઉકાળવું. 2 *n.* ધીમે ઈંગારે—ધીમે તાપે સીજવેલું ખાનું; ઇસ્ટુ.

Steward, *n.* ઘરનો કારભારી; મોદી; ખાનસામાન; સ્ટુઅર્ડ. [વાનગીરી.

Stewardship, *n.* કારભારીપણું; દિ-

Stick, *n.* લાકડી; સોટી; છડી. 2 *v. t.* ચિટકાવવું; વળગાડવું; ચોંટાડવું. 3 *v. i.* વળગવું; ચિટકી રેહેવું; ચોંટવું.

Stickle, *v. i.* આગ્રહ—બોહોંસ કરવી; હઠ ધરવી. 2 કોઇનો પક્ષ પકડવો. 3 ઘડીમાં આમ ને ઘડીમાં આમ એમ ઢળવું.

Sticky, *a.* ચિકટ; વળગી રેહે એવું.

Stiff, *a.* તાટ; મરડાએ—વળે નહીં એવું. 2 ઘટ્ટ; બંધાઈ ગએલું. 3 ભારે; જબરૂં. 4 હઠીલું; હુજતખોર. 5 બાહારથી ડોલ ધરાવતું; ઉપર ઉપરનું; અતડું.

Stiffen, *v. t.* કઠણ—વળે નહી તેવું કરવું. 2 ઘટ્ટ કરવું. 3 બેશુધ કરવું. 4 *v. i.* કઠણ થવું. 5 ઘટ્ટ થવું.

Stiff necked, *a.* હુજતખોર; હઠીલું; જીદખોર; જક્કી; નમે નહી તેવું.

Stiffness, *n.* કઠણપણું. 2 ઘટ્ટપણું. 3 અંટાલી; હઠીલાઈ; જીદખોરી. 4 બોલવા અથવા લખવાની ઢબમાં ખોટું ડોલ ઘાલવું તે.

Stifle, *v. i.* ગુંગળાવી નાખવું; દમ—શ્વાસ બંધ કરવો; રૂંધવું.

Stigma, *n.* ડાહામ. 2 ડાઘ; કલંક; લાંછન; બટ્ટો; કાલી ટીલી.

Stigmatize, *v.t.* 2 ડાહામ દેવો. ડાઘ—બટ્ટો—કલંક—લાંછન લગાડવું; કાલી ટીલી લગાડવી.

Still, *n.* દારૂ—અર્ક ગાળવાનું યંત્ર—ભઠ્ઠી. 2 *a.* ચુપ; છાનું; મુગું. 3 નિર્વાત; સ્થિર; શાંત; પવન ન હોય તેવું. 4 સ્થિર; અચળ; ગતિવનાનું 5 *v. t.* ચુપ—મુગુંકરવું. 6 સ્થિર—નિશ્ચળ કરવું. 7 શાંત—ઠંડું કરવું; નરમ—ઠંડું પાડવું. 8 *ad.* અદ્યપિ; હજી સુધી; અત્યાર લગી. 9 તથાપિ; તોબી. 10 બીજું; વધારે; હજી.

Still born, *a.* પેટમાંજ મરણ પામી નિકળેલું; મુએલું જન્મેલું.

Stillness, *n.* સ્થિરતા; સુમ સામ; સુન સાન. 2 શાંતપણું; કચવાટ-ઘભરાત નહીં હોય એવી હાલત.
Stimulant, *n.* ઉત્તેજક વસ્તુ; હોરા-જોમ વધારે તેવી ચીજ. 2 *a.* ઉત્તેજક.
Stimulate, *v. t.* ઉત્તેજન આપવું-કરવું; ઉલટ આપવી; ઉસકેરવું.
Stimulation, } *n.* ઉત્તેજન; ઉલટ. 2
Stimulus, } ઉત્તેજક-ઉસકેરનારી વસ્તુ.
Sting, *n.* દુઃખ; વેદના. 2 ચટકો; ડંખ; દંશ. 3 ખુબી; રહસ્ય; મર્મ. 4 *v. t.* ડંખ મારવો; ડંખવું; ડખવું. 5 ઘણુંજ દુઃખદેવું.
Stingy, *a.* કૃપણ; બખીલ; નેહેરા.
Stink, *n.* ગંધ; દુર્ગંધ; બદબો. 2 *v.i.* વાસ-ગંધ મારવી; ગંધાવું.
Stint, *v. t.* હદમાં-સંકોચમાં રાખવું. 2 ફાંકો પાડવો; તંગાસ પાડવી. 3. *n.* હદ; પરિમાણ; મર્યાદા. 4 મુકરર કરેલો-ઠરાવેલો ભાગ.
Stipend, *n.* નિમણુક; મુસારો; પગાર.
Stipendiary, *a & n.* પગાર ખાનાર; મુસારો-બદલો લઈ કામ-ચાકરી કરનાર. [કરવો.
Stipulate, *v. i.* બોલી-ઠરાવ-કરાર
Stipulation, *n.* બોલી; ઠરાવ; કરાર.
Stir, *n.* ગડબડ; ધામધુમ; હિલચાલ. 2 *v.t.* હલાવવું; ચલાવવું; ખિસાડવું. (any liquid) ડાહોળવું. 3 છેડવું; તકરારપર લાવવું; વાત ચરચાવવી. 4 ઉસકેરવું; ઉસકેરણી કરવી. 5 (up) ભરાવી-ચહડાવી આપી જોરામાં લાવવું; લોહી ઉકલાવવું. 6 *v. i.* હિલવું; ખિસવું; સસરવું.
Stirrup, *n.* પેગડું; રિકાબ; ઘોડાનાં ઝીનનો પાવડો.
Stitch, *n.* ટાંકો; ટેભો; ઓટણ. 2 હુક; શુલ; કળતર; ચસકો. 3 *v.t.* ટાંકો મારવો; ટેભો-ટેભો ભરવો; ટાંકવું.
Stock, *n.* ઝાડનું થડ. 2 (-of a musket) કુંદ; કુંદો. 3 થાંભલો. 4 મુઢ; મુર્ખ માણસ. 5 ઓલાદ; ઘરાણો; વંશ; ખાનદાન. 6 પુંજી; ભંડોળ; થાપણ. 7 એકંદર સિલક; જથ્થો; સંગ્રહ; સંચય. 8 *v. t.* ભરી-સાંચી રાખવું; સંઘરી મુકવું.
Stockade, *n.* લકડકોટ; અટકાવ-અડથલા દાખલ લાકડાં-સાટકા વગેરે ઉભા કરીને કીધેલો કોટ.
Stocking, *n.* પગનુમોજું. [વાનું ઓઠું.
Stocks, *n. pl.* હેડ; પગમાં ઘાલ-
Stock still, *a.* જરાએ હાલે ચાલે નહી તેવું સ્થિર. [વાળું.
Stolid, *a.* મુર્ખ; મુઢ; જડ; મંદબુદ્ધિ
Stomach, *n.* જઠર; ઓજરી; પેટ; કોઠો. 2 ઇચ્છા; મરજી; ભાવ.
Stomachic, *a.* રૂચક; પાચક; જઠરાગ્નિવર્ધક; ઓજરી-જઠરને કૌવત આપે એવું. 2 પેટ-ઓજરી-કોઠાને લગતું-સંબંધી.

Stone, *n.* પથ્થર ધોંડો; પાષણ; સંગ. 2 પથરી (દરદ). 3 ઠળિયો. 4 રત્ન; કિમતી ચળકતો પથ્થર. 5 (of mango)ગોટલી; ગોટલું; બાડો. 6 આંડવો; પેળવો. 7 *v. t.* પથ્થર ફેંકવા-મારવા; પથ્થર મારી મારી નાખવું.
Stone cutter, *n.* ધોંડફોડો; સલાટ.
Stone fruit, *n.* ઠળિયાવાળાં-ગોટલીદાર ફળ; જે ફળમાં ઠળિયા હોય તે ફળ.
Stonehearted, *a.* ક્રૂર; નિર્દય; બેરેહેમ.
Stone horse, *n.* ખસી નહીં કીધેલો ઘોડો.
Stone work, *n.* ચિરેબંધી; ફરસબંદી.
Stony, *a.* પથ્થરનું; પથ્થરનું બનાવેલું. 2 પથ્થરથી ભરેલું; જ્યાં પથ્થરા ઉભાઈ જતા હોય એવું. 3 બેરેહેમ; નાતરસ; ક્રુર; નિર્દય; કઠોર; સંગદિલ.
Stool, *n.* તકીયા-ટેકણવિના-અઢેલિયાવના એકજ માણસથી બેશી શકાય એવો પાટલો-બાંક-ટુલ. 2 પેટ; ઝાડો; દસ્ત; ફેરો.
Stoop, *n.* વાંકુંવળવું-લવવું તે. 2 મોટા દરજ્જા-મરતબા ઉપરથી નમ્રતા પકડી ઉતરતા થવું તે. 3 ઝપાટો; ઝડપ; ઝરપ (પક્ષી). 4 *v. i.* વાંકુ વળવું. 5 તાબે-વશ થવું; નમવું. 6 નમ્રતા-લિનતા-વિનય ધરવો; પોતાનો દરજ્જો વિસરી જઈ ઉતરતું-હલકું કામ કરવું. 7 ઝડપ મારવી.
Stop, *n.* રોકાણ; અટકાવ; ઓટી; ઓલંભો. 2 વાંધો; નડ; બાધ. 3 વિરામ ચિન્હ; ટાંપ. 4 *v. t.* ઓટી કરવું; ઉભું રાખવું; થોભાવવું. 5 અટકાવવું; બંધ પાડવું 6 બંધ કરવું; રોકવું. 7 તહકુબ-મહકુબ કરવું. 8 *v. i.* ઉભું રહેવું; થોભવું; ઓટી થવું. 9 બંધ પડવું-થવું; અટકવું.
Stoppage, *n.* અટકાવ; રોકાણ; બંદી.
Stopper, *n.* ડાટો; ડરચો; બુચ; અટકાવ કરનાર અથવા બંધ પાડનાર કાંઈબી ચીજ.
Storage, *n.* ભરી-સંગ્રી મૂકવું તે. 2 ભસમણ; ભરી મૂકામણ-ભાડું.
Storax, *n.* સેલારસ.
Store, *n.* સંગ્રહ. 2 કોઠાર; વખાર; ભંડાર; સમૃદ્ધિ; સાસગ્રિ; સાહીત્ય; સરંજામ; સામાન. 3 *v. t.* સંગ્રહ કરવો; ભરી રાખવું; સંઘરવું. 4 વખારમાં ભરવું.
Store house, *n.* વખાર; કોઠી; ભંડાર.
Storekeeper, *n.* વખારિયો; કોઠીવાળો; ભંડારી; કોઠારી.
Store room, *n.* વખાર.
Stores, *n. pl.* (લશ્કર તથા વાહાણ ખાતામાં) સાહિત્ય; સામગ્રી; હથીયાર, શસ્ત્રો, ખોરાક, લુગડાં વગેરે. 2 વાહાણના ખલાસી તથા ઉતારૂઓના ઉપયોગની ખોરાક વગેરે જરૂર જોગની પુરી પાડેલી ચીજો.
Stork, *n.* સ્ટાર્ક નામનું લાંબી ચાંચ ને લાંબા પગવાળું પક્ષી; શાહામૃગ.

Storm, *n.* વાદળ; તુફાન; વંટોળિયોવા. 2 કિલ્લા ઉપર કીધેલો હલ્લો–છાપો. 3 બખેડો; ફીતૂર. 4 સંકટ; વિપત્તિ. 5 *v. t.* કિલ્લા ઉપર છાપો નાખવો–હલ્લો કરવો. 6 *v. i.* ફફડવું; ચટકવું; ક્રોધાયમાન થવું; ગુસ્સાથી જોરામાં આવવું.
Stormy. *a.* તુફાની; તુફાનનું.
Story, *n.* ઘરનો માળ–મેડો; મજલો. 2 કથા; કાહાણી; વાર્તા. 3 ઇતિહાસ; તવારીખ. 4 જુઠાણું; જૂઠ.
Stout, *a.* મજબૂત; જોરાવર; જબર. 2 હિમ્મતવાન. 3 માતેલું; પુષ્ટ.
Stoutness, *n.* જોર; બળ; જોમ. 2 હિમ્મત; છાતી. 3 હઠીલાઈ; હુજત.
Stove, *n.* ચૂલો; અંગેઠી. 2 ભઠ્ઠી.
Stow, *v. t.* ખડકવું; સિચવું.
Straddle, *v. i.* પગ પોહોળા કરીને ચાલવું અથવા ઉભા રેહેવું; [મવું.
Straggle, *v. i.* રખડવું; ભટકવું; ભ-
Straggler, *n.* રખડનાર; ભટકનાર.
Straight, *a.* સીધું; સરખું; સરળ; પાધરૂં; પાંસરૂં. 2 દુરૂસ્ત; બરોબર. 3 *ad.* તરતજ; લાગલુંજ; બાહારોબાર
Straighten, *v. t.* સીધું–સરખું–પાધરૂં કરવું. 2 *v. i.* સીધું–સરખું થવું.
Straight forward, *a.* સીધે રસ્તે ચાલી જતું હોય એવું; પાંસરો–પાધરો રસ્તો પકડતું હોય એવું; સુધું. [બાર.
Straightway, *ad.* લાગલુંજ; બહારો-
Strain, *n.* ઘણું જોર મારવું તે; અતિશય મેહેનત; માથાફોડ; તાણ. 2 દીર્ઘસૂર. 3 *v. t.* ગાળવું; ચાળવું. 4 તાણવું; ખેંચવું. 5 જબરીથી કરાવવું. 6 પોતાથી થાય એટલું કરવું–જોર મારવું. 7 મોચઈ–ભાગી–મરડાઈ જાય તેવું કરવું. 8 *v. i.* ગળાવું; નિપરાવું; પઝરવું. 9 માથાફોડ કરવી; કષ્ટ ખેંચવું.
Strainer, *n.* ગળણી; ચાળણી; પ્રવાહી પદાર્થોને ગાળવાનું વાસણ વગેરે.
Strait, *n.* ખિડ; ખાડી; સામુદ્રધુનિ. 2 સંકટ; અડચણ; કચાટ. 3 *a.* સાંકડું; અવઘડ. 4 સખ્ત; જાલીમ. 5 તંગ; સાંકડું.
Straiten, *v. t.* સંકટ–ભીડમાં નાખવું. 2 સાંકડું કરવું. 3 તંગ–સાંકડું કરવું.
Straitness, *n.* સંકડાસ; સાંકડાપણું; અડચણ; સંકોચ. 2 સખ્તપણું; જાલીમપણું. 3 તંગપણું. 4 તંગી; ભિડમાંઆવવુંતે(નાણાવગેરેનેમાટે)
Strand, *n.* કાંઠો; કિનારો; તીર. 2 દોરડાંનોવળ–એકદોરડી. 3 *v. i.* કાંઠે–કિનારે લાગવું; ભાઠાપર ચઢીજવું.
Strange, *a.* વિદેશી; પરદેશી; પરદેશાનું. 2 પારકું; પરાયું; અજાણ્યું; વગર ઓળખાણનું. 3 વિલક્ષણ; વિચિત્ર; ચમત્કારિક; તરેહવાર; અજબ તરેહનું; ઓરતરાંહનું.
Stranger, *n.* પરદેશી; બહારવાસી. 2 પારકું–વગર ઓળખાણનું આદમી.

3 બેપ્પબઇ; ગેરવાકફગાર; અજાણ્યું; અનભ્યરત (આદમી). 4 પરાહણો; અતિથિ; મેજબાન; મેમાન.
Strangle, *v. t.* ગળાંમાં ફાંસાં ઘાળી–ગલું દાબી–સ્વાસરૂંધી–ગુંગળાવી મારી નાખવું. 2 દાબી નાખવું; નહીં સરખું કરવું; બેસાડી દેવું. [થાયછે તે.
Strangury, *n.* પેશાબખંચાયછે–બંધ
Strap, *n.* પાટો (કપડાંનો.) 2 વાધરી; પટો (ચામડાંનો.) 3 ટપટપી.
Stratagem, *n.* કળા; તાલમેલ; દાવ-
Stratum, *n.* થર; પડ. [પેચ.
Straw, *n.* તુણ; પરાળ. I care not a *straw* for the play, હું તે રમતની એક તલભાર દરકાર કરતો નથી.
Stray, *a.* રખડતું; આડે રસ્તે ગયલું –ઉતરેલું. (Stray animals) હરાયું ઢોર. 2 *v. i.* ભટકવું; ભમતાં ફરવું. 3 રસ્તો–વાટ ચુકવી; ભુલું પડવું.
Streak, *n.* રેગ; લિટી; રેષા. 2 *v.t.* રેગ –લિટીદોરવી; પટાપાડવા. [લિહેરંદાર.
Streaked, *a.* પટા પટીનું; પટાપાડેલું;
Stream, *n.* ઝરો; વેહેળો; નાળું. 2 પ્રવાહ; વળણ. 3 *v. i.* વેહેવું; પ્રવાહ ચાલવો; ધાર છુટવી; દદુડી નિકળવી.
Streamer, *n.* નિશાન; વાવટો.
Street, *n.* મોહોલ્લો; રસ્તો; ચકલો. (a lane) શેરી; ગલી; પોર.
Strength, *n.* બળ; જોર; શક્તિ; સાંમર્થ્ય; કુવત; જોમ; તાકાત. 2 જીવ. જોર; ધમક; કસ.
Strengthen, *v. t.* બળકટ–મજબુત કરવું; શક્તિ–જોર આપવું. 2 સાબીત–નિશ્ચિત કરવું; પુષ્ટિ આપવી. 3 ધૈર્ય–ધીરજ આપવી. 4 *v. i.* મજબુત–જોરાવર થવું–થતા જવું.
Strenuous, *a.* ઉદ્યોગી; હોંસવાળું; સુરૂ.
Stress, *n.* જોર; ભાર; વજન; આગ્રહ.
Stretch, *v. t.* પસારવું; વિસ્તારવું. 2 લાંબું–લંબાણ કરવું. 3 તાણવું; ખેંચવું; તાટ કરવું. 4 *v. i.* પસરવું; ફેલાવું. 5 લાંબું થવું; ખેંચાવું; તણાવું.
Strew, *v. t.* વેરવું; નાખવું; ભભગાવવું. 2 પાંથરવું. [કઠણ.
Strict, *a.* See Precise. 2 કરડું; સખત;
Stricture, *n.* ગાંઠ. 2 ગુણ દોષ કાઢવા તે; ગુણ દોષ વ્યાખ્યા; ટીકા.
Stride, *n.* લાંબું કદમ–ડગલું; ફલંગ. 2 *v. i.* ફલંગ મારવી; લાંબાં કદમ –ડગલાં ભરવાં.
Strife, *n.* સ્પર્ધા; સરસા સરસી; હરીફાઇ. 2 ઝઘડો; ભાંડણ; કજિયો.
Strike, *n.* હડતાળ; કામ બંધ પાડવું તે. 2 *v. t.* મારવું; ઠોકવું. 3 વગાડવું; ઠોકવું. 4 અડકી–અથડીને જવું. 5 મજબુત અસર કરવી; ઠસાવીને મન પર બેસાડવું. 6 લાગવું; ભાસવું; દીસવું. 7 નકી–પાકું કરવું.–(off) છેકવું; કહાડી નાખવું; બાદ કરવું. 2 છાપી નાખવું. 3 ઉડાડી દેવું. (*out*) છેકી–ભુસી નાખવું. 2 યોજવું.

—(up) ગાવા—વગાડવા માંડવું. —(an account) હિસાબ નકી કરવો; બાકી કહાડવી.

Striking, *a.* અસરકારક.

String, *n.* દોરી; સુતળી; (for hanging clothes) ઓરણું; વળગણી. 2 તાર; તાંત. 3 નાડું. 4 હાર; માળા; લટ. 5 રેસો. 6 *v. t.* પોવું; પરોવવું. 7 તાર—તાંત ચઢાવવી—લગાડવી; મેળવવું. 8 તાણવું; તાટ કરવું.

Stringed, *a.* તારવાળું (વાજીત્ર).

Stringent, *a.* સખત; આકરૂં; કરડું.

Stringy, *a.* રેસાદાર; દોરા—તારનું; તંતુમય.

Strip, *n.* પટી; ચીંદરડી; ચિપ. 2 *v.t.* ઉતારવું; ઉતારી લેવું; ઉખેડી—કાઢી નાખવું. 3 છીનવી—ખુંચી લેવું. નાગું કરવું.

Stripe, *n.* પટો; પટી. 2 સળ; સોળ. 3 ફટકો; ફટકારો. 4 *v. t.* ફટકા મારવા. 5 પટાપટી પાડવી.

Striped cloth, *n.* દોરિયાનું કપડું.

Stripling, *n.* છોકરો; બાળક; કુંવર.

Strive, *v. i.* ઉદ્યોગ—યત્ન કરવો; મેહેનત—કોશેશ કરવી; જોર મારવું. 2 બરોબરી—સ્પર્ધા કરવી. 3 સામુ થવું.

Stroke, *n.* ડોક; ડોકો; ટોલો; પ્રહાર. 2 ફટકો; ઝટકો; ધપકો. 3 છકડ; ઘા. 4 લીસોટો; કાપો; સરેટો. 5 મરણ તોલ ઘા. 6 હાથ; જારી ચતુરાઈનો ખેલ. 7 *v. t.* પંપાળવું; હાથ ફેરવવો; પસવારવું. *To receive a stroke of the sun* લુભરાવી; લુલાગવી.

Stroll, *n.* સેહેલ; ફરી આવવું તે. 2 રખડપટો. 3 *v. i.* રખડવું; સેહેલ કરવી; ફરવું.

Strong, *a.* જોરાવર; જોરેમંદ; બળવાન; જબરદસ્ત; જબર. 2 માકુલ; વજનદાર. 3 મખમ; મજબૂત; સંગીન. 4 (as tea) તલ્ખ; કડવી; સ્ટ્રાંગ.

Stronghold, *n.* કિલ્લો; મઢ.

Strop, *n.* (for a razor) ટપટપી.

Structure, *n.* ઈમારત; અમલો; ઈમલો. 2 બાંધણી; બાંધો; રચના.

Struggle, *n.* વઢવાઢ; અકળાવું—ઝીકાવું તે; ઘસાઘસી; તંટો; રગઝગ. 2 સખત મેહેનત—ઈલાજ—ઉપાય; માથાફોડ; માથાકૂટ. 3 વેદનાના ચિન્હો; અતિઘણાં દુઃખથી શરીરના અવયવોનું ખેંચાવું—તણાવું તે; તરફડાટ; તરફડિયાં. 4 *v. i.* તડફડવું; તરફડિયાં મારવાં. 5 જીવ તોડીને—બેહદ મેહેનત કરીને—જીવ પટકી નાખીને કરવું. 6 ઘણાંજ દુઃખ—વેદના—પીડામાં હોવું.

Strumpet, *n.* કસબણ. See Harlot.

Strut, *n.* નખરાં; અકડ; ઠમકો; છાતી કાઢી ભપકામાં ચાલવું તે; ઠસ્સો. 2 *v. i.* નખરાં કરવાં; ઠમકો કરવો; ઠમકતું ચાલવું; અકડવું.

Stubble, *n.* કડબ, ધણી, જુવાર વગેરે અનાજનો જમીનમાં રહેલો સુકાઈ ગયલો ભાગ—ખુપરાં.
Stubborn, *a.* હઠીલું; હુજતી; અડિઅલ; દુરાગ્રહી; હુજતખોર; ઍંટાલ; મમતી; ગ્રાહેલ. [જત; ગ્રાહેલી; જીદ.
Stubbornness, *n.* મમત; હઠ; હુ-
Stucco, *n.* સલ્લો (છોનો); સાગોળ. 2 સલ્લા—સાગોળનું કામ.
Stud, *n.* ગુલમેખ; ફુલ; ફુલિયું; બોરિયું; બટન. 2 ઘોડાની વસ્તી વધારવાને રાખેલા ઘોડા ઘોડીઓ. 3 *v. t.* ગુલમેખ જડવી; ફુલ—બટન જડવાં.
Student, *n.* શિષ્ય; વિદ્યાર્થી; સીખનાર; વિદ્યાભ્યાસી.
Studied, *a.* કામેલ; કુશળ; પ્રવીણ. 2 જાણી બુજીને કરેલું.
Studio, *n.* ક્રિસબી કારીગરની દુકાન.
Studious, *a.* વિદ્યાભ્યાસી; વિદ્યાવ્યસની; વિદ્યા એલમ હાંસલ કરવા પાછળ ગુંથાએલું—લાગેલું. 2 ઉદ્યોગી; ઉદ્યમી; ખંતીલું.
Study, *n.* વિદ્યાભ્યાસ; અધ્યયન. 2 વિચાર; ચિંતન; ધ્યાન; મનન. 3 અધ્યયન વિષય; શીખવા—અભ્યાસ કરવાનો વિષય—બાબદ. 4 અભ્યાસ કરવા માટે એલાહેદી રાખેલી ઓલી—ઓરડી. 5 *v. t.* સીખવું; અભ્યાસ કરવો; અધ્યયન કરવું. 6 વિચાર—મનન કરવું; ઘોળવું. 7 આગળથી ધારી મૂકવું; મોઢે કરી ગખવું.
Stuff, *n.* કાચી વસ્તુ—માલ—પદાર્થ. 2 કાપડ. 3 ઓસડ. 4 અટરફટર; અગડબગડ; પડિયું ખડિયું; કચરો. 5 *v. t.* દાબીને—ચિકાર—ઠીસીને—ઠાંસીને—ખીચોખીચ ભરવું.
Stuffing, *n.* મસાલો; ગોશને લહેજતદાર કરવાને નાખવામાં આવતી જીનસો. 2 ભરણ; ભરવાની હરેક ચીજ—વસ્તુ; પૂરણ.
Stultify, *v. t.* બેવકુફ કરવું; કોઈને બેવકુફ બનાવવું. 2 દીવાનું છે એમ સાબીત કરવું. (oneself) બેવકુફ બનવું; ગાંડામાં ખપવું.
Stumble, *n.* ઠેસ; ઠોકર; ગોથું; છફ્કડ. 2 ખતા; ગફલત; ચુક. 3 *v. t.* ઠોકર મારવી; ગોથું ખવડાવવું. 4 ગભરાવવું; ગુંચવારામાં નાંખવું; 5 *v. i.* ઠેસ—ઠોકર લાગવી; ઠોકરાવું. ગોથું—ઠોકર ખાવી; લથડવું. 6 એકાએક—વગર ધારવે—કલ્પના કર્યા વના મળી આવવું—પાવું—જણાવું—માલુમ પડવું.
Stumbling block, } *n.* અડચણ કરનાર—ભુલાવામાં નાખનાર—રોકાણ કરનાર કોઈપણ કારણ; ઠોકર ખાવાનું ઠેકાણું.
Stumbling stone, }
Stump, *n* ખુંટો; ઝાડ કાપી નાખ્યા પછે તેનો જે ભાગ જમીનમાં

ડટાએલા રહેછે તે ભાગ; થડ; ઠુંઠું. 2 ઠુંઠું; શરીરનો કોઈ અવયવ જેવો કે હાત, પગ વગેરે કાપ્યા પછે જે ભાગ રહી જાયછે તે ભાગ. 3 *v. i.* ધબધબ હીંડવું-ચાલવું.

Stun, *v. t.* ઠોકા-જરબ-ફટકાથી બેહોશ કરવું. 2 બેહ-કરી નાખવું; કાનફોડવા. 3 ચક-છક કરીનાખવું.

Stunt, *v. t.* ઉગવા-વધવા-મોટું થવામાં અટકાવ કરવો; ઠીંગરાઈ જાએ તેવું કરવું.

Stupefaction, *n.* ધુંદી; બેસાવધપણું; સુસ્તપણું; અચેતના; બેશુદ્ધિ; બેભાની.

Stupefy, *v. t.* મૂર્ખ-હેમક કરવું-બનાવવું; સુનું-અચેતન-બેશુદ્ધ-બેભાન-બેહોસ કરવું; બાહાવરૂં બનાવવું

Stupendous, *a.* આશ્ચર્યકારક; અદ્ભુત; ચક-છક કરી નાખે એવું.

Stupid, *a.* જડ; મંદ; બેવકુફ; બુડથલ; અડબોથ; નાદાન; મુર્ખ; હેમક; અજ્ઞાન. 2 સુસ્ત.

Stupidity, *n.* જડબુદ્ધિ; મુર્ખતા; બેવકુફી; હેમાકાત; નાદાની.

Stupor, *n.* ધુંદી; સુસ્ત-બેહેરાપણું; અચેતના; બેશુદ્ધી; બેહોશી.

Sturdy, *a.* જોરાવર; મજબુત કાઠીનું; ધીંગું. 2 હઠીલું.

Stutter, *v. i.* તોતડું-બોબડું બોલવું; તોતડાવું; જીભ અચકવી-લાગવી.

Sty, *n.* ડુક્કરખાનું; સુવરખાનું. 2 આંખે જે આંજણી થાયછે તે.

Style, *n.* ઇબારત; ઇસ્તલાહ; બોલવા-લખવાની ઢબ-છટા. 2 રીત; ચાલ; પદ્ધતિ. 3 કિતાબ; લકબ. 4 કલમ; લેખણ. 5 *v. t.* કિતાબ આપવો; નામ દેવું; કેહેવું.

Suavity *n.* મીઠાસ; મનોરંજકપણું.

Subaltern, *n.* હાથ નીચેનો અમલદાર. 2 *a.* હાથ તળે-નીચેનું.

Subdivide, *v. t.* ભાગના ભાગ-વિભાગ-પેટાભાગ પાડવા-કરવા.

Subdivision, *n.* પેટાભાગ; વિભાગ.

Subdue, *v. t.* તાબે-વશ કરવું; કેળવવું; કાબુમાં લાવવું-રાખવું.

Subject, *n.* રૈયત; પ્રજા. 2 વિષય; બાબદ. 3 (વ્યાકરણમાં) કર્તા. 4 કાપવહાડ કરી તપાસવાનું મુડદું. 5 *a.* તાબેદાર; હુકમમાં હોય તેવું. 6 યોગ્ય; જોગું; લાએક. 7 તાબામાં-અમલમાં આણેલું. 8 *v. t.* જીતવું; વશ-તાબે કરવું; તળેરાખવું. 9 ઉઘાડું પાડવું; બદનામી લાએક કરવું. 10 પાત્ર-યોગ્ય કરવું. 11 તાબેજોગું થાય તેમ કરવું. [મુદ્દો.

Subject matter, *n.* વિષય; બાબદ;

Subjection, *n.* તાબેદારી; પરતંત્રતા; આધીનતા; પરાધીનપણું.

Subjoin, *v. t.* નીચે જોડવું; પછવાડુથી લખવું-બોલવું-સાંધવું.

Subjugate, *v. t.* See Subdue.

Subjunctive, *n.* (વ્યાકરણમાં) સંશયાર્થ

Sublet, *v. t.* પેટામાં ભાડે આપવું.
Sublimate, *v. t.* ગરમી લગાડીને વરાળના રૂપમાં લાવવું. 2 સુધારીને ઉચ્ચ કરવું; ઊંચી પદવીએ પોંહોંચાડવું. 3 *n.* (*corrosive*) રસકપૂર.
Sublime, *a.* ઊંચું; બુલંદ; આલા. 2 ઊંચું; ઉમદા; સરસ; ભવ્ય; પ્રૌઢ.
Sublimity, *n.* ઊંચાપણું; પ્રૌઢતા; બુલંદપરવાઝી. 2 ઉદારતા.
Sublunary, *a.* આ જગત-લોક-દુનિયાનું; ઐહિક; અહીંનું; ઇહલૌકિક
Submarine, *a.* સમુદ્ર-દરિયા તળેનું.
Submerge, *v. t.* ડુબાવવું; બોળવું; ઝબોળવું. 2 *v. i.* ડુબવું.
Submersion, *n.* ડબોળવું-ડુબાવવું તે. 2 ડુબવું-બુડવું તે.
Submission, *n.* તાબે થવું-શરણ જવું તે; આધીનતા. 2 તાબેદારી; પરાધીનતા. [હુકુમબરદાર.
Submissive, *a.* તાબેદાર; આધીન;
Submit, *v. t.* બીજાને સોંપવું અથવા તેની મંજુરીયતપર મૂકવું. 2 *v. i.* તાબે થવું; દબી જવું; હાર ખાવી; શરણે જવું; વરાવવું. 3 તાબે-હુકુમમાં રેહેવું.
Subordinate, *a.* તાબેદાર. 2 હાથ તળેનું. 3 ઓછી અગતનું; ગૌણ.
Subordination, *n.* તાબેદારી. 2 હાથનીચેની પાયરી. 3 ઓછી અગત; ગૌણતા
Suborn, *v. t.* સોગન ઉપર ખોટી સાક્ષી પુરાવવી-ખોટી સાક્ષી પુરાવા કોઇને લાવવું. 2 તરકટથી ઉભું કરવું; જુઠું બનાવવું.
Subpœna, *n.* કોરટનો સમન-તેડું.
Subscribe, *v. t.* નીચે નામ લખી સહી કરવી. 2 ટીપમાં ભરી આપવું. 3 *v. i.* કબુલ થવું-કરવું.
Subscriber, *n.* સહી કરનાર. 2 ટીપમાં ભરી આપનાર. 3 ઘરાક.
Subscription, *n.* સહી; હસ્તાક્ષર. 2 ઉઘરાણું; લવાજમ; ટીપમાં ભરી આપેલી રકમ. [છીનું.
Subsequent, *a.* પછવાડેથી થયલું; પ-
Subsequently, *ad.* પછી; પછવાડેથી.
Subservient, *a.* ઉપયોગી; કામ લાગતું; મદદગાર; સહાયકારી.
Subside, *v. i.* નીચે બેસવું-ઠરવું; જામવું. 2 સમી જવું; શાંત થવું. 3 ઓછું-કમી થવું; ઓસરવું; મટવું.
Subsidiary, *a.* કુમકે આવનારૂં; ખિરાજી; મદદગાર; સહાયકારી.
Subsidise, *v. t.* નાણાંની કુમક આપવી; પૈસાની મદદ કરવી. 2 પૈસા આપીને મદદ મેળવવી. [ખિરાજ.
Subsidy, *n.* નાણાંની કુમક-મદદ;
Subsist, *v.i.* હોવું. 2 ગુજારો થવો; ગુજરાન ચાલવું; નિર્વાહ ચાલવો; જીવવું.
Subsistence, *n.* હોવું તે; અસ્તિત્વ. 2 ગુજારો; ગુજરાન. 3 જેથી ગુજરાન ચાલે તેવી ચીજો; જીવનગાળો.

Substance, *n.* ચીજ; વસ્તુ; પદાર્થ. 2 શાર;સારાંસ; મુદ્દો. 3 માલ;વિસાત; દોલત; પુંજી. 4 તત્વ: મૂળવસ્તુ જે બીજાઓને મદદ કરેછે તે.

Substantial, *a.* ખરેખરૂં; વાસ્તવિક. 2 મજબૂત; સંગીન. 3 માલ-વિસાતવાળું; ગબર; બે પૈસે સુખી.

Substantially, *ad.* ખરેખર;વસ્તુતઃ.

Substantiate, *v. t.* પુરવાર-ખરૂં-સાબીત કરી આપવું. [વિશેષ્ય.

Substantive, *n.* (વ્યાકરણમાં) નામ;

Substitute, *n.* બદલી;અવેજી; પ્રતિનિધી.2 *v. t.* અવેજ-બદલામાં આપવું.

Substitution, *n.* અદલમાં મુકવું-આપવું તે; અદલબદલ; આવજો માવજો.

Substratum, *n.* તળેનો-નીચેનો થર. 2 આધાર; પાયો; મૂળ.

Subterfuge, *a.* બાહાનું; હિલો; મિશ; પેચ; ગત; જુગતી.

Subterranean, } *a.* જમીનની તળેનું;
Subterraneous, } ભોંયમાંનું;

Subtile, *a.* બારીક; ઝીણું. 2 નાજુક; સુંદર. 3 સૂક્ષ્મબુદ્ધિવાળું; ગતિલું; પોહોંચેલું; પોહોંચેલી બુદ્ધી; ખંધું.

Subtility, *n.* બારીકાઈ. 2 નાજુકાઈ. 3 ખંધાઈ; પક્કાઈ; ગત. [પોહોંચેલું.

Subtle, *a.* લુચ્ચું; ખંધું; કાવાબાજ;

Subtract, *v. t.* કાઢવું;લેઈલેવું. 2(ગણિતમાં) બાદ-બજા કરવું.

Subtraction, *n.* બાદબાકી.2બાદકરવું તે

Subtrahend, *n.* બાદ કરવાની રકમ.

Suburb, } *n.* પરૂં; પાદર; બહારકોટ;
Suburbs, } કોટબહાર જે જગા તે.

Subversion, *n.* નાશ; જેરઝબરી; ઊંધું વાળવું તે;પાયમાલ કરીનાખવું તે.

Subvert, *v. t.* નાશ કરવો; તોડી પાડવું; ઉઠલાવી નાખવું; ઊંધું વાળવું; પાયમાલ કરી નાખવું.

Succeed, *v. t.* એકને ઠેકાણે બીજાએ આવવું;એકની પાછળ-પછી થવું-આવવું. 2 *v. i.* એક પછીએક એમ અનુક્રમમાં થવું. 3 જય-યશ-ફતેહ મેળવવી; સફળ-ફતેહમંદ થવું.

Succedaneum, *n.* બદલી; કોઈના બદલામાં જે વપરાયલું તે; કોઈને બદલે કામમાં લીધેલું તે.

Success, *n.* ફતેહ; જય; સિદ્ધિ; બરકત; કામ પાર પાડવું તે; સફલતા.

Successful, *a.* ફતેહ-સિદ્ધિ હોય તેવું; સફળ. 2 ફતેહમંદ; યશસ્વી; કૃતાર્થ.

Succession, *n.* એક પછી એક એમ આવવું-થવું તે; ક્રમ; પરંપરા. 2 હાર; માળા. 3 ઓલાદ. 4 વંશ.

Successive, *a.* એક પછી એક એમ આવતું; પારંપરિક. [અનુક્રમે.

Successively, *ad.* એકપર એક; અ-

Successor, *n.* કોઈ એકની પછી થનાર-આવનાર;ઉત્તરાધિકારી.2વારસ

Succinct, *a.* મુખ્તેસર; સંક્ષિપ્ત; થોડામાં આણેલું; ટૂંકું; ટૂંક.

Succour, *n.* મદદ; સહાયતા. 2 *v.t.* મદદ આપવી. [રસીલું; રસદાર.
Succulent, *a.* રસભરયું; કરાદાર;
Succumb, *v. i.* દબી-નમી જવું; તાબે-વશ થઈ જવું. [ફુલાવ્યું.
Such, *a.* એવું; તેવું; એના જેવું. 2
Suck, *v. t.* ચુસવું. 2 સ્તનપાન કરવું;ધાવવું.3 –up ચૂસી-શોષીલેવું.
Suckle, *v. t.* ધવાડવું; ધવડાવવું.
Suckling, *a.* લવારૂં; વાછરૂં; ધાવણું-ધાવતું બાળક.
Suction, *n.*ચુસવું તે. [અચાનક.
Sudden, *a.* એકાએક; આકસ્મિક;
Suddenly, *ad.* એકાએક; અચાનક.
Sudorific,*a.* પરશેવા-પસીનો છૂટે-આણે તેવું (ઓસડ).
Suds, *n.* સાબુનું પાણી-કફ-ફીણ.
Sue, *v. t.* ફરિઆદી કરવી-માંડવી. 2 *v. i.* અરજ-વિનંતિકરવી;માંગવું.
Suet, *n.* ચરબી.
Suffer,*v.t.* સોસવું; ખમવું; ભોગવવું. 2 થવા-કરવા દેવું; જેમ He *suffered* him to do it: તેણે તેને કરવા દીધું. 3 *v. i.* દુઃખ લાગવું; પીડા ભોગવવી. 4 નુકસાન-ખરાબી થવી.
Sufferable, *a.* સહન કરવા જોગ.
Sufferance, *n.* સહનતા; સાંખવું તે. 2 ખામોશ; ધીરજ; ક્ષમા. 3 પરવાનગી; થવા દેવું તે; મના ન કરવી તે. 4 દુઃખ; ક્લેશ; પીડા; કષ્ટ.

Sufferer, *n.* સોસનાર; ભોગવનાર. 2 થવા દેનાર. 3 દુઃખી.
Suffering, *n.* See Sufferance.
Suffice, *v. i.* પુરૂં પડવું; પુરતું થવું; બસ હોવું.
Sufficiency,*n.* પુરતાપણું. 2 કાબેલિયત. 3 ખરચ પુરતી-જેટલી આવક. [યોગ્ય.
Sufficient, *a.* પુરતું; બસ. 2 લાયક;
Suffocate, *v. t.* ગુંગળાવવું, શ્વાસ બંધ કરવો-રૂંધવો.
Suffocation, *n.* રૂંધણ; ગુંગળાવું તે.
Suffrage,*n.* સમતિ; અનુમતિ. 2 મત.
Suffuse, *v. t.* } વ્યાપવું; પસરવું; ફે-
Suffusion, *n.* } લાઇ-ભરાઈ જવું.
Sugar, *n.* ખાંડ; સાકર; ચીની. 2 *v. t.* ખાંડ ઘાલવી; ગળ્યું-મીઠું કરવું.
Sugarcandy, *n.* સાકેર; ખડીસાકર;
Sugarcane,*n* શેલડી; સેરડી. [મિસરી
Sugarmill, *n.* કોલું; કોહાલ.
Suggest, *v. t.* સુચના કરવી; ઈશારો કરવો; બતાવવું; સૂઝાડવું; સુચવવું.
Suggestion, *n.* સૂચના; ઇશારો.
Suicidal, *a.* આત્મઘાતક; પોતાનોજ નાશ કરે-પોતાનાજ પગમાં કોહાડો મારે એવું.
Suicide, *n.* આત્મહત્યા; આત્મઘાત; આપઘાત. 2 આપઘાત કરનાર.
Suit, *n.* પ્રયત્ન; કોશીશ. 2 પરણવા માટે કોઈ સ્રીનો પ્યાર મેળવવાનો

કસદ. 3 મુકદમો; દાવો. 4 ઈતિમામ; પરિવાર. 5 જોડ; જોડી. 6 રંગ (રમવાના પાનામાં). 7 *v. t.* & *v. i.* યોગ્ય થવું; માફક-બેસતું આવવું; બોરાજવું. [સજાવાર.

Suitable, *a.* યોગ્ય; લાએક; છાજતું;

Suite *n.* પરિવાર; ઈતમામ; સાથે રહેલાં માણસો. 2 જોઈએ તેટલા ઓરડા.

Suitor, *n.* અરજદાર. 2 માગું કરનાર; લગનની માંગણી કરનાર.

Sullen, | Sulky, } *a.* ચીઢિયું; કોહ્યું; બળીએલ; ઉચાટ.

Sully, *v. t.* મેલું-ખરાબ કરવું; બિગાડવું. 2 ડાઘ-કલંક-બટ્ટો લગાડવો.

Sulphate of copper, *n.* મોરથુથુ.

Sulphur, *n.* ગંધક.

Sultry, *a.* ઘણું ગરમ; ઉકળાટવાળું. 2 ફુકારા-બફારાવાળું.

Sum, *n.* બેરીજ; મેળવણી; સરવાળો. 2 રકમ. 3 મતલબ. 4 હિસાબ. 5 *v. t.* મેળવવું; એકંદર કરવું. 6 (-up) કહી ગયલી વાતનો સાર કાઢી આપવો; ઉપસંહાર કરવો.

Summary, *n.* સંક્ષેપ; સારાંશ. 2 *a.* સંક્ષિપ્ત; મુખ્તેસર.

Summer, *n.* ઉન્હાળો; ગ્રીષ્મઋતુ.

Summerhouse, *n.* ગરમીના દિવસમાં રહેવાનો બગીચો-બાગ. [ટોચ.

Summit, *n.* શિખર; મથાળું; કળસ;

Summon, *v. t.* સત્તાથી બોલાવવું-તેડવું; સમન કરવો.

Summons, *n.* સરકારનું તેડું; સમન.

Sumptuary, *a.* ખરચ સંબંધી.

Sumptuous, *a.* ઘણા મુલનું; કીમતી. 2 ઉમદા; મોટું; સરસ; રોનકદાર.

Sun, *n.* સૂર્ય; સૂરજ; રવિ; આફતાબ. 2 તડકો; તડકું; ધૂપ. 3 *v. t.* તડકે નાખવું; તડકો ખવડાવવો.

Sunbeam, *n.* સૂરજનું કિરણ; રજાલ.

Sunburnt, *a.* તડકાથી સામળું-કાળું પડીગયલું.

Sunday, *n.* આદિત-રવિ-આતવાર.

Sunder, *v. t.* જુદું-છુટું પાડવું.

Sundial, *n.* છાયાયંત્ર; શંકુયંત્ર; ધૂપઘડી; છાયાવડે દાહાડાનો વખત બતાવનાર યંત્ર.

Sundry, *a.* નાના પ્રકારનું; તરેહવાર; ભિન્ન ભિન્ન; ફુટકલ; પરચુરણ.

Sundries, પરચુરણ જનસો.

Sunflower, *n.* સૂરજફુલ; સુરજમુખી.

Sun rise, *n.* સૂર્યોદય; સુરજનું ઉગવું.

Sunset, *n.* સૂર્યાસ્ત; સુરજનું આથમવું.

Sunshine, *n.* તડકો; તડકું; ધુપ.

Sunstroke, *n.* સૂરજના તાપની ઝાળ; લુક; લૂ.

Sup, *v. t.* ચૂસવું; ઓઠે પીવું. 2 *v. i.* રાતનું ખાણુખાવું; વાળુકરવું.

Superabundance, *n.* પેટપુર; સારીપેઠે; બહુજ; રેલછેલ; લીલાલહેર.

Super add, *v. a.* વધારવું.

Superannuated, *a.* ઘણાજ ઘડપણ -બુઢાપાને લીધે અશક્ત-નાલાયક થયલું; ખખળી ગયલું; સાલખુર્દ.

Superb, *a.* ઉમદા; શાનદાર; ભવ્ય; આલીશાન;મોટું;સરસ. 2 નકશીદાર.

Supercargo, *n.* કરાણી; વેપારીનાં વાહાણ ઉપરના માલની તપાસ રાખનાર કારભારી.

Supercilious, *a.* મગરૂર; ચઢીચઢીને પોતે તેવું;દબાવનાર. 2 નસંખાય તેવું.

Superficial, *a.* સપાટીનું; ઉપરનું. 2 ઉપર ઉપરનું; ઉપર ટપકેનું; બાહાર-થીજ હોય તેવું; કાચું. [ટપકે.

Superficially, *ad* ઉપરટપ્પે; ઉપર

Superficies, *n.* ઉપરનું-બાહારનું આંગ; સપાટી; લંબાઈ ને પોહોળાઈ-વાળો આકૃત.

Superfine, *a* ઘણુંજ ઝીણું-બારીક. 2 ઘણુંજ-સહુથી સરસ-મઝેનું.

Superfluous, *a.* ફાજલ પડતું; જોઈએ તેથી વધારે; ફાજતુ;બીન જરૂરી.

Superhuman, *a.* દેવતાઈ. [પડેલું.

Superincumbent, *a.* કશાની ઉપર

Superintend, *v. t.* ચોકશી-દેખરેખ-ખબરદારી-નિઘેબાની રાખવી- ક-રવી; ઉપરીપણું ચલાવવું-કરવું.

Superintendence, *n.* ઉપરથી તપાસરા-ખવી તે;ચોકશી;નિઘેબાની;ઉપરીપણું

Superintendent, *n.* નિઘેબાન; ઉપરી; ચોકસી-તપાસ રાખનાર.

Superior, *a.* ઉપરનું; ઉપલું. 2 ઊંચી પદવી-પાયરીનું; ચઢિયાતું. 3 સરસ; શ્રેષ્ટ; ઊંચું; ચઢતું; બેહતર. 4 *n.* ઉપરી. 5 મુરબ્બી; વડીલ. 6 ચઢતી કિસમનું આદમી; ચઢિયાતું માણસ.

Superiority, *n.* વધારે ઊંચો દરજ્જો; ચઢિયાતાપણું; શ્રેષ્ટતા; સરસાઈ.

Superlative, *a.* સર્વોત્કૃષ્ટ; સહુથી સારૂં-સરસ-ચઢિયાતું.

Superlative degree, *n.* (વ્યાકરણમાં) સહુથી સરસ-ચઢતી કીમત-ગુણ બતાવનાર શબ્દ.

Supernatural, *a.* અલૌકિક; અદભુત; કુદરતમાં કોઈકજ વખત બને તેવું; અસાધારણ; અજબ જેવું; દેવતાઈ.

Supernumerary, *a.* નેમણુંકીવગરના; ફાજલ; વધારાનું; ઉપલગ; ફાજતું.

Superscribe, *v. t.* ઉપર લખવું. ટસરનામું-પત્તોલખવો-કરવો.[નામું

Superscription, *n.* ઉપરનો લેખ; સર-

Supersede, *v. t.* હોય તેને બાજુએ ખસેડવું; બીજાને મોકલી પેહેલાંને દૂર કરવું; બદલે આવવું. 2 રદ-નકામું કરવું.

Superstition, *n.* ધરમઘેલાઈ; ધર્માંધપણું; અતિભાવ-આસ્થા. 2 વેહેમ; ભ્રમ; ભોળપણું. 3 ખોટો ધરમ.

Superstitious, *a.* ધર્માંધ; ધરમઘેલું; અતિ ભાવિક. 2 વેહેમી; ભ્રમિષ્ટ; ભોળું.

Superstructure, *n.* ઉપરની ઈમારત—બાંધકામ. [પડવું.

Supervene, *v. i.* બનવું; થવું; આવી

Supervise, *v. t.* દેખરેખ—ચોકશી—તપાસ રાખવી.

Supervision, *n.* દેખરેખ; નિધેબાની.

Supervisior, *n.* નિધેબાન; તપાસ—ચોકશી રાખનાર.

Supine, *a.* સુસ્ત; આળસુ; ગાફેલ. 2 ચતું; ચતુંપાટ. 3 ઢળતું; આડું.

Supper, *n.* રાતનું ખાણું; વાળુ.

Supplant, *v. t.* એડી આગળ આંટી ભેરવી પાડી નાખવું. 2 જુક્તિ કરીને કોઈને કાઢી તેની જગાએ ભરાઈ બેસવું; જગા મારી લેવી; જુક્તિ—પેચથી હઠાવી—ખસેડી દેવું. 4 ઊંધું વાળવું.

Supple, *a.* નરમ; મુલાઈમ; જલદીથી વળી જાય તેવું. 2 ખુશામતિયું; મોહડે મીઠું મીઠું બોલનાર; ઊપરે ચઢાવનાર. 3 *v. t.* નરમ—વળીજાય તેવુંકરવું

Supplement, *n.* પૂર્વણી; અધુરૂં પૂરૂં કરવાને—ખૂટપુરવાને જે કંઈ વધારેલું તે; ખુટતો વધારો; ઉમેરો.

Supplementary, *a.* પૂર્વણીનું—સંબંધી.

Suppliant, *a.* પ્રાર્થના—વિનંતિ કરનાર; આજીજીવાળું; આર્જુમંદ.

Supplicate, *v. t.* પ્રાર્થના—વિનંતિ કરવી; કરગરવું; ઘણી અજીજીથી માંગવું.

Supplication, *n.* પ્રાર્થના; કાલાવાલા;

Supply, *n.* પૂરવણી; વધારો; ભરણું; ભરાવો. 2 ભરતી; છત. 3 *v. t.* પૂરૂં પાડવું; આપવું. 4 ઠેકાણે—બદલે આવવું.

Support, *n.* ટેકો; આધાર. 2 પરવરશી; આસરો; સંભાળ. 3 ગુજરાન; આજીવિકા. 4 *v. t.* પાળવું; ગુજરાન—નભાવ કરવો. 5 ટેકવી રાખવું; ટેકો—આધાર આપવો. 6 આરારો આપીસંભાળીલેવું; દીલાસો આપવો. 7 સહન કરવું; ખમવું; સાંખી રહેવું.

Supportable, *a.* ખમાય—સહન કરી શકાય તેવું; ટકાવી રખાય તેવું.

Suppose, *v. t.* અટકળ—કલ્પના કરવી; કયાસ—તરક કરવો; ધારવું. 2 ભાવ—અર્થ હોવો—નિકલવો.

Supposition, *n.* કલ્પના; ધારણા; અટકળ; કયાસ.

Suppress, *v. t.* તાબે કરવું; જેર કરવું; નરમ પાડવું; બેસાડવું. 2 દાબી—અટકાવી રાખવું; બહાર નિકળવા ન દેવું. 3 છુપાવી—સંતાડી રાખવું.

Suppurate, *v. i.* ગુમડું વગેરે પાકવું—માંહે પરૂ થવું—ભરાવું.

Supremacy, *a.* પ્રભુતા; મોટા—ઉપરનો અધિકાર—દરજ્જો; પ્રાધાન્ય; સરદારી. [ખ્ય; સદર.

Supreme, *a.* સહુથી મોટું; શ્રેષ્ટ; મુ-

Supreme-being, ઈશ્વર.

Surcharge, *n.* ઘણો ભાર. 2 વધારાનો ખરચ. 3 *v. t.* વધારે-ઘણો ભાર મૂકવો-ભરવો.
Surd, *n.* (*Math.*) કરણી. [ભ્રાંત.
Sure, *a.* ખચિત; નિશ્ચિત; નક્કી; નિ-
Surely, *ad.* ખરે; ખરેખર; સાચે; બેશક; નિઃસંશય.
Surety, *n.* ખચિત-નિશ્ચિતપણું. 2 જામીની; જામીનગીરી. 3 (the person) જામીન; હામી.
Surf, *n.* મોજા; તુરંગ. [પૃષ્ટભાગ.
Surface, *n.* સપાટી; ઉપરનો ભાગ;
Surfeit, *n.* અકરાંતિયાની જે હાલત તે; તડાતૂમ; આફરો; અકરાંતીઉ ખાવું પીવું તે. 2 કંટાળો. 3 *v. t.* અકરાંતિઉં-અતિશય ખવડાવવું. 4 *v. i.* અકરાંતિયાની પેઠે ખાવું.
Surge, *n.* મોટા મોજો; ઘોડો; લહર; તુરંગ (દરિયાનો.)
Surgeon, *n.* શસ્ત્રવૈદ્ય; વાહાડકાપનું કામ જાણનાર વૈદ; વાઢકૂટીઓ.
Surgery, *n.* શસ્ત્ર વિદ્યા; વાઢકાપ.
Surgical, *a.* શસ્ત્રવૈદ-વૈદાં સંબંધી; શસ્ત્ર વિદ્યાનું; વાઢકાપનું.
Surly, *a.* બળેલ; ચિઢિયું; ગંધાતું.
Surmise, *n.* તર્ક; વેમ; દગદગો; શક. 2 *v. t.* કલ્પના કરવી; શક-વેમ આણવો; અનુમાન કરવું.
Surmount, *v. t.* સર-પાર કરવું; ફાવવું; પાર પડવું-ઉતરવું.
Surname, *n.* અટક; ઉપનામ; ઓખર.
Surpass, *v. t.* પાછળ મુકવું-નાખવું; સરસ થવું; ચઢવું; ચઢિઆતા હોવું.
Surpassing, *a.* સરસ; સર્વોત્કૃષ્ટ; કમાલ.
Surplus, *n.* વધેલો-ફાજલ પડેલો-ફાલતુ-બાકીનો ભાગ. 2 *a.* વધારાનું; ફાલતુ.
Surprise, *n.* એકાએક આવીપડવું તે; ગભરાટ. 2 વિસ્મય; આશ્ચર્ય; અચંબો. 3 *v. t.* એકાએક આવી ગભરાવવું-ઘેરી લેવું-છાપો મારવો; અચાનક હુમલો કરવો. 4 તાજુબ થવું; આશ્ચર્ય પામવું. [બાનું.
Surprising, *a.* અજાએબીનું; અચં-
Surrender, *v. t.* તાબે-સ્વાધીન કરી આપવું; સોંપી-છોડી દેવું. 2 *v. i.* તાબે-હવાલે-શરણ થવું. [છુપું.
Surreptitious, *a.* કપટનું; ચોરીનું;
Surround, *v. t.* ઘેરી-આંતરી લેવું.
Surrounding, *a.* ઘેરી લેતું. 2 આસપાસનું; ચારે મેરનું; ફરતું. 3 *n.* (*pl.*) આસપાસની હકીકત.
Surtout, *n.* સઘળાં કપડાંની ઉપર પેહેરવાનું કપડું-ડગલો.
Surveillance, *n.* દેખરેખ; જાપતો; ચોકી; નજર કેદ.
Survey, *n.* બધે તપાસીને જોવું તે; ચોગમ ફરતી નજર. 2 જમીનની માપણી-મોજણી. 3 તપાસ; ચોકસી. 4 *v. t.* જોવું; ચોમેર ફરતી નજર

કરવી. 5 માપવું; મોજણી કરવી. 6 તપાસવું. [જણીદાર.

Surveyor, *n.* તપાસ રાખનાર. 2 મો-

Survive, *v. t.* પછવાડે જીવવું; કોઈના મુઆપછી બીજાએ જીવતાં રેહેવું. 2 *v. i.* જીવતું રેહેવું.

Survivor, *n.* કોઈના મુઆ બાદ જીવનાર–જીવતું રેહેનાર.

Susceptible, *a.* લેવાને શક્તિવાન–લાયક; ગ્રાહક.

Suspect, *v. t.* વેહેમ–શક–અંદેશો–સંશય આણવો–લાવવો–રાખવો.

Suspend, *v. t.* ટાંગવું; લટકાવવું. 2 મુલતવી રાખવું. ઢીલ નાખવી. 3 (from office) શેવટ તપાસ થતાં લગીકામપરથીદૂરરાખવું;સસ્પેંડકરવું

Suspense, *n.* નહીં આમ ને નહીં તેમ એવી જે મનની હાલત તે; અનિશ્ચય; ધચુપચુ. 2 બંધ પડવું–અટકવું તે.

Suspension, *n.* ટાંગવું તે. 2 તહકુબી; મોકુફી. 3 થોડી મુદત બંધ રાખવું તે. 4 નાણા આપવાં બંધ કરવાં તે. [સંશય.

Suspicion, *n.* વેહેમ; શક; ભ્રાંતિ;

Suspicious, *a.* શક ભરેલું; વેહેમ પડતું; વેહેમી; અંદેશાવાળું.

Sustain, *v. t.* પરૂવરશી કરવી; નિભાવવું; ગુજરાન ચલાવવું. 2 ઊંચકી–ટેકવી રાખવું. 3 ખમવું; સોસવું. 4 નાઉમેદ થવા ન દેવું; ખુશીમાં રાખવું.

Sustenance, *n.* ખોરાક; પોષણ. [ખવું.

Sutler, *n.* ફોજ–લશ્કરની સાથે જઈ તેઓને ખોરાક દારૂ વેચનારો મોદી.

Suzerain, *n.* મુખ્ય સરદાર; રાજા.

Swagger, *v. i.* પતરાજીથી મોટી મોટી વાતો કરવી; તોરમાં રેહેવું; બડાઈ મારવી; ફૂલારા મારવી–હાંકવી.

Swallow, *n.* ગળું. 2 કોળિયો; બુક. 3 ચકલી; ચકલી; ચલિયું; ચકલો. 4 *v. t.* ગળી જવું; ગટ્ટ કરવું; એકદમ મોડામાં મુકી ઉતારી દેવું. 5 મનમાં ઉતારી દેવું.

Swallow wort, *n.* એક જાતની વનસ્પતિ; માંદાર વૃક્ષ.

Swamp, *n.* દલદલ; પાણીવાળી જગો.

Swan, *n.* રાજહંસ.

Sward, *n.* ઘાસ વાળી જમીન–ભોંય.

Swarm, *n.* ઝુંડ; ટોળું; જથો. 2 *v. i.* ઉભરાવું; ઝુંડ પછી ઝુંડ ઉપરા ઉપરી નિકળી આવવા; ટોળેટોળાંમળીજવાં.

Swarthy, *a.* કાળાસ પડતું; સામળું.

Swathe, *v. t.* લપેટવું; વિંટાળવું. 2 *n.* પટ્ટી; ફીંટ; પાટી; ચીપ.

Sway, *n.* અમલ; અધિકાર; હુકુમત. 2 સત્તા; વગ; વળણ. 3 ત્રાજવાનો ઝોક. 4 *v. t.* અસર થવી; મનનું વળણ કરાવવું. 5 અમલ–હુકુમત કરવી. 6 *v. i.* એક તરફ ઝોક ખાવો –નમી જવું.

Swear, *v. t.* સમ દેવા; સોગન અ-વડાવવા; કસમ દેવા. 2 *v. i.* સમ ખાવા; કસમ-સોગન લેવા.
Sweat, *n.* પરસેવો; પસીનો; સ્વેદ; ઘામ. 2 અતીસેં મહેનત; વહીતરૂં. 3 ઝરણુ; ઝરવું તે. 4 *v. t.* પરસેવો આણવો. 5 *v. i.* પરસેવો થવો-આવવો-છુટવો. 6 ઝરવું; ગળવું.
Sweep, *v. t.* ઝાડવું; ઝાડુ કાહાડવી; વાસીદું વાળવું; વાળી નાખવું; બાહારવું. 2 -(way) ઘસેડી નાખવું; ખેંચવું. 3 ઘાણ વાળવો-કાઢવો. 4 *v. i.* સપાટાબંધ ખસડાઈ જવું.
Sweeper, *n.* ઝાડનાર; વાળનાર; ઝાડુ કરનાર; બ્હારનાર.
Sweeping, *a.* ઘણું બ્હોળું; એક સામટું; સઘળું. 2 *n.* (*pl.*) ઝાડુ કાઢતાં નિકળેલો કચરો; પુંજો.
Sweet, *a.* મીઠું; મિષ્ટ; ગળ્યું. 2 સુગંધી; ખુશબોદાર. 3 મધુર; સુસ્વર. 4 પ્રિય-સારૂં-વાહાલું લાગે એવું; શીરીન. 5 *n.* (*pl.*) મીઠાઈ. 6 વાહાલું -પ્યારૂં માણસ; પ્રાણ.
Sweetheart, *n.* પ્રિય સ્ત્રી; પ્યારી; લલના; પ્રિયા; માશુક; આશક; પ્રીતમ.
Sweetish, *a.* ગળચટું; થોડું મીઠું લાગતું.
Sweetmeat, *n.* મીઠાઈ; ગળ્યું ગળ્યું ખાવાનું.
Sweetness, *n.* ગળપણ; મીઠાસ; માધુર્ય; [મધુરતા; શીરીની.
Swell, *n.* ધીમે ધીમે વધવું-ખીલવું તે (અવાજ વગેરેનું.) 2 સુઝવું; ઉપસવું; ફુલવું. 3 ચઢાવ; જમીનનું ધીમે ધીમે ઊંચું હોવું તે. 4 રેલ; પૂર (નદી વગેરેનું.) 5 મોજા; ઘોડા; તુરંગ (દરિઆના.) 6 ડોળ ઘાલી આગળ પડનાર-માથું મારનાર માણસ. 7 *v. t.* રેલ-પૂર આણવું. 8 વધારવું; જાસ્તી કરવું. 9 ફુલાઈ-ફાટી જાએ તેવું કરવું. 10 સુર ચઢાવવો-ઊંચો કરવો. 11 *v. i.* સૂઝવું; સોઝો ચઢવો; સુજી આવવું. 12 ફૂલવું; ફુલાઈ જવું. 13 વધવું; વધી જવું.
Swelling, *n.* સૂજ; સોઝો; વરમ. 2 ઉપસવું-ફુલવું તે. 3 જોરમાં વધવું તે.
Swerve, *v. i.* ચસકવું; પાછું હઠવું.
Swift, *a.* જલદ; ચાલાખ; તૈયાર. 2 ઉતાવળું; ઝડપવાળું. (horse) પાણી પંથો; પવન ચાલ.
Swiftness, *n.* જલદી; ઉતાવળ; ત્વરા.
Swim, *v. i.* તરવું; પાણી ઉપર રેહેવું. 2 સરી-લસી જવું. 3 તંમર-ચક્કર [આવવા.
Swimmer, *n.* તરનાર; તારો.
Swimming, *n.* તરવું તે. 2 તંમર; ફેર; ચક્કર.
Swimmingly, *ad.* અડચણ વગર; સફાઇથી; વગર હેલ્લે-હરકતે.
Swindle, *v. t.* ઠગવું; ધૂતવું; છેતરવું.
Swindler, *n.* ઠગ; ધુતારો; લુચ્ચો.
Swine, *n.* સૂઅર; ડુક્કર; ભૂંડ.
Swing, *n.* ઝોલો; ઝોકો. 2 હીંચકો;

ચોફાળો; ચકડોળ; હિંડોળો.-(of a weapon) ગોફણ. 3 છૂટ; મોકળાસ; મોકળો માર્ગ. 4 v. t. ઝોલો ખવરાવવો; ઝૂલાવવું; હિંડોળવું. 5 હલાવવું. 6 v. i. ઝોલો ખાવો; હીચકા ખાવા; હીલવું; ડોલવું; ઝુલવું; હીંચવું.

Switch, n. છડી; વેટ; સોટી. 2 v. t. છડીથી-ન્હાની સોટીથી મારવું.

Swivel, n. નકુચો; આંકડો.

Swoon, n. મૂર્છા; બેશુદ્ધિ; ચક્કર. 2 v. i. મૂર્છા આવવી; બેશુદ્ધ થવું.

Swoop, n. ઝડપ; ઝપટ.

Sword, n. તલવાર; શમશેર.

Sycophancy, n. ખુશામત. [મતખોર.

Sycophant, n. ખુશામતિયું; ખુશા-

Syllabic, a. અક્ષર સંબંધી.

Syllable, n. અક્ષર-સ્વરયુક્ત વર્ણ.

Syllabub, n. દરાખનો દારૂ અને દૂધ એ બેની મેળવણીથી બનેલો પદાર્થ.

Syllabus, n. સારાંસ; સાર; મુદ્દાનું ટીપ્પણ; ટાંચણ.

Syllogism, n. (તર્કશાસ્ત્રમાં) અનુમાનનો એક પ્રકાર; આપેલી બે દલીલો ઉપરથી કંઈ નિક્કી કરવાની રીત.

Sylph, n. પરી.

Sylvan, a. જંગલ-રણનું; વનસંબંધી.

Symbol, n. નિશાની; ખૂણ; ચિહ્ન; લક્ષણ; અલામત. [લક્ષણસૂચક.

Symbolical, a. અલામતી; સાંકેતિક;

Symmetrical, a. આકાર-ડોળ બરોબર હોય તેવું; અવયવ-આકાર શુદ્ધ.

Symmetry, n. એક વસ્તુના ભાગોનું એક બીજા સાથે પ્રમાણમાં મળતું આવવું તે; પુરા ડોળ; આકાર શુદ્ધિ.

Sympathetic, a. બીજાની દાઝ જાણે તેવું.

Sympathize, v. i. બીજાના સુખ દુઃખથી સુખી દુખી થવું; દાઝ જાણવી; બીજાનું સુખ દુખ જાણવું-લાગવું; સરખી લાગણીના થવું.

Sympathy, n. બીજાનું સુખ દુખ જાણવું-લાગવું તે; દયા; દીલસોજી; હમદર્દી; એક એકની દાઝ-દયા. 2 સરખી પ્રકૃતિ; સરખી લાગણી.

Symptom, n. નિશાની; ચિહ્ન; લક્ષણ;

Synagogue, n. યહુદી લોકોનું ધર્મ મંદિર-દેવલ. 2 યહુદીલોકની ધર્મસભા

Syncope, n. મૂર્છા; બેશુદ્ધિ. 2 (વ્યાકરણમાં) શબ્દમાંના વચલા અક્ષરનો લોપ-જતું રેહેવું તે. [-ચલાવનાર.

Syndic, n. કારભારી; વહીવટ કરનાર

Syndicate, n. વહીવટ કરનાર-કારોબારી મંડળી.

Synecdoche, n. (અલંકારશાસ્ત્રમાં) લક્ષણા; આખાનું તેના કોઈ ભાગને નામે અથવા ભાગનું તેના આખાંને નામે વર્ણન થતું હોય તે.

Synod, n. ધર્માધિકારીઓની સભા-મિજલસ. [બોલ-શબ્દ; પર્યાય.

Synonym, n. તેજ અર્થનો બીજો

Synonymous, *n.* તેજ—એક અર્થનું; હમમાએની. [ગ્રંથ.

Synopsis, *n.* સારાંશ; ઈપ્સિસાર; સાર

Syntax, *n* (વ્યાકરણમાં) વાક્યરચના.

Synthesis, *n.* એકીકરણ; સંયોજન; વસ્તુના જુદા પાડેલા ભાગોને એકઠા કરવા તે. 2 (તર્કશાસ્ત્રમાં) નક્કી અથવા નક્કી જેવી માનેલી વાત ઉપરથી સિદ્ધાંત—ઠેરાવ કરવાની રીત.

Synthetical, *a.* એકીકરણ સંબંધી.

Syphillis, *n.* ટાંકી; ચાંદી.

Syringe, *n.* પીચકારી. 2 *v. t.* પીચકારી મારવી; પીચકારીથી રેડવું.

System, *n.* ગોઠવણ; વ્યવસ્થા; બંદોબસ્ત. 2 ક્રમ; કાયદો. 3 શરીર; દેહ.

Systematic, *a.* વ્યવસ્થિત; રચના યુક્ત; ક્રમાનુસાર; કાયદા માફક.

Systematical, *a.* કાયદાસર; વ્યવસ્થિત.

Systematize, *v. t.* ક્રમ—કાયદો બાંધવો; વ્યવસ્થા—ગોઠવણ—રચના કરવી; વ્યવસ્થા—રચના પ્રમાણે ગોઠવવું.

T.

T. ઈંગ્રેજી મૂળાક્ષરોનો ૨૦ મો અક્ષર.

Tabasheer, *n.* તપકીર ; તવખીર ; બાંબુના ગાંઠમાં બંધાએલો પદાર્થ; વાંસ કપુર; વાંસની તપખીર.

Tabernacle, *n.* તંબુ. 2 દેહેરૂં; મંદિર.

Table *n.* મેજ; ટેબલ. 2 ભોજન; ખાનપાન. 3 તખ્તિ; સરખી સપાટી. 4 કોષ્ટક; કોઠો. *table of contents*, અનુક્રમણિકા; સાકળિયું.

Table-cloth, *n.* ટેબલ ક્લાથ; ટેબલ—મેજ ઉપર પાંથરવાનું કપડું.

Table land, *n.* ઉંચી સપાટ જમીન—ધરતી; ડુંગર ઉપરની સપાટી.

Tablet, *n.* લખવાની પાટી; તખ્તિ.

Table talk, *n.* જમતી વખતની વાતચિત; ખાતાં ખાતાં થતી વાતચિત.

Tabor, *n.* મૃ—મુરદંગ; પખવાજ.

Tabular, *a.* ટેબલના જેવું—આકારનું; સપાટ. 2 ખાનાં—કોઠા પાડીને લખેલું.

Tacit, *a.* અર્થ સિદ્ધ; મોભમ; મોઘમ; જેનો અંદર ભાવ રહ્યો હોય પણ ખુલ્લી રીતે જણાયલું નહીં હોએ એવું, જેમકે a *tacit* reproach.

Tacitly, *ad.* મુગું—ચુપરહીને; મુગે મોહોડે

Taciturn, *a.* મુગું; અબોલું; ઘણું કરીને ચુપ અથવા ભારમાં રેહેતું હોએ એવું.

Taciternity, *n.* અબોળાપણું; મૌનત્વ.

Tack, *n.* ચૂંક; ન્હાની મેખ; બરાર; ખીલી 2 *v. t.* ટાંકા મારીને જોડવું; સાંધવું.

Tackling, *n.* વાહાણનાં દોરડાં, ડોલ વગેરે સામાન; સરંજામ. 2 ઘોડાનું હારનીસ.

Tact, *n.* યુક્તિ; કળા; કળવકળ.
Tactics, *n.* કવાયત; સૈન્ય રચના.
Taffeta, *n.* તાફતો; રેશમી ફૂલેવર ગાજ; ઝીણા કુમાસનું લ્હેરિયાંની ભાતવાળું રેશમી કપડું.
Tagrag, *n.* તુફાની-હલકા લોક; સામજી બામજી જેવા લોક.
Tail, *n.* પૂછડી; પુચ્છ; દુમ. 2 છેડો.
Tailor, *n.* દરજી; સોઈ; મેરાઈ.
Taint, *n.* દોષ; દૂષણ; બદનામી; કલંક. 2 *v. t.* રોગ-દોષ લગાડવો; અરફ્બ કરવું; બગાડવું.
Take, *v. t.* લેવું; સ્વિકાર કરવો. 2 ધરવું; પકડવું. 3 ભાડે લેવું. 4 લાગવું. 5 જાણવું; સમજવું. 6 (–away). લઈ જવું. 7 (–down) માંડી–લખી –ટાંચી મુકવું. 2 ઉતારી લેવું. 3 તોડવું; દાબવું. 4 ઉતારી–તોડી પાડવું. 8 (–in) ફસાવવું; ઠગવું. 9 (–off) ઉતારી–કાઢી લેવું. 10 (-up) ઉઠાવી –ઊંચકી લેવું; મનપર લેવું *To take place*, બનવું; થવું. To take a part, સામેલ થવું. 11 *v. i.* લાગુ પડવું–થવું; અસર થવી; કારગત લાગવું.
Taking, *a.* લોભાવે એવું.
Talc, *n.* અભ્રક; અભ્રક (ખણીજ ધાતુ).
Tale, *n.* કથા; કાહાણી; વારતા.
Tale bearer, *n.* ચાડી–ચુગલીખોર; લુતરૂં આદમી; પિશુન.
Talent, *n.* બુદ્ધિ; અકલ. 2 હુનરમંદી; હોશિયારી.
Talented, *a.* અકલમંદ; બુદ્ધિમાન.
Talisman, *n.* તલેસમ; તલેસમાત; મંત્રેલો જંતર; કોતરેલો આકાર; તાવીજ.
Talk, *n.* વાત; બોલચાલ. 2 બોલવું તે; ભાષણ. 3 ગપ; ચર્ચા. 4 *v. i.* બોલવું; વાત કરવી.
Talkative, *a.* બોલકણું; બહુ બોલું; વાતગરૂં; વાતુડું; વાચટ; લવારીખોર.
Tall, *a.* ઊંચું; ઊંચી કાઠીનું; લંબુસ.
Tallness, *n.* ઉચ્ચાઈ; ઉંચાણ.
Tallow, *n.* ચરબી.
Tallow candle, *n.* મીણબતી.
Tallow chandler, *n.* મીણબતી બનાવનાર.
Tally, *n.* તાળો; મળતું–બંધ બેસતું–જડતું–હળતું આવવું તે. 2 *v. i.* બેસતું આવવું; તાળો મળવો.
Talon, *n.* પંજો; નખ; નખોરીઆં;
Tamarind, *n.* આમલી. [ચુંગાલ.
Tamborine, *n.* ડફ; તબલો; ખંજરી.
Tame, *a.* પાળેલું; હળેલું. 2 નામર્દ; હિચકારૂં. 3 *v. t.* પાળવું. 4 વરાજેર કરવું; ઠેકાણે લાવવું.
Tameable, *a.* પાળવા જોગ. 2 વરાજેર કરવા જોગ; ઠેકાણે લાવવાજોગ.
Tamper, *v. i.* છેડવું; ચુંથવું. 2 અમસ્થું માથું ઘાલવું–મારવું. 3 કોઈને ફિટાડવા અથવા કોઈનું મન ફેરવવાને હરસે તજવીજ કરતા રેહેવું.
Tan, *v. t.* (leather) ચાંમડું સોરવું–

તૈયાર કરવું; કમાવવું; કેળવવું. 2 કાળા રંગનું કરવું; કાળાસપર લાવવું.
Tanpit, n. ખાલપા–ચમારની કુંડી.
Tangent, n. (ભૂમિતીમાં) સ્પર્શ રેષા–લીટી.
Tangible, a. લાગ્યા–અડક્યાથી માલુમ પડે–જણાઈ આવે એવું; સ્પર્શ્ય.
Tank, n. તળાવ; સરોવર. 2 ટાંકી.
Tanner, n. ચમાર; ચામડિયો; ખાલપો.
Tantalize, v. t. ચીડવવું; ઝુલાવવું; લલચાવી ટવળાવવું; ચિચવાવવું.
Tantamount, a. બરોબર; સરખું જેવું.
Tap, n. થાપટ; થબડાક. 2 v.t. થાપટ–થબડાક મારવી–લગાવવી; હલુ રહીને ઠોકવું. 3 બાકું–ભોક પાડવો; મ્હોડું કરવું. 4 ફોડવું (ફુલ્લો).
Tape, n. ફીત. 2 પાટી; નાડું.
Taper, n. પટળી–ટુંકડી મીણબત્તી. 2 a. ગૌદુમ; સાંકડું થતું થતું અણી થઈ હોય એવું; શંકવાકાર. 3 v. i. સાંકડું થતું થતું અણી જેવું થઈ રેહેવું.
Tapestry, n. બુટ્ટિ–બુટ્ટાદાર–તરેહનું કપડું.
Tar, n. ડામર. 2 ખલાસી. 3 v. t. ડામર ચોપડવો–લગાડવો.
Tardy, a. ધીમું; સુસ્ત; મંદ; ધીથું.
Tare, n. બારદાન; (a weed) જડું.
Target, n. ઢાલ. 2 નિશાન; નિશાણો.
Tariff, n. સિરખ–જકાત નામું; જકાતની તારીફ; નિરખ.
Tarnish, v. t. બટ્ટો–કલંક લગાડવું; દુષણ દેવું; ઝાંખું પાડવું. 2 ડાઘા પાડવા; ઝાંખું–મેલું કરવું. 3 v. i. મેલુ થવું.
Tarpaulin, n. તારપલી.
Tarry, v. i. રેહેવું; ઠરવું; થોભવું. 2 મોડી થઈ રેહેવું; વાત જોવી.
Tart, a. ખાટું. 2 કરડું; આકરૂં. 3 n. જેલી, મુરબ્બો વગેરે નાખીને બનાવેલી એક જાતની ઈંગ્રેજી મીઠાઈ–પુડીંગ.
Tartar, n. વાઈન દારૂનાં પીપની બાજુએ બંધાતી પોપડી. 2 દાંત ઉપર બાજતી પોપડી. 3 તિખ્ખા–તાતા મિજાજનું આદમી.
Task, n. નેમેલું–નીમી આપેલું–માથે નાખેલું–સોંપેલું કામ. 2 પાઠ; ધડો. 3 વહિત્રું; તોક. 4 v. t. કામ નીમી આપવું.
Tassel, n. ફુમતું; ઝુમખો; ઝુલ.
Taste, v. t. ચાખવું; સ્વાદ લેવો. 2 n. સ્વાદ; લેહેજત. 3 સવાદ લેવાની ઈંદ્રી; રસેંદ્રિય. 4 રસજ્ઞતા; સમજદારી. 5 શોખ; ચવ; રુચિ.
Tasteful, a. સ્વાદિષ્ટ; સવાદદાર.
Tasteless, a. બેસવાદ; ફિક્કું.
Tatter, n. ચીથરૂં; ફાટું તુટું કપડું. 2 v. i. ફારવું; ચીથરાં કરવાં.
Tattle, v. i. બકબક્વું; ગપાં મારવાં; ટાહેલું કરવું. 2 છાની વાતો ઉઘાડી પાડવી; ચાડી–ચુગલી કરવી.

Tattoo, *n* છૂંદણાં; છૂંદણાનું ચિત્ર. 2 રાતનાં વાજું-પડઘમ વજાડવું તે.
Taunt, *v. t.* મેણાં-તાણા મારવાં: ટુંપવું; ટુંપી નાખવું. 2 *n.* મેણું; આક્ષેપ.
Taurus, *n.* વૃષભ; વરખ (રાષી).
Tautology, *n.* એકનું એક ફરીથી બોલવું-કેહેવું તે; પુનરૂક્તિ.
Tavern, *n.* કલાલખાનું; પીઠું; ટાવરન.
Tawdry, *a.* તરેહવાર જાતની રંગીન બેરંગીન ચીજોને જેવી તેવી રીતે ગોઠવી દઇને બનાવેલું; ઘણુંજ દેખાવડું પણ સારી રચનાથી ગોઠવેલું નહીં એવું; ઢંગ ઢાળ વગરનું પણ ભભકાવાળું.
Tawny, *a.* બદામી; કપિલું; પિંગલ.
Tax, *n.* કર; છાપો; જગાત; વેરો. 2 *v. t.* કર-છાપો નાખવો-બેસાડવો. -(with) આરોપ મુકવો; બદનામ કરવું.
Tax gatherer, *n.* વસુલદાર; તહશીલ-જકાતદાર. [બંદી.
Taxation, *n.* કર બેસાડવો તે; જમા-
Tea, *n.* ચા; ચાહે.
Tea pot, *n.* ચાદાની; ટીપાટ.
Teach, *v. t.* શિખવવું; પઢાવવું; ભણાવવું. [શિક્ષક; ઉસ્તાદ; ગુરૂ.
Teacher, *n.* શિખવનાર; મેહેતાજી;
Teak, *n.* સાગવાન; સાગ.
Team, *n.* ગાડી વીગરેમાં જોડેલા બે અથવા વધારે ઘોડા-બેલ.
Tear, *n.* આંસું; અશ્રુ. 2 ફાટ; ચિરો. 3 *v. t.* ફાડવું; ચિરવું. 4 તોડવું; તોડી ઉખેડી નાખવું. 5 *v. i.* ફાટવું.
Tease, *v. t.* ખિજવવું; ચિડવવું; છેડવું. 2 પીંજવું; પંઝેટવું.
Teat, *n.* આંચળ; થાન. 2 સ્તનનું ટોચકું; ડીટી; ચૂંચી; બોટડી.
Technical, *a.* વિશેષવિદ્યા-કળાસંબંધી; સાંકેતીક; હરેક કામ-વિદ્યાને પોતાને લગતું; પારિભાષિક. [એવું.
Tedious, *a.* કંટાળા ભરેલું; કંટાળો આવે
Teem, *v. i.* વ્યાવું; જણવું. 2 ભરપૂર-ભરેલું-પુશ્કળ હોવું.
Teens, *n. pl.* તેરથી ઓગણીસ વરસ સુધીની ઉમર.
Teeth, *v. i.* દાંત આવવા-ફુટવા.
Teething, *n.* દાંત ફુટવા.
Teetotaler, *n.* કોઇ પણ કેફી વસ્તુ ખાવી પીવી નહી એવો ઠરાવ કરી બેઠેલું માણસ.
Tegument, *n.* બાહારની ચામડી; આવરણ; વેષ્ટન. [રફતે મોકલેલો સંદેસો.
Telegram, *n.* વીજલીના તારની મા-
Telegraph, *n.* દુર દેશોમાં સંદેશો પુગાડનાર યંત્ર; તાર; ટેલીગ્રાફ. 2 *v. t.* તારની માર્ફતે દુર દેશ સંદેશો પુગાડવો-મોકલવો.
Telegraphic, *a* ટેલીગ્રાફ-તારને લગતું 2 ટેલીગ્રાફની માર્ફતે મોકલેલું (સંદેશો).
Telescope, *n.* દુર્બીન; દૂરદર્શક યંત્ર.
Tell, *v. t.* કેહેવું; જણાવવું. 2 *v. i.* અસર થવી.

Tell tale, *n.* See Tale bearer.
Temerity, *n.* ઉછાંછળાપણું; હુલડાઈ; ઉદ્ધતાઈ; સહસકામ કરવાની વૃતિ.
Temper, *n.* સમધાત; નરમ ગરમ; ભેળ સેળ કીધાથી ઉત્પન થતો ગુણ. 2 પ્રકૃતિ; ખસલત; સ્વભાવ. 3 ગુસ્સો; આકળાપણું. 4 શાંતપણું; સાંતી; ધીરજ. 5 (of metals) પાણી. 6 *v. t.* સમધાત–નરમગરમ–માફકસર કરવું. 7 શાંત–નરમ કરવું–પાડવું. 8 પાણી પાવું. (હથિયારને).
Temperament, *n.* પ્રકૃતિ; સ્વભાવ; તબિયત; મિજાજ.
Temperance, *n.* મધ્યમપણું; નિયમમાં રહેવું તે. –(in eating) મિત–અલ્પ ભોજન; મિતાહાર –(in drinking) મિતપાન.
Temperate, *a.* નિયમિત; માફકસર; સમધાત. 2 માફકસર–અંદાજે રેહેનાર; નિયમમાં રહીને ચાલનાર. 3 ઠંડા મિજાજનું; શાંત સ્વભાવનું.
Temperature, *n.* હવા; ગરમી ઠંડીનું પ્રમાણ; શીતોષ્ણ પ્રમાણ.
Tempest, *n.* તુફાન; વાદળ; વાવાઝોડું.
Tempestuous, *a.* તુફાની; તુફાનનું.
Temple, *n.* દેવાલય; દેવળ; દેહેરું; મંદિર; એબાદતગાહ. 2 આંખની બાજુ–કાનપટ્ટી; લમણું; લવારું; નમણું.
Temporal, *a.* આ લોક–આ દુનિયાં સંબંધિ; સંસારી. 2 રાજ્ય વિષયક. 3 લમણાં–કાનપટ્ટીનું.
Temporary, *a.* થોડાવખતનું–વખત સુધીનું; થોડા દહાડાનું.
Temporize, *v. i.* વખત જોઈને વાત કરવી; વખત–વેળા–રંગ જોઈને ચાલવું–કરવું; જમાના પ્રમાણે ચાલવું.
Tempt, *v. t.* લોભાવવું; મોહ પમાડવો; ફુસલાવવું. 2 મનકરાવવું; સમજાવવું. 3 પરીક્ષા કરવી; કસવું; કસી જોવું.
Temptation, *n.* લાલચ; લોભ; મોહ. 2 લાલચમાં નાખનાર જે કંઈ તે; લોભવિષય; લાલચ.
Ten, *a.* દશ; ૧૦.
Tenable, *a.* સંભાળવા–બચાવવા જોગું; રક્ષણીય. 2 ચાલુ રહે–મળ્યા કરે એવું.
Tenacious, *a.* ચિકટ; ચિકણું; મજબુત વળગી રહે એવું. 2 ચિમડ; ચિવડ.
Tenaciousness, } *n.* ચિકટપણું. 2
Tenacity, } બાહોસ; આગ્રહ.
Tenancy, *n.* વહિવટ; ભોગવટો; કબજો.
Tenant, *n.* આસામી; ખેડુત; સાંથિયો; સાંથીડો. 2 ભાડુત.
Tend, *v. t.* ખબર રાખવી; નિગાબાની–બરદાસ્ત કરવી. 2 *v. i.* ઢળ–ઝોક ખાવો; વલણલેવી; ફંટાવું. 3 કારણ થઈ પડવું.
Tendency, *n.* ઢળ; વલણ; ઝોક; ઈચ્છા.
Tender, *a.* કુમળું; સકુમાર; કોમળ; નાજુક. 2 નરસ–પોચાં દિલનું; રેહેમદિલ. 3 *n.* હાજર કરવું તે. 4 જોઈતી ચીજ પૂરી પાડવાને આ-

થવા હરકંઈ કામ માથે લઈ કરવાને તૈયાર-રાજી છું એવું લખી જણાવવું તે અથવા જેમાં તે લખેલું હોય તે કાગળ; ટેન્ડર. 5 *v. t.* હાજર-રજુ કરવું. 6 ટેન્ડર કરવું-નાખવું.

Tenderness, *n.* નાજુકાઈ; આળાપણું. 2 કરૂણા; માયા; દયા; દાઝ.

Tendon, *n.* સંધીબંધન; જે ઝીણા-તંતુ-રેસાઓથકી સ્નાયુઓ હાડકાં સાથે વળગી રહેલી હોયછે તે.

Tendril, *n.* વેલાનો તંતુ.

Tenement, *n.* ઘર; મકાન; ઘરબાર.

Tenet, *n.* મત; ધર્મસંબંધી વિચાર.

Tenfold, *a.* દસ ગણું.

Tenon, *n.* કુસું; કૂસ; લાકડાંનું શાલ. *Tenon & Mortise*, ખીલ માકડું.

Tenor, *n.* તરેહ; ધોરણ. 2 મતલબ; ભાવાર્થ. [તાટ; તણાએલું તસતસાટું.

Tense, *n.* (વ્યાકરણમાં) કાળ. 2 *a.*

Tension, *n.* તસતસતા-તાટપણું;

Tent, *n.* ડેરો; તુંબુ. [તસતસાર.

Tentative, *n.* તપાસ; અજમાયશ. 2*a.* તપાસનું; કસાય-પરીક્ષાથાય એવું

Tenter, Tenter hook, *n.* કરચલી અટકાવવાને તાણી રાખવાની આંકડી. (કાપડને)

Tenth, *a.* દશમું; દશમ. 2 *n.* દશમો ભાગ; દશમાંશ; દશાંશ.

Tenuity, *n.* પાતળાપણું; બારીકાઈ.

Tenuous, *a.* બારીક; ઝીણું; પાતળું.

Tenure, *n.* ભોગવટો; ઉપભોગાધિકાર-(deed of) સનદ; પટ્ટો; જમીન વાપરવા-ભાડે-ઈજારે રાખવા સંબંધી કરેલી સરતનું લખત.

Tepid, *a.* કોકરવાયું; કુંકું; સુમરેટું; સુમરાયું; થોડું ગરમ; હુંફાયલું; કોકીલું.

Term, *n.* મર્યાદા; સીમા. 2 શબ્દ; નામ; સંજ્ઞા. 3 મુદત; વખત. 4 પાઠશાળામાં શિખવાસારૂ હાજરી ભરવાના દહાડા. 5 (*terms*) બોલી; શરતો. 6 બોલચાલ; વેહેવાર. 7 *v.t.* નામ આપવું-પાડવું.

Termagant, *n*, કરકશા; દુષ્ટ સ્ત્રી; તુફાની-તુંદમીજાજી ઓરત; કોકટ.

Terminable, *a.* હદ-સીમા બંધાઈ શકાય એવું; છેડો આણી શકાય એવું.

Terminal, *a.* છેડા-અંતનું; છેવટનું.

Terminate, *v. t.* સીમા-મર્યાદા-હદ બાંધવી. 2 સમાપ્ત-ખતમ-આખર-પૂરૂં કરવું. 3 *v. i.* સમાપ્ત-ખતમ થવું; છેડો આવવો.

Termination, *n.* છેડો; અંત; શેવટ; અવધી. 2 છેડનો અક્ષર; અંત્યાક્ષર.

Terminus, *n.* અંત; છેડો; સીમા.

Terrace, *n.* અગાસી; ધાબું.

Terrestrial, *a.* પૃથ્વીનું; ભૂલોક સંબંધી.

Terrible, *a.* ધ્રુજાવી-થથરાવી-એ બતાવી નાખે એવું; ભયાનક. 2 ઘણુંજ સખત; કરડું.

Terrier, *n.* એક જાતનો ન્હાનો શિકારી કુતરો. [ભયાનક.
Terrific, *a.* થથરાવી નાખે એવું;
Terrify, *v. t.* ડરાવવું; બીહીવડાવવું; થથરાવી-ધ્રુજાવી નાખવું.
Territorial, *a.* અમલ તળેના દેશાનું;મુલકી;રાષ્ટ્રીય. [-મુલક; રાજ્ય.
Territory, *n.* અમલ તળેનો દેશ
Terror,*n.*ધાસ્તી; ભય; ત્રાસ. 2 ત્રાસ -ભયહેતુ;બીક-ધાસ્તીનો સબબ.
Terse, *a.* ખુબીવાળું પણ ટુંકું.
Tertian, *a.* દર ત્રીજે દહાડે થતું-બનતું-આવતું; ત્રીજે દાહાડેનું. 2 *n.* ત્રીજે દાહાડાને આંતરે આવતો તાવ; એક આંતરિયો તાવ.
Test, *n.* પરખ; પરીક્ષા; કસોટી. 2 કુલ્લી. 3 *v. t.* પારખવું; કસવું.
Testament, *n.* મૃત્યુપત્ર; વસિયતનામું. 2 ખ્રિસ્તી ધર્મના પુસ્તકનો દરેક ભાગ; કરાર, જેમકે old testament, જુનો કરાર.
Testator, *n.* વસિયતનામું કરનાર.
Testatrix, *n.* વસિયતનામુ કરનારી.
Tester, *n.* પલંગની છત્રી.
Testicle, *n.* વૃષણ; આંડવો; ખાયો.
Testify, *v. t.* સાહેદી-શાક્ષી આપવી. 2 ખરૂં છે એવું ખાતરીથી લખી આપવું અથવા કેહેવું.
Testimonial, *n.* આબ્રૂ-માનપત્ર. 2 ખાતરીનું પત્ર; સરટીફીકેટ.

Testimony, *n.* સાહેદી; પુરાવો; સાખ; ગવાહી; જબાની.
Testy, *a.* દાધારંગું; ચિહિડિયું.
Tetanus, *n.* (*Med.*) ઘા અથવા જખમ થવા પછે થતું એક દરદ જેથી ઘણું કરી મોત નીપજેછે.
Tether, *n.* હેવાન અથવા પશુઓનાં ગળાંમાં બાંધેલી સાંકળ-દોરી; ગાલીવું. 2 *v. t.* હેવાન અથવા પશુઓને ચરવા મુકતી વખતે તેમનાં ગળામાં સાંકલ-દોરી બાંધવી; ગાલીવું બાંધવું.
Tetrad, *n.* ચોકડી; ચારની સંખ્યા.
Tetragon, *n.* ચતુષ્કોણ; ચોખૂણ.
Text, *n.* મુળ ગ્રંથ; મૂળ; અસ્સલ. 2 બાઈબલમાનું વાક્ય-વચન;પ્રતીક.
Textile, *a.* વણેલું અથવા વણાય એવું; વણીને બનાવેલું.
Texture, *n.* કુમાશ; પોત. 2 બનાવટ; વણત. 3 તાકો; થાન.
Than, *ad.* or *con.* કરતાં; થી.
Thank, *n.* પાડ; આભાર; ઉપકાર માનવાનો શબ્દ. 2 *v. t.* અહેશાન -ઉપકાર-પાડ માનવો; શુકર કરવી.
Thankful, *a.* ઉપકારી; ઓશિંગણ; કૃતજ્ઞ; પાડીલું.
Thankfulness *n.* શુકર ગુજારી.
Thankless,*a.*અવગુણીલું;બેકદરૂં;કૃતઘ્ન
Thanksgiving, *n.* શુકરાના; ઉપકાર માનવો-જણાવવો તે. 2 ઉત્સવ; કૃતજ્ઞતા દર્શન.

That, *pron.* તે; પેલું. 2 *conj.* કે.
Thatch, *n.* ઝાવલીનું છાપરૂં; છાજ. 2 *v. t.* ઝાવલીનું છાપરૂં કરવું; છાવું.
Thatcher, *n.* છપ્પરબંદ; છાજનાર; છાનાર. [કામ.
Thatching, *n.* છપ્પરબંદી; છાવણ
Thaw, *n.* બરફનું પીગળવું-પાણી થવું તે. 2 *v. t. & v. i.* પીગળવું; પાણી થવું; ગળી-ઓગળી જવું.
The, *art.* તે.
Theatre, *n.* નાટક ગૃહ-શાળા; થીએટર; રંગ ભૂમિ; અખાડા.
Theatric, Theatrical, *a.* નાટક ગૃહને લગતું -ના જેવું.
Theatricals, *n. pl.* નાટક.
Thee, *pron.* તને; તુને.
Theft, *n.* ચોરી. 2 ચોરીનો માળ.
Their, *pron.* તેઓનું; તેમનું; એમનું.
Theism, *n.* ઈશ્વર છે એવું મત-વાદ; આસ્તિક્ય મત; ખોદાપરસ્તી.
Theist, *n.* ઈશ્વરવાદી; આસ્તિક; ખોદાપરસ્ત.
Them, *pron.* તેમને; તેઓને.
Theme, *n.* પ્રકરણ; વિષય. 2 ન્હાનો સરખો ગ્રંથ-પ્રબંધ; ભાષણ.
Then, *ad.* ત્યારે; તારે; એટલે. 2 પછી. *Now & then* કધીમધી; રહી રહીને; વારંવાર; જ્યારે ત્યારે; કોઈ કોઈ વખત.
Thence, *ad.* ત્યાંથી; તાંહાંથી; તે જગ્યાથી. 2 ત્યારથી; તે વખતથી. 3 તેટલા વાસ્તે-માટે; તેને લીધે; તેથી.
Thenceforth, Thenceforward, *ad.* ત્યારથી; તે વખતથી. [ત્ય.
Theocracy, *n.* ઈશ્વરનું-ઈશ્વરકર્તૃક રાજ્ય.
Theologian, *n.* બ્રહ્મ-પરમાર્થજ્ઞાની; ઈશ્વર શાસ્ત્ર વેત્તા-જ્ઞાની. [સંબંધી.
Theological, *a.* ઈશ્વર શાસ્ત્ર જ્ઞાન
Theology, *n.* દેવજ્ઞાન; ઈશ્વર વિદ્યા -શાસ્ત્ર.
Theorem, *n.* સિદ્ધાંત (ભૂમિતિમાં).
Theoretical, *a.* કલ્પનાનું; કાલ્પનિક; વેહેવારમાં ન આવેલું.
Theory, *n.* કલ્પના; તર્ક; અનુમાન. 2 ઉપપત્તિ; શાસ્ત્રાર્થ. 3 કોઈ પણ વિદ્યાના નિયમો.
Therapeutic, *a.* રોગ સમાવનાર; રોગ સારો કરવાનું; રોગ નિવારક. 2 *n. pl.* રોગની પરીક્ષા કરવાની અને તે ઉપર ઓસડ આપવાની વિદ્યા.
There, *ad.* તાંહાં; ત્યાં; હેણે.
There about, There abouts, *ad.* તે જગ્યાતરફ. 2 સુમારે તેટલું; લગભગ તેટલું. 3 તેટલાકમાં.
Therefore, *ad.* તેથી; આને લીધે; તેટલાસારૂ-માટે-વાસ્તે.
Thereof, *a.* તે તરફનું; તાંહાંનું; તેમાંનું; તેમાંથી.
Thereon, *ad.* તે ઉપર.
Thereupon, *ad.* તે ઉપરથી.
Thermometer, *n.* તાપ-ગરમી માપવાનું યંત્ર; શીતોષ્ણ માપક યંત્ર; થર્મામીટર.

Thesis, *n.* પૂર્વ પક્ષ; પ્રતિજ્ઞા; વિષયનું મંડાણ; બાબતની મૂળ મતલબ. 2 નિબંધ. [લોકો; માણસો.

They, *pron.* તેઓ; તેવણ; એઓ;

Thick, *a.* ઘાટું; જાડું; ઘટ્ટ; દળદાર; ઘન. 2 ડોળાયલું; ગદલું. 3 ખિચોખિચ ભરેલું. 4 *ad.* ઉપરા ઉપરી. 5 ખચોખચ; ખિચોખિચ.

Thicken, *v. t.* ઘાટું–જાડું–ઘટ્ટ કરવું; બાંધવું (દૂધ, પાણી, વગેરે). 2 *v. i.* જાડું–ઘટ્ટ–ઘાટું થવું; બંધાવું.

Thicket, *n.* ઝાડી; ઝુડુપ; કુંજ.

Thickly, *ad.* પાસે પાસે; ખીચોખીચ.

Thickness, *n.* જાડાઈ; ઘાડાપણું; ઘટ્ટપણું; દળદારી; દળ.

Thief, *n.* ચોર; ચોરી કરનાર; તસ્કર.

Thieve, *v. t.* ચોરી કરવી; ચોરવું.

Thievish, *a.* હાતે ચમઠીવાળું; જેને ચોરી કરવાનો ખવાસ પડી ગયો હોય એવું; ચોટ્ટું.

Thigh, *n.* જાંગ; થાપો; રાન.

Thimble, *n.* અંગોઠી; અંગુઠી.

Thin, *a.* } પાતળું; બારીક; ઝીણું.
Thinly, *ad.* } 2 છુટું છુટું; આછું આછું; આછે આછું. 3 પાતળાંગવું; દુબળું; સુકું; એકવડી કાઠીનું.

Thine, *a.* ત્હારૂં; તારૂં; તમારૂં.

Thing, *n.* વસ્તુ; ચીજ; પદાર્થ; જિનસ. 2 વાત; વિષય; બાબદ. 3 હિસાબ ગણતીમાં નહી એવી ચીજ.

Think, *v. t.* વિચારવું; વિચાર કરવો; કલ્પના કરવી; મનમાં લાવવું; 2 ગણવું; માનવું; લેખવું; સમજવું. 3 *v. i.* યાદ આવવું. 4 ચિંતવું; ચિંતન કરવું. 5 સમજવું; લાગવું; ભાસવું. 6 જોવું; તપાસવું; વિચાર કરવો; વિચારમાં લેવું; ધારવું. [બારીકાઈ.

Thinness, *n.* પાતળાપણું; પાતળાઈ;

Thinskinned, *a.* પાતળી ચામડીનું. 2 જેને જરાજરામાં લાગીઆવે એવું.

Third, *a.* તીજું; ત્રીજું. 2 *n.* તીજો હિસ્સો–તૃતીયાંશ; તીજાઈ.

Thirst, *n.* પ્યાસ; તરસ; સોખારી; સોસ; તૃષા. 2 તૃષ્ણા; ચવ; વખવખ. 3 *v. i.* તરસ લાગવી; તરસે થવું; સોખારી છુટવી. 4 તરસવું; વખવખવું.

Thirsty, *a.* તરસીઉં; તરસું થએલું; પ્યાસું. 2 વખવખ કરતું; ટળવળતું. *blood thirsty,* ખુનરેજ; ખુનખ્વાર; લોહીનું તરસ્યું–પ્યાસું.

Thirteen, *a.* તેર; ૧૩.

Thirteenth, *a.* તેરમું; ૧૩ મું.

Thirty, *a.* તીસ; ત્રીસ; ૩૦.

This, *a.* આ; એ.

Thistle, *n.* કાંટાનું ઝાડ.

Thither, *ad.* તાંહાં; પેલીતરફ; ત્યાં.

Thong, *n.* ચાંમડાની વાધરી; ચર્મપટ્ટી.

Thorax, *n.* છાતી; ઉર; વક્ષસ્થલ.

Thorn, *n.* કાંટો; કંટક. 2 કાંટાનું ઝાડ; કંટકવૃક્ષ. 3 See Pest Plague.

Thorn apple, *n.* ધતુરો; ધંતુરો.

Thorny, *a.* કાંટા ભરેલું; કંટારિયું; કંટાર; કાંટા કાંટાવાળું. 2 કંટાળા ભરેલું; સતાવે એવું. [પાર જનારું.

Thorough, *a.* પૂરૂં; પુરતું; પક્કું. 2 આર-

Thoroughbred, *a.* ઉંચી તોખમના (ઘોડા–ઘોડી) થી પેદા થએલું; જાતવાન. [સરિયામ–ધોરીરસ્તો.

Thoroughfare, *n.* પાદશાહી રસ્તો;

Thoroughgoing, *a.* બધી વાતમાં પૂરૂં; બધુંજ કરે એવું. [રીતે.

Thoroughly, *ad.* સારી પઠે; પુરતી

Thou, *pron.* તું. 2 *v. i.* તુંતાં કરીને બોલવું; ઘરોબા અથવા ઘેરવટથી બોલવું. [યદ્યપી; તોપણ; જોકે.

Though, *conj.* જોપણ; અગરજો;

Thought, *n.* વિચાર; મનન. 2 કલ્પના; તર્ક; ભાન; ભાસ. 3 મનસુબો; ઇરાદો. 4 કાળજી; ચિંતા; અંદેશો.

Thoughtful, *a.* વિચારવંત; વિવેકી. 2 ચિંતાતુર; કાળજીવાળું; દરદી; વિચારમાં હોય તેવું. [બેફિકર.

Thoughtless, *a.* અવિચારી; બેદરદી;

Thoughtlessness, *n.* અવિચાર; અવિ-

Thousand, *a.* હજાર; સહસ્ત્ર. [વેક.

Thralldom, *n.* ગુલામગિરી; દાસાવસ્થા; દાસત્વ.

Thrash, *v. t.* ઝાટકવું; ખાંડવું; ઝુડવું. 2 મારવું; ઠોકવું; ઝપેટવું; ડફેરવું.

Thrashing floor, *n* ખળી; અનાજ ખાંડવા–ઝુડવાની જગ્યા.

Thread, *n.* દોરો; સુતર; ધાગો. 2 તાર; રેસો; તંતુ. 3 આંટો; પેંજ (ધરાકોરનો). 4 અનુસંધાન; સંબંધ; કોઈ લાંબા વિષયનો આગળ પાછળનો પરસ્પર જે સંબંધ તે. 5 *v. t.* દોરો પોવો–પરોવવો.

Thread bare, *a.* તારે તાર દેખાય એટલું ઘસાઈ ગયલું. 2 ચવાઇને કુચો થઈ ગયલું; સાધારણ થઈ ગયલું.

Threat, *n.* ધમકી; ધબકી; ધાક; ભય.

Threaten, *v. t.* ભય–ધાક દેખડાવવો; દબડાવવું; કરાની બ્હીક–ધાસ્તી રહેવી; ભય–મો લાગવો.

Threatening, *a.* દબડાવતું; ધમકી–ધાક બતાવતું; ડર ઉત્પન્ન કરે—ધાસ્તી ઉપજાવે એવું. 2 આપ કંઈ આવી પડશે એવી દેહેશત આપતું.

Three, *a.* તણ; ત્રણ; ૩.

Threefold, *a.* તણગણું; ત્રમણું.

Three score, *n.* ત્રણ કોડી; ૬૦; સાઠ.

Thresh, *v. t.* See Thrash.

Threshold, *n.* ઉંબર; ઉમરો. 2 દરવાજો; બારણું; દ્વાર; આંગણું; દેવડી. 3 દાખલ થવા અથવા શરૂ કરવાની જગ્યા–ઠેકાણું. 4 આરંભ; મંડાણ.

Thrice, *ad.* ત્રણવાર; ત્રણ વખત.

Thrift, *n.* તપાસીને–કરકસરથી વાપરવું–ખરચવું તે. 2 ચઢતી.

Thrifty, *a.* માફકસર ખરચ કરનાર; કરકસરીઓ.

Thrill, *v. t.* ભોકવું; વિંધવું; અંદર દાખલ–પેવસ કરવું. 2 *v. i.* ઝઝણી –ઝંઝણી ભરાવી.

Thrive, *v. i.* આબાદ થવું; ચઢતી થવી; વધવું; સુખી થવું. 2 જોર–બલ પકડવું.

Throat, *n.* ગળું; ઘાંટી; કંઠ; હલક.

Throb, *v. i.* ઠણકવું; ઠણઠણવું; ઉડવું; ધબકવું; ધડક ધડક થવું.

Throe, *n.* ગર્ભ વેદના; પ્રસવ વેદના.

Throne, *n.* ગાદી; સિંહાસન; તખ્ત. 2 *v. t.* ગાદીપર બેસાડવું; તખ્તનશીન કરવું.

Throng, *n.* ઠઠ; ભિડ; જમાવ; દાટી. 2 *v. i.* ભરાવું; જમવું; ઠઠ મળવી.

Throttle, *v. i.* દમ રૂંધાવો; ગુંગળાવું.

Through, *prep. & ad.* આરપાર. 2 માંહે–અંદર–મધ્ય થઈને. 3 મારૂફતે; દ્વારે; યોગ્યે કરીને. 4 અવલથી તે આખર સુધી. 5 આખર–પૂરૂં થાય ત્યાંસુધી.

Throughout, *ad. & prep.* એક છેડુથી બીજે છેડે સુધી–પર્યંત; બધેબંધ; દરોબસ્ત; ચોમેર.

Throw, *v. t.* See Hurl. 2 ફેંકવું; ઉરાડવું. 3 લપેટવું; જેમ તેમ પેહેરી લેવું. 4 નાખવા (પાસા). 5 કાહાડી નાખવું; ઉતારી મેલવું. 6 ઝીકવું; પાડવું; બિછાવી દેવું; પટકવું. 7 –(away) મુર્ખાઈ અથવા બેદરકારીથી ખોઈ બેસવું; ઉડાવવું; રદ કરવું. 8 –(down) ભાંગી પાડવું; ભાંજી નાખવું. 9 –(in) અંદર રેડવું–નાખવું. 10 –(off) કાહાડી મુકવું; દુર કરવું. 11 *n.* (of dice) પાસા નાખવા તે. 12 ડાવ. 13 હરેક ચીજ ઉરાડી નાખતાં જેટલે દૂર તે જાય તેટલું છેટું– અંતર.

Thrum, *n.* આંતરી. 2 *v. t.* તાર કાઢીને ગુંથવું. 3 *v. i.* વગર આવડતે વાજીત્રના તાર ઉપર આંગળાં ફેરવી વગાડવું.

Thrush, *n.* એક જાતનું ગાતું પક્ષી; એક જાતની મેના; મદનસારિકા.

Thrust, *v. t.* ઠેકેલવું; ઠેલવું. 2 દાબીને ખોસવું–ઘાલવું–ઘુસારવું. 3 ભોકવું.

Thug, *n.* ફાંસિયો; ઠગ.

Thumb, *n.* અંગુઠો; અંગોઠો (હાથનો). 2 *v. t.* આંગલાંના ડાઘ પાડવા.

Thump, *n.* ઠોકો; ધબકારો; કોઈ જાડી વસ્તુ ઉપર સોટા અથવા હથોડાથી મારેલો ફટકો. 2 ધમકો; મુક્કો. 3 *v. t.* ધમકો–ઠોકો–ફટકો મારવો.

Thunder, *n.* મેઘ ગર્જના; ગગડાટ. 2 ગર્જના; ધડાકો; કડાકો. 3 બીહીએભકી જાય એવી ધમકી–ધાસો. 4 *v. t.* બખડાવીને–ધમકાવીને બોલવું–કેહેવું–જાહેર કરવું. 5 *v. i.* ગર્જના–ગગડાટ થવો; ગાજવું; ગરજવું; ગગડવું. 6 ભારી અવાજ–ધડાકો–કડાકો થવો.

Thunderbolt, *n.* વીજ;વીજળી;વિદ્યુત.
Thunderer, *n.* ગર્જનાર;ગર્જનાકરનાર.
Thunderstruck, *a.* છક-દંગ-વિસ્મિત-સ્તબ્ધ થયલું. [તવાર.
Thursday, *n.* ગુરૂ-બૃહસ્પત-બેસપ-
Thus, *ad.* એમ; આમુજબ-પ્રમાણે.
Thwart, *v. t.* નડ-હરકત કરવી; આડે આવવું; વાંધો નાખવો; નડવું.
Thy, *pron.* ત્હારૂં; તમારૂં. [મેળે.
Thyself, *pron.* તું પોતે; તું ખુદ; તારી
Tiara, *n.* મુગટ; મુગુટ; તાજ.
Tibia, *n.* પગનો નળો-નળી.
Tick, *n.* આંટ; શાખ; ઉધાર. 2 ચિમાડી; ગોચડી; બગાઈ; ગીંગોડું. 3 ઓળિયું (તળાઈનું). 4 ટિક ટિક થતો અવાજ. 5 *v. i.* ટિક ટિક અવાજ થવો-વાગવું (ઘડિયાળ.)
Ticket, *n.* ચિઠ્ઠી; ચકતી; ટિકેટ.
Tickle, *v. t.* ગિલીઘાલવી; ગિલીપચી-ગીલી કરવી. 2 જરાજેવું કંઈ કરીને ખુશી-બાગબાગ કરવું.
Ticklish, *a.* જેને ગિલીપચી જલદીથી થઇ જાયછે તેવું. 2 જરા અડક્યાથી તુટી પડી ભાંગી જાય તેવું; પડુ પડુ થઈ રહેલું.
Tide, *n.* ભરતી-ઓટ. Flood Tide, ભરતી; વીળ. Ebb Tide, ઓટ. Spring Tide, ઉધાન. Neap Tide, ભાંગ. 2 પ્રવાહ; ફ્હેર. 3 *v. t.* ભરતી ઓટ અનુકૂલ હોય ત્યારે વહાણ બારામાંથી બહાર હંકારવું ને અનુકૂલ ન હોય તો લંગર કરવું.
To tide over a difficulty, આફતમાંથી તરી નિકળવું. [સમાચાર.
Tidings, *n. pl.* ખબર; વર્તમાન;
Tidy, *a.* ઠીકઠાક; સુઘ્રિયાનું; સુતર.
Tie, *n.* ગાંઠ; બંધ; બંધન; કસ. 2 નાતું; બંધાણ. 3 બે પદાર્થોને સાથે પકડી-જોડી રાખનાર લાકડા અથવા લોહોડાનો સળિયો-લાકડો. 4 બંધે બારદુ તરફ સરખા મત. 5 *v. t.* બાંધવું; ગાંઠ વાળવી-વો; ગાંઠવું.
Tier, *n.* હાર. (એક એકની ઉપર ગોઠવેલીહોય એવી, જેવીકે બેઠકોની હાર.)
Tiff, *n.* દારૂ. 2 બોલાચાલી; ટંટો.
Tiffin, *n.* ફરાળ; ચવેણું; ઉપહાર;
Tiger, *n.* વાઘ; શાર્દૂલ. [ટિફિન.
Tight, *a.* તંગ; તાટ; તણાતું. 2 જુસ્સ; ગસ્ચ; સજ્જડ. 3 બંધિયાર; ફાટ અથવા કાણું નહી હોય એવું; સાબુત. 4 બેસતું આવે તેવું. 5 કંજૂસ.
Tighten, *v. t.* ખેંચી-જકડી-તાણીને મજબુત બાંધવું. 2 ગસ્ચ કરવું; ચપટ બેસાડવું.
Tightness, *n.* તાટપણું. See Tight.
Tigress, *n.* વાઘેણ. [છાપરૂં ચાળવું.
Tile, *n.* નળિયું. 2 *v. t.* નળિયાં ચઢાવવાં;
Tiler, *n.* છાપરાં ચાલનારો; ચાળો.
Tiling, *n.* નળિયાં ચઢાવેલું-ચારેલું છાપરૂં. 2 નળિયાં.

Till, *v. t.* ખેડવું; ખેતી કરવી. 2 *prep.* or *ad.* લગણ; સુધી; તલક; લેર. 3 *n.* ગલ્લો; વકોરો.
Tilage, *n.* ખેડ; ખેતી; જમીન ખેડવાનું કામ-કળા; જમીનને ખેડવી, તૈયાર કરવી, તેમાં બી વગેરે વાવી તેમાં ખાતર પુરવું, તેની આસપાસ ઉગતા નકામા પાલાને કાહાડી નાખવા વગેરેનું કામ.
Tilled, *pp.* ખેડેલું. *tilled land*, ખેડાણ જમીન.
Tiller, *n.* ખેડનાર; ખેડુત. 2 સુકાનનો હાથો.
Tilt, *v. t.* એક છેડેથી ઉચકી નમેલું રાખવું; કોરવાંકું કરવું; નમાવવું. 2 ભોકવું; ઘોચવું. 3 *v. i.* ઘોડે બેસી ભાલાબાજી કરવી-રમવી. 4 નિમચા, ગુપતી અથવા નાહની તરવારથી લડવું. 5 આંગપર ધસવું-ધસી જવું. 6 *n.* ભાલાબાજી. 7 પડદો; ચંદની; છતર. (ગાડી ઉપર અથવા મછવા ઉપર બાંધેલું).
Timber, *n.* ઈમારત, વહાણ, સામન વગેરે બનાવવાના કામનું લાકડું. 2 વેહેરેલાં-રોંધેલાં-તૈયાર કરેલાં લાકડાં-પાટિયાં.
Timbrel, *n.* ડફ; ખંજરી; મુરદંગ; પખવાજ; ઢોલક.
Time, *n.* કાળ; સમય; વખત; વેળા. 2 મુદત; ઐયામ; હિંગામ; વખત. 3 આયુષ્યકાળ; જીંદગીનો વખત. 4 જમાનો; કાળ; સમો. 5 ચાલુ જીંદગી; આ જન્મ-ભવ. 6 ખેપ; વાર. 7 ગત; તાલ (ગાયનમાં).
Timely, *a.* & *ad.* વખતસર; સમયોચિત; બરવક્ત.
Timepiece, *n.* ઘડિયાળ; કાળયંત્ર.
Timeserving, *a.* સમયાનુસારી; વખત જોઇને ચાલનાર.
Timid, } *a.* બીકણ; હિચકારૂં.
Timorous, } નાહિમ્મત; ભીરૂ; પચકણ.
Timidity, *n.* હિચકારાપણું; બીકણપણું.
Tin, *n.* કલાઈ; કહલૈ. tin plate, કહલૈ લગાડેલું લોહાડાંનું પત્રું. 2 પૈસા; નાણું. 3 ટીન-પત્રાનો ડબ્બો. 4 *v. t.* કલાઈ કરવી-ચઢાવવી.
Tincal, *n.* ટંકણખાર.
Tinfoil, *n.* કહલૈનો વરખ.
Tincture, *n.* See Tinge. 2 અરક-દારૂમાં પીગળાવી રાખેલી, દવા; અર્ક; ટિંકચર.
Tinge, *n.* છાંટ; રંગ; પાસ; આભાસ. 2. લિજ્જત; સ્વાદ. 3 *v. t.* છાંટ દેવી; પાસ દેવો; છાંટ દેખાય એમ કરવું.
Tinder, *n.* દીવાસલીના જેવી જલદી સળગી ઉઠનાર કોઈ વસ્તુ.
Tingle, *v. i.* ભણભણવું; ઝણઝણવું; ઝણઝણ બોલતું હોય એમ લાગવું. 2 ઝઝણી આવવી-ભરાવી-છુટવી.
Tinker, *n.* કંસારો; ત્રાંબાં પિત્તલ વગેરેનાં વાસણો સમારનાર-સાંધનાર.
Tinkle, *v. i.* ઝણઝણ કરવું; ખણ-

ખણુ-છણછણ વાગવું; ખણખણવું. 2 *n.* ખણખણાટ; ખખડાટ.

Tinman, *n.* કલઈનાં વાસણ બનાવનાર. 2 કલાઇનો સામન પત્રાં વગેરે વેચવાનો ધંધો કરનાર.

Tinner, *n.* કહલાઇની ખાણ ખોદનાર. 2 કહલાઈગર.

Tinning, *n.* કહલાઈ કરવી તે અથવા કહલાઇના પત્રાં લગાડવાં-ચઢાવવાં તે. 2 એવી રીતે ચઢાવેલી-લગાડેલી કહલઈ અથવા કહલઇનું પત્રું.

Tinsel, *n.* ખોટો કલાબતુ-કસબ. 2 એક જાતની ખોટી ફીત.

Tint, *n.* રંગ. 2 છાંટ; પાસ. [નાહાનું.

Tiny, *a.* ચિણકુલું; ન્હાનું; છોટું; છેક

Tip, *n.* અણી; ટોંક; ટોંચ; નોક. 2 (*of the ear*) કાનનું ચાપકું. 3 –(of the tongue) ટેરવું. 4 *v. t.* અણી કરવી; નોક કાહાડવી.

Tipcat, *n.* ગીલીદાંડા અથવા દડાની રમત. [નિશાબાજી કરવી.

Tipple, *v. i.* અતીસેં દારૂબાજી-

Tippler, *n.* દારૂડિયો; મસ્ત; દારૂબાજ; છાકટો.

Tippling, *n.* દારૂબાજી; નિશાબાજી; વિશાખોરી; છાકટપણું.

Tipplinghouse, *n.* પીઠું; કલાલખાનું.

Tipsy, *a.* મસ્ત; પીધેલ; છાકટું.

Tiptoe, *n.* પગના અંગોઠાનું ટેરવું.

Tiptop, *a.* ઘણુંજ ઉમદા-સરસ; સર્વોત્તમ.

Tirade, *n.* ઠોક; ભાવન; વેણ; વચણ. મ્હેણું; કડવા બોલ.

Tire, *v. t.* દમાવવું; થકાવવું. 2 કંટાળો આપવો. 3 *v. i.* થાકી-દમી જવું. A tire of a wheel, પૈડાની વાઠ.

Tired, *pp.* or *a.* થકેલું; દમેલું.

Tiresome, *a.* થકાવી-થાકવી નાખે-થાકી જવાય એવું. 2 કંટાળા ભરેલું; કંટાળો ઉપજાવે એવું; બેજાર કરે-થઇ જવાય એવું.

Tissue, *n.* જર; જરી-કસબી કપડું; કિનખાબ; તમામી. 2 ફુલઘુટ્ટાવાળું-તરેહવાર કપડું-વસ્ત્ર. 3 હારની હાર સલંગનું સલંગ. *Tissue paper*, પુસ્તકોમાં ચિત્રોની ઉપર જે ઘણુંજ બારીક અને પાતળું કાગલ મૂકવામાં આવેછે તે.

Tit, *n.* સ્તનની ડીચકી; ચુંચિ. 2 ન્હાનું ઘોડું; ટટવાણું. 3 ટિચકી ચિડી.

Tit for tat, અદલાનો બદલો; જેવાનો તેવો બદલો; જેવા સાથે તેવા થવું તે.

Tithe, *n.* દસમો હિસ્સો; દશાંશ.

Titillate, *v. i.* ગિલીપચી કરવી; ગિલી ઘાલવી. [ગિલી.

Titillation, *n.* ગુદગુદી; ગિલીપચી;

Title, *n.* ઓબ્બર; અટક. 2 નામ લેખ. 3 સદર; શા વિષય ઉપર પુસ્તક રચેલું છે અથવા પુસ્તકનો મચકુર શો છે અથવા તેનું નામ

શું છે તે જણાવવાને માટે પુસ્તકનાં પેહેલાં પૃષ્ઠ ઉપર જે મથાળું મુકવામાં આવેછે તે મુખ્ય પત્ર; વિષયોદેરા. 4 હક્ક; દાવો; એલાઓ. 5 પ્રતિષ્ટા નામ; કિતાબત; એલકાબ; ખિતાબ.

Title-deeds n. ખત પત્ર; કબાલા.

Title page, n. જે સફા–પૃષ્ઠ ઉપર ગ્રંથનું નામ વગેરે લખેલું હોયછે તે સફા–પૃષ્ઠ; ગ્રંથ નામ પૃષ્ઠ; ઉદ્દેશ પૃષ્ઠ.

Titter, v. i. હિહિ–હાહા કરવું; ખડખડ હસવું. [કગરસ.

Tittle, n. લેશ; આચું; રજ; કણ;

Tittle tattle, n. બકબક; ગપ્પ; સટાકો; લવલવ; ખોટો લવારો.

Titular, a. નામનું; ફક્ત નામનું.

Titulary, n. ખિતાબી હોદ્દેદાર; ખિતાબની રૂએ જે હોદ્દો ધરાવતો હોય તે હોદ્દેદાર.

To, prep. ને. 2 તરફ; પાસે; કને; સોડ. 3 તુલીક; સુધી; લગી. *To and fro*, અહિંતહીં; ઇહાંત્યાંહાં. *To one's face*, મોહોડાં ઉપર; સમક્ષ; રૂબરૂ; મોહોડે ચઢીને.

Toad, n. ટોડ નામનો મોહોટો દેડકો.

Toadstool, n. See Mushroom.

Toady, a. ટુકડાખોર; ખુશામતિયું.

Toast, n. ભુંજેલી–સેકેલી પાંઉની કાતરી;(*dry toast*)ભુંજી–સેકી તે ઉપર માખણ લગાડેલું હોય એવી કાતરી; (*soft toast*) તાવેલા માખણમાં અથવા કોઈ પ્રવાહી પદાર્થમાં બોળેલી પાંઉની ભુંજેલી કાતરી. 2 દારૂ પીતી વખતે જેની તંદરૂસ્તી–સલામતી ચાહી હોય તે; તોસ્ટ. 3 v. t. ભુંજવું; સેકવું.

Tobacco, n. તંબાકુ; તમાખુ; જરદો.

Today, ad. આજે 2 n. આજ; આજનો દિવસ.

Tody, n. તાડી.

Toe, n. (the great) પગનો અંગુઠો. (little) પગની આંગળી.

Together, ad. મળીને; સાથે; ભેગાં. 2 એકંદર; એકત્ર. 3 એક ઠેકાણે; સામટું. 4 એકી વેરેજ; એકદમ. *Together with*, સાથે; સહિત; સુદ્ધાં.

Toil, n. સખત મેહેનત; શ્રમ; કષ્ટ; મરાગત; આયાસ; માથાફોડ; ખટપટ. 2 v. i. મેહેનત–મરાગત–મજુરી કરવી; કષ્ટ ખેંચવું.

Toilet, n. ચેહેરો, બાલ વીગેરે સીણગારવાની જીનસો અને તેને લગતું સઘળું કામ–ખટપટ.

Toilsome, a. માથાફોડિયું; મેહેનત–કષ્ટનું.

Token, n. નિશાન; ચિન્હ; અલામત; લક્ષણ.2યાદગારી;એંધાણી;ઇંધાણી

Tolerable, a. સોસવા–ખમવા જોગું; બરદાસ્ત કરી શકાય તેવું; સહ્ય. 2 ચાલી–કામ લાગી શકે એવું; માફકસર; કામચલાઉ;ઠીક; મધ્યમ.

Tolerance, *n.* કનવાર–ખણખોચ નહી કરવાનો સ્વભાવ–તબિયત.
Tolerant, *a.* કનવાર નહી કરવાના સ્વભાવવાળું; કરે તેમ કરવા દે એવું.
Tolerate, *v.t.* મનાઇ–અટકાવ કરવો નહી; ચાલે તેમ ચાલવા–કરે તેમ કરવા–થાય તેમ થવા દેવું; છૂટ મૂકવી.
Toleration, *n.* ક્ષમા; સહનશીલતા; છૂટ લેવા દેવી તે; કનવાર ન કરવી તે. 2 ધરમની વાતમાં જેમ જેની નજરમાં આવે તેમ તે કરે તેવું થવા દેવું; અપ્રતિબંધ.
Toll, *n.* કર; જકાત; મેહેસુલ; દાણ; હાંસલ. 2 રહી રહીને–થોડ થોડ વારે થતો અવાજ. 3 *v. t. & v. i.* રહી રહીને–થોડ થોડ વારને આંતરે વગાડવું–વાગવું. [ગણું; ટામેટો.
Tomato, *n.* વેલાતી (અમેરિકન) વ-
Tomb, *n.* મુડદાંને દાટવાનો ખાડો; ઘોર. 2 કબર; હજીરો; દેવડી; દેહેરી.
Tomfoolery, *n.* મુરખાઇ–બેવકુફી ભરેલું કામ; નકામા ચેડાં.
Tomorrow, *ad.* આવતી કાલે.
Tomtit, *n.* એક ન્હાનું પક્ષી.
Tomtom, *n.* ટિમકી; મ્હોટું પોહોલું ઢોલ; તાસો; નગારું. [મણ; ટન.
Ton, *n.* અનાજ ભરવાનું માપ; ૮૦
Tone, *n.* સૂર; સ્વર; ધ્વનિ; અવાજ. 2(વૈદકમાં) તંદરૂસ્તી અથવા શરીરના અવયવોની સારી હાલત; સુભાવના. 3 મનનું વલણ. 4 મરોડ; ઝોક. 5 ધપ; સ્વરૂપ; ડોળ. 6 *v. t.* સુર મેલવવો. *To tone down,* ભભક ઓછી કરીને જોઇએ તેવી કરવી, (રંગની.) 2 સુર નીચો પાડવો–ઉતારવો. 3 નરમ–ધીમુ પાડવું; નરમાસવાળું કરવું. [ચિપિયો.
Tongs, *n. pl.* સાંડસી; ચિમટો;
Tongue, *n.* જીભ; જીભલી; જુબાન; રસના; રસેન્દ્રિય. 2 ઘંટની અંદરનો ઝુલતો સળિયો જે ઘંટ સાથે અફલાયાથી અવાજ નિકળેછે; લાલી. 3 ભાષા; જુબાન; બોલો. *Mother tongue,* સ્વ–જન્મ ભાષા. *To hold the tongue,* ચુપ રહેવું; મોહેડ તાળું દેવું.
Tonic, *a.* જોર–તનદરૂસ્તી આણતું; પુષ્ટી કર્તા; કૌઅત આપનારું–વધારનારું. 2 *n.* કૌઅત–કૌતીનું ઓસડ.
To night, *n.* આજ રાત્ર.
Tonsure, *n.* વાળ ઉતરાવવા; હજામત કરાવવી તે. (of a priest) મુગટ; તાજ.
Too, *ad.* ઘણુંજ; બહુ; અતિ; અત્યંત. 2 પણ; બી; વળી. [જાર.
Tool, *n.* હથિયાર; શસ્ત્ર; સાધન; ઓ-
Tooth, *n.* દાંત; દંત. 2 દાંતો.
Tooth ache, *n.* દંતશૂલ; દાંતનું દરદ; દાંત કળવા તે. [દાતણ.
Tooth brush, *n.* દાતણ કરવાનું બ્રશ;

Toothless, *a.* બોખું; દાંત વગરનું.
Tooth pick, *n.* દાંત ખોતરણી.
Tooth powder, *n.* દાતણ કરવાની ભુકી; દાંતનું મંજન; દંતચૂર્ણ.
Top, *n* સહુથી ઉપરનો ભાગ; મથાળું; અગ્ર; શિખર. 2 માથું; મસ્તક. 3 સીમા; પરાકાષ્ટા; અવધી. 4 ભ- [મરડો.
Topaz, *n.* પોખરાજ.
Toper, *n.* દારૂડિયો; દારૂબાજ.
Topic, *n.* વિષય; પ્રકરણ; પ્રસંગ; બાબત;મજમુન.2 *a.*પ્રકરણ-બાબદનું.
Top knot,*n.*કલગી.2 અંબોડો. [ઉંચું.
Topmost, *a.* સહુથી ઉપરનું; ઉંચામાં
Topography, *n.* કોઈ ચોકસ જગ્યા -સ્થલ-શેહેરનું વર્ણન; વિશેષ સ્થલ વર્ણન.
Topsyturvy, *ad.* ઉલટું સુલટું; ઉપર તળે; ઉલટ પાલટ; ઉથલ પાથલ.
Torch, *n.* મશાલ; મ્હોટો સળગાવેલો દીવો; પલીતો; કાકડો; ઉલ્કા.
Torch bearer *n.* મશાલચી.
Torment, *n.* પરમદુઃખ; ઘણુંજ-બેહદ દુઃખ; ઈજા; તકલીફ; આજાબ; અતિવેદના. 2 *v. t.* અતિવેદના કરવી; બેહદ દુઃખ દેવું; રિબાવવું. 3 કંટાળો આપવો; ખિજવવું; જીવ ધુવો-ખાઈ નાખવો. [સાંચો.
Torpedo, *n.* વહાણ ઉરાડી દેવાનો
Torpid, *a.* જડ; બેહેરમારી ગયલું; સુનું; અચેતન.

Torpor,*n.* સુનાપણું;ચૈતન્યસ્તબ્ધતા.
Torrent, *n.* ઓઘ; ધોત; ધોધ; વહેલો; વ્હેો; હાર.
Torrid, *a.* ગરમીથી સુકાઈ-ભુંજાઈ ગીએલું;દાઝી ગયલું. 2 ઘણુંજ ગરમ; દઝાડી નાખે એવું. *Torrid zone,* ઉષ્ણકટિબંધ.
Tortoise, *n.* કાચબો.
Tortoise shell, *n.* કચકડું. [ળાવાળું.
Tortuous, *a.* વાંકું; વાંકુંચુકું; આમ-
Torture, *n.* ચીપડી; ઘણું-બેહદ દુઃખ; અતિ વેદના; યાતના. 2 *v.t.* રિબાવવું; જુલમ-સેતમ ગુજારવો; જફા પાડવી; ચીપડી મારવી.
Tory, *n.* રાજાના પક્ષને મજબૂતીથી વળગી રહેનાર; ચાલતી આવેલી-બાપદાદેથી ઉતરતી આવેલીરીતીને વળગીરહેનારપક્ષમાંહેલો એક આસામી.
Toss, *v. t.* ઉછાળવું; ઉરાડવું; ફેંકવું. 2 અસ્વસ્થ-બેકરારકરવું.3 *v.i.* તરફડવું; તડફડવું; અસ્વસ્થબેકરા-રથવું
Total, *n.* એકંદર બેરીજ-સરવાળો; જુમલો. 2 *a.* સર્વ; સઘળું; તમામ; પૂરૂં; પૂર્ણ. [કુલે; જુમલે; પૂરેપુરૂં.
Totally, *ad.* બિલકુલ; તમામ;
Totter, *v. i.* ડગમગવું; ડોલવું; આમ જાણે પડી જશે એમ આમ તેમ ડોલવું; પડુપડુ થવું. 2 ચાલવામાં લથડવું;લથડિયાં ખાતાં ચાલવું.
Touch, *n.* સ્પર્શ; લાગવું-અડકવું

તે. 2 સ્પર્શજ્ઞાન-બોધ; લાગ્યા-અડ-ક્યાથી થતું જ્ઞાન. 3 લાગણી ભાવ. 4 ચુટકો (રંગનો). 5 ટચકો; મ્હોરૂં. 6 *v. t.* સ્પર્શ કરવો-થવો; લાગવું. અડકવું. 7 લાગવું; વળગવું; નિસ્બત હોવી. 8 હાથ મારવો-ફેરવવો (સહાઈ કરવા માટે). 9 પુગવું; આવી-જઇ પુગવું; બંદર-લંગર-ટચ કરવું. 10 તપાસવું; કસી જોવું; કસવું. 11 હાથ લગાડવો; છેડવું; અડકવું. 12 હૃદય પિગળે-દિલમાં લાગે-અસર થાએ એમ કરવું. 13 ઈસારો કરવો; છેડવું; અછડતું બોલવું. 14 *v. i.* લાગવું; અડવું. 15 વાત કાઢવી. [-વેહ.

Touch hole, *n.* કાન; રંજકનું સુરાખ

Touching, *a.* મન-દિલ પિગળાવી નાખે એવું. 2 *prep.* વિષે; લગતું.

Touchy, *a.* બળિયેલ; ચિરડાઉ.

Touch stone, *n.* કસોટી.

Touch wood, *n.* છોડિયાં; લાકડાનો ભૂકો; ચેતવણ; પેટવણ.

Tough, *a.* ચિવટ; ચિક્કટ; મજબુત; ચિમડું; ચિવ્વડ; ચિમ્મડ.

Tour, *n.* ફેરી; પર્યટન; પ્રદક્ષિણા; મુસાફરી; સફર; પ્રવાસ; સ્વારી. [સાફર.

Tourist, *n.* મુસાફરી-સફર કરનાર; મુ-

Tournament, *n.* યુદ્ધ વિહાર; લડાઈનાં હથિયાર વાપરવામાં પોતાની બહાદુરી દેખાડવાની મતલબે કીધેલી નામની લડાઈ.

Tow, *v. t.* પાગર-દોરડાં બાંધી ઘસડી લાવવું. [2 વિશે; બાબત.

Towards, *prep.* તરફ; મેર;ભણી.

Towel, *n.* અંગુછો; તુવાલ; હાથ લુછવાનો રૂમાલ.

Tower, *n.* બુરજ; મિનારો. 2 કિલ્લો.

Town, *n.* શેહેર; નગર; નગરી; પુરી.

Town hall, *n.* જાહેર-સરકારી મકાન; પુરગૃહ; ટાઉનહાલ; ટોંડાલ.

Townsman, *n.* ગામવાળો; હમશેહેરી; કોઇ જગાઉપર બીજાઓની સંગાથે

Toy, *n.* રમકડું. [વસનાર.

Trace, *n.* પત્તો; પગલાં; નિશાણી. 2 *v. t.* પત્તો લગાડવો; પગલાં ઉપર જવું-ખોળવાં. 3 રેખાટવું; રેખવું; આંકવું; દોરવું.

Tracing, *n.* આભાસ ઉપરથી ચીતરવું તે. 2 રસ્તો; માર્ગ. 3 આભાસ ઉપરથી રેખેલું ચિત્ર.

Track, *n.* પગલું. 2 વાટ; માર્ગ; રસ્તો.

Tract, *n.* દેશ; પ્રદેશ; મેદાન; રાન. 2 નાહાનો પ્રબંધ-નિબંધ-પુસ્તક-ચોપડી.

Tractable, *a.* હુકમ બરદાર; હુકમ પ્રમાણે ચાલનાર; કહ્યા પ્રમાણે કરનાર; કહ્યાસાર; કહ્યાગરૂં.

Trade, *n.* ઉદ્યમ; વ્યાપાર; વેપાર; સોદાગરી; વણજ. 2 ધંધો; રોજગાર; પેશો; કસબ. 3 *v. t. & v. i.* ઉદ્યમ-વેપાર કરવો.

Tradesman, *n.* ફુટકળિયો વેપારી; દુકાનદાર.

Trader, *n.* વેપારી; ઉદ્યમી; સોદાગર; વણિક.

Tradition, *n.* લોક કથા; દંત કથા; આગલા વખતથી ચાલતી આવેલી વાત.

Traditional, } *a.* આગલા વખતથી ચાલતું આવેલું; પરંપરાગત.
Traditionary, }

Traduce, *v. t.* નિંદા-બદગોઈ કરવી; ખોટો વાંક કહાડવો-બતાવવો.

Traffic, *n.* વેપાર. 2 આગગાડીના ઉતારૂ તથા માલગાડીને લગતું કામ.

Tragedy, *n.* કરૂણારસ પ્રધાન નાટક; દુઃખ અથવા શોક ભરેલી રીતે જેનું પરિણામ આવે એવો નાટક. 2 આફત; સંકટ; શોકકારક બનાવ.

Tragical, *a.* કરૂણારસ પ્રધાન નાટકને લગતું. 2 જીવ જાય એવું. 3 શોકકારક; ગમગીની ભરેલું; દલગીરી ભરેલું.

Trail, *v. t.* જમીનપર ઘસડવું. 2 *v. i.* જમીનપર ઘસડાવું.

Train, *n.* હાર; ઓળ; પંક્તિ; હારની હાર. 2 ઘાઘરા-જામાની દામણ; ચાળ. 3 સવારી; વરઘોડો; રસાલો. 4 આગની ગાડીઓની હાર. 5 ક્રમ; અનુક્રમ; સિલસિલો. 6 *v. t.* શિખવવું; તરબિયત કરવું; પળોટવું.

Trait, *n.* વિશેષ ગુણ-લક્ષણ; ખોડ.

Traitor, *n.* દગાખોર; બલવા-બંડખોર; ફિતુરી; રાજદ્રોહી. 2 વિશ્વાસ ઘાતી.

Trammel, *n.* બેડી; માછલાં-પક્ષી પકડવાની જાળ; ફાંસો; પાશ.

Trample, *v. t.* પગતળે દાબવું; કચડવું; ચાંપવું; ચગદવું; છુંદવું.

Trance, *n.* સમાધિ; એકાગ્રચિત્ત.

Tranquil, *a.* સ્વસ્થ; શાંત; સ્થિર; ટાઢું; અવ્યગ્ર. [પાડવું.

Tranquilize, *v. t.* સ્વસ્થ-શાંત કરવું-

Tranquillity, *n.* સ્વસ્થતા; શાંતપણું; શાંતિ; ટાઢક.

Transact, *v. t. & v. i.* કરવું; બજાવવું; વહિવટ કરવો; ચલાવવું; વેહવાર કરવો.

Transaction, *n.* વહિવટ; કારભાર; વેહેવાર. 2 કામ; કાર્ય. [જ ઉમદા.

Transcendent, *a.* સઉથી સરસ; ઘણું-

Transcribe, *v. t.* નકલ ઉતારવી-કરવી.

Transcript, *n.* નકલ; ઉતારો.

Transfer, *v. t.* એક ઠેકાણેથી-જગા ઉપરથી બીજે ઠેકાણે-જગા ઉપર લઈ જવું; બદલી કરવી. 2 બીજાને સોંપવું-હવાલે-હસ્તગત કરવું.

Transfer to another person's name, બીજાને નામે-નામપર ચઢાવવું.

Transfiguration, *n.* રૂપાંતર; આકાર-રૂપ બદલાવું તે. (વિશેષે કરીને પ્રભુખ્રિસ્તનું.) [કવું; ઘોંચવું.

Transfix, *v. t.* આરપાર વિંધવું-ભો-

Transformation, *n.* રૂપાંતર; રૂપભેદ.

Transfuse, *v. t.* એક પ્રાણીની રગ-

માંથી બીજા પ્રાણીની રગમાં લોહી ઉતારવું. 2 એકનામાં હોય તે બીજાનામાં આવે એમ કરવું.

Transgress, *v. t.* ઉલંઘવું; ભાંગવું; તોડવું; ઉલ્લંઘન કરવું. 2 *v. i.* અપરાધ—અન્યાય કરવો; આજ્ઞા—હુકમ તોડવો.

Transgression, *n.* ઉલ્લંઘન; આજ્ઞાભંગ; અપરાધ; અન્યાય; અમર્યાદા.

Transgressor, *n.* ઉલ્લંઘન કરનાર; આજ્ઞાતોડનાર. 2 અપરાધી; અન્યાયી.

Tranship, *v. t.* એક વાહણમાંથી બીજા વાહણમાં લઈ જવું—ચઢાવવું.

Transient, *a.* ક્ષણિક; થોડો વાર રેહેનાર—ટકનાર; ક્ષણભંગુર; ચાર ઘડીનું; નાપાયદાર; ફાની; અસ્થિર.

Transit, *n.* જવું આવવું તે; લઈ જવું—આવવું તે; સંક્રમણ.

Transit duty, *n.* ગોર્ડાદાણ; દેશમાંથી પસાર થતા માલ ઉપર લેવાતી જકાત.

Transitive, *a.* (વ્યાકરણમાં) સકર્મક.

Transitory, *a.* ક્ષણભંગુર; ફાની.

Translate, *v. t.* તરજુમો—ભાષાંતર કરવું. 2 એક ઠેકાણેથી કાહાડી બીજે ઠેકાણે લઈ જવું.

Translation, *n.* તરજુમો; ભાષાંતર. 2 સ્થલાંતર કરણ; સ્થાનાંતર કરણ.

Translator, *n.* તરજુમો—ભાષાંતર કરનાર; તરજુમાન.

Translucent, } *a.* પારદર્શક ખરૂં પણ
Translucid, } જેમાંથી પદાર્થો સાફ ખુલ્લા જણાય નહી એવું. 2 સ્વચ્છ; નિતરૂં.

Transmigration, *n.* પુનર્જન્મ; જન્માંતર. 2 સ્વદેશ ત્યાગ કરી બીજે દેશ જઈ વસવું તે.

Transmit, *v. t.* પુગાડવું; પોહોંચતું કરવું; મોકલવું. 2 રવાને કરવું; કોઈ ઉપર મોકલવું. 3 પાર જવાનો રસ્તો આપવો.

Transparency, *n.* પ્રકાશ—કિરણ ભેદ્યતા; હરેક પદાર્થમાંથી આરપાર દેખાઈ આવવાની તે પદાર્થની શક્તિ. 2 પછવાડે રોશની મૂકવાથી ખુલ્લી રીતે દેખાઈ આવે એવું ઝીણા કપડાં—પરદા ઉપર પાડેલું ચિત્ર.

Transparent, *a.* આરપાર દેખાય એવું; પારદર્શક; પ્રકાશ—કિરણભેદ્ય. 2 સ્વચ્છ; નિર્મલ; સાફ.

Tanspire, *v. i.* ફુટવું; બાહાર પડવું; પ્રગટ—ઉઘાડું થવું.

Transplant, *v. t.* એક ઠેકાણેથી ઉખેડી બીજી જગા—જમીનમાં લગાડવું—રોપવું; વાવવું.

Transport, *n.* અત્યાનંદ; પરમાનંદ; ઘણીજ ખુશાલી. 2 સિપાહીઓ, દારૂ ગોળા વગેરે લડાઈનો અસબાબ અથવા તરીપાર કરેલા કેદીઓને લઈ જવાનું વહાણ. 3 દેશ નિકાલની સજા પામેલો ગુનેહગાર. 4 *v. t.* એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ

જવું. 5 દેશ નિકાલ કરવું; કાળે પાણીએ મોકલવું; તરીપાર કરવું. 6 ધારૂંજ જુદી–ભાગભાગ કરવું.
Transportation, *n.* લઈ જવું. 2 કાળે પાણીએ ચઢાવવું તે; તરીપારની સજા
Transpose, *v. t.* ફેરવવું; ફેર બદલ કરવું; જગા અદલબદલ કરવી.
Transposition, *n.* જગ્યાની ફેરબદલી.
Transubstantiation, *n.* પદાર્થોનું રૂપાં-
Transverse, *a.* આડું; વાંકું. [તર.
Trap, *n.* ફાંસો; સટકિયું; છટકું; પાંજરૂં. 2 દાવ પેચ; ઠગાઈ. *To catch one in his own trap,* જેના ટાંટીઆ તેનાજ ગળામાં નાખવા.
Trap door, *n.* ફાલકું; ફાલકાનું બારણું.
Trapezium, *n.* (ભુમિતીમાં) વિષય ચતુરસ્ત્ર.
Trappings, *n. pl* ઘોડાનાં ઝીનનો સાજ; ઝુલ. 2 હાથોહાથ વાપરવાનો સામન–લુગડાં લતાં. 3 સણગાર.
Trapstick, *n.* દાંડો; દડા અથવા ગિલ્લી સાથ રમવાની લાકડી.
Trash, *n.* ગટરફટર; અગડબગડ; અટરફટર; કાટકુટ; કચરોકુચરો; પડિયું ખડિયું; નકામી ચીજ. 2 ખાવાના ઉપયોગમાં નહીં આવે એવો મેવો અથવા પડી ખડી કોઈ ચીજ.
Travail, *n.* શ્રમ; કષ્ટ; સખ્ત મેહેનત–મજુરી. 2 કષ્ટાવું તે; પ્રસવ વેદના. 3 *v. i.* સખ્ત–રગડ મેહેનત–મજુરી કરવી. 4 કષ્ટાવું; પ્રસવવેદના થવી.
Travel, *n.* મુસાફરી; પ્રવાસ; દેશાટન. 2 *v. i.* મુસાફરી કરવી; દેશાટન કરવું. [નાર; પ્રવાસી.
Traveller, *n.* મુસાફર; પ્રવાસ કર-
Travels, *n. pl.* દેશાંતર; પ્રવાસ. 2 સફરનામું; મુસાફરીનો અહેવાલ.
Traverse, *v. t.* આડું મુકવું. 2 આડું–આડ આવવું; વાંધો નાખવો; સામે–આડા પડવું. 3 ફરી વલવું. 4 *n.* આડી પડેલી–નાખેલી–બાંધેલી કોઈ પણ ચીજ; અડચણ; કુદરતી કોઈ અડચણ. 5 *a.* આડું પડેલું. [થાળી.
Tray, *n.* ખુમ્ચો; તબક; તબકડી;
Treacherous, *a.* વિશ્વાસઘાતી; દગલબાજ; ફિતુરી; બેઈમાન; છળ કરનાર; કાવતરાંખોર; કપટી.
Treachery, *n.* દગો; દગલબાજી; બેઈમાની; વિશ્વાસઘાત; છળ.
Treacle, *n.* કાકવી; ગોળ.
Tread, *v. t.* પગ મૂકીને–ઉપર થઈને ચાલી જવું. 2 પગ તળે દાબવું; કચડવું; ભચડવું; ચગદવું; છુંદવું; ખુંદવું.
Treadle, } *n.* સાંચાના જે ભાગને
Treddle, } પગે કરી દાબવામાં આવેછે તે ભાગ; પાવડો (શીવવાના સાંચામાં.)
Tread mill, *n.* પગઘંટી–ચક્કી.

Treason, *n.* ફિતુર; રાજદ્રોહ. 2 નિમક હરામી; વિશ્વાસઘાત.
Treasure, *n.* ડલ્લો; દોલત; ધન; ખજાનો. 2 ભરી રાખેલી થાપણ; સંઘરી રાખેલો ખજાનો. 3 હવે પછીના ખપ માટે ભરી-સંઘરી રાખેલી કંઇ પણ ચીજનો જથ્થો. 4 જે ઘણું અજીજ-કિમતી તે; જેની ઘણીજ વખાણ થાય તે વસ્તુ.
Treasurer, *n.* ખજાનચી; ભંડારી; જમાદાર. [તીજોરી.
Treasury, *n.* ભંડાર; જામદારખાનું;
Treat, *v. t.* વર્તવું; ચાલવું. 2 કોઈ બાબદ-વિષય ઉપર બોલવું-લખવું -ભાષણ કરવું. 3 મોજ કરાવવી; ખાનપાનથી મેહેમાનદારી કરવી; મેજવાની આપવી. 4 એલાજ-ઉપચાર કરવો (રોગનો). 5 *v. i.* સમજવું; માનવું. 6 *n.* મોજ; મેજવાની. 7 રમુજ. [ક; નુસખો.
Treatise, *n.* ગ્રંથ; પ્રબંધ; નિબંધ; પુસ્ત-
Treatment, *n.* વર્તણુક; ચાલચલણ; ઢંગ; સલુખ. 2 દરદનો ઈલાજ; ઓસડમાળી; દવાદારૂ કરવાની રીત.
Treaty, *n.* તહ; એહેદ; નિયમ; ઠરાવ; બોલી; સહલાનો કોલકરાર. *written treaty* or *peace*, તહનામું; સલાનામું; એહેદનામું; કોલકરાર; કરારનામું.
Treble, *a.* તિપ્પટ; ત્રમણું ત્રણગણું; તેવડું; તેવડ.

Tree, *n.* ઝાડ; વૃક્ષ; દરખત; તરૂ.
Trellis, *n.* જાળી; જાળીદાર ચોકઠું.
Tremble, *v. i.* કાંપવું; ધ્રુજવું; થરથરવું.
Tremendous, *a.* ભયંકર; ભયાનક. 2 જબર; જબરૂં; જબરદસ્ત.
Tremor, *n.* કંપારી; ધ્રુજરી; કંપ.
Tremulous, *a.* ધ્રુજતું; કાંપતું; થરથરતું.
Trench, *n.* ખંદક; ચર; ખાઈ; ખાડી. 2 *v. t.* ચર-ખાઈ ખોદવી; ખંદક ખોદવું.
Trencher, *n* લાકડાંની કથરોટ.
Trepidation, *n.* ધ્રુજરી; કંપારી; ભયથી ધ્રુજવું તે; ભયભીત થઈ જવું તે. 2 બીમારીથી શરીરની જે હાલત થાયછે તે.
Trespass, *n. & v. i.* પોતાની હદ મુકીને કોઈ બીજા શખસની જમીન ઉપર જવું; ગેરકાએદે કોઈ પારકાની જમીન-મકાનપર જવું-ઘુસવું-ધસવું. 2 કોઈને સતાવવું- હેરાન કરવું. 3 અપરાધ કરવો; ખુદાઈ ફરમાનથી ઉલટું ચાલવું; ઈશ્વરની આજ્ઞા ભાંગવી-તોડવી.
Tresses, *n. pl.* જુલફાં; ચોટા; કલ્લા.
Trial, *n.* પરિક્ષા; પરખ; પારખ; કસોટી. 2 છાંડણ; ન્યાય-ઈન્સાફ થવાની તપાસ; ન્યાય; ઈનસાફ. 3 અજમાયશ; અજમાવી-કરી જોવું તે.
Triangle, *n.* (ભૂમિતિમાં) ત્રિકોણ; ત્રિકોણાકૃતિ.

Triangular, *a.* ત્રિકોણ; ત્રણ ખુણા-વાળું; ત્રણ ખુણિયું.
Tribe, *n.* જાત; વર્ણ; ફિરકો. [સંકટ.
Tribulation, *n.* દુઃખ; કલેશ; વિપત્તિ;
Tribunal, *n.* ન્યાયસભા; ઇન્સાફની દરબાર. 2 મસનદ; ન્યાયધીશની ગાદી.
Tribune, *n.* લોકરક્ષી; પ્રજાના-લોકોના હકની જાળવણી સારૂ લડત લડનાર.
Tributary, *a.* ખંડણીધર; ખંડણી આપનાર; ખંડિયું. 2 તાબાનું; ઉપ. 3 ભરતી કરનારૂં; ભરનારૂં. 4 *n.* મંડળિક; ખંડિયો રાજા-રાણી.
Tribute, *n.* ખંડણી; કર; ખિરાજ.
Trice, *n.* પલ; જરાકવાર; ક્ષણ. *In a trice*, પલવારમાં; પાનને ચુનો લગાડે એટલાવારમાં; આંખમીચતાં.
Trick, *n.* ફસાવવાની યુક્તિ-હિકમત; કાવતરૂં; કારસ્તાન; ફેલ. 2 ચાળો; ચરકો. 3 હાથચાલાકી; કરામત. 4 અચકચાળું; અડપલું. 5 અપલક્ષણ; દુર્ગુણ; અવગુણ; ખોડ. 6 *v. t.* ફસાવવું; છેતરવું.
Trickle, *v. i.* ઝરવું; પઝરવું; ગળવું.
Trident, *a.* ત્રણ ફેણ-દાંતા-ફળાં વાળું. 2 *n.* ત્રિશૂળ.
Triennial, *a.* ત્રણ વરસસુધી રેહેનારૂં-ટકનારૂં-ચાલનારૂં. 2 ત્રણત્રણ વરસે થતું-બનતું-આવતું; ત્રૈવાર્ષિક.
Trifle, *n.* હલકી-નજીવીવાત-ચીજ. 2 *v. i.* ચેડાં કાહાડવાં; રમત કરવી.
Trifling, *a.* હલકું; નજીવું; જુજવી.
Trigger, *n.* બંદુકનો ઘોડો.
Trigonometry, *n.* ત્રિકોણમિતિ.
Trilingual, *a.* ત્રિભાષિક; ત્રણ બોલી-ભાષાનું.
Trim, *a.* ઠાકઠીક; ઠાઠમાઠ; દરૂબસ્ત; સારી હાલતમાં હોય એવું. 2 *v. t.* દુરૂસ્ત-આરાસ્ત કરવું; સમારવું; સણગારવું. *Trim a lamp*, દીવો સંકોરવો-ઉસકેરવો.
Trimming, *n.* લુઘડાંને શોભા આપવા માટે લગાડેલી ફીત-કોર-સંજાબ.
Trinity, *n.* ત્રણ દેવ મળીને એક; વ્યક્તિત્રયાત્મક દેવતા. 2 બાપ, દીકરો ને પવિત્ર આત્મા એ ત્રણ મળીને જે એક ઈશ્વર તે. (હિંદુમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ.)
Trinket, *n.* ન્હાનું ઘરેણું; દાગીનો. 2 હલકી કીમતની ચીજ; ઓજાર
Trio, *n.* ત્રણ જણનો મેલાવડો; સાથેના સાથે રહી કામ કરનાર ત્રણજણ.
Trip, *n.* પકડ; ભીડ; આંટી. 2 ઠોકર; લથડિયું. 3 ચુક; ગફલત; ગોથું. 4 ખેપ; ફેરી; આંટો; ચક્કર. 5 *v. t.* ઠોકર-આંટી મારીને પાડવું. 6 *v. i.* ઠોકર ખાવી; આંટી આવવી; ઠોકરાવું.
Tripartite, *a.* ત્રણ ભાગ કીધેલા હોય એવું. 2 જેની ત્રણ નકલો હોય એવું. 3 ત્રણ જણ વચ્ચે થયેલું હોય એવું.

Tripe, *n.* આંતરડાં. [વાળું.

Tripetalous, *n.* ત્રણ પાંખડી-પાંત્રી

Triple, *a.* તિપ્પટ; તેવડું; ત્રમણું.

Triplicate, *n.* તરીજી નકલ; એક જાતની બે નકલ કીધી હોય તેના જેવીજ ત્રીજી નકલ.

Tripod, *n.* તિપાઇ; ત્રણપગ-પાયાને આધારે રહેલો બાંક-તુલ; તિરપાઈ.

Tripthong, *n.* ત્રણ સ્વર સાથે આવ્યાથી બનેલો એક ઉચ્ચાર.

Trisyllable, *n.* ત્ર્યક્ષર શબ્દ; જેમાં ત્રણ અક્ષર-પદ હોય તેવો શબ્દ.

Trite, *a.* જૂનું; ઘસાઇ-ચુંથાઈ-ચવાઈ ગયલું; કુચો થયલું.

Triturate, *v.* વાટવું; ઘસી અથવા દળીને ઘણુંજ ઝીણું મેદા જેવું કરવું.

Triumph, *n.* જયસમારંભ; જયોત્સવ; ઓચ્છવ. 2 જય; વિજય; ફતેહ; ફીરોજી. 3 જયાનંદ; જયહર્ષ; જય-ફતેહ મળવાથી થતો આનંદ. 4 *v. i.* જયોત્સવ-જય સમારંભ કરવો. 5 જય-ફતેહ પામવું; ફતેહ મેળવવી. 6 ઘણુંજ ખુશી-બાગબાગ થવું. 7 આબાદ હોવું.

Triumphal, *a.* જય સમારંભનું; ફતેહની ખુશાલીનું-ને લગતું.

Triumphant, *a.* જયનો ઉત્સાહ કરનાર; ફતેહની ખુશાલીમાં ધામધુમ કરનાર. 2 જય પામેલું; ફતે મેળવેલું; જયવાન; ફતેમંદ; ફીરોજમંદ; યશવંત.

Triumvirate, *n.* ત્રણ જણે સાથે મળીને ચલાવેલું રાજ્ય; ત્રણ રાજ કરનારાઓનું ગણ્ય. 2 ત્રણ જણ સાથે રાજ કરનારા.

Trivet, *n* ત્રણ પગવાળી માચી-બેસણી; તિપાયી.

Trivial, *a.* નજીવું; હલકું; દમવનાનું.

Trochee, *n.* (કવિતામાં) એક દીર્ઘ અને બીજું લઘુ પદ એવું ચરણ; ગુરૂલઘુ પદ. [-ગબડાવવું.

Troll, *v. t. & v. i.* ઝડપથી ગબડવું

Troop, *n.* ટોળું; ધાડું. 2 પ્યાદલ લશ્કર; ફોજ. 3 ઘોડેસ્વાર લશ્કરની નાની ટુકડી; ત્રુપ.

Trooper, *n.* તુરક-ઘોડેસ્વાર; ત્રુપર.

Troops, *n. pl.* સેનાભાર; ફોજ; સૈન્ય.

Trope, *n.* રૂપક; રૂપકાલંકાર; શબ્દ અથવા વાક્યને પોતાના અસલ અર્થ કરતાં જુદા અર્થમાં વાપરવા તે.

Trophy, *n.* જય-ફતે મેળવ્યાની નિસાની; જયચિહ્ન; યશાચિહ્ન.

Tropic, *n.* દક્ષિણોત્તરાયન સીમા; પૃથ્વીની સપાટી ઉપરની જે મધ્ય રેષા-મધ્ય લીટી તે; વિષુવવૃત્ત તે થકી ૨૩॥ અંશ ઉપર અથવા ૨૩॥ અંશ નીચે જે રેષા-લીટી તે; એ લીટીની પેલી પાસ સુરજ જતો નથી. *—of Cancer,* દક્ષિણાયન; સૂરજનો દક્ષિણ તરફ જવાનો છ મહીનાનો માર્ગ; કર્કવૃત્ત;*—of Carpricorn,* ઉત-

રાયન;સૂરજનો ઉત્તર તરફ જવાનો છ મહિનાનો માર્ગ;મકરવૃત્ત. [સંબંધી.

Tropical, *a.* દક્ષિણોત્તરાયણ સીમા

Tropics, *n. pl.* ઉષ્ણકટીબંધ.

Trot, *n.* તુર્કી-ખુદડુક ખુદડુક ચાલ. 2 *v. i.* તુર્કી-ખુદડુક ખુદડુક ચાલે ચાલવું.

Trotingly, *ad.* ખુદડુક ખુદડુક.

Troth, *n.* ભરોંસો. 2 સાચાઇ; સત્ય.

Trouble, *n.* દુઃખ; પીડા; સંતાપ; આપદા. 2 લોચો; જંજાલ; સંકટ; કચાટ; ખટપટ. 3 ઇજા; તસ્દી; ત્રાસ; કંઠાળો. 4 મેહેનત; શ્રમ; મશાગત. 5 *v. t.* ઇજા-તસ્દી-મેહેનત આપવી; હેરાન કરવું; કંટાળો આપવો. 6 ખભળાવવું; હલાવી તળે ઉપર કરી નાખવું.

Troublesome, *a.* ઇજા-તસ્દી આપનાર; ત્રાસ દેનાર. 2 કંટાળા ભરેલું; થાકવી નાખે એવું; કડાકુટિયું.

Trough, *n.* લાંબું ને લાંબું કોતરી કાઢેલું લાકડું; 2 તગારું; કઠરોટ;થાળી. 3 જેમાં થઇને પાણી ઘટીયંત્રને પોંહોંચીવળેકે તે. (Trough of the sea) દરિયાના બે મોટા મોજાની વચમાંની સપાટી-નખોળ.

Trowel, *n.* થાપી; કોલ; લેલો; નેલો.

Trowsers, *n.* ઇજાર;પાયજામો;તુમાન.

Troy, *n.* સોનું, રૂપું, ઝવેર વગેરે તોળવાનું વિલાયતી તોલ.

Truant, *a.* કામચોર; આળસુ; રખડતું હોય એવું; રઝળતું; ભટકતું.

Truce, *n.* થોડીક મુદતસુધી થયેલી સલાહ; તહ. 2 થોડીવાર શાંત રહેવું-બંધ રાખવું તે.

Truckle, *v. i.* તાબે રહેવું; બીજાની ઇચ્છાને આધીન થવું; ખોલો પાથરવો; હાજી હા કરવું.

Truculent, *a.* જંગલી. 2 વિકરાળ; બિહામણું. 3 જીવ લે એવું; પ્રાણઘાતક.

Trudge, *v. i.* પગે ચાલવું; હીંડવું. 2 કષ્ટ ખેંચીને ચાલવું-કુચ કરવી; ટાંટીઆ તોડતા જવું.

True, *a.* ખરું; સત્ય; સાચું. 2 ખરું-સાચું બોલનાર; સત્યવચની. 3 પ્રમાણિક; ઇમાનદાર; 4 અસલ બરહુકમ; નમુના પ્રમાણેનું; ઊગતું. [સુ.

Truehearted, *a.* ખરું;નિષ્કપટ;વિશ્વા-

Truism, *n.* દેખીતી ખરી વાત.

Truly, *ad.* ખરેખરું; વાસ્તવિક.

Trump, *n.* હોકમ-હુકમનું પાનું. 2 *v. t. & v. i.* હુકમ ઉતરવો. 3 તરકટ-બનાવટથી ઉભું કરવું.

Trumpery, *n.* દમ-માલ વગરનો-ખોટો સામન. 2 ઢોંગ ધતુરો. 3 *a.* જીવ-દમ વગરનું; ખોટું.

Trumpet, *n.* તુતારી; તતુડી; તુરી; રણસીંગાડું; તુરાઇ. 2 *v. t.* તુરાઇ-રણસીંગાથી જાણ કરવી. 3 ગુણગાતા ફરવું; વખાણની ડાંડી પીટવી.

Trumpeter, n. રણસીંગડાંવાળો; રણસીંગડું-તતુડી-તુરાઈ વગાડી ખબર આપનાર. [જરગોટી.

Tumpet flower, n. સાગરગોટી; ગ-

Truncheon, n. ગદા; સોટો; દંડુકો.

Trunk, n. ઝાડનું થડ. 2 હાથીની સુંડ. 3 મુખ્યભાગ. 4 સંદુક; પેટી; તરાંક. 5 ધડ.

Truss, n. ગાંસડો; ભારો. 2 ગોળાના મરજવાળાને બાંધવાનું જંતર.

Trust, n. વિશ્વાસ; ભરૂસો; ઈતબાર. 2 ધીર; પતીજ; ઉધાર આપવું તે. 3 ખાતર જમા. 4 જુમ્મો; તેનાત; હવાલો. 5 અનામત; ત્રસ્ટ; બીજાને વાસ્તે રાખેલી મિલ્કત. 6 સોંપેલી કંઈ વસ્તુ. 7 v. t. વિશ્વાસ-ભરૂસો-ઈતબાર રાખવો. 8 વિશ્વાસ રાખીને સોંપવું-હવાલે કરવું. 9 કોઈનું કહેવું ખરૂં માનવું. 10 ધીરવું; ઉધાર આપવું. [પુરતદાર.

Trustee, n. જુમ્મેદાર; તરસટી; સ-

Trustworthy, } a. ખાતરજમાનું; ખા-
Trusty, } તરીનું; વિશ્વાસુ.

Truth, n. ખરાપણું; વાસ્તવિકપણું; સચ્ચાઈ; સત્યતા; સાચવટ. 2 પ્રમાણિકપણું; ઈમાનદારી. 3 ખરી હકીકત.

Truthful, a. સાચું બોલનાર; સતવાદી. 2 સાચેસાચું; પુરેપુરૂં.

Try, v. t. પરીક્ષા-પારખ કરવી. 2 અનુભવ લેવો; અજમાવી-કસી જોવું. 3 તપાસવું; ગોકરી કરવી. 4 v. i. કોશિસ કરવી; ઉદ્યોગ-યત્ન પ્રયત્ન કરવો.

Tub, n. પીપ; ટીપ; ટબ.

Tube, n. નળ; નળી; ભુંગળી. 2 દુર્બીન. 3 જેમાંથી શરીરના કે ઝાડના રસો જા આવ કરેછે તે રગ-નસ

Tube rose, n. ગુલેરાબખો. *Polianthes tube rosa.*

Tuck, v. t. દબાવવું; વાળવું. 2 n. દબાવી-વાળી-ચઢાવી લીધેલું લુઘડું.

Tuesday, n. મંગળ-ભોમવાર.

Tuft, n. ઝુમખો; ગુચ્છલુ; ગુચ્છો. 2 ગોટો. [તાણવું.

Tug, v. t. જોર-બળ કરીને ખેંચવું-

Tuition, n. શિક્ષા; ઉપદેશ; શિખવવું-ભણાવવું તે. 2 ભણાવવાનું લવાજમ.

Tulip, n. ગુલલાલા; એક જાતનો શોભિતો ફૂલવાળો છોડ.

Tumble, v.t. નાખીદેવું; પાડી નાખવું. 2 ઓળી-ચુંથી નાખવું; સથર પથર કરવું. 3 v.i. પડવું; પડી જવું; ધંસીપડવું. 4 ગગડી પડવું; ઠોકર ખાવી.

Tumblar, n. ઠોંગી. 2 કાચનું પીવાનું વાસણ; ટમલર; ટમડલ. [ઢીમસું.

Tumour, n. ગુમડું; ગાંઠ; ઢીમડું-

Tumult, n. તોફાન; ફિસાદ; ગલબલ; ગડબડાટ; હુલ્લડ; બળવો.

Tumultuous, a. દગાખોર; ફિસાદી;

બેબંદ; ગલબલ-ગડબડ ભરેલું; તોફાની; અવ્યવસ્થિત.

Tun, n. પોહોળા પેટાનું મોટું પીપ. 2 હેંસી મણનું-બે હજાર બસેં ચાળીસ રતલનું તોલ.

Tune, n, રાગ; ગગણી. 2 સ્વરોનો-સુરનો મેળ-મેલાપ. 3 v. t. સુર મેળવવો.

Tuneful, a. સુસ્વર; મધુર; મીઠું.

Tuner, n. વાજાં-વાદિત્રના સુર મેળવીને તાર ચઢાવનાર.

Tunic, n. અસલ વારાનું એક જાતનું પેહેરણ; કુડતું.

Tunnage, n. જેટલા ટન-ખાંડીનો બોજો વાહાણ ઝીલી શકે તેની સંખ્યા; વાહાણનું ભરત. 2 વાહાણનાં ભરત પ્રમાણે જે કર-છાપો તે.

Tunnel, n. ભુગદાનો રસ્તો; સણુંગ મૂકીને કાઢેલો રસ્તો.

Turban, n. પાઘડી.

Turbid, a. ગદલું; સાફ-સ્વચ્છ નહી એવું; જેમાં રગડો હોય એવું; ડોહોળાયલું.

Turbulence, n. બંડખોરી; દાંડગાઈ.

Turbulent, a. બંડખોર; દાંડગું; તુફાની. 2 ખળભળી ગયલું; તળે ઉપર થયલું.

Turf, n. ઘાસની જમીન; જડિયાં ઉગી નિકળેલાં હોય એવી ભોંય. 2 મુળિયાં; રેસા; ઝાંખરાં; લાકડાના ભાગવાળું ઢેફું, એ સુકાયછે તારે બાળવાના કામમાં આણેછે. 3 ઘોડાની સરતની જગા; ઘોડદોડ જગા.

Turkey, n. એક જાતનું પક્ષી; તરકી.

Turkeyred, n. પાકો કસુંબો; પાકા કસુંબી-લાલ રંગનું લુગડું.

Turmeric, n. હળધ.

Turmoil, n. બેકરારી; ટલવલ; સંતાપ. 2 ખટપટ; જંજાળ; કડાકુટ.

Turn, n. ફરવું તે; ભ્રમણ. 2 આંટો; પેચ; ફેરો. 3 વલણ; વાંક. 4 ફેરફાર. 5 પાળી; વારી; બેપ. 6 વલણ; મરોડ; ઝોંક; ઢાળ. 7 મનનું વલણ; ધારણ. 8 v. t. ફેરવવું; પેચ દેવો. 9 ફેરવી નાખવું; ઊથલાવવું; ઉંધું-અવલું કરવું. 10 ફેરવવું; બદલવું. 11 (-on a lathe) કાંતવું; ખરાદવું; ઉતારવું. 12 -away, હાંકી-કાઢી મુકવું. 13 -back, ફેરવવું-ફેકવું; પરાવર્તન કરવું. 14 -off, ઉડાવવું; ટાળવું. 15 -out, કહાડી મુકવું. 16 v.i ફરવું. 17 બદલાવું; ફેર પડવો. *To turn to account*, કામ-ઉપયોગમાં આવવું; ઉપયોગી થઈ પડવું.

Turner, n. કંતારી; ખરાદી. *Turner's lathe*, ચરખ; સંઘાડો. [ઓજાર.

Turnscrew, n. ચાવી; સ્ક્રૂ ફેરવવાનું

Turnip, n. શલગમ; એક જાતના કંદ-મુળા.

Turpentine, n. ટરપીટ્ટન તેલ.

Turpitude, n. હલકા-નીચપણું; પાજીપણું; બદજાતી; ખોટાઈ.

Turret, *n.* મનારો; કંગુરો; કળસ.
Turtle, *n.* મ્હોટો કાચબો.
Turtle dove, *n.* વિલાયતી અબુતર.
Tush, *interj.* છટ; છીઠ; છિઃ
Tusk, *n.* કેટલાંક જાનવરોનો બહાર પડતો અણિઆળો મોટોદાંત;દંતુસળ.
Tutelary, *a.* રક્ષણ કરનાર; (God) [દેવ.
Tutenag, *n.* જસત.
Tutor, *n.* શિક્ષક; શીખવનાર. 2 *v. t.* શીખવવું; ભણાવવું.
Twaddle, *v. i.* પટપટારો-લવારો કરવો; મુરખાઇ ભરેલું બોલવું. 2 *n.* પટપટારો; બકબક; લવારી.
Twang, *n.* ટણકારો; તંગ દોરીને ખેંચી એકદમ પાછી મુકી દીધેથી જે અવાજ થાયછે તે. 2 નાકમાંથી અવાજ કાઢવો તેઃ ગુગણાટ.
Tweezers, *n. pl.* ઝીણો ચિમટો-ચિપિયો; ટુંપિયો.
Twelfth, *a.* બારમું.
Twelve, *a.* બાર; ૧૨; દ્વાદશ. [સાલ.
Twelve month, *n.* બારમહિના; વર્ષ;
Twenty, *a.* વીસ; ૨૦; કૂડી.
Twice, *ad.* બે વાર-વખત. ૨ બેવડું; દુપ્પટ; બમણું.
Twig, *n.* ઝાડની ડાળી-ડાંખળી.
Twilight, *n.* ભરબાંખડું; ઝઝકણું; ઝળઝળું; ધુંધરખું; આંધણુંધુંધણું.
Twins, *n.* જોડ; સાથે અવતરેલાં જે બે છોકરાં તે. 2 મિથુનરાશી.
Twine, *n.* સુતલી; વણેલી દોરી. 2 *v. t.* વળ દેવો; વણવું. 3 લપેટવું; વિટાળી લેવું.
Twinge, *n.* સૂળ; ચટકો; તીવ્રવેદના.
Twinkle, *v. i.* ચમકવું; ઝમકવું; ઝકઝકવું. ઝબકવું. 2 આંખ પલકાવવી.
Twinkle, | *n.* આંખ ઉઘાડ ઢાંક
Twinkling. | કરયા કરવી તે; આંખનો પલકારો. 2 ઝલકઝલક થવું તે; ઝબકારો.
Twirl, *v. t.* & *v. i.* જલદીથી ગોળ ચક્કર ચક્કર ફેરવવું-ફરવું.
Twist, *n.* સુતર; વણેલો દોરો; વળ 2 આમળો; પેચ; 3 *v. t.* વળદેવો; અમળાવવું. 4 મરડી મચોડીને ઊંધો-અવળો અર્થ કરવો. 5 એક દોરાને બીજા સાથે રાખી વળ દેવો. 6 બનાવવું; રચવું. 7 સાથે ગુંથાઈ જવું-મળી રેહેવું. 8 *v. i.* વળ ચડી રેહેવો.
Twit, *v. t.* મેહેણું મારવું; તાણો [મારવો.
Twitch, *n.* આચકો; જોરથી ખેંચવું તે. 2 નેસ ચઢી-તણાઇ-વળખાઈ જવી તે. 3 *v. t.* ઝટક-આંચકો મારવો; જોરથી ખેંચવું; ઝુટી-ખુંચી લેવું.
Twitter, *v. i.* ચીંચીં કરવું. 2 હીહીકરી હસવું. 3 *n.* ચીંચીં; ચલિયાની બોલી. 4 હસવું તે.
Two, *a.* બે. *In two*, બે કડકે. *Two by two*, બબ્બે સાથે મળીને.
Two edged, *a.* દુધારી; બે પાસ ધાર હોય તેવું.

Twofold, *a.* બે પ્રકાર–જાતનું. 2 દુ-પ્પટ; બેવડું; બમણું.
Tympan, *n.* છાપવાના પ્રેસના ચોકઠાં જેવો એક ભાગ, જે ઉપરકપડું અથવા (પાર્ચમેંટ) ચામડું ચઢાવેલુંહોય છે અને જે ભાગ ઉપર છાપતી વખતે કોરો કાગળ માંડવા–મુકવામાં આવે છે તે ભાગ. [રણાનું પાનેલ.
Tympanum, *n.* કાનનો પડદો. 2 બા-
Type, *n.* નિશાણી; ચિન્હ; લક્ષણ. 2 છાપ; ઠસ્સો; બીબું; ટાઇપ. 3 પૂર્વ સ્વરૂપ; કોઇ બનનાર ચીજની અગાઉથી જણાવલી નિશાણ.
Typhoon, *n.* મ્હોટું તોફાન; દરિયાઇ વંટોળિયો.
Typhous fever, *n.* સનેપાત.
Typical, *a.* નિશાની દાખલ ગણવાનું–સમજવાનું. 2 નમુના રૂપ.
Typography, *n.* બીબાં અથવા ટાઇપથી છાપવાની કળા–કામ.
Tyrannical, *a.* જાલીમ; જુલમી; જબરદસ્ત; જુલમગાર.
Tyrannize, *v. t.* જુલમ–સેતમ ગુજારવો; જબરદસતી–પીડા કરવી.
Tyranny, *n.* બેદાદ–જુલમી રાજ્ય; રૈયતપર જુલમ. 2 જુલમ; જબરદસ્તી.
Tyrant, *n.* જુલમગાર રાજા. 2 જુલમ ગુજારનાર; જુલમગાર; સેતમગાર.
Tyro, *n.* નવો નિશાળિયો; શિખાઉ.

U.

U, ઈંગ્રેજી મુળાક્ષરનો ૨૧ મો અક્ષર.
Ubiquitous, *a.* સર્વવ્યાપક; સઘળે રહેનાર–હોનાર.
Ubiquity, *n.* હર જગે હાજરી; સઘળી જગાએ રહેવું તે; વિશ્વવ્યાપ્તિ.
Udder, *n.* હવાડું; આંચળ; થાન.
Ugliness, *n.* બદસુરતી; બદશિકલી.
Ugly, *a.* બદસુરત; બદશિકલ; કુરૂપ; કદરૂપું; જ્હરવું. [નામું.
Ukase, *n.* બાદશાહી ફરમાન–જાહેર
Ulcer, *n.* ભગંદર; નાસુર; ચાંદી.
Ulterior, *a.* બાજુનું; વધારે; હવે પછીનું.
Ultimate, *a.* છેલ્લું; શેવટનું; આખેરીનું.
Ultimately, *ad.* આખેરે; છેલ્લે સરવાળે; છેલ્લીવારે; શેવટે; અંતે.
Ultimatum, *n.* નિદાનનું–શેવટનું–છેલ્લું કેહેવું તે; છેલ્લી દરખાસ્ત–શરત.
Ultra, *a.* અત્યંત; ઘણું; છેલે પાટલે બેઠેલું. [મુદ્રની પેલી તરફનું.
Ultramarine, *a.* દરિયા પારનું; સ-
Umbra, *n.* છાયા; પડછાયો.
Umbrage, *n.* નાખુશી; અસંતોષ; રીસ; માઠું–ખોટું લાગવું તે. 2 છાયા; ઘટા; (to take—) માઠું–ખોટું લાગવું.

Umbrageous, *a.* ઘનછાયાવાળું; મોટો છાંયડો કરનાર-આપનાર.
Umbrella, *n.* છત્રી; છત્તર.
Umpire, *n.* તિરહાઈત; લવાદ; મધ્યસ્થ; પંચનો મુખી.
Unable, *a.* અસમર્થ; અશક્ત.
Unacceptable, *a.* નાપસંદ; નામંજુર.
Unaccommodating, *a.* કોઈની મરજી-સગવડ સાચવી શકે નહી-બીજાનું મન રાખે નહી એવું.
Unaccompanied, *a.* એકલું; સોબતી વગરનું; છડું; છડે દુપટે હોય તેવું.
Unaccomplished, *a.* અપ્રવીણ; ગુણસંપન્ન ન થયલું; અધુરૂ.
Unaccountable, *a.* જેનું કારણ મળી-શકે નહી અથવા જેની સમજ પડીશકે નહી એવું. 2બીન જવાબદાર.
Unaccustomed, *a.* ટેવ-મહાવરા વગરનું; બેરબત; અનભ્યાસી; અનભ્યસ્ત.
Unacquainted, *a.* ઓળખાણ નહીહોય એવું; નાવાકેફ; અજાણ્યું; બેખબર.
Unadjusted, *a.* પત્યા વગર પડી રહેલું; જેનો નિવેડો-ચુકાદો-ફેસલો થયો ને હોય એવું.
Unadvised, *a.* ઉતાવળું; કાચા વિચારેનું. [અમિશ્રિત.
Unadulterated, *a.* વગર ભેળશેળનું;
Unaffected, *a.* જેવું ને તેવું; ઢોંગ વગરનું; સાદું. 2 અસર ન થઈ હોય એવું; જેને કંઈ લાગ્યું ન હોય એવું.
Unaided, *a.* મદદવગરનું; અસહાય.
Unalterable, *a.* ફેરફાર ન થઈ શકે તેવું; ફેરવાય-બદલાય નહી એવું.
Unanimity, *n.* ઐક્ય; એકમત; એકદિલી; એકકાપણું. [સંપી.
Unanimous, *a.* એકમત-દિલ; એક
Unanswerable, *a.* જેનો જવાબ અપાય નહી તેવું; લાજવાબ; અનુત્તર.
Unappeaseable, *a.* શાંત-નરમ ન પડી શકે તેવું; શમે નહી એવું.
Unapproachable, *a.* જેની પાસે જવાય-અવાય નહી એવું. 2 જેની બરોબરી કરી ન શકાય એવું; પોહોંચાય-પુગી ન વળાય એવું.
Unapproved, *a.* નાપસંદ; અમાન્ય.
Unapt, *a.* નાલાએક; નાદુરસ્ત; ન-
Unarmed, *a.* બિનહથિયાર. [કાબેલ.
Unascertained, *a.* શોધ-તપાસ ન કરેલું; અનિશ્ચિત; બેમાલુમ.
Unasked *a.* પુછયા-માગ્યા વગરનું.
Unaspiring, *a.* કશાની મોટી ઉમેદ ન રાખતું.
Unassailable, *a.* તોડી પડાય નહી એવું; જેનાપર હુમલો નહી થઈ શકે એવું.
Unassisted, *a.* મદદ વગરનું; એકલું.
Unassuming, *a.* સાદું; નમ્ર; અનહંકારી; ઢોંગ વગરનું. [વાય તેવું.
Unattainable, *a.* અસાધ્ય; ન મેળ-
Unattended, *a.* છડું; છડી સ્વારીનું; સાથે માણસ રાખ્યા વગરનું; એકલું.

Unattested, *a.* જેમાં સાખ કરેલી નહી તેવું; પુરાવા વગરનું.
Unauthentic, *a.* પ્રમાણ વગરનું.
Unauthorized, *a.* ગેરહુકમનું; વગર સનદી; સત્તા–અખત્યાર વગરનું.
Unavailing, *a.* નિરર્થક; નિષ્ફળ; ફોકટ; મિથ્યા; ફાયદા વગરનું; અબસ.
Unavoidable, *a.* દૂર ન કરી શકાય તેવું; અણચાલ્યું; અનિવાર્ય.
Unaware, *a.* અજાણ્યું; જેને ખબર ન હોય એવું.
Unawares, *ad.* અકસ્માત્; એકાએક; અચાનક; ઓચિંતું.
Unbearable, *a.* ખમા–વેઠી–સાંખી શકાય નહી તેવું; અસહ્ય.
Unbecoming, *a.* અયોગ્ય; અઘટતું; નાલાએક; નામુનાસબ. [અનુત્પન્ન.
Unbegotten, *a.* ન થયલું; ન જન્મેલું;
Unbelief, *n.* અવિશ્વાસ; અનાસ્થા.
Unbeliever, *n.* નાસ્તિક; બેઈમાની.
Unbiassed, *a.* નિષ્પક્ષપાત; ભમાયું ન હોય તેવું; સમદર્શી.
Unbidden, *a.* કહેલું–ફરમાવેલું નહી એવું. 2 પોતાની મેળે થયલું. 3 અણબોલાવ્યું; વગર તેડે આવેલું.
Unblamable, *a.* ઠપકા વગરનું; નિર્દોષ; બેગુનાહ. [નહીં એવું.
Unableached, *a.* કોરું; નિખારેલું
Unblemished, *a.* ખોડ–ખાંપણ વગરનું; નિષ્કલંક.
Unblest, *a.* આશીર્વાદ નહી પામેલું. 2 દુખી; કંગાલ.
Unblown, *a.* વગર ખીલેલું.
Unborn, *a.* ન જન્મેલું; અજાત. 2 આવતું; હવે પછીનું.
Unbosom, *v. t.* પડદો ખોલીને વાત કરવી; મનની–પેટની વાત કહેવી; દિલ ખોલીને બોલવું.
Unbought, *a.* ન ખરીદ કરેલું.
Unbound, *a.* ન બાંધેલું; છુટું.
Unbounded, *a.* અપાર; બેહદ; અનંત.
Unbridled, *a.* બિન લગામ; બેકેદ.
Unbroken, *a.* આખું; અખંડ; અતૂટ; સંબંધવાળું. 2 પળોટાયલું નહી એવું; શિખવેલો નહી એવો (ઘોડો).
Unbrotherly, *a.* ભાઈ–બંધુને ન ઘટે તેવું. [કરવો–ઉતારવો.
Unburden, *v. t.* બોજો–ભાર ખાલી
Unburied, *a.* ન દાટેલું. [કાયલું; કાચું.
Unburnt, *a.* ન બળેલું. 2 ન સે-
Unburthen, *v. t.* ભાર ઉતારવો. 2 આરામ આપવો; કળ વળે તેમ કરવું.
Unbutton, *v. t.* બટન–બોરિયાં કાઢવાં.
Uncalled, *a.* અનાહૂત; વગર તેડેલું; નહી બોલાવેલું. (–for) નકામું; વગર જરૂરનું.
Unceasing, *a.* નિરંતર; ચાલુ.
Unceremonious, *a.* બેતકલુફ; સરભરા વગરનું; અસભ્ય; બેમુરવત.

Uncertain, *a.* ખાતરી-ભરોસા વગરનું; અનિશ્ચિત. 2 સંદેહવાળું.
Uncertainty, *n.* નહીં જે ખાતરી-ભરોંસો તે; આપતીજ. 2 સંદેહ; શક; ભ્રાંતિ.
Unchangeable, *a.* ફેરફાર-અદલાબદલી ન થઇ શકે તેવું; અવિકારી.
Uncharitable, *a.* દોષ-વાંક જોનાર -કાઢનાર; હશે-મુકીદે તેમ ન કરનાર.
Unchaste, *a.* છિનાળ; વ્યભિચારી; પાક નહીં તેવું. [કાપ વગરનું.
Unchecked, *a.* વગર વારયું; અટ-
Uncircumspect, *a.* અસાવધ; ગાફેલ; બેખબર.
Uncivil, *a.* અસભ્ય; બેમુરવત; બેઅદબ; તોછડું. [અભણ.
Uncivilized, *a.* જંગલી; ન સુધરેલું;
Unclaimed, *a.* ન વારસી; ખાનવારશી; બેવારીસ; ન ધણીયાતું.
Uncle, *n.* (father's brother) કાકો. (father's sister's husband) ફુવો. (mother's brother) મામો. (mother's sister's husband) માસો.
Unclean, *a.* મેલું; ગંદુ. 2 અપવિત્ર; નાપાક. [ન કરેલું.
Uncleansed, *a.* વગર માંજેલુ; સાફ
Unclothe, *v.t.* કપડાં કાઢવાં-ઉતારવાં.
Unclouded, *a.* વાદળાં વગરનું; નિ-
Uncloven, *a.* વગર ચીરેલું. [રભ્ર.
Uncomely, *a.* બેડાળ; ન શોભે તેવું; અયોગ્ય.

Uncomfortable, *a.* અસુખી; અસ્વસ્થ; બેઆરામ.
Uncommon, *a.* અસાધારણ; થોડું; વિરલું. 2 વિલક્ષણ; નવાઇનું; નાદર; અલૌકિક; અદ્ભુત; અજાયબજેવું.
Uncommonly, *ad.* ઘણુંજ; અત્યંત.
Unconcerned, *a.* બેફાળજી; બેપરવા; કનવાર વગરનું. 2 લાગતું વળગતું-લેવા કે દેવા ન હોય તેવું.
Unconditional, *a.* કરાર-સરત વગરનું; પૂરેપૂરૂં. [ખાત.
Unconfirmed, *a.* નામંજુર; નાસા-
Uncongenial, *a.* પ્રતિકુળ; માફક નહી તેવું; અનનુકુળ.
Unconnected, *a.* અસંગત-સંબંધ; સંબંધ વગરનું; બેતાલુક.
Unconquerable, *a.* જીતાય નહી તેવું; અજિંક્ય; બેસર; અજીત. [યોગ્ય.
Unconscionable, *a.* ગેરવાજબી; અ-
Unconscious, *a.* અચેત; બેભાન.
Unconstitutional, *a.* દેશ રેવાજ-રાજ્યનીતિ વિરૂદ્ધ.
Unconstrained, *a.* બેકેદ; બેલગામ.
Uncontrolled, *a.* બેકેદ; નિરંકુશ; બેલગામ.
Uncourteous, *a.* બેમુરવત; માણસાઇ વગરનું; અસભ્ય; બેસલુખ.
Uncouth, *a.* બેડોળ; ઢંગ વગરનું; તરેહવાર; પસંદ ન પડે-ગમે નહી એવું.
Uncover, *v. t.* ઉઘાડવું; ઢાંકણુ કહાડી નાખવું.

Uncreated, *a.* ઉત્પન્ન ન થયલું; નહી સરજેલું.
Unctuous, *a.* ચિકાશું; તેલિયું.
Uncultivated, *a.* ન ખેડાયલું; પડતર. 2 અણઘડ; બેતરબિયત; અભણ.
Undaunted, *a.* નિર્ભય; બેધડક; જાનબાઝ; બેબાક. [નારા ન પામે તેવું.
Undecaying, *a.* અવિનાશી; અક્ષય;
Undeceive, *v. t.* આંખ–કાન ઉઘાડવા; ભ્રાંતિ કાઢી નાખવી.
Undecided, *a.* અનિશ્ચિત; વગર નિશ્ચયનું; નાફૈસલ; નક્કી ન કરેલું.
Undefiled, *a.* ભ્રષ્ટ–અપવિત્ર–નાપાક ન થયલું; નિર્મળ; શુદ્ધ.
Undefinable, *a.* વ્યાખ્યા કરવાને–લક્ષણો કેહેવાને અશક્ય. 2 જેની હદ થાય નહી એવું; બેહદ. [વગરનું.
Undefined, *a.* મોઘમ; વ્યાખ્યા કર્યા
Undeniable, *a.* ના ન કેહેવાય તેવું.
Under, *prep.* નીચે; તળે. 2 તાબામાં; હુકુમમાં; હાથ નીચેનું. 3 ઓછું; કમ. 4 બાહાનું–મિશ–નિમિત્ત કાઢીને
Undergo, *v. t.* ભોગવવું; ખમવું; અંગેજવું; સોસવું; અંદર થઈને જવું.
Under grown, *a.* ભોંય–જમીનની નીચેનું.
Underhand, *ad.* છુપી રીતે; લપન છપન કરીને; દગાથી; ચોરી છુપીથી.
Underline, *v. t.* નીચે લીટી દોરવી.
Underling, *n.* હાથ તળેનો–હલકો માણસ; નીચ–હલકું આદમી.
Undermine, *v. t.* પાયામાંથી ખોદી કાઢવું; તળેથી પોલું કરી મૂકવું.
Undermost, *a.* સહુની નીચેનું; કનિષ્ટ.
Underneath, *prep.* નીચે; હેઠળ; તળે.
Underprize, } *v. t.* ઓછી કિંમતમાં
Under rate, } આણવું–નું ગણવું.
Undersell, *v t.* ઓછી કિમ્મતે વેચવું.
Undersign, *v. t.* નીચે સહી કરવી.
Understand, *v. t.* સમજવું; ધ્યાનમાં આણવું; બુજવું. 2 જાણવું; ખબર પડવી
Understanding, *n.* સમજ; ધ્યાન. 2 સમજણ; સમજ શકિત; બુદ્ધી; અક્કલ. 3 સમજુતી.
Undertake, *v. t.* માથે લેવું; પતકરવું; ઊંચકવું; બીડું ઝડપવું.
Undertaker, *n.* હરકોઈ કામ માથે લેનાર. 2 મુડદાંને અવલ મજલ પોહોંચાડવા સંબંધી જરૂરીઆત ચીજો પૂરી પાડનાર. [ધંધો.
Undertaking, *n.* માથે લીધેલું કામ;
Undervalue, *v. t.* ઓછી કિમ્મત
Underwood, *n.* ઝાડી. [કરવી.
Underwriter, *n.* વિમાવાળો. [ટિત.
Undeserved, *a.* ગેરવાજબી; અઘ-
Undeserving, *a.* નાલાયક; અયોગ્ય.
Undesigning, *a.* નિષ્કપટી; છળ–દગા વગરનું; ભોળું; અકૃત્રિમ.
Undesired, *a.* નહીં ઈછેલું; અનિચ્છિત.
Undestroyed, *a.* નહીં નાશ પામેલું.

Undetermined, *a.* ઠરાવ-નિશ્ચય ના કરેલું; નહી ઠરાવેલું. [નાર.

Undeviating, *a.* આડે માર્ગે ન જ-

Undigested, *a.* અપચ્યો રહેલું; અ-જીર્ણ; નહી પચેલું. 2 બરાબર નહીં ગોઠવેલું.

Undiminished, *a.* ઓછું ન થયલું.

Undiscerning, *a.* અવિવેકી; અ-વિચારી.

Undisciplined, *a.* ન કેળવાયેલું; ન શિખેલું; બેકવાયત; બેતદબીર.

Undiscovered, *a.* શોધ ન થયો હોય તેવું; બેમાલુમ. [ખુલું.

Undisguised, *a* પડદા-કપટ વગરનું;

Undisputed, *a.* બીનતકરારી; નિ-વિવાદ.

Undisturbed, *a.* બેહરકત; જેને ઈજા થઈ ન હોય તેવું. [અખંડ; આખું.

Undivided, *a.* નહી વહેંચાયલું;

Undo, *v. t.* ન કર્યું હોય તેવું કરી ના-ખવું; ઉંધું કરવું. 2 ધુળધાણી કરવી; ઉંધું મારવું; નાશ કરવો; ખરાબ ખ-સ્તા-જીવતું મુવું કરી મેલવું.

Undone, *a.* કર્યું કરાવ્યું ધુળ મળ્યું હોય તેવું. 2 ન કીધેલું. [સંશય.

Undoubted, *a.* શક વગરનું; નિ-

Undress, *v.t.* કપડાં-લુગડાં ઉતારવાં. 2 *n.* ઢીલા-સથરપથર પોશાગ. 3 સિપાઈઓ અને લશ્કરી અમલ-દારોનો મુકરર કરેલો રોજ પેહેરવા-નો પોશાક (ભર પોશાગ નહી.)

Undrinkable, *a.* પીવાય નહી તેવું.

Undue, *a.* નાલાયક; અયોગ્ય. 2 બે-સુમાર; બેહદ; અતિશય.

Undulate, *v. i.* } તળે ઉપર આવવું
Undulation, *n.* } જવું-હીલવું લટ-કવું; ડોલવું; ડોલા ખાવા.

Undutiful, *a.* કહ્યું ન કરનાર; બેહુ-કમી; નમાનનાર; નાફરમાન બરદાર.

Unearth, *v. t.* ભરાઈ-છુપાઈ-પડી રહ્યું હોય ત્યાંથી બહાર કાઢવું-બહાર નિકળી આવે તેમ કરવું.

Uneasiness, *n.* ચિંતા; ચટપટી; બે-ચેની; બેઆરામી; બેકરારી; ચલવલ.

Uneasy, *a.* બેચેન; બેઆરામ; બેક-રાર; અસ્વસ્થ; કળ ન પડતી હોય તેવું

Uneducated, *a.* અભણ; કેળવણી નહી પામેલું.

Unemployed, *a.* કામ-ધંધે ન લાગેલું; ખાલી; બિન રોજગારી; બેઠા બેકાર. 2 નહી વપરાતું; કામમાં નહી આવેલું.

Unencumbered, *a.* પીડામાં ન પડેલું. 2 છુટી; ગીરો ન મુકેલી (મીલકત)

Unenduring, *ppr. a.* ન ટકે તેવું.

Unenlightened, *a.* પ્રકાશિત-જ્ઞાની ન થયલું; મુર્ખ.

Unenviable, *a.* અદેખાઈ ઉપજાવે નહી એવું; ઇચ્છવા જોગ નહી એવું.

Unenvious, *a.* અદેખાઈ ન કરનાર; નિર્મત્સર.

Unequal, *a.* બરાબર-સરખું નહી

એવું; અસમ. 2 ઉતરતું. 3 અધુરૂં; પુરતું—જોઈએ એટલું નહી. 4 ગેરવાજબી.
Unequaled, *a*. બાસાની; અપ્રતિમ; જેના સરખું બીજું નહી એવું.
Unequivocal, *a*. સાફ; સ્પષ્ટ; જેમાંથી બે અર્થ ન નિકળે તેવું. [કરતું.
Unerring, *a*. અચૂક; નિભ્રાંત; ભુલ ન
Unessential, *a*. અગત્ય—જરૂરનું ન હોય તેવું; અનાવશ્યક.
Uneven, *a*. ઊંચું નીચું; સરખું સપાટ નહી હોય એવું.
Unexampled, *a*. અગાઉ થયું ન હોય એવું; અપૂર્વ; અનુપમ.
Unexceptionable, *a*. બાધ વગરનું; હરકત—વાંધો ન લેવા જેવું; સારૂં.
Unexpected, *a*. અણધારેલું; એકાએકનું; આકસ્મિક; નહી ધારેલું.
Unexpectedly, *a*. અચાનક; અકસ્માત્; અણચીતવું; એકાએક; અચબુચું.
Unexperienced, *a*. અનુભવ વગરનું.
Unexplored, *a*. શોધ ન કર્યો હોય તેવું; અજાણ્યું; ગેરમાહીત.
Unextinguished, *a*. ન હોલવેલું.
Unfading, *a*. કરમાઈ ન જાય તેવું; ખરી ન પડે તેવું; અક્ષય; સદા લીલું.
Unfair, *a*. ગેરવાજબી; ખોટું. 2 બેઈમાનદાર; અપ્રમાણિક. [બેવફા.
Unfaithful, *a*. નિમકહરામ; બેઈમાન;
Unfashionable, *a*. બેરિવાજ; બેચલણ; ચાલની રસમમાં ન આવતું—ન વપરાતું; ગેર રીત—ચાલનું.
Unfasten, *v. t*. ગાંઠ છોડવી; ઉઘાડવું; છુટવાણમાંથી મોકલું કરવું.
Unfathomable, *a*. જેનું તળિયું ન જણાય તેવું; અથાગ; અગાધ; તર્ક—બુદ્ધિ ચાલે નહીં તેવું; અગમ્ય.
Unfavorable, *a*. માફક—અનુકૂળ ન હોય તેવું; પ્રતિકુળ. 2 ગેરમેહેરબાન.
Unfeathered, *a*. પર—પીછ વગરનું.
Unfeeling, *a*. નિર્દય; વજ્ર છાતીવાળું; બેરહમ; સંગદિલ.
Unfeigned, *a*. ખરૂં; નિષ્કપટ.
Unfelt, *a*. લાગ્યું—અસર થઈ ન હોય તેવું; બેમાલુમ.
Unfettered, *a*. બેડી—બંધન વગરનું; છુટું થયલું; છોડવેલું; મોકલું.
Unfinished, *a*. અપૂર્ણ; અધુરૂં; કાચું.
Unfit, *a*. અયોગ્ય; નાલાયક; નાદુરૂસ્ત.
Unfixed, *a*. અસ્થિર; મક્કમ નહી તેવું; ચલિત. [હોય તેવું.
Unfledged, *a*. પર—પીછાં ન ફુટેલાં
Unflinching, *a*. પાછું હટે નહી એવું.
Unfold, *v. t*. ઉઘાડવું; પ્રગટ—જાહેર કરવું. 2 ઉકેલવું.
Unforeseen, *a*. આગમજથી ન જણાયલું; બેમાલુમ; અણધાર્યું.
Unforgiving, *a*. સાંખી—ખમી ન જાય તેવું; ખારીલું; દીર્ઘદ્વેષી; બેરેહેમ.
Unfortified, *a*. ન બાંધેલું.

Unfortunate, *a.* કમનસીબ; દૈવ-હીન; બદબખ્ત; કરમનું ફુટેલું; ભાગ્યહીન; અભાગ્યું.
Unfounded, *a.* આધાર-મુળ-પાયા વગરનું; ઠેકાણા વગરનું; નિરાધાર; મિથ્યા.
Unfriendly, *a.* બેદિલ; અણબનાવ થયો હોય તેવું; મિત્રાઇ તુટેલું.
Unfruitful, *a.* વાંઝિયું (ઝાડ). 2 વાંઝણી (ઓરત). 3 વ્યર્થ; નિષ્ફળ. 4 રસાળ ન હોય તેવી (જમીન.)
Unfurl, *v. t.* વિંટાળેલું છોડી મુકવું; ખોલવું. [વગરનું.
Unfurnished, *a.* સામાન સરંજામ
Ungarnished *a.* શોભાવેલું-દીપાવેલું નહીં હોય એવું. [બીલ.
Ungenerous, *a.* હલકા મનનું; બ-
Ungenteel, *a.* અસભ્ય; બેઅદબિયત.
Ungentlemanly, *a.* અસભ્ય.
Ungird, *v. t.* કમરપટો છોડવો.
Ungodliness, *n.* અધર્મ; બેદીની.
Ungodly, *a.* અધર્મી; દેવનિંદક; બેદીન.
Ungovernable, *a.* જેના ઉપર જોરો-દસ્ત ન ચાલે તેવું; બેલગામ; બદ્દે-ગાંઠે નહી એવું.
Ungracious, *a.* દુષ્ટ; પાપી. 2 ઝાંઝ છુટે એવું. 3 તિરસ્કાર્ય; ફિટકાર કરવા જોગ. 4 માઠું-ખોટું લાગે એવું; નાપસંદ; મેહેરબાંની-માયા દેખાડ નહી એવું.

Ungrammatical, *a.* વ્યાકરણની રીતથી ઉલટું; વ્યાકરણપ્રમાણે નહીએવું.
Ungrateful, *a.* નગુણું; અવગુણીઉં; નિમક-લુણ હરામ; કૃતઘ્ન; નગરું.
Ungrounded, *a.* આધાર વગરનું.
Unguarded, *a.* સંભાળ-ચોકસી વગરનું; અરક્ષિત. 2 ગાફેલ; અસાવધ.
Unguent, *n.* લેપ; મલમ. [વધ.
Unhandy, *a.* અણકીસબી; અનાડી; અનઘડ. 2 અગવડ-અડચણ ભરેલું.
Unhappy, *a.* અસુખી; દુઃખી. 2 કમનસીબ; ભાગ્યહીન. 3 અશુભ.
Unharmed, *a.* નુકસાન-હરકત વગરનું. [નહીં.
Unhatched, *a.* બરાબર સેવાયલું
Unhealthy, *a.* રોગી; આજારી; બીમાર. 2 રોગજનક. 3 નબળું.
Unheard, *a.* ન સાંભળેલું; અશ્રુત. 2 જેની દાદ લેવાઈ નથી એવું. 3 જણાયલું નહી એવું; અપ્રખ્યાત.
Unhinge, *v. t.* સાંધા-મિજાગરાં-અણિયારાં ઉપરથી ખસેડી નાખવું. 2 ડગમગતું કરવું.
Unholy, *a.* અપવિત્ર; નાપાક.
Unhorse, *v. t.* ઘોડા ઉપરથી ઉતારવું-પાડવું. [ઢવું.
Unhouse, *v. t.* ઘરમાંથી બહાર કા-
Unhurt, *a.* સલામત; કેશું નુકસાન-ઈજા થઈ નહી હોય એવું.

Unicorn, *n.* ગેંડો.
Unidiomatical, *a.* બોલવાની ખાસ રૂઢીથીઉલટું;બેરિવાજ(શબ્દ,પ્રયોગ.)
Uniform, *a.* એક જાત–તરેહનું;એક-સરખું; સમાન; એકરૂપ. 2 *n.* એક સરખો પોશાક; લશ્કરી પોશાક.
Uniformity, *a.* એકસાની; એક સ-રખાપણું;સમસમાનપણું;સમરૂપતા.
Uniformly, *ad.* એક સરખી રીતે.
Unimaginable, *a.* કલ્પના ન થઇ શકે તેવું; અગમ્ય; બેક્યાસ.
Unimpaired, *a.* ન બિગડેલું; બેનુ-કસાન; સાબૂત; જેવું ને તેવું.
Unimpeachable, *a.* નિષ્કલંક; જે-નાપર દોષ મુકાય નહી એવું.
Unimportant, *a.* હલકું;તુચ્છ;નજીવું.
Uninformed, *a.* ગેરમાહિત;બેખબર.
Uninhabited, *a.* ઉજડ; નાઆબાદ; વસ્તી વગરનું. [ઇ હોય તેવું.
Uninspired, *a.* ઇશ્વરી પ્રેરણા ન થ-
Uninstructed, *a.* અશિક્ષિત;ન સમ-જેલું–સિખેલું–સલાહ લીધેલું.
Unintelligent, *a.* જડ–મંદ બુદ્ધીનું.
Unintelligible, *a.* સમજવાને–ધ્યા-નમાં આવવાને કઠણ; દુર્બોધ.
Unintended, *a.* બિન ઇરાદાનું; ન ધારેલું; અજાણતાં થયલું.
Unintentional, *a.* અણધારેલું.
Unintentionally, *ad.* અજાણથી; અજાણતાં; વિસરાંતે.
Uninterested, *a.* લગતું વળગતું–લેવા દેવા ન હોય તેવું. 2 જેનું દિલ ખુશ થયું નહી તેવું.
Uninteresting, *a.* ગમે નહી–ખુશ કરે–લાગે નહી એવું; ફુચા જેવું; અરસિક.
Uninterrupted, *a.* } હરકત વગર;
Uninterruptedly, *ad.* } વચમાં અ-ટક્યા વગર; નિરંતર; અખંડ.
Uninvited, *a.* અનાહુત; ન નોતરેલું–તેડેલું–બોલાવેલું. [દોડ નહી એવું.
Uninviting, *a.* જેનાપર મન–દિલ
Union, *n.* એકી; ઐક્ય; ઇતિફાક; એકદિલી મેલાપ. 2 સંયોગ; સંધિ.
Unique, *a.* એક માત્ર; એકજ; વિલક્ષણ. [એકસુર; તાલ.
Unison, *n.* સુર–સ્વરનો મિળાપ;
Unit, *n.* એકનું પરિણામ; એકમ.
Unite, *v. t.* મેળવવું; જોડી નાખવું. 2 સંપ બાંધવો; એકદિલી કરવી. 3 *v. i.* મળવું; જોડાવું. 4 એક દિલ–મત્ત–ચિત્ત થવું.
United, *a.* જોડાયલું; સંયુક્ત. 2 એક દિલ. [દિલ થઇને.
Unitedly, *ad.* મળીને; સંગાથે; એક
Unity, *n.* એકપણું; એકત્વ; અદ્વૈત; અભેદ. 2 એકી; ઐક્ય; એક દિલી; સંપ. 3 મેળાપ.
Universal, *a.* સંબંધી તરફનું; ચોમે-રનું. 2 તમામ; આખું; સર્વ; બધું.

Universality, *n.* સર્વવ્યાપકત્વ. 2 સર્વનો સંબંધ.
Universally, *ad.* સઘળે ઠેકાણે; સર્વત્ર.
Universe, *n.* બ્રહ્માંડ; વિશ્વ; ત્રિભુવન; જગત; આલમ; દુનિયાં.
University, *n.* પાઠશાળા સમાજ; વિદ્યાલય-મંડળ; યુનિવર્સીટી.
Unjust, *a.* ગેરઇનસાફનું; અન્યાયી; ગેરવાજબી; નામુનાસેબ.
Unjustly, *ad.* નાહક; ગેરવાજબી રીતે.
Unjustifiable, *a.* ખરૂં-વાજબી છે એમ સાબીત ન થઈ શકે તેવું.
Unkind, *a.* અકૃપાળુ; નામેહેરબાન.
Unkindness, *n.* અવકૃપા; ગેરમેહેરબાની; કરડો ડોળો.
Unknowingly, *ad.* અજાણતાં; ન સમજતાં.
Unknown, *a.* અજાણ્યું; ઓળખાણ વગરનું. 2 અપ્રસિદ્ધ; બેમાલુમ.
Unlade, *v. t.* બોજો-ભાર ઉતારવો. (a ship) વહાણ ખાલી કરવું; વહાણમાંથી માલ ઉતારવો.
Unlawful, *a.* ગેરકાયદાનું; અશાસ્ત્ર. 2 હરામ;લુચ્ચાઈનું;અઘટતું.
Unlawfully, *ad.* ગેરકાયદે; અઘટતી રીતે.
Unlearn, *v. t.* શિખેલું-ભણેલું ભૂલી જવું.
Unlearned, *a.* અભણેલ; અપઢ; મૂર્ખ.
Unless, *conj.* શિવાય; વગર; નહીંતો; નહીંતર; અગંરે નહીં.
Unlettered, *a.* અભણ.
Unlicensed,*a.*સનદ-પરવાના વગરનું
Unlike, *a.* જુદું; સરખું-મળતું ન હોય તેવું.
Unlikely, *ad.* ન બને તેમ; અસંભાવ્ય; નહી સંભવતું.
Unlimited, *a.* બેહદ; મર્યાદા-સીમા વગરનું; અપાર; અમર્યાદ.
Unload, *v. t.* See Unlade.
Unlock, *v. t.* તાળું ઉઘાડવું. 2 ખુલું કરવું.
Unlooked for, *a.* આગળથી ધારેલું-જાણેલું-જોયલું-ઇચ્છેલું નહીં તેવું.
Unlovely, *a.* સુંદર-વહાલું નહી લાગે તેવું; અપ્રીય; અણગમતું; અળખામણું.
Unluckily, *ad.* કમનસીબને લીધે; દુર્દૈવે; માઠાં ભાગ્યેગે.
Unlucky, *a.* કમબખ્ત; ભાગ્યહીન; કરમ ફુટ્ટું; અપજસિયું. 2 અશુભ; અમંગળ.
Unmake, *v. t.* કીધેલું ભાંગી પાડવું; બનાવેલું-ઘડેલું હોય તે ન બનાવ્યું હોય તેમ કરવું.
Unman, *v. t.* ઉદાસ-નાહિમત કરવું; ધીરજ મુકાવી દેવી. 2 નામર્દ કરવું. 3 માણસ કાઢી લેવાં; ઉજડ પાડવું.
Unmanageable, *a.* બેકાબૂ; હાથમાં ન રેહે તેવું; છકેલ; બહેકેલ.
Unmanly, *a.* પુરૂષ-મર્દને નાલાયક હોય-છાજે નહીં તેવું; બાયલાપણાનું.
Unmannerly, *a.* અસભ્ય; કઢંગું; ગેરશિરસ્તાનું; અશિષ્ટ; જંગલી.
Unmarried, *a.* કુંવારૂં; છડું. -(man) વાંઢો. -(woman) અનુઢા.

Unmask, *v. t.* બુરખો–વેશ–પડદો કાઢીને ખરૂં રૂપ દેખાડવું. [નકામું.
Unmeaning, *a.* અર્થ વગરનું; ખાલી;
Unmerciful, *a.* નિર્દય; ક્રૂર; ઘાતકી.
Unmerited, *a.* જેને લાયક–સઝાવર–ઘટતું નહી હોય એવું. 2 ગેરવાજબી.
Unmindful, *a.* ગાફેલ; બેફિકરૂં; બેસૂરત.
Unmingled, } *a.* અમિશ્રિત; વગર
Unmixed, } ભેળસેળનું; ચોખ્ખું.
Unmolested, *a.* ઈજા–ઉપદ્રવ વગરનું.
Unmoor, *v. t.* લંગર–નાગર ઉઠાવવું–ઉપાડવું–ઊંચકવું.
Unmortgaged, *a.* ગીરે ન મુકેલું.
Unmoved, *a.* નહી ખસેલું–હલેલું; અચલિત. 2 દિલ ન પિગળેલું; દિલમાં લાગ્યું–અસર થઈ ન હોય તેવું. 3 દૃઢ; અચળ; ડગે નહી એવું.
Unnatural, *a.* ગેરરીતનું; કુદરતી શિરસ્તાથી–માનવ ધરમથી ઉલટું.
Unnecessary, *a.* વગર જરૂરનું; નિષ્કારણ; નકામું; વૃથા.
Unnerve, *v. t.* બળ–જોર ભાંગી નાખવું; અશક્ત–નબળું કરવું. [ત.
Unnumbered, *a* અગણિત; અસંખ્યા-
Unobeyed, *a.* નહીં માનેલું–અદબ રાખેલું. [આચરેલું.
Unobserved, *a.* નહીં જોયલું–પાળેલું–
Unobstructed, *a.* બીનહરકતે.
Unobstrusive, *a.* શરમાળ; આગળ–પડવાનો બહાર આવવાનો જેનો સ્વભાવ નથી એવું.
Unobtainable, *a.* દુર્લભ; ન મળે તેવું
Unoccupied, *a.* ખાલી; અવાવરૂ; અવડ. 2 કામ વનાનું; ફરસદમાં હોય તેવું; નવરૂં. [નાહ; નિર્દોષી.
Unoffending, *a.* નિરપરાધી; બેગુ-
Unopened, *a.* ન ઉઘડેલું; બંધ. [રનું.
Unopposed, *a.* સામેની હરકત વગ-
Unorthodox, *a.* પાખંડી; કુમાર્ગી.
Unostentatious, *a.* વગરભપકાનું; સાદું
Unpack, *v. t.* ગાંસડી છોડવી. 2 ભાર ઉતારવો. [–અદા કરેલું.
Unpaid, *a.* નહી ચુકવેલું–આપેલું
Unpalatable, *a.* બેસાવદ. 2 નાપસંદ.
Unparalleled, *a.* અનુપમ; અપ્રતિમ.
Unpardonable, *a.* માફ ન કરાય તેવું.
Unperceived, *a.* નહી જણાયલું; ધ્યાનમાં નહી આવેલું.
Unphilosophical, *a.* ફિલસૂફ–તત્વજ્ઞાનીનીરીતેનહીંવિચારેલું; અયુક્તિક.
Unpleasant, } *a.* નાપસંદ; અપ્રિય;
Unpleasing, } અણગમતું; અલખામણું.
Unploughed, *a.* ખેડેલું–ચાસેલું નહીં.
Unpolished, *a.* સફાઈદાર–ચકચકિત નહીં તેવું; સાદું. 2 અસભ્ય; બેઅદબ; બેમુરવત.
Unpolite, *a.* અસભ્ય. [નાપસંદ.
Unpopular, *a.* લોકને અણગમતું–
Unpractised, *a.* બિન· માહાવરાનું; અનભ્યસ્ત.

Unprecedented, *a.* આગળ ન થયલું; અપૂર્વ; નવું.
Unprejudiced, *a.* ન ભમાએલું; પક્ષ-તરફદારી વગરનું; સમદર્શી.
Unpremeditated, *a.* અચિંતિત; આગળથી વિચાર્યા વગરનું.
Unprepared, *a.* તયાર ન થએલું.
Unpretending, *a.* ઢોંગ વગરનું;સાદું.
Unprincipled, *a.* એક નિશ્ચય-ઠરાવ-ટેક વગરનું; ઢંગ-ધડા વગરનું. 2 દુ-રાચારી; બદઝાત; બદનેયત; દુર્ગુણી.
Unproductive, *a.* ફળવંત ન હોય તેવું; પાક ઉતરે નહી તેવું. 2 નિષ્ફળ; વ્યર્થ.
Unprofitable, *a.* નફો ન થાય તેવું; નિરર્થક; બેફાયદે; નકામું.
Unpropitious, *a.* નામેહેરબાન; નામુબારક; બેબરકત; અશુભ; અમંગળ.
Unprotected, *a.* અનાથ; બેવાલી; બેધસીલા; નિરાશ્રય. 2 ઉઘાડું.
Unprovoked, *a.* ખિજવેલું-ચિડવેલું નહી હોય એવું. 2 અમથું; નાહકનું.
Unpublished, *a.* નહીં છાપેલું; અ-પ્રસિદ્ધ. [બિસજા.
Unpunished, *a.* શિક્ષા કર્યા વગરનું;
Unqualified, *a.* નાલાયક; અયોગ્ય. 2 લેવા જોઇતા કસમ જેણે ખાધેલા નહી એવું. 3 તદન; પૂરેપૂરું; કશીબી શરત વગરનું.
Unquenchable, *a.* મટે-છીપે-ભાંગે હોલવાય નહીં તેવું.
Unquestionable, *a.* નિસ્સંશ; બેશક; સંદેહ વગરનું.
Unravel, *v. t.* ગૂંચ કાહાડવી; છૂટું પાડવું; ગૂંચવાયલું છોડવું.
Unread, *a.* નહી વાંચેલું. 2 અભણ.
Unreasonable, *a.* ગેરવાજબી; સમ-જવાર નહીં તેવું. 2 ઘણુંજ; અતીસે.
Unreceived, *a.* ન મળેલું; અપ્રાપ્ત.
Unrecompensed, *a.* ફળ-નફો ન થ-યલો હોય તેવું;બદલો ન વળ્યો હોય તેવું.
Unreconciled, *a.* મેલાપ-સલાહ-ઐક્ય ન થયલું. [નહીં એવું.
Unredeemed, *a.* દંડ આપીને છોડવેલું
Unreflecting, *a.* અવિચારી. [વાળી.
Unregarded, *a.* નમાનેલું; બેદરકારી-
Unrelenting, *a.* કઠણ-વજ્ર છા-તીનું; નિર્દય; બેરેહેમ.
Unremitting, *a.* એકસરખું; જારી રહેલું; જરાએ અટક્યા વગરનું.
Unrepenting, *a.* પસ્તાવો ન કરે તેવું.
Unreserved, *a.* ખુલે ખુલ્લું; સાફ. 2 પૂરેપુરું. 3 પોતાને હસ્તક નહી રાખેલું. [થતું. 2 નમી જતું.
Unresisting, *a.* તાબે થતું; સામું ન-
Unresolved, *a.* નક્કી-નિશ્ચય ન ક-ર્યો હોય તેવું.
•Unrestrained, *a.* બેબંદ; બેલગામ; નિરંકુશ; અંકોસ-અટકાવ વગરનું.
Unrevealed, *a.* પ્રસિદ્ધ ન કરેલું; અપ્રસિદ્ધ.

Unrewarded, *a.* જેને બદલો-ફળ-બક્ષીસ ન મળેલું હોય તેવું. [લવું.
Unriddle, *v. t.* કેહેવું; છોડવવું; ઉકે-
Unrighteous, *a.* અધર્મી; અન્યાયી; બદકાર; પાપી. [ય; બદકારી.
Unrighteousness, *n.* અધર્મ; અન્યા-
Unripe, *a.* કાચું; લીલું; કડક.
Unrivalled, *a.* બેમિસાલ; અનુપમ; જેનો બરોબરીયો કોઈ ન હોય તેવું.
Unroll, *v. t.* પિંડું છોડવું; લપેટેલું-વિંટાળેલું છોડી નાખવું; ઉકેલવું.
Unruffled, *a.* સ્થિર; શાંત.
Unruly, *a.* બેલગામ; છકેલ; છકી ગએલું; શિરજોર; હાથમાં ન રહે તેવું.
Unsafe, *a.* જોખમનું; નાસલામત.
Unsaleable, *a.* ખપી ન શકે તેવું; વેચાય નહી તેવું.
Unsanctified, *a.* અપવિત્ર; નાપાક; અશુદ્ધ. [થાય તેવું.
Unsatiable, *a.* ન ધરાય તેવું; તૃપ્ત ન
Unsatisfactory, *a.* બિન ખાતરીનું; સંતોષ ન પમાડે-પ્રસન્ન ન કરે તેવું.
Unsatisfied, *a.* તૃપ્ત નથયલું; અસંતોષી.
Unsavory, *a.* બેસવાદ; બેહેલજત. 2 નાપસંદ; કંટાળા ભરેલું; અણગમતું.
Unsay, *v. t.* બોલેલું રદ કરવું; બોલ્યું પાછું થાય તેમ કરવું; બોલ પાછો ફેરવવો; બોલીને ફરી જવું.
Unsealed, *a.* મોહોર ન કરેલું; ન બીડેલું; ખુલ્લું.

Unsearchable, *a.* નશોધાય-તપાસાય તેવું; અતર્ક્ય; ગૂઢ; ન સમજાય તેવું.
Unseasonable, *a.* કવખતનું.
Unseemly, *a.* શોભે-સારૂં લાગે નહી એવું; લજવાવા જેવું.
Unseen, *a.* ન જોયલું; અણદીઠું.
Unselfish, *a.* બીન સ્વાર્થી. [નકામું.
Unserviceable, *a.* કામ ન લાગે તેવું;
Unsettled, *a.* ડગળતું; ફેસલો-ઠરાવ ન થયલું. 2 વગર બંદોબસ્તનું; અવ્યવસ્થાવાળું. 3 અસ્થિર; બદલાયા કરતું. 4 ઠરીઠામ ન થયલું.
Unsevered, *a.* જુદું નહીં પાડેલું.
Unshackled, *a.* વગર બેડીનું; છુટું.
Unshaken, *a.* ન હલાવેલું. 2 મજબુત બેઠેલું; દ્રઢ. [કાઢવું.
Unsheath, *v. t.* મ્યાનમાંથી બાહાર
Unsheltered, *a.* વગર આસરાનું; આથ-સાહ્ય વગરનું; [હોય તેવું.
Unshod, *a.* અડવું; અડવાણું; ઉઘાડપગે
Unshorn, *a.* કાપી-કાતરીનહીંનાખેલું.
Unsightly, *a.* બેઢબ; બદસુરત; બદશિકલ; જોવા ગમે નહી એવું.
Unskilful, } *a.* અણકિસબી; અ-
Unskilled, } નાડી; અકુશળ.
Unsociable, *a.* ચાર માણસમાં હળી મળી ન જાએ તેવું; નહીં મળતાવડું; એકલપેટું; અતડું; સુમ્હ; બળેલ.
Unsold, *a.* ન વેચેલું. [નહી તેવું.
Unsolderlike, *a.* સીપાઇને સુનાસબ

Unsolicited, *a.* નહીં માંગેલું; અયાચિત; દરખ્વાસ્ત નહીં કરેલી એવું.
Unsolicitous, *a.* નિશ્ચિંત; બેકાળજી; ચિંતા-ફિકર વનાનું; બેદરદી.
Unsophisticated, *a.* તાલમેલ અથવા ભેળભાલ વગરનું; અસલ.
Unsought, *a.* નહીં શોધેલું. 2 નહી માંગેલું.
Unsound, *a.* ખોડવાળું; ખોબદાર. 2 નાતવાન; નબળું; રોગિષ્ટ. 3 જે ઉપર ભરૂસો નહીં રાખી શકાય એવું; દગાખોર. 4 ખોટું; આડું અવળું.
Unsown, *a.* નહીં વાવેલું-રોપેલું; ઉગીનિકળી તેને સારૂં બી રૂપે નહીં વેરેલું.
Unsparing, *a.* કસર ન રાખે એવું.
Unspeakable, *a.* ન બોલાય તેવું; બેબયાન.
Unspent, *a.* ન ખરચેલું
Unspotted, *a.* ડાઘ-કલંક-ખોબ વગરનું.
Unstable, Unsteady, *a.* અસ્થિર; ડગમગતું. મજબૂત નહીં બેઠેલું. 2 ચંચળ; મનનું વિહ્‌ળ; વિચાર ફેરવ્યા કરે તેવું.
Unstring, *v. t.* દોરી છોડવી; બંધ કાહાડવો.
Unsubdued, *a.* નહી જીતેલું; સરતાબે નહી કરેલું; અજીત.
Unsubstantial, *a.* જીવ વગરનું; છાયાઈપ; પોલું; ખાલી. 2 ખોટું.
Unsuccessful, *a.* નામુરાદ; નાફતેહમંદ. 2 નિષ્ફળ; વ્યર્થ.
Unsuitable, *a.* નાલાયક; નકામું; બેસતું-માફક ન આવે તેવું.
Unsullied, *a.* નિષ્કલંક; ડાગવગરનું.
Unsupported, *a.* આધાર વગરનું; નિરાધાર; અંતરંગ; અધર. 2 સાહ્ય-મદદ-કુમક વગરનું.
Unsurmountable, *a.* ઓલંગી શકાય નહી તેવું.
Unsurpassed, *a.* જેનાં કરતાં સરસ-ચઢતું ન હોય તેવું.
Unsuspected, *a.* શક-સંદેહ વગરનું.
Unsuspecting, *a.* ભોળું; સાદું.
Untainted, *a.* ડાઘ વગરનું.
Untamable, *a.* હલો જાય-પલાય નહીં તેવું. 2 હાથ-કાબુમાં રાખી ન શકાય તેવું.
Untasted, *a.* ચાખ્યા વગરનું.
Untaught, *a.* અભણેલ; નહીંશીખેલું.
Untenable, *a.* તાબામાં રાખી શકાય નહી તેવું. 2 નીભી-ટકી-ચાલી શકે નહી તેવું.
Unterrified, *a.* નહીં બીધેલું; નિડર.
Unthankful, *a.* ઉપકાર ન માનનાર.
Unthinking, *a.* અવિચારી; અવિવેકી.
Unthought of, *a.* આકસ્મિક; એકાએક થયલું; જેને વિશે ધારેલું નહીં તેવું.
Untie, *v. t.* છોડવું; બંધ ખોલવો.
Until, *prep.* ત્યાં-જ્યાંહાંસુધી-લગી.
Untimely, *a.* કવેળાનું; કવખતનું; અકાળિક; ભળતીજ વેળાનું; બેવખતનું.
Unto, *prep.* સુધી; તુલીક; લગી.

Untold, *a.* ન કહેલું. 2 નહી ગણેલું.
Untouched, *a.* નહીં અડકેલું. 2 અસર નહી થઈ હોય એવું.
Untoward, | *a.* વાળ્યું વળે નહી
Untractable, | તેવું; જીદ્દી; બેકાબૂ; બેલગામ; હાથમાં ન રખાય તેવું. 2 કઢંગું; અગવડ-કંટાળા ભરેલું.
Untried, *a.* ન કરી જોયલું; ન અનુભવ કરેલું; અણવીતેલું.
Untrodden, *a.* ન ચંપાયલું-છુંદાયલું.
Untrue, *a.* ખોટું; મિથ્યા; અસત્ય.
Untruth, *n.* અસત્ય; જુઠું; નારાસ્તી; અનૃત ભાષણ.
Untutored, *a.* ન શિખવેલું.
Untwine, | *v. t.* ઉકેલવું; ઉખેડવું; વિટા-
Untwist, | ળેલું છોડવું; ગુંચ કાહાડવી.
Unused, *a.* પડીરહેલું; અવડ; અવાવરૂ. 2 જેને ટેવ નથી એવું.
Unusual, *a.* ઉલટા શિરસ્તાનું; બેરિવાજ; અસાધારણ; અવ્યાવહારિક.
Unutterable, *a.* ઉચ્ચાર કરાય-બોલાય-કહેવાય નહીં તેવું; અવાચ્ય.
Unvanquished, *a.* ન જીતાયલું; અજિત. [બદલાયલું.
Unvaried, *a.* ફેરફાર ન થયલું; ન
Unveil, *v. t.* બુરખો કાઢવો; ખુલ્લું-ઉઘાડું કરવું.
Unviolated, *a.* ન ભાગેલું. 2 ભ્રષ્ટ-નાપાક નહીં કરેલું. [લીથી.
Unwarily, *ad.* અસાવધપણે; ગાફે-
Unwarrantable, *a.* સત્તા-આધાર વગરનું; બેસનદ; ગેરવાજબી.
Unwarranted, *a.* ગેર-બિનસનદી.
Unwary, *a.* અસાવધ; ગાફેલ; બેખ-
Unwashed, *a.* નહીં ધોયલું. [બર.
Unwearied, *a.* નહીં થાકેલું; અશ્રમિત.
Unwelcome, *a.* આગતાસ્વાગતા ન કરેલું; નાખુશ કરે એવું.
Unwell, *a.* જીવને કરાર-ચેન નહીં હોય એવું; કચરાયલું; નાદુરસ્ત.
Unwholesome, *a.* વાયડું; સદે-નહી એવું.
Unwiedly, *a.* ભારી; વજનદાર; મુશ્કેલીથી હલાવાય-ફેરવાય તેવું.
Unwilling, *a.* નાખુશ; બેદિલ; નારાજી.
Unwise, *a.* મુર્ખ; ઘેલું; અવિચારી.
Unwittingly, *ad.* અજાણતાં; ભૂલમાં.
Unworthy, *a.* નાલાયક; અયોગ્ય.
Unwritten, *a.* નહીં લખેલું; મ્હોડાનું. 2 કોરૂં (કાગળ).
Unyoke *v. t.* ખોલવું; છોડવું; છુટું કરવું. 2 (bullock from a plough) ઝુસરીથી કાહાડવું.
Up, *ad.* ઉપર; પર. 2 ઉઠેલું (પથારી પરથી). 3 *up to* સુધી; લગી; ઠેઠ. 4 up and down ઉપર તળે; અહિંતહિં.
Upbraid, *v. t.* ધમકાવી ઠપકો દેવો; મ્હોડામાં મારવું; બદનામી મુકવી.
Up hill, *a.* ચહડું; ઉપર જતા ઢળાવના જેવું. 2 મુશ્કેલ; અઘરૂં.

Uphold, *v. t.* ઉંચું ધરી રાખવું; ટેકો આપવો; સંભાળવું.

Upholsterer, *n.* બિછાના, તકિયા વગેરે ઘરનો સામાન પૂરો પાડનાર.

Upland, *a.* ટેકરાની ઉપરની સુકી જમીન.

Uplifted, *pp.* or *a.* ઉંચકેલું.

Upon, *prep.* ઉપર. 2 ઉપરથી; લીધે. 3 વિશે; બાબે; સંબંધી. 4 જોતાં; વિચારતાં.

Upper, *a.* ઉપરનું. 2 મુખ્ય; ચઢતું.

Upper hand, *n.* બાલાદસ્ત; જબરદસ્તી.

Uppermost, *a.* બધાંથી ઉપરનું.

Upright, *a.* ઉભું; સીધું. 2 નેક; સુધું; પ્રમાણિક.

Uprightness, *n.* સીધાઈ; રાસ્તી; પ્રમાણિકપણું.

Uproar, *n.* ગોંધાટ; શોર; કલાબકોર.

Upset, *v. i.* ઊંધું વાળવું; ઉલટાવવું. 2 *v. i.* ઊંધું વળવું.

Upshot, *n.* પરિણામ; હાંસલ; ફળ; શેવટ.

Upside, *a.* ઉપરની બાજુનું.

Upsidedown, *a.* ઉલટું; તળે ઉપર; ઊંધું ચતું; ચતું પાટ.

Upstart, *n.* આજકાલનું પૈસાદાર; એકાએક શ્રીમંત થયલું. 2 એકાએક નિકળી આવતી કાંઈ ચીજ.

Upwards, *ad.* ઉપર; ઉપરની તરફ; ઊંચે. 2 વધારે; અધિક.

Urbanity, *n.* મુરવત; ભલમનસાઈ; માણસાઈ; સુજનતા; ગૃહસ્થાઈ; સભ્યતા.

Urchin, *n.* પોરિયું; છોકરું.

Urge, *v. t.* ધકેલવું; જોરથી ચલાવવું; તાકીદ-તગાદો કરવો. 2 મન કરાવવું; ફરજ પાડવી. 3 ઘણા આગ્રહથી બતાવ્યા-આગળ કરયા કરવું.

Urgency, *n.* જરૂરિયાત; અવશ્યકતા.

Urgent, *a.* જરૂરનું; ન ચાલે-અડયું રેહે તેવું.

Urinal, *n.* પેશાબદાન-ખાનું; મુતરડી.

Urinary *a.* મુતર-પિશાબ સંબંધી. 2 *n.* પિશાબખાનું; ખાળું; ખાતરને સારૂ મૂતર વગેરે રાખવાની જગા.

Urine, *n.* મૂત્ર; મૂતર; પેશાબ. 2 *v.i.* મુતરવું; પીશાબ કરવી-કરવો.

Urn, *n.* એક જાતના ધાટનું વાસણ. ચંબૂ; કુમકો;

Ursa Major, *n.* સપ્તઋષીના તારાનો

Us, *pron.* અમને; અમુને; આપણને.

Usage, *n.* રેવાજ; રવયો; મામુલ; ચાલ; ધારો; રીત; વર્તણુક; સલુક.

Use, *n.* વાપરવાસ; ખપ; વપરાસ; કામ; ઉપયોગ. 2 *v. t.* કામમાં-ઉપયોગમાં લાવવું; વાપરવું. 3 માહાવરો-રબ્ત-અભ્યાસ રાખવો. 4 વર્તવું; ચાલવું. 5 *v. i.* માહાવરો-ટેવ-ચાલ હોવો.

Useful, *a.* કામનું; ઉપયોગી.

Useless, *a.* નકામું; નિરૂપયોગી; બરબાદ.

Uselessly, *ad.* અમસ્તાં; અમથું.

Usher, *n.* નકીબ; પોળીયો; છડીદાર;

ખબર-વરદી આપનાર. 2 વડો નિ-
શાળિયો; ઉપશિક્ષક. 3 v. t. ઓ-
ળખાણ-ભેટ કરાવવી.
Usual, a. હંમેશાનું; શિરસ્તાપ્રમાણેનું;
મામૂલી; દસ્તુર.
Usually, ad. ઘણું કરીને; અકસર;
ઘણેક પ્રસંગે. [ખોર.
Usurer, n. વ્યાજવટું કરનાર; વ્યાજ-
Usurp, v. t. } જબરદસ્તીથી લેઈ
Usurpation, n.} લેવું; પચાવી પડવું.
Usurper, n. પચાવી પડનાર; દબાવી
બેસનાર. [વટું; વ્યાજખોરી.
Usury, n. ઘણું ભારે વ્યાજ. 2 વ્યાજ-
Utensil, n. વાસણ; વાસણ કુસણ.
Uterine, a. ગર્ભસ્થાનનું. 2 મા એક
પણ બાપ જુદા હોય તેવું.
Uterus, n. ગર્ભસ્થાન; કમળ.
Utility, n. ઉપયોગ; કામ; ફાયદો; નફો.
Utmost, n. પરાકાષ્ઠા; બેહદ. 2 સરશેવટ;
આખર. 3 a. બેહદ. 4 આખેરીનું.
Utopian, a. કલ્પિત; ખ્યાલી.
Utter, a પુરતું; પુરૂં; બીલકુલ; ત-
મામ. 2 v. t. બોલવું; ઉચ્ચાર કરવો.
3 ફેંકવું; મ્હોડેથી-હોટ બ્હાર કાઢવું.
Utterance, n. ઉચ્ચાર; ઉદગાર. [પૂરૂં.
Utterly, ad. બીલકુલ; કુલે; તમામ;
Uttermost, a. આખેર-શેવટનું. [પટ.
Uxorious, a. બાયલો; જનાની; સ્ત્રીલં-

V.

V. ઈંગ્રેજી મૂળાક્ષરોનો ૨૨મો અક્ષર.
Vacancy, n. ખાલી પડેલી જગા. 2
સુન્યતા; અવિચારીપણું. 3 વકાસ;
ગાળો. 4 ફુરસદ; નવરાસ. 5 ખાલી
જગા; પોકળી.
Vacant, a. ખાલી; શુન્ય. 2 ફુરસ-
દનું; ફાવતું. 3 વિચાર સુન્ય.
Vacate, v. t. ખાલી કરવું; ખંગેરવું.
2 રદ કરવું.
Vacation, n. વચમાં પડતી રજા-છુટ્ટી.
2 નવરાસ; પરવાર; અવકાશ.
Vaccinate, v. t. શીતળા-સેયડ કાઢવા
Vaccine, a. ગાયનું; ગો. [-મુકવા.
Vacillate, v. i. ઢચુપચુ હોવું. [કલ્પ.
Vacillation, n. અદ્દઢતા; સંકલ્પ; વિ-
Vacuity, } n. ખાલી જગા; પોકળી.
Vacuum, }
Vade mecum, n. ન્હાની ચોપડી.
Vagabond, n. ભટકનાર; રઝળનાર;
રખડનાર; વંઠેલ; ભમાતુ.
Vagary, n. લેહેર; તુરંગ; ફાંટો.
Vagina, n. યોનિ; સ્ત્રીની છાની ઈંદ્રિ.
Vagrancy, n. ભમતા-ભટકતા ફ-
રવું તે; રઝળવાની ટેવ.
Vagrant, a. & n. વેગ્રેંટ; રખડ-
નાર; રઝળનાર; ઉંડેલ.

Vague, *a.* મોઘમ; ગેરમુકરર; અનિશ્ચીત. 2 ઉડતું.
Vagueness, *n.* મોઘમપણું.
Vail, *n.* See *Veil.*
Vain, *n.* ફોગટ; વ્યર્થ; બરબાદ. 2 ખાલી; પોકળ. 3 બડાઈખોર; પતરાજી કરનાર; ફુલણજી.
Vain glorious, *a.* ખોટી પતરાજી કરનાર; શેખીખોર. [તોર.
Vain glory, *n.* દિમાખ; પતરાજ;
Vainly, *ad.* ફોકટ; વ્યર્થ; નકામું. 2 પતરાજીથી; ફુલાશામાં.
Vale, *n.* ખીણ; ખિંડ.
Valediction, *n.* છેલ્લી સલામ.
Valedictory, *a.* આશિરવાદવાળું; કલ્યાન સુચક; છેલ્લી સલામનું.
Valet, *n.* ચાકર; ખીજમતગાર.
Valetudinarian, *n.* જન્મ-સદારોગી.
Valiant, *a.* શૂર; પરાક્રમી; બાહાદુર; હિંમતવાન; ધીર. 2 મજબુત.
Valid, *a.* પાકું; મજબૂત; કાયમ; જોરાવર; સબબવાર; કારણસહિત; ખરૂં.
Validity, *n.* મજબુતી; જોર; ખરાપણું.
Valley, *n.* ખીણ; ખો. 2 મેદાન.
Valorous, *a.* શૂર; પરાક્રમી; બહાદુર.
Valour, *n.* પરાક્રમ; શૌર્ય; બાહાદુરી.
Valuable, *a.* કીમ્મતી; મૂલ્યવાન.
Valuation, *n.* કિંમત કરવી-આંકવું-મુલ કરવું તે.
Value, *n.* કીમ્મત; મૂલ. 2 યોગ્યતા; માન. 3 ઉપયોગીપણું. 4 વજન જીવ. 5 *v. t.* કીમ્મત કરવી; આંકવું. 6 સારૂં-ઊંચું-ઉત્કૃષ્ટ માનવું-ગણવું-લેખવું. 7 કદર પીછાનવી ખુજ જાણવી.
Valve, *n.* એક ઠેકાણે ઉઘડે તારે બીજે ઠેકાણે બંધ થાય તેવો પડદો-બારણું. 2 વાળીને ઉઘાડબંધ કરવાનું બારણું.
Vamp, *n.* ખાલું; જોડાનું ઉપલું ચામડું.
Vampire, *n.* વેતાલ; ભૂત; પિશાચ.
Van, *n.* મોખરો; લશ્કરની આગલી-અગાડીની હાર; હરોળ; ખીની. 2 માલ લઈ જવા લાવવાનું એક મોટું હલકું ગાડું-ગાડી.
Vane, *a.* પવનની દિશા દેખાડનાર યંત્ર; ધજા; વાયુગતિ દર્શક યંત્ર. [ટુકડી.
Vanguard, *n.* લશકરના મોખરાની
Vanish, *v. i.* જતું રેહેવું; ગેબ થવું. 2 અલોપ થવું. 3 નાશ પામવું.
Vanity, *n.* ગર્વ; પતરાજી; ફુલાસ; છાલકાપણું. 2 પોકળપણું.
Vanquish, *v. t.* જીતવું; હરાવવું; શિકસ્ત દેવી; પરાભવ કરવું; પરાજય કરવો.
Vanquished, *a.* હારેલું; તાબે થયલું.
Vantage, *n.* લાભ; ફાયદો.
Vapid, *a.* જીવ-રસવિનાનું; ફિક્કું.
Vapor, *n.* બાફ; વરાળ.
Vaporous, *a.* બાફ-વરાળવાળું.
Vapory, *a.* બાફ-વરાળનું. 2 બળીયેલ; બલતું જળતું; દાઘાબળિયું.

Variable, *a.* ફરે-બદલાય એવું. 2 ચંચળ; અસ્થિર.
Variance, *n.* તફાવત; અંતર; ભેદ. 2 અણ-બેબનાવ; મિનાકસો; ઇખ્તિલાફ.
Variation, *n.* બદલાબદલી; હેરફેર. 2 ફરક; તફાવત. 3 (વ્યાકરણમાં) વિભક્તિ. [હવાર કરવું.
Variegate, *v. t.* ચિત્ર વિચિત્ર-તરે-
Variety, *n.* ચિત્ર વિચિત્રપણું. 2 તરેહ; ભેદ; પ્રકાર. 3 ફરક; ફેર. 4 નાના પ્રકાર. [કારનું; ભાતભાતનું.
Various, *a.* તરેહતરેહનું; નાના પ્ર-
Varnish, *n.* રોગાન. 2 *v. t.* રોગાન લગાડવું-ચઢાવવું-મારવું.
Vary, *v. t.* ફેરવવું; બદલવું. 2 *v. i.* ફરવું; બદલાવું. 3 અંતર-ફરક હોવો.
Vase, *n.* વાસણ; ચંબૂ. [2 ગુલામ.
Vassal, *n.* જાગિરદાર; મોકાસદાર.
Vasslage, *n.* તાબેદારી; ગુલામી.
Vast, *a.* ઘણું મોટું; વિશાળ.
Vastly, *ad.* ઘણુંજ; અતિશય.
Vastness, *n.* મોટાપણું.
Vat, *n.* મોટું પીપ-ટાંકી; રાંજણ.
Vault, *n.* ઘુમટ; મેહેરાબ. 2 ભોંયરૂં. 3 કુદકો; ઠુસકો. 4 *v. i.* કુદવું; ઠુસકો-કુદકો મારવો. 5 *v. t.* ઘુમટ-મેહેરાબ બનાવવો; મેહેરાબદાર કરવું.
Vaunt, *n.* બડાઈ; ફિસિયારી. 2 *v.i.* પત્રાજી-શેખી-બડાઈ-ફિસિયારી કરવી.
Veal, *n.* વાછરડાંનું માંસ.
Veer, *v. i.* મોહ-દિશા ફેરવવી; વળવું.
Vegetable, *n.* ઔષધી; વનસ્પતિ; જડી બુટ્ટી. 2 તરકારી; શાકભાજી. 3 *a.* ઝાડપાનસંબંધી. [ફુટવો.
Vegetate, *v. i.* ઉગવું; અંકુર-પીલો
Vegetation, *n.* ઝાડપાન; વનસ્પતિ.
Vehemence, *n.* જોર; બળ; તેજી; ઝપાટો; તડાકો. 2 શૂર; આવેશ; જુસ્સો.
Vehement, *a.* જોસ-શૂર-આવેશ વાળું; તુંદ; તેઝ; આવેશી; ઝનુન ભરેલું.
Vehicle, *n.* વાહાન; ગાડી; પાલખી વગેરે ચઢી-બેસી જવાનું સાધન.
Veil, *n.* આડો પડદો; ઘુમટો. 2 બુરખો; ઘુંગટો. 3 *v. t.* બુરખો નાખવો; ઘુંગટ લેવું; ઘુમટો તાણવો.
Vein, *n.* નસ; રગ; નાડી. 2 પાત્રાં ઉપરની જાલી. [બારીક ચામડું.
Vellum, *n.* લખવાને સારૂ બનાવેલું
Velocipede, *n.* ઉપર બેસી પગવતે પાવડા દાબવાથી ચાલેછે એવી એક પ્રકારની ગાડી.
Velocity, *n.* વેગ ગતીનું જોર.
Velvet, *n.* મખમલ.
Venal, *a.* લાંચ ખાઉ; લાંચિયું; લા-
Vend, *v. t.* વેચવું; વકરો કરવો. [લચુ.
Vendee, *n.* જેને વેચેલું તે; ખરીદદાર.
Vendor, *n.* વેચનાર. [લાયક; બુઝુર્ગ.
Venerable, *a.* પૂજ્ય; માન આપવા
Venerate, *v. t.* માન આપવું; અદબ રાખવી; પુજવું.

Veneration, *n.* પૂજ્યબુદ્ધિ; અદબમાં રહી માન આપવું તે.
Venereal, *a.* સ્ત્રીસંભોગ-મૈથુન-સોબતસંબંધી. 2 મૈથુન-સ્ત્રીસંભોગસાથ સંબંધ રાખતું; ગરમીનું. *venereal disease*, ટાંકી; ચાંદી; રાંડનો આજાર.
Venery, *n.* સંભોગ; રતિસુખ.
Venetian, *a.* વેનીસ શેહેરને લગતું.
Venetion blind, *n.* ફરેડી; ઝીલમીલ; વીનીજન (બારી બારણાનાં). 2 *n.* વેનીસ શેહેરનો વતની.
Vengeance, *n.* વેર; ખાર; બદલો.
Vengeful, *a.* ખારીલું; વેરીલું; અકસખોર; કીનાખોર; ખુનસી.
Venial, *a.* ક્ષમા-માફી કરવા જોગ.
Venison, *n.* હરણનું માંસ; મૃગમાંસ.
Venom, *n.* ઝેર; વિષ; વિખ; વખ.
Venomous, *a.* ઝેરી. 2 અપકારક.
Vent, *n.* રસ્તો; બારણું; દ્વાર; મ્હોડું. 2 કાણું; બાકું. 3 ખપ; ઉઠાવ. 4 *v. t.* કાણાં-બાકાંવાટે બહાર કાઢવું; છોડી મુકવું. 5 જાહેર કરવું.
Ventilate, *v. t.* } હવા-પવન આવે
Ventilation, *n.* } જાય તેવું કરવું.
Ventilator, *n.* પવન અંદર આણવા અથવા ખરાબ હવા બાહાર કાઢી નાખવાસારૂ કરેલી યુક્તિ-યંત્ર; પવનીયું.
Ventriloquism, *n.* જાણે કોઈ પારકુંજ માણસ બોલતું હોય તેમ બોલવાની યુક્તિ.
Ventriloquist, *n.* બોલનાર એક માણસ પોતે છતાં જાણે કોઈ બીજુંજ માણસ બોલતું હોય એવી રીતનો સાદ કહાડીને બોલનાર.
Venture, *n.* જોખમ. 2 નસીબ. 3 *v. t.* જોખમમાં નાખવું; હિમત બાંધવી. 4 *v. i.* જોખમમાં પડવું. 5 હિમત હોવી. [વાળું.
Venturesome, *a.* સાહસિક; હિમત-
Venus, *n.* ખૂબસુરતી-પ્રીતીની દેવી; કામદેવની સ્ત્રી; રતિ. 2 (જ્યોતિષમાં) શુક્ર; શુક્રર.
Veracious, *a.* સત્યવાદી; સાચો.
Veracity, *n.* સાચવટ; સચ્ચાઈ; રાસ્તી; ઈમાન. [સાલ; વાડો.
Veranda, *n.* ઓટલો; ઓસરી; પડ-
Verb, *n.* ક્રિયાપદ. *Active or transitive verb*, સકર્મક ક્રિયાપદ. *Neuter or intransitive verb*, અકર્મક ક્રિયાપદ. *Passive verb*, કર્મણિ ક્રિયાપદ. *Root of a verb*, ધાતુ.
Verbal, *a.* લખેલું નહીં તેવું; મ્હોઅનું. 2 શબ્દેશબ્દનું. 3 ધાતુસાધિત.
Verbally, *ad.* મ્હોડથી; લખાણથી ન હોય તેમ.
Verbatim, *ad.* શબ્દેશબ્દ; હરફેહરફ.
Verbose, *a.* જોઈએ તે કરતાં વધુ શબ્દો દાખલ કરેલા-વિસ્તારેલું.
Verdant, *a.* લીલું; હરિયાલું; તાજા પાકથી શોભતું (ખેતર, મેદાન વગેરે).

Vardict, *n.* ફેસલો; ચુકાદો; નિવાડો; નિકાલ. [કાટ; જંગાલ.
Verdigris, *n.* મોરથુથુ; તાંબાપરનો
Verdure, *n.* લીલોતરી; નવા તાજા પાકની શોભા; હરિયાળી.
Verge, *n.* કિનાર; કોરણ; છેડાની બાજુ; કાંઠો. 2 *v. i.* ઢળવું-વળી-ઝુમી રેહેવું; છેક છેડે આવી રેહેવું.
Verify, *v. t.* ખરૂં-સાચું સાબીત કરી આપવું.
Verily, *ad.* ખરેખર; સાચે; ખચિત.
Verity, *n.* ખરાપણું; સત્ય; સાચાઈ.
Vermilion, *n.* હિંગળોક; હિંગળો.
Vermin, *n.* કીડીમકોડી; જીવજંતુ.
Vernacular, *a.* જન્મનું. 2 સ્વદેશી.
Vernal, *a.* વસંતઋતુનું; વસંતી.
Versatality, *n.* ચંચલતા-પણું.
Versatile, *a.* ચંચળ બુદ્ધિનું; ઘડિયે ઘડિયે વિચાર ફેરવે તેવું; અષ્ટાવિધાની; બહુરૂપી.
Verse, *n.* કવિતા; નઝમ. 2 શેર; શ્લોક; છંદ. 3 મિસરો; ચરણ; પાદ.
Versed, *a.* કાબેલ; પ્રવીણ; નિપુણ.
Versification, *n.* કવિતારચના; રાઓરો
Versify, *v. t.* કવિતામાં ઉતારવું; પદ બાંધવા. 2 *v. i.* કવિતારચવી.
Version, *n.* તરજુમો; ભાષાંતર. 2 પાઠફેર; પાઠાંતર.
Versus, *prep.* સામે; વિરૂદ્ધ.
Vertebra, *n.* બરડાના કાંઠા-હાડકાંનો સાંધો; મણકો.
Vertex, *n.* માથું; શિર; મથાળું; ટોચ.
Vertical, *a.* માથાપરનું. 2 લંબરૂપ; સીધું. [મરી.
Vertigo, *n.* ઘુમરી; ચકરી; ભ-
Very, *a.* ખરૂં; સત્ય; વાસ્તવિક. 2 તેજ; એજ. 3 *ad.* ઘણું; અતિશય.
Vesicle, *n.* ઝીણીઝીણી ફોલ્લી.
Vesper, *n.* શુક્રનો તારો. 2 સાંજ. 3 *pl.* સાંજનું ભજન; સાયંસંધ્યા.
Vessel, *n.* વાસણ; પાત્ર. 2 નાડી; વાહિની; ધમનિ; નસ; રગ. 3 વાહાણ; ઝાઝ; નાવ; નૌકા.
Vest, *n.* પોશાક; જામો; અંગરખો. 2 વાસ્કુટ; કબજો; પેટી. 3 *v. t.* પદવીને લગતાં કપડાં આપવાં.
Vested, *p. a.* કાયમ; અનધન નહી એવું. [ચાલ
Vestibule, *n.* દેવડી. 2 પરસાળ;
Vestige, *n.* ચિહ્ન; નિશાની; પત્તો.
Vestment, *n.* } પોશાક; લેબાસ; જ-
Vesture, } ભ્ભો. 2 પેહેરાવો. [ચણા.
Vetch, *n.* મઠ; અડદ; મસુર; કાબૂલી
Veteran, *a.* ઘડાઈને પાકુ થયલું; અનુભવી; વહિવાટેલું. 2 *n.* જુનો-કસાયલો સીપાઈ-માણુસ-નોકર.
Veterinary, *a.* જનાવરોનાં વૈદાનું; દરદી જનાવરોને સાજાં કરવાને લગતું.
Veto, *n.* નાનો અભિપ્રાય આપવો તે. નામંજુર કરવું-ના પાડવી તે. 2 *v. t.*

નામંજુરકરવું; રદકરવું; નાપાસકરવું.
Vex, *v. t.* ચીહિડવવું; ખિજવવું; છેડવું. 2 ઉપદ્રવ કરવો; ઇજા દેવી.
Vexation, *n.* હતરાજી; નાખુશી; ચીઢીડ. 2 ઉપદ્રવ; ઇજા; સંતાપ.
Vexatious, *a.* ચીઢીડ ચડે તેવું. 2 દુઃખદાયક; મેહેનત-તસદીઆપેતેવું.
Vexed, *a.* ખીજવાયલું. 2 દુઃખ-ત્રાસ પામેલું; બેજાર થયલું.
Via, *n.* માર્ગ; વાટ; રસ્તો. 2 *ad.* રસ્તે-માર્ગે થઇને.
Viaduct, *n.* પૂલ; ખાડી, ખીણ, નાલા વગેરે ઓલંગીને જવાસારૂ તેના ઉપર બાંધેલો રસ્તો—સડક.
Vial, *n.* શિશી.
Viands, *n. pl.* મેવા; વાની; પકવાન.
Vibrate, *v. i.* લટકવું; લોલ ખાવા; ઝુલવું; ઝોકા ખાવા; લોલવું.
Vibration, *n.* તોલ; આંદોલન; ઝોલો.
Vicar, *n.* બદલી; પ્રતિનિધિ. 2 ધર્મોપાધ્ય.
Vice, *n.* અધર્મ; અન્યાય; દુરાચરણ; ખોડ; બદી; બુરાઇ; એબ; અનીતિ. 2 સેગડો; પકડ (હરેક પદાર્થ મજબુત પકડી રાખવાનો.) 3 *a.* નાનું; ઉપ.
Vicegerent, *n.* પ્રતિનિધિ; નાયબ.
Vice president, *n.* ઉપાધ્યક્ષ; નાયબ સરનશીન. [ઇસરાય.
Viceroy, *n.* રાજાનો પ્રતિનિધિ; વા-
Vicinity, *n.* નજદીકી. 2 પડોસ.
Vicious, *a.* એબિએલ; ખોડવાળું. 2 વ્યસની; દુષ્ટ; દુર્ગુણી; બદ; દુરાચારી. 3 અડિઅલ.
Vicissitude, *n.* ફરતું ચકર; ઉથલ પાથલ; ફેરફાર. 2 અનુક્રમ.
Victim, *n.* ભોગ; જનાવરનો બળી; બળીદાન. [2 ઠગવું.
Victimise, *v. t.* ભોગ લેવો; ખાવું.
Victor, *n.* જીતનાર; વિજયી.
Victorious, *a.* ફતેહમંદ; જય-ફતેહ [મેળવનાર.
Victory, *n.* ફતેહ; જીત.
Victuals, *n.* ખોરાક; ખાવાનું; ભક્ષ્ય.
Vie, *v. i.* બરોબરી-સરસાઇ-દેખાદેખી-હરીફાઇ-સ્પર્ધા કરવી.
View, *n.* દ્રષ્ટી; નીધા; નજર; વિચાર. 2 મૂળ મતલબ; ઉદ્દેશ. 3 નજર તળેની રચના; દેખાવ. 4 મત; વિચાર. 5 *v. t.* જોવું; નિહાળવું. 6 વિચારવું. 7 લેખવું; ગણવું.
Vigil, *n.* જાગરણ; ઉજાગરો.
Vigilance, *n.* ચોકસી; સાવધાની; ખબરદારી; હુશિઆરી.
Vigilant, *a.* જાગરૂત; સાવધ; ખબરદાર; હુશિયાર; સાવચેત.
Vigor, *n.* બળ; ઝુમ; કૌવત. 2 ધમક; વીર્ય; તેજ; દમ; ઉત્સાહ; હોંસ.
Vigorous, *a.* બળવાન; ઝુમ-કુવતેવાળું; જોરાવર. 2 ધમક-તેજવાળું.
Vile, *a.* નીચું; અધમ; ખરાબ; નજીસ; બદ; બુરૂં; દુષ્ટ; હલકું.

Vilify, v.t. હલકું પાડવું; નરસું લગાડવું.
Villa, n. શેહેરના કોટની બાહાર જે બાગ-બંગલો-વાડી તે.
Village, n. ગામ; ગામડું. [હેનાર.
Villager, n. ગામડિયો; ગામડાંમાં રે-
Villain, n. સોદો; લુચ્ચો; બદઝાત; હરામઝાદો; ચંડાળ; લબાડ. [ભરેલું.
Villainous, a. શઠ; સોદાઈ-લુચ્ચાઇથી
Villainy, n. લુચ્ચાઈ; હરામખોરી.
Vindicate, v.t. }
Vindication, n } ખરૂં સાબીત-પુરવાર કરી આપી દોષ-ઠપકો ઉડાવી દેવો; બચાવ કરવો. [ખોર.
Vindictive, n. ખારીલું; વેરીલું; કિના-
Vine, n. દરાખનો વેલો. 2 વેલો; વેલ.
Vinegar, n. સરકો; શુક્ત. [રી બાગ.
Vineyard, n. દરાખનો માંડવો; અંગૂ-
Vintage, n. દરાખના પાકની મોસમ.
Viol, n. સારંગી.
Violable, n. ભાંગવાજોગ.
Violate, v. t. ભાંગવું; તોડવું; બગાડવું; ખલેલ કરવી. 2 તોડવું; ઉલ્લંઘન કરવું; લોપવું. 3 ઓરતની હુરમત લેવી; જોર જુલમથી સ્ત્રીસંગ કરવો.
Violation, n. ઉલ્લંઘન. 2 જુલમથી સ્ત્રીસંભોગ કરવો તે; બલાત્કાર સંભોગ.
Violence, n. જોર; દબાણ. 2 જુલમ; જબરદસ્તી. 3 જોશ; આવેશ.
Violent a. જુલુમનું; જબરદસ્ત. 2 કરડું; જોશ-આવેશમાં આવેલું. 3 જુલમ; સખ્ત.
Violin, n. See *Viol.* [માણસ.
Viper, n. સર્પ; સાંપ. 2 દુષ્ટ-હિંસક
Virago, n. શૂરવીરા; કદાવર, જોરાવર, હિમ્મતવાન ઓરત. 2 લડાક-વઢકણી બઈરી; કર્કશા.
Virgin, n. કુમારિકા; કુંવારી; કન્યા.
Virginity, n. કુવારાપણું; કૌમાર્ય.
Virgo, n. કન્યારાશી. [મર્દાની.
Virility, n. પુરૂષપણું; પુરૂષત્વ; મર્દી;
Virtually, ad. કાર્ય-ફળ-હાંસલ-પરિણામ ઉપર નજર રાખતાં; ખરેખરૂં પુછાવો તો.
Virtue, n. નેકી; ભલાઈ; ખુબી; ગુણ. 2 સદાચરણ. 3 સદ્ગુણ. 4 પતિવ્રતાપણું. 5 ગુણ; પ્રતાપ. By virtue of : રૂએ; લીધે; થી.
Virtuous, a. સદ્ગુણી; નેક ; ભલું; પુણ્યવાન્. 2 પતિવ્રતા.
Virulence, n. જીવ લે એવું હોવું તે; કરડાપણું. 2 કટ્ટો દ્વેષ.
Virulent, a. જીવ લે એવું; પ્રાણનાશક; સખ્ત. 2 કડું; અતિશય વેર ભાવનું. [ણો પદાર્થ; ઝેર.
Virus, n. ગોડ-ગુમડામાંનો ચેપવા-
Visage, n. ચેહેરો; સૂરત; સક્લ; રૂપ; શીકલ.
Viscid, }
Viscous, } a. ચિકણું; ચિકાસવાળું; ચોંટી-વળગી જાય તેવું.

Viscount, *n.* અરલથી ઉતરતી પદ-વીનો અમીર. [હ્લાપણું.
Visibility, *n.* દૃષ્ટિગોચરતા. 2 ખુ-
Visible, *a.* દેખાય તેવું; દૃષ્ટિ ગોચર; દૃશ્ય. 2 ઉઘાડું; પ્રગત. 3 દેખાતું.
Vision, *n.* નજર; દૃષ્ટિ; આંખ. 2 સ્વપ્ન; ખ્વાબ; ખયાલ. 3 ભાસ; છાયા.
Visionary, *a.* સ્વપ્નવત; સ્વપનાસરખું; વેહેમી; લેહેરી; મન કલ્પિત.
Visit, *n.* મુલાકાત; મેલાપ; ભેટ; મળવા-જોવા જવું તે; ફેરી. 2 *v.t.* મેલાપ-ભેટકરવા-મળવાજવું. 3 જોવા-તપાસવા જવું.
Visitor, *n.* મુલાકાત કરનાર; મેલાપ કરવા-મુલાકાત લેવા-મળવા આવનાર. 2 ચોકસી કરવા આવનાર.
Visor, *n.* મ્હોહું; મુખવટો (બનાવટના)
Vista, *n.* બે તરફ ઝાડની ઘટા આવી રહી હોય તેવો રસ્તો-દેખાવ; કુંજ.
Visual, *a.* દૃષ્ટિ સંબંધી; નજરને લગતું. (-organ) નેત્રની ઇન્દ્રિય.
Vital, *a.* જીવનું; પ્રાણનું. 2 પ્રાણ રક્ષક-બચાવનાર; જીવને માટે જરૂરનું. 3 જીવના જોખમનું; જીવ જાય તેવું. 4 જીવવાળું. 5 અતિઘણું; ઘણુંજ.
Vitality, *n.* જીવ; ચેતના; ચૈતન્ય.
Vitals, *n.* જીગર મર્મસ્થાન; જે ઠેકાણે વાગ્યાથી જીવ જાય એવો શરીરનો નાજુક ભાગ.
Vitiate, *v. t.* બીગાડવું; ખરાબ-ભ્રષ્ટ કરવું. 2 વ્યર્થ-બાતલ કરવું.

Vitriol, *n.* (blue) મોરથુથુ. (green) હિરાકસી. (white) સફેત મોરથુથુ.
Vituperate, *v. t.* દોષ-ઠપકો મૂકવો.
Vituperation, *n.* દોષ; ગુન્હો; ઠપકો.
Vivacious, *a.* ચાલાક; ચંચળ; ઉલ્લાસી.
Vivacity, *n.* ચાલાકી. 2 તેજી; જીવ.
Vivid, *a.* ચળકતું; ભભક-તેજ મારતું. 2 ચાલાક; જીવ-રસવાળું.
Vivisection, *n.* શરીરના અવયવ કાપવા-કાપીને જોવા-તપાસવા તે.
Vixen, *n.* કર્કશા; સંખણી.
Viz, *ad.* એટલે; નામે.
Vizard, *n.* મ્હોહું; મુખવટો.
Vizier, *n.* વજીર; પ્રધાન; મંત્રી.
Vocable, *n.* શબ્દ; બોલ.
Vocabulary, *n.* ફરહંગ; ન્હાનો કોષ.
Vocal, *a.* અવાજ કરતું. 2 બોલેલું.
Vocation, *n.* કામ; ધંધો; રોજગાર.
Vocative, *n.* (વ્યાકરણમાં) સંબોધન.
Vociferate, *v. i.* પોકાર શોર-કરવો; બૂમ મારવી-પાડી ઉઠવું. [શોર.
Vociferation, *n.* પોકાર; બૂમાબૂમ;
Vociferous, *a.* ઘોંઘાટ કરતું; બૂમાબૂમ-કોલાહલ કરતું.
Vogue, *n.* વહિવાટ; રિવાજ; ચાલ.
Voice, *n.* આવાજ; સ્વર; કંઠ. 2 હલક. 3 મત; અભિપ્રાય. 4 ભાષા. 5 (વ્યાકરણમાં) ભેદ. 6 આજ્ઞા; હુકમ.
Void, *n.* ખાલી જગા; પોકળી; આકાશ. 2 *a.* ખાલી; ઠાલું. 3 રદબાતલ;

નિરર્થક. 4 રહિત;વિનાનું; વગરનું. 5 ખાલી; શૂન્ય; હીન.
Volatile, *a.* વાયુરૂપે જતું રેહે તેવું; ઉડી જાય એવું. 2 See Fickle.
Volcanic, *a.* જ્વાળા મુખીનું. [હાડ.
Volcano, *n.* જ્વાલામુખી; બળતો પ-
Volition, *n.* ઇચ્છા; મન.
Volley, *n.* સામટો બાર-માર; ઘણીક ચિજોનુંએકદમ છુટવું-પડવું તે;વરસાદ;જેમકેપથરાનો-ગાળનો વરસાદ
Volubility, *n.* બોલકણાપણું; તડાતડ જવાબદેવા તે; વાક્ચાપલ્ય; જબેફૂરાશી; પરાં પરાં બોલવું તે.
Voluble, *a.* ગબડતું; ગબડી મારે એવું. 2 બોલકણું; વાચાલ; ચપળ; ચાલાક ઝબાંન; તડાતડ જવાબ સવાલ કરે એવું.
Volume, *n.* પુસ્તક-ગ્રંથનો ભાગ; પુસ્તક. 2 ગોટો; વીંટો; ગુંછળું. 3 ઘેરાયેલો ભાગ; વિસ્તાર; કદ.
Voluminous *a.* ઘણી ગુંચવાળું. 2 ઘણાં પુસ્તકવાળું. 3 જેણે ઘણાં પુસ્તકો લખેલાંછે એવું.
Voluntarily, *ad.* પોતાની ખુશીથી; પોતાની મેળે; આપોઆપ.
Voluntary, *a.* મરજીમાં આવે તેમ કરનાર; સ્વતંત્ર; અખતિયારી; સ્વેચ્છિક. 2 મરજી પ્રમાણે કીધેલું; ઘરમેળે થયલું; આપ ખુશીનું.
Volunteer, *n.* પોતાની ઇચ્છાથી-ખુશીથી ચાકરી કરનાર; સામો જઈ સેવા કરનાર. 2 *v. t.* માગ્યા વના ખુશીથી આપવું. 3 *v. i.* જુલમ જાસ્તીથી નહી પણ પોતાની ખુશીથી કોઇની નોકરીમાં રેહેવું. 4 *a.* પોતાની ખુશીથી કોઇની નોકરીમાં રેહે એવું.
Voluptuary, *n.* } મોજશોખમાં વહી
Voluptuous, *a.* } ગયલું; વિષયી; વિલાસી;વૈભવી; શિકમપરસ્ત;લંપટ.
Vomit, *n.* ઓક; ઓકારી; ઉલાળો. 2 ઓકારીનું ઓસડ; વામિટ. 3 *v. t.* ઓકવું; પાછું નાખવું-કાઢવું. 4 *v. i.* ઓકારી આવવી; વામિટ થવું.
Vomitive, } *a.* ઉલટી કરાવે-ઓકા-
Vomitory, } રી લાવે તેવું.
Voracious, *a.* ખાઉં કડું; ઘણું ભુખ્યું; દાંતીયાં કરી રહેલું; ખાધાનું વખવખતું. 2 ફાડી ખાનારું. [મળ.
Vortex, *n.* પાણીમાં થતો ભમર-વ-
Votary, *n.* ભગત; ભક્ત; ઉપાસક.
Vote, *n.* પોતીકું મત; અભિપ્રાય. 2 *v. t.* સંમત આપીને ઠેરવવું-મુકરર કરવું. 3 સહુની સંમતિથી આપવું. 4 *v. i.* સંમતિ આપવી.
Vouch, *v.t.* ખાતરી પૂર્વક કહેવું; ખાતરી-નિશાં કરવી. [ખૂત; વાચરિયું.
Voucher, *n.* દાખલો; દસ્તાવેજ; સ-
Vouchsafe, *v. t.* ધાસ્તી વગર કરવા દેવું. 2 કૃપા-મેહેરબાની કરવી. 3 *v. i.* મેહેરબાની કરવી.

Vow, *n.* માનતા; માનત; બાધા; વ્રત. 2 વચન; કોલ. 3 *v. t.* માનતા માનવી; ચઢાવવું. 4 *v. i.* માનતા કરવી; માનવું; બાધા લેવી.

Vowel, *n.* સ્વર; સ્વરવર્ણ.

Voyage, *n.* સફર; જળપર્યટન.

Voyager, *n.* સફરી; જળપર્યટન કરનાર; દરિઆઈ મુસાફર.

Vulcan, *n.* અગ્નિદેવતા; ધાતુકર્મા.

Vulgar, *n.* અડાણી–નીચ જાત–લોક. 2 *a.* નીચ; કમીનું. 3 અસભ્ય; ગામડિયાના જેવું; અણઘડ. 4 દેશી; ચાલતું. 5 સાધારણ; સામાન્ય. 6 લોકમાં બોલાતું; જાહેરાંત. *Vulgar fraction,* વ્યવહારી અપૂર્ણાંક.

Vulgarism, *n.* ગામડિયા બોલી; નીચ લોકમાં વપરાતી–ભાષા રૂઢી.

Vulgarity, *n.* અસભ્ય વૃતિ; અસભ્યતા; અનાડીપણું.

Vulnerable *a.* ઘા લાગે એવું; જખમ–ઘા લાગી શકે તેવું. 2 નુકસાન કરી–પુગાડી શકાય એવું.

Vulture, *n.* ગીધ પક્ષી; ગિધાડ.

W.

W, ઈંગ્રેજી મુળાક્ષરોનો ૨૩મો અક્ષર.

Wap, *n.* ડુચો; કાગળ અથવા બીજી વસ્તુનાજે ડુચા બંદુકમાં ઘાલેછે તે.

Waddle, *v. i.* ડોલવું; ડોલતું ચાલવું.

Wade, *v. i.* કશામાં થઈને ચાલવું–જવું. 2 મેહેનત–મુશ્કેલીથી પાર પડવું–જવું.

Wafer, *n.* કાગળ વગેરે બિડવાની ચકતી; વેફર. 2 *v. t.* વેફર લગાડવું.

Waft, *v. t.* વેહેતું–તરતું–ઘસડીને લઈ જવું; તરાવવું. 2 *v. i.* વેહેતું જવું; તરવું.

Wag, *n.* મશ્કરો; નકલી; ઠઠ્ઠાબાજ. 2 *v. t.* હલાવવું. 3 *v. i.* હાલવું.

Wage, *v. t.* ચલાવવું; કરવું (લડાઈ). 2 હિંમત ભીડવી; જોખમ એડવો. 3 સરત બકવી.

Wager, *n.* સરત; શર્ત; હોડ. 2 *v. t.* શરત કરવી–મારવી–બકવી.

Wages, *n.* પગાર; મુસારો; મજુરી.

Wagery, *n.* ઠઠ્ઠાબાજી; ચેષ્ટા; મશકરી; નકલીપણું. [કલી; વિનોદી.

Waggish, *a.* ઠઠ્ઠાબાજ; હંસમુખો; ન-

Waggon, *n.* ખિચગાડલું; બોજો ઉપાડી લઈ જવાનું ચાર પૈડાનું ગાડું; ખટારો; ગાડું.

Wagtail, *n.* જેની લાંબી પુછડી હાલ્યાં કરે તેવું એક પક્ષી; ખંજન.

Wail, *n.* વિલાપ; આક્રંદ; રડાપીટ. 2 *v. i.* સાદ કાઢીને રડવું; વિલાપ કરવો.

Wainscot, *n.* ફરેફાળ; પાટિયાંની ભીત.
Waist, *n.* કંમર; કટિ; કેડ.
Waistcoat, *n.* વાસકુટ; કુડતું; બદન.
Wait, *n.* છુપાઈ-સંતાઈ રેહેવાની જગા. *To lie in wait*, સંતાઈ રેહેવું. 2 *v. i.* ખોટી રેહેવું; વાટ-રાહ જોવી. 3 દમ ખાવો; સબુરી કરવી. 4 *To wait upon*, હાજર થવું; ચાકરીમાં હાજર-તત્પર રહેવું. 2 મળવા-મુલાકાતે જવું-આવવું.
Waiter, *n.* હજુરિયો; ખિદમતગાર. 2 તબકડી; ન્હાની તબક; ન્હાની થાલી.
Waive, *v. t.* તજવું; હાડ ઉઠાવવો.
Wake, *v. t.* ઉઠાડવું; જગાડવું. 2 ઉત્તેજન આપવું; ઉસ્કેરવું. 3 ફરીથી જીવતું કરવું. 4 *v. i.* જાગવું; જાગરણ કરવું. 5 ઉઠવું; જાગવું; જાગૃત થવું.
Wakeful, *a.* જાગૃત; જાગતું.
Walk, *n.* ચાલવું તે; ચાલ. 2 ફરવું; સેહેલ; પસાર. 3 સેહેલ કરવા-ફરવા જવાનો રસ્તો. 4 *v. i.* પગે ચાલવું. *To walk about*, અહીં તહીં ફરવું; પસાર-સેહેલ કરવી. *To walk off*, ચાલતા થવું; પોબારા ગણવા; સધાવવું. [વિહાર.
Walking, *n.* પસાર-સેહેલ કરવી તે;
Walking stick, *n.* ફરવા-સેહેલ કરવા જતી વખત હાથમાં રાખવાની લાકડી; છડી; વાકિંગ સ્ટિક.
Wall, *n.* ભીંત; દિવાલ; કરો. (-of a tent) કનાત. (-of a city) કોટ. 2 *v. t.* ફરતી ભીંત-દિવાલ બાંધવી.
Wallet, *n.* કોથળી; ઝોળી.
Wallow, *v. i.* ગોઠીમડું મારવું; ગુલાંટ ખાવી; લોટવું; ગબડવું.
Walnut, *n.* અખરોટ; અખોડ.
Walrus, *n.* દરિયાઈ ઘોડો.
Waltz, *n.* એક જાતનો નાચ; ફુદડી.
Wan, *a.* ફિક્કું; નિસ્તેજ; ઝંદું; પીળું.
Wand, *n.* જાદુગર-મદારીની લાકડી. 2 દંડ; છડી (દરબાનની).
Wander, *v. i.* અહીં તહીં રખડવું; ભમવું; ભટકવું. 2 ભુળવું; રસ્તો ચુકવો; ભૂલાં પડવું.
Wanderer, *n.* ભટકનાર; ભમાતુ. 2 ભૂલું પડેલું માણસ.
Wane, *n.* કળાનો ક્ષય-ઘટ; તેજમાં ઘટાડો; ઉતરતી દશા. 2 *v. i.* ઓછું થવું; ક્ષય થવો. 3 ઉતરતી દશા આવવી.
Want, *n.* કંઈ ન હોવું તે; અભાવ; ગેરહાજરી. 2 કમતી; ઘટ; ખુટ; કોતાઈ. 3 ગરજ; અગત્ય; જરૂરી બાત; ખપ. 4 હાલ; ગરીબી; તંગી. 5 *v. t.* પાસે ન હોવું. 6 ગરજ-જરૂર-દરકાર હોવી. 7 ઈછવું; ચાહાવું. 8 *v. i.* ઓછું પડવું; ખુટી જવું. [જોઈતું.
Wanting, *a.* ઓછું; કમી; ન્યૂન; ઘટતું;
Wanton, *a.* લંપટ; બદમસ્ત; ઈશ્કી; કામી. 2 સોદો; લુચ્ચો. 3 ઈચ્છામાં આવે તેમ કરનાર; નિરંકુશ. 4 ર-

મતિયાળ; છિછોંછળું. 5 v. i. ઈશ્કબાજી કરવી. 6 મોજ મારવી; ઇચ્છામાં આવે તે કરવું.
Wantonness, n. બદમસ્તી; ઇશ્કીપણું. 2 સોદાઈ; લુચ્ચાઈ. 3 બેકેદી; સ્વેચ્છા.
War, n. લઢાઈ; જંગ; યુદ્ધ; સંગ્રામ.
Warble, v.i. ગાવું-લિહેકાતો અવાજ [કાઢવો
War chariot, n. યુદ્ધરથ; આરઠ.
Ward, n. મોહોલ્લો; પીઠ; પહ્રે. 2 કેદ; પરેજ. 3 વાલીની સંભાળમાં હોય તેવું બાળક-માણસ. 4 વાલીપણું. 5 ઈસ્પીતાલનો એક ભાગ; વાડો. 6 v.t. *To ward off,* ઝીલી પાછું કાઢવું; વારણ-નિવારણ કરવું. [ખનાર.
Warden, n. રખેવાળ; વાલી; સંભાળ રા-
Wardrobe, n. કપડાં ઘરેણાં મુકવાનો ઓરડો-પેટી-કબાટ; તોશા-પોશાકખાનું. 2 કપડા-લુગડાંલત્તાં; પોશાક; વાડ્રોપ.
Ware, n. માલ; સોદો; જિનસ.
Ware house, n. વખાર; કોઠી.
Ware house keeper, n. વખારિયો.
Warfare, n. લડાઈ; જંગબાજી; લશ્કરી કામકાજ; યુદ્ધ કામ.
Warily, ad. આગળ પછવાડે જોઈને; સાવચેતીથી; ચોકસાઈથી.
Warlike, a. જંગી; રણશૂર; લડવૈયું; લડાયક. 2 લડાઈ સંબંધી.
Warm, a. ઉનું; ગરમ; ઉષ્ણ. 2 ઉંફાતું; મધ્યમ રીતનું ગરમ; ઉંફાળું. 3 જોરા-ઉત્સાહવાળું; દિલસોજ; હોંસીલું. 4 સખ્ત; કરડું; જલદી ગુસ્સે થઈ જાય તેવું. 5 તડાતડીનું; સખ્ત; ભારી. 6 v. t. ગરમ-ઉંફાતું કરવું. 7 ઉસકેરવું; આસ્થા-ઉત્સાહ ઉત્પન્ન કરવો. [સોજીથી.
Warmly, ad. હોંસ-આતુરતા-દિલ-
Warmth, n. ઉષ્ણતા; ગરમી. 2 ઉંફ. 3 હોંસ; ઉત્સાહ. 4 ગરમ મિજાજ.
Warn, v. t. આગળથી જણાવવું; ચેતવવું; તાકીદ કરવી. [ના; વરદી.
Warning, n. ચેતવણી; તાકીદ; સૂચ-
Warp, n. તાણો; ઉભું સુતર; સાળમાંના લાંબા દોરા. 2 v. i. મરડાઈ-વળી જવું.
Warrant, n. સનદ; પરવાનો; હુકમનામું; અખત્યારનામું; વારંટ. 2 આધાર; પ્રમાણ. 3 v. t. અખત્યાર આપવો. 4 આધાર-પુષ્ટી આપવી. 5 ખાતરી-નીરાકરવી; ખચીત કહેવું.
Warrantable, a. લાજમ; વાજબી; યોગ્ય; માન્ય. [ક્રીધેલું.
Warranted, a. ખાતરીનું; ખાતરી
Warranty, n. પ્રમાણ પત્ર; કોઈ ભી વાતનો વરવાંધો નીકળે કે દગો ફટકો જણાય તો તેનો જોખમ પોતાને માથે છે એવું લખી આપેલું પત્ર.
Warrior, n. વીર; શૂર; જોદ્ધો; લડવૈયો; જંગી બાહાદુર; સિપાઈ.
Wart, n. મસો; મસં.
Wary, a. સાવધ; હોશિયાર; દુરંદેશ.

Wash, *n.* ધોવું તે; ધો. 2 ધોયણો વાગો. 3 દરદવાળા ભાગને લગાડી ધોઈ નાખવાની પાણી જેવી દવા. 4 પાણીથી ધોવાઈ ઘસડાઈ આવીને ઠરી રહેલો કાદવ. 5 શરીરની સફાઈ વધારે તેવું લગાડવાનું પાણી. 6 નાહવું; સ્નાન; અંઘોળ. 7 *v. t.* ધોવું; પાણીથી સાફ કરવું; વિછળી નાખવું. 8 ઉભાવું; ઉપર ફરી વળવું. 9 અફળાવું; અથડવું. 10 *v. i.* આંગ ધોવું; નાહાવું; સ્નાન-અંઘોળ કરવું.

Whsher man, *n.* ધોબી; કપડાં ધોનાર.

Wasp, *n.* ભમરી; ભમરો; ડંખ મારતી માખની એક જાત.

Waspish, *a.* ચીડિયું; બદમિઝાજ.

Waste, *n.* ક્ષય; એ; નાશ. 2 ફોકટનો ખરચ. 3 ઘસારો; વપરાઈ ઓછું થઈ જવું તે. 4 વેરાન; રણ; જંગલ. 5 પડતર જમીન. 6 *v. t.* નકામું ખરચી નાખવું; ઉડાવી દેવું. 7 ક્ષીણ-ઓછું કરવું; એ કરવો. 8 વેરાન-ઉજડ કરવું.

Waste book, *n.* કાચો મેળ. [ખનાર.

Wasteful, *a.* ઉડાઉ; નકામું વાપરી ના-

Watch, *n.* ચોકી; પેહેરો; નિઘેબાની. 2 ચોકીદાર; જાગનાર. 3 પેહેરો બદલા-બદલાવવાનો વખત. 4 પેહેરાની જગા. 5 ગજવામાં રાખવાનું ઘડિયાળ. 6 *v. t.* ચોકી-રખેવાલી કરવી; ઉપર નજર રાખવી.

Watchful, *a.* જાગૃત; હોશિયાર; જાગતું; સાવધ.

Watch house, *n.* ચોકી; ગેટ; થાણું; ચાવડી; ચબુતરો. [યાલચી.

Watch maker, *n.* ઘડિયાલી; ઘડી-

Watch man, *n.* ચોકીદાર; પેહેરેગીર.

Watch word, *n.* દોસ્ત દુશ્મન ઓળખાઈ આવે તેવો સંકેતમાં બોલવાનો સિપાઈઓનો શબ્દ.

Water, *n.* પાણી; જળ; આબ; ઉદક. *By water,* જળમાર્ગે; વાહણે; તરીથી. 2 (મોતી વગેરેનું) પાણી; આબ; તેજ; ઝલે. 3 પેશાબ; મુતર. 4 *v. t.* પાણી સીંચવું-પાવું. 5 *v. i.* પાણી છુટવું-આવવું-નિકળવું.

Water bearer, *n.* ભિસ્તી; પાણીભરૂ. 2 (*Astron.*) કુંભરાશી. [સ; જાજરૂ.

Water closet, *n.* પાયખાનું; વાડો; સંડા-

Water colour, *n.* પાણી અને ગુંદર અથવા સરસ નાખીને બનાવેલો રંગ.

Water course, *n.* નીક; નળ; જળમાર્ગ. 2 નાળું; પ્રવાહ; ઝરો.

Water fall, *n.* ધોધવો; ધોધ-ત.

Water fowl, *n.* પાણીમાં વસનાર મરઘી-પક્ષી; મુરઘાબી; જળકુકડી.

Water gruel, *n.* પેજ; કાંજી; રાબડી.

Water lily, *n.* કમળ ફુલ; જળ કમળ.

Water man, *n.* હોડી-મછવાવાળો.

Water mark, *n.* ભરતીનાં પાણીની હદની નિશાન. 2 કાગળો બનાવતાં

તેની બનાવટની અંદર જે કંઈ નિશાનીઓ—આકાર પાડેલા હોયછે તે.
Water melon, *n.* કલીંગડું; તડબૂચ.
Water mill, *n.* પાણીની ગતિથી ચાલનાર યંત્રવાળી ચક્કી; પાણી ચક્કી.
Water pot, *n.* પાણી સીંપવાની ઝારી; પાણીનું વાસણ.
Water power, *n.* યંત્રો વગેરેને ગતિ આપવા—ચલાવવાને માટે વાપરેલું પાણીનું બળ.
Water proof, *a.* જેમાં પાણી પેસી શકે નહી એવું; જેમાં પાણી પ્રવેશ કરે નહી એવું; જલાભેદ્ય.
Water tight, *a.* જેમાંથી પાણી નિકળી શકે નહી કે અંદર પેવસ થાય નહી એવું.
Watery, *a.* પાણીનું. 2 પાણીવાળું—ના જેવું. 3 સવાદ વગરનું; બેસવાદ.
Water wheel, *n.* રેંહેંટ.
Wattle, *n.* તટ્ટી; કુડ.
Wave, *n.* મોજો; લેહેર; છોળ; ઘોડો, (દરિયાના). 2 *v. t.* આમ તેમ હલાવવું; ફેરવવું. 3 નીશાની કરવી; દેખાડવું (હલાવીને). 4 હાલ તુરત દૂર કરવું—છોડવું—મુકી દેવું; તજવું.
Waver, *v. i.* હેલા—ઝોલા ખાવા; આમથી તેમ હાલવું. 2 વિચારમાં ચલિત રેહેવું; હાના—આનાકાની કરવી; ઢચુ પચુ કરવું.
Wavering, *a.* ભીચકા ખાનાર. 2 ચલિત મનનું; ઘડીઘડીમાં વિચાર ફેરવે તેવું; ડામાડોલ; ઢચુપચુ મનવાળું.
Wax, *n.* મીણ. 2 લાખ. 3 કાનનો મેલ. 4 *v. i.* એક એક કળા વધવી. 5 થવું; હોવું. 6 *v. t.* મીણ ચોપડવું—પાવું.
Wax candle, *n.* મીણબત્તી; મોમબત્તી.
Wax cloth, *n.* મીણકપડ; મોમજામો.
Waxen, *a.* મીણનું; મીણનું બનાવેલું.
Way, *n.* રસ્તો; વાટ; મારગ. 2 તરેહ; રીત; પ્રકાર. 3 પલ્લો; ટપ્પો; મંજલ.
Way farer, *n.* વટેમારગુ; માર્ગી;
Way faring, રાહગીર; રાહાધારી.
Way lay, *v. t.* રસ્તે—વાટમાં લુટી લેવું; રાહા મારવી; ધાડ પાડવી.
Wayward, *a.* હઠીલું; જિદ્દી; સ્વછંદી.
We, *pron.* અમે; આપણે; આપણ.
Weak, *a.* અશક્ત; દુબળું; નાતવાન; નબળું; કમજોર. 2 મંદબુદ્ધિ; કમઅકલ. 3 હલકો; ધીમો (સાદ). 4 કુમળી (ચાએ).
Weaken, *v. t.* નબળું—કમજોર કરવું.
Weakness, *n.* અશક્તિ; કમજોરી; નબળાઈ; કમકૌવતી. 2 એબ; કસર; ખોડ. 3 દુબળાપણું. 4 કમઅકલપણું.
Weak side, *n.* નબળી બાજુ—પાસું.
Weal, *n.* કલ્યાણ; કુશલતા; સુખ.
Wealth, *n.* દોલત; ધન; સંપત; દ્રવ્ય.

Wealthy, *a.* ધનવાન; દોલતમંદ.
Wean, *v. t.* ધાવણ મૂકાવવું; દુધ છોડાવવું. 2 પ્યાર ઉતારવો; વિરક્ત-ઉદાસ કરવું; મન-દિલ ઉઠાવવું.
Weapon, *n* ઓજાર; હથિયાર; શસ્ત્ર.
Wear, *n.* ચોળાઈ-ઘસાઈ-વપરાઈ જવું તે; પેહેરફાડ. 2 બાંધ; પુસ્તો. 3 *v. t.* પેહેરવું; ઓઢવું. 4 ઘસી નાખવું; ઘસી પીસી નાખવું. 5 દેખાવ કરવો; દેખાઈ આવવું. 6 *v t.* ઘસાઈ-નબળાં પડી જવું. [હલાકી.
Weariness, *n.* થાક. 2 કંટાળો; ત્રાસ;
Wearisome, *a.* થાકવી નાખે તેવું. 2 મેહેનતે આપે તેવું; કંટાળાભરેલું.
Weary, *a.* થાકેલું; હલાક; કંટાળેલું; બેજાર થયલું. 2 *v. t.* થકવવું. 3 બેજાર કરવું. 4 *v. i.* થાકવું; કંટાળવું.
Weasel, *n.* નોળિયો.
Weather, *n.* ૠતુ; હવા. 2 *v. t.* સામે ટક્યાં રેહેવું; નિભાવવું; કષ્ટ ખેંચીને-મેહેનતે પાર પડવું [છળવું.
Weatherboard, *n.* કાનિયાંબારી;
Weather cock, *n.* પવનની ગતિ સમજાવનારૂં યંત્ર. 2 ડામાડોલ-ઢચુપચુ વિચારનું માણસ.
Weather frame, *n.* વાછંટિયું.
Weather glass, *n.* હવાનું મીજાન માપવાનું યંત્ર.
Weave, *v. t.* વણવું; દોરાને એક બીજા સાથે મેળવી કપિડ બનાવવું.
Weaver, *n.* વણકર; સાળવી; વણનાર.
Web, *n.* પિંજણ; વણાટ. 2 થાન; તાકો; ફરદ. 3 જાળું; પડ (કરોળિયાનું).
Web footed, *a.* જેના પગનાં આંગળાં પાતળી ચામડીથી જોડાયલાં છે તેવું. [પરણવું.
Wed, *v. t.* લગન-વિવાહ કરવો;
Wedding, *n* લગ્ન; શાદી; વિવાહ.
Wedge, *n.* લોહોડાંની ફાચર; સોણ. 2 ધાતુની લગડી. 3 *v. t.* ફાચર મારવી.
Wedlock, *n.* વિવાહ; લગ્ન સંબંધ.
Wednesday, *n.* બુધવાર.
Weed, *n.* ઝાડવાં; નિંદણ; જડું; ઘાસપાસ. 2 ઝભો. 3 શોકનો પોશાક.
Week, *n.* અઠવાડિયું. [4 *v.t.* નિંદવું.
Weekday, *n.* રવિવાર સિવાયનો અઠવાડિયાનો કોઈબી દાહાડો.
Weekly, *a.* અઠવાડિયાનું. 2 *ad.* દર અઠવાડિયે.
Weep, *v. i.* રડવું; આંસુ પાડવાં.
Weevil, *n.* કિડલું (અનાજમાં પડે છે તે.)
Weft, *n.* See Woof.
Weigh, *v.t.* તોળવું; વજનકરવું; જોખવું. 2 વજન-તોલ થવું-ઉતરવું; જોખાવું. 3 ઊચકવું; ઉપર લેવું. 4 મનમાં તોળવું-ઘોળવું; વિચારવું. 5 *v. i.* વજનૂ હોવું-થવું. 6 વજનદાર જણાવું-લાગવું.
Weigher, *n.* તોલાટ.

Weight, *n.* ભાર; વજન; બોજો. 2 જોખ; વજન; તોલ. 3 ભાર બોજ; વજનદારી; મોટાપણું; અગત્યતા; કદર.
Weighty, *a.* ભારી; સંગીન. 2 બોજદાર; વજનદાર; મોટું.
Welcome, *n.* આવનારને સલામ કરવી તે; સાહેબજી. 2 આદર સત્કાર; આવકાર; આગતાસ્વાગતા. 3 *a.* આદરમાન આપવા જોગ; સુખસંતોષ આપનાર. 4 *v. t.* આગતા સ્વાગતા કરવી; આવો બેસો–ભલે પધારયા એમ કહી માન આપવું. *You are welcome,* તમે ભલે આવ્યા; તમારૂં આવવું મુબારક.
Weld, *v. t.* ખૂબ તપાવીને લોઢા વગેરેના કકડાના છેડા ટીપીને જોડવા–સાંધવા.
Welfare, *n.* સારૂં; કલ્યાણ; ખેરિયત; ભલું. 2 આબાદી; આબાદાની.
Well, *n.* કુવો; વાવ; વાવડી. 2 *a.* સારૂં; સ્વસ્થ; તનદુરસ્ત; નિરોગી. 3 સુખી; ખુશ. 4 *ad.* સારૂં; ઠીક. 5 સારી પેઠે; પુરતી રીતે. 6 ઘણું; બહુ. 7 *interj.* વારૂ; પછી !
Well being, *n.* કુશળ; કલ્યાણ.
Well born, *a.* કુલીન; ઊંચાં ખાનદાનનું; કુળવંત; ખુનિયાદી; ઊંચાં કુળનું.
Well bred, *a.* સારી તજવીજથી શિખવી ઉછેરી મોટું કરેલું; શિષ્ટ; સભ્ય.
Well disposed, *a.* સારા સ્વભાવનું; સુશીલ; નેક ખસલત. [ઠીક કીધું.
Well done, *interj.* સાબાશ; ભલે;
Well known, *a.* સારી પેઠે જણાયલું–સમજેલું. 2 જગત પ્રસિદ્ધ; જાહેર.
Well looking, *a.* દેખાવડું; શોભીતું.
Wellnigh, *ad.* લગભગ; સોવસા; ઘણું કરીને પાસે પાસે.
Well off, *a.* સુખી; પાંચ પૈસે સુખી.
Well read, *a.* જેણે ઘણું વાંચેલું છે–જેણે વાંચવાનો બહુ અભ્યાસ કરેલો છે એવું.
Wellwisher, *n.* કલ્યાણ ઇછનાર; ખેરખાહ; દુઆગો; હિતેચ્છુ.
Welter, *v. t.* રગડોળાવું; આલોટવું.
Wen, *n.* ગાંઠ; વરસોળી; રસોળી.
Wench, *n.* રાંડ; છિનાળ છોકરી.
West, *n.* પશ્ચિમદિશા; આથમણ; મગરેબ. 2 *a.* પશ્ચિમ તરફનું.
Westerly, *a.* પશ્ચિમ તરફનું.
Westward, *ad.* પશ્ચિમ તરફ.
Wet, *a.* ભીનું; લીલું; અંદર પાણી પચેલું હોય તેવું; સરદ. 2 વરસાદનું. 3 *n.* પાણી; ભેજ. 4 *v. t.* ભીનું કરવું; ભીજવવું; ભીનવવું; પલાળવું.
Wetness, *n.* ભિનાશ.
Wet nurse, *n.* ધાવ; ધવાડનારી બૈરી–આયા.
Whale, *n.* મગરમચ્છ.
Wharf, *n.* બંદરપરનો ડક્કો; ઘાટ.

Wharfage, *n.* ધાર—ડક્કાનોકર—છાપો.
What, *pron.* તે; જે. 2 કોણ; કયું; શું. *what else,* બીજું શું. *what then,* પછી શું.
Whatever, } *pron.* જે કંઈ; જેજે;
Whatsoever, } જેટલું; જે કોઈ.
What not, *n.* ઘોડો; સામાન વગેરે મૂકવાનો ઘોડો.
Wheat, *n.* ઘઉં.
Wheaten, *a.* ઘઉંનું; ઘઉંનું બનાવેલું.
Wheedle, *v. t.* ફોસલાવવું; પેટમાં ભરાવું; પટાવવું.
Wheel, *n.* પઈડું; ચાક; ચક્ર. 2 રેંહ-ટિયો. 3 *v. i.* ફરવું; ચક્કર મારવું.
Wheel barrow, *n.* એક પઈડાંની હાથે એંચવાની પેટારા રેકડી ગાડી.
Wheel wright, *n.* ચાક—ગાડીકરનાર.
Whelm, *v. t.* See Overwhelm.
Whelp, *n.* વાઘ, સિંહ, રીંછ, કુતરા વગેરેનું બચ્ચું; કુરકુરીયું. 2 *v. t.* વીઆવું.
When, *ad.* જારે; જે વખતે. 2 કહારે; કેદી. 3 પછી; ઉપરાંત. 4 ત્હારે; તેવખત.
Whence, *ad.* કાંહાંથી; કેણીગમથી. 2 જાંથી; જેપાસથી. [જારે; કોઈદાહાડે.
Whenever, *ad.* જારેજારે; ગમે ત્યારે;
Where, *ad.* જાંહાં; જ્યાં; જે ઠેકાણે. 2 કાંહાં; કયાં; કિયે ઠેકાણે. [કાંહાં.
Whereabouts, *ad.* કાંહાંકાંહાં; આસરે
Whereas, *ad.* જારે; જે અર્થમાં; એવું છે ત્યારે. 2 એવું પુછવો તો; વસ્તુત; કારણ કે.
Whereat, *ad.* જે—તે ઉપરથી.
Whereby, *ad.* જેણે કરીને; જેથી; જે ઉપરથી. 2 શા ઉપરથી.
Wherefore, *ad.* જે કારણ માટે. 2 કાં; શા સારૂ; કેમ. 3 તે કારણ માટે.
Wherever, *ad.* જાંહાંતાંહાં; જાંહાં-જાંહાં; જ્યાં ત્યાં; ઠામેઠામ.
Whereupon, *ad.* જે ઉપર; જેપરથી 2 જે ઉપર; પછી.
Whereof, *ad,* જેનું; જેમાનું.
Wherein, *ad.* જેમાં. 2 શેમાં; કિયામાં.
Wherry, *n.* ડિંગી; કોટિયું; હોડકું.
Whet, *v. t.* ઘસીને ધાર આપવી—કરવી; સરાણ પર ચઢાવવું.
Whether, *ad.* અથવા નહી; કે; અગર.
Whet stone, *n.* સરાણ; હથિયારઘસવાનો પથ્થર—પથરી; નિસાણો; રાળી.
Whey, *n.* દહીંનું પાણી; છાસ.
Which, *pron.* જે. 2 કિયું.
Whig, *n.* પ્રજાના લોકોના હક જાળવવાને મેહેનત કરનારૂં રાજદ્વારી મંડળ.
While, *n.* વખત. 2 for *a while,* થોડી વખત તો. 3 *v. t.* ખુશી મજામાં—રમતગમતમાં વખત કાહાડવો.
While, } *ad.* એવામાં; તે વખતે; તારે.
Whilst, } 2 જાંહાંસુધી; જેટલલગી.
Whim, *n.* તુરંગ; ખુટો; ફાંટો; લેહેર.

Whimper, *v. i.* ડચકાં ખાઇને રડવું.
Whimsical, *a.* તુરંગી; લેહેરી; છંદી.
Whine, *v. i.* ફફડવું; બબડવું; રડવું. કકલવું. 2 *n.* કકલાટ.
Whip, *n.* ચાબખો; ચાબૂક; કોરડો. 2 ગાડીવાન. 3 *v. i.* ચાબક મારવો.
Whirl, *v. t.* ગગડાવવું; જોરથી ફેરવવું. 2 *v. i.* ચારપાસ ફરી વળવું-ફરવું.
Whirl pool, *n.* ભમરો; વમળ (પાણીમાં).
Whirl wind, *n.* વંટોળિયો.
Whisk, *n.* વાળાકુંચી; પીછી. 2 *v. t.* સાફ કરવું; ઝાટકવું; ઝટક મારવી.
Whisker, *n.* કલ્લા; થોભિયા.
Whisky, *n.* વિસ્કી નામે દારૂ.
Whisper, *n.* ગુપચુપ વાત; ફુસ ફુસ; ગુસ ગુસ. 2 *v. t.* કાનમાં વાત કરવી. 3 *v. i.* ગુપચુપ-ધીમે ધીમે વાતો કરચા કરવી; કાનપર પડવું.
Whist, *n.* પાનાદાવ; પાના રમવાનો એક ખેલ. 2 *interj.* ચુપ!
Whistle, *n.* સીસોડી; સીપટી. 2 *v. i.* સીપટી-સિટ્ટી-સીસોડી વગાડવી.
Whit, *n.* અણું; લેશ; જરાક; કણ.
White, *n.* સફેત-ધોળો રંગ. 2 (of eggs) સફેતી. 3 *a.* સફેત; ધોળું; ગોરૂ; ઉજળું. 4 ફિક્કું.
White ant, *n.* ઉધાઈ.
White lead, *n.* કલઇ સફેતો.
Whiteness, *n.* સફેતાઇ; ધોળાસ.
Whitewash, *n.* કાંઇપણ વસ્તુને સફેત રંગ આપવાનો પાણી જેવો પદાર્થ. 2 શરીરની ચામડીને ઉજલી કરવાનો પ્રવાહી પદાર્થ. 3 ભિંતે લગાડવાનો ચુનો. 4 *v. t.* બાહારથી સફેત-ધોળું દેખાએ એવું કરવું; ચુનો ઘોલવો-ચોપડવો.
Whither, *ad.* કેણીગમ-તરફ; કાંહાં.
Whitlow, *n.* નહું પાકવું તે; નખછર.
Whittle, *n.* એક જાતની છરી-ચાકુ.
Whize, *v. i.* તીર-ગોળી હવામાંથી જતી વખત જે અવાજ થાયછે તેવો અવાજ થવો; સણસણવું.
Who, *pron.* જે. 2 કોણ.
Whoever, *pron.* જે કોઇ; હર કોઇ.
Whole, *a.* આખું; બધું; સઘળું. 2 (-rupee) બાથો; વટાવેલો નહીએવો.
Wholesale, *n.* થોકબંધ વેચાણ; જથાબંધ-સામટું વેચાણ.
Wholesome, *a.* તનદુરસ્તીને માફક આવે તેવું; ગુણકારી; સુખકારક. 2 હિત-લાભકારક; ફાયદો કરે તેવું.
Wholly, *ad.* તમામ; કુલે; કંઇ બાકી રાખ્યા વગર; બધું; બિલકુલ; સઘબરૂં.
Whore, *n.* છિનાળ બઇરી; રાંડ; પાતર; કસબણ; વેશ્યા.
Whoredom, *n.* બદફેલી; છીનાળું.
Whoremonger, *n.* રંડીબાજ.
Whose, *pron.* કોણનું. 2 જેનું.
Whosoever, *pron.* જે કોઇ.
Why, *ad.* કાં; કેમ; શા સારૂ-માટે.
Wick, *n.* વાટ; દીવેટ; કાકડો; બતી.

Wicked, *a.* દુષ્ટ; પાપી; બદ; બદકાર; દુર્જન.
Wickedness, *n.* દુષ્ટબુદ્ધિ. 2 ખરાબ—બદકામ; કુકર્મ; બદકારી.
Wicker, *a.* ડાળી—નેતરનું બનાવેલું.
Wicket, *n.* ડોકાબારી; દરવાજાનીબારી
Wide, *a.* પોહોલું; ચોડું. 2 વિશાળ વિસ્તીર્ણ. 3 *ad.* વિસ્તારે. 4 લાંબે; છેટે; આઘે.
Widen, *v. t.* પોહોલું કરવું.
Wideness, *n.* પોહોલાઈ; ચોડાણ.
Widow, *n.* વિધવા; રાંડીરાંડ.
Widower, *n.* જેની બઈરી મરી ગયલી હોય તે શખ્સ; રંડાયલો; વિધુવર.
Widowood, *n.* વૈધવ્ય; વિધવાપણું; રંડાપો.
Width, *n.* પોહોળાઈ; ચોડાઈ.
Wield, *v. t.* ફાવતી રીતે ચલાવવું—ફેરવવું; કરવાને પુરતી શક્તિ હોય એ પ્રમાણે સમજીને કરવું; ધારણકરવું.
Wife, *n.* વહુ; પિણિયત બઈરી; જાયા; ધણીયાણી; ભારજા; ભાર્યા; પત્ની. *Chaste & faithful wife*, પતિવ્રતા. *Brother's wife*, ભોંજાઈ.
Wife's sister's husband, સાઢુ; સાડુ.
Wig, *n.* બાલ—વાળની ટોપી.
Wild, *a.* જંગલી; રાની. 2 બાવરું; ગભરાયલું. 3 હાથમાં ન રહે તેવું; બેલગામ. 4 જુડંગું; સાદું. 5 બેડયા—વાવ્યા વગર ઉગેલું—પાકેલું; રાની.
Wild, Wilderness, } *n.* રાન; જંગલ; અરણ્ય; બીયાબાન; વેરાન.
Wildness, *n.* જંગલીપણું.
Wile, *n.* ફરેબ; કપટ; તરકટ; ઠગવાની જુક્તિ; કાવેદાવો; છળભેદ.
Wilful, *a.* સ્વછંદી; હઠીલું; તોરી. 2 જાણી જોઈને કરયું હોય તેવું.
Wilfully, *ad.* હઠથી. 2 જાણી જોઈને.
Will, *n.* મરજી; ઈચ્છા; ખુશી. 2 વસિયત; વારસનામુ; મૃત્યુપત્ર. 3 *v. t.* ઈછવું; ઈચ્છાથવી. 4 વસિયત કરવું.
Willing, *a.* ખુશી; રાજી; કબુલ.
Willingly, *ad.* ઈચ્છા—રાજી—ખુસીથી
Wily, *a.* કપટી; તરકટી; ફરેબી; પંચાલ.
Win, *v. t.* જીતવું; ફતેહ પામવું. 2 મન હરી લેવું; મેલવી લેવું. [ખાંચવું.
Wince, *v. i.* આંગ સંકોચવું; દિલ
Wind, *n.* પવન; વાયુ; વા. *To break wind* પાદવું *To take wind* or *get wind*, ફૂટવું; ઉઘાડું પડવું; જાહેર થવું. 2 ફુક મારીને વગાડવું. 3 *v. t.* વિંટાળવું; લપેટવું. 4 ફેરવવું. 5 (up) બંધ કરવું; માંડી વાળવું (કારભાર, વ્યવહાર). 6 (-up, a clock) ઘડિયાલને કૂંચી આપવી.
Wind fall, *n.* અચાનક બનાવ—લાભ.
Winding, *n.* ગલીકૂચી; આડી વાટ. 2 ફેર; વલણ.
Winding sheet, *n.* મુડદાંને ઓરાઢવા—વિંટવાનું કપડું—ચાદર; કફણ; ખાપણ.

Windmill, *n.* પવનચક્કી.
Window, *n.* બારી. [વાની નળી.
Wind pipe, *n.* શ્વાસ માર્ગ; દમ લે-
Windy, *a.* પવનનું. 2 પવનથી વિટ-
ળાયલું. 3 તોફાની. 4 વાવડું; વાયડું.
Wine, *n.* દરાખનો દારૂ; વાઈન.
Wing, *n.* પાંખ; પક્ષ. 2 સંભાળ; ર-
ક્ષણ. 3 સેના-ફોજની બાજુ. 4 ઘ-
રની બાજુ-પાંખ.
Winged, *a.* પાંખવાળું; સપક્ષ.
Wink, *n.* પલકારો પલક. 2 આં-
ખની ઈશારત; કટાક્ષ. 3 *v. i.* જ-
લદી જલદી આંખ વીચામણ ક-
રવી; આંખ મારવી. 4 ઈસારત ક-
રવી; પલક મારવી.
Winner, *n.* જીતનાર. [ઉફણવું.
Winnow, *v. t.* ઝાટકવું; ઉપણવું;
Winnowing fan, સુપડું.
Winter, *n.* શિયાળો; થંડીના દિવસ.
2 *v. i.* શિયાળો ગાળવો-કહાડવો.
Wipe, *v. t.* લુછવું; લોહોવું; નુછવું.
2 (out) ભુસેડી-ભુંસી નાખવું.
Wire, *n.* તાર. [જંતરપટ્ટી; તારકસ.
Wiredrawer, *n.* તાર ખેંચવાનું યંત્ર;
Wisdom, *n.* શાહાણપણ; જ્ઞાન; ડ-
હાપણ; બુદ્ધિ; અક્કલ; દાનાઈ.
Wise, *n.* રીત; તરેહ; પ્રકાર.
2 *a.* ડહાપું; વિવેકી; શાહાણું; અ-
કલમંદ; દાનાવ; સમજુક.
Wiseacre, *n.* દોહોડ ડાહ્યો.

Wisely, *ad.* ડાહી રીતે; શાહાણપણે.
Wish, *n.* ઈચ્છા; કામના; વાસના;
ચાહ; મરજી; મંછા. 2 *v. t.* ઇછવું;
ચાહાવું. 3 *v. i.* મનથવું; ઇછવું.
Wished for *a.* ઇછેલું; ચાહેલું; ઈ-
ચ્છિત; ધારેલું; ઇષ્ટ.
Wishful, } *a.* ઈચ્છાથી ભરેલું; ઈ-
Wishing, } ચ્છતું. [મેદવાળું.
Wistful, *a.* આતુર; ઈચ્છાવાળું; ઉ-
Wishywashy, *a.* ફિક્કું; મોળું.
Wit, *n.* તીક્ષ્ણબુદ્ધિ; ચાતુરી; હોશિ-
આરી. 2 એકાએક અજબ પમા-
ડી ખુશ કરતો હાજર જવાબ;
નકલ; બટકબોલું. 3 શાણપણ; અ-
ક્કલ. 4 મર્મ; ભેદની વાત; રહસ્ય;
ખુબી. 5 *v. i.* જાણવું. *To wit*
કેહેવાનું એકે; એટલે.
Witch, *n.* જાદુ કરનારી; ડાકેણ;
ચુડેલ.
Witchcraft, *n.* જાદુ; કામણ રમણ;
ચેટક; ઈલ્મ.
With, *prep.* સાથે; સંગે; સહિત; સુ-
દ્ધાં; જોડ; વડે. 2 એ-થી-લીધે.
Withal, *ad.* સુદ્ધાં; સહિત; પણ.
Withdraw, *v. t.* પાછું લેવું-ખેંચવું.
2 કીધેલું-બોલેલું પાછું ખેંચી લેવું.
3 *v. i.* જતા રેહેવું; નિકળી જવું.
Wither, *v. i.* ખરી જવું-પડવું; કં-
રમાવું; સુકાઈ-ચીમળાઈ જવું. 2
ગળાઈ-તવાઈ જવું; હાડકાં નિકળવાં.

Withhold, *v. t.* દાબી રાખવું; ન આપવું. 2 અટકાવવું; રોકવું.
Within, *prep*, અંદર; મધ્યે. 2 ઘરમાં.
Without, *prep*. વગર; સિવાય; બિન. 2 બાહાર; બાહારની તરફ.
Withstand, *v. t.* સાંમે થઈ રેહેવું; આડું પડવું; રોકવું.
Witness, *n*. સાક્ષી; શાહેદી; ગવાહી. 2 સાહેદી; સાક્ષી પુરનાર; સાહેદ. 3 નજરે જોનાર. 4 *v. t.* ખુદ નજરે-પ્રત્યક્ષ જોવું. 5 સાક્ષી આપવી. 6 (a bond, &c.) સાખ કરવી.
Witticism, *n*. રસિકવાક્ય; મધુર વાક્ય; બતક બોલું.
Wittingly, *ad*. જાણીજોઇને; જાણીબુજીને.
Witty, *a*. ચકુરાબાજ; ટુકા શોધીકાહાડનાર. 2 રશિક; ચતુર. [શારી.
Wits, *n*. ભાન; હોશ; સાવધગિરી; હુ-
Wizard, *n*. જાદુગર; ઈલમબાજ.
Woe, *n*. દુઃખ; ખેદ; શોક; અફસોસ. 2 શાપ; મોટા અનર્થ-કહેર-નારા.
Woeful, *a*. દુખી; ખેદકારક. 2 અનર્થ-હાનિનું.
Woefully, *ad*. દુખે પાપે મહાકષ્ટે.
Wolf, *n*. વરુ; લાંડગો. [નાર; સ્ત્રી.
Woman, *n*. બઇરી; બાયડી; ઓરત;
Womanhood, *n*. સ્ત્રીપણું; સ્ત્રીત્વ.
Womanish, *a*. બાયડીનું. 2 બાયલું; નામર્દ; જનાની

Womankind, *a*. સ્ત્રી-ઓરત-અબળા જાત. [ટતું; સ્ત્રી ધર્મનું.
Womanly, *a*. બઇરીને લાયક-ઘ-
Womb, *n*. ગર્ભાશય; ગર્ભસ્થાન; કમળ; કૂખ; પેટ.
Wonder, *n*. આશ્ચર્ય; અચંબો; વિસ્મય; તાજુબી. 2 ચમત્કાર; મોજેજો. 3 *v. i.* તાજુબ થવું; આશ્ચર્ય પામવું.
Wonderful, *a*. અજબ; અચરત; તાજુબ; આશ્ચર્યકારક; ચમત્કારિક.
Wonderfully, *ad*. અજબ પમાય તેવી રીતે.
Wont, *a*. ટેવ-આદતવાળું. 2 *n*. ટેવ; રીત; આદત.
Wonted, *a*. હમેશાનું; શિરસ્તાનું; મામુલી; રોજનું. 2 વપરાતું; ઉપયોગમાં આવતું.
Woo, *v. t.* પરણવાની ઇચ્છાથી પ્રીતિ કરવી-પ્યારબાંધવો-કરવો-દેખાડવો
Wood, *n*. લાકડું. 2 રાન; જંગલ.
Wood apple, *n*. કોઠી; કોઠનું ઝાડ. (fruit.) કોઠ; કોઠું. [-નકશી.
Wood cut, *n*. લાકડાંપર કોરેલું ચિત્ર
Wood cutter, *n*. કઠિયારો. [વિલું.
Wooden, *a*. લાકડાંનું; લાકડાંનું બના-
Wood land, *n*. જંગલ; વન.
Wood monger, *n*. લાકડાં વેચનાર; કાટપિટિયો. [કાષ્ટકુટ.
Wood pecker, *n*. લકડખોદ પક્ષી;

Woody, *a.* લાકડાનું. 2 ઝાડીવાળું; વૃક્ષમય. 3 વનસંબંધી.

Woof, *n.* વાણો; કપડમાનું આડું સૂતર.

Wool, *n.* ઉન.

Woolen, *a.* ઉનનું. 2 ઉનનું કપડું.

Woolly, *a.* ઉન સરખું. 2 ઉનનું.

Word, *n.* બોલ; શબ્દ; પદ. 2 બોલવું; ભાષણ. 3 વચન; બોલ. 4 વર્દી; સુચના. 5 સંદેશો; ખબર. 6 *v. t.* શબ્દ રચના કરવી; શબ્દ મુકવા–બોલવા

Wordiness, *n.* શબ્દ વિસ્તાર.

Wording, *n.* શબ્દ રચના; ઈબારત.

Wordy, *a.* વિસ્તારીને શબ્દ વાપરનાર.

Work, *n.* કામ; ઉદ્યોગ; ધંધો. 2 મેહેનત; શ્રમ. 3 કૃત્ય; કામ; કૃતિ; કીધું હોય તે. 4 ચોપડી; ગ્રંથ; પુસ્તક. 5 કસીદો; બુટ્ટી; ભરત. 6 *v. t.* કરવું; ઘડવું; બનાવવું. 7 બનાવી આપવું. 8 ભરત ભરવું; કસીદો કહાડવો. 9 ચલાવવું; ચાલુ–ચાલતું કરવું. 10 (–up) ઉશ્કેરવું; ઉઠાવવું. 11 ખપાવી–વાપરી નાખવું. 12 *v. i.* કામ કરવું. 13 *To work on–in*: લાગુ થવું–પડવું; ચાલવું.

Work man, *n.* કારિગર; કિસબી.

Workmenship, *n.* કારિગરી; કસબ; બનાવટ; ઘડણ; કૃતિ હુંનર. [શાળા.

Work shop, *n.* કારખાનું; શિલ્પ-

World, *n.* જગત; બ્રહ્માંડ. 2 દુનિયાં; સંસાર. 3 લોક; આલમ.

Worldly, *a.* આ લોક–દુનિયાંનું; ઐહિક; દુનિયાદારીનું. 2 દુનિયાદાર; આ દુનિયાની મોજ મઝામાં પડેલું; સંસારી.

Worm, *n.* કીડો; જંતું. [ખાધેલું.

Worm eaten, *a.* કીડખદું; કીડાએ

Worm wood, *n.* કડવો દવનો; નાગ દવનો; મસતારૂ. [થયલું.

Worn out, *a.* ઘસાઈ ગયલું; જીર્ણ

Worry, *v. t.* હલાક કરવું; કંટાળો આપવો; પજવવું. 2 દાંતે ફાડી–તોડી નાખવું. 3 પછવાડે પડી–લાગી–ભસીને હેરાન કરવું. 4 થાકવવું; થાકવી નાખવું.

Worse, *a.* વધારે ખરાબ. 2 વધારે રોગી–આજારી. 3 *ad.* ઘણી ખરાબ રીતે; વધારે ખરાબ રીતે.

Worship, *n.* પૂજા; ભજન; આરાધના; સેવા; બંદગી; ઈબાદત; પરસતિશ. 2 *v. t.* પૂજવું; આરાધના કરવી; ભજવું. 3 માન આપવું; મોટાઈ આપવી.

Worshipful, *a.* પૂજ્ય; આરાધ્ય; માન આપવા લાયક. [કરનાર.

Worshipper, *n.* પૂજારી; ભક્ત; પૂજા

Worst, *a.* સહુથી ખરાબ; દુષ્ટાંદુષ્ટ. 2 *n.* ખરાબમાં ખરાબ હાલત. 3 મ્હોટામાં મ્હોટી ખરાબી.

Worsted, *n.* ઉનનું સૂતર. 2 ઉનના દોરાવાળું. 3 હાર ખાધેલું.

Worth, *n.* કિંમત; મૂલ. 2 યોગ્યતા; લાયકી. 3 ઉપયોગ; અગત્ય. 4 *a.* કિંમતી. 5 યોગ્ય; લાયક.
Worthless, *a.* કોડીનું; નકામું; નજીવું.
Worthy, *n.* સજ્જન; ખુબીવંતું માણસ. 2 *a.* ભલું; યોગ્ય; લાયક; ખુબ; નેક. [જખમી કરવું.
Wound, *n.* જખમ; ઘા. 2 *v. t.*
Wounded, *a.* જખમી; ઘાયલ.
Wrangle, *n.* ઝઘડો; હુજત. 2 *v. i.* બૂમ પાડીને ઝઘડા–કજિયો કરવો.
Wrap, *v. t.* વિટાળવું; ઘડી કરીને મુકવું; લપેટવું; વાળવું.
Wrapper, *n.* વેષ્ટન; બાંધણ; બારદાન; બાંધવા લપેટવાનું કાગલ–લુગડું વગેરે. 2 ઉપર પહેરવા–ઓઢવાનું ઢીલું કપડું.
Wrath, *n.* ખફગી; ગુસ્સો; ક્રોધ; રોષ.
Wrathful, *a.* ગુસ્સે ભરાયલું; ક્રોધિષ્ટ; ખફા; કોપાયમાન.
Wreak, *v. t.* નાખવું; મુકવું; કાઢવું.
Wreath, *n.* (of flowers) હાર; માળા; ગજરૂં. [થવું; હાર કરવો.
Wreathe *v. t.* વીટી–ઘેરી લેવું. 2 ગુ-
Wreck, *n.* વાહાણ ભાંગવું તે; નૌકાભંગ. 2 અથડાઈ ભાંગી ગયલું વાહાણ. 3 ભાંગેલો વહાણમાહેલો કિનારે ઘસડાઈ આવેલો માલ. 4 નાશ; પાયામાલી. 5 *v.t.* વાહાણ ભાંગવું.
Wrench, *v. t.* આમેળવું; અમળાવવું; મરડી નાખવું. 2 લચકાવવું. 3 *n.* આમળો. 4 લચક.
Wrest, *v. t.* મરડી મચેડીને લેવું; અમળાવીને છિનવી લેવું. 2 મરડી મચેડી–તાણી તોડીને બાહાર કાઢવો.
Wrestle, *v. i.* કુસ્તી કરવી. [(અર્થ).
Wrestler, *n.* કુસ્તી લડનાર; પેહેલવાન. [ચંડાળ; હરામી; પાજી.
Wretch, *n.* કમબખ્ત; કંગાલ. 2 લુચ્ચો.
Wretched, *a.* દુઃખી; બેહાલ; કંગાલ; આફતથી ઘેરાયલું; દરિદ્રી; બાપડું.
Wretchedness, *n.* કમબખ્તી; કંગાલિયત; બુરા હાલ; દુર્દશા. 2 ગરીબાઈ.
Wriggle, *v. t.* & *v. i.* આમતેમ હલાવવું–હાલવું.
Wright, *n.* કારીગર; કરનાર.
Wring, *v. t.* મચડવું; મરડવું. 2 નિચવવું; નિચોવવું; દાબી કાઢવું.
Wrinkle, *n.* કરોચલી; કરચલી. 2 *v. i.* & *v. t.* કરોચલી વળવી–પડવી.
Wrist, *n.* પોંહોંચે; કાંડું.
Writ, *n.* લેખ; હુકમ; આજ્ઞાપત્ર.
Write, *v. t.* લખવું; કાઢવું; કોતરવું. 2 ગ્રંથ લખવા–રચવા. 3 *v. i.* ખરડા ઘુંટવા. 4 નકલ–કાપી કરવી; લખવું. 5 કાગળ લખી મોકલવો.
Writer, *n.* લખનાર; લહિયો; લેખક. 2 કારકુન; નકલ કરનાર. 3 ગ્રંથ કર્તા–લખનાર; ગ્રંથકાર.
Writership, *n.* કારકુની; મેહેતાગીરી

Writhe, *v. t.* & *v. i.* મચડવું; મરડવું; આમલાવું.
Writing, *n.* લખવું; લખવાનું કામ–વિદ્યા; લખાણવિદ્યા. 2 લેખ; અક્ષર; દસ્કત; લિપી. 3 લખાણ; ગ્રંથ. 4 લેખપત્ર; લખેલું કાગળ. 5 લખત; દસ્તાવેજ; ખત.
Writing board, *n.* પાટી.
Wrong, *n.* નુકસાન; ખરાબી; અપકાર; માઠું; અપરાધ; અન્યાય. 2 *a.* નાદુરૂસ્ત; ગેરવાજબી; બેઇનસાફ; નાહક; નામુનાસિબ; અસત્ય; ખોટું. 3 ઊંધું; અવળું. 4 *v. t.* નઠારૂં–બૂરૂં–નુકસાન કરવું. 5 ખોટું બદનામ કરવું; ગેરવાજબી રીતે દોષ દેવો. 6 *ad.* ગેરવાજબી રીત. 7 ચુકથી; ભુલથી.
Wrongful, *a.* ગેરવાજબી; ખોટું.
Wrongfully, *ad.* નાહક; ગેરવાજબી રીતે; અધર્મે; હક્નાહક; હક્નાક.
Wrong headed, *a.* See Perverse.
Wroth, *n.* ગુસ્સો; કોપ; કેહેર.
Wry, *a.* વાંકું; વક્ર; તેડું; તિરછું.

X.

X. ઇંગ્રેજી મુળાક્ષરોનો ૨૪ મો અક્ષર.
Xanthic, *a.* પીળાસપડતું; પીળાસઉપર.
Xantippe, *n.* સાક્રેટિસ ફિલસુફની બાયડી, તે ઉપરથી. 2 See Shrew.
Xenodochy, *n.* મેહેમાનદારી; આગતાસ્વાગતા; અતિથી પુજન–સેવા.
Xylography, *n.* લાકડાં ઉપર ચિત્રો વગેરે કોતરવાની કળા–કામ.

Y.

Y. ઇંગ્રેજી મુળાક્ષરોનો ૨૫ મો અક્ષર.
Yecht, *n.* સહેલ કરવાનું ન્હાનું વાહાણ.
Yam, *n.* રતાળુ કંદ.
[યાડ (માપ).
Yard, *n.* આંગણું; ચોક. 2 વાર;
Yarn, *n.* સુતર; દોરો; તાંતણો.
Yawl, *n.* હોડી; નાવડું; ડિંગી; હોડકું.
Yawn, *n.* બગાસું; અવાચી. 2 *v. i.* બગાસું–અવાચી ખાવી. 3 પોહોળું કરવું–થવું; વકાસવું.
Ye, *pron.* તમે.
Yea, *ad.* હા; ભલે; ઠીક; હાં.
Year, *n.* વર્ષ; વરસ; સાલ. (last) પોર. (the *year* before last) પરાર, (next) પોર. (the current) ચાલુ; હાલનું.
Yearly, *a.* વાર્ષિક; હરસાલનું. 2 એક વરસ ટકનાર–જીવનાર. 3 *ad.* દર વરસે.
Yearn, *v. i.* ઘણુંજ દુઃખી થવું. 2 ઇ–

છવું;આતુર થવું;તલપવું; ટાંપી રેહેવું.
Yearnings, *n. pl.* ન્હાના વાછરડાની હોજરી જે દુધને બાંધતી વખતે ચુસદાને ઠેકાણે કામે લગાડવામાં આવે છે.
Yeast, *n.* ખમીર.
Yelk, *n.* જરદી; ઈંદાંની દાળ.
Yell, *n.* ચીસ; કિકિયારી. 2 *v. i.* ચીસ પાડવી.
Yellow, *a.* પીળું; ઝર્દ. 2 *n.* પીળો રંગ.
Yellowish, *a* પીળાસ પડતું—મારતું.
Yelp, *v. i.* શિકાર દેખીને ભસવું.
Yeoman, *n.* મધ્યમ પંક્તિનું—હલકા વાંધાનું એક માણસ. 2 વતનદાર; જાગીરદાર.
Yes, *ad.* હા.
Yesterday, *n.* ગઈ કાલ. 2 *ad.* ગઈ કાલે. Day before *yesterday*, ગયે પરમ દહાડે.
Yet. *con.* તોએ; તોપણ; તો; તથાપિ; તારેપણ. 2 *ad.* હજીલગી; અદ્યાપિ; આજસુધી. 3 હજી; હજુ.
Yew, *n.* બારેમાસ લીલું રેહેતું એ નામનું ઝાડ.
Yield, *v. t.* પેદાશ—પ્રાપ્તિ આપવી—થવી. 2 માન્ય—કબુલ કરવું. 3 સ્વાધીન—હવાલે કરવું; આપી—મૂકીદેવું. 4 *v. i.* તાબે થવું; દબી જવું. 5 ઘટી જવું.
Yoke, *n.* બંધન; ગાંઠ. 2 ગુલામગીરી. 3 જુસરી; જોંસરી. 4 જોડી. 5 કાબર. 6 *v. t.* માથે જોસરી મુકવી; જોડવું.
Yoke fellow, *n.* જોડિયો; સાથી.
Yolk, *n.* See Yelk.
Yon, *a.* પણે; પેલી તરફનું; પેલું.
Yonder, *a.* પેલીગમનું. 2 *ad.* પેલીમેર.
Yore, *ad.* અસલ; of yore, અસલના વારામાં.
You, *pron.* તું; તમે.
Young, *n.* બચ્ચું; જનાવરનાં બચ્ચાં. 2 *a.* થોડા દાહાડાનું જન્મેલું; થોડી ઉમરનું; નાહાનું; તરૂણ.
Youngster, *n.* છોકરો; ન્હાની વયનું માણસ.
Your, Yours, *pron.* તારૂં; તમારૂં; આપનું.
Yonrself, *pron.* તારી—તમારી મેળે; તુંજ; તમેજ ખુદ; તમેજાતે.
Youth, *n.* જુવાની; તારૂણ્ય; જોબન; યુવાવસ્થા. 2 જુવાન માણસ.
Youthful, *a.* જુવાન; તરૂણ; ન્હાનું. 2 જુવાનીનું.

Z.

Z. ઇંગ્રેજી મૂળાક્ષરોનો ૨૬ મો અક્ષર.
Zeal, *n.* હોંસ; આતુરતા; જોશ; ઉત્કંઠા; આસ્થા; ઉત્સાહ; ઉલટ.
Zealot, *n.* બેહદ હોંસીલો; છેક જ ચઢી ગયલો; ગાંડો; હવસખોર આદમી.
Zealous, *a.* હોંસીલું; હોંસ—જોશ—

ઉત્કંઠાથી કામ કરનાર; તનમન દેનાર; ચુસ્ત; ઉત્સુક; આતુર.

Zealously, *ad.* ઉલટથી; ઉત્કંઠિતપણે. 2 અતિભાવે-હોંસથી.

Zebra, *n.* રોજ; એક જાતનો ઘોડો, જેના દીલ ઉપર સફેદ અને કાળા પટા પડેલા હોય છે.

Zedoary, *n.* કુલીન; જદવાર; વન હરિદ્ર.

Zend, *n.* ઝંદ ભાશા.

Zenith, *n.* ખમધ્ય; આકાશમાં માથાપરનું બિંદુ; શિરોબિંદુ. 2 ટોચ; શિખર; સહુથી ઊંચી કળા; બહાર; અયન.

Zephyr, *n.* પશ્ચિમ વાયુ; મંદ વાયુ; ધીમો ટાઢો પવન; પવનની લેહેરી.

Zero, *n.* શૂન્ય; મીંડું. 2 ઘણીજ પડતી દશા.

Zest, *n.* સવાદ લાગતી-લેહેજત આપતી ચીજ. 2 સ્વાદ; રૂચી.

Zigzag, *a.* આડુંઅવળું; વાંકુંચુકું.

Zinc, *n.* જસત.

Zodiac, *n.* રાશિચક્ર-મંડળ.

Zone, *n.* કમરપટો-બંદ. 2 પૃથ્વીપરના કટિબંધ; ભુકટિબંધ. Torried zone, ઉષ્ણ કટિબંધ. Temperate zone, સમશીતોષ્ણ કટિબંધ. Frigid zone, શીત કટિબંધ.

Zoography, *n.* પશુવર્ણન; પશ્વાદિવર્ણન.

Zoological, *a.* પ્રાણી વિદ્યાસંબંધી.

Zoology, *n.* જીવજંતની વિદ્યા; પશ્વાદિ-પ્રાણી વિદ્યા. [પ્રાણીઓ.

Zoophite, *n.* દરિયાનાં અતી બારીક

Zootomy, *n.* બારીક પ્રાણીઓનાં શરીર કાપવાની વિદ્યા.

Zounds, *interj.* ગુસ્સાનો અથવા તાજુબીનો પોકાર.

FINISH